ॐ

श्री सिद्ध परमात्मने नमः।

# સમયસાર રહસ્ય

## ભાગ–3

અધ્યાત્મ યુગપુરુષ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર પરમાગમ ઉપરના ૧૭મી વખતના
૧૪ થી ૨૭ ગાથાના સ્વાનુભવ મુદ્રિત ૩૧ અક્ષરશઃ પ્રવચનો

પ્રકાશક
શ્રી કુંદકુંદ–કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ
શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ

**વીર સંવત**
**૨૫૪૯**

**વિક્રમ સંવત**
**૨૦૭૯**

**ઈ.સ.**
**૨૦૨૩**

**પ્રકાશન**

પ્રશમમૂર્તિ બહેનશ્રી ચંપાબહેનનો ૧૧૦મો
જન્મ જયંતિ મહોત્સવ, તા. ૧-૯-૨૦૨૩

**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.

(૨) શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ,
૧૭૩/૧૭૫, બેંક ઑફ બરોડાની ઉપર,
મુંબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨.

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**અજય ઑફસેટ**
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રકાશકીય

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરથી ઉદ્ઘાટિત વિશુદ્ધ જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, અષ્ટપાહુડ એ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે કે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી આ નિજ વૈભવ પ્રાપ્ત થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્‌ભુત શાસ્ત્ર છે. તેમાં નિજ સમયસારરૂપ પરમાત્મતત્ત્વને પ્રકાશિત કરવાનું રહસ્ય ભર્યું છે. તેથી આ પ્રવચન ગ્રંથનું 'સમયસાર રહસ્ય' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની

મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન રહસ્યયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતું એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો 'પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.'

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદ્‌ઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમ જ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૭મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટને થઈ કે પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેથી તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજૂ

કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૭મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૭મી વખતના કુલ ૫૯૬ પ્રવચનો છે, જે લગભગ ૨૫ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર રહસ્ય ભાગ-૧ પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી રજનીભાઈ દોશી, હિંમતનગર, દ્વારા કરી આપવામાં આવેલ છે તથા પ્રુફ રીડીંગમાં શ્રી હસમુખભાઈ શાહ, હિંમતનગર, શ્રીમતી પારૂલબેન શેઠ, વિલેપાર્લા અને શ્રીમતી ઉપમાબેન દોશીનો સહયોગ મળેલ છે તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ, મુંબઈ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

# અહોભાગ્ય!

પરમ પૂજ્ય વીતરાગી જિનેન્દ્ર ભગવંતોની વાણીમાં પ્રવાહિત આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન તેમની પરંપરામાં થયેલ વીતરાગી સંતોની પરંપરાથી આજે પણ આપણને સુલભ છે. વીતરાગી નિર્ગ્રંથ સંતોની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોપરી છે. મંગલાચરણમાં શાસનનાયક ભગવાન મહાવીર તથા ગૌતમ ગણધર પછી તુરંત સ્મરણ કરવામાં આવતા આચાર્ય કુંદકુંદ આજે જૈનધર્મના આધાર સ્તંભ ગણવામાં આવે છે. વિદેહક્ષેત્રે સ્થિત જીવંતસ્વામી સીમંધર પરમાત્માના સાક્ષાત્ દર્શન અને દિવ્યધ્વનિ શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે તેઓશ્રીની વિશેષ ઉલ્લેખનીય ઉપલબ્ધિ છે. તેમની લેખનીથી ૮૪ પાહુડની રચના થઈ, જેમાંથી અમુક વર્તમાનમાં ઉપલબ્ધ છે. ગ્રંથાધિરાજ સમયસાર, આચાર્યદેવની નિષ્કારણ કરુણાનો અદ્ભુત પ્રસાદ છે. તેઓશ્રીએ આ ગ્રંથ અત્યંત અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવોના હિતાર્થે રચ્યો છે.

વર્તમાન યુગમાં જ્યારે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ આત્મજ્ઞાનશૂન્ય કોરા ક્રિયાકાંડમાં આચ્છાદિત થયું હતું અને આત્મધર્મ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, એવા વિષમકાળમાં જિનશાસનને જીવંત સ્વરૂપ પ્રદર્શિત કરવા માટે એકપુરુષનું અવતરણ થયું. જેમના દિવ્યવચનો અને અંતર્બાહ્ય વ્યક્તિત્વથી મૂળ જિનશાસનનું સ્વરૂપ આ શતાબ્દિમાં પ્રસિદ્ધિને પ્રાપ્ત થયું. તે યુગપુરુષ છે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. જેમણે ૪૫ વર્ષો સુધી અનવરત પોતાની દિવ્યવાણીથી આચાર્ય ભગવંતોના રહસ્યોને ઉદઘાટિત કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પરિવર્તનમાં શ્રી સમયસારજીનું અવિસ્મરણીય યોગદાન રહ્યું છે, જે સર્વવિદિત છે. તેથી જિનાગમના અનેક ગ્રંથોના દોહન-પ્રવચન સાથે જ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર ઉપર ૧૯ વાર સભામાં પ્રવચન થયા. જેમાં આપણા સદ્ભાગ્યથી ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯મી વારના પ્રવચનો સી.ડી.માં ઉપલબ્ધ છે.

હું જ્યારે પણ કોઈપણ ગાથાનો સ્વાધ્યાય કરું છું કે કરાવું છું ત્યારે સમયસારની તે ગાથા ઉપર અલગ અલગ વારના પ્રવચનો અવશ્ય સાંભળુ છું અને તેનાથી મને વિશેષ લાભ થતો રહ્યો છે.

અત્યાર સુધી ગુજરાતીમાં શબ્દશઃ પ્રવચનોનું પ્રકાશન કાર્ય આત્માર્થી ભાઈશ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ સંભાળી રહ્યા હતા. પરંતુ તેમના અચાનક દેહપરિવર્તનના કારણે આ કાર્યનું દાયિત્વ મેં સંભાળવાનો નિશ્ચય કર્યો. જેના ફળસ્વરૂપે શ્રી સમયસારજી ઉપર ૧૭મી વારના પ્રવચન '**સમયસાર રહસ્ય**'નો પ્રથમ ભાગ મુમુક્ષુઓને સાદર સમર્પિત છે. આ પવિત્ર ગ્રંથનું કાર્ય કરવાનો મને જે અદ્‌ભુત લાભ મળ્યો તે મારું અહોભાગ્ય જ છે, પરંતુ આપ પણ મનોયોગપૂર્વક સી.ડી. પ્રવચન સાંભળતા સાંભળતા આ ગ્રંથનો ઉપયોગ કરશો તો નિશ્ચિતરૂપે લાભાન્વિત થશો.

પ્રસ્તુત ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસારના ૧૭મી વારના પ્રવચનો સંગ્રહીત છે. મને જીવનમાં આવા લાભ પ્રાપ્ત થતા રહે તથા મુમુક્ષુ સમાજને આ પ્રયાસ આત્મહિતનું કારણ થાય તેવી ભાવના છે.

રજનીભાઈ મીઠાલાલ દોશી
હિંમતનગર (ગુજરાત)

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૬૭ | ૧૧-૦૧-૧૯૭૨ | ગાથા-૧૪ | ૦૦૧ |
| ૬૮ | ૧૨-૦૧-૧૯૭૨ | ગાથા-૧૪ | ૦૧૩ |
| ૬૯ | ૧૩-૦૧-૧૯૭૨ | ગાથા-૧૪ | ૦૨૫ |
| ૭૦ | ૧૪-૦૧-૧૯૭૨ | ગાથા-૧૪ | ૦૩૭ |
| ૭૧ | ૧૫-૦૧-૧૯૭૨ | ગાથા-૧૪ | ૦૪૯ |
| ૭૨ | ૧૬-૦૧-૧૯૭૨ | ગાથા-૧૪ | ૦૬૨ |
| ૭૩ | ૧૭-૦૧-૧૯૭૨ | ગાથા-૧૪ | ૦૭૫ |
| ૭૪ | ૧૮-૦૧-૧૯૭૨ | શ્લોક-૧૧-૧૨ | ૦૮૬ |
| ૭૫ | ૧૯-૦૧-૧૯૭૨ | શ્લોક-૧૨-૧૩, ગાથા-૧૫ | ૦૯૮ |
| ૭૬ | ૨૦-૦૧-૧૯૭૨ | ગાથા-૧૫ | ૧૧૩ |
| ૭૭ | ૨૧-૦૧-૧૯૭૨ | ગાથા-૧૫ | ૧૨૪ |
| ૭૮ | ૨૨-૦૧-૧૯૭૨ | ગાથા-૧૫ | ૧૩૫ |
| ૭૯ | ૨૩-૦૧-૧૯૭૨ | ગાથા-૧૫ | ૧૪૮ |
| ૮૦ | ૨૪-૦૧-૧૯૭૨ | ગાથા-૧૫, શ્લોક-૧૪-૧૫ | ૧૬૦ |
| ૮૧ | ૨૫-૦૧-૧૯૭૨ | ગાથા-૧૬ | ૧૭૫ |
| ૮૨ | ૨૬-૦૧-૧૯૭૨ | ગાથા-૧૬, શ્લોક-૧૬-૧૭ | ૧૮૯ |
| ૮૩ | ૨૭-૦૧-૧૯૭૨ | શ્લોક-૧૭ થી ૧૯ | ૨૦૩ |
| ૮૪ | ૨૮-૦૧-૧૯૭૨ | શ્લોક-૧૯, ગાથા-૧૭-૧૮ | ૨૧૮ |
| ૮૫ | ૨૯-૦૧-૧૯૭૨ | ગાથા-૧૭-૧૮ | ૨૩૪ |
| ૮૬ | ૩૦-૦૧-૧૯૭૨ | ગાથા-૧૭-૧૮ | ૨૪૬ |

| | | | |
|---|---|---|---|
| ૮૮ | ૦૧–૦૨–૧૯૭૨ | ગાથા–૧૭–૧૮, શ્લોક–૨૦ | ૨૭૦ |
| ૮૯ | ૦૨–૦૨–૧૯૭૨ | ગાથા–૧૭–૧૮–૧૯ | ૨૮૩ |
| ૯૦ | ૦૩–૦૨–૧૯૭૨ | ગાથા–૧૯ | ૨૯૭ |
| ૯૧ | ૦૬–૦૨–૧૯૭૨ | ગાથા–૧૯, શ્લોક–૨૧ | ૩૦૮ |
| ૯૨ | ૦૭–૦૨–૧૯૭૨ | શ્લોક–૨૧, ગાથા–૨૦ થી ૨૨ | ૩૨૧ |
| ૯૩ | ૦૮–૦૨–૧૯૭૨ | ગાથા–૨૦ થી ૨૨, શ્લોક–૨૨ | ૩૩૭ |
| ૯૪ | ૦૯–૦૨–૧૯૭૨ | ગાથા–૨૩ થી ૨૫, શ્લોક–૨૨ | ૩૫૩ |
| ૯૫ | ૧૦–૦૨–૧૯૭૨ | ગાથા–૨૩ થી ૨૫ | ૩૬૯ |
| ૯૬ | ૧૧–૦૨–૧૯૭૨ | ગાથા–૨૩ થી ૨૫ | ૩૮૨ |
| ૯૭ | ૧૪–૦૬–૧૯૭૨ | શ્લોક–૨૩ | ૩૯૫ |
| ૯૮ | ૧૫–૦૬–૧૯૭૨ | શ્લોક–૨૪, ગાથા–૨૬–૨૭ | ૪૦૬ |

## શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

સહજ ચિદાનંદ

।।श्री परमात्मने नमः।।

# સમયસાર રહસ્ય

(અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસારજી પરમાગમ ઉપર ચાલેલા ૧૭મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)

(ભાગ-૩)

## પોષ વદ-૧૧, મંગળવાર, તા. ૧૧-૦૧-૧૯૭૨
## ગાથા-૧૪, પ્રવચન-૬૭

આ સમયસાર. જીવ-અજીવ અધિકારની ૧૪મી ગાથા છે. ટીકા છેને? પહેલા આવી ગઈ છે એ. એવા આત્માને જાણે તો એ આત્મા જાણ્યો કહેવાય અને એને શુદ્ધનય કહેવામાં આવે છે. પાંચ બોલ કહ્યાને? નિશ્ચયથી ખરેખર આત્મા **'અબદ્ધ-સ્પૃષ્ટ,...'** છે. એટલે કર્મ અને કર્મના સાથે રહેલા .. પરમાણુઓ એનાથી બંધાયેલો કે સ્પર્શાયેલો એ આત્મા નથી. ભિન્ન વસ્તુ છે, **'અનન્ય,...'** છે. એકરૂપ છે. અનેરી-અનેરી ગતિઓના પ્રકારો એનામાં નથી. **'નિયત,...'** છે. નિશ્ચયરૂપ ધ્રુવ એની પર્યાયમાં અનેક ભેદ પડે એ તો વ્યવહારનયનો વિષય છે. આદરણીય એ નથી. ત્રિકાળ નિશ્ચય વસ્તુ અને **'અવિશેષ...'** છે, સામાન્ય છે. એમાં ગુણ અને ગુણના ભેદ પણ વસ્તુમાં નથી. **'અસંયુક્ત...'** છે. એમાં પુણ્ય અને પાપના ભાવની આકુળતા એ નથી. આકુળતારહિત છે. ત્યારે કહે આકુળતાસહિત છે એને આકુળતારહિત કેમ માનવો? આકુળતાસહિત તો પર્યાયમાં એક સમયની અવસ્થામાં છે. વસ્તુમાં એ છે નહિ. વસ્તુ પૂર્ણ તો એને કહીએ. સમજાણું કાંઈ? દુઃખરહિત આત્મા છે એમ કહે છે. શરીરરહિત,

કર્મરહિત પણ અંદર આકુળતાની વૃત્તિઓ ઉઠે એનાથી સંયુક્ત નથી, વસ્તુ સંયુક્ત નથી. પર્યાયમાં સહિત છે અને વસ્તુથી નથી. આમ છે. સમજાણું કાંઈ?

**'એવા આત્માની જે અનુભૂતિ...'** આવા આત્માની. પાંચ તો કહ્યા કથનમાં પ્રકારો. એ એક સમયમાં જ આવો છે. સમજાણું કાંઈ? આવો જે આત્મા પરથી બંધરહિત, એકરૂપ નિશ્ચય, સામાન્ય, આકુળતાને વિભાવના પરિણામથી રહિત. એવો આત્મા એવા આત્માને. આવા આત્માનો જે અનુભવ થવો પર્યાયમાં **'તે શુદ્ધનય છે,...'** આવો ધર્મ ભારે ભાઈ! કહો, આનું નામ એણે આત્મા જાણ્યો કહેવાય. ખરેખર આત્મા તો સામાન્ય ધ્રુવ એક ચીજ છે. એને અનુસરીને, એનો અનુભવ, અનુભૂતિ, આનંદના ભાવસહિત જેનું ભાન એને અહીંયાં શુદ્ધનય કહે છે. એ અનુભૂતિ તે ધર્મ છે, સમ્યગ્દર્શન છે, જ્ઞાન છે એને અહીંયાં શુદ્ધનય કહે છે. ૧૧મી ગાથામાં એમ આવ્યું હતું કે ત્રિકાળ વસ્તુ તે શુદ્ધનય છે. આહા..હા..! અપેક્ષાથી કહ્યું છેને. વસ્તુ તો એક શુદ્ધનયથી ધ્રુવ છે. પણ એનું પરિણામ જે વસ્તુના ખ્યાલમાં આવ્યું કે આ વસ્તુ આ છે, એવો જે અનુભવ, આનંદના અંશસહિત વેદનમાં આવ્યો કે આ આત્મા આનંદસ્વરૂપ છે એવો જે અનુભવ એ સહિતને અહીંયાં શુદ્ધનય કહેવામાં આવ્યું છે. આવો ધર્મ મારો. કહો, શેઠ! દેશસેવા કહેતા હોય. નહિ? દેશ નથી તમે અંદર? અસંખ્ય પ્રદેશી દેશ છે આત્મામાં. આહા..હા..! એવી વાત છે, બાપુ! એ કરી શકે છે. માણસને એ દેશ ક્યાં હતો એનો? એ તો એનામાં છે. ભારે કામ બાપુ! જગતને વ્યવહારમાંથી નીકળવું અને અંતર વસ્તુમાં જવું એ વાતની કબુલાતની પણ આમ થાય તો ધર્મ થાય એ વાતની કબુલાત વ્યવહારે આવવી કઠણ પડે છે. એય..! ગડબડ ઘણી. એમાં એ નાખ્યું છે કે મહાવ્રત, પંચ મહાવ્રત છે એ ચારિત્રનો દોષ છે. કહે નહિ.

મુમુક્ષુ :- વ્યવહારચારિત્ર દોષ ન હોય કોણ હોય?

ઉત્તર :- બધી વાતું ટોડરમલે લખ્યું છે. ટોડરમલની સાથે મેળવે છે. આ ચારિત્ર એને વ્યવહાર, પણ વ્યવહાર કહ્યો એમાં કહ્યું કે એ તો ચારિત્રનો દોષ છે. પંચમહાવ્રતના વિકલ્પ ઉઠે છે એ તો રાગ છે, (એનાથી) અસંયુક્ત છે. આહા..હા..! આમાં આવ્યું છેને, કહ્યું છેને, બધું લખ્યું છે. પણ દૃષ્ટિ નિમિત્તાધીન થઈ ગઈ છેને એટલે આ બધું એને ન બેસે. બાપુ! ત્રણ હોય કે ત્રણસો હોય આ વસ્તુ તો જે છે એ છે. સમજાણું કાંઈ? જેને આત્મા છે એવો પ્રાપ્ત કરવો હોય. સવારમાં આવ્યું હતુંને. ભારે વાત કહી સવારમાં. કે આવો અંદર મહાપ્રભુ ચૈતન્ય આનંદધામ, પૂર્ણ સ્વરૂપ એવું ભાન થાય ત્યારે એનું ભજન થયું કહેવાય, ત્યારે એને એમ થાય કે પણ એ આવડો મોટો એ હું! એ તું. ઈશ્વર બીજો કોઈ અંદર છે નહિ. આહા..હા..! એ તું. એ તું છો. આવડો અંદર અબદ્ધસ્પૃષ્ટ પૂર્ણાનંદ સ્વરૂપ એકલો જ્ઞાનનો ગોળો, આનંદનો પિંડ આ તે કોણ છે આ? કે એ તું છો. સમજાણું કાંઈ? આવી

મોટપ તને દેખાય કે આ મોટપ કોની છે? એ તારી મોટપ છે, તું એમાં છો, તું છો. આહા..હા..! અહીં આવું મોટું! પર્યાયમાં તો અવસ્થામાં તો આવું જણાતું નહોતું. અને મોટો ભગવાન અંદર પૂર્ણાનંદ ચૈતન્ય ધામ પૂર્ણ સ્વરૂપ બેહદ આનંદ અને જ્ઞાનનો કંદ એ તે કોઈ ચીજ બીજી હશે? કે હા. પર્યાયથી બીજી એ તું. સમજાણું કાંઈ? આહા..હા..! પણ તારાથી બીજો છે એમ નથી. તું પોતે એવો છો, ભાઈ! કહો, શેઠ! આવી વાત છે. આહા..હા..! કહે છે કે એવો આત્મા એનો જે અનુભવ. અંતરમાં એકાગ્ર થઈને જ્ઞાનનું વેદન અને આનંદનું વેદન જે આવે એ એની અનુભૂતિમાં એ આત્મા આવો છે એમ જણાણો એ શુદ્ધનય છે. તો એને ધર્મ કહે છે. ભારે ધર્મ ભાઈ! સમજાણું કાંઈ?

**'અને તે અનુભૂતિ આત્મા જ છે;...'** એમ. આનંદનું વેદન આવ્યું અને જ્ઞાનની પ્રગટતા સ્વસંવેદન થઈ એ શું થયું આ? એ તું પોતે ત્યાં પરિણમ્યો છો. તારું એ તું જ છો. એ અનુભૂતિ તું છો. આહા..હા..! સવારમાં ઓલું. ત્રિકાળ તે તું છો, અહીં અનુભૂતિ તે તું છો. સમજાણું કાંઈ? ત્યારે પણ એને ખ્યાલ આવેને. એ વિના ખ્યાલ શી રીતે આવે કે આ વસ્તુ. આહા..હા..! પર્યાય અંદર ગઈ એટલે થઈ અને આનંદ આવ્યો. ઓહો..! આ શું થયું? આ શું કાંઈ બહારથી આવ્યું છે? એ તારો અનુભવ તે તું છો. વસ્તુ તે તું છો અને તારો અનુભવ તે પણ તું જ છો. કહો, પંડિતજી! ભારે આવું. વાત એવી છે. આહા..હા..! અરેરે! એને પોતાની મોટપ બેસે નહિ. રાંકો માનવો એને ઠીક પડે. પામર માનવો એને ઠીક પડે. કે આ રાગનો કર્તા અને કાર્ય કરું એવું એને ઠીક પડે. અરે! એ તો દીનતા છે. સમજાણું કાંઈ? પોતાનો પૂર્ણ આનંદસ્વરૂપ ધ્રુવ એક સમયનું કારણ.

ઓલામાં આવ્યું હતુંને નિયમસારમાં. તે જ ખરેખર આત્મા છે. નહિ? એ જ આત્મા છે એમ ખરેખર. અને એનો અનુભવ એ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ અને પુણ્ય-પાપના વિકલ્પનો અનુભવ એ તો આસ્રવ છે, એ તો ઝેર છે. આહા..હા..! ઝેરના પ્યાલા પીને માને કે આત્મા છે આ. એમ નહિ એમ કહે છે. અંતરના અનુભવના પ્યાલા, આનંદના પીતાં નિર્વિકલ્પ રસનો અનુભવ એ આત્મા છે. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયને અભેદ ગણીને એને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે! સવારમાં ત્યાં એક કહી ગયો કે છેલ્લે મારું આવી વાત. કાંઈ અમારી મેળે વાંચીએ તો સમજાય નહિ. ભારે વાત કહે છે. આવી વાત છે, બાપુ! ભગવાનનો સીધો સંદેશ છે આ તો. આહા..હા..! ભગવાનનો સીધો સંદેશ આ છે અંદર.

પૂર્ણ સ્વરૂપની પર્યાયમાં પ્રાપ્તિ આ છે. એવી અનુભૂતિને જ અહીંયાં આત્મા કહેવામાં આવે છે. જ્યાં સુધી પુણ્ય અને પાપનો વેપાર અનુભવ હતો ત્યાં સુધી પર્યાયમાં આત્મા દૃષ્ટિમાં આવ્યો નહોતો. એ અણાત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં સુધી પુણ્ય

અને પાપના વિકલ્પો વ્યવહારરત્નત્રયના અરે! એને આકરું પડે છે હોં. વ્યવહાર કાંઈક સાધન કહોને કહે. પણ એ વ્યવહાર સાધન કહેવાય.

મુમુક્ષુ :- વ્યવહારનયે કહેવાય.

ઉત્તર :- કહેવાય પણ વ્યવહારનય એટલે એ તો અન્યથા કથન છે. આહા..હા..! અહીં તો ભગવાન પૂર્ણ આનંદ અબદ્ધ સ્પૃષ્ટ સ્વરૂપ એની અંતર દૃષ્ટિ થતાં જે અનુભવ થાય એ અનુભવની દશા અંતરમાંથી આવે છે. સમજાણું કાંઈ? એથી એને સમ્યગ્દૃષ્ટિ કહીએ, એને અનુભૂતિ કહીએ. ૧૫મી ગાથામાં કહેશે કે એને જૈન શાસન કહીએ. આહા..હા..! પર્યાયને જૈન શાસન કહીએ. દ્રવ્યને શું જૈન શાસન કહે? આહા..હા..! એય..! ધર્મ મોક્ષનો માર્ગ સિદ્ધ એ શાસન પર્યાય છે. આહા..હા..! કહે છે ત્રણ વાત કરી ટીકાકારે હોં. પાઠમાં છે હોં. પછી કૌંસમાં તો મેળવ્યું છે.

**'આવા આત્માની અનુભૂતિ તે શુદ્ધનય છે અને એ અનુભૂતિ તે આત્મા જ છે; એ રીતે...'** આ પ્રકારે **'આત્મા એક જ પ્રકાશમાન છે.'** આત્મા એક જ પ્રકાશમાન છે. જ્ઞાનના ભાનમાં એક આત્મા જ આવે છે કહે. સમજાણું કાંઈ? એણે ધર્મ કહીએ. ભારે ધર્મ ભાઈ! અહીં તો સામાયિક કરે, બે સામાયિક કરે તો સામાયિક થઈ ગઈ, ધર્મ થઈ ગયો. સામાયિક કરીને. હવે બાપા! ભાઈ તને ખબર નથી. એક સમયની સામાયિક જૈન શાસનનું સ્વરૂપ છે. આ સામાયિક છે. આહા..હા..! દર્શન સામાયિક, જ્ઞાન સામાયિક. બે તો આવી. અંશે પણ ચારિત્ર સામાયિક પણ છે. આહા..હા..! અનુભવમાં અનંતા ગુણનું એકરૂપ એવો જે આત્મા અંતરદૃષ્ટિ કરતા અનંતાગુણોનો અંશ વ્યક્તરૂપે પ્રગટરૂપે અનુભવમાં આવે એને અનુભૂતિ કહીએ. સમજાણું કાંઈ?

**'(શુદ્ધનય કહો...'** કૌંસમાં. જોયું! **'એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે.'** એકરૂપે જ જણાય છે એમ કહે છે. ભેદ નહિ, રાગ નહિ, પુણ્ય નહિ, ઉદયભાવ કાંઈ નહિ. એને શુદ્ધનય કહો **'યા આત્માની અનુભૂતિ કહો યા આત્મા કહો—એક જ છે, જુદાં નથી.)'** અભેદ ગણવું છેને. ભારે વાતું આવી. ત્યારે શિષ્યે સાંભળી આ વાત. શિષ્ય પ્રશ્ન કરે છે. **'શિષ્ય પૂછે છે કે જેવો ઉપર કહ્યો તેવા...'** એના ખ્યાલમાં વાત બીજી આવી. ઉપર કહ્યો તેવો. **'અબદ્ધ-અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત...'** એવો એક સ્વભાવરૂપ આત્મા **'તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે?'** એવો પ્રશ્ન કર્યો છે. આહા..હા..! જુઓ આ પ્રશ્ન કોઈ બીજો નથી. પુણ્ય કેમ થાય? પુણ્ય વ્યવહારથી કેમ થાય? આવી અનુભૂતિ શી રીતે થાય? આવો સ્વભાવ એનો અનુભવ શી રીતે થાય? **'કેમ થઈ શકે?'** એમ અંતરથી ધખશથી પૂછે છે હોં!

ત્યારે એનો ઉત્તર એમ કહે છે. **'તેનું સમાધાન :— બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો અભૂતાર્થ**

હોવાથી...' એ કર્મનો સંબંધ અને વિશેષ અનેકતા, વ્યવહાર, ગુણભેદ, આકુળતા અંશે એ બધા અસત્યાર્થ છે. એ કાયમ ટકે એવી ચીજ નથી. સમજાણું કાંઈ? એ '**બદ્ધસ્પૃષ્ટ આદિ...**' આની સામે. અબદ્ધ-સ્પૃષ્ટ છેને? એની સામે બદ્ધસ્પૃષ્ટ પાંચ બોલ. કર્મનો સંબંધ આદિ, અન્ય અન્ય, વ્યવહાર, વિશેષ, સંયુક્ત. એ બધા અસત્યાર્થ છે. વસ્તુમાં એ ત્રિકાળ ટકે એવી ચીજ નથી. આહા..હા..! બહુ ભાઈ આ. આવો માર્ગ સાંભળવો મુશ્કેલ પડે. એમાં હા હો આમાં થાય? નવનીતભાઈ! કોક વિરલને કાને પડે અને વિરલને એને લક્ષમાં આવે. 'વિરલા સાંભળે કોઈ' એમ લખ્યું છેને. સ્વામીકાર્તિકિયાનુપ્રેક્ષામાં. તત્ત્વની આવી વાત તો વિરલા કાને સાંભળે અને 'વિરલા શ્રદ્ધા કોઈ અને વિરલા ધારે કોઈ.' શેઠ! આહા..હા..! આવી વાત છે, ભાઈ! ચક્રવર્તીના રાજ અને અબજોપતિ એ કાંઈ મોંઘી ચીજ નથી. એ તો અનંતવાર મળેલી છે, ભાઈ! એ કાંઈ ચીજ નથી, એ કાંઈ તારી નથી અને એમાં તું નથી. આહા..હા..! એ તો આવ્યું હતુંને. વિરલો ઉપદેશ છે આવ્યું હતુંને? ઉપદેશ પણ વિરલ છે ત્યાં.

શ્રીગુરુએ એમ જાણીને આવા તત્ત્વનો ઉપદેશ કર્યો છે. ૧૧મી ગાથામાં કહ્યું છે. ઓહો..હો..! સમયસાર શિવભૂપ રાજા છે આત્મા. સમયસાર પોતાનું સ્વરૂપ એ ભૂપ-રાજા પોતાની શુદ્ધિથી શોભતો એ રાજા છે. સમજાણું કાંઈ? કહે છે શિષ્યનો પ્રશ્ન હતો કે મહારાજ! આવો અબદ્ધસ્પૃષ્ટ, પણ અહીં દેખાય છેને બદ્ધસ્પૃષ્ટ? આ સંબંધ દેખાય છેને કર્મ સાથે, રાગ દેખાય છેને, ભેદ દેખાય છેને. એકપણાથી ભિન્ન અનેકપણું દેખાય છેને. તો આવો અનુભવ કેમ થાય? એમ કહે છે એ. સમજાણું કાંઈ? કે ભાઈ! એ જે ભાવ તું અબદ્ધસ્પૃષ્ટ આદિ કહે છે એ સત્યાર્થ નથી, એ કાયમની ચીજ નથી, તેથી તેનો નાશ થઈને અબદ્ધસ્પૃષ્ટપણું પ્રગટ થઈ શકે છે. આહા..હા..! એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે ભાઈ! તું એમ કહે છે કે આવા અબદ્ધસ્પૃષ્ટનો અનુભવ કેમ થાય? એમ શિષ્યનો કેમ પ્રશ્ન છે? કે આ પણ બધું સંબંધ છે, ભેદ છે, બધું દેખાય છેને. હવે એમાંથી તને કહે કે આવો અનુભવ કરવો. ત્યારે ઓલો કહે છે, ભગવાન! એ જે દેખાય છે તને સ્પષ્ટ, બંધ ને વિશેષને. એ કાયમની ચીજ નથી કે ટકી રહે. એ અસત્યાર્થ છે એટલે એનો અભાવ થઈ શકે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મહારાજ! આપે કહ્યું એવો, ઉપર કહ્યો એવો આત્માની અનુભૂતિ કેમ? કે આત્માનો એનો અર્થ એ છે કે અહીં પર્યાયમાં આ દેખાય છે બધું સંબંધ છે, રાગ છે અને આ શું? આવો તમે કહ્યો એનો અનુભવ શી રીતે થાય? સમજાણું કાંઈ? તો કહે છે કે ભાઈ! એ તને જે વ્યવહાર દેખાય છે પર્યાયના સંબંધથી એ કાંઈ કાયમ ટકે એવી ચીજ નથી. તેથી અસત્યાર્થ હોવાથી, નહિ ટકતી ચીજ હોવાથી એના વિનાની ટકતી ચીજનો અનુભવ થઈ શકે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

કહે છે કે ભાઈ તું આત્મા આવો સામાન્ય એકરૂપ નિશ્ચય. આકુળતા વિનાની ચીજ, આકુળતા છે જ નહિ. ત્યારે કહે આવો અનુભવ થાય મરાહાજ? આવો અનુભવ કઈ રીતે થાય? આ તો અનુભવ છે. સંબંધવાળો, રાગવાળો એ તો છે. એ તો છે એ તો અમને જણાય છે. હવે આનો એના રહિત આવો અનુભવ કેમ થાય? આવું છે એમાંથી આ અનુભવ એમાં નથી કેવી રીતે થાય એમ કહે છે. ભાઈ! આહા..હા..! શિષ્યનો આ પ્રશ્ન છે ભગવાન! તમે આમ અબદ્ધસ્પૃષ્ટ અને એકરૂપ સામાન્ય જે આત્મા કહો છો, પણ અમારું અસ્તિત્વ તો અહીંયાં ભેદવાળું, સંબંધવાળું એ તો જણાય. એ પણ છે. નથી? છેને. તો આ છે એમાં એનાથી રહિત આ શી રીતે અનુભવ થાય? સમજાણું કાંઈ? આહા..હા..! પોપટભાઈ! બહુ શિષ્યના પ્રશ્ન-ઉત્તરમાં પણ ઘણું ગોઠવ્યું છે હોં! ઓહો..હો..! ગજબ વાત છે.

ભગવાન! આપે તો આવો આત્મા અનુભવ્યો એમ કહ્યું. હવે અહીં અનુભવમાં તો અમને આમ આવે છે. એ .. નથી? સંબંધ નથી? ભેદ નથી? આકુળતા નથી? છે. અને તમે કહો કે એનાથી રહિત આ અનુભવમાં લેવો. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન! એ છે એ નથી થઈ શકે એવી ચીજ છે. એમ કહે છે. અને આ છે ત્રિકાળી અનુભવમાં આવી શકે એવી ચીજ છે. સમજાણું કાંઈ? મૂળ વાત છે, ભગવાન! આ તો એવી વાત છે, ભાઈ! આહા..હા..! કહે છે પ્રભુ આવો પરમેશ્વર આત્મા કેમ અનુભવમાં આવે? અમને તો આ બધું સંબંધે થાય છે નથી? આ શરીર સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, કર્મ સાથે સંબંધ છે. સંબંધ ન હોય તો આ એ નથી? એ છે એ એક સમયની છે, કાયમની છે નહિ. માટે એ અભૂતાર્થ જૂઠાં છે. આહા..હા..! એ જૂઠાં છે તેને જૂઠું કરી શકાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે! આ તો ગોષ્ઠી પણ શિષ્ય-ગુરુની જુદી જાતની છે. આહા..હા..! આવું આમ? આ સંબંધ ન હોય તો વિકાર શેનો? નિમિત્તના સંબંધ વિના વિકાર કેવો? નિમિત્તના સંબંધ વિના ભેદ કેવો? એમાં અનેકતા પ્રત્યક્ષ દેખાય છે. આહા..હા..! ભાઈ! એ બધું તું કહે છો એ પર્યાયમાં એક સમયની દશામાં હયાતી તરીકે દેખાય, એ કાયમની ચીજ નથી. અસત્યાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**બદ્ધસ્પૃષ્ટ આદિ...**' કહ્યો. ઓલો આદિ ભાવો. ભાવો કીધાને પણ પાછા? શું કીધું? '**બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો...**' ભાવો તો છે એમ કીધા. પણ એ અભૂતાર્થ છે. એ કાયમ ટકે એવી ચીજ નથી. એમાં રહી શકે એવી ચીજ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વળી બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ કહ્યા અને વળી જૂઠાં કહ્યા. બે શબ્દ છેને એમાં? એનો અર્થ એ એક સમયની દશાના સંબંધમાં છે, પણ એ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, એ નીકળી જશે. તારું સત્ય સ્વરૂપનું શરણ લે. (તે) નહિ રહે. સમજાણું કાંઈ? આહા..હા..! એ સંબંધ છૂટી જશે. એ છૂટે એવી એ ચીજ છે અસત્યાર્થ એમ કહે છે. આહા..હા..! હવે આ બધી

રાડું નાખે. જુઓ સંબંધ નથી. એ તો આમ છે ને તેમ છે. બધું ઘણું નાખ્યું આમાં. અરે ભગવાન! ભાઈ! વાક્ય કઈ નયનું વચન છે? આ તે વ્યવહારનયનું? પર્યાયનયનું? નિશ્ચયનું? ત્રિકાળને દેખનારું? આગમનું? અન્યમતિના કહેવાવાળું? આ શું વસ્તુ છે? એમ જાણ્યા વિના અર્થ કરે ભાઈ! ખોટમાં જઈશ તું. આહા..હા..!

અહીં તો કહે છે ભાઈ આ શરીર તો સંબંધરૂપે છેને. કે એ તો નથી. પણ કર્મસંબંધરૂપે છેને. એ તો એક સમયની ક્ષણિક દશાના સંબંધમાં છે. એ ત્રિકાળી ચીજ નથી કે કાયમ ટકી જ રહે. તારા ટકતા તત્ત્વનો આશ્રય લેતા તે જૂઠાં થઈને નાશ થઈ જશે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! આ બધું સમજવા જેવું છે આ. આહા..હા..! આ પાંચ આંગળી હોયને એમાં ઓલી છઠ્ઠી આંગળી નથી થાતી? લટકતી જરી. તો કહે છેને. કે ના. એ રહી નહિ શકે. એ પાંચના સંબંધવાળી નથી. આંગળી હોયને આમ છઠ્ઠી? કાપી નાખે. નહિ રહેવાને લાયક છે. રહેવાને લાયક છે નહિ. એમ ભગવાન આત્મા ત્રિકાળી શુદ્ધ ધ્રુવસ્વરૂપ એને આ એક સમયનો, એક સમયનો, એક જ સમયનો સંબંધ ને વિશેષ ને ભેદ નહિ રહી શકે. જૂઠો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે. પર્યાય સિદ્ધ કરી. ભેદ છે ખરો, પણ એ કાયમ રહે એવી ચીજ નથી. સંબંધ છે, છે વ્યવહાર. વ્યવહાર છે તો અભૂતાર્થ છે. ભાઈ! અભૂતાર્થ કહ્યોને? વ્યવહાર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અભૂતાર્થ છે. અભૂતાર્થ છે એ. કાયમ રહે એવી ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**બદ્ધસ્પૃષ્ટ આદિ...**' આદિ એટલે એ પાંચેય લેવા. બદ્ધસ્પૃષ્ટ, અનેરું-અનેરું, નિયત એટલે વ્યવહાર, અવિશેષ અને વિશેષ, અસંયુક્ત એટલે આકુળતા સહિત. એવું છે નહિ એક સમયમાં. એક સમયની દશામાં આ બધું. અરે! ભગવાન! ત્રિકાળના સત્ય આગળ એ જૂઠી ચીજ છે. માટે ત્રિકાળનું શરણ લેતા એ રહેશે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ વાત છે. ઓહો..! અહો..! કુંદકુંદાચાર્ય. અહો..! એ સંતોની કથની. અહો..! એ અનુભવમાંથી આવેલી આ વાણી. સમજાણું કાંઈ? વળી અનુભવમાં વાણી નહોતીને. વળી આવી ક્યાંથી? એ અનુભવની ભૂમિકામાં વાણી વાણીને કારણે ઉઠી. એને એની વાણી એમ કહેવામાં આવે છે. હવે એ વાણીના વાંધા કાઢે છે. લ્યો ભગવાનની વાણી જડ? તો જડને શું? પ્રવચનસારમાં કહે છે કે એ તો જડ છે. એમાંથી સૂત્ર કાઢી નાખો તો જ્ઞપ્તિ એકલી તારી છે. એ તો .. કરી છે. એ તો ઉપાધિ છે. આવે છેને. એના પણ વાંધા. મૂળ પાઠમાં છે. આહા..હા..!

વાત એ છેને. આમ દૃષ્ટિ થઈ ગઈ છેને સંયોગ દૃષ્ટિ. એટલે સંયોગો જાણે એક સમયનો છે એ જાણે સાચો હોય, ટકતો સંયોગ હોય એમ એને લાગ્યું છે. કહે છે કે એ બદ્ધસ્પૃષ્ટ

આદિ ભાવો અસત્યાર્થ છે. નહિ ટકી શકે. અંતરમાં આશ્રય લેતા એ ટકી નહિ શકે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અસત્યાર્થ છે. નભી નહિ શકે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વસ્તુમાં નથી. એ તો એક સમયનો ઊભો કરેલો આમ સંબંધ છે. એક પર્યાયનો સંબંધ એની સાથે એ તો એક સમય. આહા..હા..! એ કાંઈ સત્યાર્થ નથી. અસત્યાર્થ છે, અભૂતાર્થ છે, નહિ ટકે એવી ચીજ છે. અ-નહિ, ભૂત-છતી રહે એવી ચીજ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે એ '**અભૂતાર્થ હોવાથી...**' એમ. અસત્ય હોવાથી. '**એ અનુભૂતિ થઈ શકે છે.**' સ્વભાવનો આશ્રય લઈને અનુભવ થઈ શકે છે. કારણ કે સ્વભાવ જે આત્માનો એ તો ત્રિકાળ છે. સત્ય-સત્ય સત્યાર્થ છે, ભૂતાર્થ છે. અબદ્ધ સ્પૃષ્ટ આદિ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? એથી એ જૂઠાં હોવાથી અને આ ત્રિકાળ વસ્તુ પરમસત્ય હોવાથી અનુભૂતિ થઈ શકે છે. સમજાણું કાંઈ? આહા..હા..! વ્યવહારની વાતું આવેને તો વ્યવહારને .. આવે, પણ આ નિશ્ચય શું છે બાપા! વ્યવહાર તો નાશવાન .. છે. હવે પહેલું .. સમજાણું કાંઈ? એક ઓલા નથી કહેતા કે વ્યવહારની વાત આવે તો વિસ્તારથી લ્યો, અને નિશ્ચયની જ્યાં વાત આવે તો છોડી દેવી. ત્યાં વળી એક પંડિત એમ કહેતો હતો કે નિશ્ચયની વાત આવે ત્યારે તમે ગળે પકડો છો. વળી એમ કહે. અનેક પ્રકાર છેને જીવના. આહા..હા..! પરમસત્ય નિશ્ચયની જ્યાં વાત આવે ત્યાં ગળે પકડો તમે કહે આ. વ્યવહારનો તિરસ્કાર કરો છો. ભાઈ! તિરસ્કારની .. જ છે એને ખબર નથી. છે એનો અભાવ કરવાને માટે વાત છે. આહા..હા..!

એ '**અભૂતાર્થ હોવાથી અનુભૂતિ થઈ શકે છે.**' તેનું સમાધાન. હવે એને દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે. પાઠમાં તો અમુક જ છે. અમૃતચંદ્રાચાર્ય મહારાજ દૃષ્ટાંત આપીને સંસ્કૃતની ટીકામાં કહે છે. ટીકાનો પાઠ છે હોં આ. ગાથાનો પાઠ નથી એમ. '**આ વાતને દૃષ્ટાંતથી પ્રગટ કરવામાં આવે છે :—**' આ અનુભૂતિને સમજાવવા દૃષ્ટાંતથી તે વાતને પ્રસિદ્ધ કરવામાં આવે છે. '**જેમ કમલિનીનું પત્ર...**' આ કમળી-કમળ. એ '**જળમાં ડૂબેલું હોય...**' દેખો! આહા..હા..! પત્ર છે એ પત્રની રૂંવાટી બહુ કોરી હોય છે. એમાં ઓલું પાંદડું હોય છેને? એની રૂંવાટી હોયને નીચે એ બહુ કોરી, ઘણી કોરી, લુખ્ખી કોરી. પણ એ પાણીમાં ડુબેલું હોય એટલું આમ. '**તેનો જળથી સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં...**' આમ પાણીથી જાણે પાંદડાને સંબંધ હોય એમ જોતા વર્તમાન નિમિત્ત-નૈમિત્તિકથી જોતાં એ '**કમલિનીનું પત્ર જળમાં ડૂબેલું હોય તેનો જળથી સ્પર્શાવારૂપ અવસ્થા...**' હોં! એની વર્તમાન પર્યાય કમળની. પાણીના અંદર નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં છે. એ પાણીમાં ડૂબ્યું છે એમ દેખવામાં આવે છે. આહા..હા..!

એ '**અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું...**' એટલે સ્પર્શવાપણું એટલે? કે જળની પાણી અને એની જે રૂંવાટી એનો સંબંધ જોતા તે છે. એ છે એટલું એક ક્ષણમાં, એક સમયમાં એટલું છે બસ એટલું. સમજાણું કાંઈ? આ આમાંથી ઘણા કાઢે છેને. જુઓ, વ્યવહાર એ સત્યાર્થ કહ્યો છે. કઈ અપેક્ષાએ? કંઈક આકાશના ફૂલ છે એમ નહિ. વ્યવહારનયનો વિષય આકાશના ફૂલ છે એમ નહિ. ચીજ છે. નય છે એનો વિષય પણ છે. સમજાણું કાંઈ? જુઓને લ્યો ભૂતાર્થનો અર્થ સત્યાર્થ કર્યો છે પોતે જ તે જયચંદ પંડિતે. સમજાણું. પાઠમાં ભૂતાર્થ. છતો પદાર્થ છે એટલી અપેક્ષાએ. વ્યવહારનયના સંબંધથી કમળનું પાણીમાં કમળનું ડૂબવું અને જાણે બેને સંબંધ હોય એમ છે. પણ એ કાયમ રહે એવું એનું સ્વરૂપ નથી.

'**તોપણ...**' આમ હોવા છતાં પણ. એમ. '**જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય...**' પાણીથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય. દેખો! ત્યાં કીધું કે સ્પર્શાવારૂપ ભૂતાર્થ છે. આહા..હા..! આમ સંબંધમાં એટલું. પણ એમાં રહ્યું છતાં કમળનો સ્વભાવ એવો છે કે એનાથી ભીનું થયું જ નથી. આહા..હા..! એ ભીનું નથી થયું. એ ભીનું નથી થયું. આહા..હા..! એ તો સિદ્ધાંત .. આપે છેને. વેદાંત તો આપે છે જળકમળવત્. પણ એ વસ્તુ બધી ખોટી. તદ્દન ખોટી. એમ નહિ. એક સમય તરીકે સત્યાર્થ છે. વેદાંત તો કહે એક સમય તરીકે પણ એ છે નહિ. એમ ફેર છે. મોટો ફેર પર્યાયનો આખો.

મુમુક્ષુ :- પર્યાય છે, પર્યાય વગરનું માને.

ઉત્તર :- પર્યાય વગરનું કાંઈ નથી. પર્યાય વગરનો તો અનુભવ કોનો? દુઃખ કોનું? દુઃખનો અભાવ ક્યાં? એ બધું પર્યાયમાં થાય છે. મોટો ભ્રમ છે. અને એની વાત બહુ ચડાવી છે વેદાંતની. જગતમાં સુધરેલાઓ. ત્યારે અલિંગગ્રહણમાં એને પાખંડીનું. એમ કહ્યું છે. અહમેનાકાર. પાખંડીઓનો પ્રતિક આકાર એવું છે ત્યાં. એવો. પાખંડીઓને પ્રસિદ્ધ આકાર એવો લોકમાં વ્યાપક એવું નથી. એક જ વસ્તુ છે એમ નથી એમ. સમજાણું કાંઈ? એક જ વ્યાપક છે. ત્યાં બહુ આકરી ભાષા લીધી છે. અલિંગગ્રહણ છેને. અમેહનાકાર. લ્યો! મેહનાકાર લૌકિક સાધનમાત્ર **નથી,** અમેહનાકાર પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો લોકવ્યાપક નથી. એક જ ચીજ લોકવ્યાપક છે એમ છે નહિ. ત્યાં તો સખત કહ્યું છે પાખંડીઓને પ્રસિદ્ધ. સમજાણું કાંઈ?

કહ્યું હતુંને એક ફેરી? ઓલા હતાને ભાઈ મગનલાલ નહિ તમારા. ડબગરી. .. સાંભળે તો આમ .. લાગેને બહુ હુશિયાર માણસ. આમ આમ કરે. વાઈસરોયે વખાણ્યા હતા એકફેરી. .. પછી સાંભળવા આવે દરરોજ સાંભળવા આવે. ... એકફેરી વ્યાખ્યાન પહેલા હતું. વેદાંત અને આમાં કાંઈ ફેર નથી કહે. બહુ સારી વાત છે. કહો સાંભળજો. આજ બરાબર એ જ આવવાનું હતું તે દિ' અમેહનાકારનો. ૧૪મો બોલ હતો. સમજાણું કાંઈ? તે દિ' જ

એ આવવાનું હતું. કીધું સાંભળજો બપોરે. એક જ વસ્તુ વેદાંત માને છે તે પાખંડ અજ્ઞાનીઓની પ્રસિદ્ધિ છે. ભાન નથી એને. એક એક આત્મા અખંડ પરિપૂર્ણ છે એ બધા થઈને ખંડ ખંડ કરી નાખે છે. સમજાણું કાંઈ? કેટલાકને આવું નિશ્ચય સાંભળે તો આ વેદાંત જેવું લાગે છે. ઓલા વેદાંતવાળા કહે આ વેદાંત જેવું છે. ભાઈ! વેદાંતમાં આ ન હોય. ..નો અર્થ જ્ઞાનાંત. જ્ઞાનનો સાર કહો તો એ હોય, પણ એને કહ્યું છે એક સ્વરૂપ જ આત્મા એવું નથી આ. અહીં પર્યાયને સત્યાર્થ કીધી છે. કીધી છેને? ભૂતાર્થ છે. નથી એમ નહિ. આશ્રય કરવાલાયક નથી. અસ્તિપણું છે. સમજાણું કાંઈ?

કહે છે કે પહેલું સ્પર્શાવાયોગ્ય કહ્યું હતું એને નહિ સ્પર્શાવાયોગ્ય બે વાત લીધી. વ્યવહારનય કહે છે કે સ્પર્શે છે, નિશ્ચય કહે છે કે નહિ. ઓહો..હો..! એ જળના કમળના નીચલા ભાગમાં લીલી રૂંવાટી સૂકી, કોરી હોય છે. એને પાણીનો બિંદુ અડતો જ નથી. આમ ઊંચું કરો એટલે કાંઈ ન મળે. કોરું કરાટ. સમજાણું કાંઈ? આ તો હજી દૃષ્ટાંત છે હોં. સિદ્ધાંત પછી. દૃષ્ટાંત આવે છે આ તો. અભૂતાર્થ છે. નિશ્ચયના સ્વભાવનો આશ્રય લેતા એ કાયમ ટકે એવી ચીજ નથી. તેથી તે જૂઠી છે. એની અપેક્ષાએ સત્ છે. ત્રિકાળ એનો સ્વભાવ જ્યારે કમળનો જોઈએ એની અપેક્ષાએ જૂઠી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'એવી રીતે...'** એ તો દૃષ્ટાંત થયો. **'અનાદિ કાળથી બંધાયેલા આત્માનો,...'** દેખો! પર્યાયની અપેક્ષાએ. અનાદિ કાળથી પર્યાયમાં કર્મના નિમિત્તનો સંબંધ ભાવબંધ રાગ એવા અનાદિ કાળનો **'બંધાયેલા આત્માનો,...'** જુઓ! અનાદિકાળથી બંધાયેલા આત્માનો. પર્યાયમાં. આમ તો અનાદિકાળથી બંધાયેલા આત્માનો. પણ એનો અર્થ શું? આહા..હા..! વિકારી પર્યાય અને નિમિત્ત બેને સંબંધ છે. નથી? વ્યવહારનયે, વર્તમાન દૃષ્ટિએ, વર્તમાન કાળના લક્ષે? છે. **'પુદ્ગલકર્મથી બંધાવા-સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં...'** એ પર્યાયની અવસ્થાથી જોતાં કર્મ અને આત્માની પર્યાયમાં વ્યવહાર નિમિત્ત સંબંધ છે. અસ્તિ છે. એક સમયનું અસ્તિત્વ છે એ ત્રિકાળી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે તોપણ. એમ છેને? આહા..હા..! **'અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું ભૂતાર્થ છે—'** આહા..હા..! એનો અર્થ એવો નથી કે વ્યવહારનય પણ આત્માને શરણભૂત છે. ભૂતાર્થ છેને? એ તો એની હયાતી ધરાવે છે એટલી વાત છે. આહા..હા..! એક સેકન્ડના અસંખ્ય ભાગનો સમય એટલો બેનો સંબંધ છે એટલી હયાતી છે. સમજાણું કાંઈ?

**'બંધાવા-સ્પર્શાવારૂપ અવસ્થાથી...'** જોયું! અવસ્થાથી છેને? પર્યાયથી છેને? જાણતાં. **'અનુભવ કરતાં...'** એટલે જાણતાં **'બદ્ધસ્પૃષ્ટપણું...'** એક સમયમાં. એક સમય. ઓહો..હો..! ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... ભૂતકાળ અનંતગુણો, ભવિષ્ય અનંતગુણો એવા ત્રિકાળી તત્ત્વની અપેક્ષાએ એક સમયની દશા કર્મના સંબંધવાળી છે એમ બરાબર જાણવું

જોઈએ. વ્યવહારનયથી. અવસ્થાદૃષ્ટિથી. સમજાણું કાંઈ? '**તોપણ...**' આમ હોવા છતાં પણ. પછી ઉત્તર આપેને કે એ ટકી શકે એવી ચીજ નથી. ભાવ તો કહ્યો હતો ત્યાં એ. ઉપર કહેલા બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો. એ કાંઈ આકાશના ફૂલ નથી. આવો પર્યાય. આહા..હા..! સત્યાર્થ છે. એમ '**તોપણ પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય...**' પુદ્‌ગલ અને આથી સ્પર્શ કેવો એને? એનો તો અભાવ છે એમાં. સ્પર્શ કેવો? '**પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય...**' ત્યાં કહે છે કે સ્પર્શવું એ અવસ્થાથી છે. પર્યાયમાં. આહા..હા..! અને '**પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય...**' કર્મનો સંબંધનો જરીએ નહિ. અંશમાત્ર પણ સ્પર્શાવાયોગ્ય '**એવા આત્મસ્વભાવની સમીપ જઈને...**' ભગવાન આત્મા ત્રિકાળી સ્વભાવ, એનો અનુભવ કરતાં સમીપમાં જઈને ત્યાં દૃષ્ટિ છોડીને. કર્મનો અને રાગનો પર્યાયને સંબંધ છે એ દૃષ્ટિ છોડીને ત્યાં ગયો હતો ત્યારે જાણવાયોગ્ય એ વસ્તુ છે, પણ એની દૃષ્ટિને છોડીને ભગવાન ત્રિકાળ આત્માનો સ્વભાવ એના સમીપમાં. એટલે કે ત્યાંથી ખસીને અહીં સ્વભાવમાં એકત્વ થતાં. સમજાણું કાંઈ?

અનુભવ કરતાં. સ્વભાવની સમીપનો, આત્માનો આનંદ અને જ્ઞાનસ્વભાવ એનો અનુભવ કરતાં '**બદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે—**' જેને કહ્યું હતું સત્ય છે તે આ અનુભવ કરતાં તે જૂઠું છે. આહા..હા..! ભારે વાત ભાઈ! આહા..હા..! આના ઉપર વ્યાખ્યાન પણ થઈ ગયા છે નહિ? છપાય ગયા છે. અમૃત ઝરણા. આ વ્યાખ્યાન અમૃત ઝરણાના પુસ્તકો છપાઈ ગયા છે. આ ગાથા. પર્યુષણમાં ચાલી હતીને જ્યારે. શું કહ્યું આ? કે જેમ કમળ છે એને પાણીમાં આમ જુઓ તો સંબંધ તરીકે તો પાણીનો સંબંધ એનો એક સમય પૂરતો જોવામાં આવે છે. આમથી જુઓ તો હોં! આમથી જુઓ તો, પણ એના સ્વભાવથી જુઓ કમળનો. કોરું કરાટ. ત્યાં રહ્યું છતાં. .. ઉપાડવાનો પ્રશ્ન નથી અહીંયાં. ત્યાં ને ત્યાં રહ્યું છતાં એને કાંઈ સંબંધ છે નહિ. સમજાણું કાંઈ? એમ એક સમયની પર્યાયમાં આત્માને અનાદિ કર્મના બંધ સમયની અવસ્થાનો અંશની નજર જતાં એટલો સંબંધ છે. પણ એ સંબંધ તો સમયે સમયે ભિન્ન-ભિન્ન થઈ જાય છે. સમજાણું કાંઈ? એક સમયનો સંબંધ કર્મની સાથે તો ભિન્ન-ભિન્ન ભિન્ન છે. સમય પૂરતો છે એ અપેક્ષાએ સાચો છે. પણ ભગવાન આત્મા અંતર આનંદસ્વરૂપી સ્વભાવ એનું અંદર વેદન થતાં, એની સમીપ નામ એકાગ્ર થતાં એ બદ્ધસ્પૃષ્ટપણું જૂઠું છે. ત્યાં બદ્ધસ્પૃષ્ટપણું રહેતું નથી. સમજાણું કાંઈ? ઓલું આપ્યું છેને મોક્ષમાર્ગપ્રકાશકમાં ભાઈ આ સંબંધ. પણ એ તો તાદાત્મ્ય સંબંધ નથી. એમાં આપ્યું છેને.

મુમુક્ષુ :- નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

ઉત્તર :- હા, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. હા એ બતાવ્યું પહેલું. એમ કે ત્યાં સંબંધની ના પાડી છેને. એ તો તાદાત્મ્ય એકરૂપ થયો નથી એમ બતાવ્યું છે. પણ સમય સમયનો

સંબંધ તો આવો ઉદય અને રાગ, ઉદય રાગ એવો પર્યાયની સાથે સંબંધ છે. એક સમય પૂરતો હોં. બીજે સમયે બીજો અને ત્રીજે સમયે ત્રીજો. એક સમય પૂરતો સંબંધ છે, પણ ભગવાન આત્માના સ્વભાવની સમીપ જો ભગવાન જો જ્ઞાન, દર્શન અને આનંદસ્વરૂપ છે એના ઢલણના વલણથી, એની એકતાથી જુઓ એ ચીજ છે નહિ એની સાથે. ભિન્ન પડી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન કે અનુભૂતિમાં એ આત્માના સ્વભાવની એકતા થતાં એ વાત જુદી પડી જાય છે. બંધનો સંબંધ એનો અભાવ થઈ જાય છે. અબદ્ધનો સંબંધ થઈ જાય છે. આવો આવો ..ભાઈ! આફ્રિકા. પછી વાતું કરે આમ સુધારા કરવા, આમ કરવા... આમ કરવા.. લાગે બહુ સારુ લ્યો. ... ગયા હતાને. કેટલા મંદિર બનાવું. .. કાંઈ કરીએ. આ. આહા..હા..!

કહે છે કે ભાઈ! અહીં તો અસ્તિત્વ બે પ્રકારના. એક કર્મના સંબંધવાળો અવસ્થાનું અસ્તિત્વ અવસ્થાદષ્ટિએ છે, વ્યવહારદષ્ટિએ છે. પણ એ વ્યવહાર અભૂતાર્થ છે. આશ્રય કરવાલાયક નથી. ત્રિકાળી ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનું ધામ એવો ભગવાન, એના સમીપમાં એમાં એકતા થતાં. સમીપ શબ્દે સ્વભાવની એકતા થતાં એ બંધનો સંબંધ એક સમયનો પણ એમાં અભાવ થઈ જાય છે. સમજાણું કાંઈ? આવો ધર્મ હવે. હવે આ ધર્મની વાતું આવી. એકલું જાણવું... જાણવું... જાણવું... કરવું? પણ આ કરવાની શું વાત ન આવી? આમ કર્મના સંબંધમાં ઊભો છે એને ત્યાંથી દષ્ટિ ફેરવીને અબદ્ધ ઉપર દષ્ટિ કરવી એ ક્રિયા નથી? એ જ સાચી સ્વભાવિક ક્રિયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિયમસારમાં નથી લીધું કે પહેલું આમ કહ્યું, પછી પડિક્કમણા આદિ સત્ક્રિયાઓ કહી, પછી કળશમાં ન આવ્યું? પહેલું આ કહ્યું. કળશમાં કહ્યું. પહેલા શરૂઆતમાં. પહેલું આમ કહ્યું, પછી આમ કહ્યું. સત્ ક્રિયાઓ એને કીધી. આહા..હા..!

આ તો ભાઈ જેને શાંતિના પાઠ જાણવા હોય, સમજવા હોય એની વાતું છે આ. રાગ અને વ્યવહારે કાંઈ આ પાર પડે એવું નથી. વ્યવહાર કહે છે કે છે, નિશ્ચય કહે છે કે નથી. આ બે નયના વાંધા. બે નયનો વિરોધ. આ કથંચિત્ પર્યાયના સંબંધમાં છે અને દ્રવ્યના સંબંધમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ સમજવું મોંઘુ હશે? કે આ અપવાસ કરવા અને વ્રત પાળવા એ મોંઘુ હશે? કેમકે એને ઘડ કરવું મુશ્કેલ પડે. ઓલું તો ઘડ થઈ ગયું છે એને. આહા..હા..! કહે છે કે એ ભગવાન આત્મા બંધના સંબંધમાં એક સમયનો હોવા છતાં એ તો પર્યાય દષ્ટિનો વિષય છે, વ્યવહારનો વિષય થયો, પણ વસ્તુ જે આખી ચિદાનંદ પ્રભુ છે એનો અનુભવ કરતાં એના સમીપમાં. અહીંથી ખસી અને આના સમીપમાં. અહીંથી ખસીને વ્યવહારના સમીપમાં હતો ત્યારે તો મિથ્યાદષ્ટિ બદ્ધસ્પૃષ્ટ પોતાને માનતો. સમજાણું કાંઈ? આહા..હા..! પણ આત્માના સ્વભાવની સમીપ અનુભવ

કરતાં એ બદ્ધસ્પૃષ્ટનો અબદ્ધ-અભાવ છે. કાંઈ બાકી રહ્યું એ પણ જ્ઞાનને વિષય જાણવાલાયક રહ્યું છે. સમજાણું કાંઈ? લ્યો! એક બોલનો ખુલાસો થયો. પાંચ બોલમાંથી. એ બદ્ધસ્પૃષ્ટપણું જૂઠું છે. જુઓને પાછો શબ્દ દરેકમાં એ જ વાપરે છે. અસત્યાર્થ છે. આહા..હા..! .. કે નહિ અભૂતાર્થ કહ્યો છે, અસત્યાર્થ કહ્યો નથી. જયસેનાચાર્ય.. ઘણે ઠેકાણે એનો અર્થ જ એ થાય છે. અ-નહિ છતો ભાવ, વિષમભાવ. સમજાણું કાંઈ? બીજો બોલ કહેશે હવે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૧૨, બુધવાર, તા. ૧૨-૦૧-૧૯૭૨
## ગાથા-૧૪, પ્રવચન-૬૮

જીવ-અજીવ અધિકાર. અહીં પહેલો બોલ અબદ્ધસ્પૃષ્ટ છે. એટલે કે આત્મા વસ્તુ છે એને પૂર્ણ જાણે અને પૂર્ણ છે એને અનુભવે તો એને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ? બદ્ધસ્પૃષ્ટ એટલે બંધાયેલો, સ્પર્શાયેલો એવો પર્યાયમાં છે. કર્મના નિમિત્તના સંબંધથી જુઓ તો એ જેમ પાણીમાં કમળનું પાંદડું ડૂબેલું દેખાય છે એ છે સંયોગ અપેક્ષાએ. એમ આત્મા કર્મના નિમિત્તના સંબંધમાં રાગાદિથી બંધરૂપ દેખાય છે અને એ છે. પર્યાય દષ્ટિએ વ્યવહારનયે એ છે. પણ એનાથી આત્માનું કલ્યાણ થતું નથી. કારણ કે એ બુદ્ધિ વર્તમાન બુદ્ધિ, પર્યાયબુદ્ધિ તો અનાદિની છે. તેથી એનામાં બદ્ધસ્પૃષ્ટપણું હોવા છતાં પણ ત્રિકાળ જ્ઞાયકભાવની દષ્ટિ જોતાં એ જળની જેમ અંદર પાંદડું સૂકું, લૂખું, .. જેમ દેખાય એમ આત્મા અંતર્મુખની દષ્ટિએ જોતાં એ કર્મના નિમિત્તના સંબંધવાળી દશાઓ એમાં નથી. તેથી તે દશાને અહીંયાં જૂઠી અને અસત્ય કહી છે. નિશ્ચયની અપેક્ષાએ એને જૂઠી કહી છે. એની (વ્યવહાર)નયની અપેક્ષાએ તે સાચી છે. સમજાણું કાંઈ? વ્યવહારનયની અપેક્ષાએ તદ્દન છે, રાગાદિ અને એને નિમિત્તનો સંબંધ એ વ્યવહાર છે. એ વ્યવહાર છે એ સત્ય છે. વ્યવહારનયની અપેક્ષાએ સત્ય છે એટલે છે. નથી એમ નહિ. પણ એ દષ્ટિ તો અનાદિની છે. એ કાંઈ ધર્મ પામવાનું કારણ નથી. એથી આત્મા અંદર વસ્તુ જોતાં તે કર્મના સંબંધમાં અને એના નિમિત્તમાં કે એના કોઈપણ સંયોગમાં એ જીવ છે જ નહિ. પોતાનો એકલો સ્વભાવ જ્ઞાયકભાવ આત્મસ્વભાવ

એની સમીપ નામ એકતા જોતાં એકતા અનુભવતા એમાં એ ભેદ છે નહિ. તેથી એ ભેદને બદ્ધસ્પૃષ્ટને વસ્તુની અપેક્ષાએ જૂઠું કહ્યું છે. અને નિશ્ચયથી અબદ્ધસ્પૃષ્ટ એ સત્ય છે. સમજાણું કાંઈ?

અને અબદ્ધસ્પૃષ્ટ એ સત્ય છે એ જ નિશ્ચયનયે અસત્ય છે એમ નહિ. સમજાણું કાંઈ? વસ્તુ એકરૂપ આત્મસ્વભાવ જોતાં તેમાં આ નથી અને આ જે સત્ય છે તો એ સત્ય છે એ નિશ્ચયથી સત્ય છે અને વ્યવહારથી આ પર્યાયનો સંબંધ સત્ય છે, પણ આ નિશ્ચયની અપેક્ષાએ એ વ્યવહારનો સંબંધ અસત્ય છે. કારણ કે એવો કર્મના સંબંધનું સ્વરૂપ કોઈ જડમાં કે પરમાં નથી. એની સાથે સંબંધ છે. સમજાણું કાંઈ? વર્તમાન પર્યાયનો સંબંધ નિમિત્તની સાથે જીવની પર્યાયનો છે. એના પર્યાયનો છે. કોકનો છે એમ છે નહિ. સમજાણું કાંઈ? આ તો સત્યાર્થ કેમ કહ્યો એમ. શેઠ! બહુ આકરી વાત ભારે ઝીણી બહુ. ધર્મનું આવું સ્વરૂપ. કહે છે કે કર્મના સંબંધમાં કર્મે એને રોક્યો નથી. પણ એ પોતે કર્મના સંબંધમાં ગયો છે. છે એ સત્ય છે એમ. પર્યાય અપેક્ષાએ વર્તમાન અપેક્ષાએ, વ્યવહારનયની અપેક્ષાએ એ એનામાં એનાથી છે માટે સત્ય છે. કોઈ બીજામાં બીજાથી છે એમ છે નહિ. એમ. સમજાય છે કાંઈ? આહા..હા..! ભારે વસ્તુ આવી. કહો, પંડિતજી!

પણ એ પર્યાયનો સંબંધ કર્મના સંબંધમાં ગયો છે એ ભલે હો, પણ એથી કરીને આત્માને એનાથી શાંતિ નથી, એનાથી ધર્મ નથી અને એનાથી સુખ નથી. એથી એને એનો જેમ કમળનો સ્વભાવ જોઈએ તો પાણીને અડ્યો જ નથી, લુખ્ખો જ છે. એમ ભગવાન આત્મા એનો જ્ઞાન, આનંદ આદિ સ્વભાવ જોઈએ તો એ સ્વભાવની સમીપની એકતામાં એ બંધના નિમિત્તનો સંબંધ એમાં છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! છે અને નથી. છે એ એના પોતાના પર્યાયમાં છેને? કે કોઈ ભીંતમાં કે પરમાં છે? શેઠ! પર્યાય એનામાં છે. એનો પર્યાયનો સંબંધ એને પર્યાયનો એનો એને સંબંધ છેને? કે કોકનો કોકને સંબંધ છે? સમજાણું કાંઈ? એથી કહ્યુંને જુઓને.

કર્મ '**બંધાવા-સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં...**' એ છે. પર્યાયનો એ અંશ એનામાં, એનાથી, એમાં છે. પણ એ દૃષ્ટિ તો અનાદિની છે. હવે એને નવું શું કરવું? એનો ત્રિકાળી સ્વભાવ અંતર્મુખ. અંતર-અંતર. જ્ઞાન, આનંદ સ્વભાવની એકતા થતાં તે પરથી પૃથક્ એટલે એમાં એ નથી. સમજાણું કાંઈ? ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! પર્યાયને નિમિત્તના સંબંધવાળો જોવો અને માનવો એ તો અંશદૃષ્ટિનો મિથ્યાદૃષ્ટિ છે. છે છતાં એટલાને (પર્યાય જેટલો) માનવો એ તો મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મા ત્રિકાળી આનંદ અને જ્ઞાનના સ્વભાવથી એકરૂપ ચીજ છે, એને પરનો સંબંધનો એમાં વસ્તુના સ્વભાવમાં અભાવ છે. એથી આ જ સત્ય છે એમ અનુભવ કરતાં એ વસ્તુનો સ્વભાવ પરની સાથે

સંબંધ નથી એમ અનુભવ કરતા એ સત્ય છે અને પર્યાયનો સંબંધ જે કર્મ સાથે છે એવો એમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જેને સુખી થવું હોય, એટલે કે આત્મા જેવો, જેવડો, જેમ છે તેમ અનુભવવો અને માનવો હોય એણે વર્તમાન પર્યાયદષ્ટિનો વિષય હોવા છતાં દષ્ટિમાંથી છોડવો પડશે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! છે અને નથી. અવસ્થાથી છે. નથી એ કાંઈ આકાશના ફૂલ છે? જેમ આકાશના ફૂલ નથી એમ કર્મના નિમિત્તમાં એની અવસ્થાનો સંબંધ નથી? એમ. છે. એક વ્યવહારનયનો વિષય, વિષય તરીકે વર્તમાન તરીકે છે. એથી શું? એમ હોવાપણું છે એથી શું? એમાં આત્માને હિત શું? એમ કહે છે. સમજાણું કાંઈ? એમાં ધર્મ શું થાય? એ તો એવી દષ્ટિ રાખવાથી તો મિથ્યાત્વ અને અધર્મ થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

એને પોતાનો ત્રિકાળી સ્વભાવ જે પરના સંબંધ વિનાનો અને સ્વભાવ અને દ્રવ્યને અને વસ્તુને સંબંધ છે. પણ પરનો સંબંધ નથી. એ અપેક્ષાએ '**જરાય નહિ સ્પર્શાવાયોગ્ય...**' જોયું! આહા..હા..! વળી હા પાડી કે સ્પર્શવાળું છે, વળી કહે જરાય સ્પર્શ .. બે નયના વિષયમાં વિરોધ છે. માર્ગ એવો માર્ગ. આ વાત વીતરાગ સિવાય પર્યાયનો સંબંધ અને સ્વભાવમાં સંબંધ નહિ એવી જ વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ? એ કલ્પિત નથી. વસ્તુની સ્થિતિ એવી છે. એ વ્યવહાર તરીકેનો પર્યાય સંબંધ સાચો છે. વ્યવહાર તરીકે. સમજાણું કાંઈ? પણ એનાથી લાભ શું? એ તો અનાદિથી છે કહે છે. હવે એ સંબંધનો લક્ષ અને દષ્ટિ છોડી દઈને ત્રિકાળ ભગવાન પરમાત્મા પોતે આત્મસ્વભાવની સમીપ, સમીપમાં એમાં એકાગ્ર થતાં સુખ પ્રગટે, આનંદ પ્રગટે, શાંતિ થાય, જન્મ-મરણનો અભાવ થાય. તેથી તેને વ્યવહારના સંબંધને જૂઠો કહ્યો છે. સમજાણું કાંઈ? એ એક બોલ થયો એ. પાંચ બોલમાં એક બોલ થયો.

હવે બીજો બોલ. '**અનન્ય,...**' તો '**જેમ માટીનો,...**' માટી-માટી છે. એમાં '**કમંડળ, ઘડો, ઝારી, રામપાત્ર આદિ પર્યાયોથી...**' અવસ્થાઓ, ભિન્ન-ભિન્ન અવસ્થા. એનાથી જુઓ, જાણો તો તે તે અવસ્થાથી તે તે છે. માટીનો ઘડો, કમંડળ, રામપાત્ર વગેરે અવસ્થાઓ જુઓ, અવસ્થાનું અસ્તિત્વ છે. એ કાંઈ અવસ્થાનું અસ્તિત્વ કપડામાં અને ભીંતમાં છે એમ નથી. સમજાણું કાંઈ? કેવી રીતે વર્ણવ્યું? માટી છે એની અવસ્થાઓ. કમંડળ, ઘડો, ઝારી, રામપાત્ર. રામપાત્ર સમજ્યા? રામપાત્રને શું કહે છે? શકોરું. શકોરુ. અમારે અહીં શકોરુ કહે છે. આહા..હા..! આવું. આવું. રામપાત્ર કહે છે. શકોરુ-શકોરુ એમ કહે છે અમારે કાઠિયાવાડમાં. સમજાણું?

એક ડોશી હતી તે રામનું નામ જ ન લે. છોકરાએ એને રામપાત્ર બતાવ્યું. કે બા આ શું? કહે શકોરુ. રામપાત્ર ન કહે તો રામ આવી જાય પાછા. ઓલાને બોલાવું હતું કે કોઈ

રીતે પણ રામ છે એમ બોલે છે. રામ. એટલે મરવાની છેલ્લી સ્થિતિ. બા આ શું છે? શકોરુ. શકોરુ-શકોરુ. એટલે છોકરાને બોલાવાનો ભાવ રામ. એમ કે રામપાત્ર. ત્યારે કહે શકોરુ. અરર..! એટલું શકોરુ બોલી પણ રામપાત્ર ન બોલી. સમજાણું કાંઈ? એમ કહે છે કે અહીંયાં પર્યાયમાં ભિન્ન-ભિન્ન છે એમ એણે કબુલ્યું. સમજાણું કાંઈ? પણ એ માટીનો સ્વભાવ (નથી) એને અનેરા-અનેરાપણું. ભાષા એમ છેને? ત્યારે ઘડો, ઝારી એમ ભિન્ન-ભિન્ન છેને? ભિન્ન-ભિન્ન છે. અનેરી-અનેરી માટીની અવસ્થા તરીકે એ અનેરી ભિન્ન-ભિન્ન-ભિન્ન અવસ્થાનું અસ્તિત્વ છે. એ અપેક્ષાએ એ અસ્તિત્વ છે, સત્યાર્થ છે. સમજાણું કાંઈ?

એ **'એ અન્યપણું ભૂતાર્થ છે—'** એમ કહેવું છેને? એક જ અવસ્થા નહિ પણ અનેરી-અનેરી ભિન્ન-ભિન્ન અવસ્થા. અનેરી-અનેરી. એ માટીની અવસ્થા અન્ય-અન્ય અવસ્થાઓ છે. એ છે. એ છે. એ છે એ નયે છે. એ નયે નથી એમ નહિ. સમજાણું કાંઈ? **'તોપણ સર્વતઃ અસ્ખલિત...'** માટીનો સ્વભાવ જોઈએ એ તો એકરૂપ. સર્વતઃ અસ્ખલિત અહીં એટલું લેવું છે. સ્વભાવ લેશે.. **'(-સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા)...'** માટીનો અસ્ખલિત જેનો એકરૂપ સ્વભાવ છે. એટલું સિદ્ધ કરવું છે. એ એકરૂપ સિદ્ધ કરવું છે. એની દૃષ્ટિએ જોઈએ તો ઓલા રામપાત્ર જુદી જુદી અવસ્થાઓ એમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! **'તોપણ સર્વતઃ અસ્ખલિત...'** કોઈ બાજુથી માટી ભિન્ન-ભિન્ન અવસ્થાને પામતી નથી એવી માટીનું સ્વરૂપ જોતાં. અભાવ. જુઓ, **'પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા...'** **'એક માટીના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં...'** માટીના સ્વભાવની જોઈએ તો તે ભેદ-ભેદ અવસ્થાને જરીએ થતો નથી. આહા..હા..! દાખલો સહેલો કરી અને સિદ્ધાંતને સિદ્ધ કરવો છેને.

**'અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે—'** માટીની ભિન્ન-ભિન્ન, અનેરી-અનેરી અવસ્થા, એકરૂપ અવસ્થા જોતાં તે જૂઠી છે. કહો, સમજાણું કાંઈ? અવસ્થાની અન્ય-અન્યપણે જોતાં તે સત્ય છે અવસ્થા દૃષ્ટિથી. હવે ત્રિકાળ માટીના સ્વભાવથી જોતાં તે અન્ય-અન્ય અવસ્થા એમાં નથી માટે તે જૂઠી છે. આ દૃષ્ટાંત થયો. **'એવી રીતે આત્માનો, નારક આદિ...'** મનુષ્ય, દેવ, પશુ, **'પર્યાયોથી અનુભવ કરતાં...'** એ પર્યાયો એની પર્યાયમાં છે. નારકીપણું, દેવપણું એ પત્થરમાં છે એમ નથી. સમજાણું કાંઈ? એની પર્યાયમાં એ નારકીપણું, મનુષ્યપણું, દેવપણું, પશુપણું છે કે એકેન્દ્રિય નિગોદ આદિ. આહા..હા..! એવી સ્થિતિ કરી દે છે. વ્યવહારનો જે કાંઈ પ્રકાર એ બધોય ભિન્ન-ભિન્ન-ભિન્ન રીતે સ્થાપ્યો છે. અને પાછો નિશ્ચયમાં એનો નિષેધ કરે. સમજાણું કાંઈ? વસ્તુની અવસ્થાના કે સંબંધના પ્રકારમાં જે જે પ્રકારો થાય એ બધા પ્રકારો ભિન્ન-ભિન્ન એક-એક સમયસારમાં વર્ણવ્યા છે. એટલે વ્યવહારનું, પર્યાયનું, રાગનું સંબંધપણું, અસ્તિપણું એ સિદ્ધ કર્યું છે. આહા..હા..! એ વાત વીતરાગ

સિવાય ક્યાંય ન હોય. નારકીપણું, મનુષ્યપણું, દેવપણું, એકેન્દ્રિયપણું, બે ઇન્દ્રિયપણું, પંચેન્દ્રિયપણું એ અવસ્થા છે કે નહિ? અવસ્થાઓ છે કે નહિ? એની અવસ્થામાં છે કે નહિ? કે કોઈ પરમાં છે? સમજાણું કાંઈ?

**'આત્માનો, નારક આદિ પર્યાયોથી...'** જાણતાં. અનુભવ કરતાં એટલે જાણતાં **'(પર્યાયોના બીજા-બીજાપણારૂપ)...'** અવસ્થાનું અનેરા-અનેરાપણું, નારકીપણું, મનુષ્યપણું, દેવપણું, અન્યપણું, બીજાપણું, **'અન્યપણું ભૂતાર્થ છે—સત્યાર્થ છે,...'** સમજાણું કાંઈ? નારકીપણું, દેવપણું એ સાચું છે. પર્યાયમાં એ અનેરા-અનેરાપણું સાચું છે. એની પર્યાયમાં એ છે. કે બીજે છે? ભવ જીવને હોય કે ભવ જડને હોય? આહા..હા..! આચાર્યોએ ગજબ કામ કર્યા છે હોં! કુંદકુંદાચાર્ય. આ અમૃતચંદ્રાચાર્યે ટીકાકારે દાખલો આપ્યો. સાદો સહેલો દાખલો આપીને આ છે, અંતર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે આત્માનો ચાર ગતિની ભિન્ન-ભિન્નતાથી જોતાં એ ગતિની પર્યાયો તેની અવસ્થામાં છે. ગતિ નથી જ એમ વેદાંત કહે છેને? ગતિબતિ કાંઈ છે જ નહિ, રાગાદિ કાંઈ છે જ નહિ એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એમ કે આત્મામાં કાંઈ છે નહિ. રાગ પણ નથી, ગતિ નથી એ તો બસ પરમબ્રહ્મ એકરૂપ. (એમ નથી) વ્યવહારે વ્યવહાર છે. આહા..હા..! શેઠ! આહા..હા..! ગતિ છે. સમય સમયની ભિન્નતા, ભવ-ભવની ભિન્નતા, ભવ-ભવની ભિન્નતા, નારકી, દેવ આદિ ભિન્નતા પર્યાયમાં છે. એ કાંઈ જડમાં છે અને આત્માની પર્યાયમાં નથી એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! વ્યવહાર સિદ્ધ કરી અને પછી ઉડાવે છે.

નથી તો પછી તો ઉડાવવું કોને? અન્ય પર્યાયમાં ગતિ આદિ છે. ભાઈ! આ દેહ નહિ હોં! દેહ તો હાડકા... આ મનુષ્યપણું નથી કાંઈ. અંદરમાં ગતિ-ગતિનો ઉદય જે છેને એ યોગ્યતા એની ગતિની, મનુષ્યની, દેવની, મનુષ્યની, દેવની છે. સમજાણું કાંઈ? એ પર્યાયદૃષ્ટિએ, વર્તમાન દૃષ્ટિએ અવસ્થાના અનેરા-અનેરાપણાની દૃષ્ટિએ જોઈએ તો એ છે. અનેરા-અનેરાપણું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કે કર્મનો સંબંધ છે. કર્મની એ ચીજ જ નથી અને એને પર્યાયનો સંબંધ જ નથી વ્યવહારે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એનો ત્રિકાળ ભગવાન આત્માનો સ્વભાવ જોઈએ તો તે નથી. ત્યારે તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય. આખી ચીજ દૃષ્ટિમાં આવે, આખી પૂર્ણ ચીજ જ્ઞાનમાં આવે ત્યારે એને સમ્યગ્જ્ઞાન થાય એમ કહે. સમજાણું કાંઈ?

માટીની એમ આત્માની ગતિથી જોઈએ તો અન્ય-અન્ય ગતિ છે. સમજાણું કાંઈ? પર્યાયોના બીજા-બીજાપણારૂપ અનેરાપણું, અન્યપણું, અન્ય અન્યપણું છે. કહો, સમજાય છેને? કોને છે? જીવને. પર્યાયમાં. એની પર્યાયમાં છે. એ ગતિ આદિ જડમાં છે અને આત્માની પર્યાયમાં નથી એમ નથી. આહા..હા..! સમજાણું? ઓહો..હો..! ટૂંકી શૈલીએ દ્રવ્ય પર્યાયને સિદ્ધ કરી

અને પર્યાય ઉડાવે છે. દ્રવ્યદૃષ્ટિ કરાવવા. વસ્તુની દૃષ્ટિનો અનુભવ કરાવવા અને વસ્તુની દૃષ્ટિનો અનુભવ ન કરે ત્યાં સુધી એ ધર્મી ન થાય, ત્યાં સુધી એને સુખ અને શાંતિ નહિ મળે. આહા..હા..! એમ કહે છે. અન્યપણું છે.

'તોપણ...' જોયું! આવું છે તોપણ. એમ. '**સર્વતઃ અસ્ખલિત...**' વસ્તુસ્વરૂપ છે એકરૂપ એમાં સ્ખલવું ક્યાંથી? સ્ખલના એટલે અનેરા-અનેરાપણું એમાં ક્યાંથી? એમ કહે છે. આ ગતિ મનુષ્ય અને આ દેવને એ સ્ખલના એમાં ક્યાંથી? એ તો વસ્તુસ્વભાવ એકરૂપ ચિદાનંદ ભગવાન છે. અત્યારે હોં! સમજાણું કાંઈ? અરે! આ સંસારમાં આ જાળું બધી .. ભગવાન! તારે નીકળવું પડશે. સમજાણું કાંઈ? અને જેમાં નથી ત્યાં જાવું પડશે. આહા..હા..! ભાઈ! તારે સુખ જોઈતું હોય અને ધર્મથી ચાર ગતિમાં પડતા તારા આત્માને રાખવો (બચાવવો) હોય. આ તો ગતિ વળી આવીને એટલે. આહા..હા..! સમજાણું કાંઈ? ચાર ગતિ અનેરી-અનેરી છે. એમાં પડતાં તારે રાખવો (બચાવવો) હોય, છે તો તારી દશામાં છે ભાઈ! કાંઈ પરમાં, કર્મમાં નથી. ભીંતમાં નથી કાંઈ ચાર ગતિ. કર્મમાં ચાર ગતિ નથી. ચાર ગતિ અનેરી-અનેરી ભગવાન તારી દશામાં છે. અનેરી-અનેરી તારો પર્યાય છે. આહા..હા..! પણ એથી શું? એમાં આખો અન્ય અનેરો અનન્ય નહિ એવો આત્મા દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી પૂર્ણ આત્માનો સ્વીકાર ન થાય ત્યાં સુધી એને સમ્યગ્દર્શન ન થાય. સમજાણું કાંઈ?

'**સર્વતઃ અસ્ખલતિ...**' સર્વ પર્યાયમાં નારકી, મનુષ્ય ગતિમાં રહેલો હોવા છતાં, પર્યાયના ભેદો હોવા છતાં. સ્વભાવની એકરૂપતા દેખતા અસ્ખલિત. ત્યાંથી સ્ખલિત થયો નથી. ગતિમાં આવ્યું જ નથી. સ્વભાવ ગતિમાં આવે? આહા..હા..! એકરૂપ છે. બોલે છે કોઈ કોઈવાર શેઠ. પકડાય ત્યારે બોલેને. પકડ્યા વિના શી રીતે બોલે? આહા..હા..! એને અંદર પહેલા જાણવાનો નિર્ણય તો કરવો પડશે કે નહિ? આહા..હા..! ભાઈ! આ તો અપૂર્વ વાત છે. આ કાંઈ સાધારણ વાત નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો તમે કરો ત્યારે થાયને. કરાવે ક્યારે કહેવાય? એ કરે તો. કર્મ કરાવે નથી આવતું? ગોમ્મટસારમાં છે. શરૂઆતમાં પ્રસ્તાવનાના અધિકારમાં. કર્મ કરાવે. કર્મ કરાવે એમાં આવે. એનો અર્થ કે કરે છે તું ત્યારે કરાવે છે એમ કહેવામાં આવે છે. એમ એનો અર્થ છે. એમ આવે છેને. એમ જ હોય ને બીજું શું હોય? આહા..હા..! અને ઓલામાં આવેને સમયસારમાં. સર્વવિશુદ્ધ અધિકારમાં આવે છે કે એને કર્મ કરાવતું નથી. કે કરતો નથી એટલે કરાવતું નથી. આવે છેને ઓલી ગાથા નહિ? ગાથા છે. એ પોતે .. ૮૧-૮૨ છે નહિ? આ નહિ? કેટલામાં? કરતો નથી. કાંઈક છેને. ૨૦૦-૩૦૦? કરતો નથી માટે કરાવતો નથી એમ છેને? ટીકા છે. અહીં બધું કાંઈ યાદ રહે? એ આવ્યું ૨૮૦. ૨૮૦.

**'યથોક્ત (અર્થાત્ જેવો કહ્યો તેવો) વસ્તુસ્વભાવને જાણતો અજ્ઞાની...'** ઓલામાં ચ્યુત થયો હતુંને પહેલું ૬૮માં? અહીં ગુજરાતી ૪૨૫ પાનું છે. સમજાણું? **'યથોક્ત (અર્થાત્ જેવો કહ્યો તેવો) વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી તેથી રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે પોતાની મેળે પરિણતો નથી અને પર વડે પરિણમાવાતો નથી,...'** પરિણમતો નથી એટલે પરિણમાવતો નથી એમ. સમજાણું કાંઈ? છે? જેઠાભાઈ! શું છે શેઠ? વાંચો જોઈ. ટીકા. બરાબર. જાણતો જ્ઞાની. વસ્તુસ્વભાવ જે છે એને શુદ્ધ ચૈતન્ય આનંદ છે એને જાણતો જ્ઞાની **'શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી...'** પોતે આ કારણે શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો નથી અને તેથી રાગ-દ્વેષ-મોહાદિ રૂપે પરિણમતો નથી, પરિણમતો નથી તો પર વડે પરિણમાવાતો નથી. એ તો પરિણમતો ત્યારે પર વડે પરિણમાવે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ બધા ૭૮ની ભાઈ તકરારી ગાથા સ્ફટિકમણિની. એ બધી ગાથાના વાંધા ઉઠ્યા હતાને ત્યાંથી? સ્ફટિકમણિ જેમ સફેદ છે, પર વડે રંગાય છે એમ આત્મા શુદ્ધ છે. કર્મ વડે એમાં વિકાર થાય છે. અરે! એમ નથી. એ પોતે પોતાના સ્વભાવથી ચ્યુત થાય છે તેથી રાગરૂપે, મોહરૂપે પરિણમે ત્યારે કર્મે પરિણમાવ્યો એમ કહેવામાં આવે છે. એમ વાત છે. આહા..હા..! એ એમાં પ્રસ્તાવનામાં ભાઈએ નાખ્યું છે. ગોમ્મટસાર. કર્મ પરિણમાવે છે. પરિણમાવે છે એનો અર્થ એ કે પરિણમે છે ચ્યુત થઈને એટલે એનું નિમિત્ત છે એને પરિણમાવે છે એમ કહેવામાં આવે છે. પણ પોતે ચ્યુત થતો નથી પછી પરિણમાવનાર કોણ છે ત્યાં એને? સમજાણું કાંઈ? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાનો નિત્ય આનંદ સ્વભાવ એનાથી ચ્યુત થયો એ મોહરૂપે પરિણમે ત્યારે કર્મના નિમિત્તથી પરિણમ્યો, નિમિત્તથી પરિણમ્યો એમ કહેવામાં આવે. એમાં થયું શું પણ? અને જે કોઈ આત્મા પોતાના સ્વભાવથી જાણતો થતો એમ આવ્યુંને? શુદ્ધ આનંદ અને જ્ઞાન છું હું તો. એ રૂપે પરિણમે છે અને રાગરૂપે પરિણતો નથી. એટલે આ રૂપે પરિણમે છે તો રાગરૂપે પરિણમવામાં ચ્યુત થતો નથી. ચ્યુત થતો નથી એટલે કર્મ એને પરિણમાવતું નથી. માણસને એ વાતું પણ. કાંઈક નિમિત્ત કાંઈક કરેને તો એણે નિમિત્ત માન્યું કહેવાય. એને મજા પડે. આહા..હા..! આમાં એ નાખ્યું જૈન .. થાય. એ આમ કહે છે, ટોડરમલજી આમ કહે છે, સ્વામીજી આમ ફેર. બધો છેને સાંભળને બાપા! વાણી .. ત્યારે છે આ. સમજાણું કાંઈ? ઓલા તમે શું કહો છે અને કેમ છે એ ખબર નથી. આહા..હા..! નિમિત્તનો કાંઈક કાંઈક પ્રભાવ છે એમ કહે છે. બિલકુલ પ્રભાવ નથી. પણ નિમિત્તનો પ્રભાવ શું? અડે છે એને? આહા..હા..!

અહીં તો ભગવાન આત્મા પોતાના સ્વભાવની દૃષ્ટિથી ચ્યુત થાય પોતાને કારણે ત્યારે

કર્મના નિમિત્તથી થયેલો વિકાર છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભાઈએ નાખ્યું છે ફુલચંદજીએ. ખાણિયા ચર્ચામાં. પરિણમાવતો, પરિણમાવતો આવે છેને. એ નાખ્યું છે. એ પરિણામવતો આમ છે. ફુલચંદજીએ બહુ કામ કર્યું છે. એ એણે જ્યારે કર્યું ત્યારે મારા ઓલા એને આરોપ આપે છે. શું કહ્યું નહિ ભાઈ? પૈસા દઈને આવું કર્યું. અરર! આવું કહે છે. જે પંડિતો અહીંનું માને એને કાંઈક પૈસા દેવા માટે. આવી ભાષા હોય? એ સજ્જનતાની રીત નથી. એમ હોય? એમ કે જે કોઈ એમને સ્વીકારે છે એને બધાને કાંઈક આપ્યું છે અંદર. અરરર! ઓય બાપા! ભાઈ! આ તો સત્ય છે અને સત્ય બેસે એ કબુલે છે. વસ્તુ આ છે. સમજાણું કાંઈ?

૮૨માં કહ્યું હતુંને. ક્રમબદ્ધની વ્યાખ્યા જ્યારે કરી. આહાર કરવા જતા હતા નહિ? સાથે હતાને તમે બેય પંડિત સાથે હતા. ..ભાઈ કૈલાસચંદજી અને ફુલચંદજી. ઝવેરીભાઈને ઘરે આહાર કરવા જાવું હતું. ઝવેરી. પ્રતિમા લાખ, સવા લાખ રૂપિયાની ખોવાણી હતી. વઈ ગઈ. આવી? મળી ગઈ? અહીં આવ્યું જુઓને. મળી ગઈ. ઓલો .. આવ્યો એમાંથી થઈ રહ્યું. આવ્યું હતુંને છાપામાં આવ્યું હતું. રસ્તામાં વાત થઈ હતી. વસ્તુ તો ક્રમબદ્ધ જ છે. ફુલચંદજી કહે જો એમ ન માને તો વૈશેષિક મત થઈ જાય. સાચી વાત છે. રસ્તામાં વાત થઈ હતી. વિશેષપણું પરથી થાય છે. આડુઅવળું આવ્યું. અર્થ બીજો છે. આ તો પોતાનું વિશેષપણું એના ક્રમસર જે થાય એ જ વિશેષ થાય છે. ભારે વાત! એવી તકરાર થાય. સત્ય વસ્તુની ખબર ન હોય અને પછી આગ્રહ કરી . .કરવું, બાપુ! આ માર્ગ છે, ભાઈ! એ માર્ગ એમ નહિ. એ ખોટો નહિ પડે. સત્ય તો સત્ય રહેશે. હવે કોઈથી કાઢ્યો નીકળશે નહિ.

અહીં કહે છે એ ગતિ પણ પાછી કર્મને લઈને છે એમ નહિ, ભાઈ! એની પર્યાયની યોગ્યતાથી ત્યાં ભિન્ન-ભિન્ન ગતિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એની પર્યાય સિદ્ધ કરવી છેને? આહા..હા..! ..ગતિ, મનુષ્યગતિ, દેવ ગતિ આદિ. સમજાણું? એ છે. ગતિ.. પર્યાય.. એ એને પોતાને કારણે છે, પોતાની અવસ્થામાં છે. એ અપેક્ષાએ સત્ છે એમ કહે છે. પરને કારણે છે એમ નથી. ત્યારે એ બધા ઘણા એમ લખે છે કે જુઓ આ ગતિ છે એ નિમિત્તને કારણે થયેલી છે માટે જૂઠી છે. એમ નહિ, એનામાં કૃત્રિમ, કૃત્રિમ, ક્ષણિક ભિન્ન-ભિન્ન ગતિ છે. પણ છે એ તો અંશ છે. અને ગતિ એમાં વસ્તુ ક્યાં આખી આવી? સમજાણું કાંઈ? એ પર્યાય દૃષ્ટિ છે, એનો વિષય આ છે. પોતાથી છે. ઓલો કર્મનો અબદ્ધસ્પૃષ્ટ અને બદ્ધસ્પૃષ્ટ પણ પોતાથી પર્યાયની પોતાથી છે. એમ કહેવું છે હોં! સમજાણું કાંઈ? આહા..હા..! સ્વભાવની જ્યાં દૃષ્ટિ જોતાં અસ્ખલિત પર્યાય ભેદોથી જરાય ભેદરૂપ નહિ થતો 'એક ચૈતન્યાકાર...' ત્રિકાળ ચૈતન્યસ્વરૂપ, એક ચૈતન્ય સ્વરૂપ. ઓલું અનેરું-અનેરું

હતુંને. આમાં એક. એકરૂપ ચૈતન્યસ્વરૂપ, એકરૂપ ચૈતન્યસ્વરૂપ. એની દૃષ્ટિ જોતાં, એમાં એકતા થતાં. સમીપ જઈને શબ્દ વાપર્યો છેને? એનાથી દૂર હતો, પર્યાયમાં હતો એમ કહે છે. અનેરી-અનેરી ગતિનો સ્વીકાર હતો તને. હવે અહીં જ્યાં જતાં એકરૂપ સ્વરૂપની સમીપ જતાં અનુભવ કરતાં અન્યપણું જૂઠું છે. અનેરી-અનેરી ગતિનો ભાવ તેમાં છે નહિ. માટે જૂઠો છે. સમજાણું કાંઈ? આહા..હા..! આચાર્યોએ એવી શૈલીથી દાખલા દઈને કોઈ રીતે એને સત્ય હાથમાં આવે. એવી રીતે કર્યું છે હોં! દૃષ્ટાંત દઈને સિદ્ધાંત ઉતાર્યો છે. આહા..હા..!

ભગવાન આત્મા તો ગતિની અનેરી-અનેરી પર્યાયથી તો ભિન્ન પડ્યો છે. એના સ્વભાવમાં જો અનેરા-અનેરાપણું હોય તો કોઈ દિ' ગતિ ટળે નહિ. સમજાણું કાંઈ? એક ચૈતન્ય સ્વભાવ, ચૈતન્ય સ્વરૂપ. આકાર એટલે સ્વરૂપ. એક ચૈતન્ય સ્વરૂપ આત્મસ્વભાવ એમ પાછું. એક ચૈતન્ય સ્વરૂપ આત્મસ્વભાવ. એની એકાગ્રતા કરતાં, અંતરદૃષ્ટિ મૂકતાં તે અનુભવ કરતાં અનેરી-અનેરી ગતિઓ તે જૂઠી છે. ગતિ જ નથી. વસ્તુમાં કેવી ગતિ? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનથી વસ્તુના સ્વભાવની એકતા કરતાં અનેરી-અનેરી ગતિનો તેમાં ભાવ નથી, તેથી તે અનેરી-અનેરી ગતિને સ્વભાવની એકતાની અપેક્ષાએ જૂઠી કહેવામાં આવી છે. ઉડી જાય છે માટે તે રહેતી નથી કહે છે. સમજાણું કાંઈ?

**'અનુભવ કરતાં અન્યપણું...'** અનેરી-અનેરી ગતિ એક ચૈતન્ય સ્વભાવને જોતાં. ચૈતન્ય સ્વભાવનો અનુભવ કરતાં, ચૈતન્ય સ્વભાવ સન્મુખ થઈને એકતા કરતાં અનેરી-અનેરી ગતિનો એમાં અભાવ છે માટે જૂઠું છે. કહો, ભગવાનજીભાઈ! આપણે આ આવી ગયું છે. એકલું જ આવ્યું છેને. પુસ્તક આવ્યું છે. ઘણા વર્ષ પહેલા. અમૃત ઝરણા. અમૃત ઝરણા નામનું પુસ્તક. નહિ? અમૃત ઝરણા નામનું પુસ્તક ૧૪મી ગાથા. વંચાણું છે. ઓલા દાખલા છેને આમાં. એટલે લોકોને ઠીક પડે જરી. દાખલા દે. એકલું એકલું લૂખું લાગે એટલે કેટલીકવાર લેવાતું હતું પર્યુષણમાં. આહા..હા..!

મુમુક્ષુ :- એ તો ઘણાં વર્ષ પહેલાં.

ઉત્તર :- ઘણાં વર્ષ પહેલાં. આહા..હા..! પતાસામાં જેમ કડવી વસ્તુ આપેને. પતાસું હોયને પતાસું. પતાસું સમજો છો? જરી કડવી વસ્તુ નાખે અને છોકરાને આપે. એમ આ દાખલો દઈને સિદ્ધાંત સમજાવ્યા છે. એને ખ્યાલ આવે કે ઓહો..! આ છે. એવું અસત્યાર્થ છે. પર્યાયદૃષ્ટિએ પર્યાય સત્યાર્થ છે. એનામાં છે અને એનાથી છે. સમજાણું કાંઈ? ગતિ બ્રહ્મ જ છે અને બ્રહ્મ સત્ય છે અને ગતિ બ્રહ્મ એમ નથી. આહા..હા..! બ્રહ્મસત્ય અને જગત મિથ્યા એમ નથી. બ્રહ્મની અપેક્ષાએ મિથ્યા, એની અપેક્ષાએ સત્ય છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કથનની શૈલી તો અલૌકિક છે. અરે! આ તો મનુષ્યના અવતાર અને ચાર ગતિના અવતાર. આહા..હા..! એ નારકીના અવતાર. આહા..હા..! ૩૩-

૩૩ સાગર. એણે સાંભળ્યું નથી હજી તો. એ ૩૩ સાગરમાં રહ્યો છે નારકગતિપણે તો છે કહે છે. એ ગતિ કોઈ ભ્રમ જ છે. એમાં દુઃખ છે એ દુઃખ છે એ ભ્રમ છે, નથી. એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? નિગોદની ગતિ એ પશુ ગતિ કહેવાય, તિર્યંચ ગતિ. બટાટા, શક્કરકંદ, મૂળા, ગાજર. ગાજર કહે છેને? એ લીલ-ફુગ-કાય બધી નિગોદ ગતિ છે એ. જીવની ગતિ છે ત્યાં. જીવ નિગોદની ગતિપણે એ પશુ એ ગતિપણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ દુઃખને વેદે છે એ છે. એ .. એનાથી. સમજાણું કાંઈ? દુઃખનું વેદન એ ભ્રમ છે. ભ્રમ પણ છે શું? સમજાણું કાંઈ? એની દશામાં છે કે કાંઈ પરમાં છે? એની દશામાં છે, ભાઈ! આહા..હા..! સંતોની કથની વ્યવહારના ભેદોને સત્ય સિદ્ધ કરી અને પછી નિશ્ચયનો આશ્રય કરીને ઉડાવે છે. સમજાણું કાંઈ?

**'અનુભવ કરતાં અન્યપણું...'** અનેરી-અનેરી ગતિપણું એના સ્વભાવમાં નથી અને સ્વભાવનો આશ્રય લેતા ગતિનો એને અભાવ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ગતિ ભલે સિદ્ધપણે થાય પણ આગતિ પછી રહેતી નથી. આ તો ગતિ અને આગતિ છે. જાય ને આવે, જાય ને આવે. સિદ્ધપણું થયું પછી ગતિ થઈ ભલે, પણ આગતિ નથી. એ તો ખરેખર ગતિ જ નથી. આ ચાર ગતિ માયલી નહિ. આહા..હા..! માણસો શાંતિથી, ધીરેથી જો વાંચેને તો એને હાથ આવે. પક્ષપાત મૂકીને સત્ય શું છે? સત્ય શું છે? સત્યને ખોજીને લે તો હાથ આવ્યા વિના રહે નહિ એને. ભાઈમાં છેને. બનારસીદાસ. 'ખોજી જીવે વાદી મરે.' ઘણાં વર્ષ પહેલાં કહ્યું હતું. શેઠ બહુ વાદ જ કરે. વાદ જ કરે. જે વાત કરે એમાંથી કાંઈક બીજું. મારી સામું બહુ ન બોલે, પણ પાછળ બોલે. .. શેઠ હોય કે .. હોય અમારે શું? પૈસાવાળા છે મોટા. તે દિ' ૬૦ વર્ષ પહેલાં ૧૦ લાખ.. મહારાજ આ પુરુષાર્થ-પુરુષાર્થ પણ પુરુષાર્થ જૈનધર્મમાં હોય નહિ કહે. કારણ કે સર્વજ્ઞનો માર્ગ છે. સર્વજ્ઞ તો બધું જાણે એમાં પુરુષાર્થ કેવો? અરે! ભાઈ શું કહે છે તું આ? તોડી નાખી વ્યાખ્યાનમાં વાતને એટલે પછી બોલે નહિ. આહા..હા..!

સ્વરૂપ તરફની દૃષ્ટિ કરવી એ મહાપુરુષાર્થ છે. સમજાણું કાંઈ? ગતિપણે માન્યો એમાંથી ગતિ વિનાનો માનવો એ તો કાંઈ પુરુષાર્થ વિના મનાય છે? મહાન પુરુષાર્થ છે, બાપુ! તને ખબર નથી. આહા..હા..! દાખલા એવા આપે. .. એ આચારાંગમાં સૂત્રમાં. આજ્ઞાએ કેટલાક અને .. આજ્ઞા, પણ આજ્ઞામાં ઉપસ્થિત થાય એમ કેમ કહ્યું નથી? પાંચમુ અધ્યયન છે. યોગસાર. અણાણે.. આજ્ઞામાં અનુદ્યમ અને આજ્ઞા બહાર ઉદ્યમ એ તને ન હશો. એમ કે ત્યાં અનુદ્યમ કહ્યો છે, ઉદ્યમ કરજો એમ નથી કહ્યો કહે. એવા સૂત્ર આવે છે. યોગસારના કેટલાક તો આપણે આવ્યા હતા ઓલા વીરવાણીમાં. વઢવાણ ૮૨ની સાલ. લખ્યા હતાને. આવા ... આજ્ઞાએ .. ભગવાનની આજ્ઞામાં પુરુષાર્થ નથી કરતા, ઉપસ્થિત નથી પુરુષાર્થથી

અને આજ્ઞા બહાર પુરુષાર્થ કરે હે શિષ્ય! આ બે તને ન હોય. એનો અર્થ શું થયો? સમજાણું કાંઈ? ન આવ્યું?

ભગવાનની આજ્ઞા છેને. એવો પાઠ છે આચારાંગમાં શ્વેતાંબરમાં. એ વખતે તો બધા મોઢે હતાને. પછી એની ચર્ચા થાતી હતી. ત્યાં એવું સૂત્ર છે કે .. આ શબ્દ છે. ભગવાનની આજ્ઞામાં ઉદ્યમ વિનાના છે એટલું અને ભગવાનની આજ્ઞા બહારના ઉદ્યમમાં જીવો છે. એ બેય તને ન હશો. ત્યારે કીધું આ જુઓ ઉદ્યમ વિનાના છે અને ઉદ્યમ કર એમ કહે છે. સમજાણું કાંઈ? તો કહે ના એમાં ક્યાં એમ કહ્યું છે? એવી છે તકરાર બધી. આહા..હા..! આ એમ છે જુઓ, ગતિ અનેરી-અનેરીમાં જે પુરુષાર્થથી અટકેલો છે એ પુરુષાર્થને દ્રવ્યસ્વભાવમાં લાવ. એકરૂપ મારો સ્વભાવ છે. અનેરી-અનેરી ગતિ મારામાં છે જ નહિ. એ પુરુષાર્થથી જ થાય છે. સમજાણું કાંઈ? ત્યારે કહે તમે ક્રમબદ્ધ કહોને. તે દિ' ક્રમબદ્ધ ક્યાં હતું.

મુમુક્ષુ :- ત્યારે તો ભગવાને દેખ્યું એટલું એમ થાયને.

ઉત્તર :- હા, એટલું હતું બસ. એટલું. બધું નહોતું. એ ક્રમબદ્ધ નહોતું ત્યાં.

મુમુક્ષુ :- ભગવાનને દીઠું એમ થાય કે નહિ? પછી એમાં પુરુષાર્થ ક્યા આવ્યો?

ઉત્તર :- ભગવાને દીઠું એમ થાય પણ દીઠું એ માન્યું કોણે કીધું? એ તો ૭૨ની સાલની વાત છે. ભગવાને દીઠું એ થાય, પણ ભગવાન છે અને આવું છે એવું માન્યું કોણે? ભગવાનનું જે આવું છે એમ માન્યું એને ભવ હોય નહિ. એ આત્માના જ્ઞાનમાં એ બેઠી વાત એને ભવ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એ તો ૭૨. ૭૨-૭૨ કહે છેને. કેટલા વર્ષ થયા? ૫૬. ૫૬ વર્ષ પહેલાંની વાત છે. સમજાણું કાંઈ? શું કરે છે? ભગવાને દીઠું એમ થાશે, આપણે પુરુષાર્થ કાંઈ ન કરી શકીએ. કોણ કહે છે આ? કોણ માને છે એ? ભગવાન કેવળજ્ઞાની છે અને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એ કોણે માન્યું? ક્યાં માન્યું? કેમ માન્યું? માન્યા વિનાની વાત કરો છો? ભાઈ! કાળલબ્ધિમાં એમ નાખ્યું છેને. ભાઈ કાળલબ્ધિ વાત સાચી છે, પણ આ કાળલબ્ધિ છે એ જ્ઞાન કોને થાય? જ્ઞાયકનો પુરુષાર્થ કર્યો હોય એને કાળલબ્ધિનું જ્ઞાન થાય. એકલી વાત કરવી તારે કાળલબ્ધિ-કાળલબ્ધિની. સમજાણું કાંઈ? ઓલા રતનચંદજી ના જ પાડે છે ભાઈ. કાળલબ્ધિ કાંઈ છે નહિ. પંડિતજી પોતે લખે છે પત્રમાં. વસ્તુ છે. હવે એને ત્યાં ભેગા રહેતા હોય વર્ણી પોતે કહે કાળલબ્ધિ વિના આ બધું આપણે કરીએ છીએ પણ કાંઈ એમાં દેખાતું નથી, શાંતિ આવતી નથી એમ લખ્યું છે. અધ્યાત્મપત્ર આવે છેને? એમાં લખ્યું છે. સમજાણું?

કાળલબ્ધિ એટલે એક સમયની પર્યાયની પ્રાપ્તિ. એમ. પણ એ સમયની પ્રાપ્તિનું જ્ઞાન ક્યારે થાય? એ જ્ઞાયકપણું આત્મા ત્રિકાળ છે એવો પુરુષાર્થ કરે એને જ્ઞાયકનું જ્ઞાન થાય એને કાળલબ્ધિનું જ્ઞાન થાય. જેઠાભાઈ!

મુમુક્ષુ :- એ તો .. સિદ્ધ કરે છે.

ઉત્તર :- એ તો વસ્તુ સિદ્ધ કરે છે જુઓને. હમણા પ્રશ્ન આવ્યો હતોને. રાજમલમાં એમ કે આ સંસાર નથી એમ કહે છેને. ભાઈમાં. કૈલાસચંદજી. જૈનસંદેશમાં. એનો જવાબ ઠીક આવ્યો હતો. ભાઈ! એ કહે છે એ આગમ સંમત છે. એમ. કાળલબ્ધિ કહે છેને કે આગમ સંમત છે એ વાત. કાળલબ્ધિ શાસ્ત્રમાં આવે. સર્વાર્થસિદ્ધનો દાખલો આપ્યો છે. અર્ધપુદ્ગલ રહેતા સમકિત થાય. એ પાછા રતનચંદજી માનતા નથી. નહિ, સમકિત થાય ત્યારે અર્ધપુદ્ગલ થઈ જાય, અર્ધપુદ્ગલ થાય ત્યારે સમકિત થાય એમ નહિ. આવા ને આવા તકરારી. ભાઈએ ઠીક લખ્યું છે ભાઈ કૈલાસચંદજીએ. જવાબ ઠીક આપ્યો છે. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે જેને ગતિપણું છે એ જીવને. એ જીવને જ્યારે ગતિથી છોડાવવો હોય. સમજાણું? જુઓ આ સ્યાદ્વાદ. કથંચિત્ ગતિ છે, કથંચિત્ દ્રવ્યમાં નથી. પર્યાયમાં છે અને દ્રવ્યમાં નથી. આહા..હા..! ભાઈ! આ તો ભગવાન પરમાત્મા પોતે શુદ્ધ સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતા એ વસ્તુ છે (નહિ). ગતિ છે નહિ એટલે આવા અનુભવ કરનારને ગતિ થશે નહિ. એમ કહે છે મૂળ તો. ગતિ છે નહિ. છે નહિ અર્થ આમાં નથી એટલે એને ગતિ થશે એમ કહે. સમજાણું કાંઈ? બદ્ધસ્પૃષ્ટપણે અને આદિ છે કીધું પહેલું. છે. પણ આત્માના અબદ્ધસ્પૃષ્ટ જોતાં એ નથી એટલે અબદ્ધસ્પૃષ્ટનો અનુભવ કરનારને બદ્ધસ્પૃષ્ટપણું રહેશે નહિ, નહિ રહે. આહા..હા..! કેટલો વિષય ભર્યો છે જુઓને. જેમ ફોલવા જાય એમ નીકળે અંદરથી. એવી વાતું છે. બહુ ગંભીર. કુંદકુંદાચાર્યના શાસ્ત્રો અને ટીકાઓ આ બધી અમૃતચંદ્રાચાર્યની ઘણી ગંભીર.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમાં છેને. પણ છતાં ઓલા લોકો શું કહે છે? અમૃતચંદ્રાચાર્યની ટીકા એ કરતા આ જયસેનાચાર્યની ટીકા જેવી ટીકા જોઈએ. હમણાં એ છાપામાં આવ્યું હતું. એમ કે જયસેનાચાર્યની ટીકા જેવી અમૃતચંદ્રાચાર્યની ટીકા.. હવે આવા પાછા. આ સારી. અરે ભગવાન! ગંભીર અને યથાર્થ આ જ છે. ઓલી તો સાદી ભાષામાં સાધારણ રીતે. આ તો મહાગંભીર... મહાગંભીર... અમૃતચંદ્રાચાર્ય. આહા..હા..! ચાલતા સિદ્ધ. ૯૦૦ વર્ષ પહેલાં ભરત ક્ષેત્રમાં. ઓહો..હો..! કહે છે, ભાઈ! તારી ગતિ છે હોં! તારે લઈને છે હોં! પરને લઈને નહિ. પણ હવે તારે ગતિમાં રખડે છે એ તો દુઃખી છો એ તો અનાદિથી હવે તારે શું કરવું છે? સમજાણું? એ ગતિ જેમાં નથી એવા સ્વભાવને જો, એવા સ્વભાવનો અનુભવ કર તને ગતિ નહિ રહે. એ ગતિ છે એવી પર્યાયમાં અસત્ થઈ જશે. આહા..હા..! અભૂતાર્થ થઈ જશે, અસત્યાર્થ થઈ જશે. અત્યારે અસત્યાર્થ થઈ છે અને પછી ખલાસ થઈ જશે.

આહા..હા..! ગતિબતિ આત્માના સ્વભાવની દૃષ્ટિવાળાને છે નહિ. ગતિનો વિકાર કેવો અહીં અંદર? આહા..હા..!

ભગવાન આત્મા એક ચૈતન્ય ચમત્કાર સ્વભાવ ત્રિકાળ ધ્રુવ એની એકતાના અનુભવમાં એ ગતિની વર્તમાનતા તેપણે હતી એ આમાં નાસ્તિ થઈ. એને રહી નહિ. સમકિતીને ગતિ છે નહિ. આહા..હા..! સમકિતી ગતિમાં નથી. શ્રેણિક રાજા નરકમાં છે. નરકમાં ગતિ એ તો અગતિમાં છે. આત્માનો સ્વીકાર આનંદ જ્ઞાનસ્વભાવને એની પર્યાયમાં એ છે. ગતિમાં નથી. સમજાણું કાંઈ? અને પૂર્ણ થતાં તો વર્તમાન પર્યાયની ગતિ જ ન રહી. એ તો બે રહી. એ રહી છે વ્યવહારે જાણવા માટે. દેવ અને મનુષ્ય બે ગતિ છે. પશુ અને નરક છે નહિ. શેઠ!

મુમુક્ષુ :- 'જબ જાગો તબ સવેરા ઔર અભી જાગો'

ઉત્તર :- એ ઠીક! બરાબર. 'જબ જાગો તબ સવેરા' આપ્યુંને ભાઈએ. 'જબ જાગો તબ સવેરા, અબ જાગો તો અબ સવેરા હૈ.' હમણાં જાગો તો હમણાં સવાર છે. પાનું છે આપણે વધારે? નહિ. છે? એક બહેનને આપજોને. એ હિન્દીનું છે. એ ભાઈએ બનાવ્યું. બહુ સારું. હિન્દી બાઈ છે. ક્યાં? લલિતપુરમાં. નાની ઉંમરથી કવિ જ છે. આપણે દિગંબર. અહીંયાં આવી હતી. બોલી હતી. બનાવ્યા છે પાના. ક્યાંક છે ખરું. પાનું હો પાનું. લ્યો બહેનને આપો. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

બે બોલ થયા. ત્રીજો બોલ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૧૩, ગુરુવાર, તા. ૧૩-૦૧-૧૯૭૨
## ગાથા-૧૪, પ્રવચન-૬૯

૧૪મી ગાથા. કેવા જીવને અનુભવ કરવાથી એ સમકિતી કહેવાય? એમ ચાલે છે આ. ધર્મી જીવ, ધર્મ પામેલ જીવ આવો આત્મા અનુભવે છે. કે એ આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે. સાક્ષાત્ સિદ્ધસ્વરૂપ જ છે. એવો અનુભવે છે. સમ્યગ્દૃષ્ટિ એવા આત્માને આત્મા જાણે છે. સમજાણું કાંઈ? બદ્ધસ્પૃષ્ટભાવો છે એ વ્યવહારનયે છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ. પણ એ

તો જ્ઞાનમાં જ્ઞેય કરવાલાયક પર તરીકે. ભગવાન આત્મા પરથી નિરાળો, બંધાયેલો અને અડેલો, સ્પર્શેલો નહિ. એવું ચૈતન્ય તત્ત્વ સમ્યગ્દૃષ્ટિ એવા આત્માને આત્મા અનુભવે છે. સમજાણું કાંઈ? પર્યાયમાં બદ્ધસ્પૃષ્ટ છે થોડું. એ તો એને પછી પરજ્ઞેય તરીકે એને જાણે છે. અનુભવે આને. સમજાણું કાંઈ? શેઠ! એક બોલ છેને એ? બે બોલ થયા.

અને નારકી, મનુષ્ય ગતિ આદિ અનેક અન્ય-અન્ય ગતિ હોય છે. પણ સમ્યગ્દૃષ્ટિ જીવ એને અનુભવતો નથી. એમાંથી અનન્ય છે, એકરૂપ છે એવો ચૈતન્યનો સ્વભાવ એને અનુભવે અને એને આત્મા જાણે છે. સમજાણું કાંઈ? ભેદ છે. એને જ્ઞાનમાં જણાય છે. અનુભવે છે આને. સમજાણું કાંઈ? એકરૂપ ચૈતન્ય સ્વભાવ આકાર ગણ્યો છેને? એને અનુભવે છે. એનું નામ ધર્મ અને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. આમ વાત છે. સમજાણું કાંઈ? આજે ત્રીજો બોલ છે. પહેલો દૃષ્ટાંત છે.

'**જેમ સમુદ્રનો,...**' સમુદ્ર છે દરિયો. એનો '**વૃદ્ધિહાનિરૂપ...**' કાંઠે થાય છેને ભરતી-ઓટ? ભરતીને શું કહે છે? બાઢ. બાઢ. ઓટ. ઓટનો બીજો શબ્દ છેને. આમ પાછું હટે છે. જ્વાર. ઓટ એટલે ભાઠા એમ કહે છે. અહીં તો ભરતી-ઓટની પર્યાય, સમુદ્રની પર્યાય અપેક્ષાએ છે. એનામાં છે. પવનને લઈને નહિ. તેમ ચંદ્રમાને લઈને નહિ. પૂનમનો ચંદ્ર હોયને ત્યારે સમુદ્રમાં ભરતી બહુ આવે. એમ અહીં સિદ્ધ નથી કરવું. અહીં તો સમુદ્રનું પર્યાયનો એનો સ્વભાવ હાનિવૃદ્ધિનો એનામાં એને કારણે છે. છેને? '**સમુદ્રનો, વૃદ્ધિહાનિરૂપ...**' વૃદ્ધિ એટલે ભરતી અને હાનિ એટલે ઓટ અમારી ગુજરાતી ભાષાએ. એવી '**અવસ્થાથી અનુભવ કરતાં...**' એવી અવસ્થાથી જ્ઞાન કરતાં એ '**અનિયતપણું...**' છે. ભરતી-ઓટ અવસ્થા છે. નથી એમ નહિ. એ સમુદ્રની અવસ્થા છે. સમજાણું કાંઈ? તોપણ '(**અનિશ્ચિતપણું**) **ભૂતાર્થ છે—**' એ કહેશે. તોપણ સત્યાર્થ છે એ. એ ભરતી-ઓટનો અંશપણે અવસ્થાપણે છે એ કાંઈ ખોટું નથી. અને તે એની દશામાં છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અહીં એમ નથી લીધું કે પવનને લઈને ભરતી અને ઓટ થાય છે. એમ નથી. એ પર્યાયની અવસ્થા અનિયતપણે એનો એ સ્વભાવ છે. સમજાણું કાંઈ? અને એનામાં એની દશામાં છે એ.

'**તોપણ નિત્ય-સ્થિર...**' કાયમ સ્થિર રહેલું સમુદ્ર આમ સ્થિર... સ્થિર બિંબ અંદર. નિત્ય અને ટકતું સ્થિર '**એવા સમુદ્રસ્વભાવની સમીપ જઈને...**' સમીપ એટલે કે એના ઉપર નજર કરતાં. સમુદ્રના સ્વભાવની સમીપ જઈને જાણતાં '**અનિયતપણું અભૂતાર્થ છે——**' સમુદ્રના સ્વભાવમાં એકરૂપ નિત્ય સ્થિર છે એમાં એ ભરતી-ઓટ છે નહિ. એ અપેક્ષાએ તે જૂઠું છે. સમજાણું કાંઈ? એ અપેક્ષાએ જૂઠું છે અને એ જ અપેક્ષાએ પાછું સાચું છે એ. એમ નથી. સમજાણું કાંઈ? આ સ્યાદ્વાદ-સ્યાદ્વાદ કરીને આમાં ખીચડો કેટલાક કરે છે. જુઓ આમાં ભૂતાર્થ કહ્યો છે. પણ ભૂતાર્થ એટલે એ પર્યાયની અવસ્થાની અપેક્ષાએ એને

ભૂતાર્થ કહ્યો છે. સમજાણું કાંઈ? છે એના અંશમાં. એની દશામાં એ છે. પણ સમુદ્રનો સ્વભાવનું અનુભવ જોઈએ-જાણીએ તો તે જૂઠું છે. અનિયતપણું છે નહિ. વસ્તુ તો એકરૂપ સમુદ્ર આમ લહેર એકરૂપ પડ્યો છે. સમજાણું કાંઈ?

'**એવી રીતે આત્માનો, વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી અનુભવ કરતાં...**' કહે છે કે એની પર્યાયમાં હીનાધિકદશા થાય છે. સમજાણું કાંઈ? એની હાલતમાં હીણીદશા એનો એ સ્વભાવ છે પર્યાયનો. સમજાણું કાંઈ? '**આત્માનો, વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી...**' લ્યો! પર્યાયભેદોથી. કહો, સમજાણું? પર્યાયભેદોથી. ભેદોથી એટલે પર્યાય શબ્દ છે. પર્યાય અને અનુભવમાં .. એ પર્યાયભેદ તો વિશેષ. આપણે ઓલા પાછા સવારના ભેદની સાથે લક્ષ ગયું. સવારમાં આવ્યું હતુંને ભાઈ ઓલા પર્યાયભેદો. પાછું ભેદ અને પર્યાય બેય જુદી ચીજ છે. પર્યાય એટલે ત્યાં ભેદ જ છે એમ નથી એમ. ત્યાં તો ઓલા ભેદથી વાત કહે છેને ભાઈ! ગોમ્મટસાર. એ. ત્યાં એમ ભેદથી વર્ણવ્યું છે. ભેદની પર્યાય છે. એમ નથી. પર્યાયરૂપી ભેદોનું કથન કરું છું. એમ અહીં કીધું અહીં પર્યાય અને ભેદ આવ્યો પાછો. આપણે તો એ છે. સમજાણું? પર્યાયના ભેદથી એમ છેને? '**पर्यायेणानुभूयमानतायां**' એમ છેને સંસ્કૃત. પાંચમી લીટી છે સંસ્કૃત. પહેલેથી. પહેલી. શરૂઆત પાંચમી લીટી. નહિ એ નહિ. આ તો ગુજરાતી છે. '**पर्यायेणानुभूयमानतायामनियतत्वं भूतार्थमपि**' એમ.

શું કહે છે? આ આત્મા વસ્તુ છે એમાં એક-એક ગુણની પર્યાયમાં હીનાધિક થાય છે. જુઓ આ હીનાધિક એના પર્યાયનો સ્વભાવ સ્વતંત્ર છે એમ કહે છે. કર્મને લઈને હીનાધિક છે એમ અહીં વાત નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અહીં કર્મને.. એની પર્યાયમાં હીનાધિકનું એની પર્યાયનો પોતાનો સ્વભાવ છે. એવી શૈલી લીધી છેને. એનો જ પર્યાય અને એનું જ દ્રવ્ય. બેની જ વાત અહીં છે. પરની સાથે સંબંધની અહીં વાત નથી. પહેલા કીધું નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બંધનું, પણ એ તો નિમિત્ત સંબંધ પોતે કર્યો છે. સમજાણું કાંઈ? પર્યાયનયે રાગે કર્મનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે આમ. એ પોતે કર્યો છે. એણે કરાવ્યો છે એમ નથી. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ એવો છે. સ્વતંત્ર છે અને દ્રવ્ય સ્વભાવનો આશ્રય લેવાનો છે એમ બે વાત સિદ્ધ કરે છે. પર્યાય તેની સ્વતંત્ર છે. જ્ઞાનની, દર્શનની, અનંતગુણોની અવસ્થા હીન-અધિક થાય એ પર્યાયનો સ્વભાવ છે. એનું એ સ્વરૂપ છે. લ્યો! પર્યાયસ્વરૂપ હોં! છેને?

'**વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી...**' આત્માનો '**અનુભવ કરતાં...**' એમ છેને? આત્માને પર્યાયથી જોતાં. એમ કહે છે. તો '**અનિતયતપણું...**' એકરૂપ પર્યાય નથી એ વાત સાચી છે, એકરૂપ અવસ્થા નથી એ એનો પોતાનો ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલામાં નાખે. સમુદ્રમાં એ નાખે. પવનનું નિમિત્ત પામીને એ ઉછાળા મારે છે. ૮૩ ગાથામાં આવે

છે. .. એ તો નિમિત્તપણું પામે છે એ બતાવે છે. પામે છે પોતાથી. એમ જ છેને. પોતાથી છે. આહા..હા..! તેમ આત્માની એક-એક જ્ઞાનાદિની અવસ્થામાં અનિયતપણું એટલે એકરૂપતા નથી અને ..ઓછી-વત્તી પર્યાય થાય છે એ છે. એને જાણતા એ છે. વ્યવહારનો વિષય પર્યાયનો, વ્યવસ્થાનો, એનામાં એને લઈને છે. પરમાં પરને લઈને, પરમાં નહિ અને પરને લઈને નહિ. કહો, સમજાણું કાંઈ? હે પ્રભુ! કે સમુદ્રની અંદર જેમ એની પર્યાયમાં ભરતી-ઓટ છે એ એનો પર્યાયનો અનિયત સ્વભાવ છે. એ ભરતી-ઓટ કાંઈ પરને કારણે નથી. એ અપેક્ષાએ તો બરાબર છે, પણ સમુદ્રની સ્થિર દશા જોઈએ કાયમની એવી અવસ્થાથી જોઈએ તો તે અવસ્થાનું જૂઠાપણું છે. કારણ કે એમાં એ હાનિવૃદ્ધિ છે નહિ. એ દૃષ્ટાંત છે. એમ આત્મામાં સમ્યગ્દૃષ્ટિ એમ જોવે છે કે એની વર્તમાનદશામાં જ્ઞાન, દર્શન આદિ ગુણોની અવસ્થામાં હિનાધિકતા અસ્તિત્વ છે. એની પર્યાયમાં એવું હિનાધિકપણું છે. એ પોતાને લઈને છે. એમ સિદ્ધ કરે છે. પરને લઈને નહિ, પરમાં નહિ. એ હિનાધિકદશા, અવસ્થા એની અનિયત, એકરૂપ નહિ, ચોક્કસ નહિ એવી અવસ્થા છે.

છતાં '**નિત્ય-સ્થિર (નિશ્ચલ) એવા આત્મસ્વભાવની...**' ભગવાન આત્મા સમ્યગ્દૃષ્ટિ જીવ તો ત્રિકાળી એની પર્યાયબુદ્ધિ હોતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? નવરંગભાઈ! સમ્યગ્દૃષ્ટિ નિત્ય આત્મ દ્રવ્ય સ્વભાવને જોવે છે એમ કહે છે. પર્યાય છે ખરી, પણ પર્યાયબુદ્ધિ એની હોતી નથી. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે, તીર્થંકરદેવે આત્મસ્વભાવ નિત્ય સ્થિર, અવસ્થિત, વ્યવસ્થિત, ત્રિકાળ ધ્રુવ છે એમ જોયું, સમ્યગ્દૃષ્ટિ નિત્ય અવસ્થિતિ આત્માને અનુભવે છે, પર્યાયમાં અનિયતપણું હોવા છતાં એનો અનુભવ પર્યાયનો-અનેકત્વનો નથી. આહા..હા..! ઝીણી વાત છે, શેઠ! એવી વાત છે, બાપુ! આહા..હા..! અવસ્થા એક વસ્તુ એક, અનંતગુણ અને એની અનંતી પર્યાય અવસ્થા, એ દશાઓમાં હિનાધિકપણું હોવા છતાં, એનું અસ્તિત્વ પર્યાયનું હોવા છતાં, ધર્મીની દૃષ્ટિ એની અવસ્થા ઉપર દૃષ્ટિ હોતી નથી. અસ્તિત્વ તો છે એવું ત્રિકાળી આત્મસ્વભાવનું અસ્તિત્વ છે, બેય અસ્તિત્વ છે. સમજાય છે કાંઈ? પણ ધર્મી એ અવસ્થામાં હિનાધિક અવસ્થાની દૃષ્ટિ એની નહિ. શેઠ! આહા..હા..!

એ તો એવો આત્મસ્વભાવ નિત્યસ્થિર. કારણ કે એ એનું પૂર્ણરૂપ અને પૂર્ણસ્વરૂપ એ છે. પર્યાયમાં તો એક અંશની અસ્થિરતાના ભાવો છે એ એનું પૂર્ણરૂપ નથી અને પૂર્ણરૂપની પ્રતીત થયા વિના એને સમ્યગ્દર્શન થાય નહિ. ભારે વાત. સાચું પૂર્ણ શું છે? એની દૃષ્ટિ થયા વિના ધર્મની દશા એને પ્રગટ થાય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! કેવી શૈલીથી વાત કરી છેને. ગજબ વાત કરી છે. પર્યાય દ્રવ્ય. છતાં ધર્મીની દૃષ્ટિમાં અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય અને એકરૂપ સ્વભાવદૃષ્ટિનો એને અનુભવ હોય છે. વસંતીલાલજી! આહા..હા..! પર્યાયના

અંશોમાં ગુણની હાલતની વર્તમાન પરિણતિમાં, દરેક ગુણની અવસ્થામાં હિનાધિકપણું હો, છે, અસ્તિ છે, પણ એ અંશ અસ્તિત્વનો જાણવાલાયક છે. અને આ જે ત્રિકાળ આત્મસ્વભાવ છે એ અનુભવવાલાયક, આદરવાલાયક છે એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, શેઠ!

મુમુક્ષુ :- આદરણીય આત્માની નહિ.

ઉત્તર :- આદરણીય આવા આત્મા એમ. આત્મા તો ઓલો આત્માની પર્યાય છે. સમજાણું? એમ કીધુંને જુઓને. ત્યાં એમ કીધુંને? એવી રીતે આત્માનો. એમ શબ્દ છેને? વૃદ્ધિહાનિરૂપ પણ પર્યાય ભેદો .. એ સત્ છે. પર્યાય તરીકે આત્માની પર્યાય તરીકે સત્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ એ પર્યાયદૃષ્ટિમાં અંશ આવે છે. આખી ચીજ આવતી નથી અને આખી ચીજ દૃષ્ટિમાં આવ્યા વિના સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? જુઓ, કહે છે ભલે અનિયતપણું હો, પણ '**નિત્ય-સ્થિર (નિશ્ચલ) એવા આત્મસ્વભાવ...**' ધ્રુવસ્વભાવ, નિત્યસ્વભાવ જ્ઞાયકભાવ એની એકાગ્ર થતાં, એના સમીપ જઈને એટલે પર્યાયની દૃષ્ટિનું લક્ષ છોડી દઈને એમ કહે છે. આત્મસ્વભાવની સમીપ એટલે એની એકતા કરતાં '**અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે—**' એ પર્યાયનું અનિયતપણું એ સ્વભાવની અનુભવદૃષ્ટિમાં એ જૂઠું છે. કારણ કે અનુભવ દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયમાં એ છે નહિ. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..!

'**નિત્ય-સ્થિર એવા આત્મસ્વભાવ...**' સર્વજ્ઞ પરમેશ્વરે તીર્થંકરદેવે જે આત્મસ્વભાવ કહ્યો એ હોં! બીજે એવું વસ્તુનું સ્વરૂપ હોઈ શકે નહિ ક્યાંય. એવો ભગવાન આત્મા એનો કાયમી અસલી નિત્ય સ્થિર ધ્રુવ સ્વભાવ. એની દૃષ્ટિ કરતાં, એની એકતા કરતાં એટલે કે જે પર્યાયબુદ્ધિમાં, દ્રવ્યબુદ્ધિમાં દૂર હતો. સમજાણું કાંઈ? અંશબુદ્ધિમાં એ દ્રવ્યબુદ્ધિથી દૂર હતો એ અંશબુદ્ધિ છોડીને દ્રવ્યબુદ્ધિમાં સમીપ ગયો એ અનિયતતા જૂઠી છે. આહા..હા..! એ દૃષ્ટિના વિષયમાં અનિયતતા આવતી નથી. ભારે વાતું ભાઈ! આહા..હા..! શેઠ! આવી વસ્તુ છે. ધર્મ એવી ચીજ છે કે ધર્મની દૃષ્ટિમાં આત્મસ્વભાવ એકરૂપ સ્થિર છે એવું આવે છે. ત્યારે એને ધર્મ થાય એમ કહે છે. એની દૃષ્ટિમાં એનો જ અંશ. બીજા તો એકકોર રહ્યા. સમજાણું કાંઈ? આત્મા સિવાય બીજી ચીજોને જોવી અને માનવી એ તો પરમાં ગયું. આ તો એના અંશને જોવી અને માનવી એટલાને. એ પણ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

વસ્તુ ત્રિકાળ જોતાં. આહા..હા..! અસ્તિસ્વભાવ. .. નહિ આવ્યું. ઓલામાં નથી આવતું? સીમંધર ભગવાનની સ્તુતિમાં આવે છે. સીમંધર ભગવાનની સ્તુતિ આવે છેને આપણે આમાં ક્યાંક નહિ? સ્તવનમંજરી કે એમાં ક્યાંક આવે છે. સીમંધર સ્તુતિ. અસ્તિસ્વભાવ જે આપણો રે એવું આવે છે કાંઈક. આવો શબ્દ છે ત્યાં. સમજાણું કાંઈ? જેવો ભગવાન તમારો અસ્તિસ્વભાવ છે એવો જ મારો અસ્તિસ્વભાવ છે. એ સ્તવનમાં આવે છે ક્યાંક. એ તો ત્યાં સંપ્રદાયમાં

પણ બોલતા. સીમંધરસ્વામી. સમજાણું કાંઈ? હે ભગવાન! આપનો જે અસ્તિ ત્રિકાળી સ્વભાવ છે એવો જ મારો સ્વભાવ છે. એવો જે આત્મ અસ્તિ, આત્મસ્થિત, નિત્ય, સ્થિત, વ્યવસ્થિત, ધ્રુવ. એમ રહેનારું કાયમ. વિશેષે અવસ્થિત નિશ્ચયથી એમ નિયતરૂપ રહેનારું નિત્ય. એવો જે આત્મસ્વભાવ એની એકતા એટલે એમાં સમીપ જઈને એનો અનુભવ કરતાં, અનુભવ કરતાં હોં. આમ દૃષ્ટિમાં એકલો લે કે આ દ્રવ્ય આવું છે તો એમ નહિ. તો તો દૃષ્ટિ અને એનો વિષય જુદા રહી ગયા. સમજાણું કાંઈ? આહા..હા..! દૃષ્ટિએ આત્માના સ્વભાવની એકતા કરી. નવરંગભાઈ! ભારે વાતું!

એ રીતે '**અનુભવ કરતાં અનિતયતપણું...**' પર્યાયનું વૃદ્ધિહાનિરૂપ અચોક્કસપણું એ ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ એ જૂઠું છે. સમજાણું કાંઈ? એની અપેક્ષાએ જૂઠું છે. એની અપેક્ષાએ છે. આહા..હા..! ભારે વાત ભાઈ! વીતરાગનો માર્ગ બેય અંશને કબુલાવે અને એક અંશની દૃષ્ટિ છોડાવીને આખા અંશની દૃષ્ટિ. નય છેને આ તો. પણ નય છે એ નિશ્ચયનય છે એ નય છે તો એક અંશને વિષય કરે છે. નય કાંઈ આખી ચીજને વિષય કરતો નથી. વ્યવહારનય કહો કે નિશ્ચય બેય અંશનો વિષય કરે, પણ વ્યવહારનય વર્તમાન અંશ છે એનો વિષય કરે અને નિશ્ચય સમ્યગ્દર્શન એનો પૂર્ણનો વિષય કરે છે. આહા..હા..! આત્મસ્વભાવ નિત્ય તેમાં ઢળતાં, વળતાં તેનો અનુભવ કરતાં એ વિષય આત્મસ્વભાવ એ જ સત્ય છે અને પર્યાયભાવ જે છે એ અસત્ય છે. સમજાણું કાંઈ? એથી આમાં લીધું હતુંને? સમુદ્રનું એમ હતુંને ભાઈ એમાં? સમુદ્રની વૃદ્ધિહાનિરૂપ અવસ્થાથી. કેમ છે જુઓ. એમ આત્માનો વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી. આહા..હા..! એની અવસ્થા બતાવવી છેને. સમજાણું કાંઈ? ઘણી ગૂઢ વાત છે હોં! અને ઘણી સત્ય વાત છે. વાણી સત્ય છે. આહા..હા..!

અરે! અનંતકાળમાં તે તારું નિત્ય ધ્રુવસ્વરૂપ દૃષ્ટિમાં લીધું નથી. બહાર દૃષ્ટિને અંશબુદ્ધિમાં રાખી અને રખડ્યો. છે ખરું. પણ એ ત્રિકાળની માટે અંશબુદ્ધિને મિથ્યાત્વબુદ્ધિ કહેવામાં આવે છે. આહા..હા..! એ અવસ્થાનો અંશ છે. છતાં એની દૃષ્ટિમાં એકાંત કરવું એ મિથ્યાત્વભાવ છે, પણ તે અવસ્થા દૃષ્ટિને છોડી ત્રિકાળ આત્મસ્વભાવની એકતા કરતાં પર્યાય એમાં નથી, પણ પર્યાય બાકી રહી છે એ જ્ઞાનનો વિષય, વ્યવહારનો વિષય છે. એય..! એ શું કીધું વળી? આહા..હા..! એ તો એક અંશમાં એકત્વ થતાં મિથ્યાત્વ છે, પણ એક અંશનું લક્ષ મગજમાં છે. પણ દૃષ્ટિ અને એકતા દ્રવ્યસ્વભાવમાં જતાં એ અંશપણું એમાં નથી માટે જૂઠું છે, પણ બાકી રહી છે અવસ્થા એને પરજ્ઞેય તરીકે એને જાણે છે. પર એટલે આ સ્વ આ નહિ એમ. પર એટલે પર આ નહિ એ અપેક્ષાએ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! તારું તત્ત્વ જ સૂક્ષ્મ અતીન્દ્રિય છે. આહા..હા..! અને આવી દૃષ્ટિ થયા વિના એના જન્મ-મરણ કોઈ દિ' મટે એવા નથી. લાખ બધું કરે, વ્રત પાળે,

ઈન્દ્રિય દમન કરે, પૂજા કરે, દાન કરે, ભક્તિ કરે. એ બધા ભવના કારણ છે. ભવના અભાવનું કારણ એનો અંશ દૃષ્ટિ પણ ભવના અભાવનું કારણ નથી એમ કહે છે. અસ્તિપણે છે છતાં. સમજાણું કાંઈ? આહા..હા..!

એના આત્મસ્વભાવનું સ્વપણું એમ કહે છેને. એવી રીતે આત્માનો વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી અનુભવ કરતાં અનિયતપણું છે. પણ છેનો અર્થ એવો નથી કે એ આશ્રય કરવાલાયક છે. આહા..હા..! એ લોકો કહે છેને જુઓ, આમાં વ્યવહારને પણ સત્ કીધું છે. સત્ કીધું છે એટલે આશ્રય કરવાલાયક છે? એ તો અભૂતાર્થ છે. આહા..હા..! કહો, પંડિતજી! છે એમાં જુઓ. આમાં છે. આહા..હા..! ભગવાન આત્મા એનો ત્રિકાળી સ્વભાવ એકરૂપ સ્વભાવ. ધ્રુવસ્વભાવ જ્ઞાયકભાવ, એની અંતર દૃષ્ટિ કરતાં, એને અનુભવતાં એ અનિયત પર્યાયના અંશો એમાં આવતા નથી. ભિન્ન રહી જાય છે. માટે આની અપેક્ષાએ તે જૂઠાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ સ્વદ્રવ્યની અપેક્ષાએ પરવસ્તુ તે અવસ્તુ છે. એની અપેક્ષાએ વસ્તુ છે, પણ સ્વની અપેક્ષાએ અવસ્તુ છે. એમ ત્રિકાળ દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ એનો પર્યાય પણ અવસ્તુ છે. આની અપેક્ષાએ હોં! આહા..હા..! એની અપેક્ષાએ છે. સમજાણું કાંઈ? માર્ગ વીતરાગનો બહુ અલૌકિક છે. સમજાણું કાંઈ? એની અવસ્થાનું સિદ્ધ કરવું અને અવસ્થા દૃષ્ટિનું ઉથાપવું પાછું. સમજાણું કાંઈ?

એનામાં એની બે વાત છે. પર તો એનામાં છે નહિ. કર્મ, શરીર આદિ કોઈ પરથી તો છે નહિ. એની અવસ્થા એનાથી છે એ જણાવી. જણાવા છતાં એની અવસ્થાના અંશમાં રોકાણો છે અનાદિથી. પ્રગટ જે છે એમાં રોકાણો છે અને વસ્તુ છે આમ અવ્યક્ત પર્યાયની અપેક્ષાએ, વસ્તુ તરીકે તો દ્રવ્ય સ્વભાવ પ્રગટ છે. છે આ વસ્તુ. સમજાણું કાંઈ? એવું પ્રગટ અનિયત અંશ એમાં જ જેની બુદ્ધિ છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એ તો સંસારમાં ચોર્યાસીના અવતાર કરવાની તાકાત રાખનાર મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પણ એ અવસ્થાના અંશમાં અસ્તિપણું હોવા છતાં તેમાં તેને આશ્રયે સમ્યગ્દર્શન થાય નહિ. કેમકે એ પૂર્ણ સત્ય નથી. પૂર્ણ સત્ય તો ભગવાન આત્મા સ્વભાવ કાયમી. આહા..હા..! હવે અહીં તો એ લોકો કહે. આમ દયા પાળવી, ભક્તિ કરવી, વ્રત પાળવા. એનાથી તમારે કલ્યાણ થાય. અરેરે! એ તો ક્યાંય ગઈ વાત. શેઠ! લોકોને પણ લાગે સારું એ. આ તો હજી શું કહે છે આ?

મુમુક્ષુ :- મીઠી છુરી છેને પરંપરા.

ઉત્તર :- મીઠી છુરી. એમ કે પરંપરા મુક્તિ થાય એમ મીઠી છુરી મારે છે એમ કહે છે. એ સાચી વાત છે. એ પરંપરામાં જાય છે વાત સાચી. એમ કે પરંપરા. ઝેર ખાતા પરંપરા અમૃત આવશે? આહા..હા..! આમાં લસણનો દાખલો નથી આપ્યો? લસણ ખાતા

ખાતા લસણના ઓડકારમાં કસ્તુરીનો ઓડકાર આવશે? આહા..હા..!

અહીં તો પ્રભુ બીજી વાત કરે છે. એ તો ક્યાંય રહી ગયું. સમજાણું કાંઈ? પણ તારા ગુણનો જે વર્તમાન પ્રગટ અંશ એમાં હિનાધિકતા એ પણ દૃષ્ટિનો વિષય નથી એવું અસ્તિત્વ હોવા છતાં એ દૃષ્ટિનો, ધર્મીનો એ વિષય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મીનો વિષય એકરૂપ ત્રિકાળી સ્વભાવ એની દૃષ્ટિ કરતાં એનામાં અનુભવમાં અને અનુભવના વિષયમાં એ અનિયતપણું જૂઠું છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે! ઘણું સ્પષ્ટ. સત્યને જાહેર કરવાની રીત કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્યની. ઓહો..હો..! કહે છે એ ત્રીજો બોલ થયો.

હવે ચોથો. સુવર્ણનું દૃષ્ટાંત છે ચોથું. '**જેમ સુવર્ણનો,...**' સોનું '**ચીકણાપણું, પીળાપણું, ભારેપણું આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે—**' એ સોનાનું ચીકણાપણું, પીળાપણું, ભારેપણું એવો સ્વભાવ છે. એ કાંઈ લોઢામાં છે અને લોઢાનો છે એમ નથી. સમજાણું કાંઈ? સોનું. તેનો ચીકણાપણું. સોનું ચીકણું હોય છેને વધારે? પીત્તળ કરતાં એના કરતા ચીકાશ હોય. બહુ જામેલા પરમાણુ હોયને આમ બહુ એકદમ એટલે ચિકાશ હોય. એનાથી પછી પીળાશ. પીત્તળની ચિકાશ ઓછી હોય અને એના કરતા ઓલા બંગડી હોય છેને બંગડી? એમાં વળ હોયને પીળા અને ઓલા? કાચની બંગડી એ તૂટી જાય તો એના ઝીણી ઝીણા કટકા પણ પીળા હોય છે. પણ એ પીળામાં ચિકાશ ન હોય.

મુમુક્ષુ :- બટકણી હોય.

ઉત્તર :- બટકણી હોય અને ચિકાશ લુખ્ખી હોય. એ પીળું આમ પીળું... ઘમરખ જેવું એવી ચિકાશ ન હોય એમાં. સમજાણું કાંઈ? આ બંગડી નહિ બંગડી થાય છેને. કાચની. એમાં વળ હોય છેને. લીલા, પીળા વળ. એ તૂટી જાય ત્યારે ઓલો પીળો કટકો દેખાય, પણ એ કટકો ઘણો સાધારણ દેખાય. ચિકાશ એટલી ન હોય. એ ચિકાશ, પીળાશ એ સુવર્ણનો પર્યાય સ્વભાવ છે એમ સિદ્ધ કરવું છે. એનામાં છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સુવર્ણ શબ્દ વાપર્યો છેને ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- બેયમાં કાંચન શબ્દ છે.

ઉત્તર :- હા છેને એ કાંચન. અહીં તો સુવર્ણનો. અહીં તો બીજું કહેવું છે કે સુવર્ણનું ચીકણાપણું. એમ કહેવું છે. એટલી વાત છે. સમજાણું કાંઈ? સોનાનું વર્તમાન ગુણભેદરૂપ એનામાં ગુણભેદ છે. એવી દૃષ્ટિએ કોઈ ચીકણું છે, પીળું છે, ભારે છે. જુઓ તોલ વધારે તોલ હોય છે. એ કાચની કટકીની પીળાશવાળી કટકી કરતાં પીત્તળની કટકીનો તોલ ઓછો હોય. આ કાચ કરતા વધારે હોય અને એના કરતા આનો ભાવ વધારે. ઝીણી કટકી પણ તોલ વધારે હોય. એ સોનાની ગુણભેદની શક્તિ એની પોતાની છે, એમાં છે. પરને લઈને નહિ અને પરમાં નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

**'સુવર્ણનો, ચીકણાપણું, પીળાપણું, ભારેપણું આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં...'** જુઓ, પર્યાયનું છેને. .. હોવાથી .. એટલે પર્યાય ભેદદૃષ્ટિએ **'આદિ ગુણરૂપ...'** એટલે પર્યાયના ભેદથી જોતાં એ વિશેષપણું સોનાનું સોનાની પર્યાયમાં ગુણભેદ છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે એટલી વાત છે. પણ એનો અર્થ એવો નથી કે એ ગુણભેદ અને પર્યાયભેદ છે માટે એનું સુવર્ણપણું પૂરું એમાં આવી ગયું એમ નથી. એ તો એનો અંશ છે. સમજાણું કાંઈ? આહા..હા..! લોજિકથી, ન્યાયથી તો વાત કરે છે હોં. પણ હવે એને. **'સુવર્ણનો, ચીકણાપણું, પીળાપણું, ભારેપણું આદિ...'** પર્યાય ભેદોથી જોતાં. અહીં ગુણ લેવા છેને ઓલા જ્ઞાન, દર્શન અને ચારિત્રના ગુણ લેવા છેને? એટલે આને આમ ગુણ લીધો એમ. એનો ભેદ બતાવવો છેને એટલે આનો શબ્દ વાપર્યો છે.

**'આદિ ગુણરૂપ અનુભવ કરતાં...'** એ વિશેષપણું સોનાનું પર્યાયમાં વિશેષપણું, વિશેષપણું સાચું છે. અહીં તો સામાન્યપણું પછી લેવું છેને એટલે વિશેષપણું, ચીકણાપણું, ભારેપણું એ છે. પીળાપણું એ વિશેષપણું છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...'** જુઓ, આહા..હા..! સોનાપણાનો એકરૂપ સ્વભાવ જોતાં એમાં આ બધા વિશેષો તેમાં અસ્ત થઈ ગયા છે, વિલય થઈ ગયા છે એમ છેને? અસ્તમ છે. **'प्रत्यस्तमितसमस्तविशेषं' 'अस्तं'** છેને? આથમી ગયા છે. આ સોનું સોના તરીકે જુઓ, વસ્તુ તરીકે સોનું જુઓ તો એ ગુણભેદો ત્યાં અસ્ત થઈ ગયા છે એટલે ત્યાં દૃષ્ટિમાં આવતા નથી. આહા..હા..! આચાર્યોએ અમૃતચંદ્રાચાર્યે પણ ટીકા કરીને કેટલું સ્પષ્ટ કર્યું છે! પાઠ તો ફક્ત એટલો જ છે કે અવિશેષ છે. આત્મા અવિશેષ છે. એટલે શું સમજવું? કે વિશેષપણું જે સોનામાં ચીકાશ આદિ છે એ સામાન્ય સોનાને જોતાં એમાં એ વિશેષપણું નથી. આહા..હા..! જુઓ આ અસ્તિ-નાસ્તિની સ્યાદ્વાદતા. એકલી સ્યાદ્વાદતા હોં. પાછી એમ કે વ્યવહાર છે માટે વ્યવહારથી લાભ થાય. એ અહીં વાત નથી. એ આત્મામાં આવશે. આ તો એક દાખલો છેને.

**'તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા સુવર્ણસ્વભાવ...'** ઓલો સુવર્ણનો પર્યાયસ્વભાવ એમ લીધું હતું. આ **'સુવર્ણસ્વભાવની સમીપ જઈને...'** એમ લીધું છે. સમજાણું કાંઈ? એક એક શબ્દ આચાર્યોના કિંમતવાળા છે. **'સુવર્ણસ્વભાવની સમીપ જઈને...'** સુવર્ણ... સુવર્ણ... સુવર્ણ સ્વભાવ જોતાં-જ્ઞાન કરતાં વિશેષપણું જૂઠું છે. ચીકાશ ને પીળાશ અને ભેદ એ અભેદમાં છે નહિ. સોનાની એકરૂપતા જોતાં એની અનેકતા એકરૂપતામાં નથી. કહો, સમજાણું કાંઈ? **'એવી રીતે આત્માનો, જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં...'** ભેદ છેને બધા ભેદો? આહા..હા..! **'ज्ञानदर्शनादिपर्यायेणानुभूयमानतायां'** એમ. ભેદથી. ભગવાન આત્મા જ્ઞાન છે, આ દર્શન

છે, આ આનંદ છે એ બધા ગુણભેદોથી ભેદ છે. એનામાં છે એ. જ્ઞાન, દર્શન અને આનંદ એ કાંઈ જડમાં છે (એમ નથી). સમજાણું કાંઈ? આહા..હા..! એમાં આવ્યું હતુંને સાતમી ગાથામાં નહિ? વ્યવહાર.. વ્યવહારથી આત્માને જ્ઞાન-દર્શન-ચારિત્ર છે. નિશ્ચયથી જ્ઞાનીને જ્ઞાન-દર્શન-ચારિત્ર નથી. ત્યાં ઓલા ભડક્યા. હાય.. હાય.. જ્ઞાનીને જ્ઞાનદર્શન નથી. ત્યારે જડને હોય. ભાઈ! એમાં શું કહેવું છે? જ્ઞાનીને અભેદમાં ભેદ નથી. એમ કહે છે. એકલો આત્મા જ્યાં દૃષ્ટિમાં લે છે એમાં એ ત્રણ ભેદો કે અનેકભેદો એમાં નથી. એમાં નથી એ અપેક્ષાએ એને જૂઠાં કહ્યાં. એમાં પર્યાયભેદે છે એ અપેક્ષાએ એને સાચા કહ્યાં. એનામાં છે ભેદથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'આત્માનો, જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ ભેદોથી...'** જાણતાં. જાણતાં. વિશેષપણું છે. વિશેષપણું એની અવસ્થાનું, ગુણભેદપણું એવો એનો ભાવ છે. એ એનામાં છે. **'તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...'** આહા..હા..! એકલો ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવ, શુદ્ધસ્વભાવ, અભેદસ્વભાવ, ધર્મી જીવ અભેદ સ્વભાવને જોતાં એમાં ભેદો એમાં છે નહિ. સમજાણું કાંઈ? મારો આવો ભારે ધર્મ ભાઈ! એવા **'સર્વ વિશેષો વિલય થઈ ગયા છે...'** નાશ થઈ ગયા છે એમ. અસ્ત થઈ ગયા છે. એમાં પણ આવ્યું છેને. આહા..હા..! **'प्रत्यस्तमितसमस्तविशेष'** **'प्रत्यस्त'** નાશ થઈ ગયા છે. એટલે કે આ અસ્તિ છે એમાં એ નથી. ત્રિકાળ દૃષ્ટિના સ્વભાવનો જ્યાં વિષય જોવે-અનુભવ કરતાં ત્રિકાળ આત્મસ્વભાવ, ધ્રુવસ્વભાવ, નિત્યસ્વભાવ, એકરૂપસ્વભાવ, અભેદસ્વભાવ એની દૃષ્ટિ સમ્યગ્દર્શનનો વિષય એ છે. સમ્યગ્દર્શનનો વિષય એ પર્યાયભેદ નથી. આહા..હા..! કેમકે સાચું દર્શન, સાચી પ્રતીતિનો વિષય સાચો પૂર્ણ પદાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો.

કહે છે **'આત્માનો, જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ...'** ભેદથી જુઓ તો ભેદો ભેદરૂપે છે. એ વ્યવહારનયનો વિષય અસ્તિ છે. એનામાં છે, એની પર્યાયને લઈને, ભેદને લઈને છે, પરને લઈને છે એમ છે નહિ. આહા..હા..! પણ એ ભેદદૃષ્ટિ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! પરની દૃષ્ટિ તો એકકોર રહી, પણ એના ગુણભેદની દૃષ્ટિ પણ એકલી એકાંત મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આ ભારે. સમ્યગ્દર્શન શું ચીજ છે? સમજાણું કાંઈ? એમ અમે દેવ-ગુરુ-શાસ્ત્રને માન્યા, અમે નવ તત્ત્વ માનીએ એ સમ્યગ્દર્શન. બાપુ! ઝીણી વાતું ભાઈ! સમ્યગ્દર્શનનો વિષય, ગુણભેદ નહિ, પર્યાયભેદ નહિ અને રાગ નહિ અને નિમિત્ત નહિ. આહા..હા..! ધર્મની પહેલી દશા જેમાં જન્મ-મરણના અંત આવ્યા. આહા..હા..! એવું જે સમ્યગ્દર્શન. જેના વિષયમાં ભવ નથી, ભવનો ભાવ નથી, પણ જેના વિષયમાં ગુણભેદ નથી એમ કહેવું છે. આહા..હા..! નવરંગભાઈ! ઠીક પણ આવ્યા હો મણિભાઈ! કોક દિ'

કહેતા હતા. .. કહેતા ઘણીવાર હોં! ઘણીવાર કહેતા કે આવવું છે. ઠીક છે પણ આવ્યા તો ખરા. અહીં તો કોઈ દિ' આવ્યા નહિ હોય નહિ? આહા..હા..! મોટરમાં આવ્યા? સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન! તું કેવડો મોટો કે જે મોટાની દૃષ્ટિ થતાં એને મોટું સમ્યગ્દર્શન થાય. એને ગુણભેદનો અંશ દેખીને તું માન કે આ આત્મા છે એ એવડો આત્મા માનવો એ દૃષ્ટિ મિથ્યાત્વ છે કહે છે. આહા..હા..! રાગવાળો માનવો એ પણ મિથ્યાત્વ છે, નિમિત્તનો સંબંધ એને છે એમ માનવો પણ મિથ્યાત્વ છે. આહા..હા..! પણ અહીંયાં તો ભગવાન આત્મા તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વરે જે જોયો અને કહ્યો. ભગવાન! તારું સ્વરૂપ તો એ ગુણભેદ વિનાનું અભેદ છે. એકલો ભગવાન અભેદ છે એની અનુભવ દૃષ્ટિ કરતાં સમ્યગ્દૃષ્ટિને તે વિષયમાં લેતા એને આ ભેદ તેમાં હોતા નથી, માટે તે ભેદ એ અપેક્ષાએ જૂઠાં છે. પછી ભેદ રહ્યો એનું એ જ્ઞાન કરનાર છે. અનાદિથી ભેદની દૃષ્ટિ હતી એ મિથ્યા હતી. સમજાણું કાંઈ? હવે અહીંયાં અભેદ સ્વભાવ ત્રિકાળી ભગવાન, નિત્ય ધ્રુવ. એવું જ્ઞાયકભાવ એનો અનુભવ, એની સમીપ જતાં પર્યાય દૃષ્ટિને સમીપ હતો એ ખસી ગયો અને આવો ત્રિકાળી સ્વભાવની એકતા કરતાં, સમીપ જતાં, અનુભવ કરતાં દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષયને અભેદ માનતા. આહા..હા..! એ વિશેષપણું જૂઠું છે. '**વિશેષપણું અભૂતાર્થ છે—અસત્યાર્થ છે,...**' દરેક ઠેકાણે અભૂતાર્થનો અર્થ અસત્યાર્થ કર્યો છે. પાઠમાં ભૂતાર્થ છે. એ પણ સાચો અર્થ કર્યો, પણ એ વાંધા. કહે નહિ (અ)ભૂતાર્થ જોઈએ, અસત્યાર્થ નથી. અરે! ભગવાન! એ તો એનું એ છે, બાપા! તને ખબર નથી. ભૂત છતો અર્થ કહો, અભૂત છતો પૂર્ણ અર્થ નહિ એને અભૂતાર્થ કહે છે. અરેરે! વાંધા હજી તો. આહા..હા..! પ્રભુ! તારા શરણમાં જતાં તને વાંધા ઘણાં. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ વાંધા કાઢ્યા વિના અંતર જઈ શકશે નહિ. આહા..હા..! અંતરમાં ઉતારા કર્યામાં તારે બહારના ભેદો ભૂલવા પડશે. આહા..હા..! ભગવાન એમ ફરમાવે છે કે મને તો તું ભૂલી જા. આહા..હા..! એય..! તને તારા ભેદને ભૂલી જા. ગજબ વાત છે કે નહિ? શેઠ! આવી વાતું છે.

ત્રણલોકના નાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા ગણધરો અને ઈન્દ્રલોકના સ્વામી તેના મધ્યમાં દિવ્યધ્વનિમાં એમ કહેતા હતા ભાઈ! તું મને ભૂલી જા હોં. કારણ કે હું તો પરદ્રવ્ય છું. આહા..હા..! સમજાણું કાંઈ? મને તો ભૂલી જા, પણ મારા પ્રત્યેનો પ્રેમ છે, રાગ છે એને ભૂલી જા. એને તો ભૂલી જા, પણ તારામાં ગુણભેદ છે અને અવસ્થા છે એને ભૂલી જા. આહા..હા..! હીરાલાલજી! સમજાણું કાંઈ? એ તું ભગવાન તારે થાવું હોય તો પૂર્ણ ભગવાનને ભરોસે તારે જાવું પડશે. એ ગુણભેદનો ભરોસો તને નહિ કામ કરે. આહા..હા..! છે ખરું હોં! એનામાં છે એ. જરી પીળાશ, ચીકાશ, વજન. વજન એટલે ભાગ એ સોનાની દશામાં

છે. એ કાંઈ પરમાં છે એમ નહિ. એમ આ બધા ગુણભેદો એની સ્થિતિમાં છે. નથી એમ નહિ. પણ એ ભેદની દૃષ્ટિમાં આખું તત્ત્વ અભેદ ભગવાન દૃષ્ટિમાં આવતો નથી, માટે તેને વસ્તુની પૂર્ણતા ભગવાન આત્માની દૃષ્ટિમાં જા, તને અનુભવ પૂર્ણ વસ્તુ શું છે એનો તને સ્વાદ આવશે. આહા..હા..! ભેદ દૃષ્ટિમાં તને આકુળતાનો સ્વાદ થશે. એમ કહે છે. ભગવાન કહે તું મને માનવામાં પણ તને આકુળતાનો સ્વાદ રહેશે. નવનીતભાઈ! આવું છે.

મુમુક્ષુ :- રાગ કહો કે આકુળતા કહો.

ઉત્તર :- રાગ કહો કે આકુળતા કહો. આહા..હા..! પ્રભુ! તને તારો સ્વાદ નહિ આવે. તારો સ્વાદ તો તારી ગુણભેદની દૃષ્ટિ ભૂલી. આહા..હા..! એકરૂપ અંદર દૃષ્ટિ કર તો તને તારો સ્વાદ આવશે. સમજાણું કાંઈ? એને અહીં ધર્મ કહેવામાં આવે છે. આવી વાત છે, બાપા! દુનિયા કાંઈ કંઈક માનીને બેઠી. અરે! જિંદગીયું અનંત ગઈ ભાઈ! સમજાણું કાંઈ? અનંત અવતાર એળે ગયા. હવે એને દુભાવું ન હોય તો આ ચીજ છે. આહા..હા..! કહો, ભીખાભાઈ! કેમકે દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે કે મને ભૂલી જા. અહીં ભેદને ભૂલવાની વાત કરે ત્યાં તો ઓલી તો ક્યાંય રહી ગઈ. તારામાં છે ભેદ. એને ભૂલી જા. કારણ કે એ ભેદ સામું જોતાં તને આકુળતા થશે. આહા..હા..! ગજબ વાત છે. વસ્તુને એનામાં હોવા છતાં એ તો અંશ પણ એની દૃષ્ટિમાં .. વસ્તુ આખી દૃષ્ટિમાં નહિ આવે. અને આખી ચીજની દૃષ્ટિ કર્યા વિના એનું સાચું તત્ત્વ પ્રતીતમાં ન આવે તો તેનો સ્વાદ પણ નહિ આવે તને. સમજાણું કાંઈ? એ પૂર્ણ સ્વભાવ ભગવાન આત્માનો ભરોસો, પ્રતીત કરતાં તને અનંતગુણના અંશોનો સ્વાદ આવશે. આહા..હા..! તારા પ્રગટ અંશનો સ્વાદ આવશે તને. આહા..હા..! એય..! આહા..હા..!

અરે! એકવાર સાંભળે તો ખરા. પણ અરે પ્રભુ! સાંભળવાનું મને મુશ્કેલ પડે છે. એ એકાંત નિશ્ચય કહે છે, નિશ્ચય કહે છે એમ કરીને. અરે! ભગવાન! બાપુ! બેય વાત સિદ્ધ કરીએ છીએ. અહીંયાં નથી. પર્યાય તો છે એની છે એનામાં છે એમ તો સિદ્ધ કરતા જાય છે. પરને લઈને અને પરમાં છે એ વાત અહીંયાં ક્યાં છે? કહો, સમજાણું આમાં? આહા..હા..! ધન્ય અવતાર કરવો હોય તો આ છે કહે છે. સમજાણું કાંઈ?

**'જેમાં સર્વ વિશેષો...'** ભેદો જ નથી. એવું એકરૂપ ચૈતન્યનો સ્વભાવ જોતાં આત્મસ્વભાવ વસ્તુ ત્રિકાળ આત્મા ન લીધો, આત્મસ્વભાવ લીધો. ઓલો એક ભાગ આ અને એક ભાગ સ્વભાવ એમ. એમ બે. એમ. સમજાણું કાંઈ? આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય ટીકા કરતા હશે અને કુંદકુંદાચાર્ય ગાથા જ્યારે નીકળતી હશે એ અલૌકિક વાત હશેને. ઓહો..હો..! પરમેશ્વરને પારખો કહે છે. એ તારા પરમેશ્વરને પારખ એમ કહે છે. એ અંદર છે. એ અંશપણે એની પરીક્ષા નહિ થાય. એનો આખો જ્યારે દૃષ્ટિમાં લઈશ ત્યારે એની પરીક્ષા સાચી થશે

તને. એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! આવી તે વાણી. સંતો, દિગંબર મુનિઓએ જગત પાસે પ્રસિદ્ધ કરી એ વાત બીજે ક્યાંય છે નહિ. આહા..હા..! આ વાત એમણે કહી હતી એવી કહીએ છીએ અહીં. સમજાય છે કાંઈ? આહા..હા..! સાંભળી છે એ બધી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કાંઈક કથનની પદ્ધતિ અલૌકિક. અનુભવ તો ઠીક. પણ એને બાહ્ય શબ્દોમાં કહીને તેની રીતને સિદ્ધ કરવાની તાકાત અલૌકિક છે.

કહે છે એનો ક્ષયોપશમ જ્ઞાન પણ હદ વિનાનો છે. બધી ચીજો સિદ્ધ કરે છે, ગુણભેદો છે અનંત ગુણભેદ છે એમ સિદ્ધ કરે છે, પર્યાય છે એમ સિદ્ધ કરે છે. કરીને ઉડાવે છે. કારણ કે એની ગુણભેદ અને પર્યાયદૃષ્ટિનું અસ્તિત્વ છે, પણ એ દૃષ્ટિએ તને સમ્યગ્દર્શન નહિ થાય. આહા..હા..! અનુભવ નહિ થાય. એથી આત્મસ્વભાવની સન્મુખ જતાં વિશેષપણું તે જૂઠું છે. વિશેષની અપેક્ષાએ વિશેષ છે. સામાન્ય અનુભવ કરતાં એ વિશેષ જૂઠું છે એમ કહે છે. આહા..હા..! આનું નામ સ્યાદ્વાદ અસ્તિ અને નાસ્તિ કહેવામાં આવે છે. એવો અનુભવ સમ્યગ્દૃષ્ટિને હોય છે. એકરૂપ આત્મા સ્વભાવનો અનુભવ એકરૂપને જોવે છે. પર્યાયને, ગુણભેદને ગૌણ કરીને એમાં નથી એમ એ સિદ્ધ કરે છે. ચાર બોલ થયા.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૧૩, શુક્રવાર, તા. ૧૪-૦૧-૧૯૭૨
## ગાથા-૧૪, પ્રવચન-૭૦

૧૪મી ગાથા ચાલે છે. ચાર બોલ થઈ ગયા. પાંચમો. ચાર થયાને? એનું આવશે ભાવાર્થમાં નહિ? કે જેને ધર્મ કરવો હોય એણે આત્માને કેવો અનુભવવો. એ વાત ચાલે છે. આ સમ્યગ્દર્શનની ગાથા છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન. એનો વિષય આત્મા કેવો? એને અનુભવવો, એને સમ્યગ્દર્શન કહે છે. તો કહે છે કે એ આત્મા કર્મના સંબંધે દેખાય છે એટલે ખરેખર તો આમ રાગના સંબંધે છે. રાગનું કર્મ નિમિત્ત છેને એટલે પરદ્રવ્યનો સંબંધ કીધો છે. મૂળ તો રાગમાં બંધ છે એને. ભાવબંધપણું તો એને રાગમાં છે. એ ભાવબંધપણું એમાં કર્મનું પરદ્રવ્યથી ભિન્ન કીધો છેને પહેલા. એનો અર્થ કે પરદ્રવ્યના નિમિત્તે થતી જે અવસ્થા. એ અવસ્થા તરીકે વ્યવહારથી છે, પણ એનો અનુભવ એ કાંઈ આત્માનો અનુભવ નથી. એ

તો રાગનો અનુભવ છે. એવા રાગના અટકવારૂપ બંધ. પછી એને પરદ્રવ્યના સંબંધથી ભિન્ન કહે છે. એના અંતરમાં એકલો અબદ્ધસ્વભાવ છે. એની દૃષ્ટિ કરતાં એને અનુભવમાં પ્રતીતિ થાય, એને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ?

એમ એની પર્યાયમાં નરકગતિ, મનુષ્યગતિ, દેવગતિ, અનેરી-અનેરી ભિન્ન-ભિન્ન ગતિઓ છે. અવસ્થા દૃષ્ટિએ છે. એ કાંઈ આત્માનું પૂર્ણ સ્વરૂપ નથી. અને પૂર્ણ સ્વરૂપને જાણ્યા વિના એની પૂર્ણમાં એકતા થયા વિના સમ્યગ્દર્શન થાય નહિ. એથી ગતિની અન્ય-અન્યતા છે તેને વ્યવહારથી ભૂતાર્થ છે, છે. એનામાં છે, એની પર્યાયમાં. વસ્તુ જોતાં તે અનેરી-અનેરી ગતિપણે નથી એ તો અનન્યરૂપ એકાકાર છે. એવા આત્માને એકરૂપ, અનેકાકાર સિવાય એક આકાર, એક સ્વભાવરૂપ અનુભવવો એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? ત્રીજો બોલ એ આવ્યો. એની પર્યાયમાં હિનાધિક અવસ્થા એના પોતાનો સ્વભાવ છે પર્યાયનો. એ છે. દરિયાનો દાખલો આપ્યોને. પણ એ કાંઈ એ દૃષ્ટિ અને એને પોતાનો માનવાથી એ તો અંશબુદ્ધિ થઈ, પર્યાયબુદ્ધિ થઈ એ તો મિથ્યાબુદ્ધિ થઈ. એમાં તો દુઃખરૂપ દશાનો અનુભવ છે. એકલું એમ ન માનતા ભગવાન આત્મા નિયત એકરૂપ નિશ્ચય છે. એનો નિશ્ચયનો અનુભવ કરવો અને એ પર્યાય છે એને ગૌણ કરીને જૂઠી ઠરાવવી અથવા આમાં નથી માટે જૂઠી ઠરાવવી. એવી અંતર દૃષ્ટિના અનુભવને સમ્યગ્દર્શનની દશા, ધર્મની પહેલી દશા એને કહે છે. સમજાણું કાંઈ?

ચોથો ગુણભેદ છે કહે છે. એનામાં છે. પરને લઈને નથી. જ્ઞાન, દર્શન, આનંદ જે છે. પણ એ તો ભેદ છે. એમાં આખું સ્વરૂપ દૃષ્ટિમાં આવતું નથી. આહા..હા..! એ ભેદદૃષ્ટિમાં રહેવું એકાંતે એ તો મિથ્યાદૃષ્ટિપણું છે. પણ તેને લક્ષમાંથી છોડી દઈ અને એકરૂપ સામાન્ય વિશેષરહિત. વસ્તુ એકરૂપ સામાન્ય ભેદ અને વિશેષ રહિત એવી ચીજમાં એકતાનો અનુભવ કરવો સામાન્યનો. એને અહીંયાં સમ્યગ્દર્શન કહે છે. જુઓ આ સમ્યગ્દર્શનની રીત. ઓલા કહે કે દેવ-ગુરુ-શાસ્ત્રને માનો, નવતત્ત્વને માનો. જાવ. સમકિત થઈ ગયું. પછી ચારિત્ર કરો, ઉના પાણી પીવો અને અપવાસ કરો અને શું કહેવાય તમારે ઓલું? ઉપધાન. ઉપધાન કરો લ્યો. આહા..હા..! અરે ભગવાન! આ શું કરે? અમારે એમ કહેતા હોં મૂલચંદજી. આપણને જુઓ ગણધર જેવું સમકિત મળ્યું છે. એમ કહેતા. હવે ચારિત્ર થવું એમ કહેતા હતા. આપણે સ્થાનકવાસી છીએ અને આપણે હિંસામાં કાંઈ ધર્મ માનતા નથી, મૂર્તિને માનતા નથી જડને. તો આપણે સમકિતી છીએ ગણધર જેવું સમકિત છે. હવે ચારિત્રનું પાળવું યથાશક્તિએ. આહા..હા..! અરેરે! ભાઈ! આખો આત્મા એકરૂપ ચૈતન્યદળ એટલે કે એની અંતર્મુખ જતાં એના ભેદ દૃષ્ટિમાં રહેતા નથી. અંતરમાં સામાન્ય દૃષ્ટિમાં રહે છે. સમજાણું કાંઈ? એવી સામાન્ય ચીજ એકરૂપની અનુભવદૃષ્ટિ એને અહીંયાં સમ્યગ્દર્શન કહે છે. આહા..હા..! ત્યારથી તે સુખને

પંથે પડ્યો. ચાર બોલ કહેવાય ગયા છે.

આજે પાંચમો છે હવે. પાંચેયના દૃષ્ટાંત છેને. પહેલામાં દૃષ્ટાંત આપ્યો ઓલો કમળનો, બીજામાં આપ્યો હતો માટીના વાસણ ભિન્ન-ભિન્ન, ત્રીજામાં દરિયાનો, ચોથામાં આ ભિન્ન-ભિન્ન સોનાના ગુણભેદનો. હવે કહે છે કે '**જેમ જળનો, અગ્નિ જેનું નિમિત્ત છે...**' નિમિત્ત છે જેનું હોં! નૈમિત્તિક ઉષ્ણ અવસ્થા તો એની પોતાની પોતામાં છે. સમજાણું કાંઈ? જળનો. જળનો એટલું. અગ્નિ જેમ એવી '**ઉષ્ણતા સાથે...**' '**જળનો, અગ્નિ જેનું નિમિત્ત છે એવી ઉષ્ણતા સાથે સંયુક્તપણારૂપ—તપ્તપણારૂપ—અવસ્થાથી અનુભવ કરતાં (જળને) ઉષ્ણપણારૂપ સંયુક્તપણું ભૂતાર્થ છે—**' એની અવસ્થામાં એ છે. ઉષ્ણપણું કાંઈ અગ્નિમાં છે એમ નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પાણી જ ઠંડાનું ગરમ થયું.

ઉત્તર :- પોતે અવસ્થા એનામાં છે ઉષ્ણ. ફક્ત નિમિત્તના સંગે છે એવી દશા છે, ઉપાધિ છે. એનો મૂળ સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

એ '**જળનો, અગ્નિ જેનું નિમિત્ત છે એવી ઉષ્ણતા સાથે સંયુક્તપણારૂપ—તપ્તપણારૂપ—અવસ્થાથી...**' ઊની અવસ્થાથી જળનું જાણવાથી, જળને ઊની અવસ્થાથી જાણવાથી એ ઉષ્ણપણું એ પર્યાયનયમાં એની અવસ્થામાં છે. સાચું છે, એ ઉષ્ણપણું છે. સમજાણું કાંઈ? એ આકાશના ફૂલ છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શું કીધું એ? આકાશના ફૂલનું. ઉષ્ણપણું જેમ આકાશના ફૂલ નથી એમ એની અવસ્થામાં ઉષ્ણપણું નથી. એમ નથી. પાણીના શીતળ સ્વભાવ એનો કાયમ હોવા છતાં એની વર્તમાનદશામાં અગ્નિના નિમિત્તથી નૈમિત્તિક એની પોતાની અવસ્થા, ઉષ્ણતા એનામાં છે. સમજાણું કાંઈ? એની પર્યાયમાં ઉષ્ણતા છે. '**તોપણ એકાંત શીતળતારૂપ જળસ્વભાવ...**' એક અંત એક જ શીતળ સ્વભાવ એનો છે. શીતળ ઠંડો... ઠંડો... ઠંડો... ઠંડો... એવા સ્વભાવરૂપ '**શીતળતારૂપ જળસ્વભાવની સમીપ...**' જળસ્વભાવની સમીપ. એમ. ઉષ્ણતા ઉપરનું લક્ષ છોડી દઈને એ જળનો સ્વભાવ છે એ ન જોતાં એ ઉષ્ણતા સાથે સંયુક્તપણું શીતળતાની દૃષ્ટિમાં એ નથી. સમજાણું કાંઈ?

અગ્નિનું નિમિત્તપણું ભલે હો, પણ ઉષ્ણ અવસ્થા તો એની છે. એ અવસ્થાથી તો સત્ય છે. એ અવસ્થારૂપે અભાવ છે એમ નથી. પણ એનો સ્વભાવ જોઈએ જળનો ઠંડો... ઠંડો... ઠંડો... ઠંડો... એવા સ્વભાવથી જોતાં ઉષ્ણપણું એમાં નથી માટે તેને અસત્યાર્થ અને જૂઠું કહ્યું છે. કહો, સમજાણું? એ તો દૃષ્ટાંત થયો. '**એવી રીતે આત્માનો,...**' આહા..હા..! '**કર્મ જેનું નિમિત્ત છે એવા મોહ સાથે...**' આકુળતા રાગ અને દ્વેષ. સમજાણું કાંઈ? એની સાથે જોતાં એ આકુળતા છે. એની દશામાં આત્માની દશામાં આકુળતા છે. સુખ-

દુઃખની કલ્પના એનામાં છે. પરચીજમાં છે એમ નથી. પરચીજને લઈને એ અવસ્થા છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે. '**આત્માનો,...**' એટલી વાત. '**કર્મ જેનું નિમિત્ત છે...**' જેનું એટલે? મોહનું. કોનો મોહ? એની દશામાં થાય એ. આત્માની દશામાં મોહ જે આકુળતા મિથ્યાત્વ રાગ-દ્વેષ, પુણ્ય ને પાપ એ. એનું નિમિત્ત કર્મ છે એટલું. જેનું નિમિત્ત એટલે મોહનું. એવા આત્માને '**મોહ સાથે સંયુક્તપણારૂપ...**' એ આકુળતાપણારૂપ સહિતપણું જોતાં પર્યાયમાં છે. સમજાણું કાંઈ? આ વેદાંત કહે છેને કે ભાઈ સુખ-દુઃખ તો શરીરનો ધર્મ છે. આત્માને કેવું સુખ? એ તો આનંદમૂર્તિ છે. આહા..હા..! એમ કે શરીરનો ધર્મ શરીરમાં જાય, પણ આ સુખ-દુઃખ પર્યાય શરીરનો ધર્મ નહિ. તારી પર્યાયનો ધર્મ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કર્મ જેનું નિમિત્ત છે...**' એવો આત્મા. એટલે કે મોહસહિત એવો આત્મા. એના સહિતપણે એની અવસ્થાથી. દેખો! મિથ્યા ભ્રાંતિની અવસ્થાથી જાણતાં તે મિથ્યા ભ્રાંતિપણું, આકુળતાપણું સાચું છે, એની દશામાં છે. સસલાના શીંગડા જેવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પણ હવે એ તો અનાદિથી કરે છે એમાં નવું શું? કહે છે. મોહનો અનુભવ, રાગ-દ્વેષનો અનુભવ એ આકુળતાની અગ્નિથી તો સળગી રહ્યો છે અનાદિથી. એની અવસ્થામાં. એથી શું? કહે છે. '**જે એકાંત બોધરૂપ છે એવા જીવસ્વભાવ...**' એકલો જ્ઞાનસ્વભાવ. બોધબીજ એટલે જ્ઞાનસ્વભાવ. જેમાંથી કેવળજ્ઞાનાદિ ફાટે એવો જ્ઞાનસ્વભાવ. બોધ બીજડું એ છે. એકાંત બોધબીજરૂપ સ્વભાવ. જ્ઞાનના બીજરૂપ જેનો ત્રિકાળી સ્વભાવ. સમજાણું કાંઈ? એકાંત બોધબીજરૂપ સ્વભાવ. એક જ પક્ષે જોતાં એનો એક બોધ નામ જ્ઞાનનું બીજડું સ્વભાવ. જ્ઞાનનું બીજડું એ છે. આહા..હા..! મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન અને અવધિ, મનઃપર્યય અને કેવળને એ બધા જ્ઞાનના બીજડા તો એ છે. એમાંથી આવે છે. કાંઈ બહારથી આવતા નથી. કર્મના ક્ષયોપશમને લઈને થાય એ તો કહેવું વ્યવહાર છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**જીવસ્વભાવની સમીપ જઈને...**' એટલે બોધબીજરૂપ સ્વભાવ એટલે ચૈતન્યભાવ એમ. કૌંસમાં કર્યોને પાછો ખુલાસો. ચૈતન્યભાવ. ભગવાન આત્માનો કાયમી, અસલી, બીજ ચૈતન્યભાવરૂપ એનું બીજ. એમાં એકાગ્ર થતાં, એમાં એકાગ્ર થતાં, અનુભવ કરતાં એ દુઃખ અને આકુળતાનું સહિતપણું એ આત્માના સુખરૂપ અનુભવદશામાં એ નથી. અભૂતાર્થ છે. આહા..હા..! ઓહો..હો..! કહે છે કે પર્યાયમાં એ આકુળતાનો સંબંધ હોવા છતાં એકરૂપ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ કરતાં તે બધું જૂઠું છે. સંબંધ જ નથી. આહા..હા..! તો પછી આ બાયડી, છોકરા, મકાન. આ મકાનો મારાથી થયા, મારાથી થતા નથી. એય..! આ છોકરા મારાથી થયા. છોડીયું થઈ. એ સંબંધ તો ભગવાન! તારી પર્યાયમાં છે જ નહિ. આહા..હા..! પર્યાયમાં તો આકુળતાનો સંબંધ છે એમ કહે છે. આહા..હા..! તારા અસ્તિત્વમાં હોય એની

અહીં વાત છે. સમજાણું કાંઈ? મવાણી! આ ડોક્ટરની ઉપાધિ એ પર્યાયમાં નથી એમ કહે છે. બહારમાં. અહીં તો તારી પર્યાયમાં અને તારા દ્રવ્યમાં બેની વાત છે. જન્મ્યો ત્યારે કાંઈ નહોતું. મા પણ નહોતી, બાઈ પણ નહોતી, પણ આમ જ્યાં બહાર નીકળ્યો ત્યારે એ આ મા, આ બા, આ બા. ઓલો ગોખાવે કે જો આ તારી મા, આ તારો બાપ. પાક્કું થઈ જાય એને મારાને. કાંઈ નથી સંબંધ હોં. તારી પર્યાયમાં એનો કાંઈ સંબંધ નથી. એ મારા એવો ભાવ મોહનો એનો સંબંધ છે તને. આહા..હા..! એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? એકલા આવ્યા ત્યારે કાંઈ હતું? આ મકાન અને બકાન હતું કાંઈ? પછી કહે છે એ કાંઈ તારી પર્યાયમાં નથી થયું. તારી પર્યાયને લઈને નથી થયું. આહા..હા..!

એક લેખ આવ્યો છે ઓલો અમેરિકાના છોકરાનો. વાંચ્યો છે? મોટો લેખ આવ્યો છે. નાના છોકરા જેમ આ કરે છે, પછી આમ થાય, ત્યાં પરણે છે પછી અહીંયાં નથી પરણ્યા એમ કરીને બીજી પરણે છે. એવું લાંબુ લાંબુ બહુ ચાલ્યું છે. આમાં આવ્યું હતું જૈનમાં. કાલે આવ્યું છે એમાં. જૈનસંદેશ? શું કહેવાય? જૈનગેજેટ. એમાં મોટો લેખ આવ્યો છે. અમેરિકાના છોકરાનો. અહીંના છોકરા ત્યાં જઈને શું કરે છે અને ત્યાં રહી જાય પછી કોઈ આવે છે તો લપ લઈને આવે છે. પછી આમ થાય છે અને પછી આમ થાય છે. ભારે! અહીંથી ત્યાં લઈ જાય અને એને ત્યાં મેળ સરખો ન થાય તો એને છોડી દે. ત્યાં ઓલાની સાથે પરણ્યા હોય એની સાથે મેળ ન ખાય તો એને છોડી દે. ઘણું લાંબુ બહુ લખ્યું છે. અમેરિકામાં.

મુમુક્ષુ :- એમાં કહે સુખનું વર્ણન.

ઉત્તર :- એ આમાં છે. આપણે તો આ જૈનનું વાંચેને જૈનગેજેટ છે. મોટો લેખ કોકે લખ્યો છે. આહા..હા..! એ કહે છે કે પરના સંબંધે અહીં કાંઈ નથી. પરનો સંબંધ એમાં નથી. એનો સંબંધ એના મોહની સાથે છે. આહા..હા..! એની દશામાં આ મારા અને આ તારા, આ છોડ્યા, આ મૂક્યા એવો જે મોહ એની સાથે એને સંબંધ છે. એ સંબંધ પણ પર્યાયમાં છે. એ અપેક્ષાએ પર્યાય ભૂતાર્થ છે કહે છે. દુઃખરૂપદશા, મોહરૂપદશા એના અસ્તિત્વમાં છે, એ સત્યાર્થ છે. ઓલું એનામાં કાંઈ છે નહિ. દેશ પણ નથી, ગામ પણ નથી, મંદિર પણ નથી અને મકાન પણ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ... તો છેને.

ઉત્તર :- સમયસાર પણ નથી એમ કહે છે. સમયસાર એની પર્યાયમાં નથી. છે? એ તો એની પર્યાય દ્રવ્યની પર્યાય એનામાં છે. પુદ્‌ગલની પર્યાય. એમાં આ મારું, મારે આને સાચવું, ન ફાટે તો દિલગીર થાય, ફાટે તો સાચવે તો રાજી થાય એવો બધો મોહ એની પર્યાયમાં છે. મોહજાળ છે. કરોળિયાની જાળ.

એ સંયુક્તપણું છે. છતાં એકાંત બોધબીજ ભગવાન. આહા..હા..! ત્રિકાળી આનંદસ્વભાવવાળો ચૈતન્યભાવ એવા ચૈતન્યભાવ ત્રિકાળી સ્વભાવ, ત્રિકાળી એનું એકરૂપ, એમાં એકતા થતાં એ મોહનું સંયુક્તપણું રહિત છે. મોહનું સંયુક્તપણું એમાં છે નહિ. આ કરવા જેવું છે કહે લ્યો. આહા..હા..! ભગવાનજીભાઈ! એ મકાન બકાન ને છોકરા ને ધંધા બધા કાંઈ નથી અંદર કહે છે. એ શું કીધું? પ્લાસ્ટિકના જોડા ને મકાન ને ચંપ્પલને. આ ભાઈને એમ હતું પથરા. પોપટભાઈ નહિ? પોપટભાઈને ત્યાં લાદી-લાદી. પણ કહે છે કે લાદીને એની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. કારણ કે પર ચીજ છે એને કારણે પરણમી અને એને કારણે ટકીને રહેલી છે. આહા..હા..! ફક્ત તને કલ્પના ઉભી થઈ હોય એ કલ્પના સાથે પર્યાયમાં તારે સંબંધ છે. આત્માનો એમ કીધું છેને. આહા..હા..! એની પર્યાયમાં એને સંબંધ છેને. આહા..હા..!

અરેરે! કહે છે પર્યાયમાં આવા મોહને લઈને સંબંધ પામીને દુઃખી છે. એ શેકાય છે અગ્નિમાં એનો આનંદ શેકાય છે. એનો સ્વભાવ તો બોધબીજ જ્ઞાન અને આનંદ છે. એમાંથી જ્ઞાન ફાટે એમાંથી આનંદ ફાટે છે. એવો ભગવાન આત્માનો એકરૂપ એકાંત સ્વભાવ સ્વતરફ જતાં આ અનેકાંત એટલે આ સ્વભાવનું ભાન થઈને પછી જરી આકુળતા છે એનું જ્ઞાન કરે. સમજાણું કાંઈ? પણ આમાં એ નથી. ત્યારે એનું જ્ઞાન સાચું થાય. એનું જ્ઞાન પણ રહેલું આકુળતાનું. પૃથક્ થઈને આત્માના આનંદનો એકતાનો અનુભવ કરે ત્યારે એકાંતમાં આમ આવ્યો અનેકાંત એટલે જરી આકુળતા છે એનું એને જ્ઞાન થાય. પણ મારામાં નહિ. જરીક અવસ્થામાં, મારા દ્રવ્યમાં નહિ. અવસ્થામાં નબળાઈને લઈને એનું એને જ્ઞાન થાય. પણ આ જ્યારે જ્ઞાન આનું કરે તો એનું જ્ઞાન થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એકલું જ્ઞાન કરે તો પચાસ ટકા તો થયુંને.

ઉત્તર :- એકેય ટકો સાચો નથી. કોનું જ્ઞાન કરતો હતો? અહીંયાં ઢળ્યા વિના એની જ્ઞાનની અનેકાંતતા સાચી થાય જ નહિ. આહા..હા..! વીતરાગે કહેલો માર્ગ આનંદનો દાતાર છે. આહા..હા..! સુખનો માર્ગ છે. સુખનો દાતા છે. પ્રાણભાઈ! એ છોકરા-બોકરાને શેરબજારને કાંઈ સંબંધ નથી કહે છે, પણ એ મારા અને હું હોવ તો ચાલે એવો મોહભાવ સાથે પર્યાયમાં સંબંધ છે. બરાબર છે? બરાબર છે. આહા..હા..!

મુમુક્ષુ :- સ્વીકાર છે.

ઉત્તર :- સ્વીકાર છે. એને કારણે એની અસ્તિમાં આત્માની પર્યાયની અસ્તિમાં પણ જે નથી એને શું કહેવું? આ તો તારી પર્યાયમાં ભાઈ! તને મોહ ભ્રાંતિ થાય છે, ભ્રમ થાય છે. આ મારા અને હું એનો. અંશપણું તેટલો હું. ત્રિકાળી અંશનો આદર જ્યાં નથી ત્યાં અંશ જેટલો હું એવો મોહ એ તારી દશામાં છે. તો એણે (પોતે) કરેલો, તારાથી થયેલો,

તારી દશામાં છે. આહા..હા..! કહો, વસંતીલાલજી! જ્યાં તું છો દ્રવ્યપણે, ગુણપણે કે પર્યાયપણે એમાં એ કોઈ ચીજ બીજી અડતી જ નથી અને છે નહિ. તને અડેલો પર્યાયનો સ્વભાવ હોય તો ગુણનો છે. એથી કહ્યુંને આત્માનો, આવા સંયુક્તપણાથી અનુભવ કરતાં જાણતાં એ છે પર્યાય. સંયુક્તપણે છે, મોહપણું, સહિતપણું કહેવું છેને? વસ્તુમાં તો ક્યાં છે? સહિતપણું છે. મોહસહિતપણું છે. બાયડી, છોકરા સહિતપણું કે મકાનસહિતપણું, આબરૂસહિતપણું, પૈસાસહિતપણું. કારખાના. હવે કારખાના બહુ થાય છે હવે. હવે તો ઘણા થાય છે. ૨૫-૫૦ હજાર થાય ત્યાં કારખાના. ફટ-ફટ કારખાના. એટલે મજુરી કરવી પડે નહિ, માણસ રોકવા પડે નહિ. થોડામાં બધું કામ ચાલે. એમ માને. એય..! તમારે છેને લોઢાનું. આહા..હા..!

પાંચમાં બોલમાં. પાંચેય બોલમાં પર્યાયનું અસ્તિત્વ સિદ્ધ કરવું છે અને દ્રવ્યદૃષ્ટિના અનુભવમાં એ પર્યાય નથી. આહા..હા..! ભારે ઝીણી વાત બાપુ! વીતરાગનો માર્ગ કહે છે કે એની દશામાં પર્યાયમાં, મોહ. પરપ્રત્યેની સાવધાની એવો મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ એ એની દશામાં છે. પર્યાયથી જુઓ તો એ સહિત છે. પણ એ તો દુઃખદશા છે. પરનો સંબંધ એને એક સમય પણ નથી. આટલો એક સમયનો સંબંધ એને છે. આ. સમજાણું કાંઈ? મકાન ને બીડી, ..નો સંબંધ એક સમય નથી એમ કહે છે. એય..! શેઠ! દાલચંદજીનો એક સમય પણ સંબંધ નથી. એમ કહે છે. એ તો ભિન્ન ચીજ છે. તને પર્યાયમાં, અવસ્થામાં સંબંધ હોય તો મોહ અને રાગ-દ્વેષનો પર્યાયમાં સંબંધ છે. તારા અસ્તિત્વના બે અંશો એક ધ્રુવ ત્રિકાળી અંશ, એક વર્તમાન અવસ્થા અંશ. એ અવસ્થાના અંશમાં હોય તો રાગ-દ્વેષ અને મોહનું અસ્તિત્વ છે. પરદ્રવ્યનું તો અસ્તિત્વ એમાં નથી અને પરદ્રવ્યમાં તારી પર્યાયનું પણ અસ્તિત્વ નથી. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો. ત્રણલોકના નાથ તીર્થંકરનો પોકાર છે. સમજાણું કાંઈ? અરે! પ્રભુ! તારી દશામાં તે ઊભી કરેલી ભ્રમણા. પુણ્યનો ભાવ એ મારો, પુણ્યભાવમાં સુખ, પાપભાવમાં મજા, પુણ્યના ફળ તરીકે મળેલી ચીજો એમાં મને સમાધાન ઠીક રહે છે એવો મોહભાવ એનો તને પર્યાયમાં સંબંધ. ઓલી ચીજનો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે હો, હવે એને કરવું છે શું? પણ એ તો કરી રહ્યો છે અનાદિથી કહે છે. '**તોપણ જે પોતે એકાંત બોધરૂપ...**' સ્વભાવ. એકલો જ્ઞાનનો ખજાનો. એકલો આનંદની ખાણ. એવું બીજડું. ચૈતન્ય સ્વભાવનું બીજ આત્મા છે. એની દૃષ્ટિ કરતાં, એનો અનુભવ કરતાં જે સમ્યગ્દર્શન આ થાય. ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? અરેરે! સાચી વાત પણ કાને ન પડે એ સાચે પંથે અને વિચારે જાય કે દિ'? સમજાણું કાંઈ? આહા..હા..! અરે! ભગવાન! કહે છે કે તારી પર્યાયમાં દુઃખનો ઘેરાવો છે એ તારો સાચો (ઘેરાવો) છે હોં. પરવસ્તુનો ઘેરાવો એ નહિ. આહા..હા..! કરોળિયાએ જાળ લાંબી કરીને

સલવાણો છે એ. બરાબર છે કહે છે. પોતામાંથી કરોળિયાએ જાળ કાઢી છે. આહા..હા..! એમ પર મારા, હું એનો, પુણ્યભાવ મારા, પુણ્યભાવથી મને ઠીક પડશે, અનુકૂળ સગવડતા હોય તો આત્માને નિવૃત્તિથી ધર્મ થઈ શકે એવો જે મિથ્યાત્વભાવ. આહા..હા..! ભારે કામ ભાઈ આ. ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વર ફરમાવે છે. ભાઈ! તારી દશામાં પરને પોતાના માનવા કે પરથી મને સમાધાન રહેશે. ક્ષુધા હોય તો દુઃખ થાય છે અને અનુકૂળતા આહાર-પાણી હોય તો મને ઠીક રહેશે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી જે તારી પર્યાયમાં ભ્રાંતિ અને મોહ એ સહિતપણું અવસ્થાથી તો સાચું હોં! એ કાંઈ સસલાના શિંગડા છે એમ નથી. તારી દશાનું અસ્તિત્વ છે એ હોં. આહા..હા..! પણ એનું લક્ષ છોડી દઈને પર્યાયમાં મોહભાવ છે તેનું લક્ષ છોડી દઈને પ્રભુ! તને શાંતિ જોઈતી હોય અને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તો એ ચૈતન્યભાવ બોધબીજ સ્વરૂપ એનો અનુભવ કરવાથી તને સમ્યગ્દર્શન અને આનંદનો સ્વાદ તને આવશે. એ સ્વાદને આનંદ એ તારી દશા છે. આ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! એને માંડ મનુષ્યપણા મળ્યા, એને જૈન વાડામાં જન્મ મળ્યા, પણ એને આ જૈનપણું શું છે? શેઠ! આમ બહારમાં ને બહારમાં ઘુંચાઈ ગયો એ. કાં અમે શેઠ છીએ, કાં અમે પ્રમુખ છીએ કાં અમે બધાના કામમાં અમારો હાથ છે. આહા..હા..! એવા મોહથી ઘેરાયેલો છો. એ ચીજના કામથી ઘેરાયેલો છો એમ છે નહિ. બરાબર છે?

હવે તારે આ સમ્યગ્દર્શનનો વિષય છે. ૧૪મી ગાથા સમ્યગ્દર્શનનો વિષય છે. આ સમ્યગ્દર્શન હોં આ જે આની જે ઊંચી વાત છે આ ચારિત્રની અને કેવળજ્ઞાનની એની આ વાત નથી. બાપુ! ચારિત્ર તો અલૌકિક છે નાથ! આવું સમ્યગ્દર્શન થયા પછી પણ સ્વરૂપમાં આનંદની લહેર ઉઠે અને આનંદનો પ્રચુર સ્વસંવેદન થાય એ ચારિત્ર તો કોઈ અલૌકિક ચીજ છે. સમજાણું કાંઈ? પણ અહીં તો પ્રથમ હજી સમ્યગ્દર્શન કેમ થાય એની વાત ચાલે છે. આહા..હા..! ભગવાન! તારી મહિમા તો તારા આનંદ અને જ્ઞાન સ્વભાવને લઈને છે. આવા મોહને લઈને અને રાગને લઈને તારી મહિમા નથી. એમાં તો તારી મહિમા હણાઈ ગઈ છે. એમ કહે છે. આહા..હા..! એ આવશેને શ્લોકમાં નહિ? ઓલા દેવ આવે છેને ક્યાંક? એમાં આવે છેને ૧૨માં. '**नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः**' (કળશ-૧૨) દેવ એ એમ કહેવા માગે છે. આ એનો બધો સાર છે. આહા..હા..!

ભગવાન! તું તો કર્મ કલંક અને રાગના કલંકથી રહિત મોટો દેવ છોને પ્રભુ! દિવ્યશક્તિનો ભંડાર જેમાંથી કેવળજ્ઞાન નીકળ્યા જ કરે એવો ભંડાર છોને ભગવાન! એવા બોધબીજના સ્વભાવનો અનુભવ કરતાં એ મોહપણું તેનો નાશ થઈ જાય છે અને તે મોહપણાનો અસ્થિરતાનું થોડું રહે એ પણ સ્વરૂપમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ થતાં ચોથે ગુણસ્થાને. પછી કહે છે કે એ ચૈતન્યના ભાવનો એકરૂપનો અનુભવ થતાં એ રાગાદિ છે

એ અસત્ય થઈ જાય છે. એના ભાવે ભલે હો. અહીંયાં અસત્ થઈ જાય છે. એવી દૃષ્ટિ થયા પછી જે કાંઈ રાગ રહે એનું પૃથક્પણે જ્ઞાન કરે એવી સ્થિતિ થઈ જાય છે. સમજાણું કાંઈ? ઓલું મારાપણે જે કરતો એ પૃથક્પણે જ્ઞાન કરે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભગવાન! બીજા પછી ઓછું-વત્તું ઝીણું કરી નાખે, ઓછું, અધિક અને વિપરીત. વીતરાગ માર્ગમાં ન આવે. આ તો કેવળી પરમાત્માનું કહેલું તત્ત્વ છે. આહા..હા..! જેને સો ઈન્દ્રો પૂજે છે. જેની દિવ્ય શક્તિનો પાર નથી. એના મુખથી નીકળેલી આ વાણી છે. દિગંબર સંતોએ એ કહ્યું છે. સમજાણું કાંઈ? શ્રીગુરુનો આ ઉપદેશ છે એમ નહોતું આવ્યું? ૧૧મી ગાથામાં આવ્યું હતું. શ્રીગુરુનો ઉપદેશ. કે ભગવાન! તારી મૂળ પૂંજી તો જ્ઞાન અને આનંદભાવવાળો પદાર્થ. એ પદાર્થની એકતા કરતાં, અનુભવ કરતાં એ મોહના ભાવોનો અસત્યાર્થ ભાવ થઈ જાય છે. સત્ય તો આ જ રહે છે. આહા..હા..! અસત્ય થઈ જાય છે એટલે? કે વસ્તુમાં નથી તેથી તે હોય બહારમાં એ આની અપેક્ષાએ તો અસત્ય છે. એ વ્યવહારનું પછી જ્ઞાની જ્ઞાન કરે છે, પણ એ મારા છે એમ જ્ઞાની માનતો નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવને જ્ઞાની પોતામાં એકતામાં માનતો નથી. આહા..હા..! એ ભાવને પૃથક્ રાખીને તે પોતામાં રહીને, પોતાનું અને એનું જ્ઞાન કરે છે. આહા..હા..! ભારે માર્ગ ભાઈ! સમજાણું કાંઈ?

'**સમીપ જઈને...**' એટલે ચૈતન્યભાવ ભગવાન પૂર્ણ આનંદ અને પૂર્ણ સ્વભાવ એના તરફ ઢળતાં, એના તરફ વળતાં, એનો અનુભવ કરતાં એ મોહભાવ અને રાગ-દ્વેષથી જૂઠા છે. એ સમ્યગ્દર્શનમાં પણ આવતા નથી અને સમ્યગ્દર્શનના વિષયમાં પણ એ છે નહિ. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! એ પાંચ બોલ થઈ ગયા. એનો ભાવાર્થ કહે છે. '**આત્મા પાંચ પ્રકારથી અનેકરૂપ દેખાય છે :-**' ચાલતી ભાષામાં કહે છે. ઓલી ટીકા હતી. અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર સંત. મૂળ શ્લોક તો કુંદકુંદાચાર્ય અને એની ટીકા છે અમૃતચંદ્રાચાર્ય. બેય દિગંબર મુનિ. વનવાસી, જંગલવાસી સંતો હતા.

'**આત્મા પાંચ પ્રકારથી અનેકરૂપ દેખાય છે :-**' એક પહેલો બોલ. '**અનાદિ કાળથી કર્મપુદ્ગલના સંબંધથી બંધાયેલો કર્મપુદ્ગલના સ્પર્શવાળો દેખાય છે,...**' સમજાણું કાંઈ? પરદ્રવ્યોથી, તેમના ભાવોથી અને તેમના નિમિત્તથી. પરદ્રવ્યથી પહેલું ભિન્ન પાડે છે. પરદ્રવ્યથી થતી અવસ્થા ખરેખર તો એનામાં ઈ છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યનો રાગ સાથે આમ સંબંધ છે એટલું રાગપણું એનામાં છે. એમ. સમજાણું કાંઈ? જે પરદ્રવ્યનો સંબંધ કરે છે તે વિકારી દશા એનામાં છે. એ વિકારીદશાનું નિમિત્ત. પરદ્રવ્ય એટલે પરદ્રવ્યથી જુદો બતાવે છે. સમજાણું કાંઈ? હવે એ વાત જ પહેલી કઠણ પડેને. સાચી સમજણ કરવી એ રહી ગઈ અને બીજે રસ્તે ચડી ગયા અને વખત વયો જાય થઈ રહ્યું. આહા..હા..!

કહે છે, ભગવાન આત્માને પર્યાયમાં, પર્યાયનો અનાદિકાળથી કર્મપુદ્‌ગલથી સંબંધ છે. એવો સંબંધવાળો કર્મપુદ્‌ગલના જાણે નિમિત્તના સંબંધમાં રહેલો એવો ભાવ હોય એમ દેખાય છે. આ બદ્ધનો અર્થ તો ટીકાકાર જે છેને કળશટીકાકારે રાગ જ કર્યો છે. અબદ્ધસ્પૃષ્ટ છેને. એની અવસ્થાનું વર્ણન કર્યું છેને. ભાવનું. આવો અબંધસ્વરૂપ છે. એ રાગમાં બંધાયેલો દેખાય છે એ અવસ્થા દૃષ્ટિમાં છે એમ કહે છે.

મુમુક્ષુ :- આ પણ કર્મ છે.

ઉત્તર : હા એ ઓલું કર્મનું નિમિત્ત છે. નિમિત્તના સંબંધે અવસ્થા છેને. અવસ્થાથી અનુભવ કરતાં એમ આવ્યું હતું. શબ્દ તો એમ આવ્યો છે. એ જ કહે છે જુઓ. **'અનાદિ કાળથી કર્મપુદ્‌ગલના સંબંધથી બંધાયેલા કર્મપુદ્‌ગલના સ્પર્શવાળો...'** અવસ્થાથી અનુભવ કરતાં એમ. છેને એમાં? અવસ્થાથી એમ. મૂળ પાઠ તો એ છેને. એમ. આહા..હા..! કહે છે ભગવાન આત્મા ચૈતન્ય અને આનંદની ખાણ પ્રભુ છે. આહા..હા..! એવો ભગવાન એની પર્યાયમાં કર્મનો નિમિત્ત સંબંધ છે રાગ સાથે અને રાગથી આને પર્યાયનો સંબંધ છે જીવને. સમજાણું કાંઈ? એવો દેખાય છે. એક વાત. તેથી એને પરદ્રવ્યથી ભિન્ન છે એમ કહે છે.

**'કર્મના નિમિત્તથી થતા નર, નારક આદિ પર્યાયોમાં...'** મનુષ્યપણું, દેવપણું. આ શરીર નહિ. એની ગતિ. જીવની દશામાં મનુષ્યપણાની ગતિ, જીવ ગતિ, નરકગતિ, પશુગતિ, નિગોદ ગતિ, એકેન્દ્રિય વગેરે. એની પર્યાયમાં ગતિ છે. સમજાણું કાંઈ? **'ભિન્ન ભિન્ન સ્વરૂપે...'** પાછું. એ ગતિ ભિન્ન ભિન્ન છે. એક જ ગતિ નથી એને. આહા..હા..! એકેન્દ્રિય ને બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય, મનુષ્ય ને દેવ ને ઢોરને. આહા..હા..! એવી એની દશામાં આવી ગતિનું ભિન્ન-ભિન્નપણું અસ્તિત્વરૂપે છે. બે વાત. '(૩) **શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ (અંશ) ઘટે પણ છે, વધે પણ છે—'** એ ત્રીજો બોલ. '**એ વસ્તુનો સ્વભાવ છે...**' દેખો! પર્યાયનો સ્વભાવ. એની પર્યાયનો હીણો-અધિકપણે થાવું એ એનો પોતાનો સ્વભાવ છે. પરને લઈને છે એમ નહિ. સમજાણું કાંઈ? વસ્તુનો સ્વભાવ **'તેથી તે નિત્ય-નિયત એકરૂપ દેખાતો નથી,...'** '(૪) **વળી તે દર્શન, જ્ઞાન આદિ અનેક ગુણોથી વિશેષરૂપ દેખાય છે...**' આ ચોથો બોલ. દર્શન, જ્ઞાન, આનંદ વગેરે ગુણભેદથી. ગુણભેદવાળો દેખાય છે. ભેદ દૃષ્ટિથી, પર્યાય દૃષ્ટિથી એ છે એનામાં. નથી એમ નહિ.

અને '(૫) **કર્મના નિમિત્તથી થતા મોહ, રાગ, દ્વેષ આદિ પરિણામો સહિત તે સુખદુઃખરૂપ દેખાય છે.**' દેખો આવ્યું. સમજાણું કાંઈ? કલ્પનાથી સ્વર્ગમાં સુખ છે અને પ્રતિકુળતામાં દુઃખ છે, નરકમાં દુઃખ છે, ગતિનું દુઃખ છે. સ્વર્ગની ગતિનું સુખ છે,

પૈસાવાળા સુખી છે અને નિર્ધન દુઃખી છે. એ બધી અજ્ઞાનીઓની કલ્પના છે. આહા..હા..! .. ભાન વિનાના કેમ? નિર્ધનો દુઃખી. ગૃહસ્થો નિર્ધનો દુઃખી. મુનિ સધનો દુઃખી એવું આવે છે એક શ્લોક. શ્લોકો યાદ ન હોય પણ એ બધી વાતું ખોટી છે. લૌકિક વાતું છે. સમ્યગ્દૃષ્ટિ પૈસાની અનુકૂળતા માટે અમે સુખી છીએ એમ એ માનતો નથી. આહા..હા..! કુટુંબ, કબીલા, સ્ત્રી, છોકરા, દીકરાઓ અનુકૂળ છે, બાદશાહી છે. મૂઢ માને છે. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- એના જેવું હોતું જ નથી. છોકરાની અનુકૂળતા એવું હોતું નથી.

ઉત્તર :- વાત સાચી. ત્રણ છોકરા ઠીક અને બે છોકરા સાધારણને. બધું એવું સરખું. પણ સરખા હોય તો એ સુખ નથી.

મુમુક્ષુ :- સરખું કહેવું કોને?

ઉત્તર :- કહેવું કોને? એ તો પરદ્રવ્ય છે. આહા..હા..! આ કરોડપતિ છે અને સુખી છે. મૂઢ માને છે. પાખંડી એમ માને છે અજ્ઞાની. સમજાણું કાંઈ? આહા..હા..! નરકના સાતમી નરકે રહેલો નારકી. સુખી છે, સમ્યગ્દૃષ્ટિ. એક પાણીનું ટીપું નથી, અનાજનો દાણો નથી, સૂવાને કપડું નથી, બેસવાને પલંગ નથી, દવા ને પડીકું નથી, શાતા પૂછનાર કોઈ નથી. અરેરે! તમે બહુ દુઃખી હોં! આહા..હા..! એવા જીવ પણ જો આત્માના સમ્યગ્દર્શનને પામે છે તે સુખી છે અને અહીં અબજોપતિ લાખ, લાખ, બે લાખ, પાંચ લાખની પેદાશ દિવસની દુઃખી છે બિચારા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કમાણીને કારણે?

ઉત્તર :- પૈસાને કારણે નહિ. પૈસા મારા અને અમે સુખી છીએ એવી કલ્પના મિથ્યા ભ્રાંતિની છે. આહા..હા..! કેમ હશે? એ છોકરા પાસે છેને. કોક તો મોટી-મોટી વાતું કરતા હતા તમારા છોકરાની. બે કરોડથી વધારે છે. ચાર કરોડ છે. કોઈ વાતું કરે તમને પણ ખબર ન હોય. તમને ક્યાં એ વાત કરતો હતો?

મુમુક્ષુ :- એ તો આપે સિદ્ધ કર્યું ભિન્ન પદાર્થ...

ઉત્તર :- અહીં તો કહે છે એ દર્શન, જ્ઞાન આદિ. અરે! કર્મના નિમિત્તથી, મોહ, રાગ, દ્વેષ એની દશામાં થાય. એથી પરિણામસહિત તે દેખાય છે. એ દેખાય છે એ પરિણામસહિત એ જૂઠું નથી. શું કીધું? દુઃખ ઓલાથી માને છે એ જૂઠું છે, પણ એ દુઃખના પરિણામ, મિથ્યાત્વના પરિણામ સહિત દેખાય છે એ જૂઠું નથી. પર્યાય પરિણામસહિત છે. દુઃખસહિત છે. આહા..હા..! કહો, વજુભાઈ! બધા પાણીવાળા, પૈસાવાળા, સામે એક જણે અર્થ કર્યો હતો. પૈસા. ભાઈએ. પૈસા. પ અને ઐસા. પંચ પરમેષ્ઠી એવા ઈસા નામ ઈશ્વર. પાંચ પરમેશ્વર એમાં આવી ગયા.

મુમુક્ષુ :- એ એક જાતનું ગાંડપણ છે.

ઉત્તર :- ગાંડપણ શું? મોટું પાગલપણું છે. આહા..હા..! ભૂતડા છે. પૈસામાં સુખી માને છે ભૂતડા છે. આહા..હા..! એક ધર્માત્માના ગજ ભગવાનના જુદા છે, અજ્ઞાનીના ગજ જુદા છે. એનું માપ જુદું અને પરમાત્માનું માપ જુદું છે. આહા..હા..! કહે છે. એવો પૈસાનો અર્થ કર્યો હતો. એ પ એટલે પાંચ, એસા એટલે પરમેશ્વર. પૈસા પરમેશ્વર. 'પૈસો મારો પરમેશ્વર અને હું પૈસાનો દાસ.' એમ આવે છેને કાંઈક આવે છે. કેમ હશે? આહા..હા..! આત્મા તો પ-પરમેશ્વરનો ઈશ્વર છે. પાંચ પરમેશ્વરની દશા આદિ શક્તિથી ભરેલો છે. એ પૈસાવાળો આત્મા છે. સમજાણું કાંઈ? એ ધૂળના પૈસાવાળો નથી એય..! તારો ભાઈ એમ કહેતો હતો હોં ઓલો નાનો. તારા લઈને એ બોલ્યો હતો પૈસા તો બધા ધૂળ છે. અશ્વિન-અશ્વિન આવ્યો છે કે નહિ? એ બોલતો હતો. પૈસા ધૂળ છે. અશ્વિન આવ્યો છે? એ. હા એ. પૈસા તો ધૂળ છે. ભાઈ ધૂળ કહે છેને. ક્યાં ગયા લાલજીભાઈ નથી? એ તમારો છોકરો કહેતો હતો બીજા નંબરનો. પૈસા તો ધૂળ છે કહે.

મુમુક્ષુ :- તમે આપ સૌને શીખવી દીધું.

ઉત્તર :- પણ એ તો માટી, પુદ્‌ગલ છે, અજીવ છે. એ અજીવ જીવના હોય? જડ જીવનું હોય? જડ જીવનું હોય તો જીવ અને જડ બે એક થઈ જાય છે. સુજાનમલજી! આહા..હા..! આ મોટા પૈસાવાળા દેખાય છેને. કરોડોપતિઓ અને અબજોપતિઓ મોટા-મોટા લ્યો! શું કહેવાય એ બધી ભાઈ પાર્ટી. પાર્ટી. ઓલા મોટી પાર્ટી એમ કહે છે. વાતું કરે. પાર્ટ હોયને તમારે મોટરના. આ પાર્ટી. મોટરના હોયને એ શું કહેવાય? પાર્ટ. એમ આ પાર્ટી મોટરના રખડવાના. મોટી પાર્ટી. આહા..હા..!

ભગવાન આત્મા કહે છે જુઓ અહીં પાંચ તે દેખાય છે. '**આ સૌ અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ વ્યવહાર નયનો વિષય છે.**' એવું સરસ લખ્યું છે. કે એ દ્રવ્યની પર્યાયમાં છે, માટે એને અશુદ્ધ દ્રવ્યાર્થિક કહેવામાં આવે છે. એમ. પરવસ્તુ એની દ્રવ્યની પર્યાયમાં નથી. આ તો છે. રાગ છે, અનેકતા છે, ગુણભેદ છે. અનેરા-અનેરી ગતિ પણ છે અને મોહ પણ છે. પાંચેય બોલ છે. આહા..હા..! એથી એને અશુદ્ધદ્રવ્યથી એ પર્યાયથી. એવો '**અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ વ્યવહાર...**' એમ ભાષા જુઓને. એવું પોતાનું પરિણમન છે એટલે અશુદ્ધ દ્રવ્યાર્થિક લીધું, પણ છે એ પર્યાય. પર્યાયમાં છે એ વ્યવહાર છે. આહા..હા..! '**એ દૃષ્ટિ (અપેક્ષા)થી જોવામાં આવે તો એ સર્વ સત્યાર્થ છે.**' સાચું છે. પર્યાયમાં છે. વેદાંતની જેમ એ પર્યાયમાં નથી એમ નથી. વેદાંત કહે કે આત્મા શુદ્ધ છે દ્રવ્યે, ગુણે અને બધી રીતે. એમ નથી. સમજાણું? ગુણભેદ છે. બધું ૧૧મી ગાથામાં આવી ગયું છે.

અહીં કહે છે. અહો..! એ પાંચ પ્રકારે પર્યાયમાં દેખાય છે. રાગવાળો, અનેકગતિવાળો, પર્યાયની હિનાધિકવાળો, ગુણભેદવાળો અને મોહવાળો. આહા..હા..! '**પરંતુ આત્માનો એક**

**સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો,...'** આહા..હા..! જુઓ. આહા..હા..! '**પરંતુ...**' આ દૃષ્ટિએ એક સ્વભાવ આત્માનો એકરૂપ ત્રિકાળ વસ્તુસ્થિતિ એકરૂપ સત્ મહાપ્રભુ આખો એ વ્યવહાર દૃષ્ટિથી અનુભવમાં આવતો નથી. એ નયથી ગ્રહણ નથી થતો. '**અને એક સ્વભાવને જાણ્યા વિના યથાર્થ આત્માને કેમ જાણી શકાય?**' આ વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! પાંચ પ્રકારની પર્યાયથી જોતાં એ છે. પણ એનો એક સ્વભાવ એ દૃષ્ટિથી જોવામાં આવતો નથી. અને એકરૂપ સ્વભાવ જાણ્યા વિના આત્મા જાણ્યો એમ કહી શકાય નહિ. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આવી. આવો ધર્મ કેવો! એ કહે છે કે મંદિર બનાવી દેવા બે-પાંચ, પચ્ચીસ-પચાસ લાખ ખર્ચવા, આમ વરઘોડા કાઢવા, હાથી હલાવવા. એ ક્યાં ચીજ તારી હતી સાંભળને. એ તો પર છે. આહા..હા..! સમજાણું કાંઈ? તારામાં થતી દશા અને તારું ત્રિકાળી સ્વરૂપ એનું અહીં વજન છે. સમજાણું કાંઈ? પરને જોતાં એક સ્વભાવ જાણવામાં આવતો નથી એમ ન કહ્યું. એ તો છે જ નહિ એમાં. પણ પર્યાયમાં આવા ભેદો જોતા અંશબુદ્ધિ થઈ જાય છે એની. આખો એકરૂપ સ્વભાવ દૃષ્ટિમાં આવે નહિ ત્યાં સુધી આત્મા આ જાણ્યો કહેવાય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અને એક સ્વભાવને જાણ્યા વિના...**' ખુબી અહીંયાં છે. એક સ્વભાવ. પાંચેયમાં હોં એક. '**યથાર્થ આત્માને...**' જોયું! યથાર્થ આત્મા. ઓલો પર્યાયરૂપી વ્યવહાર આત્મા છે. પણ આ '**યથાર્થ આત્માને કેમ જાણી શકાય?**' આહા..હા..! મારે પણ વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... આખી પર્યાયદૃષ્ટિને છોડી અને એકરૂપ સ્વભાવને જોવે, માને, અનુભવે ત્યારે એને સમ્યગ્દર્શન થાય, ત્યારે એની સાચી દૃષ્ટિ થઈ કહેવાય. નહિતર સાચી દૃષ્ટિ થઈ કહેવાય નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૧૪, શનિવાર, તા. ૧૫-૦૧-૧૯૭૨
## ગાથા-૧૪, પ્રવચન-૭૧

ભાવાર્થ ચાલે છે. ૧૪મી ગાથાનો ભાવાર્થ. થોડું ચાલ્યું છે. ફરીને લેવું પડશેને. અહીંયાં શું કહે છે? કે આત્મા જે આત્મા છે આત્મા એમાં બે પ્રકાર છે. વર્તમાન અવસ્થા, ગુણભેદ

વગેરે છે. તો એની દૃષ્ટિ કરવાથી આત્માનું વ્યાજબી, યથાર્થ સ્વરૂપ જણાતું નથી. યથાર્થ સ્વરૂપ જાણ્યા વિના સમ્યગ્દર્શન થતું નથી. તો કહે છે કે '**આત્મા પાંચ પ્રકારથી અનેકરૂપ દેખાય છે :-**' ભાવાર્થ છે. હિન્દી છે? હિન્દી પુસ્તક છે. આત્મા અવસ્થા વર્તમાન દૃષ્ટિથી વ્યવહારનયથી અથવા અશુદ્ધ દ્રવ્યાર્થિક નામ દ્રવ્ય જે ત્રિકાળી છે એ પોતાની પર્યાયમાં પાંચ પ્રકારે ભિન્ન-ભિન્નપણે દેખાય છે. '(૧) **અનાદિ કાળથી કર્મપુદ્ગલના સંબંધથી બંધાયેલો કર્મપુદ્ગલના સ્પર્શવાળો દેખાય છે,...**' કર્મના નિમિત્તના સંબંધમાં, નિમિત્તના સંબંધમાં દેખાય છે રાગાદિથી. એ પહેલો બોલ. એ વ્યવહારનયનો વિષય છે.

'(૨) **કર્મના નિમિત્તથી થતા નર, નારક આદિ પર્યાયોમાં...**' મનુષ્ય. આ શરીર નહિ. મનુષ્યગતિ, દેવગતિ, નારકગતિ, પશુગતિ એમ ભિન્ન-ભિન્ન ગતિપણે પર્યાયમાં, અવસ્થામાં દેખાય છે. '(૩) **શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ (અંશ) ઘટે પણ છે, વધે પણ છે--**' ગુણની વર્તમાન પર્યાયમાં, અવસ્થામાં, હિનાધિક અવસ્થા દેખાય છે. પર્યાય હીણી હોય, અધિક હોય એવી એકરૂપ દેખાય છે. વર્તમાન. '**એ વસ્તુનો સ્વભાવ છે...**' પર્યાયનો. વસ્તુ સ્વભાવનો અર્થ એ પર્યાય હોં. હિનાધિક થવું પર્યાયમાં, અવસ્થામાં થાય છે. એ છે. ચોથો. '(૪) **વળી તે દર્શન, જ્ઞાન આદિ અનેક ગુણોથી વિશેષરૂપ દેખાય છે...**' વસ્તુ એક હોવા છતાં પણ એ ગુણભેદમાં અનેકરૂપ દેખાય છે. દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર વગેરે. એવા ગુણભેદમાં પણ દેખાય છે. વર્તમાન પર્યાય દૃષ્ટિથી, વ્યવહારનયથી અથવા વર્તમાન દૃષ્ટિથી એવો ગુણભેદ દેખાય છે. '**અને (૫) કર્મના નિમિત્તથી થતા મોહ, રાગ દ્વેષ આદિ પરિણામો સહિત...**' કર્મના નિમિત્તના સંબંધમાં પોતાની પર્યાયમાં રાગ, દ્વેષ અને મોહના પરિણામ સહિત સુખ-દુઃખરૂપ આકુળતા દેખાય છે.

મુમુક્ષુ :- સુખ દેખાય છે ખરા.

ઉત્તર :- સુખ એટલે આ કલ્પના. સુખ હતું કે દિ'? ધૂળ. આ માને છેને દુનિયા. પૈસા હોય અનુકૂળ, સ્ત્રી હોય અનુકૂળ અમે સુખી એવી કલ્પના. સુખ દુનિયા માને એવી કલ્પના. છે તો દુઃખ. આહા..હા..! એવી સંસારી દુનિયા. અનુકૂળતા હોય તો એમ માને કે અમે સુખી છીએ. એ છે તો કલ્પના અને દુઃખ. પણ દુનિયા માને છે કે અમે સુખી છીએ. કોક કહેતું હતું સુખી છીએ. પૈસે ટકે સુખી છીએ એમ કહેતા હોય છેને? કહે એમાં ધૂળમાં મૂર્ખાઈ ભરેલા જીવ એને સુખી કહે. સમજાણું કાંઈ?

'**આ સૌ અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ...**' શું કહે છે? દ્રવ્ય જે ચીજ છે અનાદિ-અનંત એની પર્યાયમાં એ દ્રવ્ય એવું થાય છે. અવસ્થામાં એ દ્રવ્ય એવું પરિણમન કરે છે એ કારણે અશુદ્ધ દ્રવ્યાર્થિક કહેવામાં આવે છે, પણ છે એ વ્યવહારનયનો વિષય. પરની સાથે કોઈ સંબંધ નથી. એ તો સ્વતંત્ર પદાર્થ છે, શરીર, વાણી, મન, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ પરિવાર

એ તો પોતાની એક સમયની અવસ્થામાં પણ એ છે નહિ. આ તો પોતાની અવસ્થામાં જે ભેદ છે એનું અસ્તિત્વ દેખાડે છે. એ પરિણમન એ દ્રવ્યનું પોતાના અશુદ્ધ પરિણમનમાં ભેદરૂપ પોતાની પર્યાયમાં પોતાથી દેખાય છે. ભારે ધર્મ ભાઈ આવો. સમજાણું કાંઈ? 'આ સૌ...' પાંચ. કર્મના સંબંધમાં દેખાય છે, ભિન્ન-ભિન્ન અવસ્થા નારકી આદિ દેખાય છે અને પર્યાયમાં હિનાધિક અવસ્થા થાય છે એમ દેખાય છે અને દર્શન, જ્ઞાન ગુણ આદિ ભેદમાં દેખાય છે અને મોહ અને રાગ-દ્વેષની આકુળતા સહિત દેખાય છે. છે ખરી એની પર્યાયમાં એ. '**એ દૃષ્ટિ(અપેક્ષા)થી જોવામાં આવે તો એ સર્વ સત્યાર્થ છે.**' પર્યાયમાં, અવસ્થામાં આમ છે, એમ દેખાય તો એ સર્વ સત્યાર્થ છે. વ્યવહારનયથી એ વાત વિષય સત્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**પરંતુ આત્માનો એક સ્વભાવ...**' એકરૂપ ત્રિકાળી અભેદ ચૈતન્ય ભગવાન. આહા..હા..! '**આ નયથી ગ્રહણ નથી થતો,...**' અભેદ ગ્રહણમાં આવતો નથી. ઝીણો વિષય છે, ભાઈ! સમજાણું કાંઈ? એક સ્વરૂપ ભગવાન આત્મા ધ્રુવ ચૈતન્યબિંબ નિત્યાનંદ એવો સ્વભાવ એ પર્યાયદૃષ્ટિથી એ સ્વભાવ દેખાતો નથી. કેમકે એવી પર્યાયદૃષ્ટિ તો અનાદિની છે. આહા..હા..! અને એટલી પર્યાયદૃષ્ટિમાં ત્રિકાળી એકરૂપ સ્વભાવ, વસ્તુ ત્રિકાળી નિત્ય સત્ એ દૃષ્ટિથી, પર્યાયદૃષ્ટિથી દેખાતો નથી. પૈસા, બૈસા દેખાય છે, ડાલચંદજી દેખાય એ વાત તો અહીં છે જ નહિ. કેમકે તે તો પર્યાયમાં છે નહિ.

મુમુક્ષુ :- વ્યવહારનું કથન છે એ તો.

ઉત્તર :- એ પણ નહિ. એ વાત પણ નથી. અહીં તો પોતાની પર્યાયમાં એ છે નહિ તો એનું કથન પણ અહીંયાં નથી. આ તો પોતાની પર્યાયમાં ગુણભેદ, રાગ, મોહ આદિ છે એની દશામાં એ વ્યવહારનયનો વિષય અંશનું લક્ષ કરવું એ વ્યવહારનયનો વિષય છે. તો એ લક્ષમાં ત્રિકાળી જ્ઞાયકભાવ પૂરો આત્મા ધ્રુવ આત્મા, દ્રવ્યસ્વભાવ આત્મા, જ્ઞાયકભાવ આત્મા સદૃશ ચૈતન્ય આત્મા એક ભેદદૃષ્ટિથી દેખાતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**આત્માનો એક સ્વભાવ...**' એક સ્વભાવ. નિત્ય ધ્રુવ સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સ્વરૂપ એવી ચીજ પોતાની એ ભેદદૃષ્ટિથી દેખાતી નથી. '**અને એક સ્વભાવને જાણ્યા વિના...**' એકરૂપ ત્રિકાળી વસ્તુનું જ્ઞાન કર્યા વિના યથાર્થ આત્માનું જ્ઞાન થતું નથી. સમજાણું કાંઈ? એક અંશે જણાયો એ તો અયથાર્થ છે, વાસ્તવિક ત્રિકાળી આત્મા નથી. આહા..હા..! ભારે! '**આત્માનો એક સ્વભાવ...**' ભિન્ન-ભિન્ન ભાવની દૃષ્ટિથી એકરૂપ ત્રિકાળી સ્વભાવ અનુભવમાં, જ્ઞાનમાં આવતો નથી. એ કારણે '**એક સ્વભાવને જાણ્યા વિના...**' એકરૂપ ચૈતન્યદળ, આનંદકંદ, નિત્યાનંદ. એવો એકરૂપ ધ્રુવસ્વભાવ એને જાણ્યા વિના, એની દૃષ્ટિ વિના, એનું લક્ષ કર્યા વિના '**યથાર્થ આત્માને કેમ જાણી શકાય?**' એ પર્યાય યથાર્થ આત્મા નથી.

એ તો ઉપચારિક, વ્યવહારિક આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક સમયની અવસ્થામાં પર્યાય તો અંશ છે. રાગ-દ્વેષ-મોહ એ વિકારીભાવ છે. ગુણ-ગુણીનો ભેદ કરવો એ પણ વર્તમાન દૃષ્ટિનો વિષય છે. એ દૃષ્ટિમાં પૂર્ણ સ્વરૂપ જણાતું નથી અને પૂર્ણ યથાર્થ સ્વરૂપ જાણ્યા વિના આત્મા જાણ્યો એમ કહેવામાં આવતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય છે? હિન્દી થોડી થોડી આવડે છે હોં. બહુ હિન્દી સારી નથી. પણ કામ ચાલે છે. આહા..હા..!

અહીંયાં તો આ શરીરાદિ તો પર છે એની તો વાત અહીંયાં છે નહિ. શરીર, શરીરરૂપ થઈને રહ્યું છે. શરીર અજીવ થઈને રહ્યું છે અને સ્ત્રી, કુટુંબ, પરિવાર એનો આત્મા, એનો થઈને રહ્યો છે અને લક્ષ્મી આદિ જડરૂપ થઈને રહી છે. તો એ તો પોતાની પર્યાયમાં પણ નથી. હવે પોતાની પર્યાયમાં જે છે. રાગ-દ્વેષ-મોહ ભિન્ન-ભિન્ન ગતિ એ પોતાની પર્યાયમાં છે. તો એ પર્યાયમાં તો અંશ છે. એમાં એ દૃષ્ટિથી ત્રિકાળી વસ્તુ-દૃષ્ટિમાં આવતી નથી અને ત્રિકાળી દૃષ્ટિ, યથાર્થ દૃષ્ટિ આવ્યા વિના વાસ્તવિક ખરું ચૈતન્યનો સ્વભાવ જણાતો નથી. આહા..હા..! કહો, શેઠ! આ તો હિન્દી થયું. હિન્દીમાં તો સમજાય છે કે નહિ? હવે તમારે ગુજરાતી શીખી લેવું. ગુજરાતી અહીં બંગલો નાખ્યો તો તમે ગુજરાતી થઈ ગયા સોનગઢના. આહા..હા..!

પ્રભુ! કહે છે કે તારું યથાર્થસ્વરૂપ, અયથાર્થસ્વરૂપ. જે પર્યાય દેખાય એ તો પૂર્ણ નહિ, એ તો અયથાર્થ આત્મા છે એમ કહે છે. અયથાર્થ કહો, વ્યવહાર કહો, ઉપચારિક કહો, અંશ કહો. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા અણ ઉત્પન્ન અવિનાશી પૂર્ણ સ્વભાવ જેનો એ દૃષ્ટિ કર્યા વિના યથાર્થ આત્માનો અનુભવ, પ્રતીત આવતી નથી. આહા..હા..! '**યથાર્થ આત્માને કેમ જાણી શકાય? આ કારણે...**' આ કારણે. '**બીજા નયને—**' વર્તમાન પર્યાયનયથી બીજી દૃષ્ટિથી. વર્તમાન ભેદની દૃષ્ટિ, અનેકતાની દૃષ્ટિથી દેખાય છે એનાથી બીજી દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ભાઈ! તારા રસ્તા બહુ અલૌકિક છે. પહેલા સમજાય પણ નહિ, સાંભળવા ન મળે, સમજવામાં ન આવે તો એ તરફનો ઝુકાવ કરીને અનુભવ કેમ થાય? આ ચીજ તો આ છે. એ તો ભગવાન તીર્થંકરદેવના શ્રીમુખેથી આવી ચીજ કહી છે. આહા..હા..!

કહે છે. જુઓને જયચંદ પંડિતે પણ ચાલતી ભાષામાં કેટલું સરળ અને સહજ કરી દીધું છે. લોકો સ્વાધ્યાય કરતા નથી અને સ્વાધ્યાય કરે છે તો પોતાની દૃષ્ટિથી કરે છે. શાસ્ત્રને શું કહેવું છે? એવી દૃષ્ટિથી કરે તો તો એને પત્તો લાગે. આહા..હા..! આ તો એના હિતની વાત છે. આ કોઈ પક્ષની, વસ્તુસ્થિતિ એવી છે. ભગવાન! તારી પર્યાયમાં કર્મનો સંબંધ બંધ દેખાય એ કોઈ વાસ્તવિક તત્ત્વ છે? સંબંધ વિનાની ચીજ છે વસ્તુ. અને તારી ચીજમાં ગતિ આદિ ભિન્ન-ભિન્ન દેખાય. ગતિ હોં આમાં. શરીર નહિ. આ તો મનુષ્યદેહ

એ મનુષ્યગતિ નથી. આ દેહ એ મનુષ્ય ગતિ નથી. આ તો જડ છે. જડમાં ગતિ ક્યાંથી આવી? ગતિ તો એની પર્યાયમાં ગતિયોગ મનુષ્યપણું, દેવની યોગ્યતા જે ગતિ છે એ ગતિ એની પર્યાયમાં છે. પણ એ પર્યાયમાં છે એટલામાત્રથી ત્રિકાળી ચીજ દૃષ્ટિમાં આવતી નથી અને ત્રિકાળી ચીજ દૃષ્ટિ આવ્યા વિના આત્માનો યથાર્થ અનુભવ થતો નથી. એટલે સમ્યગ્દર્શન થતું નથી. એમ કહે છે. આહા..હા..! આ તો લોજિકથી, ન્યાયથી વાત છે. આમાં કાંઈ કોઈ એવું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તેના પ્રતિપક્ષી...**' કોના? એ વ્યવહારનયના અશુદ્ધ દ્રવ્યાર્થિકની પર્યાય એ વિષય વ્યવહારનયનો વર્તમાન નયનો વિષય છે. તો '**તેના પ્રતિપક્ષી શુદ્ધદ્રવ્યાર્થિક નયને—**' ત્રિકાળી ભગવાન શુદ્ધ ચૈતન્યપિંડ આનંદનો કંદ એવું દેખનારી નય એને શુદ્ધદ્રવ્યાર્થિક કહે છે. શુદ્ધ દ્રવ્ય ત્રિકાળી એ અર્થી એનું જેને પ્રયોજન છે. એવું નય નામ જ્ઞાન. '**શુદ્ધદ્રવ્યાર્થિક નયને—**' ત્રિકાળી ભગવાન આત્મા નિત્ય અવિનાશી એવું જે જ્ઞાનનું પ્રયોજન છે એવી '**શુદ્ધદ્રવ્યાર્થિક નયને—ગ્રહણ કરી,...**' એને જાણીને '**એક અસાધારણ જ્ઞાયકમાત્ર...**' એક અસાધારણ બીજું કાંઈ છે નહિ. અસાધારણ. એક જ્ઞાયક. જ્ઞાયકભાવ એવો આત્મા. જ્ઞાયકભાવ ત્રિકાળી એવો આત્મા. પર્યાયભાવ વ્યવહાર આત્મા. એ યથાર્થ આત્મા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**એક અસાધારણ...**' પોતામાં જ છે. બીજો એનો ભાગ છે નહિ. એકરૂપ ભગવાન જ્ઞાયકભાવ. અહીંયાં ભાવ લીધો છે હોં! એ પર્યાયઅંશરૂપ ભાવ અને આ જ્ઞાયકભાવ ત્રિકાળભાવ. '**એક અસાધારણ જ્ઞાયકમાત્ર...**' જ્ઞાયકમાત્ર. જાણનમાત્ર, જાણનશક્તિ સ્વભાવમાત્ર. આત્માનો જ્ઞાયકભાવ એવો આત્માનો ભાવ એવો આત્માનો ભાવ લઈને. સમજાણું કાંઈ? વર્તમાન પર્યાયની દૃષ્ટિમાં પૂર્ણ આત્મા દેખાતો નથી, એ કારણે પર્યાયનયના વિષયે અથવા પર્યાય નયથી અનેરી દૃષ્ટિ કરાવવા શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી એક અસાધારણ જ્ઞાયકભાવ, જ્ઞાયકભાવ એવો જે આત્માનો ભાવ એ ત્રિકાળી ભાવ આત્માનો. સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

શું કહ્યું? આવો ધર્મ. આવી વાત કહે છે. અજાણ્યાને ગ્રીક-લેટિન જેવું લાગે. શું છે આ? ધર્મ આવો? દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા, પૂજા કરવી, જાત્રા એ તો સમજાય છે. આ કેવો ધર્મ? આહા..હા..! અરે ભાઈ! એ તો શુભવિકલ્પ હોય તો એવી દૃષ્ટિએ વ્યવહારનયે જણાય છે. એ કોઈ ચીજ પોતાની નથી. પૂજા, ભક્તિ, દયા એ તો વિકલ્પ છે અને રાગ છે એ કાંઈ પોતાનો સ્વભાવ નથી. અને પોતાના ત્રિકાળમાં એ ચીજ નથી અને ત્રિકાળમાં નથી એને પોતાની માનવી એ તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? તો કહે છે '**જ્ઞાયકમાત્ર આત્માનો ભાવ...**' એમ. એક જાણન... જાણન... જાણન... જાણન... સ્વભાવભાવ એ જ્ઞાયકમાત્ર એમ. માત્ર એટલે બીજો ભાવ નહિ. અંદરમાં જ્ઞાયકમાં અનંતગુણ

સાથે હોય, પણ જ્ઞાયકમાત્રમાં રાગ નહિ, ભેદ નહિ, પર્યાય નહિ, ગતિ નહિ. એવો જ્ઞાયકમાત્ર આત્માનો ભાવ. આત્માનો ત્રિકાળી ભાવ લઈને **'તેને શુદ્ધનયની દૃષ્ટિથી...'** શુદ્ધનયની દૃષ્ટિથી, શુદ્ધ દ્રવ્યને શુદ્ધનયની દૃષ્ટિથી. આવી વાત.

**'સર્વ પરદ્રવ્યોથી ભિન્ન,...'** પહેલા કહ્યું હતુંને ઓલો કર્મસંબંધ. એમાં કોઈ સંબંધ જ નથી. આહા..હા..! **'સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, સર્વ પર્યાયોમાં એકાકાર,...'** દરેક પર્યાય અવસ્થામાં એકરૂપ ત્રિકાળ. એકરૂપ ત્રિકાળ આત્મા એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. **'સર્વ પર્યાયોમાં એકાકાર,...'** આ ગતિ આદિ, રાગાદિ દરેક પર્યાયમાં એકાકાર જ્ઞાયકભાવ ભિન્ન. **'હાનિવૃદ્ધિથી રહિત,...'** એક સમયની પર્યાયમાં હિનાધિકદશા થાય છે એનાથી રહિત એકાકાર સ્વભાવને શુદ્ધનયથી દેખાડવામાં આવ્યો છે. આહા..હા..! **'વિશેષોથી રહિત...'** એ ગુણી અને એમાં જ્ઞાન ને દર્શન ને એવો ભેદ ગુણભેદ એવા **'વિશેષોથી રહિત...'** એકલો સામાન્ય ભાવ ત્રિકાળ એક. **'અને નૈમિત્તિક ભાવોથી રહિત...'** હિન્દીમાં રહિત રહી ગયું છે. ગુજરાતીમાં છે. આમાં રહી ગયું છે. નૈમિત્તિક ભાવ. નૈમિત્તિક એટલે? કર્મના નિમિત્તના સંબંધે થનારા મિથ્યાત્વ રાગ અને દ્વેષ એ નૈમિત્તિક ભાવ એની પર્યાયમાં છે એને નૈમિત્તિક કહેવામાં આવે છે. એવા **'ભાવોથી રહિત જોવામાં આવે...'** અંતરમાં જોવામાં આવે, અતંર્મુખ થઈને આવો સ્વભાવ જોવામાં આવે **'તો સર્વ (પાંચ) ભાવોથી જે અનેકપ્રકારપણું છે...'** પાંચ ભાવ જે પહેલા કહ્યા એમાં અનેકતા દેખાણી તે એકરૂપ સ્વભાવની દૃષ્ટિ કરવાથી પાંચભાવનો અભૂતાર્થ, અસત્યાર્થ થઈ જાય છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

વ્યવહારદૃષ્ટિથી એની અવસ્થાના અસ્તિત્વમાં એ ભેદ છે, રાગ છે, સંબંધ છે, પણ એ દૃષ્ટિથી તો પૂરો આત્મા દૃષ્ટિમાં આવતો નથી. તો શુદ્ધનયથી એનો જ્ઞાયકમાત્ર આત્માનો એક સ્વભાવભાવરૂપ તેને ગ્રહણ કરતાં **'સર્વ (પાંચ)ભાવોથી...'** રહિત છે એવું જે અનેકપ્રકારપણું જે દેખાય છે તે જૂઠી છે. અંદરમાં એ પાંચ ભાવ છે નહિ. સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન. આહા..હા..! એનો વિષય સામાન્ય સ્વભાવ ધ્રુવ એકરૂપ છે. એવી દૃષ્ટિમાં પાંચ ભાવની અનેકતા જૂઠી દેખાય છે. એમાં છે નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! પરને જોવું અને પરને માનવું એ વાત તો અહીંયાં છે નહિ. આ તો પોતાની અવસ્થામાં જે અનેકતા આદિ દેખાય છે એનું લક્ષ છોડીને ત્રિકાળી જ્ઞાયકમાત્ર ભાવ પોતાનું સ્વરૂપ એ દૃષ્ટિ કરતાં એ પાંચ ભાવ જૂઠા દેખાય છે. એટલે કે એમાં છે નહિ. આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ?

**'(પાંચ) ભાવોથી જે અનેકપ્રકારપણું છે તે...'** એક પ્રકારના સ્વભાવની દૃષ્ટિમાં અસત્ય, જૂઠો છે, અસત્યાર્થ છે, અભૂતાર્થ છે. પર્યાયદૃષ્ટિમાં ભૂતાર્થ છે. છે. પણ સ્વભાવ

દૃષ્ટિ કરતાં એ એમાં છે (નહિ). આ એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આ તો ધર્મની પહેલી સીઢી, ધર્મની પ્રથમદશા ભગવાન ત્રિલોકનાથ પરમાત્માની ધર્મની પહેલી શ્રેણી એને પહેલી શ્રેણી કહે છે. એ વિના વ્રત અને તપ ને જપ કરે એ બધું અજ્ઞાનમાં જાય છે. સમજાણું કાંઈ? એ તો વિકલ્પ છે, એ તો પર્યાયનયનો વિષય છે અને એનાથી લાભ માનવો એ તો મિથ્યાત્વમાં જાય છે. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ? સાદી ભાષામાં સ્પષ્ટ કર્યું. પર્યાયથી જુઓ તો પાંચ ભાવ છે. વસ્તુની અંતર દૃષ્ટિથી જુઓ તો એમાં છે નહિ. આ સ્યાદ્વાદ કર્યું. છે, નથી. સમજાણું કાંઈ? પર્યાયના અસ્તિત્વમાં પાંચ પ્રકાર હોય, છે, પણ એનાથી એકરૂપ ચૈતન્ય ભગવાન એનું સામાન્યરૂપ એક સ્વભાવભાવરૂપ એને જોતાં એ પર્યાયદૃષ્ટિથી જોવામાં આવતો નથી. તો અંતર દૃષ્ટિ કરવાથી શુદ્ધનયનો વિષય પૂર્ણ ધ્રુવ એના ઉપર દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે તો એ દૃષ્ટિના વિષયની અપેક્ષાએ અવસ્થાદૃષ્ટિના પાંચ બોલ જૂઠા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જેમ પોતાની અપેક્ષાએ, આત્માની અપેક્ષાએ શરીરાદિ અવસ્તુ છે. પોતાની અપેક્ષાએ વસ્તુ છે એ? સવારમાં આવ્યું હતું નહિ? કાંઈ નથી. સમયસાર .. કાંઈ નથી. અર્થાત્ જેમ પોતાનો આત્મા છે, ભલે દ્રવ્ય-ગુણ-પર્યાય સર્વ. તો એ અપેક્ષાએ શુદ્ધ આત્મા છે અને પોતાની અપેક્ષાએ શરીર, વાણી, જગત આખી દુનિયા નથી. કેમકે એની અપેક્ષાએ હોય તો બેય એક થઈ જાય. સમજાણું કાંઈ? પોતાની અપેક્ષાએ તો પોતાનો આત્મા જ છે. પોતાની અપેક્ષાએ તો પોતાનો આત્મા સિવાય અનંત આત્માઓ સિદ્ધ, ગુરુ બધા અવસ્તુ છે. પોતાના દ્રવ્યની અપેક્ષાએ તો બધી ચીજ અદ્રવ્ય છે. કઈ? પોતા સિવાય સર્વ દ્રવ્ય. સ્વદ્રવ્યની અપેક્ષાએ બીજું દ્રવ્ય અદ્રવ્ય છે. સ્વક્ષેત્રની અપેક્ષાએ બીજું અક્ષેત્ર છે. સ્વકાળની અપેક્ષાએ બીજી ચીજ અકાળ એટલે આ કાળ નથી એવી છે. સ્વભાવની અપેક્ષાએ બીજો અભાવ છે. એ પરની સાથે કર્યું. હવે પોતામાં. પર્યાય પર્યાયમાં છે, પણ પોતાના ત્રિકાળી દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિમાં એ છે નહિ. એ અવસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાત ઝીણી પડેને માણસને. પછી લોકોએ બીજો રસ્તો લઈ લીધો. પહેલી સમજ તો કરે. આ વસ્તુ એવી છે. સમજમાં લીધા વિના અંતર્મુખનો પ્રયોગ સત્ય જ્ઞાન વિના કરી શકતા નથી. થઈ શકતું નથી. કેમકે સત્ય એવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ વસ્તુની દૃષ્ટિ કરતાં એકરૂપ સ્વભાવની દૃષ્ટિ કરતાં દૃષ્ટિમાં અને દૃષ્ટિના વિષયમાં પાંચેય બોલ નથી. દૃષ્ટિમાં નથી અને દૃષ્ટિના વિષયમાં પણ નથી. દૃષ્ટિ તો સમ્યગ્દર્શન છે. એમાં ભેદબેદ ક્યાં છે? ભેદથી તો ભિન્ન છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

'**અહીંયાં એમ જાણવું કે...**' બીજો પેરેગ્રાફ. એક પેરેગ્રાફ થઈ ગયો. આહા..હા..! '**કે વસ્તુનું સ્વરૂપ અનંત ધર્માત્મક છે,...**' શું કહે છે? કે એ સમજવું જોઈએ કે વસ્તુ

જે આત્મા છે એમાં તો અનંત ધર્મ ધારી રાખે એવા અનંત ધર્મ છે. સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયસહિત. સમજાણું કાંઈ? **'તે સ્યાદ્વાદથી યથાર્થ સિદ્ધ થાય છે.'** અપેક્ષા નયે એ અનંત ધર્મ એમાં છે એવી સિદ્ધિ થતી નથી. આત્મા પણ અનંત ધર્મવાળો છે. એ સામાન્ય પહેલી વાત કરી હતી. હવે આત્મા પણ અનંત ધર્મવાળો. આત્મામાં અનંત ધર્મ છે. ધર્મ નામ એમાં રહેલો ભાવ, ગુણ, પર્યાય બધો એનો ધર્મ છે. સમજાણું કાંઈ? **'અનંત ધર્મવાળો છે. તેના કેટલાક ધર્મ તો સ્વાભાવિક છે...'** જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ એનો તો સ્વભાવિક ધર્મ છે. સમજાણું કાંઈ? **'અને કેટલાક પુદ્‌ગલના સંયોગથી થાય છે.'** પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, દયા-દાન આદિ ભાવ એ કોઈ સ્વભાવિકભાવ નથી. એ તો નિમિત્તના સંબંધમાં ઉપાધિભાવ ઉત્પન્ન થાય છે. આહા..હા..! **'તેના કેટલાક ધર્મ...'** પોતામાં રહેનારા **'સ્વભાવિક છે અને કેટલાક પુદ્‌ગલના સંયોગથી થાય છે.'** શુભ-અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ વિકલ્પ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ વાસના એ પુદ્‌ગલના સંબંધથી પોતાની પર્યાયમાં છે. પોતાની પર્યાયમાં છે. ધર્મ છેને એનો? એને ધારી રાખ્યો છે. ધારી નામ એનાથી ટક્યો છે. કર્મથી ટક્યો છે એમ નથી. શું કહ્યું? એ ધર્મ એટલે ધારી રાખવું. પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય જ્ઞાન, દર્શન, આનંદ આદિ પણ એનો ધર્મ અને એની પર્યાયમાં વિકારીભાવ થાય છે એ પણ એનો ધર્મ. પણ એ ઉપાધિભાવરૂપ એ એનો ધર્મ. ધર્મ નામ ધર્મ આ કલ્યાણ અને સંવર, નિર્જરા એ વાત અહીંયાં નથી. ધર્મ નામ એમાં રહેનારા ભાવને ધર્મ કહે છે. વિકારને પણ એના ધર્મે ધારી રાખ્યો છે. એ પુણ્ય-પાપ કોઈ કર્મમાં અને જડમાં છે એમ નથી. સમજાણું કાંઈ?

**'તેમનાથી તો આત્માને સંસારની પ્રવૃત્તિ થાય છે...'** જે કર્મના સંયોગે થાય છે. જુઓ, કર્મનું નિમિત્ત એના સંબંધે જે કાંઈ પુણ્ય-પાપ આદિ ભાવ થાય એનાથી તો સંસારી પ્રવૃત્તિ થાય છે. કારણ કે એ સંસાર પ્રવૃત્તિભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે જુઓ, કર્મના સંયોગે થયેલા ભાવ શુભ અને અશુભ, પુણ્ય અને પાપ, વ્રત-અવ્રતનો વિકલ્પ એ તો કર્મના સંયોગે થાય છે એમાં, પણ એમાં ઉપાધિભાવ છે. ઉપાધિભાવ એમાં છે પર્યાયમાં. આહા..હા..! આ **'તેમનાથી તો આત્માને સંસારની પ્રવૃત્તિ થાય છે...'** પુણ્ય-પાપ તો સંસારી પ્રવૃત્તિ છે. પોતાના સ્વભાવથી સંસરણ ઈતિ સંસારઃ. પોતાના ત્રિકાળ શુદ્ધમાંથી સંસરણ હટીને પુણ્ય-પાપમાં આવ્યો એ સંસારી પ્રવૃત્તિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એ ધર્મ ધારી તો એણે રાખ્યો છે પર્યાયમાં અને એ ભાવથી તો સંસારની પ્રવૃત્તિ થાય છે. પુણ્ય-પાપની પ્રવૃત્તિ તો બંધની પ્રવૃત્તિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને તે સંબંધી સુખ-દુઃખ આદિ થાય છે તેમને ભોગવે છે.'** ભગવાન આત્મામાં કર્મના નિમિત્તથી નૈમિત્તિક પોતાથી જે પુણ્ય-પાપભાવ થાય છે એની પ્રવૃત્તિ કરતાં એમાં

મિથ્યાત્વભાવ છે, સંસારભાવ છે અને તે સંબંધી સુખ-દુઃખ આદિ ભોગવે છે. પુણ્ય-પાપની આકુળતા કરે છે અને ફળરૂપ સુખ-દુઃખની કલ્પના ભોગવે છે. એ સંસાર છે. એ ઉદયભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સંસારની પ્રવૃત્તિ થાય છે...**' સંસારની પ્રવૃત્તિનો અર્થ? શરીરની ક્રિયા અને બહારની પ્રવૃત્તિ થાય એ નહિ. સંસારનો ધંધો થાય છે. કહો, કરણભાઈ! શુભાશુભભાવથી શેરબજારમાં ધકાધક ચાલે અને બોલે એમ નહિ, એવું નહિ. એ તો જડની પ્રવૃત્તિ છે. એમાં શુભ અને અશુભભાવ એ સંસાર પ્રવૃત્તિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનાથી આત્મા સુખ-દુઃખની કલ્પનાથી દુઃખ ભોગવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- સુખ...

ઉત્તર :- એ દુઃખ જ છે સુખ-દુઃખ બેય. આકુળતા છેને. લોકો કહે છે એ આ સમજાવ્યું છે. આહા..હા..!

'**એ, આ આત્માને અનાદિ અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ છે;...**' જુઓ, એવી બુદ્ધિ તો અનાદિથી છે કહે છે. આહા..હા..! પોતાનો ત્રિકાળી ભગવાન જ્ઞાયક આનંદ ધ્રુવસ્વભાવને ભૂલીને પર્યાયમાં, અવસ્થામાં કર્મના નિમિત્તના સંગમાં, નૈમિત્તિક પોતાની પર્યાયમાં, પુણ્ય અને પાપ, શુભ અને અશુભ મિથ્યાત્વ આદિ ભાવ થાય છે એ તો સંસારિક પ્રવૃત્તિ પરિણામની વિકારી પ્રવૃત્તિ છે. એની કલ્પનાથી સુખ-દુઃખ ભોગવે છે. એ પર્યાયબુદ્ધિ તો અનાદિની છે. એમ કહે છે. એવું તો અનાદિથી નિગોદથી ચાલ્યું આવે છે. આહા..હા..! નિગોદ સમજ્યાને? નિત્યનિગોદ છેને. એમાં ચાલી જાય છે. '**એ, આ આત્માની અનાદિ અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ છે;...**' જુઓ, એક સમયમાં પુણ્ય-પાપનું હોવું અને એ સુખ-દુઃખને ભોગવવા એ તો પર્યાયબુદ્ધિ છે, અંશબુદ્ધિ છે. એમાં ત્રિકાળ આવ્યું નથી. આહા..હા..! પર્યાય અંશ જેટલો આત્માને માનવો અને એટલો જ એમ માનવો એ તો મિથ્યાબુદ્ધિ, પર્યાયબુદ્ધિ છે. એ અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ છે. અનાદિકાલિન પર્યાયબુદ્ધિ છે. એ કાંઈ નવી થઈ (નથી), ત્રિકાળી શુદ્ધ હોવા છતાં પણ એવી અનાદિ કાલિન અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ છે. નવી થઈ છે એમ છે નહિ. શું કહ્યું એ? ભાઈ! આત્મા તો શુદ્ધ આનંદકંદ ધ્રુવ ચૈતન્ય આનંદ છે. એવો ભાવ ક્યાંથી આવ્યો પુણ્ય અને પાપ? નવો ઊપજ્યો? કહે ના. એ ચીજ પણ અનાદિથી છે અને એવી બુદ્ધિ પર્યાયમાં છે એ પણ અનાદિથી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એનાથી અનાદિ-અનંત. એનાથી એટલે એ આત્માને વર્તમાન પુણ્ય-પાપની પ્રવૃત્તિમાં કર્તાબુદ્ધિ અથવા પોતાનું એ અસ્તિત્વ છે. અહીંયાં અસ્તિત્વ જીવની વાત છેને. પોતાના અસ્તિત્વમાં એ છે એમ માનીને એની પ્રવૃત્તિ કરે છે એને સંસારિક સુખ-દુઃખની કલ્પના ભોગવે છે. આહા..હા..! શુભ-અશુભ કરે છે તો શુભ-અશુભનું ફળ હરખ-શોક ભોગવે છે. બસ એ તો સંસારબુદ્ધિ અનાદિની છે. નિગોદમાં પણ પુણ્ય અને પાપ ક્ષણે ક્ષણે થાય

છે. કદી નિગોદથી મનુષ્ય થયો નથી એવા અનંત જીવ નિગોદમાં પડ્યા છે. એને પણ એક ક્ષણમાં પુણ્ય, બીજામાં પાપ, ત્રીજામાં પુણ્ય, પછી પાચ એવી વાત અનાદિથી ચાલી આવે છે. ત્યાં તો પુણ્ય ક્યાંથી હોય? દાન નથી, પૂજા નથી, ભક્તિ નથી, પુણ્ય ક્યાંથી હોય? હવે પૂજા દાનનું શું કામ છે ત્યાં? પોતાના પરિણામમાં રાગની મંદતાનો શુભભાવ નિગોદમાં પણ એક ક્ષણમાં શાતા બાંધે, બીજા ક્ષણે અશાતા. એવો પાઠ શાસ્ત્રમાં છે. તો એક ક્ષણમાં શાતા બાંધે તો શુભભાવ છે, બીજા ક્ષણે અશાતાભાવ બાંધે તો રાગભાવ છે, ત્રીજે ક્ષણે શાતા બાંધે તો શુભ છે, ચોથે ક્ષણે અશાતા બાંધે અશુભ છે. એવી પ્રવાહબુદ્ધિ અનાદિથી ચાલી આવે છે. આહા..હા..! અહીં તો કહે છે કે પુણ્ય કરવા અને પુણ્યને ભોગવવા એ નવી ચીજ નથી એમ કહે છે. એ તો અનાદિથી ચાલી આવે છે. નિગોદમાં પણ એ છે. આહા..હા..!

**'એ, આ આત્માને અનાદિ અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ છે;...'** એમ ન કહ્યું કે કર્મને કારણે પર્યાયબુદ્ધિ છે.

મુમુક્ષુ :- કારણમાં દીઠ્યું નથી.

ઉત્તર :- દીઠું નથી છે પણ નહિ. નિમિત્ત હોય તો હોય. પણ અહીંયાં કરે છે તો નિમિત્ત કહેવાય છેને? સમજાણું કાંઈ? આહા..હા..! એમ તો કહ્યું કે કર્મના નિમિત્તે થયું. એ તો નિમિત્તથી થયું એનો અર્થ કે સ્વભાવથી નથી થયું. નિમિત્તના સંબંધમાં પોતાની પર્યાયમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ થયો એને પોતાનો માનીને કર્યું અને એને ભોગવે એ બુદ્ધિ તો અનાદિકાળથી છે. સમજાણું કાંઈ?

એને **'અનાદિઅનંત એક આત્માનું જ્ઞાન તેને નથી.'** અનાદિ-અનંત એકસ્વરૂપ ભગવાન. એવું જ્ઞાન અજ્ઞાનીને પર્યાયબુદ્ધિમાં રહેનારને અજ્ઞાનથી રાગ-દ્વેષને પોતાના માનીને સુખ-દુઃખ ભોગવે છે. ત્રિકાળી ભગવાન આત્મા ધ્રુવ નિત્યાનંદ એક સમયનો અંશ તો અનંતાઅનંત કાળને હિસાબે અનંતમા ભાગે, અનંતમાભાગે એક સમયની દશા છે. તો એ દશા બુદ્ધિવાળાને અનાદિ-અનંત એક આત્માનું જ્ઞાન થતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! **'તેમાં...'** તેને એટલે આ પર્યાયબુદ્ધિવાળાને. અનાદિકાળથી અજ્ઞાનથી રાગ-દ્વેષ કરે છે અને રાગ-દ્વેષ ભોગવે છે અથવા જીવના અસ્તિત્વમાં માનીને એની પ્રવૃત્તિ થાય છે અને એને સુખ-દુઃખની કલ્પના પણ ભોગવે છે. તેમાં અનાદિ-અનંત ભગવાન આત્મા નિત્યાનંદ, સહજાનંદ મૂર્તિ પ્રભુ જેની શરૂઆત નહિ, ઉત્પત્તિ નહિ અને જેનો અંત નામ નાશ નથી. એવા અનાદિ-અનંત એક આત્મા. એનું જ્ઞાન નથી. અનાદિ-અનંત એક આત્માનું જ્ઞાન નથી. મિથ્યાજ્ઞાન છે. આહા..હા..!

**'તે બતાવનાર સર્વજ્ઞનું આગમ છે.'** જુઓ, **'અનાદિઅનંત એક આત્માનું જ્ઞાન તેને નથી.'** એવા જીવને **'તે બતાવનાર સર્વજ્ઞનું આગમ છે.'** સર્વજ્ઞના આગમ સિવાય

આવી અનાદિ-અનંત ચીજ કોઈએ દેખી નથી અને કોઈએ કહી નથી. આહા..હા..! જેના જ્ઞાનમાં સર્વજ્ઞ. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પોતાની પર્યાય જાણે, એ પર્યાયમાં એ લોકાલોક જણાય જાય છે. એવી એક સમયની પર્યાય એણે કહેલું આગમ. કારણ કે એણે ત્રણકાળ, ત્રણલોક જોયો તો એને અનાદિ-અનંત એક આત્માનો ભાવ સર્વજ્ઞના આગમમાં કહેવામાં આવ્યો છે. અનાદિ અજ્ઞાની આત્મા આત્મા કરે છે સર્વજ્ઞ સિવાય એ તો આત્મા જાણ્યા વિના કરે છે તો એને અનાદિ-અનંતનું ભાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલા સર્વજ્ઞ સિદ્ધ કર્યા છે. ભગવાન આત્મા, આત્મા સર્વજ્ઞ શક્તિવાળું સત્ત્વ છે. પોતામાં સર્વજ્ઞ શક્તિ પડી છે. અનાદિથી. સર્વજ્ઞ શક્તિ નામનો ગુણ છે. અનંતગુણમાં એ ગુણ છે. તો એ ગુણના અંતર અવલંબને જેને પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટ્યું એની જે વાણી નીકળે એને આગમ કહે છે. એ સર્વજ્ઞનું આગમ. અજ્ઞાનીના આગમ, કલ્પનાના આગમ એ આગમ નથી. એવું અનાદિ-અનંત જોયું નથી, જાણ્યું નથી, એને કહે એ આગમ નથી અને એ સર્વજ્ઞ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

જેના મતમાં સર્વજ્ઞપણું નથી એના મતમાં અભિપ્રાય એના આગમ સાચા નથી. અનાદિ-આદિ નહિ... આદિ નહિ... આદિ નહિ... ત્યારે એમ કહે કેટલાક કે આદિ નહિ એટલું ન જાણ્યું એટલા તો અપૂર્ણ રહ્યાને. ગજબ વાત છે. પણ છે નહિ આદિ એમાં નથી એમ જોયું. છે તો છે. અનાદિથી છે... છે... છે... અહીં તો ભગવાને આદિ ન જોયું? પણ આદિ હોય ત્યારે દેખેને. વસ્તુ જ અનાદિ છે. સમજાણું કાંઈ? જેવું છે એવું જોયું અને ઈચ્છા વિના વાણી નીકળી. એ સર્વજ્ઞ અનુસારિણી વાણી છે. આગમવાણી સર્વજ્ઞને અનુસારિણી વાણી છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ આવે છેને બીજામાં. વાણી પણ પૂજ્ય.. સર્વજ્ઞ ભગવાન એક સમયમાં ચૈતન્ય પ્રકાશ જેને પૂર્ણ પ્રગટ્યું એ જ્ઞાનમાં નિમિત્ત છે. વાણી વાણીથી નિમિત્ત છે. નિમિત્તને અનુસરનારી વાણી પોતામાં પૂર્ણ સ્વપર કહેવાની તાકાત એ સર્વજ્ઞ અનુસારિણી વાણીને પણ અહીંયાં પૂજ્ય કહેવામાં આવી છે. વ્યવહારે પૂજ્ય છેને. સમજાણું કાંઈ? એ સર્વજ્ઞના આગમમાં, એ બતાવનાર સર્વજ્ઞનું આગમ છે. આ સિદ્ધ કર્યું. એક તો સર્વજ્ઞ એણે કહેલું આગમ. એણે કહેલું અનાદિ-અનંત આત્મા એ સાચો છે. અજ્ઞાની પોતાની કલ્પનાથી આત્મા છે અને આવો છે અને અનાદિ છે અને ધ્રુવ છે. જાણ્યા વિના તે ક્યાંથી કહ્યું? અને સર્વજ્ઞ એ જ આત્મા અનાદિ-અનંત છે એમ જાણે છે. આહા..હા..!

એમાં, સર્વજ્ઞના આગમમાં. આગમે બતાવ્યું અનાદિ અનંત. એ આગમમાં. કઈ રીતે બતાવ્યું એમ કહે છે. '**તેમાં શુદ્ધદ્રવ્યાર્થિક નયથી** એ બતાવ્યું છે...' શુદ્ધ દ્રવ્ય ત્રિકાળી નયનું જ્ઞાન કરાવ્યું એણે એ કહ્યું '**કે આત્માનો એક અસાધારણ ચૈતન્યભાવ** છે...' ભગવાન આત્માનો અનાદિ-અનંત એક ચૈતન્યભાવ, જ્ઞાયકભાવ અનાદિ-અનંત છે. એ સર્વજ્ઞના આગમમાં

બતાવ્યું. સમજાણું કાંઈ? '**તેમાં શુદ્ધદ્રવ્યાર્થિક નયથી...**' ત્રિકાળી દ્રવ્યનું જ્ઞાન કરાવનારી નય એ દૃષ્ટિથી ભગવાને આગમમાં. આગમમાં. '**કે આત્માનો એક અસાધારણ ચૈતન્યભાવ છે...**' આહા..હા..! ભગવાનનો ચૈતન્યસ્વભાવભાવ એક અનાદિ-અનંત છે. સમજાણું કાંઈ? આત્મા ન કહ્યો, આત્માનો ભાવ એવો છે એમ કહ્યું. ભાઈ! પર્યાય પણ ભાવ અને આ પણ ભાવ એમ બે બતાવ્યું. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક અસાધારણ જે પોતામાં જ ત્રિકાળી જ્ઞાયકભાવ છે એવો જોકે '**તે અખંડ છે,...**' એક અસાધારણ ચૈતન્યભાવ જે છે ધ્રુવ એ અખંડ છે, ભેદ નથી. મતિ, શ્રુત આદિ છે એ તો ભેદ છે. કેવળજ્ઞાન પણ ગુણની પર્યાયનો ભેદ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાનના આગમમાં એમ આવ્યું કે '**અસાધારણ ચૈતન્યભાવ છે તે...**' એમ. એ એક અસાધારણ ચૈતન્યભાવ સ્વભાવભાવ ત્રિકાળી ભાવ છે '**તે અખંડ છે, નિત્ય છે, અનાદિનિધન છે.**' અનાદિનિધન એટલે અણ આદિ અને અ નિધન. આદિ નહિ અને અંત નહિ. નિધન એટલે અંત નહિ. અણ આદિ અને અણ નિધન. છેને? અનાદિનિધન એટલે શું? પણ નિધન છેને? નિધનનો શું અર્થ થયો? અ-અણાદિ અને અ-નિધન એમ. અનાદિનિધન કહ્યું. અ-આદિ નહિ અને અ-નિધન અંત નહિ. અનાદિનિધન. નિધન એટલે મૃત્યુ, નાશ. અ-નહિ. જેનો કદિ નાશ નહિ. એક ચૈતન્યભાવ ત્રિકાળ એકરૂપ સ્વભાવ એવો બતાવ્યો.

'**તેને જાણવાથી...**' એવો અનાદિ ચૈતન્યમાત્ર ભાવ અખંડ નિત્ય જોતાં, જાણતાં વર્તમાન અંશબુદ્ધિ નાશ થાય છે. પર્યાયબુદ્ધિનો પક્ષપાત નાશ થાય છે. કે એક સમયની અવસ્થા છે એવો પક્ષ છે એનો નાશ થાય છે. સમજાણું કાંઈ? શું કહ્યું? કે અનાદિની જે પર્યાયબુદ્ધિ છે, અજ્ઞાનથી કે હું અંશ છું, હું રાગ છું, હું મોહ છું, હું આ છું. એ બુદ્ધિ સર્વજ્ઞના આગમે એક અસાધારણ ચૈતન્યમાત્ર એવો અખંડિત બતાવ્યો. એવી દૃષ્ટિ કરવાથી એક સમયની પર્યાયનો પક્ષપાત છૂટી જાય છે. છે. પર્યાય નથી એમ નથી. પણ પક્ષપાત છૂટી જાય છે. આટલો હું છું એવો પક્ષ છૂટી જાય છે. સમજાણું કાંઈ? ભારે નાખ્યું છે. સાદી ભાષામાં પણ ચાલતી ભાષા જુઓ. '**તેને જાણવાથી...**' અંતર્મુખ એકરૂપ ચૈતન્યમાત્ર ભાવ અખંડ નિત્ય એવી દૃષ્ટિ કરતાં, જાણવાથી જે અનાદિની એક સમયની બુદ્ધિ પર્યાયબુદ્ધિ હતી એ પર્યાયબુદ્ધિનો પક્ષપાત મટી જાય છે. પર્યાય નથી એમ નથી. એટલો હું છું એવી પક્ષપાત બુદ્ધિ છૂટી જાય છે. આહા..હા..! પર્યાયબુદ્ધિનો પક્ષપાત મટી જાય છે. જોયું! પક્ષ એકાંત સ્વભાવમાં આવ્યોને? નિત્ય ત્રિકાળ દ્રવ્ય તે હું. શુદ્ધ ધ્રુવ અભેદ, નિત્ય અખંડ અસાધારણ ભાવ હું છું એવો અનુભવ થયો તો પર્યાયનો પક્ષપાત મટી જાય છે. મટતાં શું થાય છે?

'**પરદ્રવ્યોથી, તેમના ભાવોથી અને તેમના નિમિત્તથી થતા પોતાના વિભાવોથી**

**પોતાના આત્માને ભિન્ન જાણી...**' લ્યો! એવો પક્ષપાત મટી જાય છે ત્યારે આત્માને ત્રિકાળી જાણે છે. કેમ જાણે છે? કે પરદ્રવ્યોથી ભિન્ન, તેમના ભાવોથી ભિન્ન. પરદ્રવ્યના ભાવથી. કર્મનો ઉદય અને કર્મના ઉદયનો ભાવ ત્રણ. '**અને તેમના નિમિત્તથી થતાં પોતાના વિભાવોથી...**' વિકાર અહીં. એ તો જડનું જડ અને જડનો ભાવ અથવા પરદ્રવ્ય અને પરદ્રવ્યનો ભાવ, એનાથી ભિન્ન અને કર્મના નિમિત્તથી થતા પોતામાં પોતાને કારણે નૈમિત્તિક. છેને? '**પોતાના વિભાવોથી...**' ભાષા છેને ત્યાં. ઓલું પર હતું. કર્મ, શરીર આદિ પરદ્રવ્ય હતા અને એના ભાવ પણ પર છે. એનાથી ભિન્ન અને નિમિત્તના સંબંધથી ઉત્પન્ન થતાં પોતાની પર્યાયમાં પુણ્ય-પાપ, રાગ-દ્વેષ આદિ થનારા એવું પોતામાં '**પોતાના વિભાવોથી...**' પોતાના વિભાવોથી, પુણ્ય-પાપના વિકલ્પથી. '**પોતાના આત્માને ભિન્ન જાણી તેનો અનુભવ જીવ કરે...**' પરદ્રવ્યથી લક્ષ છોડીને, પરદ્રવ્યના ભાવથી લક્ષ છોડીને અને પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન પુણ્ય-પાપ પોતાની પર્યાયમાં થનારા એવો પોતાના વિભાવથી, પોતાના આત્માને. સમજાણું કાંઈ? '**ભિન્ન જાણી તેનો અનુભવ જીવ કરે...**' છે. પૂર્ણાનંદ પ્રભુનો આત્મા અનુભવ કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! ભારે ભાઈ! સમજાણું કાંઈ?

'**ત્યારે પરદ્રવ્યના ભાવોરૂપ પરિણમતો નથી;...**' હવે એ પરદ્રવ્યના ભાવમાં વિકારીભાવ થયા. સમજાણું કાંઈ? જ્યારે પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવ અને નિમિત્તથી થયેલા વિભાવભાવ એનાથી પોતાના આત્માથી ભિન્ન અનુભવ કરે ત્યારે પુણ્ય-પાપના ભાવરૂપ પરિણમતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે દ્રવ્યદૃષ્ટિ થઈ એ તો શુદ્ધ ચૈતન્ય છે. તો શુદ્ધ ચૈતન્યદૃષ્ટિ થઈ તો શુદ્ધ પરિણમન જ એનું હોય છે. આહા..હા..! એમ લીધું છે. સમજાણું કાંઈ? તો પુણ્ય-પાપના ભાવથી ભિન્ન, પોતાથી અભિન્ન સ્વભાવનો અનુભવ કરે છે '**ત્યારે પરદ્રવ્યના ભાવોરૂપ પરિણમતો નથી; તેથી કર્મ બંધાતા નથી...**' વિકારીભાવરૂપ પરિણમતો નથી તો બંધન થતું નથી. '**અને સંસારથી નિવૃત્તિ થઈ જાય છે.**' લ્યો! વિકારથી સંસાર શબ્દે પ્રવૃત્તિ કીધી હતીને પુણ્ય-પાપ અને હરખ-શોક એનાથી નિવૃત્તિ થતી જાય છે અને આત્મામાં મુક્તિ થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૧૫, રવિવાર, તા. ૧૬-૦૧-૧૯૭૨
## ગાથા-૧૪, પ્રવચન-૭૨

ભાવાર્થ ચાલે છે. પહેલું શું કહ્યું? અહીંયાં કહે છે. સંસારથી નિવૃત્તિ થઈ જાય છે. એટલે શું કહ્યું એમાં? કે આ આત્માને પર્યાયમાં જોતાં એ આત્મા પોતાના ધર્મ, ગુણોને ધારનાર છે, નિર્મળ પર્યાયને ધારનાર છે અને વિકારી પર્યાયને પણ ધારનાર છે. એના અસ્તિત્વમાં છે. ફર્ક એટલો કે વિકારી પુણ્ય અને પાપના ભાવ એ નિમિત્તને લક્ષે થયેલા તેથી તે ઉપાધિ અને વિભાવ છે. હવે જ્યારે એને વિભાવથી મુક્ત થવા શુદ્ધ દ્રવ્યનો વિષય જે ત્રિકાળી અભેદ એને સત્યાર્થ કહી અને એ વિભાવ આદિ પર્યાયોને અસત્યાર્થ ગૌણ કરીને અસત્યાર્થ કહી અંતરની દૃષ્ટિમાં વાળવા એને મુખ્યપણે તે ચીજ છે અને એ ચીજ છે છતાં ગૌણપણે નથી એમ કહેવામાં આવે છે. એથી કરીને એ આત્માના સ્વભાવનો અનુભવ કરી, વિભાવ જેટલા વિકાર છે એનાથી નિવૃત્તિ પોતાના સ્વભાવનો અનુભવ કરીને સંસારથી નિવૃત્તિને પામે છે. સમજાણું કાંઈ? અહીં સુધી આવ્યું હતું. શેઠ!

**'માટે પર્યાયાર્થિકરૂપ વ્યવહારનયને ગૌણ કરી અભૂતાર્થ (અસત્યાર્થ) કહ્યો છે...'** શું કહ્યું એ? કે એની વર્તમાનદશામાં પુણ્ય અને પાપ અને વિભાવ હોવા છતાં તેને ગૌણ કરીને મુખ્યપણે ત્રિકાળી આનંદકંદ પ્રભુ છે એની દૃષ્ટિ કરાવવા, એનો અનુભવ કરાવવા, એને અસત્યાર્થ ગૌણ કરીને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવો વિષય છે ધર્મનો ભારે. **'માટે પર્યાયાર્થિકરૂપ વ્યવહારને...'** વર્તમાનમાં અવસ્થા અને વિભાવ હોવા છતાં, એનું સત્યપણું હોવા છતાં એને ગૌણ કરીને, એનું લક્ષ છોડાવવા મુખ્ય ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ અખંડ અભેદ છે, એનો અનુભવ કર તો વિભાવથી મુક્ત થઈને તને મુક્તિદશા થશે. કહો, સમજાણું આમાં કાંઈ? તેથી વ્યવહારનય ગૌણ કરી જૂઠો કહ્યો. **'અને શુદ્ધ નિશ્ચયનયને સત્યાર્થ કહી...'** એ ત્રિકાળ ધ્રુવ અભેદ તે જ સત્ય છે એનો આશ્રય લેવાથી જ આત્માને ધર્મ અને શાંતિ થાય છે. **'તેનું આલંબન દીધું છે.'** ત્રિકાળી દ્રવ્ય સ્વભાવનું શુદ્ધનયની દૃષ્ટિએ તે જ સત્ય છે એમ કહીને સમ્યગ્દર્શનમાં એનું આલંબન લીધું છે. આહા..હા..! સમજાણું કાંઈ? છેને એમાં લખાણ છે. એનો અર્થ ચાલે છે આ.

**'વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ થયા પછી...'** પૂર્ણ આનંદનો અનુભવ થયા પછી એને એ તરફ વળવું રહેતું નથી. એટલે આ સત્ય છે અને અસત્ય છે ગૌણપણે એ ત્યાં રહેતું નથી. **'તેનું પણ આલંબન રહેતું નથી.'** અભેદનું આલંબન તો જ્યાં સુધી પૂર્ણદશા પ્રગટ થઈ

નથી ત્યાં સુધી એને અભેદના આલંબનની મુખ્યતા કરીને સત્ય છે એમ કહેવામાં આવે છે. '**વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ થયા પછી તેનું પણ આલંબન રહેતું નથી. આ કથનથી એમ ન સમજી લેવું કે શુદ્ધનયને સત્યાર્થ કહ્યો..**' ત્રિકાળી શુદ્ધ ધ્રુવ અભેદને સાચો કહ્યો અને '**તેથી અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ જ છે.**' એમ ન સમજી લેવું. પર્યાય નથી જ, વિભાવ નથી જ એમ ન સમજી લેવું. સર્વથા અસત્યાર્થ છે એમ નહિ. ત્રિકાળીની અપેક્ષાએ અસત્યાર્થ છે, પણ એની અપેક્ષાએ તે સત્ય છે. સમજાણું કાંઈ? સાદી ભાષા અને ચાલતી ભાષામાં વાત કરે છે. શુદ્ધનયને સત્યાર્થ કહ્યો, ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, અભેદભાવ તે સાચો કહ્યો એથી અશુદ્ધનય ગૌણ કરીને જે અસત્યાર્થ કહ્યો છે એથી અસત્યાર્થ સર્વથા છે એની અપેક્ષાએ હોં! આની અપેક્ષાએ અસત્યાર્થ છે, પણ એની અપેક્ષાએ એ વસ્તુ નથી જ એમ નથી.

મુમુક્ષુ :- અભાવ કરીને નહિ, ગૌણ કરીને.

ઉત્તર :- હા, ગૌણ કરીને. લાલજીભાઈ! ખુલાસો કરે છે હોં! બહુ સરસ કરે છે ખુલાસો. એની ચાલતી ભાષામાં.

એમ ન સમજી લેવું કે શુદ્ધનયને સાચો કહ્યો. ભગવાન આત્મા અભેદ એની દૃષ્ટિ કરાવવા, એને સાચો કહ્યો અને પર્યાયને જૂઠી કીધી. ભેદને, પર્યાયને, વિભાવને આની અપેક્ષાએ જૂઠી કીધી, પણ આની અપેક્ષાએ જૂઠી, પણ એની અપેક્ષાએ જૂઠી એમ સર્વથા નહિ. છે શબ્દ જુઓ, '**અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ જ છે.**' એમ ન માનવું. સર્વથા અસત્યાર્થ એટલે? કે ત્રિકાળની અપેક્ષાએ અસત્યાર્થ છે, એમ એની અપેક્ષાએ પણ અસત્યાર્થ જ છે એમ ન માનવું. સમજાય છે કાંઈ? કહો, ભીખાભાઈ! વાંચીને આવ્યા છે કે નહિ? આહા..હા..! શું કહ્યું એ? કે આત્માને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ પ્રયોજન સિદ્ધ કરવા એનો વિષય તે ત્રિકાળી ધ્રુવ તે સાચો છે એમ કીધું અને જે પર્યાય છે, ભેદ છે, વિકાર છે એને એનું લક્ષ છોડાવવા અહીં લક્ષ જમાવવા એ છે છતાં તેને ગૌણ કરીને જૂઠો કહ્યો. સર્વથા જૂઠો નથી. ત્રિકાળ સત્યની અપેક્ષાએ તેને જૂઠો કહ્યો, પણ એ વ્યવહારનયના વિષય તરીકે જૂઠો છે એમ નથી. સમજાણું કાંઈ? સર્વથા અસત્યાર્થ જ છે એમ નહિ. સર્વથા એટલે? નિશ્ચયની અપેક્ષાએ અસત્યાર્થ છે, એની અપેક્ષાએ સત્યાર્થ છે. સર્વથા સત્યાર્થ છે, નિશ્ચયની અપેક્ષાએ અસત્યાર્થ છે અને પોતાની હયાતીની અપેક્ષાએ પણ એ છે જ નહિ. એમ નથી. સમજાણું કાંઈ?

'**એમ માનવાથી વેદાંતમતવાળા જેઓ સંસારને સર્વથા અવસ્તુ માને છે...**' વસ્તુની ત્રિકાળીની ચીજની અપેક્ષાએ તે અવસ્તુ હો, પણ એની અપેક્ષાએ પણ એ અવસ્તુ માને છે એમ નથી. આહા..હા..! કહો, શેઠ! આમાં વાંચે ઘરે તો સૂઝે એવું છે કે નહિ કાંઈ?

આહા..હા..! અહીંયાં કહે છે. બહુ સરસ વાત કરી છે. ચાલતી ભાષામાં સત્યને પ્રસિદ્ધ કરીને. ભાઈ એમ કહ્યુંને ભગવાને તો. કે શુદ્ધનયનો વિષય અથવા એ શુદ્ધનય ત્રિકાળ દ્રવ્ય ધ્રુવ એ જ સાચું છે અને પર્યાય, પર્યાય તરીકે સાચી ભલે હો, પણ આ અપેક્ષાએ નથી એમ કીધું છે. પણ આની અપેક્ષાએ નથી તો એની અપેક્ષાએ નથી એમ નથી કહ્યું. સમજાણું કાંઈ? '**અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ જ છે.**' એટલે કે ધ્રુવની અપેક્ષાએ જૂઠું છે અને તેની પર્યાય અને વિભાવની અપેક્ષાએ પણ એ વસ્તુ જ નથી એમ નહિ માનવું. સમજાણું કાંઈ? '**એમ માનવાથી વેદાંતમતવાળા જેઓ સંસાર...**' નામ વિકારી પર્યાય અને પર્યાયાદિ ભેદ એ '**સર્વથા અવસ્તુ માને છે...**' સર્વથા અવસ્તુ માને છે. ત્રિકાળની અપેક્ષાએ ભલે અવસ્તુ હો, પણ એની અપેક્ષાએ પણ અવસ્તુ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયની અપેક્ષાએ વ્યવહારનયની અપેક્ષાએ પણ એ નથી એમ માને છે. બ્રહ્મ સત્ય જગત મિથ્યા. ત્રિકાળી ધ્રુવ સત્ય છે અને પર્યાય તે નથી એમ નહિ. અહીં તો મુખ્યપણાનો આશ્રય લેવાને સત્ય કીધું એની અપેક્ષાએ ઓલાને અસત્ય કીધું, પણ એ વસ્તુ છે, સત્ય છે. આહા..હા..! શશીભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાય તરીકે, રાગ તરીકે, ભેદ તરીકે તે છે. ત્રિકાળ અભેદ તરીકે પર્યાય નથી, અસત્ય છે, ભેદ અસત્ય છે, વિભાવ અસત્ય છે એમ કહેવામાં આવ્યું. પણ એ સર્વથા અસત્ય છે, એની અપેક્ષાએ પણ અસત્ય છે એમ નહિ. સમજાણું કાંઈ? ભારે આવું ભાઈ! વસ્તુ તો આમ છે. વસ્તુની સ્થિતિ એમ છે.

જુઓ, '**એ અવસ્તુ માને છે...**' વેદાંતમતવાળા પર્યાય તે ચીજ જ નથી, વિભાવ તે ચીજ જ નથી, સંસાર તે ઉદયભાવ આદિ તે વસ્તુ જગતમાં વસ્તુ જ નથી. એમ માને છે. એ તો મિથ્યાદૃષ્ટિ છે. કેટલાક કહે છેને કે આ વેદાંત જેવું છે આ. ભાઈ! વેદાંત જેવું નથી ભાઈ તને ખબર નથી. વેદાંત તો પર્યાય, ભેદ, અનંતગુણ, વિભાવ એ બધી ચીજને શૂન્ય કહે છે. આકાશના ફૂલની પેઠે કહે છે. એમ નથી આ. સમજાણું કાંઈ? '**તેમનો સર્વથા એકાંત પક્ષ આવી જશે...**' એમ કહેતા સર્વથા એટલે? જેમ ત્રિકાળની અપેક્ષાએ પર્યાય, રાગ નથી એમ એની અપેક્ષાએ પણ રાગ અને પર્યાય નથી. એકાંત થઈ જશે. મિથ્યાદૃષ્ટિ થઈ જશે. સમજાણું કાંઈ? .. સમજાય છેને? આહા..હા..! ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ ધ્રુવ અભેદ અખંડ એક પરમસત્ય એમ કહ્યું. કેમકે એને મુખ્યપણું કરવા માટે અને એનો આશ્રય લેવા માટે અને એને આશ્રયે સમ્યગ્દર્શન અને ધર્મ થાય એ પ્રયોજન સિદ્ધ કરવા ત્રિકાળી અભેદ ચીજને સત્ય કીધી અને પર્યાયને અને ભેદને અને વિકલ્પને અસત્ય કીધા. એ આ કારણે કીધો. આને કારણે કીધો. આના આશ્રય કરાવવા માટે કીધું. પણ એની દૃષ્ટિએ અહીં જેમ જૂઠું છે એમ એની અપેક્ષાએ પણ એ જૂઠું છે. વ્યવહારનયનો વિષય વ્યવહારનય જ નથી અને એનો વિષય જ નથી. એ અસત્ય છે એમ નથી. કહો, સમજાય

છે કાંઈ?

એમ **'માને છે તેમનો સર્વથા એકાંત પક્ષ આવી જશે અને તેથી મિથ્યાત્વ આવી જશે,...'** સમજાય છે કાંઈ? બહુ મર્મનો વિષય છે આ. અસત્યાર્થ પાંચ બોલ કહ્યાને? બદ્ધસ્પૃષ્ટ આદિ અસત્યાર્થ કહ્યા હતા કે મહારાજ! આત્માનો અનુભવ કેમ થાય? કે કેમ આવા બદ્ધસ્પૃષ્ટભાવ છેને અને અબદ્ધસ્પૃષ્ટ શી રીતે થાય? એમ પ્રશ્ન હતોને? કે એ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો જૂઠાં છે. કાયમ રહેનારા નથી. એમ કહ્યું હતુંને? અભૂતાર્થ હોવાથી એનાથી રહિત અબદ્ધસ્પૃષ્ટ ભગવાન આત્મા એનો અનુભવ થઈ શકે છે. ત્યારે કહ્યું કે પણ બદ્ધસ્પૃષ્ટપણું જૂઠું કહ્યું, અસત્યાર્થ કહ્યું એ અવસ્તુ કીધી એથી આ સત્ય આને કીધું તો એ વસ્તુ કાંઈક અવસ્તુ છે કે નહિ? સમજાણું કાંઈ? કે ભાઈ વ્યવહારનયે પર્યાયનયે તે વસ્તુ છે. તેનું અસ્તિત્વ છે, એની હયાતી છે, (સ્વભાવમાં) એનો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એ રીતે એ શુદ્ધનયનું આલંબન પણ...'** એ રીતે એટલે? પર્યાય અને વિભાવ ને ભેદ નથી જ બિલકુલ અને એકલો અભેદ શુદ્ધ સત્યાર્થ એકલું એક જ તત્ત્વ છે એમ માનતાં શુદ્ધનયનો શું કીધું? .. એ **'આલંબન પણ વેદાન્તીઓની જેમ મિથ્યાદષ્ટિપણું લાવશે.'** આહા..હા..! સમજાય છે કાંઈ? લ્યો અહીં તો કહે વેદાંતની સાથે સમન્વય કરવો એમ નથી કહ્યું આમાં. વેદાંત તો પર્યાયને, રાગને, સંસારને અવસ્તુ કહે છે. સમજાણું? એ પોતે વસ્તુ જ નથી એમ કહે છે. અહીંયાં તો ત્રિકાળી ચીજનો આશ્રય લેવા અને ત્રિકાળીને સત્ય કહીને એને અવસ્તુ કીધી, પણ એની અપેક્ષાએ વસ્તુ છે એ. સમજાણું કાંઈ? આ તો સમજણના ઘર છે ભાઈ! આહા..હા..!

**'માટે સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે.'** એટલે શું કહ્યું હવે સરવાળો આમાં? **'માટે સર્વ નયો...'** એટલે નિશ્ચયનય, વ્યવહારનય, દ્રવ્યાર્થિકનય, પર્યાયાર્થિકનય **'નયોના કથંચિત્ રીતે સત્યાર્થ...'** છે. એની અપેક્ષાએ તે સાચું છે. ત્રિકાળની અપેક્ષાએ તે જૂઠી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'માટે સર્વ નયોના...'** દેખો! વ્યવહારનય પણ કથંચિત્ છે. એ તો ત્રિકાળની અપેક્ષાએ નથી એમ કહ્યું હતું. પર્યાય પર્યાયરૂપે સ્થિતિ છે. સંસાર, વિકાર, મિથ્યાભાવ, અજ્ઞાન એ છે. સમજાણું કાંઈ? **'સર્વ નયોના...'** પણ એનો અર્થ એવો નથી અહીં કે સર્વ નયોનું કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવું તો એનો અર્થ કે વ્યવહારનયથી પણ ધર્મ થાય અને એને આશ્રયે ધર્મ થાય એમ અહીં નથી કહેવું. સમજાણું કાંઈ? ત્યાં લગાવી દે છે એમ જુઓ. અહીં તો કહે છે કે ગમે તે વ્યવહારનય હો, અશુદ્ધ દ્રવ્યાર્થિક હોય, પર્યાયાર્થિક હોય કે શુદ્ધ દ્રવ્યાર્થિક હો, પણ એ બધું છે. એમ બધું છે એમ એનું જ્ઞાન કરવું જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..! ઓલા ભાઈ કહે છે. એક હતાને ભૂલી ગયા નહિ? એમ કે

સમયસારને કુંદકુંદાચાર્યે વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. અરે ભાઈ! તને ખબર નથી. એનાથી તો વિરૂદ્ધ છે. આહા..હા..! એને ઓલો નિશ્ચય અને એકલો અભેદને જ્યાં વર્ણવ્યુંને એટલે જાણે કે વેદાંતના ઢાળામાં ઢાળ્યું. પણ એમ નથી. આહા..હા..! બાપુ! આ તો વીતરાગનો માર્ગ, વીતરાગે જોયો એવો કહ્યો છે. મુખ્ય-ગૌણ કરીને કહ્યો છે. અભાવ કરીને કહ્યો છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં પણ આવ્યું હતું કે પાંચ બોલ તે જૂઠા છે. ૧૧મીમાં આવ્યું વ્યવહાર તે અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, જૂઠો છે અને સત્ ભૂતાર્થ સાચો તે શુદ્ધનય જ છે. કઈ અપેક્ષાએ કહ્યું? એ ત્રિકાળ વસ્તુનો આશ્રય લે તો એને સમ્યગ્દર્શન અને અનુભવ થાય. પર્યાયનો આશ્રય લે તો વિકલ્પ થાય છે, રાગ થાય છે એ તો સંસાર છે કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ માટે ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ કહ્યું એ સંતોએ મુખ્ય તે સત્ય છે.

હમણાં એક પ્રશ્ન ઉઠ્યો હતો. આવ્યું હતું છાપામાં. નિશ્ચય તે મુખ્ય છે કે મુખ્ય તે નિશ્ચય છે? એમ પ્રશ્ન આવ્યો હતો. હમણાં આવ્યો હતો. મુખ્ય તે નિશ્ચય છે. એ વાત ચર્ચાઈ ગઈ છે પહેલી ગણાં વખત પહેલાં. નિશ્ચયથી મુખ્ય એમ નહિ. નિશ્ચય તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય છે. સ્વ તરીકે તો ત્રણેય છે. એમ નહિ, પણ મુખ્ય તે નિશ્ચય અને ગૌણ તે વ્યવહાર છે. સમજાણું કાંઈ? પહેલા ઘણા વખત પહેલા ચર્ચા થઈ ગઈ હતી, પણ આજે આવ્યું છે. મુખ્ય તે નિશ્ચય કે નિશ્ચય તે મુખ્ય? અરે ભગવાન! નિશ્ચય તે મુખ્ય કહો તો પર તે વ્યવહાર છે અને સ્વ તે નિશ્ચય છે. તો સ્વમાં ત્રણે ભાગથી નિશ્ચય થઈ ગયા. દ્રવ્ય, ગુણ અને પર્યાય. પણ હવે એ ત્રણમાં પણ મુખ્ય તે નિશ્ચય છે. ત્રિકાળી વસ્તુ તે નિશ્ચય અને સત્ય છે અને ગૌણ કરીને ભેદ અને પર્યાય હોવા છતાં એને સમજાણું કાંઈ? વ્યવહાર કહ્યો. મુખ્ય તે નિશ્ચય, ગૌણ તે વ્યવહાર એમ. વ્યવહાર તે ગૌણ અને નિશ્ચય તે મુખ્ય એમ નહિ. આહા..હા..! ભારે ભાઈ! કહો, સમજાય છે કે નહિ આમાં? ..ભાઈ! કહો, આ સમજાણું આમાં? શું કીધું આ છેલ્લું?

મુમુક્ષુ :- નિશ્ચય તે મુખ્ય છે.

ઉત્તર :- અહીં મુખ્યને કહ્યું તે નિશ્ચય છે અને ગૌણ કરીને ઓલાને વ્યવહાર કહ્યો છે. પણ ગૌણ કરીને વ્યવહાર કહ્યો અને આની અપેક્ષાએ એને અસત્ય કહ્યું. પણ એની અપેક્ષાએ અસત્ય, આની અપેક્ષાએ અસત્ય છે એમ નથી.

મુમુક્ષુ :- એની અપેક્ષાએ...

ઉત્તર :- છે. પર્યાય છે, ભેદ છે, રાગ છે, ઉદય છે, વિભાવ છે. આહા..હા..! આમાં કોની સાથે મેળ કરવો? બાપુ! એ એને ખબર નથી. આ તો વીતરાગ માર્ગ આવો છે ભાઈ તને ખબર નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એણે આવું જોયું એવું એને કહ્યું. મુખ્ય-ગૌણ

કરીને કહ્યું છે. આહા..હા..! છે તો ત્રણે એમાં નિશ્ચય. નિશ્ચય એટલે સ્વ આશ્રય નિશ્ચય અને પરાશ્રય વ્યવહાર એમ જો તો સ્વ ત્રણે પોતામાં આવી જાય છે. એ સાતમીમાં આવી ગયું છેને? સાતમી ગાથામાં. એ પર્યાય ગુણભેદ આદિ એ તો અવસ્તુ તો નથી. અવસ્તુ હોય એને વ્યવહાર કહેવો. શું કીધું સમજાણું? અવસ્તુ હોય એને વ્યવહાર કહેવાય. આ વસ્તુ છે એ અપેક્ષાએ બીજી ચીજ અવસ્તુ છે. બીજા આત્માઓ, બીજા શરીરો, બીજા દ્રવ્ય અવસ્તુ. તો એને આની અપેક્ષાએ વ્યવહાર કહેવાય. સમજાણું કાંઈ? પણ ગુણ અને પર્યાય તો એનામાં છે, એનામાં છે. છે એને અવસ્તુ કેમ કહેવી? ભાઈ! એને અવસ્તુ કેમ કહી છે? આ ત્રિકાળી ચીજને મુખ્ય કરીને વસ્તુ કીધી અને આ હોવા છતાં ગૌણ કરીને એને અવસ્તુ એટલે અસત્ય કીધી. અવસ્તુ કહો કે અસત્ય કહો. સમજાણું કાંઈ? ધીમે ધીમે સમજવાનું છે ભાઈ આ તો. મવાણી! આ તો માખણના પિંડા છે. આ તો ભગવાનના ઘરમાં પ્રવેશની વાતું છે. આહા..હા..! કેટલી એની તૈયારી જોઈએ. આહા..હા..!

કહે છે '**સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું...**' એટલે? વ્યવહાર વ્યવહાર તરીકે સાચો છે એ નયે તે સાચો છે. '**સર્વ નયોના કથંચિત્...**' એમ કીધુંને? નિશ્ચય નિશ્ચયની રીતે સત્ય છે, વ્યવહાર વ્યવહારની રીતે પણ સત્ય છે. આહા..હા..! નય છે, નય છે તો જ્ઞાન એનો વિષય નથી? વિષયને તો નય કીધું છે. આના અને આના પદનો ભેદ પડ્યો ને? ચાર બોલ કહ્યા છેને? સદ્ભૂત ઉપચાર અનુપચાર, અસદ્ભૂત અનુપચાર, પણ એમાં ને એમાં છે. બીજાની સાથેની વાતને અહીં સંબંધ નથી. સમજાણું કાંઈ? આ જ્ઞાન તે આત્મા એવો પણ અંદર છે ભેદ. સમજાણું? અને જ્ઞાન તે પરને જાણે છે, સ્વને જાણવાનું અસ્તિત્વ પોતામાં હોવા છતાં, એ પરને રાગને જાણે એ ઉપચાર થઈ ગયો. પણ એ છે. રાગને જાણવાનું જ્ઞાન છે. અને રાગ વ્યક્ત છે તેને અસદ્ભૂત ઉપચાર કહ્યો. કારણ કે વસ્તુના સ્વભાવમાં નથી, પણ પર્યાયમાં એ ભાવ છે. ત્રિકાળની અપેક્ષાએ એને અસત્ કહ્યો, પણ પર્યાયની અપેક્ષાએ એનામાં સત્ છે. શું કીધું સમજાણું કાંઈ? ત્રિકાળી દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ વિકારને અસદ્ભૂત કહ્યો, ભાઈ! અસદ્ભૂત એટલે જૂઠો કહ્યો. આહા..હા..! લ્યો! પણ એ જૂઠો કહ્યો કેમ? કે ઓલી ત્રિકાળીના આશ્રય અને સ્વભાવની અપેક્ષાએ જૂઠો કહ્યો, પણ એની અપેક્ષાએ રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આવી. આ સમજણ ન કરેને પછી એકાંત થાય અને અંદરમાં સ્વભાવનો આશ્રય આવે નહિ. સમ્યગ્દર્શન થાય (નહિ) અને મિથ્યાદર્શનમાં... આહા..હા..!

સવારે કહ્યું હતું વિકલ્પનો કર્તા થાય તોપણ મિથ્યાદૃષ્ટિ. કેમ? કે એ વિભાવ છે એ સ્વભાવ નથી અને સ્વભાવ નથી એટલે સ્વભાવની સાથે પુણ્યના પરિણામ પણ એકપણે નથી અને એકપણે નથી અને એનો કર્તા થાય એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ગજબ વાત

છેને. પરિણમન એનામાં છે. એ અપેક્ષાએ સત્ય છે. પણ ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ જુઓ તો એ અસત્ય છે. આની અપેક્ષાએ અસત્ય છે. નીકળી જાય છે અને એની મૂળ ચીજમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'માટે સર્વ નયોના...'** ઘણે ઠેકાણે આ દાખલો આપે છે લોકો. જુઓ, બધા નયો પણ સત્યાર્થ છે. કઈ અપેક્ષાએ લીધા છે ભાઈ! નયના વિષય તરીકે નય સાચો છે, પણ એનો અર્થ એવો નથી કે વ્યવહાર મોક્ષમાર્ગ વ્યવહારની અપેક્ષાએ છે તો એનાથી મોક્ષ થાય છે એમ નથી. વ્યવહારમોક્ષમાર્ગ પણ મોક્ષનું કારણ છે અને નિશ્ચય પણ મોક્ષનું કારણ છે એમ કથંચિત્ લ્યો. એ અહીં વાત નથી. વ્યવહારે છે એટલે બંધનું કારણ છે. નિશ્ચયથી એ બંધનું કારણ છે. વ્યવહારથી આરોપથી મોક્ષનું કારણ કહેવાય છે. છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! આમાં કાંઈપણ લખે. આહા..હા..! આવી ચીજ જ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે જોયેલું આવું જ તત્ત્વ છે. એવું બીજે ક્યાંય નથી. આહા..હા..! કોની સાથે સમન્વય કરવો? ભાઈ! કોની સાથે મેળ ખાય લ્યો!

કહે છે આ કારણે એમ કીધુંને? **'માટે સર્વ નયોના...'** સર્વ નય એટલે કોઈપણ નય. અહીં નય તો સર્વ ગુણ સંબંધવાળી નયને અહીં નાખી છે ભાઈ! અહીં તદ્‌ગુણ સંબંધવાળી. પરની સાથે એને સંબંધની અહીં વાત અત્યારે અધ્યાત્મમાં નથી. એ તો આગમમાં પરનું નિમિત્તપણું શું છે અને કોણ છે એનું જ્ઞાન કરાવવા એ વાત કરી છે, પણ ખરેખર નય તો તદ્‌ન એમાં ને એમાં ભેદ પડે અને એમાં ને એમાં હોય એને નય કહેવામાં આવે છે. વિકાર પણ (કર્મને છે) એ વિભાવિક શક્તિ છે એનાથી પરિણમે છે, એ કાંઈ પરને લઈને પરિણમે છે એમ નથી. શું કીધું એ? વિભાવપણે, સંસારપણે પરિણમે છે એ પોતાના વિભાવિક જ્ઞાનની શક્તિ છે એ નિમિત્તાધિન થાય છે ત્યારે એ પોતે પોતાથી ત્યાં પરિણમે છે. કે કર્મને લઈને છે એમ નથી. સમજાણું કાંઈ? પણ એ જ વિભાવને અસદ્‌ભૂત કહ્યો. એ ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ. એ જ વિભાવને એનો પર્યાય નિશ્ચયથી કહ્યો એ વ્યવહારનયની અપેક્ષાએ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ છે એમાં જ ગોટો ઉઠ્યો છેને. આ નયના વાંધા જ ઉઠ્યા છેને વ્યવહાર અને નિશ્ચય, નિમિત્ત અને ઉપાદાન. ઉપાદાન કહો, નિશ્ચય કહો, નિમિત્ત કહો, વાંધા ઉઠ્યા છે. નિમિત્ત નિમિત્ત તરીકે છે, પણ નિમિત્તથી કાર્ય તરીકે થાય એમ નથી. હવે આ શી રીતે? સમજાણું કાંઈ?

**'સર્વ નયોના...'** એમ કીધુંને? અધ્યાત્મની અપેક્ષાએ હોં અહીંયાં. કથંચિત્ રીતે સત્યાર્થ છે. **'સત્યાર્થપણાનું...'** એટલે કે વ્યવહાર, વિષય, પર્યાય, રાગાદિ સત્ય છે. એનું સત્યનું

જ્ઞાન કરવું અને આ ત્રિકાળી સત્ય છે એની અપેક્ષાએ અસત્ય છે એમ આનું જ્ઞાન કરવું, જ્ઞાન તો બેયનું કરવું. સમજાણું કાંઈ? આહા..હા..! '**સર્વ નયોના...**' જુઓ! અહીં તો બધી નયો લીધી છે હોં. '**કથંચિત્ રીતે...**' કોઈ અપેક્ષાએ વ્યવહાર વ્યવહારની અપેક્ષાએ, પર્યાય પર્યાયની અપેક્ષાએ, ભેદ ભેદની અપેક્ષાએ છે. કથંચિત્ રીતે સત્યાર્થપણું એ છે એમ માનવું. વ્યવહારનો વિષય અને વ્યવહાર છે એમ માનવું. ભેદ છે એમ ભેદ રીતે માનવું. પર્યાય છે એમ પર્યાય સત્ તરીકે છે એમ માનવું. આહા..હા..! ઝીણું, પ્રાણભાઈ! બહુ ઝીણી. આ તો શેરબજારમાં ચાલ્યું છેને. આ તો બધો બીજો શેર છે. આહા..હા..! આવો સટ્ટો શીખે એને કેવળજ્ઞાન થાય એમ કહે છે. સમજાણું કાંઈ? શેઠ! ધ્યાન કે દિ' આપ્યું અત્યાર સુધી બધા બીડી બીડીમાં. હેરાન થઈ ગયા હેરાન એમાં. પૈસા તો થયા. કોને થયા? એ અહીં ના પાડે છે.

મુમુક્ષુ :- પૈસાને નય લાગુ પડે?

ઉત્તર :- નથી લાગુ પડતી. પરદ્રવ્યને સંબંધ શું? આને નય લાગુ પડે. એમાં અને એમાં ભેદ પર્યાય વગેરે હોય એમાં નય લાગુ પડે.

કહે છે આ રીતે વસ્તુ હોવાથી '**સર્વ નયોના કથંચિત્ રીતે...**' સર્વ નયો દરેક નય સાથે છે. વ્યવહારનય પણ સાચી છે. વ્યવહારે વ્યવહારની સાચી છેને. નિશ્ચયે તો ખોટી છે એ તો વાત થઈ ગઈ. સમજાણું કાંઈ? આહા..હા..! '**સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે.**' પર્યાય પર્યાય તરીકે સત્ છે અને દ્રવ્ય દ્રવ્ય તરીકે સત્ છે એમ નક્કી કરે તો દ્રવ્યનો આશ્રય થાય. આહા..હા..! તો સમ્યગ્દૃષ્ટિ થાય એમ. આશ્રય લેનાર તો પર્યાય છે અને પર્યાય તું ના પાડ તો પછી આશ્રય કોનો કરવો? કોણ કરે? કોનો કરવો એ તો દ્રવ્ય છે, પણ કરે કોણ? પર્યાય નથી. કાર્ય તો પર્યાયમાં થાય છે. મોક્ષનું કાર્ય, મોક્ષમાર્ગનું કાર્ય, સંસારનું કાર્ય એ તો બધું પર્યાયમાં. આહા..હા..! સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ એ બધું પર્યાય છે. એ પર્યાય નથી જ એમ કહે તો આ એકેય વાત સિદ્ધ થતી નથી. તો એનો ધરનાર ધ્રુવ પણ સિદ્ધ થતો નથી, પણ આ ધ્રુવ છે એમ નિર્ણય કરનારી તો પર્યાય છે. સમજાણું કાંઈ? પર્યાયને જ અસત્ય કહે તો આ વસ્તુ આ છે એમ નિર્ણય કરનાર કોણ? એ તો ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ તેનો આશ્રય લઈને, ગૌણ કરીને પર્યાયને નથી એમ કીધી હતી. પણ તું એમ જ માની લે કે પર્યાય જ નથી, વિકાર જ નથી, વિભાવ જ નથી, મિથ્યા થઈ જશે. એમ વિભાવથી ધર્મ થશે એમ માની લે એ પણ મિથ્યાત્વ છે એ તો બીજી ચીજ છે. સ્વભાવમાં છે નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? કેટલું સરસ કર્યું જુઓ! જયચંદ પંડિતે ચાલતી ભાષામાં. ખ્યાલ આપ્યો છે.

'**આ રીતે...**' આ રીતે. એટલે વ્યવહારનો વિષય વ્યવહાર તરીકે છે, નિશ્ચયનો વિષય નિશ્ચય તરીકે છે, નિશ્ચયના વિષયની અપેક્ષાએ વ્યવહાર નથી એમ પણ કહેવામાં આવે છે. '**સર્વ નયોના કથંચિત્ રીતે...**' સત્યાર્થ છે, વ્યવહાર સાચો છે. સાચો છે એટલે? છે. મોક્ષમાર્ગ વ્યવહાર સાચો છે એમ નથી. આહા..હા..! વ્યવહારથી છે એટલી વાત. સમજાણું કાંઈ? આમાં ગોટો વાળે છેને જરી. વ્યવહાર પણ મોક્ષમાર્ગ સાચો છે. નિશ્ચય જ સાચો છે અને વ્યવહાર મોક્ષ ખોટો.. સંબંધ નથી એમ ક્યાં કહ્યું છે અહીં? એમ છે જ ક્યાં પણ? વ્યવહાર વિકલ્પનો ભાવ એને આરોપે મોક્ષમાર્ગ કહ્યો એ વિકલ્પનો ભાવ છે એટલી વાત. છે એટલી વાત, પણ એનાથી નિશ્ચય પમાય છે બે નય એક થઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**આ રીતે સ્યાદ્વાદને સમજી...**' સ્યાદ્વાદ એટલે અપેક્ષાએ કથન છે એમ જાણી, વ્યવહાર અને પર્યાય નથી એમ જે કીધું એને અપેક્ષાથી કીધું હતું, (નિશ્ચયને) મુખ્ય કરીને એને ગૌણ કરીને કીધું હતું. સમજાણું કાંઈ? કહો, હવે આ તો હજી જયચંદ પંડિતના ચાલતી ભાષાના કથન પણ આકરા પડે. એમાં ટીકા તો કેટલી ગંભીર અમૃતચંદ્રાચાર્યે ગજબ કર્યું. '**આ રીતે સ્યાદ્વાદને સમજી...**' વ્યવહાર કરતાં-કરતાં પણ નિશ્ચય થાય એનું નામ સ્યાદ્વાદ. કારણ કે વ્યવહારને સત્યાર્થ કહ્યો છેને? એ વ્યવહારે સત્યાર્થ માર્ગ છે, નિશ્ચય નિશ્ચયથી સત્યાર્થ માર્ગ છે એમ નહિ. વ્યવહારે વ્યવહારનો રાગ છે, બસ એટલી વાત. ..જી! આ વાત છે. એ વ્યવહાર નથી એમ નહિ, પણ એ વ્યવહારથી નિશ્ચય પમાય છે એમ નથી. તો તો બેય એક થઈ જાય છે. વ્યવહાર વ્યવહાર તરીકે છે, નિશ્ચય નિશ્ચય તરીકે છે. નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર નથી એમ કહ્યું. ત્યારે કહે વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર છેને મોક્ષમાર્ગ. વ્યવહારનો અર્થ શું? એટલે નથી એને વ્યવહાર કહે છે વસ્તુ છે એને. આહા..હા..!

'**સ્યાદ્વાદને સમજી જિનમતનું સેવન કરવું,...**' વીતરાગ ભગવાનના કહેલા ભાવનું સેવન કરવું. સમજાણું કાંઈ? સ્યાદ્વાદ અપેક્ષાએ કહ્યું હતું વીતરાગભાવે. વીતરાગના અભિપ્રાયમાં, વીતરાગના મતમાં એ જ મત એક સત્ય છે, બાકી કોઈ મત સત્ય છે જ નહિ. આહા..હા..! '**સ્યાદ્વાદને સમજી જિનમતનું સેવન કરવું,...**' વીતરાગભાવનું સેવન કરવું. પર્યાયનું લક્ષ (જ્ઞાન) રાખવું, પર્યાય છે એમ કહે છે. એમ કરીને જિનમત એટલે એનું જ્ઞાન કરીને ત્રિકાળનો આશ્રય લઈને આત્માનું સેવન કરવું. પર્યાય નથી જ એમ કરીને આત્માનું સેવન થઈ શકે નહિ. કારણ કે આત્મા ત્રિકાળ અને સેવન કરવું એ તો પર્યાય છે. સમજાણું કાંઈ? '**મુખ્ય-ગૌણ કથન સાંભળી...**' આહા..હા..! મારે પણ વાત કરી છેને. કેટલાકને તો એ ટીકામાં જોવાનો અવસર પણ નથી. કારણ કે બધું આવડે છેને. આ બધા ભણી ચૂક્યા છીએ. એમાં શું છે એ જોવાનું કાંઈ નહિ. સમજાણું કાંઈ? આ રામજીભાઈ જેવા ધ્યાન રાખે છે. ..

બોલે છે. એય..! આહા..હા..! કહો અહીં .. છે એ માણસને ખબર પડતી નથી. ક્યાં ઉંધાઈમાં છું એની ખબર નથી. આહા..હા..! માની બેઠા છેને. અમને બધું આવડે છે.

મુમુક્ષુ :- આવડે છે પછી સમજવું શું?

ઉત્તર :- આવડતું હોય એને સમજવાનું નથી. હા એ વાત છે. આહા..હા..! અરેરે! એણે પણ ઉંધું માર્યું છેને જીવે. એને ટાણા આવ્યા ત્યારે સોળે સોળ આના ઉંધુ માર્યું. એની એને ખબર નથી. ખબર હોય તો ઉંધું કરે શેનો? આહા..હા..!

અહીં તો કહે છે '**સ્યાદ્વાદને સમજી...**' સ્યાદ્વાદ એટલે શું? સ્યાત્ અપેક્ષાએ કહેવું હતું. ત્રિકાળને સત્ય કહ્યું, પર્યાયને અસત્ય કહ્યું એ અપેક્ષાથી કહ્યું હતું. મુખ્ય-ગૌણની અપેક્ષાથી કહ્યું હતું. સમજાણું કાંઈ? '**સ્યાદ્વાદને સમજી જિનમતનું સેવન કરવું,...**' વીતરાગે કહેલો ભાવ. પર્યાય પર્યાય તરીકે જાણી સત્યને અને દ્રવ્યને ત્રિકાળી મુખ્ય તરીકે સત્ય જાણી એનું સેવન કરવું. આહા..હા..! ભારે વાતું ભાઈ! આમાં બેસે નહિ. આમાં સભા ભેગી થાય નહિ આમાં. આમાં સાચું સ્થાપ્યું છે સભા બીજી ન થાય તો કાંઈ નહિ. લાખ માણસ બેસે, પચ્ચીસ હજાર, પચાસ હજાર. બધા સરખા અને બધાને એવું લાગે સારું. એય..! શેઠ! આમાં સમજાય પકડાય નહિ અંદરથી આ શું કહે છે? ઓલો તો કહે કે ભાઈ દયા પાળવી, એ વ્રત પાળવા, સેવા કરવી, દેશની સેવા કરવી, સાધર્મીની કરવી. એય..! કરવી કહે છે કે એ માનવું જ મિથ્યા છે અહીં તો. આહા..હા..! એ રાગ જે ઊઠે છે એનું કર્તૃત્વ સ્વીકારવું એનો અર્થ જ ત્રિકાળી સ્વભાવનો અનાદર કરનાર છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! એનો માર્ગ કોઈ અલૌકિક છે, પ્રભુ! એને કોઈ દિ' હાથ આવ્યો નથી અનંતકાળમાં. સમજાણું? અગિયાર અંગ ભણી ચૂક્યો, નવ પૂર્વ ભણી ચૂક્યો. ભણી ચૂક્યો. આહા..હા..! શેઠ!

'**સ્યાદ્વાદને સમજી...**' એટલે કે અપેક્ષાએ કહેવું છે. નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર નથી એમ કહ્યું હતું, વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર છે એમ કહ્યું છે. '**સ્યાદ્વાદને સમજી જિનમતનું સેવન કરવું,...**' વીતરાગે કહેલા ભાવનું સેવન કરવું. એ સિવાય આવી વાત બીજે છે નહિ. '**મુખ્ય-ગૌણ કથન સાંભળી સર્વથા એકાંત પક્ષ ન પકડવો.**' ત્રિકાળને મુખ્ય કીધું અને પર્યાયને ગૌણ કરીને નથી કીધું એવું સાંભળીને સર્વથા એકાંત પક્ષ પર્યાય નથી. વ્યવહારનો વિષય જ નથી. કહો, ચેતનજી! આહા..હા..! ઓહો..હો..! સત્યને પ્રસિદ્ધ કરવાની રીત ગજબ વાત છે. અને વસ્તુ એમ જ છે એમ એને બેસી જાય. સમજ્યાને? આહા..હા..! '**મુખ્ય-ગૌણ કથન સાંભળી...**' એમ કીધુંને? ત્રિકાળને સત્ય કહ્યું મુખ્ય કરીને અને પર્યાયને ભેદને. પાંચ બોલ છેને? એને ગૌણ કરીને જૂઠું કહ્યું છે, પણ સર્વથા એમ ન માનવું કે એ જૂઠી છે પર્યાય. '**મુખ્ય-ગૌણ કથન સાંભળી સર્વથા એકાંત...**' એટલે ભેદ છે જ નહિ, રાગ છે જ નહિ, પર્યાય છે જ નહિ, વિભાવ નથી એમ એકાંત પક્ષ ન પકડવો.

**'આ ગાથાસૂત્રનું વ્યાખ્યાન કરતાં ટીકાકાર આચાર્યે પણ કહ્યું છે કે આત્મા...'** પોતે આવ્યું છેને અંદર? વ્યવહારે વ્યવહાર છે. ટીકાકારે જ લીધો છે. નિશ્ચય જ છે. વ્યવહાર બતાવ્યો છે. વ્યવહારની વાત જ ઝાઝી થાયને. **'ટીકાકાર આચાર્યે પણ કહ્યું છે કે આત્મા વ્યવહારનયની દૃષ્ટિમાં જે બદ્ધસ્પૃષ્ટ આદિ રૂપે દેખાય છે...'** એમ કહ્યું છેને. પાંચરૂપે દેખાય છે, પાંચરૂપે ભૂતાર્થ છે, સાચું છે. ભારે! **'તે એ દૃષ્ટિમાં તો સત્યાર્થ જ છે...'** જોયું! એ બદ્ધસ્પૃષ્ટ, ભેદ, અન્યઅન્ય, અનેરું-અનેરું એવો વિભાવ, ઉષ્ણતા જેમ અગ્નિ એમ અહીં દુઃખ, આકુળતા એ છે. સાચું છે. એની દશામાં દુઃખ છે. એ સાચું છે. દુઃખ છે એટલે નથી એમ નહિ. આહા..હા..! આવું ક્યાં સમજવા નવરાશ? .. વ્રત કરો, તપસ્યા કરો, .. આમ કરો, આમ કરો જાવ. પૂજા કરો, જાત્રા કાઢો ભગવાનની ભક્તિ કરો. ભગવાન કોણ છે એની ખબર ન મળે. સાચો ભગત કોણ? ઉપચારી ભગવાન કોણ? આહા..હા..!

હું એમ આવે છેને પ્રવચનસારમાં. જ્ઞાનદર્શન સંપન્ન એવો હું. આ ભગવાનને હું નમન કરું છું. એમ આવે છે. પહેલી પાંચ ગાથા. હું જ્ઞાનદર્શન. હું રાગ પણ નહિ, પુણ્ય પણ નહિ, આવો હું છું. એ હવે હું ભગવાન મહાવીર નામસ્મરણ છે એનું નામ લેવું પણ લાભદાયી છે એમ કહે છે. આહા..હા..! છેને એ જાતનો .. ખ્યાલ એ પ્રમાણે ભાવનું ભાન છે. ભાન છેને. નામથી ભાન છે. સમજાણું કાંઈ? આવા ભગવાનને માન તો એની વીરતા એનો પુરુષાર્થ કેવો એ એના નામમાંથી કાઢી લે છે. અને અંતરમાં જાય છે એને ભગવાનનું (નામ) લે, એને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વળી વ્યવહાર હોય અને વ્યવહારનો કર્તા નહિ, ભારે આ તો ભાઈ! આહા..હા..! એવું સ્વરૂપ છે, ભાઈ! જન્મ-મરણના ચોર્યાસીના આંટા તારવાની રીત જ કોઈ અજબ છે. આહા..હા..!

**'તે એ દૃષ્ટિમાં તો સત્યાર્થ જ છે...'** કઈ? પર્યાયદૃષ્ટિ, વ્યવહારદૃષ્ટિએ, તો એ વસ્તુ છે. **'પરંતુ શુદ્ધનયની દૃષ્ટિમાં બદ્ધસ્પૃષ્ટાદિપણું અસત્યાર્થ છે.'** અને ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ કરતાં એમાં એ છે નહિ એટલે એમાં નથી માટે અસત્યાર્થ છે. **'આ કથનમાં ટીકાકાર આચાર્યે સ્યાદ્વાદ બતાવ્યો છે...'** કહો, સમજાણું કાંઈ? **'એમ જાણવું.'** એમ બેય લીધી છે એમ જાણવું. આનો દાખલો ઘણા આપે છે. જુઓ ત્યાં વ્યવહારે કહ્યો છે, સત્ય કીધો છે. ભગવાન! વ્યવહારે વ્યવહાર ન હોય તો પર્યાય જ નથી. પર્યાય પોતે વ્યવહાર છે. દ્રવ્ય પોતે નિશ્ચય છે એના બે ભાગમાં.

**'વળી, અહીં એમ જાણવું કે આ નય છે તે શ્રુતજ્ઞાન-પ્રમાણનો અંશ છે;...'** હવે નયનું મુખ્ય-ગૌણતાનું સ્પષ્ટીકરણ કર્યું. હવે એ શું છે? નય પોતે શું છે? એ **'શ્રુતજ્ઞાન...'** ભાવશ્રુતજ્ઞાન. જે ત્રિકાળી દ્રવ્યને જાણે અને એ પર્યાય ભેદ વ્યવહારને પણ જાણે. એવું

પ્રમાણનો વિષય. પ્રમાણ આખું જ્ઞાન. ત્રિકાળી દ્રવ્ય અને પર્યાય. બેને જાણે એનું નામ પ્રમાણ કહેવાય. પ્રમાણ. એ અવયવી. એ નય એનો અંશ છે, અવયવ છે. પ્રમાણજ્ઞાનનો એક ભાગ છે. સમજાણું કાંઈ? **'આ નય છે તે શ્રુતજ્ઞાન-પ્રમાણનો...'** હોં ભાવ જ્ઞાન અંદર. આ શ્રુત એટલે આગમ, શબ્દો એમ નહિ. અંતરના ત્રિકાળી દ્રવ્યનું જ્ઞાન કરીને, પર્યાયનું જ્ઞાન સાથે કરે એને પ્રમાણજ્ઞાન કહે છે. છતાં પ્રમાણજ્ઞાન નિશ્ચયે જે ત્રિકાળી છે એનો નિષેધ કરીને પર્યાયનું જ્ઞાન કરે છે એમ નથી. એને તો એમ જ રાખે છે પ્રમાણમાં પણ. સમજાણું કાંઈ? ત્રિકાળી દ્રવ્યનું જ્ઞાન પણ જે નિશ્ચયથી છે એને એમ રાખે છે. સાથે અંશને ભેળવે છે માટે પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. એટલે પ્રમાણમાં જ્ઞાનમાં ઓલો નિશ્ચયનો ભાવ છે એ પાછો વ્યવહારમાં આવી જાય છે અને એ અભેદ છે એ નથી એમ નથી. સમજાણું કાંઈ? એ ઉપરાંત પર્યાયને ભેળવે માટે એને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! એ આવે છેને નય. .. મૂક્યો છેને. કે પ્રમાણમાં તો બે ભાગ આવે છે તો એ પ્રમાણ તો પૂજ્ય થઈ ગયું. નિશ્ચયમાં તો એક જ ભાગ આવે છે. એક ભાગ આવે છે એ સત્ય છે. એ ભાગ આવ્યો છે એને. એટલે આશ્રય કરવાલાયક અને એ સત્ય છે માટે એને પૂજનિક કહેવાય છે. પ્રમાણમાં પર્યાયનો નિષેધ નથી, ભેળવીને જાણે. નિષેધ નથી માટે પ્રમાણ પૂજ્ય નથી.

મુમુક્ષુ :- તો પ્રમાણજ્ઞાન હેય જાણવું?

ઉત્તર :- હેય છે. પ્રમાણજ્ઞાન જ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે.

મુમુક્ષુ :- આશ્રય કરે પણ હેય છેને.

ઉત્તર :- આશ્રય કરવાલાયક તો આ છે. બેનો આશ્રય કરવાલાયક છે? જાણવાલાયક જુદી વાત છે. પણ જાણે તો એકને હેય અને એકને ઉપાદેય ત્યારે બેનું જ્ઞાન સાચું કહેવાય છે. બેયને ઉપાદેય જાણે તે પ્રમાણજ્ઞાન ક્યાં આવ્યું? સમજાણું કાંઈ? આ તો મગજને કેળવવા જેવું છે પ્રવિણભાઈ!

મુમુક્ષુ :- બહુ વ્યવસ્થિત આપ સમજાવો છો.

ઉત્તર :- આવું છે વસ્તુસ્થિતિ એવી છે.

મુમુક્ષુ :- હવે સમજવું કેવી રીતે?

ઉત્તર :- એ તો એને પોતાને.

મુમુક્ષુ :- એનો ઉપાય તો છેને.

ઉત્તર :- એનો ઉપાય આ કહ્યોને ભાઈ!

તદ્દન બેયનું જ્ઞાન કરી અને અંતરમાં વળવું એ એનું ફળ છે. સમજાણું કાંઈ? અહીં તો બીજું કહે છે. એ આ પૂર્ણ શુદ્ધનયમાં કેવળજ્ઞાન તો આવતું નથી અહીં નીચે અને

શુદ્ધનય એને બતાવે છે શી રીતે? આહા..હા..! શ્રુતજ્ઞાન વસ્તુને પરોક્ષ જણાવે છે. શ્રુતજ્ઞાન ત્યાં પ્રત્યક્ષ થતું નથી એમાં. શ્રુતજ્ઞાનમાં અસંખ્ય પ્રદેશી અને અનંતગુણને એવું પ્રત્યક્ષ થતું નથી. શ્રુતજ્ઞાન વસ્તુને પરોક્ષ જણાવે છે. આ અભેદ ચીજ છે એમાં આવું છે ને તેવું છે વગેરે. અભેદનું જ્ઞાન અને ભેદનું બેય પરોક્ષ છે. શ્રુતજ્ઞાન પોતે પરોક્ષ છે એમ કહે છે. પર્યાય ક્યાં નજરમાં આવી ગઈ છે એને? આ રહી એમ છે? એમાં ભેદ પણ આ અભેદ છે એમ જ્ઞાનમાં વિષય તરીકે કહ્યું પણ આ પ્રત્યક્ષ છે એમ ક્યાં છે ત્યાં? આહા..હા..! એક પ્રત્યક્ષ બીજી અપેક્ષાએ જુદી વાત છે, એ તો સ્વસંવેદનની અપેક્ષાએ એ તો બીજી વાત છે.

અહીં તો શ્રુતજ્ઞાન આખી ચીજ છે એ તો પરોક્ષ વસ્તુને જણાવે છે. ત્રિકાળી દ્રવ્ય આવું છે અને પર્યાય આવી છે. સમજાણું કાંઈ? '**તેથી આ નય પણ પરોક્ષ જ જણાવે છે.**' જોયું! અહીં તો શુદ્ધનયને પરોક્ષ સિદ્ધ કરવી છેને. આ અભેદ છે અખંડ આખું એમ એને નજરમાં કાંઈ આવતું નથી. જ્ઞેયની એવા વિષયની પ્રતીત થઈ જાય છે. એનું જ્ઞાન થાય છે, પણ એ જ્ઞાન આ પૂર્ણ છે એવું જ્ઞાન પ્રત્યક્ષ થઈને જાણે છે એમ નથી કીધું. આહા..હા..! ભારે વાત ભાઈ! હળવે હળવે કહેવાય છે હોં આ બહુ ઉતાવળથી નથી કહેવાતું. વસ્તુ છે ભગવાન આત્મા આખું દ્રવ્ય, ગુણભેદ અને પર્યાય. એને બેને એક સાથે જ્ઞાન કરે તેને શ્રુતજ્ઞાનથી પ્રમાણ કહ્યું છે, પણ એ પ્રમાણ, એનો એક ભાગ. ભલે શુદ્ધનય હોય કે વ્યવહાર હો એક ભાગને જણાવે, પણ એ શ્રુત પોતે પ્રમાણ છે એટલે વિષય નય છે ભાગ એ પણ પરોક્ષ છે. શ્રુતજ્ઞાન પોતે પરોક્ષ છે માટે એનો ભાગ પણ પરોક્ષ છે એમ સિદ્ધ કરે છે.

'**શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષયભૂત,...**' શુદ્ધ દ્રવ્યનો વિષય ત્રિકાળ અભેદ '**બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત...**' બદ્ધસ્પૃષ્ટ આદિના સંબંધથી રહિત, ભેદથી રહિત. '**આત્મા ચૈતન્યશક્તિમાત્ર છે.**' એકલું ચૈતન્ય તત્ત્વ. ચૈતન્યનું સત્ત્વ એ જ્ઞાયકભાવ એ કીધુંને? સત્ એવો આત્મા એનું ચૈતન્ય શક્તિ સત્ત્વમાત્ર નિશ્ચય છે. '**તે શક્તિ તો આત્મામાં પરોક્ષ છે જ.**' શક્તિ કાંઈ પ્રત્યક્ષ થાતી નથી. નીચે પ્રત્યક્ષ થાતી નથી, પરોક્ષ છે. '**વળી તેની વ્યક્તિ કર્મસંયોગથી...**' આ પ્રગટ પર્યાય. ઓલી શક્તિ કાયમ લીધી ત્રિકાળી. '**મતિ-શ્રુતાદિ જ્ઞાનરૂપ છે...**' એની જે શક્તિરૂપ ચૈતન્ય સત્ત્વ છે એની પર્યાયમાં મતિ-શ્રુત આદિ જ્ઞાન પ્રગટ છે. '**તે કથંચિત્ અનુભવગોચર હોવાથી પ્રત્યક્ષરૂપ પણ કહેવાય છે,...**' વેદનમાં આવે છે એ અપેક્ષાએ એને પ્રત્યક્ષ કહેવાય છે. પણ પૂર્ણ જણાતું નથી માટે '**કથંચિત્ અનુભવગોચર હોવાથી પ્રત્યક્ષરૂપ પણ કહેવાય છે,...**' સમજાણું કાંઈ? વિશેષ છે પણ હવે ટાઈમ થઈ ગયો છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૧, સોમવાર, તા. ૧૭-૦૧-૧૯૭૨
## ગાથા-૧૪, પ્રવચન-૭૩

૧૪મી ગાથા. ભાવાર્થનો છેલ્લો પેરેગ્રાફ છેને. અહીં શુદ્ધનયનું સ્વરૂપ કહ્યુંને. શુદ્ધનયનો સ્વભાવ તો ત્રિકાળી દ્રવ્યસ્વભાવનું જ્ઞાન. વસ્તુની શક્તિ જે છેને જ્ઞાયકભાવ ત્રિકાળી. એને શુદ્ધનયનો વિષય અથવા શુદ્ધનય પણ કહે અને શુદ્ધનયનો વિષય પણ કહે. ત્યારે કહે છે કે એ નય શું ચીજ છે? નય વસ્તુ શું? કારણ કે કરવાનું તો એને એ છે કે અસ્તિરૂપ તત્ત્વ છે એનો અનુભવ કરવો. તો શક્તિ જે છે એ તો પરોક્ષ છે એમ. શુદ્ધનયનો વિષય કહ્યો એ તો પરોક્ષ છે. સમજાય છે કાંઈ? તો શું એનું સ્વરૂપ? કઈ રીતે અમારે આનું કરવું? તો કહે છે કે આ નય છે એ શ્રુતપ્રમાણનો અંશ છે. ભાવશ્રુતજ્ઞાન અહીં કહે છે આગમ પ્રમાણથી. .. છે હોં. અંદર ભાવશ્રુતજ્ઞાન જે ભાવશ્રુતજ્ઞાન પ્રમાણ છે. ભાવશ્રુતજ્ઞાનનો એક અંશ એ નય છે. એટલે તે ભાવશ્રુતજ્ઞાન વર્તમાન એ પણ પરોક્ષ છે, તો એનો જે વિષય, એનો ભાવ નય એ પણ પરોક્ષ છે.

શ્રુતજ્ઞાન વસ્તુને પરોક્ષ જણાવે છે. પ્રત્યક્ષ થતી નથી આમ કાંઈ શક્તિ, જ્ઞાયકભાવ એ પ્રત્યક્ષ થઈ જવું એવું કાંઈ શ્રુતજ્ઞાનમાં નીચે હોતું નથી. ... એથી આ નય પણ પરોક્ષ જ જણાવે છે. '**શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષયભૂત,...**' હવે એ કહે છે કે એ શુદ્ધનયનો વિષય એ શું ચીજ છે? સમજાય છે કાંઈ? કે એ '**વિષયભૂત, બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત...**' પર્યાયમાં જે કર્મના સંબંધનો રાગ અનેરી-અનેરી ગતિઓ પર્યાય અને પર્યાયમાં હિનાધિક થવાની દશા અને ગુણભેદ અને દુઃખ, અવસ્થા રાગ-દ્વેષની એ પર્યાયમાં છે. પણ એ શુદ્ધનય તો એ '**બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત આત્મા ચૈતન્યશક્તિમાત્ર છે.**' એને બતાવે છે. શક્તિ કહો, ધ્રુવ કહો, જ્ઞાયકભાવ કહો. સમજાણું કાંઈ? કહો, પંડિતજી! કહ્યુંને આ કે જ્યારે આ શુદ્ધનયને સિદ્ધ કરે છે કે શુદ્ધનય એટલે શું? તો એમ કહ્યું કે જે આખી ચીજ છે દ્રવ્ય પોતે ધ્રુવ અને એની એક સમયની પર્યાય આ પાંચ બધી આદિ. એ આખાને જાણે એને શ્રુતપ્રમાણ કહીએ અને એ શ્રુતપ્રમાણ પરોક્ષ છે. કારણ કે પ્રત્યક્ષ આમ જણાતું નથી અસંખ્ય પ્રદેશને આ ગુણ છે એમ પ્રત્યક્ષ નથી. એથી શુદ્ધનય ભાવના સમજવાની વાત છે આ તો. એ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો પર્યાયમાં હોવા છતાં તેનાથી રહિત એકલો જ્ઞાયકભાવ શક્તિ સત્ત્વરૂપ છે એને એ શુદ્ધનય બતાવે

છે. શેઠ! એ અમારે શેઠ છે એ થોડું થોડું પકડે છે એટલે વધારે. તમારે હજી હળવે હળવે વાર લાગે છે. બહુ પ્રવૃત્તિ ઘણીને એટલે હજી. કહો, સમજાણું આમાં? પણ એ પ્રવૃત્તિ ઘટાડે તો સમજાય એવું છે એમ કહે છે. શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વાત ચાલે છે કે આત્માની શક્તિ તો ત્રિકાળ એકરૂપ જ છે. અહીં તો એનો અનુભવ કરવો એમ કહેવું છેને. ત્યારે કહે અનુભવ તો પર્યાય છે. સમજાય છે? પણ એનો વિષય છે એ ત્રિકાળ શક્તિ છે એમ કહેવું છે. શક્તિમાં એ છે જ નહિ. આહા..હા..! સવારે ઓલું વાંચ્યું હતુંને ભાઈ! એ કહે કર્મનો નાશ થઈ ગયોને. ... એ ઉપરથી જરી. ભગવાનને પ્રવિનષ્ટ.. ચાર ઘાતિ. પ્રવિનષ્ટ. એટલે આચાર્યે જે આ અર્થ કાઢ્યો અમૃતચંદ્રાચાર્યે કે જેણે ચાર કર્મને ધોઈ નાખ્યું છે. પ્રવિનષ્ટને? કાંઈપણ રહ્યું નથી. આ ન હોય. આહા..હા..! એ પુરુષાર્થથી કર્યું છે અંદર. સમજાણું કાંઈ? એ ત્રિકાળી શક્તિની સંભાળ કરતાં એ ચાર કર્મને ધોઈ નાખ્યા છે. આહા..હા..! વાત એ છે કે એ શક્તિ છે એ કાંઈ પ્રત્યક્ષ નથી. પ્રત્યક્ષ ... મતિ જ્ઞાનાદિનો ભાવ આવે છે એ બહાર છે. બહાર. ઓલી શક્તિ તો ત્રિકાળ એકરૂપ છે. સમજાણું? એમાં તો એ .. વધારે. ભગવાને ચાર કર્મોને ધોઈ નાખ્યા છે. તેથી પરમેશ્વરને જગત ઉપર અનુગ્રહ કરવાની સમર્થ અનુગ્રહ કરવાને સમર્થ એવી શક્તિરૂપ પરમેશ્વરતા એનામાં છે. નવરંગભાઈ! લ્યો! ભગવાનને શક્તિ છે. સમજાય છે કાંઈ? છે કે નહિ?

જુઓ, અહીં તો હું એ જરી વંદન કરું છું ભગવાનને. હું કોણ? આ સ્વસંવેદન પ્રત્યક્ષ દર્શન-જ્ઞાન સામાન્યસ્વરૂપ એ ત્રિકાળની. આ શક્તિ દેખાય છે એ. ગુણ કોણ? હું પોતે મારું હોવાપણું એવું કે સ્વસંવેદન પ્રત્યક્ષ એ તો પર્યાય થઈ. દર્શન-જ્ઞાન સામાન્યસ્વરૂપ છું. ત્રિકાળી નથી. સમજાણું કાંઈ? અમૃતચંદ્રાચાર્યની શૈલી, કુંદકુંદાચાર્યની શૈલી અલૌકિક છે. હું વંદન કરું છું ભગવાન મહાવીરને. મહાવીર કેવા છે? કે જે સુરેન્દ્રો, નરેન્દ્રો અને અસુરેન્દ્રોથી વંદિત હોવાથી. ત્રિલોકના એક ગુરુ છે. ઘાતિકર્મને ધોઈ નાખેલ હોવાથી. ઓલા પ્રવિનષ્ટ છેને. જેમને જગત પર અનુગ્રહ કરવામાં સમર્થ, જગત પર અનુગ્રહ કરવામાં. સમજાણું કાંઈ? જગત પર અનુગ્રહ કરવામાં સમર્થ એવી અનંત શક્તિરૂપ પરમેશ્વરતા છે. અનંતશક્તિરૂપ પરમેશ્વરતા એ પરમાત્મા એવા વાણી નીકળે અનુગ્રહ થાય .. ફરે નહિ. આહા..હા..! ત્યારે જ વાણીનો ઉદય કહેવાયને? ત્યારે એને અનુગ્રહ કરવાની શક્તિ છે. એક જગત પર અનુગ્રહ કરવામાં સમર્થ એવી અનંત શક્તિરૂપ પરમેશ્વરતા છે. તીર્થપણાને લીધે યોગીઓને તારવામાં સમર્થ છે. તરે એને તારવામાં સમર્થ છે એમ કહે છે. શું થાય? એમ કહે છે. સમર્થ હોય તો .. આખા જગત ઉપર. પણ તરે એને તારનાર છે. તારવામાં નિમિત્ત છે એમ કહે છે. સમજાણું કાંઈ?

અને ધર્મના કર્તા. એ ધર્મના કર્તા છે. દેશના કર્તા નથી. ...ના કર્તા એ કરનાર છે એને તારવાને નિમિત્તરૂપે સમર્થ છે. છે કર્તા પોતાના ધર્મસ્વરૂપના. કેવળજ્ઞાન આદિ પરિણતિ એના એ કર્તા છે. .. વિશેષ કીધું છે પરમ ભટ્ટારક મહા દેવાધિદેવ પરમેશ્વર, પરમપૂજ્ય જેમનું નામ ગ્રહણ સારું છે એવા વર્ધમાનદેવને પ્રવર્તમાન તીર્થના, ચાલતા તીર્થના, ચાલતા તીર્થના નાયકપણાને લીધે પ્રથમ પ્રણમે છે. એમ કુંદકુંદાચાર્ય .. કહે છે. સમજાણું કાંઈ? જગત ઉપર અનુગ્રહ કરવાની અનંત શક્તિરૂપ પરમેશ્વરતા એનામાં છે, પણ જે તરે એને એ પરમેશ્વર છે. સમજાણું કાંઈ? સમવસરણમાં અનંતવાર ગયો છે ત્યાં. છતાં એની દૃષ્ટિ જે હતી એની એ રહી. એમાં કાંઈ ફેરફાર નથી. એમાં એ શું કરે? ભગવાન કોઈ તારનાર છે? તરે એને તારનાર છે એમ કહ્યું. આહા..હા..! ઓલામાં આવ્યુંને પરિણમે એને પરિણમનાર કહ્યું. ભાઈ! ઓલા કર્મમાં. પરિણમે એને પરિણમાવનાર કહીએ, તરે એને તારનાર કહીએ. ઓહો..હો..! શૈલી તે. સમજાણું કાંઈ? એ ભગવાને પણ અંદર શક્તિરૂપ તત્ત્વ છે એને આરાધ્યું છે. સમજાણું કાંઈ? એ કહે છે.

એ '**બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત આત્મા ચૈતન્યશક્તિમાત્ર છે.**' એ તો જ્ઞાયકભાવની શક્તિનું સત્ત્વ ધ્રુવભાવ સ્વભાવ છે. સમજાય છે કાંઈ? '**તે શક્તિ તો આત્મામાં પરોક્ષ છે જ.**' એ તો પ્રગટ પર્યાયમાં છે નહિ. પર્યાયમાં નથી એ તો વસ્તુમાં, ધ્રુવમાં શક્તિરૂપ છે. ભાઈ! '**વળી તેની વ્યક્તિ...**' એટલે કે શક્તિની વ્યક્તિ. એય..! નવનીતભાઈ! શું આ શક્તિની વ્યક્તિ. ... સામાન્યનો વિશેષ છે. કઈ અપેક્ષા છે એને જાણવું જોઈએને. .. એમાં આ પરિણમન છે પર્યાયનું. કહે છે કે એ શક્તિ જે છે ત્રિકાળ ધ્રુવભગવાન. જ્ઞાયકભાવ પરમપારિણામિક સ્વભાવભાવ, નિત્યાનંદભાવ. એ તો શક્તિ છે. એ પર્યાયમાં નથી, વ્યક્તમાં નથી. પર્યાયની અપેક્ષાએ તો એ અવ્યક્ત છે. આહા..હા..! વસ્તુની અપેક્ષાએ વસ્તુ પ્રગટ છે. પણ પર્યાયની અપેક્ષાએ વસ્તુ અવ્યક્ત છે. ભીખાભાઈ! દરેક શબ્દમાં ન્યાય છે હોં! આ એમ ને એમ વાતું નથી. આહા..હા..! કહે છે કે આ તો જેને કરવું હોય એની વાત છે. સમજાણું કાંઈ? એને બહાર દેખાવ માટે જ છે એને તો આ વાત છે નહિ. એને માટે નથી. એ તો ત્યાં રોકાઈ ગયેલો છે. ત્યાંથી ખસશે નહિ. સમજાણું કાંઈ? જેને બહાર પડવાનો ભાવ છે. જેને બહારમાં ગણાવાનો ભાવ છે. જેને બહારમાં કાંઈક કરું છું એને બીજા દેખે એવો ભાવ છે. એ વાતને ત્યાં નથી કહી. કહો, ભીખાભાઈ! .. એટલે બહાર પડતો હોય એને આમ.. એમ કહેવું છે.

કહે છે ભગવાન આત્મા અસ્તિરૂપ સામર્થ્યરૂપ ધ્રુવરૂપ નિત્યરૂપ એ તો શક્તિ છે. એ શક્તિ કાંઈ વર્તમાનદશામાં નથી અને શુદ્ધનયનો વિષય પણ શક્તિ છે. ભાઈ! શેઠ! શુદ્ધનય પ્રમાણ છે એ પરોક્ષ છે, પ્રમાણનો અંશ નય પણ પરોક્ષ છે, ત્યારે શુદ્ધનય પણ પરોક્ષ

છે. કેમકે ત્રિકાળી શક્તિને એ જાણનાર છે. એની શક્તિ તો પ્રગટ નથી. હવે એને કહેશે કે જાણનાર શક્તિ જે છે એ ક્યા નયે જાણે છે? સમજાણું કાંઈ? કે એ પરોક્ષ છે. '**વળી તેની વ્યક્તિ કર્મસંયોગથી...**' એટલે કર્મના નિમિત્તના સંબંધમાં રહેલા છતાં એને '**મતિ-શ્રુતાદિ જ્ઞાનરૂપ...**' પર્યાય થાય છે. સમજાણું કાંઈ? પ્રગટ દશામાં. મતિ-શ્રુત જ્ઞાન પર્યાય એમ કરીને સાધકપણું બધું આવી ગયું છે. મતિ આદિ .. પણ મતિ-શ્રુત જ્ઞાન ત્રિકાળી શક્તિનો આશ્રય કરીને જે જ્ઞાન વ્યક્ત પ્રગટ થાય છે એ જ્ઞાન શક્તિમાંથી વ્યક્તિ મતિ-શ્રુતજ્ઞાન પર્યાયસહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? શેઠ! સમજાય છે? એને બરાબર ઝીણું પડે છે અહીંયાં એમ કહે છે. આ તો વાત તો સીધી થાય છે સાદી ભાષાથી.

એ નયનો વિષય એ શક્તિ છે અને શક્તિ તો પરોક્ષ છે તો પ્રગટમાં તો છે નહિ. સમજાણું કાંઈ? ધ્રુવપણું જે ધ્રુવ છે એ તો પર્યાયમાં આવ્યું નથી. સમજાણું કાંઈ? એ તો શક્તિ સામર્થ્યનો પિંડ છે એકલો. ક્યારે? કે તે કાળે એ ચૈતન્ય શક્તિરૂપ જે નજર કરે છે એ તો મતિશ્રુતજ્ઞાન વ્યક્ત પર્યાય છે. એ પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પર્યાય શુદ્ધનયનો વિષય નથી. પણ પછી એની પર્યાયસહિતને પણ શુદ્ધનય કહેવાણી આમાં ૧૪મામાં. શુદ્ધનય કહો, અનુભૂતિ કહો કે આત્મા કહો. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે એની વ્યક્તિ એટલે શક્તિ સત્ત્વ જે છે ધ્રુવ સદૃશ્ય ભાવ સ્વભાવ ધ્રુવભાવ. એની અનુભવ કરતાં એનો અનુભવ કરતાં પર્યાય તો મતિશ્રુતજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ?

'**તે કથંચિત્ અનુભવગોચર હોવાથી...**' પર્યાય છેને? વેદનમાં આવે છે કહે છે. ધ્રુવ કાંઈ વેદનમાં આવતું નથી. આહા..હા..! ભારે માર્ગ ભાઈ! આ તો અંતરમાં જેને આવો ભાવ એની કહે છે કે જેને કરવાનું જે હતું એ મતિજ્ઞાન દ્વારા એનો અનુભવ એમ કહે છે. સમજાણું કાંઈ? તો એ કથંચિત્ અનુભવગોર છે. કથંચિત્ એટલે કે ભલે આમ પ્રત્યક્ષ આમ સીધું ન જણાય પણ જ્ઞાન દ્વારા વેદનમાં આવે અને વેદન દ્વારા આ આત્મા શક્તિ છે એમ મતિશ્રુતજ્ઞાનમાં જણાય છે. સમજાણું કાંઈ? આ તો જયચંદ પંડિતે ખુલાસો કર્યો છે. આહા..હા..! કેમ? ... છે ભારે. વીર્યવાળો માણસ છે. સમજાણું કાંઈ? અહીં નય અને નયનો વિષય એમ બધું કીધું તો એનો ખુલાસો કરે છે કે આ શું કીધું? કે જો ભાઈ! આખું દ્રવ્ય તે વસ્તુ ધ્રુવ છે અને એની એક સમયની પર્યાયમાં પણ ભાગ છે આ. એ બેનું એક સાથે જ્ઞાન કરે પ્રમાણ. સમજાણું? અને શુદ્ધનય એનો એક ભાગ, તો શુદ્ધનય ઓલો પર્યાયનો ભાગને વિષય કરતું નથી. એ વિષય કરે છે શક્તિ ધ્રુવને. સમજાણું કાંઈ? એમ કહ્યુંને? પાંચ ભાવથી રહિત એમ પર્યાયથી રહિત. અહીં કહેશે. પર્યાયબુદ્ધિ છોડી દે ભાઈ! રાગબુદ્ધિ તો ઠીક, નિમિત્તબુદ્ધિ તો ઠીક, પણ એક સમયની વ્યક્ત પર્યાય એની

ઉપર તારી દૃષ્ટિ અને રુચિ ત્યાં જ પડી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ બહિર્બુદ્ધિ છે. એ અંતઃબુદ્ધિ નથી. નવરંગભાઈ! આહા..હા..! સમયસાર તો ગજબ કર્યું છે. નિહાલ કરી નાખે એવું છે. સમજાણું કાંઈ? એની શૈલી એવી સરળ અને સીધી અને ગંભીર. ઊંડું ઊંડું. ઊંડે છેને આત્મા ત્યાં ક્યાં બહાર છે? પર્યાયમાં ક્યાં આવ્યો છે એમ કહે છે અહીં. પણ પ્રગટરૂપ તો મતિશ્રુતજ્ઞાન છે. એ અનુભવગમ્ય છે. એને પ્રત્યક્ષ પણ કહેવાય છે. અને સંપૂર્ણ જ્ઞાન અને કેવળજ્ઞાન એ જોકે છદ્મસ્થને પ્રત્યક્ષ નથી. ઓલાને પ્રત્યક્ષ કહ્યું વર્તમાન છે માટે અને ઓલું વર્તમાન નથી. એમ.

'**તે જોકે છદ્મસ્થને પ્રત્યક્ષ નથી તોપણ આ શુદ્ધનય આત્માના કેવળજ્ઞાનરૂપને પરોક્ષ જણાવે છે.**' એટલે કે પૂર્ણ છું શક્તિરૂપે તો પર્યાય પણ પૂર્ણ થશે એમ એ જણાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અપૂર્ણ રહેશે જ નહિ. વસ્તુ પૂર્ણ છે એમ જે જણાવે છે. એ જાણવામાં એ પણ આવી ગયું છે ભેગું કે એની પર્યાય કેવળજ્ઞાન પૂર્ણ થશે, પણ એ કેવળજ્ઞાન પૂર્ણ તે જ એનો પર્યાય ખરો છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**આ શુદ્ધનય આત્માના કેવળજ્ઞાનરૂપને પરોક્ષ જણાવે છે.**' ત્યાં પ્રગટ કેવળજ્ઞાનની વાત થઈ. ઓલી તો આવી હતી. આત્મા ચૈતન્ય શક્તિમાત્ર તે શક્તિ આત્મા પરોક્ષ છે એ બીજી વાત અંદર ત્રિકાળની થઈ અને આ તો પર્યાયની વાત છે. કોઈ એમ કહે કે આ કેવળજ્ઞાન એટલે ત્રિકાળની અહીં વાત નથી. ફક્ત શુદ્ધ ચૈતન્યધ્રુવ એમ જ્યાં મતિ-શ્રુતજ્ઞાન દ્વારા જાણવામાં આવ્યું એટલે મતિશ્રુત તો વર્તમાન પ્રત્યક્ષ છે. સમજાણું કાંઈ? ભલે દેખાતું નથી એટલે કથંચિત્ પ્રત્યક્ષ કહેવામાં આવે છે. પણ કેવળજ્ઞાન. એ મતિજ્ઞાન એ કેવળજ્ઞાનનો અંશ છે. એ વાંધા ઉઠ્યા પાછા. હમણાં.. હવે થોડા થોડા .. કે ભાઈ .. અંશ છે. ચાહે તો ઘાતિકર્મના ભાવનો અંશ કેમ હોય? એમ ભાઈને ચર્ચા.. ... ... દ્રવ્યનું .. છે તે. ૪૫ ગાથામાં. એવું લખાણ છે. ધર્મચંદજીએ ત્યાં લખ્યું. દ્રવ્યમહોદય.. આમાં છે. આવે છે. એમ કે આત્માના પુરુષાર્થથી દ્રવ્ય મોળું પડી જાય છે. દ્રવ્યમોહ આવે એટલે કરવો જ પડે ડિગ્રી ટુ ડિગ્રી. કોઈ દિ' સંસારરૂપ થઈ શકશે નહિ. (અભાવ થઈ શકે નહિ) ઘણાં બોલના આધાર આપ્યા છે. સમજાણું કાંઈ? કર્મનો ઉદય આવે તો ડિગ્રી ટુ ડિગ્રી કરવો પડે. તો થઈ રહ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મુક્તિ શું સમકિત જ ન થાય.

મુમુક્ષુ :- એવો ને એવો

ઉત્તર :- એવો ને એવો રહે. આહા..હા..!

અહીં કહે છે સંપૂર્ણ કેવળજ્ઞાન પોતાના પુરુષાર્થથી થાય છે. એવું કેવળજ્ઞાન શક્તિરૂપની પ્રતીત થતાં એને કેવળજ્ઞાનની પણ પ્રતીત પરોક્ષરૂપે થઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

સર્વજ્ઞની શ્રદ્ધા એ તે પણ કાંઈ વાત છે? એક સમયની પર્યાય ત્રણકાળ, ત્રણલોકને જાણે એવો કેવળજ્ઞાન, બાપુ! એ કાંઈ .. ની વાત નથી. સમજાણું કાંઈ? એ કાંઈ વિકલ્પે પાર પડે એવું નથી. અહીં કહે છે કે મતિશ્રુતના જ્ઞાન દ્વારા. મતિશ્રુત તો વર્તમાન તો પ્રગટ છેને. શક્તિ પરોક્ષ છે અને કેવળજ્ઞાન વર્તમાન નથી માટે પરોક્ષ છે એમ બે વાત લીધી. આ છે. ડાહ્યાભાઈ! લ્યો આ ઠીક આવી ગયા છે આ બધા. આવી શૈલીમાં. કહે છે. આહા..હા..! સંપૂર્ણ જ્ઞાન જે કેવળજ્ઞાન **'તે જોકે છદ્મસ્થને...'** એટલે કે આવરણમાં રહ્યા છે તેને પ્રત્યક્ષ નથી. પ્રત્યક્ષ તો આ મતિ-શ્રુતજ્ઞાન છે. **'તોપણ આ શુદ્ધનય આત્માના કેવળજ્ઞાનરૂપને પરોક્ષ જણાવે છે.'** ઓહો..! એ જ્ઞાનમાં એને પ્રતીતમાં આવી જાય છે કે આમાંથી કેવળજ્ઞાન થશે આવી પર્યાય થશે એવું એને શ્રદ્ધામાં આવી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે માર્ગ ભાઈ! આવો માર્ગ તો વીતરાગનો છે ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વરનો.

**'જ્યાં સુધી આ નયને જીવ જાણે નહિ...'** કઈ શુદ્ધનયને અને શુદ્ધનયના વિષયને. જાણે એટલે એનો વિષય જાણે તો જ શુદ્ધનય જાણી કહેવામાં આવે છે. એકલો ભગવાન ધ્રુવ એનો અનુભવ કરવો એ જ ચીજ છે. બાકી બધું સમજવા જેવું છે. આહા..હા..! શેઠ! એમાં લેખ એક આવ્યો છે તારણસ્વામી. કોક છે. આપણે ઓળખતા નથી. ... પંડિત કેસરીચંદ જૈન. ... એણે નાખ્યું છે અંદર. .. એમ કરીને ઠીક હાલે ચાલે. .. છે. ભગવાન આત્મા શક્તિરૂપે પૂર્ણ છે વર્તમાન. પ્રગટરૂપમાં મતિશ્રુતજ્ઞાનનો અંશ છે. એ તો પર્યાય છે એટલે કથંચિત્ પ્રત્યક્ષ પણ છે. પ્રત્યક્ષ દેખાતી નથી એટલે કથંચિત્ અને કેવળજ્ઞાન તો વર્તમાનમાં નથી, છતાં એ શુદ્ધનયની અંદરમાં આવું પૂર્ણ સ્વરૂપ છે એમ પ્રતીત થતાં પૂર્ણદશા થશે અને આવી હોય જ એવી સમકિતીને પ્રતીતમાં આવી જાય છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**'જ્યાં સુધી આ નયને જીવ જાણે નહિ...'** આ નય એટલે શુદ્ધનય. **'ત્યાં સુધી આત્માના પૂર્ણ રૂપનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી.'** પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા. જેનું એકરૂપ. જેનો સ્વભાવ એકરૂપ અને તે પૂર્ણ. એવા પૂર્ણ રૂપનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી. આ નયને જાણ્યા વિના. અપૂર્ણ જાણે એ કાંઈ વસ્તુ નથી. આ તો પૂર્ણ જાણે એ તો વાસ્તવિક તત્ત્વ તો એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલામાં આવ્યું છેને. ખરેખર આત્મા તો એ જ છે એમ કહે. ઓલો ધ્રુવ-નિત્ય એ જ ખરેખર આત્મા છે. ૩૮. નિયમસાર. .. લાલચંદભાઈને. મને ખબર .. વખતે ૩૮ આવી ગઈ. આહા..હા..! **'તેથી શ્રી ગુરુએ...'** પૂર્ણરૂપનું શ્રદ્ધાન ન થાય ત્યાં સુધી એની સાચી શ્રદ્ધા હોઈ શકે નહિ એમ કહે છે. આહા..હા..! ભગવાન વસ્તુ પોતે પૂર્ણ છે. એમ થયુંને આ સ્વસંવેદન પ્રત્યક્ષ છે. એમ આ કહ્યું મતિ-શ્રુતજ્ઞાનથી પણ એ પ્રત્યક્ષ છે. સમજાણું? સ્વસંવેદન પ્રત્યક્ષ છે.

**'શ્રી ગુરુએ આ શુદ્ધનયને પ્રગટ કરી...'** દેખો! વ્યવહારનયનો વિષય પર્યાયનું લક્ષ છોડાવા. કારણ કે એ બુદ્ધિ તો અનાદિની છે કહે છે. શું? શ્રીગુરુ કુંદકુંદાચાર્ય આદિ મહામુનિઓએ **'આ શુદ્ધનયને પ્રગટ કરી...'** નયને પ્રગટ કરી. એટલે આ અભ્યુદય આવ્યું હતુંને? શુદ્ધનય ઉત્પન્ન થાય. નહોતું આવ્યું? પહેલું આવ્યું હતું. અભ્યુદય શુદ્ધ.. પહેલો પક્ષ આવ્યો હતો. આ 'प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति' ૧૦મો કળશ. 'प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति' નયનું નિરૂપણ પ્રગટ થાય છે અથવા નયનો વિષય પ્રગટ થાય છે. ૧૦માંમાં આવ્યું હતું. હજી ૧૧મો કળશ હવે આવશે. આહા..હા..!

**'તેથી શ્રી ગુરુએ આ શુદ્ધનયને પ્રગટ કરી ઉપદેશ કર્યો છે કે બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત પૂર્ણજ્ઞાનઘનસ્વભાવ આત્માને જાણી...'** પૂર્ણ જ્ઞાનઘનસ્વભાવ જેને શક્તિ કીધી હતી. સમજાય છે? જેને ધ્રુવ કહ્યો, જેને જ્ઞાયકભાવ કહ્યો. એવા પૂર્ણજ્ઞાનઘન. વસ્તુ છે સત્ત્વ. ક્ષેત્ર ભલે મોટું ન હોય, પણ જ્ઞાનનો આખો રસનું સત્ત્વ છે. પૂર્ણ જ્ઞાનઘન છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવા **'પૂર્ણજ્ઞાનઘનસ્વભાવ આત્માને જાણી...'** આવા સ્વભાવરૂપ આત્માને જાણી એમ. **'શ્રદ્ધાન કરવું,...'** એનો અનુભવ શ્રદ્ધાન કરીને કરવું એમ કહે છે. સમજાણું કાંઈ? એ જ કરવા જેવું છે. એ જ કરી શકાય છે, એ જ કરવા માટેનો ભગવાનનો ઉપદેશ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહેતા આવડે, ન આવડે, સમજાવતા આવડે, ન આવડે એની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! **'પર્યાયબુદ્ધિ ન રહેવું.'** એ પાંચ પ્રકાર જે પર્યાયમાં છે એટલું તે માન્યું છે કે પર્યાયબુદ્ધિ છે. પર્યાયબુદ્ધિ એટલે શરીરબુદ્ધિની અહીં વાત નથી. આહા..હા..! કેટલાક ઓલા કહેને પર્યાયબુદ્ધિ નહિ. પર્યાયબુદ્ધિ.. નાટક સમયસારમાં. પર્યાય એટલે શરીરબુદ્ધિ. અહીં તો એક અંશ પર્યાય એ બુદ્ધિ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાત છે. 'સ્વાસ્થ કે સાચે, પરમાર્થ કે સાચે જીવ, સાચે સાચે બેન કહે, સાચે જૈન મતિ હૈ. કાઉકે વિરોધી નાહિ પર્યાયબુદ્ધિ નાહિ.' સમયસાર નાટકમાં આવે છે. એ પર્યાયબુદ્ધિનો અર્થ કેટલાક કહે છે શરીરબુદ્ધિ. એ શરીરબુદ્ધિ શું છે? પણ એક અંશનો જેને શ્રદ્ધા છે એને શરીરબુદ્ધિ છે. પોતાનું ત્રિકાળ શરીર જ્ઞાયકભાવ છે એની શ્રદ્ધા નથી. આહા..હા..! કહો, સમજાણું? આવી ધર્મ કથા કેવી? આ તો હળવે હળવે જાણે વાતું કરતા હોય એવી ધર્મકથા. હળવે હળવે આમ ધર્મ ચાલે છે. આમ જાણે વાતું કરતા હોય એવી વાતું. લ્યો! અરે! વાતું જ છે બાપા તારી. શેઠ! ભાઈ! તું મોટો છેને પ્રભુ! એ મોટાને નાનો ન માનવો એમ કહે છે. પર્યાયબુદ્ધિ ન રાખવી એનો અર્થ કે નાનો પર્યાય જેટલો ન માનવો. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'પર્યાયબુદ્ધિ ન રહેવું.'** આહા..હા..! રાગબુદ્ધિ તો ઠીક, નિમિત્ત તોપણ એ અંશબુદ્ધિ ન રહેવું. આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં હિનાધિક અવસ્થા તેટલો હું અથવા ગુણભેદ તેટલો

હું. આહા..હા..! અથવા દુઃખની અવસ્થા પ્રગટ છે તેટલો હું એ તો પર્યાયબુદ્ધિ છે. આહા..હા..! કહો, ભીખાભાઈ! ભીખાભાઈ પણ આવી ગયા છે બરાબર. ભગવાન એવો જ છેને પ્રભુ. આહા..હા..! એની .. બલિહારી છે. સાધારણ બુદ્ધિને પણ એ અનુભવમાં આવી શકે એવી એ ચીજ છે. જાણે બહુ જાણપણું હોય અને .. બહુ હોય ઓહો..હો..! એવી એ ચીજ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! વાત ઘણા વખત પહેલાં થઈ હતી. એક આર્જિકા હતા. કે જગતમાં બીજાને સમજાવે એ મોટો કે સમજે એ મોટો? એવો પ્રશ્ન થયો હતો. સમજાવે એ બીજાને લાખો માણસ ભેગા થાય ને આહા..હા..! માથે પાટ ઉપર બેઠો હોય અને બીજાઓ નજરું કરે એવી મોટપ તે ક્યાંથી લાવવી? ધૂળેય નથી સાંભળને. એ મોટપ છે? મોટપ તો તારા હોવામાં ભળી એ મોટપ છે. આહા..હા..! નવનીતભાઈ! ... એ રહી ગયા હોં એમાં માંડમાંડ.. ગડમથલ થઈ ગઈ હતી. આહા..હા..! ઓહો..હો..! ... ત્યારે બોલ્યા હતા તે દિ' પહેલા ... હમણા આવ્યા હતાને.

કહે છે '**પર્યાયબુદ્ધિ ન રહેવું.**' આહા..હા..! હું પામર છું, અલ્પજ્ઞ છું એવી બુદ્ધિ ન રાખવી એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? તું તો પરમેશ્વર છો. પરમ-ઈશ્વર કીધુંને શક્તિ? શક્તિ કહો કે ઈશ્વરતા કહો, કે પરમ શક્તિ કહો કે પરમેશ્વર કહો. આહા..હા..! સમજાણું કાંઈ? પણ અંદરમાંથી આવવી જોઈએ હોં એ વાત. એ ધારણાએ પાર પડે એવું નથી. એવી વાત છે. કહે છે '**પર્યાયબુદ્ધિ ન રહેવું.**' ભારે ખુલાસો કર્યો છે પણ હોં. આ જયચંદપંડિત ગૃહસ્થાશ્રમમાં. એમાં પણ આત્માની અંદરમાં ગૃહસ્થાશ્રમ કે મુનિપણું ક્યાં નડે છે? એ ગૃહસ્થ અને મુનિ બેય નથી આત્મા. એ તો પર્યાયના ભેદ છે. આહા..હા..! પર્યાય બુદ્ધિ ન રાખવી. ત્યારે પ્રશ્ન થાય પણ આવો આત્મા નજરે પડે છે એની પર્યાય બુદ્ધિ ન રાખવી તમે શું કહો છો આ?

'**અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે—એવો આત્મા...**' એવો આત્મા. આમ શક્તિરૂપ આવો મોટો મહા એવો '**પ્રત્યક્ષ તો દેખાતો નથી...**' એ પોતે ને પોતે પ્રશ્ન કરીને અને એનો ઉત્તર આપે. ભગવાન શક્તિરૂપ પરમેશ્વર, પરમેશ્વરની શક્તિરૂપ પોતે ધ્રુવ સત્‌નું આખું સત્ત્વ એવો આત્મા એનો અનુભવ કરવો, એને જાણો, એવો આત્મા તો પરોક્ષ છે. સમજાણું કાંઈ? '**આત્મા પ્રત્યક્ષ તો દેખાતો નથી અને વિના દેખ્યે શ્રદ્ધાન કરવું તે જૂઠું શ્રદ્ધાન છે.**' એ પ્રશ્નકારનો પ્રશ્ન છે. આ છે એમ જાણ્યા વિના કોની શ્રદ્ધા કરવી? પ્રત્યક્ષ દેખાય તો શ્રદ્ધા કરવી એમ કહે છે એ. '**તેનો ઉત્તર :—દેખેલાનું જ શ્રદ્ધાન કરવું એ તો નાસ્તિક મત છે.**' દેખાય એટલું જ માનવું, એ સિવાય ન માનવું એ તો નાસ્તિક છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**દેખેલાનું જ શ્રદ્ધાન કરવું એ તો નાસ્તિક મત છે. જિનમતમાં તો પ્રત્યક્ષ અને પરોક્ષ—બન્ને પ્રમાણ માનવામાં આવ્યા છે.**' વીતરાગના

અભિપ્રાયમાં, વીતરાગમાર્ગની અંદર પ્રત્યક્ષ જ એક છે એમ નથી કહ્યું. આહા..હા..! પ્રત્યક્ષ અને પરોક્ષ બે પ્રમાણરૂપે કહ્યું છે. બેય સાચા કહ્યા છે. પ્રત્યક્ષ જ સાચું અને પરોક્ષ ખોટું એમ નથી કહ્યું. આહા..હા..!

'**જિનમતમાં તો પ્રત્યક્ષ અને પરોક્ષ—બન્ને પ્રમાણ માનવામાં આવ્યા છે.**' બન્ને સાચા માનવામાં આવ્યા છે એમ. '**તેમાં આગમપ્રમાણ...**' આગમપ્રમાણ એટલે આ શુદ્ધનય. એનું ભાવજ્ઞાન. '**આગમપ્રમાણ પરોક્ષ છે.**' ભાવશ્રુતજ્ઞાન તે પરોક્ષ છે. સીધું કાંઈ દેખાતું નથી. પણ એ ભાવશ્રુતજ્ઞાન દ્વારા આ '**તેનો ભેદ શુદ્ધનય છે.**' .. થઈ ગયું. ભાવશુદ્ધજ્ઞાન જે પ્રમાણ છે એનો ભેદ તો નય છે અને ભાવશ્રુતજ્ઞાન તો પરોક્ષ છે. પરોક્ષ કરીને અનુમાનથી એને થાય છે કે નહિ? કે આ એક સમયના પર્યાયમાં જ્યારે મતિ અને શ્રુત જ્ઞાનનું આવું વેદન એ આનંદનું વેદન આવ્યું એ આખી ચીજ આવી છે એમ બેસે છે કે નહિ અંદર? એમ કહે છે. સમજાણું કાંઈ? નમુનો જોયો, નમુના ભેગો આવો માલ આખો છે એમ નક્કી નથી થાતું? આખું ધોકડું દેખે તો જ દેખ્યું કહેવાય? ધોકડું શું? રૂના ગઠ્ઠા. પહેલું કાઢે રૂ. ભગવાન આનંદ અને જ્ઞાનનું ધોકડું છે. એમાંથી મતિ-શ્રુત જ્ઞાનના અંશે નમૂને નક્કી કર્યું કે આ આખો આત્મા આવો છે. સમજાણું કાંઈ?

'**આ શુદ્ધનયની દૃષ્ટિથી શુદ્ધ આત્માનું શ્રદ્ધાન કરવું,...**' એ રીતે પરોક્ષ હોવા છતાં તેનું પ્રમાણ સાચું છે. એ પરોક્ષ પ્રમાણ છે. માપમાં આવેલી સાચી ચીજ છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**શુદ્ધ આત્માનું શ્રદ્ધાન કરવું,...**' શુદ્ધ પૂર્ણ પ્રભુ ભગવાન. એ જ કરવાનું છે અને એ જ થાય અને કરાય છે. બીજી ચીજ છે નહિ. આહા..હા..! બાકી બધી વાતું. '**કેવળ વ્યવહાર-પ્રત્યક્ષનો જ એકાંત ન કરવો.**' અમને સીધું જ પ્રત્યક્ષ જણાય તો જ માનવું એવો પક્ષ ન કરવો. '**કેવળ વ્યવહાર-પ્રત્યક્ષનો...**' એમ. સમજાણું કાંઈ? એકલું વ્યવહાર પ્રત્યક્ષ થાય તો જ સાચું એવું ન કરવું.

## શ્લોક-૧૧

(मालिनी)

न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्।।११।।

શ્લોકાર્થ :- [जगत् तम् एव सम्यक्स्वभावम् अनुभवतु] જગતના પ્રાણીઓ એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે [यत्र] જ્યાં [अमी बद्धस्पृष्टभावादयः] આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો [एत्य स्फुटम् उपरि तरन्तः अपि] સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે તોપણ [प्रतिष्ठाम् न हि विदधति] (તેમાં) પ્રતિષ્ઠા પામતા નથી, કારણ કે દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે, એકરૂપ છે અને આ ભાવો અનિત્ય છે, અનેકરૂપ છે; પર્યાયો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતા નથી, ઉપર જ રહે છે. [समन्तात् द्योतमानं] આ શુદ્ધ સ્વભાવ સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે. [अपगतमोहीभूय] એવા શુદ્ધ સ્વભાવનો, મોહ રહિત થઈને જગત અનુભવ કરો; કારણ કે મોહકર્મના ઉદયથી ઉત્પન્ન મિથ્યાત્વરૂપ અજ્ઞાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી એ અનુભવ યથાર્થ થતો નથી.

ભાવાર્થ :- શુદ્ધનયના વિષયરૂપ આત્માનો અનુભવ કરો એમ ઉપદેશ છે. ૧૧.

## શ્લોક-૧૧ ઉપર પ્રવચન

'અહીં, આ શુદ્ધનયને મુખ્ય કરી કલશરૂપ કાવ્ય કહે છે :—' લ્યો એ અધિકાર પૂરો ભાવાર્થનો થયો. બે-ત્રણ લીટી ચાલી હતી નહિ. ૧૧મો કળશ છે.

(मालिनी)

न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्।।११।।

આહા..હા..! આ અનુભવ કર એ એક જ આ છે. બાકી બધું સમજવા જેવું છે. એ મોક્ષનો માર્ગ છે. આહા..હા..!

એનો અર્થ. 'जगत् तम् एव सम्यक्स्वभावम् अनुभवतु' 'જગતના પ્રાણીઓ...' .. લખ્યું છેને કે ભાઈ આ કાઠિયાવાડ આવ્યું. કાંઈ કાઠિયાવાડ આવે છે? કાઠિયાવાડનો માણસ. આ મહારાષ્ટ્ર આવ્યું. .. અધ્યાત્મતરંગિણી. સમજાણું કાંઈ? જગત એટલે જગત નહિ પણ જગતમાં રહેલા પ્રાણીઓ એમ કહે છે. 'જગતના પ્રાણીઓ...' .. ત્યાં તો જગત છે. પણ એનો અર્થ એ છે. જગતમાં રહેલા પ્રાણીઓ. હે 'જગતના પ્રાણીઓ...'

આહા..હા..! '**એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે...**' સમ્યક્ સ્વભાવ, સાચો સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, નિત્ય સ્વભાવ એમ કહે છે. સમજાણું કાંઈ? '**એ સમ્યક્ સ્વભાવ...**' સમ્યક્ સ્વભાવ ત્રિકાળી શક્તિ ધ્રુવ તે. એનો અનુભવ કરવો એ પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુમાં આ છે. એનો અનુભવ કરવો એ જ આખો જૈનદર્શનનો સાર છે. બાકી બધી વાતું છે. આહા..હા..! લાખ વાતની વાત નથી આવતી? છ ઢાળામાં છે. તારી મોટપ તને અનુભવમાં ન જણાય ત્યાં સુધી મોટપની પ્રતીત સાચી નથી. સમજાણું કાંઈ? માટે મોટપની શ્રદ્ધા કર અને અનુભવ કર એમ કહે છે. આનું નામ સમ્યગ્દર્શન. એની સાથે આ અનુભવાય છે. સમજાણું કાંઈ?

હે જગતના પ્રાણીઓ! '**तम् एव सम्यक्स्वभावम्**' એમ. 'એ...' એનું કહ્યું. પ્રાણીઓ એ. એમ છેને? એનો અર્થ બરાબર. '**जगत् तम्**' '**जगत्**' એટલે '**જગતના પ્રાણીઓ...**' '**तम्**' એટલે 'એ...' એ. '**सम्यक्स्वभावम् अनुभवतु**' '**એ સમ્યક્ સ્વભાવ...**' ત્રિકાળી જ્ઞાયકભાવ સ્વભાવ સમ્યક્ સ્વભાવ એ સાચો સ્વભાવ એ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક સમયની પર્યાય વિનાની ચીજ જે આખી એ સમ્યક્ સ્વભાવ છે અને તેથી એવા સમ્યક્સ્વભાવનો અનુભવ અને પ્રતીત તે સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ વાતની ખબર પણ નથી અને જાણવા માટે તો વિરોધ કરો. .. એકલું નિશ્ચય નિશ્ચયની વાતું. પણ નિશ્ચય એટલે સાચું. સમજાણું કાંઈ? કેમ શેઠ! કિંમતની ખબર નહિ. ચૈતન્ય હીરલો ભગવાન પૂર્ણાનંદ સ્વભાવથી ભરેલો. આહા..હા..! એની કિંમત શું છે? અમૂલ્ય ચીજ એના મૂલ્યાંકન શું? એના મૂલના ચિહ્ન શું? પ્રમાણ શું? અરે! ભગવાન! હે જીવો! જગતના પ્રાણીઓ. સંસારી પ્રાણીની વાત કરે છેને. કારણ કે .. છે. જેને સમ્યક્ અનુભવ નથી એને કહે છેને? એને તો આ કહ્યું પાછું. હે જગતના પ્રાણીઓ! તમે સાંભળ્યું તો ખરું કે આ શક્તિ છે, આ વ્યક્તિ છે અને આ નિમિત્ત છે વગેરે વગેરે. હવે આ અનુભવ કરો ત્યારે પાર આવે એવો છે. આહા..હા..!

હે જગતના જીવો! 'એ...' એ એટલે આ. ત્રિકાળી સ્વભાવ જે કહ્યો તે. શુદ્ધનયનો વિષય. ચૈતન્ય શક્તિમાત્ર જ્ઞાયકભાવ ધ્રુવભાવ '**એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો...**' એ ધ્રુવનો અનુભવ કરો એમ કીધું. થાય નહિ. જીવનો અનુભવ હોય નહિ, અનુભવ તો પર્યાયનો હોય, પણ એ એનો અર્થ થયો કે એકલી પર્યાયનો જે અનુભવ હતો એ પર્યાયે દ્રવ્યનો અનુભવ કર્યો ત્યારે એ દ્રવ્યનો અનુભવ કહેવાય. એના તરફ ઢળે ત્યારે દ્રવ્યનો અનુભવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૨, મંગળવાર, તા. ૧૮-૦૧-૧૯૭૨**
**શ્લોક-૧૧-૧૨, પ્રવચન-૭૪**

... સમજાણું કાંઈ? આત્મામાં મનથી થતું જ્ઞાન, ઇન્દ્રિયથી થતું જ્ઞાન, ઉપદેશથી થતું જ્ઞાન. એ બધું પર છે. આહા..હા..! અને લબ્ધથી. લબ્ધ થયેલું છેને અંદર ઉઘાડ એ પર છે. એનો ઉપયોગ કરે છે ત્યારે એ તો પરોક્ષ છે. આહા..હા..! અને સંસ્કાર. પૂર્વના સંસ્કાર હોયને ધારણામાં પડ્યા હોય એ પણ ખરેખર તો. એવી વાત છે. પરોક્ષ અને પર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પ્રકાશ.

ઉત્તર :- પ્રકાશ આદિ. છઠ્ઠો બોલ છે. પ્રકાશ આદિ. તરત યાદ રહી જાય એવું. સાત બોલ થયા. છઠ્ઠો પ્રકાશ કહ્યું હતું અંદર. પ્રકાશ આદિ. પુસ્તકો આદિ બહાર નીકળેને બધા એનાથી ઉપદેશ.. આવી ગયો છે ઉપદેશ તો. એ બધું પરોક્ષ છે. ખરેખર તો એ હેય છે. ઉપદેશ અને ઉપદેશથી થતું જ્ઞાન એ હેય છે એમ કહે છે. આહા..હા..! શેઠ! સ્વના આશ્રય વિના જ્ઞાન થાય એ જ્ઞાનને અહીંયાં અનુભવ કહેતા નથી. આહા..હા..! એવો માર્ગ છે બાપુ! આહા..હા..!

'जगत् तम् एव' **'સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો...'** ભગવાન આનંદસ્વરૂપ નિત્ય. એનો પ્રત્યક્ષ અનુભવ કરો એમ કહે છે. એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર, એનું નામ મોક્ષનો માર્ગ છે. પંડિતજી! આવો માર્ગ. લોકોને વીતરાગ સર્વજ્ઞ પંથમાં તો આ જ માર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સીધો જ્ઞાયકભાવનું વેદન કરો, અનુભવ. એનું નામ અનુભવ અને સમ્યક્ પ્રત્યક્ષજ્ઞાન છે. આહા..હા..! .. કહે છે કે આ.. મનથી થતું, ઇન્દ્રિયથી થતું, સાંભળીને થતું, ઉપદેશથી થતું, ગુરુથી સાંભળીને થતું. આહા..હા..! અને એમાં થયેલી લબ્ધ શક્તિ ઉઘડેલી એ કાંઈ નવી ચીજ નથી. એમાંથી થતું અને સંસ્કારથી થતું અને પ્રકાશ આદિમાં નિમિત્તથી થતું. એ નિમિત્તથી પામેલા, નિમિત્ત બનેલા જેમાં આ ચીજ છે. એ જ્ઞાન તો પરોક્ષ છે. આ અનુભવ એ પ્રત્યક્ષ છે. કહો, શેઠ! આવી વાત છે. આહા..હા..!

સમ્યક્ **'જગતના પ્રાણીઓ...'** એમ. **'સ્વભાવનો અનુભવ કરો...'** ભગવાન આચાર્ય ઉપદેશમાં એમ કહે છે. એ ઉપદેશ સાંભળે તોપણ કહે છે કે એ પરોક્ષ છે. આહા..હા..! એનાથી સ્વસંવેદન જ્ઞાન ન થાય એમ કહે છે. તો એ શુભભાવથી થાય એ તો ભગવાન ક્યાંય આઘું રહી ગયું. કિંમત સ્વભાવના અનુભવમાં (એની) કિંમત કાંઈ નથી. સમજાણું

કાંઈ? સ્વભાવની અનુભવની અપેક્ષાએ તો એ બધી અવસ્તુ ઠરે છે. કહો, ચીમનભાઈ! અહીં તો એવું છે. આહા..હા..! વસ્તુ તો ત્રિકાળ વસ્તુ સ્વભાવ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એનો અનુભવ કરવો એ પ્રત્યક્ષ અને એનું નામ મોક્ષનો માર્ગ છે, ભાઈ! આહા..હા..!

'**જ્યાં...**' કહે છે કે અનુભવ કરવો એ ચીજનો, અંતર વસ્તુનો. '**કે જ્યાં...**' '**अमी**' '**આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો...**' '**एत्य स्फुटम् उपरि तरन्तः अपि**' આમાં ઓલો તેલનો દાખલો આવેને ઓલામાં નાટકમાં. નહિ? નાટકમાં. તેલના બિંદુઓ હોયને પાણી ઉપર પડ્યા હોય. એ કાંઈ પાણીમાં પ્રવેશ કરતા નથી. આમ .. આવ્યું હતું ઓલામાં નાટકમાં. પાણીનું દળ હોય ઉપર તેલ બિંદુ. અંદર પ્રવેશ ન કરે તેલ બિંદુ. એમ ભગવાન આત્મા વીતરાગ સ્વભાવનો પિંડ પ્રભુ એમાં આ અબદ્ધસ્પૃષ્ટ આદિ ઉપર તરે છે, પર્યાયમાં રહે છે, અવસ્થામાં રહે છે. દ્રવ્યમાં આવતા નથી. આહા..હા..! આમ તો અગિયાર અંગ નવપૂર્વ ભણ્યો અનંતવાર. એ તો પરલક્ષી છે એ તો ક્યાં? એ તો બંધનું કારણ છે. આહા..હા..! આવી વાત છે ભાઈ! અબંધ સ્વરૂપ ભગવાન આત્મા એના અનુભવ થતાં જે પરિણામ, અબંધ પરિણામ પ્રગટે એ મોક્ષનું કારણ છે. વસંતીલાલજી! આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે એના પહેલા શું? કોઈ એમ કહે. પહેલા-પહેલા કાંઈ નહિ. આ જ કરવાનું છે. એમ છે અહીં તો. પહેલા કોને કહેવું? પહેલો તો આ છે. પછી બીજાને વ્યવહાર કહેવાય. વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી એ વસ્તુ જ ક્યાં છે એમાં? સમજાણું કાંઈ? માર્ગ એવો છે. અલૌકિક માર્ગ છે. કાયરના કામ નથી એમ કહે છે. પામર વૃત્તિવાળાનું તો એમાં કામ નથી .. છે એવું અંદર.

ભાઈ! તું દળની મૂર્તિ છોને. એ આવશે હમણા પછી. પછી આવશે. ત્રીજામાં આવશે. આ અનંતબળનો ધણી પ્રભુ એને પ્રગટ કરવો, પુરુષાર્થ તો એનાથી અનંતમા ભાગનો પુરુષાર્થ છે. આહા..હા..! તારો તો આખો સ્વભાવ પુરુષાર્થ વીર્ય બળરૂપ છે. અનંત બળરૂપ છે. એવા બળિયા આગળ. આહા..હા..! મોક્ષનો પુરુષાર્થ પણ અનંતમા ભાગે છે. આ અનુભવનો પુરુષાર્થ પણ એને અનંતમે ભાગે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે! આ '**સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તેર છે...**' ઉપર રહે છે અસ્તિ સિદ્ધ કરી. સમજાણું કાંઈ? આનીકોર સમ્યક્ ત્રિકાળ સ્વભાવ, આનીકોર પર્યાયનો આ ભાગ. ઉપર છે. દ્રવ્યસ્વભાવમાં પેસતા નથી. આહા..હા..! તેલના બિંદુઓ જળ ઉપર રહે છે. પણ જળના દળમાં પ્રવેશ ન કરે. પાણીનું દળ છે એમાં તેલના બિંદુ ઉપર ટકે. અંદર ન પ્રવેશે. એમ ભગવાન આત્મા વીતરાગમૂર્તિ એમાં આવા પર્યાયભાવો અંદર પ્રવેશ, એની એને શોભા નથી. એની એને શોભા નથી. એથી એમાં એ નથી. સમજાણું કાંઈ? પ્રતિષ્ઠાનો અર્થ ભાઈએ કર્યો છેને? હા કર્યો છે. પ્રતિષ્ઠા. શોભા પામે છે. એ વાત સાચી છે. એ શુભભાવ એની શોભા

નથી જીવની એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પ્રતિષ્ઠા પામતા નથી,...'** **'प्रतिष्ठाम् न हि विदधति'** એટલે? ત્રિકાળી ધ્રુવ સ્વભાવ નિત્ય સદશ્યભાવ એવો સમ્યક્ સ્વભાવ એટલે કે સાચો સ્વભાવ એટલે કે સત્યાર્થ વસ્તુ એમાં આ પર્યાયો અસત્યાર્થ એમાં પ્રવેશ કરતી નથી. પર્યાય તરીકે પર્યાય છે, સત્ છે એ તો કીધુંને. ભાવો આદિ કીધું. ઉપર તરે છે તો છે ખરાને. પણ એ એનામાં, પર્યાયમાં છે. સમજાણું કાંઈ? આવો માર્ગ ... શી રીતે? ત્યાં સાંભળ્યો હતો આવો ત્યાં સાગરમાં? ટાણું આવે ત્યારે કહેને. પ્રસંગ હોય તો કહે. હવે શરીર નહિ બહુ.. હવે તો આ .. એમ રહ્યા કરે છે હવે તો. થઈ ગયું એટલું. હવે તો બહાર નીકળવાનું .. આ ચાર મહિના .. છે એ જરી. કહો, સમજાણું કાંઈ? **'(તેમાં)...'** તેમાં એટલે ધ્રુવમાં એમ. દ્રવ્યસ્વભાવમાં **'પ્રતિષ્ઠા પામતા નથી,...'** એ દ્રવ્યને એની શોભા નથી, તેમ દ્રવ્યમાં એનો પ્રવેશ નથી. આહા..હા..! આ તે કાંઈ વાત છે! સમજાણું કાંઈ?

**'કારણ કે દ્રવ્યસ્વભાવ તો નિત્ય છે,...'** વસ્તુ ભગવાન આત્મા તો નિત્ય, સદશ્ય, ધ્રુવ, ચળાચળ રહિત એકરૂપ એવો જે શુદ્ધભાવ એ તો નિત્ય છે. તો એ તો એકરૂપ છે. ત્રિકાળ પરમપારિણામિક સ્વભાવ તો એકરૂપ છે અને આ ભાવો તો અનિત્ય છે. સામે સામું છે. ભગવાન આત્મા નિત્ય ધ્રુવ સ્વભાવ છે દ્રવ્યસ્વભાવ. અને આ પર્યાયની હિનાધિકદશા ગુણભેદ ..નો રાગ સાથે સંબંધ સમજાણું કાંઈ? એવો ભાવ અનિત્ય છે. એ નિત્યમાં અનિત્ય કેમ જાય? એ નિત્યમાં અનિત્યનો પ્રવેશ કેમ હોય? આહા..હા..! કહો, આ શરીર, વાણી, મન આ તો બધું અધ્રુવ, અનિત્ય. એ તો એનામાં રહ્યું છે. આ તો આનું અનિત્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? દુઃખના વિકલ્પો શુભ-અશુભ રાગના એ બધું અનિત્ય છે. એ નિત્ય આનંદદળ પ્રભુ ચૈતન્યનું દળ, ધ્રુવ દળ, રસકંદ એમાં પ્રવેશ ક્યાં છે એનો? સમજાણું કાંઈ? આવો ધર્મ કેવો હશે? ઓલો તો ભાઈ સ્થાનવાસીમાં તો દયા પાળવાનો ધર્મ, અહિંસા સમયં .. અમારા સંપ્રદાયમાં તો એ કહેતા બિચારા. નરમ હતાને. આ દૃષ્ટિ જ નહોતી, સંસ્કાર નહિ, કાંઈ નહિ. કહેતા અહિંસા સમંય.. જગતના પ્રાણી કોઈને ન દુઃખ દેવું, ન મારવું એ જગતો સિદ્ધાંત... એ નિત્ય પૂજા કરવી, જાત્રા કરવી સમ્મેદશિખરની, સિદ્ધગિરીની. એક બાર મહિનામાં કરવી .. અહીં કહે છે કે ધૂળેય થતો નથી સાંભળને હવે તારી જાત્રા લાખ હોય. શેઠ! રાગ વિકલ્પ છે. હો, પણ એ તો વિકલ્પ છે. દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ નથી. અરે! એ તો પ્રવેશ નથી પણ વિકલ્પ સંબંધીનું જે જ્ઞાન પર્યાયમાં થાય એ પણ અંદરમાં પ્રવેશ કરતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

એ **'અનિત્ય છે, અનેકરૂપ છે;...'** અનેક ભેદ થયાને? ગુણભેદ, પર્યાયની એકતા. આ એક છે, આ નિત્ય છે, આ અનેક છે, આ અનિત્ય છે. આહા..હા..! **'પર્યાયો**

**દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતા નથી,...**' લ્યો આ સાર. આહા..હા..! ચાહે તો શુદ્ધ પર્યાય હો. સમજાણું કાંઈ? એ દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ નથી કરતી. એ સિદ્ધની પર્યાય પણ દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ નથી કરતી. સમજાણું કાંઈ? '**પર્યાયો...**' એ પાઠ કર્યોને એટલે .. '**દ્રવ્યસ્વભાવમાં...**' વસ્તુનો સ્વ-સ્વભાવ. એમ લેવું છેને ત્રિકાળી? ઓલો ક્ષણિકભાવ આ ત્રિકાળી. એવા દ્રવ્યસ્વભાવમાં એ પર્યાયોનો પ્રવેશ નથી. આહા..હા..! દ્રવ્ય પર્યાયને અડતી નથી. પર્યાય દ્રવ્યને અડતી નથી. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો. અડે કેમ પર્યાય અને દ્રવ્ય?

મુમુક્ષુ :- બંને અલગ જ હોયને.

ઉત્તર :- અલગ હોય.

મુમુક્ષુ :- જો બન્ને એક હોય તો પછી સંસાર જે છે અને એક હોય તો એ તો પર્યાયમાં છે. .. સુખી તો થવાતું નથી.

ઉત્તર :- નથી થવાતું. પણ સિદ્ધની પર્યાય દ્રવ્યમાં નથી. સંસારનો પહેલો દાખલો આપ્યો હતો. સંસાર અંદર હોય તો તો કોઈ દિ' મુક્તિ થાય નહિ.

મુમુક્ષુ :- તો અમારે મુક્ત થવું છે એટલે તો એ..

ઉત્તર :- એ એમ છે.

મુમુક્ષુ :- અમારે સંસારમાં નથી રહેવું.

ઉત્તર :- નહિ? આહા..હા..!

કહે છે અહીં તો સિદ્ધની પર્યાયનો પ્રવેશ નથી. એવું નિશ્ચય દ્રવ્ય છે. સમજાય છે? એ તો સવારમાં પણ આવ્યું નહોતું? સિદ્ધ અને સંસાર બે પર્યાયનો અંશ છે અને તે દ્રવ્યમાં નથી એવો જ્ઞાનીનો નિર્ણય છે. આહા..હા..! પરમ બ્રહ્મ ભગવાન આત્મા એવા ધ્રુવ સ્વભાવમાં પ્રવેશ કેમ હોય પર્યાયનો? પ્રવેશ હોય તો તો બે ચીજ અલગ-અલગ રહેતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે 'ઉપર જ રહે છે.' '**समन्तात् द्योतमानं**' '**આ શુદ્ધ સ્વભાવ સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે.**' એમ. દરેક પર્યાયમાં ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... તો ત્રિકાળ છે. સમજાણું કાંઈ? આહા..હા..! દ્રવ્ય, ગુણ અને પર્યાય વીતરાગે કહ્યા એ ચીજો ક્યાંય નથી બીજે. પણ લોકોને એમ બેસતું નથી. હજી જૈનનું વાસ્તવિક તત્ત્વ છે એ સાંભળવા મળે નહિ એટલે પછી જ્યાં ત્યાં રખડ્યા કરે. અરેરે! ભાઈ! આંખો મીંચીને જ્યાં દેહ છૂટ્યો ક્યાં જઈને જશે? વસ્તુ હાથ આવી નહિ. અને રાગ અને પર્યાયને પકડીને બેઠો. આ તો છેલ્લામાં છેલ્લી વાત હોં. ઓલાને પકડીને બેસે શરીર ને ફલાણું ને ઢીંકણું એ વાત નહિ. સમજાણું કાંઈ? એ ક્યાં જઈને કઈ પર્યાયે જાશે? ચોર્યાસીના અવતારમાં. આહા..હા..! ત્યાં ક્યાં કોઈની સિફારિશ લાગુ પડે એવી નથી.

કહે છે ભગવાન તો દરેક પર્યાયમાં ધ્રુવપણે પ્રકાશમાન જ છે. દરેક પર્યાયમાં પર્યાયથી

ભિન્ન. દરેક પર્યાયમાં પર્યાયથી ભિન્ન દ્રવ્ય સ્વભાવ તો પ્રગટ પ્રકાશમાન વ્યક્ત પ્રગટ જ છે. આહા..હા..! શુદ્ધ. **'આ શુદ્ધ સ્વભાવ...'** ધ્રુવ સ્વભાવ, પરમબ્રહ્મ સ્વભાવ. દરેક અવસ્થા **'સર્વ અવસ્થા...'** સિદ્ધ અવસ્થામાં પણ દ્રવ્ય તો પ્રગટમાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'अपगतमोहीभूय' 'એવા શુદ્ધ સ્વભાવનો, મોહ રહિત થઈને...'** પરતરફની દૃષ્ટિ છોડીને એમ કહે છે. સમજાણું કાંઈ? પરતરફની એકત્વબુદ્ધિ એ મોહ છે. પર્યાયની એકત્વબુદ્ધિ અને રાગની એકત્વબુદ્ધિ એ પણ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? અરે! **'अपगतमोहीभूय' 'એવા શુદ્ધ સ્વભાવનો, મોહ રહિત થઈને જગત...'** પ્રત્યક્ષ આનંદનું વેદન કરો. એમ કહે છે. સમજાણું કાંઈ? એ આનંદનો રસીલો થઈ જા. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ એનો રસીલો થા. પ્રત્યક્ષ આનંદના સ્વાદમાં આવી જા. ... સમજાણું કાંઈ? આ મોક્ષનો માર્ગ અને અહીંથી અનુભવ શરૂ થાય છે. એ ચોથે ગુણસ્થાનથી નિર્વિકલ્પ શાંતિ શરૂ થાય છે. સમજાણું કાંઈ? હવે એને એમાં વાંધા પાછા. એ સાતમે થાય, ચારિત્ર થયા પછી થાય. અરે ભગવાન! એ વળી આઠમે થાય, ઓલો કહે સાતમે થાય. આ વ્રત, ચારિત્ર પાળે એટલે પછી સાતમે ગુણસ્થાને, આ છઠ્ઠું ગુણસ્થાન કહેવાય. અરે ભગવાન! ભાઈ! ભાઈ તને નુકસાન છે આ. એની તને ખબર નથી. જેમાં નુકસાન છે એને લાભ માને હવે એને શી રીતે નુકસાનના ભાવને છોડે?

કહે છે **'કારણ કે મોહકર્મના ઉદયથી ઉત્પન્ન મિથ્યાત્વરૂપ અજ્ઞાન...'** અહીં તો એ પર્યાયબુદ્ધિમાં, એક અંશ બુદ્ધિમાં રહેવું એ જ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'મિથ્યાત્વરૂપ અજ્ઞાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી અનુભવ યથાર્થ થતો નથી.'** એમ જાણે કે અમને અનુભવ થયો ને આ થયું. એવી કલ્પનાઓ કરે. વેદાંતમાં પણ આવે છેને? અંદર ઘણી વાતું આવે છે એ. અનુભવ કરે, અનુભવ કરે, આમ કરે. અરે! વસ્તુ છે એવી વસ્તુ દૃષ્ટિ ન થાય ત્યાં સુધી એનો અનુભવ હોઈ શકે જ નહિ. કલ્પનામાં એમ થાય કે આપણને અનુભવ થઈ ગયો કાંઈક. પ્રકાશ દેખાઈ ગયો. એવી વાત છે, ભાઈ! **'મોહકર્મના ઉદયથી ઉત્પન્ન મિથ્યાત્વરૂપ અજ્ઞાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી અનુભવ યથાર્થ થતો નથી.'** સમજાણું કાંઈ? જ્યાં સુધી શુભરાગની રુચિ રહે, નિમિત્તની રુચિ છોડ, શુભરાગની રુચિ છોડ અને એક સમયની પર્યાયની રુચિ એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવું હોય ત્યાં સુધી યથાર્થ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો સનાથ. સમજાણું કાંઈ? એનો એને અનુભવ થતો નથી. ત્યાં સુધી એને સમ્યગ્દર્શન થતું નથી એમ કહે છે.

**'ભાવાર્થ :- શુદ્ધનયના વિષયરૂપ...'** લ્યો! શુદ્ધનયનો વિષય આત્મા ત્રિકાળ. એનો **'અનુભવ કરો એમ ઉપદેશ છે.'** ટૂંકું કર્યું. સમજાણું કાંઈ? પહેલું સમજી લ્યો કે આ શુદ્ધનયનો વિષય શું? પર્યાય શું? એ સમજીને શુદ્ધનયનો અનુભવ કરો, શુદ્ધનયનો વિષયનો

અનુભવ કહો એ શુદ્ધનયનો વિષય અનુભવ કહો બે એક જ છે. શુદ્ધનય એટલે દ્રવ્યસ્વભાવ અને શુદ્ધનયનો વિષય એ દ્રવ્યસ્વભાવ બેય અભેદ છે. એનો અનુભવ કરો એમ ઉપદેશ છે ગુરુનો.

## શ્લોક-૧૨

હવે, એ જ અર્થનું કલશરૂપ કાવ્ય ફરીને કહે છે જેમાં એમ કહે છે કે આવો અનુભવ કર્યે આત્મદેવ પ્રગટ પ્રતિભાસમાન થાય છે :-

(शार्दूलविक्रीडित)

भूतं भान्तमभूतमेव रभसान्निर्भिद्य बन्धं सुधी-
र्यद्यन्तः किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात्।
आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं
नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः स्वयं शाश्वतः।।१२।।

શ્લોકાર્થ :- [यदि] જો [कः अपि सुधीः] કોઈ સુબુદ્ધિ (સમ્યગ્દૃષ્ટિ) [भूतं भान्तम् अभूतम् एव बन्धं] ભૂત, વર્તમાન અને ભાવી એવા ત્રણે કાળના (કર્મોના) બંધને પોતાના આત્માથી [रभसात्] તત્કાળ-શીઘ્ર [निर्भिद्य] ભિન્ન કરીને તથા [मोहं] તે કર્મના ઉદયના નિમિત્તથી થયેલ મિથ્યાત્વ(અજ્ઞાન)ને [हठात्] પોતાના બળથી (પુરુષાર્થથી) [व्याहत्य] રોકીને અથવા નાશ કરીને [अन्तः] અંતરંગમાં [किल अहो कलयति] અભ્યાસ કરે-દેખે તો [अयम् आत्मा] આ આત્મા [आत्म-अनुभव-एक-गम्य-महिमा] પોતાના અનુભવથી જ જણાવાયોગ્ય જેનો પ્રગટ મહિમા છે એવો [व्यक्तः] વ્યક્ત (અનુભવગોચર), [ध्रुवं] નિશ્ચલ, [शाश्वतः] શાશ્વત, [नित्यं कर्म-कलङ्क-पङ्क-विकलः] નિત્ય કર્મકલંક-કર્દમથી રહિત- [स्वयं देवः] એવો પોતે સ્તુતિ કરવા યોગ્ય દેવ [आस्ते] વિરાજમાન છે.

ભાવાર્થ :- શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે તો સર્વ કર્મોથી રહિત ચૈતન્યમાત્ર દેવ અવિનાશી આત્મા અંતરંગમાં પોતે વિરાજી રહ્યો છે. આ પ્રાણી-પર્યાયબુદ્ધિ બહિરાત્મા-તેને બહાર ઢૂંઢે છે તે મોટું અજ્ઞાન છે. ૧૨.

## શ્લોક-૧૨ ઉપર પ્રવચન

'**હવે, એ જ અર્થનું કળશરૂપ કાવ્ય ફરીને કહે છે જેમાં એમ કહે છે કે આવો અનુભવ કર્યે આત્મદેવ પ્રગટ પ્રતિભાસમાન થાય છે :—**' આવો અનુભવ પ્રત્યક્ષ આત્માના આનંદનું વેદન કરતાં ભગવાન આત્મદેવ, આત્મા પોતે પોતાનો દેવ. આહા..હા..! એ '**પ્રગટ પ્રતિભાસમાન થાય છે :—**' વ્યક્તપણે પ્રગટ આ ભગવાન છે એવો એને અનુભવમાં ભાસ થાય છે. કહો, સમજાણું કાંઈ? ૧૨.

(शार्दूलविक्रीडित)

भूतं भान्तमभूतमेव रभसान्निर्भिद्य बन्धं सुधी-
र्यद्यन्तः किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात्।
आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं
नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः स्वयं शाश्वतः।।१२।।

તારો પરમેશ્વરદેવ સાચો પ્રગટ થશે તને. સમજાણું કાંઈ? આવો દેવ જાણે ત્યારે બીજા દેવને વ્યવહારે દેવ કહેવામાં આવે. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**જો...**' '**कः अपि सुधीः**' '**કોઈ સુબુદ્ધિ (સમ્યગ્દષ્ટિ)...**' '**भूतं भान्तम् अभूतम् एव बन्धं**' ગયા કાળનો બંધ, વર્તમાન '**અને ભાવી ત્રણે કાળના (કર્મોના) બંધને પોતાના આત્માથી તત્કાળ-શીઘ્ર...**' '**रभसात्**' છેને? એક સમયમાં એમ. આહા..હા..! એક સમયની એકત્વબુદ્ધિ છે. એક સમયમાં એકત્વબુદ્ધિ તૂટે છે. સમજાણું કાંઈ? '**(સમ્યગ્દષ્ટિ) ત્રણે કાળના (કર્મોના) બંધને પોતાના આત્માથી...**' '**रभसात्**' '**તત્કાળ-શીઘ્ર...**' ત્રિકાળ સ્વભાવનો આશ્રય કરતાં ત્રણ કાળના કર્મો છૂટા પડી જાય છે. શીઘ્ર. '**निर्भिद्य**' '**ભિન્ન કરીને...**' '**निर्भिद्य**' '**ભિન્ન કરીને...**' '**निर्भिद्य**' '**निर्भिद्य**' છેને? ભેદ એકલો શબ્દ કેમ પડ્યો? '**निर्भिद्य**' વિશેષે ભેદ કરીને. નિ શબ્દ વિશેષ. '**निर्भिद्य**' ભિન્ન કરીને. મૂળ તો વિશેષ કરીને ભિન્ન કરીને. સમજાણું કાંઈ? આહા..હા..! આચાર્યોએ તો અમૃત રેડ્યા છે. ભાઈમાં આવે છેને સોગાનીમાં. આચાર્યોના એક એક શબ્દમાં અમૃતના બિંદુ ઝરે છે. સમજાણું કાંઈ? એકકોર એમ કહ્યું વીતરાગની વાણી સાંભળવામાં પુણ્ય પરિણામ છે તે નુકસાનનું કારણ છે. એ અપેક્ષાએ વ્યવહારથી જ્યારે કહ્યું. એ બાજું અંદર લક્ષ દષ્ટિ રાખીને આચાર્યોની વાણીને જે સમજે એને અમૃતના બિંદુ એક એક શબ્દે ઝરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એવી વાત છે ત્યારે. આહા..હા..! સમજાણું કાંઈ?

'તથા...' **'मोहं' 'તે કર્મના ઉદયના નિમિત્તથી થયેલ મિથ્યાત્વ(અજ્ઞાન)ને પોતાના બળથી (પુરુષાર્થથી)...'** લ્યો આવ્યું જોયું! **'हठात्' 'हठात्'** નો અર્થ બળથી. સમ્યગ્દર્શનમાં અનંતુ બળ છે કહે છે. મિથ્યાત્વને નાશ કરવાનું. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે ભાઈ ઓલામાં .. સ્વાદ નથી એમ કહ્યું છેને. એ તો અપેક્ષાથી વાત કરી છે. કળશટીકામાં આવે છેને. એ તો ત્યાં જરી કાળલબ્ધિને સાબિત કરે છે. અને થાય છે પુરુષાર્થથી. સમજાણું કાંઈ? કહે છે કે ભગવાન આત્મા વળી પુરુષાર્થથી થાય અને વળી ક્રમબદ્ધથી થાય એમ ક્યાંથી બે મેળ આવ્યો? પણ એ પુરુષાર્થથી જ્યારે સ્વભાવનું ભાન થાય ત્યારે તેને ક્રમબદ્ધનું જ્ઞાન યથાર્થ કહેવામાં આવે છે. એમ વાત છે. સમજાણું કાંઈ? એવી વાત રાગીઓને લૂખ્ખી લાગે. રાગના રસવાળાને વીતરાગની વાત લૂખ્ખી લાગે.

મુમુક્ષુ :- આ જ માને છૂટકો છે.

ઉત્તર :- હા, એ જ માન્યે અને અનુભવ્યે જ કીધું છે. એ સિવાય કોઈ વાત નથી. લાખ વાત કરે અને લાખ બધામાં જાય આમ કર્યું ને આમ થાશે ને આમ થાશે. સમજાણું કાંઈ?

**'हठात्' 'પોતાના બળથી...'** .. કરીને. હઠ કરીને એટલે? સ્વભાવમાં પુરુષાર્થથી રોકાઈને. સમજાણું કાંઈ? છે એ સ્વભાવિક પુરુષાર્થ, પણ અપૂર્વ પુરુષાર્થ છે એટલે હઠ કહેવામાં આવે છે. **'પોતાના બળથી રોકીને અથવા...' 'व्याहत्य'** છેને? **'व्याहत्य'** એમ છેને? **'નાશ કરીને...'** વિશેષે નાશ કરીને એમ. નાશ કરીને એની ભાષા તો ઉપદેશ શું આવે? બાકી સ્વભાવ તરફ જતાં, અનુભવ થતાં મિથ્યાત્વનો નાશ એટલે ઉત્પન્ન થતું નથી. ખરેખર તો સમ્યગ્દર્શનના કાળમાં મિથ્યાત્વની પ્રકૃતિનો ઉદય જ હોતો નથી, પણ અહીંયાં તો એનો પુરુષાર્થ સ્વભાવ તરફ ઢળે છે ત્યારે પરિણામ એવા એના થઈ ગયા કે પ્રકૃતિના પરમાણુ જ એવા પહેલા આઘા-પાછા થઈને એ વખતે ઉદય અને નિમિત્તમાં હોય જ નહિ એને. સમજાણું કાંઈ? આહા..હા..! એ કર્મપ્રકૃતિવાળા આમ દલીલ કરે. આહા..હા..! અહીંયાં તો ભગવાન આત્મા એક સમયની પર્યાય અને રાગમાં રોકાયેલો છે એ મિથ્યાત્વ છે. એને પોતાના પુરુષાર્થ દ્વારા અંતરમાં વાળતા એ મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. એમ કહે છે. સમ્યક્‌ની ઉત્પત્તિ થાય અને અજ્ઞાન અને મિથ્યાત્વનો નાશ થાય. ધ્રુવ તો ધ્રવનો આશ્રય તો છે. આવી વ્યાખ્યા છે પંડિતજી! લોકોને વિરુદ્ધ લાગે છે આ. લોકોને યથાર્થ ખ્યાલમાં નથી વાત. પોતાની કલ્પનાએ શાસ્ત્ર વાંચે અને પોતાની દૃષ્ટિએ એનો અર્થ કરે. એથી શાસ્ત્રને શું કહેવું છે એ દૃષ્ટિ પોતામાં રાખે તો તો સમજાય એને. પણ પોતાની દૃષ્ટિએ શાસ્ત્રનો અર્થ કરે. સમજાણું કાંઈ?

કહે છે '**પોતાના બળથી...**' .. જ્ઞાનાનંદ સ્વભાવ ત્રિકાળ એમાં પુરુષાર્થથી ત્યાં રોકાઈ જા. અહીં જે રોકાણો છો અહીં રોકાઈ જા. એમ કહે છે. સમજાણું કાંઈ? દૃષ્ટિ બદલવાની જરૂર છે. એ દૃષ્ટિ બદલવામાં અનંત પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? '**પોતાના બળથી (પુરુષાર્થથી) રોકીને...**' ત્યાં તો એમ કહ્યું છે કે લાખ પ્રયત્ન કરે પણ કાળલબ્ધિ વિના.. એમ નથી. એમ છે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સહજ પરિણમન કરે છે પુરુષાર્થથી ત્યારે સહજ કહેવાય છે. આ તો મથુરાનો પેંડો ન્યારો છે આ. આહા..હા..! સહજ નામ વીર્યને રાગમાં ન રોકતા એ વીર્યનો સ્વભાવ જ નથી કહે છે. રાગની રચના કરવી એ બળનું સ્વરૂપ જ નથી. સ્વરૂપની રચના કરવી એ બળનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય આદિ સંતોએ ઘણો માર્ગ સરળ અને સીધો કરી દીધો છે. સમજાણું કાંઈ?

એ '**રોકીને...**' '**अन्तः**' વીર્ય પણ રાગમાં અટકેલું છે અથવા એક પર્યાયમાં અટકેલું એ પણ વીર્ય છે કે નહિ? પણ એ ઊંધું વીર્ય છે. ખરેખર એ વીર્યને વીર્ય કહેતા નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આવે છેને? ..માં વીર્ય. એ સ્વરૂપની રચના કરે તે વીર્ય. રાગને રચે અને એક સમયની પર્યાયમાં રોકાઈને રહે એ વીર્ય નહિ. આહા..હા..! એનું સ્વરૂપ જે જ્ઞાનાનંદ, સહજાનંદ પ્રભુ, આત્માનો સ્વભાવ એની પર્યાયમાં રચના કરે, રચે, ઉત્પન્ન કરે એને વીર્ય નામ બળ કહેવામાં આવે. એ બળની વાત છે આ. સમજાણું કાંઈ? '**પોતાના બળથી રોકીને અથવા નાશ કરીને અંતરંગમાં...**' '**किल अहो कलयति**' પહેલી વ્યાખ્યા શું? ન આવી. '**किल**' એટલે નિશ્ચયથી. '**अहो कलयति**' એટલે અનુભવે. સમજાણું કાંઈ? અંતરંગમાં એનો શબ્દ નથી આમાં? છે? '**अहो कलयति**' અંતરમાં અનુભવ કરે. '**कलयति**' એટલે અનુભવ કરવો. અભ્યાસ કરવો એટલે અંતરના આનંદમાં અનુભવ કરવો. સમજાણું કાંઈ? આહા..હા..! આ અભ્યાસ.

મુમુક્ષુ :- આ જ કરવાનું છે.

ઉત્તર :- ના, ભણવા જા છેને તું કલકત્તા અભ્યાસ કરવા ગયો હતો. આ છોકરાઓ ભણે છે. અભ્યાસ કરવા જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વિદ્યા છે. આહા..હા..! ભગવાન આત્મા છે એની નિશાળે જા ત્યાં. એનો અભ્યાસ કર એમ કહે છે. મહા શાળા, ભગવાન અનંત આનંદની શાળા છે એમાં એનો અનુભવ અને અભ્યાસ કર. સમજાણું કાંઈ? એ જ કરી શકાય છે અને એ જ એનું કર્તવ્ય છે. રાગ એનું કર્તવ્ય નથી. એ તો માને છે. સમજાણું કાંઈ? માને છે દૃષ્ટિ રાગ ઉપર છે

આ વસ્તુ છે. સમજાણું?

**'અંતરંગમાં...'** અંતર અંગમાં, અંતર અંગમાં. આત્માના અંતર પર્યાયમાં અભ્યાસ કરે આનંદનો. આહા..હા..! તો **'अयम् आत्मा'** આ પ્રત્યક્ષ આત્મા. **'अयम्'** આ પ્રત્યક્ષ આત્મા. **'आत्म-अनुभव-एक-गम्य-महिमा '** એ **'પોતાના અનુભવથી જ જણાવાયોગ્ય જેનો પ્રગટ મહિમા છે...'** આહા..હા..! મહિમાનો અર્થ ક્યાંક મોટપ કર્યો છે. મોટપ-મોટપ. એની મોટપ એ છે. આ મોટપ શું છે? પર્યાયની મોટપ એ નહિ. આ મોટપ આ છે. કહે છે કે એના અનુભવથી જાણવાયોગ્ય છે. પ્રત્યક્ષ આનંદના વેદનથી જણાય એવો છે. એવો એનો મોટપ અને સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને એની મહિમા છે, એવું એનું માહાત્મ્ય છે. આ બધી વકીલાત ભણે અને ફલાણું ભણે એ માહાત્મ્ય નથી એમ કહે છે. થોથા. શાસ્ત્રના ભણતર એ થોથા. એય..! આ એની મહિમા છે. એની મોટપ તો અહીં છે કહે છે. સમજાણું કાંઈ? પોતાના આત્મ અનુભવ એકગમ્ય મહિમા એમ. એનાથી જ અનુભવ થઈ શકે. એ જ એની મહિમા છે. એને કોઈ નિમિત્ત અને રાગના સહારાની જરૂર નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ શું લખ્યું છે? ..

કહે છે કે એક સિવાય બીજો એને કોઈ સહારો નથી. પરદ્રવ્યનો સહારો જરીએ નથી. આહા..હા..! કહો, સમજાણું આમાં? આ દેવ-ગુરુ-શાસ્ત્રનો સહારો નથી એમ કહે છે. આ એનાથી સાંભળેલા જ્ઞાનનો પણ આમાં સહારો નથી એમ કહે છે. આહા..હા..! **'अयम् आत्मा'** પ્રત્યક્ષ આત્મા. **'आत्म-अनुभव-एक-गम्य-महिमा '** પોતાના પુરુષાર્થથી અનુભવગમ્ય **'જાણવાયોગ્ય જેનો પ્રગટ મહિમા છે...'** એ પોતાથી જાણવાયોગ્ય એવો જ એની મહિમા છે, એની મોટપ એ છે. એના સિવાય પામર રાગ અને એક સમયનો પર્યાયનો આશ્રય કરવો અને એનાથી અનુભવ થાય એવી ચીજ નથી. એમ કહે છે. આહા..હા..! ભારે! કહો, સમજાણું આમાં? **'आत्म-अनुभव-एक-गम्य'** **'एक-गम्य'** એ તો અંતરના આનંદના પ્રત્યક્ષ વેદનગમ્ય જ આત્મા છે. વ્યવહારથી ગમ્ય ત્યાં વ્યવહાર હોય તો જ થાય એ વાત ગંધ ઉડાડી દીધી છે. મોટી તકરાર છેને. વ્યવહાર પહેલો હોય સારો, આમ છે ને તેમ છે. અરે! એવો વસ્તુનો સ્વભાવ જ નથી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'હરિનો માર્ગ છે શૂરાનો...' એ હરિ એટલે આત્મા હોં! અજ્ઞાનને હરે તે હરિ. પોતે ભગવાન આત્મા હરિસ્વરૂપ છેને. એનું સ્વરૂપ જ કહે છે કે અજ્ઞાનને હરે અને પોતાથી અનુભવ થાય એવો જ એનો મહિમા છે. સમજાણું કાંઈ? કર્મબર્મ માર્ગ આપે તો અનુભવ થાય, કોઈની કૃપા થાય તો થાય. કૃપા થાય તો થાય. જૈન.. થાય લ્યો પાઠમાં એમ નથી આવતું? ધવલમાં આવે છે લ્યો. જિનબિંબથી. ત્યાં વચનથી થાય નાખે. કહ્યુંને. .. એ વસ્તુસ્થિતિ.. એમ જ છેને. સમજાણું કાંઈ? એ તો જિનદર્શનથી નિધતનિકાચિત કર્મ છૂટી જાય. આ પાઠ રહ્યો. જિનદર્શન કહેવું

કોને ભાઈ! જિન તો વીતરાગ પોતાનો સ્વભાવ એનું દર્શન એ જિનબિંબનું દર્શન છે. સમજાણું કાંઈ? સાક્ષાત્ સમવસરણમાં ભગવાનની સમીપમાં અનંતવાર ગયો, અનંતવાર પૂજા કરી ભગવાનની. જય ભગવાન. શું કહેવાય? કલ્પવૃક્ષના ફૂલ, હીરાના થાળ, મણિરત્નના દીવા. કહો, સમજાય છે? એ તો શુભ વિકલ્પ છે કહે છે, શુભરાગ છે. એનાથી સમકિત થાય. છેતરાઈ જઈશ હોં!

અહીં તારો અનુભવગમ્ય મહિમા આ છે કહે છે. તારા અનુભવથી જ તું જાણવાલાયક છો એવી તારી ચીજ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી વાત મૂકી જોયું! **'अयम् आत्मा' 'आत्म-अनुभव-एक'** એકાંત નથી થઈ જતું? વ્યવહારથી પણ જણાય, નિશ્ચયથી પણ જણાય અનુભવથી એમ બે નહિ? આહા..હા..! એ પ્રભુ પોતે પોતાથી જણાય એવો છે કહે છે. એને પરદ્રવ્યનો સહારો નથી. લખ્યું છે એમાં. કળશટીકામાં છે ક્યાંક. પરદ્રવ્યનો સહારો નથી એમ. એનું સ્પષ્ટીકરણ છે. સમજાણું? આમાં આવ્યું છેને આત્મા અનુભવ એક ગમ્ય એમાં છેને? એ ... ૧૨મો કળશ છે. આત્મઅવલોકનમાં હશે. ૧૩મો કળશ છેને એમાં આવે છે. આત્મ અનુભવ પરદ્રવ્યની સહાય રહિત છે. એ ૧૩મો કળશ. જ્ઞાનાનુભૂતિ.. આત્માન આત્મા છેને શબ્દ? આત્માનુ ભૂતિ. **'आत्मनि आत्मानम् सुनिष्प्रकम्पम् निवेश्य'** એમ એ કળશ.

કહે છે **'પોતાના અનુભવથી જણાવાયોગ્ય...'** એ તો અનુભવથી જ જણાય એવો છે કહે છે. શાસ્ત્રથી નહિ, દેવ-ગુરુથી નહિ, વિકલ્પથી નહિ, પુણ્યભાવથી નહિ, શુભભાવથી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એકાંત એક અનુભવગમ્ય જ છે એમ. અનેકાંત એમ નથી કે વળી રાગથી ગમ્ય છે અને ફલાણાથી ગમ્ય છે અને ઢીકણાથી ગમ્ય છે. એનાથી નથી ત્યારે એને અનેકાંત થાય છે. ઓલા અનેકાંત બેયને નહિ તો અનેકાંત નથી થાતું, વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી પણ થાય તો અનેકાંત થાય છે. એ અનેકાંત નથી એ તો એકાંત છે. આવી વાત છે, બાપા! બેસે, ન બેસે એ તો સ્વતંત્ર જીવ છે. એ કોઈ બેસાડી દે એવું નથી. એ તો કહે છે તારો અનુભવગમ્ય તું છો. એ બીજાથી તું જણાય એવી તારી ચીજ જ નથી, તારું સ્વરૂપ જ એવું નથી. આહા..હા..! અલિંગગ્રહણમાં આવ્યું છેને એ. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. સમજાણું? છઠ્ઠો બોલ છે અલિંગગ્રહણનો. પોતાના સ્વભાવથી જણાવાયોગ્ય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. અલિંગગ્રહણના ૨૦ બોલ. કહો, સુજાનમલજી! ૨૦ બોલ છેને ૨૦? પ્રવચનસાર. કહ્યું હતું પહેલા નહિ? .. માં.

કેવો છે ભગવાન? પોતાના સ્વભાવથી જણાય એવો અને તે પ્રત્યક્ષ જ્ઞાતા છે. પરોક્ષ રહે એવું એનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી મોટી-મોટી વાતું પણ કાંઈ.

પણ મોટી નથી, બાપુ! આ જ એની મોટપ છે. સમજાણું? એ એની મહિમા છે. કહો, મોહનભાઈ! .. પાણી ગળવું ઘણું આઘે રહ્યું નહિ? આજે જ આવ્યું છે. એ તો જ્યારે કહેવું હોય ત્યારે આવેને. એવો માર્ગ છેને કે માણસને એકાંત જ લાગે. કહે છે એકાંત જ છે. એક આમ સમ્યક્ સ્વભાવ તરફ ઢળવું એનાથી જ અનુભવ થાય છે. બીજો કોઈ ઉપાય નથી એને માટે. સમજાણું કાંઈ? ઓહો..! પોતાના અનુભવથી જ જાણવાયોગ્ય જેનો પ્રગટ. પ્રગટ એમ છેને? મહિમા. આહા..હા..! ગમ્ય. .. જેનું એક ગમ્ય એટલે જાણવું. ગમ્ય એટલે જાણવું થયું. પ્રગટ નય. એ નયનો અર્થ સીધો પ્રગટ કીધો. સમજાણું? એમ કે '**आत्म-अनुभव-एक-गम्य**' એક અનુભવથી જ જણાય એમ. એવો મહિમા છે એમ. એનો અર્થ પછી કર્યો છે એવો '**જેનો પ્રગટ મહિમા છે...**' સમજાણું કાંઈ? આહા..હા..! મંત્રો છેને આ કેવા? શેઠ! મહામંત્ર છે આવા. મંત્ર દેવા આવ્યો મંત્ર જયપુરમાં. .. છેને ઓલું. મંત્રના ચોપડા લઈને આવ્યો મોટા-મોટા. મહારાજ! આ બધી વાતુંમાં એક રહી ગઈ. મંત્ર.. કહ્યું મંત્રબંત્ર અમારો આ મંત્ર છે બીજો કોઈ નહિ. આ શું કરે છે તું? .. કર્યું હતું. એનો દીકરો ઓલો ત્યાં માને છેને ઓલાને અરવિંદ ઘોષને. તારાચંદભાઈ છેને એનો દીકરો. પૈસા ઘણા. ત્રણ કરોડ રૂપિયા તારાચંદ. એ ત્યાં માને અરવિંદ ઘોષને. બહુ પૈસા ઘણા .. પાંચ-સાત લાખ. તેથી આ કહે છે... હું તો જૈનને માનું. ... કહેતા હતા.. આ મંત્રના ચોપડા... મહારાજ અહીં કાંઈક દાંતણ કરવા આવ્યો છે. ભાઈ અહીં તો આ મંત્ર છે. અંતરનો અનુભવ કરવો એ મહા એક મંત્ર છે. એ સિવાય બધા મંત્ર ભગવાન નમો અરિહંતાણં એ પણ વ્યવહારમંત્ર છે. આહા..હા..!

'**વ્યક્ત (અનુભવગોચર),...**' છે કહે છે જુઓ, એ તો પ્રગટ જ છે. લ્યો પ્રગટ ઓલાપણે નાખ્યું. અહીં આવ્યું. વ્યક્ત અનુભવગમ્ય પ્રગટ છે. ધ્રુવ '**નિશ્ચલ, શાશ્વત,...**' એવો છે એ. કહો, સમજાણું? ધ્રુવ નિશ્ચલ છે, શાશ્વત છે. '**नित्यं कर्म-कलङ्क-पङ्क-विकलः**' છે. '**विकलः**' એટલે રહિત. '**नित्यं कर्म-कलङ्क-पङ्क**' રાગરૂપી '**નિત્ય કર્મકલંક-કર્દમથી રહિત—**' જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**स्वयं देवः**' એના માટે બીજો કોઈ દેવ નથી. '**એવો પોતે...**' સ્વયં એટલે પોતે '**સ્તુતિ કરવા યોગ્ય દેવ...**' ઓલા દેવ કીધો ખરોને. પોતે સ્તવન કરવાલાયક, ગુણગ્રામ કરવાલાયક પોતે દેવ છે. '**आस्ते**' છે એમ. '**વિરાજમાન છે.**' આવો ભગવાન અંદર બિરાજમાન છે. એનો અનુભવ કરવો એ આખા શાસ્ત્રનો સાર છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૩, બુધવાર, તા. ૧૯-૦૧-૧૯૭૨**
**શ્લોક-૧૨-૧૩, ગાથા-૧૫, પ્રવચન-૭૫**

ભાવાર્થ છે. ૧૨મા શ્લોકનો ભાવાર્થ છે. '**શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે...**' એટલે કે આત્માને બદ્ધસ્પૃષ્ટ આદિ પર્યાયથી રહિત એવા અંતરભાવથી જોવામાં આવે '**તો સર્વ કર્મોથી રહિત...**' એ સર્વ કર્મના સંબંધે થયેલા બધા ભાવો એનાથી તો એ રહિત છે. '**ચૈતન્યમાત્ર દેવ અવિનાશી આત્મા...**' ચૈતન્યમાત્ર દેવ, નિત્ય અવિનાશી '**અંતરંગમાં પોતે વિરાજી રહ્યો છે.**' કર્મના સંબંધમાં અથવા પોતાને કારણે અંદર. સંબંધ તો નિમિત્તની વાત છે, પણ પોતામાં જે રાગનો સંબંધ, અનેક પર્યાયોની ઉત્પત્તિ, ગુણભેદ કે દુઃખ. એ દૃષ્ટિ છોડીને અંતર દૃષ્ટિથી જોવે તો એ આત્મા ચૈતન્યમાત્ર દેવ. એકલો જ્ઞાયકભાવ સ્વભાવ. '**અવિનાશી આત્મા અંતરંગમાં પોતે વિરાજી રહ્યો છે.**' કહો, આ સમ્યગ્દર્શનનો વિષય. આ સમ્યગ્દર્શનની ગાથા છેને આ? અહીંથી એને આત્માનું જ્ઞાન અથવા સમ્યગ્દર્શન વસ્તુની પ્રાપ્તિ અહીંથી થાય છે.

મુમુક્ષુ :- અહીંથી થાય છે એટલે?

ઉત્તર :- એ વસ્તુની દૃષ્ટિ થાય અને આત્મા આવો આનંદના સ્વાદમાં જણાય ત્યારે એને આત્માની પ્રાપ્તિ થઈ એમ કહેવાય. સમજાણું કાંઈ? પર્યાયની પ્રાપ્તિમાં આત્માની પ્રાપ્તિ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? રાગનો સંબંધ કે ગતિનો અનેરો-અનેરો સંબંધ, પર્યાયમાં હિનાધિકદશા થવી, ગુણભેદ ભાસવો અને દુઃખ ભાસવું. એમાં એનો અનુભવ એ આત્માની પ્રાપ્તિ નથી. એમાં તો દુઃખની પ્રાપ્તિ છે. સમજાણું કાંઈ? આ શુદ્ધનયથી એટલે અંતર દૃષ્ટિથી વસ્તુને, પર્યાયના અંશમાંથી દૃષ્ટિ ખસીને ત્રિકાળ સ્વભાવની સન્મુખ દૃષ્ટિના અનુભવથી જોઈએ તો એ આત્મદેવ બિરાજી રહ્યો છે. કહો, સમજાણું કાંઈ? '**અંતરંગમાં પોતે વિરાજી રહ્યો છે.**' એમાં વજન એ છે. એની સાથે પર્યાયબુદ્ધિ બહિર્આત્મા બહાર ગોતે છે.

'**આ પ્રાણી—પર્યાયબુદ્ધિ...**' જુઓ, એ વર્તમાન અંશબુદ્ધિવાળા એ અંશ ઉપર લક્ષી છે એટલે એ બહિર્બુદ્ધિ છે એ. એ બહારમાં ગોતે છે. ક્યાંક બહારથી સુખ આવશે, બહારથી જ્ઞાન આવશે, બહારથી આત્માની પ્રાપ્તિ થશે. '**પર્યાયબુદ્ધિ બહિરાત્મા—**' દ્રવ્યબુદ્ધિ અંતરાત્મા. વાત ભારે. '**પર્યાયબુદ્ધિ બહિરાત્મા...**' પોતાની એક સમયની અવસ્થાને દેખનારો એ પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ બહિરાત્મા છે. અંતરાત્મા જે પરમાત્મસ્વરૂપ છે એને નહિ જોનારા.

આહા..હા..! કહો, સમજાણું આમાં? 'પર્યાયબુદ્ધિ બહિરાત્મા—' બે વાત કરી ફક્ત. અંતર ચૈતન્ય ભગવાન અંતર સ્વભાવથી જુઓ તો પૂર્ણ પરમાત્મા બિરાજી રહ્યો છે. છતાં અનાદિની વર્તમાન પ્રગટ અવસ્થાનો જેને અનુભવ છે અને એમાં જેની રુચિ અને દૃષ્ટિ છે એ બહિરાત્મા તેને બહાર ગોતે છે. '**તે મોટું અજ્ઞાન છે.**' કહો, સમજાણું કાંઈ?

## શ્લોક-૧૩

**હવે, શુદ્ધનયના વિષયભૂત આત્માની અનુભૂતિ છે તે જ જ્ઞાનની અનુભૂતિ છે એમ આગળની ગાથાની સૂચનાના અર્થરૂપ કાવ્ય કહે છે :-**

(वसंततिलका)

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या
ज्ञानानुभूतिरियमेव किलेति बुद्धवा।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प-
मेकोऽस्ति नित्यमवबोधनघनः समन्तात्।।१३।।

શ્લોકાર્થ :- [इति] એ રીતે [या शुद्धनयात्मिका आत्म-अनुभूतिः] જે પૂર્વકથિત શુદ્ધનયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે [इयम् एव किल ज्ञान-अनुभूतिः] તે જ ખરેખર જ્ઞાનની અનુભૂતિ છે [इति बुद्धवा] એમ જાણીને તથા [आत्मनि आत्मानम् सुनिष्प्रकम्पम् निवेश्य] આત્મામાં આત્માને નિશ્ચળ સ્થાપીને, [नित्यम् समन्तात् एकः अवबोध-घनः अस्ति] 'સદા સર્વ તરફ એક જ્ઞાનઘન આત્મા છે' એમ દેખવું.

ભાવાર્થ :- પહેલાં સમ્યગ્દર્શનને પ્રધાન કરી કહ્યું હતું; હવે જ્ઞાનને મુખ્ય કરી કહે છે કે આ શુદ્ધનયના વિષયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે જ સમ્યગ્જ્ઞાન છે. ૧૩.

## શ્લોક-૧૩ ઉપર પ્રવચન

'**હવે, શુદ્ધનયના વિષયભૂત આત્માની અનુભૂતિ છે તે જ જ્ઞાનની અનુભૂતિ છે...**' એમ કહે છે. આત્માનો અનુભવ અને જ્ઞાનનો અનુભવ બે કાંઈ જુદી ચીજ નથી.

કેમકે જેમ અગ્નિ અને ઉષ્ણતા એક છે. એમ આત્મા અને જ્ઞાનસ્વભાવ વસ્તુ એક છે. એટલે આત્માનો અનુભવ કહો કે જ્ઞાનનો અનુભવ કહો. એક જ ચીજ છે. સમજાણું કાંઈ? **'એમ આગળની ગાથાની સૂચનામાં અર્થરૂપ...'** ૧૫મી ગાથાની સૂચનામાં ઉપોદ્‌ઘાત છે.

(वसंततिलका)

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या
ज्ञानानुभूतिरियमेव किलेति बुद्ध्वा।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प-
मेकोऽस्ति नित्यमवबोधनघनः समन्तात्।।१३।।

'किल' નો અર્થ નિશ્ચય કર્યો છે ભાઈ! સવારે કહ્યુંને 'किल'નું કાંઈ નહોતું. હમણાં જોયું 'किल'નું શું કર્યું છે? આમાં જોયું. અધ્યાત્મતરંગિણી. 'किल' નિશ્ચિત કર્યું છે. હમણાં જોયું. પછી યાદ આવ્યું. કીધું હતુંને ભાઈએ. કીધું શું છે આ? નિશ્ચયમાં જાય છે. ભાઈએ એમ કાંઈક કહ્યું. વધારાનું છે એમ કહે છે. આમાં શું કર્યું છે? આ તો હમણાં જોયું હોં. 'किल' નહિ? 'किल..' સંસ્કૃત. એવા અર્થમાં આવે છે. '...किल' સંસ્કૃત .. નિશ્ચયમાં. આ તો આવ્યુંને આપણે અહીં? 'एव' એટલે નિશ્ચય આવી જાય છે ત્યાં.

**'શ્લોકાર્થ :— એ રીતે...'** **'या शुद्धनयात्मिका आत्म-अनुभूतिः'** **'જે પૂર્વકથિત શુદ્ધનયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે...'** ૧૪મામાં કહ્યુંને? કે પર્યાયબુદ્ધિ છોડી અને એકલો ચૈતન્યઘન એનો અનુભવ કરતાં જે આત્માનો અનુભવ થાય એ **'તે જ ખરેખર જ્ઞાનની અનુભૂતિ છે...'** કહો, સમજાણું કાંઈ? **'એ રીતે...'** એ રીતે એટલે? પૂર્વે જે કહ્યું. બદ્ધસ્પૃષ્ટરહિત એવો જે સ્વભાવ એનો જે અનુભવ એ આત્માનો અનુભવ છે. એ જ સમ્યગ્દર્શન છે. એને અહીંયાં જ્ઞાનથી વાત કરી સાથે. **'તે જ...'** તે જ. એમ છેને? **'इयम् एव'** **'તે જ...'** **'इयम् एव'** **'एव'** એટલે **'જ...'** **'इयम् एव किल'** **'ખરેખર...'** જુઓ અર્થ કર્યો આમાં. ખરેખર કર્યો. **'इयम् एव किल'** **'તે જ ખરેખર જ્ઞાનની અનુભૂતિ છે...'** શું કહ્યું સમજાણું કાંઈ? કે ત્યાં આત્માનો અનુભવ કહ્યો હતો, અહીંયાં જ્ઞાનનો અનુભવ. બે થઈને એક જ છે. ભગવાન આત્મા પર્યાયના લક્ષને છોડી દઈને શુદ્ધનય સ્વરૂપ એવો જે અબદ્ધસ્પૃષ્ટ ભગવાન આત્મા એની અનુભૂતિ, એનો અનુભવ, એને અનુસરીને દશાનું થવું, એની પ્રતીત કરવી એનું નામ સમ્યગ્દર્શન છે અને તેનો અનુભવ તે જ જ્ઞાનનો અનુભવ છે. સમજાણું કાંઈ? એ ગુણીની પ્રધાનતાથી વાત કરી હતી, અહીં ગુણપ્રધાનથી વાત કરે છે. આહા..હા..!

**'તે જ ખરેખર જ્ઞાનની અનુભૂતિ છે એમ જાણીને...'** **'बुद्ध्वा'** **'તથા...'** **'आत्मनि आत्मानम् सुनिष्प्रकम्पम् निवेश्य'** કાલે આવ્યું હતુંને ઓલામાં ભાઈ! બીજા અનેરા દ્રવ્યના

સહારા વિના. કાલે મગજમાં આવ્યું હતું ક્યાંક છે. પણ આમાં છે એ. ઓલા કળશટીકામાં. મોટપ પણ એમાં છે. કળશટીકા પણ વાંચ્યું હોય અને ઓલું વાંચ્યું હોય તો કાંઈક યાદ રહી જાય. અહીં કીધું. '**आत्मनि आत्मानम्**' '**આત્મામાં આત્માને નિશ્ચળ સ્થાપીને,...**' એમાં રાગ અને પરદ્રવ્યનો સહારો અનુભવમાં કોઈનો નથી. આહા..હા..! તારણસ્વામીની વાત બહુ આમાં આવે છે. પણ તમે ક્યાં કોઈ દિ' વાંચેલું નહિ. શેઠ! પણ થોડું થોડું ... ઘણી છે એટલે એકદમ કાઢી ન શકાય. બહુ વાંચે માંડ માંડ. આ તો એક એક શ્લોકમાં. એ એક-એક ગાથા એટલી ગંભીરતા ભરી છે આમાં. ઓહો..હો..!

કહે છે સમ્યગ્દર્શનનો વિષય જે અબદ્ધસ્પૃષ્ટ કહ્યો હતો અને તે આત્માનો અનુભવ જે ૧૪મીમાં કહ્યો હતો એ જ જ્ઞાનનો અનુભવ છે. જુઓ અહીં ભાવશ્રુત જ્ઞાનનો અનુભવ લેવો છેને. ત્યાં ઓલી દર્શનની વાત હતી અહીંયાં ભાવશ્રુત જ્ઞાનનું લેવું અને એ જૈનશાસન છે એમ કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? બેય માખણની ગાથા છે હોં. તું આવ્યો છો બરાબર. આહા..હા..! ... '**આત્મામાં આત્માને...**' એમ કહ્યું છેને? '**આત્મામાં આત્માને...**' એટલે કે રાગ વડે નહિ, પુણ્ય વડે નહિ, પરદ્રવ્યના સહારા વિના '**આત્મામાં આત્માને...**' પોતાના સ્વરૂપથી પોતાના આત્મામાં સ્થિર થઈને. આહા..હા..! સમજાણું કાંઈ? '**આત્મામાં આત્માને...**' એટલે નિર્વિકલ્પ પરિણતિને '**નિશ્ચળ સ્થાપીને,...**' વાત તો ભાઈ શબ્દે તો ટૂંકી છે, પણ ભાવે મોટી છે. આહા..હા..! ધર્મ એવો જૈનદર્શન, એનો સમ્યગ્દર્શન, એનું સમ્યગ્જ્ઞાન અલૌકિક વાત છે. એ અંતર્મુખ વિના એનો પત્તો ખાય એવું નથી. એવી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે એ બે એક જ છે. આત્માનો અનુભવ કહો કે આત્મા જ્ઞાનનો અનુભવ કહો એ એક છે એમ જાણીને. '**આત્મામાં આત્માને...**' નિર્વિકલ્પ પરિણતિ દ્વારા સ્થાપીને.

'**नित्यम् समन्तात् एकः अवबोध-घनः अस्ति**' ''**સદા સર્વ તરફ એક જ્ઞાનઘન આત્મા છે' એમ દેખવું.**' સમજાણું કાંઈ? જેમ મીઠાની ગાંગડી ચારેકોરથી જુઓ તો એકલી ખારી જ ભરી છે. એમ ભગવાન આત્મા સર્વ તરફથી સદા એક જ્ઞાનઘન. એ જ્ઞાનાનુભૂતિ કહેવી છેને? આત્મા છે એમ દેખવું. જ્ઞાનઘન, જ્ઞાનનો પિંડ તે આત્મા છે. સમજાણું કાંઈ? '**એમ દેખવું.**' એમ.

'**ભાવાર્થ :- પહેલાં સમ્યગ્દર્શનને પ્રધાન કરી કહ્યું હતું;...**' ૧૪મી ગાથામાં સમ્યગ્દર્શનને પ્રધાન કરીને કહ્યું હતું. વીતરાગે કહ્યો એવો આત્મા. અસંખ્ય પ્રદેશી અનંતગુણનો પિંડ અભેદભૂત એવો આત્મા સર્વજ્ઞ સિવાય કોઈએ કહ્યો નથી. એવા આત્માને અંતર્મુખની દૃષ્ટિ વડે અનુભવ કરવો એમાં પ્રતીત કરવી એ સમ્યગ્દર્શન. એ ૧૪મીમાં સમ્યગ્દર્શનને મુખ્ય કરીને કહ્યું હતું. '**હવે જ્ઞાનને મુખ્ય કરી કહે છે...**' સમ્યગ્દર્શન તો ભેગું છે જ, પણ

જ્ઞાનની મુખ્યતાથી વાત હવે કરે છે. '**આ શુદ્ધનયના વિષયસ્વરૂપ...**' એ શુદ્ધનયનું જે ધ્રુવસ્વરૂપ અખંડ આનંદ '**આત્માની અનુભૂતિ છે તે જ સમ્યગ્જ્ઞાન છે.**' તેનું નામ સમ્યગ્જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં જ કહ્યું છેને ભાઈ નહિ? બાર અંગમાં. બાર અંગમાં. આ બાર અંગનું ભણતર એ કાંઈ.. એ તો વિકલ્પ છે. પણ બાર અંગના જ્ઞાનમાં આત્માની અનુભૂતિ તે મોક્ષમાર્ગ છે એમ કહ્યું છે. નહિ? છેલ્લી લીટી. અહીં છે. શું કહ્યું? પછી. કોઈ કહે કે ભાઈ બાર અંગ એ કોઈ અપૂર્વ વસ્તુ છે. બાર અંગનું ભણતર. એમ કહે છે. કે નહિ એ તો ભેદરૂપ અનેક પ્રકાર છે એ તો વિકલ્પ છે. આહા..હા..! ક્યારે? કે આત્માનું જ્ઞાન તે જ્ઞાન છે. અને તે બાર અંગમાં પણ આત્માની અનુભૂતિ તે મોક્ષમાર્ગ એમ એમાં કહ્યું છે. દ્રવ્યસૂત્રમાં પણ. આ આવે છેને ભાઈ આમાં? દ્રવ્યશ્રુત એનો અર્થ કર્યો. એનું બાર અંગરૂપી દ્રવ્યશ્રુતમાં પણ આમ કહ્યું છે. એ પાઠમાં આવશે. ટીકા કળશ ..

બાર અંગનું જ્ઞાન એ તો વિકલ્પ છે. એ કોઈ અપૂર્વ નથી. આહા..હા..! અપૂર્વ તો આત્મામાં અંતર્મુખ થઈને સામાન્ય સ્વભાવનો અનુભવ વિશેષમાં કરવો એનું નામ આત્મજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન મોક્ષના માર્ગનો બીજો અવયવ એને કહેવામાં આવે છે. .. ચારિત્ર છે. ચારિત્રમાં દર્શન કહ્યું.. ત્રણ શબ્દ દર્શન-જ્ઞાન-ચારિત્ર. .. ત્રણ થઈને એકરૂપ છે એમ કહેશે.

'**સમ્યગ્દર્શનને પ્રધાન કરીને કહ્યું હતું; હવે જ્ઞાનને મુખ્ય કરીને કહે છે કે આ શુદ્ધનયના વિષયસ્વરૂપ આત્માની...**' વિષય એટલે ધ્યેય. શુદ્ધનય ધ્યાન કરનાર, ધ્યાનનું ધ્યેય વસ્તુ એનો અનુભવ કરતાં '**તે જ સમ્યગ્જ્ઞાન છે.**' લ્યો આ સમ્યગ્જ્ઞાન એને કહીએ. નવ પૂર્વ ભણ્યો હોય અને અગિયાર અંગ ભણ્યો હોયને. કહો, પ્રશ્ન-ઉત્તર આવડે અને જવાબ દેતા આવડે, શિખવતા બીજાને આવડે. એય..! શેઠ! આહા..હા..! એ જ્ઞાન નહિ. જેઠાભાઈ! આત્માનું જે અંદર ચૈતન્યમૂર્તિ એના જ્ઞાનનો અનુભવ તે જ્ઞાન છે. અહીં જ્ઞાન લેવું છેને? .. જૈનશાસન છે એમ કહેવું છે. જૈનશાસનને આ કહેવું છે. સમજાણું કાંઈ? જૈનશાસનમાં બાર અંગના શબ્દોમાં અહીં કહ્યુંને એણે કળશકારે? એટલે આમાં આ જે કહેવું છે ૧૫માામાં એ બાર અંગમાં જ કહેવું છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! ખૂબ વર્ણવ્યું લ્યો અત્યારે ખ્યાલ આવ્યો હોં. આમાં કેમ નાખ્યું એણે? આ કળશમાં. કેમકે એને પાછું આ ૧૫માનો ઉપોદ્ઘાતનો અર્થ છેને. એની સૂચના છે. ૧૫મામાં એમ કહેશે કે દ્રવ્યસૂત્રમાં પણ આ કહ્યું છે અને ભાવસૂત્ર પણ એ રૂપે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ધીરજની વાતું છે, ભાઈ! આ કાંઈ. સમજાણું કાંઈ?

## ગાથા-૧૫

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।
*अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।
यः पश्यति आत्मानम् अबद्धस्पृष्टमनन्यविशेषम्।
अपदेशसान्तमध्यं पश्यति जिनशासनं सर्वम्।।१५।।

येयमबद्धस्पष्टस्यानन्यस्य नियतस्याविशेषस्यासंयुक्तस्य चात्मनोऽनुभूतिः सा खल्वखिलस्य जिनशासनस्यानुभूति, श्रुतज्ञानस्य स्वयमात्मत्वात्; ततो ज्ञानानुभूति-रेवात्मानुभूतिः। किन्तु तदानीं सामान्यविशेषाविर्भावतिरोभावाभ्यामनुभूयमानमपिज्ञानम-बुद्धलुब्धानां न स्वदते। तथा हि--यथा विचित्रव्यंजनसंयोगोपजातसामान्यविशेषतिरोभावा-विर्भावाभ्यामनुभूयमानं लवणं लोकानामबुद्धानां व्यंजनलुब्धानां स्वदते, न पुनरन्यसंयोग-शून्यतोपजातसामान्यविशेषाविर्भावतिरोभावाभ्याम्; अथ च यदेव विशेषाविर्भावेनानुभूयमानं लवणं तदेव सामान्याविर्भावेनापि। तथा विचित्रज्ञेयाकारकरम्बितत्वोपजातसामान्यविशेष-तिरोभावाविर्भावाभ्यामनुभूयमानं ज्ञानमबुद्धानां ज्ञेयलुब्धानां स्वदते, न पुनरन्यसंयोगशून्य-तोपजातसामान्यविशेषाविर्भावतिरोभावाभ्याम्; अथ च यदेव विशेषाविर्भावेनानुभूयमानं ज्ञानं तदेव सामान्यविर्भावेनापि। अलुब्धबुद्धानां तु यथा सैन्धवखिल्योऽन्यद्रव्यसंयोगव्यवच्छेदेन केवल एवानुभूयमानः सर्वतोऽप्येकलवणरसत्वाल्लवणत्वेन स्वदते, तथात्मापि परद्रव्यसंयोगव्यवच्छेदेन केवल एवानुभूयमानः सर्वतोऽप्येकविज्ञानघनत्वात् ज्ञानत्वेन स्वदते।

હવે, આ અર્થરૂપ ગાથા કહે છે :-

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,**
**તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.**

શ્લોકાર્થ :- [यः] જે પુરુષ [आत्मानम्] આત્માને [अबद्धस्पृष्टम्] અબદ્ધસ્પૃષ્ટ, [अनन्यम्] અનન્ય, [अविशेषम्] અવિશેષ (તથા ઉપલક્ષણથી નિયત અને અસંયુક્ત) [पश्यति] દેખે છે તે [सर्वम् जिनशासनं] સર્વ જિનશાસનને [पश्यति] દેખે છે,-કે જે જિનશાસન [[1]अपदेशसान्तमध्यं] બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.

ટીકા :- જે આ અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા

* પાઠાન્તર = अपदेससुत्तमज्झं ૧. अपदेश = દ્રવ્યશ્રુત; सान्त = જ્ઞાનરૂપ ભાવશ્રુત.

પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે, કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે. તેથી જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે. પરંતુ હવે ત્યાં, સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ (પ્રગટપણું) અને વિશેષ (જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ (આચ્છાદન)થી જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે તોપણ જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે તેમને તે સ્વાદમાં આવતું નથી. તે પ્રગટ દૃષ્ટાંતથી બતાવીએ છીએઃ

જેમ-અનેક તરેહનાં શાક આદિ ભોજનોના સંબંધથી ઊપજેલ સામાન્ય લવણના તિરોભાવ અને વિશેષ લવણના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે (સામાન્યના તિરોભાવરૂપ અને શાક આદિના સ્વાદભેદ ભેદરૂપ-વિશેષરૂપ) લવણ તેનો સ્વાદ અજ્ઞાની, શાકના લોલુપ મનુષ્યોને આવે છે પણ અન્યના સંબંધરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ ને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ લવણ તેનો સ્વાદ આવતો નથી; વળી પરમાર્થથી જોવામાં આવે તો તો, જે વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું (ક્ષારરસરૂપ) લવણ છે તે જ સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવતું (ક્ષારરસરૂપ) લવણ છે. એવી રીતે-અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઊપજેલ સામાન્યના તિરોભાવ અને વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે (વિશેષભાવરૂપ, ભેદરૂપ, અનેકાકારરૂપ) જ્ઞાન તે અજ્ઞાની, જ્ઞેય-લુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે પણ અન્ય જ્ઞેયાકારના સંયોગરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ ને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ જ્ઞાન તે સ્વાદમાં આવતું નથી; વળી પરમાર્થથી વિચારીએ તો તો, જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે. અલુબ્ધ જ્ઞાનીઓને તો, જેમ સૈંધવની ગાંગડી, અન્યદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક ક્ષારરસપણાને લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે તેમ આત્મા પણ, પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.

ભાવાર્થ :- અહીં આત્માની અનુભૂતિ તે જ જ્ઞાનની અનુભૂતિ કહેવામાં આવી છે. અજ્ઞાનીજન જ્ઞેયોમાં જ-ઇન્દ્રિયજ્ઞાનના વિષયોમાં જ-લુબ્ધ થઈ રહ્યા છે; તેઓ ઇંદ્રિયજ્ઞાનના વિષયોથી અનેકાકાર થયેલ જ્ઞાનને જ જ્ઞેયમાત્ર આસ્વાદે છે પરંતુ જ્ઞેયોથી ભિન્ન જ્ઞાનમાત્રનો આસ્વાદ નથી લેતા. અને જેઓ જ્ઞાની છે, જ્ઞેયોમાં

**આસક્ત નથી તેઓ જ્ઞેયોથી જુદા એકાકાર જ્ઞાનનો જ આસ્વાદ લે છે,-જેમ શાકોથી જુદી મીઠાની કણીનો ક્ષારમાત્ર સ્વાદ આવે તેવી રીતે આસ્વાદ લે છે, કારણ કે જ્ઞાન છે તે આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે. આ પ્રમાણે ગુણી-ગુણની અભેદ દૃષ્ટિમાં આવતું જે સર્વ પરદ્રવ્યોથી જુદું, પોતાના પર્યાયોમાં એકરૂપ, નિશ્ચળ, પોતાના ગુણોમાં એકરૂપ, પરનિમિત્તથી ઉત્પન્ન થયેલ ભાવોથી ભિન્ન પોતાનું સ્વરૂપ, તેનું અનુભવન તે જ્ઞાનનું અનુભવન છે, અને આ અનુભવન તે ભાવશ્રુતજ્ઞાનરૂપ જિનશાસનનું અનુભવન છે. શુદ્ધનયથી આમાં કાંઈ ભેદ નથી.**

## ગાથા-૧૫ ઉપર પ્રવચન

'હવે, આ અર્થરૂપ ગાથા કહે છે :—'

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।**
***अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।**

નીચે છે જરી પાઠાંતર. 'अपदेससुत्तमज्झं' મૂળ તો ઓલીકોર કહેશે. 'अपदेस' એટલે કથન દ્રવ્યશ્રુત અને 'सान्त = જ્ઞાનરૂપ ભાવશ્રુત.' દ્રવ્યશ્રુતમાં પણ આ કહેવું છે. મારે ઠીક કર્યું હોં! સમજાણું કાંઈ? ભગવાનના બાર અંગના શાસ્ત્રમાં પણ એ અનુભૂતિ તેને જ્ઞાન કહ્યું છે. આહા..હા..! કહો, શેઠ! આહા..હા..!

નીચે એનું હરિગીત.

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,**
**તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.**

લ્યો આ જૈનશાસન આવ્યું. આહા..હા..! જૈનશાસન કાંઈ આત્માની પર્યાયથી બહાર રહેતું નથી. આ આત્માનું જે જ્ઞાન આત્મજ્ઞાન એ જૈનશાસન. આહા..હા..! ભલે થોડું ભણતર હોય, વિશેષ ન હોય. આહા..હા..! એ આત્માનું જ્ઞાન એને બધું આવી ગયું કહે છે. આહા..હા..! આત્માનો તો અનંત-અનંત કેવળજ્ઞાનની પર્યાયોનો પિંડ પોતે છે. એનો જ્યાં અનુભવ અને જ્ઞાન થયું પછી શું બાકી રહ્યું? આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આત્મા જાણ્યો એણે બધું જાણ્યું. સમજાણું કાંઈ? અહીં તો જ્યાં શાસ્ત્રના થોડા ઘણા પાઠ આવડે, મોઢે આવડે, લખતા આવડે, કહેતાં આવડે ત્યાં એમ થઈ જાય કે આહા..હા..! આપણે થઈ ગયા જ્ઞાની હોં. પી ગયા છે એ શાસ્ત્ર તો. એમ કહે છે. શાસ્ત્ર પી ગયા છેને. આહા..હા..! સમજાણું

કાંઈ? આહા..હા..! અરે! ભગવાન! તે છેતર્યો છેને તને. એ જ્ઞાન જ નથી કહે છે. આહા..હા..!

કાલે ન આવ્યું? કહ્યું હતુંને ભાઈએ ઉપદેશનું. ૫૮ની ગાથામાં છેને પ્રવચનસાર. આમાં આવ્યું. આમાં નથી. પછી ઓલામાં લખ્યું. ઓલામાં નિયમસાર આ જૂનું છેને એમાં લખેલું. વાંચે કે દિ'? જૂનામાં છે. પહેલા હતાને. પહેલો શબ્દ. આ હમણાં આ વાંચ્યું એ બધું નવું છે. ૫૦ છેને ગાથા? એય..! તું માગતો હતો એ. આ તો પ્રવચનસાર ગાથા ૪૧મી છે એમ લખ્યું છે આમાં. એમાં પણ પરદ્રવ્ય કીધું છે. આહા..હા..! જ્ઞાનનો ક્ષયોપશમનો લબ્ધભાવ એ પરદ્રવ્ય છે. આહા..હા..! આ ઉપદેશ મળ્યો જ્ઞાની પાસેથી અને તને થયું એ પરદ્રવ્ય છે. ઉપદેશ પરદ્રવ્ય અને નિમિત્ત.. આહા..હા..! ગજબ વાત છે. જૈનશાસનની શૈલી. સમજાણું કાંઈ? એ પાંચ .. આમાં લખ્યું હતું હોં. કીધું આમાં ક્યાં છે? .. છેને? પ્રવચનસાર. ૫૮.

'**નિમિત્તપણાને પામેલાં (અર્થાત્ નિમિત્તરૂપ બનેલાં)...**' એમ અર્થ કર્યો છે. નિમિત્તરૂપ બનેલા '**એવા જે પરદ્રવ્યભૂત અંતઃકરણ,...**' મન '**ઇન્દ્રિય,...**' પાંચ '**પરોપદેશ,...**' પરના ઉપદેશથી થયેલ એટલે પરોપદેશ એટલે પરદ્રવ્ય અને એનાથી થતું જ્ઞાન એ પણ પરદ્રવ્ય છે. આહા..હા..! ગજબ શૈલી છે. મુનિઓની, દિગંબર મુનિઓએ તો ગજબ કામ કર્યા છે. અનુભવ તો ઠીક પણ આ કથન પદ્ધતિને એને મૂકવાની શૈલી. '**ઉપલબ્ધિ,...**' જુઓ. ઉઘાડ. નીચે કરીને. '**જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના નિમિત્તે ઊપજેલી પદાર્થોની જાણવાની શક્તિ (આ 'લબ્ધ શક્તિ' જ્યારે 'ઉપયુક્ત' થાય ત્યારે જ પદાર્થ જણાય.)**' એ લબ્ધ. અને '**સંસ્કાર,...**' આહા..હા..! ગજબ વાત છેને. સંસ્કાર છે એ પણ પર છે. સીધું આત્માથી જાણે તે પ્રત્યક્ષ છે. આહા..હા..! જુઓને પણ. સમજાણું કાંઈ? કોક કહે કે ભાઈ આ પૂર્વના સંસ્કાર હતાને થયું. એ નહિ. એ તો અહીં આત્માથી થાય ત્યારે પૂર્વના સંસ્કાર હતા એને વ્યવહાર કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ? એ પાંચ બોલ છે હોં. અને '**પ્રકાશાદિક, તેમના દ્વારા થતું જે સ્વવિષયભૂત પદાર્થનું જ્ઞાન, તે પર દ્વારા પ્રાદુર્ભાવ પામતું હોવાથી...**' દેખો! એમ એ પરોક્ષ કહેવામાં આવે છે. આહા..હા..!

'**અને અંતઃકરણ, ઇન્દ્રિય, પરોપદેશ, ઉપલબ્ધિ, સંસ્કાર કે પ્રકાશાદિક—એ બધાંય પરદ્રવ્યની અપેક્ષા રાખ્યા વિના એક આત્મસ્વભાવને કારણપણે ગ્રહીને...**' આહા..હા..! ત્રિકાળી ભગવાન આત્મા એને કારણપણે એટલે અંદર દૃષ્ટિ પડતાં જે કાર્ય જ્ઞાન આવે એને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! આ પ્રવચનનો સાર. એ કહ્યુંને બાર અંગનું. બાર અંગમાં પણ આ કહ્યું છે હોં. સમજાણું કાંઈ? આત્માનો અંતર અનુભવ, અનુભૂતિ એ એને મોક્ષમાર્ગ કહ્યો છે અને દ્રવ્યશ્રુતમાં પણ આ કહ્યું છે અને અનુભૂતિ ભાવશ્રુત તો પોતે જ છે હવે. સમજાણું કાંઈ? આ પ્રવચનસાર છે. ૫૮. ૫૦ અને ૮ અને ૪૧ બેમાં છે. ૪૧માં છે.

આપણે આ ૫૮માં નાખ્યું છે. ઓલો પરદ્રવ્ય શબ્દ ચોખ્ખો છે એટલે. કહો, સમજાણું કાંઈ? ટીકામાં દ્રવ્યશ્રુત નહિ આવે, ભાવશ્રુતની જ વાત છે. કારણ કે ભાવશ્રુત જે છે એને દ્રવ્યશ્રુત નિમિત્તરૂપે કાને પડેલું હોય છે, પણ એ નિમિત્તરૂપ દ્રવ્યશ્રુતમાં આ કહ્યું હતું.

ભગવાન આત્મા એકલો જ્ઞાનનો સાગર પરિપૂર્ણ પ્રભુ એને અનુસરીને જે જ્ઞાન થાય એ જ્ઞાન જૈનશાસન અને તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન અને તે જ્ઞાન મોક્ષનો માર્ગ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. નવરંગભાઈ! ગર્વ ઉતરી જાય એવું છે આ. આ અમે ભણ્યા, આમ અમને આવડે છે. એય..! ચેતનજી! આહા..હા..! આત્મા ભણ્યો એ ભણ્યો. આહા..હા..! ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી જ્ઞાનનો ગોળો એકલો જ્ઞાનનો તેજથી ભરેલો પ્રભુ. એનું જ્ઞાન. એના સન્મુખ થઈને એનો આદર કરીને જે અંદર શક્તિમાંથી વ્યક્તતા જ્ઞાનની પ્રગટ થાય તેને જ્ઞાન કહેવામાં આવે છે. એ જૈનશાસન એને કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને ભગવાનના વાણીમાં બાર અંગમાં, બાર અંગમાં એ વાત આવી છે તે સ્થૂળ. આહા..હા..! આવે છેને પંચાધ્યાયમાં ભાઈ! બાર અંગમાં એ સ્થૂળ વાત આવી છે. કારણ કે સૂક્ષ્મ વાત તો એટલી બધી તો અનુભવગમ્ય રહી જાય છે. તે શી રીતે આવે? આહા..હા..! જુઓને આ અગુરુલઘુ, ષટ્ગુણ હાનિવૃદ્ધિ એક સમયની પર્યાયમાં કેવળજ્ઞાનનો પર્યાય એવો ને એવડો રહે, વસ્તુ અવસ્તુ આમ ન થાય છતાં એમાં કાંઈક આવો ભાવ છે એ તો. આહા..હા..!

મુમુક્ષુ :- એ શ્રુતજ્ઞાનનું ગજુ નથી.

ઉત્તર :- ગજુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે. આપણે અહીં શબ્દ વાંચીએ પહેલો. ઓલો અપદેશ શબ્દ પડ્યો છેને. એનો ગાથાર્થ. ઠીક અમારે આ શેઠ પણ છે બેય હમણા. આ બધાય. શેઠ એક અમારે હીરાભાઈ છે, હિંમતભાઈ છે એ પંડિત અમારા ત્યાંના મંડળના. ચીમનભાઈ આવ્યા છે આજે. એ ત્રીજા પંડિત છે ત્યાંના. એ પંડિત છેને ત્યાંના. કહો, સમજાણું આમાં? કહે છે **'જે પુરુષ...'** એટલે આત્મા. **'આત્માને...'** ગાથાર્થ છેને ગાથાર્થ? **'અબદ્ધસ્પૃષ્ટ,...'** કર્મના. અહીં કર્મ લીધું છે ભલે, પણ ખરેખર તો રાગનો સંબંધ છે એ જ બદ્ધ છે. પણ રાગ છે એ ખરેખર પરજ્ઞેય છે. સમજાણું કાંઈ? જ્ઞેયનું જ્ઞાન કરવાકાળે નથી આવતું? સર્વવિશુદ્ધમાં નહિ? લે ક્યાંનું ક્યાંય આવી ગયું જુઓ. ત્યાં એમાં આવે છે હોં. જ્ઞેયના જ્ઞાન કરવાકાળે જ્ઞેયનું જ્ઞાન કરવું છે એમ એને થઈ જાય છે. પણ જ્ઞાનનું જ્ઞાન. આહા..હા..! છેને આખો સર્વવિશુદ્ધ અધિકાર છે. જ્ઞાયકભાવને જાણતો.

કહે છે **'અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય,...'** અનેરો-અનેરો નહિ. ગતિ અનેરી-અનેરી એમાં નથી. રાગનો સંબંધ એને નથી. આહા..હા..! એ ભેદરૂપે નથી. **'અવિશેષ...'** વિશેષ એટલે ભેદ.

અભેદ સ્વરૂપ. '**(તથા ઉપલક્ષણથી...**' ઓલા ત્રણ બોલ છે ખરાને. ઓલા કહે ત્રણ કહ્યા છે માટે કાંઈક આમ છેને તેમ છે એમ લખતા ઓલા. ભાઈ કેવા? દિલ્હીવાળા જુગલકિશોર. આમાં ત્રણ લખ્યા માટે કાંઈક ફેર છે. અરે પણ આ ટીકાકાર પોતે અમૃતચંદ્રાચાર્ય જેવા પાંચ કહે છે. જયસેનાચાર્ય કહે, પણ આ તો અમૃતચંદ્રાચાર્ય એની ગંભીર ભાષા. એ ખુલાસો કરે છે. એ ત્રણ તો અમથા લીધા. પહેલા કહ્યા એ પાંચ લેવા. પણ માણસને એવો. આહા..હા..! કહે છે એવા '**અસંયુક્ત...**' પરથી સંયુક્તરહિત. સમજાણું કાંઈ? '**નિયત અને અસંયુક્ત...**' બેય લેવા. એક સમયની પર્યાય છે તે અનિયત છે. ઓછી-વત્તી થાય. એનાથી રહિત અને મોહથી રહિત એને '**દેખે છે...**' એવા આત્માને અંતર્મુખ થઈને જે જોવે છે. '**सर्वम् जिनशासनं**' '**સર્વ જિનશાસનને દેખે છે,...**' કહો, સમજાણું કાંઈ?

'સબ આગમ ભેદ સુ ઉર વસે' આવે છેને ઓલામાં શ્રીમદ્‌માં. 'કેવલ કો ભી જ્ઞાન કહે.' ભાવશ્રુત જ્ઞાનમાં બધું આવી ગયું છે. આખા આગમના ભેદો બધું શું છે એ બધું આવી જાય છે આમાં. અને તે કેવળનો બીજજ્ઞાન છે. એને કેવળજ્ઞાનનું બીજડું કહે છે. સમજાણું કાંઈ? એ જૈનશાસન. આ જૈનશાસન. ભાવશ્રુત ઉપયોગ અંદરમાં લાગ્યો એનું નામ જૈનશાસન છે.

મુમુક્ષુ :- સમસ્ત.

ઉત્તર :- એમાં બધુંય. કારણ કે વીતરાગ સ્વરૂપ જ આખો આત્મા છે. એનું જ્ઞાન તે જૈનશાસન છે. એ વીતરાગી જ્ઞાન છે, એ વીતરાગી શિખામણ છે અને વીતરાગી ઉપદેશ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**अपदेशसान्त**' અપદેશ એટલે '**બાહ્ય દ્રવ્યશ્રુત...**' છેને? '**अपदेश**' નીચે કર્યું છે દ્રવ્યશ્રુત અને '**सान्त**' '**सान्त**' એટલે ભાવશ્રુતજ્ઞાન. બેય આ છે. દ્રવ્યશ્રુતમાં ભગવાનની વાણીમાં પણ એને જ્ઞાન કહ્યું અને ભાવશ્રુત પોતે જ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? '**બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.**' એ દ્રવ્યશ્રુતવાળું એટલે દ્રવ્યશ્રુતે એ કહ્યું એરૂપ છે અને ભાવશ્રુતવાળું જૈનશાસન છે. જૈનશાસનના શાસ્ત્રોમાં પણ આ કહ્યું છે અને જૈનશાસન ભાવશ્રુતવાળું એ પોતે છે. આહા..હા..! ભારે ભાઈ આવું સમજવું કઠણ પડેને માણસને એટલે બીજે દોરાઈ ગયા. લોકોને તો એવું લાગે કે આ નિશ્ચય... નિશ્ચય... પણ કેમ પહેલું સાધન-સાધન. સાધન થઈ જાય. એ શ્રીમદ્‌માં ગયા તો એમ કહ્યું. મારવાડી કહે વાત સાચી પણ એનું કોઈ સાધન? એમ. આ ભગવાનની ભક્તિ કરવી, ગુરુની ભક્તિ કરવી, શાસ્ત્ર વાંચવા. ભાઈ એ તો વ્યવહાર સાધન આ નિશ્ચય કરે તો એને કહેવામાં આવે છે. સાધન-ફાધન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? નિરપેક્ષ તત્ત્વ છે. એને કોઈ વ્યવહાર અને નિમિત્તની અપેક્ષા નથી એને ભાવશ્રુત જ્ઞાન અને જૈનશાસન કહે છે એમ

કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એની મોટી તકરાર. વ્યવહાર જુઓ આમ, વ્યવહારથી આમ થાય, વ્યવહારમાં પણ શુદ્ધનો અંશ છે. વ્યવહારે પણ બતાવ્યું છે તો એનેને. લ્યો એ બહુ આવતું ત્યાં ઈસરીમાં. કહો, સમજાણું કાંઈ? વ્યવહાર બતાવ્યો, પણ વ્યવહાર બતાવ્યો એટલે વ્યવહારથી થયું છે એ? સમજાણું કાંઈ? આકરું કામ.

આ ચૈતન્ય દરિયો ભગવાન એની ભરતી તો અંદરમાંથી આવે તો થાય. સમજાણું? દરિયામાં ભરતી આવે એ કાંઈ પચાસ ઈંચ વરસાદ અને નદીના પાણીના પડે એ ઓટને કાળે ભરતી લાવે? નદીનું પાણી પડે છેને નદીનું. ન લાવે. આહા..હા..! પણ મધ્ય દરિયો ઉછળે અંદરથી જ્યારે. વરસાદનો અભાવ અને ૧૧૮-૧૨૦નો તડકો. ૧૮ સુધી જોયો છે. ભાવનગરમાં ૧૮ હતો ૮૬માં. વધારે ક્યાંક હશે આપણને બહુ ખબર નથી. વધારે હોય. ૧૧૮ ડિગ્રી હતો ૮૬માં. જેઠ મહિનો હતો. ચકલા અને કાબરુ મરી જાય હોં. ગરમ બહુને ગરમ. મોર ને એ ગરમ બહુ .. ૧૧૮ ડિગ્રી. ચોવિહારા અપવાસ. નારણભાઈ કહે અરે મહારાજ! .. કહ્યું હતું. નિગોદના જીવ... .. સહન કરતા હશે. અરે કીધું આ શું આવ્યું વળી? .. જેવું આવ્યું. એને ઘણા વર્ષ થઈ ગયા. ૮૬. ૧૪ અને ૨૮, ૪૨ વર્ષ થયા. આહા..હા..!

કહે છે અપદેશ કથન. આખા જૈનશાસનના કથનમાં શ્રુતમાં આ કહ્યું છે. વ્યવહારજ્ઞાન અને વ્યવહાર શ્રદ્ધાની તો ભાઈ આમાં વાત આવી નથી. શાસ્ત્રમાં એમ કહ્યું નથી એમ કહે છે. આ જુઓ, વાત તો જુઓ. આ કહ્યું છે. શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. વીતરાગતા તો ભાવશ્રુત છે એ વીતરાગતા છે. દ્રવ્યશ્રુત અને વિકલ્પ એ જૈનશાસનમાં છે જ નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કહે છે બાહ્ય દ્રવ્યશ્રુત જેટલી વીતરાગની વાણી કથનપદ્ધતિ એમાં પણ આ વસ્તુ ભગવાન આત્મા એનો અનુભવ કરવો એ જ્ઞાન છે એમ કહ્યું છે. બીજું જ્ઞાન વ્યવહાર છે, ફલાણું એ અહીંયાં વાત લીધી નથી. કારણ કે વ્યવહાર બાકી રહે છે એ તો જ્ઞાનનો વિષય એ જાતનું જ્ઞાન જ સ્વપરપ્રકાશપણે પરિણમતું અબદ્ધને આશ્રયે એને બદ્ધ આદિ રહે છે એમાં જ્ઞાનમાં રહીને એક જાણવાનો વિષય બાકી રહી ગયો એટલી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! નિમિત્તથી જ્ઞાન એને જાણે એમ પણ અહીં નથી કહેવું. આહા..હા..! જુઓને.

એ જ્ઞાન એને જાણે અને આને જાણે એવી પર્યાય તો આત્માની છે અને આમાં આશ્રય પ્રગટ થયેલો છે. સમજાણું કાંઈ? શું કહ્યું એ? કે જે આત્મા અબદ્ધસ્પૃષ્ટ અનન્ય આદિ છે એનો જે અનુભવ થયો એ જ્ઞાન. બસ એ જ્ઞાન. હવે એ જ્ઞાનમાં સ્વને જાણવાનું અને પરને જાણવાનું એ તો સ્વનું પોતાનું ભાવશ્રુત છે. સમજાણું કાંઈ? એ ભાવશ્રુતને જૈનશાસન કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આને જાણે છે માટે એ શૈલી જ અહીં નથી લીધી.

આહા..હા..! ગજબ કર્યો છેને. વસ્તુને સિદ્ધ કરી છે યથાર્થ. આહા..હા..! હીરાભાઈ! આહા..હા..! ઓલા ..કુમારની વાત આવે છે ભાઈ એમાં શ્વેતાંબરમાં. બાળકપણે સાધુ થયા હતા. વાત તો બધી કલ્પિત છે. પછી દીક્ષા સાધુ સાથે જાય છે બહાર. સાથે ઓલી શું કહેવાય? ... એમાં વરસાદ વરસે છે. અને એ વરસાદ વરસે એટલે આમ પાણી ચાલે રેલા. તો સાધુ જંગલ જઈને પાછા ફરે છે. બાળક છે આ તો ..કુમાર. એટલે એને બેસીને રમત સુજી. પાણીનો રેલો ચાલેને આમ. ગારો કર્યો આડો. ગારો સમજ્યાને? ધૂળ. એટલે ઓલું પાણી ભેગું થયું. પાણી ભેગુ થયું અને એમાં નાખ્યું પાતરું. પાતરું નાખ્યું. આ તો બે છેને એ યાદ આવ્યું. પછી એમાં છે એવું. 'નાવ તરે રે મોરી નાવ તરે એ મુનિવર જળ શું ખેલ કરે, મુનિ મોહકર્મના એ .. મુનિવરનો એ નાનડિયા રે બાળ.' ૮૪માં કહ્યું હતું. ત્યારે બધા બેઠા હતા અમૃતલાલ બધા. શેઠ-શેઠ. અમૃત એ ત્યાં રહેતાને. પ્રવચનમાં તો આવેને બધા આવેને. અમે તે દિ' આ વાત કરી હતી.

અહીં તો બીજું છે. દ્રવ્ય અને ભાવશ્રુતમાં આ ભગવાને મલાવ્યું છે. આ નાવ અહીં તરે છે. ઓલી મોહને લઈને ચાલે, આ તો મોહના અભાવની આ તો ચેષ્ટાઓ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બે બોલ એ કહ્યાને. એક .. અને એક આ. ગજસુકુમાર બેય નાની ઉંમરના હતા. ત્યાં એમાં નાની ઉંમરના. બેય પરણ્યા નહોતાને. ઓલા માથે પાઘડી. શાંત... આનંદમાં.. અને... પછી સાધુને શંકા પડે છે કે આવા સાધુ આવા પાણી, બધી વાતું એવી કલ્પિત કરી છે. એને પૂછે છે ભગવાન પાસે, મહારાજ! આપે આ દીક્ષા નાના બાળકને આપી એ તો પાણી સાથે રમે છે. ભગવાન! આને કેટલા ભવ છે? ભગવાન કહે, અરે! મુનિઓ! એ ..કુમાર આ ભવે મોક્ષ જવાના છે. એટલે આવું પણ ચાલે છે. એમ ન હોય. ઓહો..! સમજાણું કાંઈ?

અહીં તો આત્માની સાથે જે રમતું માંડી છે કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જેણે ભગવાન આત્માની સાથે પર્યાયને જોડી દીધી અને જે ભાવશ્રુત જ્ઞાન પ્રગટ્યું એ જૈનશાસન કહો, મોક્ષનો માર્ગ કહો, શુદ્ધ ઉપયોગ કહો. લ્યો ભાઈ આ શુદ્ધ ઉપયોગ આવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? એને જૈન શાસન કહ્યું છે. લ્યો આ તો ઓલો શુભરાગ પણ નહિ એમ કહ્યું. આહા..હા..! સત્‌ને સિદ્ધ કરવાની મુનિઓની પદ્ધતિ જુદી જાતની છે. વસ્તુ તો છે એ છે, પણ એને ચારેકોરને પડખેથી. એકરૂપ સિદ્ધ કરે છે, પ્રભુ! તું તો શુદ્ધ ઉપયોગી રમતમાં રમ એ જૈનશાસન છે. આહા..હા..! બાપુ! એ વ્યવહારરત્નત્રય ને રાગ એ જૈનશાસન નહિ. એને જાણવું એ અહીં તો વાત નથી કરી, ભાઈ! આહા..હા..! જુઓને વાત તો જુઓ, એ તો પોતાને જાણતા એવી જ જ્ઞાનની પર્યાય ભાવશ્રુતરૂપે પરિણમી જાય છે એ પોતાનું સ્વરૂપ છે. એમાં એ જણાય એમ કહેવું એ તો વ્યવહાર છે. આહા..હા..! સમજાણું

કાંઈ? પ્રવિણભાઈ! પ્રવિણભાઈ આવ્યા હતા.

**'બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.'** આ આંખ મીંચીને અને અંદરની આંખ ઉઘાડીને ઠરે. સમજાણું કાંઈ? અરે! આવો માર્ગ વીતરાગ પરમાત્માએ વર્ણવ્યો. કહ્યો, ભાઈ! આ ચીજ ક્યાંય બીજે નથી હોં. ત્યાં એકલી વીતરાગતા જ જૈનશાસનને લઈને છે. જૈનશાસનનું રૂપ વીતરાગતા. ભાવશ્રુત ભાવશ્રુત શુદ્ધ ઉપયોગ શુદ્ધ ઉપયોગ જે અંતરના આશ્રયે પ્રગટ દશા થઈ. સ્વઆશ્રયે પ્રગટ દશા જ્ઞાન થયું તે ભાવશ્રુત અને તે જૈનશાસન. સમજાણું કાંઈ? આહા..હા..! માનીના માન ગાળી નાખે એવું છે. સુજાનમલજી! આહા..હા..! અજબગજબની વાતું. મોક્ષના માર્ગ એટલે શું? આહા..હા..!

મુમુક્ષુ :- મોક્ષ એટલે શું?

ઉત્તર :- એટલે શું? એના ફળ તરીકે શું? કહે છે ભગવાન કુંદકુંદાચાર્ય, ભગવાન થવાના અલ્પકાળમાં હોં. કેવળજ્ઞાન થવાના, પંચપરમેષ્ઠીમાં તો છે. ગણધરો પણ નમો લોએ સવ્વસાહુણં ગણતા કુંદકુંદાચાર્યને પણ નમસ્કાર કરે છે. કુંદકુંદાચાર્યની હયાતીમાં. સમજાણું કાંઈ? આહા..હા..! અત્યારે સ્વર્ગમાં છે. પણ એ ધર્મશાળા રોકાયા થાક ખાવા. ત્યાંથી નીકળીને કેવળજ્ઞાનની દશા પામશે.

કહે છે કે આવો આત્મા બદ્ધસ્પૃષ્ટ વિનાનો, અનેરી-અનેરી ગતિ વિનાનો, અન્ય-અન્ય જ્ઞાનની પર્યાયના ભેદ વિનાનો, ગુણના ભેદ વિનાનો અને મોહની આકુળતા વિનાનો. એ પાંચેય એક સમયમાં છે. સમજાણું કાંઈ? એ તો કથન સમજાવવામાં ક્રમ પડે. વસ્તુમાં ક્રમ નથી. કે પહેલો અબદ્ધસ્પૃષ્ટ થાય છે, બીજો અનન્ય થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું જૈનશાસન તે બાહ્ય દ્રવ્યશ્રુતમાં પણ એ કહ્યું અથવા એમ પણ કહે છે કે જે વાણી આવા ભાવને બતાવે અને આત્માનો આશ્રય કરીને જ્ઞાન થાય એ બતાવે એ વાણીને દ્રવ્યશ્રુત કહીએ. સમજાણું કાંઈ? જે વાણી રાગથી જ્ઞાન થાય, પરથી થાય, વ્યવહારથી થાય એ જિનવાણી દ્રવ્યશ્રુત પણ નહિ. ગજબ વાત છે. સમજાણું કાંઈ? એ વાણી ભગવાનની ત્રણલોકના નાથ દિવ્યધ્વનિ એ આગમમાં આ કહ્યું હોં! ભાઈ! પ્રભુ! તારી પ્રભુતા પૂર્ણ પડી છે, પર વિનાની નિર્લેપ. આહા..હા..! એવી વસ્તુની અંતર દૃષ્ટિ કરવી અને એ વસ્તુની દૃષ્ટિ થતાં જે જ્ઞાન પ્રગટ થાય એને અમે સમ્યગ્જ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન, આનંદનું વેદન એમાં થાય એને જૈનશાસન કહીએ છીએ. કહો, સમજાણું કાંઈ?

હવે ટીકા. એ તો ગાથાર્થ થયોને ગાથાર્થ? અરે ભગવાન! તારા હિતની વાત છેને ભાઈ! આમાં પક્ષની ક્યાં વાત છે? આમાં આનું રહી જાય છે, સોનગઢવાળાનું આ રહી જાય છે. કહે પણ અરે ભગવાન! શું કરે છો? આહા..હા..! આમાં તો સોનગઢવાળાની વાત સાચી થાય છે. ઓલી ગાથા મારી સાચી. અરે ભગવાન! એમ કેમ કરે છે? એ તો આત્મા સોનું

છે એને કાટ ન લાગે એની વાત સાબિત થાય છે એમ કહેને. આહા..હા..! નિશ્ચયની વાત આવે એ સોનગઢથી. વ્યવહારથી ન થાય. હા સોનગઢીયા લાગો છો.

મુમુક્ષુ :- સોનગઢથી જ પ્રકાશ્યું છે.

ઉત્તર :- પણ પ્રકાશમાં લાવ્યા પણ એનામાં છે એ લાવ્યા છે. બહારથી લાવ્યા? માટે એ કહે નહિ. સોનગઢીયા. નિશ્ચયમાં. ઓલા તો એમ કહેતા હતા ભાઈ. શેઠીયા નહિ? દીપચંદ શેઠીયા. આ નિયતવાદી આવ્યા છે એમ કહે. ત્યારે તમે અન્યમતવાદિ છો તમારું નામ ફલાણું છે એમ બોલ્યા. દીપચંદજી શેઠીયા. સરદાર શહેર છેને. તો ઓલા ક્યાંક ગયા હશે. આવો નિયતવાદી. તમે ભાઈ અનિયત? તમારું નામ અનિયત છે? આ નામ છે એ અનિયત છે? એય..! કાંઈક નામ હતું. તમારું આ ફલાણું નામ છેને. દિલીપભાઈ નામ લ્યો. દિલીપ આવો નિયતવાદ. તો તમારું દિલીપ નામ નથી? કહો, ભગવાનદાસ નામ નિયત છે કે કોણ જાણે ભગવાનદાસ પણ હોય અને પામરદાસ પણ હોય. એમ હશે? નિશ્ચય છે કે ભગવાનદાસ નામ છે. એમ અમને તમને નિયતવાદી કહો તો તમે અપક્ષવાદી છો? એમ ભાઈ! તમારું નામનું ચોક્કસ નથી, તો ગુણનું ચોક્કસ નથી, કોઈ ચોક્કસ જ નથી કાંઈ? આહા..હા..! કહે છે એવું જૈનશાસન કેવું છે? ભાવ દ્રવ્યશ્રુતવાળું. ભાવ દ્રવ્યશ્રુતવાળું અને ઓલા દ્રવ્યશ્રુતવાળું એટલે કે એની વાણીમાં સ્વનો આશ્રય લઈને શ્રદ્ધા થાય, સ્વનો આશ્રય લઈને જ્ઞાન થાય એ વાણી કહે તેને જૈનશાસનની વાણી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો, વસંતીલાલજી!

ઓલા .. ખેલ કરે. આ આત્મા સાથે ખેલ કરે છે. સમજાણું કાંઈ? આત્માનો ખેલ પાડે છે અંદર. અહો! ભગવાન હાજર થાય છે. મારી પર્યાયમાં ભગવાન આવે છે. આહા..હા..! રાગનો પડદો ફાડી. આહા..હા..! રાગની આડમાં ભગવાન હતા એ રાગનો પડદો ફાડી ભગવાન પર્યાયમાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઓલો રાગ આવ્યો હતો. આ ભગવાન આવ્યા પર્યાયમાં. એને ભૂલ્યોને આખો? આહા..હા..! સમજાણું કાંઈ? એને અહીં જૈનશાસન કહે છે. ટીકા કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૫, ગુરુવાર, તા. ૨૦-૦૧-૧૯૭૨
## ગાથા-૧૫, પ્રવચન-૭૬

સમયસાર. ૧૫મી ગાથા. એની ટીકા. 'જે આ...' આ જૈનશાસન કોને કહેવું એ બતાવે છે. જૈનની શિખામણ કહો, જૈનનો ભાવ કહો, વીતરાગી પર્યાય કહો, શ્રુતજ્ઞાનોપયોગ કહો. એને જૈનશાસન કહે છે. જૈનશાસન ઉત્પન્ન કેમ થાય? પર્યાયની વાત છેને. જૈનશાસનની પર્યાય. જૈનસ્વરૂપ એવું જે આત્મસ્વભાવ. આ પ્રત્યક્ષ એમ કહે છે. જ્ઞાનમાં જ્ઞાનની પર્યાયમાં વસ્તુ, પરના સહારા વિનાના પ્રત્યક્ષ અનુભવમાં આવે એવો એ આત્મા છે. સમજાણું કાંઈ? જે આ આત્મા '**અબદ્ધસ્પૃષ્ટ,...**' છે. રાગથી એને સંબંધ નથી, રાગથી એ સ્પર્શાયેલો નથી. રાગથી-ભાવબંધથી એ ભિન્ન ચીજ છે. સમજાણું કાંઈ? અબંધ સ્વરૂપ છે એ ભાવબંધથી ભિન્ન છે. રાગમાં સંબંધ એક સમયની પર્યાયનો છે એ સંબંધ વિનાનું તત્ત્વ છે. આહા..હા..! શેઠ! ઝીણું બહુ ઝીણું. માર્ગ એવો છે. .. છે. .. છે. પણ એને માટે પ્રયત્ન ખોજી થઈને અનંત પ્રયત્ન જોઈએ. ખોજી થઈને. સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા અબદ્ધસ્વરૂપ છે. એને અનુભવવો, એને જાણવો એવું જે ભાવશ્રુતજ્ઞાન એમાં વીતરાગતા અને સમ્યગ્દર્શન એમાં આવી જાય છે. સમજાય છે કાંઈ? એને જૈનશાસન કહે છે. જૈનશાસન દ્રવ્ય નથી. જૈનશાસન ગુણ નથી. દ્રવ્ય, ગુણને આશ્રયે પ્રગટ થતી પર્યાય તે જૈનશાસન છે. સમજાણું કાંઈ? કહે છે '**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય,...**' એ અનેરી-અનેરી ગતિવાળું નથી, એ તો એકસ્વરૂપે છે. ભગવાન એક સ્વભાવી એનો અનુભવ થવો. આ તો ક્રમે વાત કરી છે. છે એક સમયે બધું. અનિયત. એક સમયની પર્યાયમાં ઓછી-અધિક પર્યાય જે દેખાય છે એ વસ્તુ એક નથી. એકરૂપ ત્રિકાળ નિયત, નિશ્ચય સ્વભાવ એને અનુભવવો, એને જ્ઞાનમાં એને જ્ઞેય બનાવીને એનું જ્ઞાન કરવું. સામાન્ય વસ્તુ જે એકરૂપ છે તેનો અનુભવ કરવો એ જૈનદર્શન છે. એ જૈનશાસન છે. સમજાણું કાંઈ?

'**અને અસંયુક્ત...**' મોહના ભાવરૂપ આકુળતા એ સહિત નથી. એ તો આનંદસહિત છે. આકુળતારહિત એવી ચીજ એનો અનુભવ કરવો એ જૈનશાસન છે. સમજાણું કાંઈ? છે તો નય .. હમણા અમારે વાત થઈ હતીને કોકની સાથે નહિ? તમારી સાથે નહિ ઓલી આનંદઘનજીની. ઓલું અડધું .. યાદ આવ્યું જોયું આમાં. એમાં 'પરમારથ પંથ પદ જે કહે તે સમજે એક સંત રે વ્યવહારે લક્ષ જે રહે તેમાં ભેદ અનેક' એ કડી યાદ આવી વ્યવહારે

લક્ષ જાય, પણ પહેલું પદ યાદ નહોતું. બે કડી છે એ. બીજી છે 'વ્યવહારે લક્ષ દોહ્યલા કાંઈ ન આવે હાથે, પરમાર્થ પંથ સેવતા રહે ન દુવિધા સાથ.' અહીં એ કહે છે ભગવાન આત્મા સામાન્ય સ્વરૂપ અને આકુળતારહિત એટલે કે ત્રિકાળ આનંદની મૂર્તિ ભગવાન આત્મા '**એવા પાંચ ભાવોસ્વરૂપ...**' છે એક સમયમાં પાંચેય. સમજાણું કાંઈ? '**એવા પાંચ ભાવોસ્વરૂપ...**' પરમાત્માના દરબારમાં જાવું હોય તો એની તૈયારી કેટલી જોઈએ? એ કોર્ટમાં જાય તો એના અમુક જાતના લૂગડાં પહેરીને જાય, લગનમાં જાય તોપણ.. ..કરીને જાતા હશે લગનમાં? લગન હોય ત્યારે તો ઘરનું જેટલું કોટ બોટ આમ સરખું પહેરે. ઓહો..હો..! એમ અંતરમાં જાવું છે એની તૈયારી કેટલી જોઈએને? એને પુરુષાર્થનો સંગાથ ઘણો જોઈએ. આહા..હા..!

ભગવાન આત્મા '**આવા પાંચ ભાવોસ્વરૂપ...**' એકરૂપ. પાછા પાંચ ભાવો સ્વરૂપ પાંચ રૂપ નથી એમાં. સમજાણું કાંઈ? '**પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ છે...**' એવો જે ભગવાન આત્મા એનો અનુભવ, એનું જ્ઞાન, એની શ્રદ્ધા, એની શાંતિ અને એનો આનંદ એક સાથે અનુભવમાં આવે એ અનુભૂતિ છે પર્યાય. આ સ્વરૂપ આત્મા એ વસ્તુ. આત્મા એ પદાર્થ આવો. એની અનુભૂતિ એ પર્યાય છે. પર્યાય સમજો છો? પર્યાય એટલે અવસ્થા. પર્યાય સિદ્ધને પણ હજી છૂટતી નથી. ન કહ્યું તમારે? તમારો પીછો નથી છોડતી. એમ .. રજનીના ભગત છે એ. કાંઈ ઠેકાણા વિનાના માણસ. વસ્તુની ખબર જ ન હોય. જૈનમાં નામ ધરાવે છતાં. જૈન એ કોઈ સંપ્રદાય નથી. જુઓને તેથી કહે છે જૈનશાસન પર્યાયને કહી કેમ? કે વસ્તુ પોતે અબદ્ધસ્પૃષ્ટ વીતરાગી મૂર્તિ છે, જિનસ્વરૂપે આત્મા છે. એનો અનુભવ જૈન પર્યાયમાં થવો એનું નામ જૈનશાસન છે. સમજાણું કાંઈ? આ પર્યાય નથી છોડતી સિદ્ધને પણ? પણ પર્યાય તો એનો સ્વભાવ છે. આહા..હા..! એક ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ, એક વર્તમાન પર્યાય. કારણ કે જે કાર્ય થાય પલટવું, બદલવું, થવું એ તો બધું પર્યાયમાં છે. હિત થવું, અહિત ટળવું, સત્ય થવું, અસત્ય ટળવું એ બધું દશામાં છે. વસ્તુ તો ત્રિકાળ વસ્તુ છે. એ આવા સ્વરૂપે ભગવાન આત્મા છે એવો કહે છે. આહા..હા..! એની અનુભૂતિ છે, એની અનુભૂતિ જે છે તે '**નિશ્ચયથી સમસ્ત જિનશાસનની...**' છે? સંસ્કૃતમાં '**सा खल्वखिलस्य**' સંસ્કૃતમાં છે. '**खल्वखिलस्य जिनशासनस्यानुभूति**' આહા..હા..!

મુમુક્ષુ :- સમસ્ત.

ઉત્તર :- સમસ્ત કીધુંને અખીલ કીધું ને અખીલ? અખીલ-સમસ્ત. અખીલ આખું પૂર્ણ. આવો ભગવાન વસ્તુ જ છે કહે છે. પાંચ ભાવ સ્વરૂપ એક સમયમાં એકરૂપ. સમજાણું કાંઈ? એનો એને લક્ષે, એને આશ્રયે એનો અનુભવ થવો એને અનુસરીને વીતરાગીદશાનું

આનંદનું વેદન થવું, ભાવશ્રુત જ્ઞાનમાં પ્રતીતસહિત એને જૈનશાસન કહે છે. સમજાણું કાંઈ? હવે આમાં તો કાંઈ પ્રશ્નને સ્થાન રહેતું નથી કાંઈ? કે ભાઈ આ વ્યવહાર પહેલો હોય અને પછી થાય એ તો અહીં વાત પણ નથી કરી. સમજાણું કાંઈ? આ તો પછી વ્યવહાર બાકી રહે એને જાણવું એમ પણ અહીં વાત નથી કરી. આહા..હા..! એ તો ઓલા લખ્યું છેને એ જુગલકિશોરે. આ તો પછી બદ્ધસ્પૃષ્ટ ક્યાં ગયા? જૈનશાસનમાં જ એ છે અને બીજે નથી. અને આ ક્યાં ગયું? અરે ભગવાન! સાંભળને ભાઈ! એ બદ્ધસ્પૃષ્ટપણું જે પર્યાયમાં અંશે જે રહ્યું છે એ તો અબદ્ધસ્પૃષ્ટનું જ્ઞાન થતાં તે જ્ઞાનમાં એ જણાય છે એમ કહેવું એ વ્યવહાર છે. એ જ્ઞાનનો સ્વપરપ્રકાશક પર્યાય એવો ભાવશ્રુત પરિણમ્યો છે એમાં એ જણાય જાય છે એ તો સાધારણ વાત છે. એ તો પોતાનું જ્ઞાન છે. એ કાંઈ એનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ? પોતાના અસ્તિત્વમાં છે એ પરનું ક્યાંથી હોય જ્ઞાન? ભીખાભાઈ! આવો માર્ગ છે. અરે! પણ એના ફળ (કહેવા) છેને! સાદી અનંત-અનંત સમાધિ સુખ. આ અનંત-અનંત દુઃખમાં પીડાઈ ગયો છે, પીડાઈ રહ્યો છે. સમજાણું કાંઈ?

કરવાનું હોય તો આ છે. બાકી બધા થોથા. સમજાણું કાંઈ? નિજ પ્રયોજન સાધવાની તો આ સ્થિતિ છે. એવો ભગવાન આત્મા અબદ્ધ સ્વરૂપ એટલે કે રાગના સંબંધ વિનાનો મોક્ષસ્વરૂપ. અબદ્ધ નામ આમથી કહો તો અબદ્ધ કીધું, આમ કહો તો મોક્ષસ્વરૂપ છે. સમજાણું કાંઈ? એવા સ્વભાવને એકરૂપ, નિશ્ચયરૂપ, સામાન્યરૂપ, આકુળતારહિતનું એવો ભગવાન આત્મા એનો અનુભવ થવો એનું નામ સમ્યગ્દર્શન અને અહીં દર્શન સાથે એનું નામ જ્ઞાન. કારણ કે દર્શનની વ્યાખ્યા ૧૪માં કીધી એની સાથે જ્ઞાન થયું એ કેવું થયું? આવું. એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! હવે આ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ તો કાંઈ ચીજ જ નહિ જાણે.

મુમુક્ષુ :- પણ ચારિત ખલુ ધમ્મો છેને.

ઉત્તર :- પણ ક્યું ચારિત્ર? ચારિત ખલુ ધમ્મો ક્યું ચારિત્ર? આ વ્રત ને તપ ને અપવાસ કરે એ ચારિત્ર હશે? આહા..હા..! એ તો રાગ છે, અચારિત્ર છે. પંચ મહાવ્રતના પરિણામ, અપવાસના પરિણામ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના ભાવ એ તો બધો અચારિત્રભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવા સ્વરૂપનો અનુભવ એનું જ્ઞાન એમ કહે છે. એવો અબદ્ધ સ્વભાવી ભગવાન છે એમ કહે છે. સમજાણું કાંઈ? એવા સ્વરૂપે આત્મા છે. આહા..હા..! એનો અનુભવ થવો એ સમ્યગ્દર્શનની સાથે તેને જ્ઞાન કહેવામાં આવે છે. આ સમ્યગ્દર્શન અને જ્ઞાન વિના જે કાંઈ કરે એ બધા રણમાં પોક મૂકવા જેવું છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વસહિત જે કાંઈ કરે એ બધું મિથ્યાત્વના પોષકમાં જાય છે. આહા..હા..!

'**તે નિશ્ચયથી...**' પાછો ખરેખર. '**સમસ્ત જિનશાસન...**' અખીલ જિનશાસન. ચારેય

અનુયોગમાં કહેવામાં આવેલો ભાવ આ છે. સમજાણું કાંઈ? ઓલું કથાનુયોગમાં બીજું અનુભવનું જ્ઞાન સમકિત, ચરણાનુયોગમાં બીજું સમકિત, કરણાનુયોગનું બીજું સમકિત અને દ્રવ્યાનુયોગનું ચોથું સમકિત. આહા..હા..! સમજાણું કાંઈ? એમ નથી. આવો જે ભગવાન આત્મા એને અંતરમાં જ્ઞેય બનાવીને જ્ઞાનની પર્યાયમાં એને ધ્યેય બનાવીને એનું ધ્યાન કરી જે પર્યાય પ્રગટ થાય. સમજાણું કાંઈ? આહા..હા..! એને અહીંયાં જૈનશાસન કહેવામાં આવે છે. જૈનશાસન કોઈ આત્માની પર્યાયથી દૂર રહેતું નથી. જૈનશાસન કોઈ શરીરમાં રહે, લૂગડામાં રહે, કપડામાં રહે, નાગા થાય એમાં નગ્નમાં રહે કે પંચ મહાવ્રતના વિકલ્પમાં જૈનશાસન રહે એ જૈનશાસન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

‘**નિશ્ચયથી...**’ એ ખરેખર મહાન પ્રભુ અબદ્ધ સ્વભાવે એટલે મુક્તસ્વરૂપે બિરાજે છે. સામાન્ય સ્વરૂપે બિરાજે છે. એ નિશ્ચયરૂપે, એકરૂપે બિરાજે છે અને આનંદરૂપે બિરાજે છે. સમજાણું કાંઈ? એવા ધ્રુવસ્વભાવનો એની સન્મુખ થઈને પર્યાયબુદ્ધિ છોડી દઈને, રાગ અને નિમિત્તની બુદ્ધિ તો છૂટી જાય, પણ એક સમયની પર્યાય ઉપર રુચિ અને લક્ષ જે અનાદિનું છે એની રુચિ છોડીને. અંતરની દૃષ્ટિમાં આવો અનુભવ કરે એને અનુભૂતિને જૈનશાસન કહેવામાં આવે છે. આહા..હા..! પણ ભાઈ આનું કાંઈક સાધન હશે કે નહિ? વળી એમ રાડુ પાડે બધા. આ પોતે મોક્ષનું સાધન છે. આહા..હા..! આ બાયડી, છોકરા છોડી અને દુકાનનો ધંધો છોડીને બેસે, એમ દયા, દાનના ભાવ કરે એ કાંઈ સાધન હશે કે નહિ? ધૂળેય નથી સાંભળને. સમજાણું કાંઈ? આ અનુભવ પરના ત્યાગની અપેક્ષા વિનાનો અનુભવ છે. આહા..હા..! એની અપેક્ષા જ નથી પણ અહીંયાં એમ કહે છે. એ રાગનો ત્યાગ પણ થઈ જાય છે ત્યાં. એકત્વબુદ્ધિ છૂટી જાય છે. પરની સાથે તો વાત પણ ક્યાં છે? પર તો જુદાં જ પડ્યા છે. શરીર, વાણી એ તો જડ છે, પર છે. પણ રાગમાં જે એકત્વ છે એ છૂટી જાય છે એટલે સંબંધ છૂટ્યો એ. અને અહીં સંબંધ કર્યો. આહા..હા..! અરે! મૂળ ચીજ હાથ ન આવે અને એ વિના ફાંફા મારે, કાંઈ હાથ આવે નહિ.

‘**નિશ્ચયથી સમસ્ત...**’ અખીલ. અખીલ જિનશાસન એમ. ‘**જિનશાસનની અનુભૂતિ છે, કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા છે.**’ શું કીધું? એ અબદ્ધસ્પૃષ્ટ ભગવાન મોક્ષસ્વભાવી વસ્તુ એનો અનુભવ થવો એ અનુભવ તે શ્રુતજ્ઞાન છે. ભાવશ્રુતજ્ઞાન છે. શુદ્ધ ઉપયોગ છે. જ્ઞાનસંબંધીનો એ શુદ્ધ ઉપયોગ છે એ. અને શુદ્ધ ઉપયોગ એ સ્વભાવ છે એનો. શુભ અને અશુભ એનો સ્વભાવ નથી. આહા..હા..! વ્યવહારરત્નત્રય આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના વિકલ્પ રાગ, શાસ્ત્રનું ભણવું એ બધો રાગ છે, શુભરાગ છે. એ કાંઈ જૈનશાસન નથી. આહા..હા..! હવે આ તો ગજબ વાત છેને. એણે તો રુચિ કરી નથી. આહા..હા..! આવું સત્ જ છે. સમજાણું કાંઈ? ‘**કારણ કે શ્રુતજ્ઞાન પોતે...**’ એ શ્રુતજ્ઞાન. અનુભવ

થયો એ શ્રુતજ્ઞાન થયું એમ કહે છે. ભાવશ્રુત જ્ઞાન સમાધિ અને આનંદસહિત. સમ્યગ્દર્શનસહિત સમાધિ આનંદસહિત ભાવશ્રુત જ્ઞાન થયું. કહો, આ વાંચ્યું હતું કે નહિ સમયસાર? સંસ્કૃતના તમે પ્રોફેસર છો. રખડપટ્ટી. વાત સાચી. આહા..હા..! અરે ભગવાન! બાપુ તારા મારગડા જુદા ભાઈ! આહા..હા..! આખા સંસારને મારી નાખી. સંસાર એટલે ઉદયભાવ. સંસાર કાંઈ બાયડી, છોકરા એ કાંઈ સંસાર નથી કે એને છોડ્યા. ઉદયભાવને છોડી અને પારિણામિકભાવને જાગતો કરવો એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? પારિણામિક સહજ સ્વભાવ ભગવાન અબદ્ધસ્પૃષ્ટ સ્વરૂપે છે. એનો અનુભવ કરવો એટલે એમાં એકાગ્ર થવું એ જૈનશાસન એ ભાવશ્રુત જ્ઞાન છે. અને એ શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે. રાગ અને વચ્ચે એ કાંઈ આત્મા નહોતો. આહા..હા..! વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના વિકલ્પ એ કાંઈ આત્મા નહોતો. એ તો અણાત્મા, રાગ છે, આસ્રવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ આત્મા. જેની જાતમાંથી ભાત આવી એ પર્યાય આત્મા છે. સમજાણું કાંઈ?

'**કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.**' એમ. એ પોતે જ આત્મા છે એમ કહે છે. આહા..હા..! ભગવાન આત્મા અબદ્ધસ્પૃષ્ટનું અંતરમાં અનુભવ, ભાન એ પોતે આત્મા છે એમ કહે છે. કહો, આ સંવર, નિર્જરાની દશા, શુદ્ધ ઉપયોગની દશા એને અહીંયાં આત્મા કહ્યો. સવારમાં કહ્યું કે એ સંવર, નિર્જરા, મોક્ષ આદિ બહિરતત્ત્વ છે. આહા..હા..! હેય, પરદ્રવ્ય પરભાવ હેય. વીતરાગની શૈલી તો જુઓ. એય..! દેવાનુપ્રિયા! એ દેવાનુપ્રિયા છે હોં. આ કોણ જાણે અંદરથી શું એવું બોલ? કહે છે એ પોતે આત્મા છે. '**આત્મા જ છે.**' પાછું જોયું! વળી સવારે કહ્યું હતું કે સંવર, નિર્જરા, મોક્ષ એ તો બહિરતત્ત્વ છે અને અંતરતત્ત્વ તો પરમાત્મતત્ત્વ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? એ પર્યાયથી જુદો પાડીને બતાવ્યો હતો અને અહીં જે એની પર્યાય, અનુભૂતિ અને આનંદની થઈ, એ પોતે આત્મામાંથી આવી અને આત્માની છે માટે એને આત્મા કહેવામાં આવે છે. એમ. સમજાણું કાંઈ?

સંવર અધિકારમાં એમ આવે છેને ઉપયોગને આધારે ઉપયોગ થાય છે. અનુભૂતિને આધારે આત્મા છે. એ ભાન થયું તે આત્મા છે. એ સ્વસંબંધ છે. ત્યાં તો એમ કહ્યું કે સ્વરૂપનો અનુભવ થયો, અનુભવે આત્માને જાણ્યો, માટે અનુભવને આધારે આત્મા છે. રાગને આધારે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલા પડખાથી વાત ચાલે છે. શાસ્ત્ર સિદ્ધાંત. કહે છે એ શ્રુતજ્ઞાન. એ શ્રુતજ્ઞાન હોં! આ શાસ્ત્રો ભણવા અને બાર અંગનું જ્ઞાન અને દેખાવું, આચારાંગ અને સુયડાંગ, ઠાણાંગ ને સમવાયને વાંચ્યા ને ભણ્યા એ શ્રુતજ્ઞાન નથી. કહો, ચેતનજી! આહા..હા..! એ તો બહિરલક્ષી જ્ઞાન બંધનું કારણ છે. આહા..હા..! જો બંધનું કારણ ન હોય તો અગિયાર અંગ, નવપૂર્વ ભણ્યો તો ક્યાંક અંશે પણ અબંધ પરિણામ થવા જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ શ્રુતજ્ઞાન. શ્રુત એ અનુભવ થયો. ભાવશ્રુત જ્ઞાન અરૂપી શુદ્ધ ચૈતન્ય એની જાતનો અનુભવ થયો. એ ભાવશ્રુતની કણિકા છે, એ વીતરાગી ઉપયોગ છે, એ અનાકુળ શાંતિનો જ્ઞાનનો ઉપયોગ છે, એ પોતે આત્મા છે. લ્યો એ પર્યાય પોતે આત્મા છે. પરથી ભિન્ન પાડી દીધું એટલે આને આ આત્મા કહ્યો એમ. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલામાં બાર અંગમાં કહ્યું હતું. .. અપેક્ષાએ કહ્યું સંવર એ શુદ્ધનયથી આત્મામાં છે જ નહિ. ત્યાં વળી એમ કહ્યું કુંદકુંદાચાર્યે. એ કઈ અપેક્ષાએ? ત્રિકાળની અપેક્ષાએ. પણ ત્રિકાળનો અનુભવ થયો એ પોતે આત્મા છે એમ કરી નાખ્યું. અભેદ કર્યો. સમજાણું કાંઈ? છતાં એ તો પર્યાય પર્યાયમાં છે. એ પર્યાય દ્રવ્યમાં ગરી ગઈ નથી. અનુભૂતિની પર્યાય કાંઈ દ્રવ્યમાં પેસી છે (એમ નથી). આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો ભાઈ આ તો કહે છે. આ બિચારા કરે, આવી ક્રિયા કરે, બાયડી, છોકરા છોડે, આઠ-આઠ અપવાસ કરે, દસ-દસ અપવાસ કરે. લાંઘણું છે બધી. એ લાંઘણું. આહા..હા..!

મુમુક્ષુ :- શુભભાવ છે.

ઉત્તર :- એ તો રાગની મંદતા કરી હોય તો. અપવાસ કર્યા માટે શુભભાવ છે એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? નહિતર તો ત્રાગા છે. આહા..હા..! ઓલો બાવો આવે છેને પૈસો લેવા. દુકાને આવે. થોડીક વાર લાગે તો છરી મૂકી લોહી કાઢે. પૈસા આપે તો એને .. નાખે માથે. છે એવું તમારે? અમારે તો દુકાન ઉપર જોયેલુંને આ બધું. બહુ વાર લાગે તો પૈસામાં વાર લાગે તો મારે પાંચ-સાત દસ દુકાને.. આ તારે હરામનો પૈસો તારે માથે એવું આત્માના અંતર ભાન વિના આ બધા ત્રાગા છે. આત્માને ચાર ગતિમાં નાખવાની વાત છે બધી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે. આહા..હા..! '**શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.**' વળી કથંચિત્ શ્રુતજ્ઞાન આત્મા, કથંચિત્ નહિ એમ કેમ નથી? ઓલામાં ખરેખર આત્મા ચાલતી ગાથામાં આવશે કાલે. ત્રિકાળને કહેશે. સમજાણું કાંઈ? પણ એ ત્રિકાળનું જેણે જાણ્યું, ત્રિકાળને જેણે જાણ્યું એ પોતે આત્મા છે એમ અહીં સિદ્ધ કરે છે. આત્મા થઈને જાણ્યું છે આત્માને એમ કહે છે. સમજાણું કાંઈ? અપ્પાણં આવે છેને ત્યાં? અપ્પણો અપ્પા. પોતાના આત્માને આત્મા થઈને જાણ્યો. રાગ અને વિકલ્પ થઈને એ જણાય જ નહિ કોઈ દિ'. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે એ '**શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.**' આત્મા જ છે. વળી કથંચિત્ આત્મા અને કથંચિત્ એને અણાત્મા એમ કહોને? એકાંત થઈ જાય છે. જૈનશાસન અનેકાંત હોય છે. હવે સાંભળને. એ શ્રુતજ્ઞાન આત્મા જ છે અને અણાત્મા છે નહિ એનું નામ અનેકાંત છે. ભારે વાત.

'**તેથી જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે.**' એ સિદ્ધ કરવું છેને અહીં તો. ઓલો દર્શનનો અનુભવ છે એ ચૌદમામાં જોયું અને એ આત્માની અનુભૂતિ કીધી

હતી. તો હવે આ જ્ઞાનની અનુભૂતિ તે જ આત્મા છે. '**જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે.**' કારણ કે જ્ઞાન અને આત્મા બે કાંઈ જુદા નથી. સમજાણું કાંઈ? જ્ઞાનને પકડીને અનુભવ કર્યો એ જ્ઞાનની અનુભૂતિ એ જ આત્માની અનુભૂતિ છે. સમજાણું કાંઈ? આવો તો આ નિશ્ચય માર્ગ કહેવાય. પણ કાંઈક વ્યવહાર બીજો હશે કે નહિ? એ વ્યવહાર નથી એને અહીં નિશ્ચય કહીએ. વ્યવહારથી નિશ્ચય થાય, ત્રણકાળમાં નહિ. વ્યવહાર એક રહે બાકી પહેલો નિશ્ચય અંદર દ્રવ્યનો આશ્રય થયે, પરનો અભાવ થયે, દ્રવ્યની દૃષ્ટિ થઈ એ અનુભવ થાય છે. એને વ્યવહાર રાગ મંદ હતો એની અપેક્ષા છે નહિ. બાકી રહ્યો જે છે. એને જ્ઞાન પોતાનું પોતામાં પોતાના કારણે પ્રગટેલું એને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે.**' કહો, સમજાણું આમાં? ઓલો આત્માનો અનુભવ અને જ્ઞાનનો અનુભવ બે જુદી જાત છે? ફક્ત આત્માની અનુભૂતિ કહેતા દ્રવ્યનું કહ્યું અને જ્ઞાનની અનુભૂતિ જ્ઞાનનો ગુણ એનો અભેદ છે એનો અનુભવ એ આત્માનો અનુભવ છે. સમજાણું કાંઈ? એટલે કે એકલો જ્ઞાનનો અનુભવ છે, માટે આખા આત્માનો અનુભવ ન આવ્યો એમાં એમ (નથી). સમજાણું કાંઈ? ભાઈ! આ જ્ઞાનનો અનુભવ થયો તો એક ગુણનો થયો. એમ નહિ. જ્ઞાન અવિનાભાવી સાથે જેટલા ગુણો છે એનો એકરૂપ આત્મા છે એ જ્ઞાનનો અનુભવ તે આત્માનો જ અનુભવ છે. આહા..હા..! આને જૈનશાસન કહીએ. બાકી બધા થોથેથોથા વાતું છે. કહો, શેઠ! કહો, આટલા વર્ષ ગાળ્યા હતા સંપ્રદાયમાં. તો સાંભળ્યું નહોતું કોઈ દિ'? સાંભળ્યું નથી કાંઈ. તમે તો મોટા બાદશાહ કહેવાતા ત્યાં. દાનમાં ને ફલાણામાં ને ઢીંકણામાં ને પૈસામાં. કેટલી મોટરું રોકી હતી. હમણાં એનું આવ્યું હતું છાપામાં. આ શિબિર માટે. એવું આવ્યું છે છાપામાં હોં. એમ કે શેઠે કેટલી શિબિરો કરી. ભગવાનદાસ શોભાલાલ. એવું આવ્યું હતું. એય..! આમાં આવ્યું હતું. જૈનસંદેશ વીર-વીર નથી? કેટલી મોટરું શેઠે રોકી હતી માણસને આવવું-જાવવું. લખ્યું ઓલા ચોપાનિયા વાંચ્યા એમાંથી ખબર પડે આપણને શું ખબર હોય. કહે કે કોણ રોકે અને કોણ મૂકે? ભારે વાત! આહા..હા..!

હવે છે તો આવું સ્વરૂપ કહે છે. '**પરંતુ હવે ત્યાં, સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ અને વિશેષ જ્ઞાનના તિરોભાવથી જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે...**' શું કહે છે? જ્યારે સામાન્ય જ્ઞાનનો અનુભવ આવિર્ભાવ. સામાન્ય જ્ઞાન એટલે? રાગનું જ્ઞાન અને પરનું જ્ઞાન વિના, રાગનું જ્ઞાન અને પરના જ્ઞાન વિના એકલા આત્માનું જ્ઞાન સામાન્ય એટલે પર્યાય. એમ સામાન્ય જ્ઞાન એટલે પર્યાય. સમજાણું કાંઈ? સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ. એકલા જ્ઞાનનો જ્ઞાનસ્વભાવપણે પર્યાયમાં પ્રગટ થવું જ્ઞેયના

આશ્રય વિના. ઝીણી વાત છે આ. સમજાણું કાંઈ? સામાન્ય જ્ઞાનનું પ્રગટપણું, એકલા જ્ઞાનને આશ્રય જ્ઞાન પ્રગટ થાય, આત્માને આશ્રયે પ્રગટ થાય એ સામાન્ય જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ એમ કહેવામાં આવે છે. ઓલું સામાન્ય ઓલું નહિ પણ આ જ્ઞેયનું મિશ્રપણું જેમાં નથી, રાગાદિ પરનું જેમાં મિશ્રપણું નથી એકલા જ્ઞાનસ્વભાવથી જ્ઞાનની પર્યાય પ્રગટી એને સામાન્ય જ્ઞાન પ્રગટ્યું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જે જ્ઞાનને રાગાદિ જ્ઞેયોનો આશ્રય નથી, એનું જ્ઞાન નથી, એનાથી નથી, એને અવલંબે થયું નથી. સમજાણું કાંઈ? એક ભગવાન આત્માના આશ્રયે જ્ઞેયના વ્યવહારમાં રાગના આશ્રયમાં નિશ્રિત વિના જે જ્ઞાનની પર્યાય પ્રગટ થાય એને સામાન્ય જ્ઞાન પ્રગટ્યું એમ કહેવામાં આવે છે. અરર! ભારે વાત આવી. હવે સામાન્ય ને વિશેષને. ઓલું સામાન્ય પહેલું કહ્યું હતું અવિશેષ સામાન્ય એ દ્રવ્ય હતું અવિશેષ. છેને? ચોથો બોલ. વિશેષ નહિ એ તો દ્રવ્ય હતું. આ તો એની પર્યાય છે. કે જે જ્ઞાનમાં એકલા જ્ઞાનને આશ્રયે, આત્માને આશ્રયે જ્ઞેયના મિશ્રિતપણા વિનાનું, રાગના અવલંબે થયેલું કે રાગનું જ્ઞાન કે જ્ઞેયનું જ્ઞાન એ નહિ, પણ આત્માનું જ્ઞાન. સમજાણું કાંઈ? એવું જે આત્માનું જ્ઞાન એ જ્ઞેયના મિશ્રિત વિશેષ વિનાનું તેથી તે જ્ઞાનની પર્યાયને સામાન્ય જ્ઞાન પ્રગટ્યું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કોલેજમાં ભણવું પડશે પહેલું એ કહે છે. શેઠ! કહેતા હતાને એ શેઠ. આહા..હા..! આવો માર્ગ ભગવાન! આમાં કોઈ પક્ષ નથી. આ તો વસ્તુની સ્થિતિ જ આવી છે. હવે એના પછી તકરાર કરે એય..! આમાં વ્યવહાર ઉડી જાય છે. આમાં કાંઈ વ્યવહારની કિંમત રહેતી નથી. વ્યવહારની કિંમત છે? નવનીતભાઈ! આ રાડું પાડે છેને? આહા..હા..! ભાઈ! તારા હિતની વાત છે પ્રભુ! આહા..હા..! એટલી વાતને માટે ઝઘડા શું કરે છે તું આ? સમજાણું કાંઈ?

જે એકલા સ્વભાવને આશ્રયે પ્રગટેલું જ્ઞાન. એમ કહે છે. પ્રગટેલું જ્ઞાન હોં. પણ સ્વભાવને આશ્રયે જ્ઞેયમિશ્રિત થઈને થયું એ જ્ઞાન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ન સમજાયને લોકોને એ પછી બિચારા ક્યાંકનું ક્યાંક કરી અને જિંદગી ચાલી જાય એમ ને એમ. ધર્મને બહાને પણ છેતરાઈ જાય, હણાય જાય` અરેરે! એને. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે સામાન્ય જ્ઞાન એને કહીએ. પર્યાયમાં હોં! કે એકલા દ્રવ્યનું જ જ્ઞાન થયું, એકલા દ્રવ્યને આશ્રયે થયેલું, જેમાં રાગ અને જ્ઞેયના મિશ્રિતે નહિ. એ મિશ્રિતે નહિ એમ ન કહેતા સામાન્ય જ્ઞાન એને કીધું. એમ એકલું જ્ઞાન જ્ઞાનથી અંતરથી પ્રગટ્યું છે. સમજાણું કાંઈ?

સામાન્ય જ્ઞાનનું પ્રગટપણું, પર્યાયમાં પ્રગટપણું એકલા સ્વજ્ઞેયને આશ્રયે, પરજ્ઞેયના નિમિત્તના અવલંબન વિના વ્યવહાર વિકલ્પ રત્નત્રય જે વ્યવહાર છે એના પણ આશ્રય અને મિશ્રપણા વિના. વ્યવહારરત્નત્રય પરજ્ઞેયમાં જાય છે. સમજાણું કાંઈ? એ પરજ્ઞેયનો આશ્રય જ્યાં નથી

એકલા સ્વજ્ઞાનનું જ્ઞેય બનાવીને જેણે જ્ઞાન પ્રગટ કર્યું એને સામાન્ય જ્ઞાન પ્રગટ્યું, ભાવશ્રુત પ્રગટ્યું, જૈનશાસન પ્રગટ્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ (પ્રગટપણું) અને વિશેષ (જ્ઞેયાકાર)...**' એટલે કે રાગાદિ જે જ્ઞેય છે એને લક્ષે એટલે એનું જ્ઞાન નહિ. જ્ઞેયમિશ્રિત નહિ. જ્ઞેયમિશ્રિતનું ઢંકાઈ જવું અને એકલા જ્ઞાનને આધારે જ્ઞાન થવું એને અહીંયાં સામાન્ય જ્ઞાન કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહાર રાગ આવ્યો દયા, દાનનો, એનું જ્ઞાન. એ તો જ્ઞેયમિશ્રિત જ્ઞાન છે. સમજાણું કાંઈ? જે અંદર રાગ આવ્યો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ છે એ તો રાગ છે. પંચમહાવ્રતના પરિણામ એ વિકલ્પ રાગ, આસ્રવ છે. શાસ્ત્રના ભણતરમાં જે વિકલ્પ ઉઠે એ રાગ છે. એ રાગમિશ્રિત જે જ્ઞાન છે તે વિશેષ છે. વિશેષ એટલે મિથ્યાજ્ઞાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! વિશેષ એટલે જ્ઞેયાકાર. જ્ઞેયાકાર એટલે કે રાગાદિ વિકલ્પ અને પરવસ્તુ નિમિત્ત. એના આશ્રયે અને એના લક્ષથી ઉત્પન્ન થતું જ્ઞાન એ જ્ઞેયાકાર જ્ઞાન કહેવાય છે. એ જ્ઞેયાકાર જ્ઞાનનું ઢંકાઈ જવું એટલે વ્યય થવો અને જ્ઞાનાકાર જ્ઞાનનું ઉત્પન્ન થવું. સમજાણું કાંઈ? ભારે ઝીણું હોં મવાણી! આવું તો. આહા..હા..! .. થાય છેને. ત્યાં ક્યાં એડન-ફેડનમાં અહીં હિન્દુસ્તાનમાં રખડે છે બિચારા સાધુ નામ ધરાવીને. એને પણ ખબર નથી ધર્મ શું છે અને ક્યાં છે? આહા..હા..! શું થાય? પ્રભુ તને તારા પંથ અંતરથી મળે ત્યારે પંથ આવે હાથ. સમજાણું? એ બહારના લક્ષે જે જ્ઞાન એ જ્ઞાનનું ઢંકાઈ જવું અહીં તો કહે છે ભાઈ! ઉપદેશથી જ્ઞાન મળ્યું. એ જ્ઞાન જ્ઞેયમિશ્રિત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે સામાન્ય જ્ઞાનનું પ્રગટપણું. એકલા જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયના મિશ્રિતપણા વિનાનું, પરના જ્ઞાન વિનાનું, સ્વનું જ્ઞાન એકલું પ્રગટ થાય તેને સામાન્ય જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ એને ભાવશ્રુતજ્ઞાન એને જૈનશાસનનું જ્ઞાન, એને જૈનશાસન કહેવામાં આવે છે અને એ વખતે રાગાદિ વ્યવહાર, વ્યવહાર તો એમાં નથી, પણ વ્યવહારનું જ્ઞાન પણ નથી. એમ કહે છે. એકલું વ્યવહારમિશ્રિત જે જ્ઞાન હતું એ ઢંકાઈ જાય છે એમ કહે છે. શું કહે છે એ જુઓ, આહા..હા..! રાગાદિ વ્યવહાર છે એ તો કાંઈ ધર્મ નથી અને ધર્મનું કારણ નથી, પણ એ સંબંધી રાગને લક્ષે જે જ્ઞાન વ્યવહારનું હતું એ ઢંકાઈ ગયું. આ તરફનું. સમજાણું કાંઈ? શેઠ! સૂક્ષ્મ ભાવ છે. હવે વાંચન કરજો થોડું ઘરે પાછા. એમ ને એમ સાંભળીને બેસી રહેવું નહિ. એ ખબર તો પડે કે આ શું કીધું? જુઓ, આ છોકરો પાછો વાંચે છે. ૧૪ વર્ષનો છે. લીટી લીટીનો અર્થ કાઢે છે. મને કેટલીક વાર તો એવું લાગેને કે આ ક્યાંથી આવ્યો છે? હજી ઉભો થાય ત્યાં આ જવાબ છે. વ્યક્તપણે પણ એનું વીર્ય ઉછળે છેને એ જાતનું? સમજાણું કાંઈ? આ પામરના કામ નથી. આહા..હા..! આ તો પરમેશ્વરની દશા પ્રાપ્ત કરવી પરમેશ્વરમાંથી. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે સામાન્ય જ્ઞાનનું ઉત્પન્ન એકલા જ્ઞાન સ્વભાવને આશ્રયે, અબદ્ધ સ્વભાવને આશ્રયે જે પરના નિમિત્તના આશ્રય વિના જે જ્ઞાનની પર્યાય પ્રગટ થાય તે સામાન્ય જ્ઞાન કહેવાય, યથાર્થ જ્ઞાન કહેવાય અને વિશેષ જ્ઞેયાકારનું જ્ઞાન. આ રાગ આવ્યો અને આ દ્વેષ આવ્યો અને આ વિકલ્પ થયો, પુણ્ય થયું અને ભક્તિનો રાગ અને આનો રાગ. એવા રાગમિશ્રિતનું જે જ્ઞાન, એના લક્ષે થતું જે જ્ઞાન એનો અભાવ. એ જ્ઞાનનો અભાવ. તિરોભાવ-ઢંકાઈ ગયું.

'**જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે...**' એકલો ભગવાન આત્મા. અહીં તો જ્ઞાનથી લેવું છેને અનુભૂતિમાં. આત્માના દ્રવ્યથી તો ત્યાં પહેલો કહ્યો એને. આત્માનો અનુભવ થયો. અહીં જ્ઞાનનો અનુભવ લેવો છેને? એટલે '**જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે...**' એકલો જ્ઞાનસ્વભાવ જ્ઞેય, વિકાર, વ્યવહાર એના સંબંધનું પણ લક્ષ છૂટી જઈને એકલો જ્ઞાયકભાવનું જ્ઞાન, જ્ઞાનમાત્રનું જ્ઞાન અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે. ત્યારે આત્માનું વાસ્તવિક જ્ઞાન વેદનમાં, અનુભવમાં, અનુભવમાં થાય છે. સમજાણું કાંઈ? સામે પુસ્તક છે કે નહિ? પણ આ કઈ લીટીનો શું ભાવ છે? કેટલું ગંભીર આચાર્યોએ કર્યું છે. આહા..હા..! ભાઈ લખે છેને સોગાની કે અહો..! આચાર્યના સિદ્ધાંતો એના લક્ષે આત્માને જ્ઞાન કરે તો એને બુંદ-બુંદ અમૃતના બુંદ ઝરે છે. શેઠ! એ આવ્યું છે. બીજા પત્રમાં. સમજાય છે કાંઈ? અમૃત રેડ્યા છે એકલા. દિગંબર સંતોએ જૈનશાસનના મૂળિયા ઊભા રાખ્યા છે. થંભાવી રાખ્યા છે. આ માર્ગ છે, ભગવાન! સ્વને આશ્રયે પ્રગટ થતું જ્ઞાન અનુભવમાં આવે તે જ્ઞાન કહેવાય છે. સમજાણું કાંઈ?

'**તોપણ...**' છે તો આવું કહે છે. વસ્તુનો સ્વભાવ એનાથી થતું જ્ઞાન તે જ્ઞાન છે. વસ્તુ તો આમ છે. '**તોપણ જેઓ અજ્ઞાની છે,...**' એટલે કે રાગાદિ વિકલ્પ અને નિમિત્તમાં જે આસક્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાની છે. અજ્ઞાની એટલે જ્ઞેયોમાં જ્ઞેયોનું જ્ઞાન કરવા રોકાયેલા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક આવે છે એમાં ભાઈ ઓલા ત્રણ બોલમાં. દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં. રાગને જ્ઞેય બનાવવું, રાગને જ્ઞેય બનાવવું. એ જ્ઞેય બનાવું એટલે શું કહે છે? છે ને ત્રણ બોલ છે. રાગને જ્ઞેય બનાવવું, યોગ્યતા અને ક્રમબદ્ધ. છેને આમ પાને. આ બાજુની લીટી બે છે અને ઓલીકોર. ભગવાન! તું રાગને જ્ઞેય બનાવવા જઈશ તો તું જ પોતે ખોવાઈ જઈશ. સમજાણું કાંઈ? આહા..હા..! એમ કે આપણે જ્ઞાનનું જ્ઞેય કરવું છેને, રાગનું જ્ઞેય કરવું છે. પણ જ્ઞેય કરવું ક્યારે થાય? સાંભળને. અંતરના જ્ઞાન સ્વભાવને આશ્રયે જ્ઞાન થાય ત્યારે એ વ્યવહારે જ્ઞેય થયું એમ કહેવામાં આવે છે. આવી વાત છે. સમજાણું કાંઈ? આપણે આ રાગનો જાણનાર છું.

મુમુક્ષુ :- આત્માનો જાણનાર નહિને?

ઉત્તર :- રાગનો જાણનાર.

એ કહે છે. '**અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે...**' એ રાગનું જે જ્ઞેય છે એમાં એનું લક્ષ છે. એમાં લક્ષ એનું છે. એ જ્ઞાનનું લક્ષ ન રહ્યું. પોતાના જ્ઞાનના સ્વભાવના આશ્રયને છોડી દીધો છે. સમજાણું કાંઈ? આહા..હા..! જાણે કે શ્રવણથી મને જ્ઞાન થશે. ઝીણી વાત છે હોં થોડી. અને વાંચું તો એમાંથી જ્ઞાન થશે અને જ્ઞાન થયું જે વાંચેલું એમાંથી હવે જ્ઞાન થશે. એય..! આહા..હા..! એ અહીંયાં જ્ઞેયોમાં આસક્ત એને કહ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! પરસત્તાવલંબી જ્ઞાન પણ બંધનું કારણ છે. મોક્ષનું કારણ એ જ્ઞાન નથી. છતાં એમાં લુબ્ધ છે. આહા..હા..! ભારે વાત ભાઈ! વ્યવહારની પદ્ધતિ ભાવમાં ક્ષયોપશમભાવની કેટલી સ્થિતિ છે એમાં. અંતરના જ્ઞાને પ્રગટેલો સ્વચ્છંદ હોં. કહે છે કે બહારના નિમિત્તમાં ક્ષયોપશમે જે દેખાય છે એ ક્ષયોપશમ તો જ્ઞેયને અવલંબીને એનું જ્ઞાન છે. એ તો અજ્ઞાન જ્ઞેયોમાં લુબ્ધ થયેલા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાનની વાણી એ જ્ઞેય છે, શાસ્ત્રો જ્ઞેય છે, શાસ્ત્રોથી થતું જ્ઞાન પણ પરજ્ઞેય છે અને શાસ્ત્રોનું જ્ઞાન થતાંમાં વિકલ્પ પણ પરજ્ઞેય છે. એમાં જેનું જ્ઞેયમિશ્રિત છે ભાવ, અજ્ઞાની એવા જ્ઞેયમાં લુબ્ધ છે. છેને? આસક્ત છે. '**તેમને તે સ્વાદમાં આવતું નથી.**' આહા..હા..! ગજબ વાત કરી છે કે નહિ? જુઓ આ જૈનશાસન. એ વીતરાગ સિવાય સર્વજ્ઞ પરમાત્માના માર્ગ સિવાય આ વાત ક્યાંય ન હોય. આહા..હા..! વ્યવહારનું જ્ઞાન અને વ્યવહારનું થતું જ્ઞાન એ પણ પરજ્ઞેય છે. એમાં જેની લુબ્ધતા છે એ સામાન્ય જ્ઞાનને પ્રગટ કરી શકતા નથી. સમજાણું કાંઈ? એને સામાન્ય જ્ઞાનનો સ્વાદ આવતો નથી એમ કહેવું છેને. ઓલો સ્વાદ છે આકુળતાનો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવું તો વસ્તુનું સ્વરૂપ છે છતાં જેઓ અજ્ઞાની છે, સ્વતરફના ઝુકાવનો ભાવ જ નથી એને પરજ્ઞેયમાં લુબ્ધ છે, આસક્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે...**' વિવિધ પ્રકારના અશુભભાવો, વિવિધ પ્રકારના શુભભાવો, વિવિધ પ્રકારના પરલક્ષી જ્ઞાનના ક્ષયોપશમની દશા એ બધા પરજ્ઞેયમાં જાય છે. સમજાણું કાંઈ? એ પર્યાય બુદ્ધિમાં જાય. એમાં જે આસક્ત છે એને આ જ્ઞાનસ્વભાવનો સ્વાદ આવતો નથી. આકુળતાનો સ્વાદ છે કહે છે. કહો, ચંદુભાઈ! આવું છે ત્યાં? મુંબઈ નથી? પૈસા તો પેદા થાય છેને ત્યાં ચૂનામાં? ચૂનાનું હતુંને કાંઈક? પૈસા પેદા કોને થાય? અહીં તો કહે કે જ્ઞાન થાય પરલક્ષી એ પણ પેદાશ એની નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવા અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે, સ્વજ્ઞેયની રુચિનો અભાવ જેના અંતરમાં વર્તે છે. આહા..હા..! '**તેમને તે સ્વાદમાં આવતું નથી.**' તેમને તે ઓલું જે જ્ઞાન. સામાન્યમાંથી પ્રગટીને થયેલું સામાન્ય જ્ઞાન એને હોતું નથી એટલે એનો સ્વાદ એને હોતો નથી. આહા..હા..! આકુળતાનો સ્વાદ છે. એ કાંઈ જૈનશાસન નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૬, શુક્રવાર, તા. ૨૧-૦૧-૧૯૭૨
## ગાથા-૧૫, પ્રવચન-૭૭

૧૫મી ગાથા. સમયસાર. જીવ-અજીવ અધિકાર છેને. કેવા જીવનો અનુભવ કરવાથી જૈનશાસન કહેવાય અથવા સમ્યગ્જ્ઞાન કહેવાય અથવા સમ્યગ્દર્શન કહેવાય અથવા શુદ્ધ ઉપયોગ કહેવાય? એ વાત ચાલે છે. ફરીને. આપણે આવી ગયું છે. દૃષ્ટાંત સુધી તો આવી ગયું છે. 'જે આ...' આ નામ પ્રત્યક્ષ આત્મા છે અંદર. અંતરમાં મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા. ભાવશ્રુત છેને અહીંયાં? ભાવશ્રુત જ્ઞાન દ્વારા આત્મા આ પ્રત્યક્ષ થાય છે. 'જે આ **અબદ્ધસ્પૃષ્ટ,...**' ભગવાન આત્મા રાગથી અટકેલી ચીજ બંધ નથી એને. એ રાગમાં અટકેલાથી રહિત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ શું અર્થ થયો?

ઉત્તર :- અબદ્ધસ્પૃષ્ટનો. સમજાણું કાંઈ? અબદ્ધસ્પૃષ્ટ છે. એ તો મુક્તસ્વરૂપ છે. રાગમાં અટકવું એ તો વર્તમાન પર્યાયનો બંધભાવ. એ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ?

'જે આ...' અંદરમાં શ્રુતજ્ઞાન દ્વારા આ આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે. એટલે કે કર્મથી બંધાયેલો આદિ નથી એમ કહીને અબદ્ધસ્પૃષ્ટ છે એ કીધું. સમજાણું કાંઈ? નથી એમ ન કહેતા અબદ્ધસ્પૃષ્ટ છે એમ કીધું. અસ્તિથી વાત લીધી. ભગવાન આત્મા અંતરમાં જોવે તો એ બંધાયેલો રાગથી નથી એટલે કે રાગથી, બંધથી રહિત છે. એવા આત્મા ઉપર દૃષ્ટિ જવી અને તેમાં ભાવશ્રુતજ્ઞાન શુદ્ધ ઉપયોગનું પરિણમન થાય એને અહીંયાં જૈનશાસન કહે છે.

મુમુક્ષુ :- સ્વસંવેદન જ્ઞાન કોને કહે છે?

ઉત્તર :- એ સ્વસંવેદન કહો. આનંદના ભાનસહિત અંદર વેદન થવું. સ્વ નામ પોતાનો ત્રિકાળી મુક્તસ્વભાવ. અહીં તો પર્યાય દૃષ્ટિનો નિષેધ કરીને વાત છેને? અસ્તિથી આમ લેવું એકદમ. આ છે આમ જ તે. વસ્તુ ભગવાન આત્મા ત્યારે મુક્ત પર્યાય પ્રગટ થાય છે તો એ મુક્તસ્વરૂપમાંથી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? એવો આ ભગવાન આ આત્મા હોં. અબદ્ધસ્પૃષ્ટ. રાગથી નહિ બંધાયેલો એટલે કે નહિ બંધાયેલો એમ ન કહેતા અબદ્ધસ્પૃષ્ટ કીધો. શેઠ! એવી વાત છે.

'**અનન્ય,...**' છે. અનેરી-અનેરી ગતિ નથી એ ન કહેતા એક અનન્ય છે. તે... તે... તે... તે... તે... છે. સમજાણું કાંઈ? ટીકામાં તો વધારે ૧૪મામાં સમજાવ્યું છે. વસ્તુ તરીકે ભગવાન આત્મા તો અબદ્ધસ્પૃષ્ટ એટલે કે મુક્ત છે અને એકરૂપ છે. અનેરો-અનેરોભાવ ગતિનો

એમાં નથી એમ ન કહેતા અનન્ય છે. તે... તે... તે... તે... તે... એકલો જ્ઞાયકભાવ એ નિયત છે. એટલે કે પર્યાયમાં ઓછા-અધિકપણું હોવા છતાં તે એમાં નથી એમ ન કહેતા એ નિયત છે. આહા..હા..! સમજાણું કાંઈ? અગમનિગમની વાત છે ભાઈ આ તો. વીતરાગ જૈનશાસન સર્વજ્ઞદેવ પરમાત્મા તીર્થંકરદેવે કહેલો આત્મા. એ જે રીતે એ આત્માને એણે જોયો એ રીતે જે જોવે એને જૈનશાસન પ્રગટ થાય. સમજાણું કાંઈ? આહા..હા..!

'**નિયત,...**' એક નિશ્ચય સ્વરૂપ છે. '**અવિશેષ...**' આમ વિશેષ નહિ એમ લીધું છે. ભાઈ! ખરેખર એ આમ તો વિશેષ નહિ એમ થયુંને ભાઈ! પણ એનો અર્થ સામાન્ય છે. એમ. ઝીણી વાત, ભાઈ! સમ્યગ્દર્શનનો વિષય આ છે અને સમ્યગ્જ્ઞાનનો જ્ઞેય. સમ્યક્ ભાવશ્રુતજ્ઞાન એનો જ્ઞેય એ આવું છે. સામાન્ય છે. એમાં પર્યાયમાં ભેદો એમાં નથી એટલે ગુણના ભેદો પણ નથી. ભારે ભાઈ આવું ભારે ઝીણું પંડિતજી! '**અને અસંયુક્ત...**' છે. ત્યાં અસંયુક્ત છે, સંયુક્ત નથી એમ. એનો અર્થ કે અનાકુળ આનંદમય છે. સમજાણું કાંઈ? એ અનાકુળ એકલો આનંદ અતીન્દ્રિય એ એ છે. એવો એ છે. '**એવા પાંચ ભાવોસ્વરૂપ...**' છે એક સમયમાં, પણ પાંચ પ્રકાર આવા સ્વરૂપ છે એમ કહે છે. સમજાણું કાંઈ? અબદ્ધસ્પૃષ્ટ પહેલે સમયે અને અનન્ય બીજે સમયે એમ કાંઈ નથી. નિયત ત્રીજે સમયે અને સામાન્ય ચોથે સમયે, અનાકુળ આનંદ વળી પાંચમે સમયે એમ અહીં નથી કાંઈ. પણ પાંચ પ્રકાર ખરા. મુક્તસ્વરૂપ તે... તે.. તે... નિશ્ચય એક, સામાન્ય અને અનાકુળ આનંદમય. સમજાણું કાંઈ? એવા પાંચ ભાવોસ્વરૂપ આત્મા એને આત્મા કહીએ. આ બદ્ધ ને રાગ ને ભેદ એ સ્વરૂપ આત્મા નહિ. સમજાણું કાંઈ? આવો આત્મા વળી.

મુમુક્ષુ :- એકેન્દ્રિય, બે ઈન્દ્રિય અને ત્રણ ઈન્દ્રિય એમ નહિ?

ઉત્તર :- એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિયા આવે છેને ઈચ્છામી પડિક્કમણામાં. જીવિયા વહોરવિયા એ તો બધી વ્યવહારની વાતું છે. સમજાણું કાંઈ? એકેન્દ્રિય તો નહિ પણ અહીંયાં તો પંડિત અને મૂર્ખ પણ નહિ. એ તો પર્યાયમાં. સાધુ ને શ્રાવક ને કેવળી એ પણ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**એવા પાંચ ભાવોસ્વરૂપ...**' છેને? '**असंयुक्तस्य चात्मनोऽनुभूतिः**' એમ છેને? પછી ખુલાસો કર્યો એ તો. એને ભાવો શબ્દો ઉપરથી સમજાવ્યું. બાકી તો '**येयमबद्धस्पष्टस्यानन्यस्य नियतस्याविशेषस्यासंयुक्तस्य चात्मनोऽनुभूतिः**' બસ, સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા અંદર પરિપૂર્ણ જે ચીજ એવો જે આત્મા એને આત્મા કહીએ કહે છે. સમજાણું કાંઈ? એની અનુભૂતિ એ પર્યાય છે. આવો જે આત્મા ધ્રુવ એના પાંચ વિશેષોવાળો એક સમયમાં, એનો અનુભવ. કેમકે એ પોતે વીતરાગ સ્વરૂપ અનાકુળ આનંદમય જિનસ્વરૂપ છે. સમજાણું કાંઈ? એનો અનુભવ એટલે એની સન્મુખતામાં અંદર એકતા, સન્મુખ થઈને એકતા

એવો જે અનુભવ, ભાવશ્રુતજ્ઞાનની દશા. તે જ ખરેખર '**નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે,...**' આ જૈનશાસનને જે કાંઈ કહેવું છે એ આ દશા કહેવી છે. સમજાણું કાંઈ? જૈનશાસન એ પર્યાય છે. જૈનશાસન કાંઈ દ્રવ્ય-ગુણ નથી. દ્રવ્ય-ગુણનું એકપણાનો અનુભવ તે જૈનશાસન છે એમ કહે છે. સમજાણું કાંઈ? એય..! ગુલાબચંદ! આમ બેસે છે. જુઓ કહેવાય છે કેવી રીતે જુઓ. ઘણીવાર કહેવાયું છે પણ આમ બેસ આમ બેસ. હાથ આમ રાખી બેસે છે. પછી કહેશે મને પગ દુઃખે છે. પણ અત્યારે નહિ આ તો એ પહેલા સદાયની વાત છે એની તો. એની લાઈન જ આખી જુદી છે. નહિતર અહીં બેસતા ઠીક ન લાગે. અહીં બેસવું અને આમ કરીને બેસવું. દરરોજ બેસે છે એમ. અત્યારે નહિ. આ બધા રામજીભાઈ જેવા ૮૯ વર્ષના જુઓને કેવી રીતે બેસે છે. એમ. .. અહીંયાં સાંભળવા ન આવવું. આપણે તો ભાઈ.. પાછું થઈ રહ્યું. વાત એમાં કાંઈ ઓલું છે નહિ. એકવાર કહ્યું હતું. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! અરે! આવી વાત ક્યાં ભાઈ? સમજાણું કાંઈ? આમાં અંદરમાં. આ તો જોવાની વાત છે, ભાઈ! આહા..હા..! શ્રવણ થવાની પણ લાયકાત જ્યાં ન હોય એને આ વાત બેસે (એમ નથી). ગજબ છે. કહો, સમજાણું આમાં?

'**તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે,...**' આહા..હા..! આખો ભગવાન વીતરાગ મૂર્તિ પ્રભુ છે. વીતરાગ સ્વરૂપે છે. એ પાંચ બોલનો અર્થ જ આખો વીતરાગ સ્વરૂપે છે. એની એકતા. સમજાણું કાંઈ? એવી જૈનશાસનની સાથે અનંતી પર્યાયોનો અહીં પિંડ છે.

મુમુક્ષુ :- બધી શુદ્ધ પર્યાયો એનું નામ જિનશાસન?

ઉત્તર :- એનું નામ જૈનશાસન છે. .. એ તો અહીં શુદ્ધ ઉપયોગ જરી શબ્દ વાપર્યો હતોને. શુદ્ધ ઉપયોગ એ જૈનશાસન છે. શુભ ઉપયોગ કે શુભ રાગ એ જૈનશાસન નથી. આ વીતરાગ શાસન કહેવું છેને અહીંયાં? આહા..હા..! શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિના રાગ એ જૈનશાસન નહિ. જૈનશાસન કોને કહીએ? આહા..હા..! જૈન એટલે જીતવું. એ શબ્દ જ નાસ્તિથી આવે જીતવું એ પણ નાસ્તિથી થયું. શૈલી જ એવી હોય ત્યાં થાય? અહીં તો અંતરની વસ્તુ ઉપર અનુભવ કરવો એ અસ્તિથી. એ તો પહેલેથી આવ્યુંને. '**स्वानुभूत्या चकासते**' .. વાત જ લીધી નથી. એનું જ્ઞાન એમાં આવી જાય છે. એ પોતાનું જ્ઞાન થતાં પોતામાં એ જાતનું જ્ઞાન પોતામાં પોતાથી પોતાને કારણે આવી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે નિશ્ચયથી...**' '**अखिलस्य**' શબ્દ છેને પાઠમાં? અખીલ જૈનશાસન. ઓહો..હો..! વીતરાગની આજ્ઞામાં જે જૈનશાસન કહેવાય એ આને કહેવાય. ત્રિકાળ શુદ્ધ એનો અનુભવ શુદ્ધ, ત્રિકાળ શુદ્ધ એનો અનુભવ શુદ્ધ, ત્રિકાળ પવિત્ર એનો અનુભવ પવિત્ર. જેમાં રાગનો,

શુભનો, વિકલ્પનો પણ અવકાશ નથી. એમાં એની અપેક્ષા પણ નથી એમ કહે છે. આની અપેક્ષા થઈ. ત્રિકાળની. અંતરમાં ધ્રુવ નિત્ય વીતરાગ મૂર્તિ પ્રભુ એનો આશ્રય લઈને વીતરાગતા જ પ્રગટે એના આશ્રયમાં તો. વીતરાગતા કહો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ કહો, જૈનશાસન કહો, ભાવશ્રુત કહો, શુદ્ધ ઉપયોગ કહો, મોક્ષમાર્ગની પર્યાય કહો. આહા..હા..! સમજાણું કાંઈ? આવો આકરો માર્ગ છે, ...ભાઈ! આહા..હા..! દુનિયામાં તો બધું ચાલે, બધું મૂકી દેવું પડશે કહે તારે. લપ ચાલે એની સામું જોવું નથી. આ જોને હવે. એય..! આહા..હા..!

કહે છે આવો જે અંતર વસ્તુ ભગવાન કેવળી સર્વજ્ઞે જોયેલો આવો આત્મા એને જે જોઈને અનુભવ કરે એ દશાને જૈનશાસન કહેવામાં આવે છે. એ જૈનશાસન પર્યાય છે. એય..! ચેતનજી! આ તો .. પર્યાય છેને એ? પર્યાયનો આશ્રય નહિ, પણ પર્યાય આવી હોય છે એને જૈનશાસન કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**તે નિશ્ચયથી સમસ્ત જૈનશાસનની અનુભૂતિ છે, કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.**' એ અનુભૂતિ તે શ્રુતજ્ઞાન છે એમ કહેવું છે. આહા..હા..! આ વાંચેલું, ભણેલું એ નહિ આ. વાંચેલું, ભણેલું જે જ્ઞાન છે એ જ્ઞાન જ નહિ. અંતર જ્ઞાનસ્વભાવનો ગાંગડો આખો પ્રભુ એનો અનુભવ થતાં જે સમ્યગ્જ્ઞાનનું પરિણમન, વીતરાગી જ્ઞાનનું પરિણમન તેને ભાવશ્રુત કહે છે. '**કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.**' આહા..હા..! વળી, લ્યો ઠીક!

મુમુક્ષુ :- પર્યાયને આખો આત્મા કહ્યો.

ઉત્તર :- પર્યાયને આત્મા કહ્યો. કઈ અપેક્ષા કહે. જૈનશાસન સિદ્ધ કરવું છે. જૈનશાસન કોઈ દ્રવ્યગુણ ન હોય. સમજાણું કાંઈ? આહા..હા..! એ શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે. ભાવશ્રુતજ્ઞાન. નવાને આકરું લાગે એવું છે જરી. આ શું કહે છે? આવો ધર્મ શું કહે છે આ તે? આપણો જૈનધર્મ આવો હશે? જૈનધર્મમાં તો કંદમૂળ ન ખાવા, રાત્રી ચોવિહાર કરવો, સામાયિક કરવી, પડિક્કમણા કરવા, પોષા કરવા, અપવાસ કરવા, અઠ્ઠાઈ કરવી એ તો કાંઈ આમાં આવ્યું નહિ. એ તો બધી વિકલ્પની વાતું. કહો, સમજાણું કાંઈ?

'**કારણ કે શ્રુતજ્ઞાન...**' ભાવશ્રુતજ્ઞાન હો, એ આગમનું જ્ઞાન એ નહિ. આત્માનું જ્ઞાન. અંતરનો અનુભવ વેદનમાં જે આનંદસહિતનું જ્ઞાન આવે એ શ્રુતજ્ઞાન પોતે આત્મા છે. સવારે કીધું કે સંવર, નિર્જરા અને મોક્ષ, ભાવશ્રુત જ્ઞાન તે હેય છે. એ બાહ્ય તત્ત્વ છે. એય..! એ અહીંયાં બાહ્ય તત્ત્વ, શ્રુતજ્ઞાન બાહ્ય તત્ત્વ છે. પણ આને આશ્રયે પ્રગટેલું છે માટે એને આત્મા કહેવામાં આવે છે. સવારની કાંઈક બીજી અને સાંજની બીજી એમ હશે? આહા..હા..! વસ્તુ તો એ છે. એ તો ત્યાં આગળ એ તો પર્યાયનો આશ્રય કરાવવો નથીને અને એનો આશ્રય કરે કાંઈ થતું નથી એટલે આ દ્રવ્યનો આશ્રય ત્રિકાળી ભગવાન તે આત્મા. એ અંતઃતત્ત્વ અને એમાંથી પ્રગટેલું જ્ઞાન એને ત્યાં બહિર્તત્ત્વ કીધું. કેમકે એનો આશ્રય કરવા જેવો નથી.

અસ્તિ છે. અહીં કહે છે કે સ્વના આશ્રયે પ્રગટેલું જે જ્ઞાન એ પોતે પર્યાયની અભેદતા થઈ એથી એને ભાવશ્રુત તે આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.**' બપોરે કહ્યું, સવારે. સંવર-નિર્જરાનો ભાવ, ભાવશ્રુતજ્ઞાન તે બહિરતત્ત્વ છે. માટે હેય છે. એ પરદ્રવ્ય છે, પરભાવ છે, હેય છે. ૫૦મી ગાથા.

મુમુક્ષુ :- પર્યાય છે માટે એને આદરણીય નથી, ધ્રુવ આદરણીય નથી.

ઉત્તર :- એમ? એમ બેઠતું હશે? તારા બાપને બેઠતું હશે? કહો, સમજાણું કાંઈ? આ તો ભાષા સાદી છે આમાં કાંઈ.. વસ્તુ સરળ છે, સત્ છે, સત્ય છે. જાહેર છે, પ્રસિદ્ધ છે. કહો, શેઠ! આનું નામ જૈનશાસન. વરઘોડા મોટા કાઢવા. જયપુર હશે તમારું ઘણું. ગોદિકાજી. વાતું ચાલતી હતી. કોણ કાઢે? એ વખતે એ પરમાણુની પર્યાય તે ક્ષેત્રાંતર થઈને જે થવાની હતી તે થઈ. એમાં કાંઈ જૈનશાસનની સાથે સંબંધ નથી. ભારે વાત ભાઈ! શેઠ! હતા કે નહિ? બધા હતા બેય. કેટલા માણસો? ૨૧ હાથીની સલામ. પૂરું થયુંને પછી ૨૧ હાથી એક સાથે ઊભા હતા બહાર. સલામ કરે. એ .. એ કરવાનું હશે?

મુમુક્ષુ :- લોકો તો બહુ કહેતા હતા.

ઉત્તર :- લોકો તો કહેને.

મુમુક્ષુ :- છાપામાં પણ આવે આપણા છાપામાં.

ઉત્તર :- હા આવેને. પણ નાખે ત્યારે. એય..! હરિભાઈ!

મુમુક્ષુ :- હજી એમ નહોતું લખ્યું કે મહારાજાને પ્રભાવના...

ઉત્તર :- પ્રભાવના તો ભગવાન આત્મા આનંદનો કંદ પ્રભુ પ્ર-વિશેષે એકાગ્ર થઈને દશા પ્રગટ થાય તે એની પ્રભાવના છે. એ પ્રભાવનાને અહીં જૈનશાસન કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાત છે, ભાઈ! આ તો બહારની વાતમાં કાંઈ માલ નથી હોં. ત્યારે કહે કે વ્યવહાર પ્રભાવનાનો વિકલ્પ આવેને. પણ એ વિકલ્પ આવ્યો એ ક્યાં વસ્તુ છે? અને વિકલ્પ આવ્યો માટે બધું થાય છે. તો તો વિકલ્પ કર્તા અને એ બધા કાર્ય કહેવાય. એમ નથી, ભાઈ! એ કાળે એ પ્રકારે જ બનવાનું હતું, બને છે. જાણનારો જાણે છે પોતાને હોં! આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે એ '**શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે.**' આત્મા જ છે. કથંચિત્ આત્મા અને કથંચિત્ પર્યાય એ નથી લીધું.

મુમુક્ષુ :- એ અનુભૂતિ છે માટે એ અપેક્ષાએ એને આત્મા કીધું.

ઉત્તર :- એની છેને. કહો, સમજાણું કાંઈ?

'**તેથી જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે.**' હવે ઓલો સરવાળો કર્યો ઓલા ૧૪નો. ૧૪મી ગાથામાં આત્માનો અનુભવ હતો એમ કીધું. એને અહીંયાં જ્ઞાનનો અનુભવ કહે છે. સમજાણું કાંઈ? તેથી જ્ઞાનની અનુભૂતિ, અહીં જ્ઞાનની અનુભૂતિ તે આત્માની

અનુભૂતિ એમ. અહીં ૧૫માં કહેવું છે એ મેળ લેવું છેને? એકલો જ્ઞાનસ્વભાવ, જ્ઞાનનો અંતર અનુભવ, શક્તિરૂપ આખું જ્ઞાન છે એમ નહિ, અહીં તો પર્યાયમાં જે એનું જ્ઞાનનું પ્રગટપણું સ્વલક્ષને આશ્રયે થયેલી દશા, સ્વસંવેદન આત્માના આનંદના અનુભવમાં જે ભાવશ્રુતનો ઉપયોગ વર્તે છે એટલે ખરેખર તો શુદ્ધોપયોગ છે. સમજાણું કાંઈ? ત્યારે કહે શુદ્ધ ઉપયોગ વખતે જ જૈનશાસન છે. ઓલું તો ખસી જાય. પણ એ ખસ્યું નથી અંદર. જેટલી વીતરાગતા પ્રગટી એ તો સદાય કાયમ રહે છે. સમજાણું કાંઈ? કોઈ કહે ત્યારે શુદ્ધ ઉપયોગ કેટલું ઓલામાં લખ્યું છે મારે. આજે જોયું ઓલું. એમાં લખ્યું છેને જયસેનાચાર્યમાં. નિર્વિકલ્પ સમાધિથી ભ્રષ્ટ થાય એ અજ્ઞાની છે. અરેરે! એ ક્યાં વાત છે ભાઈ! આ તો સમકિત દૃષ્ટિ ઉપયોગમાંથી ખસી જાય ત્યારે અજ્ઞાની કહેવું. આ વાત નથી શું કરે છે? પોતાની દૃષ્ટિ અને અનુભવમાંથી કોઈ દિ'ખસતો જ નથી. શુદ્ધોપયોગથી ભલે ખસી જાય પણ અંદર જે જ્ઞાનને પકડ્યું છે એની પરિણતિ તો એક સમયે પણ ખસતી નથી. સમજાણું કાંઈ? એ પરિણતિ તે જૈન શાસન છે. આહા..હા..! એનું નામ ધર્મ છે. નવરંગભાઈ!

**'પરંતુ હવે ત્યાં, સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ...'** શું કહે છે હવે? આ કાલે આવી ગયું છે આપણે. **'સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ...'** એટલે કે ત્રિકાળી જ્ઞાયકભાવ ચૈતન્યબિંબ પ્રભુ એના આશ્રયે થતી જે દશા એને સામાન્ય જ્ઞાન કહે છે. દશાને. ત્રિકાળી સામાન્યની અહીં વાત નહિ. સમજાણું કાંઈ? સામાન્ય એટલે જેમાં ઇન્દ્રિયની લોલુપતા, જ્ઞેય આશ્રિત વિનાનું એમ. રાગ અને ઇન્દ્રિય જ્ઞાનના અવલંબનથી જ્ઞેય મિશ્રિત જ્ઞાન એ વિનાનું. એને અહીંયાં સામાન્ય જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ? **'સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ...'** એટલે કે જેમાં પર્યાયબુદ્ધિવાળું જ્ઞેયમિશ્રિત ઇન્દ્રિયના જ્ઞાનવાળું જ્ઞાન એ વિનાનું, અતીન્દ્રિય એવો ભગવાન આત્મા એની પર્યાય અતીન્દ્રિય જ્ઞાન, સામાન્ય જ્ઞાન એ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! સામાન્ય જ્ઞાનનું પ્રગટપણું **'અને વિશેષ (જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ...'** એ શું કહ્યું જોયું? જ્ઞેયલુબ્ધ જ્ઞાન. જ્ઞેયના અવલંબે થતું જ્ઞાન, ઇન્દ્રિયથી થતું જ્ઞાન, પરના લક્ષે થતું જ્ઞાન એ બધું વિશેષ જ્ઞેયાકાર જ્ઞાન છે. એ તો આનો જ્ઞેય એને આકારે જ્ઞાન છે. જ્ઞાનને આકારે જ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પણ ધર્મ કેમ થાય? એ તો આપ..

ઉત્તર :- આ ધર્મ થાય એની તો વાત ચાલે છે આ. કાંઈ પૈસા દીધે ધર્મ થઈ જાય, બે ઘડી નમો અરિહંતાણં કરીને બેઠો સામાયિક એ ધર્મ થઈ જાય એ ધર્મ બર્મ નહિ. ઇન્દ્રિય જ્ઞાનનું લક્ષ શબ્દ, રૂપ, રસ, ગંધ ઉપર જઈને જે જ્ઞાન થાય એ જ્ઞેયમિશ્રિત જ્ઞાન એ ઇન્દ્રિય જ્ઞાનના વિષયમાં લુબ્ધ થયેલું જ્ઞાન એને વિશેષજ્ઞાન કહે છે. કહો, સમજાણું આમાં? સામાન્ય ત્રિકાળી જ્ઞાન અને પર્યાય વિશેષ એ અત્યારે વાત નથી. આ તો વર્તમાન પર્યાયના બે પ્રકાર.

એક સામાન્ય જ્ઞાન એટલે ઇન્દ્રિય જ્ઞાનના વિષયના લક્ષે થતાં જ્ઞાનનો નકાર નિષેધ અને અંતરના જ્ઞાનનો આશય થઈને થયેલું જ્ઞાન એને સામાન્ય જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ? જેને આ ભાવશ્રુતજ્ઞાન કહ્યું તે. જેને જૈનશાસન કહ્યું તે, જેને આત્મા કહ્યો તે. શ્રુતજ્ઞાન તે આત્મા. એ સામાન્ય જ્ઞાન જે શુદ્ધ ધ્રુવને અવલંબે જ્ઞાન આકારે જ્ઞાન થયું એને સામાન્ય જ્ઞાન કહે છે. છે પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આમાં ક્યાંય આમાં જૈનધર્મ આવો હશે? આ શેઠિયા બેઠિયા કેટલી વાતું કરે, પાઠશાળા ખોલો, આવું ખોલો, ફલાણું ખોલો, શિબિર કાઢો. હમણા કાઢીને આવ્યા. શિબિર શિબિર ક્યાં તમારી? આવ્યું છે. કાલે આવ્યું હતું હોં પાછું. ૧૩માં આવ્યું હતું. ભગવાનદાસ શોભાલાલ એણે આ બધું કર્યું. આહા..હા..! ભારે આવું? આવું હશે તો કોઈ કરશે નહિ. .. કે દિ' થાય? એ તો પરની ક્રિયા છે. અને એવો શિબિરનો વિકલ્પ અને સાંભળનારને વિકલ્પ એ તો વ્યવહાર જ્ઞાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! પરલક્ષી. ભારે વાત ભાઈ!

**'સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ** (પ્રગટપણું)...' ચૈતન્ય જ્ઞાનનો ગાંગડો, જ્ઞાનનો દરિયો આખો. એને ધ્યેય પ્રત્યેનું ધ્યાનમાં શ્રુતજ્ઞાન પર્યાય એ સામાન્ય જ્ઞાનનું પ્રગટપણું કહે છે. જેને ભાવશ્રુત કહ્યું, જેને આત્મા કહ્યો, જેને જૈનશાસન કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! **'અને વિશેષ જ્ઞાનના તિરોભાવ...'** ઇન્દ્રિયના પર્યાયબુદ્ધિથી, ઇન્દ્રિયજ્ઞાનનું જે જ્ઞાન, જ્ઞેયલુબ્ધ જ્ઞાન, જ્ઞાન એકાગ્રતાનું જ્ઞાન નહિ, જ્ઞેયમાં આસક્ત થયેલાનું જ્ઞાન. એને અહીંયાં વિશેષ જ્ઞેયાકાર જ્ઞાન થયું. પરને આકારે જ્ઞાન થયું. રાગનું જ્ઞાન, દ્વેષનું જ્ઞાન, વિકલ્પનું જ્ઞાન. જ્ઞેયને આકારે જ્ઞાન. એનું ઢંકાઈ ગયેલું છે. જ્ઞેયાકારે જ્ઞાનનો વ્યય, જ્ઞાનાકારે જ્ઞાનનો ઉત્પાદ. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- એકદમ સ્પષ્ટ...

ઉત્તર :- એમ? વાહ! એય..! જયંતિભાઈ! છોકરો હીરો પાક્યો છે. .. વખાણ કરીએ ત્યારે આંખ મીચી જાય. અને પછી અંદરથી બોલે છે હોં, ભલે અવ્યક્ત એને વખાણ કરવા નથી કહેતા. આહા..હા..! ઘણીવાર એને તપાસ્યું છે એને. અંદર પ્રેમ તો થઈ ગયો છેને એ જાતનો. મા-બાપને પાછી શંકા પડી જાય મારા. આ ધંધો કરશે કે નહિ? એય..! ક્યાં ગયો આવ્યો છે કે નહિ? બે આવ્યા છે એક? બેય છે? એક જ છે. કહો, સમજાણું કાંઈ? ધંધો તો કરવાનો હોય એ કર્યા કરશે. થવાનું હોય એ થાય છે. પણ ધંધો કરે જ છે કે દિ'? જયંતિભાઈ! એ પૈસા લેવડદેવની ક્રિયા આત્મા નથી કરતો. જડની ક્રિયા તે કાળે થાય તે થવાની છે. આહા..હા..! એવી વાત છે. શેઠ! હવે આ બીડીના ઉથલપાથલ કરી નાખ્યા બે જણાએ. કરોડો બીડીયું ને આ.. કાંઈ કર્યું નથી કહે છે. આહા..હા..!

કર તો બે. એક જ્ઞાનાકારે જ્ઞાન અને ન કરે જ્ઞેયાકારે જ્ઞાન. બસ આ બે સિવાય ત્રીજું

કાંઈ કરતો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ... જ્ઞાન કરી જોવે.

ઉત્તર :- કરે છે બસ બીજું પરનું કરે. એના અસ્તિત્વમાં આ કરે, પણ પરના અસ્તિત્વમાં જઈને એનું કરે એવું વસ્તુ કોઈ દિ' બને નહિ. આહા..હા..! સામાન્ય જ્ઞાનનું ઢંકાઈ જવું, વિશેષ જ્ઞાનનું થવું, સામાન્ય જ્ઞાનનું પ્રગટ થવું અને વિશેષ જ્ઞાનનું ઢંકાઈ જવું.

'**જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે...**' હોં પાછું જોયું! '**જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે...**' એકલો ભગવાન આત્મા અંતર્મુખ થઈને એકલા જ્ઞાનનો એટલે આત્માનો અનુભવ કરવો. અહીં તો જ્ઞાનની પ્રધાનથી જ વાત છેને? આત્માની ત્યાં ગઈ હતી. બેય એક જ વાત છે. જ્ઞાન અને આત્મામાં ભેદ ન જાણે નથી આવતું? ઓલા કર્તાકર્મમાં. જ્ઞાન પકડ્યું તો આત્મા આત્મા પકડ્યો. જ્ઞાન અને આત્મા બે જુદા નથી. સમજાણું કાંઈ? જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં એકલો ચૈતન્યબિંબ ભગવાન આત્મા એનો અનુભવ કરવામાં આવે. '**ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે...**' ત્યારે એકલું જ્ઞાન, એટલે આત્માની જ્ઞાનદશા, એની સાથે શ્રદ્ધાદશા, શાંતિદશા, આનંદદશા એવું જ્ઞાન એનો અનુભવ આવે છે. જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે. ત્રિકાળી જ્ઞાન તો હતું. પણ એનો અનુભવ કરવામાં આવે ત્યારે પ્રગટ જ્ઞાનની પર્યાયનો અનુભવ થાય છે. એ પુરુષાર્થથી થાય છે. આહા..હા..! વાતે. હવે આમાં માણસ ભેગા ક્યાંથી થાય? પછી દસ-દસ હજાર, વીસ-વીસ હજાર, પચાસ હજાર માણસ. એય..! નવરંગભાઈ! બે દિ' સાંભળે ત્યાં કંટાળે. અરે આ શું માંડી છે. ભગવાન! માર્ગ તો આ છે હોં. છેતરાઈ જઈશ તું. સમજાણું કાંઈ? વાહ! વાહ અને દુનિયાના રાજીપામાં આહા..હા..! પ્રભુ તું રાજી થા છો. એ રાજી થાય ક્યારે? આનંદમાં આવે ત્યારે. એ આનંદમાં ક્યારે આવે કે એકલા ત્રિકાળી જ્ઞાનનો અનુભવ કરે ત્યારે. ત્યારે રાજી થાય. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

આત્મા થઈને આત્મા થાય. રાગ થઈને આત્મા થાય એમ બને નહિ એમ કહે છે. હવે આટલો કાંઈક કષાયની મંદતા ક્રિયા કરીએને. તો આત્માનો અનુભવ થાય. આત્મા એવો લંગડો નથી. એ તો એકલો ત્રિકાળી ભગવાન આત્મા એનો અનુભવ, એમાં કોઈ પરદ્રવ્યની સહાય નથી. ઓલા કળશમાં આવી ગયુંને એ? આત્માનું આત્માને આકારે ન આવ્યું? કળશમાં આવી ગયુંને? આહા..હા..! આ કળશમાં '**आत्मानमात्मनि निवेश्य**' ૧૩મો કળશ. તે એવું કહેવા માગે છે કે ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને અનુભવ કરે એ જૈનશાસન, એમાં પરદ્રવ્યના સહારાની બિલકુલ જરૂર નથી. સમજાણું કાંઈ? રાગની મંદતા, સંહનનની મજબુતાઈ એ વીતરાગની વાણીની સાંભળવાની અપેક્ષા એવી કોઈ અનુભવમાં પરની અપેક્ષા છે નહિ. પરદ્રવ્યના સહારા વિનાની એકલા સ્વદ્રવ્યના સહારે થતી દશા. સમજાણું

કાંઈ? એ જ એનો અનુભવ હતો એ. અને ૧૫નો ઉપોદ્ઘાત છે.

કહે છે '**જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ...**' પર્યાયમાં વીતરાગી જ્ઞાનનો અનુભવ કરવામાં આવે છે. એને જૈનશાસન કહેવાય છે. આવું તો વસ્તુનું સ્વરૂપ છે કહે છે. છતાં કેમ આ બીજું આ શું થાય છે? આહા..હા..! અનાદિ આ સંસારમાં. '**તોપણ જેઓ અજ્ઞાની છે,...**' આહા..હા..! વસ્તુ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ. એના સન્મુખનું સ્વાધિન જ્ઞાન નથી, એવા જે અજ્ઞાની '**જ્ઞેયોમાં આસક્ત છે...**' એ ઇન્દ્રિયોના જ્ઞાનમાં આસક્ત છે. એ .. જ્ઞેય એ છે લ્યો! સમજાણું કાંઈ? આહા..હા..! ઇન્દ્રિયોનું જે જ્ઞાન એમાં એ આસક્ત છે. કોઈપણ રીતે એમાં એની એકાગ્રતા છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવ એવો ભગવાન એનો જ્યાં અનુભવ છે એ તો એની સ્થિતિ છે કહે છે. એ તો એની જાતની ભાત છે. છતાં આમ કેમ થાતું નથી કહે છે. સમજાણું કાંઈ?

'**જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે...**' નિમિત્તોમાં લીનતા છે, રાગમાં એકતા છે અને ઇન્દ્રિય જ્ઞાનમાં જેની અર્પણતા છે. સમજાણું કાંઈ? આહા..હા..! આકરી વાતું ભારે. એ માર્ગને માટે લાયક થવું એ તો અલૌકિક વાત છે. આહા..હા..! માની બેસે ભલે પોતાની મેળે કલ્પનાથી. પણ વસ્તુસ્થિતિ કોઈ અલૌકિક છે. સમજાણું કાંઈ? પણ અલૌકિક જ હોયને. લૌકિક જે વાત છે એનાથી લોકોત્તર બીજી જ હોય. ઇન્દ્રિય જ્ઞાન એ લૌકિક છે. શાસ્ત્રનું જ્ઞાન એ ઇન્દ્રિય જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જેઓ અજ્ઞાની છે,...**' આ અતીન્દ્રિય જ્ઞાયકસ્વભાવનું જ્યાં અંતર ભાન નથી તે તો જ્ઞેયોમાં શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આકરું પડશે હોં એને. આ તો વીતરાગની વાણી હોયને તે પણ જ્ઞેય છે પર. એમાં જે આસક્ત છે એનાથી મને જ્ઞાન થશે. બહુ આકરું કામ. આવો માર્ગ ભાઈ! ઓલા બિચારા કહે છે હોં અરેરે! વીતરાગની વાણીથી જ્ઞાન ન થાય. અરે! ભગવાન સાંભળને પ્રભુ! રાડ નાખે છે. અને એ વિષય કહેવાય. સ્વવિષય છૂટે ત્યાં પરમાં જાય એ બેય વિષય કહેવાય લ્યો. તને ઠીક લાગે, ન ઠીક લાગે બાપુ માર્ગ તો આ છે હોં! આહા..હા..! સમજાણું કાંઈ? જે જ્ઞાયકસ્વભાવ ભગવાન આત્મા એમાંથી ખસી જવું અને નિમિત્તો, રાગ અને ઇન્દ્રિય જ્ઞાન. વ્યવહારમાં આસક્ત, નિમિત્તમાં આસક્ત, ઇન્દ્રિય જ્ઞાનમાં આસક્ત. આહા..હા..!

'**તેમને તે સ્વાદમાં આવતું નથી.**' ક્યાંથી આવે? રાગનો સ્વાદ છે ત્યાં આ ક્યાંથી આવે? આહા..હા..! સમજાણું કાંઈ? નવમી ગ્રૈવેયક દિગંબર સાધુ થઈને ગયો. 'મુનિ વ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આ સ્વાદ ન આવ્યો એમ કહે છે. આહા..હા..! એ પંચ મહાવ્રતની ક્રિયા, તપસ્યાઓ, મહિના-મહિનાના અપવાસ અને આહારપાણી લુખ્ખા ખાવા, રસ છોડ્યો, પણ ઓલું મિથ્યાત્વ છે ઇન્દ્રિયજ્ઞાન તે પર છે એ છોડ્યું નહિ. સમજાણું કાંઈ? .. આહા..હા..! કેટલો સ્વાદ બહાર? ભગવાન

કહે છે કે એમાં મિથ્યાત્વનો ત્યાગ નથી, સમકિતનો ત્યાગ છે. ધર્મનો ત્યાગ છે, ભાઈ! બાપુ! આ હિતની વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું થાય? કહે છે કે ભાઈ! તારી દશા પર ઉપર જાય છે. એ અહીં તો બીજી ભાષાથી વાત કરી, બાકી તો પર્યાય બુદ્ધિ છે એને ઇન્દ્રિય જ્ઞાનમાં જ લીનતા છે. સમજાણું કાંઈ? એને નિમિત્તનો જ પ્રેમ છે. સમજાણું કાંઈ? એને ઓલો શુભરાગ થાયને ત્યારે એને એમ થઈ જાય કે આહા..હા..! આપણે તો ધર્મ કર્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કરે છે. એ તો કહે છે. ભગવાન કહે છે કે જ્ઞાનનો અનુભવ એ તો સામાન્ય જ્ઞાનની પર્યાય વસ્તુ એમ જ હોય, છતાં આ શું બની રહ્યું ત્યારે? પર્યાયબુદ્ધિવાળાને તે વર્તમાન જ્ઞાનના ક્ષયોપશમનો અંશ છે ઇન્દ્રિય જ્ઞાન તો. એમાં જેની એકાગ્રતા, લુબ્ધતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભોગની લુબ્ધતા એ તો ક્યાંય સ્થૂળ થઈ ગઈ. ઘણી લુબ્ધતા. નિમિત્તના પ્રેમ એ દૂર વાત રહી ગઈ. રાગનો પ્રેમ એ નહિ. પણ ઇન્દ્રિય જ્ઞાનનો વિકાસ એનો પ્રેમ એ જ્ઞેયમાં લુબ્ધ છે. અણિન્દ્રિય એવો ભગવાન આત્મા એના જ્ઞાનનું પ્રગટપણું અણિન્દ્રિયના આશ્રયે થાય એને ઠેકાણે ઇન્દ્રિય આશ્રિત થયેલું જ્ઞાન. આહા..હા..! કારણ કે ઉઘાડ દેખાયને એટલે એમ થઈ જાય કે આપણને જ્ઞાન હવે થયું. એ એને ત્યાં આગળ લુબ્ધ છે કહે છે. ઇન્દ્રિય જ્ઞાનમાં એ લુબ્ધ છે. સમજાણું કાંઈ?

'**અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે...**' એટલા શબ્દમાં છે આ બધું. જેને આત્મા ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એની જેને દૃષ્ટિનો અભાવ એનું શું લક્ષણ? એમ કહે છે. કે એ જ્ઞેયમાં લુબ્ધ એ એનું લક્ષણ. સમજાણું કાંઈ? '**અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે તેમને તે સ્વાદમાં આવતું નથી.**' આમ નથીથી લીધું છે. આવું જ્ઞાન ત્રિકાળી સ્વરૂપ એનું જે સામાન્ય જ્ઞાન જે પર્યાયમાં જ્ઞેય મિશ્રિત વિનાનું જ્ઞાન થવું જોઈએ તે જ્ઞાન જ્ઞેય લુબ્ધોને થતું નથી. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? સુજાનમલજી! મોટા વિદ્વાન અને મોટા પંડિતો. અગિયાર અંગ અને નવ પૂર્વ. ખીલેલું જ્ઞાન. આહા..હા..! એ ખીલ્યું નથી ભાઈ! એ જ્ઞાનનો અંશ એ તો જ્ઞેય પર છે. આહા..હા..! એમાં જેની લુબ્ધતા છે. એની એમાં જેને રુચિ છે. એને જ્ઞેય મિશ્રિત સ્વાદ રાગનો આકુળતાનો હોય છે. આ સ્વાદ આવતો નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞેયોમાં આસક્ત છે તેમને તે સ્વાદમાં આવતું નથી.**' અહીં સુધી આવ્યું હતું કાલે. નહિ? '**તે પ્રગટ દૃષ્ટાંતથી બતાવીએ છીએ :**' હવે કહે છે કે બાહ્યનો દાખલો આપીને બતાવીએ છીએ. '**જેમ—અનેક તરહના શાક આદિ ભોજનોના સંબંધોથી ઊપજેલ...**' લોકો તો એમ માનેને આ દૂધી ખારી, રોટલી ખારી, રોટલો ખારી, ખીચડી

ખારી, પૂરી ખારી. ખારું તો એમાં મીઠું છે. પણ દુનિયાની દૃષ્ટિ ક્યાં? ઓલી ગૃદ્ધિ છેને ઓલી ચીજમાં એ ખારી.. એ ખારી.. એમ એને ભાસે છે. સમજાણું કાંઈ? **'અનેક તરેહનાં શાક આદિ ભોજનોના સંબંધથી ઊપજેલ સામાન્ય લવણના તિરોભાવ...'** એક ફેરી કહ્યું હતું નહિ? શ્રીમદ્‌નું ખબર છે? હડમતિયા અમે ગયા હતા. રાણપર પાસે છે. હડમતાળા. હડમતાળા. હા હડમતાળા. હડમતિયા નહિ હડમતાળા હોં. .. નરસિંહભાઈના ઘરે. ત્યાં બોલાવે તો પછી ૨૦-૨૫ માણસ હશે ત્યારે નિવૃત્તિ હતી. ઓલા રાણપર .. લીંબડી. એના બાપ હતા. એ બધા ત્યાંના હતાને. રાણપરમાં હતાને. વિશાશ્રીમાળી. ત્યાંના હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ તો હતા. તે દિ'. ઓલા એનું ગામ છે. આ લીંબડીના નહોતા ઓલા હિંમત વિશાશ્રીમાળી. એના બાપને ત્યાં. એના બાપને બાપ. એ ત્યાં બધા ભેગા થયા અને પછી શાક આવ્યું. ઓલી ખાવાની ગૃદ્ધિ હોયને. એ તો શાક આવ્યું અને હવે લાડવો આવશે. એની નજર તો શાક જ્યાં આવ્યું ત્યારે શ્રીમદ્દે ખાધા વિના કીધું. ખારું શાક છે. શાકમાં મીઠું વધારે પડી ગયું છે. શાક એ ખાધા વિના? જુઓ! દૂધીમાં કટકા જે હોય નાના. એકલા પાણીના બફાવાથી જે એનો દેખાવ હોય એના કરતા મીઠું વધારે પડે ત્યારે એ ફાટી જાય રેસા. એ દૂધીના કટકા રેસા ફાટી જાય ઓલા ક્ષારને લીધે. સમજાણું કાંઈ? અમથી દૂધી પાણીમાં બફાય ઓલામાં તો એનું બાફેલું જુદી ચીજ હોય. એના રેસા તૂટી ન ગયા હોય. પણ બફાઈ ગયા. પણ મીઠું વધારે પડે એ રેસા તૂટી જાય. આમાં મીઠું વધારે છે કહે. મીઠું સમજો છો? ઓલા તો એમ કહે શાક આવ્યું, હવે આવશે લાડવો, પછી આવશે પૂરી. જ્ઞેયમાં લુબ્ધ છે. સમજાણું કાંઈ? એમ એક એક જ્ઞેય એને જ્યાં કાને પડે કાંઈક ત્યાં એમાં એની એકાગ્રતા થઈ જાય છે. સમજાણું કાંઈ? એ તો પાંચ ઇન્દ્રિયના શબ્દ, રૂપ, રસ, ગંધ...

**'અનેક તરેહના શાક આદિ ભોજનોના...'** એ તો એક ઠેકાણે ભાઈ રોટલીમાં મીઠું નાખે છે. રોટલામાં તો મીઠું આપણે નાખે છે. સાધારણ રોટલામાં તો અહીં પણ નાખે છે કાઠિયાવાડમાં. રોટલી રોટલી હોયને. એ શું કહેવાય એ? પણ એના નામ. સબરસ. સબરસ છેને એનું નામ. મીઠાનું નામ સબરસ. બધામાં નાખે. પૂરી, ઢેબરા. રોટલીમાં નાખે, ખીચડીમાં નાખે, ચોખામાં નાખે મીઠું ક્યાંક. છે દેશમાં એ ચોખામાં મીઠું નાખે. એટલે એને બસ ચોખા ખારા છે એમ કહે છે, ખીચડી ખારી છે, પણ ખારું તો મીઠું છે. પણ શાકના ગૃદ્ધિઓને મીઠાની ખારપ જુદી દેખાતી નથી. સમજાણું કાંઈ? **'સામાન્ય લવણના તિરોભાવ...'** છે. એકલું મીઠું ઢંકાઈ ગયું છે. એકલું શાક જ ખારું ભાસે છે. શાક વિશેષ લવણમાં અનુભવમાં આવતું હશે. **'લવણ તેનો સ્વાદ અજ્ઞાની, શાકના લોલુપ મનુષ્યોને આવે છે...'** વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૭, શનિવાર, તા. ૨૨-૦૧-૧૯૭૨
## ગાથા-૧૫, પ્રવચન-૭૮

૧૫મી ગાથા. જિનશાસન કોને કહેવું? એટલે કે જૈન ધર્મ કોને કહેવો? એમાં આવ્યું હતું. કે આત્મા જે સ્વરૂપ ચૈતન્યઘન છે. ત્યારે એક પ્રશ્ન ઉઠ્યો હતો કે આવો આત્મા છે તો અનાદિનો રખડે છે કેમ આવો મોટો આત્મા છે તો? ફુલચંદભાઈ! બીજો પ્રશ્ન અમારે ભાઈએ યાદ કર્યો હમણા દિલીપે. સાંભળ્યું હતું ક્યાંકથી વાત આવી હતી.

મુમુક્ષુ :- કારણ છે.

ઉત્તર :- કારણ પરમાત્મા છે અને કાર્ય કેમ થાતું નથી? એમ કહ્યું. વાત સાચી. પ્રશ્ન થયો હતો. કોકે કર્યો હતો ખરો. ભૂલી ગયો. વારિયા. કર્યો હતો. કારણ પરમાત્મા છો, તમે કારણ પરમાત્મા કહો અને કાર્ય આવે નહિ. તો કાર્ય આવ્યા વિના કારણ પરમાત્મા કહેવું કોને? શ્રીમદ્‌માં પણ આવે છેને ઓલા પદમાં. 'જિન પદ નિજપદ એકતા અને ભેદભાવ નહિ કાંઈ.' છે તો આવું છતાં 'લક્ષ થવાને તેહનો કહ્યાં શાસ્ત્ર સુખદાય.' એની એને માન્યતા નથી, પણ છે એની માન્યતા હોય એને છે. સમજાણું કાંઈ? કારણ પરમાત્મા એટલે ત્રિકાળી જ્ઞાયકભાવ અનંત આનંદનો પિંડ, સુખનો સાગર, જ્ઞાનનું નૂર પૂર એ છે, પણ છે કોને? માને એને કે ન માને એને? કેમકે અનાદિથી પર્યાયમાં એની બુદ્ધિ છે. એમાં જ એ રમ્યા કરે છે. સમજાય છે કાંઈ? એટલે એ પર્યાયમાં ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય પછી ભલે અસ્તિત્વનો શુદ્ધ આદિ હોય, વિકારનો અશુદ્ધ આદિ ઉત્પાદ હોય, પણ એમાં જ એની રમત છે. તેથી એ એને જ માને છે. આવો છે, પણ એ માનતો નથી. માને એને છે અને ન માને એને નથી. એમ છે. સમજાણું કાંઈ? એમ કે આવો છેને? પણ કોને? છે એવો ભાન થાય એને છે કે ભાન ન થાય એને છે? સમજાણું કાંઈ? તે દિ' એ પ્રશ્ન થયો હતો કાનપુરમાં. ભાઈ કારણ પરમાત્મા છે પોતે ત્રિકાળ ભગવાન છે. પણ એ કારણ પરમાત્મા છે એવો જેને સ્વીકાર થાય કે આ આવો છે એને કાર્ય થાય. સમજાણું કાંઈ? આવી વાત. આવો ભગવાન મોટી વાતું. સુખ સાગરનો પૂર, ચૈતન્યામૃતનો નૂર. ઓહો..હો..! આવો! પૂર્ણાનંદ પ્રભુ ચૈતન્યના અમૃતથી, ચૈતન્યના અમૃતથી, જ્ઞાનના અમૃતથી એવો ભરપૂર કોને? આ છે એમ દૃષ્ટિ કરી એને. સમજાણું કાંઈ? જેને વિશ્વાસમાં જ આવ્યો નથી એને છે ક્યાંથી? દાખલો છે નિયમસારમાં. મેરપર્વત ઉપર સોનું છે. કોને પણ? એ કામ આવે એમ છે? પણ દરેક જીવમાં શક્તિરૂપ ભગવાન છે, પણ કોને? એને માને અને જાણે એને. ન માને, જાણે એને. ન માને-જાણે

છે નહિ એ તો પર્યાય છે, અંશ છે. બરાબર છે? આહા..હા..! ભગવાન આત્મા એક ફેરી ૯૯માં એ પ્રશ્ન થયો હતો વકીલ હતા ભગવાનજી. કે આવો ધોયેલ મૂળા જેવો આવો આત્મા ગ્યો ક્યાં? એણે વળી એમ કીધું. ભગવાનજી વકીલ હતા. રામજીભાઈના મિત્ર હતા એ. એ બધા ચોપડા બહુ ફેરવતા પણ આ પાછો કહે મહારાજ આવો આત્મા-આત્મા કરે છે, પણ એ ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં કહે. આહા..હા..! ધોયેલ મૂળા સમજો છો? એ દૃષ્ટાંત છે. મૂળી હોય છેને મૂળી? મૂળી નથી સમજતા? મૂળી. . ધોળા. હા એ. કાઢી નાખે. ધોયેલ મૂળી અમારે દાખલો છે. તમારે પણ હશે તો ખરો બધે એક જ દાખલો છે. દાખલાનું નામ ફેર હોય. ધોયેલ મૂળી જેવો એમ કે. સિદ્ધ પણ છે એ સિદ્ધનું ભાન ક્યાં છે એને? પ્રતીત ક્યાં છે? શ્રીમદ્ દે ન કહ્યું કે જિન પદ અને નિજપદ. ફક્ત એટલો ફેર છે. જિ-જ છે અહીં નિ-ન છે. બસ. બાકી .. પદ બેય એક છે. 'જિનપદ-નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ.' ફક્ત એ છે એવું લક્ષ કરાવવા શાસ્ત્ર કહ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ છે આવી. કારણ કે અનાદિથી એની પર્યાયમાં બુદ્ધિ થઈ એમ કહે છેને. આવો છે તોપણ. એ આવ્યુંને.

**'જેઓ અજ્ઞાની છે.'** એટલે શું થયું? કે એની જેને અંદર વિશ્વાસ અંતર્મુખ દૃષ્ટિ નથી. **'જ્ઞેયોમાં આસક્ત છે...'** એ પર્યાયમાં આસક્ત છે, રાગમાં આસક્ત છે. એને ક્યાં છે? એકતા છે. અસ્થિરતાની અહીં વાત ક્યાં છે? એમાં જ એકાકાર છે એમ કહે છે. એક સમયનું પ્રગટ વ્યક્ત અંશ છે એમાં એની બુદ્ધિ છે. એટલે એને પર્યાયબુદ્ધિમાં રાગ વિકલ્પ હો શુભ આદિ. એમાં એકત્વબુદ્ધિમાં આ ક્યાં ભાસે એને? આ છે એમ છે ક્યાં એને ક્યાં છે? સમજાણું કાંઈ? નહિતર તો એ આવી ગયું છઠ્ઠી ગાથામાં. એ તો એ આવ્યું. ફરી ફરીને ત્યાં આવ્યું પાછું. શુદ્ધ કોને છે? ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ છે છઠ્ઠી ગાથા. કોને પણ? કે જે અંદર પરથી લક્ષ છોડી એની સેવા કરે, શુદ્ધતામાં આવે એને આ દ્રવ્ય શુદ્ધ છે એમ છે. અસ્તિ આવું છે એ અસ્તિનું ભાન વિના આ છે એમ માન્યું કોણે? સમજાણું કાંઈ? આખી માન્યતા ઉપર આખો વિષય છે. માન્યતા ઉપર એનો દોર છે. કહ્યુંને એ? એ તો જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે જ છે. એવી ચીજ છે. એકલો જ્ઞાનસ્વભાવ, ચૈતન્યબિંબ આનંદનો સાગર. અહીં તો જ્ઞાન પ્રધાનથી કથન છેને. એકલો જ્ઞાનપુંજ એનો જ્ઞાનમાત્રપણે પર્યાયમાં અનુભવ કરે એને એ આત્મા જ્ઞાનમાત્ર શુદ્ધ છે એને અહીં પ્રસિદ્ધમાં આવે અને એને માટે છે. અજ્ઞાનીને વસ્તુ જ જ્યાં નજરમાં આવી નથી તો છે ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આહા..હા..!

સોગાનીએ એક ઠેકાણે લખ્યું છેને. ભાઈ હમણાં કહેતો હતો દિલીપ. યાદ બહુ રાખે છે હોં તમારો. કહે સોગાની કહે છે કે અજ્ઞાની ઉત્પાદ-વ્યયમાં ચાલ્યો જાય છે. હમણાં

અંદરમાં કહેતો હતો. એમ એની ભાષા બોલતો હતો ઝીણી. ચલા જાતા હૈ.

મુમુક્ષુ :- અજ્ઞાની ઉત્પાદ-વ્યય મેં બૈઠકર ધ્રુવ કો જાનને જાતા હૈ લેકિન જાન સકતા નહીં ઔર ઉત્પાદ-વ્યય કે સાથ ચલા જાતા હૈ. જ્ઞાની ધ્રુવમેં બૈઠકર ઉત્પાદ-વ્યય કો સિર્ફ જાનતા હુઆ...

ઉત્તર :- પાછું ઉત્પાદ-વ્યયને જાણે છે તો ધ્રુવને. વસંતીલાલજી! આ તો પ્રશ્ન એમ કે આવો છે એને કેમ અનાદિથી રખડે છે? અનાદિથી આ છે એવું બેઠું છે કેમ એને? શેઠ! વાત તો એ છે. શ્રદ્ધામાં આવ્યું નહિ એમાં એને ક્યાંથી આવ્યું? જે વિષય જ જ્યાં મગજમાં આવ્યો નહિ, અંદર જ્ઞાનમાં આવ્યો નહિ, ભાસ્યો નહિ. એને આ છે એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? એ તો એક સમયની પર્યાય જે ઉત્પાદ-વ્યયની છે એમાં છે તેમાં જ આખું તત્ત્વ છે એમ ચાલ્યો જાય છે. માન્યતા જ એમાં ઊભી છે એની. સમજાણું કાંઈ? અને અહીં કહ્યુંને કે જે કોઈ ધ્રુવમાં જાય છે અને ધ્રુવને પકડીને અનુભવ કરે છે એને એનો જ્ઞાનનો પર્યાય સામાન્યપણે પ્રગટ થાય છે. સામાન્ય જ્ઞાન જ્ઞેયોના મિશ્રપણા વિના. પર્યાયબુદ્ધિ, રાગ બુદ્ધિના મિશ્રપણા વિના. સમજાણું કાંઈ? એવો પ્રશ્ન કર્યો છે. કારણ પરમાત્મા કહો તમે અને કાર્ય તો આવતું નથી. કારણ હોય ત્યાં કાર્ય તો આવવું જોઈએ. એમ વારંવાર તમે કહો, જેટલું કારણ આપે એટલું કાર્ય આવે. આ કાર્ય વિશેષ દશામાં પણ વિશેષ કાર્ય નથી આવતું ધર્મનું એનું કારણ શું? કારણ નથી આવતું એ માટે કાર્ય નથી આવતું. ત્યારે કહે આમાં કારણ છેને. તો કાર્ય કેમ નથી આવતું? પણ કારણ છે એમ માન્યું છે કોણે? સમજાણું કાંઈ?

નિજકારણ પરમાત્મા જ્યાં દૃષ્ટિમાં અપરિમિત આમ સાગર આખો આનંદનો, જ્ઞાનનો સાગર આમ દૃષ્ટિમાં ગયો, દૃષ્ટિ ગઈ ત્યાં જાણ્યું ત્યારે એને આવો છે એમ માનવામાં આવ્યો. અજ્ઞાનીને છે ક્યાં? સમજાણું કાંઈ? બીજા કહે કે એનો આત્મા એવો છે, પણ એને ક્યાં બેઠું છે? સુજાનમલજી!

મુમુક્ષુ :- એના માટે કારણ નથી.

ઉત્તર :- કારણ છેને પરમાત્મા આ વસ્તુ છે. એકલું શક્તિનું સત્ત્વ સ્વભાવ. સ્વભાવને પછી અપૂર્ણતા અને વિપરીતતા ક્યાંથી આવે એમાં? એવો જે જ્ઞાન, દર્શન આદિ પૂર્ણ એકરૂપ શુદ્ધ સ્વભાવ એવી દૃષ્ટિ થયા વિના આને આ છે એમ આવ્યું ક્યાંથી એને? સમજાણું કાંઈ? એટલામાં જરી આવ્યુંને. 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાય.' આત્મ નહિ, આટલું નહિ. આખી ચીજ અંદર પરિપૂર્ણતાથી ભરી છે. એ લક્ષને બદલાવા અહીં પડ્યું છે લક્ષ પર્યાયમાં એને બદલાવા શાસ્ત્રે વાત કરી છે. સમજાણું કાંઈ? એ કારણ છે છતાં કાર્ય કેમ નથી આવતું? એનો ઉત્તર આ પણ માન્યું છે કોણે? માને એને કાર્ય આવ્યા વિના રહે

નહિ. આહા..હા..! અને આવો છે છતાં અનાદિથી કેમ બહાર આવતો નથી, પણ આવો છે અનાદિથી એમ બેઠું છે કોને? સમજાણું કાંઈ? એ બેઠું તે ધારણારૂપે ન બેઠું કહેવાય. અંદર દૃષ્ટિમાં આ ચૈતન્ય એકલો જ્ઞાન અને આનંદનો ભંડાર છે.

જેના અંશ.. જે શુદ્ધતા આનંદ આદિ આવી વાનગીરૂપે એ દ્વારા આ આખો આવો છે એમ જણાય. એ વિના છે એમ એને ક્યાં બેઠું છે. કાંતિભાઈ! અહીં એ કહ્યું જુઓને. '**સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ અને વિશેષ જ્ઞાનના તિરોભાવથી જ્યારે...**' જોયું! જ્ઞેયબુદ્ધિ, પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ ગઈ આવી વાત ઢંકાઈ ગઈ. અને સામાન્ય '**જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે...**' છે. પર્યાયનો અનુભવ કરેને જ્ઞાનમાત્રનો અનુભવ આવે એમ આવે ક્યાંથી પણ? સમજાણું કાંઈ? રાગનો વિકલ્પ છે અને તેનું જ્ઞાન ક્ષયોપશમનો એ પર્યાય. એનો જ જ્યાં અનુભવ છે. હવે આ અનુભવ કેમ આવે એને? સમજમાં આવે આવી ભાષા સાદી છે. ગુજરાતી અહીંયાં અક્ષરો છે ..વાળા. અહીં તો ચોપાનિયા ગુજરાતી-હિન્દી. એ જોયા હતા. સમજાય છે કાંઈ? ઓલો છોકરો હતો નાનો. એના બાપ પાસે પાંચ કરોડની મૂડી. આ દસ વર્ષનો હતો. મોટો થયો આઠ વર્ષનો. એને મામાને સોંપેલું બધું. એને કહે કે મારી પાસે પૈસા મારી પાસે નથી. મને તો મારો મામો પાંચ હજાર મહિને આપે છે બધા ખર્ચ સિવાયનો વધારે. ગુંજા ખર્ચ. ખિસ્સા ખર્ચ. બાપા! તારી પાસે બધું છે. તારી મૂડી એ સાચવે છે તને ખબર નથી. તું નાની ઉંમરનો હતો, તારો બાપ મરી ગયા, તારા મામાને નામે.. તારું છે. હેં! હા, એ એનું નથી. સમજાણું કાંઈ? શેઠ! એમ તું બાળક છો, અજ્ઞાનમાં છો, પર્યાયને તે બધું સોંપ્યું છે, પણ ઓલી મૂડીની તને ખબર નથી. બાબુભાઈ! આહા..હા..! એવી વાત છે, ભગવાન! આહા..હા..! તારી મૂડી તો પરમેશ્વરની છે. પ્રભુતાની તારી મૂડી છે. એ પ્રભુતાની મૂડી પ્રતીતમાં કે એને જ્ઞેય બનાવીને જ્ઞાન ન થાય, ત્યાં સુધી આ મારી મૂડી છે એમ બેસે કેમ એને? ચેતનભાઈ! આવી વાત છે, ભાઈ! આહા..હા..!

'**જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે...**' જોયુંને એમ કીધુંને? ત્રિકાળી સ્વરૂપ છે એનો જો અનુભવ કરવામાં આવે તો જ્ઞાનનો સ્વાદ આવે. પણ પર્યાયનો રાગ અને એક અંશમાં અનુભવ કરવામાં આવે તો રાગનો, આકુળતાનો અનુભવ આવે. આકુળતાનો અંશ છું એ પ્રતીતમાં આવે. બરાબર છે? આહા..હા..! '**તોપણ જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે...**' જુઓને વાત તો કેવી લીધી છે! એક સમયની પર્યાય છે એ ખરેખર તો પરજ્ઞેય છે. સ્વજ્ઞેયની પૂર્ણતાની અપેક્ષાએ. સમજાણું કાંઈ? પરદ્રવ્ય, પરભાવ એમ કીધું છેને એને? આહા..હા..! નજીકમાં નજીક પર્યાય એની જે ઉઘાડની એમાં જ એની બુદ્ધિ પડી છે ત્યાં એથી એને ક્ષણે ક્ષણે જ્ઞાન મારું સ્વરૂપ છે એ તો પ્રતીતમાં આવ્યું નથી.

તેથી એને રાગ અને વિકલ્પનો ખ્યાલ આવે છે અને એનો એને અનુભવ છે, હવે એના અનુભવમાં આ આત્મા આવો છે એમ ક્યાંથી આવે એને? ક્યાંથી લાવ્યો પણ આ બરાબર આવું?

મુમુક્ષુ :- આ તો ત્રિકાળી ક્યાંથી અનુભવમાં આવે?

ઉત્તર :- આવ્યું ક્યાંથી આટલું બધું તું લાવ્યો ૧૪ વર્ષનો. કહો, સમજાણું કાંઈ? .. ૧૮-૧૮ વર્ષનાને યાદ રહેતું નથી એકેય વાત. લાજ નથી આવતી કીધું છોકરાને દેખીને? બધા આવેને છોકરા ૧૬-૧૬ વર્ષના. યાદ પણ રહે નહિ કે આ શું કહ્યું. કલાકનો એક શબ્દ પણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધા આવે ત્યારે નવરા થયેલા રજા હોય ત્યારે આવે. .. આહા..હા..!

**'જેઓ અજ્ઞાની છે,...'** એ શું કીધું? કે એ વસ્તુ ત્રિકાળ ચૈતન્યમૂર્તિ અને આનંદ છે એવી જેને શ્રદ્ધા અને જ્ઞાનમાં આવ્યું નથી. એમ કહે છે. અને જેની એક સમયની પર્યાય અને રાગ જ જેને પ્રતીતમાં ભાસ્યું છે. ખલાસ થઈ ગયું એ તો બીજા જ્ઞેયમાં આસક્ત છે. સ્વ જ્ઞેય ત્રિકાળી છે એમાં તો એની ખબર નથી. કહો, સમજાણું કાંઈ? ઝીણું છે હોં જયંતિભાઈ! ધ્યાન રાખે તો સમજાય એવું છે. ઓલા પૈસા જેવું નથી આ? એ તો ઓલા પૂર્વના પુણ્ય હોય તો પૈસા આવે એટલે જાણે આપણે ડાહ્યા થઈ ગયા. આ ડાહ્યા બાહ્યા કાંઈ ન મળે એમાં. ઓલા પૂર્વના પુણ્ય વપરાય જાય છે.

મુમુક્ષુ :- પણ પૈસા તો આવ્યાને.

ઉત્તર :- આવ્યા નથી. ક્યાં આવ્યા છે એની પાસે? છે એની પાસે છે?

મુમુક્ષુ :- તો..

ઉત્તર :- મમતા છે. આ દુનિયા જાણે ગરીબ છે, પૈસાના અર્થીઓ છે પૈસાવાળા .. કહે છે ધનવાળા. આવ્યુ નથી આપણે ૧૭-૧૮ ગાથામાં.. ધનના અર્થી તે રાજાની સેવા કરે. એ ધનના અર્થી તે ધનવાનને ધનવાન કહે, પૈસાના અર્થી એ. વસંતીલાલજી! આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાની બાદશાહ છે. જેને સ્વરૂપની લક્ષ્મી જ જોવે છે, જેને ઇચ્છા અને એક સમયની પર્યાયમાં રહેવું છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવું સ્વરૂપ જ છે. ત્રિકાળ કીધુંને એ? ઓલામાં આવ્યુંને એમાં? એ છે... છે... છે.. .. અનંત સુખ પ્રભુ જેને આત્મપદ પૂર્ણ જ્ઞાની. થઈ ગયુંને પૂર્ણ? 'જિનપદ નિજપદ એકતા.' એ..ને પણ કહે છે. જિનપદ અને આ નિજપદ બે એક જ જાત છે. એમાં કાંઈ ફેર નથી. ફેર હોય તો નિજપદમાંથી જિનતા પદ આવશે ક્યાંથી? સમજાણું કાંઈ? જિનપદ જ આત્મા છે. જિનસ્વરૂપ જ છે. ત્રિકાળ જિનસ્વરૂપ છે. પણ કોને? જેની દૃષ્ટિમાં આવ્યું એને. આવો છે એમ શ્રદ્ધામાં,

અનુભવમાં, જ્ઞેય તરીકે ભાસ થયો, ભાનમાં એને. જેને ભાન જ નથી એને શું છે? સમજાણું કાંઈ? અગિયાર અંગ ભણી ગયો, નવપૂર્વ ભણી ગયો જુઓ. ધારણા તો બધી કરી ગયો છો. સમજાણું કાંઈ? ભારે વાત કરે છે. જૈનશાસન આને કહેવું છે.

પર્યાયબુદ્ધિએ રહે અને રાગનો અનુભવ કરે, એમાં એકતા કરે એ જૈનશાસન નહિ. જૈનશાસન તે વિરૂદ્ધ શાસન સંસારશાસન. મિથ્યાદષ્ટિનું શાસન છે એ. સમજાણું કાંઈ? ત્રિકાળ જિનપદસ્વરૂપ તેનું એને અનુસરીને. એકલા જ્ઞાનમાત્ર એટલે સ્વરૂપમાત્રની અનુભવદશા, જેમાં રાગ અને પર્યાયબુદ્ધિનો અભાવ. ઢંકાઈ જવું એટલે અભાવ. એને જૈનશાસન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એ તો વસ્તુનું સ્વરૂપ છે. જૈનશાસનની પર્યાય પ્રગટી એ જિનસ્વરૂપમાંથી આવી છે. સમજાણું કાંઈ? એ તો વસ્તુ એ તો જિનસ્વરૂપ જ છે. એની પર્યાય પ્રગટી એ જૈનશાસન છે. સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિવાળા જૈનશાસનમાં નથી. એને જિન એવો આત્મા એની પ્રતીત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વિકલ્પની જ્યાં એકતા છે, રાગનો જ્યાં એકલો જ અનુભવ છે એ જૈન જ ક્યાં છે? એને જિનપણું ક્યાં બેઠું છે? બેઠું નથી એટલે જૈનતા ક્યાં પર્યાયમાં આવી છે? અંદર રાગ અને અંશ એ પ્રતીતમાં આવ્યું. એ કાંઈ જૈનશાસન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? .. કરી છેને. ... આત્મસ્વભાવ અગમ તે અવલંબન આધાર. જિનપદ તે દર્શાવ્યો. જિનપદ.. આવા .. આવી પર્યાય જુઓ આ. સર્વજ્ઞ સ્વભાવ આવા હોય. '**जो जाणदि अरहंतं**' આવા સર્વજ્ઞ હોય, આવા વીતરાગ હોય એવી પર્યાયને ધરનારું છે. અનંતું તારું સ્વરૂપ છે. જિનપદ સુ દર્શાવ્યું. .. સમજાણું કાંઈ?

વીતરાગનો ભાવ જ જિન છે, જિનપદની પર્યાય જ્યાં પ્રગટી એ પર્યાય પ્રગટી એનો સ્વામી, ધણી કોણ? ક્યાંથી આવ્યો એ પ્રવાહ? સાચું જિનપદ છે અને જેને શ્રદ્ધા, જ્ઞાનમાં, અનુભવમાં આવ્યું એને આ જિનપદ છે. એને બેઠું હશે એમ થઈ જવાનું. જિન થયો અહીંયાં. ચોથે ગુણસ્થાને જિન કહ્યો છેને? આહા..હા..! એ ૪૭માં કહ્યું. લ્યો આ તો અનુભવથી કીધું. ૩૧ ગાથા. '**जो इंदिये जिणित्ता**' જુઓ, એ જિન કહ્યો. પર્યાયબુદ્ધિ એટલે ઇન્દ્રિય જ્ઞાન છે. એ ઇન્દ્રિયનું જ્ઞાન છે. ઇન્દ્રિયથી એને જીતી છે જેણે. એની રુચિ જેણે છોડી છે અને જેને આત્મા અખંડ સ્વભાવ ધ્રુવ એનું અવલંબનથી ભાન કર્યું છે એ જિન છે. કેમકે જિનસ્વરૂપનો જ અનુભવ કર્યો તે જિન છે. રાગનો અનુભવ કરે એ જિન નથી. એ જિન કેવા? આહા..હા..! ગજબ વાત છેને. કેવી રીતે સમાડી દીધી છે વાત ક્યાંની ક્યાં?

અહીં એ કહે છે '**અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે તેમને તે સ્વાદમાં આવતું નથી.**' પણ ક્યાંથી આવે? રાગના એક સમયના પર્યાયમાં, રુચિમાં પડ્યો એને ત્રિકાળી આવું સ્વરૂપ છે એને દૃષ્ટિમાં ક્યાં આવ્યું છે? સમજાણું કાંઈ? એથી જ્ઞાનનો, આનંદનો સ્વાદ

એને નથી. એને આકુળતાનો સ્વાદ આવે છે એ તો સંસાર છે. આહા..હા..! '**તે પ્રગટ દૃષ્ટાંતથી બતાવીએ છીએ :**' '**જેમ—અનેક તરેહના શાક આદિ ભોજનોના સંબંધથી...**' જોયું! '**ભોજનોના સંબંધથી ઊપજેલ સામાન્ય લવણનો તિરોભાવ...**' શાક ખારું, રોટલી ખારી, ખીચડી ખારી, પૂરી ખારી, ચોખા ખારા, રોટલો ખારો. એમ માને છેને લોકો? ખારો એ ક્યાં છે? ખારો તો મીઠું છે. પણ ઓલી ગૃદ્ધિ છેને પરમાં એ દ્વારા એને ખારું ખારું ભાસે છે. ખારા દ્વારા ખારું ભાસતું નથી. જ્ઞેય દ્વારા જ્ઞાનનો અનુભવ કરે છે. પર્યાયનો હોં! ઓલો ત્રિકાળનો નહિ. આહા..હા..! એ તો પછી આવશે. આ તો દૃષ્ટાંત છેને.

'**અનેક તરેહના શાક આદિ ભોજન...**' પછી સાથે હો ખીચડી, ચોખા, રોટલો, રોટલી, દૂધી શાક, કારેલા. કારેલાનું શાક ભારે ખારું લાગે. શાક ખારું હોં એમ કહે. શાક તો શાક છે. ખારું તો મીઠું છે. પણ ગૃદ્ધિ છેને શાકને ખાવાની, કડકડીયું ખાયને આખું આમ. શું કહેવાય એ? કારેલા. વરસાદનું ટાણું હોય, ઠંડી હવા હોય. સમજ્યાને? છોકરાઓ નથી કહેતા 'આવ રે વરસાદ, ઢેબરિયો પરસાદ' નથી કહેતા? 'ઊની ઊની રોટલી અને કારેલાનું શાક.' એમાં એ કહ્યું. બહુ ઠંડી હોયને તો ઊની ઊની રોટલી હોય અને કારેલાનું કડકડીયું ઠીક હોય. છોકરા બોલતા. શેઠ! છે કે નહિ તમારે ત્યાં? હોય, હોય બધું હોય. એવું અમારે છોકરા ગાતા, નાના હતાને. 'આવ રે વરસાદ, ઢેબરિયો પરસાદ.' એમ કહે. 'ઊની ઊની રોટલી' જેમ તાજી મળે એમ કારેલાનું કડકડીયું શાક. ... એમ કારેલું ખારું એમ લાગે એને. જી પ્રભુ! એ શાક, રોટલી, રોટલો બધું. એના '**સંબંધથી ઊપજેલ...**' જોયું! સામાન્ય લવણનો તિરોભાવ. એકલો ખારાનો, ચારે બાજુથી ખારાનો સ્વાદ આવવો એ ઢંકાઈ ગયો. '**અને વિશેષ લવણના આવિર્ભાવ...**' એટલે ખારાપણું શાક દ્વારા એને અનુભવમાં આવ્યું. વિશેષ એટલે શાકાદિ. એના દ્વારા લવણનું પ્રગટપણું. ખારાનો અનુભવ.

'**અનુભવમાં આવતું જે (સામાન્યના તિરોભાવરૂપ અને શાક આદિના સ્વાદભેદે ભેદરૂપ-વિશેષરૂપ) લવણ તેનો સ્વાદ અજ્ઞાની, શાકના લોલુપ મનુષ્યોને આવે છે...**' સમજાણું કાંઈ? કાલે કહ્યું હતું નહિ ઓલું શાકનું નહિ? શ્રીમદ્‌નો દાખલો નહોતો આપ્યો? દૂધીનું શાક આમ. કટકા હતાને કટકા? ખારું વધારે પડી ગયું હશે. આ અત્યારે હોય છેને ખીચડીમાં. ઘરમાં ચાર-પાંચ બાયું હોય. ખીચડી કરીને એક મીઠું નાખ્યું. તો બીજી આવી કહે નહિ નાખ્યું હોય તો? તો બીજો મુઠી નાખે. એકલું નાખ્યું. બે-ચાર બાયું હોય. તો પૂછે નહિ પાછું કે પૂછીને તો નાખ તું કે આ નાખ્યું છે કે નહિ? જ્યાં આવે થાળીમાં. ખારી ખીચડી દૂધવા. ખીચડી ખારી દૂધવા થઈ ગઈ છે. કોણે નાખ્યું હતું? બાયું બોલશો નહિ. .. થઈ જાય. આહા..હા..! કહે છે એના સંબંધથી એને ખારાપણું દેખાણું.

**'લવણ તેનો સ્વાદ અજ્ઞાની, શાકના લોલુપ મનુષ્યોને આવે છે પણ અન્યના સંબંધરહિતપણાથી...'** શાક, રોટલી, ખીચડી, રોટલા સંબંધ વિનાનું **'ઊપજેલ સામાન્યના આવિર્ભાવ...'** એકલું મીઠું અને ખારું. મીઠાની ખારપ એકલી દેખાય **'ને વિશેષનો તિરોભાવથી...'** શાકનું ઢંકાઈ જવું. શાકથી ખારાપણું આવે નહિ. એવા **'અનુભવમાં આવતું જે એકાકાર...'** એક સ્વરૂપે મીઠું **'અભેદરૂપ...'** ભેદ શાકના નિમિત્તથી ભેદમાં ન આવતું. **'લવણ તેનો સ્વાદ આવતો નથી.;...'** શાકના લોલુપીને. સમજાણું કાંઈ? આ ચોખા નથી કરતા ખારા? શું કહેવાય તીખા એવા કરેને. હળદર નાખીને. વઘારિયા. વઘારિયા ચોખા કરેને ચોખા. હતાને વઘારિયા? લવણ, મરચું, મીઠું નાખીને વઘારિયા. ઠંડી હોય તો વઘારિયા ચોખા સારા લાગે.

મુમુક્ષુ :- નહિતર ચોખા વાયુ કરે.

ઉત્તર :- નહિતર વાયુ કરે એમ કહે. વઘારિયા હોય ત્યાં. વઘારિયા દ્વારા એને ખારપ દેખાણી, પણ એકલું ખારું મીઠું જુદું છે એ દ્વારા સ્વાદ આવ્યો નહિ. આહા..હા..!

**'વળી પરમાર્થથી જોવામાં આવે તો તો, જે વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું...'** જે ખારપ શાક દ્વારા ખ્યાલમાં આવતું લવણ. **'તે જ સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવતું...'** એ જ મીઠું મીઠાને કારણે મીઠાના સ્વાદમાં ખારાપણું આવે છે. શાક દ્વારા આવતું મીઠા દ્વારા ખ્યાલમાં આવે છે. સમજાણું કાંઈ? .. કથન છે ભાઈ! લવણ છે. **'એવી રીતે—'** એ તો દૃષ્ટાંત છે. સિદ્ધાંત. **'અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે...'** જ્ઞાનની એક સમયની પર્યાયમાં અનેક પ્રકારના રાગાદિ નિમિત્તાદિનું જ્ઞાન થાય, એમાં મિશ્રરૂપ થઈ ગયું એ તો. એકલો જ્ઞાનનો સ્વાદ જ્ઞાનથી થાય એ ન રહ્યું. જ્ઞાનમાં રાગ ને પુણ્ય ને પાપ ને એ જ્ઞેયાકાર થઈ. જોકે પરવસ્તુનું જ્ઞેયાકારે એમ થાતું નથી. પણ પરના લક્ષે થયેલો રાગ-દ્વેષને આકારે થયેલું જ્ઞાન. સમજાણું કાંઈ? ખરેખર તો એ જ જ્ઞેય છે. પરજ્ઞેયનું અસ્તિત્વ અહીં ક્યાં આવે છે? આના અસ્તિત્વમાં આવે છે ત્યારે એને સ્વાદ આવે છેને પર્યાયનો? સમજાણું કાંઈ? જ્ઞાનમાં જ્ઞેયો એટલે કે રાગ અને વિકલ્પ એનો સ્વાદ અજ્ઞાનીને આવે છે. આહા..હા..!

પ્રવચનસારમાં નથી કહ્યું? કે વિષયો કાંઈ કરતું નથી એને સુખરૂપ. સુખરૂપ એ સુખરૂપ એ માને છે એમ કલ્પનામાં. એને પોતે સુખરૂપ માને છે. એનું એને વેદન છે જ્ઞાનીને. હાડકા, માંસ, શરીર આદિ કાંઈ એનો અનુભવ છે જીવને? .. અને એ એને સુખરૂપ બુદ્ધિ કરાવે છે? .. કિંચિત્ અને અકિંચિત્કર છે ત્યાં સિદ્ધ કર્યું છે લ્યો! જ્ઞેય તેને અકિંચિત્કર છે એમ સિદ્ધ કર્યું છે. કિંચિત્ આવે છે કે નહિ? છે પછી પણ કોણ જાણે શું છે? આહા..હા..! બિલકુલ કિંચિત્કર નથી. વિષયો, શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શો એ શું કરે એને? પણ એના

ઉપર લક્ષ જઈને જે રાગ થાય છે એ રાગનો એ અનુભવ કરે છે. જ્ઞાનના રાગ દ્વારા જ્ઞાનનો અનુભવ કરે છે. છે તો પર્યાય ત્યાં જાય છેને આમ? સમજાણું કાંઈ? એવી રીતે છે.

'**અનેક પ્રકારના જ્ઞેયોના...**' જોયું! શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શના નિમિત્તના લક્ષે અનેક પ્રકારનો જે વિકલ્પની જાળ, શુભ-અશુભ બેય હોં! એના '**એના આકારો સાથે...**' એના સ્વરૂપ સાથે. '**મિશ્રરૂપપણાથી...**' મિશ્રથી. એ જ્ઞાનની પર્યાય તો છે, પણ એ જ્ઞાનની પર્યાય રાગ સાથે એકત્વ થઈ ગઈ. સમજાણું કાંઈ? રાગ અને એક સમયની પર્યાયથી ભિન્ન તત્ત્વ છે એ તો દૃષ્ટિમાં આવ્યું નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! '**એવી રીતે—અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે...**' આકાર શબ્દે સ્વરૂપ હોં! આકાર એટલે એવો આકાર કાંઈ અહીં આવતો નથી. ભગવાન! પુણ્ય અને પાપના ભાવો, વિભાવભાવ એનું એકત્વ અનાદિનો અભ્યાસ, એને લઈને જ્ઞાનની પર્યાય રાગ દ્વારા વેદનમાં આવે છે. આહા..હા..! આ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? રાગનો વિકલ્પ જે છે શુભ કે અશુભ બેય. એની વર્તમાન જ્ઞાનની પર્યાય એનું એ જ્ઞાન છે. પરલક્ષી છેને એ જ્ઞાન? એ જ્ઞાનને રાગ દ્વારા વેદાય છે. એકલા જ્ઞાન સ્વભાવની સાથે લઈને એકાગ્ર થઈને જ્ઞાન જે આવે એ તો એકલું જ્ઞાન વેદાય છે. મિશ્ર નહિ. આ તો મિશ્ર થઈ ગયું. ભાષા સંતોની. સમજાણું કાંઈ? દેવના સુખો, ઈન્દ્ર-ઈન્દ્રાણીના સુખ. એ સુખ એટલે કાંઈ સંયોગ એ સુખ નથી. પણ સંયોગમાં એનું લક્ષ જતાં એને જે રાગ થાય છે, હરખ થાય છે એને એ વેદે છે. એને એ માને છે કે હું વિષયો ભોગવું છું. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો અજીવનું આવ્યું હતું ભાઈ સવારે પ્રશ્ન કર્યો હતો. ઓલા સાત તત્ત્વો છેને એમાં અજીવ છેને એ અજીવ, પણ એ અજીવ જડ ત્યાં નથી. જડ સંબંધીનું જ્ઞાન એનો વિકલ્પ. ત્યારે પંચાધ્યાયીમાં એમ કહ્યું કે જીવ નવ તત્ત્વપણે પરિણમે છે. ભાઈ! નવ તત્ત્વપણે અજીવપણે એટલે જડપણે પરિણમે છે? એ સંબંધીનો વિકલ્પ જે થાય છે. એ નવેયના વિકલ્પ, પણ આ તો આમ ત્યાં અજીવને અનુભવે છે એમ કીધું. પુણ્ય-પાપ, આસ્રવ સંબંધીના પણ અજીવને અનુભવ છે. અજીવને અનુભવ એટલે શું? પરમાણુને અનુભવે છે? જડને અનુભવે છે? એમ કહીને આ તો નવેય તત્ત્વને અનુભવે છે એમ કહ્યું. સમજાણું કાંઈ? એ જડ સંબંધીના લક્ષમાં જે વિકલ્પ ઉઠ્યો છે. સમજાણું કાંઈ? એને જડનું વેદન છે એમ કહેવામાં આવે છે. વેદન તો રાગનું છે. આહા..હા..! રાગ એટલે અચેતન છે, પણ એ અચેતનનું વેદન છે એ દુઃખરૂપ છે એમ કહે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાય રાગમાં રોકાઈને એ રાગનું વેદન કરે એ અચેતનનું વેદન છે, દુઃખરૂપ છે. એ ચૈતન્ય ભગવાન જ્ઞાનનું એ વેદન નહિ. સમજાય છે કાંઈ?

'**અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઊપજેલ સામાન્યના**

**તિરોભાવ...'** એકલો જ્ઞાન જ્ઞાનને લક્ષે જ્ઞાન વેદાવું જોઈએ એ ઢંકાઈ ગયું છે. આચ્છાદન થઈ ગયું છે. છે એમ રહ્યું નહિ. એમ. છે એમ રહ્યું નહિ દૃષ્ટિમાં. આ છે એ રહી ગયું છે. સમજાણું કાંઈ? સામાન્યરૂપ ત્રિકાળ છે એને આશ્રયે થતું જ્ઞાન એ સામાન્ય જ્ઞાન છે. એ સામાન્ય જ્ઞાન ઉત્પન્ન ન થતાં ઢંકાઈ ગયું છે. આહા..હા..! એટલે ઉત્પન્ન થયું નહિ. એમ. આહા..હા..! કર્તા-કર્મમાં આવે છેને. પર્યાયો ન થઈ આ થઈ. પર્યાયને ન થઈ. પર્યાયને ઢાંકી દીધી. પહેલા કર્તા-કર્મમાં આવે છે. એનો અર્થ શું કે પર્યાય હતીને ઢાંકી છે? પર્યાય સ્વને આશ્રયે જે થવી જોઈએ એ ન થતાં રાગને આશ્રયે રાગ થયો. એટલે એનાથી ઉદાસ થઈને નિર્મળ પર્યાય થવી જોઈએ એને થઈ નથી. થઈ નહિ એને રાગને રાગે એને ઢાંકી દીધી એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સામાન્યના તિરોભાવ...'** એટલે કહ્યું સમજાણું? કે જ્ઞાનની પર્યાય રાગ સાથે એકત્વનો જ્યાં સ્વાદ આવ્યો ત્યાં સામાન્ય જ્ઞાનની પર્યાય જે ઉત્પન્ન થવી જોઈએ એ તિરોભાવ ઢંકાઈ ગઈ. થઈ નહિ એને ઢાંકી એમ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ સામાન્યનો તિરોભાવ સમજાણું? એ કાંઈ સામાન્ય દ્રવ્યનો તિરોભાવ નથી. દ્રવ્યની જે પર્યાય સામાન્ય રાગ અને જ્ઞેયની મિશ્રિત વિનાની થવી જોઈએ એ ન થઈ એને ઢાંકી દીધી કીધી. ત્યાં અંદર પર્યાય હતી? સમજાણું કાંઈ? વાત ફરીને કહીએ છીએ કે ધ્યાન રાખજો બરાબર. કે આ વળી શું કહ્યું પાછું? એમ કહ્યું. સામાન્ય જ્ઞાનનો તિરોભાવ. એટલે કે સામાન્ય જ્ઞાન એટલે ત્રિકાળી જ્ઞાનની આ વાત નથી. ત્રિકાળી જ્ઞાનને આશ્રયે જે પર્યાય રાગ અને જ્ઞેયના પરના મિશ્રણ વિના જે પર્યાય થવી જોઈએ તે પર્યાયને ન થઈ એને ઢાંકી દીધી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ રાગના વિકલ્પ છે એની જ્યાં એકતા થઈ જ્ઞેયમાં. એટલે આ જ્ઞાયકભાવનો એકતા થઈને જે પર્યાય પ્રગટ થવી જોઈએ એને ઢાંકી દીધી. ઢાંકી દીધી એટલે ઉત્પન્ન થઈ નહિ. ઉત્પન્ન થઈ નહિ એને ઢાંકી દીધી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી ટીકા છે જુઓને. ઓહો..હો..! એક એક ગાથાએ તો. એને અજ્ઞાનપણું થયું નહિ અને સમ્યગ્જ્ઞાનપણું થયું. બેયને સિદ્ધ કર્યું છે.

કહે છે કે શાકના ગૃદ્ધિને એ શાકને આશ્રયે જે મીઠાનો સ્વાદ આવ્યો એ તો શાકમિશ્રિત આવ્યો. એકલો ખારો ન આવ્યો. એકલા ખારાની પર્યાયને ઢાંકી દીધી. પાઠ તો એમ છે. મીઠું છે એની પર્યાયનું વર્તમાન ખારાપણું એ શાકના ગૃદ્ધિએ ઢાંકી દીધું. ઢાંકી દીધું એટલે ઉત્પન્ન થયું નહિ. એકલા ખારાનો સ્વાદ એકલો આવવો જોઈએ એ એને આવ્યો નહિ. એ ઢાંકી દીધું. એ શાકને લક્ષે એને ખારાપણું આવ્યું અને વિશેષપણું પ્રગટ કર્યું. વિશેષપણું એટલે કે પર્યાયની દશા વિશેષ થઈ. સમજાણું કાંઈ? ઓલા ખારાનો દાખલો. શાકમિશ્રિત વિશેષપણું એ પ્રગટ રહ્યું. અને શાક વિનાનું એકલું ખારું, ખારાની પર્યાય એકલી જે હોવી જોઈએ

એ ઢાંકી દીધી એને. ઢાંકી દીધી એટલે પ્રગટ કરી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? હજી તો વાત પકડતા આકરી પડે. ઓલી તો એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, તે ઇન્દ્રિયા, ચૌ ઇન્દ્રિયા, પંચેન્દ્રિય જીવિયા વહોરવિયા તસ્સમિચ્છામી દુક્કડમ. એય..! જયંતિભાઈ! ઇચ્છામી પડિક્કમણું કર્યું છે કે નહિ? કર્યું હશે પહેલા નાની ઉંમરમાં. કર્યું હતું? તમે તો કર્યું હતું. આ ભાઈએ. .. ન કર્યું હોય. એ તો રળવામાં ચોંટ્યો હોય તો ક્યાં? .. સામાયિકમાં આવે છેને. પહેલો નમો અરિહંતાણં... બીજું .. ત્રીજું ઇચ્છામી પડિક્કમણું, ચોથું તસ્સઉતરી, પાંચમું લોગસ્સ. છઠ્ઠું કમ્મે.. સાતમું.. સાત પાઠ આવતા નથી? બાપાએ તો કર્યા છે હોં. અહીં તો પહેલા જાતાને સ્થાકનવાસી હતાને એ તો. ત્યાં તો અગ્રેસર હતાને કલકત્તામાં. આહા..હા..!

કહે છે કે જેમ મીઠાનો સ્વાદ એકલો મીઠાનો શાકના મિશ્રપણા વિનાનો, શાકના મિશ્રપણાવાળા સ્વાદને અનુભવ કરનાર એને એકલા મીઠાનો સ્વાદ ઢંકાઈ જાય છે. એટલે કે એને ઉત્પન્ન થતો નથી. એમ પર્યાયબુદ્ધિવાળો, રાગબુદ્ધિવાળો, અંશબુદ્ધિવાળો, એને રાગના જ્ઞાન અને રાગના લક્ષે વેદન થતાં, રાગ દ્વારા જ્ઞાનનું વેદન થતાં એ વિશેષનો આવિર્ભાવ થયો, મિથ્યાભાવનું પ્રગટપણું થયું. વિશેષે જ્ઞાન એટલે મિથ્યાપણું અને સામાન્ય જ્ઞાનનું ઢંકાઈ જવું. સામાન્ય જ્ઞાનનો જે પર્યાય ઉત્પન્ન થવો જોઈએ તે થયો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કર્તા-કર્મમાં નથી આવતું? એ આવે છેને. શું કીધું? 'આ જ્ઞાન ભવનમાત્રનો ત્યાગ કરીને' બસ એ શબ્દ લ્યો. 'જ્ઞાન ભવનમાત્રનો ત્યાગ કરીને' એવો પાઠ છે. ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ એનું થવું પર્યાયમાં. જાણવાની પર્યાયનું થવું એ પર્યાય એનું કર્મ અને એ કર્તા. એ ઢાંકી દઈને. ઢાંકી દઈને એટલે કે એને ઉત્પન્ન કર્યા વિના. રાગનું કર્તાપણું માનીને રાગનો કર્તા થાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- એટલે એ રાગનો સ્વાદ લે છે.

ઉત્તર :- એ રાગનો સ્વાદ લે છે. પરમાણુનો નહિ. આ માંસ, હાડકાનો નહિ, મોસંબીનો નહિ, લહલહતો શીરો એનો નહિ. બહુ શરદી હોયને શીરો લહલહતો સમજ્યા? ઊંચો હોયને ઘઉંનો. ઘઉંનો તો સમજો છોને. શું કહે છે એને? આવે છેને આપણે છેલ્લે આવે છે નહિ? લહલહતું. સર્વવિશુદ્ધમાં આવે છે. લસલસતું જ્ઞાન પ્રગટ થાય છે. અમારે કાઠિયાવાડી ભાષામાં ઓલો શીરો આવેને તાજો ઊનો. ધોળિયા ઘઉંનો આવે ધોળા ઘઉંનો. અને ઘીં સરખું લસલસતું. ઘડા ઉડાવે. કેટલાક તો ભજીયા અને દાળ, શાક પણ ન ખાય. એકલો શીરો. અમારે ..ભાઈ હતા. .. ભાઈ હતાને. શીરો જ ખાય એકલો. ઓલા તો લાડવા જ ખાય. હવે દાળ-ભાત શું ખાય? એ તો દરરોજ ખાઈએ છીએ. ભજીયા અને પૂરીને..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકલો લોટ ચડી જાય સરખું... ધૂળમાંય નથી. આ તો દાખલો આપ્યો લસલસતો.

આહા..હા..!

અહીં કહે છે કે રાગમિશ્રિત જ્ઞાન એને અનુભવમાં આવે છે. આહા..હા..! એની એને ખબર નથી. આ વસ્તુ અનુભવમાં આવે છે. કારણ કે એનું જ્ઞાનસ્વરૂપ જે ત્રિકાળ છે એનો જે જ્ઞાનપર્યાય થવો જોઈએ એ તો નથી. એટલે એને ઢાંકી દીધું. એમ કે ખરેખર તો તે પર્યાય તે કાળે આ જ્ઞાન સ્વભાવ .. એ પર્યાય .. ઢાંકી દીધો. એટલે થતો હતોને ઢાંકી દીધો કે તને શુદ્ધ થયો નથી. રાગને ઉત્પન્ન કરીને રાગને વેદે છે. કહો, સમજાણું કાંઈ? આ લગનમાં જુઓને ઓલા બધા લૂગડા પાથર્યા હોયને બધા કેવા? કરિયાવર કરે ત્યારે. ખાટલા. પાંચશેર તોલા સોનું, આટલા કપડા અને આ. બધા મહાજન ભેગા થયા અને જુઓ પછી કહે અત્તર છાંટે ઉપર. અત્તરદાની હોયને. અત્તરદાની એટલે અત્તરદેનારી એમ. ઓલું અત્તર ભર્યું હોયને અંદર તો એને અત્તરદાની કહે છે. આના લૂગડા પહેરાવેલા. લાખ, બે લાખનો ખર્ચ કરે. મઝા શેની એને રાગની આવી. શેઠ! એ રાગનો, દુઃખનો અનુભવ આવ્યો. એ સુખનો અનુભવ જે આવવો જોઈએ એને ઢાંકી દીધો છે એમ કહે છે. ઢાંકી દીધો. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ!

પણ એમાં એકનો એક દીકરો હોય અને હીરાભાઈ જેવો હોય તો પરણે ત્યારે રાજી રાજી થઈ જાયને અંદરથી લ્યો! એ કહેતા હતા એક ફેરી. કાલે આવ્યા હીરાભાઈ પછી સાંભળ્યું. કે મહારાજ કહે છે કે એ વાત સાચી લાગે છે. આપણે પરણવું નથી કહે છે. એકનો એક દીકરો પરણવું નથી તું કહે છો તો મારે શું કરવું? તમારે આ હિંમતભાઈ પણ ભાગ્યા હતા લગન વખતે ખબર છેને. લગન કરવા ગયા હવે સામૈયુ આવવાની તૈયારી, વઢવાણ ગયા. ત્યાં ભાગી ઉઠ્યા કે અમારે આવા લગન નથી કરવા. વજુભાઈ કહે ભાઈ .. કરું તો ખરો પુરુષાર્થ કરી કરીને. આ પંડિતજી. વજુભાઈ કહેતા હતા. લ્યો! આહા..હા..! પણ આત્માને આનંદના સ્વાદની સન્મુખતા ન આવતા રાગની સન્મુખતાનો સ્વાદ આવે એ રાગ સાથે એને લગન માંડ્યા. ભગવાન આત્માના લગન એણે છોડી દીધા. આહા..હા..! સમજાણું કાંઈ?

'લાગી લગન હમારી જિનરાજ સુજશ' આવે છેને. આનંદઘનજીમાં આવે છે. 'લાગી લગન હમારી જિનરાજ .. કાહુકે કહે કબહુ ન છૂટે, લોકલાજ સબ ડારી, જૈસે અમલી અમલરસ લાગે ખુમારી.' અર્થ ચાલે છે હવે. 'લાગી લગન હમારી જિનરાજ સુજસ..' જિનરાજ એવો ભગવાન આત્માના સુજસ-સાંભળ્યો કે આવો આત્મા! આહા..હા..! પરમાનંદનો સાગર, આનંદનો દરિયો એવો જ્યાં સાંભળ્યો ત્યાં લાગી લગન હમારી. આનંદ ઉપર લગન લાગી અમારી. 'જિનરાજ સુજસ સુનો' નાથ! તારા સાંભળ્યા છે રસ, તારા ગાણા સાંભળ્યા ત્યાં અમારી લગની તારામાં લાગી ગઈ. 'જિનરાજ સુજસ સુનો, કાહુ કબહે અબ ન છૂટે.'

દુનિયા કહે કે ના ના આમાં સ્વાદ નથી. અરે! રાગ કરો, ફલાણું કરો, ક્રિયા કરો એ હવે ન છૂટે કહે છે. 'કાહુ કે કહે કબહુ ન છૂટે લોકલાજ સબ ડારી.' દુનિયાની લાજ છોડી દીધી. દુનિયા એમ કહે છે કે અરે! શું આ ધર્મ ન થાય એમાં? દયા, દાન, પરિણામ ભલા અને ધર્મ ન થાય? હવે સાંભળને એ રાગ છે.

'જૈસે અમલી અમલકૃત સુને' અમલી હોયને અમલી આ? અફીણના પીનારા. અફીણ-અફીણ હોય છેને. રૂપાની રાબ બાપા એમ બોલે. .. હોયને .. મોંઘુ હોયને એ ... અમે ૭૧માં ગયેલાને. હીબડા હીબડા. બસમાં. હીરાજી મહારાજ બધા ઉતરેલા. ચૈત્રની વાત છે ૭૧ની. ૫૭ વર્ષ થયા. બાપુ! રૂપાની રાબ આ તો. એમ કહે છે. પણ એને વખાણ કરેને તો ચડે, નહિતર તો કહે ઉતરે તો સારું. ... કારણ કે સામે .. ડેલો છે. એ જો કાઢી એમ કહે એય..! ચડ્યો નહિ તમને. શાસ્ત્રમાં આવે છેને દાખલો? કે પૂર્વે કોઈ સર્પ કરડ્યો હોય .. આદિ અને એને સંભારે નહિ તો ઝેર ન ચડે. એવું આવે છે. આ બ્રહ્મચર્ય અને નોવારીમાં. એમ પૂર્વે ભોગ ભોગવ્યા એને સંભારે ઝેર ચડે એને. આવે છેને. .. નાનો સર્પ. .. આવી ગયેલું. મઠ્ઠામાં આવું પડી.. ખાધું. વહેમ પડી ગયો. .. બીજાએ કોકે કહ્યું કે આ તો નાનો સાપ હતો. .. સમજ્યા? .. છાશમાં .. એ કીધું બે ત્રણ. એવો દાખલો શાસ્ત્રમાં. એવું થાય છે. એમ પૂર્વે ભોગ ભોગવ્યા એને યાદ કરતા ઝેર ચડશે. યાદ કરવા જેવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે આ ઝેર ચડી ગયા જ્ઞેયમાં. જ્ઞેય મિશ્રિતમાં જ્ઞાન રોકાઈ ગયું. તેને ઝેરનો સ્વાદ આવ્યો. જ્ઞાનનો સ્વાદ પીધો એકલો. તો તો જાણપણું એમાં .. આના ભેગો સ્વાદ આવ્યો એમ કહે અંશબુદ્ધિનો. આહા..હા..!

સામાન્યનો તિરોભાવ અનુભવમાં આવતું. '(**વિશેષભાવરૂપ,...**' એટલે કે રાગમિશ્રિત રાગ દ્વારા પર્યાયના અંશબુદ્ધિ દ્વારા '**ભેદરૂપ, અનેકાકારરૂપ)...**' રાગના અનેક પ્રકારના આકારે '**જ્ઞાન તે અજ્ઞાની, જ્ઞેય-લુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે...**' લ્યો! એ એવું જ્ઞાન, અજ્ઞાનીને '**જ્ઞેય-લુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે...**' રાગનો સ્વાદનો જ્ઞાનનો અજ્ઞાનીને આવે છે. આહા..હા..! પણ એનાથી ભિન્નને સ્વાદ આવતો નથી. એ વિશેષ આવશે વાત..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૮, રવિવાર, તા. ૨૩-૦૧-૧૯૭૨**
**ગાથા-૧૫, પ્રવચન-૭૯**

૧૫મી ગાથા. ફરીને લઈએ અહીંથી. આત્માનું છેને. દાખલો ખારનો પૂરો થયો. '**એવી રીતે...**' છેને નીચેથી? મીઠાનો દાખલો આપ્યોને મીઠાનો? મીઠું સમજો છો? નમક. મીઠાનો સ્વાદ શાકના લોલુપી જીવને શાક દ્વારા મીઠાનો સ્વાદ આવે છે. આવે છે એ સ્વાદ તો નમકનો છે, પણ એ આ દ્વારા આવે છે એમ એ માને છે. જે શાકમાં લુબ્ધ છે. શાક કહે છેને? એ દ્વારા મીઠાનો અનુભવ દેખાય છે. એકલો ખારનો સ્વાદ શાકના લોલુપીની દૃષ્ટિને લઈને એકલો જુદો ખારનો સ્વાદ એના ખ્યાલમાં આવતો નથી. '**એવી રીતે—અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે...**' આ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાનની પર્યાય ઇન્દ્રિય જ્ઞાનપણે જે પરિણમે છે એનું સ્વરૂપ એ નથી. એ તો અતીન્દ્રિય જ્ઞાનપણે થવું એવો એનો સ્વભાવ છે. છતાં '**અનેક પ્રકારના જ્ઞેયોના આકારો...**' એટલે કે એ રાગાદિ, પુણ્યાદિને જાણતાં જ્ઞાનની પર્યાય ખંડ-ખંડ થાય છે એમ એને અનુભવતો. ઇન્દ્રિય જ્ઞાનપણે પરિણમન એ જ્ઞાનનો ખંડ-ખંડપણું છે. એ ખરેખર જ્ઞાનની પર્યાયનું .. એ જ ખરેખર પરજ્ઞેય છે. એટલે એના આકારોના સ્વરૂપ સાથે '**મિશ્રરૂપપણાથી ઊપજેલ સામાન્યના તિરોભાવ...**' એટલે? કે જ્ઞાન જ્ઞાનના સ્વભાવના લક્ષે જે જ્ઞાનનું સામાન્યરૂપ એટલે ઇન્દ્રિયના લક્ષે ખંડખંડ થતું એમાં અભાવરૂપ જ્ઞાનના લક્ષે જ્ઞાનનું પરિણમનું તે સામાન્યનો આવિર્ભાવ કહેવાય છે. સમજાય છે? એ એને તિરોભાવ થઈ ગયો છે.

મુમુક્ષુ :- .. પ્રગટ થયું?

ઉત્તર :- પણ એ ભાષા તો શું લેવી? કીધીને ઓલી. કાલે કહ્યું હતું. જ્ઞાનભવનમાત્ર ઉદાસીન ક્રિયાનો ત્યાગ કરીને. ૬૯-૭૦. જ્ઞાનભવનમાત્ર અવસ્થાનો ત્યાગ કરીને એમ છે. ત્યાં શું જ્ઞાનભવન અવસ્થા થઈ છે તે ત્યાગ કર્યો? પણ ઇન્દ્રિયને લક્ષે જે જ્ઞાનનું ખંડ-ખંડપણું થતાં એને સ્વભાવ એનો જ્ઞાનને આશ્રયે જ્ઞાનની અવસ્થા થવી જોઈએ એનો એ ત્યાગ કરે છે એટલે ઢાંકી દે છે એમ. હતી અવસ્થા ને ઢાંકે છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણો વિષય છે. જૈનદર્શનનું રહસ્ય જ ઝીણું છે બહું. એ વસ્તુનું દર્શન છે. જૈન એટલે વસ્તુ જૈનશાસન કહ્યુંને એણે? ઇન્દ્રિય જ્ઞાનપણે પરિણમતા અનેક જ્ઞેયાકારદશા થતાં તેને જ્ઞાનના ભવન નામ એકલો સ્વભાવની પર્યાય થવી જોઈએ એને થતો એટલે તિરોભાવ

કરે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'સામાન્યના તિરોભાવ...'** એટલે કે જે જ્ઞાનમાં જ્ઞેયાકાર ઇન્દ્રિયના જ્ઞાનથી ખંડ-ખંડ થાય એવા ભાવરહિત જે સામાન્ય જ્ઞાનની પર્યાય થવી જોઈએ, ઇન્દ્રિય જ્ઞાનના ખંડ-ખંડ જ્ઞાનના અભાવરૂપ. સમજાણું કાંઈ? એકદમ અંતરની વાત છે, એટલે જરી ઝીણી લાગે વાતું. વસ્તુ એની છે આ. વસ્તુ ભગવાન આત્મા કહે છે કે એ ઇન્દ્રિયના જ્ઞાને પરિણમન એ અનેક જ્ઞેયાકારોનું થવું એમાં ઇન્દ્રિય જ્ઞાનના પરિણમન વિનાનું એકલું અતીન્દ્રિય જ્ઞાનનું પરિણમન તેને એ ઢાંકી દે છે. ઢાંકી દે છે એટલે? કે એ અતીન્દ્રિય જ્ઞાનની પર્યાયને ઉત્પન્ન થતી નથી. સમજાણું કાંઈ? **'સામાન્યના તિરોભાવ અને વિશેષના આવિર્ભાવથી...'** એટલે કે ઇન્દ્રિયના લક્ષે જ્ઞાનનું ખંડ-ખંડ થવું એની પ્રગટતા, એની વિશેષતાની પ્રગટતા એ એને અનુભવમાં આવતું એ એને આકુળતા અને ખંડ-ખંડ જ્ઞાન એનો સ્વભાવ નથી, છતાં તે અનુભવમાં આવતું એને અહીંયાં મિથ્યાત્વભાવ કહે છે. સમજાણું કાંઈ?

**'(વિશેષભાવરૂપ, ભેદરૂપ, અનેકાકારરૂપ)...'** જ્ઞાનનો સ્વભાવ એનો એકરૂપ સ્વભાવ છે એને આશ્રયે એકરૂપતા પ્રગટ થવી જોઈએ એ સામાન્ય જ્ઞાનનું ઉત્પન્ન થવું કહેવામાં આવે છે. સામાન્ય એટલે ત્રિકાળની વાત નથી અહીંયાં. ઇન્દ્રિયથી ખંડ-ખંડ થયેલું પરજ્ઞેયાકાર એ વિશેષ, એનાથી રહિત એકલો જ્ઞાનનો ભાવ જ્ઞાનરૂપે પરિણમે, ખંડ વિના અભેદપણે. સમજાણું કાંઈ? એવા વિશેષભાવ ભેદ અનેકાકારરૂપ **'જ્ઞાન તે અજ્ઞાની...'** ઓલો સામાન્ય જ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થતો નથી ત્યાં એની દૃષ્ટિ નથી. દૃષ્ટિ તો ઇન્દ્રિયના જ્ઞાનમાં ખંડ ખંડ થયેલું જ્ઞાન ત્યાં એની દૃષ્ટિ છે. જે એનો સ્વભાવ નથી એ ઇન્દ્રિયના નિમિત્તે ઇન્દ્રિયમાં ખંડ-ખંડ પરિણમવું એ એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ આવું છે. માર્ગ એવો છે ઝીણો. હવે તે તો ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ છે. તો અતીન્દ્રિય જ્ઞાનના સ્વરૂપની દૃષ્ટિ હોય તો તો અતીન્દ્રિય જ્ઞાન અભેદપણે એકાકારપણે થાય એ તો એની જાત ને ભાત ને એનો સ્વભાવ છે. પણ જેની દૃષ્ટિ ઇન્દ્રિયજ્ઞાનપણે પરિણમે છે એના ઉપર જેની દૃષ્ટિ છે, એને ત્રિકાળી જ્ઞાનભાવની પરિણતિ જે થાય એ એને થતી નથી. એને એણે ઢાંકી દીધી છે. એને અધર્મનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. ભારે વાત ભાઈ! શેઠ! ઝીણું લાગે, ઝીણું બહુ, ભાઈ! તારા ઘરની વાતું બાપા! સમજાણું કાંઈ? ઇન્દ્રિયના નિમિત્તે ખંડખંડ થયેલું જ્ઞાન તે અધર્મજ્ઞાન છે. ભારે વાત અધર્મ અહીં લીધો હવે. પુણ્ય-પાપનો ભાવ અધર્મ. પણ જે જ્ઞાન ઇન્દ્રિયના લક્ષે, ઇન્દ્રિયના જ્ઞાનપણે પરિણમતું અનેકાકાર ભેદરૂપ એ જ્ઞાન અજ્ઞાન છે અને એ મિથ્યાજ્ઞાન છે અને અધર્મ છે. સમજાણું કાંઈ? નવાને સમજવું જરી કઠણ પડે. થોડું-થોડું સમજવું. ચેતનભાઈ! બીજે અટક્યો છે. આ ઝવેરભાઈને જેવાને જરી ઝીણું પડેને. આહા..હા..!

કહે છે કે ભગવાન આત્મા એ તો એકલો જ્ઞાન સામાન્ય ત્રિકાળી એનો પિંડ છે. એનો આશ્રય અને દૃષ્ટિ કરે તો એને સામાન્ય જ્ઞાન એટલે ઇન્દ્રિય જ્ઞાનના ખંડ-ખંડરૂપે જ્ઞેયાકાર ભેદ અનેકાકારરૂપે ન થતાં એકરૂપ જ્ઞાન થાય એ તો એનો ધર્મ અને એનો સ્વભાવ. અને એકરૂપે જ્ઞાન પરિણમે એનું નામ જૈનશાસન. સમજાણું કાંઈ? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પરની દયા પાળી, પરનો.. એ તો ક્યાંય રહી ગયું અહીં તો કહે છે. ભાઈ! એ તો થઈ શકતું નથી. મિથ્યાશ્રદ્ધામાં પણ એ તો થઈ શકતું નથી, પણ મિથ્યા શ્રદ્ધામાં આ થઈ શકે છે. આહા..હા..! ઇન્દ્રિયો છે આ બધી જડ અને ખંડભાવ. એ ઇન્દ્રિય ખંડ-ખંડપણે જે પરિણમે છે ઇન્દ્રિયનું જ્ઞાન એ સંબંધી એમાં એ અનેકાકારવાળું જ્ઞાન વિશેષપણે એટલે કે વિશેષના અભાવસ્વભાવરૂપ એકલા જ્ઞાનના સ્વભાવથી પરિણમન થતું અતીન્દ્રિય જ્ઞાનનું એ પરિણમન ત્યાં નથી થતું. એને ઢાંકી દે છે અને આ એમાં નથી તેને ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? આવો ધર્મ છે વીતરાગનો. આ તો બહારમાં હજી સલવાણા. આહા..હા..!

જ્ઞાનાનંદ . વાત છેને. આત્માની અનુભૂતિ કહો કે જ્ઞાનની અનુભૂતિ કહો, મુનિનો અનુભવ કહો, કે ગુણનો અનુભવ કહો, બે એક જ છે. એમ સિદ્ધ કરવું છે, પણ જેને એવો ભગવાન આત્મા સામાન્યરૂપે જ્ઞાનસ્વભાવરૂપે, સદૃશ્યરૂપે ત્રિકાળ છે. એની દૃષ્ટિ કરીને જે જ્ઞાનમાં જ્ઞેયાકારના ખંડ-ખડંના અભાવસ્વભાવરૂપ, સ્વભાવરૂપ જ્ઞાનનું પરિણમન થાય તેને જૈનશાસન કહે છે. એને જૈનશાસનની પદ્ધતિનો ધર્મ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાં નાખ્યું! ઓહો..હો..!

'**જ્ઞાન તે અજ્ઞાની, જ્ઞેય-લુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે...**' એથી ખંડ-ખંડ થયેલું જ્ઞાન, રાગવાળું જ્ઞાન, રાગનું જ્ઞાન એ અજ્ઞાનીને સ્વાદમાં આવે છે. જ્ઞાનનું જ્ઞાન, વીતરાગી જ્ઞાન, ત્રિકાળ સ્વભાવને અવલંબે થતી વીતરાગી પર્યાય જેને અહીંયાં સામાન્ય જ્ઞાન કહે છે, પર્યાય હોં. એ ભાવશ્રુત જ્ઞાન એને જૈનશાસન કહેવામાં આવે છે. ઝીણું બહુ ઝીણું. સમજાણું કાંઈ? પહેલેથી પંદર ગાથામાં તો ઘણો રસકસ ભરી દીધો છે. આહા..હા..! કહે છે કે તારી દૃષ્ટિ ફેરે તને દૃષ્ટિ ફેરે તારી સૃષ્ટિ ઇન્દ્રિય જ્ઞાનના પરિણમન ઉપર દૃષ્ટિ છે એટલે તારી સૃષ્ટિ. ઇન્દ્રિય જ્ઞાનના ખંડ-ખંડ અનેક જ્ઞેયાકારરૂપે જ્ઞાન સ્વયં ભાસે છે તને. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ ભાસમાં જે જ્ઞાન ત્રિકાળી સ્વભાવનું પરિણમન જે જ્ઞાનને લક્ષે થવું જોઈએ એ તને થતું નથી. એટલે કે એને ઢાંકી દે છે એમ. એવું ભગવાન છતો સ્વભાવ છે એને એ માન્યતામાં નથી માનતો એને જ્ઞેય કરીને નથી અનુભવતો એથી છતો તે અછતો દૃષ્ટિમાં થઈ જાય છે. તિરોભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? અને જે ઇન્દ્રિયના જ્ઞાનમાં ખંડ ખંડે પરિણમવું એ એની છતી ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શેઠ! આવો માર્ગ છે વીતરાગનો. આહા..હા..! એ વીતરાગ સિવાય આ વાત બીજે ક્યાંય (નથી) ત્રણકાળમાં, ત્રણલોકમાં આ એક જ માર્ગ છે. આહા..હા..! એટલે શું? એક તો ત્રિકાળી જ્ઞાનસ્વભાવ

વસ્તુ અને એને અતીન્દ્રિય જ્ઞાનના પરિણમનનો કાળ જો સ્વને સ્વભાવે લક્ષ દૃષ્ટિ હોય તો અતીન્દ્રિય જ્ઞાનરૂપે પરિણમે એ એનું સ્વરૂપ છે. પર્યાયમાં અતીન્દ્રિય જ્ઞાનપણે ઉપયોગ દેખો પર્યાયનો હોં! આહા..હા..! પણ એ પર્યાયનું એ રીતે ઇન્દ્રિયના ખંડખંડમાં એ ઇન્દ્રિયનું ખંડખંડજ્ઞાન એ જ જ્ઞેય છે અને એ જ્ઞેયમાં લુબ્ધ થયેલો એને અનેકાકાર જ્ઞાનની દશાનું વેદન હોય છે. એટલે કે એને આકુળતાનું વેદન છે. જૈનશાસનની વીતરાગી પર્યાય એનાથી ઊંધું રાગનું વેદન છે એને. આહા..હા..! સમજાણું કાંઈ? ભલે પછી એને દયા, દાન, વ્રતના પરિણામ હો, એ પરિણામ રાગ છે અને ઇન્દ્રિયનું લક્ષ જતાં એને પરમાં એનું જ્ઞાન થાય અને જ્ઞાનમાં ભિન્ન-ભિન્ન વિકારે જ્ઞાન જાણે ભિન્ન-ભિન્ન થઈ ગયું. એમ એને ભાસે છે. એનું નામ વિશેષનો અનુભવ એટલે મિથ્યાદૃષ્ટિનો અનુભવ. સમજાણું કાંઈ?

'**પણ અન્ય જ્ઞેયાકારના સંયોગરહિતપણાથી ઊપજેલ...**' દેખો! ખંડખંડ ઇન્દ્રિયના જ્ઞાનથી રહિત એ સંયોગથી રહિત એમ કહે છે. સમજાણું કાંઈ? ઇન્દ્રિયના વર્તમાન પર્યાયમાં ઇન્દ્રિયને લક્ષે ખંડખંડ થતું જ્ઞાન એ સંયોગી વસ્તુ છે. આહા..હા..! '**અન્ય જ્ઞેયાકારના સંયોગરહિતપણાથી...**' ભારે ભાઈ! એ ઇન્દ્રિય જ્ઞાનમાં ખંડખંડરૂપે થવું એ જ સંયોગીભાવ છે કહે છે. એનો સ્વભાવભાવ નથી. સમજાણું કાંઈ? એ મારગડા જુદા. આહા..હા..!પણ આ ખંડખંડ જ્ઞાનનું વેદન એટલે કે જ્ઞાનના પર્યાયમાં અનેકતાનું વેદન એ આકુળતાનું જ વેદન છે. જૈનશાસનની પરિણતિથી એ વિરૂદ્ધ પરિણતિનું વેદન છે. સમજાણું કાંઈ? ચાહે તો પછી દ્રવ્યલિંગી સાધુ દિગંબર હો, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, પણ એ વિકલ્પને ખંડખંડ ઇન્દ્રિયના જ્ઞાનથી વિકલ્પને જાણતું, ભિન્ન ભિન્ન વિકારને જાણતું જ્ઞાન ખંડખંડ થતું એને એ વેદે છે એટલે મિથ્યાદૃષ્ટિ છે. એને અગિયાર અંગનું જ્ઞાન હોય, નવ પૂર્વનું હોય તોપણ એ મિથ્યાજ્ઞાન છે. સમજાણું કાંઈ?

ભાવાર્થમાં છે બીજી લીટીમાં જરી ખુલાસો કર્યો છે થોડો. '**અજ્ઞાનીજન જ્ઞેયોમાં જ—ઇન્દ્રિયજ્ઞાનના વિષયોમાં જ—લુબ્ધ થઈ રહ્યા છે;...**' સમજાણું કાંઈ? ઇન્દ્રિય જ્ઞાનના વિષયોમાં ખંડખંડમાં જ લુબ્ધ થઈ રહ્યો છે કહે છે. સમજાણું કાંઈ? '**પણ સામાન્યના આવિર્ભાવથી...**' એટલે વર્તમાન ઇન્દ્રિયના વિષયથી અથવા ઇન્દ્રિયના ખંડખંડ થયેલું જ્ઞાન એનાથી રહિત. એટલે કે અન્ય જ્ઞેયાકારના સંયોગરહિતપણાથી ઊપજેલ. એકલા ત્રિકાળી સ્વભાવને આશ્રયે એવા જ્ઞેયાકારના અભાવસ્વભાવરૂપ, એવા જ્ઞેયાકારના સંયોગરહિતપણાથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**સામાન્યના આવિર્ભાવ...**' એટલે કે જ્ઞેયાકારના અનેકાકારપણે જ્ઞાન ન થતા જ્ઞાનના સ્વભાવને આશ્રયે એકાકાર જ્ઞાન થાય એને સામાન્યનો આવિર્ભાવ. પર્યાયમાં જ્ઞેયાકારરહિત. પરના જ્ઞેયાકારરહિત જે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય એને સામાન્યનું પ્રગટપણું કહેવામાં આવે છે. સામાન્ય એટલે ત્રિકાળી પ્રગટ થાય છે એમ નહિ. સમજાણું

કાંઈ? અને સામાન્યને આશ્રયે થયેલું છે માટે સામાન્ય છે એમ નહિ અહીં કહે છે. ફક્ત અન્ય ખંડખંડના જ્ઞાનરહિત છે માટે તે જ્ઞાનની પર્યાયને સામાન્ય જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! સંતોએ ઈશારા તો ઘણા કરી નાખ્યા છે. સમજાણું?

**'અન્ય જ્ઞેયાકારના સંયોગરહિતપણાથી ઊપજેલ સામાન્ય...'** જ્ઞાનની પર્યાયનું પ્રગટ થવું. એકલા સ્વદ્રવ્યને આશ્રયે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થવી, ભાવશ્રુતજ્ઞાનનું થવું, વીતરાગી જ્ઞાનના વેદનસહિતની પર્યાય પ્રગટવી **'ને વિશેષના તિરોભાવથી...'** આહા..હા..! ઈન્દ્રિયના ખંડ ખંડ જ્ઞાનનો જેમાં અભાવ. આવી વાત છે ભાઈ હોં! વીતરાગ માર્ગ આવો છે. સમજાણું કાંઈ? જુઓ, સાંભળવા મળે નહિ આ શું છે એ. એ સાંભળે વિચારે કે દિ' અને બેસે કે દિ' કે આ શું છે? કહો, શેઠ! અહીં સાંભળવા માટે તો બંગલો નાખ્યો છે અહીં. એમાં ઉતરે છે. કહો, સમજાણું કાંઈ? એ સાગરનું કહે છે. આહા..હા..! કહે છે અરે! ભગવાન આત્મા જેને ખંડ ખંડના જ્ઞેયાકારથી રહિત એકલા જ્ઞાનની પર્યાય જ્ઞેયના આકાર વિનાની, પર જ્ઞેયના આકાર વિનાની અથવા જ્ઞાનના ખંડખંડ એવા ઈન્દ્રિય જ્ઞાન વિનાની દશા એને અહીંયાં સામાન્ય જ્ઞાનની દશા પ્રગટ થઈ એમ કહેવામાં આવે છે. આહા..હા..! લોકોને બાહ્ય ત્યાગની પણ મહિમા ચાલી ગઈ છે, પણ આ જ્ઞાનની અનેકાકાર થતી દશા એનો ત્યાગ થઈને એકલા જ્ઞાનની પર્યાય પ્રગટે એની મહિમા નથી આવતી. આ ઓલું સંગોયરહિત આવ્યુંને, ભાઈ! સંયોગરહિત એટલે આ ત્યાગની એમ. આહા..હા..! પરવસ્તુનો ત્યાગ અને ગ્રહણ છે જ ક્યાં આત્મામાં? સમજાણું કાંઈ? અજ્ઞાનભાવે એને ખંડ ખંડ ઈન્દ્રિયોના વિષયો તરફના જ્ઞાનને ખંડ ખંડ કરતો એને વેદવું એનું નામ સમ્યગ્દર્શનનો ત્યાગ છે અને મિથ્યાત્વનું ગ્રહણ છે. અને એ ખંડ ખંડ જ્ઞાનનો ત્યાગ. સમજાય છે? સંયોગરહિત. ઈન્દ્રિયના વિષયો તરફના જ્ઞાનના ભાવને છોડી એકલા જ્ઞાનાકાર જે સ્વજ્ઞેયાકાર. સ્વજ્ઞેય જ્ઞાનાકારનું પરિણમન થવું એને વિશેષનો તિરોભાવથી અનુભવમાં આવતું. આ ત્યાગ. ભાઈ! આ તિરોભાવ થઈ ગયો, ત્યાગ થઈ ગયો. આહા..હા..! આ તે કાંઈ વાત છે!

જ્ઞાનની પર્યાય અંશબુદ્ધિ ઉપર જેની દૃષ્ટિ છે એનું લક્ષ તો રાગ અને પર ઉપર જાય છે. એથી પરના લક્ષમાં જ્ઞાનની અનેકતા થતાં એ અનેકપણાનું જ્ઞાન તે હું છું એમ એ અનુભવે છે. એને આત્માનો ત્યાગ છે, એને ધર્મનો ત્યાગ છે. ચાહે તો બાહ્ય દ્રવ્યલિંગી નગ્નમુનિ થાય અને રહે, પંચ મહાવ્રત પાળતો, પણ એ છે સમકિતનો ત્યાગી અને મિથ્યાત્વનો ભોગી. અરેરે! વાત આવી ભારે ઘણી. બહારમાં આવું ન કહેવાય હોં! અહીં ચાલે બધું. ત્યાં એક-બે દિ' ગયા હોય તો આવું માંડે તો ઓલા સમજે શું? એય..! ચંદુભાઈ! રાજકોટમાં ચાલે છે. એ ક્યાં ના પાડી? કોણે ના પાડી? કહો, સમજાણું કાંઈ? આહા..હા..! આવા આવિર્ભાવ અને તિરોભાવ. .. તિરોભાવ છે. જેને વર્તમાન જ્ઞાનના અંશ ઉપર બુદ્ધિ વિશેષ

છે એને તો રાગ અને પરના વિષયોને જેમ ભિન્ન-ભિન્ન છે એમ એનું જ્ઞાન પણ ભિન્ન-ભિન્ન ખંડ ખંડ થઈ જાય છે. એકરૂપ થાતું નથી. એને સામાન્ય જ્ઞાનનો ત્યાગ છે એટલે વસ્તુના સ્વભાવથી થતી નિર્મળ ભાવશ્રુત જ્ઞાનની વીતરાગીદશા એનો એને ત્યાગ છે. સમજાણું કાંઈ?

અને જ્ઞાનીને. જુઓ, '**તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ જ્ઞાન...**' એ ખંડખંડ જ્ઞાનના લક્ષે પર ઉપર થતો ખંડ ખંડ ભાવ એનો અભાવ કરીને, તિરોભૂત કરીને. આહા..હા..! એનો ત્યાગ કર્યો દૃષ્ટિમાંથી. કહો, વસંતીલાલજી! વાતું આવી ભાઈ છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરનો માર્ગ આ છે. જૈનશાસન ચાલે છેને આ. પંદરમી ગાથા જૈનશાસન. કહે છે ધર્મીને '**એકાકાર અભેદરૂપ જ્ઞાન તે સ્વાદમાં...**' આવે છે અને અજ્ઞાનીને '**આવતું નથી;...**' એકલો જ્ઞેયાકારમાં રોકાઈ ગયેલો એને આ એક સ્વરૂપે ભગવાન આત્મા અભેદરૂપ જ્ઞાનની વર્તમાનદશા હોં, તે સ્વાદમાં તેનું જ્ઞાન એને આવતું નથી. સમજાણું કાંઈ? અહીં વાત એટલી સિદ્ધ કરી.

હવે '**પરમાર્થથી વિચારીએ તો તો, જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે...**' ખરેખર તો જ્ઞાનનો પર્યાય ખંડખંડમાં કે રાગને જાણતાં એ પર્યાય તો જ્ઞાનની અવસ્થા છે, પણ પરલક્ષે અનુભવમાં આવે છે એ સ્વલક્ષે સામાન્યનું જ્ઞાન દેખાય છે. સમજાણું કાંઈ? પરમાર્થથી વિચારીએ તો તો જે જ્ઞાન પરજ્ઞેયાકારના પ્રગટપણાથી જ્ઞાનનો પર્યાય ત્યાં જે દેખાય છે ખંડખંડ. એ જ્ઞાનનો જ પર્યાય છે. એ '**પરમાર્થથી વિચારીએ તો, જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે.**' દૃષ્ટિ ત્યાં હતી ત્યારે એને પરના ભેદવાળા જ્ઞાનનો અનુભવ હતો. અહીં દૃષ્ટિ પડતાં એ જ પર્યાયનો અનુભવ તો છે, પણ આને આશ્રયે થયો પરમાર્થ એટલે એનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! ટૂંકામાં સંકેલવું છેને. એકદમ અધ્યાત્મ છે ખરુંને. કહે છે જે વિશેષપણામાં ખ્યાલમાં આવતો અનેકાકારના જ્ઞાનની જે અવસ્થા એ જ સામાન્યપણાના અનુભવમાં આવે છે. ઓલાને રાગની, ખંડની મિશ્રિત સહિત આવતું. આવતું હતું એ જ્ઞાનનો પર્યાય ત્યાં. એને માનતો હતો કે મને આ રાગનો સ્વાદ આવે છે અને ખંડનો આવે છે, પણ એ પર્યાય તો ત્યાં જ્ઞાનની જ હતી. પરમાર્થથી વિચારીએ તો જ્ઞાન વિશેષના પ્રગટપણાથી અનુભવમાં આવે એ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે. '**અલુબ્ધ જ્ઞાનીઓને તો...**' આહા..હા..!

મુમુક્ષુ :- .. પ્રયોજન ન રહ્યો.

ઉત્તર :- ન રહ્યો. એ તો પર્યાયની હતી તો પરને લક્ષે થતું, હતી તો પર્યાય જ્ઞાનનીને. શાક દ્વારા મીઠું, પણ હતો તો મીઠાનો પર્યાયને એમ કહે છે. પહેલાં કહ્યું હતું. શાક દ્વારા

ખ્યાલમાં આવતું પણ ખ્યાલમાં તો ખારી પર્યાયને? પરમાર્થથી જોઈએ તો એ જ સામાન્યને આશ્રયે મીઠાનો સ્વાદ આવે છે. ઓલો શાક દ્વારા આવતું એ ખારા દ્વારા આવે છે. એમ જ્ઞેયના દ્વારા જે જ્ઞાન આવતું એ જ્ઞાન દ્વારા આવે છે. ઝીણી વાતું છે. સમજાણું કાંઈ? આવું ઝીણું ભારે ભાઈ! અહીં તો જૈનશાસન સિદ્ધ કરવું છે. જૈનશાસન આને કહેવું. કે જે જ્ઞાનનો પર્યાય ખંડખંડપણે ખ્યાલમાં લેતો એ જ પર્યાય અંતરના ખ્યાલથી સામાન્યપણે એ જ જ્ઞાનનો અનુભવ સ્વને લક્ષે થાય છે. વસ્તુથી જ્ઞાનનો અનુભવ થાય, પણ આને લક્ષે થયો. એ પરમાર્થ છે. એને લક્ષે થાય એ જ્ઞાનનો ખંડખંડ છે. એ જૈનશાસન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આચાર્યોએ આવી રીતે વાત મૂકી છે. બીજી વાત નથી. એ રીતે જ પદ્ધતિ છે, બીજી રીત નથી. શાક દ્વારા પણ મીઠાનો સ્વાદ શાક દ્વારા આવતોને. પણ સ્વાદ કોનો હતો એ? કે શાકનો હતો? એમ જ્ઞેયના લક્ષે પણ પર્યાય જે છે એ તો જ્ઞાનની છે. સમજાણું કાંઈ?

**'જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે.'** કોને? **'અલુબ્ધ જ્ઞાનીઓને તો, જેમ...'** એમ કહ્યું. જેને રાગનું જાણવું એવી જે જ્ઞાનની પર્યાય. એમાં જેની લુબ્ધતા નથી, અલુબ્ધ કીધોને? એને ઈન્દ્રિય જ્ઞાનમાં લુબ્ધતા નથી. આહા..હા..! માર્ગ એવો છે હોં! આહા..હા..! ભાઈએ લખ્યું નથી જુઓને તે દિવસે નહોતું કીધું? જુદા માર્ગના. શું કીધું એ? ભાઈએ નહિ રમેશ-રમેશ. વીંછીયા. 'સંતના માર્ગ જુદા' એ છે કે નહિ એમાં? આમાં નથી ક્યાંક. નહિ હોય. ક્યાંક પડ્યું હશે. મારગડા જુદા. નથી આમાં. તોપણ યાદ રાખ્યું છે કોકે ત્યાં જુઓ. અહીં ક્યાંક હશે તો ખરું. 'મારગ જુદા રે જગતથી સંતના રે લોલ, મારગ સાધુના જગને દોહ્યલા રે લોલ. દોહ્યલી જોને આતમ કેરી વાત. દોહ્યલી જોને આતમ કેરી વાત. ચેતો જીવડા માનવ ભવ દોહ્યલા રે લો. ચેતો રે જીવડા માનવ ભવ દોહ્યલા. માનવ ભવ જગમાં દોહ્યલો રે લોલ. દુર્લભ-દુર્લભ જૈન અવતાર એની સાથે સદ્‌ગુરુ છાયા દોહ્યલી રે લોલ. સરોવર કાંઠે મૃગલા તરસ્યા.' સવારે બહેને નહોતું ગાયું? 'પાણીમાં મીન પ્યાસી રે.' એ આવે છે દાખલો અનુભવપ્રકાશમાં. 'પાણીમાં મીન પ્યાસી રે મુને સુન આવત હાંસી.' આ ભગવાન તો આનંદનો સાગર પડ્યો છેને કહે છે. આહા..હા..! ક્યાં તું બહાર શોધવા જા છો? પર્યાયમાં ખંડખંડમાં રાગમાં શોધવા જાય એ મળે એવો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? 'સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા રે લોલ. દોડ હાંફી જ્યાં ઝાંઝવાજળની કાજ અરેરે સાચી વારી એને ના મળે રે લોલ. સાચા વારી રે...' વારી એટલે પાણી. આહા..હા..! 'એમ મનના રે મૃગલાને પાછા,' પર્યાયબુદ્ધિથી પાછો વાળ એમ કહે છે. આહા..હા..! 'જો રીઝ્યો આતમ સરોવર આજ એને મળશે આતમસુખ અમોલા રે લોલ..' આહા..હા..! એ અનુભવપ્રકાશમાં આવ્યું છે.

એક માણસ કહે કે ભાઈ મારે આત્મજ્ઞાન જોવે છે. આત્મજ્ઞાન. ગુરુ પાસે ગયો. ગુરુએ કહ્યું કે માછલા પાસે તને ત્યાં આત્મજ્ઞાન આપશે. ઓલી મચ્છી. સરોવરમાં દરિયામાં માછલું છેને એ આપશે. ત્યાં ગયો. ભાઈ અમને મહાત્માએ કહ્યું છે કે તારી પાસેથી મને જ્ઞાન મળશે. ઓહો..! હુશિયાર લાગો છો તમે અહીંયાં આવ્યા એટલે. તો મારે માટે એક પાણીનો પ્યાલો લાવો. ઘણા વર્ષથી તરસ્યો છું. માછલું કહે છે. સમજ્યાને? એક પાણીનો પ્યાલો લાવો તો હું તમારું કામ કરી દઉં. અરે! આવી શું વાત કરો છો તમે? આ પાણીમાં પડ્યા છોને. આમ નજર કરને. આમ આકાશ સામું ફાટ્યું, આમ નજર કરને તો પાણી જ ભર્યું છે બધું. મને શિખામણ દેવા આવ્યા તો તારામાં નથી? તારો આત્મા જ્ઞાનસરોવર જળથી ભરેલો નથી? કે બહાર જોવા જા છો? પૂછવા કોને આવ્યો તું? આહા..હા..! એમાં છે. અનુભવપ્રકાશ છેને દીપચંદજી. ભાઈ! ડાહ્યા માણસ લાગે છે હોં. તમે અહીં સુધી આવ્યા. દરિયામાં આવ્યા સરોવરમાં. પાણી તો લાવો બાપા પ્યાલો તરસ્યા બહુ ઘામ છે. પાણીમાં તાજું પાણી મીઠું પાણી સરોવરનું ત્યાં પડ્યા છો તમને. આમ નજર કરને. મને તમે કહો છો કે તો તમારી અંદર ભર્યો નથી આનંદ સાગર? ત્યાં નજર કરને. ત્યાં ધર્મ અને સુખ છે. તું ડાહ્યો થઈને મને કહેવા આવ્યો તને તો ખબર નથી તારી. એમ કહે છે કે મનના, ઇન્દ્રિયોના જે વેપાર એમાં જે સ્વાદ આવે છે એને એ જ જ્ઞાનનો પર્યાય સ્વભાવને લક્ષે સ્વાદમાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાત છે.

‘**જેમ સૈંધવની** ગાંગડી,...’ લવણ-લવણ. ‘**અન્યદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને**...’ ભાષા જુઓ, મીઠાનો સ્વાદ ‘**અન્યદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ**...’ નાશ કરીને ‘**કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક ક્ષારરસપણાને લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે**...’ એકલો ક્ષારનો ગાંગડો. ચારેબાજુથી જુઓ એકલો ખારથી અનુભવમાં આવે છે. પરના સંયોગથી રહિત શાકાદિ સંયોગ ભોજન, ખીચડી, રોટલી, રોટલો ખારા હોયને. એથી રહિત જો જો તો એકલો ખારનો જ સ્વાદ આવે છે. ‘**તેમ આત્મા પણ, પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને**...’ આહા..હા..! એ જ્ઞાનની પર્યાય જ્ઞેયને લક્ષે જે ખંડ ખંડ થાય એ પરદ્રવ્ય છે. આહા..હા..! એનો સંયોગ છોડ દૃષ્ટિમાંથી. આહા..હા..! સમજાણું કાંઈ? ‘**પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને**...’ હવે આટલી વ્યાખ્યા એટલે પરદ્રવ્ય એટલે શું? જ્ઞાનની પર્યાયમાં રાગાદિ ભિન્ન-ભિન્ન જ્ઞેયના આકારે ખંડ ખંડ જ્ઞાન થાય છે એ પણ પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? એ તો પરદ્રવ્યનો અનુભવ છે. આહા..હા..! એની રુચિ છોડ, વ્યવચ્છેદ છોડ, સંયોગ છોડ. એ સંયોગી પર્યાય ખંડખંડ એનો વ્યવચ્છેદ કરીને, એની દૃષ્ટિ છોડીને, એનો ત્યાગ કરીને. સમજાવે શું? ત્યાગ કરીને એનો અર્થ કે અહીં જાય એટલે એનો ત્યાગ થઈ જાય છે, પણ ઉપદેશની શૈલી તો એવી જ હોયને.

અન્ય દ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ. ઓલામાં અનદ્રવ્યનો હતો મીઠામાં. અહીં પરદ્રવ્યના. અન્ય દ્રવ્યમાં ઓલામાં શાક, રોટલી એ હતું અને અહીં અન્ય દ્રવ્ય એટલે ખંડખંડ જ્ઞાન, રાગવાળું જ્ઞાન, ભિન્ન-ભિન્ન જ્ઞાન એ બધું અન્યદ્રવ્ય છે. ત્રિકાળી દ્રવ્ય એ છે નહિ. સમજાણું કાંઈ? નવા ગામમાં ગયા હોય ને આવી માંડી હોય તો બીજાને એમ થાય કે આ શું કહે છે? ત્યાં તો બીજું દાખલા, દલીલ બીજું હોય ત્યારે માંડ પકડાય. તત્ત્વનો અભ્યાસ લોકોને નથી અને બહારની બધી માથાકૂટ. અહીં તો કહે છે કે રાગ અને પુણ્ય તો અધર્મ છે, પણ જ્ઞાનની પર્યાય રાગને લક્ષે, ભિન્ન-ભિન્ન લક્ષે ખંડ થાય તે પણ અધર્મ છે. આહા..હા..! એ જૈનશાસનમાં એ ચીજ નથી. એમ કહે છે. આહા..હા..! કહો, શશીભાઈ! સમજાય છે આ? ઝીણું પડે ઝીણું. કોક દિ' માંડ આવે એને તો એવું છે.

મુમુક્ષુ :- પ્રભુ આપ સમજાવો અને ન સમજાય એમ કેમ થાય?

ઉત્તર :- એ કહે એટલી અસ્તિ તો આવીને. આહા..હા..! ઓલો દિલીપ ગયો આજ અત્યારે. નરમ પડી ગયો કાંઈ ગોઠતું નહોતું. એની માએ કહ્યું સાંભળ્યુંને? એની મોટી મા કહે. અંદર આવ્યા. મહારાજ! કેટલીવાર તો બારણા બંધ કરીને રોવે છે ત્યાં. માંડ માંડ એને બોલે નહિ. રોવે બારણું બંધ કરીને. ભાઈ તું શું કરવા રો છો? મને ક્યાંય રુચતું નથી. મને સોગનઢ, મહારાજનો સંયોગ મને ઠીક લાગે છે. શેઠ! એ તો ગૃહસ્થ માણસ છે. સાધનસંપન્ન બહારમાં. ચૌદ વર્ષની ઉંમર છે, નિરોગી શરીર છે. રોવે અંદર હોં. બારણા બંધ કરીને રોવે છે મહારાજ. એ આજ જ વાત થઈ અમારે. કેમ ભાઈ તું રો છો? શું કરવા? મારે ક્યાંય મને ઠીક પડતું નથી. મારે તો સોનગઢ અને મહારાજ સિવાય મને ક્યાંય ઠીક નથી પડતું. સમજાણું કાંઈ? એની વાત એવી છેને. વસ્તુની લગની લાગવી જોઈએ. ક્યાંય મને. આહા..હા..! અરે! મહારાજ! એકવાર કહેતો હો ખાનગી. અરેરે! બુદ્ધિપૂર્વક વિકલ્પ છોડવાનો વિચાર ઘણો કરું છું. ઉઠતો નથી, પણ એ મારી પુરુષાર્થની કચાશ છે. એમ કહે. જેટલો પુરુષાર્થ જોઈએ તેટલો નથી. ભારે .. સમજાણું કાંઈ? શેઠ! આ તો બીજાને શરમમાં નાખવા જેવું થાય કહે. આહા..હા..! ભગવાન આત્મા છેને. અંતર્મુહૂર્તે કેવળજ્ઞાન લે એવી તાકાતવાળો છે એ. એના બળની શું વાત કરવી? પણ એ બળ કોને? માને એને. વીરચંદભાઈ! જેની અલ્પપર્યાય ઉપર, અલ્પ બળ ઉપર જ્યાં દૃષ્ટિ છે એને આવા અનંત બળનો ધણી, અનંત જ્ઞાન, અનંત આનંદનો નાથ એ પ્રતીતમાં કેમ આવે એને? જેણે પ્રતીતમાં પામરતા લીધી છે એને આવો પ્રભુ આવો છે એ પ્રતીતમાં કેમ આવે? આહા..હા..! સમજાણું કાંઈ? અંદર બેઠો હતો તો આંખ બંધ. એની માની આંખમાંથી આંસુ વયા ગયા. સગી માની. કારણ કે એવું અંદર જુઓ તો આંખ આમ થઈ ગઈ. .. આત્મા છે ત્યાં ગમે તે કાળે પણ સારું કરી શકે છે. એમાં શું? ભલે અવ્યક્તપણે છે, પણ એને લગની લાગી છે મારાને.

આહા..હા..!

કહે છે આહા..હા..! સંયોગનો વિયોગ કર. આહા..હા..! શું કહે છે પ્રભુ તું? હવે બહારના મકાન અને બાયડી, છોકરા અને શરીર અને આ કીર્તિ અને આબરૂ તો ક્યાંય રહી ગઈ. શરીરનો સંયોગની વાત પણ રહી ગઈ. કર્મના સંયોગની વાત પણ રહી ગઈ. જે જ્ઞાનની પર્યાય રાગને લક્ષે જે ખંડખંડ છે એ જ સંયોગ છે. એ સંયોગનો વ્યવચ્છેદ કરી અથવા છેને? સંયોગનો વ્યવચ્છેદ છેને? હા સંયોગનો વ્યવચ્છેદ કરી. વિશેષ અવચ્છેદ કરી. એમ વિશેષ છેદ કરી, એના તરફની દૃષ્ટિ છોડ. આહા..હા..! '**પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને...**' જુઓ, વાત કરે છેને. આહા..હા..! સમજાણું? કહે છે કે તારી જ્ઞાનની દશામાં ભિન્ન-ભિન્ન રાગાદિના જ્ઞેયને લક્ષે જ્ઞાનમાં ખંડખંડ છે. છોડ છોડ તું. આહા..હા..! દૃષ્ટિમાંથી છોડ. આહા..હા..!

'**પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને...**' જેમ ઓલા મીઠાની વાત કરી. '**કેવળ આત્માનો અનુભવ કરવામાં આવતાં,...**' ત્રિકાળી ભગવાન આનંદનો નાથ પૂર્ણ જ્ઞાનસ્વભાવ એની પ્રતીત કરીને, અનુભવમાં આવતાં. આત્માનો જ એમ કીધુંને? એટલે બીજો ખંડખંડનો નહિ. આહા..હા..! '**પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં,...**' મારા આ તો કહે આત્માની જ માંડી છે. ભાઈ! તારે તો આત્મા સિવાય મોટપ ચીજ કઈ છે? બીજી તો નથી, પણ એક સમયની પર્યાય પણ એની મોટપમાં છે નહિ. આહા..હા..! એવો જે ભગવાન પૂર્ણાનંદનો નાથ સનાથ. એ તો આવ્યું હતું સનાથ છે એ. એવા '**કેવળ આત્માને...**' એકલા આત્માને '**જ અનુભવ કરવામાં આવતાં,...**' આનો પણ અનુભવ અને આનો પણ અનુભવ બે ન હોય કહે છે. આહા..હા..! રાગ અને પુણ્યના ભાવના વિકલ્પોનું જ્ઞાન ખંડખંડનું એનો પણ અનુભવ અને આત્માનો અનુભવ એમ બે ન હોય. એક તલવારમાં બે ન સમાય. એક મ્યાનમાં બે તલવાર ન સમાય. એક મ્યાનમાં બે તલવાર ન સમાય. એકમાં તો એક જ રહે. આહા..હા..!

કહે છે પર્યાયદૃષ્ટિનો અનેકાકાર ભાવ, સંયોગીભાવ છોડ. કારણ કે ઈન્દ્રિયનું જ્ઞાન, પરિણમન એ તો સંયોગી પરિણમન છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! અગિયાર-અગિયાર અંગના જ્ઞાન, નવપૂર્વના જ્ઞાન એ બધા ઈન્દ્રિય જ્ઞાન, સંયોગી જ્ઞાન છે, ભાઈ! સમજાણું કાંઈ? ત્રિકાળ ભગવાન આત્મા એ સંયોગની રુચિ અને આશ્રય છોડીને એને સંયોગનો વ્યવચ્છેદ કર્યો એમ કહેવામાં આવે છે. ત્રિકાળી ભગવાન આત્મા એનો જે અનુભવ કરવામાં આવતા '**સર્વતઃ...**' ચારે બાજુથી '**એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.**' વિજ્ઞાનઘન થયો પર્યાય એમ કહે છે. આહા..હા..! જ્ઞાનઘન તો ત્રિકાળી છે જુદું, પણ એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે એ. એકલી જ્ઞાનની દશા, શ્રદ્ધાની, શાંતિ

બધી એક પણ અહીં તો જ્ઞાન એટલે? રાગ નહિ એમ. અનેકાકાર ખંડખંડ જ્ઞાન નહિ એટલે જ્ઞાન કર્યું, બાકી જ્ઞાન-દર્શન-આનંદ બધું ભેગું છે.

'**એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.**' અતીન્દ્રિય આનંદના સ્વાદસહિત જ્ઞાનપણે સ્વાદમાં આવે છે. એને જૈનશાસન કહે છે. આહા..હા..! આવો જૈનશાસન. સમજાણું કાંઈ? હવે આને બીજા સાથે સમન્વય કરો એમ કહે છે. કાલે આવ્યું હતું ભાઈ નહિ? ઓલું બહુ ઘણું લખ્યું હતું એને. પણ એની કર્યું હોય એ પ્રમાણે. એની પદ્ધતિ પ્રમાણે. બસ એવું. એ સ્થાનકવાસી સાધુ નથી? .. એણે લખ્યું. કહે અત્યારે સમન્વયનું ઓલું ચાલ્યું છે. બધાને સમન્વય કરો. પણ બાપુ કોની સાથે સમન્વય થાય? એણે દાખલા પણ કેટલાક આપ્યા હોં બિચારાએ. ઘરે બૈરાનો ભાઈ હોય એને સાળો કહીએ એ અવગુણ છે? એ ભૂલ છે? એ કાંઈ ગાળ દીધી કહેવાય? ન હોય એને સાળો કહેવો? એ તો સાળો છે ને સાળો કહેવો એમાં. એમ જે વાત ખોટી છે જેની. એને ખોટી કહેવામાં દોષ શું છે? નિંદા ક્યાં આવી એમાં? દાખલો ઠીક આપ્યો બિચારે. એની .. પદ્ધતિ. આ તો માર્ગ જ જુદો. ઓલો તો છે ક્યાં ત્યાં પણ? સમજાણું કાંઈ? સ્થાકનવાસી, શ્વેતાંબર, દેરાવાસીમાં તો આ વાત છે નહિ ત્યાં. આવું સ્વરૂપ જ નથી ત્યાં. સમજાણું કાંઈ? આ તો અનાદિ વીતરાગ સનાતન જૈનદર્શનનો અનુભવ એને જૈનશાસન કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઘણાં દાખલા આપ્યા હતા હોં.

મુમુક્ષુ :- પૈસા આપ્યા..

ઉત્તર :- હા. પ્રમાણિક-અપ્રમાણિક હતું. પણ એ પ્રમાણિક કહીએ. પણ ગુણ ગ્રહણ કરવો છેને એને સારો કહો. હા એકવાર એણે બધાના પૈસા લઈને શું કર્યું એ?

મુમુક્ષુ :- બધાના પૈસા લીધા .. તો બધાને આપાવાને?

ઉત્તર :- બધાને લઈને પછી દેવાળું કાઢ્યું. દેવાળું નહિ પણ શું કીધું બીજી ભાષા. ન આપ્યા બસ એ લ્યોને અપ્રમાણિકપણે. એ એક વખત કર્યું હતું બધાના પૈસાના લઈને.

મુમુક્ષુ :- આ જ વખતે પ્રમાણિક હતુંને .. શું વાંધો?

ઉત્તર :- એ તો સૌના લઈને, પહેલા હતો એ પછી સૌના એક સાથે લઈને એક સાથે ના પાડી. આહા..હા..! ના એવું થાય છે હોં! એક વેપારી હતો મોટો. બધી આબરૂ સરખી થઈ. પછી જે જેની પાસે લીધા હતા. પચ્ચીસ હજાર, પચાસ હજાર, લાખ, કરોડ લઈ છેવટે છૂટ્યું. મારી પાસે નથી. હું પહોચું એવો નથી. આહા..હા..! કેમકે જેને જે અપ્રમાણિકપણું છે એને અપ્રમાણિકપણું કહેવું એ નિંદા ક્યાં છે? એમ લખ્યું છે હોં. એટલે કોઈને ખોટો ધર્મ ન કહેવો એમ. પણ સાળાને સાળો કહે છે એમાં ખોટું શું કીધું એણે? એ વખતના દાખલા કીધા હતા. એને ક્યાં હજી ખબર છે ધર્મની. અને સ્થાનકવાસીને. એ હજી સાધુ

માને છે. એ સાધુપણું એવું હોય જ નહિ. સમજાણું કાંઈ? આવો વીતરાગ માર્ગ. આહા..હા..!

એક તો ત્રિકાળી જ્ઞાનનો કંદ છે અને એને આશ્રયે વિજ્ઞાનઘન પર્યાય પ્રગટ થાય આવી. જે ખંડ ખંડ હતુંને એની સામે વિજ્ઞાનઘન થયું. આહા..હા..! જેમ ઓલા શાક દ્વારા ખંડ ખંડ મીઠું હતું એમ જ્ઞેય દ્વારા ખંડ ખંડ જ્ઞાન હતું એમ એની સામે અહીં એનો વ્યવચ્છેદ કરીને અહીં કહ્યું કે જ્ઞાનની પર્યાય ઘન થઈ, એક થઈ, સ્થિર થઈ, વીતરાગતા થઈ, આ એને જૈનશાસન કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ આ તો બહુ સાંભળે ત્યારે બેસે એવું છે. ઝટ દઈને બેસે એવું નથી. અભ્યાસ નથી. આહા..હા..! બાપુ આ તો અપૂર્વ વાત છેને. પૂર્વે કોઈ દિ' કરી નથી, સાંભળી નથી. યથાર્થપણે સાંભળી એને કહીએ રુચિ કરે અને અનુભવ કરે તો. સાંભળી નથી એણે. સાંભળીને આ કાનેથી કાઢી નાખે એ સાંભળ્યું છે કે દિ'? આહા..હા..! **'સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.'** જોયું! એકલો જ્ઞાનનો પર્યાય જ અનુભવમાં આવે છે. એટલે વીતરાગી દશા અનુભવમાં આવે એનું નામ જૈનશાસન, એનું નામ જૈનધર્મ, એનું નામ મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે હજી તો. એ ટીકા થઈ ગઈ હોં. એ ટીકાનો અર્થ કર્યો છે.

ભાવાર્થ છેને? **'અહીં આત્માની અનુભૂતિ તે જ જ્ઞાનની અનુભૂતિ કહેવામાં આવી છે.'** એ તો સિદ્ધ આ કરવું છેને અહીં તો? કે આત્માનો અનુભવ કહો કે જ્ઞાનનો અનુભવ કહો, બે એક જ વાત છે. આત્મા વસ્તુ અખંડ એનો અનુભવ કહો કે એનો ત્રિકાળી જ્ઞાનસ્વભાવ એનો અનુભવ કહો, બે એક જ વાત છે. સમજાણું કાંઈ? **'આત્માની અનુભૂતિ તે જ જ્ઞાનની અનુભૂતિ...'** તે જ જ્ઞાનસ્વભાવની અનુભૂતિ કહેવામાં આવે છે. **'અજ્ઞાનીજન જ્ઞેયોમાં જ—ઈન્દ્રિય જ્ઞાનના વિષયોમાં જ—લુબ્ધ થઈ રહ્યા છે;...'** એનું લક્ષ જ પર ઉપર છે એકલું. જુઓ ઈન્દ્રિય નાખ્યું જોયું! **'અજ્ઞાનીજન જ્ઞેયોમાં જ—ઈન્દ્રિય જ્ઞાનના વિષયોમાં જ—લુબ્ધ થઈ રહ્યા છે;...'** રાગ, વ્યવહાર, દયા, દાન, વ્રત, વિકલ્પ એમાં. **'તેઓ ઈન્દ્રિયજ્ઞાનના વિષયોથી અનેકાકાર થયેલ જ્ઞાનને...'** જોયું! શું કીધું? અહીં વજન છે જરી. એ **'ઈન્દ્રિયજ્ઞાનના વિષયોથી અનેકાકાર થયેલ જ્ઞાનને જ જ્ઞેયમાત્ર આસ્વાદે છે...'** આ વસ્તુ છે. લ્યો! આહા..હા..! ફરીને. વિષયો એટલે પર ઉપર એની રુચિ છે, લક્ષ છે એ જુદી વાત હવે. હવે અહીં તો એ કહે છે કે એ ઈન્દ્રિય જ્ઞાનના વિષયોથી, રાગ પુણ્ય આદિનું જ્ઞાન કરીને **'અનેકાકાર થયેલ જ્ઞાન...'** જોયું! જ્ઞાન અનેકાકાર થયું છે. એને **'જ્ઞાનને જ જ્ઞેયમાત્ર આસ્વાદે છે...'** આ જ વસ્તુ છે. એ જ જ્ઞેય છે. આહા..હા..! આખો ભગવાન જ્ઞેય છે એ રહી જાય છે. વિશેષ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૯, સોમવાર, તા. ૨૪-૦૧-૧૯૭૨**
**ગાથા-૧૫, શ્લોક-૧૪-૧૫, પ્રવચન-૮૦**

૧૫મી ગાથાનો ભાવાર્થ છે. થોડો ઝીણો વિષય છે. '**અહીં આત્માની અનુભૂતિ તે જ જ્ઞાનની અનુભૂતિ કહેવામાં આવી છે.**' શું કહે છે? જે આત્મા સ્વ જ્ઞાયકસ્વભાવી આત્મા, અને પુણ્ય-પાપનો વિકલ્પ તો એમાં નથી. કર્મ, શરીર તો એમાં ક્યાંય નથી. એ તો દૂર રહ્યા. પર્યાયમાં જે પુણ્ય અને પાપના ભાવ છે એ પણ એમાં તો છે નહિ. એ તો આત્મા જ્ઞાયક ચિદાનંદ સ્વભાવ એની અનુભૂતિ એ જ્ઞાનની અનુભિૂત છે. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પૂર્ણ આનંદ એનો અનુભવ એ જ જ્ઞાનનો અનુભવ છે. જ્ઞાન અને આત્મા કાંઈ જુદા નથી. ગુણગુણી કોઈ જુદી ચીજ નથી. સમજાણું કાંઈ? '**અજ્ઞાનીજન જ્ઞેયોમાં જ—ઈન્દ્રિયજ્ઞાનના વિષયોમાં જ—લુબ્ધ થઈ રહ્યા છે;...**' શું કહે છે? અનાદિથી અજ્ઞાની ઈન્દ્રિયથી જ્ઞાન થયું એમાં એકાકાર છે. જે ઈન્દ્રિયથી જ્ઞાન તે પોતાનું જ્ઞાન નથી. નિજસ્વભાવનું જ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

જે '**ઈન્દ્રિયજ્ઞાનના વિષયોમાં જ...**' એમ. એ વિષયોમાં એકાંત છેને. '**લુબ્ધ થઈ ગયા છે;...**' ઈન્દ્રિયના નિમિત્તમાં લક્ષ રાખાનાર ઈન્દ્રિયના વિષયોમાં જ લીન છે. ચાહે તો શુભ-અશુભ રાગ હો, શુભ-અશુભ બાહ્ય વાણી હો, એમાં ઈન્દ્રિયના વિષયોમાં એ એકાગ્ર છે. '**તેઓ ઈન્દ્રિયજ્ઞાનના વિષયોથી અનેકાકાર થયેલ જ્ઞાનને જ જ્ઞેયમાત્ર આસ્વાદે છે...**' આ વિષય તત્ત્વ આખો. બહુ સૂક્ષ્મ ભાઈ વાત. વીતરાગ માર્ગ. કહે છે કે પોતાનું સ્વરૂપ જ્ઞાયકભાવ એનું જેને જ્ઞેયથી થયેલ જ્ઞાન, એવી જ્ઞાનની અનેકતા, પર્યાયમાં, ઈન્દ્રિય જ્ઞાનમાં એને જેની ભિન્નતાનું ભાન નથી એવો અજ્ઞાની ઈન્દ્રિય વિષયથી થયેલ જે જ્ઞાન. છેને? '**ઈન્દ્રિયજ્ઞાનના વિષયોથી અનેકાકાર થયેલ જ્ઞાનને...**' આહા..હા..! '**જ જ્ઞેયમાત્ર આસ્વાદે છે...**' આહા..હા..! આ મિથ્યાદૃષ્ટિ છે. ઝીણી વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ? '**જ્ઞાનને જ...**' અનેકાકાર જ્ઞાનની પર્યાયમાં ખંડખંડ અનેક આકારરૂપ જે જ્ઞાન થયું એ જ્ઞાનને જ, એને જ '**જ્ઞેયમાત્ર આસ્વાદે છે...**' એ જ્ઞેય એ હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? એનાથી ભિન્ન મારી ચીજ ચાહે તો બાહ્યથી ત્યાગ કરીને બેઠા હોય, પણ અંતરમાં ઈન્દ્રિય જ્ઞાનથી જ્ઞાનમાં અનેકાકાર થયો, ભિન્ન-ભિન્ન, ખંડખંડ એને જ પોતાનું માને એ પર જ્ઞાનની પર્યાય એ જ પરવસ્તુ છે. એમાં લુબ્ધ છે, લુબ્ધ છે, લીન છે, દૃષ્ટિ ત્યાં પડી છે. ઓહો..હો..! ભારે ઝીણું મૂળચંદભાઈ! એ '**જ્ઞેયમાત્ર આસ્વાદે છે...**' એનો આસ્વાદ છે દુઃખનો.

ત્રિકાળી જ્ઞાયકભાવ એને ઈન્દ્રિયજ્ઞાનમાં અનેકાકાર થયેલો જ્ઞાન એને ભિન્ન ન જાણીને કોઈ મારી ચીજ અને એ હું છું એવો એકાકાર થઈને જ્ઞેયનું નામ રાગ અને દુઃખનું વેદન છે એને. આહા..હા..! ભારે ઝીણું ભાઈ આવું. શેઠ! આવી વાત છે. પર્યાયબુદ્ધિમાં જ્ઞાનમાત્ર જે એકાકાર થયો એકલું જ્ઞાન પરને આધારે. એને આસ્વાદે છે. એનું નામ અજૈનપણું છે. એ જૈનપણું નથી એમ કહે છે. આહા..હા..! એક પર્યાયમાં અનેકાકાર અંશને જ પોતાનો માન્યો. તારું પૂર્ણ સ્વરૂપ છે એને પોતાનું માન્યું નથી. એ ભૂલ થઈ. સમજાણું કાંઈ? અહીંયાં જુઓને '**ઈન્દ્રિયજ્ઞાનના વિષયોથી અનેકાકાર થયેલ જ્ઞાનને...**' નિમિત્તનું લક્ષે જ્ઞાનમાં અનેકાકાર ઉત્પન્ન થયો એ જ આસ્વાદે છે. એ મિથ્યાભાવ છે. ત્રિકાળી જ્ઞાયકનું જ્ઞાન ન કરતાં અનેકાકાર જ્ઞાનની પર્યાયરૂપ ખંડખંડ છે તેનું જ આસ્વાદન કરે છે. એ જ એની ભૂલ થઈ. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? જૈનદર્શન સમજવું વસ્તુનું સ્વરૂપ એવું છે. જૈનદર્શન કોઈ પક્ષ નથી. સમજાણું કાંઈ? વસ્તુ આ જૈનશાસનની વાત ચાલે છે ૧૫મી ગાથામાં. એ પોતાનું સ્વરૂપ રાગથી ભિન્ન, જ્ઞાનની અનેકતાની પર્યાયથી ભિન્ન એવી ચીજનો અનુભવ કરવો એનું નામ જૈનશાસન છે. આ પંદરમી ગાથામાં બહુ છે. આહા..હા..! એ જૈનશાસનનો પ્રચાર, પ્રસાર એ વીતરાગની વાણીનો પ્રસાર છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો કહ્યું કે જે સ્વપર ચીજ છે એનો વિવેક તો નથી. જ્ઞાનની પર્યાયમાં અનેકાકાર થયો તો તો એકરૂપ જ્ઞાન ભિન્ન છે. છતાં એનો વિવેક નથી. તો એનો ત્યાગ છે એ રાગની મંદતા થઈ એ કે બાહ્યનો ત્યાગ કરે છે એ ત્યાગ છે જ નહિ. કેમકે પર અને સ્વની એકતાબુદ્ધિ જ્યાં પડી છે ત્યાં તો પરનો ત્યાગ હજી દૃષ્ટિમાં નથી, ત્યાં પરનો ત્યાગ કેમ કરે? સમજાણું કાંઈ? અને લોકો અત્યારે ત્યાગને નામે ભ્રમમાં પડ્યા છે. બહારથી ઘટાડે, સંયોગ ચીજ ઓછી કરે, કપડા-બપડા છોડી દે, બાયડી, છોકરા, દુકાન છોડી દે પછી ત્યાગ કર્યો. ત્યાગ તો ક્યારે કર્યો? પોતાનું માન્યું હતું અને પોતાનું માનીને છોડે તેને કહે છે. પોતાનું છે જ નહિ એવો જે વિવેક હોય તો છોડ્યું શું? એને છોડવું શું છે? સમજાણું કાંઈ? રાગનો ત્યાગ પણ આત્મામાં ક્યાં છે? કેમકે રાગને પોતાનો માન્યો હતો એ પોતાપણું છૂટી ગયું તો તો નિર્ણયમાં ત્યાગ થયો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ત્યાગ છે એ ત્યાગ છે. આ બહારમાં લે એના તો ઠેકાણા નથી. અરેરે! દુનિયા ભ્રમમાં પડી છે એમ કહે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**જ્ઞેયોથી ભિન્ન જ્ઞાનમાત્રનો આસ્વાદ નથી લેતા.**' જુઓ, એ જ્ઞેય જ્ઞાનની પર્યાયમાં અનેકતા ખંડખંડ એ જ્ઞેય છે. ૩૧ ગાથામાં પણ આવ્યો એ. ભાવ ઈન્દ્રિય ખંડખંડ એ જ્ઞેય છે. દ્રવ્ય ઈન્દ્રિય જ્ઞેય છે. અને જેટલા શબ્દો સાંભળવા આવે છે એ બધા જ્ઞેય

નામ ઈન્દ્રિય છે. ખંડખંડ જ્ઞાન પણ પરજ્ઞેય છે. આ ઈન્દ્રિય આ જડ એ પરજ્ઞેય છે. તો ભગવાનની વાણી આદિ સાંભળવામાં આવે છે એ પણ પરજ્ઞેય છે. તો પરજ્ઞેયથી પોતાપણું છૂટ્યું નથી અને મેં બાહ્યનો ત્યાગ કર્યો એ તો પાખંડનું પોષણ છે. લાલચંદભાઈ! આવો માર્ગ છે, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણે છોડ્યું છે? કોણ છોડે છે? છોડ્યું કોણે? કોણે છોડ્યું. છૂટેલું છે એને હું છોડું છું. એ તો અભિમાન થયું. સમજાણું કાંઈ? એનામાં નથી એને હું છોડું છું એનો અર્થ શું? એ તો પોતાનું છે એમ માન્યું. આહા..હા..!

**'જ્ઞેયોથી ભિન્ન...'** એ જ્ઞાનની પર્યાયમાં જે અનેકતા દેખાય છે એનાથી ભગવાન ભિન્ન છે. આહા..હા..! **'જ્ઞાનમાત્રનો આસ્વાદ નથી લેતા.'** જ્ઞાનની પર્યાયમાં ખંડખંડ જ્ઞાન થયું એ જ ખરેખર તો પરજ્ઞેય છે. એમાં જેની રુચિ, પોતાપણું પડ્યું છે, તો રાગ અને મિથ્યાત્વનો જ સ્વાદ લે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! કહો, વસંતીલાલજી! જ્ઞાન એકરૂપ ત્રિકાળ છે એનાથી જ્ઞાનની અનેકતા જે છે એ ચીજ ભિન્ન છે. એ ભિન્ન ચીજમાં પોતાપણું માન્યું છે ત્યાં સ્વજ્ઞાયકભાવનું પોતાપણું છોડી દીધું. આહા..હા..!

મુમુક્ષુ :- એ તો સ્વભાવનો ત્યાગ થયો એને.

ઉત્તર :- સ્વભાવનો ત્યાગ થયો એને. એને સમ્યગ્દર્શનનો ત્યાગ થયો. ધર્મનો ત્યાગ થયો. આવી વાત છે. કહો, શેઠ! પણ આપણા કરતા તો ત્યાગી વિશેષ છે એમ માને છે. આહા..હા..! શરીરથી બ્રહ્મચર્ય પાળે છે, સ્ત્રીનો ત્યાગ કર્યો, રાત્રે ચાર આહાર નથી કરતા. છોડી દીધો છે. શું છોડ્યું? ભગવાન! પરમાં પોતાપણું માનવું (છોડ્યા) વિના પરને છોડ્યું એમ કહેવામાં આવતું નથી. સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે **'જ્ઞેયોથી ભિન્ન જ્ઞાનમાત્રનો આસ્વાદ નથી લેતા.'** આહા..હા..! **'અને જેઓ જ્ઞાની છે,...'** આ અજ્ઞાનીની વાત થઈ. ચાહે તો અગિયાર અંગ ભણ્યો હોય, નવ પૂર્વ ભણ્યો હોય. આહા..હા..! પર્યાયની અનેકતાથી ભગવાન જ્ઞાયકભાવ ભિન્ન છે એનો જ્યાં વિવેક નથી ત્યાં પરનો ત્યાગ એ ત્યાગ નથી, પણ પરના ત્યાગનું અભિમાન મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'જ્ઞેયોમાં આસક્ત નથી તેઓ જ્ઞેયોથી જુદા...'** **'જ્ઞેયોથી ભિન્ન જ્ઞાનમાત્રનો આસ્વાદ નથી લેતા અને જેઓ જ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત નથી...'** આહા..હા..! જે ચીજ પોતાની નથી એમાં પોતાપણું જ્ઞાનીને નથી. સમજાણું કાંઈ? રાગ, શરીર પોતાનું નથી. તો પછી હું શરીરને છોડું. મારું નથી તો પછી છોડવું ક્યાં રહ્યું? હું એને છોડું, એનો મેં ત્યાગ કર્યો. મેં ચોવિહાર કર્યો, હું આવું કરું, મેં શરીરથી બ્રહ્મચર્ય લઈ લીધું. અરે ભગવાન! સાંભળતો ખરો, ભાઈ! તારી દૃષ્ટિ ત્યાં પુષ્ટ થાય એની

તને ખબર નથી. સમજાણું કાંઈ?

**'જ્ઞેયોથી ભિન્ન જ્ઞાનમાત્રનો...' 'જ્ઞેયોમાં આસક્ત નથી...'** આહા..હા..! હજી તો વસ્તુ શું છે એની ખબર નથી. પર શું? સ્વ શું? ભિન્નતાનું ભાન નથી અને અવિવેક તો વર્તે છે એ જ્ઞેયમાં આસક્ત છે એમ કહે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. જૈનધર્મ એ વિશ્વધર્મ, આત્મધર્મ. આત્મધર્મ છે. સમજાણું કાંઈ? તો કહે છે કે આત્મધર્મી જીવ, આત્માથી ભિન્ન ચીજ એનો સ્વાદ નથી લેતા. પોતાનો એકાકાર. જુઓ, અનેકાકારને છોડીને એકાકાર જ્ઞાનનો સ્વાદ લે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ઝીણી વાત છે. તારો માર્ગ એવો છે ભાઈ! સમજાણું કાંઈ? કઠણ લાગે કે સરળ લાગે. પણ માર્ગ તો આવો છે. આ સમજ્યા વિના જન્મ-મરણનો અંત નથી.

કહે છે કે **'જેમ શાકોથી જુદી મીઠાની કણીનો ક્ષારમાત્ર સ્વાદ આવે...'** શાકથી ભિન્ન શાક **'મીઠાની કણીનો ક્ષારમાત્ર સ્વાદ આવે તેવી રીતે સ્વાદ લે છે,...'** આહા..હા..! ધર્મી. પોતાનો જ્ઞાયક સ્વભાવ એકરૂપ રાગથી તો ભિન્ન પણ જ્ઞાનની અનેક પર્યાયથી પણ ભિન્ન. આહા..હા..! એનો જ્યાં વિવેક પણ નથી, પૃથક્તાનું ભાન નથી એ બાહ્ય ત્યાગ કર્યો એમ કહ્યું એ તો પાખંડને પોષે છે. બેની એકતાબુદ્ધિ પોષે છે એ પાખંડ એટલે. સમજાણું કાંઈ? **'કારણ કે જ્ઞાન છે તે આત્મા છે...'** રાગની પર્યાય અને જ્ઞાનની અનેક ખંડ ખંડ પર્યાય એ આત્મા નથી. આ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ જ આત્મા છે **'અને આત્મા છે તે જ્ઞાન છે.'** બેમાં ભિન્નતા નથી. આહા..હા..! **'આ પ્રમાણે ગુણ-ગુણીની અભેદ દૃષ્ટિમાં...'** ગુણ અને ગુણીની અભેદદૃષ્ટિ. જ્ઞાન ગુણ અને ગુણી આત્મા. ગુણ અને ગુણીની એકરૂપ દૃષ્ટિમાં આવતું **'અભેદ દૃષ્ટિમાં આવતું જે સર્વ પરદ્રવ્યોથી જુદું,...'** એ તો સર્વ પરદ્રવ્યોથી જુદું છે. પહેલો બોલ છેને ભાઈ એ. અબદ્ધસ્પૃષ્ટ. **'પોતાના પર્યાયોમાં એકરૂપ, નિશ્ચળ,...'** પોતાની જ્ઞાનની પર્યાય જુદી જુદી છે એનાથી પણ જુદી. **'એકરૂપ, નિશ્ચળ...'** એમ. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાયમાં અનેકતાથી એનાથી ભિન્ન પોતાની પર્યાયમાં પોતામાં નિશ્ચળ. **'પોતાના પર્યાયોમાં એકરૂપ, નિશ્ચળ...'** આહા..હા..! જોયું! **'પોતાની પર્યાયોમાં એકરૂપ, નિશ્ચળ,...'** જ્ઞાનસ્વભાવમાં એકતા થઈ તો પોતાની પર્યાય એકાકાર થઈ એમાં નિશ્ચળ.

**'પોતાના ગુણોમાં એકરૂપ,...'** ગુણ-ગુણીનો વિશેષ ભેદ નથી. આહા..હા..! આવી વાત તો સાંભળવી કઠણ પડે. એને સાંભળવા મળે નહિ હજી તો અને ગોટે ગોટા બહારના. આહા..હા..! સમજાણું કાંઈ? જૈનસંદેશમાં લેખ આવ્યો છે. બહુ સારો છે. એક આજે લેખ આવ્યો છે. કોઈ વિમળકુમાર. વિમળકુમાર છેને? વિમળ. .. છે. બહુ સરસ લખ્યું મારે. અહીંની શૈલીનું છે બધું. જૈનધર્મ અને ત્યાગવૃત્તિ પણ ભારે.. એની ભાષામાં એવું લખ્યું સરસ.

આ જૈનસંદેશ. જૈનસંદેશ છેને એમાં આવ્યું છે. 'જૈનધર્મ ઔર ત્યાગવૃત્તિ' અહીંનો અભ્યાસ છેને પરિચય? એટલે એમની શૈલીથી લખ્યું છે. સારી ભાષામાં ગોઠવ્યું છે એવું. એમ કે પરમાં સ્વતત્ત્વ ત્યાગ થયો એ જ ત્યાગ. પોતાપણું પરમાં માન્યું હતું એ ટળ્યું એ ત્યાગ. સમજાણું કાંઈ? સત્ત્વ એટલે પોતાનું.

અહીંયાં કહે છે કે '**આ પ્રમાણે ગુણ-ગુણીની અભેદ દૃષ્ટિમાં આવતું જે સર્વ પરદ્રવ્યોથી જુદું, પોતાના પર્યાયોમાં એકરૂપ, નિશ્ચળ,...**' એમ. અનેક પર્યાયમાં, પણ એકરૂપ પર્યાય જે છે જ્ઞાનાનંદની. એમાં નિશ્ચળ. '**પોતાના ગુણોમાં એકરૂપ, પરનિમિત્તથી ઉત્પન્ન થયેલા ભાવોથી ભિન્ન...**' કર્મના નિમિત્તે ઉત્પન્ન રાગ-દ્વેષ-મોહ, આકુળતા એ બધું છે એનાથી ભિન્ન. '**પોતાનું સ્વરૂપ, તેનું અનુભવન...**' પોતાના આનંદનો અનુભવ, જ્ઞાયકનો અનુભવ '**તે જ્ઞાનનું અનુભવન છે,...**' લ્યો! એ પોતાનું સ્વરૂપ આત્માનો અનુભવ એ જ્ઞાનનો અનુભવ છે. એમ કહે છે. ઝીણું ભાઈ! પર્યાય બુદ્ધિ છોડીને દ્રવ્યમાં બુદ્ધિ ઘૂસી તો પોતાનો અનુભવ થયો એમ કહે છે. સમજાણું કાંઈ? આ માર્ગ તો ભાઈ અંતરનો, ધીરજનો માર્ગ છે. કોઈ બહારમાં હો.. હા.. ને

મુમુક્ષુ :- અલૌકિક માર્ગ છે.

ઉત્તર :- માર્ગ તો આવો જ છે ભાઈ! આવો જ હોયને માર્ગ તો. આહા..હા..! જે માર્ગે જતાં કેવળજ્ઞાન આવે અને સિદ્ધપદ દેખાય. જે માર્ગે જતાં જેમ ગામ દેખાય કે આ માર્ગ નજીક. એ આ ગામ... આ ગામ.. આ ગામ... આહા..હા..! જ્ઞાયક સ્વભાવને એકરૂપ માર્ગે જતાં કેવળજ્ઞાનની એકરૂપ પર્યાય કેવી એને પહોંચીવળે એવો માર્ગ છે એનો. ફુલચંદભાઈ! આવું સ્વરૂપ છે. આહા..હા..!

'**અને આ અનુભવન તે ભાવશ્રુતજ્ઞાનરૂપ જિનશાસનનું અનુભવન છે.**' છે? આ જૈનશાસન. આવું જૈનશાસન ચાલે એ મહાવીરનું શાસન છે. આહા..હા..! આ ધમાધમ કરે એ મહાવીરનું શાસન નથી. એય..! ચેતનજી! શું એ? 'ધામ ધુમ ધમા ચલી, જ્ઞાન માર્ગ રહ્યા દૂર રે.' આહા..હા..! 'ધામ ધુમ ધમાધમ ચલે.' આહા..હા..! આ કરવું... આ કરવું.. આ કરવું... રાગ કરવો, પુણ્ય કરવા અને મરવું.

મુમુક્ષુ :- ભાવમરણ કરવું.

ઉત્તર :- રાગમાં તો ભાવમરણ થાય છે. આહા..હા..! રાગ કરવો એ તો સ્વરૂપનું મરવું છે. વાત ભારે ભાઈ! તારા જીવનનું જીવન એ તો નિર્મળાનંદ પ્રભુ એની દૃષ્ટિમાં એનું જીવન છે. એ જીવની પર્યાયમાં અનેકતા રાગમાં કોઈ જીવન નથી. એ જૈનશાસન નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? દુનિયા માને, ન માને, સમાજ એકઠા થાય, ન થાય એની સાથે માર્ગને કાંઈ સંબંધ છે નહિ. સમજાણું કાંઈ? તીર્થંકરદેવ વીતરાગ પરમાત્મા અનંત તીર્થંકરો, અનંત

સર્વજ્ઞો હોય અને લાખો કેવળીઓ બિરાજે છે મહાવિદેહમાં. અનંત તીર્થંકર અને સર્વજ્ઞો થવાના ત્રણકાળના. એ જૈનશાસન છે. સમજાણું કાંઈ? રાગ અને અનેક (અનેકાકાર) જ્ઞાનની પર્યાયને જીતી. જીતીનો અર્થ આ. કે એની દૃષ્ટિ છોડીને પોતાના જ્ઞાયકભાવની દૃષ્ટિમાં અનુભવ થયો એનું નામ જિન. એણે અનેકતા અને રાગને જીત્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! એ પણ કહેવામાં આવે છે. આહા..હા..!

કહે છે '**આ અનુભવન...**' ક્યું અનુભવન? પહેલાં કહ્યું કે પર્યાયથી ભિન્ન, રાગથી ભિન્ન, પરદ્રવ્યથી ભિન્ન એવો પોતાના સ્વરૂપનો અનુભવ, ચૈતન્ય મૂર્તિ ભગવાન આત્માનો અનુભવ, એ જ જ્ઞાનનો અનુભવ. એ જ્ઞાનનો અનુભવન એ ભાવશ્રુત જ્ઞાનરૂપ શુદ્ધ ઉપયોગ જ્ઞાન ભાવશ્રુત જ્ઞાન, ભાવશ્રુત ઉપયોગ જ્ઞાન. દ્રવ્ય શ્રુતમાં એ કહ્યું છે. જિનવાણી ચાર અંગ, ચાર અનુયોગ, બાર અંગ. બધામાં આ કહ્યું છે. એ પહેલાં આવી ગયુંને દ્રવ્યશ્રુતમાં? કે જેટલા દ્રવ્યશ્રુત જૈનશાસનના છે એમાં આ કહ્યું છે. આ સિવાય બીજું કાઢે તો તે જૈનશાસનને જાણતા નથી. શાસ્ત્રને જ જાણતા નથી. આહા..હા..! શું કહે છે જુઓ, '**આ અનુભવન ભાવશ્રુતજ્ઞાનરૂપ જિનશાસનનું અનુભવન છે.**' એણે આખું જૈનશાસન જાણ્યું. આહા..હા..! '**આ શુદ્ધનયથી આમાં કાંઈ ભેદ નથી.**' સમજાણું? ૧૪મી ગાથામાં શુદ્ધનય લીધી હતીને? ૧૪માં. અહીં કાઢી નાખ્યું. ભાઈ અહીં નથીને? કે એને શુદ્ધનય કહેવી.

જેને પરલક્ષી જ્ઞાનમાં પણ યથાર્થતા નથી. આહા..હા..! હજી તો આ પરલક્ષી જ્ઞાન થયુંને. આ તો પરલક્ષી જ્ઞાન છે. એમાં પણ યથાર્થતા નથી. એની તો સ્વભાવ ઉપર દૃષ્ટિ જતી જ નથી. જતી જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો છે, ભાઈ! લોકો આમ બહારથી ત્યાગ માને. સંથારા કર્યા. મહિનાનો સંથારો કર્યો. સંથારો સમજ્યા? એ અંતમાં કરે છે. સલ્લેખના. સલ્લેખના વ્રત કોને કહેવા? જ્યાં હજી રાગ અને અનેકતાની પર્યાયમાં એકતાબુદ્ધિ પડી છે એમાં સલ્લેખના કોને કહેવી? મિથ્યાત્વનો ત્યાગ પણ એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલા તો મિથ્યાત્વ, અવ્રત, રાગ, પ્રમાદ, કષાય, યોગ એ પાંચ બંધના કારણ છે. એમાં તો પહેલા મિથ્યાત્વનો તો ત્યાગ થવો જોઈએ. એ મિથ્યાત્વનો ત્યાગ પોતાથી પરચીજમાં પોતાપણું છોડીને, પોતાની ચીજમાં પોતાપણું કરે ત્યારે એને મિથ્યાત્વનો ત્યાગ થાય છે. સમજાણું કાંઈ?

'**શુદ્ધનયથી આમાં કાંઈ ભેદ નથી.**' શેમાં? પોતાનો આત્મા વસ્તુ, ધ્રુવ પરદ્રવ્યથી ભિન્ન અને અનેક પર્યાયોથી ભિન્ન અને ગુણગુણીના ભેદથી રહિત એકલું સામાન્ય અને નિમિત્તથી થયેલું, કર્મના નિમિત્તના સંગમાં વિકાર આકુળતા. એનાથી ભિન્ન પોતાના આત્માની અંતર્મુખ થઈને બહિર્મુખનો ત્યાગ થઈ જાય છે અને અનુભવ થાય એને જૈનશાસન ભાવશ્રુત કહે છે. આહા..હા..! એ શુદ્ધનય છે. શુદ્ધનયથી આમાં કાંઈ ભેદ નથી. આહા..હા..! શુદ્ધનય

કહો, જૈનશાસન કહો, આત્મા શુદ્ધનો અનુભવ કહો, જ્ઞાનની અનુભૂતિ કહો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો, એ બધું આ છે. સમજાણું કાંઈ?

## શ્લોક-૧૪

હવે આ જ અર્થનું કલશરૂપ કાવ્ય કહે છે :-

(પૃથ્વી)

अखण्डितमनाकुलं ज्वलदनन्तमन्तर्बहि-
र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा।
चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते
यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितम्।।१४।।

શ્લોકાર્થ :- આચાર્ય કહે છે કે [परमम् महः नः अस्तु] તે ઉત્કૃષ્ટ તેજ-પ્રકાશ અમને હો [यत् सकलकालम् चिद्-उच्छलन-निर्भरं] કે જે તેજ સદાકાળ ચૈતન્યના પરિણમનથી ભરેલું છે, [उल्लसत्-लवण-खिल्य-लीलायितम्] જેમ મીઠાની કાંકરી એક ક્ષારરસની લીલાનું આલંબન કરે છે તેમ જે તેજ [एक-रसम् आलम्बते] એક જ્ઞાનરસસ્વરૂપને અવલંબે છે, [अखण्डितम्] જે તેજ અખંડિત છે-જ્ઞેયોના આકારરૂપે ખંડિત થતું નથી, [अनाकुलं] જે અનાકુળ છે-જેમાં કર્મના નિમિત્તથી થતા રાગાદિથી ઉત્પન્ન આકુળતા નથી, [अनन्तम् अन्तः बहिः ज्वलत्] જે અવિનાશીપણે અંતરંગમાં અને બહારમાં પ્રગટ દેદીપ્યમાન છે-જાણવામાં આવે છે, [सहजम्] જે સ્વભાવથી થયું છે-કોઈએ રચ્યું નથી અને [सदा उद्विलासं] હંમેશાં જેનો વિલાસ ઉદયરૂપ છે-જે એકરૂપ પ્રતિભાસમાન છે.

ભાવાર્થ :- આચાર્યે પ્રાર્થના કરી છે કે આ જ્ઞાનાનંદમય એકાકાર સ્વરૂપજ્યોતિ અમને સદા પ્રાપ્ત રહો. ૧૪.

## શ્લોક-૧૪ ઉપર પ્રવચન

'હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—' લ્યો!

(પૃથ્વી)

अखण्डितमनाकुलं ज्वलदनन्तमन्तर्बहि-
र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा।
चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते
यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितम्।।१४।।

શું કહે છે? '**શ્લોકાર્થ :- આચાર્ય કહે છે કે તે ઉત્કૃષ્ટ તેજ-પ્રકાશ અમને હો...**' જે એકલો આત્મા જ્ઞાનસ્વભાવ છે એ કેવળ અમને પ્રાપ્ત હો. '**કે જે તેજ સદાકાળ ચૈતન્યના પરિણમનથી ભરેલું છે,...**' ચૈતન્યના પારિણામિક સ્વભાવથી તો પરિપૂર્ણ છે એ. આહા..હા..!

મુમુક્ષુ :- પરિણમનનો અર્થ કર્યો?

ઉત્તર :- પરિણમન એ. સમજાણું કાંઈ? ચૈતન્યના પારિણામિક સ્વભાવથી પરિપૂર્ણ છે એ. પારિણામિકનો અર્થ સહજ, સહજનો અર્થ એનો કોઈ કર્તા નથી. નવું બન્યું નથી. અનાદિ એવો પડ્યો છે, ભગવાન! આહા..હા..!

'**તેજ સદાકાળ ચૈતન્યના પરિણમનથી ભરેલું છે, જેમ મીઠાની કાંકરી...**' મીઠાની. '**એક ક્ષારરસની લીલાનું આલંબન કરે છે...**' એકલા ક્ષારરસથી જ ભરેલું છે. '**ક્ષારરસની લીલાનું આલંબન કરે છે...**' ક્ષારરસથી જ ભરેલો છે. મીઠાની ગાંગડી આખા ક્ષારરસથી ભરેલી છે. '**તેમ જે તેજ એક જ્ઞાનરસસ્વરૂપને અવલંબે છે,...**' આહા..હા..! એ જ્ઞાનરસ સ્વરૂપ જ છે એમ આલંબન કરે છે એનો અર્થ. સમજાણું કાંઈ? મીઠાની ગાંગડી જેમ એકલા ક્ષારરસથી ભરેલી એમ ભગવાન તો એકલો જ્ઞાનરસથી ભરેલો છે. ખંડખંડ અને રાગ એમાં છે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

'**તેમ તે તેજ એક જ્ઞાનસ્વરૂપને અવલંબે છે,...**' જ્ઞાનસ્વરૂપ એકલો એ જ છે એમ. એ જ એનું સ્વરૂપ છે. અવલંબન કરે એ જ એનું સ્વરૂપ છે. '**જે તેજ અખંડિત છે—જ્ઞેયોના આકારરૂપે ખંડિત થતું નથી,...**' જુઓ, જ્ઞેયો જણાય છે એના જ્ઞાનમાં ખંડ ખંડ થાય એ એમાં નથી. અખંડિત છે, ઇન્દ્રિય જ્ઞાનથી ખંડ ખંડ છે એ એનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? આવી વાત પણ. પાતાળ કૂવામાં આવી તારી ચીજ છે એમ કહે છે. '**તે જ અખંડિત છે—જ્ઞેયોના આકારરૂપે ખંડિત થતું નથી,...**' લ્યો! અનેક જ્ઞેયોને

જાણનારું જ્ઞાનમાં ખંડિત થાય છે એ જ્ઞેય સ્વભાવ ત્રિકાળમાં નથી. ત્રિકાળી તારો જ્ઞાન સ્વભાવ એ ખંડિત છે નહિ. '**જે અનાકુળ છે—**' આનંદમય છે. શાકનો સંબંધ હતો ખરોને. અનાકુળ છે. ભગવાન આત્મા તો આનંદમય છે. પુણ્ય-પાપનો વિકલ્પ જે ઉઠે છે એ તો આકુળતા છે. આહા..હા..! હવે પછી એ વ્યવહાર આકુળતા છે એથી વ્યવહાર થાય છે. એમ ક્યાંથી થાય? આકુળતાથી નિરાકુળતા થાય? વ્યવહારથી નિશ્ચય થાય છે એમ કહે છેને? શાસ્ત્રમાં લખ્યું છે કે વ્યવહાર સાધન છે, કારણ છે, હેતુ છે. એ તો વ્યવહારનયે એ કાળે કેવી દશા વ્યવહાર રાગની હતી એ બતાવવાનું કારણ બસ એટલું.

મુમુક્ષુ :- વ્યવહાર કારણથી.

ઉત્તર :- વ્યવહાર કારણથી જ્ઞાન કરાવ્યું. એનાથી બિલકુલ થતી નથી. આહા..હા..! વ્યવહાર શુભરાગ તો વિકલ્પ આકુળતા છે. વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય છે કે નહિ? લસણ ખાતાં ખાતાં કસ્તુરીનો ઓડકાર આવે છે કે નહિ? નહિ? લસણ ખાયને લસણ. ઓ.. ઓડકાર આવ્યો કસ્તુરીનો. ક્યાંથી આવે? એમ રાગ કરતાં-કરતાં જૈનશાસન પ્રાપ્ત થાય (એમ નથી). હો, જાણવામાં ચીજ આવે. આવવાની ચીજ, આદરવાની ચીજ નથી. આવી વાત તો વીતરાગ માર્ગમાં જ છે. બીજે છે નહિ. તીર્થંકર પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવ એના જ્ઞાનમાં આવ્યું એવી વાણી જ્ઞાન અનુસાર આવી, એવો ભાવ જૈનશાસનમાં જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું બીજામાં નથી તો (તે) પરની નિંદા નથી. ભાઈએ દૃષ્ટાંત આપ્યું હતું એક સ્થાનવાસીએ. પોતાનો સાળો હોય સાળો. સાળા કહેવામાં કાંઈ દોષ છે? સાળો છે તો સાળો કહે છે. એ ગાળ ન કહેવાય. ગાળ કહેવાય? પોતાનો સાળો હોય સ્ત્રીનો ભાઈ એને સાળો કહે તો એ ગાળ છે? સાળો ન હોય ને સાળો કહે તો ગાળ છે. એમ જેની વાત જે છે એવી કહે એમાં નિંદા છે? શેઠ! મારા સાળા! એમ કહે તો ગાળ છેને? પણ એનો સાળો હોય એને કહે આ મારો સાળો છે. શેઠ! આ મારો સાળો છે. તો એમાં દોષ લાગે? નિંદા માને? એ તો એની ઓળખાણ બતાવે છે કે આ મારા સાળા છે. એમ વિરૂદ્ધ વાત, વાસ્તવિક તત્ત્વથી વિરૂદ્ધ છે એને વિરૂદ્ધ કહેવું એ ગાળ નથી, નિંદા નથી, એની સાચી સમજણ છે. બરાબર છે? સમજાણું કાંઈ? આહા..હા..!

'**જેમાં કર્મના નિમિત્તથી થતા રાગાદિથી ઉત્પન્ન આકુળતા નથી,...**' એ .. કર્મના નિમિત્તથી ઉત્પન્ન થનારા પુણ્ય-પાપના ભાવ એ આકુળતા છે. એ આકુળતા નથી એમાં. આહા..હા..! શુભભાવ પણ આકુળતા છે. એ પંચ મહાવ્રતના પરિણામ આકુળતા છે. ગજબ વાતે છે. ડાલચંદજી! લોકો તો થરથરી ઉઠે અંદરથી. અરરર! આ! ન સમજે એ થરથરેને. અજ્ઞાની. આહા..હા..! માર્ગ તો આવો છે, ભગવાન! એ માર્ગને ઓળખ્યા વિના તારા જન્મ-મરણ નહિ મટે. સમજાણું કાંઈ? આહા..હા..! દુનિયા ઠીક કહે, આખો સમાજ એમ કહે

કે બહુ સારું. એનાથી શું સારું થઈ જાય? સારો છે એ સારો રહેશે. સમજાણું કાંઈ? તો કહે છે '**કર્મના નિમિત્ત થતાં...**' પુણ્ય-પાપનો વિકલ્પ રાગ એ તો આકુળતા છે. ઉપર તરે છે. અંદરમાં જતી નથી. અંદરમાં છે જ નહિ. એ તો આકુળતા રહિત ભગવાન આત્મા છે. એવો બેની વચ્ચે વિવેક, બેની વચ્ચેનો નિર્ણય એ નિર્ણયમાં જ રાગનો ત્યાગ થઈ ગયો. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ પોતાના નિર્ણયમાં પાંચેયનો ત્યાગ થઈ ગયો. પાંચેયનો ત્યાગ થયો કે નહિ? આહા..હા..! પહેલાં દૃષ્ટિમાં જ હજી ત્યાગ નથી, એમાં અસ્થિરતાનો ત્યાગ ક્યાંથી આવશે? સમજણું કાંઈ?

'**આકુળતા નથી, જે અવિનાશીપણે અંતરંગમાં અને બહારમાં પ્રગટ દેદીપ્યમાન છે—જાણવામાં આવે છે,...**' અવિનાશીપણે નાશવાન વિનાની ચીજ એ તો ત્રિકાળી ચૈતન્ય જ્યોત શાશ્વત ચૈતન્ય દીવો, શાશ્વત ચૈતન્ય સૂર્ય. અવિનાશી છે. કદી નાશ થતો નથી. '**અંતરંગમાં અને બહારમાં પ્રગટ દેદીપ્યમાન છે—જાણવામાં આવે છે,...**' અંતરંગમાં પ્રગટ દેદીપ્યમાન છે અને બહારમાં વચનકાયાની ક્રિયાથી પ્રગટ દેદીપ્યમાન છે. અથવા બહારને જાણવામાં પણ પ્રગટ દેદીપ્યમાન છે એમ કહે છે. પોતાને જાણવામાં જ ત્રિકાળ ચૈતન્ય ભાવ છે અને પરને જાણવામાં પણ ત્રિકાળ ચૈતન્યભાવ છે. પરને જાણે છે. એ પણ વ્યવહાર કહ્યો. આહા..હા..! અહીં તો એણે કાયા અને વચન લીધુંને. ક્રિયાથી પ્રગટ દેદીપ્યમાન છે. શાંતિ દેખાય છે. એની શરીરની વાણીમાં પણ ભિન્નતા દેખાય. કેમકે એકતા નથી ત્યાં એની ભિન્નતા દેખાય છે એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**જાણવામાં આવે છે,...**' દેદીપ્યમાન છે એટલે જાણવામાં આવે છે.

'**જે સ્વભાવથી થયું છે—**' સ્વભાવથી થયું છે એમ કહે છે. સમજાણું? '**सहजमुद्विलासं**' સ્વભાવિક વસ્તુ છે, અકૃત્રિમ છે. કરેલું નહિ, કરેલું નથી. અવિનાશી ચીજ છે. એ સ્વભાવથી થયું છે. થયું એટલે સ્વભાવથી છે એમ. કોઈથી બનેલું નથી. '**કોઈએ રચ્યું નથી...**' જુઓ, હવે અર્થ કર્યો. એણે '**કોઈએ રચ્યું નથી...**' કોઈ ઈશ્વર કર્તા છે એનો, ઈશ્વર બનાવનાર છે એવી ચીજ નથી. આહા..હા..! સહજ સ્વભાવ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ સહજ સ્વભાવપણે બિરાજમાન છે. આહા..હા..! '**અને હંમેશા જેનો વિલાસ ઉદયરૂપ છે—**' જુઓ, આહા..હા..! પર્યાયમાં પણ સદા આનંદની લહેર ઉઠે છે એમાં. સમજાણું કાંઈ? વિલાસ ઉદય પ્રગટ છે. '**જે એકરૂપ પ્રતિભાસમાન છે.**' સ્વરૂપ પણ એકરૂપ પ્રતિભાસમાન છે અને પર્યાયમાં પણ એકરૂપતાનો જ અનુભવ છે. અનેકતાનો છે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ જૈનશાસન. આહા..હા..! એ કહ્યુંને ૧૫મી ગાથામાં.

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।
*अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।

૧૫મી ગાથા. જેણે પોતાના આત્માને પરદ્રવ્યથી ભિન્ન, રાગથી ભિન્ન, પર્યાયથી, અનેકતાથી ભિન્ન, આકુળતાથી ભિન્ન. એવા આત્માને જેણે અંદર જાણ્યો, એ પરથી વિવેક થયો. પોતાપણું પરમાં છે નહિ. પોતાપણું છે એમાં પોતાપણું રહ્યું. તેને અપદેશ. જૈનસિદ્ધાંતમાં એ કહેવામાં આવ્યું છે. જૈનસિદ્ધાંત એને કહીએ કે જે પરથી ભિન્ન બતાવે, વીતરાગતા બતાવે એ જૈનસિદ્ધાંત છે. જેમાં રાગથી લાભ બતાવે એ જૈનશાસન નથી. એ તો રાગ શાસન છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**अपदेससंतमज्झं**' એટલે ભાવશ્રુત, અપદેશ એટલે દ્રવ્યશ્રુત. ભગવાનની વાણીમાં તો એમ આવ્યું છે. સર્વ વાણી, ચાર અંગોની. એમાં તો એમ કહ્યું કે તારો આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે એનો અનુભવ કરો એ અમારો જૈનશાસન છે. એ તારી પર્યાયમાં પ્રગટ થયું એ જૈનશાસન છે. આહા..હા..! શુદ્ધ ઉપયોગ અને શુદ્ધ પરિણતિ ભાવશ્રુત થઈ એ જૈનશાસન છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ જૈનશાસન નથી. ..દાસજી! આ વ્યવહારત્નત્રય નથી? તો રત્ન કેમ કહ્યું? એ તો આરોપ દઈને કહ્યું નામમાત્ર કથન. એમ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. સાથે છે વસ્તુ. એ તો નિમિત્તથી બતાવ્યું. કેમકે વસ્તુ એ છે નહિ. સમજાણું કાંઈ?

'**पस्सदि जिणसासणं सव्वं।**' એવો આત્મા જેણે જોયો, જાણ્યો, અનુભવ્યો એ જૈનશાસન છે. જૈનશાસન પોતાની પર્યાયથી દૂર નથી રહેતો. એ પર્યાય એ જૈનશાસન છે. વીતરાગી પર્યાય એ જૈનશાસન છે. આહા..હા..! સમજાણું કાંઈ? સંસાર પણ પોતાની પર્યાયથી ભિન્ન નથી રહેતો. રાગ અને પુણ્યની એકતાબુદ્ધિ એ મિથ્યાત્વ એ સંસાર, એ પણ પર્યાયમાં છે. સંસાર કોઈ કર્મમાં, શરીરમાં, સ્ત્રી, કુટુંબમાં, પૈસામાં, આબરૂમાં કોઈ સંસાર નથી. એ તો પરચીજ છે. ત્યાં સંસાર ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? એ તો માન્યતા છે એ જ સંસાર છે. આમ બીડીના વેપારી છે મોટા. બહુ મોટી બીડી બાળકબીડી લ્યોને ભાઈ જે હોય એ. બુંદેલ શહેરના શેઠ છે. ... સાગર.

મુમુક્ષુ :- બુંદેલ ખંડના બાદશાહ.

ઉત્તર :- કોનો પણ બાદશાહ? પરવસ્તુ તો તારામાં છે નહિ તો બાદશાહ ક્યાંથી થયો? એ તો .. ખંડ થયો. અખંડ ન રહ્યો. પોતામાં ખંડ ખંડ રહે. આહા..હા..! ભાઈએ કહ્યું છેને એ. છ ખંડ. લોકો કહે છે કે ચક્રવર્તી છ ખંડ સાધે છે. સોગાની. અમે તો કહીએ છીએ કે અખંડ સાધે છે. છ ખંડ નહિ, અખંડ સાધે છે. સમ્યગ્દૃષ્ટિ છ ખંડમાં રહ્યા છે એમ પણ નથી. છ ખંડને સાધે એમ પણ નથી. રાગને સાધે એમ પણ નથી. સમકિતીમાં રાગ છે એમ પણ નથી. રાગમાં સમકિતી છે એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? છ ખંડને સાધવા ગયા. અમે તો કહીએ છીએ કે અખંડનું જ સાધન કરે છે. ફુલચંદભાઈ!

ભારે કામ આવું. કહો, પંડિતજી! ભરત ચક્રવર્તી શું કરતા હતા? અખંડને સાધે છે. અખંડ અબાધિત છેને આ? અબદ્ધસ્પૃષ્ટ અખંડ એને સાધતા હતા. લોકો કાંઈક દેખે અંદરમાં કાંઈક છે. સમજાણું કાંઈ? બાહ્ય ત્યાગવાળા એમ દેખે અને દુનિયા એમ દેખે કે આ તો ત્યાગી છે, અંદરમાં પાખંડ છે. આહા..હા..! રાગથી પોતાપણું માન્યું છે તો રાગનો ત્યાગ હજી શ્રદ્ધામાં નથી, કોનો ત્યાગ કર્યો એણે? આહા..હા..!

મુમુક્ષુ :- અખંડનો ત્યાગ કર્યો છે.

ઉત્તર :- અખંડનો ત્યાગ કર્યો છે એ વાત સાચી. આહા..હા..! શુભભાવ અને દયા, દાનનો વિકલ્પ એનાથી લાભ માને એણે અખંડ આત્માનો ત્યાગ કર્યો છે. વિકારનો સંયોગ કર્યો. આહા..હા..! વિકારનો સંયોગ કર્યો. એનો સ્વભાવ છે નહિ વિકારનો. સંયોગ કર્યો. સ્વભાવનો વિયોગ કર્યો. આહા..હા..! દિગંબર સંતો, વીતરાગી સંતો, એ સિવાય આ વાત ક્યાં છે નહિ. એ વાણી નિઃસ્પૃહ સંતો જગતને .. આનંદમાં ઝૂલતા હતા એમાં વિકલ્પ આવ્યો તો શાસ્ત્ર રચાઈ ગયા. સમજાણું કાંઈ? આ સમયસાર, નિયમસાર. ઓહો..હો..! એવી રચના રહી ગઈ. સીધો માર્ગ જણાય એવો માર્ગ છે આ. દુનિયા માને, ન માને એની સાથે તત્ત્વનો સંબંધ નથી. સંખ્યા હો, ન હો. ઘણા માને માટે સત્ સંખ્યા છે એવી કોઈ ચીજ છે? આહા..હા..! ૧૩મી ગાથા.

‘**ભાવાર્થ :- આચાર્યે પ્રાર્થના કરી છે કે આ જ્ઞાનાનંદમય એકાકાર...**’ જ્ઞાનાનંદમય. આહા..હા..! અભેદ. એ જ્ઞાન અને આનંદસ્વરૂપ સુખનો સાગર ભગવાન અને જ્ઞાનનો દરિયો. જ્ઞાનનો સમુદ્ર એવો જ્ઞાનાનાંદમય એકાકાર ... કુંદકુંદાચાર્ય ભાવલિંગી સંત હતા. સમજાણું કાંઈ? દ્રવ્યલિંગી પણ બાહ્યથી તો એનો વ્યવહાર સારો હોય છે. સમજાણું કાંઈ? તોપણ એ મિથ્યાદૃષ્ટિ છે. અંતરમાં રાગની એકતા માની છે આ તો રાગનો પણ દૃષ્ટિમાં ત્યાગ નથી તો અસ્થિરતાનો ત્યાગ તો ક્યાંથી આવ્યો? અને અસ્થિરતાના ત્યાગ વિના બાહ્યના નિમિત્તરૂપે દ્રવ્ય છૂટ્યું એવો અસદ્ભૂત વ્યવહારનયનું કથન પણ ક્યાંથી આવ્યું? બહુ આકરું કામ ભાઈ! આ વીતરાગના પ્રોફેસર છે. માર્ગ આવો છે, ભાઈ! કોઈના પક્ષની વાત લેવી એમ નથી. વસ્તુસ્થિતિ આવી છે. બીજાની સાથે મિલાન ન થાય. એ તો એનો વિરોધ છે. તત્ત્વમાં એવી ચીજ છે નહિ. લ્યો!

## શ્લોક-૧૫

હવે, આગળની ગાથાની સૂચનારૂપે શ્લોક કહે છે :-

(अनुष्टुभ्)

एष ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः।
साध्यसाधकभावेन द्विधैकः समुपास्यताम्।।१५।।

શ્લોકાર્થ :- [एषः ज्ञानघनः आत्मा] આ (પૂર્વકથિત) જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે, [सिद्धिम् अभीप्सुभिः] સ્વરૂપની પ્રાપ્તિના ઇચ્છક પુરુષોએ [साध्यसाधकभावेन] સાધ્યસાધકભાવના ભેદથી [द्विधा] બે પ્રકારે, [एकः] એક જ [नित्यम् समुपास्यताम्] સેવવાયોગ્ય છે; તેનું સેવન કરો.

ભાવાર્થ :- આત્મા તો જ્ઞાનસ્વરૂપ એક જ છે પરંતુ એનું પૂર્ણરૂપ સાધ્યભાવ છે અને અપૂર્ણરૂપ સાધકભાવ છે; એવા ભાવભેદથી બે પ્રકારે એકને જ સેવવો. ૧૫.

## શ્લોક-૧૫ ઉપર પ્રવચન

'હવે, આગળની ગાથાની સૂચનારૂપે શ્લોક કહે છે :—' એ ગાથા પૂરી થઈ. આગળની ગાથા સોળમી. એનો શ્લોક છે આ.

(अनुष्टुभ्)

एष ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः।
साध्यसाधकभावेन द्विधैकः समुपास्यताम्।।१५।।

આહા..હા..! **'આ (પૂર્વકથિત) જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે,...'** જ્ઞાનસ્વભાવની ચીજ આ આત્મા. **'સ્વરૂપની પ્રાપ્તિના ઇચ્છક...'** આવા સ્વરૂપની પ્રાપ્તિના અભિલાષી જીવ **'પુરુષોએ...'** એટલે આત્માએ **'સાધ્યસાધકભાવના ભેદથી બે પ્રકારે, એક જ નિત્ય સેવવાયોગ્ય છે;...'** શું કહે છે? સ્વરૂપ તો જ્ઞાનરૂપ ત્રિકાળ જ્ઞાનસ્વભાવ ભગવાન, પણ એની એક જ ચીજમાં બે પ્રકારે સાધ્યસાધકભાવના ભેદથી. સાધ્ય જે જ્ઞાનની પૂર્ણદશા અને સાધક જે જ્ઞાનની અપૂર્ણદશા. એ એમાં જ છે. અહીં સાધ્ય પૂર્ણદશાની વાત છે પર્યાયની.

સાધક ત્રિકાળ દ્રવ્યની વાત નથી. અહીં તો એવી વાત છે. ભગવાન .. આવું જ્ઞાનસ્વરૂપ એની પૂર્ણ પ્રાપ્તિ એ તો સાધ્ય છે અને એનું સાધક અપૂર્ણ જ્ઞાનદર્શન ચારિત્રની પર્યાય છે એ સાધક છે. વ્યવહારરત્નત્રય સાધક છે અને સાધ્ય કેવળજ્ઞાન છે એમ નથી. આ તો નિશ્ચયરત્નત્રય જે અંદર સ્વભાવને આશ્રયે સમ્યગ્દર્શનજ્ઞાન કહ્યું એ સાધક. સમજાણું કાંઈ? આહા..હા..! અને પૂર્ણ પર્યાય એ પ્રગટ કરવાની છે. એ સાધ્ય છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ, ભગવાનની ભક્તિનો રાગ એ સાધક છે કે પંચ મહાવ્રતનો વિકલ્પ સાધક છે એ છે જ નહિ. ભારે ભાઈ! એની ને એની અખંડાનંદ પ્રભુ એની સાધકદશા નિર્મળ શુદ્ધ ઉપયોગ પરિણતિ એ સાધક અને એનું પૂર્ણ ફળ એ સાધ્ય. બેય એમાં છે. પરદ્રવ્યનો સ્પર્શ અને પરદ્રવ્યનું આલંબન એમાં કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

**'બે પ્રકારે, એક જ નિત્ય સેવવાયોગ્ય છે;...'** પણ વસ્તુ તો એક જ છે એનો એ આત્મા એમ. બીજો કોઈ વિકલ્પ કે એનો સહારો લઈને એક જ વસ્તુ જ્ઞાનસ્વરૂપ એનું સાધકપણું અને એનું સાધ્ય બેય એક જ વસ્તુમાં છે. બીજા દ્રવ્યનો આધાર, બીજા દ્રવ્યનું અવલંબન એમાં છે નહિ. એવો એક જ ભગવાન આત્મા મોક્ષમાર્ગની પર્યાય જે સાધક છે અને પૂર્ણદશા મોક્ષ એ સાધ્ય. એક જ આત્મામાં બે પ્રકાર પડે છે. બીજાની અપેક્ષા નથી. એવી વસ્તુનું સેવન કરો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૬

दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।
ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो।।१६।।
दर्शनज्ञानचारित्राणि सेवितव्यानि साधुना नित्यम्।
तानि पुनर्जानीहि त्रीण्यप्यात्मानं चैव निश्चयतः।।१६।।

येनैव हि भावेनात्मा साध्यः साधनं च स्यात्तेनैवायं नित्यमुपास्य इति स्वयमाकूय परेषां व्यवहारेण साधुना दर्शनज्ञानचारित्राणि नित्यमुपास्यानीति प्रतिपाद्यते। तानि पुनस्त्रीण्यपि

परमार्थेनात्मैक एव, वस्त्वन्तराभावात्। यथा देवदत्तस्य कस्यचित् ज्ञानं श्रद्धानमनुचरणं च देवदत्तस्वभावानतिक्रमाद्देवदत्त एव न वस्त्वन्तरम्; तथात्मन्यप्यात्मनो ज्ञानं श्रद्धानमनुचरणं चात्मस्वभावानतिक्रमादात्मैव, न वस्त्वन्तरम्। तत आत्मा एक एवोपास्य इति स्वयमेव प्रद्योतते। स किल —

હવે, દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સાધકભાવ છે એમ ગાથામાં કહે છે :-

દર્શન, વળી નિત્ય જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;
પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચયદષ્ટિમાં. ૧૬.

શ્લોકાર્થ :- [साधुना] સાધુ પુરુષે [दर्शनज्ञानचरित्राणि] દર્શન, જ્ઞાન અને ચારિત્ર [नित्यम्] સદા [सेवितव्यानि] સેવવાયોગ્ય છે; [पुनः] વળી [तानि त्रीणि अपि] તે ત્રણેને [निश्चियतः] નિશ્ચયનયથી [आत्मानं च एव] એક આત્મા જ [जानीहि] જાણો.

ટીકા :- આ આત્મા જે ભાવથી સાધ્ય તથા સાધન થાય તે ભાવથી જ નિત્ય સેવવાયોગ્ય છે એમ પોતે ઈરાદો રાખીને બીજાઓને વ્યવહારથી પ્રતિપાદન કરે છે કે 'સાધુ પુરુષે દર્શન, જ્ઞાન, ચારિત્ર સદા સેવવાયોગ્ય છે'. પણ પરમાર્થથી જોવામાં આવે તો એ ત્રણેય એક આત્મા જ છે કારણ કે તેઓ અન્ય વસ્તુ નથી-આત્માના જ પર્યાયો છે. જેમ કોઈ દેવદત્ત નામના પુરુષનાં જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ, દેવદત્તના સ્વભાવને ઉલ્લંઘતા નહિ હોવાથી, (તેઓ) દેવદત્ત જ છે-અન્ય વસ્તુ નથી, તેમ આત્મામાં પણ આત્માનાં જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ, આત્માના સ્વભાવને ઉલ્લંઘતાં નહિ હોવાથી, (તેઓ) આત્મા જ છે-અન્ય વસ્તુ નથી. માટે એમ સ્વયમેવ સિદ્ધ થાય છે કે એક આત્મા જ સેવન કરવા યોગ્ય છે.

ભાવાર્થ :- દર્શન, જ્ઞાન, ચારિત્ર-ત્રણે આત્માના જ પર્યાયો છે, કોઈ જુદી વસ્તુ નથી; તેથી સાધુ પુરુષોએ એક આત્માનું જ સેવન કરવું એ નિશ્ચય છે અને વ્યવહારથી અન્યને પણ એ જ ઉપદેશ કરવો.

## મહા સુદ-૧૦, મંગળવાર, તા. ૨૫-૦૧-૧૯૭૨
## ગાથા-૧૬, પ્રવચન-૮૧

'હવે, દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સાધકભાવ છે એમ ગાથામાં કહે છે :—' છેને ઉપર? ઉપરથી લીધું છે. ઉપરથી અહીં. ટીકામાં નહિ.

**दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।**
**ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो।।१६।।**
**દર્શન, વળી નિત જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;**
**પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચયદષ્ટિમાં. ૧૬.**

અહીં પર્યાયને અભેદ કરીને આત્મા કહ્યો છે. એમ કહે ત્રિકાળી જે આત્મા છે એ તો છે, પણ આ તો દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાનું પરિણમન એ આત્મા જ છે એમ. ત્રણ ભેદ કહ્યા ભલે, પણ એ દર્શન-જ્ઞાન-ચારિત્રની એકરૂપ પરિણતિ તે આત્મા જ છે. આત્માથી અનેરી અવસ્થા નથી. કહે છેને. સિદ્ધ કરશે દાખલો આપીને.

'**ટીકા :- આ આત્મા...**' જેને આત્માનું નિધાન પ્રગટ કરવું હોય એને. આહા..હા..! જેને સ્વસ્વરૂપ પોતાનું શું છે એવું જેને પ્રગટ કરીને પૂર્ણ સાધ્ય નામ મુક્તિ પ્રગટ કરવી હોય તેને. સંસાર તો અનાદિથી દુ:ખને સાધી જ રહ્યો છે એ તો અનાદિથી જીવ. આહા..હા..! રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, સંકલ્પ-વિકલ્પ, પરમાં સુખ એવી ભ્રાંતિ એવા મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યા આચરણને તો સાધ્ય સંસાર કરીને સાધી રહ્યો છે. એનું ફળ તો સંસાર છે. ચાર ગતિ છે રખડવાની. જેને સાધ્ય નામ મુક્તદશા, સિદ્ધદશા, સંસારભાવના, અભાવસ્વભાવરૂપ સિદ્ધદશાની જેને પ્રાપ્તિ કરવી હોય એણે '**આત્મા જે ભાવથી સાધ્ય...**' એ સ્વભાવના અંતર એકાગ્ર દ્વારા એ સાધ્ય નામ મુક્તિ થાય છે. કહો, સમજાણું કાંઈ? આ પ્રવૃત્તિના પરિણામ જે છે સંસારના. એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના એની તો અહીં ગણતરી ગણી જ નથી. કારણ કે એનાથી સાધ્ય થતું નથી અને એ ખરેખર સાધન પણ નથી. અત્યારે એ મનાઈ રહ્યું છે બહારથી. શેઠ! આહા..હા..!

આત્મા જેમાં સાધક અને સાધ્યરૂપે પોતે પોતામાં પરના આશ્રય વિના સ્વના અવલંબે મુક્તરૂપ અને મુક્તના સાધનરૂપ પરિણમે એ આત્મા પોતે મુક્ત સાધન અને સાધ્ય છે. વ્યવહારના વિકલ્પો અને શરીરાદિનું નિમિત્ત એ કોઈ સાધક પણ નથી અને એ સાધ્યને પ્રાપ્ત કરાવે

એવું એનામાં સાધકપણું નથી. આહા..હા..! ભારે. પરદ્રવ્યના સહારા વિના, સ્વદ્રવ્યને સહારે મુક્તદશા અને મુક્તના કારણની દશા પ્રગટ થાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા **'આ આત્મા...'** પ્રત્યક્ષ જ્ઞાનથી અનુભવવા યોગ્ય ચીજ. આ ભગવાન આત્મા જે બીજાની શોધમાં જે અનાદિથી છે એ જીવને હિત કરવું હોય તો એ પોતાની શોધમાં જ્યારે આવે ત્યારે એ પ્રત્યક્ષ જ્ઞાનમાં થતો આત્મા એની મુક્તિનું સાધન થાય અને એ સાધનમાં પણ પોતે પરિણમે છે. જ્ઞાનની, આત્માની, અપૂર્ણદશારૂપી સાધક અને પૂર્ણદશારૂપી સાધ્ય બસ એમાં ને એમાં બધું સમાય છે. પરની કોઈ અપેક્ષા એને નથી. એમ કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'આ આત્મા જે ભાવથી...'** જે પર્યાયથી, જે દશાથી **'સાધ્ય થાય તથા સાધન થાય તે ભાવથી જ...'** તે આત્માની વીતરાગી દશાથી જ નિત્ય આત્માનું સેવન, આત્માનું આરાધન કરવાલાયક છે. કહો, સમજાણું કાંઈ? નિત્ય સેવવાયોગ્ય છે એમ કેમ કહ્યું? કે કાયમ આત્માને મુક્તિની દશા થાય તેના કારણને સેવવું, એક સમય પણ એનો આંતરો પડે નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- નિત્ય તો અનાદિ-અનંત છે.

ઉત્તર :- નિત્ય સેવવું એટલે આમ સેવવું નિત્ય એમ. નિત્યને સેવવું નહિ, નિત્ય સેવવું. નિરંતર. નિત્યને સેવવું નહિ, પણ નિત્ય સેવવું. એટલે કે વસ્તુ ભગવાન આત્મા સચ્ચિદાનંદ વીતરાગ મૂર્તિ, પરમેશ્વર વીતરાગદેવે પ્રગટ કરી પર્યાયમાં, એવો જે ભગવાન પૂર્ણાનંદનો નાથ, ગુણથી સનાથ. સમજાય છે કાંઈ? એવો આત્મા જે પર્યાયથી, જે ભાવથી મુક્તિ થાય અને જે ભાવથી સાધક થાય. એ રીતે આત્માને તે પર્યાયથી નિત્ય સેવવો. કોઈ સમયમાં પણ રાગથી લાભ થાય કે રાગનું સેવન કરવું એ ધર્મીને હોતું નથી. એમ કહે છે. આહા..હા..! અમીચંદભાઈ! આવો માર્ગ છે. હવે તો અહીં બંગલા નાખ્યા છે. આહા..હા..! એવી વાત છે. ભગવાન આત્મા એકલો જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ છે. એ પરમાં આનંદ શોધવા જાય છે એ મૂર્ખાઈ છે એની. સમજાણું કાંઈ? એની આત્મદશા તો એને કહીએ કે પોતાના આત્માને નિત્ય અંતર એકાગ્રતાથી સેવે એને ડહાપણ કહીએ. શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એને આ આને. આહા..હા..!

ભગવાન આત્મા વસ્તુ તરીકે ત્રિકાળી ધ્રુવ અને જે ભાવથી સિદ્ધિ અને સાધક થાય એ તો પર્યાય છે. એ પર્યાય પણ કઈ પર્યાય? દ્રવ્યમાં નિત્ય તે એનું સેવન કરવું. વીતરાગી દશાનું સેવન કરવું. વ્યવહાર રત્નત્રયને અને નિમિત્તને એની સેવના નહિ એ વાત નથી લીધી. છે નહિ એટલે નથી. આનું સેવન કરવું. આહા..હા..! સમજાણું કાંઈ? જેને જાણવો જોઈએ

એ રહી ગયો. જેને જાણવાની જરૂર નથી એને જાણવાના પ્રયાણ કર્યા છે. આહા..હા..! આ બહારમાં થોથા તમારા વકીલાતને, આ ડોક્ટરને. બધા ડોક્ટરે દવાખાના નાખ્યા. આ બીડીયુંને. સમજાણું કાંઈ? બબ્બે હજારના, પાંચ-પાંચ હજારના પગાર મળે. એવું શીખ્યો રખડવાનું. આહા..હા..! ચાર ગતિમાં રખડવાનું છે. જે જાણવા જેવું છે એ જાણ્યું નહિ અને જે જરૂર નથી અપ્રયોજન વસ્તુ એને જાણી. એમ.

મુમુક્ષુ :- રોટલા વિના શી રીતે ચાલે?

ઉત્તર :- રોટલા વિના જ ચાલે છે આત્માને. આત્મા રાગ વિના ચાલે છે તો રોટલા વિના તો ત્રિકાળ ચાલે છે. અહીં તો આ એક જ વાત કરે છે. આહા..હા..! ભગવાન! તું આત્મા છો. તારામાં અનંત આનંદ અને નિધિ ત્યાં પડી છે, ભાઈ! પૂર્ણ આનંદનો નાથ છો. એ ક્યારે મુક્તિ એટલે દુઃખનો અભાવ અને પૂર્ણ સુખની પ્રાપ્તિ એવી મુક્તિ એનું જો સાધન કરવું હોય તો સ્વભાવ સન્મુખની પર્યાયનું નિત્ય સેવન કરવું. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં નજરું પોગાડી છે ત્યાં એ નથી અને જ્યાં નજર પહોંચાડવી જોઈએ ત્યાં એ કરતો નથી. આહા..હા..! એનો અર્થ થયોને કે પરમાં પોતાપણું જે માન્યું છે એ ઉઠાવી લે અને તું જ્યાં છો તેને માન એની માન્યતા અને એના જ્ઞાન અને રમણતાથી સિદ્ધિ થાય છે. એની માન્યતા અને જ્ઞાન અને રમણતાથી મુક્તિ થાય છે. આત્મા જ સાધકકાળે પરિણમે છે અને આત્મા જ મુક્તિપણે થાય છે. બીજો કોઈ વિકલ્પ અને નિમિત્તનો ભાવ નથી. આહા..હા..! કહો, સમજાણું આમાં? ..ચંદભાઈ! આવી ચીજ છે આ બહુ મોંઘી.

મુમુક્ષુ :- નિરપેક્ષ છે.

ઉત્તર :- નિરપેક્ષ છે. પરની અપેક્ષાથી વસ્તુ છે ત્યાં. પોતે જ આત્મા છે. રાગાદિ તો અણાત્મા છે. શરીરાદિ અણાત્મા એ તો પર છે. અણાત્માને સ્વ તરીકે જાણ્યું છે એ જ સંસાર છે. એ જ દુઃખરૂપી સંસારમાં ડૂબી રહ્યો છે. સમજાણું કાંઈ?

'**આ આત્મા...**' આ આત્મા પ્રત્યક્ષ છે એમ. સમ્યગ્જ્ઞાનને ગમ્ય છે. વિચારવંતને ગમ્ય છે આવ્યું હતુંને આપણે નિયમસારમાં. વિચારક જીવોને ગમ્ય છે. અગમ્ય છે એવી કોઈ ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પોતે પોતાની ચીજને અગમ્ય કરે એવો એનો સ્વભાવ જ નથી એમ કહે. ગમ્ય કરાવે, કરે એવો જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? ઇન્દ્રિય સંબંધીનું જ્ઞાન એ કાંઈ એનું સ્વરૂપ નથી અને એનાથી ગમ્ય થાય એવો એનો સ્વભાવ નથી. આહા..હા..! ભગવાન આત્મા એક જ લીટીએ કેટલું નાખ્યું છે જુઓને. આહા..હા..! ભાઈ! તું આત્મા છોને પ્રભુ! આ શરીર આ તો માટી, જડ છે, આ તો ધૂળ છે. વાણી જડ છે, આ શરીર જડ છે, તું જડ છો? એ જડને આધારે રહ્યો છો? તું જડમાં છો? તું તો તારા અનંત આનંદ જ્ઞાનમાં તું છો. એવો ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન અને આનંદનું

ધામ નિત્યધામ એની નિત્ય સેવા કરવી. એમ કહીને આચાર્ય સ્વરૂપ તરફની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એક સમય પણ છોડવી નથી. એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- એવો ઉપદેશ દે છે.

ઉત્તર :- એવો ઉપદેશ દે છે એને કરાવું કહો. અહીં તો કહે આમ કરો.. આમ કરો.. વ્રત પાળો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો તો એને આત્મા મળશે. એ ભગવાનનો ઉપદેશ જ એ નથી.

મુમુક્ષુ :- બીજા શાસ્ત્રમાં લખ્યું.

ઉત્તર :- બીજા શાસ્ત્રમાં લખ્યું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા. એમ કે બીજા શાસ્ત્રમાં લખ્યું છેને? એ તો એ કાળે એને રાગની મંદતાની જાત ચરણાનુયોગની વિધિ પ્રમાણે કેવી હોય એનું સ્વપરપ્રકાશનો એનો સ્વભાવ છે તો પર આવું હોય એવું જણાવ્યું છે. આમ છે. આઘું લઈ જાય તો કાંઈ ચાલે એવું નથી.

મુમુક્ષુ :- એ કરો કરો એમ લખ્યું છે.

ઉત્તર :- એ કરો એ વ્યવહારનયના કથન એવા જ હોય. વ્યવહારનય અન્યથા કહે. સમજાણું કાંઈ? આહા..હા..! વ્યવહારનયના ગ્રંથમાં તો એ જ આવે આમ કરો... આમ કરો... મંદિરો કરાવો, મંદિર એક મુર્તિ કરાવે તો આવું થાય અને જે મૂર્તિ પધરાવે ભગવાનને મંદિરમાં એ તો વળી મોટો સંઘવી કહેવાય. શું કીધું? પદ્મનંદીમાં નથી આવ્યું?

મુમુક્ષુ :- સૌથી પહેલા .. એના વખાણ પૂરા ન કરી શકે.

ઉત્તર :- પુણ્ય એવા જ છેને એટલે એ હોય છે. અને એ વળી મંદિરમાં પધરાવે અને મંદિર કરાવે એનું તો શું કહેવું એમ વળી આવે છે. ભાઈ! એ તો વ્યવહારનો વિકલ્પની જાત એને હોય છે ત્યારે આ રીતની હોય છે એમ જણાવે છે. કરે કોણ ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ વાત સાચી છે પુણ્યની. પુણ્યની પણ એ વાત છે. સમજાણું? પણ એ પુણ્યના પરિણામ કોને હોય? એ બતાવવું છે. જેને આત્માનું ભાન છે એને આ દશામાં આવો વિકલ્પ હોય એનું જ્ઞાન કરાવ્યું છે. શું થાય? વર મૂકીને જાન જોડી દીધી. ભાઈએ ન કહ્યું હમણાં ઓલા હુકમીચંદે. ભાઈ! નક્કી કર્યું છે લગન આની સાથે કરવા એ વિના જાન જોડી દેવી? તો ક્યાં જશે જાન? કોની પાસે જશે? કોને ઘરે જાશે? આહા..હા..! એમ નિશ્ચય આત્મા શું ચીજ છે એનો અનુભવ થયા વિના ક્યાં જાવું છે એને? સમજાણું કાંઈ? એકલો વ્યવહાર માંડ્યો પાધરો આ દયા, દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા. જાન જોડી દીધી. ક્યાં જાવું છે અને કોની પાસે જાવું છે એની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભટકવા જાવું.

ઉત્તર :- ભટકવા જાય. ભટકે જ છેને એ ગધેડાની માફક. આહા..હા..! આવ્યું હતું નહિ ગલીમાં કાંઈક. વર પરણવા ગયો હતો કાંઈ નહિ? પછી વર ત્યાં પરણવા ગયો હતો એ વરનો બાપ ફાટ્યો કે કન્યાનું ટાણું થઈ ગયું છે એનું આમ જોશે, એનું ફલાણું જોશે, દસ હજાર રૂપિયા હમણાં જોશે, ફલાણું જોશે એમ કરીને મોટી પડ માંડી મારે. હવે ઓલા સાધારણ માણસ હશે જાનવાળા. જુવાનિયા બધા થયા ભેગા. કે હવે આ કરવું શું? ટાણું થઈ ગયું. બહાર ગયા તો ગધેડો એક. આવો બહાર. તમને આપીએ છીએ. બેસાડ્યો ગધેડા ઉપર અવળે માથે. અવળે એટલે આમ. માથાકોર મોઢું નહિ, પૂંછડાકોર મોઢું બેસાડ્યો એને. અરે આ શું કરે છે? .. આ બધું. સારા મૂરખ! અત્યારે આ લગન વખતે આવું લઈને બેઠો છો તારો બાપ અને તું. ગધેડે બેસાડીને કાળું મોઢું કરીને કાઢ્યો બહાર. જા. અમારી કન્યા જશે ક્યાંક ગમે ત્યાં. એય..! આહા..હા..!

મુમુક્ષુ :- એ તો કોકની વાત છે. બધાને ક્યાં લાગુ પડે?

ઉત્તર :- એમ જ આણે માંડીને છેને અનાદિની. રાગ આટલો જોશે, કષાયમંદ આટલો જોશે, ફલાણું આટલું જોશે, તો ધર્મ થાશે. ધૂળેય નહિ થાય સાંભળને. કહો, વસંતભાઈ! સુરેન્દ્રભાઈ! આહા..હા..! વસંતભાઈ તો અહીં છે બીજા. છોકરા આવ્યા છે નહિ એ? છોકરા આવ્યા છે ગયા?

અહીં તો કહે છે. આહા..હા..! ભગવાન કહે છે કે આવું કરવું પડશે તારે કે આવું કરવું પડશે તો આ થાશે. કોણે કીધું તને આ બધું? એ તને આત્મા સાથે લગન નહિ થાય તને લે. રખડ ચાર ગતિમાં મારા. સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાત છે. પણ એને ખબર પડતી નથી. મૂઢ થઈ ગયો છેને. એવું આવે છે શાસ્ત્રમાં લખાણમાં એવું કે આમ કરવું... આમ કરવું... અભૂતાર્થ વ્યવહારનયને કહે છે નહિ. આહા..હા..! હવે એ કઈ અપેક્ષાએ અભૂતાર્થ સાંભળને. એ તો ત્રિકાળની અપેક્ષાએ અભૂતાર્થ, પોતાની અપેક્ષાએ નથી. ખૂબ લખાણ આમાં આવ્યું છે. અરે! ભગવાન! ભાઈ! પર્યાય પર્યાય તરીકે નથી? રાગ રાગ તરીકે નથી? નિમિત્ત નિમિત્ત તરીકે અસ્તિ નથી? છે. પણ એ આશ્રય કરવાલાયક નથી. એ આશ્રય કરવાલાયક એ નથી. એને માટે અમારી અપેક્ષાએ તે નથી એમ કહેવું છે એમ.

અમારો ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ નજર કરે નિધાન હાથ આવે. એવો છે એ. એને જોતાં, જાણતા જે મળે એ બીજાને જોતાં જાણતા મળે એવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ આત્મા જે ભાવથી સાધ્ય અને સાધન થાય એ પર્યાયની વાત છે આ.

મુમુક્ષુ :- પર્યાય વળી સાધન ક્યાં આવ્યું? .. હોય સાધન.

ઉત્તર :- ... એય..! ક્યાં ગયા? ચેતનજી! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તે સમજવું

જોઈએને.' સાધન પર્યાય થાય. દ્રવ્ય સાધન તો આ પર્યાય કરે ત્યારે સાધન કહેવાયને. કહ્યું નહોતું બે બોલનું આપણે કહ્યું. ભાઈ કારણ પરમાત્મા છેને. ભગવાન તો કારણ પરમાત્મા છે. છે કારણ તો તો કાર્ય આવવું જોઈએ. પણ કોને? એ જે કારણ માને એને. આ વસ્તુ. ત્રિકાળ સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સ્વરૂપ મારું છે. એવું કારણ સ્વરૂપ એનો જ્યાં અંતર્મુખ થઈને સ્વસન્મુખ થઈને સ્વીકાર, ત્યારે એ કારણપરમાત્મા છે એમ વિશ્વાસ એને દૃષ્ટિમાં આવ્યો. ત્યારે એનું કાર્ય આવ્યુંને આનંદનું? એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ અને સુખ મળ્યા વિના રહે નહિ. આહા..હા..! કહો, હીરાભાઈ! એ અમારે ભગવાનજીભાઈ હતા એ એમ કહેતા. આવો માણસ માણસપણે વખાણો છો તમે. ૯૯ની સાલમાં. બહુ વખાણો છો તો ગયો ક્યાં ધોયેલ મૂળા જેવો કહે લે. ભાઈ! પણ છે ત્યાં તારી નજર ક્યાં છે? તારે તો નથી. સમજાણું કાંઈ? તારે તો રાગ ને પુણ્ય ને આ બાયડી ને છોકરા એમાં ગૂંચી ગયો છો કે આ મારા. જે નથી તારા તેને મારા માન્યા તેને મારો માન્યા વિના આ છે એમ આવ્યું ક્યાંથી? સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને, પહેલો જ આત્મા. જે સાધક પર્યાયથી સાધ્ય નામ મુક્તિ થાય તે સાધ્યને, સાધનને નિરંતર સેવવા. આહા..હા..!

મુમુક્ષુ :- ત્રિકાળને સેવવા

ઉત્તર :- પર્યાયને સેવવું અહીં તો દ્રવ્ય તો છે હવે એની ક્યાં વાત કરવી? નિત્યને સેવવું ક્યાં? એ નિત્ય સેવવા યોગ્ય છે. આહા..હા..! બરાબર છે. પર્યાય(નું) ધ્યેય, દ્રવ્યનું દ્રવ્ય છે, પણ એ પર્યાય પ્રગટેલી એની સેવા કરવી એમ કહે છે. ઓલાની સેવા શું? દ્રવ્યની સેવા એ તો થઈ. દ્રવ્યની સેવા કરી ત્યારે પ્રગટી. હવે એની પર્યાયની સેવા કાયમ કરવી એમ કહે છે. ભેદથી અહીં વાત બતાવવી છેને. સમજાણું કાંઈ? પણ એની કાયમ સેવા કરવામાં એની દૃષ્ટિ ક્યાં રહે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એમાં આવ્યું એની મેળાએ. દર્શન-જ્ઞાન-ચારિત્રની ભાવની સેવા કરવી. પણ દર્શન એટલે શું? જ્ઞાન એટલે શું? એ દર્શનનું ધ્યેય તો સારા દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોય ત્યારે એને દર્શન પ્રગટ થાય. તારા દ્રવ્ય ઉપર લક્ષ હોય તો સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય. દ્રવ્ય ઉપરના જ્ઞાન, દર્શનમય આત્માની સેવા કરે તો ચારિત્ર થાય. હવે એ ત્રણની સેવા કરવી એમ વ્યવહારથી કહેવું છેને અહીંયાં. આગળ કહેશે. લોકો એમ સમજે છેને. લ્યોને. ભાવાર્થ છેને. છેલ્લું.

**'વ્યવહારથી લોકો પર્યાયમાં-ભેદમાં સમજે છે તેથી અહીં જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદથી સમજાવ્યું છે.'** ૧૯માં છેલ્લે. છેલ્લી લીટી છે. આની પાસે છેલ્લી લીટી. લીટી છેલ્લી નીચે-નીચે એ. આ સમજાણું કાંઈ? આહા..હા..! જ્યાં ભગવાન બિરાજે છે ત્યાં તો નજર તારી નથી અને જ્યાં તું નથી ત્યાં તારી નજરું હવે એનું શું સાધન થાય? રખડવાનું ચાર

ગતિમાં દુઃખના સાધન થાય. આહા..હા..! પછી ભલે ઢોર થાય, હાથી, સિંહ કે શેઠિયો આ થાય ધૂળનો. લોકો કહે છેને એ. બધા દુઃખીના દાળિયા છે બિચારા. સમજાણું કાંઈ? શેઠ! શેઠને બિચારા કહેવાય? આહા..હા..! જેને ચૈતન્ય બાદશાહ ભગવાન પૂર્ણાનંદનો નાથ પરમાત્માએ જેના ગાણા ગાયા એની વાણીમાં પૂરા આવ્યા નહિ. એવો આ આત્મા એની જેને સેવા નથી અથવા એનાથી પ્રગટેલી પર્યાયમાં લીનતા નથી અને રાગમાં અને પરમાં લીનતા છે. આહા..હા..! તે મૂર્ખાઈ કરી કહે છે હોં. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

**'એમ પોતે ઈરાદો રાખીને...'** જુઓને. ઈરાદો છેને અભિપ્રાય? **'એમ પોતે ઈરાદો રાખીને...'** ભગવાન આત્મા અત્યારે બાહ્ય ત્યાગની ઈષ્ટતામાં આખો આત્મા ઈષ્ટ ભૂલી ગયો છે. ત્યાં ઘૂંચાઈ ગયા છે આખા. એટલે આ આવી વાત કાને પડવી મુશ્કેલ પડી એટલે એને સમજવા માટે જરી એવી લાગે કે આહા..હા..! આ શું? દરકાર નથી એને માટે સાંભળી નથી એમ કહે છે. શેઠ! આહા..હા..! જુઓને ઓલાએ નથી લખ્યું કાલે? ઈષ્ટત્વનું. વાંચ્યું ભાઈ તમે? હા એ ઠીક લખ્યું છે. ભાઈ! ત્યાગ કોનો? પરનો? રાગનો ત્યાગ કરું એમ? એ ક્યાં તારામાં હતો તો કરું? એનું પોતાપણું માન્યું છે એનો પોતાપણું છૂટ્યું થઈ ગયો ત્યાગ. હવે એ પોતાપણું રાગ અને પરમાં માન્યું એ છોડવું નથી. અને છોડો આ. બાયડી, છોકરા છોડો, ધંધો મૂકી દ્યો. હવે મૂક્યા સાંભળને. ધર્મ મૂકી દેવો છે તારે. કોઈ છે વિમળકુમાર. .. કેવું નામ? શું નામ છે? કેવું આપ્યું છે .. એમ કહે છે એ છે કોક. છે અહીંનો જાણીતો.

કહે છે કે ભાઈ તમારે એણે સત્ત્વ શબ્દ વાપર્યો છે. એટલે પોતાપણું-મારાપણું-સ્વપણું એમ. જેમાં રાગ ને પુણ્ય ને પુણ્યના ફળ, પાપ અને પાપના ફળ એમાં પોતાપણું માન્યું છે એને તો આત્માનો ત્યાગ છે. અને એ પોતાપણું છૂટ્યું એને પરનો ત્યાગ છે જ અંદર. સમજાણું કાંઈ? આહા..હા..! જેને આખો ઉદયભાવ છૂટી ગયો. સમજાણું કાંઈ? વિકલ્પની દશા જે શુભની એ પણ મારી નહિ. આહા..હા..! એ છૂટ્યું એ નિર્ણયમાં છૂટે છે. અંતર પરથી ભિન્ન પડીને સ્વનો નિર્ણય કરે અનુભવ ત્યારે પરમાં પોતાપણાની માન્યતા છૂટે છે. એ વિના પરનો ત્યાગ વ્યવહારે પણ કહી શકાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં એ જ કહ્યું. અહીં તો ભગવાન આત્મા જે ભાવથી સાધ્ય નામ મુક્તપણાને પામે. રાગને રાખે અને વ્યવહારને રાખે એમ અહીં નથી કહ્યું. રાગથી અને અપૂર્ણ પર્યાયથી મુક્તપણાને પામે (એમ નથી) અને પૂર્ણ પર્યાયની મુક્તિને પામે અને એનું સાધન પોતે સ્વભાવની પર્યાયમાં એકાગ્રતા એ એનું સાધન. તે ભાવથી નિત્ય સેવવાયોગ્ય છે. આહા..હા..!

**'એમ પોતે ઈરાદો રાખીને...'** લ્યો! એમ પોતે હેતુ બાંધીને. અભિપ્રાય આમ રાખીને **'બીજાઓને વ્યવહારથી પ્રતિપાદન કરે છે કે 'સાધુ પુરુષે દર્શન, જ્ઞાન, ચારિત્ર સદા સેવવાયોગ્ય છે'.'** પર્યાય સેવવાયોગ્ય છે. સમજાણું કાંઈ? બીજી ગાથામાં પણ એમ

આવ્યું હતુંને. શરીરનો .. થયો. સંસ્વસમયં જાણ. માર્ગ એવો વીતરાગનો છે. લોકોએ અન્યને જૈનમાર્ગ માની બેઠા છે. અન્યમાર્ગને જૈનમાર્ગ. જૈનમાર્ગ વીતરાગનો શું છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવની વાણીમાં એમ આવ્યું, એમ અહીં સાધુને કહે છે કે તું પણ સ્વરૂપનું સાધન કરી, જેનાથી સાધ્ય થાય તેવો મોક્ષમાર્ગ પ્રગટ કરી એ હંમેશા સેવવું. **'એમ પોતે ઈરાદો રાખીને બીજાઓને...'** પણ વ્યવહારથી એમ કહેવું કે **''સાધુ પુરુષે દર્શન, જ્ઞાન, ચારિત્ર સદા સેવવાયોગ્ય છે'.'** આત્મા સેવવા યોગ્ય ન કહેતા એની પર્યાય સેવવા યોગ્ય છે એમ કીધું છે અહીં. સમજાણું કાંઈ? આહા..હા..! એટલે? કે અનાદિથી રાગની સેવા તું કરે છો. પુણ્ય-પાપના વિકલ્પની, વૃત્તિઓની સેવા અધર્મ સેવા છે તારી. સમજાણું કાંઈ? એ સેવા છોડ એમ પણ ન કહ્યું. અસ્તિથી વાત કરી. આની સેવા કર. અધર્મ સેવા મટી જશે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સાચી સેવા

ઉત્તર :- હા, સાચી સેવા કર. આ સેવા અગમ્ય.. એવો. આ લોકોને સેવા કરવી, લોકોને આમ કરવું. વિધ્વાના આંસુ લૂછવા અને પૈસા દાન દેવા, .. કપડા નાખીને ગરીબને ઘરે દેવા જાવું, કારણ કે બધા ગરીબ નારાયણ છે. અરે ભગવાન! ભગવાન પરમાત્મા નારાયણ છે એ તો. એવો પોતે ભગવાન આત્મા ગરીબાઈમાં અજ્ઞાનભાવમાં પડ્યો એને છોડ અને તવંગર ભગવાન ત્રિલોકનાથની સેવા પર્યાયની એને માનવું એને જાણવું અને એમાં ઠરવું એની સેવા કર. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? માર્ગ ભારે ભાઈ આવો બેસવો કઠણ પડે હોં. અને લોકો આમ હો..હા. રાજી-રાજી થઈ જાય એવી વાતમાં તો શું આ. આ તો ઓલું કહે છેને પ્રેમચંદલાલજી કે આ તો કહે આ પ્રેક્ટિસમાં મૂકવું, પ્રેક્ટિકલ ન કરાય કહે. હવે આ જ કરાય. એ પ્રેક્ટિકલ કઈ હતી સાંભળને. ઉંધો તો અભ્યાસ કર્યો છે માટે થયું છે. વસ્તુ તો આવી છે. રાગને એકતાપણે માની છે એટલે એને અભ્યાસ થઈ પડ્યો છે. બાકી વસ્તુ એ તદ્દ્ન ખોટી છે. એ થઈ શકે નહિ એવી ચીજ છે. રાગને પોતાપણે માને પણ રાગ કોઈ દિ' પોતાનો થાય? રાગ થાય? એક સમયમાં આવી ને જાય, આવી ને જાય એ તારો કે દિ' થાતો હતો રાગ? આ તો તારો થાય. સમજાણું કાંઈ? આહા..હા..! એમ **'ઈરાદો રાખીને બીજાઓને વ્યવહારથી પ્રતિપાદન કરે છે...'** ભેદથી કહ્યુંને? વ્યવહારથી એટલે ભેદથી. **'સાધુ પુરુષે દર્શન, જ્ઞાન, ચારિત્ર સદા સેવવાયોગ્ય છે. પણ પરમાર્થથી જોવામાં આવે તો એ ત્રણેય એક આત્મા જ છે...'** ઓલી ત્રણ પર્યાય હોં.

મુમુક્ષુ :- આત્માની પર્યાય છે.

ઉત્તર :- આત્માની જ પર્યાય છે. કાંઈ આત્માથી કોઈ જુદી ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાગાદિ, પુણ્ય દયા, દાનના વિકલ્પ તો પર છે. એ કાંઈ આત્માથી જુદી ચીજ છે, એ કાંઈ આત્મા નથી. આહા..હા..! ભારે વાત. વીતરાગનો માર્ગ સાંભળવા મળવો મુશ્કેલ. એવું ચૈતન્ય તત્ત્વ ભગવાન આ દેહના રજકણથી તો જુદું પણ રાગના વિકલ્પથી જુદું અને પોતાના અનંતગુણથી અભેદ. ત્રણની સેવા એટલે એકની જ સેવા છે એમ કહેવું છે.

**'પરમાર્થથી જોવામાં આવે તો એ ત્રણેય એક આત્મા જ છે...'** પર્યાય એની છેને. પર્યાય અભેદ થઈ છે. રાગ છે એ તો ભેદ પડી ગયો. એ તો અભ્યાસ ખોટો છે. વિભાવનો અભ્યાસ ખોટો છે. વિભાવના ત્યાગનો અભ્યાસ એટલે કે એના પોતાપણે માનવું છોડી દઈને સ્વભાવની સેવા એ આત્માની સેવા છે. કહો, સમજાણું કાંઈ? અરે હાથ પકડવો કઠણ પડે કે આ શું કહે છે આ? આવું વીતરાગનો ધર્મ હશે? ભાઈ આપણે તો એવું માનીએ કે અપવાસ કરવા. એય..! ઝવેરભાઈ! ક્યાં ગયા? લ્યો ઝવેરભાઈ કહે અપવાસ કરી કરીને હોથા નીકળી ગયા. અપવાસ કરવા. એય..! ગુલાબચંદભાઈ! પર્યુષણમાં. અપવાસ કરવા, ફલાણું કરવું, ચોવીહાર કરવો અને જેમ પરિષહ પડે તેમ તમને નિર્જરા થાય વધારે. ધૂળેય ન થાય સાંભળને મારા. પણ મજુરી છે બધી રાગની. સમજાણું કાંઈ? રાગ વિકલ્પ વિનાની ચીજ છે એનો જ્યાં સુધી નિર્ણય ન આવે ત્યાં સુધી વિકલ્પનો ત્યાગ પણ એની દૃષ્ટિમાં થતો નથી અને દૃષ્ટિમાં વિકલ્પનો ત્યાગ નથી અને બહારનો ત્યાગ કરીને બેસે એ તો મિથ્યાત્વને પોષે છે. શાંતિભાઈ! એ ત્યાગનું અભિમાન છે ખોટું. અમે ત્યાગી છીએ, અમે ત્યાગમૂર્તિ છીએ, જાવજીવ અમે બ્રહ્મચર્ય પાળ્યા, એમે જાવજીવ આમ કર્યા છે, ઊના પાણી પીધા છે. ચાલ્યા છીએ પચાસ વર્ષથી. અરે ભગવાન! તને ખબર નથી ભાઈ! તારી જાતમાં શું છે અને શું થઈ રહ્યું એની તને ખબર નથી. દેહાદિની ક્રિયા એ તો જડની હતી. એકકોર એમ માનવું કે શરીર મારી ચીજ નહિ, વળી બીજી રીતે માનવું કે શરીરની જેટલી અવસ્થા થાય એ મારાથી થાય.

મુમુક્ષુ :- પરથી વિરૂદ્ધ.

ઉત્તર :- પરથી વિરૂદ્ધ. એકકોર શરીર, આત્માને બાપા શરીર તો જડ છે, આત્મા તો ચૈતન્ય છે શરીરથી જુદો. એ જુદો છતાં એનો અર્થ શું થયો? કે શરીર જે જુદું છે એની જેટલી જુદી ક્રિયા થાય ચાલવાની, બોલવાની, ચાલવાની એ બધી ક્રિયા જડની છે, તારી નહિ. મવાણી! અરે પણ ભાઈ! જોઈને ચાલે તો દયા પળે, જોઈને આંખથી જુએ તો ઓલા જીવ આ ગંધ મારે કે આ સડી ગયું છે તો દયા પળે લ્યો! એમ નથી કહે છે સાંભળને. આહા..હા..! આત્માને જો અંદર આત્મા અખંડાનંદ પ્રભુ, એને પરનું પોતાપણું

છોડી અને સ્વને પોતાપણું જ્યાં જાણ્યું બધું થઈ ગયું. એણે આખો આત્મા સેવ્યો પરથી જુદો હતો એને. અને એના આત્મા સિવાયની ચીજ દૃષ્ટિમાંથી છૂટી ગઈ. સમજાણું કાંઈ? એ મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું છે નહિ? પચ્ચખાણના અધિકારમાં નહિ એ પાંચમા અધ્યાયમાં. દૃષ્ટિનો ત્યાગ કરતા દૃષ્ટિમાં તો ત્યાગ હતો જ, હવે બહારના ત્યાગની નિમિત્ત-નિમિત્તા શું? એવું લીધું છે. બહુ વાત લીધી છે હોં. પાંચમું છેને? અહીંનો અર્થ જ થયો એ. કે જેને વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો રાગ અને શરીર અજીવ અને રાગ આસ્રવ બેપણામાંથી પોતાપણું ઉઠી ગયું એટલે એનો ત્યાગ જ થઈ ગયો દૃષ્ટિમાંથી. શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છૂટી ગઈ. આહા..હા..! હવે આવું સ્વપણું પરમાંથી છૂટ્યા વિના હું પરનો ત્યાગી છું, મેં બાયડી-છોકરા છોડ્યા, મેં ધંધો છોડ્યા, હું દયા પાળું, વ્રત પાળું છું. બધી ગપેગપ્પ છે, પાખંડ છે. જેઠાભાઈ! પહેલું વહેલું સાંભળે તો આકરું લાગે. જેને તું કહે છો કે આ ત્યાગું છું, આ ત્યાગું છું. આ ત્યાગું એટલે એનો તું સ્વામી છો? એનો તું ધણી છો? વીરચંદભાઈ! આ મોટો ગપ્પ ઉઠ્યો છે. આહા..હા..! ધાંધલ. આહા..હા..! ધાંધલ પરમાં ધાંધલ. આહા..હા..!

અહીં તો કહે છે કે એ તું .. એ પર્યાય જે થઈને, પરપણામાં પોતાપણાની માન્યતા છૂટી, મિથ્યાત્વ છૂટ્યું અને સ્વપણાની માન્યતાની પ્રતીત અનુભવની થઈ એ સમ્યક્ પર્યાય થઈ. એ સમ્યક્ પર્યાય એની સાથે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રતા ભેગું હોય જ છે. એ ત્રણ તે આત્મા છે. સમજાય છે? એ આત્મા છે. રાગને છોડવો એ આત્મા નહિ, અહીં તો રાગ છોડવો ક્યાં પણ? આમાં ઠરવું એ આત્મા છે એમ કહે છે. સમજાણું કાંઈ? આની સેવા કરવી એનું નામ આત્મા છે એમ કહે છે. આહા..હા..! દુનિયાની નજરુંમાં એવો લાગે આવો માર્ગ કેવો? આ તે કાઢ્યો ક્યાંથી? કાઢે શું અનાદિનો આ જ માર્ગ ભગવાનનો છે. તીર્થંકર પરમાત્મા ત્રિલોકનાથ સો ઇન્દ્રની મધ્યમાં પ્રભુ આમ કહેતા હતા. એ વાત આ આવી છે. સમજાણું કાંઈ? બહારથી આવા સંથારા કરે, મહિના-મહિનાના સંથારા, પછી શેઠિયા ત્યાં જાય, બે-પાંચ હજાર ખરચે, અમે ધર્મ કર્યો. ધૂળેય કર્યો નથી સાંભળને. એને સંથારા જ કે દિ' હતા? એને રાગને પોતાપણું માનીને તો એ બેઠો છે ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે કામ આકરું. હજી એને પર અને સ્વ બેની ભિન્નતાના ભાન નથી. એને રાગનો ત્યાગ જ્યાં નથી, દૃષ્ટિમાં એને પરનો ત્યાગ હોય ક્યાંથી? અજ્ઞાની માને અસદ્ભૂત વ્યવહારનયથી કે ત્યાગી આમ થાય તો. આ તો ખરેખર મેં ત્યાગ કર્યો આનો. શરીરનો મેં ત્યાગ કર્યો. શરીરમાં પ્રસંગ આવ્યો અને .. શરીરનો ત્યાગ કર્યો. શું કર્યું તે? એમાં કર્યું એમાં શું કર્યું તે ખબર છે? શરીર છે એ મારું છે એવી તો માન્યતા પડી છે અંદર. આ ચીજ આહાર

જાય, આહાર ન આવે, શરીર સુકાય એ મારી ક્રિયાથી છે, એ મારી ક્રિયા છે. એ તો શરીરને પોતાનું માન્યું. શરીર છોડ્યું જ ક્યાં તે? સમજાણું કાંઈ? કહો, વસંતીલાલજી!

અહીં કહે છે કે આવો ઈરાદો રાખીને ત્રણની સેવા કરવી. એમાં નથી એ જુદું લઈ લેશે. સમજાણું કાંઈ? અને ત્રણે આત્મા જ છે. 'કારણ કે **તેઓ અન્ય વસ્તુ નથી**––' કાંઈ રાગ કે પરવસ્તુ એ કાંઈ ચીજ નથી. એની નિર્મળદશા એના નિર્મળાનંદ સ્વભાવમાંથી પ્રગટેલી એ દશા એની અભેદ છે. એ આત્મા છે. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્મા છે. આ તો પંચ મહાવ્રતના વિકલ્પ અને શરીરની નગ્નદશા એ ધર્મ છે. ધૂળેય નથી સાંભળને. એય..! શેઠ! એ શેઠે એવું બધું કર્યું છે હોં! વહોરાવવું હોય તો બે દિ' તૈયારી કરવી પડે. શું કીધું હતું કાંઈક પહેલું કીધું હતુંને. એ કાંઈક કહેતા હતા શેઠ. આઠ .. થઈ ગયું. આહા..હા..! બાપા!

મુમુક્ષુ :- એ તો સમાજમાં બેઠા છે એટલે કરવું પડેને.

ઉત્તર :- સમાજમાં બેઠો જ નથી. ઠીક છે, મૂળચંદભાઈ. રાગમાં નથી એ પછી સમાજમાં ક્યાંથી આવ્યો? એ સમાજ ભૂષણનું નામ રાખવું હોય એથી હો. આહા..હા..! વાહ રે! એક એક ગાથાએ કેટલી વાત મૂકી છે! ૧૪મામાં સમ્યગ્દર્શન, ૧૫મામાં સમ્યગ્જ્ઞાન, આ ૧૬મામાં ચારિત્ર ભેળવ્યું ભાઈ! અહીં પૂરું કર્યું. સોળ આના કામ થઈ ગયું આમાં. તારા અભિપ્રાયમાંથી પર્યાયની એકતા, રાગની એકતા એ છૂટી. બધો ત્યાગ થઈ ગયો. એકલો ભગવાન જ દૃષ્ટિમાં રહ્યો. એનું ગ્રહણ થયું. પર્યાયબુદ્ધિ એને રાગ બુદ્ધિનો ત્યાગ થઈ ગયો. થઈ ગયો હોં! આહા..હા..! પહેલું આવે વ્યવહારે. થઈ જાય છે. કરવું પડતું નથી કહે. આહા..હા..! આવો માર્ગ! ઓલું વાંચવા જેવું છે હોં વાંચજો. વાંચ્યું હતું? દ્યો પંડિતજીને દ્યો. પછી વાંચજો ઘરે. જૈનધર્મ અને ત્યાગવૃત્તિ. એ જૈનગેજેટ છે. જૈનસંદેશમાં છે. સંદેશમાં છે. પંડિતજીને વાંચવું હોય તો.

કહે છે એ આત્મા જે ભાવથી મુક્તિ પામે તે ભાવનું સેવન કરવા જેવું છે. એ ભાવ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તો એ ચારિત્ર ત્રણનું સેવન કરવું એ મુક્તિનો ઉપાય છે અને એ પોતે સાધક છે અને ત્રણ કહ્યા એ પોતે આત્મા જ છે. આત્મા જ છે. આત્માને આશ્રયે પ્રગટેલી શ્રદ્ધા, જ્ઞાન એ આત્મા છે. એ પરને આશ્રયે પ્રગટેલું વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ કોઈ ચીજ નથી. એમ સિદ્ધ કરે છે આમાં. વ્યવહાર રત્નત્રયનો જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના વિકલ્પ, શાસ્ત્રનું જ્ઞાન વિકલ્પ એ બધું તો અણાત્મા છે. આહા..હા..! એ અણાત્મા સ્વરૂપના મુક્તિના સાધન થઈ શકે નહિ. આહા..હા..! ભારે ભાઈ આવું. આવો માર્ગ! આહા..હા..! અહીં પાડા બેસતા હતા અહીં. આ જમીનમાં. એને ઠેકાણે આ. વીતરાગની વાણી.

**'કારણ કે તેઓ અન્ય વસ્તુ નથી—આત્માના જ પર્યાયો છે.'** લ્યો ચોખ્ખી ટીકા કરી. આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એને સ્વપણાની માન્યતા, સ્વપણાનું જ્ઞાન અને સ્વપણામાં સ્થિરતા એ ત્રણેદશા આત્માની છે. આત્માની જ પર્યાયો છે. વ્યવહાર રત્નત્રય આદિ આત્માની પર્યાય નહિ, એ આત્મા નહિ. આહા..હા..! એમ કહે છે. સમજાણું કાંઈ? એમાં આટલું જોર આપે છે બધા. વ્યવહાર પહેલો, એ વ્યવહાર સત્ છે, પણ છે એની કોણે ના પાડી? સત્ છે એટલે શું? વ્યવહાર તરીકે વ્યવહાર નથી? એમ કોણે કહ્યું? પણ એનાથી થાય એમ કોણે કહ્યું? આ કહ્યું છેને ભાઈ બધે ઠેકાણે છ ઢાળામાં, પંચાસ્તિકાયમાં. વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે એ નથી આવ્યું? છ ઢાળામાં આવ્યું છે. નિશ્ચયનો હેતુ વ્યવહાર છે, નિશ્ચયનું કારણ છે વ્યવહાર. એ બધી વ્યવહારની કથનીઓ છે. છેને બધું લખ્યું. ઓલું સત્ય છે અને ઓલું અસત્ય છે એમાં નથી લખ્યું? મોક્ષમાર્ગ નિશ્ચય તે સત્ય છે અને વ્યવહાર તે અસત્ય છે એનો અર્થ થયો આ મુખ્ય અને તે ઉપચાર છે. આ સત્ય છે અને એ અસત્ય છે. સત્ નથી લખેલું? છ ઢાળામાં આવે છે. એ તો આવે છે. સત્યાર્થ તે નિશ્ચય.

મુમુક્ષુ :- સત્યાર્થરૂપ તે નિશ્ચય.

ઉત્તર :- હા, એ. આ સત્યાર્થ અને ઓલું અસત્યાર્થ. અસત્યાર્થનો અર્થ નથી એમ નહિ. પણ આ સ્વરૂપની દૃષ્ટિની અપેક્ષાએ એ વસ્તુ જૂઠી છે. એનાથી સાધન છે નહિ. એમ કહેવું છે. પણ એનો અર્થ એવો કરે છે કે જુઓ એને જૂઠી કહે છે કે નથી. પણ નથી કોણે કહ્યું? વ્યવહાર તરીકે વ્યવહાર નથી? પણ સ્વભાવના સાધનને માટે તે જૂઠાં છે. એનું અસ્તિત્વ સ્વભાવના સાધનને મદદ કરે એમ છે નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ!

**'જેમ કોઈ દેવદત્ત નામના પુરુષનાં...'** દાખલો આપે છે. **'દેવદત્ત નામના પુરુષનાં જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ...'** લ્યો! જોયું ક્યાંય જ્ઞાન, શ્રદ્ધાન, આચરણ લીધું. જાણવું છેને એને પહેલું. એ તો ત્રણે એક આત્મા. આ દર્શન-જ્ઞાન-ચારિત્ર. .. **'ज्ञानं श्रद्धानमनुचरण'** ત્યાં ત્રણ બોલ લીધા. એ તો જ્ઞાન કારણ, દર્શન કાર્ય, દર્શન કારણ, જ્ઞાન કાર્ય એ તો એમાં અવિનાભાવી ચીજ છે. કોઈ વખતે જ્ઞાનથી વાત કરે તો દર્શન આવી જાય અને દર્શનથી વાત કરે તો જ્ઞાન ભેગું આવી જાય. વસ્તુની સ્થિતિ એવી છે. **'જેમ કોઈ દેવદત્ત નામના પુરુષનાં...'** દેવદત્તનું જ્ઞાન, દેવદત્તની શ્રદ્ધા અને દેવદત્તનું આચરણ. એ **'દેવદત્તના સ્વભાવને ઉલ્લંઘતા નહિ હોવાથી,...'** એના સ્વભાવને ઓળંગે છે? **'(તેઓ) દેવદત્ત જ છે—'** એનો ભાવ છે એ દેવદત્ત છે. આહા..હા..! **'અન્ય વસ્તુ નથી,...'** એ કાંઈ દેવદત્તના ભાવથી અનેરી ચીજ છે એમ નથી.

**'તેમ આત્મામાં પણ...'** આત્માના **'જ્ઞાન,...'** લ્યો ત્યાં એમ લીધું. દાખલો હતો

ખરોને. પહેલાં દર્શન-જ્ઞાન-ચારિત્ર લીધું, પછી અહીં જ્ઞાન-દર્શન લીધું. અપેક્ષાથી વાત છે. **'તેમ આત્મામાં પણ...'** આત્મામાં. આ બહુ વાત વિરૂદ્ધની ઘણી આવેને. એટલે વધારે સ્પષ્ટ થવાનું કારણ થાય છે. એ તો સ્પષ્ટ થવાનું હોય ત્યારે એનું કારણ કહેવાયને. આહા..હા..! આત્મા જ્ઞાન. દેખો! ભગવાન આત્મા પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય ઘન, એનું જ્ઞાન, એની શ્રદ્ધા, આત્માની શ્રદ્ધા. જોયું! શ્રદ્ધાન શબ્દ છે ત્યાં. અને આચરણ. એ સ્વરૂપ આત્માનું આચરણ. આત્મા અનંત જ્ઞાનઘન એમાં રમણતા તે એનું આચરણ છે. બહારના વેષ ફેરવ્યા, ટીલા ટપકા કર્યા, લૂગડા ફેરવીને બાવો થયો, સાધુ થયો માટે એ આચરણ છે એમ નહિ. અને પંચ મહાવ્રતના વિકલ્પ રાખ્યા માટે આચરણ છે આત્માનું. એ નહિ. આહા..હા..! આવો વીતરાગ માર્ગ! કાયરને તો કંપારી ઉઠે એવો છે.

**'તેમ આત્મામાં પણ...'** આત્મામાં પણ. એમ. આત્મામાં એમ. **'આત્માના જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ, આત્માના સ્વભાવને ઉલ્લંઘતાં નહિ હોવાથી,...'** આત્માનો સ્વભાવ ઉલ્લંઘે તો એ પર્યાય છે એની. આત્માના સ્વભાવને ઉલ્લંઘે તો રાગ થાય એ તો એની પર્યાય છે આ. '(તેઓ) **આત્મા જ છે—અન્ય વસ્તુ નથી.**' આહા..હા..! કેટલી અપેક્ષા છે! એક બાજુ કહે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરદ્રવ્ય છે, પરભાવ છે. એ કઈ અપેક્ષા છે? સ્વદ્રવ્યની વસ્તુ નથી એને પર્યાય ભિન્ન છે એ અપેક્ષાએ ત્યાં કહી. સમજાણું?

મુમુક્ષુ :- એની વાત બહુ મીઠી લાગે છે.

ઉત્તર :- લે એ ચેતનજી! જ્યાં જેમ છે એમ સમજવું જોઈએને? આ અમૃતચંદ્રાચાર્ય કહે છે.

મુમુક્ષુ :- પર્યાય આમ પરવસ્તુ.. તો એને પર્યાય પ્રગટ કરવાની શું જરૂર છે?

ઉત્તર :- લે થઈ રહ્યું.

મુમુક્ષુ :- એ તો પરવસ્તુ છે. પરવસ્તુને શું પ્રગટ કરવું?

ઉત્તર :- એ તો ક્યાંથી પ્રગટ થાય એની અપેક્ષાએ સ્વદ્રવ્ય આને કીધું અને પર્યાયમાંથી પર્યાય નથી આવતી માટે એને પરદ્રવ્ય કીધું. આ અપેક્ષા છે ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..! જેમ પરદ્રવ્યમાંથી જેમ નવી પર્યાય આવતી નથી, એમ મોક્ષમાર્ગની પર્યાયમાંથી નવી પર્યાય શુદ્ધિ આવતી નથી. તો આ દ્રવ્યની ખાણમાંથી આવે છે. આહા..હા..! એને માટે પરદ્રવ્ય કીધો. મોક્ષમાર્ગની પર્યાય પરદ્રવ્ય, પરભાવ, હેય. આહા..હા..!

મુમુક્ષુ :- ત્રિકાળમાં છે જ નહિને.

ઉત્તર :- ત્રિકાળ વસ્તુની અપેક્ષાએ તો. ૫૦મી ગાથા નિયમસાર. ૫૦મી ગાથા દિલીપ વારંવાર કહેતો હતો મહારાજ! ૫૦ સંભળાઈ ગઈ. આવ્યા પછી ન આવે. સાર સાર માખણમાં હતો. ૩૮ ગાથામાં આવી, ૬ થી ૧૪, ૧૫ સુધી આવી, એક આ ૫૦મી રહી જાય છે

કહે. સાર માખણને માખણ ભાઈ હવે એવો કોઈ .. પણ એની રુચિ. બહુ જીવ જ કોક ક્યાકથી આવ્યો છે. હવે ક્યાં. મગજમાં એમ આવતું હોય કે બહેનના વિચારમાં કાંઈક આવી જાય અને થોડું કહું એમ થાતું હતું. એવો .. એની ગરજ બહુ. રોવે-રોવે. એની માએ વાત કરી. મહારાજ! કેટલીકવાર બારણા બંધ કરીને રોવે છે. અમે કહીએ દિલીપ ગયો ક્યાં? ત્યાં કહે છે તો અંદર. કાં બારણા બંધ કરે. બારણા ખોલીએ તો રોતો હોય. ભાઈ! તું શું કરવા રો છો? મને ક્યાંય રુચતું નથી. મને સોનગઢ અને મહારાજ સિવાય ક્યાંય ગોઠતું નથી. કહો, હજી ચૌદ વર્ષની ઉંમર. હજી ગૃહસ્થ લાખોપતિ માણસ છે. એય..! લાલજીભાઈ! એ તો એના ઘરેથી ઉઘાડું પાડ્યું શાંતાબહેને. નહિતર એ વાત અમને ખબર નહોતી હોં. એણે કહ્યું લ્યો! મારો જબરો ભાઈ આ તો! એ વાત કરતા એની બાની આંખમાંથી આંસુ વયા ગયા હોં! ...

ભાઈ! આત્મા છે બાપા! એ અંદરથી અમને તો આ જોવે છે હોં આ જોવે છે. એમ બોલે હોં! કે અમારે તો આ અંદર ધ્યાન કરીએ તો. એ કરવાનું છે. બીજું અમારે કાંઈ કરવા જેવું નથી. એય..! લાલજીભાઈનો દીકરો છે પૌત્ર. દિલીપ હતો અહીં. હમણા ગયો. પરમ દિ' પરમ દિ' ગયોને? પરમ દિ'. હા. પ્રેમ છેને પ્રેમ જેને. આહા..હા..! જે પ્રેમની ચીજ એના વિના કેમ ગોઠે? આવું છે, ભાઈ! કહે છે અરે! એ એ દેવદત્તના સ્વભાવને ઉલ્લંઘતા નથી. '**તેમ આત્મામાં પણ આત્માનાં જ્ઞાન, શ્રદ્ધાન, આચરણ, આત્માના સ્વભાવને ઉલ્લંઘતા નહિ હોવાથી,** (તેઓ) **આત્મા જ છે—અન્ય વસ્તુ નથી. માટે એમ સ્વયમેવ સિદ્ધ થાય છે કે એક આત્મા જ સેવન કરવાયોગ્ય છે.**' લ્યો! એક આત્મા જ સેવન કરવાયોગ્ય છે. આવ્યું અહીં. એનો અર્થ કે એ પર્યાય છેને? એની છેને? એ આત્મા છેને? માટે આત્મા સેવન કરે એમ કીધું. શું કીધું? એ નિર્મળ પર્યાય તે આત્મા છે. માટે આત્મા સેવન કરવાયોગ્ય છે. એ સેવન કરવા ઓલા શ્રદ્ધા નહિ, માટે આત્મા એ છે એને સેવન કરવાયોગ્ય છે એમ. રાગાદિ અને પુણ્યાદિ સેવન કરવાલાયક નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૧૧, બુધવાર, તા. ૨૬-૦૧-૧૯૭૨**
**ગાથા-૧૬, શ્લોક-૧૬-૧૭, પ્રવચન-૮૨**

સમયસાર. ગાથા-૧૬. ભાવાર્થ છે. '**દર્શન, જ્ઞાન, ચારિત્ર—ત્રણે આત્માના જ પર્યાયો છે,...**' એટલે શુ કહ્યું? કે આત્મા જે સચ્ચિદાનંદ શુદ્ધ ચૈતન્ય મૂર્તિ એની અંતર નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન અને અરાગી-વીતરાગી ચારિત્ર એટલે પર્યાય. એ ત્રણ આત્માના જ પર્યાયો છે. અહીં કહેવું છે કે વચમાં જે દયા, દાન, વ્રતાદિના વિકલ્પ આવે એ કાંઈ આત્માની પર્યાય નથી. એ તો અનાત્માની છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા તો શુદ્ધ આનંદકંદ પ્રભુ વીતરાગ તીર્થંકરે કહ્યો ને જોયો ને પ્રગટ કર્યો. એવું એનું સ્વરૂપ આનંદઘન અતીન્દ્રિય આનંદનું ધામ. એ શરીર, વાણીથી તો રહિત અને પુણ્ય-પાપના વિકલ્પથી રહિત અનંત સ્વભાવ ગુણસહિત. એની સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે.

એ '**કોઈ જુદી વસ્તુ નથી;...**' જેમ રાગાદિ, કર્માદિ, શરીરાદિ જુદી ચીજ છે એમ આ આત્માના પૂર્ણ સ્વભાવની શ્રદ્ધા, અનુભવ, એનું જ્ઞાન અને રમણતા એ કોઈ જુદી ચીજ નથી. જેવો વીતરાગી સ્વભાવ છે એનો એવી જ વીતરાગી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા. લ્યો આ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? એ કોઈ આત્માની પર્યાયો છે એ '**કોઈ જુદી વસ્તુ નથી; તેથી સાધુ પુરુષોએ એક આત્માનું જ સેવન કરવું...**' એટલે કે એ વીતરાગી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ આત્માની પર્યાયો તે આત્મા છે માટે આત્માની સેવા કરવી. એ પર્યાયની સેવા એ આત્માની સેવા છે એમ કહે છે.

મુમુક્ષુ :- .. સેવા થઈ એ પરકાળ આત્માનો છે?

ઉત્તર :- એ આત્માની સેવા છે. .. આત્મા કીધોને. ત્રિકાળી પર્યાયો જે છે એ આત્મા છે, માટે પર્યાયની સેવના એ આત્માની સેવના છે એમ. દ્રવ્યની સેવના એ અહીં પ્રશ્ન નથી. એ તો પહેલાં આવી ગયું છે એ બધું ૧૪માં, ૧૧માં. ..માં તો એ છે પણ એના સેવનથી જે પર્યાય પ્રગટી, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન. નિર્વિકલ્પ આત્માના સ્વસંવેદન જ્ઞાન. માર્ગ બહુ આકરો છે અને ઝીણો છે. કોઈ દિ' અભ્યાસ નથી, સંપ્રદાયમાં એ ચાલતું નથી. શેઠ! કહેશે હમણાં.

આત્મા શરીર, વાણી, મન તો ક્યાંય રહી ગયા, પણ એનામાં જે દયા, દાન, વ્રત,

ભક્તિ, પૂજા આદિના ભાવ જેને તપ આદિના, અપવાસ આદિના. ક્યાં ઝવેરભાઈ ગયા? ઝવેરભાઈ! સમજાણું આ? એ અપવાસ-બપવાસનો વિકલ્પ છે એ રાગ છે એમ કહે છે. આ શેઠિયાને ચડાવી દીધા રસ્તે. એ વિકલ્પ છે, રાગ છે એ આત્મા નહિ એમ કહે છે અહીં. આહા..હા..!

મુમુક્ષુ :- ત્રીજો દેવલોક..

ઉત્તર :- વાત સાચી. આત્મા મળે નહિ બાપા એમાં. અહીં તો આત્માની વાત છે. એ જડ મળે એ તો દુઃખદાયક છે એમ કહે છે. આહા..હા..! દુઃખના નિમિત્ત છે. સ્વર્ગ હોય કે શેઠાઈ હોય કે ચક્રવર્તી પદ હો, એ બધા આકુળતાના અંગારામાં નિમિત્ત છે. આહા..હા..! અંગારામાં શેકાય છે એ. એ તો કાલે આવી ગયું સવારમાં. સમજાણું કાંઈ? આત્મા આનંદની મૂર્તિ પ્રભુ. જ્યાં અનંતી શાંતિ અને અનંતો આનંદ એમાં પડ્યો છે ભગવાન આત્મામાં. એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર તે મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ? વચ્ચે વિકલ્પ આવે એ તો સ્વર્ગનું કારણ છે શુભભાવ. એ કાંઈ મોક્ષનું કારણ નથી. એમ સિદ્ધ કરવું. અહીં તો આત્માની સેવા. એ આત્માની વીતરાગી દશા તેની સેવા તે આત્માની સેવા, રાગની સેવા તે અણાત્માની સેવા એમ કહેવું છે. કહો, મુળચંદભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા શુદ્ધ ચૈનત્યઘન આનંદનું ધામ છે. નિજસ્વરૂપે તેજસ્વરૂપ છે. એમાં રમણ કરતાં જે દશા પ્રગટ થાય તે સંસારથી તરવાનો એ ઉપાય છે. સમજાણું કાંઈ? એ વસ્તુ પોતે તરણ સ્વભાવથી ભરેલી ચીજ છે. એની અંદરમાં જતાં ઊંડે ધ્રુવને પકડતાં જે પર્યાય નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ આત્માની જ પર્યાય છે. રાગાદિ ઉત્પન્ન થાય એ આત્માની પર્યાય નહિ, એ તો અણાત્માની પર્યાય છે એમ કહે છે. આહા..હા..! વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો વિકલ્પ અને શાસ્ત્રના ભણતરનું અટકવું એમાં એ જ્ઞાન, એ બધું અણાત્મા છે. આહા..હા..! અણાત્માની સેવાથી આત્માની પ્રાપ્તિ ન થાય. સમજાણું કાંઈ? મુક્તિ એટલે આત્માની ઉપલબ્ધિ. આત્મા જેવો છે એવો પૂર્ણ પર્યાયમાં પ્રાપ્ત થાય એનું નામ આત્મઉપલબ્ધિ, એનું નામ મુક્તિ. એની ઉપલબ્ધિ માટે રાગની ક્રિયા અને શરીરની ક્રિયા એ તો પર છે. એ કોઈ સાધન-ફાધન છે નહિ. સાધક આ કહેવું છેને. સમજાણું કાંઈ? એ પૂર્ણ આનંદસ્વરૂપ અતીન્દ્રિયનો રસિક સ્વભાવ એનો છે. એ જીવ એનો રસિક થયે આત્મ વિલાસ તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ થાય એ પર્યાય પોતે આત્મા જ છે. એ પર્યાયનું સેવન કરવું એ આત્માનું જ સેવન છે એમ અહીં સિદ્ધ કરવું છે. અને વ્યવહારનું સેવન કરવું એ તો અણાત્માનું સેવન છે. એમાં આત્માની ઉપલબ્ધિનું કારણ એમાં બિલકુલ નથી એમ કહે છે. શેઠ! ભારે વાત છે આ.

**'સાધુ પુરુષોએ...'** સાધક જીવોએ **'એક આત્માનું જ સેવન કરવું એ નિશ્ચય**

છે...' સમજાણું કાંઈ? **'અને વ્યવહારથી અન્યને પણ એ જ ઉપદેશ કરવો.'** શું કહે છે? ઉપદેશમાં વ્યવહાર પણ આ આવવો જોઈએ એમ કહે છે. વ્યવહારમાં ઉપદેશ આ આવવો જોઈએ કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પર્યાયભેદથી વાત કરી એ પર્યાયનું સેવન તે આત્માનું સેવન એમ વ્યવહારે બીજાને પણ આ કહેવું. ઉપદેશ આ પદ્ધતિ હોવી જોઈએ. જૈનદર્શનની ઉપદેશની આ રીત છે એમ કહે છે.

મુમુક્ષુ :- પુણ્ય કરો એમ ન કહ્યું.

ઉત્તર :- કહો, સમજાણું કાંઈ? પુણ્ય કરો અને પુણ્યનું ફળ સ્વર્ગ મળે એ જૈનદર્શનનો ઉપદેશ નહિ. એ જ્ઞાન કરાવે કે વચ્ચે રાગ હોય આવો. પણ એ કાંઈ જૈન વસ્તુ નથી. એ આત્મા નહિ એટલે જૈનશાસન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઉપદેશ પણ એવો કરવો એમ કહે છે. વ્રતના, દયા, દાનના પરિણામથી મુક્તિ થશે એ ઉપદેશ જૈનનો નહિ એમ કહે છે. કાનજીભાઈ! આહા..હા..! ચારિત્ર ભેળવીને વાત કરી છેને અહીંયાં? ઓલામાં હતું સ્વરૂપ આચરણ થોડું, પણ આ વિશેષ સ્થિરતા. આત્મામાં રમણતા. કહો, આત્મા તો જ્ઞાન, દર્શન અને આનંદનું ધામ છે એમાં અંતર રમવું એવી જે ચારિત્રની વીતરાગદશા એ સેવવાયોગ્ય છે એવો ઉપદેશ પણ આ દેવો. પંચમહાવ્રત પાળવા લાયક છે, શરીરની ક્રિયા નગ્ન કરવાલાયક છે એવો ઉપદેશ પણ નહિ. સમજાણું કાંઈ?

કારણ કે જ્યાં આત્માનું પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘનનું જ્ઞાન ને દર્શન ને પ્રતીત થતાં, સ્થિરતા થતાં, રાગ બાકી છે તેનું એને જ્ઞાન થાય છે. એ તો સ્વપરની પર્યાયનું જ્ઞાન થતાં પોતાનું જ્ઞાન છે એ. સમજાણું કાંઈ? આહા..હા..! એ પોતાનું જ્ઞાન અને પોતાની પ્રતીત અને પોતાની રમણતા તે સેવવા લાયક છે. એ આત્માની સેવા કહેવામાં આવે છે. આહા..હા..! ભારે કામ આકરું. અહીં તો કહે સેવા કરો દેશની, ફલાણાની. એ તો ક્યાંય રહી ગઈ, પણ વ્યવહારની સેવા એ સેવા નહિ એમ કહે છે. એ તો અણાત્માની છે. આહા..હા..! પાઠ આવ્યો હતોને માથે. **'નિત્ય સેવવાયોગ્ય છે એમ પોતે ઈરાદો રાખીને બીજાઓને વ્યવહારથી પ્રતિપાદન કરે છે...'** એ કરે છે વ્યવહારથી. વિકલ્પ ઉઠ્યો હોય તો ઉપદેશ આ આવે. વ્યવહાર હોય આવો એને નિમિત્તનું જ્ઞાન કરાવે, પણ વ્યવહાર કરવા જેવો છે (એમ નથી), આત્મા કરવા જેવો છે એમ કહે, પણ વ્યવહાર તો અણાત્મા છે, રાગ છે. આહા..હા..! ભારે વાતું ભાઈ આ! અરે ભાઈ! દુઃખી રખડતો કેટલો રખડ્યો? આહા..હા..! આ વીરમાં જાવું છે. વીર છેને. જયપુર કહેવાય છે. બહુ .. ૩૦ લાખ તો મારી નાખ્યા કહે. બે લાખ બાયુંને તો ઈજ્જત પાડી ઓલા સૈનિકોએ. અધિકારીએ હુકમ કર્યો છે. જે બાયુને કોઈ ઘૃણા ન કરવી પણ વીર નારીઓ છે એમ જાણીને આદર કરો. ઘૃણા ન કરશો. .. કાલે આવ્યું. એમ લખ્યું હતું. જયપુરથી આવે છેને. ક્યાં ગયું? આ વીર છે એમાં નાખ્યું

છે. .. ઉપદેશ મોઢા આગળ એટલે ઉપદેશ કાંઈક.. આ પૃથ્વી છે એનાથી ૪૦ ગણું વિશ્વનો ગેસ, ઓલો .. સૂરજને.. એવું સ્પષ્ટ છે. આ નવી નવી વાત લખે છેને? એમાં એક લખી છે ભારતની. અમેરિકી નૌસેનાકી અનુસંધાકી શાલા મેં. શાળા હશે કોઈ. 'બતાયા હૈ કિ ૧૩ દિસમ્બરકી રાત કો સૂર્ય કે પ્રભામંડલ સે ભયંકર વિસ્ફોટ હુઆ. વિસ્ફોટ કે સમય ગરમ ગેસોં કે પુંજ જો પૃથ્વી સે ૨૦ ઔર ૪૦ ગુના થા. સૂર્ય કે સ્તરસે ૯૬૦ કિલોમીટર પ્રતિસેકન્ડકી રફ્તાર સે દૂર જા રહા થા.' એવું નવું-નવું લખે છે. એમાં લીધું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો હોય. એવું કાંઈ... તદ્દન તો ગપ્પ ન હોય. .. એ તો હોય કોઈકવાર આવે. ગેસનું કોઈવાર .. ચાલતું હોય.. એથી કરીને સત્યને શું? એવું છે. ચોરીનું લખ્યું છે. રામચંદ્રની ચોરી છે મોટી. એકમાં .. હતો અને કરોડ રૂપિયાની મૂર્તિ હતી. આવેને પછી વાત કરે. આહા..હા..! નવો તો આ આત્મા છે. એનું જ્ઞાન, એની શ્રદ્ધા અને એની રમણતા એ સિવાય બધું થોકે થોક છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ભાઈ જેને ચોર્યાસીના અવતારના દુઃખ લાગ્યા હોય, આ માનતો હોય આ પૈસા છે, આ શરીરથી અને બાયડીથી સુખ માનતો હોય તો મૂઢ મોટો મૂર્ખ છે. ભગવાનજીભાઈ! આહા..હા..! મૂર્ખ છે મોટો. ગાંડો છે, પાગલ છે કહે. આહા..હા..! એય..! ભાઈ! તને ખબર નથી. પાછા માખણ જ ચોપડે બધા તમને કોઈ શેઠિયાને. આ તો વસ્તુસ્થિતિ એવી છે. આત્મામાં આનંદ સિવાય ક્યાંય પણ આનંદની કલ્પના મોટો મૂર્ખ મૂઢ છે. પાગલ થઈ ગયો છે મારો. અને પાગલ ગતિમાં રખડવાનો છે એ. આહા..હા..! સિદ્ધ અહીં તો સિદ્ધ કરવું સાધ્ય છેને. એ લેવું છેને? પૂર્ણ પરમાત્મદશા તે સાધ્ય છે. એનું સાધન તો ભગવાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી સમ્યગ્જ્ઞાન અને વીતરાગી રમણતા. આવો ઉપદેશ કરજે કહે છે. ભેદ પાડીને કથન છે એટલે વ્યવહાર થયો, પણ ઉપદેશ આ હોવો જોઈએ, જૈનદર્શન. જૈનશાસનની વાત આવી ગઈ છેને પંદરમાં. તો આ જૈનશાસનની સ્થિતિ બતાવે છે એ જૈનશાસનનું આવું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**એક આત્માનું જ સેવન કરવું એ નિશ્ચય છે...**' એટલે ઓલા નિત્યનું નિત્ય દ્રવ્યમાં સેવન કરવું એમ અહીં અર્થ નથી. પર્યાયની વાત. બે સિદ્ધ કર્યુંને? કે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માના ત્રિકાળી આનંદના આશ્રયથી જે ઉત્પન્ન થઈ દશા એ આત્મા જ છે, માટે આત્માનું સેવન, પર્યાયનું સેવન એ આત્માનું જ સેવન છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! અને રાગનું સેવન એ અણાત્મા છે. એ આત્મા નથી. આહા..હા..! એ દુઃખ છે એ તો. આ તો આનંદ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ત્રણે પર્યાય અતીન્દ્રિય આનંદરૂપ છે. સમજાણું કાંઈ? અને રાગનો ભાગ જેટલો વ્યવહારનો એ તો દુઃખરૂપ છે.

બહારની ચીજો તો દુઃખમાં નિમિત્ત છે, એ દુઃખરૂપ નથી ચીજ. એ તો જ્ઞેય છે. પણ અજ્ઞાની એ જ્ઞેયને માનતા બે ભાગ કરી નાખે છે. આ સગવડતાના જ્ઞેયથી ઠીક, અગવડતાના જ્ઞેયથી ઠીક નહિ, એ તો મિથ્યા ભ્રાંતિને લઈને ભ્રમ ઊભો કર્યો. વસ્તુ તો જ્ઞેય તરીકે એકરૂપ છે એમ. સમજાણું કાંઈ? ઈષ્ટ-અનિષ્ટના ભાગલા પાડ્યા એ દૃષ્ટિ મિથ્યાતે પાડ્યા છે. આહા..હા..! કામ એવું છે ભાઈ આ તો વીતરાગમાર્ગ છે. જેનાથી મુક્તિ મળે, પરમ આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આહા..હા..! અસંખ્ય પ્રદેશે અનંત આનંદથી તૃપ્ત-તૃપ્ત થઈ જાય. આહા..હા..! બાપુ એ તે અંશ આનંદ સમ્યગ્દર્શનમાં એ પણ અલૌકિક વાત. ત્યાં પૂર્ણાનંદની શું વાતું? એ પૂર્ણ આનંદ એ ચાર ગતિના ભવના ભાવથી જુદાભાવથી પ્રાપ્ત થાય એવું છે એમ કહે છે. કહો, પંડિતજી! આવી વાત ભારે આકરી. આહા..હા..!

એમાં એક લેખ આજે આવ્યો. કોક હશે એનો મંત્રી પહેલા મુસલમાનનો. એને કહે છે કે એક એક ટૂકડો કરી કરીને માર્યા છે. મોટો માંસના ખાનારા એને તો શું હોય? આર્ય માણસ જુદી વાત છે. હવે આ તો આવામાં ઊપજ્યા એવું કાંઈક છે. સમજ્યાને? એનો કોઈ મંત્રી હશે પહેલો. એવું છે ક્યાંક. 'પાકિસ્તાન મેં વજીર .. એક ભૂતપૂર્વ મંત્રી કો કઈ દીનોમેં અંગ કાટકર મારા થા.' કાપી કાપીને. એકદમ મારી નહોતો નાખ્યો. માંસના ખાનારા બુદ્ધિ શું હોય એ? સમજાય છે? આહા..હા..! આર્ય ક્ષેત્રમાં પણ અવતરવું એ કોઈ પુણ્યનું કારણ છે. છતાં એ કાંઈ સાધન નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કેવી વૃત્તિ એની! લ્યો મોટો મંત્રી અમારે. એકદમ મારી ન નાખ્યો.

મુમુક્ષુ :- એકદમ મારી નાખે તો દુઃખ ન થાય.

ઉત્તર :- દુઃખ ન થાય બહુ એટલે પહેલું એક કટકો કાપે, પછી કટકો કાપે એમ કરી નાખ્યું કહે છે. એવા ભવ પણ અનંતવાર કર્યા છે. મિથ્યાત્વ ભાવમાં એવા અનંતા ભવ કરવાની તાકાત છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એ પુણ્યના પરિણામ રાગ છે એ મને લાભદાયક છે અને પુણ્યના ફળ જે અનુકૂળ એ મને સગવડતા છે એ માન્યતા નરક અને નિગોદની ઉત્પત્તિ કરવાનું એ મોટું સ્થાન એ છે. આહા..હા..! માણસને મિથ્યાત્વનું નુકસાન કેટલું અને સમકિતનો લાભ કેટલો? બેની ખબર નથી. બહારનું કાંઈ હિંસા કરે ને ચોરી કરે ને વિષય ભોગવે એ એને પાપ કર્યા ને આ કર્યા. આહા..હા..!

અહીં ભગવાન કુંદકુંદાચાર્ય તો કહે છે. સોળમી ગાથાએ સોળ આના પૂર્ણ કર્યું છે ને! ભાઈ! તું આત્મા છોને. એમાં તો આ દયા, દાન વ્રતને પૂજા, બુજાનો વિકલ્પ એમાં છે જ નહિ. એની દશામાં તો આત્માને અવલંબેથી વીતરાગી દશા જેને જૈનશાસન કહ્યું હતું એમાં વધીને ચારિત્ર થયું છે. એમ વધારે નાખ્યુંને એ? એવી વીતરાગીદશા. જેને ગમ્ય આત્મા છે, જે આત્માની જ પર્યાય છે, આત્માનો જ અંશ ભેદ છે એની સેવા તે મુક્તિનું કારણ

છે. ભવના અભાવનું એ કારણ છે. બાકી સાધારણમાં તો આમ રાજી રાજી થઈ જાય, ખુશી થઈ જાયને. બે-પાંચ લાખની પેદાશ હોય અને બે, પાંચ, દસ, વીસ લાખ, પચાસ લાખ, કરોડ, બે કરોડ મળ્યા હોય. આહા..હા..! ક્યાં જઈશ બાપા તું? ક્યાં જાવું છે તારે? સમજાણું કાંઈ?

કહે છે કે જો તારે સ્વભાવની પ્રાપ્તિ કરવી હોય. સ્વભાવની પ્રાપ્તિ પૂર્ણ એટલે મુક્તિ અને વિભાવનો ચાર ગતિના કારણના ભાવનો અભાવ કરવો હોય તો આત્માની પર્યાયની સેવના કર. જે આત્માની જ પર્યાય હોય. રાગાદિ, શરીરાદિ કાંઈ આત્માની પર્યાય નથી. આહા..હા..! ભારે કામ આકરું. એવી વાત છે બાપુ! ચોર્યાસીના અવતારમાં ભાઈ રખડી રખડીને દુઃખી થયો છો. ખબર નથી એને. ભૂલી ગયો મારો. માતાના ઉદરમાંથી નીકળ્યો ત્યારે કેટલી પીડા હતી એમાં નવ મહિના સવા નવ મહિના લટકતો ઉંધો. આહા..હા..! અરે! ભૂલી ગયો તું? ક્યાં હતો? કેમ હતો? ભૂલી ગયો? જન્મ્યા પછી છ મહિનામાં શું હતું એ ભૂલી ગયો. એ તો ભૂલી જાયને. જેને શ્વાસ લેવાના સખ નહોતા. આત્માનું સુખ તો ક્યાં રહ્યું? આહા..હા..! ઉંધે માથે સવા નવ મહિના માતાના પેટમાં એવા દુઃખો તે અનંતવાર સહન કર્યા છે, ભાઈ! એ દુઃખ ઉંધે માથે અને એનું નથી. એમાં એને આકુળતા થાય છે એ એને દુઃખ છે. સમજાણું કાંઈ? જન્મ વખતે પણ એને ભીંસ પડે છે એ આકુળતાનું દુઃખ એને છે. 'જન્મ દુઃખં, જરા દુઃખં રોગાય મરણાનીય અહો! દુઃખો સંસારી જગ..' અરેરે! જ્યાં જંતુ જંત્રની જેમ પીડાય છે. યંત્રમાં તલ પીલાય એમ પીલાય છે ચાર ગતિમાં. સમજાણું કાંઈ? એને મુકાવાનો ઉપાય આ ભગવાન એક જ છે હોં! કે આત્માની સેવા કરવી એટલે આત્માની નિર્મળ પર્યાય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે આત્માના સ્વભાવની સન્મુખ થઈને થયેલી દશા, રાગાદિથી વિમુખ થઈને થયેલી દશા એ મુક્તિનું કારણ અને એની સેવા કર. તો તે પ્રભુની સેવા કરી. કહો, સમજાણું કાંઈ? ભગવાન પાસે બેસે અને ચાર-ચાર કલાક પૂજા કરે. પણ તારો ભગવાન રહી ગયો અંદર. ભગવાનભાઈ! આહા..હા..! એ હોય છે એને કાળે શુભભાવ આદિ, પણ એમાં એ ભગવાનની સાચી પૂજા એ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- તો પછી ખોટી પૂજા કરવી શું?

ઉત્તર :- આવે, એવો ભાવ આવ્યા વિના રહે નહિ. જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ દશામાં ન આવે ત્યાં સુધી વીતરાગ થયેલાને તો તે બહુમાન ભાવવાળાનું અને સ્થાપનામાં એ આવ્યા વિના રહે નહિ એવી વસ્તુની મર્યાદા છે. સમજાણું કાંઈ? માનસિકપણું જ્યાં સુધી ઊભું છે. માનસિકથી છૂટીને પછી એકલો આત્મા થઈ જાય એને પછી કાંઈ નથી. પણ જેને માનસિક વિચારોમાં ઊભો છે જે એને એવા શુભભાવ આવે, હોય, હેય છે પણ હોય,

હેય છે પણ હોય, જ્ઞેય છે પણ છાંડવાયોગ્ય હોય. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓને વ્યવહાર ટીકામાં નાખ્યો. કે **'આવો ઈરાદો રાખીને બીજાઓને...'** .. કહેવો. આહા..હા..! આવું તો સિદ્ધ કરે છે કુંદકુંદાચાર્ય. છતાં ઓલા વ્યવહાર-વ્યવહાર-વ્યવહાર કરીને. વ્યવહાર કરો, વ્યવહારથી નિશ્ચય થાય. આ ઉપદેશ જ વીતરાગનો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? મુળચંદભાઈ! આવી વાત છે. બાપુ! તે તારી દયા નથી કરી કોઈ દિ' હોં! તારી દયા હું ક્યાં મરીશ અને જઈશ? અને ક્યાં વર્તમાન મરી રહ્યો છું? રાગ અને પુણ્ય-પાપના પરિણામ મારા અને એના ફળમાં .. એ કઈ રીતે મરી રહ્યો છું એની એને ખબર નથી. સમજાણું કાંઈ? અરે! એવા ઉપદેશના આંતરા પડી ગયા છે. આવો ઉપદેશ કરજે ભગવાન કહે. આહા..હા..!

શું કહ્યું? અહીંયાં તો અત્યારે એમ હૃદય ચાલે છે અંદર. આહા..હા..! એકલો આત્મા જેને કહીએ એ આત્મા તો પુણ્ય-પાપના વિકલ્પ અને શરીર, કર્મ વિનાની ચીજ છે એની સેવા એટલે એનામાંથી ઉત્પન્ન થયેલી પર્યાય એની સેવા એ મોક્ષનો માર્ગ છે. અને એની સેવા એ જ આત્માની સેવા છે. સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ તો આવો છે એણે અંતરમાં કબુલવો પડશે. બહાર લક્ષે જ્ઞાને પણ જ્યાં આવી કબુલતા નથી એને અંતર લક્ષમાં કેમ જાશે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહિરલક્ષી જ્ઞાન સાચું થાય

ઉત્તર :- સાચું થાય તો જાય નહિ અને જાય તો ઓલાને નિમિત્ત કહેવાય.

મુમુક્ષુ :- એમાં થાય જ નહિ?

ઉત્તર :- થાય નહિ. સાચા ખ્યાલમાં જે વિકલ્પથી સાચું ખ્યાલ નથી એને નિર્વિકલ્પ થાય શી રીતે? આહા..હા..! છતાં એ થયું છે માટે થાય એમ પણ નથી. અને એ વિના થાય નહિ એમ પણ નહિ. નિમિત્ત વિના થાય નહિ અને નિમિત્તથી થાય નહિ આ એવી વાત છે.

અહીં તો કહે છે કે એ પહેલો ભાવ એને આવે. આ સત્ય તે આવી ચીજ છે. પૂર્ણ જ્ઞાયકસ્વભાવ આવી ચીજ છે, પર્યાયમાં અવસ્થા નિર્મળ આવી છે. રાગાદિ ભાવ જે છે એ અણાત્મસ્વરૂપે આમ છે. નિમિત્ત છે તે આમાં એનો અભાવ છે એવું એને પહેલું વાસ્તવિક વિકલ્પસહિતનું પણ જ્ઞાન જ્યાં ન હોય, સત્યનું સત્ય તરીકેનું લક્ષનું જ્ઞાન પણ ન હોય એને સત્યમાં અંદર જવાનો પ્રસંગ છે નહિ. સમજાણું કાંઈ?

**'અને વ્યવહારથી અન્યને પણ એ જ ઉપદેશ કરવો.'** આહા..હા..! અહીં તો ઉપદેશ ઉપર વધારે અટક્યું છે. ઉપદેશ આ કરવો કહે છે, ભાઈ! જેમાં આત્માને શાંતિ મળે, જેમાં આત્માનો આશ્રય લેતા આનંદ થાય અને એ આનંદને ભોગવતાં-ભોગવતાં પરમાનંદની પ્રાપ્તિ થાય. આહા..હા..! દુઃખ ભોગવતાં, દુઃખ ભોગવીએ તો મુક્તિ મળે એમ નહિ. એમ કહે

છે. કહે છેને કેટલાક કે ભાઈ જુઓ દુઃખ ભોગવે પહેલા અને પછી આગળ એનું ફળ સારું મળે. અરે! દુઃખ ભોગવે એ તો રાગ અને દ્વેષ છે. આહા..હા..! ભાઈ! પહેલા દેહે દુઃખં મહાફળ. નથી આવતું એય..! મુળચંદભાઈ! દશવૈકાલિકમાં આવે છે શ્વેતાંબરમાં 'દેહે દુઃખં મહાફલં' આને દુઃખ એ મહાફળ જુઓ મારે.

મુમુક્ષુ :- પણ દેહને દુઃખ જ શેનું હોય?

ઉત્તર :- આ જડને દુઃખ કેવા? આહા..હા..! એનો કહેવાનો આશય તો એમાં ક્લેશ બહુ સહન કરવું, ક્લેશ બહુ સહન કરવું એ દુઃખ મહાફળ છે એમ. પણ ક્લેશને સહન કરવું એ તો રાગ છે, દ્વેષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તારો ભગવાન પૂર્ણ આનંદ અને જ્ઞાનથી ભરેલો એની અંતરમાં જા અને એની સેવા કર. એ પર્યાયને પ્રગટ કરવી એ સેવા છે. એ તારી આત્માની સેવા છે. આહા..હા..! એવો ઉપદેશ કરવો. '**અન્યને પણ એ જ ઉપદેશ...**' એમ લખ્યું છેને પાછું? મારે ઠીક કર્યું છે. આ જ ઉપદેશ કરવો. વીતરાગ માર્ગની અંદરમાં તો વીતરાગી પર્યાયનું સેવન કરવું, રાગની પર્યાયનું સેવન ન કરવું એવો ઉપદેશ કરવો.

## શ્લોક-૧૬

હવે, એ જ અર્થનો કલશરૂપ શ્લોક કહે છે :-

(अनुष्टुभ्)

दर्शनज्ञानचारित्रैस्त्रित्वादेकत्वतः स्वयम्।
मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः।।१६।।

**શ્લોકાર્થ :-** **[प्रमाणतः]** પ્રમાણદૃષ્ટિથી જોઈએ તો **[आत्मा]** આ આત્મા **[समम् मेचकः अमेचकः च अपि]** એકીસાથે અનેક અવસ્થારૂપ ('મેચક') પણ છે અને એક અવસ્થારૂપ ('અમેચક') પણ છે, **[दर्शन-ज्ञान-चारित्रैः त्रित्वात्]** કારણ કે એને દર્શન-જ્ઞાન-ચારિત્રથી તો ત્રણપણું છે અને **[स्वयम् एकत्वतः]** પોતાથી પોતાને એકપણું છે.

**ભાવાર્થ :-** પ્રમાણદૃષ્ટિમાં ત્રિકાળસ્વરૂપ વસ્તુ દ્રવ્યપર્યાયરૂપ જોવામાં આવે છે, તેથી આત્મા પણ એકીસાથે એકાનેકસ્વરૂપ દેખવો. ૧૬.

## શ્લોક-૧૬ ઉપર પ્રવચન

'**હવે, એ જ અર્થનો કળશરૂપ શ્લોક કહે છે :—**' લ્યો! ૧૬-૧૬. ૧૬નો ૧૬.

(अनुष्टुभ्)

दर्शनज्ञानचारित्रैस्त्रित्वादेकत्वतः स्वयम्।
मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः।।१६।।

નીચે અર્થ. '**પ્રમાણદષ્ટિથી જોઈએ...**' એટલે કે આત્માનું ત્રિકાળી સ્વરૂપ દ્રવ્ય અને એક સમયની પર્યાય વર્તમાન પ્રગટ દશા અને અપ્રગટ આખું દ્રવ્ય. બેને એક સાથે જોઈએ '**તો આ આત્મા એકીસાથે અનેક અવસ્થારૂપ...**' એ મેચકની વ્યાખ્યા છે. અને અવસ્થારૂપ, વ્યવહારરૂપ, મલીનરૂપ, વિવિધરૂપ. આત્માને પ્રમાણદષ્ટિથી જોઈએ તો. એટલે આખું દ્રવ્ય વસ્તુ અને એની વર્તમાનદશા બેને બેથી જોઈએ તો દશા જે છે એ અનેક અવસ્થારૂપ મેચક છે. આત્માની પર્યાયમાં અનેકતા છે, અનેકતા છે એ વ્યવહાર છે, એ મલિનતા છે, એ વિવિધતા છે, એ વિચિત્રતા છે, એ વ્યવહારનયનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? મેચકનો અર્થ કળશકારે મલિનતા કર્યો છેને. એટલે પછી સમયસાર નાટકમાં પણ એમ કર્યું છે. એમાંથી લીધું છે ખરુંને. આમાં મેચક ભેદરૂપ. વસ્તુ એકરૂપ છે દ્રવ્ય તરીકે. એ નિશ્ચયનયનો વિષય છે અને અનેક ભિન્નતા ત્રણ પર્યાયની અનેકતા. આહા..હા..! એ પણ વ્યવહારનયનો વિષય છે. અહીં તો હવે વ્યવહાર-નિશ્ચય, રાગ વિનાનો વ્યવહાર અને પર્યાય વિનાનું દ્રવ્ય બેને જાણવું પ્રમાણ એમ સિદ્ધ કર્યું છે. ધીમે-ધીમે પકડવું. સમજાણું કાંઈ?

'**આ આત્મા...**' '**समम्**' '**એકીસાથે...**' '**मेचकः अमेचकः च अपि**' મેચક એટલે અનેક અવસ્થારૂપ, ત્રણ પર્યાયરૂપ. રાગરૂપ નહિ. ભાઈ! આ વ્યવહારમાં રાગરૂપ નહિ. એ ત્રણ પર્યાયનું ત્રણ પર્યાયરૂપે ભેદરૂપ જોવું એ જ વ્યવહાર છે અને એ જ પર્યાયનું વિશેષ, અને એ વ્યવહારથી જોવું એને મલિનતા કહેવામાં આવે છે. ભેદ છે એ મલિનતા એમ. સમજાણું કાંઈ? '**આ આત્મા...**' આ આત્મા. આમ તો પ્રત્યક્ષ તો કહ્યો અંદર. જ્ઞાનભાવે પ્રત્યક્ષ થાય એવો પ્રભુ, એને જ્યારે એક સાથે. બેનું જોવું એમ. '**એકીસાથે અનેક અવસ્થારૂપ પણ છે...**' એમ. એકીસાથે. પર્યાયમાં ત્રણ પ્રકાર પણ છે—દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આહા..હા..! જુઓ, આમાં વ્યવહારથી પ્રમાણનો જે પ્રમાણ વિષય છે દ્રવ્યરૂપે, એના પ્રમાણના વિષયના અનેકપણામાં રાગ અને નિમિત્ત નથી આવતું. સમજાણું કાંઈ? મારે આ.

'**આ આત્મા...**' '**समम्**' એટલે '**એકીસાથે...**' દ્રવ્ય વસ્તુ અને પર્યાય એ બેને એક સાથે જાણતાં. પર્યાય એટલે શું? કે અનેક અવસ્થારૂપ મેચકપણ છે. પર્યાયના ત્રણ પ્રકાર

પડ્યા એ અપેક્ષાએ વ્યવહારરૂપ છે, મલિનરૂપ છે, ભેદરૂપ છે, વિચિત્રરૂપ છે, વિવિધરૂપ છે. સમજાણું કાંઈ? આવું ક્યાં મારે? એ કરતા દયા પાળવી, વ્રત પાળવા, સહેલું સટ અને રખડીને મરે પછી ચાર ગતિમાં જાય. ચોર્યાસીના ભવ. અરે આવું સમજવું અને આવું કરવું ભારે. મવાણી! સીધું છે કે ઉંધું? રખડવાનું છે. આહા..હા..! શું કહે છે આમાં? ભગવાન આત્માને પહેલો તો કહ્યો કે એની સેવા પર્યાયની કરવી એ આત્માની કરવી એમ કહ્યું. એ નિશ્ચય સિદ્ધ કર્યો. અને એની પર્યાયનું ભિન્નપણું, અનેકપણું છે એ વ્યવહાર અને એ આત્માની એકતા થઈ જવી એ નિશ્ચય. હવે એ ભિન્નપણું અને અભિન્નપણું એક સાથે જોતાં પ્રમાણજ્ઞાન થાય, પણ ભિન્નપણું એટલે શું? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પર્યાય નિર્મળ, નિર્વિકલ્પ એક આત્મામાંથી પ્રગટેલી અંતરના સ્વલંબે, સન્મુખે, પણ ત્રણ ભેદરૂપ એને જોવો એનું નામ વ્યવહારનય છે. એને રાગવાળો વ્યવહાર જોવો અને વ્યવહારવાળો એમ અહીંયાં નથી. સમજાણું કાંઈ?

અહીં તો સદ્‌ભૂત પર્યાયનો જે વ્યવહાર છે એને જ વ્યવહાર લીધો છે. રાગાદિ છે તો અસદ્‌ભૂત છે. સમજાણું કાંઈ? **'પ્રમાણદૃષ્ટિથી જોઈએ તો આ આત્મા...'** એટલે દ્રવ્ય અને પર્યાય આખું રૂપ અને એક સમયની પર્યાયનું રૂપ એનું આખું રૂપ જે છે એ નિશ્ચયનો વિષય અને એક સમયની પર્યાય દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વ્યવહારનો વિષય. એ બેને એક સાથે જાણવું એનું નામ પ્રમાણ. સમજાણું? **'એકીસાથે અનેક અવસ્થારૂપ પણ છે...'** એમ. આ પણ છે અને બીજું પણ છે. **'અને એક અવસ્થારૂપ પણ છે,...'** એક અવસ્થા લેવી અહીંયાં. અવસ્થ. એકરૂપે દ્રવ્ય પણ છે. એમ. લ્યો વળી એક અવસ્થારૂપ છે અને અનેક અવસ્થારૂપ છે. વળી અનેક અવસ્થામાં લીધા ત્રણ ભેદ અને એક અવસ્થામાં લીધું દ્રવ્ય. અવસ્થ. એકરૂપે નિશ્ચય છે. ત્રિકાળ જ્ઞાયકભાવ, ધ્રુવભાવ એ એકઅવસ્થારૂપ એને કહેવામાં આવે છે. એકરૂપ છે તેને એક અવસ્થારૂપ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? કહો, ભીખાભાઈ! આવી વાતું છે બહુ ઝીણી. આહા..હા..! અરે! ભગવાન જાગે કોઈની જરૂર નથી એને એવું છે.

કહે છે એને **'એક અવસ્થારૂપ પણ છે,...'** એમ. પર્યાયમાં અનેક અવસ્થારૂપ પણ છે અને વસ્તુ તરીકે એક અવસ્થા એટલે એકરૂપ છે. એમ. સમજાણું કાંઈ? **'दर्शन-ज्ञान-चारित्रैः त्रित्वात्'** 'કારણ કે...' હવે એનો ખુલાસો કરે છે. ઓલું અનેકરૂપ કહ્યું હતુંને? **'દર્શન-જ્ઞાન-ચારિત્ર તો ત્રણપણું છે...'** અનેકપણું છે એમ. સમ્યગ્દર્શન આ આત્માના અનુભવનું સમ્યગ્દર્શન અને જ્ઞાન અને ચારિત્ર આત્માનું. આ શાસ્ત્ર જ્ઞાન અને બહારના જ્ઞાનની અહીં વાત છે જ નહિ. એમ વ્યવહાર દયા, દાન, વ્યવહારના મહાવ્રતના પરિણામની અહીં વાત નથી. અણાત્મામાં ગયું એ તો. આહા..હા..! અહીં તો આત્મા જેને કહીએ વસ્તુ અને

એની પર્યાય. એની વાત એનું પ્રમાણ કહે છે. આહા..હા..! આવું જ્યાં નથી તત્ત્વ ત્યાં આ તત્ત્વ કેમ એને હાથ આવે આવું જ્યાં .. નથી એ તો .. છે. આહા..હા..! માર્ગની રીત જ જ્યાં નથી. જેમાં સર્વજ્ઞ નથી અને સર્વજ્ઞે કહેલી પર્યાય અને દ્રવ્યનું આવું સ્વરૂપ જ જ્યાં નથી ત્યાં તો ઉંધો માર્ગ હોય. હવે એને પણ આ માર્ગની સાથે મેળવવું. હલવો અને વિષ્ટા બેય છે તો લસલસતું. વિષ્ટા પણ હોયને. બે ચીજ જુદી છે. બેને એક કેમ કહેવાય? બેને એક કેમ મનાય? બેની એક જાત કેમ જણાય? જાત જુદી છે. સમજાણું કાંઈ? એમ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રે કહેલું તત્ત્વ અને સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રએ કહેલો ભાવ તત્ત્વ તદ્દન જુદી જાત છે. આહા..હા..!

મુમુક્ષુ :- છત્રીસનો આંકડો છે.

ઉત્તર :- છત્રીસનો આંકડો છે. ત્રગડો અને છગડો બે ઉંધા. ૬૩ થાય બેયના મોઢા સવળા એમ. ૩૬ છેને. ઓલો ત્રગડો અને છગડો બેય ઉંધા. અને છગડો અને ત્રગડો કરે તો બેય સામા સવળા. ૩૬ને ૬૩ની સાથે મેળવવું. આહા..હા..! બાપુ! એ તો વસ્તુનું સ્વરૂપ એમ છે. સમજાણું કાંઈ? એવી છે વાત. આહા..હા..!

કહે છે સોળમી ગાથાએ તો અજબ છેને. આહા..હા..! ભગવાન! તું તો અમૃતનો સાગર છો પ્રભુ ત્રિકાળી. અને એ ત્રિકાળી અમૃતના સાગરમાં અંતર પેસીને જે જ્ઞાન, દર્શન અને ચારિત્ર પર્યાય થાય એનું સેવન એ તો વ્યવહારનું સેવન કર્યું. પણ એનો અર્થ કે એ પર્યાય દ્રવ્યની છે એટલે આત્માનું સેવન એમ કહેવામાં આવે છે. આહા..હા..! વળી અહીંયાં કહ્યું કે એ મેચક. અનેકતા પર્યાયમાં છે એ જાણવું એ વ્યવહારનયનો વિષય છે અને એકરૂપ દ્રવ્ય જાણવું એ નિશ્ચયનો વિષય છે. બેને એક સાથે જાણવું એ પ્રમાણનો વિષય છે. આમાં ઓલા રાગનું ન આવ્યું આમાં. જેમ ઓલા શક્તિમાં નાખ્યું હતુંને ભાઈ! શક્તિ ત્રિકાળી ૪૭માં રાગાદિનું ન આવ્યું. નિર્મળ પર્યાય અને દ્રવ્ય એ જ પ્રમાણનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા નિશ્ચય અને નિમિત્ત વ્યવહાર બેનું જ્ઞાન પ્રમાણ એ અહીં વાત નથી. જેમ આત્માની નિર્મળ પર્યાય એ નિશ્ચય અને રાગાદિ વ્યવહાર એ અહીં કામ નથી. અહીં તો ત્રિકાળી જ્ઞાયકભાવ દ્રવ્ય સ્વભાવ એ નિશ્ચય અને પર્યાયના ત્રણ પ્રકાર પડ્યા તે વ્યવહાર. એ પ્રમાણે નિશ્ચયની એકતાને તોડીને અનેકતાનું જ્ઞાન કર્યું છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

ફરીને. આમ કહ્યુંને જુઓ, કારણ કે એને દર્શન-જ્ઞાન-ચારિત્ર તો ત્રણપણું છે. સમ્યગ્દર્શન નિર્વિકલ્પ આનંદની પર્યાય જ્ઞાન અને ચારિત્ર ત્રણે આનંદની પર્યાય છે. એ ત્રણપણું છે એ વ્યવહાર છે અને સ્વયં એકત્વ. પોતાથી પોતાને એકપણું છે જોયું! જે ઓલી અવસ્થા કીધીને એક? એને પોતાથી પોતાને એકપણું છે. વસ્તુ તરીકે ભગવાન દ્રવ્ય તરીકે, ધ્રુવ તરીકે

એ એક છે. એ એકપણું તે નિશ્ચયનયનો સમ્યગ્દષ્ટિનો વિષય છે અને એની સાથે જ્ઞાન થવું એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શનની સાથે પર્યાય થાય એ વ્યવહારનો વિષય છે. સમ્યગ્દર્શન પર્યાય પોતે વ્યવહારનો વિષય છે. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? એથી ભેદ પાડીને સમજાવ્યું છે એમ કીધુંને. પર્યાયમાં.. આમ કર્યું છે. છેલ્લે કહેશે. મારો આવો ઉપદેશ કોણ સમજે? આ બધા લાખો માણસ ભેગા થાય. અરે! સમજવા માગે. આત્મા છે આત્માની તો વાત છે. સમજાણું કાંઈ? આત્મા હોય તે સમજે. જડ હોય તે ન સમજે. જડ કહેતાં શરીર અને રાગ બેય ન સમજે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મુખ્ય કાર્ય છે આ.

ઉત્તર :- મુખ્ય વસ્તુ જ આ છે. બાકી ધૂળ કરે છે, કાર્ય કરી શકે છે કે દિ'? આહા..હા..!

**'ત્રણપણું છે અને પોતાથી પોતાને એકપણું છે.'** એટલે શું? કે આત્મા પોતાનો એક સ્વભાવ ધ્રુવ ત્રિકાળી છે એ તો એકપણે છે અને પર્યાયમાં આ દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગદશાની ત્રણ પર્યાય એ અનેકપણે છે. વિવિધ થઈ, વિચિત્ર થઈ, મલિન થઈ, વ્યવહાર થઈ એ પર્યાયનો વિષય છે. આહા..હા..! આ અમેચકપણું, એકપણું એ નિર્મળ છે, નિશ્ચય છે, પરમ શુદ્ધનયનો એ વિષય છે. એ પર્યાય છે એ શુદ્ધનયનો વિષય છે અહીં. સમજાણું? ઓલા દ્રવ્ય છે હોં! અહીં પર્યાય તો વ્યવહારનો વિષય છે. ભારે! એકકોર પર્યાયને શુદ્ધનય કીધી. એ કઈ અપેક્ષા ત્યાં લાગી અને આ અપેક્ષા છે એ સમજવી જોઈએ કે નહિ? આહા..હા..! અરેરે! આવું સાંભળવા પણ મળે નહિ અને જિંદગી જાય. ..માં જાય ગધેડા જેવી. એય..! ભગવાનભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ પૈસા મળ્યાને. ૫૦ લાખ, ૬૦ લાખ, ૮૦ લાખ. એની પાસે ક્યાં છે? એની પર્યાયમાં ક્યાં આવ્યા? એ તો જડ થઈ ગયા છે. એ જડ થઈને જડરૂપે રહ્યા છે. મૂઢ માને છે કે આ મારા છે એ માન્યતામાં ભ્રમ છે એનો. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો અણાત્માની શ્રદ્ધા થઈ. આત્મા નિર્મળાનંદ, સચ્ચિદાનંદ શુદ્ધ સમાન, સિદ્ધ સમાન શુદ્ધ ધ્રુવ એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણને પણ જાણવા એ વ્યવહાર છે કહે છે. આહા..હા..! અને એકરૂપ ત્રિકાળ છે એને જાણવું એ નિશ્ચય. એક સાથે બેને જાણવું એ પ્રમાણ. સમજાણું કાંઈ? હવે ઓલા આવ્યા છે લ્યો! પ્રમાણ, નય, નિક્ષેપને ખોટા છે. ખોટા એટલે પ્રમાણ ખોટું છે? એમ વળી કહે. ભાઈ! ત્યાં ભેદના વિકલ્પની વાત સાંભળને. આવ્યું છે કાલે જ આવ્યું છે. જૈનગેજેટમાં. પ્રમાણ, નય, નિક્ષેપ અને વ્યવહાર માટે અસત્ છે. પ્રમાણ અસત્ છે? અને પ્રમાણની અપેક્ષાએ પ્રમાણ સત્ છે વ્યવહારે તે. પણ નિશ્ચયની અપેક્ષાએ બધા અસત્ છે. વિકલ્પ છેને એ? એ વાત છે ત્યાં. ભારે ઝંઝટ ઊભી થઈ.

કાંઈ નહોતું બિચારા પડ્યા હતા એમ ને એમ. લ્યો!

'**ભાવાર્થ :- પ્રમાણદષ્ટિમાં...**' પ્રમાણદષ્ટિમાં એટલે? '**ત્રિકાળસ્વરૂપ વસ્તુ દ્રવ્યપર્યાયરૂપ જોવામાં આવે છે,...**' એમ. ત્રિકાળ સ્વરૂપ વસ્તુ અને દ્રવ્યપર્યાયરૂપ એ વસ્તુ. ત્રિકાળસ્વરૂપ વસ્તુ એને દ્રવ્યરૂપપર્યાય જોવામાં આવે. આહા..હા..! ભગવાન આખી ચીજ પૂર્ણ અનાદિ-અનંત નિત્ય ધ્રુવ અને એની વર્તમાન પર્યાય. બેને જોવામાં આવે છે. '**તેથી આત્મા પણ એકીસાથે એકાનેકસ્વરૂપ દેખવો.**' લ્યો! આત્મા પણ એકી સાથે ત્રિકાળ સ્વરૂપની અપેક્ષાએ એક, પર્યાયની અપેક્ષાએ અનેક. એક-અનેકસ્વરૂપ દેખવો. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એક-એક ગાથા ચડિયાતી છે હોં! આગળ લઈને વીતરાગતાને.

## શ્લોક-૧૭

(अनुष्टुभ्)

दर्शनज्ञानचारित्रैस्त्रिभिः परिणतत्वतः।
एकोऽपि त्रिस्वभावत्वद्व्यवहारेण मेचकः।।१७।।

શ્લોકાર્થ :- [एकः अपि] આત્મા એક છે તોપણ [व्यवहारेण] વ્યવહારદષ્ટિથી જોઈએ તો [त्रिस्वभावात्वात्] ત્રણ-સ્વભાવપણાને લીધે [मेचकः] અનેકાકારરૂપ ('મેચક') છે, [दर्शन-ज्ञान-चारित्रैः त्रिभिः परिणतत्वतः] કારણ કે દર્શન, જ્ઞાન અને ચારિત્ર-એ ત્રણ ભાવે પરિણમે છે.

ભાવાર્થ :- શુદ્ધદ્રવ્યાર્થિક નયે આત્મા એક છે; આ નયને પ્રધાન કરી કહેવામાં આવે ત્યારે પર્યાયાર્થિક નય ગૌણ થયો તેથી એકને ત્રણરૂપ પરિણમતો કહેવો તે વ્યવહાર થયો, અસત્યાર્થ પણ થયો. એમ વ્યવહારનયે આત્માને દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણામોને લીધે 'મેચક' કહ્યો છે. ૧૭.

## શ્લોક-૧૭ ઉપર પ્રવચન

'**હવે નયવિવક્ષા કહે છે :—**' એ પ્રમાણની વ્યાખ્યા કરી. ૧૭ આવીને ૧૭?

(अनुष्टुभ्)

दर्शनज्ञानचारित्रैस्त्रिभिः परिणतत्वतः।
एकोऽपि त्रिस्वभावत्वद्व्यवहारेण मेचकः।।१७।।

'**શ્લોકાર્થ :- આત્મા એક છે તોપણ વ્યવહારદષ્ટિથી જોઈએ તો ત્રણ-સ્વભાવપણાને લીધે અનેકાકારરૂપ (મેચક) છે...**' આહા..હા..! વ્યવહાર જોઈએ તો એટલે? વર્તમાન એની નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય ત્રણરૂપ, અનેકરૂપ, વિચિત્રરૂપ, વિવિધરૂપ એ રીતે જોઈએ તો તે '**અનેકાકારરૂપ (મેચક) છે...**' વ્યવહાર છે. સમજાણું કાંઈ? આ નિર્મળ પર્યાયે જોઈએ તો વ્યવહાર છે એમ કહે છે. રાગથી જોઈએ અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના રાગથી એ વ્યવહાર અને આ નિશ્ચય એ વાત જ નથી અહીંયાં. સદ્‌ભૂત વ્યવહાર જે અંદરમાં પ્રગટ્યો એ. આહા..હા..! એને જ વ્યવહાર કહ્યો અહીંયાં. રાગનો પરિણામ અસદ્‌ભૂત છે. અસદ્-જૂઠાં છે. આહા..હા..! ત્યારે કહે ભાઈ આ વ્યવહાર છે અને વળી તમે એને પાછો સદ્‌ભૂત કહો છો એ પાછો ત્રિકાળની અપેક્ષાએ અસદ્‌ભૂત છે એ. ત્રિકાળ દ્રવ્યસ્વભાવ ભૂતાર્થ છે અને પર્યાય અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. એની અપેક્ષાએ હોં. એની પોતાની અપેક્ષાએ તો છે. કેટલી અપેક્ષા સમજવી આમાં? બિચારા માંડ વખત કલાક, બે કલાક, કલાક મળે એને બિચારાને મજૂરી કરતા. આ મજૂરી એટલે આ રળવાનું. એમાંથી માંડ આવે નવરો થઈને એક કલાક. એમાં આવી વાતું હવે એમાં શું એને સમજવું? આહા..હા..! મવાણી! મજૂરી કરતો માંડ નવરો થાય બે ઘડી. મજૂરી હશે આ? આહા..હા..! રાગ-દ્વેષના ભાવની મજૂરી વેંઠે છે. આહા..હા..! એની એને ખબર નથી. સમજાણું કાંઈ? એની તો અહીં વાત પણ નથી કહે છે. એ તો આત્માની પર્યાયમાં પણ આવતા નથી. આહા..હા..! એ તો અણાત્મામાં જાય છે. અણાત્માની મજૂરી છે એ તો. આહા..હા..!

'**આત્મા એક છે તોપણ વ્યવહારદષ્ટિથી...**' '**व्यवहारेण**' એમ છેને? '**व्यवहारेण**' '**વ્યવહારદષ્ટિથી જોઈએ તો...**' '**त्रिस्वभावात्वात्**' '**ત્રણ-સ્વભાવપણાને લીધે...**' બસ એની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાય એ '**ત્રણ-સ્વભાવપણાને લીધે અનેકાકારરૂપ છે,...**' આહા..હા..! ગજબ સમયસારની શૈલી. પછી કેટલાક કહે છે એ વ્યવહારની તો વાતું જ કરતા નથી મારા. વ્યવહાર કરવો. અરે! ભગવાન! એ સદ્‌ભૂત વ્યવહારને કરવો એમ ક્યાંથી આવ્યું? કરવું આ થાય તો તો મિથ્યાદષ્ટિ છે. હોય છે એને જણાવે તો જણાય એ તો જ્ઞાનમાં આવે છે. એ તો પોતાનું જ્ઞાન કરતાં એમાં જણાય જાય છે એ તો પોતાનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? આવી વાતું ભારે ભાઈ! ધર્મીના મોટા ફીંડલા બાંધ્યા હોય એના ગર્વ ઉતરી જાય એવું છે. ફીંડલા સમજાણું? આ પાઘડી બાંધે છેને. ઓલાએ લખ્યું કે એલા પાઘડી તમે પગે બાંધતા નથી અને જોડા માથે બાંધતા નથી. તો દ્વેષ છે પાઘડી ઉપર?

જોડા ઉપર દ્વેષ છે? એવું .. ઓલામાં લખ્યું. ઘણા બોલ નાખ્યા છે.

મુમુક્ષુ :- સમન્વયના.

ઉત્તર :- શેની સાથે સમન્વય કરવો? કે નહિ પાઘડી પણ પગમાં પહેરાય અને જોડા ઉપર પહેરાય. એ બટનને લોકો અહીં પહેરે છે અને કોઈ બટન પાછળ રાખે છે એમ હોય છે આ કપડાને. હા હા હોય છે. હોય છે. જોયું છે. તે દિ' તો નહોતું પહેલા વર્ષમાં. આહા..હા..!

કહે છે કે ભગવાન! એકવાર સાંભળને ભાઈ તારા ઘરની વાત. તે તારા ઘરની વાત સાંભળી નથી પ્રભુ! તું તો રખડી મર્યો છો એમ ને એમ. એ દુઃખના ડુંગરે અંગારે શેકાઈ રહ્યો છો તને ખબર નથી. આહા..હા..! કારણ કે. શું કહે છે. મેચક છે. કેમ? **'दर्शन-ज्ञान-चारित्रैः त्रिभिः परिणतत्वतः'** આહા..હા..! સમ્યગ્દર્શન વીતરાગી સમ્યક્, વીતરાગી જ્ઞાન અને વીતરાગી એ ત્રણ ભાવે પરિણમે માટે તે અનેકાકાર ને મેચક અને વ્યવહાર છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? **'એ ત્રણ ભાવે પરિણમે છે.'** એ વ્યવહાર છે. એકરૂપ ભગવાન ત્રિકાળી આનંદકંદ એ ત્રણરૂપે થાવું એ જ વ્યવહાર છે કહે. એકરૂપે રહેવું એ નિશ્ચય છે. કહો, સમજાણું કાંઈ? એનો ખુલાસો ભાવાર્થમાં કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૧૨, ગુરુવાર, તા. ૨૭-૦૧-૧૯૭૨
## શ્લોક-૧૭-૧૮-૧૯, પ્રવચન-૮૩

આ સમયસાર. ૧૬મી ગાથા. એનો ૧૭મો કળશ છેને. એનો ભાવાર્થ છે. **'શુદ્ધદ્રવ્યાર્થિક નયે આત્મા એક છે;...'** એટલે શું કહે છે? એક સ્વરૂપ એનું પર્યાયમાં ભેદમાં ગૌણ કરીને જુઓ, પર્યાયો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને અહીંયાં પર્યાય અને એને અહીંયાં વ્યવહાર કહેવામાં આવે છે. રાગાદિ શુભ-અશુભ થાય કે શુભ એની અહીં ગણતરી નથી. એને અહીં ગણ્યો જ નથી વ્યવહારમાં. ફક્ત આત્મા વસ્તુ છે પૂર્ણાનંદ, અખંડ આનંદ એકરૂપ એ શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો આત્મા એક છે. ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય વસ્તુ જોતાં તે એક સ્વરૂપે છે. 'આ

**નયને પ્રધાન કરી કહેવામાં આવે...'** પ્રધાન કરીને. '**ત્યારે પર્યાયાર્થિક નય ગૌણ થયો...'** પર્યાયાર્થિક નય એટલે? જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ નિશ્ચય મોક્ષમાર્ગ એ સ્વભાવને આશ્રયે ત્રિકાળી આનંદસ્વરૂપ એને આશ્રયે અવલંબે થયેલી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર એ ત્રણ પર્યાયો વ્યવહારનયનો વિષય એકરૂપ દ્રવ્યને જણાવતા, અનુભવ કરતા એ ત્રણે પર્યાયનો વિષય ગૌણ થઈ જાય છે. આહા..હા..! એટલે એને લક્ષમાં રહેતો નથી. સમજાણું કાંઈ? તકરાર તો લોકોની એ છેને બહારની આ વ્રત ને તપ ને સંયમની પુષ્ટિ કરો, નહિતર ધર્મ નાશ થઈ જાય છે. એમ કહ્યું છે. આહા..હા..! અરે ભગવાન! બાપુ! વ્રત ને તપ ને સંયમ તો એને કહીએ કે જ્યાં આગળ રાગાદિ અને પરવસ્તુનું સ્વામીપણું, પોતાપણું ઉડી ગયું છે. અને જ્યાં ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદના સ્વામીપણે આવ્યો, એટલે એની પર્યાયના ત્રણ ભેદ પડે એને પણ અહીંયાં વ્યવહારનય કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં વ્યવહાર નિમિત્ત વ્યવહાર અને આત્મા નિશ્ચય એ પ્રમાણનો વિષય અહીં નથી અડવો. તેમ વ્યવહારરત્નત્રય અને નિશ્ચયરત્નત્રય એમ બેનું પ્રમાણ એ અહીં ગણવું નથી. અહીં તો મુખ્ય મુદ્દાની રકમ અને એમાં પડતા પર્યાયના ભેદ, નિર્મળ હોં. બસ એ વ્યવહારનો વિષય અને એ પ્રમાણમાં બે ભેગા આ આવે. પ્રમાણમાં એટલે? ત્રિકાળી દ્રવ્યસ્વભાવ અને એને આશ્રયે થયેલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિર્મળ વીતરાગી પર્યાય એને અહીંયાં વ્યવહારનયનો વિષય ગણી, પર્યાયાર્થિકનો વિષય ગણી, ભેદનું લક્ષ ગણી (છોડી) એને ગૌણ કરીને એ પર્યાય ત્રણ પ્રકારે થવું તે જૂઠું છે એમ કહેવું છે. એક આત્મા ત્રણપણે થાય તે જૂઠું છે કહે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! કહો, સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ છે. આ લોકોને બહારથી એવું કે એવા બિચારા લખે છે. આ જુઓને આવ્યું છેને આ જૈનશાસન. બહુ લખે છે. પેટ ભરીને લખે. આ દિગંબર ધર્મનો નાશ કરીને ઉભો થયેલો ધર્મ. અરે પ્રભુ! ભાઈ! ધર્મનો નાશ કોને કહીએ? બાપુ! એ ધર્મદશા પ્રગટ થાય છે એ પણ ત્રિકાળી દ્રવ્યને આશ્રયે થાય એ પણ પર્યાયનય અને વ્યવહારનયનો વિષય છે. આહા..હા..!

પરમ સત્ય સચ્ચિદાનંદ સત્ સ્વરૂપ શાશ્વત એની જ્યારે દૃષ્ટિથી અનુભવમાં લે અથવા કહેવામાં આવે એવી વાત છે. ત્યારે એની મુખ્યતાથી, ત્યારે પર્યાયનય ગૌણ થઈ ગયો. આહા..હા..! સમ્યક્ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર જે આનંદની ધારા ત્રણે. આહા..હા..! સમજાણું કાંઈ? એને પણ પર્યાયાર્થિકનો વિષય ગણી, વર્તમાન ભેદ અને વ્યવહારનો વિષય ગણી એને જૂઠો કહ્યો. આ સત્ય છે. એને ગૌણ કરીને '**ગૌણ થયો તેથી એકને ત્રણરૂપ પરિણમતો કહેવો...'** દેખો, આહા..હા..! ભગવાન વસ્તુ તરીકે પદાર્થ

તરીકે એકસ્વરૂપે છે એને ત્રણપણે પરિણમતો કહેવો એ જ વ્યવહાર થઈ ગયો. આહા..હા..! અરે પ્રભુ! તારા ઘરની વાત છે પણ એ માણસને એવું થઈ જાય કે આ નવો ધર્મ કાઢ્યો. અરે આ નવો નથી ભાઈ! એને પોતાને ખબર પડતી નથી એટલે જાણે (નવો લાગે).

અહીં તો કહે છે કે પ્રભુ! તું પૂર્ણ સ્વરૂપ છો. એની દૃષ્ટિ કરાવવા, પરની એકતાની તો વાત નહિ, રાગની એકતાની વાત નહિ, પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જે પરિણામ જે શુદ્ધ વીતરાગી એની એકતાને તોડાવી છે અહીં તો. સમજાણું કાંઈ? શું થાય? જેમાં પોતાપણું માને એને દૂર કરવા કેમ હઠે? દૂર કરવા કેમ મથે? અહીં તો ભગવાન સ્વરૂપ ચિદ્‌ઘન સત્‌નું એકલું સત્ત્વ જ રસ, પૂર્ણરસ. સ્વભાવિક રસ એમાં અપૂર્ણતા અને ભેદ અને વિકાર તો છે નહિ. એવી એકરૂપ ચીજની દૃષ્ટિ કરતાં અને એ દૃષ્ટિ કરાવવા માટે એકનું ત્રણપણે થવું એને વ્યવહાર કહીને જૂઠો કહેવામાં આવે છે. આહા..હા..! મૂળચંદભાઈ! આવો માર્ગ છે. પણ શું થાય? અરેરે! એ ચોર્યાસીના અવતારમાં સાંભળ્યો નથી. આ સત્ય છે બાપુ.

વિકલ્પ ઉઠે પંચ મહાવ્રતનો એની તો અહીંયાં વાત જ નથી. એની એકતા એ તો મિથ્યાત્વભાવ છે. પણ સ્વરૂપ ત્રિકાળ છે એની એકતાની જે પર્યાય પ્રગટે. આહા..હા..! એને પણ અહીંયાં પર્યાયનયનો, વર્તમાન અંશનો વિષય ગણી, ગૌણ કરીને તેને વ્યવહાર કહેવામાં આવે છે. એકને ત્રણપણે પરિણમતો કહેવો એ ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે. આહા..હા..! એને પોતાનું સ્વરૂપ મહા માહાત્મ્યવાળું એને માહાત્મ્ય આવતું નથી. એથી આ બધો ગડબડ ગોટો ઉઠે છે. આ વ્રત કરીએ ને તપ કરીએ ને પૂજા ને ભક્તિ ને દાન ને એ કરતાં-કરતાં હાથ લાગી જશે. ભાઈ! પણ એ ચીજ જ જ્યાં પર છે. પરને કરતા સ્વ લાધી જશે એ ક્યાંથી આવ્યું? અહીં તો સ્વ આત્મા પર્યાયમાં લાધે. આહા..હા..! એમાં કહ્યું છે ઓલા બોલ કહ્યાને દ્રવ્યસંગ્રહમાં? એની ઓલી પર્યાયમાં નિત્યની પ્રાપ્તિ એવું લીધું છે એક શબ્દ. દ્રવ્યસંગ્રહમાં બોલ છેને. નિત્યની પ્રાપ્તિ. આ નિત્યની પ્રાપ્તિ. એનું નામ મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગના નામ છે. નિત્યની પ્રાપ્તિ. નિત્યની પ્રાપ્તિ એટલે નિત્ય વસ્તુ છે તેને પર્યાયમાં પ્રાપ્ત થઈ. સમજાણું કાંઈ? જ્યાં પર્યાયની એકલી પ્રાપ્તિ હતી એ મોક્ષમાર્ગ નહોતો. સમજાણું કાંઈ? ભારે વાત આવી. આ વકીલાતમાં આવું આવતું હશે ક્યાંય? વકીલમાં આવતું હશે? ત્યાં તો બહારના અમારા રામજીભાઈ વકીલ મોટા વકીલ હતા. એ વખતે તો હાકલ વાગતી. બસ્સો રૂપિયામાં એક દનિયું. ઓલો બિચારો બે દિ' માટે આવ્યો હતો. પાંચસો લઈને પણ આવોને બે દિ'. .. ભાઈ નહિ? ભાવનગરનો. અહીં આવ્યો હતો બિચારો વ્યાખ્યાનમાં બેઠો હતો.  બે ભાઈઓ આવતા હતા. પારસી. એ કહે છે કે બે દિ' આવોને ભાઈ બે દિ' આવો. બાપુ! એ શું ચીજ છે?

અહીં તો પરમાત્મા એમ કહે છે કે તને કદાચિત્ વિકલ્પ ઉઠે, વસ્તુ તો અખંડાનંદ પ્રભુ એનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એને જ અમે વ્યવહાર કહીએ. પણ વિકલ્પ ઉઠે તને તો એ પર્યાયનું સેવન કરવું એવો ઉપદેશ કરજે. રાગનું સેવન કરવું એવો ઉપદેશ કરીશ નહિ. એમ આવી ગયું છેને. શરૂઆતમાં. ઈરાદો રાખીને બીજાને વ્યવહારથી પ્રતિપાદન કરે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી શૈલી પણ મીઠી. આહા..હા..! ભાઈ! વિકલ્પ તો ઉઠે કે વિકલ્પનું તો સ્વામીત્વ નથી. તો વિકલ્પને અહીંયાં વ્યવહારનયના વિષયમાં પણ ગણવામાં આવ્યું નથી. કારણ કે વિકલ્પ સ્વતંત્ર વસ્તુ છે અને વાણી એ વખતે નીકળે ઈરાદો આ. એ વસ્તુ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ એની જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા એની સેવા કરજે. દ્રવ્યની સેવાની વાત નથી આમાં. અહીંયાં તો અસદ્ભૂત રાગાદિનો નિષેધ કરવા આ સેવા કહેવામાં વ્યવહારનયથી વાત કરી છે. લોકો ભેદથી, પર્યાયથી સમજે એથી પર્યાયથી વાત કરી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાયથી સમજે?

ઉત્તર :- સમજે એ ભેદથી સમજે છેને. સમજે અભેદ, ભેદથી સમજે છેને. દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ આત્માના પરિણામ શુદ્ધ છે એની સેવા કરજે હોં! પર્યાયની સેવા કરજે એય..! ચંદુભાઈ!

મુમુક્ષુ :- ઈરાદો બીજો હતો.

ઉત્તર :- એ પણ ઈરાદો આ રાખીને. ઓલું અભેદનું બતાવું છે એમાં આ એની સેવા કરીને. એમ કહેજે. વ્યવહારથી.. પર્યાયની વાત છે. એ તો પહેલી આવી ગઈ ૧૪-૧૫માં. અબદ્ધસ્પૃષ્ટની દૃષ્ટિ થઈ છે પછી પંદરમાં જ્ઞાન કહ્યું અને આમાં ચારિત્ર કહેવું છે એટલે ઓલી દૃષ્ટિ તો છે. એને સમ્યગ્દર્શન કહીએ અને એનું જ્ઞાન છે એને સમ્યગ્જ્ઞાન કહીએ અને રમણતાને ચારિત્ર કહીએ. તો અહીંયાં સેવન, વેદનમાં પર્યાય આવે છે. એ એનું વેદન કરજે. એની સેવા કરજે એમ. સમજાણું કાંઈ? માર્ગ એવો છે શેઠ! અત્યાર સુધી બીજું ચાલતું હતું એટલે એમાં જૂના દિગંબરોને દિગંબર પાક્કા કરો. નવા દિગંબરો ખોટા છે. ખોટા છે એમ કહે. એને એવા પ્રશ્ન કર્યા છે ઓલામાં. ગયા હતાને જ્યારે? કલોલમાં હતી શિબિર. ફૂલચંદજીને હતાને. કૈલાસચંદજીએ એ પ્રશ્ન કર્યા હતા. ચોપડી હતી છે પ્રશ્ન. કે આમ કેમ? આ નવા નીકળ્યા એને તમે આ શું કરો? ફલાણું છે અને ઢીંકણું છે. એવું બધું પૂછયું છે. જવાબ નથી આપ્યો. અરે! નવા ક્યાં ભગવાન! આ તો છે એવો માર્ગ છે, બાપુ! આ નવું છે. આહા..હા..! જુઓને આ આત્મા વસ્તુ છે, પદાર્થ છે, તો વસ્તુ છે તો એમાં અનંત-અનંત શક્તિઓનું વસેલું એ ઘર છે. એવા આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર. શ્રદ્ધા દ્રવ્યને આશ્રયે થાય એ તો વાત પહેલી આવી ગઈ છે. અહીં ચારિત્રને લેવું છેને વિશેષ? એટલે અંદર

ભગવાન આત્માને આશ્રયે એ સમ્યક્ નિર્વિકલ્પની પ્રતીતિ, નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન એ વીતરાગી સ્થિરતા ચારિત્ર. એની સેવા કરજે. અને વિકલ્પ ઉઠે તો વ્યવહારને ઉપદેશમાં પણ આ લાવજે. આહા..હા..! રાગને સેવજે અને રાગને કરજે (એવો ઉપદેશ ન કરવો). આ રાગ કરવા થાય એમ થાય તો તો આખું દ્રવ્ય વિકારી થઈ ગયું.

મુમુક્ષુ :- ફેરાફર મોટો થઈ ગયો.

ઉત્તર :- મોટો ફેરફાર થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? વિકલ્પ કરવા જેવો છે એ તો પહેલેથી કહ્યું હતું. નિયમસારમાં. '**णियमेण य जं कज्जं**' નિશ્ચયથી કરવાલાયક હોય તો નિશ્ચય મોક્ષમાર્ગ લ્યો! ભાઈ એ આવ્યું આમાં ત્રીજો બોલ. ત્રીજી ગાથા. નિયમસારમાં આવે છે ત્રીજી ગાથા. '**णियमेण य जं कज्जं**' નિયમથી કર્તવ્ય કરવાયોગ્ય હોય તો આ છે. ઓલામાં આવ્યું છે ભાઈ! બંધ અને સર્વશુદ્ધ છેલ્લા બોલ હોં. ઓલા ઉદાસીનોહં કિં કર્તવ્ય એમ શબ્દ છે ત્યાં એ. કિં કર્તવ્યં. 'નિર્વિકલ્પોહં, ઉદાસીનોહં, ..હં' અભેદ રાગ-દ્વેષ આદિ મન.. મન, વચન અને કાયા, કરણ, કરાવન, અનુમોદનના ભાવથી રહિત હું છું. બે ઠેકાણે છે. .. છેલ્લે. ..ટીકામાં. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! મારે પાછો ખુલાસો કેવો કર્યો છે જુઓને. પાઠને લગતો, મેળવાળો. શાંતિના કામ છે, બાપા આ કાંઈ એકદમ કૂદકા મારવા અને આ કરવું એ કાંઈ માર્ગ છે? આ વિકલ્પ કરાવું પછી આ રથયાત્રા કાઢવી અને મોટા મંદિરો કરવા જાણે આ.

મુમુક્ષુ :- હમણા તો આપણે જવાના છીએ.

ઉત્તર :- ત્યાં કોણ કરે? એનું બહુ લખ્યું છે. નાનું ગામડું એમાં પાંચ લાખ ખર્ચીને શું આ કરે છે? પોતાનો પંથ વધારવા કરે છે. એમ લખે છે. એમના ગુરુને બોલાવવાના છે. એને લાગે એ લખેને. અરે ભગવાન! બાપુ તારે હિત કરવું હોય તો આ પંથે આવવું પડશે. એ જ વસ્તુ છે.

કહે છે કે '**પર્યાયાર્થિક નય ગૌણ થયો...**' કેવી રીતે? આને પ્રધાન કર્યો એટલે. કોને? શુદ્ધ દ્રવ્યને. ત્રિકાળી દ્રવ્યને મુખ્ય કરીને જ્યારે કહ્યું ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રના પર્યાય ત્રણરૂપે પરિણમ્યો એ ગૌણ થઈ ગયું. '**તેથી એકને ત્રણરૂપ પરિણમતો કહેવો તે વ્યવહાર થયો,...**' આ વ્યવહાર થયો. આહા..હા..! અહીં તો હજી વિકલ્પ ઉઠે એ વ્યવહાર. બાપુ! એ તો અસદ્ભૂત વ્યવહાર એની વાત લેવી નથી. આહા..હા..! આ તો ત્રિકાળી ભગવાન આત્મા એના અંશમાં ભેદરૂપે આવે એને વ્યવહાર કહેવામાં આવે છે. ભાઈ! વસ્તુ તો આવી છે હોં! સમજાણું કાંઈ? અરે! ધર્મનો નાશ કરવા ઊભા થયા. અરે પ્રભુ! તને આ. કોણ કરે? કોનો નાશ કરે ભાઈ! શું થાય એને? આહા..હા..! શ્રીમદ્ કહે છેને 'કરુણા ઊપજે જોઈ' નથી આવતું? એવું છે. 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા શુષ્ક જ્ઞાનમાં કોઈ,' મોક્ષમાર્ગને

માને. 'માને માર્ગ મોક્ષનો કરુણા ઊપજે જોઈ.' ભાઈ! પ્રભુ! તારા લક્ષણ તો પૂર્ણ છે હોં, પણ પર્યાયમાં આવા અપલક્ષણથી દાખલ કરે છે. નુકસાન છે, બાપુ! એ નુકસાન સહન નહિ થાય. આહા..હા..! પીલાઈ રહ્યો છે ચોર્યાસીના અવતારમાં, આકુળતામાં હોં! કહે છે કે એ આકુળતાનો વ્યય કરી ત્રિકાળી ધ્રુવને આશ્રયે અનાકુળતા ઉત્પન્ન કરી, એને પણ અહીંયાં પર્યાયનય ગણીને, ગૌણ ગણીને એને વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..!

અસત્યાર્થ છે. '**અસત્યાર્થ પણ થયો.**' જુઓ, જૂઠું પણ થયું એ. કારણ કે એકને ત્રણપણે કહેવો એ જૂઠું થયું એમ. એકની અપેક્ષાએ. એની અપેક્ષાએ ભલે હો. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ આવો ભાઈ! આહા..હા..! '**એકને ત્રણરૂપ પરિણમતો કહેવો...**' પરિણમતો કહેવો હોં! પરિણમન પર્યાયરૂપે પરિણમે છે એમ કહેવું. આહા..હા..! અપરિણામી વસ્તુ કૂટસ્થ ધ્રુવ. એને પરિણતો કહેવો. અહીં તો અભેદથી વાત છેને. પરિણમે છે તો પર્યાય પણ. સમજાણું કાંઈ? એને '**પરિણમતો કહેવો તે વ્યવહાર થયો, અસત્યાર્થ પણ થયો.**' આ ખટકે છે. પણ કઈ અપેક્ષાએ અસત્યાર્થ? બાપુ! વસ્તુની અપેક્ષાએ તો ત્રણપણું ત્રણ છે. પણ એકપણાની અપેક્ષાએ તે અસત્ય થયું. આ સત્ થયું તો આ અસત્ થયું. આ મુખ્ય ત્યારે ઓલું ગૌણ કર્યું. સમજાણું કાંઈ?

'**એમ વ્યવહારનયે આત્માને દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણામોને લીધે...**' આત્માને દર્શન, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્રરૂપ પરિણામોને લીધે '**'મેચક' કહ્યો છે.**' આમ એનો અર્થ મેચક, વિવિધ અને વિચિત્ર, અનેક બસ એટલો રાખ્યો. અને કળશટીકાકારે મેચક એટલે મલિન. આહા..હા..! મલિન કહેવામાં વ્યવહાર છે એમ કહ્યું છે એમાં. મેચક પણ. એકરૂપ ચિદાનંદ ભગવાન, એકરૂપને નિર્મળ કહેવો એ વ્યવહાર છે. અમેચક થયોને? ઓલો મેચક છે. નિશ્ચયનયને નિર્મળ કહેવું અને વ્યવહારનયને મલિન કહેવું. આહા..હા..! ભેદરૂપ પરિણમનને મલિન કહેવું. રાગાદિની તો અહીં વાત નથી. કહે છે એ '**પરિણામોને લીધે 'મેચક' કહ્યો છે.**' અપરિણામી વસ્તુ ધ્રુવ એના પરિણામને અહીંયાં મેચક કહ્યો છે. આહા..હા..!

## શ્લોક-૧૮

(अनुष्टुभ्)

परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्योतिषैककः।
सर्वभावान्तरध्वंसिस्वभावत्वादमेचकः।।१८।।

શ્લોકાર્થ :- [परमार्थेन तु] શુદ્ધ નિશ્ચયનયથી જોવામાં આવે તો [व्यक्त-ज्ञातृत्व-ज्योतिषा] પ્રગટ જ્ઞાયકતાજ્યોતિમાત્રથી [एककः] આત્મા એકસ્વરૂપ છે [सर्व-भावान्तरःध्वंसि-स्वभावत्वात्] કારણ કે શુદ્ધદ્રવ્યાર્થિક નયથી સર્વ અન્યદ્રવ્યના સ્વભાવો તથા અન્યના નિમિત્તથી થતા વિભાવોને દૂર કરવારૂપ તેનો સ્વભાવ છે, [अमेचकः] તેથી તે 'અમેચક' છે-શુદ્ધ એકાકાર છે.

ભાવાર્થ :- ભેદદૃષ્ટિને ગૌણ કરી અભેદદૃષ્ટિથી જોવામાં આવે તો આત્મા એકાકાર જ છે, તે જ અમેચક છે. ૧૮.

---

## શ્લોક-૧૮ ઉપર પ્રવચન

'**હવે પરમાર્થનયથી** કહે છે :—' લ્યો! ૧૮મો કળશ. એ ૧૭મો થયો.

(अनुष्टुभ्)
परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्योतिषैककः।
सर्वभावान्तरध्वंसिस्वभावत्वादमेचकः।।१८।।

આહા..હા..!

મુમુક્ષુ :- ઓલું મેચક હતું આ અમેચક.

ઉત્તર :- આ અમેચક છે.

કહે છે પરમાર્થ '**શુદ્ધ નિશ્ચયનયથી જોવામાં આવે તો...**' પરમાર્થથી જોવામાં આવે. આ પરનો પરમાર્થ કરવો એ આ નથી. આ તો પરમપદાર્થ પ્રભુ એવો પરમ અર્થ એવો પરમાર્થ. એને '**શુદ્ધ નિશ્ચયથી જોવામાં આવે તો...**' એ પરમાર્થની વ્યાખ્યા જ આ. શુદ્ધ યથાર્થ દૃષ્ટિથી જોવામાં આવે તો. '**व्यक्त-ज्ञातृत्व-ज्योतिषा**' એ વસ્તુ તો '**પ્રગટ જ્ઞાયકતાજ્યોતિમાત્રથી આત્મા એકસ્વરૂપ છે...**' સમજાણું કાંઈ? પર્યાયની વ્યક્તતાની અપેક્ષાએ દ્રવ્યને અવ્યક્ત કહ્યું, પણ દ્રવ્યની અપેક્ષાએ તો વ્યક્ત છે. લ્યો! સમજાણું કાંઈ? ૪૯ ગાથામાં આવે છેને અવ્યક્ત. પ્રગટ પર્યાય તે વ્યક્ત છે અને એ સિવાયની વસ્તુ તે અવ્યક્ત છે. એ તો આની અપેક્ષાએ અવ્યક્ત કીધી. પોતાની અપેક્ષાએ તો વ્યક્ત છે. અસ્તિ છેને, પ્રગટ છેને, પ્રસિદ્ધ છેને? સત્તાવાળું તત્ત્વ છેને. હોવાવાળા ભાવવાળું તત્ત્વ છેને. સમજાણું કાંઈ? આ લોજિકથી વાત ચાલે છે હોં વકીલ! એમ ને એમ માનવું એમ અહીંયાં નથી. અંદરથી કાંઈક બેસવું જોઈએ મગજમાં. કે આ ચીજ છે અને આ નથી. આહા..હા..!

કહે છે પરમ-અર્થ. લ્યો એની વ્યાખ્યા કરી નાખી ભાઈ! **'શુદ્ધ નિશ્ચયનય...'** **'શુદ્ધ નિશ્ચયનયથી જોવામાં આવે...'** જાણવામાં આવે તો તો **'व्यक्त-ज्ञातृत्व-ज्योतिषा'** **'પ્રગટ જ્ઞાયકતાજ્યોતિમાત્રથી...'** પ્રગટ જ્ઞાયકભાવનું સત્ત્વ એકલો ધ્રુવ જાણક... જાણક... જાણક... જાણક... જાણક... સ્વભાવનું સત્ત્વ જ્ઞાયકમાત્ર એવી જ્યોતિ. પાછી એને ઉપમા આપી. આહા..હા..! કેમકે સર્વ ભાવને તો નાશ કરવાનો એનો સ્વભાવ છે. એમાં તો આમ છેને. જ્યોતિ તો બાળી નાખે બધાને. સમજાણું કાંઈ? આહા..હા..! **'આત્મા એકસ્વરૂપ છે...'** ભગવાન આત્મા એક સમયની પર્યાયની પાછળ વ્યક્ત જ્ઞાતૃત્વ જ્યોતિ સત્ત્વ, સત્ત્વનું સત્ત્વ. દ્રવ્યનો સ્વભાવ એમ કહેવું છેને. દ્રવ્ય છે એ સ્વભાવવાન પણ અહીંયાં દ્રવ્યનો જ્ઞાતૃત્વ માત્ર સ્વભાવ એવી ચૈતન્ય જ્યોતિ. એ આત્મા એક સ્વરૂપ છે. આ નયે હોં. **'પ્રગટ જ્ઞાયકતાજ્યોતિમાત્રથી આત્મા એકસ્વરૂપ છે...'** એમ. સમજાણું કાંઈ? એના બે ભાગ પાડ્યા ભાવના. એક ભાવ પર્યાયરૂપ અને એક ભાવ ત્રિકાળરૂપ. સમજાણું કાંઈ? એમાં આ તો **'પ્રગટ જ્ઞાયકતાજ્યોતિમાત્રથી...'** જ્યોતિમાત્રથી. માત્ર એટલે એમાં કોઈ પર્યાયનો ભેદ પણ નથી. એ આત્મા **'एककः'** **'આત્મા એકસ્વરૂપ છે...'** **'एककः'** **'कः'** શું? .. પ્રાસ મેળવવા. ઠીક. પાઠમાં એ છે. **'एककः'** એય..! પંડિતજી! એકલો ઠીક પણ આ **'कः'** કેમ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એટલે. બાળ અને બાળક એમ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! મેળવવા ભાઈએ કીધુંને.

**'આત્મા એકસ્વરૂપ છે...'** એકરૂપ છે. રાગ વિનાનો, પર વિનાનો, પણ એક સમયની પ્રગટ જે અવસ્થા વ્યક્ત કાર્યરૂપ છે એ વિના. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પર્યાય છે એ વિનાના. સમજાણું કાંઈ? મગજ કાંઈક અંદર કેળવવું જોઈએને. ત્યારે આ બેસે. નહિતર એટલે માણસ ઉપર ચાલ્યા જાય. ઓલામાં સૂઝ પડે અપવાસ કર્યા હતા ત્રણ, ભૂખ લાગી હતી તો ખાધું નહિ, તૃષા લાગી તો પાણી પીધું નહિ, કાંઈક તો ધર્મ થાય કે નહિ એમાં? ધૂળેય ન થાય સાંભળને. મિથ્યાત્વ થાય સમુળગુ. સમજાણું કાંઈ? પરને પોતાનું માનીને તો છોડે છે. એ મારા હતા એ હું છોડું છું. મારા હતા એ છોડું છું. છોડું છું એમાં મારા હતા તે માન્યું છે એમાં. એ હતા નહિ તારા. સમજાણું કાંઈ?

કહે છે. એ જૈનધર્મને ત્યાગ અર્થે એક આવ્યું છે આ. જોયું? વાંચ્યું? જૈનસંદેશ. નહિ આવ્યું, આવે છે તમારે? જૈનસંદેશ એમાં એક લેખ આવ્યો. જૈનધર્મ અને ત્યાગવૃત્તિ એના ઉપર. મોટો લેખ આવ્યો છે. છે.. હા એમાં છે. ભાઈએ વાંચ્યો છે. તમે વાંચો એ તો વાંચશે. કહો, સમજાણું કાંઈ? અહીં કહે છે. આહા..હા..! ઓલા જુઓ શું કહે છે? વાતું

કરે છે. એ તો જ્ઞાનની વાતું કરનારા છે અને અમે તો બધું તપસ્યા કરનારા છીએ એમ કહે છે.

કહે છે **'सर्व-भावान्तरःध्वंसि-स्वभावत्वात्'** આહા..હા..! 'કારણ કે **શુદ્ધદ્રવ્યાર્થિક નયથી...**' ત્રિકાળી વસ્તુના સ્વભાવની દૃષ્ટિએ જોતાં ત્રિકાળી વસ્તુ જે સત્ ચિદ્ અનાદિ-અનંત જે વસ્તુ ધ્રુવ એ નયથી '**સર્વ અન્યદ્રવ્યના સ્વભાવો...**' આ '**સર્વ અન્યદ્રવ્યના સ્વભાવો...**' એટલે અન્ય દ્રવ્ય અને એના સ્વભાવો '**તથા અન્યના નિમિત્તથી થતા વિભાવોને...**' અહીં તો વ્યવહારનયનો વિષય પર્યાય ગણીને ઓલો જે રાગાદિ થાય એનો તો નાશ કરવાનો એનો સ્વભાવ છે. રાખવાનો સ્વભાવ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ફરીને. એ કાંઈ એક(વાર) બોલે સમજાય નહિ ઝટ. કે આત્મા એકસ્વરૂપ ત્રિકાળ દૃષ્ટિથી વસ્તુ એ દૃષ્ટિથી જોઈએ તો એકસ્વરૂપ છે. કેમ? કે એ સર્વ ભાવાંતર. પોતાના ભાવથી અનેરાભાવ. એમ ભાવાંતરની વ્યાખ્યા. પોતાના ત્રિકાળી જ્ઞાયકમાત્રભાવથી અનેરાભાવ. એનો **'ध्वंसि-स्वभावत्वात्'** એનો તો અભાવ કરવાનો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

'**શુદ્ધદ્રવ્યાર્થિક નયથી સર્વ અન્યદ્રવ્યના સ્વભાવો...**' હવે અન્ય દ્રવ્યના સ્વભાવમાં વિકાર ન લેવા. વિકાર તો અન્યના નિમિત્તથી થતા વિભાવો એમાં લેવા એ. સમજાણું કાંઈ? નહિતર ક્યાંક ઠેકાણે પરભાવ કહેતા વિકાર પણ આવી જાય છે. આહા..હા..! આવું સમજવું... સમજવું... સમજવું... એ જ જ્ઞાનની મૂર્તિ છે એમાં બીજું સમજવા સિવાય બીજી ચીજ ક્યાં હતી ત્યાં? આહા..હા..! 'કારણ કે **શુદ્ધદ્રવ્યાર્થિક નયથી...**' એટલે? ત્રિકાળી જ્ઞાયકભાવના ભાવથી જોઈએ તો તે '**સર્વ અન્યદ્રવ્યના સ્વભાવો...**' કર્મ, શરીર, વાણી આદિ પર ચીજો '**તથા અન્યના નિમિત્તથી થતા વિભાવોને...**' વ્યવહારના વિકલ્પ આદિ. તેને '**દૂર કરવારૂપ તેનો સ્વભાવ છે,...**' આહા..હા..! એકરૂપ કરવો એનો સ્વભાવ નથી.

મુમુક્ષુ :- દૂર કરવા એટલે શું?

ઉત્તર :- વિભાવને દૂર કરવો એટલે એમાં એક થતો નથી. ભિન્ન જ રહે છે. એવો એનો જ એનો સ્વભાવ છે. સ્વભાવનું ભાન થતાં એ ભિન્ન રહે છે. સ્વભાવમાં એવી તાકાત છે કે રાગાદિની એકતા થતી જ નથી એમાં. રાગાદિનો અભાવ થવાનો સ્વભાવ છે. એ તો વ્યવહારથી સમજાવું છેને. એમ ભાષા આવીને **'सर्व-भावान्तरःध्वंसि-स्वभावत्वात्'** એકબાજુ એમ કહેવું કે રાગનો નાશ કરતા પણ આત્માને નામમાત્રથી છે. અહીં ધ્વંસિ કહેવું છે. કઈ અપેક્ષાએ અહીં વાત ચાલે છે? અહીં તો સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પર્યાયનો ઉત્પાદ કરવાનો એનો સ્વભાવ છે અને આના વ્યયનો સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ?

'**વિભાવોને દૂર કરવારૂપ તેનો સ્વભાવ છે,...**' નિર્મળ જે પર્યાય છેને એને બાદ કરીને અહીં વાત કરી છે, ભાઈ! ઓલી એકતા થાય છેને આમ? કારણ કે એકતામાં આવો

સ્વભાવ છે એમ ભાન થાય છેને. એમાં ભાન થાય છે. કાંઈ પરિણામીમાં પરિણામીનું જ્ઞાન થાય છે? એને પરિણમનમાં પરિણામીનું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? પર્યાયને દૂર કરવાનો નિર્મળ સ્વભાવ એ અહીં વાત ન લેવી. પણ અહીં તો આ ધ્વંસિ કરવાનો સ્વભાવ પણ વ્યવહારથી કહેવાય છે. કારણ કે નાશ કરવું, નાશ કરવું એવો સ્વભાવ હોય તો નાશ કર્યા જ કરે. પણ અહીં તો બતાવવું છે કે એનામાં અભાવરૂપ જ સ્વભાવ છે. સ્વભાવ છે. આહા..હા..! હવે અહીં વાંધા મોટા આ આવે. વ્યવહારરત્નત્રય પહેલું હોય એનાથી નિશ્ચયરત્નત્રય થાય શાસ્ત્રમાં એમ કહ્યું છે. ભાઈ! એ તો નિમિત્તના કથનો છે. વ્યવહારનયના કથન છે ભાઈ! તને ન .. આહા..હા..!

અહીં તો કહે છે ભગવાન આત્મા જે પ્રગટ જ્ઞાતૃત્વ જ્યોતિ એનું સ્વરૂપ અને એનો ભાવ અને એનો સ્વભાવ એટલે કે એનામાં દૃષ્ટિ આપતા એનો સ્વભાવ જ એવો છે. વિભાવનો અભાવ થઈ જાય. થઈ જાય. કરવો પડતો નથી. એને **'ध्वंसि-स्वभावत्वात्'** કહેવામાં આવે છે. કઈ નયનું કથન છે એ ન સમજે તો આ લખ્યું આમાં. આ પૂર્વાપર વિરોધ આવ્યો. પહેલા ના પાડી છે કે વ્યવહારરત્નત્રયનો નાશકર્તા પણ જીવને કહેવો એ કથનમાત્ર છે. વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'શુદ્ધદ્રવ્યાર્થિક નયથી...'** વસ્તુનો સ્વભાવ એકરૂપ ચિદાનંદ છે એમ દૃષ્ટિ પડતા, રાગાદિનો તો અભાવ, ઉત્પત્તિ થતી જ નથી. એને ધ્વંસિ સ્વભાવ છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! ભારે વાત.

**'વિભાવોને દૂર કરવારૂપ...'** નિમિત્તથી થતાં એમ કહ્યુંને? સ્વભાવને આશ્રયે થતા એ વિકલ્પો ન હોય. વિકલ્પ જેટલો છે તીર્થંકરગોત્રનો ભાવ પણ તે નિમિત્તથી થતો વિકારીભાવ છે. એનો નાશ કરવાનો સ્વભાવ છે. એટલે એનામાં એ આવે અથવા એની નજર કરે અને એ રહે. પણ એની નજર કરે અને એ રહે એમ નથી. સમજાણું કાંઈ? એની નજર કરે અને પર્યાય રહે. આ ન રહે. શેઠ! આ અભ્યાસ કરવો પડશે હોં! સમજવું પડશે. ..ભાઈ કહેતા હતા સમજવું પડશે. મોંઘુ પડે પણ સમજવું તો પડશેને. કોણ સમજાવે કોને? કહે છે કે વિકલ્પ પણ જાતમાં નથી, વાણી જાતમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ સમજવો અલૌકિક. સમજ્યો અને જ્ઞાન યથાર્થ થયું થઈ ગયું. તરી ગયો. એ મુક્તની પર્યાયને પ્રગટ કર્યે છૂટકો એને.

**'તેથી તે 'અમેચક' છે-શુદ્ધ એકાકાર છે.'** આટલો જ અર્થ કરે છે અહીં. અમેચક એટલે અભેદ. શુદ્ધ એકસ્વરૂપ એમ. **'व्यक्त-ज्ञातृत्व-ज्योतिषा'** એને લઈને એમ. એકસ્વરૂપ છે. એને લઈને એકસ્વભાવી છે અને પોતાનાથી અન્યદ્રવ્યો અને એના ભાવો અને અન્ય નિમિત્તથી થતાં પોતાના પર્યાયમાં વિકારીભાવ તેને દૂર કરવારૂપ તેનો સ્વભાવ છે. એટલે કે આ સ્વભાવનું ભાન થાય અને એ ચીજ રહે રાગાદિ. એવો એનો સ્વભાવ નથી. આહા..હા..!

''**અમેચક' છે**' તેથી તેને અભદે કહીએ છીએ, શુદ્ધ એકસ્વરૂપે એકાકાર એક સ્વરૂપ કહીએ છીએ અને તેને નિર્મળ કહેવાય છે. આહા..હા..!

'**ભાવાર્થ :-**' આ દિગંબર દર્શન એટલે આ વસ્તુદર્શન છે. દિગંબર કોઈ સંપ્રદાય નથી. આવી વસ્તુનું ભાન થવું એ દિગંબર ધર્મ છે. હવે અહીં ધર્મની શરૂઆત આ રીતે થાય એની ખબર નથી. સમજાણું કાંઈ? દિગંબર કોઈ સંપ્રદાય નથી, પક્ષ નથી, નવો ઘડેલો માર્ગ નથી. એ તો અનાદિ વસ્તુ છે તેની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રનું પરિણમન થવું એ જ દિગંબર ધર્મ છે. સમજાણું કાંઈ? શું થાય પણ એ કાંઈ વાદવિવાદે પાર પડે? '**ભેદદષ્ટિને ગૌણ કરી...**' ઓલામાં એમ કહ્યું હતું કે પર્યાયાર્થિકનેય ગૌણ કરી. જુદી જુદી રીતે કરીને સ્પષ્ટ કર્યું છે. '**ભેદદષ્ટિને ગૌણ કરી અભેદદષ્ટિથી જોવામાં આવે...**' એટલે એકરૂપ ભગવાન આત્મા એને ત્રણપણે પરિણમતો એને ભેદરૂપે થયો, એ ભેદરૂપને ગૌણ કરીએ પરિણમતા ત્રણને. '**તો આત્મા એકાકાર જ છે,...**' આહા..હા..! વસ્તુ એક સ્વરૂપે જ છે. ભેદદષ્ટિ એટલે પર્યાયદષ્ટિ એટલે મોક્ષના માર્ગની પર્યાય એને ભેદને ત્રિકાળીનો અંશ છે એટલે ભેદને ગૌણ કરીને જોઈએ તો વસ્તુ તો એક સ્વરૂપે છે. એ વસ્તુ ત્રણપણે થઈ નથી. પર્યાયમાં ત્રણપણે થઈ છે. આહા..હા..! અહીં તો ત્રણપણે પરિણમવું એને વ્યવહાર કહીને, મલિન કહીને ઉપચાર કરે છે એ. આહા..હા..! કહો, સુજાનમલજી!

## શ્લોક-૧૯

(अनुष्टुभ्)

आत्मनश्चिन्तयैवालं मेचकामेचकत्वयोः।
दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न चान्यथा।।१९।।

શ્લોકાર્થ :- **[आत्मनः] આ આત્મા [मेचक-अमेचकत्वयोः] મેચક છે-ભેદરૂપ અનેકાકાર છે તથા અમેચક છે-અભેદરૂપ એકાકાર છે [चिन्तया एव अलं] એવી ચિંતાથી તો બસ થાઓ. [साध्यसिद्धिः] સાધ્ય આત્માની સિદ્ધિ તો [दर्शन-ज्ञान-चारित्रैः] દર્શન, જ્ઞાન ને ચારિત્ર-એ ત્રણ ભાવોથી જ છે, [न च अन्यथा] બીજી રીતે નથી (એ નિયમ છે).**

ભાવાર્થ :- **આત્માના શુદ્ધ સ્વભાવની સાક્ષાત્ પ્રાપ્તિ અથવા સર્વથા મોક્ષ તે**

સાધ્ય છે. આત્મા મેચક છે કે અમેચક છે એવા વિચારો જ માત્ર કર્યા કરવાથી તે સાધ્ય સિદ્ધ થતું નથી; પરંતુ દર્શન અર્થાત્ શુદ્ધ સ્વભાવનું અવલોકન, જ્ઞાન અર્થાત્ શુદ્ધ સ્વભાવનું પ્રત્યક્ષ જાણપણું અને ચારિત્ર અર્થાત્ શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા– તેમનાથી જ સાધ્યની સિદ્ધિ થાય છે. આ મોક્ષમાર્ગ છે, તે સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.

વ્યવહારી લોકો પર્યાયમાં-ભેદમાં સમજે છે તેથી અહીં જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદથી સમજાવ્યું છે. ૧૯.

## શ્લોક-૧૯ ઉપર પ્રવચન

હવે **'આત્માને પ્રમાણ-નયથી મેચક, અમેચક કહ્યો,...'** નયથી વ્યવહારે મેચક, નિશ્ચયથી અમેચક. પ્રમાણમાં મેચક અને અમેચક બેય એમ. **'તે ચિંતાને મટાડી...'** આહા..હા..! 'એક દેખીએ જાણી રમી રહે એક ઠોર, સમલ વિમલ ન વિચારીયે...' એ ભાઈ આનું છે. વીરજીભાઈ આનો શ્લોક છે આ. મેચકને ત્યાં .. કીધો. 'એક દેખી જાણીએ રમી રહે એક ઠોર, સમળ, વિમળ' ભેદ અને અભેદ. 'સમળ વિમળ ન વિચારીએ યહી સિદ્ધિ નહિ ઓર.' ..ભાઈ બહુ બોલતા વારંવાર. ઘણા વર્ષથી તમારે. **'આત્માને...'** ભગવાન આત્મા પૂર્ણાનંદનું સ્વરૂપ. એને પ્રમાણથી જોઈએ તો અભેદ અને ભેદ બેયનું જ્ઞાન પ્રમાણ કરે. નયથી જોઈએ તો વ્યવહારનયે મેચક અને નિશ્ચયનયે અમેચક. નિશ્ચયે અભેદ અને વ્યવહારે ભેદ એને નિર્મળ પર્યાયનો હોં!

**'તે ચિંતાને મટાડી...'** મૂકને ભેદ હવે. એમ. આહા..હા..! એની વિકલ્પની વૃત્તિ છોડી દે કે આ અભેદ છે અને આ ભેદ છેને. આહા..હા..! આ નિશ્ચય છે અને આ વ્યવહાર છે. સમજાણું કાંઈ? **'તે ચિંતાને મટાડી જેમ સાધ્યની સિદ્ધિ થાય...'** જેમ મુક્તિની. મુક્તિ એટલે સાધ્ય. એ મુક્તિ એટલે મોક્ષ. એની સિદ્ધિ થાય **'તેમ કરવું એમ હવે કહે છે :—'** આહા..હા..! ૧૯.

(अनुष्टुभ्)
आत्मनश्चिन्तयैवालं मेचकामेचकत्वयोः।
दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न चान्यथा।।१९।।

ત્યાં લીધું ત્રણને સેવવું. ભાઈ! આત્માને સેવવો એમ નહિ લીધું. અહીં તો દર્શન-જ્ઞાન-

ચારિત્રને સેવવું એનાથી સિદ્ધિ છે. વિષય તો દર્શનનો છે એ છે. એમાં આવી ગયું એ તો. સમજાણું કાંઈ? ભેદ દ્વારા સમજાવે છે. એ સિવાય ઉપાય ન મળે. ભેદથી સમજાવે છે. સમજાવવું છે તો એકરૂપ વસ્તુને. સમજાય છે? પણ આ રીતે સમજ્યા વિના કોઈ ઉપાય નથી. દર્શન-જ્ઞાન-ચારિત્રમાં એ દ્રવ્ય પ્રાપ્ત થાય છે. એ દ્રવ્યની શ્રદ્ધા, દ્રવ્યનું જ્ઞાન અને દ્રવ્યની અંદર જાય એટલે એ ત્રણને સેવવું, એનાથી મુક્તિની સિદ્ધિ છે. એમ આ ત્રણને સેવતા એ દ્રવ્યની જ સેવના આવી ગઈ. એમાં તો પાછું કહ્યું હતુંને ભાઈ! એ ત્રણ છે એ આત્મા છે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એ આવી ગયું છે. એ ત્રણે આત્મા છે, માટે એની સેવા તે જ આત્માની સેવા. એમ પાછું. આત્માની સેવા એટલે દ્રવ્યની સેવા એમ નહિ. શુદ્ધપર્યાયની. શુદ્ધ પરિણમન છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું એ પર્યાય દ્રવ્યની છે એટલે એ આત્માની અને તેથી તે પર્યાય પોતે આત્મા છે અને તેથી તે ત્રણની સેવા તે જ આત્માની સેવા છે. રાગની સેવા તે આત્માની નહિ એટલું પ્રસિદ્ધ કરવા આ ભેદજ્ઞાનની વાત કરી છે લ્યો. સમજાણું કાંઈ? શાંત ચિત્તે કાંઈ સાંભળે તો એને બેસે કે ભાઈ આ માર્ગ છે બાપા! પક્ષ નથી, સોનગઢનો નથી. આત્માનો માર્ગ છે આ. પણ એ પ્રથા નહોતી અને આ નવી લાગે એટલે એને એમ થઈ ગયું કે અરે! આ બધો રસ્તો.

ઓલાએ તો ત્યાં સુધી લીધું છે કે પરમાંથી પોતાપણું ઉઠ્યા વિના સ્વમાં દૃષ્ટિ આવ્યા વિના જેટલા ત્યાગ મૂર્તિ નામે પ્રસિદ્ધ કરાવે છે એ બધા પાખંડને સેવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વસંતિલાલજી! જોયું છેને તમે? જોયું છે. સુજાનમલજી જોયું? નથી જોયું. રાગ, વિકલ્પ અને નિમિત્તમાંથી પોતાપણાની દૃષ્ટિ ઉઠ્યા વિના એનો જ જ્યાં દૃષ્ટિમાં ત્યાગ નથી એને આ બાહ્ય ત્યાગની કિંમત એને કરવા માગે છે પાખંડને સેવે છે. શેઠ! સમજાણું કાંઈ? શું કહ્યું એ? કે અંતરમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ સ્વરૂપ એને એમાં રાગનો વિકલ્પ સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને નિમિત્ત તો પર છે એની પર્યાયમાં નથી. એ બેમાં એકપણાનો જે ભાવ એ મારો છે એવો ભાવ એ જ મિથ્યાત્વ છે. હવે એ મિથ્યાત્વનો ત્યાગ કર્યા વિના એટલે કે રાગનો વ્યવહાર અને નિમિત્ત એમાં પોતાપણાની માન્યતા છોડ્યા વિના ચૈતન્યની માન્યતા એને થઈ શકશે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ત્યાગ શેનો થાય?

ઉત્તર :- આ બધા ત્યાગ કરેને. તમને નહોતું લાગતું આ નગ્નમુનિ, ફલાણું બધું કરતા હતાને મારા. બૈરા નથી આવ્યાને? આવ્યા છે? નથી આવ્યા. બહુ તમારે ત્યાં અગ્રેસર હતા. ત્યાં તો અગ્રેસર હતા એમાં. અમારે અહીં ..ભાઈને ઘરે ત્યાં અગ્રેસર હતા કલકત્તામાં. પણ એની તો લાઈન ફરી ગઈ હોં. એ બિચારા બોલતા હતા ત્યાં અંદર. આહા..હા..! આવી વાત અમૃત જેવી. પહેલી તો કહે આ શું તપ નહિ, વ્રત નહિ. લાલજીભાઈ! બુદ્ધિવાળા

છે. આવી વાત. લાલજીભાઈ કરતા બુદ્ધિવાળા છે હોં હા. બે-ત્રણવાર આવી ગયેલાને બહુ. આહા..હા..! આત્મા છે એનો ભિન્ન-ભિન્ન આત્મા છે એમાં ક્યાં આત્મા? બેની સરખી બુદ્ધિ હોય? બે સરખા હોય? આહા..હા..!

ભગવાન! તારી લીલા તો જો. તારી લીલા એ કે પરિણમનમાં આવવું એટલી તારી લીલા. રાગમાં આવવું અને પરમાં આવવું એ તો તારું સ્વરૂપ છે નહિ. આહા..હા..! જ્યાં રાગ અને પરનું પોતાપણું ઉઠાવ્યું નથી. અને એને પોતાપણું ઉઠાવ્યા વિના પોતાપણામાં દૃષ્ટિ પડતી નથી. ત્યાં સુધી એનું શું કરશું એ કરે છે એ. આ અપવાસ કર્યા, રોટલા ન ખાધા. એય..! ઝવેરભાઈ! આ અમારા શેઠે પણ અપવાસ કરતા બધા. કરો અપવાસ, મરો કરીને. શરીર જીર્ણ થાય અને આ થાય. અને શેઠિયા માણસ બિચારા અપવાસ કરે તો. આહા..હા..! શેઠિયા અપવાસ કરે તો આપણે પણ કરવું. કાંઈક સમજીને કરતા હશેને. એને ધર્મ થાતો હશેને? આહા..હા..!

મુમુક્ષુ :- ... આવે તો કષાય મંદ પડે.

ઉત્તર :- ધૂળેય કષાય મંદ પડે નહિ, મિથ્યા થતું સાથે.

મુમુક્ષુ :- કષાય મંદ એટલે શું?

ઉત્તર :- કષાય મંદ પડે જેમ ઓલું ખાવા-પીવાનું છોડેને એ જરી કષાય મંદ એમ. પણ એ કષાયની મંદતાનો સ્વામી થાય છે. પોતાપણું એમાંથી ઉઠાવ્યું નથી એ જ મહાકષાય છે. એય..! સુરેન્દ્રભાઈ! આ એમ વાત છે, બાપુ! જ્યાં પોતાને કબજે જે લેવાની ચીજ છે એને લીધી નથી અને કબજે લેવાની ચીજ નથી એને કબજે લીધી છે એમ માને છે. આહા..હા..! શું થાય? ક્યાં એનો પોકાર થાય? પછી એમ જ કહે આ દુઃખ થાય છે હોં.

કહે છે '**આ આત્મા મેચક છે-ભેદરૂપ અનેકાકાર છે...**' ત્રણ તો અર્થ કર્યા. પહેલો મેચક છેને શબ્દ? એનો મેચક એટલે ભેદરૂપ એટલે અનેકાકાર. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાય તેને અહીંયાં મેચક કહે છે, એને અહીંયાં ભેદરૂપ કહે છે, એને અનેકાકાર ત્રણરૂપ થયુંને અનેકાકાર કહે છે. ચોથો નાખવો હોય તો મલિન કહે છે. વિવિધતાને કહે, વિચિત્રતાને કહે એ બધો વ્યવહારનયનો વિષય છે, એ ભેદરૂપ મેચક છે. '**તથા અમેચક છે-**' ત્રિકાળી ભગવાન સ્વરૂપે પ્રભુ એક સમયની પર્યાય વિનાનો ત્રિકાળ એ અમેચક છે એટલે નિર્મળ છે, એટલે કે ભેદ વિનાનો છે, અભેદ છે. અસ્તિથી કીધું છે આમ. મેચક નહિ, ભેદ નહિ એમ નહિ. અમેચક છે એટલે અભેદરૂપ છે. ઓલાને અનેકાકાર કહ્યું છે. અભેદરૂપ એટલે એકાકાર છે એમ. એકસ્વરૂપે ભગવાન. 'એક દેખીએ જાણીએ રમી રહીએ એક ઠોર, સમળ વિમળ ન વિચારીએ યહી સિદ્ધિ નહિ ઓર.' સમજાણું કાંઈ? અરે! ચોર્યાસીના અટવીના ઝેરના ઝાડમાંથી નીકળવું એ અલૌકિક માર્ગ છે. સમજાણું કાંઈ? એ અટવીમાં અથડાતો,

દુઃખી થતો પ્રાણી બિચારો. એની એને દયા નથી. પોતાની દયા નથી એમ કહે છે. આહા..હા..! એટલે કે એનો સ્વભાવ જે ત્રિકાળી ધ્રુવ છે એના જીવનને એ રીતે ન માનતા મારું આવું જીવન રાગ ને પુણ્ય ને વ્યવહારને લઈને ટકે એ એના આખા પૂર્ણાનંદ સ્વભાવના જીવનનું એણે મૃત્યુ કર્યું છે. એણે હિંસા કરી છે. આહા..હા..! જીવતી જ્યોતનો નકાર કર્યો છે અને રાગાદિની વિકલ્પની પર્યાય એટલો હું એ હકાર કર્યો છે. આહા..હા..!

ઓલી ટીકા આવે છે કેવા? ગુંદી-ગુંદીનો ગેંડાલાલ. એમાં એણે લખ્યું હશે બિચારાએ કે ભાઈ જુઓ પરની દયાનો ભાવ હિંસા છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ હિંસા છે. અરર! આ કાળા કરીને આ. ભાઈનો .. હોય તો ભડકી ઉઠે. નિહાલભાઈનું. હવે નિહાલ થઈ જાય એવું છે. સાંભળે. શું આવ્યું? ભગવાનની વાણી જેમ .. છે અશુભ રાગનો વિષય એમ વાણી શુભરાગનો વિષય છે. સ્વવિષય ક્યાં છે એ? આહા..હા..! બેય પરદ્રવ્ય છે. બાપુ! તને ખબર નથી. તારા ઘરમાંથી નીકળીને પર ઉપર લક્ષ જાય છે એ બધોય પરતરફનો વિષય છે. સમજાણું કાંઈ? મવાણી! વાંચ્યું છે કે નહિ? આપ્યું છે મવાણીને.

**'એવી ચિંતાથી તો બસ થાઓ.'** 'अलं' 'अलं' છેને? **'आत्मनः चिन्तया एव अलं'** શેનાથી? **'मेचक-अमेचकत्वयोः'** એમ. એવી વિચારની વિકલ્પધારા એનાથી શું કામ છે? **'એવી ચિંતાથી તો બસ થાઓ.'** ઓહો..હો..! હું ત્રિકાળ એકરૂપ અભેદ છું, પર્યાયે ત્રણરૂપ છું એવી ભેદ-અભેદ અને મેચક-અમેચકની ચિંતાથી બસ થાઓ. આહા..હા..! દુનિયામાં નથી કહેતા બહારમાં? 'ચિંતાથી ચતુરાઈ ઘટે, ઘટે રૂપ, ગુણ જ્ઞાન, ચિંતા બડી અભાગણી, ચિંતા અગ્નિ સમાન.' ... માન-અપમાન થાય વિચારમાં. અરે! આમાં હું ગણાણો નહિ, આમાં મને આ ગણ્યો. એ ચિંતા હોળી સળગે અંદર. બે ભાઈનો ભાગ પાડતા બે ભાઈમાં એમાં ફેર પડે તો એની ચિંતા અંદર થયા કરે. એને સરખો ભાગ આપ્યો છે એના પ્રમાણમાં. વળી એ ના પાડે આ સરખો ભાગ વહેંચ્યો નથી. તમે રળવા મોઢા આગળ હતા એટલે તમે ભાગ ઝાઝો રાખ્યો. અમે પાછળવાળા થોડા એટલે અમને ઓછો આવ્યો. એય..! અમને સરખા ભાગ ન આપ્યા. આમ થાય છે દુનિયામાં? એ તો રહેવા દે, પણ ભેદ-અભેદની ચિંતા બાળી નાખે છે તને. એમ કહે છે. આહા..હા..!

**'સાધ્ય આત્માની સિદ્ધિ તો દર્શન, જ્ઞાન ને ચારિત્ર-એ ત્રણ ભાવોથી જ છે,...'** લ્યો! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી મુક્તિની સિદ્ધિ છે. **'न च अन्यथा'** **'બીજી રીતે નથી (એ નિયમ છે).'** બીજો પ્રકાર નથી એનું નામ અનેકાંત કહેવામાં આવે. વ્યવહારથી થાય અને આનાથી થાય એ અનેકાંત નહિ, એ તો એકાંત છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ-૧૩, શુક્રવાર, તા. ૨૮-૦૧-૧૯૭૨**
**શ્લોક-૧૯, ગાથા-૧૭-૧૮ પ્રવચન-૮૪**

..છેલ્લો. એનો ભાવાર્થ છે. ૧૯ છેને ૧૯? '**આત્માના શુદ્ધ સ્વભાવની સાક્ષાત્ પ્રાપ્તિ અથવા સર્વથા મોક્ષ તે સાધ્ય છે.**' મુક્તિ તે સાધ્ય છે અહીં તો એ લેવું છે. આત્મા છે ધ્યેય તે સાધ્ય છે એ કાંઈ નથી. આત્મા કાંઈ સાધવો નથી. એ તો ધ્યેય છે. દ્રવ્ય છે એ કાંઈ સાધવું છે? એ તો ધ્યેય છે. સાધ્ય તો સાધવું છે એને સાધ્ય કહીએ. મુક્તિ પૂર્ણદશાને પ્રાપ્ત થાય એ સાધ્ય છે. '**આત્માના શુદ્ધ સ્વભાવની સાક્ષાત્ પ્રાપ્તિ...**' એટલે શુદ્ધ સ્વભાવ તો છે, પણ એની પર્યાયમાં પ્રત્યક્ષ પૂર્ણ પ્રાપ્તિ અથવા સર્વથા મોક્ષ. બેય એક જ અર્થ છે. '**તે સાધ્ય છે.**' ભાવાર્થ છે. ભાઈ બતાવો ભાવાર્થ. સમજાણું કાંઈ? '**આત્મા મેચક છે કે અમેચક છે...**' એટલે કે ત્રણરૂપ પરિણામવાળો છે કે એકરૂપ ભેદ અભેદરૂપ છે? એક એટલે અભેદ એકરૂપ પરિણમન એમ. એ પરિણમન છે. '**એવા વિચારો જ માત્ર કર્યા કરવાથી તે સાધ્ય સિદ્ધ થતું નથી;...**' સમજાણું કાંઈ? જ્યાં એક આત્મા સાધ્ય જે મુક્તિ તેને સાધકપણાના પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિશ્ચય, યથાર્થ, વાસ્તવિક તે સાધક છે અને એ સાધકનું સાધ્ય તે મુક્તિ છે. એ સાધકમાં ત્રણ પ્રકારે પરિણમનની અપેક્ષા લેતા એને વ્યવહાર કહેવાય છે અને એકપણાનું પરિણમન જેમાં એકરૂપ લેતા એને નિશ્ચય કહેવાય છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ '**મેચક છે કે અમેચક છે...**' બેય કાઢી નાખે છે પાછો. '**आत्मनः चिन्तया एव अलं**' એમ. નહિતર તો પહેલું કહ્યું હતું દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ પર્યાય આત્મા જ છે. માટે આત્મા સેવવો. પણ એ તો પર્યાયસહિત. સમજાણું કાંઈ? અહીં હવે કાઢી નાખે છે એને. '**પરંતુ દર્શન અર્થાત્ શુદ્ધ સ્વભાવનું અવલોકન,...**' એક દેખીએ જાણીએ એમ આવે છેને. દર્શન એટલે દેખવું કહ્યું. એટલે એમ લીધું. દેખવાનું અર્થ શ્રદ્ધવું. દેખવું અને જાણવું બેય જુદું પાછું. જ્ઞાન શુદ્ધ સ્વભાવનું પ્રત્યક્ષ જાણપણું. શુદ્ધ ધ્રુવ ત્રિકાળ વસ્તુ છે એની શ્રદ્ધા અથવા એનું અવલોકવું એ દર્શન અને શુદ્ધ સ્વભાવનું પ્રત્યક્ષ, શ્રુતજ્ઞાનથી, મતિજ્ઞાન શ્રુતથી પ્રત્યક્ષ જાણવું. એનું નામ જ્ઞાન છે. અને ચારિત્ર શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા. શુદ્ધ સ્વભાવ ભગવાન એમાં રમણતા. તેમનાથી સાધ્ય અને સિદ્ધિ થાય છે. એનાથી મુક્તિ પ્રાપ્તિ થાય છે. કહો, સમજાણું કાંઈ? આજ મોક્ષમાર્ગ છે તે સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. હવે અહીંયાં અનેકાંત તો કર્યું છે. વ્યવહાર મોક્ષમાર્ગ-વ્યવહાર મોક્ષમાર્ગ જે કહેવાય

છે એ મોક્ષમાર્ગ જ નથી. નથી એને વ્યવહારનયે કહ્યો હતો. એને અહીં કાઢી નાખ્યો. રાખ્યો જ નથી એટલે પછી કાઢી નાખવાનું શું? એ વસ્તુ પોતે પરમાનંદનું ધામ એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને ચારિત્ર ત્રણરૂપે પરિણમન એ જ વ્યવહાર છે. કહો, સમજાણું આમાં? આ અપવાસ કરવા ને શું કરવું તમારે? ઉપધાન કરવા એ બધા તો વિકલ્પ છે કહે છે. રાગની ક્રિયા છે. એ કાંઈ વ્યવહાર મોક્ષમાર્ગ અહીંયાં જે કહે છે. વ્યવહાર એટલે પરિણતિના ત્રણ પ્રકાર. એમાં એ આવતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો આત્મા પોતાનો ત્રિકાળી સ્વભાવ, એની એકતા કરીને જે એકતારૂપ પરિણમન એ નિશ્ચય. ત્રણનું પરિણમન તે વ્યવહાર બસ આટલી જ મર્યાદા છે અહીં તો. સમજાણું કાંઈ? એની જાતમાંથી પરિણમન આવે, ત્રણ પ્રકારનું એને વ્યવહાર કહીએ અને એકરૂપ થાય એને નિશ્ચય કહીએ. રાગાદિ એની જાત નથી, એની ભાત નથી, એનો સ્વભાવ નથી. એના સ્વરૂપમાં નથી. આહા..હા..! આવી વાત. માણસ રાડ નાખી જાય છે. દ્રવ્યસંગ્રહમાં આવે.

મુમુક્ષુ :- રાડ નાખ્યા પછી વિચારે તો દરાર મટી જાય.

ઉત્તર :- દ્રવ્યસંગ્રહમાં એવું વ્યવહાર આચરણથી નિશ્ચય પમાય છે, વ્યવહારના બળથી નિશ્ચય થાય છે, વ્યવહારરત્નત્રયથી નિશ્ચય પમાય છે. એમાં લખેલું છે. એમ લખેલું છે લ્યો. આઠ આચાર વર્ણવ્યા અને આઠ આચાર નિઃશંક આદિ. તો નિઃશંક વ્યવહાર છે એનાથી નિશ્ચય નિઃશંક થાય છે. એવું લખાણ છે. જ્ઞાનપ્રધાન કથન છેને. એટલે લોકો મૂંઝાઈ ગયા. કઈ નયનું આ કથન છે એમ ન સમજે. તો શું થાય? એમ આ ઝઘડા આમાં ઉઠ્યા છેને બધા. આહા..હા..! અરે! જન્મ-મરણના ચોર્યાસીના ફેરા એક અવતારમાં પણ જ્યાં ચાર છ મહિના જ્યાં રોગ વધે અને ચાલે. આહા..હા..! રાડ નાખી જાય. .. બેનને રોગ થયોને. લીલાવતી ભાવસાર નહિ. વનીતા-વનીતા. કોક કહે. ઓલા આવ્યા હતાને ઉપચાર. કુદરતી ઉપચાર કરવો. એ જાણે કે એવો રોગ થયો. બહુ પરિણામ બગડે છે. ઘણા વખતથી માંદા જ રહે છેને. માંદા જ હોય છે. આ તો હમણા આવ્યા હતા. પણ શરીરમાં.. આમાં રોગ એમાં આત્માના પરિણામને શું છે? એ તો એના ઉપર લક્ષ દે તો પરિણામ બગડે. એ તો બગડવામાં નિમિત્ત છે એ કાંઈ બગાડતું નથી. શરીરમાં ઘાણીએ પીલાણું શરીર લ્યો! આહા..હા..! આ જુઓને કરડે છે એની મા. વાઘ સાથે સિંહ સાથે નહિ? ફેરવી નાખ્યું? કેમ? કોઈએ ફેરવી નાખ્યું. આ હતો અહીં અને આ આવ્યો અહીં. આપણને કહે છે. મેં કીધું અહીં કેમ થયું આ. ત્યાં થયું હતું. કોઈએ .. કપાટ ફેરવ્યો હશે. અહીં તો અંદરમાં હોય ક્યાં છે એ ખબર નથી. આ તો જરૂર પડી કે આ જુઓ આ શું છે. આહા..હા..!

કહે છે કે આ જ એક મોક્ષમાર્ગ છે. 'सिद्धातोमुदात...' નહોતું આવ્યુંને? સમયસારમાં હતુ. આ ભગવાન આત્મા અભેદરૂપ, એકરૂપ એમાંથી એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર નિર્વિકલ્પ

વીતરાગી દર્શન તે સમકિતી વીતરાગી જ હોય છે. સરાગી સમકિત ફમકિત હોતું નથી. ત્રિકાળ વીતરાગ મૂર્તિ પ્રભુ એની નિર્વિકલ્પ પ્રતીતિ તો એ પણ વીતરાગ પર્યાય છે. એનું સ્વસંવેદન, સ્વસંવેદન-પોતાથી પોતાનું પ્રત્યક્ષપણે વેદન એ પણ વીતરાગી પર્યાય છે. અને સ્વરૂપમાં ઠરવું, સ્થિર થવું એ ચારિત્ર એ પણ વીતરાગી પર્યાય છે. એ પરિણમે જ અહીંયાં મોક્ષનો માર્ગ છે. ઓલા કહે વ્યવહારી તે સમકિતી. એમ આવે છે લ્યો. યશોવિજયમાં. અહીં તો એ વ્યવહાર વસ્તુ જ નથી કહે. આહા..હા..! આજ મોક્ષમાર્ગ છે, તે સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.

મુમુક્ષુ :- અહીં વ્યવહાર એટલે સમકિતી કીધું.

ઉત્તર :- એ આ ક્યો કીધો? વ્યવહાર એ તો ત્રણ પર્યાયનું પરિણમન તે વ્યવહાર એમ. વ્યવહારી સમકિત કીધો નથી. ત્રણ પ્રકારનું પરિણમન તે વ્યવહાર. ભેદ છે માટે વ્યવહાર એમ કહ્યું. ઓલો તો વ્યવહારી એટલે વિકલ્પવાળો જે નવ તત્ત્વની શ્રદ્ધા, દેવ-ગુરુની શ્રદ્ધા એ સમકિત. ધૂળેય નથી સમકિત. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે સમ્યગ્દર્શન વિના જે કાંઈ જાણવું અને વ્રતાદિ કરે એ બધા નિરર્થક-નિરર્થક અને દુઃખદાયક છે. સમજાણું કાંઈ?

'**તે સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.**' પાઠમાં છે કે નહિ? '**आत्मनश्चिन्तयैवालं**' બસ. ... આહા..હા..! નથી. નથી. '**साध्यसिद्धिः न**' છેને '**अन्यथा**' છેને છેલ્લે? આ એક જ સાધ્યની સિદ્ધિ છે. આહા..હા..! ધ્યેય એટલે પ્રગટ કરવી મુક્તિ એવું સાધ્ય એનો ઉપાય તો આ એક જ છે. અંતરના શુદ્ધ સ્વભાવના સમુદ્રમાં પ્રવેશ કરીને પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એ એક જ મુક્તિનો માર્ગ છે. સમજાણું કાંઈ? આના અંતર ભાન વિના એ બધા અપવાસ ને ચોવિહાર ને સંથારા એ બધી લાંઘણું છે. બંધન-બંધન ત્રાગા. ત્રાગા સમજો છો? બાવા પૈસા લેવા આવતાને બાવા? દુકાન પાસે આવે પછી છરી મૂકે થોડી લોહી. થોડી વાર લાગે તો પૈસો લઈ અડાડીને નાખે ઉપર. અમારે દુકાન ઉપર બહાર આવતાને ઘણા. પછી અમારા શિવલાલભાઈ જરી હતા પ્રકૃતિ એવી તે. ભાઈ આપી દ્યોને ઝટ દઈને કહે. હું નહોતો ને તકરાર થઈ હતી. ફકીર આવ્યો હતો તે. એક પૈસાનો બત્રીસ પૈસા દેવા પડ્યા. કાંઈક વાર લાગી હશે દેતા. ઓલાએ લૂગડું સળગાવ્યું. ઓલો કહે કે લાવ અડધો રૂપિયો હવે. તે દિ'ની વાત છે આ તો હોં. ૬૪-૬૫-૬૬. તે દિ' તો અડધો રૂપિયો ઘણો કહેવાયને. એક પૈસા નહોતો. આવું ભાઈ તોફાન. એ ત્રાગા કહેવાય એ. પછી .. ઉપર નાખી દે કાંઈક, વળી એકાદ પૈસો હોય તો .. એમ આ આત્માના ભાન વિના એના આંગણામાં આવી કાયક્લેશની ક્રિયાઓ અને અપવાસને એ બધા તપ ને ઉપધાન એ બધા ત્રાગા છે. આહા..હા..! આકરું કામ ભારે.

'**તે સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.**' પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે આ એક

જ મોક્ષમાર્ગ કહ્યો છે. બીજો કોઈ મોક્ષમાર્ગ છે નહિ. હવે એને ખુલાસો કર્યો. કે ભાઈ આ બધી વાતું. એય..! ચેતનજી! કે આ બધી પર્યાય પર્યાયની કેમ વાતું આવી બધી? ત્રણનું એકપણું એ પર્યાય છે, ત્રણનું ત્રણપણું એ પર્યાય છે. એ વ્યવહારે લોકો એ પર્યાયમાં, ભેદમાં સમજે છે. એને એ રીતે સમજાવ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેમ આ પર્યાયના ત્રણ પ્રકાર. ત્રણ પ્રકાર તે ભેદ અને એનું એકરૂપપણું, પર્યાયનું એકરૂપ હોં! એ અભેદ. એક જ વાત. પર્યાયના બે પ્રકાર છે. ત્રણપણે પરિણમવું એમ જોવું કે કહેવું એ વ્યવહાર. એકરૂપ પરિણમન એકરૂપ એનું એ નિશ્ચય.

મુમુક્ષુ :- ...એકરૂપ કહેવું એ પાંચમું ગુણસ્થાન.

ઉત્તર :- ના. ના. ના. એની અહીં એ વાત નથી. એ વાત અહીંયાં નથી. એ વળી કોણે કહ્યું? હશે એમાં. ના. ના. એ તો બરાબર છે. એ તો અહીંયાં તત્ત્વાર્થસૂત્રમાં એ લીધુંને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ. લ્યો હવે ત્રણ ભેદથી તો વાત કરી છે. પર્યાયનયથી જ વાત કરી છે. છે ત્રણેય નિશ્ચય હોં. વ્યવહારથી કથન કર્યું છે. નથી કાંઈ વ્યવહાર એટલે વ્યવહાર સમકિત છે એમ નહિ. ત્રણના ભેદવાળી પર્યાયથી વર્ણન કર્યું છે. પણ છે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય ત્રણેય. તત્ત્વાર્થસૂત્ર. દશ લક્ષણીમાં બહુ વાંચે. સમજે નહિ કાંઈ સાંભળનારા અને બેય જણા. નિયમ છેને વાંચવાનો એમ. અને અમારે સાંભળવાનો નિયમ છે એમ. વાત સાચી. એક રિવાજ છે નહિ? આહા..હા..! પણ એક એકમાં કઈ રીતે કહ્યું છે એ સમજવું જોઈએને. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહ્યું છે. કેટલાક કહે છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વ્યવહાર સમકિતની વાત છે ત્યાં.

મુમુક્ષુ :- એ તો અહીં બેસીને બધા...

ઉત્તર :- બધા અહીં કહે બધા પૂછતા અહીં. અહીં પૂછયું એને કે બધા કહે વ્યવહાર સમકિત. અરે! વ્યવહાર સમકિત છે તો નિશ્ચયની. પણ પર્યાયના ભેદથી કથન કર્યું એટલે વ્યવહારનો વિષય છે એમ કહ્યું. સમજાણું? વિષય એમ કહ્યું. બાકી છે તો પર્યાય નિશ્ચય ત્રણેય. આહા..હા..! જેટલા આવે એને બધાયને પૂછીએ છીએ હોં. .. એ તો વ્યવહાર સમકિત. ત્યારે મોક્ષશાસ્ત્ર વ્યવહારશાસ્ત્ર છે? બંધશાસ્ત્ર. એમ બોલવામાં આવી ગયું. એમ જવાબ આપે. બોલવામાં આવ્યું ભાન નહોતુંને આવી ગયું છે? આહા..હા..! આ પુસ્તકમાં લખ્યું છેને વ્યવહારસમકિત. તત્ત્વાર્થસૂત્ર નહિ અર્થ કર્યો છે. .. જુઓ કહ્યું છે વ્યવહાર મોક્ષમાર્ગ છે. એટલે રાગ છે. રાગ એ નહિ અહીં તો વ્યવહાર એને કહ્યો કે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ત્રણપણે પરિણમે એક ત્રણપણે થાય એને ત્રણપણું એ જ અનેકપણું થયું એનાથી વ્યવહાર કહ્યો બસ. અને એકપણે પરિણમે એકરૂપ પર્યાય હોં. એવી જ છે. સમજાણું કાંઈ? આવી કેમ

વાત કરી? કે **'વ્યવહારી લોકો પર્યાયમાં-ભેદમાં સમજે છે...'** ભેદ પાડે અને સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાન આ, સમ્યક્ ચારિત્ર આ પર્યાયમાં.

મુમુક્ષુ :- .. કેટલો પમાય

ઉત્તર :- અરે! બધાને માટેની વાત છે આ.

મુમુક્ષુ :- વ્યવહારી લોકોને કહે છેને.

ઉત્તર :- વ્યવહારી લોકો એટલે? પહેલા જે સમજતા નથી એને સમજાવવા માટે. બસ એમ. સમજતા નથી જે વાતને એને પહેલું સમજાવવા માટે એ રીતે ભેદ પાડીને સમજાવે છે.

મુમુક્ષુ :- અમે તો ઘણા વખતથી સાંભળીએ છીએ.

ઉત્તર :- વ્યવહારનો ક્યારે પૂર્ણ થાય? જ્યારે નિશ્ચય કેવળજ્ઞાન થાય ત્યારે. ત્યારે એને વ્યવહાર ન રહે. પૂર્ણદશા થાય ત્યારે. એ વિના વ્યવહારીને આ રીતે જ સમજવું જોઈશે. કહો, સમજાણું કાંઈ? આવી વાત છે. શું થાય?

**'તેથી અહીં જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદથી...'** કહ્યુંને? પર્યાયથી એટલે ભેદથી એટલે? કે ત્રણ પ્રકાર કહ્યા. જ્ઞાન, દર્શન અને ચારિત્ર. દર્શન-જ્ઞાન-ચારિત્ર એણે આમ કર્યું. સમજણ કરવા. અહીં આવશેને હવેમાં. હવે એમાં આવશે ખરુંને એટલે મથાળું એ બાંધ્યું. એવી શૈલી છે એની. ૧૭મામાં જ્ઞાન કરવું આવશે, પછી શ્રદ્ધાન અને પછી ચારિત્ર. તેથી આવા ભેદથી સમજાવ્યું છે. ભેદ કહો કે પર્યાય કહો, પણ છે તો એ પર્યાય નિર્મળ અને શુદ્ધ. વીતરાગી પર્યાયના ભેદથી એને સમજાવ્યું કે આ સમ્યગ્દર્શન, જ્ઞાન અને આ ચારિત્ર.

## ગાથા-૧૭-૧૮

जह णाम को वि पुरिसो रायाणं जाणिऊण सद्दहदि।
तो तं अणुचरदि पुणो अत्थत्थीओ पयत्तेण।।१७।।
एवं हि जीवराया णादव्वो तह य सद्दहेदव्वो।
अणुचरिदव्वो य पुणो सो चेव दु मोक्खकामेण।।१८।।
यथा नाम कोऽपि पुरुषो राजानं ज्ञात्वा श्रद्दधाति।
ततस्तमनुचरति पुनरर्थार्थिकः प्रयत्नेन।।१७।।
एवं हि जीवराजो ज्ञातव्यस्तथैव श्रद्धातव्यः।
अनुचरितव्यश्च पुनः च चैव तु मोक्षकामेन।।१८।।

यथा हि कश्चित्पुरुषोऽर्थार्थी प्रयत्नेन प्रथममेव राजानं जानीते, ततस्तमेव श्रद्धत्ते, ततस्तमेवानुचरति, तथात्मना मोक्षार्थिना प्रथममेवात्मा ज्ञातव्यः, ततः स एव श्रद्धातव्यः, ततः स एवानुचरितव्यश्च, साध्यसिद्धेस्तथान्यथोपपत्त्यनुपपत्तिभ्याम्।

तत्र यदात्मनोऽनुभूयमानानेकभावसंकरेऽपि परमविवेक कौशलेनायमहयनुभूति-रित्यात्मज्ञानेन सङ्गच्छमानमेव तथेतिप्रत्ययलक्षणं श्रद्धानमुत्प्लवते तदा समस्तभावान्तविवेकेन निःशंकमवस्थातुं शक्यत्वादात्मानुचरणमुत्प्लवमानमात्मानं साधयतीति साध्यसिद्धेस्तथोप-पत्तिः। यदा त्वाबालगोपालमेव सकलकालमेव स्वयमेवानुभूयमानेऽपि भगवत्यनुभूत्यात्मन्या-त्मन्यादिबन्धवशात् परैः सममेकत्वाध्यवसायेन विमूढस्यायमहमनुभूतिरित्यात्मज्ञानं नोत्प्लवते, तदभावादज्ञातखरशृंगश्रद्धानसमानत्वात् श्रद्धानमपि नोत्प्लवते, तदा समस्तभावन्तरविवेकेन निःशंकमवस्थातुमशक्यत्वादात्मानुचरणमनुत्प्लवमानं नात्मानं साधयतीति साध्यसिद्धेरन्यथानुपपत्तिः।

હવે, આ જ પ્રયોજનને બે ગાથાઓમાં દૃષ્ટાંતથી કહે છે :-

જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,
પછી યત્નથી ધન-અર્થી એ અનુચરણ નૃપતિનું કરે; ૧૭.
જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,
એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.

શ્લોકાર્થ :- [यथा नाम] જેમ [कः अपि] કોઈ [अर्थार्थिकः पुरुषः] ધનનો અર્થી પુરુષ [राजानं] રાજાને [ज्ञात्वा] જાણીને [श्रद्धाति] શ્રદ્ધા કરે છે, [ततः पुनः] ત્યાર બાદ [तं प्रयत्नेन अनुचरति] તેનું પ્રયત્નપૂર્વક અનુચરણ કરે છે અર્થાત્ તેની સુંદર રીતે સેવા કરે છે, [एवं हि] એવી જ રીતે [मोक्षकामेन] મોક્ષની ઈચ્છાવાળાએ [जीवराजः] જીવરૂપી રાજાને [ज्ञातव्यः] જાણવો, [पुनः च] પછી [तथा एवः] એ રીતે જ [श्रद्धातव्यः] તેનું શ્રદ્ધાન કરવું [तु च] અને ત્યાર બાદ [स एव अनुचरितव्यः] તેનું જ અનુચરણ કરવું અર્થાત્ અનુભવ વડે તન્મય થઈ જવું.

ટીકા :- નિશ્ચયથી જેમ કોઈ ધન-અર્થી પુરુષ બહુ ઉદ્યમથી પ્રથમ તો રાજાને જાણે કે આ રાજા છે, પછી તેનું જ શ્રદ્ધાન કરે કે 'આ અવશ્ય રાજા જ છે, તેનું સેવન કરવાથી અવશ્ય ધનની પ્રાપ્તિ થશે' અને ત્યાર પછી તેનું જ અનુચરણ કરે, સેવન કરે, આજ્ઞામાં રહે, તેને પ્રસન્ન કરે; તેવી રીતે મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો, પછી તેનું જ શ્રદ્ધાન કરવું કે 'આ જ આત્મા છે, તેનું

આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે' અને ત્યાર પછી તેનું જ આચરણ કરવું-અનુભવ વડે તેમાં લીન થવું; કારણ કે સાધ્ય જે નિષ્કર્મ અવસ્થારૂપ અભેદ શુદ્ધસ્વરૂપ તેની સિદ્ધિની એ રીતે ઉપપત્તિ છે, અન્યથા અનુપપત્તિ છે (અર્થાત્ સાધ્યની સિદ્ધિ એ રીતે થાય છે, બીજી રીતે થતી નથી).

(તે વાત વિશેષ સમજાવે છે :-) જ્યારે આત્માને, અનુભવમાં આવતા જે અનેક પર્યાયરૂપ ભેદભાવો તેમની સાથે મિશ્રિતપણું હોવા છતાં પણ સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું, આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ છે એવું, શ્રદ્ધાન ઉદય થાય છે ત્યારે સમસ્ત અન્યભાવોનો ભેદ થવાથી નિઃશંક ઠરવાને સમર્થ થવાને લીધે આત્માનું આચરણ ઉદય થતું આત્માને સાધે છે. આમ સાધ્ય આત્માની સિદ્ધિની એ રીતે ઉપપત્તિ છે.

પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી અને તેના અભાવને લીધે, નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાંના શ્રદ્ધાન સમાન હોવાથી, શ્રદ્ધાન પણ ઉદય થતું નથી ત્યારે સમસ્ત અન્યભાવોના ભેદ વડે આત્મામાં નિઃશંક ઠરવાના અસમર્થપણાને લીધે આત્માનું આચરણ ઉદય નહિ થવાથી આત્માને સાધતું નથી. આમ સાધ્ય આત્માની સિદ્ધિની અન્યથા અનુપપત્તિ છે.

ભાવાર્થ :- સાધ્ય આત્માની સિદ્ધિ દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ છે, બીજી રીતે નથી. કારણ કેઃ- પહેલાં તો આત્માને જાણે કે આ જાણનારો અનુભવમાં આવે છે તે હું છું. ત્યાર બાદ તેની પ્રતીતિરૂપ શ્રદ્ધાન થાય; વિના જાણ્યે શ્રદ્ધાન કોનું? પછી સમસ્ત અન્યભાવોથી ભેદ કરીને પોતામાં સ્થિર થાય.-એ પ્રમાણે સિદ્ધિ છે. પણ જો જાણે જ નહિ, તો શ્રદ્ધાન પણ ન થઈ શકે; તો સ્થિરતા શામાં કરે? તેથી બીજી રીતે સિદ્ધિ નથી એવો નિશ્ચય છે.

## ગાથા-૧૭-૧૮ ઉપર પ્રવચન

'હવે, આ જ પ્રયોજનને...' જુઓ, 'આ જ પ્રયોજનને બે ગાથાઓમાં દૃષ્ટાંતથી કહે છે :—'

जह णाम को वि पुरिसो रायाणं जाणिऊण सद्दहदि।
तो तं अणुचरदि पुणो अत्थत्थीओ पयत्तेण।।१७।।
एवं हि जीवराया णादव्वो तह य सद्दहेदव्वो।
अणुचरिदव्वो य पुणो सो चेव दु मोक्खकामेण।।१८।।

લ્યો અહીં જાણવાનું પહેલું આવ્યું. એય..! સુરેન્દ્રજી! ક્યાંય તમારે પ્રશ્ન ઉઠ્યો હતો આ ચાલતો હતોને. પહેલો સમકિત કે પહેલું જ્ઞાન. ઘણા પ્રશ્ન ઉઠે ભાઈ પહેલી હોયને શરૂઆતમાં. .. ઉઠેને. તો અહીં જુઓ જ્ઞાન કર્યું છે. જ્ઞાન કીધું તો સમકિત સાથે આવી ગયું. સમકિત કહે તો જ્ઞાન સાથે આવી ગયું. જાણ્યા વિના કોની શ્રદ્ધા? એ સિદ્ધ કર્યું છે અહીં.

જાણવું અને તેવું જ શ્રદ્ધવું એમ. જાણીને શ્રદ્ધવું.

નીચે હરિગીત.

**જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,**
**પછી યત્નથી ધન-અર્થી એ અનુચરણ નૃપતિનું કરે; ૧૭.**

ભાષા એમ લીધી જુઓને જીવરાજ. જીવરૂપી રાજા. બાદશાહ. રાજ્યતે શોભતે ઈતિ રાજા.

**જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,**
**એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.**

કેટલું સ્પષ્ટ છે! પુનઃનો અર્થ પછી કર્યું છેને. પાઠમાં છેને. જાણવો 'पुनः च' પછી એ રીતે શ્રદ્ધવો એમ. અન્વયાર્થમાં છેને. અન્વયાર્થ લઈએ પહેલા લ્યો. અને એ તો ટીકામાં પણ આવે છે. ત્યાર પછી તેનું જ. એમ છેને? એમ આ તો કહે જુઓ એ રીતે મોક્ષાર્થી પ્રથમ તો, પછી તેનું શ્રદ્ધાન કરવું.

**'यथा नाम' 'જેમ કોઈ ધનનો અર્થી...'** લ્યો! ધનનો અર્થી રાજાની સેવા કરે. આત્માનો અર્થી રાજાની શું કરવા સેવા કરે?

મુમુક્ષુ :- આત્માના અર્થી ઘણાય રાજાના દિવાન હોય છે.

ઉત્તર :- ધૂળેય નથી. આત્માર્થી તેની સેવા કરતા નથી. એ આત્માની સેવા કરે છે.

સમજાણું કાંઈ? પારસી હતાને અહીં નહિ? જામનગરમાં દિવાન. ગયા હતાને અહીંથી ૯૦માં ત્યાં. પહેલી વાત સાંભળી હતી એમની કે એમને ૮૦૦નો પગાર હતો તો ૧૦૦૦નો થયો. દરબારે ૧૨૦૦ કરી આપ્યા. કે ૨૦૦-૩૦૦ વધારી દીધા. એટલે એને પૂછ્યા વિના. એટલે પછી દરબાર પાસે ગયા કે કેમ સાહેબ? આ ૨૦૦-૩૦૦નો પગાર કેમ વધાર્યો? ૮૦૦ હતો કે ૧૨૦૦ કાંઈક હતો. કહે ખુશીથી કર્યો કહે. જુઓ, હું તો રાજનું કામ હશે તોપણ તમે બારસો આપ્યા હતા માટે રાજના પક્ષનું કામ કરીશ એ હું નહિ કરું. તમે એના માટે જો પગાર વધાર્યો હોય તો. મહેરાબજી હતાને. વ્યાખ્યાનમાં આવતા. ત્યાં ૯૦માં આવ્યા હતા. એ અને એમનો દીકરોને. તમે પગાર વધાર્યો કેમ? રાજનું કોઈ કામ હોય તો મને સિફારિશમાં લેવા માટે? એ હું નહિ કરું. કાઢી નાખો પગાર. એવા હોયને લૌકિક ભાઈ! ભાઈ અહીં જુઓને આપણા પંડિત. ગોપાળદાસને. ગોપાળદાસ પંડિત. મરી ગયા. શેઠે એના નામનો સટ્ટો કર્યો છે. ધંધો. એ કાંઈ ૮૦૦ રૂપિયા કે ૮૦૦૦ મળ્યા. જે હોય એ ખરું. ચોપડામાં જોતા એના નામના નીકળ્યા. પોતે લખેલા નહિ ઓલા શેઠે ધંધો કરેલો એના નામના લખી દીધા. લખ્યા એણે. આમ ચોપડો વાંચનાર પોતે. આ કોણે લખ્યું કહે આ? કોણે આ મારા નામના આઠ હજાર મૂક્યા છે. મેં તો ધંધો કર્યો નથી. બોલાવો શેઠને. શેઠ આવ્યા. કોણે કર્યું આ? આઠ હજાર કોને નામે લખ્યા છે આ? ક્યાંથી આવ્યા? કે તમારા નામનો મેં ધંધો કર્યો. મારો નામનો ધંધો કરીને ખોટ જાય તો કલંક લગાડવું હતું તમારે? મારા નામનું કહીને પછી ૧૦ હજાર જાત કે અરેરે! પંડિતના પુણ્ય ઓછા એમ તમારે કહેવું હતુંને? મને નોકરીમાંથી કાઢી નાખો. આવાની નોકરી ન હોય કહે. એય..! ભગવાનજીભાઈ! શેઠને સંભળાવી દીધું. કોણે કર્યું આવું? પૂછ્યા વિના. મારે સંતોષ છે કહે બસ. અને આ બધું કરીને મારા નામનું કલંક લગાડવું છે તમારે? ગયા પૈસા તો એમ કહેવું છેને? અમારે અહીં રહેવું નથી સાંભળવું. એય..! શેઠ! લૌકિક નીતિવાળા માણસ આવા હોય.

અહીં કહે છે કે ધનનો અર્થી રાજાની સેવા કરે. આહા..હા..! સમજાણું કાંઈ? આ શેઠિયા મોટા હોય ને માખણ ચોપડે, એની પાસે આવ-જા કરે. હેતુ હોય કે કાંઈક આપણને મળશે, આપશે આમ કરશું તો. એ બધા લોભિયા પૈસાના અર્થી છે. મહેરબાની રાખે. શેની? આહા..હા..! પોતાની મુશ્કેલી આવે તો વાંધો ન આવે એમ. એ માટે શેઠને ચોપડે. તમે આવા છો ને તમે આવા છો ને તમે આવા છો. અહીં કહે છે કે ધનનો અર્થી તું. આહા..હા..! ‘**બહુ ઉદ્યમથી પ્રથમ તો રાજાને જાણે**...’ રાજાને જાણે કે રાજા છે કે નહિ? ખાદીલો છે કે પૈસા પાંચ-પચાસ કરોડ છે કે શુ છે આ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મહીને દિ’એ પગાર દેશે કે નહિ?

ઉત્તર :- એવા પણ હોય કેટલાક.

મુમુક્ષુ :- બાર-બાર મહિના ન સુધી દે.

ઉત્તર :- હા છેને. વાત સાંભળ્યું છે. બાર-બાર મહિના સુધી નોકરને નોકરી ન મળે. પૈસા ન મળે. એવા પણ છે માણસો, રાજાઓ

'**ઉદ્યમથી પ્રથમ તો રાજાને જાણે કે આ રાજા છે,...**' એના લખાણની એના પુણ્ય, એના છત્ર ને ચામર ને એમાં ક્યાંય ખામી લાગતી નથી. એના પુણ્ય ચડતા છે માટે પૈસાવાળો છે રાજા. હોય છેને રાજા અત્યારે ૨૫-૨૫ કરોડની. કાલે આવ્યું નહોતું? પાકિસ્તાનમાં ભાઈ અમલદારોનું. છાપામાં આવ્યું હતું. ૧૮ કરોડ. એની બેગમ પાસે ૧૮ કરોડ. એની પાસે કાંઈક કેટલા કરોડ કીધા ભાઈ! ૧૩ કરોડ ને ૭ લાખ લ્યો! .. છે. .. એવું નાખ્યું છે. કાલે આવ્યું છેને શું કહેવાય એ? વેગવાણી. વેગવાણીમાં છે. કહો, આ લૂંટારામાંથી લૂંટીને ભેગું કરે. આહા..હા..!

અહીં કહે છે કે '**રાજાને જાણે...**' પણ એવા નહિ હોં રાજા. એ રાજા ન કહેવાય. એ તો લૂંટારા છે. રાજા તો પુણ્ય લઈને આવ્યા હોય અને એ જ્યાં જન્મે રાજકુમાર ત્યાં જ એને રાજમાં પેદાશ વધે. સમુદ્રમાં માછલીયું મોતીની પાકે, આસપાસના પત્થરના વળા નિલમ અને હીરા થઈ જાય. એ પુણ્ય લઈને આવ્યો હોય. શેઠ! સમજાણું કાંઈ? એવા '**રાજાને જાણે...**' કે આ રાજકુમાર તો પુત્રના પારણાના લક્ષણથી જાણે. મારા પુણ્યવંત છે જબરો. પૈસા એની પાસે કરોડો-અબજો રૂપિયા હોય. એની પેદાશ જ ઘણી છે. '**પછી તેનું જ શ્રદ્ધાન કરે...**' આ રાજા છે. જોયું! એની પાસે પૈસા છે, લક્ષ્મીની આવક મોટી છે. '**પછી તેનું જ શ્રદ્ધાન કરે...**' એના ઉપર વિશ્વાસ કરે. જોયું! '**આ અવશ્ય રાજા જ છે,...**' એમ શ્રદ્ધા કરે જાણીને. જાણીને શ્રદ્ધા કરે એમ કીધું છેને. એમ આત્મામાં એમ ઉતારશે. '**તેનું સેવન કરવાથી...**' શું કહે છે? '**શ્રદ્ધાન કરે કે...**' એમ. ''**આ અવશ્ય રાજા જ છે, તેનું સેવન કરવાથી અવશ્ય ધનની પ્રાપ્તિ થશે**'...' એ દીવાળીયો નથી, ખાલી એના ખજાના નથી, ખજાના ભરપૂર ભર્યા છે. એવું એને જાણે. આ તો એક દાખલો આપે છે હોં. પણ આ '**તેનું શ્રદ્ધાન કરે કે...**' એમ સાથે મેળવીને કહે છે. '**આ અવશ્ય રાજા જ છે, તેનું સેવન કરવાથી...**' શ્રદ્ધામાં એમ બેસે છે એને. કે એનું સેવન '**અવશ્ય ધનની પ્રાપ્તિ થશે અને ત્યાર પછી તેનું જ અનુચરણ કરે,...**' લ્યો! એને પછી અનુચરણ એ કહે એમ હા એ હા.. હા એ હા.. અનુકૂળતા રહે. '**સેવન કરે, આજ્ઞામાં રહે,...**' લ્યો! '**તેને પ્રસન્ન કરે;...**' એ દૃષ્ટાંત થયો.

'**તેવી રીતે મોક્ષાર્થી પુરુષે...**' જેને પરમાનંદની પ્રાપ્તિ જ પ્રયોજન છે જેને. આહા..હા..! 'કામ એક આત્માર્થનું બીજો નહિ મન રોગ.' આવે છેને. શ્રીમદ્‌માં આવે છે. બીજો મનમાં કોઈ રોગ. આ લોકો સારા કહે, દેખાવ કરે, એ તો આમ માને ને આમ થાય ને તેમ

થાય એ બધાય સંસાર અર્થીઓ છે. એ મોક્ષ અર્થી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શાસ્ત્રમાં તો એવું આવ્યું છે. કાંઈક પાપ લાગ્યું હોયને. આચાર્યની પેલી પાસે જાય, સેવા કરે આમ કરે.. આમ કરે... એમ કે મોટું પાપ સંભળાવશું પછી આપણને પ્રાયશ્ચિત ઓછું આપશે. એ આવે છે. એમ કહે આપણને બહુ ગુનો છે મોટો, હવે આપણે આચાર્ય પાસે જાશું તે વિના પાર નહિ. બહાર વાત આવી ગઈ છે. એટલે પહેલી સેવા કરે, આમ કરે, હા, હા, પછી બે-પાંચ દિ' થાય, દસ દિ' આઠ દિ'. સાહેબ! મેં આ ગુનો કર્યો. એ શું થોડું પ્રાયશ્ચિત આપે. મારા કપટી છો કહે. જગતમાં અનેક પ્રકાર ચાલે છેને. સાધુ થઈને આવા ગપ્પ મારે છે એમ કહે છે. આહા..હા..! ઓલો તો સરળ બાળકની પેઠે. મહારાજ! મેં આથી પરિણામથી ગુનો મને થયો છે. બાળકને જેમ મોટપની નાનપ નથી દેખાતી કહેતા એમ એને વાત કરતા આવા મને પરિણામ થયા, આવો મેં ગુનો કર્યો છે. સાહેબ આપને યોગ્ય (લાગે) તે પ્રાયશ્ચિત આપો. ચોખ્ખું થાવું છે કે રાખવું છે એને? એ ગોટાળો રાખીને અમે પ્રાયશ્ચિત લીધું અને અમે ચોખ્ખા થઈ ગયા એમ કહેવું છે એને? આહા..હા..!

'**તેવી રીતે મોક્ષાર્થી પુરુષે...**' એકલું પ્રયોજન પરમ આનંદની પ્રાપ્તિનું જ જેને પ્રયોજન છે. બીજું કોઈ કામ નથી. આહા..હા..! તો મોક્ષાર્થી છે કે નહિ એવો એણે પહેલો નિર્ણય કરવો જોઈએ. સમજાણું કાંઈ? મોક્ષને ધ્યેય બનાવીને વાત કરવી છેને અહીં? સાધ્ય કહેવું છેને. સમજાણું કાંઈ? સાધ્ય-સાધક બે સિદ્ધ કરવા છેને અહીંયાં? આહા..હા..! આ ફતેપુરનું વાંચ્યું હતું. '**મોક્ષાર્થી પુરુષે..**' નથી પુણ્યનો અર્થી, નથી સ્વર્ગનો અર્થી, નથી પુણ્યના ફળનો આકાંક્ષી, નથી બહારની સગવડતામાં પ્રથમતા થવાનો જેને ભાવ. એકલો પરમાનંદ, પૂર્ણાનંદ મારી પ્રાપ્તિ, એવો જે મોક્ષ એનું જેને પ્રયોજન એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પ્રથમ તો આત્માને જાણવો,...**' લ્યો એમ કહે છે અહીં તો. જાણવો કીધો પહેલો. જાણવો શબ્દે આ અનુભવવો હોં. જાણવો વળી ત્યાં એમ નાખે છે કેટલાક કે એ જાણવું એ તો પરલક્ષી છે જાણવું. માટે એ જાણવું જાણવું ન કહેવાય. માટે શ્રદ્ધા.. એ અહીં વાત નથી. તમારે તરફથી આવ્યું હતું બહુ મુંબઈ તરફથી. ઘણા આવે બહુ માણસ આવે તો વાતું કરે જુદી જુદી જાતની. પહેલું જાણપણું નહિ. કારણ કે જાણપણું બહાર એ તો પરલક્ષી જાણપણું છે. સમ્યગ્દર્શન થાય તો જ એનું સાચું જાણપણું. સમ્યગ્દર્શન પહેલું જોઈએ એમ. એય..! ચીમનભાઈ! સાંભળ્યું હશે કે નહિ તમે ત્યાં? ત્યાં તો જાણને. રાતે વાત થઈ હતી તમારી ઓલી. કે ભાઈ કાંઈક કાગળ આવ્યો એ જાણતા હશે બોલ્યા નહિ મેં કીધું. વજુભાઈને પૂછયું હતું. વજુભાઈએ કીધું એય..! ચીમનભાઈ! કે મેં પૂછયું ત્યારે તમે બોલ્યા નહોતા. કદાચ કીધું ખ્યાલ આવ્યો હોય. કારણ કે ઓલાએ હા-ના ન પાડી બીજી. વજુભાઈ કહે કોણ છે કીધું ચીમનભાઈએ પૂછયું. આહા..હા..! કેમ વજુભાઈ? કીધું હતુંને? ખબર હોય

ન કહેવું હોય એ વાત જુદી છે. ન કહેવું હોય.

અહીં તો કહે છે મોક્ષાર્થી. અહીં તો ભાઈ! ચાહે તો દુનિયા ડોલી જાય તો જેને મોક્ષનું જ કામ છે, એને કાંઈ બીજા સાથે કામ નથી. આહા..હા..! ચાહે તો દુનિયા નિંદા કરો, પ્રશંસા કરો, મોટો માનો, નાનો માનો, વ્યભિચારી, ખૂબ દોષવાળા ધર્મનો નાશ કરી નાખે. .. ભગવાન! તું .. છેને ન બેસે. એને એ વાત કરે. નિયમસારમાં કહ્યું છેને. અરે! પરમાર્થ તરફનો ઈર્ષ્યાભાવે કોઈ નિંદા કરે તો આવો પરમાર્થ જૈન વીતરાગ માર્ગની અભક્તિ ન કરીશ હોં! અરે! આવો માર્ગ છે એને આ દુનિયા કેમ માનતી નથી? નિંદા કેમ કરે? પણ એ તો એમ જ હોય સાંભળને હવે. સમજાણું કાંઈ?

'**એક મોક્ષાર્થી...**' આહા..હા..! ભગવાન! પણ પંચમ આરામાં તો મોક્ષ નથી. આ તમે ક્યાં નાખ્યું પહેલું? બધા પડખા લેવા જોઈએ કે નહિ? એય..! મોક્ષાર્થી એ મોક્ષનું ધ્યેય તો અત્યારે છે અને એના સાધન પણ અંશે છે. પૂર્ણ સાધન એને પૂર્ણ એ તો થોડું બાકી રહેશે તો એકાદ ગતિએ જાવું પડે ધર્મશાળાએ એટલે શું છે? સમજ્યા શેઠ? ૨૪ ગાઉ કાપવો હોય માર્ગ. ૧૬ ગાઉએ ધર્મશાળા આવી અને અંધારું પડ્યું તો રોકાય ત્યાં. સવારે ઉઠીને એ ૮ ગાઉ કાપી નાખવા માટે રાત છે ત્યાં. આહા..હા..! એમ એકાદ-બે ભવ હોય તે શું છે? મોક્ષાર્થી જ છે કહે છે. એણે '**પ્રથમ તો આત્માને જાણવો,...**' એ આત્માને જાણવો એટલે આત્માને જ્ઞેય કરીને એનું જ્ઞાન કરવું એમ કહે છે. ભાઈ!

મુમુક્ષુ :- એનો અનુભવ કરવો.

ઉત્તર :- હા, જાણવું એટલા આ શાસ્ત્રથી જાણવું એમ નહિ. આહા..હા..! જુઓને. કુંદકુંદાચાર્ય પોતે કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! તારે જો આનંદની પ્રાપ્તિ કરવી હોય, પૂર્ણ-પૂર્ણ દુઃખનો નાશ કરવો હોય અને પૂર્ણ આનંદની પ્રાપ્તિ કરવી હોય, મોક્ષ એટલે મૂકાવુથી શબ્દ છે, પણ મૂકાવું દુઃખથી, પણ પ્રાપ્તિ છે આનંદની. એવા પરમાનંદરૂપી મુક્તિ, એનો અર્થીએ પ્રથમ તો આત્માને અનુભવવો. આહા..હા..! પહેલી જ વાત આ. પહેલી કાંઈક વ્યવહાર કરવો અને એને કરતાં-કરતાં પછી અનુભવ થાય એ વાત તો લીધી જ નહિ અહીં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આ પહેલા પાધરો જાણે એમ જ કીધું અહીં. સુજાનમલજી! એનો સ્વભાવ જ એવો છે. પ્રત્યક્ષ જણાય એવો જ એનો સ્વભાવ છે. આહા..હા..! એનો સ્વભાવ જ પ્રત્યક્ષ જાણવું અને પ્રત્યક્ષ જ્ઞાતા થાય એવો જ એનો સ્વભાવ છે. એનો સ્વભાવ એવો છે. એનો સ્વભાવ એવું નથી કે પહેલા રાગ મંદ કરે અને આ ક્રિયા કરે અને પછી.. એવો એનો સ્વભાવ જ નથી. એમ કહે છે. આહા..હા..! ચેતનજી! અલિંગગ્રહણમાં છઠ્ઠો બોલ

આવ્યો છેને એ. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. કેટલી વાત કરી! પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. પહેલે નંબરે આ કરવાનું છે બસ. પ્રથમ શબ્દ છેને જુઓ, છે કે નહિ? ભારે માર્ગ. કઈ યથા? આ પ્રથમ. એ તાવત્‌નો અર્થ થયો. પ્રથમ ઓલું તાવત્ કીધું શબ્દ. '**प्रथममेव राजानं जानीते,**' છેને એમાં? એમ અહીં પણ. પ્રથમ. આહા..હા..! '**मोक्षार्थिना प्रथममेवात्मा ज्ञातव्यः**' જુઓ, '**प्रथममेवात्मा ज्ञातव्यः**' એ જાણવું એટલે શાસ્ત્ર કહે અને સાંભળીને નહિ આ. સુજાનમલજી!

ભગવાન આત્મા હા તો પાડ. આહા..હા..! કોઈની અપેક્ષા રાખ્યા વિના વ્યવહારની, નિમિત્તની, રાગની મંદતાની સીધો અનુભવાય એવો જ એનો સ્વરૂપ સ્વભાવ છે. આહા..હા..! ત્યારે એણે આત્માને જાણ્યો કહેવાય. એવો એનો સ્વભાવ એમ સિદ્ધ કરે છે. ત્યારે આત્મા પ્રત્યક્ષ જાણે, સીધો જાણે, પહેલો જાણે એવું સીધું એનું સ્વરૂપ છે. સ્વભાવ જ એવો એનો છે. આહા..હા..! આ કાંઈ રાંકાની વાતું નથી. આહા..હા..! વીરોના કામ છે આ તો ભાઈ! સમજાણું કાંઈ? પહેલું સંપ્રદાયમાં કહેતા એ ..ગામ વીરો .. શું આવતું નહિ? પહેલા લખ્યા હતા બધા ટૂકડા. ... અફર ગામેણ, શબ્દ રહી જાય છે. પહેલા ટૂકડા લખતા હતા તમે નહિ લખ્યા હતા ઓલામાં. છાપામાં ૮૨ની સાલમાં. ૮૨. શું આવ્યું શબ્દ? એય..! વીરપુરુષોનો માર્ગ અફરગામીનો માર્ગ છે એ. એ શબ્દ યાદ ..

મુમુક્ષુ :- અનિયતગામી

ઉત્તર :- અનિયતગામી કીધું અફર અનિયતગામી. પણ એના પહેલા શબ્દ છે. વીરો વીર તારો માર્ગ અફર છે. ફરે નહિ એ રીતે ચડ્યો આત્મામાં પહેલે દરજ્જે ચડ્યો ફરે નહિ તારો માર્ગ. અનિયતગામી હા આવ્યું હવે. .. ભાઈ આવે ત્યારે આવેને. સંપ્રદાયમાં તો બહુ ચાલતું હતું. ... અનિયતગામી. હવે આવ્યું જુઓ અહીં. આવે ત્યારે આવેને. ...વીરાણં. વીર તારો માર્ગ મહા અલૌકિક પુરુષાર્થવાળો છે. ... અફરગામી તું છો. જે રસ્તે ગયો ત્યાંથી પાછો ન ફર એવો તારો સ્વભાવ છે. આહા..હા..! સંપ્રદાયમાં એમ કહેતા હોં ભગવાનજીભાઈ! ૫૦ વર્ષ પહેલાં. લોકો સાંભળતા બિચારા. એમાં ના ન પાડે. એમાં કાંઈ એનો સંપ્રદાય દુભાય છે કાંઈ? મૂર્તિ કે એવું આવો તો વાંધો આવે. ... ઓહો..! વીરોના માર્ગ તો મહા અનંત પુરુષાર્થવાળો છે. અનિયતગામી પાછા અફરગામીનો માર્ગ એવો છે. તે વીરને રસ્તે રાંકા જઈ શકે નહિ. એમ કહે છે. આહા..હા..! ઓલા ભાઈએ લખ્યું હતું. વાડીલાલ, મોતીલાલ. ગુલામમાર્ગી અને રાજમાર્ગી. એક મોટો લેખ હતો ૭૧માં. સંવત્ ૭૧. ગુલામમાર્ગી અને રાજમાર્ગી. સાધુ પાસે પાણી હોય અને તરસ્યો દેખે માણસને. અરેરે! આને પાણી આપુ એ ભગવાનની આજ્ઞા નથી. એવું અહીં. અરે! ગુલામમાર્ગી! તું ભગવાનને દોષ ન દે. આજ્ઞા નથી. તારો માર્ગ જ જે છે રાજમાર્ગ એની તને ખબર નથી. નહિતર આને ભગવાનની

આજ્ઞા થઈ. મારે તું તો ગુલામમાર્ગી છો. તારે દેવાનો ભાવ.. ભગવાન તો કહે એ ભૂમિકામાં દેવાના ભાવનો વિકલ્પ ઉઠે નહિ. તું ગુલામમાર્ગી છો કહે. વાડીલાલ મોતીલાલનું જૈનસમાચાર આવતું. બહુ કડક હતો માણસ. આહા..હા..! દુકાન ઉપર લેતા ત્યારે જૈન સમાચારપત્ર. બીજા બધા ન વાંચે. આપણે વાંચીએ અને મૂકી દઈએ. ગુલામમાર્ગી છો. રાજમાર્ગીની અહીં તો વાત છે. રાજમાર્ગ જે આત્માનો માર્ગ ચડ્યા આત્મરાજ જુઓ. એને માર્ગે ચડ્યા, જીવરાજને માર્ગે ચડ્યા એનો માર્ગ. એને ભગવાને આજ્ઞામાં સમજાવ્યું છે કે તને એવો વિકલ્પ ન હોય કે આ પાણી આને દઉં, આ બીજા મરી જશે. અરે! સાંભળને રાજા! રાજ થઈને તું આવે માર્ગે ગયો? પામર થઈને આવ્યો છો તું હવે કહે. ભગવાનજીભાઈ! કાયરના કામ નથી. આહા..હા..!

અહીં આચાર્ય પોતે કહે છે કુંદકુંદાચાર્ય. જુઓને પહેલું આવ્યુંને. '**ज्ञातव्य**' '**जीवराजो ज्ञातव्यस्तथैव**' પાઠમાં એ છે. ટીકાકારે એ કર્યો. પણ બીજું આ શાસ્ત્ર જાણવા અને પછી આ જાણવું. ભાઈ ઓલામાં એમ પણ આવે છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં. એય..! ચાર બોલ નથી આવતા લક્ષણના? એમ આવે છે. પહેલા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી, પછી એનાથી નવ તત્ત્વની કરવી, પછી એકની સમજ્યાને? સ્વપરની કરવી, પછી સ્વની કરવી. એ તો વ્યવહારથી ભેદ પાડવા હોય તો સમજાવે. એ ઓલું આવે છે ચાર. વાત એની સાથે રાખવી જોઈએને થોડી? ત્યાં તો એમ કહ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આવે જુદી વાત છે, પણ થાય ત્યારે કોઈની અપેક્ષા છે નહિ. સમજાણું કાંઈ? એવો જ એનો સ્વભાવ છે એમ કહે છે. આવે છેને ચાર? ચાર લક્ષણ આવે છે. .. ભાઈને પૂછયું હતું.

મુમુક્ષુ :- ... પછી જે અનુભવ થાય.

ઉત્તર :- એ તો સાથે ને સાથે પક્ષ થયો એ અનુભવ છે. બીજો પક્ષ ક્યો? ક્યારે પક્ષ થયો કહેવાય? વિકલ્પથી, ધારણાથી પક્ષ કરવો તે વસ્તુ નથી. એય..! આહા..હા..! એ એનો જૂનો પ્રશ્ન છે. ખબર છે. રામજીભાઈ પાસે મૂકાણો છે. એ વાત છે.

અહીં કહે છે કે શુદ્ધનયનો પક્ષ એટલે શું ધારી રાખવું છે કે આ મારે આ છે. આહા..હા..! અહીં તો સીધે સીધી વાત છે. ફડાક દઈને એક ઘાએ બે કટકા. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ છે એનો પહેલો અનુભવ કર. સમજાણું કાંઈ? બીજે કોઈ રીતે મોક્ષનો માર્ગ શરૂ થશે નહિ. આટલી સેવા કરીએ, ફલાણાનું આમ કરીએ, ભગવાનની સેવા કરીએ, પૂજા કરીએ અને જાત્રા કરીએ અને એમાંથી સમકિત થાશે. અહીં તો આચાર્ય મહારાજ કુંદકુંદાચાર્ય સિંહની ગર્જનાથી વાત કરે છે. આહા..હા..! અરે! સિંહ અજ્ઞાન અને રાગ-દ્વેષને તોડવો એ પણ

તારામાં ક્યાં છે? આહા..હા..! તું તો આત્માનો અનુભવ કર એમ કહે છે અહીંયાં. આહા..હા..! એય..! હીરાલાલજી! 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ, ઔષધ જે ભવ રોગના પણ કાયરને પ્રતિકુળ.' હીજડા જેવા પાવૈયાને આ વાત એમ લાગે આ શું? સારા નપુંસક છો? સમજાણું કાંઈ? ચંદુભાઈ! આવી વાતું છે આ જરી. શું કહે છે આ? અમૃતલાલને. આવો માર્ગ આ છે. આહા..હા..! મૂળ પ્રયોજન. બાપુ! તું ભગવાન છો. એનો અનુભવ કર. આહા..હા..! વાત તે વાત! એમ કહીને આત્મા પોતે પોતાના સ્વભાવથી જણાય એને કોઈ અપેક્ષા નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? વ્યવહાર હોય તો જણાય, આવું હોય તો જણાય, રાગ મંદતા થાય તો જણાય એ વસ્તુના સ્વરૂપના નિરપેક્ષમાં એ છે જ નહિ. આહા..હા..! કહો, સમજાણું આમાં?

**'પ્રથમ તો આત્માને જાણવો,...'** એક જ ટૂકડો અહીં પાધરો. આહા..હા..! મૂળચંદભાઈ! કરુણા એ આત્માને જાણવો એ કરુણા આત્માની. એય..! શેઠ! એ આત્મામાં તે આ થાય છે. આત્મામાં આવી ચીજ છે એમ કહે છે. આહા..હા..! છેને ટીકા જુઓને ટીકા આપી છે. વાત આવી છે. શેઠ કહે છે બરાબર. લોકોએ શાંતિથી સમજવું જોઈએ. અમારો પક્ષ આ હતો અને અમે માન્યું એવું એમાં નીકળવું જોઈએ. એમ ન ચાલે બાપુ! માર્ગ તો માર્ગ જે રીતે છે એમ નીકાળવો જોઈએ. આહા..હા..! ઓહો..હો..! જુઓને ઓલું આવે છેને ભાઈ! ગૌતમસ્વામી ભગવાન પાસે ગયા અને માનસ્તંભ પામીને સમકિત પામી ગયા એમ કહ્યું છે ત્યાં. કહો, દેશના મળી નથી. પૂર્વની વાત છે. .. ભગવાનને એમ કરીને.. ગૌતમ કેટલા જ્ઞાન, એના લોકના જ્ઞાન જાણનારા, ભગવાનને આમ ભાળે છે આમ જ્યાં માનસ્તંભને દેખીને. માનસ્તંભ હોં! જયતિ ભગવાન. એ શ્લોક આવે છે કાંઈક. જય હો ભગવાન.

મુમુક્ષુ :- દ્રવ્યસંગ્રહમાં.

ઉત્તર :- દ્રવ્યસંગ્રહમાં. પણ એ શબ્દ મૂક્યો છે. શ્લોક નથી મૂક્યો. એ ત્યાં શ્લોક હશે. સમજાણું કાંઈ? આહા..હા..! પહેલા દેશના પામે પછી થાય. અહીં તો દેશના પણ નથી. એ પૂર્વે .. હતી એ જીવ હતો એ. સમજાણું કાંઈ? ભગવાનનો ઉપદેશ નીકળ્યા પહેલા તો સમકિત પામી ગયા. મોટા વિદ્વાન, જ્ઞાન, ચાર વેદ, જ્યોતિષ ને.. એવા બધા આમ જાણે. ઓહો..હો..!

મુમુક્ષુ :- શાસ્ત્ર

ઉત્તર :- બહુ શાસ્ત્ર. જયતિ ભગવાન. જય હો નાથ તારો. આહા..હા..! એ જ વખતે દર્શનમોહનો નાશ અને સમકિતની પ્રાપ્તિ. ફડાક.

મુમુક્ષુ :- પૂર્વે .. કર્યો હશેને.

ઉત્તર :- હા એ કર્યું પણ એ છતાં અત્યારના પુરુષાર્થ વિના એ પૂર્વના સંસ્કાર સાધન

ન કહેવાય. અહીં તો વર્તમાન. એટલે સંસ્કારની અપેક્ષા પણ અહીં લેવી નથી. કહો, ભીખાભાઈ! આવા ગૌતમ ગણધર. જે બ્રાહ્મણ. જેનો પૂર્ણ અભ્યાસ એના વેદનો, એના શાસ્ત્રનો. બહુ લખાણ છે એમાં. દ્રવ્યસંગ્રહમાં. બહુ લખાણ છે. આમ જય હો નાથ! જય થયો અમારામાં આપનો જય હો જાવ કહે. જુઓને પહેલે ધડાકે વાત કરે છેને. કુંદકુંદાચાર્ય મુનિ છે. પંચમ આરાના સાધુ છે. સમજાણું? ગૌતમને તો વળી ભગવાનનો યોગ પણ હતો. આ તો ઘણા વિરહ પછી છે. ૫૦૦-૬૦૦ વર્ષ પછીની વાત છે લ્યો! અને આ ટીકાકાર તો વળી ૧૦૦૦-૧૧૦૦ વર્ષ પછી થયા. ભગવાન! આવું સીધી વાત કરો છો એ કરતાં કાંઈક, કાંઈક ઢીલ. ઓલામાં આવે છેને. આ ભાઈમાં આવે છે સોગાનીમાં. કે તમે ક્રમ તો કહેતા નથી. શ્રીમદ્‌માં ક્રમની વાત આવે છે. આવે છેને એક બોલ આવે છે. ક્યાંક આવે છે. આ બાજુ આવે છે ક્યાંક. હવે ક્રમની અહીં વાત નથી. એ તો જેને કોઈ એવી રીતે હોય એને હો. વસ્તુમાં ક્રમ નથી. એય..! દ્રવ્યદૃષ્ટિપ્રકાશ. સોગાની છેને સોગાની? ક્રમ-ક્રમ નહિ. આ ક્રમક્રમ નહિ એમ કહે છે. એ વાત આવે ત્યારે આવે બધી વ્યવહારથી આવતી હોય. આહા..હા..!

પહેલામાં પહેલી એ વાત છે કે આત્માને અનુભવવો. સમજાણું કાંઈ? આટલું કરશું તો આમ થાશે અને આટલું કરશું તો આમ થાશે. આટલા શાસ્ત્ર ભણશું તો આમ થાશે. એવો આત્મા નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! નથી એને બીજી રીતે જણાય જાય, એનામાં નથી એથી બીજી રીતે જણાય જાય? સમજાણું કાંઈ? કાયરના નહિ કામ આ તો. આ તો વીરોના કામ છે. આહા..હા..! '**મોક્ષાર્થી પુરુષે...**' મોક્ષ શું છે એવું તો એના ખ્યાલમાં છે. છે કે નહિ? એના ખ્યાલમાં તો છે. ત્યારે અર્થી થયોને. એણે '**પ્રથમ તો આત્માને...**' અનુભવવો. જાણવાની વ્યાખ્યા એને જાણવું કહેવાય. આત્માને જાણવું. આ આત્મા-આત્મા એમ જાણવું એમ નહિ. જાણવું એટલે અનુભવવો એનું નામ જાણવું કહેવાય. આહા..હા..!

મુમુક્ષુ :- આનંદસહિતનું જાણવું.

ઉત્તર :- હા, એ સ્વસંવેદનને આનંદથી જાણવું એનું નામ આનંદ કહેવાય, જાણવું કહેવાય. પ્રત્યક્ષ આત્મા આનંદનું જ્ઞાન થાય એને જાણવું કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાતું! હવે અહીં તો ઓલા વ્યવહાર કરવો, વ્યવહારથી થશે. વ્યવહારમાં કાંઈક શુદ્ધતાનો અંશ પડ્યો છે. એનાથી થાશે, આમ થાશે, અરે! ભગવાન! એ વસ્તુનો સ્વભાવ નથી હોં. એ આવા ભગવાન ચક્રવર્તી જેવાને તું ભિખારી કહે એની પ્રાપ્તિ નહિ થાય તને. પછી શું છે એ વાત વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૧૪, શનિવાર, તા. ૨૯-૦૧-૧૯૭૨
## ગાથા-૧૭-૧૮ પ્રવચન-૮૫

ધનના અર્થીનો દૃષ્ટાંત દીધો. લક્ષ્મીનો અર્થી હોય એ રાજાને ઓળખે. આ જ રાજા છે એમ શ્રદ્ધે અને એની સેવા કરવાથી જરૂર આજ્ઞામાં રહેવાથી પૈસા મળશે. '**તેવી રીતે મોક્ષાર્થી પુરુષે...**' ઓલો ધનાર્થી હતો. જેને પૂર્ણ આનંદ સ્વભાવનું પ્રયોજન છે, પ્રયોજનમાં કોઈ ચીજ બીજી હોતી નથી. ફક્ત પૂર્ણ આનંદની પ્રાપ્તિ એ જેનું પ્રયોજન છે એવા આત્માએ '**પ્રથમ તો આત્માને જાણવો,...**' પહેલાં જ આત્મા શું ચીજ છે એને અનુભવથી જાણવો એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મા શું ચીજ છે? અનંત આનંદ, અનંત જ્ઞાન આદિ સ્વભાવનો ભંડાર, પૂર્ણ સ્વરૂપ એને અનુભવવો. જાણવાનો અર્થ અનુભવવો. ભારે! પાધરો જ અનુભવવો. બીજા બધા પડખાઓ ભેગા હોય નય-નિક્ષેપના, જાણવાના પહેલાં. પણ એની અપેક્ષા આત્માના અનુભવ માટે નથી એ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા જ્ઞાનાનંદના સ્વભાવથી ભરેલો એનો સીધો અનુભવ પ્રત્યક્ષ કરવો એમ કહે છે.

જ્ઞાનની વર્તમાન દશામાં એને પ્રત્યક્ષ કરવો અને અનુભવવો. શેઠ આ વાત છે આવી બહુ. કહો, પહેલું આ કરવું અને પહેલું આ કરવું એવું આવે ઘણે ઠેકાણે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે. મિથ્યાદૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ સન્મુખ હોય એને પોતાના કર્તવ્ય માટે આમ કરવું, આમ કરવું. પણ કહે છે કે એ વસ્તુનો સ્વભાવ છે એને આવી અપેક્ષાની જરૂર નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મા જેને કહીએ એને આ વ્યવહારના અવલંબન હોય તો અનુભવ થાય એવો એનો સ્વભાવ જ નથી. પહેલાં તો આત્માને જાણવો. જાણવો એટલે? શાસ્ત્રથી જાણવો, ગુરુગમે જાણવો એમ નહિ. આહા..હા..! જાણવો એને કહીએ કે એ ચીજ આ છે એમ એના જ્ઞાનમાં, અનુભવમાં આવે. સમજાણું કાંઈ? ભારે વાત આવી પાધરી. કેટલાક એમ કહેને સીધી. યશોવિજયજી કહે છે એક ઠેકાણે ઓલામાં. બધી વાત અદ્ધરની અદ્ધર બધી બતાવે મોટી-મોટી. પણ કેમ ચાલે? એય..! ચેતનજી! આવે છે ઓલા ૮૪ બોલમાં. પણ વસ્તુનું સ્વરૂપ એવું ભગવાન! એ વસ્તુ જ એવી છે એ. અને એમાં પ્રમેય નામનો ગુણ પડ્યો છે અને પ્રકાશ નામનો ગુણ છે. આત્મામાં. એથી એ ગુણનું ગુણ તો આમ કહેવાય. એને અનુભવે ત્યારે એ ગુણનું કાર્ય આવે. એને કારણે આવે, આને કારણે નહિ એમ કહે છે. આહા..હા..! ચેતનભાઈ! એવું ઝીણું છે હોં! પણ આ ઠેકાણે આમ છે, પણ બીજે

ઠેકાણે તો બીજું છેને એમ વળી કહે. ત્યાં મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું. પહેલાં દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી શ્રદ્ધા કરતાં કુદેવ-કુગુરુ-કુશ્રદ્ધાનો નાશ થાય છે. લ્યો! આવે છે કે નહિ ચાર લક્ષણો? પછી એમ કહે નવ તત્ત્વની શ્રદ્ધા બરાબર કરજે. સ્વપરને જુદા પાડવા, પછી એકલા સ્વમાં આવવું. છેલ્લું પ્રયોજન આ છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! .. આત્મા આવો છે એમ સિદ્ધ કર્યું છે. બીજી રીતે આત્મા છે નહિ. આહા..હા..! એનામાં શ્રદ્ધામાં વ્યવહાર પરલક્ષી શ્રદ્ધામાં પણ આ આત્માને અનુભવવા માટે બીજાની કોઈની અપેક્ષા નથી. એવું જ્યાં સુધી આત્મા એ રીતે સત્‌સ્વરૂપ છે. એ રીતે સત્‌સ્વરૂપ છે. સમજાણું કાંઈ? બીજી રીતે કહેવા જાય તો એ સત્‌સ્વરૂપની જે મહત્તા છે એ રહેતી નથી. એટલે આત્માની મહત્તા જ રહેતી નથી. રહેતી નથી તો આત્માની એને શ્રદ્ધા યથાર્થ નથી. આહા..હા..! ભારે વાત ભાઈ!

કહે છે '**પ્રથમ તો આત્માને જાણવો,...**' ઓહો..હો..! દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યા છે. આત્માને એને કહીએ એમ કહે છે ભાઈ! આત્મા એને કહીએ કે જે સીધો અનુભવે એવો જ એ આત્મા છે. આહા..હા..! એને કોઈ પરલક્ષી જ્ઞાન થાય આવો આત્મા અને આવો આત્મા એની પણ જરૂર નથી એમ કહે છે. આહા..હા..! કહો, વજુભાઈ! આહા..હા..! આ તો ભગવાન આત્મામાં પ્રવેશ કરવો એને માટે પરની જરૂર નથી. સમજાણું કાંઈ? એવો જે આત્માનો સત્‌રૂપ, પરની અપેક્ષા વિનાનું એનું સ્વરૂપ છે. એવા સ્વરૂપની હજી પરલક્ષી શ્રદ્ધામાં પણ વાત ન બેસે એને કોઈ રીતે આત્માનો અનુભવ થાય નહિ. કહો, શેઠ! ત્યાગપણું કરીએ, શિબિર કાઢીએ અને એમાં પૈસા ખર્ચીએ પછી આત્મા જણાય એમ નથી એમ કહે છે. આ જ કહેવાય છેને. કુંદકુંદાચાર્ય મહારાજનો ચોખ્ખો પાઠ છે જુઓને. છે? '**यथा नाम राजानं एवं हि जीवराजो ज्ञातव्य**' આહા..હા..! ભગવાન જીવરાજા કીધો અહીંયાં. રાજ્યતે શોભતે ઈતિ રાજા. એ તો પોતાના સ્વભાવથી શોભે એવી એ ચીજ છે. આહા..હા..! એ પોતાની ચીજ જે છે એ પોતાથી શોભે અને પોતાથી અનુભવ થાય એવો જ એ જીવરાજ છે. સમજાણું કાંઈ? થોડું પણ થોડે કાળે પ્રાપ્ત થાય તોપણ આ છે. બાકી બધી ઘણા પ્રકારની શૈલી વ્યવહારની. વસ્તુનો સ્વભાવ તું એવો છો, તેવો તું તારાથી અનુભવાય એવડો તું છો. સમજાણું કાંઈ? કેમકે એનામાં એ તટસ્થ ગુણ પ્રકાશનો અને સાધનનો ગુણ અંદર પડ્યો છે અને પ્રમેય ગુણ પડ્યો છે. એના જ્ઞાનમાં એ જણાય એવો જ એનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું લાગે નિરાલંબ. આહા..હા..! આવ્યું હતું સવારમાં નહિ? સવારમાં આવ્યું. આલંબન નથી. ભગવાનની વાણીનું પણ એને અનુભવમાં આલંબન નથી. આહા..હા..! આકરું લાગે હોં માણસને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. છે આ. પણ વિષમ કરીને માન્યો એટલે .. એથી અનુભવ થયો નહિ.

વિષમ કરીને માન્યો એણે. કેટલું કષ્ટ કરવું પડે, કેટલું ભાઈ બાહ્યનો ત્યાગ કરવો પડે, એકલા રહેવું પડે, જંગલમાં જવું પડે, ઘણા પરિષહો, ઉપસર્ગ સહન થાય ત્યારે એને આત્મા હાથ આવે. એવું નથી. એ સહજાત્મસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રીમદ્ એ કહે છેને 'પાંચેય ઉત્તર સમાધાન કરવા પાંચેય મોક્ષ ઉપાય સહજ પ્રતીતિ રીત' એવું કાંઈક આવે છે. પાંચેય ઉત્તરની થઈ આત્મા વિષે પ્રતીત, થાશે મોક્ષ ઉપાય સહજ પ્રતીત' સહજ પ્રતીત. આહા..હા..! પણ માણસ ત્યાં એટલે બધે પહોંચે નહિ. ત્યાં તો આપણે ભગવાનની ભક્તિ કરીએ, શ્રીમદ્‌ને પકડીએ બરાબર. જાવ તમારું કલ્યાણ.

મુમુક્ષુ :- શ્રીમદ્ તો વયા ગયા શી રીતે પકડીએ?

ઉત્તર :- એના ચોપડા, પુસ્તકમાં છેને.

મુમુક્ષુ :- હોય તોપણ પકડાય નહિ, ન હોય તોપણ પકડાય નહિ.

ઉત્તર :- .. શી રીતે પકડવો? કહેતા હતા નહિ ઓલા બાવળાના હીરાભાઈ ખોજા. અહીંયાં આવતા બાવળા. અહીં તો અમે શ્રીમદ્‌ને પકડ્યા છે બરાબર. આ એને મોક્ષ કરવો છે હવે એને. અમારે કાંઈ છે નહિ. અમારે ચિંતા નથી. ઓલો કહે કે આ પકડ્યા માટે ચિંતા નથી. અહીં કહે છે કે પોતાનો અનુભવ કરવા પરની જરૂર નથી. આવી વાત છે. અરે! કબુલ તો કર, કબુલ તો કર એમ કહે છે. પરના અનુભવ માટે સીધો જ્ઞાનનો પ્રત્યક્ષ થઈને અનુભવ થાય એવો જ એનો સ્વભાવ છે. એવું જ એનું માહાત્મ્ય છે, એવો જ એ જાતનો એનું સ્વરૂપ એવું છે. આ રીતે એનું સ્વરૂપ છે અને એથી બીજી રીતે માને તો એ આત્મા જ એને અનુભવમાં આવે નહિ. એમ કહે છે. શલ્ય રહી ગયું છે અંદર. સમજાણું કાંઈ? કહો, આવો માર્ગ મળવો ભારે. કાંઈક નીસરણી હોય ચડવા માટે પગથિયા હોય કે નહિ? પાધરે ચડી જાવું? પહેલું જ આ. સાંભળને બાપા તને ખબર નથી, ભાઈ! આહા..હા..! વસ્તુ-વસ્તુ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એના અનંતગુણનો પિંડ એ ગુણનું કાર્ય તો પ્રત્યક્ષ થવું અને પ્રમેય એને બરાબર જ્ઞાનમાં આવે. સમજાણું કાંઈ? એવો જ આ આત્મા છે. એને બીજી રીતે કલ્પીશ તો એ આત્મા દૃષ્ટિમાં, અનુભવમાં નહિ આવે. શેઠ! ભારે કામ. કહો, સમજાણું આમાં?

કહે છે એ '**પ્રથમ તો આત્માને જાણવો,...**' ગજબ કામ કર્યું છે હોં પહેલે શબ્દે. આહા..હા..! પહેલાં વ્રત કરવા ને તપ કરવા ને અપવાસ કરવા ને ચોવિહાર કરવા ને કંદમૂળ છોડવા ને શાસ્ત્ર ભણવા. લ્યો સમજાણું કાંઈ? ... .. ભગત છે. ભગત છે એને ક્યાં પડી છે એ બહારમાં. હવે સાંભળને. તારા ચોપડામાં નામા લખતા સાંજે અને આ પણ કરતા. એમાં ક્યાં? આહા..હા..! પણ એ ભણવું અને ગણવું, લક્ષમાં લેવું કે આવો આત્મા આમાં આમ થાય અને આમાં થાય. એ કરતાં લક્ષમાં એમ લેવું પહેલું કે આત્મા પરની અપેક્ષા

વિના સીધો જણાય એવું એને પહેલું લક્ષમાં લેવું તો એ આત્મા એવો છે એ એને અનુભવમાં આવે. કહો, ધીરૂભાઈ! આહા..હા..! કહો, આવું સાંભળ્યું છે ત્યાં ઝવેરભાઈ! કલકત્તા. નહિ. આહા..હા..! વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકર દેવની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. ઈન્દ્રોની સમક્ષ, લોકના સ્વામી શક્રેન્દ્ર અને ઈશાન ઈન્દ્ર જેને બત્રીસ લાખ વિના અને અઠ્યાવીશ લાખ વિમાન. આ અસંખ્ય દેવના લાડા એકવતારી હોં! એક ભવ કરીને મોક્ષ જનારા છે. આહા..હા..! વિચિત્રતા પોતાની યોગ્યતાની પરિણામની છેને. આમ જુઓ તો સીતાજીને માટે રાવણે વલખા નાખ્યા. એ સીતાજી જ્યારે થશે ચક્રવર્તી ત્યારે રાવણ અને લક્ષ્મણ એના દીકરા થાશે. અને એ જ્યારે રાવણ તીર્થંકર થશે ત્યારે સીતાજી ગણધર થશે. લે આ ... એ દ્રવ્યનો સ્વભાવ જ કોઈ એવો છે. એને પહોંચવા માટે જેટલો પ્રયત્ન જોઈએ એટલો પ્રયત્ન ન આપે ત્યાં સુધી એને કાર્ય આવે નહિ. સમજાણું કાંઈ? સીતાજીનું સાંભળ્યું છે? સીતાજી ભવિષ્યમાં ચક્રવર્તી થશે. અને રાવણ અને લક્ષ્મણ એના પુત્ર થશે. અને ત્યાંથી ક્રમે કરીને રાવણ તીર્થંકર થશે, ત્યારે સીતાજી એના ગણધર થશે. ઓહો..! વસ્તુને...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવું સ્વરૂપ જ એનું છે એમ કહે છે. આહા..હા..!

કહે છે કે '**પ્રથમ તો આત્માને જાણવો,...**' એક જેવું સ્વરૂપ એનું છે. એના સ્વરૂપમાં જ્ઞાનની પ્રત્યક્ષ પર્યાયમાં જણાય સીધો એવો જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? અને તે પ્રત્યક્ષ થાય અને એના જ્ઞાનની પર્યાયમાં પૂરો જણાય એવું જ એનું સ્વરૂપ છે. એવો આત્માને પહેલો અનુભવવો. બીજી બધી વાતું મૂકી દેવી. '**પછી તેનું જ શ્રદ્ધાન કરવું...**' કહો, ઠીક! '**પછી તેનું...**' પછી એમ શબ્દ છે. ઓલો જાણવામાં આવ્યો કે આ આત્મા પૂર્ણ શુદ્ધ પ્રત્યક્ષ, ત્યારે આ આત્મા છે એમ શ્રદ્ધા થઈ. જાણ્યા એને શ્રદ્ધા થઈ, જાણ્યા વિના શ્રદ્ધા કોની? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શ્રદ્ધા પછી થઈ એમ કહે છે. જાણ્યા પછી શ્રદ્ધા થઈ. આ આત્મા પૂર્ણાનંદ છે એવો અનુભવ થયો ત્યારે આત્મા આવો છે એમ શ્રદ્ધા થઈ. જાણ્યા વિના શ્રદ્ધા હોય નહિ. ગધેડાના શિંગડા જેવી શ્રદ્ધા થાય. ભગવાનદાસભાઈ! આવી વાતું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એને '**પછી તેનું જ શ્રદ્ધાન...**' તેનું જ શ્રદ્ધાન એટલે? આ વસ્તુ પ્રત્યક્ષ થઈ તે જ આ ચીજ, આ વસ્તુ આનંદ અને શુદ્ધ ધ્રુવ ચૈતન્ય એની શ્રદ્ધા કરવી. જ્ઞાન થયું એનું, વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય પકડાણું, જણાણું ત્યારે એની શ્રદ્ધા થઈ, આવો આત્મા. '**પછી તેનું જ શ્રદ્ધાન કરવું,...**' એય..! હીરાભાઈ! આ તો ઉલટસુલટ છે. આહા..હા..!

વસ્તુ એમ જ છે. '**પછી તેનું જ શ્રદ્ધાન કરવું કે આ જ આત્મા છે,...**' એ વિશેષ પોતે સ્પષ્ટ કરે છે. પાઠમાં તો આટલું છે. '**ततः स एव श्रद्धातव्यः**' બસ, એમ જ છેને? '**स एव श्रद्धातव्यः**' એ જ્ઞાનમાં આવ્યો છે અંતર આત્મા એની શ્રદ્ધા પછી કરવી. ઓહો..હો..! શુદ્ધના ભાવ, પવિત્ર ભાવનો પિંડ પ્રભુ, પૂર્ણ નાથ આ આત્મા અને એ પ્રત્યક્ષ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં થાય એ આત્મા. એનું સ્વરૂપ જ એવું છે. પંડિતજી! વ્યવહાર ક્યાં ગયો? છ ઢાળામાં આવે છેને નિયતનો હેતુ, નિયતનું કારણ. એ તો વ્યવહાર ત્યાં હોય છે એનું જ્ઞાન કરાવ્યું. એ જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે એટલે ત્યાં એ નિમિત્ત આવું હતું એવું જ્ઞાન કરાવ્યું. આહા..હા..! કહો, બીજાને ઉપદેશ આપે તો પોતાને જ્ઞાન વધે. નહિ? ઉપદેશ આપે શું વધે? એમ આવેને કોથળીમાંથી કાઢો તો નીકળ્યા જ કરશે. નીકળ્યા જ કરશે. એમ ઉપદેશ આપતા-આપતા જ્ઞાન ખીલી જશે. એમ ન થાય એમ કહે છે અહીં. આપણે બીજાને સમજાવીએ અને ઉપદેશ દઈએ તો એમાં આપણા જ્ઞાનની વૃદ્ધિ થાય છે. એમ નથી. આહા..હા..! ત્યાં આગળ શ્રદ્ધામાં ફેર પડે છે એની એને અહીં ખબર પડતી નથી. એવી રીતે શ્રદ્ધાના શલ્ય અંદર પડ્યા હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પછી તેનું જ શ્રદ્ધાન કરવું...**' એ તો છેને '**स एव**' '**તેનું જ શ્રદ્ધાન કરવું...**' જાણવામાં આવ્યો કે આ ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ આનંદકંદ એવો જાણ્યો, એવું એને શ્રદ્ધવું આ આવો જ છે આ. વિશેષ સ્પષ્ટ કર્યું છે જરી. '**કે આ જ આત્મા છે, તેનું આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે**' એ શ્રદ્ધામાં એમ આવ્યું કે આ આત્મા પૂર્ણાનંદઘન જ્ઞાનના અનુભવમાં આવ્યો ત્યારે શ્રદ્ધા થઈ કે શ્રદ્ધામાં એમ થયું કે આ આત્માનું આચરણ અંતરનું આચરણ કરવાથી જે આત્મા જે શુદ્ધ આનંદઘન છે એમાં ઠરવાથી એનું આચરણ કરવાથી મુક્તિ થશે. સમજાણું કાંઈ? '**અવશ્ય કર્મોથી છૂટી શકાશે**' એમ. શ્રદ્ધામાં. ઓહો..! આ આત્મા. હવે એમાં શ્રદ્ધામાં એ આવ્યું. જ્ઞાનમાં આત્મા આવ્યો એની શ્રદ્ધા કરી, હવે એ શ્રદ્ધામાં લીધું ન્યાયથી એમણે કે આ આજ આત્મામાં ઠરવાથી કર્મોથી છૂટી શકાશે. બીજી કોઈ ક્રિયા કરવાથી, વ્રત પાળવાથી, ફલાણાથી પહેલું છૂટાશે નહિ.

મુમુક્ષુ :- શ્રદ્ધામાંથી છૂટવું

ઉત્તર :- શ્રદ્ધામાં ન છૂટવું હોય તો પર્યાયની અપેક્ષાએ વાત ચાલે છેને. અહીં અનુભૂતિને આત્મા કહે છેને. અનુભૂતિ છે જુઓ. હો. છેને. કહો, સમજાણું કાંઈ? નહિતર અનુભૂતિ થઈ ત્યાંથી વાત લીધી. ત્યારે જ એને જણાણું કે આ આત્મા છે. ત્યારે કહે પર્યાયબુદ્ધિમાં બંધ-મોક્ષ નથીને એમ ભાઈ પ્રશ્ન કરે છે. એ તો દ્રવ્યની અપેક્ષાએ, પણ જ્યારે અનુભવની પર્યાય થઈ ત્યારે બીજી દશા ગઈ અને એક અનુભવથી પૂર્ણદશા થશે. એમ .. આવ્યુંને અંદર? એને મોક્ષની શ્રદ્ધા ત્યારે થઈ. સમજાણું કાંઈ?

શું કહ્યું? કે ઓલી શ્રદ્ધામાં બંધ-મોક્ષની બે પર્યાય લેવી નહિ. એકરૂપ શ્રદ્ધા કરવી એમ કહ્યું. ત્યારે આ વળી બંધથી છૂટાશે એવું શ્રદ્ધામાં ક્યાંથી આવ્યું? એમ કહે છે. એય..! એ પર્યાય આવી જશે અને આવી થશે એવું શ્રદ્ધામાં આવે છે. સમજાણું કાંઈ? પર્યાય થશેની વાત છે. ધ્રુવ તો ધ્રુવ છે. મોક્ષ પણ-બંધ હતો, રાગમાં અટકેલો હતો (તેની) મુક્તિ થાય છે. એ પર્યાયનયે બંધ હતો એવો પર્યાયની મુક્તિ થાય છે. સમજાણું કાંઈ? પરમાત્મપ્રકાશમાં કહ્યું છે બધું. બંધ જ માને રાગમાં અટકેલો જાણે જ નહિ. પર્યાયમાં હોં વસ્તુ તો વસ્તુ છે. લ્યો! તો કહે એને ધ્યેય કરીને ઉત્પાદ કરવો, ગ્રહણ કરવો ઉત્પાદ પર્યાયમાં. એ કેમ બને? એવો માર્ગ છે. આહા..હા..! આવો માર્ગ છે ભાઈ! મોંઘો કરી મૂક્યો. એ કરતા અત્યાર સુધી અમારે સહેલો હતો. એય..! મૂળચંદભાઈ! અપવાસ કરવા, આ કરવા આમાં સહેલો હતો, આ મોંઘો કરી મૂક્યો. માર્ગ જ હતો ક્યા? કુમાર્ગ હતો, એય..! શેઠ! સંતોએ માર્ગ સહેલો કરી દીધો. સમજાણું કાંઈ? આવે છેને. અનુભવપ્રકાશ. આહા..હા..! ભગવાન! તારામાં ક્યાં ખોટ છે કે એની અપેક્ષા રાખવી પડે? પર્યાયમાં પણ પરની અપેક્ષા રાખવી પડે એમ નથી એમ કહે છે. દ્રવ્યને તો અપેક્ષા પર્યાયની નથી, પણ પર્યાયમાં પરની અપેક્ષા રાખે તો પર્યાય ઉઘડે એમ છે નહિ.

પર્યાયમાં આવ્યું છે કે નહિ? રાગાદિ છે, રાગનો અભાવ થાય છે, શુદ્ધતા વધે છે પૂર્ણ થાય છે. સંવર, નિર્જરા અને મોક્ષ ત્રણે એમ. આસ્રવ અને બંધ ઘટતો જાય છે, સંવર પુરુષાર્થ વધે છે, પુરુષાર્થ થાય છે, વધે છે અને પરિણમે છે એવું એને જ્ઞાનમાં તો આવવું જોઈએને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અપરિણામીનું ધ્યાન કરે ત્યારે એ પર્યાય અનુભૂતિ કહેવાય. આહા..હા..! આજ આત્મા અને તેનું આચરણ કરવાથી. એનું આચરણ જુઓ, પાઠ છેને એ? '**ततः स एवानुचरितव्यश्च**' '**स एव**' આસ્રવો એમ. જેવો જ્ઞાયકભાવ, ધ્રુવસ્વભાવ શુદ્ધ જે અનુભવમાં આવ્યો. સમ્યગ્જ્ઞાનમાં શ્રદ્ધામાં આવ્યો એ જ આત્માને અંતર આત્મામાં લીન થઈશ ત્યારે કર્મથી છૂટાશે. સમજાણું કાંઈ? ચારિત્ર વિના મુક્તિ નહિ થાય. એમ. ચારિત્ર ક્યું? આ. લોકો કહે છે એ નહિ. આહા..હા..! અરે! ભ્રમ પડ્યો છે મોટો. વસ્તુનું સ્વરૂપ શુદ્ધ પરમાત્મસ્વરૂપ એનો અનુભવ થયો કે આ આત્મા એની શ્રદ્ધા થઈ કે આ આત્મામાં ઠરવાથી જ બંધથી છૂટાશે. પર્યાયની વાત છેને આ? સમજાણું કાંઈ? એમાં એ શ્રદ્ધા આવી કે રાગથી, વ્યવહારથી, કર્મથી છૂટાશે એમ વ્યવહારની ક્રિયા કરવાથી, આ કરવાથી. જુઓ. કહ્યું છેને ૪૭ નયમાં. પ્રવચનસારમાં કહ્યું છે એને ક્રિયાનયથી જોશે. આહા..હા..! જ્ઞાનનય અને ક્રિયાનય, વ્યવહારનય અને નિશ્ચયનય. બેય લીધું. એ તો એક આવું થયું એ વખતે

લક્ષમાં લેવા એ નય કીધી છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ, માર્ગ! વીતરાગનો ઘણો ગૂઢ અને ગંભીર. અને જેના ફળ ઘણા ગૂઢ અને અનંતફળ છે શાંતિના. આમાં વાદવિવાદે મેળ આવે એમ નથી. દ્રવ્યસંગ્રહમાં એમ વ્યવહારનયથી પરથી નિશ્ચય થાય, આનાથી થાય, પંચાસ્તિકાયમાં આવે કે એ હળવે હળવે વ્યવહારને આદરે તો હવે સમયે કર્મથી મૂકાય. બાપુ ત્યાં કઈ નયનું વાક્ય છે એ અપેક્ષા સમજવી જોઈએને. સમજાણું કાંઈ?

કહે છે કે તેનું આચરણ કરવાથી. કોનું? આત્માનું આચરણ. પંચમહાવ્રતના પરિણામ એ કાંઈ આત્માનું આચરણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આત્માનું આચરણ એને કહીએ કે જે જ્ઞાનાનંદ સ્વભાવ. એ જ્ઞાનમાં ઠરવું... ઠરવું... ઠરવું... આનંદમાં-આનંદમાં ઠરવું અને આનંદનું વેદન કરવું. એનું નામ ચારિત્ર છે. એમ શ્રદ્ધામાં એમ આવે છે. કે આ આનંદમાં ઠરીશ તે દિ' મારા કર્મથી અભાવ અને મુક્તિ થશે. .. સમ્યગ્દર્શન થયું, પણ સમ્યગ્દર્શનમાં જ આ ભાવ આવ્યો. સમજાણું કાંઈ? '**તેનું આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે**' એવી શ્રદ્ધા આત્માની થતાં અનુભવના ભાનમાં આવી શ્રદ્ધા થતાં ત્યાર પછી તેમ આવી ગયું. '**અનુભવ વડે તેમાં લીન થવું;...**' આચરણ કરવાની વ્યાખ્યા કરી. એનું આચરણ કરવું એટલે અનુભવ વડે. વીતરાગી દશા દ્વારા એમાં લીન થવું.

'**કારણ કે સાધ્ય જે નિષ્કર્મ અવસ્થારૂપ...**' દેખો! સિદ્ધદશા. નિષ્કર્મ અવસ્થા એ છે સિદ્ધદશા. તો '**નિષ્કર્મ અવસ્થારૂપ અભેદ શુદ્ધસ્વરૂપ તેની સિદ્ધિની એ રીતે ઉપપત્તિ છે,...**' આહા..હા..! સમજાણું કાંઈ? આ જ પહેલી ચોપડી છે કહે છે. આહા..હા..! '**સાધ્ય જે નિષ્કર્મ અવસ્થારૂપ...**' સાધક કહેવું છેને? '**અભેદ શુદ્ધસ્વરૂપ...**' એમ. નિષ્કર્મ રાગ વિનાની અવસ્થા, પર્યાય અભેદ શુદ્ધસ્વરૂપ સિદ્ધપદ, તેની સિદ્ધિ, તેની સાબિતીનું એ રીતે જ ઉપપત્તિ-પ્રાપ્તિ છે. કહો, સમજાણું કાંઈ? જે શ્રદ્ધામાં ઠેકાણા ન મળે, જ્ઞાનમાં આત્મા જાણ્યો ન હોય અને વર્તન કરે અને અમે ત્યાગી છીએ એ તો સમકિત દર્શનના ત્યાગી છે. સમજાણું કાંઈ? પરમાંથી પોતાપણું, મારાપણું એને છૂટ્યું નથી પર્યાયબુદ્ધિમાંથી. અંદરમાં આવ્યો નથી. સમજાણું કાંઈ? એને ત્યાગ કોનો? આકરું કામ છે હોં. શેઠિયાઓથી અળખામણા થાય, ત્યાગીઓથી અળખામણા થાય આવો આ માર્ગ છે. અજ્ઞાનીઓને .. હોં.

'**એ રીતે ઉપપત્તિ છે,...**' પૂર્ણાનંદની પ્રાપ્તિની રીત જ આ છે. બીજી કોઈ રીત છે નહિ. આહા..હા..! '**અન્યથા અનુપપત્તિ છે...**' જુઓ, અનેકાંત કર્યું. બીજા પ્રકારે સિદ્ધિની પ્રાપ્તિ છે નહિ. લાખ રાગની મંદતાના અપવાસ અને ક્રિયાકાંડ કરે એ વડે સિદ્ધિ અને મુક્તિની પ્રાપ્તિ નથી. અહીં તો કાયક્લેશ દેહે દુઃખં મહાફલં. અપવાસ કરે, દેહને દુઃખ પડે, પરિષહ સહન કરે તો કેટલી નિર્જરા થાય?

મુમુક્ષુ :- આવે છેને પણ કાયક્લેશથી નિર્જરા થાય એમ પાઠમાં આવે છે.

ઉત્તર :- કોને પણ? એ તો અંતરમાં સ્વભાવમાં, આનંદમાં લહેર કરે છે. પ્રતિકૂળતાને ગણતો જ નથી. જ્ઞેય તરીકે લક્ષ આવે તો જાણે. પણ સ્વભાવમાં આનંદમાં મશગુલ છે એને નિર્જરા થાય. પાંચ મહાવ્રતના પરિણામ અને અઠ્યાવી મૂળગુણ સાધુના એમાં લીન એ તો મિથ્યાદષ્ટિ મિથ્યાત્વનું કર્મબંધન થાય. બહુ આકરું કામ. આ નવો માર્ગ છે?

મુમુક્ષુ :- કોઈને કામનો નથી માટે નવું કહેવામાં આવે છે. બાકી અનાદિનો જ છે.

ઉત્તર :- અનાદિનો છે. અન્યથા સાધ્યની સિદ્ધિ એ રીતે થાય છે. મુક્તિરૂપી પરમાનંદની પ્રાપ્તિ આ રીતે અને આ ઉપાયે થાય છે. બીજા ઉપાયે છે નહિ. આટલું તો સ્પષ્ટ કર્યું છે. શું કહે છે સમજાતું નથી.

'(**તે વાત વિશેષ સમજાવે છે :—**)' આ તો સિદ્ધ કર્યું. હવે એ વાતને વધારે સમજાવે છે. આહા..હા..! સમાધિમરણ વખતે આવા હોય, આવા. નથી આવતું શાસ્ત્રમાં? કડાયા કહેવાય એ. કડાયા બળે અને શેરોને પકડે. શેરો-શેરો. હલવો. કડાઈ હોયને લોઢાનો. ઉનો-ઉનો ધગધગ થાય અને શેરો તપે. એમ .. કરનારા પરિષહ હોય સહન કરે એમ ઓલાને સમાધિ મરણ સધાય. આવા ભગવતી આરાધનામાં છે. લ્યો!

મુમુક્ષુ :- અહીં થાય ત્યારે

ઉત્તર :- એને કહેવાય એ વાત .. છે. જેને આત્માના આનંદમાં રહેવું છે એને કહે મને સંભળાવો એ પણ એને જરૂર છે નહિ. આહા..હા..! મને સંભળાવો. સંભળાવે શું? એ તો વિકલ્પ છે. એવો માર્ગ છે.

મુમુક્ષુ :- શુભભાવ છે.

ઉત્તર :- આમાં શુભભાવ છે ધર્મ ક્યાં આવ્યો? એનાથી ક્યાં જ્ઞાન થાય છે? એનાથી ક્યાં સમાધિ થાય છે? એવો માર્ગ છે. 'ધાર તલવારની સોહ્યલી, દોહ્યલી ચૌદમા જિનતણી ચરણ સેવા. ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર ' ઓહો..! વીતરાગધારા આત્માની સેવે એ વીતરાગ ધારા તે જ મુક્તિ છે અન્યથા મુક્તિ નથી. એ સમાધિમરણ પણ. આહા..હા..! આ બધા ભેગા થયા હોયને પછી 'આત્મભાવના ભાવતા જિવ લહે કેવળજ્ઞાન રે.' ગોખે ધડાધડ. 'આત્મ ભાવના ભાવતા...' પણ આત્મ કોને કહેવો? ભાવના કોને કહેવી? 'આત્મ ભાવના ભાવતા જિવ લહે કેવળજ્ઞાન.' તમારે બાપને એમ હતુંને. ભગત હતા એ. ૯૯માં કહેતા હતા હોં પહેલા ૯૯માં આવ્યા ત્યારે. આહા..હા..! આ વાત બાપા! કહે છે કે મને સંભળાવો એ પણ જ્યાં અવકાશ નથી. પોતે જ અંદર ઠરે છે આનંદમાં એના સમાધિમરણ થાય છે. સમજાણું કાંઈ? લ્યો! આવે છેને આ બધું શું કહેવાય? સમાધિમરણના પાઠ, આ ભગવતી આરધના શીખે, વાંચે. ભગવતી આરાધના. આ ભગવતી

આરાધના છે. એ આરાધના એ ચૈતન્યસ્વરૂપ આનંદની એકાગ્રતા તે આરાધના છે. આ દ્રવ્યસંગ્રહના બોલમાં આવે છે. આહા..હા..! આરાધના એટલે શું? કે આનંદકંદ પ્રભુ ધ્રુવ ચૈતન્ય અભેદ અખંડ એની સેવા એટલે એકાગ્ર થવું એ જ આરાધના છે. એ આરાધનાનું ફળ સમાધિમરણ છે. સમજાણું કાંઈ?

'**જ્યારે આત્માને, અનુભવમાં આવતા જે અનેક પર્યાયરૂપ ભેદભાવો તેમની સાથે મિશ્રિતપણું હોવા છતાં...**' હવે એને સ્પષ્ટ કરે છે. ભગવાન આત્મા એની પર્યાયમાં, અવસ્થામાં રાગાદિ ભાવો અનુભવમાં આવતા, જાણવામાં આવતા. '**અનેક પર્યાયરૂપ ભેદભાવો...**' પુણ્યના અનેક પ્રકાર. એના ભેદભાવો '**તેમની સાથે મિશ્રિતપણું હોવા છતાં...**' ભલે પર્યાયમાં રાગ સાથે મિશ્રિત છે. '**પણ સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવિણપણાથી...**' દેખો સ્વાનુભૂતિ આવી. '**સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવિણપણાથી...**' એટલે કે વિકલ્પ મિશ્રિત જ્ઞાન છે છતાં તેના ભેદજ્ઞાનના પ્રવિણ હોવાથી, વિકલ્પમિશ્રિત જ્ઞાનને ભિન્ન કરી એકલા જ્ઞાનસ્વભાવમાં આવે છે. આહા..હા..! ભારે કામ ભાઈ! આ ભગવાન જાપ કરતા કરતા ગુજરી ગયા સમાધિમરણ. ધૂળેય નથી સમાધિ બાપા. આહા..હા..! 'જગતને મરણતણી બીક છે. જ્ઞાનીને આનંદની લહેર જો, જગતને મરણતણી બીક છે.' મરે કોણ? સૂર્ય મરે? એના સ્નાન કર્યા કોઈ રાતે ગયો એટલે? એ.. સૂર્ય આથમી ગયો. ચંદ્ર આથમી ગયો લ્યો. સૂર્ય મરે તો ચંદ્ર તો છેને, ચંદ્ર મરે તો તારા તો છેને, તારા મરે તો અજવાળુ તો છેને કાંઈક બીજાનું. એમ કરીને.

મુમુક્ષુ :- નહિતર હું તો છુંને.

ઉત્તર :- હું તો છુંને .. આહા..હા..! સમ્યગ્જ્ઞાનમાં છે. સમ્યગ્જ્ઞાન દિપીકામાં. . ત્યાં આવે છે.

અહીં કહે છે '**સર્વ પ્રકારે...**' એટલે? એક અંશ રાગનાથી પણ જુદો પડીને અંતર્મુખ વળીને '**ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી...**' દેખો! રાગમિશ્રિતમાં પ્રવિણ નહિ, રાગથી જુદો પાડવામાં પ્રવિણ. આહા..હા..! એ તે કાંઈ વાત છે? અનંતો પુરુષાર્થ છે. આહા..હા..! '**સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી...**' રાગમિશ્રિત જ્ઞાન હોવા છતાં એ પરલક્ષી તરફના વિકલ્પ અને ભેદજ્ઞાન દ્વારા પ્રવિણપણાથી ''**આ અનુભૂતિ છે તે જ હું છું**'...' એ જ્ઞાનનો ભાવ અનુભવાય તે હું છું. રાગાદિભાવ હું નથી. લ્યો અહીં આ આવ્યું. ત્રિકાળી ધ્રુવ છે એમ નહિ. પણ ધ્રુવને અનુભવમાં આવ્યો ત્યારે અનુભૂતિ થઈને. આ ધ્રુવ છે, આ વસ્તુ છે એમ જ્ઞાન થયા વિના આ છે એમ કોને આવ્યું? આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાયથી જ વાતું કરે છે.

ઉત્તર :- પર્યાય. ચેતનજી! પર્યાયની જ વાતું કર્યા કરે છે. .. ને બધે એ આવ્યું. બાપુ!

પર્યાય પણ એની જ અનુભૂતિ છે. સ્વતરફ વળેલી છેને?

''**આ અનુભૂતિ છે તે જ હું છું**'...' આત્માની પર્યાયમાં અનુભવ થાય, તે હું છું એટલું દ્રવ્યમાં, જ્ઞાન દ્રવ્યનું થતાં તેને અનુભૂતિ હું અને એમાં આ આત્મા તે પણ હું એ આવી ગયું. સમજાણું કાંઈ? ભારે વાત મોંઘી. માણસને એમ કહે કે અપવાસ કરવા, ભૂખ લાગે તો ખાઈ લેવું. આ એવો એમ કે અમને ધર્મ છે. ખાય કોણ? કાનજીસ્વામી એનો એવો ધર્મ છે કહે. અમારે ગારિયાધારમાં. દેવાભાઈ હતા. દેવા આણંદજી. આણંદજી.. મોટા ગૃહસ્થ છે. તે દિ' ૬૪ વર્ષ.. કાનજીસ્વામી. આવે ખરા બધા સગાવ્હાલા ખરાને સંબંધી. પછી પાછળથી કહે કાનજીસ્વામી .. જેમ ગાંધી કહે છે કે બધા સાથે ખાવું. ખબર નહિ ઓલા .. નાખીને સાંજે જાયને પડિક્કમણું કરવા. ઓહો..! ધર્મ થઈ ગયો આપણને. આહા..હા..! શું કહેવાય એ? સરવાળો. .. આહા..હા..! કાનજીસ્વામીનો એવો ધર્મ છે કે અપવાસ કર્યો હોય અને ભૂખ લાગે તો ખાઈ લેવું. અરે ભગવાન! એ એને ખટકે. અપવાસ કરવો એ ધર્મ નહિ ત્યારે ખાઈ લેવું એ ધર્મ થયોને. અરેરે! ખાવાનો વિકલ્પ છે એ પાપ છે અને છોડવાનો વિકલ્પ છે એ પુણ્ય છે, વિકલ્પ છે, રાગ છે. આહા..હા..! બેયને છોડીને સ્વરૂપમાં રમે એનું નામ ધર્મ અને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ જુઓ.

'**આ અનુભૂતિ છે**...' તેના ઉપર લીટી કરી. જુઓ, તે જ હું છું એમ કીધું. આવ્યો છે અનુભવમાં એ ને? એથી કહે આ અનુભૂતિ એટલે આ અનુભૂતિ .. એમાં આવ્યો છે તો આત્મા. આ એને કરવાનું છે. વિકલ્પવાળું જ્ઞાન મિશ્રિત હોવા છતાં, તેને ભેદજ્ઞાન દ્વારા જુદું પાડીને અનુભવમાં આત્મા લેવો એ અનુભૂતિ તે જ આત્મા. એમાં આત્મા જણાણો. એમાં કાંઈ રાગ જણાણો નથી. આહા..હા..! '**એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત**...' દેખો! આવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત. એવું આત્મજ્ઞાન માખણ છે એકલું. માખણ છે. શરીરને રોગ હોય કે ન હોય એની સાથે કાંઈ અનુભવને સંબંધ નથી. કે ભાઈ રોગ હોય તો અનુભવ ન થાય, શરીરને નિરોગ જે આ ડોક્ટરો કહે. શરીર સારા રાખવા, શરીર સારું રાખીએ તો મન સારું રહે અને મન સારું રહે તો ધર્મ થાય. બધી ગપેગપ્પ છે. આહા..હા..! એને આત્માનો આશ્રય લઈને અનુભૂતિ કરવી એ સારું છે. સમજાણું કાંઈ? અનુભૂતિ તે જ હુ છું, તે જ હું છું. ત્યાં તો એમ જ કહ્યું. '**એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત**...' એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત. અનુભવ છેને જ્ઞાનથી. '**એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું**...' આ એવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું. જુઓ, પહેલું જ્ઞાન લીધું છે. આહા..હા..!

'**આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ છે એવું, શ્રદ્ધાન ઉદય થાય છે**...' શ્રદ્ધા એવી પ્રગટ થાય છે. આહા..હા..! લ્યો! 'ઉદય થાય

ચારિત્રનો.' આવે છેને. શ્રીમદ્‌માં આવે છે. પ્રગટ થાય પ્રગટ. જે ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ આનંદ એની અનુભૂતિ તે હું એવું જે જ્ઞાન તે આત્મજ્ઞાન, તે આત્મજ્ઞાન. તેવા આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું શ્રદ્ધા લેવી છે. સમજાય છે? આત્મા જેવો જાણ્યો તેવો જ છે. જેવો જ્ઞાનમાં જણાણો એવો જ એ આત્મા છે. **'એવી પ્રતીતિ જેનું લક્ષણ છે એવું, શ્રદ્ધાન ઉદય થાય છે...'** એ કાલે કહેવું હોં! શ્રદ્ધાન ઉદય થાય ત્યાં લેવું છે. પ્રતીતિ તો એનું લક્ષણ કહ્યું, લક્ષ શ્રદ્ધાન ઉદય થાય છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? આવી ધર્મ કથા કેવી હળવે.. હળવે.. હળવે... ઓલા પ્રોફેસરો તો આમ ધમાધમ. ગાયન આવે અને એમાં આ આવે. આહા..હા..! આ મંચ ઉપર દોડે. આમ કરવું ને આમ કરવું. આહા..હા..! પાગલ છે. ભાઈ! આત્માનો અનુભવ થતા અનુભૂતિ આજ તે હું એમ ભાન થતાં એ રીતે આત્માનું જ્ઞાન થતું, જ્ઞાન પ્રાપ્ત થતું એમ. આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું. શું? શ્રદ્ધા કહેવી છે હોં! **'આત્મજ્ઞાનથી પ્રાપ્ત થતું,...'** શું? શ્રદ્ધાન. શ્રદ્ધાન. એમ.

**'આ આત્મા જેવો જાણ્યો તેવો જ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ છે...'** જુઓ, જાણ્યાની પ્રતીતિ એનું નામ શ્રદ્ધાન છે. તત્ત્વાર્થશ્રદ્ધાનં. એમ શબ્દ છેને ત્યાં પણ? તત્ત્વાર્થશ્રદ્ધા એમ શબ્દ નથી. શ્રદ્ધાન છે. શ્રદ્ધાન શું? શ્રદ્ધાન.

મુમુક્ષુ :- પર્યાય પર્યાય.

ઉત્તર :- શ્રદ્ધાન પર્યાય, શ્રદ્ધા પર્યાય નથી એકલી? શ્રદ્ધાન પર્યાય શું કહ્યું? એમ ન ચાલે. એમાં શ્રદ્ધા પર્યાય છે, પણ શ્રદ્ધાન કેમ થયું? અમારે તો આ એક એક અક્ષરનું પાછું.

મુમુક્ષુ :- શ્રદ્ધા કરવી છે.

ઉત્તર :- શ્રદ્ધા કરવી તે એમ શ્રદ્ધાન. શ્રદ્ધાન. શ્રદ્ધા કરવી તે એમ એવો અર્થ એનો થાય છે. શ્રદ્ધા કરવી. શ્રદ્ધાન ન આવ્યું. એમ કહ્યું ભાઈએ. નવ તત્ત્વમાં જ આવ્યું 'તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન.' તત્ત્વાર્થ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન એમ નથી કીધું. 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં.' તત્ત્વાર્થસૂત્ર.

કહે છે એવું આત્મજ્ઞાન પ્રાપ્ત થતું. આ આત્મજ્ઞાન થયું એમાં જણાણું કે આ જાણ્યો તેવો જ એ છે. જેવી પ્રતીતિ જાણ્યો તેવો જ છે. **'એવી પ્રતીતિ જેનું લક્ષણ છે એવું, શ્રદ્ધાન ઉદય થાય છે...'** પ્રાપ્ત થતું એ પ્રતીતિ નહિ, પણ પ્રાપ્ત થતું શ્રદ્ધાન. સમજાણું કાંઈ? આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય એવી જો ટીકા ન હોય તો ગાથાનો અર્થ સૂઝ ન પડે. એટલી ગંભીર ભાષા છે. **'એવી પ્રતીતિ...'** જોયું! પંચાધ્યાયમાં એમ લીધું સમકિતનું લક્ષણ તો પ્રતીતિ છે ભાઈ! પ્રતીતિ તો નિરંતર વર્તે છે. અનુભવમાં આવ્યો હોય કે વિકલ્પમાં આવ્યો પ્રતીતિ તો નિરંતર વર્તે છે. એનું લક્ષણ પ્રત્યક્ષ નથી. આવ્યું છેને એમાં? સમ્યગ્દર્શન

પ્રત્યક્ષ થાય એ નિશ્ચય સમકિત અને પરોક્ષ રહે એ વ્યવહાર સમકિત. એમ ક્યાંથી કાઢ્યું તે? આવે છેને. ટોડરમલે પણ બહુ કામ કર્યા છે હોં. દિગંબરો ગૃહસ્થો પણ પરંપરાની ધારામાં જન્મેલાને .. ફટ પકડી લીધું છે. ... આહા..હા..!

કહે છે એનું શ્રદ્ધાન પ્રગટ થાય એનું લક્ષણ તો પ્રતીતિ જ છે. '**ત્યારે સમસ્ત અન્યભાવોનો ભેદ થવાથી...**' શ્રદ્ધાનમાં આવ્યું કે આ ચીજ આ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ એવું લક્ષ શ્રદ્ધાન પ્રગટ થયું '**ત્યારે સમસ્ત અન્યભાવો...**' વિકલ્પમાત્રના ભાવોથી '**ભેદ થવાથી નિઃશંક ઠરવાને સમર્થ...**' દેખો! નિઃશંક ઠરવાને સમર્થ. ચારિત્ર લેવું છેને હવે? '**નિઃશંક ઠરવાને સમર્થ થવાને લીધે...**' હવે આ જ્યાં જ્ઞાન નથી આત્માનું અને એની શ્રદ્ધા નથી ત્યાં ઠરવું ચારિત્ર હોય ક્યાંથી? હવે આ નવા નવાની વાત મૂકી દે અને ઉપરથી બધા. ત્યારે પોતે જાણે શેઠિયા હોયને બહુ ત્યાગ કરી શકે નહિ એટલે ઓલા જરા ઉઘાડ રહે અને આમ રહે મારા કરતા તો સારા છેને. એય..! શેઠ! આ તો ત્યાગ કોને કહેવો એ સમજાવ્યું આમાં. મટાડી દે એમ નહિ. આહા..હા..! પણ ઠરે ક્યારે? વસ્તુનું ભાન અનુભવ થયો હોય અને એમાં શ્રદ્ધા થયો કે આ આત્મા પૂર્ણાનંદ. એમાં ઠરે. કારણ કે બીજા ભાવથી ભિન્ન પડી ગયો. ભેદજ્ઞાન થઈ ગયું, એમાં શ્રદ્ધા થઈ. એટલે '**સમસ્ત અન્યભાવોનો ભેદ થવાથી...**' વ્યવહારના જેટલા ભેદ વિકલ્પો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના વિકલ્પ અને વગેરે ભેદ થવાથી એનાથી જુદો પડી ગયો.

'**નિઃશંક ઠરવાને સમર્થ થવાને લીધે...**' નિઃશંક ઠરવાને. એમાં પાછું શંકા નહિ કે આમાં જ ઠરવું એ જ ચારિત્ર છે. આહા..હા..! '**આત્માનું આચરણ ઉદય થતું...**' એ આત્માનું આચરણ ઠરતાં પ્રગટ થતું '**આત્માને સાધે છે.**' ઓલો તો વ્યવહાર વિકલ્પ અને એને સાધે એ તો વ્યવહારને, રાગને સાધે છે. આહા..હા..! કેટલી વાત છે! આ કાંઈ નવો ગ્રંથ છે? આ તો બે હજાર વર્ષનો છે, હજાર વર્ષની ટીકા છે. ત્યારે પાછા ઓલા કહે કે તમે અર્થ જુદા કરો. પણ અર્થ વાંચ તો ખરો અંદર જોને. કરને. આ અમારા પંડિતજી રહ્યા લ્યોને એ સંસ્કૃતના પ્રોફેસર છે. આહા..હા..! આચરણ જોયું! '**આત્માનું આચરણ ઉદય થતું...**' નિઃશંકપણે જ્યારે આત્માનું જ્ઞાન અને શ્રદ્ધા થઈ, નિઃશંકપણે એમાં ઠરવું એ ચારિત્ર છે. એવું ચારિત્ર પ્રગટ થતું આત્માને સાધે છે. ત્યારે આત્માનું સાધન છે. એકલા દર્શન-જ્ઞાનથી પણ આત્માનું સાધન થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આમ સાધ્ય આત્માની સિદ્ધિની એ રીતે ઉપપત્તિ છે.**' લ્યો! ઓલા ઉપપત્તિ એક બોલ હતોને? આ રીતે ઉપપત્તિ એનો ખુલાસો કર્યો. આ રીતે આત્મા સાધ્ય જે મુક્તિ એની સિદ્ધિ અને આ રીતે ઉપાય અને ઉપપત્તિ છે. બીજી રીતે નથી એનો બીજો પેરેગ્રાફ લેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા સુદ-૧૫, રવિવાર, તા. ૩૦-૦૧-૧૯૭૨
## ગાથા-૧૭-૧૮ પ્રવચન-૮૬

આ સમયસાર. જીવ-અજીવ અધિકાર. ૧૭-૧૮ ગાથાની ટીકા છે. ત્રીજો પેરેગ્રાફ. કહે છે કે પહેલો એક પેરેગ્રાફ આવી ગયો કે આ આત્મા જે છે એને પ્રથમ જાણ્યા વિના એને શ્રદ્ધા યથાર્થ થાય નહિ. જાણવું એટલે? આત્માનો જે આનંદ અને જ્ઞાનનો સ્વભાવ છે એની સન્મુખતા થઈને અનુભવ કરવો. એ અનુભવ વિના આત્મા જણાય નહિ. જણાયા વિના શ્રદ્ધા થાય નહિ અને શ્રદ્ધા વિના એને ચારિત્ર થાય નહિ. આહા..હા..! એ વાત વિશેષ કહે છે જુઓ. થવાની વાત કરી. ન થાય કેમ? નથી થાતું?

**'પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...'** કહે છે કે એ તો જ્ઞાનની પર્યાયથી જણાય છે એવો જ છે અનાદિનો. એનું જ્ઞાન જ જણાય છે. **'આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળ ગોપાળ સૌને...'** બાળકથી માંડીને વૃદ્ધ **'સૌને...'** બધાને. **'સદાકાળ...'** એક સમયનો વિરહ પડ્યા વિના **'પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...'** એક જ્ઞાન જ જાણવામાં છે. ભલે રાગ હો, શરીર હો, આમ જ જાણે, પણ એ જ્ઞાન જ જાણવામાં આવે છે. જાણનારનું જે જ્ઞાન છે એ જાણવામાં આવે છે. સમજાણું કાંઈ? આબાળગોપાળ એટલે બાળકથી માંડીને, આ બાળ એટલે બાળકથી માંડી ગોપાળ એટલે વૃદ્ધ. બધાને એટલે **'સૌને સદાકાળ પોતે જ અનુભવમાં...'** જ્ઞાન જ અનુભવમાં આવે છે. જાણવાના કાર્યમાં જ્ઞાન જ કામ, જાણનારનું જ્ઞાન જ કામ કરે છે.

આવું **'હોવા છતાં પણ અનાદિ બંધના વશે...'** પણ એની દૃષ્ટિ રાગ અને પર ઉપર છે. એથી જાણે કે હું પરને જાણું છું, પરમાં હું છું એવો એ અજ્ઞાનપણે માની રહ્યો છે. જેની ભૂમિકામાં જણાય છે તે જાણનારું જ્ઞાન છે. ભલે રાગ જાણે, દ્વેષ જાણે, શરીર હો, વાણી આદિ જે આ ક્રિયાઓ એના કાળમાં મુખ્યપણે રહેનારું જે જ્ઞાન એ જ્ઞાન જ એના અનુભવમાં એટલે જાણવામાં આવે છે. છતાં એને એની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ **'અનાદિ બંધના વશે...'** રાગ અને વિકલ્પને વશ થયેલો છે અનાદિથી એથી બંધને વશે હોં, બંધ એને તાબે કરતું નથી. રાગને તાબે થઈ જાય. જાણવાનો, જાણનારનું જ્ઞાન તે જણાયા છતાં જાણનારની પર્યાય રાગને તાબે થઈ જાય છે. કેમકે ભેદ પાડતા આવડતો નથી. ઝીણી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્માની જ્ઞાનની સપાટીની

પર્યાયમાં તો જ્ઞાન જ જણાય છે. જાણનારનું જ્ઞાન, જાણનારનું જ્ઞાન જ જાણવામાં આવે છે. એમ હોવા છતાં એને ખબર નથી. એથી પરને જાણું છું અને પર તે હું છું એમ એને અનાદિથી પરને વશ થયેલું મૂઢપણું છે. કહો, સમજાણું કાંઈ?

**'પર સાથે એકપણાના નિશ્ચયથી...'** પણ એ રાગનું જે જ્ઞાન કરે છે એમ જોઈએ અને રાગ અને જ્ઞાનની ભિન્નતા જોઈએ એને ઠેકાણે રાગ અને જ્ઞાન એક છે એમ માને છે. સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ? અન્ય દ્રવ્ય એટલે રાગ વિકલ્પ એની સાથે એકપણાનો નિર્ણય છે અનાદિથી. એને લઈને મૂઢ છે. એવો **'જે અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...'** એ જાણવામાં જાણનારનું જ્ઞાન આવે તે હું છું એમ રાગને તાબે થયેલાને આવું ભેદજ્ઞાન હોતું નથી. કહો, સુરેન્દ્રજી! આ ક્રિયા નથી સમજવાની? એને કહે કે આ કાંઈક બહારની ક્રિયા કરે તો એને ઠીક લાગે. તું જે ક્રિયા કરે છે કહે છે. ચૈતન્યદળ જાણનાર એની દશાને સપાટીમાં એનું જ જ્ઞાન થાય છે. રાગ ને ફલાણાનું, ફલાણાનું એ તો નિમિત્તથી કથન છે. છતાં એને આ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... તે આ જ્ઞાન તે આ આત્મા એન ન બેસતા રાગને તાબે થયેલો તે હું એવું અજ્ઞાની મૂઢને આ અનુભૂતિ તે જ હું છું. આ જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... રાગથી ભિન્ન પડેલું ભિન્ન છે એવો અનુભૂતિ તે હું આત્મા એમ એને આત્મજ્ઞાન ઉદય થતું નથી. આત્માનું જ્ઞાન ઉદય થતું નથી, રાગનું જ્ઞાન અને વિકલ્પનું, પરનું જ્ઞાન એને ખ્યાલમાં આવે છે. આહા..હા..! ઝીણું ભાઈ ભારે. સમજાણું કાંઈ? આનું નામ મિથ્યાદર્શન.

**''આ અનુભૂતિ છે તે જ હું છું'...'** જાણનારનું જે જ્ઞાન જાણવામાં આવે છે, જાણનારનું તો જ્ઞાન છે, જાણનારનો તો રાગ નથી. આહા..હા..! આવી ખબર નથી એટલે એને આત્મજ્ઞાન થતું નથી. એમ કહે છે. તો જે આત્મા છે એનું જ્ઞાન જ થતું નથી, પછી એની શ્રદ્ધા અને ચારિત્ર એને હોય શેના? આહા..હા..! એમાં છે કે નહિ? આહા..હા..! સમજાણું કાંઈ? જગતનો સૂર્ય, ચૈતન્ય સૂર્ય ભગવાન જગતની ભિન્ન-ભિન્ન અવસ્થાના પ્રસંગમાં તેનું જ્ઞાન જ ભિન્ન-ભિન્નપણે પોતે પોતાને જાણે છે. ઝીણી વાત છે, ભાઈ! એમ ન જાણતાં. રાગ અને પર્યાય એ રાગને વશ થયેલો છેને એને વશ થઈને અજ્ઞાની મુઢ આ જાણનારનું આ જ્ઞાન છે માટે હું જાણનારને જાણું. એમ ન થતાં રાગને જાણું એવું અજ્ઞાની માને છે એથી રાગનું જ્ઞાન થાય એ આત્માનું જ્ઞાન થાતું નથી. આહા..હા..! રાગનું જ્ઞાન કાંઈ રાગનું જ્ઞાન નથી, જ્ઞાન તો આત્માનું છે. રાગનું જ્ઞાન થાય છે, આનું જ્ઞાન થાય છે, આનું જ્ઞાન થાય છે. જુઓ, આ ક્રિયા મિથ્યાત્વની છે. ઓલામાં તો પહેલું આવી ગયું હતું. મિશ્રિતને જ્ઞાન અને રાગ બે મિશ્રિતપણે જાણે હોય એવું લાગે, પણ એને ભેદજ્ઞાનની પ્રવિણતાથી ત્યારે આ એની ભેદજ્ઞાનના અભાવે મૂઢતાથી. સમજાણું કાંઈ? એકપણાના નિશ્ચયથી મૂઢ,

ઓલા ભેદજ્ઞાનના પ્રવિણથી ભિન્ન પડ્યું છે એમ કહે છે. ભારે વાત! આ તો શાંતિના, ધીરજના કામ છે. આ કાંઈ બહારથી કૂદકા માર્યા, પ્રવૃત્તિ કરે, આ કર્યા ને આ કર્યા. દુનિયાને સમજાવ્યા, પ્રવૃત્તિ કરી, દુનિયા સારા કહેવા માંડે કે ઓહો..હો..! ભારે ધર્મી ભાઈ! છ-છ કલાક પૂજામાં રોકાય. ભીખાભાઈ! ભગવાનને ટીલા ટપકા કરે, ઓલું કરે. ઓહો..હો..!

એક જણો અમારે હતો ઓલામાં નહિ? ..માં ..માં ભાઈ ઓલો .. કોક એવું સાંભળ્યું. ભગવાનની પૂજા વખતે ભગવાન પણ તમે શું આ .. છો? એમ કાંઈક વાત આવી હતી એકફેરી. એક બારોટ બારોટ હતો. પૂજારી નહિ કોક બારોટ સારો માણસ. શ્રીમદ્‌નો ભગત હતો, ભગવાનની પૂજા કરવા ત્યાં રોકાય. એક ઓલો શાંતિલાલ નહોતો કાંપમાં? .. એ તો વળી ભગવાનને આમ .. છોકરા આવ્યો હતો નહિ? કહો, ભગવાનને કોને વળગે છે કાંઈ ખબર ન મળે. આહા..હા..! કહે છે કે આત્મા જાણનારો એનું જે જ્ઞાન એમ ન કરતાં એ જ્ઞાન આત્માનું છે એમ ન કરતાં એ જ્ઞાન રાગનું થાય છે, પુણ્યના ભાવનું થાય છે, શરીરનું થાય છે, કર્મનું થાય છે. યાદ આવેને કર્મ? આમ બાહ્ય આદિ સ્ત્રી, કુટુંબ, પરિવારનો સંબંધ થતાં તે તે કાળે તે તે પ્રકારના જ્ઞાનને જાણતી પર્યાય જે થાય એ જાણનારનું જ્ઞાન છે એમ અંતરમાં ન વાળતા આત્મજ્ઞાન એને થતું નથી. એને રાગનું જ્ઞાન થઈને મિથ્યાત્વપણે અટકીને રહેલો છે. આહા..હા..! ભીખાભાઈ કહેતા હતા કે નહિ હમણા. છ છોકરા ... કહેતા હતા અંદર. શું થાય ખબર તો હોય. ત્યાં જ આપી દેતા હશે. કરીને. વાત તો એ છે. ન હોય ત્યાં સુધી તો એ વસ્તુ.. અત્યારે પણ જુઓને બેસતું. એ પ્રવૃત્તિ પૂજા, વ્રત, નિયમ ને અપવાસને. ફક્ત એ કાળે રાગ થાય તેનું એ જ્ઞાન થાય છે, પણ એ જ્ઞાન થાય છે એ જાણનારું આ જ્ઞાન છે એમ દૃષ્ટિ અંતરમાં ન વાળતા રાગ ઉપર દૃષ્ટિ પડી છે એટલે રાગનું જ્ઞાન થાય છે. જે જે ચીજ જણાણી તેનું આ જ્ઞાન છે. એમ જાણીને અજ્ઞાની મૂઢ એ જાણનાર તે જ હું છું એવું જાણનાર તે હું છું એવું આત્મજ્ઞાન થતું નથી. આહા..હા..! ગજબ ટીકા કરી છે. સમજાણું કાંઈ? આવા કોઈ જીવને મારે છે, જૂઠું બોલે છે, અધર્મ સેવે છે, પૈસો આપીએ એવી કાંઈ વાત આમાં નથી આવતી. ફક્ત તે ચીજને કાળે જ્ઞાન જાણનારનું જ્ઞાન છે એ જ્ઞાન એનું છે એમ ન જાણતા આ ઉપર આ દૃષ્ટિ આનું આનું આનું દૃષ્ટિ જણાય છે, બસ એનું નામ હિંસા અને મિથ્યાત્વ છે. કહો, સમજાણું કાંઈ?

નહોતું આવ્યું? બાળકથી માંડીને .. વૃદ્ધો મોટા. મૂર્ખથી માંડીને મોટા પંડિતો લ્યોને બહારમાં. સૌને એની જ્ઞાનની પર્યાય જ જણાય છે. જાણનારનું જ્ઞાન જણાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એને જાણનારનું જ જ્ઞાન જ્ઞાનમાં જણાય છે. આહા..હા..! આમ હોવા છતાં એવી એની ભૂલ થઈ છે કે જે જાણનારનું જ્ઞાન છે તે આ પર્યાય જ્ઞાન જાણનારની છે. એમ અંદરમાં ન વાળતા તે જ્ઞાનને રાગમાં એકત્વ કરતા, રાગનું જ્ઞાન તે આત્માનું જ્ઞાન

એ મિથ્યાજ્ઞાન થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં જ્ઞાન અને અજ્ઞાનથી જ ઉપાડી છેને વાત? આહા..હા..! ગજબ સંતોની રીત પણ એવી સાદી ભાષામાં, છેક પાતાળમાં પહોંચે એવી વાત કરી દીધી. આહા..હા..! આવી વાત. આહા..હા..! અમૃતના સાગર ઉછાળ્યા છે. એને અટક્યો છે ઝેરમાં એ પણ એને બતાવી દીધું. ભાઈ! તું ઝેરમાં અટક્યો છો. ભગવાન! તું ભૂલ્યો હોં. જાણનારનું કામ તારું છતાં તે જાણનારનું જ્ઞાન, આ જાણનારનું જ્ઞાન છે, એમ ન વાળતા એ રાગનું જ્ઞાન તે જ એટલો હું અને એ જ હું. આહા..હા..! એવું આત્મજ્ઞાન, અનુભૂતિ છે તે જ હું છું. જાણનારનું આ જ્ઞાન તે હું છું. એવું આત્મજ્ઞાન તેને પ્રગટ થતું નથી. લ્યો આત્મજ્ઞાન નથી પ્રગટ થતું એનો હેતુ કહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં એમ ન કહ્યું કે ભાઈ શું કરીએ અમે કુગુરુ-કુશાસ્ત્રે એવું કહ્યું એટલે એમ થયું. એને દર્શનમોહનું જોર છે માટે એમ થયું. એને કાળલબ્ધિ પાકતી નથી માટે આમ થાય છે એને એમ અહીં ન કહ્યું. એય..! આહા..હા..! કરવાનું પુરુષાર્થથી છે તે કરતો નથી એમ કહે છે, ભાઈ! કાળલબ્ધિ તો પછી એના ખ્યાલમાં આવે છે. કે આ વસ્તુ છે એનું જ્ઞાન કરે ત્યારે કાળલબ્ધિનું જ્ઞાન કહેવાયને? પોતાનું જ્ઞાન કર્યા વિના કાળલબ્ધિનું જ્ઞાન કરે કોણ? આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે "**આ અનુભૂતિ છે તે જ હું છું' એવું...**' એમ. આ જાણનાર... જાણનાર.. જાણનાર... જાણનાર... જાણનારનું આ જાણવું, જાણનારનું આ જાણવું, જાણનારનું આ જ્ઞાન '**એવું આત્મજ્ઞાન...**' એવું આત્મજ્ઞાન એટલે આત્માનું જ્ઞાન '**એવું આત્મજ્ઞાન પ્રગટ થતું નથી...**' આહા..હા..! આ તો સમજાય એવી ભાષા છે. શેઠ!

મુમુક્ષુ :- કાળલબ્ધિ ..

ઉત્તર :- એ તો કહ્યુંને પહેલું. કાળલબ્ધિ કોને કહીએ? કાળલબ્ધિ કોણે જાણી? કોણે જાણી? એ માટે તો કહ્યું. એમ કહ્યુંને કાળલબ્ધિ પાકી નથી માટે આ ઉદય થાતું નથી એમ નથી કહ્યું. સમજાણું કાંઈ? ભગવાને પુરુષાર્થથી કામ થાય એમ કહ્યું. ત્યારે વળી અમારે એક જણો કહે સર્વજ્ઞ હોય એને અમારે તો પુરુષાર્થ હોય નહિ વળી એમ કહેતા હતા. અરે ભગવાન! એમ કે સર્વજ્ઞ તો બધું જાણે છે. જે સમયે જે થવાનું હોય તે થાય છે એમાં પુરુષાર્થ કરવાનું ક્યાંથી આવ્યું? પણ જે થવાનું થાય એ પુરુષાર્થથી થાય છેને. અવળું ને સવળું બધું. સમજાણું કાંઈ? એવા અઠ્યાવીશ મૂળગુણ ચોખ્ખા, પંચમહાવ્રત ચોખ્ખા. ઈન્દ્રાણી ચળાવા આવે તો બ્રહ્મચર્યથી ચળે નહિ એવું મન, વચન અને કાયાનું વિકલ્પવાળું બ્રહ્મચર્ય. સમજાણું કાંઈ? અને માથું કાપી નાખે તો જૈન પરમેશ્વર આવા હોય એ સિવાય ન હોય એ માને નહિ બીજી રીતે. આવા પુણ્યશાળી હોય, .. આવા હોય, વાણી એની આવી હોય, ભગવાન આવા હોય. સમજાણું કાંઈ? ગુરુ નિર્ગ્રંથ હોય, મુનિરાજ આવા હોય,

પ્રાણ જાય તો બીજું ઊલટું માને નહિ, પણ આ માન્યતા ન છોડે ત્યાં સુધી બધું મિથ્યા છે. એ છોડ. આહા..હા..! શું થાય? અનાદિથી એમ જ જગત. આહા..હા..! ગજબ વાત કરી છેને. એની પદ્ધતિ શી છે. આમ આમ એ પકડે જો આ. જો આ તારી પક્કડ. જો અહીં તું પકડાઈ ગયો છો હોં! સમજાણું કાંઈ?

ધારાવાહી સંયોગના કાળે જે જ્ઞાનનો પર્યાય થાય છે એ જાણનારનું જ્ઞાન છે. કે આ એનું જ્ઞાન છે? એનાથી થયેલું છે? આનાથી થયેલું છે? સમજાણું કાંઈ? આમ અનુભૂતિ એટલે જાણનાર... જાણનાર... જાણનાર... એટલે જાણનારનું આ જ્ઞાન. એમ. જાણનાર પદાર્થ છે તેનું આ જ્ઞાન. એવી અનુભૂતિ તે જ હું છું એવું આત્મજ્ઞાન, **'એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...'** એને આત્મજ્ઞાન થતું નથી. એને રાગ ને પુણ્ય ને શરીર ને વાણીનું જ્ઞાન થાય એ મિથ્યાજ્ઞાન છે. આહા..હા..! શાસ્ત્રને જાણવાકાળમાં પણ જે વિકલ્પ છે શાસ્ત્રને જાણવાનો એને ખરેખર તો એ કાળે પણ જ્ઞાનનો પર્યાય વિકલ્પને જાણવાનું જાણનાર જાણવાનું જ કામ કરે છે. છતાં એને એમ થાય કે આ વિકલ્પથી મને આ જ્ઞાન થયું, આ વિકલ્પથી મને જ્ઞાન થયું, આ મેં વાંચ્યું માટે મને જ્ઞાન થયું, મેં સાંભળ્યું માટે મન (જ્ઞાન થયું) એય..! આવું સ્પષ્ટ થાય ત્યારે આવેને. પણ આ જાણનારનું જ્ઞાન જાણનારમાંથી આવે છે. સમજાણું કાંઈ?

**'આ અનુભૂતિ છે તે જ હું છું એવું આત્મજ્ઞાન...'** એને પ્રગટ થતું નથી. શા કારણે? રાગને વશ થયેલો છે તે કારણે. એક પણાના નિશ્ચયથી મૂઢ થયો છે તેને. સમજાણું કાંઈ? આમાં બીજી કાંઈ લપ લેવી નથી, દર્શનમોહનો ઉદયનો તીવ્ર દોષ છે, ફલાણું આમ છે અને ઢીંકણું આમ છે. આહા..હા..! ઊલટો પુરુષાર્થ યાદ કરાવ્યો છે. ભારે ઝીણું પડેને માણસને આવું. પછી થઈ રહ્યું લ્યો આપણે વ્રત લ્યો, તપ લ્યો. કારણ કે સમ્યગ્દર્શન તો નિશ્ચય છે. નિશ્ચય તો આપણને ખબર ન પડે. .. સંશય છે જ્ઞાનમાં એટલે મિથ્યાજ્ઞાન, મિથ્યાદૃષ્ટિ ચોખ્ખો. સમજાણું કાંઈ? આપણે સમ્યક્ નિશ્ચય છે કે નહિ એ આપણને ખબર નહિ એટલે સંશય થયો. તો સંશય થયો મિથ્યાજ્ઞાન થયું. મિથ્યાજ્ઞાન અને મિથ્યાદૃષ્ટિ જ છે એ. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો જેને ઘરના પોતાના કામ કરવા હોય એની વાત છે. દુનિયામાં દેખાવ કરવો હોય કે અમે ડાહ્યા છીએ. સમજાણું? અમે કાંઈક બીજા કરતા વધી ગયા છીએ. એ બધી દૃષ્ટિ પરના જ્ઞાનવાળી છે એને પોતાનું જ્ઞાની માને છે. એમ કહે છે. આહા..હા..!

**'એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી અને તેના અભાવને લીધે,...'** આત્માના જ્ઞાનના અભાવને લીધે. ઓલા રાગ અને શરીરાદિ પરપદાર્થના સંબંધમાં થતું જ્ઞાન તે આનું જ્ઞાન છે, જાણનારનું જ્ઞાન છે એમ જાણ્યા વિના, એવા આત્મજ્ઞાનની દૃષ્ટિ પ્રગટ્યા વિના તેનામાં

**'નહિ જાણેલાનું જ્ઞાન ગધેડાના શિંગડાના શ્રદ્ધાન સમાન હોવાથી...'** લ્યો આ ચેતનજી! નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાના શિંગડા જેવું છે. શ્રદ્ધાન પહેલું કે જ્ઞાન પહેલું? આમાં શું છે? કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભેદજ્ઞાન નથી. જાણેલાનું આ જાણનારનું જ્ઞાન એની દૃષ્ટિ જાય છે જાણનારમાં. આહા..હા..! આ જાણનારનું જ્ઞાન છે એમ દૃષ્ટિ જાય છે જ્ઞાનમાં, આત્મામાં. એમ ન જતાં આ રાગનું જ્ઞાન દૃષ્ટિ જાય છે રાગમાં. આમ વાત છે. એટલે રાગના જ્ઞાનવાળાને આત્માનું જ્ઞાન થતું નથી. આત્માનું જ્ઞાન નથી તો શ્રદ્ધા કોની છે? જે વસ્તુ જ જ્ઞાનમાં આવી નથી એ શ્રદ્ધા ગધેડાના શીંગડા જેવી થઈ. આ જ્ઞાન જાણનાર એનું છે. એમ અંતર જ્ઞાનમાં જ્ઞેય આખો આત્મા આવ્યા વિના એને શ્રદ્ધા કોની કરી? શ્રદ્ધા કેવી રીતે કરે? સમજાણું કાંઈ? આહા..હા..!

**'આત્મજ્ઞાન ઉદય થતું નથી...'** એટલે આત્મજ્ઞાન હોતું નથી. એટલે કે આત્મજ્ઞાનના અભાવને લીધે. **'નહિ જાણેલાનું શ્રદ્ધાન...'** જે ચીજનું જ્ઞાન જ નથી એ ચીજની શ્રદ્ધા ગધેડાના શીંગડાનાં શ્રદ્ધાન સમાન છે. એટલે ગધ્ધાને શીંગડા હોય નહિ, એની શ્રદ્ધામાં હોય નહિ એ શું આવે? સમજાણું કાંઈ? આહા..હા..! **'નહિ જાણેલાનું શ્રદ્ધાન...'** આ પ્રશ્ન પહેલા આવ્યો હતો એટલે વધારે ... એ ઓલા સોગાનીમાં છે એક .. એક પ્રશ્ન છે કે જ્ઞાન પહેલું કે શ્રદ્ધાન પહેલી? મૂળ તો શ્રદ્ધા પહેલી. એમ આવે છે. .. આ બાજુ આવે છે. એ તો અપેક્ષાથી વાત કરી, બાકી વસ્તુ જાણ્યા વિના આ વસ્તુ છે એવું જ્ઞેય જ્ઞાનમાં આવ્યું નહિ તો શ્રદ્ધા કોની કરવી એમ કહે છે? ગધેડાના શીંગડા જ જગતમાં નથી. તો એની શ્રદ્ધા કરો. શું પણ? વસ્તુ જ્ઞાનમાં ચીજ આવ્યા વિના આ છે એની પ્રતીત કોણ કરે? સમજાણું કાંઈ? આહા..હા..!

અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય જગતના પુણ્ય. છે એવું સ્પષ્ટ કરી નાખ્યું છે. બાપુ! જેને રાગમાં તાબે થયેલો છે તેનું જ્ઞાન એને આત્મજ્ઞાન નથી. અને આત્મજ્ઞાન વિના, આત્મજ્ઞાનને અભાવે, આત્મજ્ઞાન અભાવ એટલે આત્મા જાણવામાં આવ્યો નથી, આત્માનું જ્ઞાન થયું નથી, આત્માને જ્ઞેય બનાવીને આ જાણનારનું આ જ્ઞાન એમ જાણનાર આવ્યો નથી જ્ઞાનમાં. સમજાણું કાંઈ? થોડું થોડું આ ઘૂંટાઈ છે. વીતરાગમાર્ગ છે, બાપુ! આ કાંઈ કોઈનો કલ્પિત કરીને બેસી જવું એમ કાંઈ ન ચાલે. આહા..હા..! અનંતા સંતોએ જે પ્રવાહથી કહ્યું છે તે જ પ્રવાહ એને આવવો જોઈએ, બીજો પ્રવાહ અંદર હોય નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

**'નહિ જાણેલાનું શ્રદ્ધાન...'** જ્ઞાનમાં આત્મા જ આવ્યો નથી એમ કહે છે. આત્મજ્ઞાન

કીધુંને? આ અનુભૂતિ છે, આ જાણનારનું જ્ઞાન છે એવી આત્માની અનુભૂતિ નથી, એને આત્મજ્ઞાન નથી એટલે આત્માનું જ્ઞાન નથી. આત્મા જ્ઞાનમાં આવ્યો નહિ અને આત્મા જ્ઞાનમાં આવ્યા વિના એના અભાવે શ્રદ્ધા કોની? **'નહિ જાણેલાનું શ્રદ્ધાન...'** જેનું જ્ઞાન જ દૃષ્ટિમાં, વસ્તુમાં આવ્યું નથી. જ્ઞાનમાં એ ચીજ શું છે એ જ્ઞાન થયું નથી, એની શ્રદ્ધા ગધેડાના શિંગડા જેવી છે. તમારે બહુ ચાલે છે ત્યાં. .. પ્રશ્ન થાયને એટલે આવે. પહેલા .. મુનિદશા આવે છે.. પર્યાયનું જ્ઞાન ન હોય તો બે વિશેષણથી કહેવું, પછી વળી કાંઈક .. આવતું હશે? .. ત્યાંથી. એ પછી શ્રદ્ધા જ હોય એકલી, જ્ઞાન નહિ પહેલું. પહેલું જ્ઞાન કહ્યું છે એ તો પરને જાણવાની અપેક્ષાનું છે. પરનું નહિ, અનુભવનું નહિ. .. જાણેલાનું. આવતું હતું. એ .. આવતું હતું એમ. પણ એને સમજવું તો પડશે કે નહિ એને? આહા..હા..!

**'નહિ જાણેલાનું શ્રદ્ધાન...'** જેનું જ્ઞાન જ થયું નથી વસ્તુનું અને એને શ્રદ્ધો. શું શ્રદ્ધે? ગધેડાના શિંગડા નથી તો શ્રદ્ધો. શિંગડા નથી તો જ્ઞાનમાં આવ્યા નહિ. નથી તો જ્ઞાનમાં આવ્યા નહિ અને નથી આવ્યા અને જ્ઞાનમાં એની શ્રદ્ધા કરો ક્યાંથી આવ્યું? એમ જ્ઞાનમાં જ આત્મા આવ્યો નથી. આત્મજ્ઞાન જ થયું નથી. જ્ઞાનમાં જ જણાણો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ શ્રદ્ધાન ગધેડાના શિંગડાના શ્રદ્ધાન સમાન છે. **'શ્રદ્ધાન પણ ઉદય થતું નથી...'** એને સમકિત થતું નથી. આહા..હા..! સમકિત એને પ્રગટતું જ નથી. સમજાણું કાંઈ? ભારે વિચિત્રતા છે શૈલીની. વસ્તુ તો અહીંથી જ શરૂ થાય છે. આહા..હા..! હવે જ્યારે આત્મા જે ચીજ છે જ્ઞાનનો પ્રવાહ ત્યાંથી આવ્યો અને એ પ્રવાહનો કરનાર તો આત્મા છે જાણનાર. એવા આત્માને પકડીને જ્ઞાન થયું નથી. એને નહિ જાણેલાનું શ્રદ્ધાન કે શ્રદ્ધા કરો... શ્રદ્ધા કરો... શ્રદ્ધા કરો. બસ ભલે ન સમજાય આત્મા. ભલે આત્મા જ્ઞાનમાં ન જણાય, પણ શ્રદ્ધા રાખો. કોની શ્રદ્ધા રાખે? સમજાણું કાંઈ? એના જેવું થાય, નહોતું કહ્યું એકફેરી? ઓલા ..માં. મચ્છર અને હાથી. માસ્તરે મચ્છર હશે આવડું. શીખવ્યું માસ્તરે છોકરાઓને લાંબા પગ કરીને આમ. મોટા મોટા પગ લાંબા. હોય તો નાના. પણ બધાને ખ્યાલમાં આવે. લાંબા પગ કરે તો એને આ છોકરાને ખ્યાલ આવે. માસ્તરે લાંબા પગ કર્યા બતાવ્યું. થાયને પછી કોઈ નિશાળમાં. પછી એક હાથી આવ્યો ગામમાં. માસ્તર સાહેબ! એ આ મચ્છર આવ્યો જુઓ. હાથી જોયેલો નહિ. ઓલા લાંબા પગ બતાવ્યા હતા. એક પગ લાંબા આવડા-આવડા. .. હવે આ કહ્યું હતું કે મચ્છર પગને આવા લાંબા ચાર મોટા આ જુઓ આને. અરે! એ તો તમને પગ લાંબા કરીને પગની સ્પષ્ટતા માટે કર્યા હતા. એને એ કાંઈ પાતળી રૂંવાટી હોય, જાડી અહીં હોય. પગ નાના પણ સમજ્યાને .. એના માટે બતાવ્યું હતું. એ તો મચ્છરની વાત. આ મચ્છર નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એવી ભૂલ ન કરે.

ઉત્તર :- એવી ભૂલ ન કરે. કહે પ્રકાશ દેખાય છે અંદર કહે છે એ આત્મા. તો કહે ધોળો દેખાય છે એ આત્મા. પીળો દેખાય એ આત્મા. એક દિ' એક અધિકારને પૂછયું હતું કે આત્મા કેવો? કહે પહેલો દેખાય પીળો અને પછી દેખાય ધોળો, રાતો પીળો. પહેલો રાતો, પછી ધોળો. આવા એના.. કાંઈ ખબર ન મળે.

મુમુક્ષુ :- રંગ લાગી ગયો રંગ.

ઉત્તર :- રંગ લાગી ગયો. રાતો. પહેલો કહે રાતો હોય. આંખો મીંચેને તો આમ.. થાય તો રાતો થાયને, પછી વળી ધોળો થઈ જાય. ધોળો અને રાતો જડ છે. આહા..હા..! એક સા.. નહોતું આવ્યું? પાછા ઉપાડતા બહુ. એક ઓલી રાખી સાત પડીમાવાળુ, સાધુ માટે પાણી લાવે. એના માટે આ. ચિદાનંદ. નેમી. .. એક ક્ષુલ્લક હતા. એના માટે પાણી લઈ આવે. તો કાંઈ બિચારા જાડી બુદ્ધિ, મજૂર જેવા. તો અહીં આવ્યા તો ઓલી ઇંઢોળીમાં પાણી લાવે એ ઇંઢોણી સહીત લાવ્યો. આહા..હા..! આ સાત પડીમાધારી.

મુમુક્ષુ :- કપડાની બનાવેલી.

ઉત્તર :- હા કપડાની બનાવે. અહીં પડી હતી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. નહિ, ઓલો ભૂલી ગયો. આમ .. ઇંઢોણી આમ પલટી ગઈ. પાણી ભરીને લાવેને. ફક્ત લૂગડા ફેરવે ને કાંઈક થાય એટલે લોકો એમ કહે. આહા..હા..! આ તો બ્રહ્મચારી અને ત્યાગી. જય નારાયણ.. જય નારાયણ...

અહીં કહે છે કે જેને વસ્તુ... વસ્તુ... વસ્તુ ભગવાન આત્મા જે સ્વભાવે, જે પ્રકારે છે એવું તેને જ્ઞાન ન ઉદય થતાં, પ્રગટ ન થતાં તેની તેને શ્રદ્ધા પણ હોતી નથી. ત્યારે તે એમ. સમકિત પણ ઉદય થતું નથી, સમકિત પ્રગટ થતું નથી. '**ત્યારે સમસ્ત અન્યભાવોના ભેદ વડે...**' જુઓ, ઓલામાં હતુંને. અનેક પર્યાય ભેદવાળો તેની સાથે નિઃશંકપણું હતું. પણ ભેદભાવ વડે. ભેદજ્ઞાનમાં પ્રવિણપણાથી હતો. અહીંયાં '**અન્યભાવોના ભેદ વડે આત્મામાં...**' '**ત્યારે સમસ્ત અન્યભાવોના ભેદ વડે...**' ભેદ તો કર્યો નહિ. રાગની સાથે એકત્વ થયો. '**અન્ય ભાવોના ભેદ વડે આત્મામાં નિઃશંક ઠરવાના અસમર્થપણાને લીધે...**' આ અન્યભાવથી ભિન્ન પડ્યું નથી અને અન્યભાવથી ભિન્ન પડ્યા નિઃશંકપણે અંદર ઠરી શકે નહિ. હું તે ક્યાં છું? રાગમાં છું કે ચારિત્રમાં એની કાંઈ ખબર પડે નહિ. આહા..હા..! શેઠ આવું છે આ. એને ચારિત્ર હોય નહિ એમ કહે છે. એને આત્મા શું ચીજ છે એવું જેને જ્ઞાન નથી, આત્માનું જ્ઞાન નથી, જ્ઞેય બનાવીને જ્ઞાન નથી. આ જાણનારનો પ્રવાહ જાણનારનો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પ્રવાહ કોઈ રાગ અને પરવસ્તુનો નથી એમ ભેદ પાડવાની શક્તિને અભાવે... આહા..હા..!

**'સમસ્ત અન્યભાવોના ભેદ વડે...'** કારણ કે ઠરવું છે એ તો આત્માનું જ્ઞાન થયું અને એમાં શ્રદ્ધા થઈ એમાં ઠરવું છે. એનું નામ ચારિત્ર છે. ચારિત્ર કોઈ આ દેહની ક્રિયા નગ્ન થઈ ગયા અને પંચ મહાવ્રતના વિકલ્પ ને એ કાંઈ ચારિત્ર-ફારિત્ર નથી. શું છે? શેઠ! આ .. સમયસાર વાંચ્યું છે કે નહિ? આહા..હા..! ખબર નથી. બહારની પ્રવૃત્તિ દેખે. નાગા, લૂગડા નહિ. વહોરવાનું તો અત્યારે ઠેકાણું જ ક્યાં? એને માટે ચોકા કરીને લે ચોખ્ખા. એને માટે બનાવો. બે બનાવે. કદાચ એકમાં ગૌણ કરે અહીંથી આમ જાય અને આમ જાય. પણ તારા માટે કરેલું છે અહીં જા કે અહીં જા. નવનીતભાઈ! તમારે તો એવો યોગ ક્યાં છે? શેઠને બને. આહા..હા..! ભાઈ! માર્ગ જુદો હોં! આ તો વસ્તુના સ્વરૂપનું વર્ણન ચાલે છે હોં. વ્યક્તિનું કાંઈ નહિ. વ્યક્તિની જવાબદારી એની છે, પણ બાપુ માર્ગ તો એવો છે. ભગવાન આત્મા એનું જ જ્યાં જ્ઞાન થયું નથી. જ્ઞાન એટલે કાંઈ શાસ્ત્રના ભણતર અને રાગના ભણતર અને રાગની મંદતા એ કાંઈ આત્મજ્ઞાન નથી. શાસ્ત્ર ભણી ગયો અગિયાર અંગ અને નવ પૂર્વ માટે આત્મજ્ઞાન છે એ? એ આત્મા નથી. આત્માનું જ્ઞાન કહ્યું છે. શાસ્ત્રનું જ્ઞાન અને રાગનું જ્ઞાન એ આત્માનું જ્ઞાન નહિ. આહા..હા..! હવે એના સમજાણું કાંઈ?

**'સમસ્ત અન્ય ભાવોના ભેદ વડે આત્મામાં નિઃશંક ઠરવાના...'** દેખો આત્મામાં નિઃશંક ઠરવું એ ચારિત્ર છે. એ તો થયું નહિ. રાગમાં છે અહીં છે.. અહીં છે.. એટલે અહીં ઠરવું એ ભેદ પડ્યો નથી. એ ભેદ રાગથી ભિન્ન પડ્યું નથી જ્ઞાન અને શ્રદ્ધા. ઠરવું ક્યાં? રાગની ક્રિયામાં ઠરે એ તો અજ્ઞાન છે અનાદિનું. આહા..હા..! સમજાણું કાંઈ? પંચ મહાવ્રત ચોખ્ખા પાળે. એને માટે કરેલો ચોકો પ્રાણ જાય તો ન લે. તોપણ તે મિથ્યાદૃષ્ટિ છે. કેમકે વિકલ્પનું જ્ઞાન માને છે અને વિકલ્પથી મને આ જ્ઞાન થયું. પણ આત્માનો પ્રવાહ અને જ્ઞાન છે એવી એને દૃષ્ટિ નથી. કહો, સમજાણું કાંઈ? **'આત્મામાં નિઃશંક ઠરવાના અસમર્થપણાને...'** આત્મામાં ઠરવાની હવે એની તાકાત જ નથી એમ કહે છે. કારણ કે આત્મા એનું જ્ઞાન થયું અને એની શ્રદ્ધા થઈ એટલે એમાં ઠરવાનું એની શક્તિ છે નહિ, એટલે એને ચારિત્ર થશે નહિ. આહા..હા..! ભારે કામ. પણ મારા બધા શેઠિયા પણ બધા એમ ને એમ કાળ ગાળ્યો હોય લ્યો બધાએ. તમારે તો હજી તારણસ્વામીના પુસ્તક પણ હતા.

મુમુક્ષુ :- ધર્મ

ઉત્તર :- ધર્મ .. પણ આને તો તારણસ્વામીના પુસ્તકમાં ઘણું છે અધ્યાત્મ. ભાઈ કહે છે કે ક્યાં ઉઘાડ્યું છે? એ શરૂઆતમાં ઘણી વાત છે. પહેલી સારી ..

મુમુક્ષુ :- વ્રતના એક એક બોલમાં

ઉત્તર :- બહુ ઉતાર્યા છેને. માણસને ખ્યાલ નહિ, વાડામાં રોકાય જાવું. માર્ગ શું છે વીતરાગનો? આ કાંઈ પક્ષનો માર્ગ છે?

શું કહે છે? કે જેને આ વસ્તુ પ્રભુ આત્મા જ છે એનું જ્ઞાન, એનું જ્ઞાન, એને જ્ઞેય બનાવીને જ્ઞાન નથી એને શ્રદ્ધી નથી. શ્રદ્ધા નથી એટલે નિઃશંકપણે નિઃસંદેહ ઠરવું છે આત્મામાં એની શક્તિ એને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? સ્વરૂપમાં નિઃશંકપણે ઠરવું એનું નામ ચારિત્ર. હવે વસ્તુ જાણી નથી, શ્રદ્ધી નથી, હવે નિઃશંકપણે ઠરવું ક્યાં? રાગમાં ઠરેલો છે એમ કહે છે. એ પંચ મહાવ્રતના વિકલ્પ ને એમાં ઠરેલો છે. એ તો મિથ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અન્ય ભાવોના ભેદવડે...'** એમ કે અન્ય ભાવમાં તો પડ્યો છે અનાદિનો. એનાથી જુદામાં નિઃશંકપણે ઠરવું એ તાકાત એની છે નહિ. કારણ કે ભેદ તો પાડ્યો નથી. ઠરવું છે આત્મામાં. શી રીતે ઠરશે? એટલે એને ચારિત્ર હોઈ શકે નહિ. રાગના એકત્વ બુદ્ધિવાળાને એ ચારિત્ર આત્મજ્ઞાન ન હોય એને સમકિત ન હોય અને એને ચારિત્ર પણ હોય નહિ. એમ કહે છે. ભલે એ અઠ્ઠાવીશ મૂળગુણ પાળતો હોય, બ્રહ્મચારી આખી જિંદગી બાળબ્રહ્મચારી હોય શરીરે. સમજાણું કાંઈ? છતાં એ અચારિત્ર છે. મારે હારે ગજબ વાત છે. એવી વાત છે. વસ્તુ આવી છે. પણ જેને આત્મજ્ઞાન અને શ્રદ્ધા થઈ છે એને ખબર છે કે આમાં ઠરવું એ ચારિત્ર છે. એટલી મારી નબળાઈ છે ઠરી શકતો નથી, બાકી ચારિત્ર તો અંદર ઠરવું એ ચારિત્ર છે. સમજાણું કાંઈ? એ અજ્ઞાનીને તો આ વ્રત ને તપ ને આ કર્યું, આ કર્યું. તપ એ નિર્જરાનો હેતુ અને વ્રત એ સંવરનો હેતુ જાવ. સંવર અને નિર્જરા બેય થઈ ગયા. તપ ક્યાં હતું? એ તો સમ્યગ્દર્શન આત્માના જ્ઞાન વિના તપ કેવા? દઝાઈ ગયેલો ભાવ છે.

મુમુક્ષુ :- ઉજળો કરવું છે તો

ઉત્તર :- ઉજળું કોને કહીએ? આહા..હા..! વસ્તુ પોતે ચિદાનંદ સ્વરૂપ આનંદનું ધામ જ્યાં અનુભવમાં આવ્યો નહિ, એમાં એને ઠરવાની ઉગ્રતા કોને આવે? જાણી જ નથી એને ક્યાંથી આવે? અજ્ઞાન છે કહે બધું. મહિના-મહિનાના અપવાસ કરે, બબ્બે મહિનાના સંથારા. એ બધા અજ્ઞાન, અજ્ઞાન અને અજ્ઞાન મિથ્યાત્વના પોષક છે. કહો, ઝવેરચંદભાઈ! એ પણ શેઠીયા છે. ત્યાં અમારા આગરિયાના શેઠ છે. કલકત્તા. વાત સાચી. આ એવી વાત છે.

એક ફેરી દુકાને બેઠો હતો તો દુકાને એક સાધુ આવ્યા. હતો ભ્રષ્ટ, લંપટી. નાની ઉંમરમાં આપણે કોઈ દિ' જોયું નહિ. દુકાને બેઠો હતો. આહા..હા..! આમ .. નીચે. કાંઈ ખબર નહિ અને આપણા મહારાજ તો સ્થાનકવાસીના સાધુ હોય મુહપતિ બાંધેલી. .. હતા. આમ તો બધા લક્ષણે પૂરા હતા. આપણે તો મહારાજ આહા..હા..! ત્યારે .. એવી થઈ જાય.. આહા..હા..! આપણા મહારાજ તો આવા કહેવાય. આ મહારાજ ક્યાંથી આવ્યા? ચોથા વ્રતના ઠેકાણા નહોતા. પછી વાતની ખબર પડી. ભેખ દેખીને આવે છેને યશોવિજયમાં બાવન

.. અજ્ઞાનીઓ તો લિંગ ભાળે, આપણા મહારાજ છેને, આપણું લિંગ છેને. અજ્ઞાનીઓ લિંગ ભાળે, મધ્યમવાળા વળી કાંઈક એની ક્રિયા ભાળે, ક્રિયા કેવી છે? તત્ત્વજ્ઞાની એનું સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન કેવું છે એ જોવે. સમજાણું કાંઈ? આહા..હા..!

આત્મામાં ભેદભાવના અભાવને લીધે '**ત્યારે સમસ્ત અન્યભાવોના ભેદ વડે આત્મામાં નિઃશંક ઠરવાના...**' નિઃશંક, નિઃસંદેહ ઠરવાનું બળ નહિ હોવાથી '**અસમર્થપણાને લીધે આત્માનું આચરણ ઉદય નહિ થવાથી...**' એને આત્માનું ચારિત્ર પ્રગટ થતું નથી. એને આત્માનું ચારિત્ર હોઈ શકે નહિ. આહા..હા..! કહો, મૂળચંદભાઈ! છે એમાં? આહા..હા..! ભગવાન આડમાં રહી ગયો કહે છે. વિકલ્પની આડમાં, બહારના ભણતરના રસ એની આડમાં રહી ગયો એ. આહા..હા..! એને ચારિત્ર.. આચરણ શબ્દે સમજ્યા? એને આત્માનું આચરણ, આત્માનું આચરણ એ ચારિત્ર કહેવાયને. કે મહાવ્રતનું આચરણ એ ચારિત્ર? ભાષા જુઓને. મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણનો અર્થ એ કાંઈ આચરણ આત્માનું નથી. એ તો અણાત્મા રાગ છે, એ તો વિકલ્પ છે. આહા..હા..! અહીં તો એ પ્રરૂપણા ચાલે બરાબર સાધુ આવું પાળે, નગ્ન હોય, જેને માટે આહાર કરેલા હોય એ ન લે એ અત્યારે નથી, પણ આ જોઈને ચાલે, આમ કરે, તેમ કરે. આહા..હા..!

'**આત્માનું આચરણ ઉદય નહિ થવાથી...**' ભાષા દેખો! ચારિત્રની વ્યાખ્યા આ. આત્માનું આચરણ. આત્માનું જ્ઞાન થયું હોય એને સમકિત હોય એને આત્મામાં ઠરવાનું એ આચરણ ચારિત્ર. પંચમહાવ્રતનું પાલન અને નગ્નપણું એ ચારિત્ર નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એવી ટીકા છે જુઓને. '**ઉદય નહિ થવાથી આત્માને સાધતુ નથી.**' કહો, સમજાણું કાંઈ? '**આત્માનું આચરણ ઉદય નહિ થવાથી આત્માને...**' એ ભાવ સાધતો નથી. એ તો રાગને સાધે છે વિકારને. આહા..હા..! વિકલ્પને સાધે છે એ તો. આત્માને સાધતું નથી. આત્માનું આચરણ પ્રગટ્યા વિના અને આત્માનું જ્ઞાન વિના સમકિત નહિ અને સમકિત વિના આત્મામાં ઠરવું એ ચારિત્ર નહિ એથી આત્માને સાધી શકતો નથી. રાગને સાધે છે, વિકલ્પને સાધે છે. એ તો સંસાર અનાદિનો છે.

મુમુક્ષુ :- એ તો સાધવા માટેને.

ઉત્તર :- સાધે છે પણ એ સાધે છેને. જુઓને. એ આત્માને સાધતો નથી, આત્માને સાધતો નથી એનો અર્થ કે રાગને સાધે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આમ સાધ્ય આત્માની સિદ્ધિની...**' આ રીતે સાધ્ય જે આત્મા. ક્યો આત્મા? મુક્તદશા. સાધ્ય જે મુક્તદશા એવો જે આત્માની સિદ્ધિની પ્રાપ્તિની '**અન્યથા...**' આ આત્માના જ્ઞાન વિના, દર્શન વિના, '**અન્યથા અનુપપત્તિ છે.**' બીજી કોઈ રીતે મુક્તિ પ્રાપ્ત થતી નથી. આહા..હા..! '**આમ સાધ્ય આત્માની સિદ્ધિની...**' સાબિતી, પ્રાપ્તિ, મુક્તિની પ્રાપ્તિ.

આ રીતે આત્માનું જ્ઞાન નહિ, એને સમકિત નહિ, માટે ચારિત્ર નહિ. એથી એને આત્માની સાધ્યની મુક્તિ સાબિત થતી નથી, પ્રાપ્ત થતી નથી. '**અન્યથા...**' આત્મજ્ઞાન, દર્શન અને ચારિત્ર સિવાય અન્યથા મુક્તિની પ્રાપ્તિ હોય નહિ. સંસારની પ્રાપ્તિ હોય. પંચ મહાવ્રતાદિ ક્રિયા કરે સંસાર ફળે. એ અનાદિનો છે. સમજાણું કાંઈ? એ શાસ્ત્રમાં આવ્યુંને સફળ છે એની ક્રિયા. અજ્ઞાનીની ક્રિયા સફળ છે કે જેનાથી ભવ મળે એ અનાદિથી મળે એ સફળ છે. અને જ્ઞાનીની જે આ ક્રિયા છે અફળ છે. એને ભવ નહિ મળે. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાન ને શ્રદ્ધા અને આચરણ વિના જેટલી ક્રિયા એ કરવામાં આવે એને ફળશે એનું ફળ. અનાદિથી ફળે એ ફળશે. ગતિ મળશે. ચાર ગતિ. ધર્મીને આવું આત્મજ્ઞાન અને શ્રદ્ધા, ચારિત્ર હોવાથી એની એ ક્રિયા અંતરની વિફળ છે. એટલે કે એને ભવ ફળશે નહિ, એને મુક્તિ ફળશે. શેઠ!

મુમુક્ષુ :- એને સંસાર નિષ્ફળ

ઉત્તર :- નિષ્ફળ સંસાર. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૧, સોમવાર, તા. ૩૧-૦૧-૧૯૭૨
## ગાથા-૧૭-૧૮, કળશ-૨૦, પ્રવચન-૮૭

આ સમયસાર. જીવ-અજીવ અધિકાર. ૧૭-૧૮ ગાથાનો ભાવાર્થ છે. '**સાધ્ય આત્માની સિદ્ધિ દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ છે,...**' અર્થમાં પછી આવશે. પાઠમાં. સમજાણું કાંઈ? સાધ્ય આત્માની મુક્તિ. મુક્તદશા આત્માની પરમ આનંદ અને પૂર્ણ જ્ઞાન જેની પ્રાપ્તિ એનું નામ મુક્તિ. એ મુક્તિની પ્રાપ્તિ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રથી જ છે. આ નિશ્ચય સમ્યગ્દર્શન છે હોં. ઓલું છે નહિ. એ તો એક કથનમાત્ર આવે. વસ્તુ જે આત્મા છે શુદ્ધ આનંદઘન, જ્ઞાનનો અપરિમિત પિંડ પ્રભુ છે વસ્તુ. એવી જે ચીજ આત્મા પૂર્ણ શુદ્ધ આનંદ, એનો સમ્યગ્દર્શન એટલે એના સન્મુખની નિર્વિકલ્પ પ્રતીતિ અને એનો સ્વસંવેદન જ્ઞાન, સ્વ નામ પોતાથી સં પ્રત્યક્ષ વેદન. અને એના સ્વરૂપમાં રમણતા એ ચારિત્ર. એ '**સાધ્ય આત્માની સિદ્ધિ...**' જેને સાધ્ય મુક્તિ પ્રાપ્ત કરવી હોય એને. '**દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ છે,...**'

કોઈ બાહ્યની ક્રિયાકાંડથી નથી અને અંદર વ્રત, નિયમ, અપવાસ, પૂજા ને ભક્તિનો વિકલ્પ એનાથી મુક્તિ છે નહિ. કારણ કે એ તો બંધસ્વરૂપ છે.

'**બીજી રીતે નથી.**' અનેકાંત કર્યું. આહા..હા..! અરે! અનંતકાળથી રઝળતો દુઃખી... દુઃખી... દુઃખી... એને શરણ કોઈ નથી ક્યાંય. શરણ હોય તો એ ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિ કરવી ત્યાં આનંદ છે. અને એના ઉપાય માટે પૂર્ણ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરવી એ એનો ઉપાય છે. સમજાણું કાંઈ? ભવભયથી ડરી ચિત્ત થાય એ આવ્યું હતુંને. જેને મોક્ષની અભિલાષા છે એ ચારિત્ર છે. એ કડી તો આવી હતી. તે ભવી જીવ સંબોધવા. તે ભવી જીવ સંબોધવા. ... તેને આત્માની શાંતિ પૂર્ણ પ્રાપ્તિની અભિલાષ છે અને ચાર ગતિથી દુઃખથી ડર્યો છે. દુઃખ એટલે પ્રતિકૂળ સંયોગ નહિ. એમાં ભાવ શુભાશુભભાવ છે એ દુઃખ છે. આહા..હા..! અને એ શુભાશુભભાવનું ફળ ચાર ગતિ છે. એવા ભવના ભાવથી જેને ડર લાગ્યો છે અને જેને મુક્તિ પૂર્ણ આત્માની શાંતિની ઈચ્છા છે. આચાર્ય કહ્યુંને એમાં? એ ભવી જીવ આ ભવ્યને સંબોધવાનો ઉપદેશ છે આ. સમજાણું કાંઈ? મારી પૂર્ણદશા મને પ્રાપ્ત થાઓ. એક જ જેને અભિલાષ છે, એના ઉપાય માટે આ એક જ ઉપાય છે. બે વાત કરે કે બે મોક્ષના માર્ગ છે અને બે ઉપાય છે એ વાત ખોટી છે.

'**બીજી રીતે નથી.**' કહ્યુંને? આ અનેકાંત. વળી નિશ્ચય ચારિત્રથી મુક્તિ થાય અને વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી મુક્તિ થાય એનું નામ અનેકાંત છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે આ. અરેરે! જેને ... ... સમજાણું કાંઈ? જેને આત્માના આનંદસ્વભાવ સિવાય અને પૂર્ણ પ્રાપ્તિ સિવાય ક્યાંય એને રાગ અને વિકલ્પથી માંડીને કોઈ ચીજમાં જેને હરખ અને પ્રસન્નતા નથી. એને મુક્તિની ઈચ્છા છે. સમજાણું કાંઈ? જેને શુભરાગ અને એના ફળ અને બહારની અનુકૂળતામાં જરીક તેને અંતરમાં પ્રસન્નતા વર્તે છે, હરખ વર્તે છે એ મોક્ષનો અર્થી નથી. એ તો સંસારાર્થી જીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાતે કહ્યું હતું નહિ? આહા..હા..! જેને ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ છે અને પૂર્ણ શુદ્ધિની પ્રાપ્તિની જ જેને જિજ્ઞાસા છે. એને કોઈપણ શુભવિકલ્પથી માંડી સામી બધી ચીજ પ્રત્યે ઉલ્લસિત વીર્ય ત્યાં થતું જ નથી. આહા..હા..! અને પરમાં કાંઈપણ અધિકપણું, ઠીકપણું, હીતપણું એવું જ્યાં મનાય, એ સંસારાર્થી જીવ છે. તે મોક્ષાર્થી નથી. એ બંધાવાનો અર્થી છે, છૂટવાનો અર્થી નથી. એમ કહે છે. કેટલાક કહે છેને ખાવું, પીવું અને લહેર કરવી મોક્ષ થાય. એવું ત્યાં છે. અરે ભગવાન! શું પ્રયોજન છે ભાઈ! અહીંયાં તો કહે છે કે ભાઈ! જરી પણ આત્માના આનંદ સિવાય પૂર્ણની અને વર્તમાનની એમાં ક્યાંય પણ જો રાગ અંશ આદિ લૂંટાઈ જાય અને પ્રશંસા થાય, ખાવા-પીવાના ભોગમાં, આબરૂમાં, કીર્તિમાં ક્યાંય

પણ પ્રસન્નતા વેદાઈ જાય એને મોક્ષનો અર્થી નથી.

... પંચાધ્યાયનો દાખલો આપ્યો છે. પંચાધ્યાય તો એમ કહે છે અને એમ છે એ તો શૈલી ભિન્ન-ભિન્નપણે બતાવી હોય. જેને શરીરની પાંચ ઇન્દ્રિયોમાં પ્રતિકૂળતાના સંયોગમાં જેને દ્વેષ છે એને એના પેટમાં અનુકૂળતા પ્રત્યે પ્રેમ છે એ રાગ ભર્યો જ છે. પંડિતજી! સમજાય છે કાંઈ? પહેલી પ્રસન્નતાની વાત કરી રાગની. આ ભેગી પ્રતિકૂળતા, અણાબરૂ, અપકીર્તિ, પોતાની ધૃણા, નિંદા, શરીરમાં વ્યાધિ, નિર્ધનતા, દરિદ્રતા, અણાબરૂ, મૂર્ખાઈ ભરેલી દશા એમાં જેને દ્વેષ છે એને અનુકૂળતાના પાંચ ઇન્દ્રિયના વિષયો અનુકૂળ હોય એવો જ એને અંદર રાગ ભર્યો જ છે. સમજાણું કાંઈ? કેમકે એને જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવમાં આવા બે ભંગ ક્યાંથી પાડ્યા? કે અનુકૂળતામાં પ્રસન્નતા અને પ્રતિકૂળતામાં દ્વેષ એ તો મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષ છે. આહા..હા..! અરે ભગવાન! સમજાણું કાંઈ? શેઠ! વાત એવી છે. આહા..હા..! ભાઈએ સારું લખ્યું છે. ..ભાઈએ. આ ચોપડી વાંચવા જેવી છે. એ એના બધા લખ્યા છે. એકઠી કરી છે. આ શું કહેવાય એ? સાધક.. એમ કહે છેને. નથી બહાર આવી .. નથી આવ્યા હજી? નથી આવ્યા. .. અહીંયાં .. બહાર હતોને. .. પાસે છે. આ રહ્યું જુઓ. શુરવીર સાધક. મુનિઓના દાખલા આપીને બહુ સારું કર્યું છે. આ મને એક આપી છે. નવનીતભાઈ તરફથી. આ ત્યાં ગયા હતાને ત્યાં. તો એના તરફથી કર્યું હશે. સારું કર્યું છે. પહેલો મુનિનો જે ફોટો આપ્યો છેને એજ કાંઈક એકદમ. બહુ સારો આપ્યો છે. જુઓ એ. હા એ. મુનિ એક સમાધિમરણે છે. .. છે સમકિતી હોં બધા જ્ઞાની. પછી બહાર આવશે એટલે. આ મને તો કાલે એક આવી. બહુ સારી કરી છે. એક ઉપદેશ આપે છે અને એક.. આહા..હા..! એ બધા મોક્ષના સખાયા છે. નિમિત્ત તરીકે વાત તો એમ હોયને. આહા..હા..! જુઓ, દેખાવ કેવો! નાની ચોપડી છે. મફત આપવાની છે આ? કિંમત. ૨૫ પૈસા છે એમાં? આ ૨૫ લખ્યા એ? ઠીક. મેં કીધું આ શું? પૈસા. સમજાણું કાંઈ? આહા..હા..! ઉપદેશ મુનિ આપે છે. એમાં તો એવું આવ્યું છે જ્ઞાની, મુનિ, ધર્માત્મા. પણ તૃષાનો જરી વિકલ્પ આવી જાય.

મુનિ કહે છે, અરે પ્રભુ! તમે ક્યાં છો? તમે તો સંઘની સાક્ષીએ પ્રતિજ્ઞા કરી છેને. આવા પાણી તો અનંતવાર પીધા છેને. આ શું છે? અંતર નિર્વિકલ્પ આનંદને પીવોને. આહા..હા..! અને શું તમને જ એક પ્રસંગ આવો બન્યો છે? અજ્ઞાની, જ્ઞાની બધા અનંતવાર અનંતને બન્યો છે. તમારે માટે કાંઈ નવી નથી. જેણે સમતાથી સહન કર્યું એનો ભવ સફળ થાય છે. જેણે વિષમતાથી સહન કર્યું એને જન્મ-મરણના આંટા કરવા પડે છે. એ તો છે એ છે. થશે એ થયું. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે ભગવાન! તારી ચીજ સિવાય કોઈપણ ચીજમાં પદવી મળો, માન મળો, જાણપણાને માટે એને પદવી આપો મોટી. સમજાય

છે? દાનના મોટા શું કહેવાય ધુરંધર? દાનવીર. પૂંછડા મોટા લગાડે અને ખુશી થાય. એ આત્માની હત્યા કરે છે.

મુમુક્ષુ :- પૈસા કેમ કાઢવા?

ઉત્તર :- પૈસા કોણ કાઢે છે? એ તો જડ છે, જડનો સ્વામી થાય એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. મેં વાપર્યા આમાં અને તેથી પદ અમારું મોઢા આગળ હોવું જોઈએ. મૂઢ છે. અહીં તો એ વાત કરે છે. પંડિતજી! આહા..હા..! એનો ધણી થાય છે જડનો. જડ તો સ્વતંત્ર જગતના પદાર્થ છે, ભાઈ! એ કાંઈ તારા થઈને રહ્યા નથી, એ તો અજીવને થઈને રહ્યા, એનું અજીવનું કામ હું કરું એનો તું ધણી છો? આહા..હા..! ભારે કામ આકરું બાપુ! વીતરાગ માર્ગને સમજવો એ ભગવાન આત્મા તો જ્ઞાતા-દૃષ્ટા છે, જાણનાર-દેખનાર છે. એવા અંતરના ભાન વિના આ દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ મુક્તિ છે. એનું ભાન નથી, એની શ્રદ્ધા નથી, એમાં સ્થિરતા નથી, એને તો સંસાર રખડવાના ચાર ગતિના ભવ છે. સમજાણું કાંઈ? ત્યાં કાંઈ બહારની સિફારિશ કામ આવે એવું નથી. કે અમને ઘણાએ સ્વીકાર્યો હતો, અમારા મોટા ઉપાધિના બિરૂદ આવડા હતા. એય..! ધીરૂભાઈ! આહા..હા..! ભાઈ! તને પરપદાર્થની પ્રતિકૂળતામાં શરીરમાં રોગમાં વીંછી કરડે, સર્પ કરડે, નિંદાઓની ઝપટ વાગે. ભાઈ! એમાં તને અણગમો જો હોય તો ભગવાન કહે છે કે એની પ્રશંસામાં અને અનુકૂળતામાં તને રાગ પડ્યો જ છે. એ દ્વેષના પેટામાં રાગ પડ્યો છે અને રાગના પેટામાં દ્વેષ પડ્યો છે. મિથ્યાત્વના દ્વેષ અને રાગની વાત ચાલે છે આ.

મુમુક્ષુ :- એની અસ્થિરતા...

ઉત્તર :- એની અસ્થિરતા હોય તો.. એ તો જ્ઞેયમાં જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે એણે પોતાની તપાસ પણ કોઈ દિ' ન કરી. હું ક્યાં છું? શું કરું છું? આનું શું ફળ આવશે? સમજાણું કાંઈ?

કહે છે. શું કહે જુઓ, '**પહેલાં તો આત્માને જાણે..**' જોયું! આહા..હા..! '**કે..**' જુઓ, આ ન્યાય મૂક્યો છે અંદર. '**આ જાણનારો અનુભવમાં આવે છે...**' જે કાંઈ જ્ઞાનની પર્યાયમાં, અનુભવમાં જાણવામાં આવે છે એ જાણનારો અનુભવમાં આવે છે, જાણનારો અનુભવમાં આવે છે. રાગ ને પુણ્ય ને શરીર એ અનુભવમાં આવતું નથી. આહા..હા..! જાણનારો આ અનુભવમાં આવે છે. સમજાણું કાંઈ? '**તે હું છુ.**' રાગ અને પુણ્યના ભાવ અને શરીર આદિની સામગ્રીની સંયોગનું અસ્તિત્વ, એ વખતનો જે ખ્યાલ આવે છે એ ખ્યાલ એ ચીજનો નથી. એ વખતનો ખ્યાલ જાણનારનો ખ્યાલ છે એ. પણ એવી એને દૃષ્ટિ થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાંથી પ્રવાહ આવે છે એ કોણ છે આ તે? એમ જેને બેઠું તે હું છું. એમ જેને અનુભવમાં બેઠું એને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. આહા..હા..!

માર્ગ આવો છે ભગવાન! આહા..હા..! એ લાખ બધા માનનારા હોય, અભિનંદન મોટા આવડા આપ્યા હોય, મોટા રૂપાના .. સર હુકમીચંદને આપેલા. રૂપાના શેઠને. એ આત્માને શરણ છે? અહીં તમારે બહુ નાખ્યા જુઓને ચારેકોર લટકાવ્યા છે અભિનંદન. એ તો જડની પર્યાય છે. એમાં આવ્યું શું તારે? આહા..હા..! કાગળોમાં વાંચીને અનુકૂળતાનો શબ્દ હોયને. આહા..હા..! મારે માટે એવું લખ્યું છે. તું અહીં જો. શબ્દમાં તું ગયો. એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! અહીં તો કહે છે કે એ જાણનારો અનુભવમાં આવે છે એમ અંતરમાં જાણનારો અનુભવમાં, જ્ઞાનના અનુભવમાં આવે છે એ જાણનારો આવે છે, એ જાણનારો આવે છે. એમ દૃષ્ટિ થાય ત્યારે એને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ? આ રાગ અને શરીરને એ સંબંધીનો પ્રકાર પડે છે એ કાંઈ એને લઈને નથી. એ તો એનો પોતાનો પર્યાયનો ધર્મ છે એનાથી એ સ્વપરપ્રકાશકની પર્યાયમાં .. થાય. છતાં એને એમ થઈ ગયું છે કે આ ખ્યાલ આવે છે, આ ખ્યાલ આવે છે, આને જાણું છું. એ પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે.

'**આ જાણનારો અનુભવમાં આવે છે...**' શબ્દ બહુ સારો મૂક્યો છે. '**જાણનારો અનુભવમાં આવે છે...**' જાણવામાં આવે છે એ જાણનારો જાણવામાં આવે છે, જાણનારો જાણવામાં આવે છે. રાગાદિ જાણવામાં આવે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? આવો માર્ગ. એ માર્ગની રીતની ખબર ન મળે અને બહારથી ધમાધમ. અને એમાં માની બેસે કે આપણને કલ્યાણ થઈ જશે. ભાઈ! રાગથી અને વિકલ્પથી, પરથી નિવૃત્ત સ્વરૂપ એ તારું છે. એવું જ્યારે એને ભાન થાય, પરપ્રત્યેની બુદ્ધિ ઉડી જાય ફટ દઈને. ચાહે તો ઈન્દ્રના ઈન્દ્રાસન હોય ત્યાં એની બુદ્ધિ રહે નહિ. '**પહેલાં તો આત્માને જાણે કે...**' શું જાણે? કે આ જાણનારો, આ જાણનારો આત્મા. '**આ જાણનારો અનુભવમાં આવે છે. તે હું છું.**' સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ આમ ફરમાવતા હતા એ સંતો કહે છે. એ પ્રત્યક્ષ તો એને બધા પ્રદેશે-પ્રદેશે ગુણે ગુણ અને પર્યાય જોયા છે. નીચે અનુભવમાં આવે, પણ કાંઈ બધું પ્રદેશ અને આ બધા એમ પ્રત્યક્ષ થાય નહિ. કહે છે કે '**આ જાણનારો...**' આ જાણનારો.

મુમુક્ષુ :- જાણનારો...

ઉત્તર :- દ્રવ્ય. આત્મા ભાષા શું છે જુઓને. બહુ સરસ.

'**પહેલાં આત્માને જાણે કે...**' એમ શબ્દ છેને? '**આત્માને જાણે કે આ જાણનારો તે અનુભવમાં આવે છે...**' માર્ગ એવો છે, બાપા! આહા..હા..! જેના જન્મ-મરણ બળી જાય, એને પરમ આનંદ પ્રાપ્તિ થાય એના માર્ગ તો કોઈ અલૌકિક હોયને. સાધારણમાં નાખી દે બાપા અવતાર વયા જશે. આવો અમુલ્ય અવતાર એ બહાર આળપંપાળમાં ચાલ્યો જાય

છે. સમજાણું કાંઈ? '**આત્માને જાણે કે...**' એમ શબ્દ આવ્યો છેને. બહુ સરસ લખ્યું છે. '**આ જાણનારો...**' તો આ કોણ થયું? આત્મા. '**જાણનારો અનુભવમાં આવે છે...**' એ જ્ઞાનના અનુભવમાં જણાય છે. જાણનારો જણાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**તે હું છું.**' સમજાવું છું તો એમ સમજેને. ત્યાં તો આ હું છું એવો વિકલ્પ પણ ક્યાં છે ત્યાં? પણ સમજાવામાં શું આવે? આહા..હા..! એ દેહ છૂટવાના કાળે ચારેકોરથી આંતરડા અને .. ફેરફાર... ફેરફાર... એ બધા ઉપદેશક કહે પણ ઉપદેશને લે કોણ? આહા..હા..! એ તો ઉપદેશસહિત લક્ષ આત્માનું છે. એમ છે એને જોઈ વ્યવહારથી કરે એને ઉપદેશનું નિમિત્ત છે એમ કહે છે. બાકી કાંઈ ઉપદેશને લઈને સ્થિર થાય છે? પણ શૈલી તો એવી હોયને વ્યવહારની. સમજાણું કાંઈ?

ભાઈ! તું વિકલ્પ કરે છો કે મને અનાજ, પાણી... પાણી... પ્રભુ! એવા અનંતા જળના દરિયા પીધા, પણ ક્યાંય સંતોષ ન થયો અને એવી તૃષા તો અનંતવાર તે વેઠી છે. સમજાણું કાંઈ? તને એમ લાગતું હોય કે આ જરી દુઃખ થયું, સગવડતા થોડી છે, પાણી .. આ ગોળામાં તૈયાર, તૃષ્ણા માટે પંખા તૈયાર. આહા..હા..! ચોમાસા માટે વચલો ઓરડો તૈયાર. ખાવા માટે ઉની-ઉની રોટલી અને કારેલાનું શાક તૈયાર. અત્યારે તો ઓલા કાંઈક ઠંડુ કરે છે શું? હા એ નામ પણ આપણને આવડે નહિ. ઠંડી વસ્તુ ત્યાં. આહા..હા..! ધૂળેય ઠંડુ.. જ્યાં અંદરથી શરીરની ઠંડી જ્યાં પ્રતિકૂળ પરિણમી ત્યાં તો એ ઠંડુ શું કરે અને ગરમ શું કરે ત્યાં? અને અનંતગુણી ગરમી જ્યાં પરિણમી અહીંયાં એમાં શોષે ઓલામાં અંદર ઠંડીમાં. થાતી હશે ઠંડી? આહા..હા..! અગ્નિની જેમ પરમાણુ પરિણમે આ બધા. એકે એક. બાપુ! એ તું નહિ. તારામાં નહિ, તું તો જાણનારો અને જાણવામાં, જાણનારો જાણવામાં આવે તે તું છો. આહા..હા..! જાણવામાં બીજી ચીજ આવે એ નહિ. સમજાણું કાંઈ?

'**તે હું છું. ત્યાર બાદ...**' એમ છે. આત્મા છેને. .. એ ભાવ. ભાવમાં તો કાંઈ પછી .. પણ એમ ભાવમાં સાથે આ છે આ પ્રતિકૂળ. આ ભાન થયું કે આ આત્મા. એકલો જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... એમાં કોઈ બીજી ચીજ જ નથી. જાણનારો જણાય છે. પરજ્ઞેય જણાતું નથી. આહા..હા..! એ આગળ આવે છેને. જ્ઞેય તું, જ્ઞાન તું, જ્ઞાતા તું. નહિ? કળશ એક આવે છે. કરતાં-કરતાં. ઓલા .. આવે છે માટે કરતાં-કરતાં.. કળશ છે બધો. જ્ઞેય તું, જ્ઞાન તું અને જ્ઞાતા પણ તું. જ્ઞેય પર છે. આવે છેને. એ કળશ. આંકળો બહુ ખબર ન હોય. ભાવ મગજમાં હોય. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ત્યાર બાદ તેની પ્રતીતિરૂપ...**' એટલે જાણ્યાની પ્રતીતિ એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? જાણવામાં આવ્યો કે આ આત્મા એકલો જ્ઞાનનો રસકંદ છે. એ ચૈતન્યની મૂર્તિ એકલી વીતરાગ કંદ જ પ્રભુ છે. એવું જેને અંતર જ્ઞાન સ્વસન્મુખનું થયું ત્યારે એને ખ્યાલ આવ્યો

કે ઓહો..! આ આત્મા એવી એને પ્રતીતિ થઈ. સમજાણું કાંઈ? આ નવ તત્ત્વની પ્રતીતિ અને દેવ-ગુરુની પ્રતીતિ એ બધું કાઢી નાખ્યું આ. આહા..હા..! '**ત્યાર બાદ તેની પ્રતીતિરૂપ શ્રદ્ધાન થાય;...**' એટલે કે જાણ્યાની શ્રદ્ધા થાય છે. એમ કહેવું છે. '**વિના જાણ્યે શ્રદ્ધાન કોનું?**' જોયું! એ વસ્તુ જ અંતર જ્ઞાનમાં ભાસી નથી, પોતાના જ્ઞાનમાં આ ચીજ શું છે આત્મા એ જ્ઞાનમાં જ આવ્યો નથી, ભાસ્યો નથી, એની શ્રદ્ધા શું? એ શ્રદ્ધાન કોનું? આહા..હા..! કાલે નહોતું કહ્યું એ લક્ષણ અને શ્રદ્ધા કરે પછી હાથી નીકળે તો કહે આ મચ્છર આવ્યો. આહા..હા..! કેરી કોઈ દિ' જોઈ ન હોય એને મોટા બોર આવે તો એને કેરી લાગે. કેરીમાં સુગંધ કેવી હોય? એની છાલનો રંગ જાત કેવી હોય? એ પછી લીલી હોય, કાંઈક પીળી હોય, વળી પછી લાલ પણ છેલ્લે હોય જરી. ગુલાબી થઈ જાય છેને છેલ્લે? એમ કોઈની એકલી વળી લીલી હોય, કોઈની એકલી પીળી હોય, પણ એ સુગંધ અને એનો આકાર જાણ્યો ન હોય, તો .. તો મોટું બોર આવે તો કહે આ કેરી આવી જુઓ. જેણે જાણ્યો નથી એની પ્રતીત શી? આહા..હા..! તો પહેલામાં પહેલું એણે આ કર્તવ્ય કરવાનું છે. બીજા ભાંગજડ છોડી, સમજાણું કાંઈ? એને વિના જાણ્યે શ્રદ્ધાન કોનું? એ ચીજ જાણવામાં પોતાના ખ્યાલમાં પોતાને જ્ઞેય તરીકે ભાસી જ નથી. એને શ્રદ્ધાન કોનું?

'**પછી સમસ્ત અન્યભાવોથી ભેદ કરીને...**' પછી સમસ્ત અન્યભાવ. કારણ કે જાણવામાં આવ્યો કે આ તો જાણનાર... જાણનાર... જાણનાર... એ આત્મા અને એ જ્ઞાનમાં જણાણું એની શ્રદ્ધા થઈ હવે એ સમસ્ત અન્યભાવોથી ભેદ કર્યો. રાગાદિ વિકલ્પથી '**અન્યભાવોથી ભેદ કરીને પોતામાં સ્થિર થાય.**' આહા..હા..! એ સ્વરૂપનું જ્ઞાન અને શ્રદ્ધા થઈ ત્યારે રાગાદિ મારામાં નથી એવું ભાન થયું એવા સ્વરૂપમાં ઠરે એનું નામ ચારિત્ર છે. આ ચારિત્ર. અરેરે! સમજાણું કાંઈ? તારા પંથની તો આ રીત છે, પ્રભુ! એને બીજી રીતે કહે તો એને રાજી થઈ જાય. જેમાં નુકસાન થાય અને એમાં રાજી થાય. શું થાય? કોણ કોને કહે? સમજાણું કાંઈ? આમાં આવો ભવ મળ્યો, ભાઈ! માંડ ઊંચું થવાનો, રાગ અને વિકલ્પ અને એક વિકલ્પથી એક સમયની પર્યાયથી અધિક થવાનો કાળ હતો. ભિન્ન પડવાનો કાળ છે. એને અંદર પડ્યો ભિન્ન એમાં ઠરવું એનું નામ ચારિત્ર, પણ હજી ભિન્ન જ પડ્યો નથી, ધ્યાન જ થયું નથી એ બધા વ્રત ને તપ કરવા માંડે એને ત્યાગનું અભિમાન મિથ્યાત્વ સેવાય છે. આહા..હા..! કહો, શેઠ! આહા..હા..! માર્ગ આ તો બાપુ માર્ગ તો આ છે. તું ન કરી શકે એથી બીજું નહિ કરવાલાયકમાં માની લેવું. એ કાંઈ ન્યાય કહેવાય?

કહે છે કે આત્મા એકલો ભગવાન જ્ઞાનસ્વભાવી જાણનારો જાણવામાં આવી ગયો છે અને એની પ્રતીત થઈ કે આ જ આત્મા, એમાં પુણ્ય ને પાપ ને વ્યવહાર એ આત્મા નહિ. એનો ભેદ થઈ ગયો હવે. '**સમસ્ત અન્યભાવોથી ભેદ કરીને પોતામાં સ્થિર**

થાય.’ તો પોતે તો જાણનારો અનુભવમાં આવ્યો એ જાણનારો છે. એમાં સ્થિર થાય, રમે, લીન થાય એને ભગવાન ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? આના ભાન વિના એકલા પાંચ મહાવ્રતના વિકલ્પ એ બધો અજ્ઞાનભાવ છે. આહા..હા..! કારણ કે એમાં જ્ઞાનનો ભાવ નથી. સમજાણું કાંઈ? વાતમાં તો જે હોય એ આવેને. પંડિતજી! બીજું છે નહિ. માર્ગ આવો છે, ભાઈ! બીજે રસ્તે ચડી જાય અને માને કે આપણે માર્ગ કપાય છે. એ કે દિ’ માર્ગને પામે? આહા..હા..!

એ ‘**સમસ્ત અન્યભાવોથી...**’ જોયુંને? સમસ્ત અન્યભાવ એટલે કોઈપણ વિકલ્પ. મહાવ્રતનો હો કે અપવાસનો હો, એ વૃત્તિઓ બધી પર છે. એ સમસ્ત ભાવોનો ભેદ કરીને સ્વરૂપમાં ઠરે, પોતામાં એટલે જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન આત્મા એમાં સ્થિર થાય, અતીન્દ્રિય આનંદનું ઉગ્ર વેદન, સંવેદન થાય એને ચારિત્ર કહે છે. ‘**એ પ્રમાણે સિદ્ધિ છે.**’ આ પ્રમાણે મુક્તિની સાબિતી આ રીતે છે. મવાણી! આહા..હા..! આવો માર્ગ છે. ઓહો..! સંતોએ તો કરુણા કરીને જગતને આ દેખાડ્યું. એને એમ જ થાય કે મારે આ શું? આવો માર્ગ! નિશ્ચય વ્યવહાર તો આમાં આવ્યો નહિ કાંઈ. વ્યવહારનું સાધન હોય ત્યારે નિશ્ચય પમાય કે એમ ને એમ પમાતા હશે? ભગવાન! તું ડાહ્યો થયો. આહા..હા..! આમ જ ડહાપણ કર્યું છે અનાદિથી. ખોટા ડહાપણ ડોળ્યા રહી ગયો પોતે. આહા..હા..! ડાહ્યા તારું ડહાપણ આવે છે કે નહિ? ડાહ્યાભાઈ ધોળશાને ભાઈ ઓલું? એનું હતું નાટક? વાંકાનેરના હતાને? ડાહ્યાભાઈ ધોળશા હતા. અમદાવાદના? એના નાટક જોયા હતા. ૬૭માં. પછી એવું સાંભળ્યું હતું કે અહીં હતા .. મરવા પડ્યા નાટક બહુ બનાવેલા. મરવા પડ્યા ત્યારે ‘ડાહ્યા તારું ડહાપણ ત્યારે કહીએ કે અત્યારે શાંતિથી મરણ થાય તો’ તે બધા નાટક બાટક રાખ્યા થોથેથોથા છે તારા. તે દિ’ હોં ૬૫-૬૬ની વાત છે. એક રાતના ૧૫૦૦ રૂપિયા લેતા. તે જમાનામા. આઠ દિ’માં ત્રણ પાડતા. એના વાર હતા ભૂલી ગયા ઘણા વખતથી. આઠ દિ’માં ત્રણવાર. ત્રણવારમાં સાડા ચાર હજાર, પાંચ હજાર રૂપિયા આવે. આઠ દિ’માં. તે કાળે હોં! એવું એનું નાટક મોટું. ભરૂચમાં હતું ભરૂચમાં. આહા..હા..! એ કાંઈ ડહાપણ છે? નાટક બનાવ્યા અને દુનિયાને ખેલ કર્યા, પૈસા ભેગા થયા એ કાંઈ ડહાપણ છે? એય..! શેઠ! નહિ. ગાંડપણ છે, પાગલ છે કહે. આહા..હા..! ઝેર પીવે એને વ્યવહાર કુશળતા કહેવાય. સમજાણું કાંઈ? આહા..હા..! જેની કુશળતા કલ્યાણમાં કામ આવે એ કુશળતા કહેવાય. મૂળચંદભાઈ! આહા..હા..!

કહે છે, ‘**પણ જો જાણે જ નહિ,...**’ નાસ્તિથી વાત કરી. .. હતાને. ‘**તો શ્રદ્ધાન પણ ન થઈ શકે;...**’ જે ચીજ જ જણાણી નથી, આત્મા આ છે, આત્મજ્ઞાન થયું નહિ બીજી બધી માંડી. આહા..હા..! સમજાણું કાંઈ? ‘**જો જાણે જ નહિ, તો શ્રદ્ધાન પણ ન થઈ શકે;...**’ જાણે નહિ તો શ્રદ્ધા થઈ શકે નહિ. અનુભવે નહિ એમ જાણે

નહિ એટલે. જાણે એટલે નહિ. '**તો સ્થિરતા શામાં કરે?**' કે ચારિત્ર તો એને શેમાં હોય? અરે! આ સંતો કહે છે એને સાંભળતો પણ નથી મારો. પોતાના સ્વચ્છંદને પોષવા એ નિશ્ચયના કથન... નિશ્ચયના કથન. પણ વ્યવહારના સાધન પાછા કહ્યા છેને. પંચાસ્તિકાયમાં કહ્યું છે, છ ઢાળામાં કહ્યું છે. બાપુ! એ તો એ વખતે એની ભૂમિકા નિશ્ચય સાધકમાં એવા રાગની મંદતાનો ભાગ હોય છે એવું એમાં જ્ઞાન કરાવ્યું છે, ભાઈ! અને વ્યવહારથી એને હેતુને કારણ કહે. વસ્તુ એ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- .. પકડ્યા વગરનો રહી ગયો.

ઉત્તર :- પકડ્યા વિનાનો રહી ગયો. અરે! આહા..હા..! કેટલીવાર મર્યો, તારી માને એક જ દીકરો. એટલીવાર મર્યો કે તારી માના આંસુડાના મોટા દરિયા ભરાય. સ્વયંભૂરમણ સમુદ્ર. એમ કહે લ્યો. આવે છેને ભરત..માં. .. જ્યારે દીક્ષા લે છે. રાણીને એક જ દીકરો હોય એને. ભરત બહુ ધ્યાન ન રાખે. તો રાણી કહે કે પણ તમારે ઘણાં, પણ મારે એક હતોને આ. આ ચાલ્યો જાય છે આ. સમજાણું કાંઈ? કોને દીકરા? એ મા .. આહા..હા..! એક બાયનું જોયું હતું છોકરો જુવાન. પરણવાની તૈયારી. શું કહેવાય? પગનો ભાગ હોયને. આ પાની નહિ આ ઘૂંટણ-ઘૂંટણ. આ ઘૂંટણ નહિ ઘૂંટી ભાઈ! આ ઘૂંટી. ત્યાં ક્ષય થયેલો. આ ઘૂંટી નહિ આ? એ. ત્યાં કાણું પાડેલું. મેં જોયેલું ત્યાં. ત્યાં કાણુ પાડેલું રસી નીકળે. આહા..હા..! પછી મરી ગયો. અમે બેઠા હતા અપાસરામાં. નીકળ્યો આમ પછાળા મારે છે બહાર. આ ઘૂંટી કહેવાયને? ઘૂંટી કહે છેને? નાભી નહિ. પગની. એ. હાડકું. એ. ત્યાં ક્ષય થયેલો. કાણું પડેલું. રસી નીકળે. રસી નીકળતા ક્ષય લાગુ પડેલો. જુવાન માણસ. અરે ભગવાન! એવા તો અનંતી તારી માએ વેદન કર્યા અને અનંતવાર મરી ગયો, પણ કોઈ દિ' આત્મા શું એને જાણ્યો નહિ. આહા..હા..!

'**તેથી બીજી રીતે સિદ્ધિ નથી એવો નિશ્ચય છે.**' બીજો કોઈ પ્રકાર નથી હોં કહે. એક ભગવાન આત્માનું જ્ઞાન એની શ્રદ્ધા અને સ્થિરતા એ સિવાય કોઈ છે નહિ. જો કોઈ કહેતા હોય તો એ છેતરાઈ જશે હોં. નહિ મળે એને આત્મા હોં. નહિ મળે એને શરણ. નહિ થાય એને શાંતિ, નહિ ટળે એની અશાંતિ. આહા..હા..! આખું શરીર સડે, આમ થાય. જુઓને કોકને અહીં મણકા ખસે છે. કોકને કેડનો મણકો ખસે. મણકો સમજ્યાને? હાડકાનો મણકો હોયને હાડકાનો ભાગ? હમણા એક છોકરો નહોતો આવ્યો લાઠીથી. એને મણકો અહીં ખસી ગયો હતો. આ ભાઈનો છોટાભાઈનો. આહા..હા..! બાપુ! એ તો જડની પર્યાય હોં! એ એમાં તું નહિ, એ તારા નહિ. તને એ પ્રતિકૂળતા પણ નહિ. માનીને બેસે કાંઈકનું કાંઈક અને પછી દુઃખ થાય. અરે! આ જ એક ઉપાય છે હોં, બીજો કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :- આવું ભેદજ્ઞાન કેમ થાય?

ઉત્તર :- કર્યું નથી, કરતો નથી અને સાંભળવા મળ્યું નથી. આ તમે તો મોટા શેઠિયા હતાને ત્યાં. આ પણ શેઠિયા બધા ઘણા. અમારે રામજીભાઈ શેઠિયા છે ત્યાં. અમારે ઝવેરભાઈ હતા. ક્યાં ગયા. આ આફ્રિકાના શેઠિયા લ્યો! આ પૈસાવાળા છે બધા ૬૦-૬૦ લાખ, ૭૦ લાખ અને ૮૦ લાખને. ધૂળ એવા બધા પૈસાવાળા છે. ધૂળેય નથી એમાં કાંઈ. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન તારા આશ્રય વિના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રને તારો આશ્રય મળ્યા વિના કોઈ રીતે મુક્તિ નથી. સમજાણું કાંઈ? ત્યારે તું કોણ છો એને જાણ્યા વિના આશ્રય મળે શી રીતે? આહા..હા..! વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરો આમ અનંતકાળથી પોકાર કરી રહ્યા છે. સમજાણું કાંઈ? પણ કોઈ કોઈ બહાને કરીને મારો ખસી ગયો છે ત્યાંથી. કોઈપણ બહાનું કાંઈક ને કાંઈક, કાંઈક ને પણ વાત એની એ દશા જે અનાદિની એમાં રોકાઈ ગયો છે. સમજાણું કાંઈ?

## શ્લોક-૨૦

(मालिनी)

कथमपि समुपात्तत्रित्वमप्येकताया
अपतितमिदमात्मज्योतिरुद्गच्छदच्छम्।
सततमनुभवामोऽनन्तचैतन्यचिह्नं
न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः।।२०।।

ननु ज्ञानतादात्म्यादात्मा ज्ञानं नित्यमुपास्त एव, कुतस्तदुपास्यत्वेनानुशास्यत इति चेत्, तन्न, यतो नखल्वात्मा ज्ञानतादात्म्येऽपि क्षणमपि ज्ञानमुपास्ते, स्वयम्बुद्धबोधितबुद्धत्वकारणपूर्वकत्वेन ज्ञानस्योत्पत्तेः। तर्हि तत्कारणात्पूर्वमज्ञान एवात्मा नित्यमेवाप्रतिबुद्धत्वात्? एवमेतत्।

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- આચાર્ય કહે છે કેઃ [अनन्तचैतन्यचिह्नं] અનંત (અવિનશ્વર) ચૈતન્ય જેનું ચિહ્ન છે એવી [इदम् आत्मज्योतिः] આ આત્મજ્યોતિને [सततम् अनुभवामः] અમે નિરંતર અનુભવીએ છીએ [यस्मात्] કારણ કે [अन्यथा साध्यसिद्धिः न खलु न खलु] તેના અનુભવ વિના અન્ય રીતે સાધ્ય આત્માની સિદ્ધિ નથી. કેવી છે આત્મજ્યોતિ? [कथम् अपि समुपात्तत्रित्वम् अपि एकतायाः अपतितम्] જેણે કોઈ

પ્રકારે ત્રણપણું અંગીકાર કર્યું છે તોપણ જે એકપણાથી ચ્યુત થઈ નથી અને [अच्छम् उद्गच्छत्] જે નિર્મળપણે ઉદય પામી રહી છે.

ભાવાર્થ :- આચાર્ય કહે છે કે જેને કોઈ પ્રકારે પર્યાયદષ્ટિથી ત્રણપણું પ્રાપ્ત છે તોપણ શુદ્ધદ્રવ્યદષ્ટિથી જે એકપણાથી રહિત નથી થઈ તથા જે અનંત ચૈતન્યસ્વરૂપ નિર્મળ ઉદયને પ્રાપ્ત થઈ રહી છે એવી આત્મજ્યોતિનો અમે નિરંતર અનુભવ કરીએ છીએ. આમ કહેવાથી એવો આશય પણ જાણવો કે જે સમ્યગ્દષ્ટિ પુરુષ છે તે, જેવો અમે અનુભવ કરીએ છીએ તેવો અનુભવ કરે. ૨૦.

ટીકા :- હવે, કોઈ તર્ક કરે કે આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપે છે, જુદો નથી, તેથી જ્ઞાનને નિત્ય સેવે જ છે; તો પછી તેને જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે? તેનું સમાધાન : તે એમ નથી. જોકે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે તોપણ એક ક્ષણમાત્ર પણ જ્ઞાનને સેવતો નથી; કારણ કે સ્વયંબુદ્ધત્વ (પોતે પોતાની મેળે જાણવું તે) અથવા બોધિતબુદ્ધત્વ (બીજાના જણાવવાથી જાણવું તે)-એ કારણપૂર્વક જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. (કાં તો કાળલબ્ધિ આવે ત્યારે પોતે જ જાણી લે અથવા તો કોઈ ઉપદેશ દેનાર મળે ત્યારે જાણે-જેમ સૂતેલો પુરુષ કાં તો પોતે જ જાગે અથવા તો કોઈ જગાડે ત્યારે જાગે.) અહીં ફરી પૂછે છે કે જો એમ છે તો જાણવાના કારણ પહેલાં શું આત્મા અજ્ઞાની જ છે કેમ કે તેને સદાય અપ્રતિબુદ્ધપણું છે? તેનો ઉત્તરઃ એ વાત એમ જ છે, તે અજ્ઞાની જ છે.

## શ્લોક-૨૦ ઉપર પ્રવચન

'હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—' લ્યો! વસંતીલાલજી! આહા..હા..! ૨૦મો કળશ.

(मालिनी)

कथमपि समुपात्तत्रित्वमप्येकताया
अपतितमिदमात्मज्योतिरुद्गच्छदच्छम्।
सततमनुभवामोऽनन्तचैतन्यचिह्नं
न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः।।२०।।

આહા..હા..! 'અનંત ચૈતન્ય જેનું ચિહ્ન છે...' બેહદ જેનું જ્ઞાનલક્ષણ છે. પુણ્ય ને

પાપ ને રાગ એ કાંઈ એનું લક્ષણ નથી. એ તો દોષ છે. એ કાંઈ એનું લક્ષણ નથી. સમજાણું કાંઈ? અનંત ચૈતન્ય ચિહ્ન. '**અનંત (અવિનશ્વર)...**' જેનું લક્ષણ જ્ઞાન અવિનશ્વર જે ઘણું બહોળું જ્ઞાન છે. આ લક્ષણની પર્યાયની વાત ચાલે છે હોં. '**ચૈતન્ય જેનું ચિહ્ન છે...**' ભગવાન આત્મા એનું બેહદ અનંત ચૈતન્ય જેનું લક્ષણ છે. સમજાણું કાંઈ? અનંતની વ્યાખ્યા.. બહુ જ્ઞાન એવું કર્યું અનંત છે ખરુંને એટલે. લક્ષણ છે ખરુંને એટલે. ત્યાં કર્યું છે. કળશટીકામાં. એને અનંત જ રાખ્યું છે. એવું છે મારામાં. કેટલામો પાઠ છે? ૨૦. અનંત. અનંત. અતિ ઘણું જ્ઞાન છે એમ લખ્યું. અનંત લક્ષણ બતાવવું છેને. વસ્તુ તો ત્રિકાળ છે, પણ એનું ચિહ્ન-લક્ષણ બતાવવું છેને. એટલે અનંત કહીને પછી અર્થ કર્યો છે. અતિ બહુ, '**અતિ ઘણું જ્ઞાન છે...**' લક્ષણ જ્ઞાન છે. '**અતિ ઘણું જ્ઞાન છે લક્ષણ જેનું...**' આ તો એક ઓલું લક્ષણ બતાવવું છેને ભાઈ! એટલે ઓલો ત્રિકાળી સ્વભાવ તો અનંત અપાર છે, પણ આ જરી અનંતને .. છે. લક્ષણ લેવું છેને. એટલે જરી અનંતમાં આ અર્થ કર્યો છે .. હેતુ.

મુમુક્ષુ :- ઓલું તો પૂર્ણ...

ઉત્તર :- ઓલું અનંત તો પૂર્ણ છે અંદર. એવું તો પર્યાય લક્ષણ તો એવું ન હોય. લક્ષણ તરીકે ભલે પૂર્ણ છે, પણ જ્ઞાન છે એ તો પર્યાયમાં નથી. અને એ ચિહ્ન છે આત્માનું એમ કહેવું છે. એના વડે આત્મા જણાય. સમજાણું કાંઈ?

'**ચૈતન્ય જેનું ચિહ્ન છે એવી...**' '**इदम्**' '**આ આત્મજ્યોતિને...**' આહા..હા..! ભગવાન આત્મા. 'આ...' છેને? '**इदम्**' વર્તમાન જ્ઞાનલક્ષણના ચિહ્ન વડે એ '**આ આત્મજ્યોતિ...**' જણાય એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? '**આ આત્મજ્યોતિ...**' આત્મ પ્રકાશ. અનંત જેનું જ્ઞાનલક્ષણ છે એવું આ આત્મપ્રકાશ, ત્રિકાળી આત્મપ્રકાશ, આત્મજ્યોતિ. '**सततम् अनुभवामः**' આચાર્ય ભગવાન પોતાની વાત નાખતા કહે છે. આહા..હા..! '**અમે નિરંતર અનુભવીએ છીએ...**' પ્રત્યક્ષ આત્માને વેદીએ છીએ કહે છે. આહા..હા..! જુઓ, આ ચારિત્રસહિતનો અનુભવ. સમજાણું કાંઈ? એ આત્મા બાત્માની વાત પડી રહી, પછી આ કરો ને આ કરો. બધા શેઠિયા પછી હા.. હા.. કરે અને મૂળચંદભાઈ! વાત સાચી. ખ્યાલ ન હોય, ખબર ન હોય. તમારા બૈરા ત્યાં અગ્રેસર હતા. પણ ખબર ન હોય તો શું કરે? આ અમારા ભગવાનદાસ શેઠ પણ ત્યાં મોટા હતાને. સમાજ ભૂષણ આ બેય જણા. સમાજ ભૂષણને. આહા..હા..! બાપુ! મારગડા તારા જુદા ભાઈ! તને મળ્યા નથીને. એથી પછી ક્યાંક ક્યાંક સલવાયો એને.

એક .. નથી તમારે કાર્યકારી? એક ઊંટ છે. એમાંથી નીકળે તો મૂર્તિ થઈ જાય. વળી એ માર્યા ગપ્પ. એક છે. ઘણા વર્ષ પહેલા ગયેલાના. પહેલાવહેલા હોં સંસારમાં ગયેલા ત્યારે. એક ઊંટ છે ઊંટ. પુણ્ય-પાપની બારી લ્યો ઠીક! ગપે ગપ્પ માર્યા છે. ઊંટ કહે છે. ઊંટ

સમજો છો? એમાંથી નીકળી જાય જાવ પુણ્ય-પાપ મટી ગયા. એનો અર્થ કે ઊંટીયું છે આ પુણ્ય-પાપ મારા માન્યા એ ઊંટીયું એમાંથી નીકળી જા તો મુક્તિ થાય. છે. આ છે. પહેલા જોયેલું હોં. એ પછી કોણ જોવા ગયું છે. .. જોવા જઈએ છીએ. .. નથી એને. ... આહા..હા..! અમે આ ભગવાન આત્મા. જુઓ આ છદ્મસ્થ મુનિ છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને બિરાજે છે. કેવળજ્ઞાન નથી. સમજાણું કાંઈ? છતાં અમે આ '**નિરંતર...**' સતત. આત્માને પ્રત્યક્ષ વેદીએ છીએ. આહા..હા..! અમારું પ્રત્યક્ષ વેદન છે. રાગ અને વ્યવહારનું વેદન અમારું નથી. અરેરે! આવી એના ઘરની વાત એને મળે નહિ. તો ઘરે જાય ક્યાંથી? પરઘરની વાતું રખડી-રખડીને મરી ગયો. આહા..હા..! ભક્તિમાં છે કે નહિ એ? ... 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે, પર ઘર ભ્રમત બહુત અનેક નામ ધરાયે' અમે પુણ્ય કરનારા, અમે પાપ કરનારા, અમે નારકી, અમે દેવ, અમે શેઠિયા, અમે ગરીબ અને અમે દરિદ્ર. અરેરે! આ બધા નામો .. ભાઈ! તારા નિજઘરનું એ સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

કહે છે '**અમે નિરંતર...**' ભાન થઈ જાય? છદ્મસ્થને આમ ભાન થઈ જાય? મુનિ છદ્મસ્થ છે. કામ ન થાય ત્યારે કહે છે કે આ આત્માથી જણાણું તો ભાન ન થયું? આહા..હા..! જ્ઞાનમાં આવ્યો, જાણવામાં આવ્યા વિના આ તરફ જણાણો? આહા..હા..! ભગવાન કહે તો અમે અનુભવીએ છીએ એમ કહ્યું છે? '**અમે નિરંતર અનુભવીએ છીએ...**' સમજાણું કાંઈ? અમારી દૃષ્ટિ ધ્રુવ ઉપર ત્રિકાળ છે અને એને લઈને જ્ઞાનમાં આત્માનું જ વેદન છે. વ્યવહાર વિકલ્પનું વેદન એ અમને નહિ, અમારું નહિ, અમારામાં નહિ. આહા..હા..! જુઓ આ ચારિત્રદશા. સમજાણું કાંઈ? એને ચારિત્રને કરી નાખ્યું, પામર જેવું કરી નાખ્યું. આહા..હા..! અરેરે! એની કિંમતું ન પાકી તને .. હોં. કાં બહુ દુઃખ સહન કરવું પડે એને ચારિત્ર કહેવાય, એ ચારિત્ર જ ન કહેવાય. દુઃખ સહન કરવું તો દુઃખ તો આર્તધ્યાન છે. આહા..હા..! અંતર અતીન્દ્રિય આનંદનું વેદન થાય, ચોથા ગુણસ્થાન કરતાં પાંચમામાં વિશેષ અને છઠ્ઠામાં વિશેષ. એને ચારિત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? છઠ્ઠી ભૂમિકામાં પંચ મહાવ્રતના વિકલ્પ આદિ હો, પણ એ તો વ્યવહારથી જ્ઞાન કરવા લાયક છે. વ્યવહારથી હોં! જ્ઞાન કરવા લાયક એ વ્યવહારથી. આહા..હા..! માર્ગ આવો છે પણ ભારે!

'**અમે નિરંતર અનુભવીએ છીએ...**' અમારા જ્ઞાનમાં આખો ભગવાન જ્ઞેય તરીકે વેદાય છે કહે છે. વેદાય છે પર્યાય પણ આત્માને અનુભવીએ છીએ એમ કહ્યુંને? ઓલો રાગનો જે અનુભવ હતો એ અપેક્ષાએ આત્મા અનુભવીએ છીએ. '**આત્મજ્યોતિને...**' એમ કીધું છેને? આત્મજ્યોતિ એટલે આત્મપ્રકાશ. એને અનુભવીએ છીએ. એનો અર્થ કે રાગનું જે વેદન હતું એ નહિ. એટલે આત્મજ્યોતિનું વેદન છે. એને ધર્મ અને ચારિત્ર કહેવામાં આવે છે. કારણ કે એમ કહીને હવે બીજી વાત કરે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ-૨, મંગળવાર, તા. ૦૧-૦૨-૧૯૭૨**
**ગાથા-૧૭-૧૮, કળશ-૨૦, પ્રવચન-૮૮**

આ સમયસાર. જીવ-અજીવ અધિકાર. કળશ ચાલે છે કળશ. ૨૦મો કળશ છે. કહે છે કે '**અનંત ચૈતન્ય જેનું ચિહ્ન છે...**' જ્ઞાન જેનું લક્ષણ છે. એવું જે ચૈતન્ય એવી આત્મજ્યોતિ. આત્મામાં ચૈતન્ય પ્રકાશને '**અમે નિરંતર અનુભવીએ છીએ...**' અમારો આત્મા શુદ્ધ ચૈતન્ય જ્યોતિ છે એમ બીજાને પણ એમ કહે છે. પોતાનો સ્વભાવ અતીન્દ્રિય આનંદ છે. એને અમે નિરંતર એક સમયનો અંતર પડ્યા વિના વસ્તુની દૃષ્ટિ ત્રિકાળ ઉપર પડી છે માટે એને નિરંતર અનુભવીએ છીએ. જ્ઞાન અને આનંદનો અનુભવ નિરંતર વર્તે છે. આનું નામ મોક્ષમાર્ગ છે. ત્યાં સુધી આવ્યું હતું કાલે. 'કારણ કે...' '**अन्यथा साध्यसिद्धिः न खलु न खलु**' '**તેના અનુભવ વિના અન્ય રીતે સાધ્ય...**' નામ મુક્તિની પ્રાપ્તિ '**આત્માની સિદ્ધિ નથી.**' મુક્તિની પ્રાપ્તિરૂપ સિદ્ધિ એને નથી. કહો, બીજી રીતે નથી. એનો અર્થ છે કે મોક્ષમાર્ગ એક જ છે. સમજાય છે કાંઈ? સિદ્ધાંતોમાં તો બહુ ઘણું આવે છે આમાં. પંચાસ્તિકાય અને (બીજે) મોક્ષમાર્ગ બે પ્રકારે છે, આમ છે. એ તો કથન વસ્તુ કાંઈ બીજી હોય? સિદ્ધાંત એક હોય કે સિદ્ધાંત બે હોય? એ તો કથનની પદ્ધતિ છે. આ ૧૨મી ગાથા છેને. એમાંથી કાઢે છેને. જુઓ, જ્યાં લગી પૂર્ણ સ્વરૂપ ન પ્રાપ્ત થાય અથવા સમકિત ન થાય ત્યાં સુધી આ કરવું. આવે છેને કળશમાં.

મુમુક્ષુ :- ભાવાર્થમાં વધારે આવે છે.

ઉત્તર :- ભાવાર્થમાં છે. ભાવાર્થ આણે નાખ્યું નયચક્રમાં. જુઓ આમાં જયચંદ્ર પંડિત કહે છે. કે ભાઈ! એમ છે કે જો રાગ છે એ ન હોય તો તો સાધક રહેતો નથી. સિદ્ધ થઈ જાય છે અને રાગ છે એનો જો કર્તા થાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. તો નિશ્ચય રહેતો નથી એને કરવું ક્યાં છે એમાં? હોય છે.

મુમુક્ષુ :- લખ્યું નથી કેમ હોય છે તો?

ઉત્તર :- એમ લખ્યું છેને છેલ્લે જાણેલો પ્રયોજનવાન છે પછી પ્રશ્ન શું? પંદરવલુ સોનું પ્રયોજનવાન છે એમ લીધું. તો એનો અર્થ એ કે પંદરવલુ સોનું છે એનું એણે જ્ઞાન કરવું. પ્રયોજનવાન હોય? પ્રયોજવાન હોય તો આખી પૂર્ણ ચીજ જ હોય.

મુમુક્ષુ :- ઓછી હોય એ પ્રયોજનવાન?

ઉત્તર :- પ્રયોજનવાન એ જ કહું છુંને. પ્રયોજન કીધુંને. જાણેલો પ્રયોજનવાન છે.

મુમુક્ષુ :- બજારમાં સો વલું ન મળે તો .. લાવવું.

ઉત્તર :- લાવવાની વાત પણ ક્યાં છે? પંદરવલુ હોય એને પંદરવલુ જાણવું. ચૌદવલું હોય એને ચૌદવલું જાણવું. સોળ વલું હોય તો પ્રાપ્તિ કરવી. આહા..હા..! એવી વાતમાં ગડબડ અહીં અત્યારે ઉભી છે. અહીં તો આ એક જ છે. અનુભવથી મોક્ષનો માર્ગ છે. અહીં તો સિદ્ધિ એનાથી છે.

મુમુક્ષુ :- .. કારણમાં લેશે પાછા બીજા કારણ હોય એમ.

ઉત્તર :- બીજા કારણ એ નથી લેતા. એ તો બીજી વાત છે. કાળલબ્ધિ આવી. નિમિત્ત છે નિમિત્ત. આ જ કારણ છે એને. આહા..હા..! 'અનુભવ રત્નચિંતામણિ અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો અનુભવ મોક્ષસ્વરૂપ.' એને પહેલી હા પણ પડે નહિ આ માર્ગની એને અંદરમાં હાલત કેમ થાય? આહા..હા..! એ અટકે અંદર વ્યવહારથી થાશે અને આનાથી થાશે. રુચિ તો ત્યાં રહી ગઈ છે. સમજાણું કાંઈ? આ હો, રાગ હોય તો છે. પૂર્ણ ન ત્યાં સુધી હોય છે, જો ન હોય તો બાધકપણું નથી તો સાધકપણું પણ નથી. પણ હોય છે એ કર્તા થાય તો સાધકપણું રહેતું નથી. તો એને વ્યવહાર પણ કહેવાતો નથી. આમ વાત છે. સમજાણું કાંઈ?

અહીં તો એક જ વાત ભગવાન આત્મા ભૂતાર્થ ધર્મ. ભૂતાર્થ વસ્તુ તો ભૂતાર્થ છે, પણ એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ જ ભૂતાર્થ ધર્મ છે. વ્યવહારમોક્ષમાર્ગ એ અભૂતાર્થ છે. આવી વાત અંદર ન રુચે તો એ ક્યાં જાય? એમ ને એમ રખડે છે અનાદિથી. ટાણાં આવ્યા ત્યારે ભૂલી ગયો મારો.

મુમુક્ષુ :- એટલે શું?

ઉત્તર :- આ ક્યાંક ક્યાંક સલવાણો. ન સલવાણો તો નયનો પક્ષ છે. વ્યવહારે આમ થાય એવું કહ્યું છે. વ્યવહારે.. એમ કરીને ત્યાં અટક્યો. વ્યવહારે છે એ જાણવાલાયક છે, પણ નિશ્ચય થાય એને. સમજાણું કાંઈ? આવો અનાદિનો માર્ગ છે.

**'अन्यथा साध्यसिद्धिः न खलु न खलु'** જુઓ, આમ તો વાત કરે છે હવે શું છે? નથી... નથી...

મુમુક્ષુ :- એ પહેલા આગળ આવી ગયું છે નથી-નથી.

ઉત્તર :- ઘણીવાર આવી ગયું છે. હા એ ત્રણવાર કહ્યું. આહા..હા..! ભગવાન આત્મા, ભાઈ! તું કોઈ ચીજ છો કે નહિ. ચીજ છે તો એનો કોઈ સ્વભાવ કોઈ પરિપૂર્ણ શુદ્ધ ધ્રુવ છે કે નહિ? અને જે શુદ્ધ ધ્રુવ છે એનું અવલંબન લેતાં જે દશા થાય એને અહીંયાં મોક્ષનો માર્ગ કહે છે. બાકી બધી વાત છે, પણ હવે શું થાય? ..વખત મળે નહિ અને

મળે તો બીજી વાત પેસી ગઈ હોય એટલે આ વાત એવી લાગે એને એકાંત છે રે એકાંત છે. અહીં તો '**अन्यथा साध्यसिद्धिः न खलु न खलु**' નથી... નથી... આહા..હા..! સ્વભાવમાં સાધન છે, વિભાવમાં સાધન છે નહિ. એમ કહે છે.

'કારણ કે...' '**નિરંતર અનુભવીએ છીએ...**' કેમ? કે એના આત્માનો જે સ્વભાવ ચૈતન્ય આનંદ છે, એના અનુભવ વિના એનું પ્રત્યક્ષ સાધ્ય વિના એ મોક્ષમાર્ગ વિના અન્યથા સાધ્ય આત્માની સિદ્ધિ. સાધ્ય જે આત્મા પૂર્ણ મુક્તિ. એની સિદ્ધિ નથી. કહો, સમજાણું કાંઈ? '**કેવી છે આત્મજ્યોતિ?**' '**कथम् अपि समुपात्तत्रित्वम् अपि एकतायाः अपतितम्**' '**જેણે કોઈ પ્રકારે ત્રણપણું અંગીકાર કર્યું છે...**' પર્યાયમાં ત્રણપણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પરિણતિપણે ત્રણ પ્રકાર પડ્યા છે. તોપણ એકપણાથી પ્રતીત થઈ નથી. એકપણું છે માટે તૂટ થઈ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુમાં ત્રણની એકતા, આત્મપણાની એકતા ટૂટી નથી. પરિણમનની અપેક્ષાએ, ભેદની અપેક્ષાએ ભલે કહો ત્રણ. તો વ્યવહારનયથી છે એમ ત્રણપણું એ અભૂતાર્થ નયથી છે. આહા..હા..! પણ વસ્તુ પોતે અંતર્મુખમાં એકાગ્રતામાં ત્રણે એકપણે આવી જાય છે. એમાં ત્રણ જુદા રહેતા નથી. આહા..હા..! એકપણાથી ખસી નથી. ચ્યુત થઈ નથી. અને જે નિર્મળપણે ઉદય પામી રહી છે. એ ત્રણની એકપણામાં તે ઉદય પામી રહી છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે '**अच्छम् उद्गच्छत्**' '**अच्छम्**' એટલે નિર્મળપણે '**उद्गच्छत्**' પ્રત્યક્ષપણે. '**अच्छम्**' '**નિર્મળપણે ઉદય પામી રહી છે.**' આહા..હા..! '**अच्छम्**' એટલે નિર્મળપણે '**उद्गच्छत्**' બરાબર અંદરથી ઉત્કૃષ્ટપણે પોતાની પર્યાયથી ઉદય પામી રહી છે. પ્રગટ થઈ ગઈ છે. પોતાથી પ્રગટ થઈ રહી છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- આચાર્ય કહે છે કે જેને કોઈ પ્રકારે પર્યાયદૃષ્ટિથી ત્રણપણું પ્રાપ્ત છે...**' આ ત્રણ હોં ઓલા બે મોક્ષમાર્ગ બે એ વાત નથી. પર્યાયમાં ત્રિકાળી દ્રવ્યનું શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ. એવા પર્યાયદૃષ્ટિએ, ભેદદૃષ્ટિએ ત્રણપણે છે. પ્રાપ્ત છે. તોપણ છે. '**તોપણ શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી જે એકપણાથી રહિત નથી થઈ...**' વસ્તુમાં એકપણું પામતા એ ત્રણપણે એ થઈ નથી. '**તથા જે અનંત ચૈતન્યસ્વરૂપ નિર્મળ ઉદયને પ્રાપ્ત થઈ રહ્યું છે...**' અનંત ચૈતન્ય એનો જ્ઞાનસ્વભાવ. '**ચૈતન્યસ્વરૂપ નિર્મળ ઉદયને પ્રાપ્ત થઈ રહ્યું છે...**' કોણ? આત્મજ્યોતિ. '**એવી આત્મજ્યોતિનો...**' ભારે ભાઈ સમજવું. '**અમે નિરંતર અનુભવ કરીએ છીએ. આમ કહેવાથી એવો આશય પણ જાણવો કે સમ્યગ્દૃષ્ટિ પુરુષ છે તે, જેવો અમે અનુભવ કરીએ છીએ તેવો અનુભવ કરે.**' '**કે સમ્યગ્દૃષ્ટિ પુરુષ છે તે, જેવો અમે અનુભવ કરીએ છીએ તેવો અનુભવ કરે.**' બીજો માર્ગ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- .. અનુભવ નથી તો અનુભવ કરે?

ઉત્તર :- પણ એને અનુભવ કરે એવો ઉપદેશમાં તો એ જ આવેને. એ જ કરવાનું છે એમ કે બીજું કાંઈ કરવાનું છે નહિ. કહો, સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ થાય અને આ કરવું એમ કહે છે. સમજાણું કાંઈ? સ્વરૂપનું પ્રતીત અનુભવ કરીને કરવી એમ. અને પછી પણ અનુભવ ચાલુ રાખવો. એવો અનુભવ કરે લ્યો! અરેરે!

ત્યારે પ્રશ્ન શિષ્યનો છે. આજ મોટો કાગળ આવ્યો છે. બપોરે યાદ આવ્યું. હવે અહીં સેવા આવી .. મહારાજ .. બધા ધર્મનો ઉદ્યોત બહુ કર્યો છે તમે ઘણા મંદિરો, પ્રભાવના ઘણું થાય તમારે. છે તો .. કોક, પણ જરીક સામાજિક દિગંબર વિશ્વ વિદ્યાલય કરવી જોઈએ તમારે. ત્યાં દિગંબરોના દરેક છોકરાઓ આવે, સાધારણ માણસ આવે બધા પછી .. થાય ને પછી અમેરિકાને બધે જઈને. અરે! ભગવાન! પણ તું તારું કરને ભાઈ! એવો કાગળ મોટો લાંબો છે. તમે, ઈસા, ઈસુ, બૌદ્ધ અને ગાંધી પ્રસિદ્ધિમાં કેમ આવ્યા? કે લોકની ગરીબોની સેવા કરી. તેથી પ્રસિદ્ધ આવ્યા. બહુ હિન્દુનો (ધર્મ) હિન્દુસ્તાનનો છતાં ચીન, જાપાનમાં પ્રસર્યો. પણ એલા ધર્મ કોને કહેવો પણ? આહા..હા..! લખાણ બધું પ્રેમથી, મધ્યસ્થથી. એવું બધું લખાણ. એમ કે મૂળ તો અત્યારે ઓલું મોટું થાય છેને.. ચાર-પાંચ લાખનું મોટું ઓહો..હો..! માણસમાં હા.. હા.. થાશે. ગામડું નાનું અને મોટું આવું. પછી મહારાજને લઈને થાય. ભાઈ અમે કોઈને કીધું નથી કે તું મંદિર કરજે.

મુમુક્ષુ :- પણ કીધું હોય તોપણ ક્યાં થાય છે?

ઉત્તર :- પણ કીધું નથી અમે તો કોઈને કહેતા નથી. ઉપદેશમાં આવે એ વાત સમજે. વિશ્વ વિદ્યાલય થાય અને એના ઉપર તમારું નામ રાખવું. નામ કોના અરે ભગવાન! .. નામ કોના? શરીરનું નામ, જીવનું નામ પણ જીવ યથાર્થ નથી. આહા..હા..!

અહીં '**હવે, કોઈ તર્ક કરે કે આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપે છે,...**' છે? '**જુદો નથી,...**' આત્મા ભગવાન વસ્તુ એ તો જ્ઞાનથી એકરૂપે છે. ગુણી અને ગુણ તો તાદાત્મ્ય તદ્રૂપે એકરૂપે વસ્તુ છે. સમજાણું કાંઈ? '**આત્મા તો જ્ઞાન સાથે...**' અહીં જ્ઞાનની જ વાત લેવી છેને મુખ્ય? જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનારનો ભાવ એ ભાવવાન સાથે એકરૂપ છે. જુદો નથી. અનેકાંત કર્યું. '**તેથી જ્ઞાનને નિત્ય સેવે જ છે;...**' લ્યો! આ સેવા કહેશે. ઓલો એ સિવાય આ તો નિત્ય સેવે છે. તો નિત્ય સેવે છે આત્મા જ્ઞાનસ્વરૂપ તાદાત્મ્ય તદ્રૂપ છે. એ આત્મા જ્ઞાનને જ ત્રિકાળ સેવે છે. '**તો પછી તેને જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે?**' એવી શૈલી ઉપાડી છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એની સેવા કરો. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ્ઞાનસ્વરૂપની સેવા છે. કહો, બીજા બધાની સેવા .. આવ્યા હતા એણે લખ્યું છે. .. પછી

એના શિષ્યને ઉપદેશ કર્યો કે પહેલા એને આહાર આપવો, પછી ઉપદેશ કરવો. ભૂખ્યાને ભોજન આપવું તે.

મુમુક્ષુ :- કેવું મીઠું લાગે!

ઉત્તર :- મીઠું બહુ લાગે. કોણ આપે બાપા? ભાઈ! તને ખબર નથી. એક પાંપણ ફરવી એ પણ આત્માના અધિકારની વાત નથી. એ તો જગતની ચીજ છે એનો પલટો એને કારણે થાય છે. શું થાય? આ વીતરાગ માર્ગ એવો છે. હજી તું તો પ્રગટ કરે, સમજને. હવે દુનિયામાં દુનિયા.. પણ એને એમ કે આ મોટો પ્રસિદ્ધ થાય પછી. આફ્રિકામાં એના ભણેલા જાય અને પછી યુરોપમાં જાય અને ઢીંકણામાં જાય. એય..! મોહનજીભાઈ! અરે! ક્યાં જાવું બાપા ભાઈ! આ માર્ગ તો એવો છે જેને આત્માની નિવૃત્તિથી મુક્તિ કરવી હોય એની વાત છે. કોઈ પ્રવૃત્તિથી આત્માને લાભ થાય, વિકલ્પની પ્રવૃત્તિથી પણ લાભ થાય એ ત્રણ કાળમાં નથી એવો માર્ગ છે. આહા..હા..!

મુમુક્ષુ :- આત્મા .. પ્રવૃત્તિથી લાભ થાય.

ઉત્તર :- એ તો પરિણતિ અંદર ગઈ. એ પ્રવૃત્તિ ક્યાં? એ તો નિવૃત્તિ થઈ. નિવૃત્તિરૂપ એ પ્રવૃત્તિ છે. આ તો વિકલ્પ ઉઠે કે આમ કરવું ને તેમ કરવું, આમ કરવું ને તેમ કરવું બધું શાંતિને તો વિઘ્ન કરનાર છે. એવી વાત છે, બહુ આકરું કામ. જુઓને આફ્રિકામાં ભાઈ વાત કરતા હતા. ગયા હતાને .. પૂછ્યું હશે કોકે આમને કે કેવું? કે એકેય ટકો આમાં નથી એ વાત. આહા..હા..! લોકસમાજની લાઈન જુદી, બાપુ! જેમાં ભવનો નાશ ન થાય તો એને ભવ પાછા દરિદ્રના એવા તો અનંતવાર થઈ ગયા. આહા..હા..! સમજાણું કાંઈ? એ ખરી સેવા જ ક્યાં છે એ? ભવનો જેમાં અભાવ ન થાય એને તો ભવ નરકના અને નિગોદના અને ગરીબોના અને રાંકના એવા અનંત થશે. જે ભાવમાં, એ ભાવનો નાશ ન કરે અને બીજા ઉપાય કરે એમાં એને આત્માનું કાંઈ હિત નથી. શેઠ! આવી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

**'જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા...'** એમાં એવી રીતે કાઢ્યું કે આપ તો આત્મા જ્ઞાન સ્વરૂપ છે એની સેવા કરવાની જ વાત કરો છો. પુણ્યના વિકલ્પ ને દયા, દાન અને વ્રત ને પરની સેવા એ તો વાત કરતા જ નથી એમ કહેવું છે. આજ આવ્યું છે એમાં આ આવ્યું લ્યો. એ કોકનું છે હોં. કાંઈક બીજાનું છે. આહા..હા..! ... એ તો પચ્ચીસ વર્ષમાં આપણે આચરણ દ્વારા અને કોઈ એવી સેવા દ્વારા કે .. બહાર પડે ભગવાન, વસ્તુનું એકાંત છે એ. ભારે આકરું પડે. એમાં વળી તમારા જેવા આફ્રિકામાં મોટા પૈસાવાળા ઘણા હોય એને તો કહે એલા કાંઈ વિકલ્પથી લાભ નથી. તારા દસ લાખના મંદિર કરાવ્યું અને ૪૨ હજાર આપ્યા. લાલજીભાઈ હતાને. એના નાનાભાઈએ ૪૨ હજાર આપ્યા ત્યાં. હો,

એ હોય છે, આવે છે વચમાં જુદી વાત છે, પણ એનાથી કોઈ આત્માનો એક ભવ ઘટે (નહિ), આ ભવ ન ઘટે એ ચીજ શું? 'તોયે અરે ભવચક્રનો આંટો નહિ એકેય ટળ્યો.' આવે છેને સાહેબ! બાપા! ભવનો આંટો ન ટળે ત્યાં તો અનંતાભવ એવા ઊભા છે ભાઈ તને ખબર નથી. એ દુનિયા હાથ દેવા નહિ આવે. અમે ઘણાની સેવાઓ કરી હતી, અમે ઘણાં મોટા પુણ્ય બાંધ્યા છે અમારી પ્રસિદ્ધિ દુનિયામાં મોટી હતી. કરોડો માણસમાં ન રહો, .. મરી જાય તો. ધ્વજ ઊંચું ચડેને આખા દેશમાં. શેઠ! આ ધ્વજ નથી કરતા? ઝંડા. અડધો ઝંડો .. એમના માનમાં. એમાં તને શું પણ એમાં? આહા..હા..! ભાઈ! આહા..હા..! તારા આનંદના ઘરમાં આવ્યા વિના ભવનો અંત કોઈ દિ' આવે એવો નથી. આહા..હા..! આવી વાત છે. બહારમાં દેખાવ કરે કે આવા અમે ધર્મી છીએ, આવા વ્રત પાળીએ છીએ, આવા બ્રહ્મચર્ય પાળીએ છીએ. આહા..હા..! ભાઈ! બ્રહ્મચર્ય કોને કહેવું ભાઈ! બ્રહ્મ નામ ભગવાન આનંદસ્વરૂપમાં રમણતા એ બ્રહ્મચર્ય છે. બહારના દેખાવથી શરીરથી બ્રહ્મચર્ય પાળીએ અમે બ્રહ્મચારી છીએ. સમજાણું કાંઈ? દેખાવમાં છે એમ કહે એય..! દુનિયા એમ માને કે આહા..હા..! છતી ૠદ્ધિએ આમ કર્યું અને છતી ૠદ્ધિએ એમ કહેને માણસો? એમ કહે માણસો. ભાઈ! એમાં તારું શું કલ્યાણ? તારું શું એમાં હિત? આહા..હા..!

મુમુક્ષુ :- એવું ગોખી રાખ્યું છે.

ઉત્તર :- ગોખી રાખેલું છે. સાચી વાત છે.

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્યના પેટ ખોલીને અમૃતચંદ્રાચાર્ય કહે છે, ભાઈ! એ રાગ વિકલ્પની પરની સેવા તો કરી શકતો નથી, પણ રાગની સેવા કરવી એ સંસાર છે. તમે તો જ્ઞાનની સેવા કરો એમ કહો છો. એમ કહે છે અને જ્ઞાન અને આત્મા તો એક છે એ તો સેવા કરી રહ્યો છે. એમ શિષ્યે પ્રશ્ન કર્યો છે. ત્યાં સુધી તો આવ્યો. કે આ તો આમ કહેવા માગે છે. સમજાણું કાંઈ? અંતર ભગવાન જ્ઞાનસ્વભાવી પ્રભુ છે એથી જ્ઞાન અને આત્મા તો એકરૂપે છે. અભાવ અપેક્ષાએ ભલે હો, વસ્તુ તરીકે તો પ્રદેશ અભિન્ન છે. સમજાણું કાંઈ? તો એ જ્ઞાનભાવ અને આત્મસ્વભાવ બે એક જ છે. તદ્રૂપ જ છે, એની સેવા કરે છે. ભાઈ! નથી કરતો. જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા કેમ આપવામાં આવે? એનું એમ નથી, ભાઈ! તું સમજતો નથી. ત્રિકાળ જ્ઞાન આત્મા છે એમ એણે દૃષ્ટિ ક્યાં કરી છે? આહા..હા..! જ્ઞાન અને આત્મા અભેદ છે એવી દૃષ્ટિ કર્યા વિના અભેદ છે એમ જાણ્યું કોણે? સમજાણું કાંઈ? આહા..હા..! એ રાગની ક્રિયા ને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ અરે! એક સમયની પર્યાયની સેવા. આહા..હા..! એક સમયની પર્યાયમાં એકત્વ. જ્ઞાન અને આત્મા એક છે એવી દૃષ્ટિ કર્યા વિના એક છે એમ કોણે સેવા કરી? સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ! આહા..હા..!

આ તાબુતના વખતમાં આ લોટિયા વોરા હોય છેને ભાઈ એ બહાર તાબુત ન કરે, પણ રાણપરમાં અમારું ચોમાસું હતુંને. પછી સામે જ છે એનું. લોટિયા વોરાનું કાંઈક કહેવાય. શું કહેવાય એ? મસ્જીદ. એ રોતા હતા રોતા. ત્યાં સંભળાય. કીધું આ રોવે છે કેમ આ? એ લોકો તાબુત ન કાઢે. પછી અંદરને અંદર ભેગા થઈને અરેરે! આમ થયું, અરેરે! એમ. જે એમના ઈષ્ટ જે હોય પરમેશ્વર શું કહેવાય એ? પયગંબર. મહમદ આહા..હા..! એમને આમ થયું, એમને આમ થયું. રોવે. રોવે હોં સરખાયના. બધા મોટા ગૃહસ્થો લાખોપતિ. બારણું બંધ કરી રાખ્યું. એવું જોયું ૮૪માં. કીધું આ શું? એ લોકો તાબુત ન કાઢે. આમ કરેને શું કહેવાય એ? તાજિયા. એ ન લે બહારમાં. એને તાબુત ન લે. એ અંદરમાં એમના જે હોય ઈશ્વર એનું નામ મહમદ એનું નામ લઈને પછી એને દુઃખ થયું હોયને. કોઈ માર્યા હોય એને સંભારીને રોવે.

મુમુક્ષુ :- સમજ્યા નહિ.

ઉત્તર :- કહો, આ તો આવી ભાષા સમજાણું નહિ? લોટિયા વોરા નથી સમજતા? નહિ? લોટિયા વોરા નથી સમજતા?

મુમુક્ષુ :- વોરા સમજીએ છીએ.

ઉત્તર :- વોરા એ લોટિયા વોરા કહેવાય. એ તાબુતને ન માને એ. આ તાબુત હોય છેને? તાજિયા. ડોલા. એ ન માને. અમારું ચોમાસું હતુંને ત્યાં માથે સંભળાતું હતું. પછી નીકળ્યા હતા જોડે વ્હોરવા. અંદર રોવે. સરખાયના બધા ભેગા થઈને હોં. પૂછ્યું કે આ શું? કે એ લોકોમાં હોય અગ્રેસર મુખ્ય ધર્મના. એમને કાંઈક પ્રતિકુળતા થઈ હોય તેને યાદ કરીને ખૂબ રોવે. રુદન કરે. રાણપર. એ બધા કરતા હશે ગામોગામ.

મુમુક્ષુ :- એના .. મુખ્ય માણસોને માર્યા હતા.

ઉત્તર :- હા મારી નાખ્યા હોયને એને. અરે! કોણ મારે અને કોણ બચાવે? બાપુ! આહા..હા..!

કહે છે કે '**તે એમ નથી.**' તું કહે એમ નથી સાંભળને પ્રભુ. '**જોકે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપે છે તોપણ એક ક્ષણમાત્ર પણ જ્ઞાનને સેવતો નથી;...** ' આહા..હા..! એની પર્યાયમાં અંતર સન્મુખ થયા વિના જ્ઞાન અને આત્મા એકરૂપ છે એવો અનુભવ થયા વિના એની સેવા ક્ષણમાત્ર પણ કરતો નથી. આહા..હા..! મુદ્દાની વાત આ છે. જ્ઞાનમાં વિકલ્પમાં રખડ્યા રખડ. આહા..હા..! એ જ્ઞાનમાં, આ જ્ઞાન અને આત્મા એક છે, એકરૂપ છે એવું એણે પર્યાયમાં કે દિ' માન્યું છે? સમજાણું કાંઈ? અને પર્યાયમાં જાણ્યા વિના આ જ્ઞાન અને આત્મા એક છે એમ ક્યાંથી જાણ્યું એણે? શાસ્ત્રે કહ્યું ભાષા એ. ઓહો..! ગુણગુણી અભેદ છે. એ ક્યાં થયું? એ દૃષ્ટિ અભેદ થઈ તો. પુણ્ય-પાપના વિકલ્પથી છૂટી

અને સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય. આહા..હા..! ભારે આકરું જગતને. રાગની સેવા નહિ અને પરની તો વાત પણ નહિ. કરી શકે નહિ ત્યાં શું કરે? લોકો .. થાય. બૌદ્ધનું આમ થયું. હિન્દુસ્તાનનો ધર્મ એ બહુ ચીન અને જાપાનમાં પ્રસર્યો એનો હેતુ આ. વાત સાચી. બૌદ્ધ તો અહીં થયાને. અહીં થયા. છતાં પણ એથી શું? વસ્તુ શું? એમાં આત્માને એને શું લાભ થયો અને આને શું લાભ થાય? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ તો મિથ્યાદષ્ટિ હતા બૌદ્ધ તો. કારણ કે ક્ષણિકની પર્યાયને જ દ્રવ્ય માનતા હતા અને દરિદ્રપણું, નિર્ધનપણું એવા દુઃખથી પોતે .. રાજાના રાજકુમાર હતાને. પણ એને વસ્તુ ત્રિકાળી નિત્ય શું એની તો ખબર નથી. ત્યારે શું કર્યું એણે? એનો ધર્મ પ્રચાર ક્યાં પામ્યો હતો? ધર્મ ક્યાં હતો તે પ્રચાર પામે? એય..! ઘણા ઘણા કાગળો આવે ખાનગી. આમ કરો, તમે આમ કરો. ભાઈ! અમે કાંઈ કરતા નથી. અમને તો કાંઈ કરતા આવડતું નથી. આ કહે આમ કરો. તમારું નામ અમર રહે. નામ નાખો એના ઉપર. વિશ્વવિદ્યાલય કહાનગુરુની જય. અરે ક્યાં હતો બાપા? એય..! જગતના આવા એક ક્ષણ પણ સેવા કરતો નથી. એક સમય પણ આત્માએ જ્ઞાનને સેવ્યો નથી. આત્મા અને જ્ઞાન એકપણે તાદાત્મ્ય હોવા છતાં એક સમયમાત્ર પણ આ જ્ઞાનસ્વભાવી પર્યાયની એકતા ગુણ સાથે કરી નથી. ગુણ અને ગુણી અભેદ છે. એમ પર્યાયને ગુણ અને ગુણી સાથે અભેદ કરી નથી. અભેદ કર્યા વિના ગુણ અને ગુણીનું અભેદતાનું એને ભાન થાય નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- આ પાછી અલૌકિક વાત આવી.

ઉત્તર :- આહા..હા..! એવી વાતું છે.

મુમુક્ષુ :- જન્મ-મરણના ટાણા એમ ટળે.

ઉત્તર :- એમ ટળે બાપા! વાત એવી છે. આહા..હા..! એવો .. પછી આ કાઢ્યું. આ ટીકા છે હોં! અમૃતચંદ્રાચાર્યની ટીકા છે આ. '**ननु ज्ञानतादात्म्यादात्मा ज्ञानं नित्यमुपास्त एव**' એમ. આહા..હા..! શિષ્યે પ્રશ્ન કર્યો આવો હોં. બીજાની સેવા કરી શકતો નથી. એ તો પોતે પોતાની સેવા કરે છેને એમ કીધું. જ્ઞાન અને આત્મા એકરૂપે તદ્રૂપે છે એને વળી સેવા કરવી એમ ક્યાંથી તમે લાવ્યા? જુદી ચીજ હોય તો જુદીની સેવા કરે.

મુમુક્ષુ :- એક માંદો પડ્યો હોય તો બીજો સેવા કરે.

ઉત્તર :- બીજો. એમ આત્મા અને વસ્તુ અને એનું જ્ઞાન, તો એકરૂપ તદ્રૂપ છે. એમ એક આની સેવા કરે એ ક્યાં આવી? એની સેવા કરે છે એ સદાય છે. ભાઈ! એમ નથી હોં તને ખબર નથી. સમજાણું કાંઈ? અનાદિનો દિગંબર મુનિ થયો, પંચમહાવ્રતના વિકલ્પ પાળ્યા, રાખ્યા, પણ એક સમયમાત્ર જ્ઞાનની સેવા નથી કરી એણે. સમજાણું કાંઈ? ભારે લાગે આ તો આ પ્રચારમાં લોકોને એમ કે આવો ધર્મ હોય, ધર્મમાં બીજાઓ ઘણા પામે.

એ પણ જૈન ધર્મ જ નહિ. જૈનધર્મ તો જ્ઞાનની એકાગ્રતા કરે એ જૈન ધર્મ છે અને એ એની સેવા છે. સમજાણું કાંઈ? ભારે વાતું આવી. ઠેઠ લઈ ગયા. ભાઈ! એને ક્ષણમાત્ર, એક સમય પણ વસ્તુ આવી પરમાત્મા, હવે એનો જ્ઞાનભાવ, સ્વભાવ એકરૂપ હોવા છતાં એની દૃષ્ટિમાં અંદર પર્યાય એકત્વ થયા વિના એણે એ જ્ઞાન એ તાદાત્મ્ય છે એવી એને શ્રદ્ધા નથી. આહા..હા..! આવો માર્ગ મારે સાંભળનારા પણ થોડા હોય આમાં. એય..! મૂળચંદભાઈ! બહુ .. લ્યો. એક માંડી છે લ્યો આત્મા... આત્મા... આત્મા.. દસ મહિનાથી દસ દિ' કૂટ્યો આત્મા. ૯૫ની સાલમાં. ભગવાન! તારા સિવાય કોની મોટપ ગણવી? તારી મોટપ ક્યાંય બીજે છે નહિ. તારી મોટપથી ભરેલો ભગવાન છો. આહા..હા..!

મહિમા નહિ મહિમાનો અર્થ આવ્યો હતોને? કળશટીકામાં મોટપ કહી છે મોટપ. મહિમારૂપ મોટપ. મહત્ .. આહા..હા..! જ્ઞાનભાવ અને આત્મા ભાવવાન બેય એકરૂપ અંતર્મુખ દૃષ્ટિ કર્યા વિના તાદાત્મ્યની શ્રદ્ધા ક્યાં છે તને? આહા..હા..! સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! શું અત્યાર સુધી માંડ્યું હતું તમે .. ને. એ સમજાવતા હતા, વંચાવતા હતા. આહા..હા..! જુઓ, આ સેવા કોઢ્યાની, ફલાણાની, દરિદ્રની, ગરીબોની સેવા કરો, ભાઈ! પહેલા રોટલા આપો. એ પ્રશ્ન કર્યો હતો ભાઈએ. ૯૦ની સાલમાં. ત્યારે મકાન નહોતા. ખેતર ખાલી હતા. દિશાએ જતા ઓલીકોર બહાર .. એણે પ્રશ્ન કર્યો, પણ મહારાજ! માણસ બહુ ઓલો હોં. આ પેટમાં રોટલા પડ્યા વિના એને ધર્મની ભાવના આવે ક્યાંથી? ત્યાં .. ધર્મ કરવો... ધર્મ કરવો... કાંપમા હતાને. બોર્ડિંગમાં. એ હતા. આવતા બિચારા પછી તો બહુ ફરી ગયું. આ ૯૦ની સાલમાં પ્રશ્ન કરેલો. પણ ભાઈ! તમે એમ કહેશો કે રોટલા વિના ધર્મ ન થાય, પછી રોટલા પચ્યા વિના ધર્મ ન થાય, પછી દિશા સાફ આવ્યા વિના ધર્મ ન થાય, ત્યાં પછી ફરીને રોટલા ખાધા વિના.. હવે એમાં ધર્મ કરવો કે દિ'? શું કરો છો તમે કીધું આ? .. દાખલા .. બબ્બે હજારના, પાંચ-પાંચ હજારના. એમ થાય કે આહા..હા..! ભારે હુશિયાર આ તો. પણ માણસ નરમ હોં. આ વાત બાહ્ય. રોટલા પણ અનંતુ દુઃખ હોય દેહમાં એમાં આત્માને શું? આત્મા તો જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન એની અંતરમાં એકત્વ થવું ત્યાં કોઈની કાંઈ જરૂરી નથી. શરીર નિરોગી હોય તો આમ એકત્વ થાય, સરોગ હોય તો ન થાય, માણસપણું હોય તો જ એકત્વ થાય, નારકીપણું હોય તો એકત્વ ન થાય. એવું છે નહિ ક્યાંય. આહા..હા..! તને તારો ભરોસો નથી હોં.

ભગવાન પૂર્ણાનંદ છો તું ભાઈ તને ખબર નથી. તે પામર તરીકે તેને માન્યો હોં! પણ માન્યતાથી કાંઈ પામર થઈ જાય નહિ. કીધું હતું ઓલા કંદોઈનું નહિ? મહારાજ! ભગુ પશુ છે હોં. જયપુર. ૭૦ની સાલમાં દીક્ષા થઈને ૭૦માં? ૫૯ વર્ષની વાત. ૫૯માં.. માગશરમાં ગયા હતા ત્યાં. ૭૦ના માગશર. ૫૯ વર્ષ થયા. એક કંદોઈ હતા. બિચારા ભોળા હોં. બીજું

કાંઈ નહિ. તોફાન નહિ કાંઈ નહિ. ગાંડો.. બહુ ભોળો અને બહુ બુદ્ધિ ઓછી. ઘરના માણસને મા-બાપ કહે. બહુ ભોળો. રૂપાળો હતો. આવે દર્શન કરવા. પછી ઓલા ઘરમાં વાતું કરે એ આની વાત કરે. મહારાજ! એનું નામ ભગવાન હતું. ઓલા ઘરના મા-બાપ વાતું કરેને છોકરા અને છોકરાની વહુને. જો ભાઈ! ધ્યાન રાખજો બાપુ આ ભગુ તો પશુ છે. અમે તો આજ છીએ અને કાલે નથી. કહેને ભગવાનભાઈ! છોકરાઓને કહે. અમે તો આજ છીએ અને કાલ નથી, પણ આ ભગુ પશુ છે હોં! ધ્યાન રાખવા જેવું છે હોં. એનો કોઈ દોષ જોશો નહિ. એ ભોળો ભગુ છે. એને કાંઈ આવડતું નથી, પણ તમારે ધ્યાન રાખવું હોં. એ કહે, અહીંયાં આવીને કહે, મહારાજ ભગુ પશુ છે. કીધું આમ કેમ કહે? શું કીધું સમજાણું કે નહિ? ભગુ ભગવાન નામ હતું એનું. કંદોઈ કંદોઈ નહિ? સુખડિયા. જેતપુર. અહીં કહે કે મહારાજ! માણસ ગૂંથણી કરીને ગોખે. .. છેને. હોય તો એથી શું છે? ભલામણ ન કરે? મોટાની કરે કે જો ધ્યાન રાખજે બાપા હોં. છોકરા આવા છે, પણ અમે છીએ ત્યાં સુધી, મા-બાપ છે ત્યાં સુધી તો અમે ધ્યાન રાખશું. આ પણ કહે હોં! મહારાજ! ભગુ પશુ છે હોં! કીધું આ બોલે છે શું? પછી કોક કહેને ઘરમાં એના મા-બાપો કહેતા હોય ઘરમાં એ એમ બોલે છે. આ તો ૫૯ વર્ષની વાત છે. આહા..હા..! એમ આત્મા તો ભગવાન છે, પણ અજ્ઞાનપણે હું પશુ છું. અજ્ઞાની અમે માન્યું છે હોં. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે કે પ્રભુ! ગુણ અને ગુણી અભેદ છે, તદ્ભાવ ભલે અતદ્ભાવ હો, પણ પ્રદેશે તો એકરૂપ છે. નામ જુદા પડ્યાને એટલે જરી અતદ્ભાવ. અન્યભાવ નથી. આવે છેને ભાઈ! પ્રવચનસાર. ગુણ અને ગુણીમાં અન્યપણું નથી. પણ અતદ્ભાવ છે. જે ગુણી છે તે ગુણ નથી અને ગુણ છે તે ગુણી નથી. તેમ ગુણ છે અનંત છે અને ગુણી તો એક છે. સંખ્યા તો એમ કહે છે, પણ છતાં વસ્તુ જે જ્ઞાનગુણ જે સ્વભાવ અને સ્વભાવવાન એકરૂપે છે, તદ્રૂપે છે. બિલકુલ જુદો નથી. નામભેદે હોવાથી. ત્યારે તો એની સેવા તો કરે છે. ભાઈ! એમ નથી હોં! એ છે તદ્રૂપે એવી દૃષ્ટિ ક્યાં કરી છે એણે? એમાં અનુભવમાં આવીને એકતા કે દિ' કરી છે એણે? સમજાણું કાંઈ? કહો, સુજાનમલજી! આહા..હા..! એમ કહે છે, બાપુ! અંદરમાં જઈ અને એ જ્ઞાન ભગવાનની સેવા કરે, એકાગ્ર થાય. તો તો એ સેવા કરી કહેવાય. કહો, ઝવેરચંદભાઈ! આ બધા શેઠિયાઓએ સેવા કરી હશેને ફલાણાની, ઢીંકણાની. ત્યાં બધા બિરૂદ આપે. બાબુભાઈ! તમારું .. એ સ્વામીનારાયણવાળા કહેવાય, મોટા કહેવાય, છ-છ ભાઈઓ પૈસાવાળા કહેવાય. બાબુભાઈ બ્રધર્સ કંપની. એ તો સેવા કરવા માટે ભાઈ એ .. સેવા કરે. કોની સેવા કરે? આહા..હા..! શરીરનું કરી શક્યા નહિ. કનુભાઈ બિચારા નિવૃત્તિ લેવા તો આવ્યા હતા ત્યાં. અહીં મકાન લઈને. બાબુભાઈ! ત્યાં ખલાસ થઈ ગયા. લ્યો! કોણ રાખે? કોને રાખે? આ તો માટી જડ છે. રાગને રાખે કોણ?

આહા..હા..! રાગ તો કૃત્રિમ એક સમયનો નિમિત્તાધિન ઉત્પન્ન થઈને બીજે ક્ષણે ખલાસ થઈ જાય છે. રાખે કોણ રાગને? રાખનારી ચીજને રખાય. તો રાખનારી ચીજ તો જ્ઞાન અને આત્મા એકરૂપ છે. એવી એકતા થઈને રખાય. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- પરવસ્તુને ક્યાંથી રાખે?

ઉત્તર :- કોણ રાખે? કોને રાખે? ભાઈ! જ્ઞાન ભગવાન ત્યાં રાગને રાખે? આસ્રવને રાખે? ત્યાં શરીરને રાખે? બાયડીને રાખે? કોને રાખે એ? આહા..હા..! ભારે વાત ભાઈ આ તો.

કહે છે '**આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે...**' હોં એ હા તો પાડી. તો એણે કીધું તાદાત્મ્યસ્વરૂપે છે તું જુદો નથી તો જ્ઞાનને કેમ નિત્ય સેવે છે એમ કહ્યું હતું એણે. કે તારી એક વાત સાચી કે સ્વભાવ જાણવું પ્રકાશ અને પ્રકાશવાન બે તાદાત્મ્યરૂપે એક સ્વરૂપે છે એ વાત બરાબર છે, '**તોપણ એક ક્ષણમાત્ર પણ...**' આહા..હા..! આવું છે તોપણ એમ શબ્દ છેને. અરે! એણે કોઈ દિ' સામું જોયું નથી. કહો, ભીખાભાઈ! આ શું કરવું છે તને? પ્રસન્નતા વર્તે તો શું કરવું બહારમાં કહો? એનાથી સેવા થાય કે નહિ? આહા..હા..! એનો ભગવાન આત્મા અંદર, એમાં એક સમયમાત્ર પણ એણે સેવા કરી જ નથી. જ્ઞાનને સેવતો નથી. આહા..હા..! પરની સેવા કરી શકે છે એમ કાંઈ કહ્યું નથી. રાગની સેવા કરે એમ કાંઈ કહ્યું નથી. ફક્ત જ્ઞાનને સેવતો નથી. એકાગ્ર થતો નથી. એ રાગમાં એકાગ્ર થાય છે એ જ્ઞાનમાં એકાગ્ર થતો નથી. બસ, આટલી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે તોપણ એક ક્ષણમાત્ર...**' ક્ષણ શબ્દ એક સમય '**પણ જ્ઞાનને...**' ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, જાણનાર છે, એમાં પુણ્યના વિકલ્પો પણ છે નહિ, એમાં હોય તો પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે એવી અંતર્મુખ થઈને એક ક્ષણમાત્ર પણ એણે સેવા કરી નથી, એક ક્ષણમાત્ર સેવા કરે તો કલ્યાણ થયા વિના રહે નહિ. ગાંઠ તૂટી ગઈ ફડાક દઈને. સમજાણું કાંઈ? ગ્રંથિભેદ થઈ ગયો ગ્રંથિભેદ. આહા..હા..! ભારે કામ ભાઈ હોં. આવું કામ સોંપવું એ ઓલાને મુશ્કેલ પડે કેમ કહેવાય લ્યો! ભાઈ કહેતો હતોને પ્રેમચંદભાઈનો દીકરો લાઠીવાળો નહિ? પ્રેક્ટિકલ કરવું મુશ્કેલ છે ભાઈ! ત્યારે શું પણ તું કરે છે? રાગનું પ્રેક્ટિકલ કરે છે આ રાગ કરવો... કરવો.. કરવો.. બીજું તો કરતો નથી કાંઈ. સમજાણું કાંઈ? આ બધું બહાર રળીને આમ કરી દે આમ બધું પ્રેક્ટિકલ કરી દે. એય..! ચીમનભાઈ! નહિ? સોનાનો ધંધો મોટો હશે. ધૂળના વિકલ્પ હોં! નહિ? કહે છે કે એને રાગની, પુણ્યની ભાવની એકતા સિવાય એણે એક સમયમાત્ર પણ આ બાજું જોયું અને ઢળ્યો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. માં આવતો નથી.

ઉત્તર :- લેતો નથી એટલે આવતો નથી. ઓલો આવે છે કે નહિ? ત્યારે આવે છે

તો કર્તા થઈને આવે છે કે નહિ? પણ આ કર્તા છે અને આ પણ કર્તા છે. થવું તો એનો સ્વભાવ છે, કરવું તો એનો સ્વભાવ છે. કર્તા ગુણ છે એનામાં. આહા..હા..! એ કર્તા ગુણની એ વ્યાખ્યા છે કે જ્યારે સ્વભાવની એકતા કરે એ કર્તાગુણનું કાર્ય છે. રાગની એકતા કરે એ આત્માનો સ્વભાવ નથી. તો વળી આ શરીર, માટી, ધૂળ અને પૈસા આબરૂ અને આ બધા લાંબા પૂંછડા. એય..! શેઠ! આ તો વળી મોટા શેઠિયા કહેવાય. બુંદેલખંડના બાદશાહ. ધૂળેય નથી બાદશાહ ફાદશાહ.

મુમુક્ષુ :- ત્યાં અટક્યો છે.

ઉત્તર :- ત્યાં તો .. એનો અર્થ આ ખોટું છે એમ કાંઈક કહેવાયને. આહા..હા..! ઓળખાણ તો ભગવાન આત્માની છે. આહા..હા..! જેની ઓળખાણે જેમાં આત્મા ભગવાન ચિદાનંદ સ્વરૂપની એકતાથી, જેને પરમેશ્વરપદ મળે એને અસંખ્ય જીવો અને અનંત સિદ્ધો એને જ્ઞાનપણે જાણે છે. અનંત સાધકજીવો એને વંદન કરે છે એવી એની પ્રસિદ્ધિ છે. આ દુનિયામાં કેટલી આબરૂ અને ધૂળમાં હવે. આહા..હા..! કહે છે, ભાઈ! તું આત્મા છોને પ્રભુ! આત્મામાં તો જ્ઞાનસ્વભાવ ભર્યો છે. એમાં તો પુણ્ય અને પાપ અને દયા, દાનના વિકલ્પો એ કાંઈ એનામાં નથી. તો એનામાં નથી એમાં તું રહ્યો છો અને જેમાં એ રહેલો છે એના તરફ તારી નજર નથી. આહા..હા..! આવું આ છે. આ દુનિયાની પણ તકરારો મારી નાખે. એવી મીઠાશ લાગે બહારમાં. આબરૂની, કીર્તિની, ધૂળની. આહા..હા..! કહે છે કે વિકલ્પનું માહાત્મ્ય પણ રહે ત્યાં સુધી આત્માની સેવા નથી એમ કહે. આહા..હા..! એવી વાત છે ભાઈ આ. આ તો કોઈ જીવને સાંભળવા કોકને મળે. આ કાંઈ વાતું તો એવી ચીજ છે. ભાઈ! તું છોને? છો તો શેમાં છો તું? જ્ઞાનસ્વભાવમાં છો. જાણવાના પ્રકાશમય સ્વભાવમાં ભગવાન તો છે. તો એનામાં આ આમ છે, આ જ્ઞાન અને આત્મા અભેદ છે એમ પર્યાયમાં ગુણીમાં અભેદ થયા વિના એ અભેદની તને શ્રદ્ધા છે નહિ. એથી એ અભેદ છે તે માન્યું જ નથી. એથી આત્માની સેવા તે કોઈ દિ' કરી નથી. આહા..હા..! ભારે આકરું પડે જગતને હોં! બહુ આ બધા વાતું કરે યશોવિજય ત્રણના .. જુઓ આ ત્રણ જણાએ આમ કર્યું. એમ તમે પણ.. ભાઈ અમે નથી સાંભળને. અમે કોઈ રીતે.. આહા..હા..! અમે કોઈને સમજાવી શકતા નથી એમ અમારાથી કોઈ સમજ્યા નથી. અમારાથી કોઈ મંદિર-ફંદિર થયા પણ નથી. એય..! મવાણી! શું આવે છે?

મુમુક્ષુ :- મોટા પુરુષ કહેતા હશેને અમારાથી કાંઈ થયું નથી.

ઉત્તર :- પણ એ તો ઓલા કરે ત્યારે નિમિત્ત કહેવાય કે કરાવી દે? આહા..હા..! અરે ભગવાન! તારામાં તો અનંત આનંદ અખૂટ ભર્યો છે અને અનંત જ્ઞાન અખૂટ ભર્યું તને કેમ બેસે? આ બહારની મહિમા આડે રજણાણો, રખડ્યો રખડ્યો મારો. રાંકો થઈને રઝળ્યો.

આહા..હા..! અરે! ઓલામાં આવતું નથી. 'સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા રે લાલ.' આપ્યું હતું કે નહિ? .. .. શું આવ્યું? ઓલો કાગળ આપી દીધા? ગુજરાતી છે. .. ગુજરાતી અહીંયાં આવ્યા શેઠ. જુઓ અહીં ત્રીજી લીટી ઉપરથી. જુઓ એમાં છે. છે? 'સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા રે લોલ.' ભર્યો સરોવર તળાવ ત્યાં તરસ્યો જ રહ્યો. 'એ દોડ્યા હાથી ઝાંઝવાની જળની ..' દોડે હાથી, ઝાંઝવા મૃગલા હોયને. ખારેલી જમીનમાં સૂર્યના કિરણો પડતાં પાણી જેવું દેખાય. એમાં પાણી નથી. '.. ઝાંઝવાના જળની કાજ અરેરે સાચા વારી એને ના મળે રે લોલ.' એ મૃગલાને સાચા પાણી ન મળે. સમજાણું કાંઈ? 'એમ મનના રે મૃગલાને પાછા વાળજો રે લોલ.' આ પૈસામાં સુખ છે અને બાયડીમાં સુખ છે. મરી ગયો સાંભળને. ત્યાં મૃગજળ છે. ત્યાં મૂઢ થઈને શું રખડે છો? સરોવર ભર્યું છેને અંદર? આનંદનો ઘન ભગવાન બિરાજે ત્યાં તો જાતો નથી આ શું કરે થોથા? એય..! આહા..હા..! 'એમ મનના રે મૃગલાને પાછા વાળજો રે લોલ.' એ મનનો મૃગલો વિકલ્પમાં દોડીને ક્યાંક મને ઠીક પડે છે, ક્યાંક મને ઠીક પડે છે એ ઝાંઝવાના પાણીમાં પાણી દેખે છે. એમ ઠીક નથી ત્યાં એ ઠીક ભાળે છે. આહા..હા..! 'એ જોડી ઘો આતમ સરોવરના' આ સેવા. 'જોડી ઘો આતમ સરોવર એને આતમ સુખ અમુલા રે લોલ.' ભગવાન આત્મા આનંદમય એમાં એકાગ્ર થતાં તને આનંદનો સ્વાદ આવશે. તને સુખની સ્વાદની દશા આવશે. ત્યારે તને ધર્મ થાશે. આહા..હા..! ભારે વાત ભાઈ! આવ્યુંને એ? આપ્યું હતું નહિ પહેલા. સમજાણું કાંઈ?

અહીંયાં વીંછીયાવાળા .. પ્રેમચંદભાઈના દીકરા રાજકોટ. તમારે આવ્યું છે? આવ્યું છે કે નહિ આ? એ પડ્યા હશે થોડાઘણા. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભર્યે ભાણે તારું ભોજન ન મળે તને અને એંઠ ચાટવા જા. આહા..હા..! એનો બાપ કહેને છોકરાને ભાઈ ઘરે પદ્મણી જેવી કન્યા, ખાનદાની દીકરી, આંખ ઊંચી ન કરે એવી અને તું આ વાઘરણને ઘરે વ્યભિચારી થઈને જા. અરે ભર્યે ભાણે તું ભૂખ્યો છો. તેમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનથી ભરેલો ભગવાન છે. એની પાસે તું તરસ્યો રહે છે ભાઈ! એક ક્ષણ પણ ભગવાન આત્મા તરફની સેવા એકાગ્ર થાય એ જન્મ-મરણની ગાંઠ છૂટી જાય. ત્યારે એને જન્મ-મરણ રહે નહિ. એ વિના બધે થોથેથોથા છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ-૨, બુધવાર, તા. ૦૨-૦૨-૧૯૭૨**
**ગાથા-૧૭-૧૮-૧૯, પ્રવચન-૮૯**

આ સમયસાર. જીવ-અજીવ અધિકાર છે. એમાં ૧૮મી ગાથાની છેલ્લે ટીકા ચાલે છેને ટીકા? અહીંયાં આચાર્ય મહારાજે એમ કહ્યું ભાઈ! આત્મા જે છે વસ્તુ, તેનું જે જ્ઞાન છે એનો સ્વભાવ એની સેવા કરો. આવો ઉપદેશ વીતરાગના માર્ગની અંદર છે. જેને ધર્મ કરવો હોય અથવા જેને જન્મ, જરા, મરણના દુઃખથી મુક્ત થવું હોય એણે આત્માના જ્ઞાનની સેવા કરવી. આ ભગવાનનો ઉપદેશ છે. સમજાણું કાંઈ? ભગવાન એમ કહે છે કે ભાઈ તું આત્મા છો અને એનું જ્ઞાન છે એની સેવા કર. એની એકાગ્રતા કર. તો તારા જન્મ-મરણ મટે અને ધર્મ તને થાય. આવી વાત છે. પણ એ ક્રિયાકાંડમાં જે રાગ મંદતાની ક્રિયાઓ છે એથી કાંઈ આત્માનું કલ્યાણ નથી. આહા..હા..! એમ કહે છે. રાગની મંદતાના ભાવ એની સેવા નામ એમાં એકાગ્રતા એ કાંઈ તારું સ્વરૂપ નથી. મિથ્યાત્વથી મૂકાવું હોય તો તે રાગાદિની ક્રિયાથી ભિન્ન ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ, તીર્થંકર પરમાત્માએ સર્વજ્ઞદેવે જોયો એ જુદી વાત છે, ભાઈ! તે અનંતકાળમાં એ વાત સાંભળી નથી. સાંભળી હોય તેણે લક્ષમાં લીધી નથી. એ દુઃખી છે. પોતાનો સ્વભાવ અહીં વાત એવી છે જરી. ભગવાન એમ કહે છે કે તારા સ્વભાવની સેવા કર. પુણ્ય અને પાપના પરિણામ પણ એનાથી ભિન્ન તારી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એથી તારે કલ્યાણ કરવું હોય તો.

દૃષ્ટાંત આપશે આગળ. અરિસામાં જેમ સ્વચ્છતા જણાય છે એ સ્વચ્છતામાં જે બાહ્ય જ્ઞેય ચીજો જણાય છે એ જ્ઞેય નથી. એ તો અરિસાની સ્વચ્છતા છે. તેમ તારો જ્ઞાનસ્વભાવ એમાં દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ જે શુભરાગ એને જ્ઞાનમાં એનો સ્વભાવ છે તે જ્ઞાન જાણે. એ રાગ સંબંધીનું જ્ઞાન કરે, પણ એ રાગ એનો છે એમ નથી. અગ્નિની ઉષ્ણતા અને અગ્નિ અગ્નિમાં છે. અરિસામાં જણાય છે આમ જ્વાળા એ અગ્નિની નથી. એ એની સ્વચ્છતાની દશા છે. સમજાય છે કાંઈ? એમ ચૈતન્ય ભગવાન પરમેશ્વર તીર્થંકરે કહ્યો એ આત્મા હોં. બીજો આત્મા કોઈએ જાણ્યો નથી. ઝીણી વાત બહુ પણ. ચૈતન્ય અરીસો એમાં તને રાગાદિ, પુણ્યાદિના પરિણામ જાણવાનું કાર્ય દેખાય તે તારી દશા, પણ રાગ અને પુણ્યના આદિ પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ એ તારા પરિણામ નહિ. મૂળચંદભાઈ! આવી વાત છે, બાપુ! આહા..હા..! લોકોને વસ્તુ મળી નથી અને મળવાની રીત એની ખબર નથી. અરેરે! અનાદિથી ચાર ગતિમાં અનંતભવ કરી કરીને

તે દુઃખી છે. સમજાણું કાંઈ? એ સ્વર્ગમાં પણ આકુળતાનું દુઃખ છે. આ શેઠાઈ અબજોપતિ ગણાય એ બધા દુઃખી બિચારા છે હોં. આકુળતા-આકુળતા. રાગની આકુળતાથી દુઃખી છે. સમજાણું કાંઈ? એ રાગ એનાથી પાર, ચૈતન્યની સેવા કર, જ્ઞાનની. એમ કહ્યુંને. એમ એનો અર્થ થયોને કે ભગવાનના ઉપદેશમાં આમ આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ચેતનની સેવા કર.

ઉત્તર :- ચેતનની સેવા કર, જ્ઞાનની સેવા કર ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો છે.

'**કોઈ તર્ક કરે કે આત્મા તો જ્ઞાન સાથે...**' એકરૂપ છે. સૂક્ષ્મ વિષય આવ્યો છે. છે અંદર? આ ચોપડાની લીટી કોઈ દિ' જોઈ નહિ હોય. એના ચોપડામાં આવું આવે નહિ કાંઈ. આહા..હા..! વીતરાગ ત્રિલોકનાથ એમ કહે છે. પ્રભુ! એકવાર સાંભળ તારી વાત હોં. તે તારી તારી કહેલી સાંભળી નથી. કહે છે ભગવાનના ઉપદેશમાં એ આવ્યું કે જ્ઞાનની સેવા કહો કે આત્માની સેવા બધી એક જ વાત છે હોં! આત્મા જ્ઞાનસ્વભાવ છે, તો જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થા. એ ધાર્મિક ક્રિયા અને એ મુક્તિનો માર્ગ. ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો છે, મહારાજ! આપ આત્માના સ્વભાવની સેવા કહો છો જ્ઞાનની. તો જ્ઞાન સાથે તો આત્મા તદ્રૂપ, એકરૂપ છે. જેમ અગ્નિ અને ઉષ્ણતા એકરૂપ છે એમ આત્મા ભગવાન અને એનો જ્ઞાનપ્રકાશ સ્વભાવ એકરૂપ છે, તદ્રૂપ છે. એ કાંઈ જુદો નથી. તો '**જુદો નથી,...**' અસ્તિ-નાસ્તિ છે. શિષ્યના પ્રશ્નમાં આ છે હજી તો.

'**તેથી જ્ઞાનને તો નિત્ય સેવે જ છે;...**' જ્ઞાનસ્વભાવ. અહીં તો મૂળ જ્ઞાયકભાવ લેવો છેને. આહા..હા..! જ્ઞાયકભાવ અને આત્મા એ તો એકરૂપે, તદ્રૂપ તાદાત્મ્ય એક સ્વભાવ છે. તો એ તો આત્મા જ્ઞાનની સેવા, આપ કહો છો જ્ઞાનની સેવા કરો, જ્ઞાયકની સેવા કરો તો તને આત્માની પ્રાપ્તિ થાય, શાંતિ થાય. પ્રભુ મને તો એમ લાગે છે કે આત્મા વસ્તુ છેને. આ શરીર, વાણી, મન એનાથી તો ભિન્ન. એનું જ્ઞાન, એના આત્મા સાથે અભિન્ન, એમાં થતાં પુણ્ય અને પાપના વિકલ્પોથી તો એ ભિન્ન. આહા..હા..! પણ એના જ્ઞાનથી અભિન્ન છે, એકમેક છે. એટલું તો એને શિષ્યને પણ પ્રશ્ન ઉઠ્યો કે આ જેટલા વિકલ્પો ઉઠે પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ એનાથી તો આત્મા જુદો છે. એનાથી તો એકમેક નથી. શેઠ! પણ તમે જ્યારે જ્ઞાનની સેવા આત્માના જ્ઞાયકની કહો છો, તો પ્રભુ આત્મા અને જ્ઞાયકભાવ તો તદ્રૂપ છે. એ તો સેવા સદાય કરે જ છે. '**તો પછી તેને જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે?**' આહા..હા..! પ્રભુ! તમારી વાણીમાં તો એમ આવ્યું. ત્રિલોકનાથ તીર્થંકરદેવ એની દિવ્યધ્વનિમાં એ આવ્યું કે આત્માની સેવા કરો. એટલે કે આત્માના જ્ઞાનની સેવા કરો. પ્રભુ! એ જ્ઞાન અને આત્મા તો તન્મય છે, એકરૂપ છે. એ પુણ્ય અને પાપના રાગ સાથે તન્મય નથી. એટલું તો એને

ખ્યાલ આવ્યો. શેઠ! આહા..હા..!

આ દેહના રજકણો આ તો માટી છે. આ તો અજીવતત્ત્વ છે. એની સાથે આત્મા એકમેક નથી. એકવાત. અંદરમાં વિકલ્પ વાસના ઉઠે વૃત્તિઓ. આ કરું, દયા કરું, વ્રત કરું, ભક્તિ કરું, પૂજા કરું, કામ ને ભોગની વાસના, કમાવું એ વૃત્તિઓથી તો આત્મા તન્મય નથી. સમજાણું કાંઈ? એ લાગણીઓથી તો આત્મા એકરૂપે નથી. કેમકે એ આસ્રવતત્ત્વથી એ આસ્રવ છે. એનાથી ભિન્ન છે, પણ જ્ઞાન અને આત્મા એ બે જુદા ક્યાં છે? વસ્તુ આત્મા અને પ્રકાશનો પૂંજ, ચૈતન્ય પ્રકાશનું નૂર. વસ્તુ ભગવાન આત્મા એ ચૈતન્ય પ્રકાશનું નૂર. પ્રભુ એ પ્રકાશથી આત્મા કાંઈ જુદો નથી. બધું એકમેક છે. પહેલું એકમેક છે એમ કહ્યું, જુદો નથી એમ કહ્યું. એનો અર્થ એ થઈ ગયો કે શરીર, વાણી, મન, પુણ્ય અને પાપ એકમેક નથી અને જુદાં છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે. આહા..હા..! એવી શિક્ષા. એનો અર્થ એમ થયોને ભાઈ! કે ભગવાનના ઉપદેશની શિક્ષા આ છે. આહા..હા..! ત્રિલોકનાથ તીર્થંકરદેવ અનંત કેવળીઓએ આત્માના જ્ઞાનની સેવાનો ઉપદેશ કર્યો છે. સમજાણું કાંઈ? ત્યારે આ દેવ-ગુરુ-શાસ્ત્રની સેવા જૂઠી? ઝીણી વાત, ભાઈ! સમજાણું? ચૈતન્ય ભગવાન એની સેવા જુદી અને આની સેવામાં તો વિકલ્પ ઉઠે છે રાગ. આહા..હા..! અને શિષ્યે એટલું તો કબુલ્યું ત્યાં આટલું સાંભળીને કે રાગ સાથે એકમેક આત્મા નથી. એ તો જુદી ચીજ છે. પણ રાગ સંબંધીનું જ્ઞાન અને પોતાસંબંધીનો જ્ઞાન એવો ભાવ એનાથી તો અભિન્ન છે આત્મા. અભિન્નની સેવા કરે જ છે એ તો. એકમેક છે એટલે એકમેકની સેવા જ છે એને. છતાં તમે આ ઉપદેશ કેમ કર્યો? '**શિક્ષા કેમ આપવામાં આવે છે? તેનું સમાધાન :- તેમ નથી.**' ભાઈ! તને ખબર નથી. '**જોકે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે...**' ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર એની સાથે એકમેક છે. '**તોપણ એક ક્ષણમાત્ર પણ...**' એક સમયમાત્ર પણ એણે જ્ઞાનની સેવા કરી નથી. સમજાણું કાંઈ? કહો, શેઠ!

મુમુક્ષુ :- અજ્ઞાનની સેવા

ઉત્તર :- રાગની. વિકલ્પોની લાગણી છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ, કામ, ક્રોધના ભાવ એ રાગ. એ રાગની સેવા કરી. એ અજ્ઞાન છે. જેમાં જ્ઞાનનો કણ નથી. આ માણસને એવું આકરું પડે છે. નથી એને ખબર. વીતરાગનું શું કહેવું છે? અને વીતરાગે શું પ્રયોજનભૂત કહ્યું? કહે છે, ભગવાન! એકવાર સાંભળતો ખરો ભાઈ! બીજી વાત ભલે તે સાંભળી હોય બધી ઘણી એ ખબર નથી? સમજાણું કાંઈ?

'**જોકે આત્મા...**' ભગવાન જ્ઞાનસ્વભાવ, જ્ઞાનનો પ્રકાશ એનાથી તો એકમેક છે. પુણ્ય-પાપના વિકાર અને શરીર એ અજ્ઞાન, અંધકાર એનાથી તો ભિન્ન છે. કહો, સમજાણું આમાં?

આ તો ધર્મ કઠણ. બાપા ઝીણી વાતું છે. એણે સાંભળી નથી. બહારથી માની બેઠો જાણે. આહા..હા..! એવી વાતું છે. એ દયા પાળવી, વ્રત પાળવી, ભગવાનની પૂજા કરી અને જાત્રા કરવી. એય..! મૂળચંદભાઈ! એ અશુભથી બચવા એવો ભાવ હો, એ કાંઈ ધર્મ નથી. આ આકરુ માણસને લાગે ભારે. એને કહે. આહા..હા..! હવે શું કહે છે આ? ભગવાન આત્મા તેણે પરમાત્માએ તો એના આત્માના સ્વભાવની સેવા કરવાનું કહ્યું છે. વીતરાગની આજ્ઞામાં વીતરાગની દિવ્ય ધ્વનિમાં ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં ભગવાન તું આત્મા તારો સ્વભાવ જ્ઞાન એની સેવા કર એમ કહ્યું છે. ત્યારે તો શેઠને પ્રશ્ન ઉઠ્યો હતો. સમજાણું કાંઈ? મહારાજ! આત્મા અને પ્રકાશ આત્માનો પ્રકાશ ચૈતન્ય એ તો બેય એકમેક તદ્રૂપ છે. જેમ પુણ્ય અને પાપના રાગ જુદા છે એમ આ કાંઈ જુદા નથી કે તમે એની સેવાની વાત કરો છો? આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ધીરૂભાઈ! આવું ઝીણું બહુ. હવે .. ગયા .. તમારા.

કહે છે. આહા..હા..! ભાઈ! તે તારા ઘરની વાત સાંભળી નથી હોં. માન્યું છે. માન્યું છે કે અમે ધર્મ કરીએ છીએ અને અમારા ગુરુઓ પણ અમને ધર્મ કરાવે છે. ભાઈ! બાપા! ધર્મ કોઈ ચીજ બીજી છે, પ્રભુ! આહા..હા..! એ અહીં શિષ્યનો પ્રશ્ન ઉઠ્યો છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ આત્મા, એનો સ્વભાવ એ કાંઈ સ્વભાવવાનથી જુદો છે? હા વિભાવ, પુણ્ય અને પાપ અને શરીર, વાણી, કર્મ આ સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ, ગુરુ અને શાસ્ત્ર એ બધા જુદાં છે. જુદાની તો તમે ના પાડો છો સેવાની. ભાઈ! જુદાની સેવાની ના પાડો છે. પણ ભેગાની સેવાની ના કેમ પાડો છો? સેવાનું કેમ કહો છો? ના નહિ. સેવાનું કહો છો કેમ? એ તો છે ભેગા. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે કહે છે કે '**આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપ છે...**' પ્રભુ! એ પ્રકાશની સાથે આત્મા જોડાયેલો જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! એના ઘરની ખબર ન મળે અને બધી ડહાપણના દરિયા બહારના.

કહે છે. '**એક ક્ષણમાત્ર...**' એક સમય સેકન્ડનો અસંખ્યમો ભાગ. એણે જ્ઞાનની આત્માના સ્વભાવની સેવા કરી જ નથી. સમજાણું કાંઈ? કેમકે એવો એને ઉપદેશ મળ્યો નથી. અને એની યોગ્યતા નથી. બે વાત છે. બે છેને. આહા..હા..! કાળલબ્ધિ અને યોગ્યતાની વાત છે. જોકે જ્ઞાનને સેવતો નથી. કહેવું છે અહીંયાં ભગવાન સ્વરૂપ આત્મા જે ત્રિકાળ જ્ઞાન અને આનંદનું ધામ એ એનો સ્વભાવ. એ સ્વભાવની સેવા કરવી એમ ભગવાનને કહેવું છે. ત્યારે ઓલા પણ કહે એનો સ્વભાવ જ્ઞાન અને આત્મા એકમેક છે. એકમેક છે એ બીજાની સેવા બીજી ચીજ હોય તો સેવા કરે. આ તો એકમેક છે અને એનો અર્થ એ થયો કે આપના ઉપદેશમાં એ આવ્યું આ આત્માના સ્વભાવ સિવાય પુણ્ય અને પાપના ભાવ અને આ ફળરૂપ સંયોગો આ ધૂળ આદિ બધું. એની સેવા તો કરવાની તમે ના પાડો

છો. એમાં એની સેવા નથી, એ વાત નથી. આત્માના ભાવની સેવા કરો એમ તમે કહેવા માગો છો. આહા..હા..! ભારે લોકોને આકરું પડે. એમાં તો ધર્મ માન્યો. ધીરૂભાઈ! આહા..હા..! એમ છે એને અનાદિનું માને છે. એવું અનાદિના એના ગુરુઓ કહે છે અને એને માન્યું છે. એકના એક રખડવાના રસ્તા છે. આહા..હા..! મૂળચંદભાઈ!

**'જ્ઞાનને સેવતો નથી;...'** આહા..હા..! ભગવાન આત્મા જેના ઘરમાં જ્ઞાનસ્વભાવ પરિપૂર્ણ પડ્યો છે, પણ એની સન્મુખતા એક સમય કરી નથી એમ એ કહે છે. એક આત્મા અને જ્ઞાનનો પ્રકાશ ગુણ ત્રિકાળ છે એવી સન્મુખતાથી ત્રિકાળની એણે સેવા કરી જ નથી. એની પર્યાયમાં એ વાત આવી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ જ્ઞાનગુણ અને ગુણી આત્મા બે એક છે એમ એની પ્રતીતમાં સ્વસન્મુખ થયા વિના આવતું જ નથી. કહો, હીરાભાઈ! આવી વાત છે. આહા..હા..! લોકો બિચારા રાડ પાડે. સાધારણ માણસ બિચારા. બુદ્ધિઓ સાધારણ, એમાં રળવા, ખાવા, પીવા ને ભોગમાં વખત જાય બધો. થોડો વખત મળે માથે કહેનારા કહે એને સાંભળીને બેસે. પણ શું વીતરાગનો માર્ગ છે? જન્મ-મરણને ટાળવાનો શું ઉપાય છે? એની એને ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ટીકા .. છેને. ભગવાન! તે તારા ભાવની સેવા નથી કરી હોં. એક સમય પણ સેવા નથી કરી, એક સમય પણ એકાગ્ર થયો નથી. તારી સેવા બધી લૂંટાઈ જાય છે પુણ્ય અને પાપના રાગમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ આવી! આહા..હા..!

**'કારણ કે સ્વયંબુદ્ધત્વ (પોતે પોતાની મેળે જાણવું તે)...'** લ્યો શેઠ!

મુમુક્ષુ :- આખી જિંદગીમાં એક સમય સેવા નથી કરી?

ઉત્તર :- એક સમય ન મળે સેવા. અનંતી જિંદગી દિગંબર જૈન સાધુ થયો અનંતવાર, 'મુનિ વ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો.' નગ્ન સાધુ, હજારો રાણીનો ત્યાગ, કરોડો-અબજોની ઉપજનો ત્યાગ બાહ્યથી. અંતરથી મિથ્યાત્વના ત્યાગની ખબર ન મળે. એ અંદર વિકલ્પ જે ઉઠે છે રાગ એની એકતાબુદ્ધિમાં પડેલો બિલકુલ ત્યાગી ત્યાંનો નથી. એ ધર્મનો ત્યાગી છે. કહો, શેઠ! એ અહીં સિદ્ધ છે જુઓ. પ્રભુ! શિષ્ય કહે આપનો ઉપદેશ તો સ્વભાવની સેવાની વાત કરે છે હોં! એનો અર્થ થયો કે રાગ ને પુણ્ય અને પરની સેવાની તો આપ ના પાડો છો. કહેતા નથી. આ જાણે કરવા જેવું આ છે એમ કહો છો.

મુમુક્ષુ :- એક જ વાત કરો છો.

ઉત્તર :- એક જ વાત કરો છો. આહા..હા..!

મુમુક્ષુ :- જે કરવા જેવી છે એ જ વાત કરો છો.

ઉત્તર :- ના, એમ નથી. એમ તમે ગોટા વાળો એ ચાલે નહિ. કરવા જેવી એટલે જ્ઞાનની સેવા કરવાનું તમે કહો છો એમ. અને બીજાની સેવા કરું એમ તમે ના પાડો છો.

એટલે એ કહેતા જ નથી એમ. એટલું. હવે આ તમે કરવા જેવું છે એ કહો છો એમ પણ નહિ. તમે તો જ્ઞાનની સેવા કરો એમ કહો છો. તો અમને તો એમ લાગે છે કે જ્ઞાન અને આત્મા તો એકમેક છે. કે દિ' જુદા પડ્યા તે એની સેવા કરવી? એમ પ્રશ્ન છે. સમજાય છે કાંઈ?

તો ગુરુ કહે છે એ સેવા ક્યારે થાય? ભગવાન આત્માની અનંતગુણનો પિંડ પ્રભુ, અનંત આનંદનું ધામ, એની એકાગ્રતા એટલે કે મોક્ષનો માર્ગ, એટલે કે બંધનથી છૂટવાની કળા ક્યારે થાય? કે '**સ્વયંબુદ્ધત્વ...**' ત્યાં તો પોતાની મેળાએ જાગી જા અંદર. પૂર્વે તો સાંભળ્યું હોય પૂર્વે એ વાત અત્યારે નથી. સમજાણું કાંઈ? અહો..! આ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદથી એકરૂપ છે. એવો સ્વયંમેવ પોતાની મેળાએ નિસર્ગસમકિત દર્શન થાય તો એને જાણે. તો એ સેવા કરી કહેવાય. સમજાણું કાંઈ? '**સ્વયંબુદ્ધત્વ...**' સ્વયં-પોતાની મેળાએ બુદ્ધત્વને જાણે. ઓહો..! આ ભગવાન આત્માનો સ્વભાવ તો જ્ઞાન અને આનંદ છે. આ પુણ્ય-પાપની વિકલ્પની લાગણીઓ એ તો વિભાવ અને પૃથક્ પર ચીજ છે. એમ કાં પોતાની મેળાએ જાગીને ઉઠ્યો '**સ્વયંબુદ્ધત્વ અથવા બોધિતબુદ્ધત્વ (બીજાના જણાવાથી જાણવું તે)—**' બીજા જણાવે. ભગવાનનો ઉપદેશ, ગુરુનો ઉપદેશ આ. જો ભાઈ! તારી ચીજ જે છે વસ્તુ છે એમાં તો અનંતગુણ વસેલા છે. વસેલા છે, પણ વસેલા છે એનો તને એકાગ્રતાનો અનુભવ નથી. સમજાણું કાંઈ? બહારની ક્રિયાકાંડ અને વ્યવહારના લાગણીમાં ફસ્યો એ એક સમય પણ તે તારી સેવા કરી નથી. આહા..હા..! આકરું કામ. પણ ભગવાનની સેવા કરતાં-કરતાં થાતા હશે કે પરબારું થાતું હશે આવું? ભગવાન એમ કહેતા નથી ભાઈ! ભગવાન એમ કહે છે કે અમારા તરફની સેવાનો ભાવ એ તો રાગ છે. અમે પરદ્રવ્ય છીએ. તારું સ્વદ્રવ્ય નથી. એમ ત્રિલોકનાથ કહે છે. આહા..હા..! તું તારો સ્વભાવ ભગવાન પૂર્ણાનંદનો નાથ છો ભાઈ! અમે જે કેવળજ્ઞાન અને કેવળદર્શન અને અનંત આનંદ પામ્યા એ બધું અંતરમાં હતું એમાંથી પામ્યા છીએ. અંતરની સેવા કરીને પામ્યા છીએ અને એ રીતે પામ્યા છીએ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**(બીજાના જણાવાથી જાણવું તે)—એ કારણપૂર્વક...**' એમ. '**જ્ઞાનની ઉત્પત્તિ થાય છે.**' જુઓ આ જ્ઞાનની ઉત્પત્તિ થઈ. વસ્તુસ્વભાવ એ તો જ્ઞાનશબ્દે આખો સ્વભાવ લીધો છે એનો. એકલો આનંદકંદ પ્રભુ, સ્વભાવનો પિંડલો પ્રભુ, પણ એ સ્વભાવની એકાગ્રતા. સ્વયં થઈ જાય કાં ગુરુનો ઉપદેશ. એનો અર્થ એ થયો કે ગુરુના ઉપદેશમાં જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા થાય એ ઉપદેશ આવ્યો છે. સમજાણું કાંઈ? જૈન સંતો અને જૈન ધર્મીઓ એના ઉપદેશમાં આમ આવ્યું હતું. એ સિવાય બીજો ઉપદેશ હોય એ જૈન ધર્મનો ઉપદેશ નહિ. સમજાણું કાંઈ? ગુરુએ એમ જણાવ્યું હતું. શું જણાવ્યું? કે એના જ્ઞાનની ઉત્પત્તિ થાય

છે. એ જ્ઞાનસ્વભાવ તારો છે એની સન્મુખ થઈને એકાગ્ર થા. એમ ગુરુએ કહ્યું હતું, એવું જ એણે કર્યું. ત્યારે સ્વભાવ ચૈતન્યમૂર્તિની એકાગ્રતા થતાં આ જ્ઞાનની ઉત્પત્તિ પર્યાયમાં થઈ સમ્યગ્જ્ઞાન એમ કહે છે. ગુણ અને ગુણી તો એક હતા. પણ ગુણગુણીની એકતાનો પર્યાયમાં અનુભવ સ્વભાવ સન્મુખ થયો ત્યારે જ્ઞાનની સમ્યક્ ઉત્પત્તિ થઈ. એ જ્ઞાનની ઉત્પત્તિ થઈ એ જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. આહા..હા..! સમજાણું કાંઈ?

એ આત્મામાં આવીને વસ્યો. એય..! ધીરૂભાઈ! એ વાસ્તુ. ત્યાં સુધી બહાર વસે છે. ક્યાં એય..! મનમોહનદાસ! ..કોણ? તો કહે .. બધાને સાંભળવા જેવું છે આ. આ રખડતા હતાને એમાં રખડવું કેમ મટે એની વાત આ. કહો, સમજાણું આમાં? આમાં સમજાણું? સમજ્યા એ નહિ? હળવે હળવે આવે બધું. આહા..હા..! અરેરે! તારા ઘરમાં દોરીને લઈ જાય અને ઘરમાં ન જાય એમ હોય? એ સાંજની ગાયું વગર માણસે દોડી આવે જંગલમાંથી. કેમકે ચાર પહોર એને ગમાણે રહેશે ઘરમાં. એવી આવે માણસની જરૂર ન પડે એને. બારણું બંધ હોય તો માથુ મારે. એમ ચાર પહોર અહીં રહેવું છે. બહાર તો રખડવા ગયા હતા. આહા..હા..! ઉઘાડ. બારણા બંધ હોય તો માથુ મારે. એ તો શહેરમાં તો તમારે ક્યાં રહ્યું છે. રાતે ગામડામાં ધણ આવેને ધણ? સવારે દોરી જવું પડે. માણસને મોકલીને ઓલા ધણ ભેગા કરીને. સાંજના લાવવા ન પડે. એના તો જ્યાં ઘર હોય ત્યાં આવીને માથુ મારીને બારણું ઉઘાડે. એમાં રખડવામાં કાંઈ ઉતાવળ નથી કરી. એ તો અનંતકાળથી રખડી રહ્યો છે. ઘરની અંદર આવે તો માથુ મારે કે આ ઉઘાડ. આહા..હા..! શ્રદ્ધા, જ્ઞાન દ્વારા આત્મામાં એકાગ્ર થાય અને ભાન ન થાય એમ બને નહિ. આહા..હા..! અરે! એણે કર્યું નથી કોઈ દિ'. થોથેથોથાં કર્યા અને માન્યું કે અમે ધર્મ કરીએ છીએ. સમજાણું કાંઈ?

ત્યાં '**જ્ઞાનની ઉત્પત્તિ થાય છે.**' એમ કીધું જુઓ, ઓલું જ્ઞાન તાદાત્મ્ય તો છેને. એ તો ગુણ અને ગુણી સદા એકરૂપે છે, પણ આ ગુણગુણી એકરૂપે છે એમ ગુણમાં એકાગ્ર થયા વિના જ્ઞાનની ઉત્પત્તિ થાય નહિ. અને આ ગુણ અને ગુણી એકમેક છે એ જ્ઞાનમાં એકાગ્રતા વિનાનું ભાન થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞાન કેવું? આ શાસ્ત્રબાસ્ત્રના જ્ઞાનની વાત નથી આ. અંતર ભગવાનમાંથી ચૈતન્યના પ્રકાશનું પૂર છે. ચૈતન્યનો પ્રકાશ જે છે. સમજાણું કાંઈ? લ્યો આ છેને શું કહેવાય? સર્ચલાઈટ હજાર-હજાર ઓલાની હોય છેને. એમ આ તો અનંત ચૈતન્યના પ્રકાશના .. પ્રકાશ અંદર હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે એ કાં તો પોતાની મેળાએ જ્ઞાનની ઉત્પત્તિ થાય. '**સ્વયંબુદ્ધત્વ.**' અને કાં ગુરુના ઉપદેશથી થાય. એ જ્ઞાનની ઉત્પત્તિ થાય છે એમ કહે છે. લે. એની પર્યાયમાં સ્વસંવેદન જ્ઞાન થાય છે. સમ્યગ્દર્શન થતાં આત્માના સ્વભાવ સન્મુખ જતાં, વિભાવથી વિમુખ થતાં અંદરની જ્ઞાનની પર્યાય પ્રકાશ જાગે છે. એ પ્રકાશમાં એને ખબર પડે છે કે ઓહો..! આત્મા

આ છે. આ એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ધર્મની પહેલી દશા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ વિના જેટલું કરે એ બધું સંસારમાં રખડવા માટે છે.

કારણપૂર્વક. ઉપદેશ મળવાપૂર્વક અને કાં પોતાની યોગ્યતાથી. જ્ઞાનની એટલે આત્માના સ્વભાવની અંતર્મુખ થતાં, અંતર્મુખ થવાની વાત ગુરુએ કહી હતી. આહા..હા..!

મુમુક્ષુ :- બીજા તો બહાર મુખ થવાની વાતું કરે છે.

ઉત્તર :- બહાર મુખ છે આ કરો.. આ કરો... આ કરો... એ વીતરાગની વાણી નહિ, એ વીતરાગનો ઉપદેશ નહિ. એ વીતરાગને નામે અજ્ઞાનીએ ઉપદેશ કરેલો છે. અહીં તો ચોખ્ખી વાત છે આમાં કાંઈ ઝાટકીને કાંઈ. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન કુંદકુંદાચાર્ય સીમંધર ભગવાન પાસે ગયા હતા. ભગવાન બિરાજે છે વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં. એમની પાસે જઈને આ સંદેશો લાવ્યા હતા. એમની પાસે હતો પણ વધારે સ્પષ્ટ કર્યો. ભગવાન તો આમ કહે છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવની દિવ્યધ્વનિમાં તો આમ આવ્યું હતું. ભગવાન આત્મા એ પુણ્ય અને પાપના રાગ અને નિમિત્ત તરફના વલણવાળો અનાદિનો ભાવ છે એને છોડ અને અનાદિનો ભગવાન ગુણસંપન્ન છે એમાં જોડાઈ જા, એમાં એકાગ્ર થા, એમ ભગવાનની આજ્ઞા છે. કહો, સમજાણું કાંઈ? અરે! પણ કરવું શું આમાં? હવે એ ક્યાં અંદરમાં થાવું એ દેખે કોણ? ઓલા તો દેખે બીજા કે અપવાસ આઠ કર્યા, પંદર કર્યા, વરઘોડા જોડ્યા. એ દુનિયા કહે કે આ ધર્મ કર્યો, જાત્રામાં બે લાખ, પાંચ લાખ, દસ લાખ ખર્ચ્યા. ત્યાં ઉઘાડે પગે ચાલ્યા, ઉના પાણી પીધા, છપરબી પાળી. દુનિયા દેખે. આહા..હા..! એ બધા વિકલ્પની જાળુની વાતું છે. ભગવાન! તારી ચીજ તો એ રાગની ક્રિયાથી પાર છે. એવા જ્ઞાનસ્વભાવમાં અંતર્મુખ થઈને એકાગ્રતાથી જે અંદર શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની દશા ઉત્પન્ન થાય એ ધર્મ નવો ઉત્પન્ન થાય છે. ત્રિકાળી સ્વભાવમાં ધર્મ છે, પણ પર્યાયમાં નવો ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? ઉત્પત્તિ થાય છે એમ કીધુંને?

ચૈતન્યના પ્રકાશ પૂર ઉપર જોતાં એકાગ્ર થતાં એ જ્ઞાન સમ્યક્ શ્રદ્ધા શાંતિ, વીતરાગતા, અતીન્દ્રિય આનંદનો અનુભવ એ બધી પર્યાયો ઉત્પન્ન થાય છે અને અજ્ઞાનની પર્યાયનો નાશ થાય છે. રાગમાં એકતામાં ધર્મ માન્યો હતો એવો અજ્ઞાનભાવનો વ્યય, ધર્મભાવની ઉત્પત્તિ, ધ્રુવભાવનું કાયમ ટકવું. વસ્તુ ધ્રુવ છે એ તો કાયમ ટકતી જ છે. સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યય અને ધ્રુવ લ્યો છે ક્યાંય વીતરાગ સિવાય? સમજાણું કાંઈ? ગુણની ઉત્પત્તિ થાય છે. ભાષા જુઓ. નવી ઉત્પત્તિ થાય છે. રાગ અને પુણ્યના ભાવ, એનું આચરણ એ તો અનાદિનું છે. એ કાંઈ નવું નથી. નિગોદમાં પણ પુણ્ય પરિણામના આચરણ અનંતવાર કર્યા છે. જે અત્યારે કરે છે. નિગોદ-નિગોદ. બટાટા, શક્કરકંદ, લીલ, ફૂગ એમાં સમયે સમયે, ક્ષણે ક્ષણે. એક ક્ષણમાં પુણ્ય બાંધે, બીજે ક્ષણે પાપ બાંધે છે. ત્યાં શુભભાવ છે. નિગોદમાં

પણ શુભભાવ છે. એ ક્યાં નવી ચીજ હતી? સમજાણું કાંઈ? ત્યાં વળી કોઈ સાધન નથી ને પુણ્યભાવ ક્યાંથી આવી ગયા? સાધનને શું કામ ત્યાં? એને રાગની મંદતાના પરિણામ નિગોદના, બટાટાના જીવમાં ક્ષણે.. ક્ષણે... ક્ષણે... શુભ અને ક્ષણે અશુભ, ક્ષણે શુભ અને ક્ષણે અશુભ. એ નવી ક્યાં ચીજ છે? એ તો વિકાર છે. સમજાણું કાંઈ? આ તો પ્રશસ્ત રાગ છેને. પણ પ્રશસ્ત છે રાગ કે ધર્મ? અશુભની અપેક્ષાએ એને પ્રશસ્ત કહ્યો, આત્માની અપેક્ષાએ તો બેય અપ્રશસ્ત છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવી સંધિ કરી છેને. આહા..હા..!

ભગવાન આત્મામાં કાં પોતાની મેળાએ જાગે અને કાં ઉપદેશ જ્ઞાનીનો મળે. પણ જ્ઞાનીનો ઉપદેશ કોને કહીએ? કે જે આત્માના સ્વભાવ તરફ એકાગ્રતાની વાત કરે એ જ્ઞાનીનો ઉપદેશ. જે કોઈ રાગની ક્રિયામાં લાભ મનાવે અને રાગની ક્રિયામાં એકાગ્ર થવું એ વીતરાગની આજ્ઞાનો ઉપદેશ નહિ, અજ્ઞાનીનો ઉપદેશ છે. દરકાર કે દિ' કરી હતી રૂપિયા આડે. ઓલા બીડીમાં રૂપિયા... રૂપિયા... રૂપિયા દેખાતા હતા. એ બધું કરવા ગયા હતા. સાઈકલ ઉપર ફરતાં એવું સાંભળ્યું હતું પહેલા. પૈસા પહેલા ક્યાં હતા આટલા? સાઈકલ ઉપર ફરે, ગામડામાં જાય, આ જાય. હવે પછી ઘરે મોટરું ૪૦-૪૦ અથવા પૈસા ૫૦, ૬૦, ૭૦ હોય ખરા. આંકડો કોણે ગણ્યો છે? ધૂળના ઢગલા છે રખડવાના. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! જેણે આત્માની બાદશાહી જોઈ નથી, જાણી નથી અને જોઈ નથી, જાણી નથી તેથી તેની ભાવના એને નથી. એ રાંકા અને ભિખારી છે. આહા..હા..! પુણ્ય અને પાપના ભાવ જોયા, જાણ્યા અને કર્યા છે અને એની એને ભાવના છે. એ ભિખારા છે, રાંકા છે. સમજાણું કાંઈ? એ જૈન સાધુ થઈને પણ રાગની ભાવના ભાવે, પુણ્યના ભાવની ભાવના ભાવે એ ભિખારા છે. રાંકા છે, કુગુરુ છે. એય..! ભારે વાત! આ શું કહે છે?

કહે છે એકવાર સાંભળતો ખરો ભાઈ! તારા ઘરમાં જવાની વાતું બહુ અલૌકિક છે. બહારની ક્રિયાકાંડમાં તો રોકાઈને અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો. 'પણ આતમ જ્ઞાન બિના લેશ સુખ ન પાયો.' આ જ્ઞાનની ઉત્પત્તિમાં આનંદ છે. રાગની ઉત્પત્તિમાં દુઃખ છે. ચાહે તો અશુભ રાગ હો કે શુભરાગ હો, બેય દુઃખ અને આકુળતા, ઝેર છે. આહા..હા..! આકરું લાગે માણસને હોં. માન્યું છેને માન્યું. કહે છે કે 'એ કારણપૂર્વક...' એ કહે છે કે જ્ઞાનની સેવા કરું છું. કે ના. ના. સ્વભાવની સેવા તો અંદર એકાગ્ર થાય ત્યારે સ્વભાવની સેવા કહેવાય. આમ એકાગ્ર છે રાગમાં એ તો અજ્ઞાનની સેવા છે. સમજાણું? એ ભગવાન કહે છે હોં. ભગવાન કહે છે કે મારી ભક્તિમાં તને જે રાગ થાય અને રાગમાં એકાગ્ર થા એ અજ્ઞાનની ભક્તિ છે લે. આહા..હા..! બહુ ભજન. ભગવાનજીભાઈ! આવી વાતું આવી છે, ભાઈ! તારામાં હોય તો વ્યવહારને લ્યો. મારી નાખ્યા વાડા બાંધીને. 'વાડા બાંધી બેઠા રે પોતાનો પંથ કરવાને.' માર્ગ વીતરાગનો એ કાંઈક જુદો રહી ગયો. આહા..હા..! કહે છે.

વાત બહુ સારી આવી ધીરૂભાઈ! આ તમારી બાને..

મુમુક્ષુ :- નિશ્ચય વાસ્તુની વાત આવી.

ઉત્તર :- વાસ્તાની આવી જુઓ! અહીં વસજે કહે છે. ધૂળમાંય નથી બહાર. બહારના મકાનમાં તો નથી, પૈસામાં નથી, પાપના પરિણામ અને પુણ્યના પરિણામમાં વસવું એ તારું સ્વરૂપ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પાપ તો ક્યાંય રહી ગયા હવે એ તો રખડવામાં. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ વાસના રળવાના ભાવ એકલા પાપના પોટલા છે. આહા..હા..! એય..! હિંમતભાઈ! ભારે કામ ભાઈ આવું.

ભગવાન! એ તારી ચીજમાં તો જ્ઞાનની નિર્મળતા ભરી છે. એ રાગની મલિનતા એ તારી ચીજમાં છે નહિ. આહા..હા..! અહીં તો જ્ઞાનની ઉત્પત્તિ થાય છે એમ કહ્યુંને? જ્ઞાન અને આત્મા ગુણ તરીકે ત્રિકાળ છે, પણ એની એકાગ્ર થાય ત્યારે એની જ્ઞાનની નિર્મળ સમ્યક્ ઉત્પત્તિ થાય છે. ત્યારે એને ધર્મની ઉત્પત્તિ થઈ કહેવાય. સમજાણું કાંઈ? જેનાથી એકલું જ્ઞાન ઝરે, શ્રદ્ધા આવે, શાંતિ આવે, આનંદ થાય એ દશાની ઉત્પત્તિને ધર્મ કહે છે. આ જ માને, પછી માને, લાખ ભવે માને, આ માને એના નિવેડા છે. બાકી મરીને હેરાન થઈ ગયો છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છેને આ ઉપદેશ કીધોને. કરવો કોને? કોઈ કરી દે એવું છે? આહા..હા..! કોણ કરે? એમાં ભર્યું છે તેમાં જાય તો કરે. આહા..હા..!

લ્યો '**એ કારણપૂર્વક જ્ઞાનની...**' જ્ઞાન શબ્દે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદ, શાંતિ વગેરેની ઉત્પત્તિ અંતર ભગવાન આત્માના અંતર એકાગ્ર થતા થાય છે. '**(કાં તો કાળલબ્ધિ આવે ત્યારે પોતે જ જાણી લે અથવા તો કોઈ ઉપદેશ દેનાર મળે ત્યારે જાણે—જેમ સૂતેલો પુરુષ કાં તો પોતે જ જાગે અને કાં તો કોઈ જગાડે તો જાગે)**' ના એટલું ત્યાં થયું. એ તો આવી ગયું પહેલું આખું. પોતાથી જાગે અંતરથી ભાન થાય. ઓહો..! અંતર એકાગ્ર થતાં આત્મા તો શુદ્ધ આનંદનું ધામ છે. એથી આનંદની પર્યાય વહે છે એમ સમ્યગ્દૃષ્ટિને ધર્મની દશામાં આમ ભાન થાય છે. એને ધર્મ કહેવામાં આવે છે. '**અહીં ફરી પૂછે છે...**' ત્યારે શું આવું ભાન નહોતું ત્યાં સુધી અજ્ઞાની હતો? '**કે જો એમ છે તો જાણવાના કારણ પહેલાં...**' ભગવાન આત્મા આનંદનું ધામ, જ્ઞાનના પ્રકાશનો પૂંજ એના તરફના વલણ વિના અને એ જાણવાના કારણ પહેલા '**શું આત્મા અજ્ઞાની જ છે...**' આ શાસ્ત્રના જાણપણા કર્યા અગિયાર અંગના. ચૌદ-ચૌદ પૂર્વના ભણ્યો,

મહિના-મહિનાના માસ ખમણની ક્રિયાઓ કરી. મહિના-મહિનાના છ-છ મહિનાના અપવાસ કર્યા, બબ્બે મહિનાના સંથારા કર્યા. ત્યારે શું આવું ન જાણે ત્યાં સુધી અજ્ઞાની છે એ? એમ શિષ્યનો પ્રશ્ન છે.

**'જાણવાના કારણ પહેલાં શું આત્મા અજ્ઞાની જ છે...'** ત્યાં સુધી મૂઢ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! સ્વભાવ ભગવાનનો પોતાનો. ભગ નામ અનંત આનંદ અને જ્ઞાનની એની લક્ષ્મી છે. એ લક્ષ્મીનું એનું રૂપ છે. સમજાણું કાંઈ? આ ધૂળબૂળ આ પૈસા-બૈસા લક્ષ્મી તો જડની છે. એ ક્યાં એની છે? આહા..હા..! ભારે! જડનો સ્વામી થાય તો મિથ્યાદષ્ટિ મૂઢ છે એમ કહે છે. એ તો ઠીક પણ રાગનો સ્વામી થાય તોપણ મૂઢ છે. એ રાગ છે વિકાર છે અને એનો ધણી થાય તો આખો આત્માને વિકારી માન્યો એટલે મૂઢ છે. આહા..હા..! ત્યારે આવું જાણવા પહેલા એ મૂઢ હતો? બેય વાત સિદ્ધ કરી.

**'કેમ કે તેને સદાય અપ્રતિબુદ્ધપણું છે?'** એમ પૂછ્યું. સદાય એ? સદાય એને ભાન જ નહોતું? આટલું-આટલું કર્યું. વ્રત કર્યા, તપ કર્યા, સાધુ થયો. મહિના-મહિનાના અપવાસ કર્યા, સાધુ હજારો રાણીને છોડયું અને આવું જ્ઞાન ન થાય ત્યાં સુધી એ બધો અજ્ઞાની હતો? સમજાણું કાંઈ? **'તેનો ઉત્તર :- એ વાત એમ જ છે, તે અજ્ઞાની જ છે.'** આહા..હા..! ચૈતન્યના પ્રકાશના પ્રભુ પૂરવાળું એના તરફની એકાગ્રતા થઈ નહિ અને રાગની ક્રિયાની એકાગ્રતા થઈ. આવું જાણવા પહેલાં એ અજ્ઞાની જ હતો. ચાહે તો શાસ્ત્ર ભણ્યો હોય. આહા..હા..! સમજાણું કાંઈ? એ લાખો માણસને ઉપદેશ દેતો હોય એનો કલ્પેલો. મૂઢ છે કહે છે. જ્યાં આત્મા અનંત આનંદનું ધામ પ્રભુ સ્વભાવનો સાગર છે એની સન્મુખની દશા તો પ્રગટ કરી નથી અને પરસન્મુખની દશામાં રોકાયેલો છે. સમજાણું કાંઈ? સારો અધિકાર સારો આવી ગયો આ.

મુમુક્ષુ :- વાસ્તુનો જ છે આ અધિકાર.

ઉત્તર :- વાસ્તુનો જ છે આ તો. આહા..હા..! એને સદાય અપ્રતિબુદ્ધ કહ્યા છે. એ સદાય મૂઢ છે. આહા..હા..! જેણે પોતાના ઘરમાં આવ્યો નથી અને પરઘર પુણ્ય અને પાપના વિકલ્પમાં રોકાયેલો છે તે જીવ અજ્ઞાની છે, મૂઢ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એના જાણપણાની કાંઈ કિંમત નથી. એમ કહે છે.

## ગાથા-૧૯

तर्हि कियन्तं कालमयमप्रतिबुद्धो भवतीत्यभिधीयताम् --

कम्मे णोकम्मम्हि य अहमिदि अहकं च कम्म णोकम्मं।
जा एसा खलु बुद्धी अप्पडिबुद्धो हवदि ताव।।१९।।
कर्मणि नोकर्मणि चाहमित्यहकं च कर्म नोकर्म।
यावदेषा खलु बुद्धिरप्रतिबुद्धो भवति तावत्।।१९।।

यथा स्पर्शरसगन्धवर्णादिभावेषु पृथुबुध्नोदराद्याकारपरिणतपुद्गलस्कन्धेषु घटोऽयमिति, घटे च स्पर्शरसगन्धवर्णादिभावाः पृथुबुध्नोदराद्याकारपरिणतपुद्गलस्कन्धाश्चामी इति वस्त्वभेदेनानुभूतिस्तथा कर्मणि मोहादिष्वन्तरंगेषु नोकर्मणि शरीरादिषु बहिरंगेषु चात्मतिरस्कारिषु पुद्गलपरिणामेष्वहमित्यात्मनि च कर्म मोहादयोऽन्तरंगा नोकर्म शरीरादयो बहिरंगाश्चात्मतिरस्कारिणः पुद्गलपरिणामा अमी इति वस्त्वभेदेन यावन्तं कालमनुभूतिस्तावन्तं कालमात्मा भवत्यप्रतिबुद्धः। यदा कदाचिद्यथा रूपियो दर्पणस्य स्वपराकारावभासिनी स्वच्छतैव वह्नेरौष्ण्यं ज्वाला च तथा नीरूपस्यात्मनः स्वपराकारावभासिनी ज्ञातृतैव पुद्गलानां कर्म नोकर्म चेति स्वतः परतो वा भेदविज्ञानमूलानुभूतिरुत्पत्स्यते तदैव प्रतिबुद्धो भविष्यति।

વળી ફરી પૂછે છે કે આ આત્મા કેટલા વખત સુધી (ક્યાં સુધી) અપ્રતિબુદ્ધ છે તે કહો. તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :-

નોકર્મ-કર્મે 'હું', હુંમાં વળી 'કર્મ ને નોકર્મ છે',
-એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે ૧૯.

શ્લોકાર્થ :- [यावत्] જ્યાં સુધી આ આત્માને [कर्मणि] જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, ભાવકર્મ [च] અને [नोकर्मणि] શરીર આદિ નોકર્મમાં [अहं] 'આ હું છું' [च] અને [अहकं कर्म नोकर्म इति] હુંમાં (આત્મામાં) 'આ કર્મ-નોકર્મ છે'- [एषा खलु बुद्धिः] એવી બુદ્ધિ છે, [तावत्] ત્યાં સુધી [अप्रतिबुद्धः] આ આત્મા અપ્રતિબુદ્ધ [भवति] છે.

ટીકા :- જેવી રીતે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવોમાં તથા પહોળું તળિયું, પેટાળ આદિના આકારે પરિણત થયેલ પુદ્‌ગલના સ્કંધોમાં 'આ ઘડો છે' એમ,

અને ઘડામાં 'આ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવો તથા પહોળું તળિયું, પેટાળ આદિના આકારે પરિણત પુદ્ગલ-સ્કંધો છે' એમ વસ્તુના અભેદથી અનુભૂતિ થાય છે, તેવી રીતે કર્મ-મોહ આદિ અંતરંગ પરિણામો તથા નોકર્મ-શરીર આદિ બાહ્ય વસ્તુઓ-કે જેઓ (બધાં) પુદ્ગલના પરિણામ છે અને આત્માનો તિરસ્કાર કરનારા છે-તેમનામાં 'આ હું છું' એમ અને આત્મામાં 'આ કર્મ-મોહ આદિ અંતરંગ તથા નોકર્મ-શરીર આદિ બહિરંગ, આત્મ-તિરસ્કારી (આત્માનો તિરસ્કાર કરનારા) પુદ્ગલ-પરિણામો છે' એમ વસ્તુના અભેદથી જ્યાં સુધી અનુભૂતિ છે ત્યાં સુધી આત્મા અપ્રતિબુદ્ધ છે; અને જ્યારે કોઈ વખતે, જેમ રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે અને ઉષ્ણતા તથા જ્વાળા અગ્નિની છે તેવી રીતે અરૂપી આત્માની તો પોતાને ને પરને જાણનારી જ્ઞાતૃતા (જ્ઞાતાપણું) જ છે અને કર્મ તથા નોકર્મ પુદ્ગલનાં છે એમ પોતાથી જ અથવા પરના ઉપદેશથી જેનું મૂળ ભેદવિજ્ઞાન છે એવી અનુભૂતિ ઉત્પન્ન થશે ત્યારે જ (આત્મા) પ્રતિબુદ્ધ થશે.

ભાવાર્થ :- જેમ સ્પર્શાદિમાં પુદ્ગલનો અને પુદ્ગલમાં સ્પર્શાદિનો અનુભવ થાય છે અર્થાત્ બન્ને એકરૂપ અનુભવાય છે, તેમ જ્યાં સુધી આત્માને, કર્મ-નોકર્મમાં આત્માની અને આત્મામાં કર્મ-નોકર્મની ભ્રાંતિ થાય છે અર્થાત્ બન્ને એકરૂપ ભાસે છે, ત્યાં સુધી તો તે અપ્રતિબુદ્ધ છે; અને જ્યારે તે એમ જાણે કે આત્મા તો જ્ઞાતા જ છે અને કર્મ-નોકર્મ પુદ્ગલનાં જ છે ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે. જેમ અરીસામાં અગ્નિની જ્વાળા દેખાય ત્યાં એમ જણાય છે કે ''જ્વાળા તો અગ્નિમાં જ છે, અરીસામાં નથી પેઠી, અરીસામાં દેખાઈ રહી છે તે અરીસાની સ્વચ્છતા જ છે''; તે પ્રમાણે ''કર્મ-નોકર્મ પોતાના આત્મામાં નથી પેઠાં; આત્માની જ્ઞાન-સ્વચ્છતા એવી જ છે કે જેમાં જ્ઞેયનું પ્રતિબિંબ દેખાય; એ રીતે કર્મ-નોકર્મ જ્ઞેય છે તે પ્રતિભાસે છે''-એવો ભેદજ્ઞાનરૂપ અનુભવ આત્માને કાં તો સ્વયમેવ થાય અથવા ઉપદેશથી થાય ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે.

## ગાથા-૧૯ ઉપર પ્રવચન

આ જ્ઞાન આત્માનું કર્યા વિના. આહા..હા..! સદાય તે અજ્ઞાની જ છે. ત્યારે શિષ્યને પ્રશ્ન થયો 'આ આત્મા કેટલા વખત સુધી (ક્યાં સુધી) અપ્રતિબુદ્ધ છે...' હવે રહે

છે ક્યાં સુધી આ? કેટલા વખત સુધી અપ્રતિબુદ્ધ છે? એમ. ક્યાં સુધી અપ્રતિબુદ્ધ છે. અજ્ઞાની ક્યાં સુધી છે? '**તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :—**' લ્યો!

**कम्मे णोकम्मम्हि य अहमिदि अहकं च कम्म णोकम्मं।**
**जा एसा खलु बुद्धी अप्पडिबुद्धो हवदि ताव।।१९।।**
**નોકર્મ-કર્મે 'હું', હુંમાં વળી 'કર્મ ને નોકર્મ છે',**
**-એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે ૧૯.**

અપ્રતિબુદ્ધનો અર્થ અજ્ઞાની કર્યો પછી. હરિગીતમાં અજ્ઞાની કર્યો ઓલો અપ્રતિબુદ્ધનો. ગાથાર્થ.

મુમુક્ષુ :- ઓલું લાંબુ છે.

ઉત્તર :- ઓલું લાંબુ છે ખબર છે એટલે આવી ગયુંને મગજમાં આવી ગયું.

'**જ્યાં સુધી આ આત્માને જ્ઞાનાવરણાદિ...**' કર્મ જડ અને ભાવ—પુણ્ય-પાપના ભાવ અને શરીરાદિ નોકર્મ આ હું છું એ હું છું એ તિરસ્કાર કરનારા છે. આહા..હા..! પુણ્યના ભાવ, પાપના ભાવ, શરીર, વાણી કર્મ એ ચૈતન્ય ભગવાનનો અનાદર કરનારા છે. અનાદર કરનારા છે એ હું છું ત્યાં સુધી મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે. વેરીને વ્હાલા માન્યા. સમજાણું કાંઈ? '**જ્યાં સુધી આ આત્માને...**' એમ પણ જ્યાં સુધી. એમ કે એ નથી પછી એને કે કર્મનું જોર છે માટે અને ફલાણું. જ્યાં સુધી તારામાં જડકર્મ મારા એ પુણ્ય-પાપના ભાવ મારા, શરીરની ક્રિયા આદિ મારી એમાં હું છું. એના અસ્તિત્વમાં હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? શરીરાદિ, વાણી આદિ બધું. પૈસા, ઘરબાર, આબરૂ, કીર્તિ, ગધેડા. અમારા હાથી, અમારા બાયડી, અમારા છોકરા એ પરચીજ જે પોતાથી જુદી છે અને પુણ્યના, પાપના ભાવ પણ સ્વભાવથી જુદી ચીજ છે. એ આત્માના સ્વભાવનો, અનાદર તિરસ્કાર કરનારા છે. તિરસ્કાર કરનારાને, વેરીને પોતાના માને. આહા..હા..!

'**અને હુંમાં 'આ કર્મ-નોકર્મ છે'—**' જુઓ હવે. એમાં હું છું અને મારામાં એ છે. મારામાં કર્મ છે, મારામાં પુણ્ય-પાપના ભાવ છે, મારામાં શરીર છે, આત્મામાં આ કર્મ-નોકર્મ છે. '**એવી બુદ્ધિ છે, ત્યાં સુધી આ આત્મા...**' તે આત્મા અજ્ઞાની છે, મિથ્યાદૃષ્ટિ છે. ભલે એ પંચમહાવ્રત પાળતો હોય ક્રિયામાં રાગ મંદનો કાંઈક, પણ એ પુણ્યમાં એકાકાર છે અને પુણ્ય મારા છે, પુણ્યમાં હું છું, એનાથી મને લાભ થશે ત્યાં સુધી હજી મૂઢ અને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. એને આત્માનો કંઈપણ લાભ નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૩, બુધવાર, તા. ૦૨-૦૨-૧૯૭૨
## ગાથા-૧૯, પ્રવચન-૯૦

સમયસાર. ૧૯ ગાથા. અપ્રતિબુદ્ધ અજ્ઞાની કોને કહેવો એની ઓળખાણ આપે છે. મિથ્યાદષ્ટિનું લક્ષણ શું? સમજાણું કાંઈ? અહીંયાં એમ કહે છે કે અપ્રતિબુદ્ધ અજ્ઞાનીનું શું લક્ષણ? મિથ્યાદષ્ટિને કેમ જાણવો? તો એની વ્યાખ્યા કરે છે. **'જેવી રીતે સ્પર્શ,...'** આ ઘડો. ઘડાનો દાખલો આપે છે. ઘડો છેને ઘડો? એ ઘડાનો જે સ્પર્શ છે સ્પર્શ. એનો **'રસ, ગંધ, વર્ણ આદિ ભાવોમાં...'** આદિ ગુણપર્યાયની દશામાં. એ અર્થપર્યાયની વાત કરી. ઘડામાં રંગ, ગંધ, રસ, સ્પર્શની પર્યાય એને અર્થ પર્યાય કહેવાય. **'તથા પહોળું, તળિયું, પેટાળ આદિ આકારે પરિણત થયેલ...'** તેને વ્યંજન પર્યાય કહેવાય. આકૃતિ ઘડાની. **'પરિણત થયેલ પુદ્ગલના સ્કંધોમાં 'આ ઘડો છે' એમ,...'** એ તો બરાબર છે. સમજાણું કાંઈ? જુઓ, ક્યાં ઉતરશે? આ તો દૃષ્ટાંત છે. એના **'સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવોમાં તથા પહોળું, તળિયું પેટાળ આદિ...'** એની આકૃતિના પરિણમનમાં **'પુદ્ગલના સ્કંધોમાં 'આ ઘડો છે'...'** એ તો બરાબર છે. **'એમ, અને ઘડામાં...'** આ ઘડામાં. ઘડો. પછી અહીં લીધું છે.

**''આ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવો તથા પહોળું, તળિયું, પેટાળ આદિના આકારે પરિણત પુદ્ગલ-સ્કંધો છે'...'** ઘડામાં આ છે અને એમાં ઘડો છે. એ તો બરાબર છેને? **'એમ વસ્તુના અભેદથી અનુભૂતિ થાય છે,...'** વસ્તુના અભેદથી અનુભૂતિ, પ્રતીત, જ્ઞાન થાય તેને ત્યાં તો બરાબર વ્યાજબી છે. પણ અહીં શું ફેર પડે છે કહે છે અહીંયાં હવે? **'તેવી રીતે...'** આઠ કર્મ છે મોહ છે, પુણ્ય અને પાપના વિકલ્પ નામ રાગ છે એ અંતરંગ પરિણામ છે. આવી વાત છે. સ્પર્શ, રસ, ગંધમાં ઘડો છે અને પહોળું, તળિયું આદિમાં ઘડો છે અને ઘડાના સ્પર્શ, ગંધ અને આકૃતિ એમ કર્મનું જડ, મોહ આદિ અંતરંગ પરિણામ. ભ્રમણા રાગ, દ્વેષ, દયા, દાન, વ્રતાદિના વિકલ્પ શુભ-અશુભભાવ એ અંતરંગ પરિણામ છે. **'તથા નોકર્મ-શરીર આદિ બાહ્ય વસ્તુઓ—'** શરીરાદિ આમ. **'કે જેઓ (બધાં) પુદ્ગલના પરિણામ છે...'** સમજાણું કાંઈ? **'અને આત્માનો તિરસ્કાર કરનારા છે—'** બે વાત કરી. અંદરમાં થતા શુભ-અશુભ રાગ અને શરીર અને કર્મ આદિ શુભ-અશુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અને કામ, ક્રોધ, માન, લોભ, મોહ, રાગ એ બધા ભાવો

અંતરંગ પરિણામમાં ઉત્પન્ન થતાં અને શરીરાદિ બાહ્ય. સમજાણું કાંઈ? છેને અંદર? ઓલા અંતરંગ છે અને આ બાહ્ય છે. **'કે જેઓ પુદ્‌ગલના પરિણામ છે...'** આહા..હા..! **'અને આત્માનો તિરસ્કાર કરનારા છે...'** આટલું અહીં વધારે નાખ્યું. આત્માનો સ્વભાવ તો આનંદ અને જ્ઞાન છે અને એ પરિણામ તો પુદ્‌ગલના છે. જીવના સ્વભાવથી વિરૂદ્ધ છે. આહા..હા..! ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ? **'તેમનામાં 'આ હું છું'...'** એ પુણ્યના ભાવમાં એ મારા છે એ હું છું. એમ પછી મારા પછી આવશે. શુભભાવ થાય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ ક્રોધ ભાવ એમાં આ હું છું. એની અસ્તિ તો છે. પણ તે આ હું છું. એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તેમનામાં 'આ હું છું' એમ અને આત્મામાં...'** હવે આમ લીધું. **''આ કર્મ-મોહ આદિ અંતરંગ તથા નોકર્મ-શરીર આદિ બહિરંગ, આત્મ-તિરસ્કારી (આત્માનો તિરસ્કાર કરનારા) પુદ્‌ગલ-પરિણામો છે'...'** આમાં હું છું અને મારામાં એ છે. સમજાણું કાંઈ? **'એમ વસ્તુના ભેદથી જ્યાં સુધી અનુભૂતિ છે.'** એમ વસ્તુના રાગના પરિણામમાં હું અને રાગ પરિણામ મારામાં. શરીરમાં હું અને શરીર મારામાં, કર્મમાં હું અને કર્મ મારામાં. સમજાણું કાંઈ? શરીરની આકૃતિ આદિ પર્યાયમાં હું અને એ આકૃતિ પર્યાય મારામાં. સમજાણું કાંઈ? એવી બેની અભેદબુદ્ધિ, એકપણાની બુદ્ધિ ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. ઓહો..હો..! વજુભાઈ! આ બાયડી, છોકરા, ભાયું બધાને ક્યાં નાખવા? એય..! એય..! શેઠ! લાલચંદજી અને શોભાલાલજીને ક્યાં નાખવા?

અહીંયાં તો એ કહે છે કે ભગવાન પરમાત્મા પ્રત્યેની ભક્તિના ભાવ, શુભરાગ, પંચમહાવ્રતનો શુભરાગ, ભગવાનના સ્મરણનો શુભરાગ એ રાગ હું છું એટલે મારાથી થયો છે અને એ રાગ મારામાં છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ મૂઢ .. છે. એને આત્મા અને પરનું ભેદજ્ઞાન નથી. ભગવાનજીભાઈ! એકત્વબુદ્ધિ છે. ત્યારે શું કરવું આ મકાનનું? એવું છે. આહા..હા..! ભાઈ! શેઠ! આવી વાત છે, બાપા! આહા..હા..! ભગવાન જે ભિન્ન ચીજ છે એની સાથે અભિન્નની બુદ્ધિ, એકત્વની બુદ્ધિ એ જ મિથ્યાત્વનું લક્ષણ છે. કહો, શેઠ! છે કે નહિ એમાં પંડિતજી આવું? તો પછી આ વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થશે એ ક્યાં આવ્યું? એ કર્યું? વ્યવહારનો ભાવ એમાં હું છું અને એ ભાવ રાગ એ મારામાં છે, અકૃત્રિમ છે, અજ્ઞાની છે. સમજાણું કાંઈ? ત્યાં સુધી જન્મ-જરા-મરણના બીજડામાં પડ્યો છે. સમજાણું કાંઈ? કેટલો દાખલો આપીને સરળ અને સરસ કર્યું છે.

ભાઈ! તારી ચીજમાં એ શરીર, વાણી, કર્મ, બાયડી, છોકરા, કુટુંબ, દેશ તારામાં નથી. તેમ તું પુણ્ય-પાપના કર્મમાં, શરીરમાં, દેશમાં, કુટુંબમાં તું નથી. આબરૂ .. લ્યોને બાહ્ય આ. ફલાણા ભાઈ આવા. એ આબરૂ જડની પર્યાય, પુદ્‌ગલની છે. એ મારી આબરૂ છે. એ આબરૂમાં પોતે માને છે કે એ આબરૂમાં હું છું અને એ આબરૂ મારામાં છે. આહા..હા..!

ભારે આકરી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- આબરૂ ઉપર તો ધંધો છે.

ઉત્તર :- આબરૂ ઉપર તો ધંધા શેઠિયાના નામે. ભગવાનદાસ શોભાલાલ બાળક બીડીના વેપારી. એમાં પાછા ઘણાં સાટા ચાલે. શેઠ જાય ત્યાં કાનપુર ત્યાં તો પૈસા ધડાધડ. શેઠ આવ્યા છે પૈસા લેવા. આબરૂથી તો ચાલે બધું કહે લ્યો! ભગવાનદાસનું નામ પડે ત્યાં આ લોકો. એ તો ભાઈ અમારા શેઠ કહેવાય બેય ભાયું. અહીં કહે છે કે એ આબરૂમાં હું છું, એ મારી આબરૂ કરે છે અને નિંદા કરે છે કોઈ લ્યો. એ નિંદા પરમાણુની પર્યાય છે. એ મારી નિંદા કરે છે અને એ નિંદા મારામાં છે. આહા..હા..! કહો, વસંતીલાલજી! શું કરવું? આવી વ્યાખ્યા? ભાઈ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને તો મિથ્યાદષ્ટિ. હિંસામાં ધર્મ માને તો મિથ્યાદષ્ટિ. અહીંયાં તો રાગનો કણ એક શુભ પરિણામ. આહા..હા..! ગજબ વાત છેને. એય..! મૂળચંદભાઈ! છે કે નહિ એમાં? છે. આવું મૂકી દે .. આહા..હા..!

ચૈતન્ય ભગવાન વસ્તુમાં તો વસેલી શક્તિઓ શુદ્ધ અને પર્યાય શુદ્ધ છે. એ ચીજને આ રાગમાં હું અને રાગ મારામાં. એ બે તત્ત્વને ભિન્નતાને અભિન્ન કર્યા એણે. બેને એક માન્યા છે. સમજાણું કાંઈ? હું પાંચ-પચાસ લાખ કમાઉ છું, હું કમાણો. એ પૈસામાં હું છું. મારી વ્યવસ્થિત બુદ્ધિ હતીને તેથી કમાઉ છું. હું ત્યાં છું. એ કમાવાનો ભાવ અને કમાવું એ મારામાં છે. આહા..હા..! ભારે ભાઈ! ભગવાનજીભાઈ! હવે ભાઈ કાંઈક પાંચ-દસ હજારની મૂડી હોય એમાંથી લાખ, ૭૦-૮૦ લાખ, કરોડ, બે કરોડ થઈ જાય તો કાંઈ બુદ્ધિ વિનાના થતા હશે? ઓલા ભાષણ આપે બધા. એકફેરી અહીં ભાષણ આપ્યું હતું. બીજા પણ ઘણાં આપે. અમે અમારા બાહુ બળે અમારી પાસે કાંઈ નહોતું, બાપુજી નહોતા મૂકી ગયા, પણ આમ અમે ઉદ્યોગ અને ઉદ્યોગપતિ નથી કહેતા? ઉદ્યોગપતિ કહે છે. એક આવ્યા હતા ..થી આવ્યા હતા..થી. આ છેને ..તેના સંબંધી આવ્યા હતા. કર્યા હશે બે-પાંચ લાખ. પછી ભાષણ આપ્યું હતું. ઓલા છોકરાને આપેને. જુઓ અમે આમ કર્યું હતું. અમે આમ કર્યું ત્યારે પૈસાવાળા થયા છીએ અને છોકરાઓને પણ એ જાતનું શિખવે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પ્રભાશંકરભાઈ આવ્યા ત્યારે એવું કહ્યું હતું. ભાઈ હતા તમે. પ્રભાશંકર પટણી નહિ ઓલા દિવાન-દિવાન. ભાવનગરના દિવાન. આવ્યા હતા વ્યાખ્યાનમાં. ... જુઓ છોકરાઓ આમ .. કાંઈ આવું ન થઈ જાય. અમે તો આવી મહેનત કરી ત્યારે અમે મોટા થયા છીએ. એમ તમારે કરવું પડશે. મૂળચંદભાઈ! મોહનભાઈ ગયા. સમજાણું? બેય ગયા બેય? માણેકલાલ ગયા? ભાઈ પણ ગયા સુરેન્દ્રભાઈ. એ .. અમારી પાસે મૂડી અને પૈસા ક્યાં હતા. મુંબઈ જઈને કમાણા. . કરીને, પૂરું કર્યું. આવું બધું કર્યું ત્યારે કમાણા છીએ કહે છે કે તું કમાણો શું જડ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો કહે છે. એ તો સમજાવે છેને શેઠ. આહા..હા..! પ્રભુ તું ભૂલભૂલામણીમાં પડ્યો છો. તને ભૂલભૂલામણીની ખબર પણ નથી. આહા..હા..! અને એને ધર્મ કરવો. આ.. મળે આવું અને ધર્મ થાય એને. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? પરની દયા પાળી શકું છું, પરની પર્યાય મારી છે અને એ પર્યાયમાં હું છું. ગજબ વાત છે. આહા..હા..! અને પરની દયાનો ભાવ શુભ એ મારાથી થયો છે અને મારામાં છે અને એમાં હું છું. દુનિયાથી તો ઉંધું પડે બધું.

મુમુક્ષુ :- અહિંસા પરમો ધર્મ.

ઉત્તર :- કઈ અહિંસા? રાગની અણુત્પત્તિ એને શુદ્ધતાની ઉત્પત્તિ એનું નામ અહિંસા પરમો ધર્મ છે. રાગની ઉત્પત્તિ એ તો હિંસા છે અને એ મારામાં રાગ છે અને રાગમાં હું છું મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! પ્રવચનસારમાં કહ્યું છેને ભાઈ ઓલા ત્રણ તિર્યંચની. ..મનુષ્યની કરૂણા એની કરૂણા મિથ્યાત્વનું લક્ષણ છે કહે છે. પ્રવચનસારમાં છે. સમજાણું કાંઈ? તત્ત્વને અતત્ત્વ માનવું, અતત્ત્વને તત્ત્વ માનવું અને મનુષ્યને, તિર્યંચની એની દયા એમ. આવે એ જુદી વાત છે.

મુમુક્ષુ :- ઇચ્છવાયોગ્ય છે છતાં.

ઉત્તર :- જાણવાયોગ્ય છે કે આ થયું. એને ઠેકાણે આ કરૂણા આની મેં કરી. ભારે વાત ભાઈ! ઓલા કહે કે કરૂણા એ તો જીવનો ધર્મ છે. .. નિર્ણય કરે પછી આમાં આટલા વર્ષ થયા. થોડામાં કેટલાક કહીએ? સાગર આવે જાજા. એમ કહે. અહીં તો એકલી પોતાની વાત છે. પરની કાંઈ, કોણ કરે પરનું કરે કોણ? આહા..હા..! કહો, મીઠાભાઈ! આ હીરાભાઈમાં હું અને હીરોભાઈ મારો. હા કોક પૂછે તો એમ કહે લ્યો. ભગવાનનો દીકરો છે. આહા..હા..! પ્રભુ તારું હોય એ તારાથી જુદું હોય? અને જુદું હોય એ તારામાં આવે? તારું થાય? આહા..હા..! દાખલો આપીને કહ્યું છે એ. ઘડામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શનો પર્યાય એમાં ઘડો અને ઘડામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શનો પર્યાય અને ઘડાનો આકાર વ્યંજન-પર્યાયમાં ઘડો અને ઘડામાં વ્યંજન-પર્યાય. એ તો બરાબર છે. એવી રીતે રાગમાં અને શરીરની આકૃતિના પરિણામ. આકૃતિ થાયને આની? એ આકૃતિ મારે લઈને થાય. આંગળી આમ ચાલે રોટલી ખાય ત્યારે આંગળી કાંઈક વળે, બટકું થાય. હોઠ પાછા આમ હલે, શ્વાસ ખેંચે ત્યારે બટકું અંદર જાય કે એમ ને એમ જાતું હશે? મિથ્યાત્વની ખબર નહિ અને મિથ્યાત્વનું સ્વરૂપ જાણે પછી સમકિત થાય ત્યારથી એને ધર્મ શરૂ થાય. એ વિના મિથ્યાત્વભાવ આવો છે અને વ્રત ને તપને સંયમને બહારથી ગ્રહણ કરે, ધૂળેય નથી કાંઈ બહારમાં. આહા..હા..! સમજાણું કાંઈ? કારણ કે એ તો આત્માના ભાન વિના, ભેદજ્ઞાન વિના એ રાગની ક્રિયાને મારી માને અને હું

એ રાગને ફરજ છે મારે કરવી જ પડે. પરદ્રવ્ય મારે કરવું પડે. મિથ્યાદષ્ટિ છે. એને વ્રત કે તપ તે અસંયમ કહેવાય. આહા..હા..!

સમકિતનો શું ગુણ છે? મિથ્યાત્વનું શું નુકસાન છે એ લોકોને ખબર નથી. કાં તો આમ કોઈક જરી વિષય સેવે કે કાંઈક પૈસા તું લે છે આ મારા .. તો હિંસા કોકની થઈ, ફલાણું થયું, કપડા, બપડા સારા પહેર્યા કે પૈસા કાંઈક આબરૂ મોટી .. બંગલા મોટા કર્યા. મોટો પરિગ્રહવંત છે. પણ આ વિકૃતના રાગને પોતાનો માને એ કેવો અપરિગ્રહવંત છે? એ મિથ્યાત્વ એ જ મોટું પરિગ્રહ છે. કહો, સુજાનમલજી! આહા..હા..! આ તો ત્યારે વાત થતી હતી. અરેરે! જેને એના ઘરમાં શું નુકસાન ચાલે છે? મહાન નુકસાન એની ખબર ન મળે. અને એમ માને કે અમે તો કાંઈ લાભ કરીએ છીએ. અરેરે! એ નુકસાનમાંથી ક્યારે નીકળે? ભારે આકરું કામ છે. અનંત પુરુષાર્થ છે, ભાઈ! નાનામાં નાનો રાગનો કણ. શુભરાગ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ રાગ. જોકે એવો રાગ તો સમકિતીને જ હોય, એટલે કે એની પર્યાયમાં એવું આવે. વ્યવહારે તો એમ સમજાવેને. છતાં એ રાગ એ હું અને રાગ મારામાં એ બુદ્ધિ સમકિતીને હોતી નથી. આહા..હા..!

શ્રીમદ્‌માં કહ્યું છે એક ઠેકાણે મિથ્યાત્વનું સ્નાન ને સૂતક કરી નાખવું પડશે. એવું શ્રીમદ્‌માં આવે છે. યાદ રહે શબ્દ. એ મિથ્યાત્વરૂપી પાપનું સ્નાન નાહી અને સૂતક કરીને કાઢી નાખવું પડશે. એ વિના આરો નહિ આવે. એય..! જેઠાભાઈ! સ્નાન અને સૂતક બે. સ્નાન સમજો છો? મરી જાય તો સ્નાન કરે છેને? એનું સૂતક. પછી બાર દિ' સૂતક. તેર દિ'થી પછી હોય છેને? સ્નાન-સૂતક. કાઠિયાવાડી ભાષા છે. એને હશે કાંઈક. સ્નાન-સૂતક. આહા..હા..! ચૈતન્ય ભગવાન મહા જેમ ઘડામાં વર્ણ, ગંધ અને આકાર અને વર્ણ, ગંધ અને આકાર ઘડામાં અને ઘડો એમાં એ તો બરાબર વ્યાજબી છે કહે છે, પણ એવી રીતે ભગવાન આત્મામાં .. પણ એ એમ કહે તમે આ ખીચડો કર્યો છે. ખીચડો નહિ. ખીચડાને તો દાણા હોય અમુક જાતના. ઘઉં, બાજરો, અડદ, દાળ ફલાણું-ફલાણું. તમે તો કાંકરાના દાણા ભેગા કર્યા છે. પંડિત. ૨૦-૨૦ હજાર માણસ ભેગા કરે. બબ્બે ડોલર એક વ્યાખ્યાનના હોં. તે દિ' સાડા ત્રણ રૂપિયાનું ડોલર હતું. હમણાં કાંઈક ન વધી ગયું? પાંચ રૂપિયા આવે સાત રૂપિયા આપે એનું વ્યાખ્યાન સાંભળે, પણ એની કિંમત લોકો કરે. કારણ કે એમ કહે આપણે ક્યાં નવરાશ કે એટલા પુસ્તકની કિંમત ભરીએ? અને વળી પુસ્તકમાં શું કહ્યું છે? આ તો એટલો ભણેલો માણસ એક કલાકમાં આપે છે. .. ગણે નહિ. એવા એ ગણતરીવાળા હોય લોકો. ૨૦-૨૦ હજાર. એને ખર્ચ પણ એટલો થાય. .. પણ ખીચડા બધા. આહા..હા..! એ તો પુસ્તકો બબ્બે હજાર પુસ્તકો વાંચ્યા. બહુ પુસ્તકો વાંચે. ૧૬ વર્ષની ઉંમરથી મરણ સુધી. બધો ખીચડો કાંકરાના દાણા. આહા..હા..!

બાળક હો કે પંડિત હોય કે અગિયાર અંગનો ભણેલો હોય કે શેઠિયો હોય કે રાંક હોય, નારકી હોય કે પશુ હોય, દેવ હોય કે રાજા હોય, પણ જેણે ભગવાન આત્મામાં રાગ તત્ત્વ એ આસ્રવતત્ત્વ અને શરીર, કર્મ એ અજીવતત્ત્વ એ આસ્રવ અને અજીવમાં હું છું અને એ આસ્રવ અને અજીવ મારામાં છે એવી એકત્વબુદ્ધિ. આહા..હા..! ગજબ વાત કરી છેને. અહીં ભગવાનની ભક્તિમાં બેઠો હોય અને રાગ અને એકત્વ કરે. રાગથી મને લાભ થાશે. આત્માને શાંતિ મળશે. સમજાણું કાંઈ? એ ભગવાન પાસે ક્યાં અહિંસા કરી છે? ત્યાં તો ગુણાનુરાગ છે. ભાઈ! તને ખબર નથી. પરદ્રવ્યાનુસારી વૃત્તિ ઉઠી છે એ રાગ છે. પણ રાગમાં મારો એ રાગ અને હું એમાં .. રાગ આમાં નહિ, તો આ રાગ કરે છે કોણ? ભાઈ કરે છે ત્યાં સુધી અજ્ઞાનભાવ એ જ કરે છે. કળશટીકામાં આવે છેને. કરે ત્યાં સુધી એ જ કરે છે. ..રાગ એનું કર્તવ્ય અને એનામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો બાર વ્રતના ભાવ, પંચમહાવ્રતના ભાવ એ તો ધર્મ માને લોકો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વ્યવહારધર્મ કહ્યો છે. નિશ્ચયધર્મ જેને હોય એણે એવા રાગને વ્યવહારધર્મ એટલે નિશ્ચયધર્મ નહિ. સાચો ધર્મ નહિ. એને વ્યવહાર ધર્મ કહેવામાં આવે છે. સમયસારમાં કહ્યું છે. સમજાણું કાંઈ? ધર્મ એ મારો નથી એ નથી આવતું? નિર્જરામાં આવે છે. ધર્મ શબ્દે પુણ્ય છે. આહા..હા..! શું થાય? એને તત્ત્વનું ભેળસેળ ક્યા કરે છે? અને તત્ત્વો ભિન્ન એને એકપણે કઈ રીતે માને છે ખબર ન મળે. અંતરંગ પરિણામ અને બાહ્ય એ દશા શરીરાદિ, વાણી આદિ બધી. એ બધા જીવના સ્વભાવથી વિરૂદ્ધ ભાવવાળા તેથી ભગવાન આત્માનો પણ એમાં તિરસ્કાર કરનારા એ તિરસ્કાર કરનારા એ મારા અને તિરસ્કાર કરનારામાં હું. ભારે વાત છે. ભગવાન પોતે આમ કહે. મુનિઓ એમ કહે. અમને આહાર-પાણી દેવાનો ભાવ રાગ છે અને રાગ આત્માનો છે. આહા..હા..! .. છે. સમજાણું કાંઈ? અને એ રાગથી પરંપરા આત્માને લાભ થશે. આ શાસ્ત્રમાં આવે કેટલું જુઓ વ્યવહાર પરંપરા. પાછા આમાં એમ લખ્યું જુઓ. પ્રસ્તાવનામાં બીજું કેટલું ઘણું સારું લખ્યું છે. આ નયચક્રની પ્રસ્તાવના કરી છેને. કેટલું લખાણ છે. પાછું ઓલું.. એનું રાખીને વાત કરી છે. પાછું ઓલું રાખ્યું છે. જુઓ, શુભયોગને પણ ધર્મ પરિણત કીધો છે. ઓહો..હો..! આ તે કેવું? પણ ધર્મ પરિણતિ જીવ એટલે કે અકષાયવાળો જે જીવ છે એને જો શુદ્ધોપયોગ હોય તો મોક્ષ જાય. એ જીવને જો શુભોપયોગ હોય તો સ્વર્ગ જાય. એમ વાત છે. ત્યારે શુભોપયોગ તે ધર્મપરિણત એ અમૃતચંદ્રાચાર્યે કહ્યો છે, કુંદકુંદાચાર્યે કહ્યો છે. હવે શું કરવું એમાં? કૈલાસચંદજી જેવા. પછી કેટલીક વાત નાખી છે ઘણી આ નિશ્ચયની. આ બધું ચાલ્યું ખરુંને. બહાર આવ્યું એટલે ઘણું નાખ્યું છે આમાં. એ દ્રવ્યસંગ્રહમાં, પરમાત્મપ્રકાશ, પ્રવચનસાર, પંચાસ્તિકાય..

મોક્ષમાર્ગ તો એક જ હોય. તો એણે એમ નાખ્યું છે કે સિદ્ધાંત ગ્રંથોમાં મોક્ષમાર્ગ તો નિશ્ચય એક જ આવ્યો છે. તત્ત્વાર્થસૂત્રમાં. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એક જ આવ્યો છે અને એ અધ્યાત્મ ગ્રંથોમાં બે ભાગ આવ્યા છે. નિશ્ચય અને વ્યવહાર. તો ત્યાં અધ્યાત્મના બે ભેદ છે? એ તો બેનું કથન છે. નિરૂપણ કર્યું. અધ્યાત્મ ગ્રંથમાં બે મોક્ષમાર્ગ અને સિદ્ધાંત ગ્રંથમાં એક મોક્ષમાર્ગ. તત્ત્વાર્થસૂત્રમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ એકલું કહ્યું. મોક્ષમાર્ગ તો એક જ છે એમ સ્પષ્ટ કર્યું છે. પણ આ પાછા ગોટો વાળે. આહા..હા..! અને વર્તમાનમાં લોકો અસંયમમાં બહુ જાય છે માટે એને સંયમનો ઉપદેશ આપે છે એ ઉચિત છે. પણ. પણ પછી પણ કહે છે. સમ્યગ્દર્શન વિના એ સંયમ સંયમ કહી શકાય નહિ. અરેરે! આવું. હવે બધી વાતું થવા માંડી હોં. આહા..હા..! ઘણું ભર્યું છે. વાંચ્યું છેને પ્રસ્તાવનામાં. આખી ૪૨ પાનાની છે. વાંચીએ તો ખરા. ઓલા ભણેલા શું નાખે છે. આ તો આટલું બહાર આવ્યું છતાં શું લખે છે? આહા..હા..! ભાઈ! એક પણ અંશની ભૂલ નહિ ચાલે ત્યાં. સમજાણું કાંઈ? પહેલેથી લખ્યું હતુંને એ પ્રમાણે નાખ્યું છે. એ ગાથાનો અર્થ એવો જ કર્યો છે. શુભયોગવાળો પણ ધર્મ પરિણત છે. હવે ધર્મ પરિણત છે એને શુભયોગ હોય એની વાત છે. શુભયોગ છે એ ધર્મપરિણત એમ નહિ.

જેને આત્મજ્ઞાન થયું છે અને સ્વરૂપની રમણતા આનંદની લહેર ઉઠી છે એ ધર્મની પરિણતિ જેને નિર્વિકાર પ્રગટી છે. એને જો શુદ્ધોપયોગમાં આવે તો મુક્તિ થાય અને શુભરાગમાં રહી જાય તો સ્વર્ગ થાય. એ શુભરાગ ધર્મ પરિણતિ છે. એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ આકરું કામ. એ બિચારા લક્ષ્મી નવરા પણ થાતા નથી પાપના આડે આખો દિ'. એને ધર્મ મનાવવો બાપુ! એના પરિણામમાં તો મિથ્યાત્વ આવે અને મિથ્યાત્વમાં તો નરક અને નિગોદ છે. આહા..હા..! નિગોદ જશે. ઈયળ નહિ થાય. અરે ભાઈ! તું શું કરે છો? કુદરતના નિયમમાંથી કોઈ ફેરફાર તું કર એ વસ્તુ ફરી જશે? આહા..હા..! વસ્તુનો સ્વભાવ જ આમ છે ત્યાં. એને એને બતાવો, ધર્મ કહો, ધર્મ કહો, એની મીઠાશ આપો તો પતાસામાં ઔષધ દ્વારા કડવી નાખીને પસાતું આપો. આપે છેને પતાસામાં. બાળકને આપે જરી. મીઠું મીઠું લાગે તો કડવી વઈ જાય દવા. એમ જરી શુભભાવથી ધર્મ થાય એ દ્વારા એને આપો તો કાંઈક મીઠાશ લાગે તો ધર્મ સાંભળવા રહેશે, કાંઈક ધર્મ કરશે. ચરણાનુયોગની અપેક્ષામાં એ આવે. આહા..હા..! બાપુ! અહીં તો એ ચરણાનુયોગનો શુભોપયોગ પણ કોને હોય? જેને હજી રાગના પરિણામથી મારું કલ્યાણ થશે એવી બુદ્ધિ પડી છે એ તો મિથ્યાદષ્ટિ છે. એને વ્રત કેવા? સંયમ કેવો? તપ કેવા? અને ત્યાગ કેવા? કહો, વર્ષીતપ કરે છેને બાર મહિનાના અપવાસને. અરે! લાંઘણું છે. આહા..હા..! બંધ અજ્ઞાન બંધનું કારણ છે. બહુ સરસ વાત છે જુઓ. આહા..હા..!

'**(આત્મનો તિરસ્કાર કરનારા)...**' એ ચીજો એમાં હું અને એ મારામાં. એ પુદ્‌ગલ પરિણામો જ છે. સમજાણું? '**એમ વસ્તુના અભેદથી...**' વસ્તુની એકત્વબુદ્ધિ. '**જ્યાં સુધી અનુભૂતિ છે...**' એને પણ અનુભૂતિ તો કીધી. જ્ઞાન છેને. અશુદ્ધ અનુભવ. આહા..હા..! '**ત્યાં સુધી આત્મા અપ્રતિબુદ્ધ છે;...**' ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. ચાહે તો શાસ્ત્ર ભણ્યો હોય અગિયાર અંગ, નવ પૂર્વ અને બબ્બે મહિનાના સંથારા કર્યા હોય, છ-છ મહિનાના અપવાસ કર્યા હોય, કરોડોના દાન કર્યા હોય, મંદિરો લાખો બનાવ્યા હોય. તમારે તો કોણ .. એનો રાગ એવો હોય. એ કરોડો કહે છે નહિ કરોડો બિંબો. સવા લાખ પ્રતિમા. બસ એટલી? કરોડ નહિ? સવા લાખ જિનબિંબ લ્યો! ત્યાં તો આહા..હા..! અસંખ્ય પ્રતિમાઓ શાશ્વત છે. ભવનપતિ, વ્યંતર, આ જ્યોતિષમાં અસંખ્ય ભગવાનની મૂર્તિઓ છે રત્નની. શાશ્વત છે. સમજાણું કાંઈ? એથી શું થયું? એની સજ્ઝાય ઇન્દ્રો, દેવો કરે ત્યાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એ જાણે છે કે આ શુભભાવ છે. હેયબુદ્ધિએ કરે છે. એ આવ્યા વિના રહે નહિ. એ ભૂમિકાએ એ ભાવ આવે, પણ છે હેયબુદ્ધિ. અહીંયા તો એને પોતાનું માને છે એટલે એની બુદ્ધિ અહેય, ઉપાદેયબુદ્ધિ છે. આહા..હા..! નંદિશ્વરદ્વીપે જુઓને ૫૨ જિનાલય છેને. એક એક જિનાલયમાં ૧૦૮ પ્રતિમા રત્નની શાશ્વત. જેમ ચંદ્ર અને સૂર્ય શાશ્વત છે એમ ત્યાં જિનપ્રતિમાઓ એવી શાશ્વત આમ દેખતા જાણે બોલશે હમણાં એવું લાગે. બોલશે હમણા ધ્વનિ ઉઠશે. એવી વીતરાગમૂર્તિ રત્નની હોં! ૧૦૮ મણિરત્નના ઓલા ઓટલો. મણિરત્નનો ઓટલો હોય અને એના ઉપર ૧૦૮. આહા..હા..! પણ એ સમકિતી એને જાણે કે આ તો એક શુભભાવ ભક્તિનો છે. એ શુભભાવ પણ મને આત્મલાભ માટે નથી. અલ્પ અશુભ નથી એટલે શુભ છે. એ શાસ્ત્ર ભાષા એમ આવે કે અશુભથી બચવા માટે ભાષા એમ આવે વ્યવહારની. આહા..હા..! અહીં તો શુભ અને અશુભથી બચવાનો ઉપાય જ આત્મામાં એ નથી. અને એ આત્મા એમાં નથી. એવો બચવાનો ઉપાય ગોત્યા વિના એને સમ્યગ્દર્શન નહિ થાય. આહા..હા..!

'**આત્મા અપ્રતિબુદ્ધ છે; અને જ્યારે કોઈ વખતે, જેમ રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી...**' ઓલો ઘડાનો દાખલો હતો. હવે સવળી વાત. '**દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી...**' શું કહે છે? એ સ્વચ્છતા દર્પણની. અરીસો. સ્વને પ્રકાશે અને પરને પ્રકાશે એવી આકારની પરિણતિ સ્વચ્છતા એનો સ્વભાવ છે. '**સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે...**' રૂપી દર્પણ લેવું છેને આ? દર્પણ તો રૂપી હોયને એટલે '**રૂપી દર્પણની...**' એમ. ચૈતન્ય દર્પણની અહીં નથી વાત. '**ઉષ્ણતા તથા જ્વાળા અગ્નિની છે...**' જુઓ, અરિસામાં જે દેખાય છે

જે ઉષ્ણતા અગ્નિ. એ અગ્નિ નથી. સમજાય છે કાંઈ? એ તો અરિસાની સ્વચ્છતા છે. ઉષ્ણતા અને અગ્નિ તો ભિન્ન છે. સમજાણું કાંઈ? દેખાય અગ્નિ આમ. અગ્નિ છે તો ઉષ્ણતા હોવી જોઈએ. અગ્નિ અને ઉષ્ણતા તો આમ રહી. એ '**સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે...**' એ તો અરિસાની સ્વચ્છતામાં સ્વ અને પરનો ભાસ થાય એવું એનું સ્વરૂપ સ્વચ્છતાનું છે. એમાં કાંઈ ઉષ્ણતા અને અગ્નિ આવી નથી. આહા..હા..! જુઓને કેવી રીત..

'**ઉષ્ણતા અને જ્વાળા અગ્નિની છે તેવી રીતે અરૂપી આત્માની તો પોતાને ને પરને જાણનારી જ્ઞાતૃતા જ છે...**' ભગવાન જાણવા-દેખવાના સ્વભાવવાળો એ પોતાને જાણે. રાગ, પુણ્ય, વ્યવહાર શરીરાદિને જાણે. એને જાણે એ તો વ્યવહારથી સમજાવું છેને પરને જાણે, પણ એ પોતાને અને પરને જાણવામાં પોતાના સત્‌સ્વભાવનો ધર્મ છે એમાં સ્વને-પરને જાણવું એ પોતામાં છે. એ જ્ઞાતૃતા છે. સમજાણું કાંઈ? એવો રાગ થાય તેવું અહીં જ્ઞાન થાય. એ જ્ઞાનમાં રાગ જણાણો એ ખરેખર તો જ્ઞાનનું જ્ઞાન જણાણું. પણ અજ્ઞાનીને એમ લાગે કે આ રાગ ભાસ્યો, એ મને રાગ થયો, એ મને થયો. ખરેખર તો રાગનું પોતા સંબંધીનું પરપ્રકાશક જ્ઞાન પોતામાં થાય છે. સમજાણું કાંઈ? રાગ એમાં થતો નથી. અરિસામાં અગ્નિ આવતી નથી. એમ ચૈતન્ય અરિસામાં એ દયા, દાન, પુણ્ય-પાપના પરિણામ આવતા નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એ પોતાનો સ્વભાવ જ ચૈતન્ય એવો છે. સ્વ-પરને જાણનારી જ્ઞાતૃતા. જ્ઞાતાપણું જ છે એ તો જ્ઞાતાપણું જ છે.

રાગને જાણે, પરને જાણે અહીં તો લેવું છેને ભેગું? સ્વપરને જાણવું એ જ્ઞાતૃત્વ સ્વભાવ પોતાનો છે. પણ એ પરની અપેક્ષા બતાવવી છેને? રાગ જાણ્યો. કીધુંને પહેલું વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. ૧૨માં. હો, એને જાણવું અને પોતાનું જાણવું એ પોતાની જ્ઞાતૃતા છે. એ વ્યવહાર પોતાનો નથી. જેમ અરિસાની અગ્નિ નથી. અગ્નિ હોય તો ઉષ્ણ થવું જોઈએ. અરિસામાં તો ઉષ્ણતા છે નહિ, જ્વાળા દેખાય. એ તો અરિસાની સ્વચ્છતા છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને ઉષ્ણતા તો અહીં રહી. જેમ પુણ્યના-પાપના ભાવ આદિના આખા સ્વપરને જાણવું એવી જ્ઞાતૃતા તો પોતાની પોતાથી છે. એમાં કાંઈ રાગને લઈને એ છે. એમ નથી. તેમ રાગને જાણ્યો એમ નથી, તેમ રાગ જાણ્યો એમાં માટે રાગ અહીં આવી ગયો છે એમ નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ચૈતન્યના પ્રકાશમાં સ્વ-પરને જાણનારી જ્ઞાતૃતા છે.

'**અને કર્મ તથા નોકર્મ પુદ્‌ગલનાં છે...**' જેમ ઓલી અગ્નિ અને ઉષ્ણતા અગ્નિની છે. એમ ચૈતન્ય અરિસામાં સ્વ-પરને જાણવાની જ્ઞાતૃતા પોતાની છે. પણ રાગ દયા, દાન,

પુણ્ય, શરીર એ બધા પુદ્‌ગલના છે. આહા..હા..! લ્યો આવું કહેશે તો આ પછી આ બધા ગણતરી મોટી થાય છે. ધર્મમાં આ ધર્મ છે અને પછી આને તમે અધર્મ કહો છો. અરે! ભગવાન તને.. આહા..હા..! એ એકત્વબુદ્ધિના લાકડા ખોસ્યા છેને ત્યાં સુધી એને આકરું લાગે. અરેરે! આવા પરિણામ! જુઓ, ભગવાનની ભક્તિમાં રાગ ક્યાં આવ્યો? રાગ તો બાયડી, છોકરા, ધંધામાં રાગ આવે. રાગ ન આવ્યો તો વીતરાગતા આવી ભગવાનની સામું જોતાં? પરદ્રવ્ય અનુસારી વૃત્તિ એ વીતરાગ છે? આહા..હા..! સમજાણું કાંઈ? ઓલાને ઘડાનો દાખલો આપ્યો, આને અરિસાનો આપ્યો સહેલું કરવા.

ભાઈ! અરિસામાં સ્વ-પરને દેખવાની સ્વચ્છતા જ એની છે. છેને? સ્વપરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા એમ. એનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા અરિસાની. અને અહીં સ્વ-પરને જાણનારી જ્ઞાતૃતા. બસ. સમજાણું કાંઈ? અરિસામાં સ્વ અરિસાની દશા અને અગ્નિ આદિ જે હોય સામી, બરફ હોય, નાળિયેર હોય, સોનું હોય, આ વીંછી હોય લ્યોને સામે. દેખાય આમ. અત્યારે દેખાય છે બરાબર. વીંછી છે ત્યાં? .. ઓળખતા નથી. અરીસો હોય ને અરીસો એમાં દેખાય. સામે ચકલી છે. કાંઈ ચકલા નથી. એ તો અરિસાની અવસ્થા છે. પણ પાછી ઊંચી થાય તો ત્યાં પણ ઊંચુ થાય. મારા હું ઊંચો થાવ તો એ ઊંચો થાય છે. પણ એ તો અરિસાની સ્વચ્છતા છે. એ .. ત્યાં ક્યાં હતો? આહા..હા..! સિંહમાં પણ એમ થાય છે. કૂવામાં જોવે તો બીજો દેખાય, આમ કરે તો ઓલો આમ કરે. કોણ છે ત્યાં? આહા..હા..! વાંદરાનો દાખલાનું શું કાંઈ નામ છે હરિભાઈ! વાંદરાનો ઓલો. એ તો ઓલામાં આવ્યું છે. મેં આ દાખલો આપ્યો માટે ઓલો .. એમાં ઈનામ મારે જોઈતું નથી. અમે ઈનામની આશા ન હોય હવે ભાઈ . એવું લખવાનું શું કામ છે? આ વાંદરાનો દાખલો ભાઈએ લખ્યું છેને હરિભાઈએ એમાંથી કોકે નાખ્યું છે. કૂવામાં આમ દેખાય છે સિંહ. આવ્યો છે દાખલો એમાં સમ્યગ્જ્ઞાન દીપિકામાં. કૂવો-કૂવો. આમ મોઢું દેખાય. ત્યાં સિંહ છે? પાણીની સ્વચ્છતા છે એમાં. કહો, શેઠ! સિંહ છે એમાં? દેખાય છેને. શું દેખાય છે? એ તો પાણીની સ્વચ્છતા દેખાય છે. ભ્રમણા. જ્ઞાનમાં આવી ગયું આ .. આ ફલાણા, આ ઢીકણી, આ મારું. દેખાય છે ત્યાં કહે મારું. પણ ક્યાં દેખાય છે સાંભળને. ક્યાં ગરી ગયું છે તારું? આહા..હા..!

દાખલો કેટલો સ્પષ્ટ આપ્યો છે! અરિસાની સ્વ-પરના આકારનો પ્રતિભાસ. પ્રતિભાસ કરનારી સ્વચ્છતા. ઉષ્ણતા જ્વાળા તો અગ્નિની છે. કાંઈ અરિસાની નથી. એમ ભગવાન આત્માની જાણવાની શક્તિ સ્વ-પરને જાણવાની શક્તિ જે પર્યાય એ તારી છે. અને પુણ્ય અને પાપના ભાવ અને નોકર્મ શરીરના ભાવ બધા પુદ્‌ગલના છે. ભાસે તો જેવું હોય એવું ભાસે અંદર. ભાસે ત્યારે એમ થઈ જાય કે આ મને થયું. થયું છે એ સંબંધીનું જ્ઞાન અને

તે સમયે તો સ્વ-પરપ્રકાશક હોય એવું જ્ઞાન થાયને? આમ કેમ ભાસે છે? દ્વેષ કેમ ભાસે છે? એ વખતે જ્ઞાનનો પર્યાય જેવો હોય એવું ભાળે કે શું બીજું ભાળે? આહા..હા..! આવા રાગના પરિણામ થયા આકરા. સમજાણું? એ પરિણામ રાગના છે એ તારામાં ક્યાં છે? તારો તો જાણવા-દેખવાનો સ્વ-પરનો સ્વભાવ છે. એ તારા અસ્તિત્વમાં એ આવ્યું છે. રાગાદિ પરિણામ તો પુદ્ગલના પરમાં રહ્યા છે. આહા..હા..! ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ?

**'કર્મ તથા નોકર્મ...'** કર્મમાં બેય નાખી દીધા. દ્રવ્યકર્મ અને ભાવકર્મ. **'કર્મ તથા નોકર્મ પુદ્ગલનાં છે એમ પોતાથી...'** કા આમ પોતાથી અનુભવે, જાણે **'અથવા પરના ઉપદેશથી જેનું મૂળ ભેદવિજ્ઞાન છે...'** લ્યો! **'પરના ઉપદેશથી...'** પરના ઉપદેશમાં એ જ આવ્યું હતું. કે વ્યવહારરત્નત્રયનો રાગ એ તારો નહિ, એ તારામાં નહિ. આહા..હા..! આકરું ભારે કામ ભાઈ! આ ધર્મો હશે? .. છે, અજ્ઞાન છે એનું. બે ભાગ પાડતા એકલો જ્ઞાન તે આત્મા અને રાગાદિ બધું અજ્ઞાન છે. આ જ્ઞાન એમાં નથી એટલે અજ્ઞાન છે. આહા..હા..! આવો ઉપદેશ ભારે ઝીણો પડે મૂળચંદભાઈ! આમાં ઝાઝા ભેગા થાય. થાય ન થાય એને શું? સત્ય તો આ છે. માને, ન માને એની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! અને લોકોને પસંદ પડે કે ન પડે એથી કાંઈ આગમનું રહસ્ય જે છે એ કાંઈ ગોપવાય? બધાને પસંદ પડે એવી કઈ ચીજ છે જગતમાં? એવી કોઈ ચીજ જ નથી. આહા..હા..!

**'પોતાથી અથવા પરના ઉપદેશથી જેનું મૂળ ભેદવિજ્ઞાન છે...'** એમ. એ રાગ વિકલ્પ જે દયા, દાન અને વ્યવહારરત્નત્રયનો એનાથી હું જુદો, એ મારામાં નહિ અને મારાથી નહિ અને એમાં હું નહિ. **'એવી અનુભૂતિ ઉત્પન્ન થશે...'** એવું ભાન થશે **'ત્યારે જ (આત્મા) પ્રતિબુદ્ધ થશે.'** લ્યો! ત્યારે તે જ્ઞાન ધર્માત્મા થશે. આપણે પણ અહીં પૂરું થયું.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ-૭, રવિવાર, તા. ૦૬-૦૨-૧૯૭૨**
**ગાથા-૧૯, કળશ-૨૧, પ્રવચન-૯૧**

૧૯મી ગાથાનો ભાવાર્થ. જીવ અને અજીવ અધિકાર છે. કેવો જીવ જાણ્યે જીવ જાણ્યો કહેવાય અને કેવો જીવ ન જાણે તો એને અજ્ઞાન કહેવાય. એ વાત ચાલે છે. શિષ્યે પૂછયું છે કે આ અજ્ઞાની ક્યાં સુધી રહેશે. આત્મા અનાદિનો અજ્ઞાની છે તો એ અજ્ઞાની રહેશે ક્યાં સુધી? એના ઉત્તરમાં ગાથા છે આ. ભાવાર્થ છેને? '**જેમ સ્પર્શાદિમાં પુદ્‌ગલનો...**' શું કહ્યું આ? કે સ્પર્શ, રસ, ગંધ અને રંગ એમાં પુદ્‌ગલ છે. અને પુદ્‌ગલમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ છે. એ તો બરાબર છે. એ '**અનુભવ થાય છે અર્થાત્ બન્ને એકરૂપ અનુભવાય છે,...**' એ તો બરાબર છે. '**તેમ જ્યાં સુધી આત્માને, કર્મ-નોકર્મમાં આત્માની અને આત્મામાં કર્મ-નોકર્મની ભ્રાંતિ થાય છે...**' આત્મા ચિદાનંદ સ્વરૂપ છે આનંદ અને જ્ઞાતા-દ્રષ્ટા છે. એવા આત્મામાં પુણ્ય-પાપના ભાવકર્મ, જડ કર્મ અને શરીર. એમાં હું છું, નોકર્મમાં આત્માની. એમાં હું છું એમ. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવમાં હું છું. શરીરની ક્રિયા ચાલે એમાં મારો અધિકાર છે એથી ચાલે છે. એમ જ્યાં સુધી શુભ-અશુભભાવ અને કર્મ અને શરીર એમાં હું છું અને એ મારામાં છે. આ આત્મામાં કર્મ-નોકર્મની ભ્રાંતિ થાય છે. મારામાં પુણ્યના દયા, દાનના ભાવ મારામાં છે. શરીરની ક્રિયા પણ મારાથી થાય છે. એવો જ્યાં સુધી ભ્રમ છે ત્યાં સુધી મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. કહો, સમજાણું કાંઈ?

'**બન્ને એકરૂપ ભાસે છે, ત્યાં સુધી તો તે અપ્રતિબુદ્ધ છે;...**' અજ્ઞાની છે. એને આત્માનું ભાન નથી. કારણ કે આત્મા તો પુણ્ય-પાપના રાગરહિત છે, શરીરરહિત છે અને કર્મથી રહિત છે અને ત્રણે ભાવથી રહિત.. કહો, સમજાણું કાંઈ? ત્યાં સુધી અજ્ઞાની છે એ.

મુમુક્ષુ :- કર્મનો ઉદય..

ઉત્તર :- ઉદયમાં હું છું અને ઉદયને લઈને મને વિકાર થાય છે. મને વિકાર થાય છે. ત્યાં સુધી ભ્રાંતિ છે. આહા..હા..! કહો, શેઠ! હું બીડીવાળો છું, તમાકુવાળો છું, ધંધાવાળો છું એ તો મોટી મૂર્ખાઈ છે કહે.

મુમુક્ષુ :- મૂર્ખાઈ ક્યાં કીધી? અહીંયાં તો ભ્રાંતિ કીધી.

ઉત્તર :- ભ્રાંતિ કહો કે મૂર્ખાઈ કહો એમાં ફેર હશે? અપ્રતિબુદ્ધ કહો.

મુમુક્ષુ :- અપ્રતિબુદ્ધ શબ્દ સારો લ્યો.

ઉત્તર :- મીઠો પણ અપ્રતિબુદ્ધ એટલે મૂર્ખ. આહા..હા..!

મુમુક્ષુ :- એ જરા કડવું લાગે.

ઉત્તર :- કડવું લાગે. આહા..હા..!

ભગવાન આત્મા એ તો જ્ઞાન અને આનંદનું ધામ છે. એ આત્મા ભાવકર્મ નામ વિકારી શુભાશુભભાવ, જડકર્મ આઠ અને નોકર્મ શરીર, વાણી એમાં મારું અસ્તિત્વ છે. એમ માને છે અને એનું અસ્તિત્વ મારામાં છે. કહો, સમજાણું કાંઈ? ત્યાં સુધી જીવ અપ્રતિબુદ્ધ નામ મૂર્ખ છે. મિથ્યાદૃષ્ટિ અપ્રતિબુદ્ધ અજ્ઞાની છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'અને જ્યારે તે એમ જાણે...'** અને જ્યારે તે એમ જાણે એમ. **'કે આત્મા તો જ્ઞાતા જ છે...'** એ તો ચૈતન્યબિંબ પ્રભુ છે. જાણનાર-દેખનાર ભાવ-સ્વભાવવાળો છે. સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપના વિકલ્પવાળો નથી. શરીરવાળો નથી, કર્મવાળો નથી, બીજાને દયા પાળવાના ભાવવાળો એ નથી. બીજાની દયા પાળનારો નથી અને બીજાના દયાનો ભાવ રાગ થાય એ વાળો પણ જીવ નથી. ભારે ભાઈ! સમજાણું કાંઈ?

**'એમ જાણે કે આત્મા તો જ્ઞાતા જ છે...'** જાણનાર-દેખનાર જ છે **'અને કર્મ-નોકર્મ પુદ્‌ગલનાં જ છે...'** એ શુભ-અશુભભાવ, પરની દયા પાળવાનો ભાવ, હિંસાનો ભાવ, જૂઠાનો ભાવ, સત્ય બોલવાનો ભાવ એ બધા પુદ્‌ગલના છે. પુદ્‌ગલના છે. **'ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે.'** ત્યારે જ તે જ્ઞાની થાય છે. સમજાણું કાંઈ? એનો દૃષ્ટાંત આપે છે. **'જેમ અરીસામાં...'** ઓલો પુદ્‌ગલનો દાખલો પહેલો આપ્યો હતો પછી સિદ્ધાંત. આ **'અરીસામાં અગ્નિની જ્વાળા દેખાય...'** અરીસામાં. અરીસો છે શીશો. એમાં અહીં અગ્નિ છે, એમાં એ જ્વાળા દેખાય. **'ત્યાં એમ જણાય કે 'જ્વાળા તો અગ્નિમાં જ છે,...''** એ જ્વાળા જે દેખાય છે એ જ્વાળા અગ્નિની છે. આમાં દેખાય તે અરિસાની છે. સમજાણું કાંઈ? અરિસામાં જે દેખાય અગ્નિની જ્વાળા એ તો અરીસાની સ્વચ્છતાની છે. એમાં અગ્નિ છે નહિ. એ જ્વાળા એ તો અગ્નિની જ્વાળા છે. સમજાણું કાંઈ? **'જ્વાળા તો અગ્નિમાં જ છે, અરીસામાં નથી પેઠી,...'** અગ્નિની જ્વાળા આમ આમ થાય એ અરીસામાં પેઠી હોય તો અરીસાને હાથ અડાડે તો ઉનું થવું જોઈએ. અગ્નિ નથી અરીસામાં. ત્યારે શું છે અંદર? એ તો અરીસાની સ્વચ્છતા છે. અગ્નિ નથી. અગ્નિની દશા ત્યાં નથી. એ તો અરીસાની અવસ્થા છે.

**'જ્વાળા તો અગ્નિમાં જ છે, અરીસામાં નથી પેઠી, અરીસામાં દેખાઈ રહી છે...'** અરીસામાં જે પીળા આદિ આમ આમ જ્વાળા દેખાય છે **'તે અરીસાની સ્વચ્છતા**

જ છે;...' એ તો અરીસાની નિર્મળતા છે, અરીસાની અવસ્થા છે, અરીસામાં એનું અસ્તિત્વ છે. અગ્નિનું અસ્તિત્વ આમાં નથી. એમ અગ્નિના અસ્તિત્વમાં આ અરીસાની અવસ્થા છે નહિ. બે ભિન્ન-ભિન્ન છે. આહા..હા..! ભારે! '**તે પ્રમાણે કર્મ-નોકર્મ પોતાના આત્મામાં નથી પેઠાં;...**' પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, કમાવું, રળવાનો વિકલ્પ એ ભાવ તે આત્માના ચૈતન્યના પ્રવેશમાં નથી. ચૈતન્યના પ્રદેશ અને એના ભાવમાં નથી. એ તો ભિન્ન છે. ભારે વાત! સમજાણું કાંઈ? કર્મ અને નોકર્મ. કર્મ શબ્દે બેય લેવા—દ્રવ્ય કર્મ અને ભાવકર્મ. પુણ્ય-પાપના ભાવ વિકલ્પ, શુભ-અશુભ રાગ એ તો પુદ્ગલના છે. જેમ ઉષ્ણતા અગ્નિની છે, એમ પુણ્ય-પાપના ભાવ પુદ્ગલના છે. ત્યારે કહે જ્ઞાનમાં જણાય છેને? આત્માની જ્ઞાનસ્વછતા જ એવી છે કે જેમાં જ્ઞાનનું પ્રતિબિંબ પડતા જ્ઞેયનું પ્રતિબિંબ પડ્યું. અહીંયાં રાગ થાય એમાં પ્રતિબિંબ પડે છે. પ્રતિબિંબ એટલે? તે રાગ સંબંધીનું અહીં જ્ઞાન થાય છે. રાગ થયો એ સંબંધીનું અહીં જ્ઞાન થાય છે. એ જ્ઞાનની પર્યાય આત્મામાં છે અને રાગની પર્યાય આત્મામાં નથી. અરીસો સમજાણું?

'**આત્માની જ્ઞાન-સ્વચ્છતા જ એવી છે કે જેમાં જ્ઞેયનું પ્રતિબિંબ દેખાય;...**' છે. અરીસામાં જેમ અગ્નિની જ્વાળા આવી નથી. ફક્ત અગ્નિની જ્વાળાનું નિમિત્ત અને અરીસાની સ્વચ્છતાના ઉપાદાનમાં પોતાની નિર્મળદશા. એમ પુણ્ય અને પાપના ભાવ એ નિમિત્ત અને જ્ઞાનમાં તે સંબંધીનું જ્ઞેયાકારરૂપી જ્ઞાન પરિણમે એ જ્ઞાનની અવસ્થા છે અને પુણ્ય-પાપના પરિણામ એ તો પુદ્ગલ છે. આહા..હા..! હજી તો આ શરીર પુદ્ગલ છે એ બેસવું કઠણ પડે છે.

મુમુક્ષુ :- એ તો જીવતું શરીર છે.

ઉત્તર :- જીવતું શરીર. જીવીત શરીરની ક્રિયાથી જીવતર.. ધર્મ થાય કે નહિ? અરરર! અહીં તો કહે છે ભગવાન! એકવાર સાંભળ પ્રભુ! શાંત થા ભાઈ! આહા..હા..! અરીસો જેમ સ્વચ્છ અને નિર્મળ છે એમાં સામે જે અગ્નિ હો, બરફ હો, નાળિયેર હોય, હળદર હો, મરચા હો કે સોનું હો કે વીંછી હો કે સર્પ હો. એ અરીસામાં જે જણાય છે એ તો અરીસાની અવસ્થા છે. એ સર્પ અને વીંછી આમ દેખાય અંદર. આ ચકલા નથી થતા જુઓને અરીસામાં. અરીસો હોય છેને. આમ ચાંચ મારે. અંદર એક છે. ઊંચું થાય તો ઓલું ઊંચું થાય. મારું સામે ચાલે છે કહે? ત્યાં ક્યાં ચકલું હતું અંદર? એ તો અરીસાની અવસ્થા છે.

મુમુક્ષુ :- .. ધર્મ પળાય

ઉત્તર :- તો ભ્રમદશા. એ તો અરીસાની અવસ્થા છે. અહીં ચકલું જે અંદર દેખાય છે એ અરીસું ચકલું નથી. એ તો અરીસાની અવસ્થા છે. આહા..હા..! એ ચકલાના બે

ક્યાંથી થઈ ગયા? ચકલું ચકલામાં છે, અરીસો અરીસામાં છે. એમ ભગવાન આત્મા. આહા..હા..! જ્ઞાનસ્વરૂપી અરીસો છે એ તો. એમાં પુણ્ય અને પાપના, દયા, દાન, વ્રતના પરિણામ કે શરીરની થતી તે કાળની તેની ક્રિયા તેનું અહીંયાં જ્ઞેયનું જ્ઞાન, જ્ઞાનની અવસ્થામાં પોતાની સ્વચ્છતાના કારણે અને સ્વપરપ્રકાશકના સામર્થ્યને કારણે એ જાતનું જ્ઞાન અહીંયાં થાય. એ જાતનું પણ છે પોતાની જાતનું હોં! એ જાતનું તો નિમિત્તથી કહ્યું. આહા..હા..! જ્ઞાનમાં એમ જ જણાય. આ રાગ છે, આ દ્વેષ છે, આ છે. પણ એ રાગ-દ્વેષ કાંઈ જ્ઞાનમાં આવ્યો નથી. આહા..હા..! ભારે ઝીણું! હવે આ વ્રત અને ભક્તિ કરનારાને ખબર નથી કે આ વ્રતના વિકલ્પ મારામાં છે જ નહિ. સમજાણું કાંઈ? વ્રતના વિકલ્પ મારામાં છે એ માનનાર તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહા..હા..! જેણે વ્રતના વિકલ્પને પણ પુદ્ગલ તરીકે જાણ્યો છે. હું એનો જાણનાર કહેવું એ વ્યવહાર છે, પણ મારા જ્ઞાનમાં જ તે કાળની સ્વ અને પરને જાણવાની સ્વચ્છતાની નિર્મળતામાં એ જાતનું જ્ઞાન રાગનું જણાય છે એ તો મારું અસ્તિત્વ છે. રાગ નહિ. અને રાગ છે માટે અહીં રાગનું જ્ઞાન થાય છે એમ પણ નહિ. અને જેવો રાગ થાય એવું જ અહીં જ્ઞાન થાય, માટે રાગને કારણે જ્ઞાન થયું છે એમ પણ નહિ. અરે! ભારે ઝીણું! સમજાણું કાંઈ? આ કરવાનું તો આ છે એને. હવે આ કરે નહિ ભેદજ્ઞાન અને અભેદ માનીને ધર્મ કરે અને થાય (એમ નથી). આહા..હા..!

**'આત્મામાં નથી પેઠાં;...'** કાંઈ એ. પુણ્ય અને પાપના વિકલ્પ. અરે! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ આત્મામાં પેઠો નથી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો ચૈતન્ય અરીસો છેને. એનામાં સ્વ-પરને જાણવાની તાકાત છે. એ પોતાને કારણે એ તાકાત છે. રાગ ને દયા, દાનના વિકલ્પ આવ્યા માટે અહીં જ્ઞાન થયું એમ પણ નહિ, એ વિકલ્પ મારામાં છે એમ પણ નહિ, વિકલ્પ સંબંધીનું જ્ઞાન એ એના સંબંધીનું જ્ઞાન એમ પણ નહિ. એ તો મારા સ્વ-પર પ્રકાશકના જ્ઞાન સંબંધીનું જ્ઞાન છે. આહા..હા..! આમ જ્યાં સુધી ભેદજ્ઞાન ન કરે ત્યાં સુધી અજ્ઞાની છે. સમજાણું કાંઈ? બહુ ઝીણો આવો ધર્મ. આ કરતા તો દાન કરીએ ધર્મ થાય ફડાક દઈને અંદર લ્યો. દયા પાળીએ તો ધર્મ થાય, અહિંસા પરમો ધર્મ. કઈ અહિંસા? પોતામાં રાગનો વિકલ્પ જે પુદ્ગલ થાય પરની દયાના ભાવનો, એને પણ જાણવાનું જ્ઞાન મારાથી મારામાં થયું છે એવી જે જ્ઞાનની દશા થવી એનું નામ અહિંસા પરમો ધર્મ છે. મૂળચંદભાઈ! આવું છે આ. કોઈ દિ' સાંભળ્યું ન હોય ત્યાં. મુંબઈમાં ક્યાં હતું ત્યાં? દહેગામમાં, દહેગામ શું દાહોદ. આહા..હા..! દાહોદમાં તો બે ભાગ છે. દોહદ. બેહદ. એક આ મારવાડની અને એક ગુજરાતની. એકકોર પુદ્ગલની અને એકકોર આત્માની આ બેહદની વાત થાય છે. આહા..હા..!

**'આત્માની જ્ઞાન-સ્વચ્છતા જ એવી જ છે કે...'** એવી જ છે કે **'જેમાં જ્ઞેયનું**

**પ્રતિબિંબ દેખાય;...'** છે. વ્યવહારથી સમજાવું છેને? એ રીત એમાં દેખાય છે. જ્ઞેયનું પ્રતિબિંબ. બિંબ એ કહેવાય. સામું. પુણ્ય-પાપના વિકલ્પ એ બિંબ. અહીંયાં જ્ઞાનનું પરિણમન એ પ્રકારે થાય એનું નામ પ્રતિબિંબ. પણ એ થયું છે એ પોતાને કારણે થયેલું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધીરજ જોઈએ આમાં તો ભાઈ! આ તો ધીરજના કામ છે, આ કાંઈ.. અંતરમાં જ્ઞાનરૂપી અરીસો પ્રભુ. કહે પણ આ રાગ જણાય જાય છેને એટલે જ્ઞાન મેલું થયું? રાગને જાણ્યું, કોલસાને જ્ઞાન જાણે એટલે જ્ઞાન કાળું થાય છે? હળદરને જાણે. હળદર કહે છેને. પીળી. શું કહે છે? હલ્દી. તો હળદરને જ્ઞાન જાણે તો જ્ઞાન પીળું થઈ જાય? મીઠાને જ્ઞાન જાણે નમકને એટલે જ્ઞાન ખારું થઈ જાય? અફીણને જ્ઞાન જાણે તો જ્ઞાન કડવું થઈ જાય? એમ રાગને જ્ઞાન જાણે એટલે જ્ઞાન રાગમય થઈ જાય? એમ દ્વેષને જ્ઞાન જાણે એટલે જ્ઞાન દ્વેષમય થઈ જાય? એમ દયાના ભાવને જ્ઞાન જાણે તો જ્ઞાન દયામય થઈ જાય? સમજાણું કાંઈ? અને ક્રોધના ભાવને ક્રોધનો ભાવ આવ્યો એ પુદ્ગલ છે. એને જ્ઞાન જાણે એટલે કાંઈ જ્ઞાન ક્રોધમય થઈ જાય? આહા..હા..! ઈચ્છાને જ્ઞાન જાણે એથી કાંઈ જ્ઞાન ઈચ્છામય થઈ જાય? એ તો જ્ઞાનનો સ્વભાવ છે. રાગથી ભિન્ન પડ્યા વિનાનો સ્વભાવ છે. રાગથી એકત્વ છે જ્ઞાન એ તો જ્ઞાન જ નથી, એ તો અજ્ઞાન છે. આહા..હા..! એવું કઠણ ઘણું.

પહેલાની વૈરાગ્યની વાત આજ કડી હતી આવી હતીને રસ્તામાં. પહેલી એવી સાંભળતા ભાઈ! પહેલા વૈરાગી વાતું સાંભળતા. આ .. ગયા હતાને બરવાળા. કવિ હતા. પહેલા કોઈ વખત પાલેજથી આવી હતી. તો આજે આવી. ઘણીવાર જોયેલા. ક્યાં જયંતિભાઈ આવ્યા છે કે નહિ? ગયા? સવારમાં હતા જયંતિભાઈ. ભાવનગરવાળા. ત્યાં ઉમેચંદજી હતા. તમે તો હમણા આવ્યા. ઉમેચંદજી હતા. કવિ હતા હોં. પછી એક ગાયન જોડ્યું હતું મોટું. પુસ્તક રાખતાને બધું વાંચતા. એની એક કડી એવી હતી. કડી. બધી વાતું વૈરાગ્યની. તત્ત્વની તો ખબર ન મળે. એને ખબર ન મળે કરનારને. 'કહે મહાત્મા, કહે મહાત્મા સુણ આત્મા કહું વાતમાં.' સમજાણું કાંઈ? 'કહે મહાત્મા સુણ આત્મા કહું વાતમાં.' વાતમાં કહું તને. 'વાતમાં વિતક ખરી.' વિતક. આ વીતી ગઈ અનંતકાળમાં શું એ. વિતક સમજો છો? અત્યાર સુધી શું થયું. વિતેલી. અત્યાર સુધી વીતેલી. 'સંસાર સાગર...' એવું આવ્યું છે. ભૂલી ગયો. ત્યાં નહોતું કહ્યું? 'સંસાર સાગર દુઃખ ભર્યામાં અવતર્યા કર મેં કરી.' લ્યો આવ્યું. 'જ્યાં કષ્ટ કોટી અસહ્ય ભરપૂર, પાપ પામર પ્રાણીના, પામેલમાં માનવ જિંદગીની કદર અંતર વાણીના.' આટલું એક પદ આવતું પહેલા .. વાત સારી કરે છે. 'પામેલ માનવ જિંદગની કદર અંતર આણી ના.' અંતર કદર કરતા ન આવડી. આ રળવું, ખાવું, માન અને સન્માન. એમાં મનુષ્ય જિંદગી ગુમાવી દીધી. 'પામેલ માનવ જિંદગીની કદર અંતર આણી ના.' અરે! તું

કોણ છો? એને તો ત્યાં હતું. સમજાણું કાંઈ?

આત્મા અરીસો ચૈતન્ય ભગવાન બિંબ. ચૌદ બ્રહ્માંડ ત્રણકાળ, ત્રણલોક જ્ઞેય. એ જ્ઞેયનું જ્ઞાન અહીંયાં પોતાને કારણે સ્વકાળમાં જ્યારે થાય ત્યારે જેવું છે તેવું જ અહીં જણાય. આ જ્ઞાન કોને જાણે? જ્ઞાન અવળું જાણે? કે આ પરિણામ કેવા આવ્યા? આ પરિણામ કેવા? પણ એ પરિણામનું જ્ઞાન તારામાં થયું તે કાળે એને જોને. એને જોવે તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય. સમજાણું કાંઈ? આહા..હા..! આ ક્યાં પડી કોને ખબર. એક એક પળમાં આખો આત્મા ડૂબાડી દીધો છે. એ રાગનો કણ મારો અને રાગના અહીં અસ્તિત્વની વાત છેને. જીવ અસ્તિત્વની વાત છે. કર્તાકર્મની પછી. અસ્તિત્વની જીવ-અજીવની વાત છે. એટલે રાગનો કણ નાનામાં નાનો દયાનો, વ્રતનો, વિકલ્પ આદિ કહે છે કે એ વિકલ્પનું જ્ઞાન થાય એ તો એનો ચૈતન્યનો સ્વ-પર પ્રકાશક સ્વભાવને લઈને. પણ એ ઉપરાંત જઈને એ વિકલ્પ મારો છે અને એ વિકલ્પમાં મારો કાંઈક ભાગ છે જ્ઞાનનો. મારો કોઈ અંશ છે એ. સમજાણું કાંઈ? મિથ્યાબુદ્ધિ અજ્ઞાનબુદ્ધિ છે કહે. એને જડ અને ચૈતન્યની વહેંચણીની ખબર નથી. આહા..હા..! કહો, જેઠાભાઈ! આહા..હા..!

ખરેખર તો એ અચેતન છે. જીવ-અજીવ અધિકાર છેને. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ વિકલ્પ છે અને એમા ચેતનનો અંશ નથી. છતાં હું એમાં છું એટલે કે મારો અંશ એ છે અને એ અંશ મારામાં છે. મારો એ અંશ છે અને એ અંશ મારામાં છે. આહા..હા..! ત્યાં સુધી એને જીવ અને અજીવનું ભાન નથી. આહા..હા..! એ જીવ અને અજીવને જાણતો નથી. આહા..હા..! જીવ તો ચૈતન્ય મૂર્તિ પ્રભુ છે. એ કોનું કરે, ક્યાં જઈને કરે, ક્યાં છોડે ને કરે? કેમાં પેસીને કરે? એ તો પોતામાં રહે છે. જ્યાં રાગ ઉઠે એમાં પણ પેસતો નથી અને એ રાગનો કણ પણ ચૈતન્યના અંશની જાત નથી અને એ રાગ કાંઈ ચૈતન્યમાં રહેલો છે એમ નથી. આહા..હા..! એનું અસ્તિત્વ જ જુદું છે. ભારે ઝીણું ભાઈ! આવો માર્ગ ન સમજાયને તો લોકો પછી બીજે રસ્તે ચડી જાય ભાઈ! સત્ય તો આ છે. આહા..હા..! એને બીજી રીતે કરવા માગે તો કાંઈ નહિ થાય. જે છે એમ રહેશે. વસ્તુ તો વસ્તુરૂપે રહેશે. તારી દૃષ્ટિમાં બગાડ થાશે તો તું બગડીને રખડી મરીશ. આહા..હા..! સમજાણું કાંઈ? પણ આવું બધાને ન સમજાય. પણ તું ન સમજાય એમ કેમ કરીને બેઠો છો? ન સમજાય એમ કેમ કરીને બેઠો છો? સંસારના કામમાં તો મોટી મોટી ધાકુ નાખે. પાંચ લાખની મૂડીનો મોટો ૨૦ લાખનો મોટો ધંધો માંડે. આહા..હા..! એમાંથી ખોટ જાય તો પછી અરે! આપણને આવડ્યું નહિ, ઢીંકણું નહિ એમ કરીને પછી મૂકે પોક. ગયું. દસ લાખનું દીવાળું કાઢ્યું, વીસ લાખનું દીવાળું કાઢ્યું. આ દીવાળું મહાલાખનું કાઢ્યું એનું? આહા..હા..! અનંતા અનંત જ્ઞાન અને આનંદના નાથ એને વિકલ્પવાળો માનવો દીવાળું કાઢ્યું છે તે. તને જેનો માલ

જેનામાં, પોતાનો માલ પોતામાં ચુકવતા આવડ્યો નહિ. ભગવાનજીભાઈ! ભારે કામ ભાઈ! આહા..હા..!

કહે છે બહુ સરસ. દાખલો આપીને પણ સત્ય વાત એવી કરી નાખી. ભાઈ! તું ચૈતન્ય જીવ છોને. અને રાગાદિ અચેતન અજીવ છે. રાગ જીવ છે? જીવ તો જ્ઞાનસ્વરૂપી છે. રાગ તો અજ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! તો અજ્ઞાનને, અજ્ઞાનમાં મારો અંશ છે અને એ અંશ મારામાં છે એ બુદ્ધિ મિથ્યાત્વબુદ્ધિ અપ્રતિબુદ્ધિ અને એનું ભાન થતાં **'એ રીતે કર્મ-નોકર્મ જ્ઞેય છે તે પ્રતિભાસે છે—'** જોયું! રાગાદિ જ્ઞેય છે એ મારા જ્ઞાનસ્વભાવમાં ભાસે છે. પ્રતિભાસે છે એટલે એ છે તેવું અહીં ભાસે છે એમ. છે તેવું ભાસે છે. આહા..હા..! ભારે આવી. પહેલી આ વાત જ સમજવી કઠણ પડે. ઓલો તો અહિંસા ધર્મ કીધો છેને ભગવાને? આ અહિંસા પરમો ધર્મની વ્યખ્યા આ થઈ. આહા..હા..! આવે છેને ઓલામાં એ સ્વયંભૂ.. ભગવાન અહિંસાની વ્યાખ્યા તો લોકોએ ઘણી કરી બીજાએ. આપે જે કરી એવી વ્યાખ્યા ક્યાંય છે નહિ. સંમતભદ્રાચાર્ય. બધા દયાના નામે અહિંસા-અહિંસા બધા કરે છે, પણ પ્રભુ આપે જે અહિંસાની વ્યાખ્યા કરી એ ક્યાંય છે નહિ. આહા..હા..! ક્યાંય નથી એમ નહિ એમ કહીને કાંઈ બીજાનો અનાદર છે એમ નથી. એ તો વસ્તુની ઓળખાણ છે. સમજાણું કાંઈ? ક્યાંય નથી એમ કહેતા તો પછી બીજા ખોટા થઈ જાય છે. છે એવા કહે છે. થઈ ક્યાંથી જાય? થઈ ગયેલા છે એને કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કહે છે. આહા..હા..! ઘણી અલૌકિક વાત. ભગવાન આત્મા આમ કહે કે જીવ અને અજીવ જાણવા જોઈએ. જીવ અને અજીવ જાણે નહિ ત્યાં સુધી એનું જ્ઞાન સાચું થાય નહિ, ત્યાં સુધી દૃષ્ટિ એની નિર્મળ થાય નહિ. ત્યાં સુધી એને ચારિત્રને યોગ્ય, ચારિત્રનો અધિકારી નથી. ચારિત્રનો અધિકારી ન થાય ત્યાં સુધી. સમજાણું કાંઈ? આહા..હા..! ચારિત્રનો અધિકારી થાવું હોય તો પહેલું રાગ અને આત્મા બે જીવ અને અજીવ તદ્દન જુદાં છે. આખી જાત ફેર છે. સમજાણું કાંઈ? એ પ્રતિભાસે છે.

**'એવો ભેદજ્ઞાનરૂપ અનુભવ...'** એનો અર્થ એ કે જ્ઞાનની પર્યાય અંતરમાં વાળતા પછી જે જ્ઞાન સ્વ અને રાગ બાકી એનું જ્ઞાન થાય, એવું જે ભેદજ્ઞાન થાય. **'કાં તો સ્વયમેવ થાય...'** પોતાની મેળાએ ઉપદેશ વિના થાય. ઉપદેશ પૂર્વે ભલે આપ્યો હોય પણ તરત ન થાય એને .. કહે છે. અને કાં **'ઉપદેશથી થાય...'** આ ગુરુ કહે, ભાઈ! ગુરુએ આ કહ્યું હતું. ગુરુએ શું કહ્યું હતું એ ઉપદેશ કેવો ગુરુનો હોય? જૈન ગુરુઓ અને જૈન સંતો અને જૈન સમકિતી એનો ઉપદેશ કેવો હોય એ આમાં કહ્યું. એનો ઉપદેશ એ હોય કે રાગ નામનો કણ દયા, દાન અને વ્રતનો હોય એ તારામાં નથી. તું એનો જાણનાર-

દેખનાર છો. તારાથી અજીવની ચીજ ભિન્ન છે. છે તેને જાણ અને છે તેને પામ. આહા..હા..! આમ જૈન સંતોનો, સમકિતીનો. જૈન એટલે કે વસ્તુનો સ્વભાવ. રાગ વિનાની ચીજ એને જાણવી, અનુભવવી એનું નામ જૈન. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! મોંઘુ પડે આમ. ૧૦-૧૦, ૨૦-૨૦ વર્ષના સાંભળનારને પણ અંદરથી જાણે કેટલાકને એવું થઈ જાય કે આ કેવું કહે છે? પ્રેક્ટિસમાં મૂકાય કહે? વળી ઓલો એમ કહે. પ્રેક્ટિકલ. ગુજરી ગયા બિચારા લ્યો. આહા..હા..! એક અહીં પ્રેમચંદભાઈ આવતા લાઠીના. પંદર દિ' પહેલા નહોતા બેઠા. એક .. નહિ અહીં બેસતા. હા એ. દેહ છૂટી ગયો. એના જમાઈ છેને પ્રવિણભાઈ. લઈ ગયા ત્યાં ઠીક ન થયું. મુંબઈ લઈ ગયા. ગુજરી ગયા. ૭૦ વર્ષની ઉંમર. એક ક્ષણમાં પલટતા વાર. કાં પેશાબ અટક્યો અને કાં ધૂળ અટકી કાં આમ થયું, આ ચાંદુ પડ્યુંને. આહા..હા..! પણ એ તો પુદ્‌ગલની પર્યાય છે. એ તો જ્ઞેય તરીકે જ્ઞાનમાં જણાય છે. એ જ્ઞાનની દશા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આ બધા બંગલા ને મહેલ ને મકાન ને બાયડી, છોકરા ને કોના હશે ત્યારે? શેઠ! ભ્રમણામાં છે. આહા..હા..! અહીં તો કહે છે એક રાગનો કણ હોં! એ શુભભાવ. ભગવાનની ભક્તિ, દયા, દાનનો ભાવ, પૂજાનો ભાવ, ભગવાનના સ્મરણનો પરદ્રવ્ય અનુસારી ભાવ કહે છે કે ભાઈ એ અચેતન છે હોં. એ કહે છે અહીંયાં. ત્યારે કહે જણાય છેને. જાણનારના સ્વભાવમાં જણાય નહિ? ખરેખર તો એ જણાતું નથી, પણ વ્યવહારે કહેવાય છે. જણાય છે તો ખરેખર એ સંબંધીનું જ્ઞાન પોતાને એને જાણે છે એ. એને જાણવું એ તો વ્યવહાર કહેવાય છે. આહા..હા..! એને જાણે એ તો ઉપચાર છે. ભગવાન આત્મા ચૈતન્યનું નૂર છે. એ તો ચૈતન્યના તેજવાળું પૂર છે. એમાં એ રાગાદિ જણાય, પણ એ રાગ તો પુદ્‌ગલ છે અને તું તો જીવ છો. એ અજ્ઞાન છે અને તું જ્ઞાન છો, એ અચેતન છે અને તું ચેતન છો, એ અજીવ છે અને તું જીવ છો. આહા..હા..! આટલો બધો ફેર છે મૂળચંદભાઈ!

એવા '**ઉપદેશથી થાય ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે.**' લ્યો! ત્યારે તે ધર્મી થાય છે. એટલે કે જેવું સ્વરૂપ છે તેવું એ અનુભવે છે. આહા..હા..! પણ આ તો નિશ્ચયની વાત છે. સાચી વાત આ છે. પણ બીજી કોઈ ખોટી હશે કે નહિ? એમ કેટલાક કહે. પણ એ તો બહુ સાચી અને બહુ ઊંચી વાત છે. ઊંચી એટલે? સાચી જ આ છે. સમજાણું કાંઈ? ઊંચી કહો, સત્ય કહો, સાચી કહો જે છે તે કહો તે આ છે. એને માટે બીજો કોઈ રસ્તો સવળો પહેલો લેવો અવળો અને પછી થાય સવળો. પહેલી એમ કે રાગની ક્રિયા આપણે બરાબર મંદ કરીએ તો પછી જીવ જણાય. તો એનો અર્થ એ થયો કે અચેતનને બરાબર કરીએ તો ચેતન જણાય. વ્યવહારના પ્રાણ પોષવાના આવ્યું છેને તમારે? રામવિજયને કાયદા કાઢ્યા છે અગિયાર. અહીંના વિરૂદ્ધના. અગિયાર કાયદા કાઢ્યા અહીંના. કે અરે!

આવો નીકળ્યો પ્રવાહ તો બધા સાધુને ભ્રમમાં નાખી દેશે. માટે વ્યવહારનો ઉપદેશ દેવો, વ્યવહારના પ્રાણ પોષવા, એટલે જડના પ્રાણ પોષવા. આહા..હા..! ભગવાન! તું ક્યાં ગયો તને ખબર નથી બાપુ હોં! અમારી પાસે આવ્યા જામનગરથી. એના માણસો. વકીલ હશે કે આવું આકરું કરે છે તો આ બધું .. છે, ફલાણું છે. આવ્યા હતા ૨૦-૨૫ માણસ લઈને. કહે અમારા ગુરુ એમ કહે છે કે આ બધો કલ્યાણનો રસ્તો લોકોને અટકે છે. ક્યો કલ્યાણનો રસ્તો? આ બધું દયા, વ્રતને પાળો એ. કીધું આ વ્રત અને તપ તારા બધા અજ્ઞાન છે. આ અમે કહીએ છીએ એક માર્ગ સત્ય છે, બાકી બધા ગપ છે. કહેજે તારા ગુરુને. આવા થઈને ચાલી નીકળ્યા. એક તો ઓલો ભાઈ તમે ઓળખતા નહિ? વૈષ્ણવ હતા અને સ્થાનકવાસી. ઓલા વૈષ્ણવ અને તમે સ્થાનકવાસી. હા એ.

મુમુક્ષુ :- આ ..માં હતા એ.

ઉત્તર :- એ પૈસા થયા એ.

મુમુક્ષુ :- અને આપણે અહીં ૧૫૦૦ રૂપિયા આપ્યા હતા પંચાસ્તિકાયમાં.

ઉત્તર :- હા એ આવ્યો હતો મોઢા આગળ થઈને. એ પહેલા વૈષ્ણવ હતા, પછી સ્થાનકવાસી અને પછી દેરાવાસી થઈ ગયા છે. મોઢા આગળ બોલતા. કીધું જો ભાઈ! અમારે કોઈની સાથે ચર્ચા કરવી નથી. અમારી વાત ત્રણકાળમાં ફરે નહિ એવી વાત છે. આ તમારી બધાની વાત ગપ છે. અમે કોઈની સાથે ચર્ચા કરતા નથી. તમે ગમે તે માનો. આવા ને આવા ચાલી નીકળ્યા છે. આહા..હા..! અરે ભગવાન! ભૂલી ગયો પ્રભુ તને હોં. તને તારી ખબર ન મળે અને તું બીજાની સાથે ચર્ચા કરવા જા કે નહિ.

અહીં તો ભગવાન ત્રણલોકના નાથ. તીર્થંકર દેવની વાણીમાં હુકમમાં આવ્યું. હુકમનો એક્કો શું કહે છે એ? બાદશાહ. હુકમનો બાદશાહ એમ આવે છેને કાંઈક રમાવામાં? કાપે. હા એક્કો હોય તો બાદશાહને તોડી નાખે. એમ રાગ વિનાની ચીજ. એમ ભગવાનનો હુકમ આ છે. સંસાર તોડી નાખે એક ક્ષણમાં એવો હુકમ એનો છે. રાગનો કણ પણ અજીવ છે એ તારી ચીજ નહિ. આ અમને તું માન અને જે રાગ તને થાય એ અચેતન છે. અમે તને એમ કહીએ છીએ. આહા..હા..! વીતરાગ કોને કહે? વીતરાગ એમ કહે કે અમને તમે માનો, અમે પરદ્રવ્ય છીએ. સ્વદ્રવ્ય નથી. અમને પરદ્રવ્યને અનુસારી કરીશ તો રાગ જ થશે તને. આહા..હા..! અને એ રાગ અચેતન છે. કેમકે એના બંધ તરીકે પરમાણુ જડ બંધાય છે અને એના ફળ તરીકે સંયોગો પર મળે છે. એમાં આત્મા-ફાત્મા છે નહિ. રાગમાં નહિ, બંધમાં નહિ અને એના ફળમાં પણ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- એ હુકમ છે.

ઉત્તર :- આ હુકમ છે. આહા..હા..! કેટલી વાત .. મૂકી લ્યોને.

શિષ્યે પૂછ્યું હતું કે પણ ત્યારે આવો અપ્રતિબુદ્ધપણું ક્યાં સુધી રહેશે એને? કે જ્યાં સુધી એ રાગના કણથી માંડીને આખી દુનિયા મારી છે એમ માનશે, મારા ધારે છે એમ માનશે, એ મારામાં છે એમ માનશે ત્યાં સુધી મૂર્ખ અને અપ્રતિબુદ્ધ રહેશે. સમજાણું કાંઈ? આહા..હા..! આવા બધા પૈસાવાળાને શું કરવું પણ ત્યારે? બધા તમારા મકાનો ૬-૬, ૮ લાખના શું કરવું? ભગવાનદાસ શોભાલાલ શેઠની કંપની. ધૂળમાંય નથી. ધૂળ એટલે એના પુણ્યનું પણ નથી. એ તો એના ધૂળનું છે. ઓલા પુણ્ય હતાને તમારા? એ પુણ્ય તમારા નહોતા એમ કહે છે. એ પુણ્યનું પણ નથી, એ તો રજકણનું-જડનું છે. એ તો બીજા પુદ્ગલનું છે. આહા..હા..! મહાવ્રતના પરિણામને અહીંયાં ભગવાન અચેતન કહે છે. આહા..હા..! અજીવ, પુદ્ગલ. આહા..હા..!

મુમુક્ષુ :- એનો નાતો પણ પુદ્ગલ સાથે.

ઉત્તર :- એનું ફળ પણ બધું જડ છે. ત્યાં ક્યાં આત્માની એકાગ્રતા હતી? એમ કહે છે. ખંડ થઈ ગયું ખંડ. આહા..હા..! કહો, ભીખાભાઈ! શું સમજવું આમાં?

ભગવાન આત્મા ચૈતન્ય અરિસો. ચૌદ બ્રહ્માંડ અને ત્રણકાળ ત્રણલોકનો જાણનારો પ્રભુ છે. કોઈ વિકલ્પનો નથી અને વિકલ્પ એનામાં નથી. એનામાં પોતાનું જ્ઞાન અને એનામાં પરનું જ્ઞાન પરસંબંધી પણ પોતાનું જ્ઞાન છે. એમાં એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું જ્યારે બે વચ્ચે જીવ અને અજીવની વહેંચણી કરશે અને જીવમાં વહેંચણી કરીને ઠરશે ત્યારે એ પ્રતિબુદ્ધ છે એમ કહેવામાં આવશે. પ્રતિબુદ્ધ એટલે જેવી જડ અને ચૈતન્યની ચીજ હતી તેવું તેને જ્ઞાન થયું. સમજાણું કાંઈ? આહા..હા..! ચાલ્યા જાય જુઓને આ ક્ષણ ક્ષણમાં માણસો. આહા..હા..! વાર લાગે છે કાંઈ? હવે અહીં પ્રેમચંદભાઈ બેસતા. બિચારા અહીંયાં આવ્યા હતા હોં રહેવા. એના માટે તો રહેવા આવ્યા. હવે પીડા જરી થઈ તો ભાઈ ગયા. એની દીકરી પાસે ગયા. ત્યાં બિચારાને ત્યાં જાશું તો આમ. મુંબઈ લઈ ગયા. સારું થાય. હમણા મહારાજ લાઠી આવવાના હમણાં આવવું છે. ત્યાં તો ગયા પરલોક. અમારા જૂના માણસ જાણીતા. શ્રીમદ્ના પહેલેથી ભગત એ અને અમીચંદ કામદાર. ૬૦ વર્ષ પહેલાથી હોં. ૭૦ વર્ષ થયા. નાની ઉંમરથી શ્રીમદ્નું વાંચન કરતા. અહીંનો પ્રેમ ઘણો. બિચારા કહે હવે સારું થાય તો પછી મુંબઈથી લાઠી મહારાજ આવશે તો જાશું. ત્યાં તો થઈ રહ્યું. કોણ જાય અને આવે? આહા..હા..!

બહુ ગાથા ૧૯-૧૯. આવો ઉપદેશ. ભગવાનનો ઉપદેશ આવો છે. તીર્થંકરદેવ, સંતોએ અને સમ્યગ્દૃષ્ટિએ એ જ એને કહ્યું હતું. કે જે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ કહેવાય એ પણ તારી જાત નહિ, અજીવ જાત છે. આવી વાત આ. કેવા વ્યવહારરત્નત્રય અને કેવા એને પથરા અચેતન. વ્યવહારરત્નત્રયનો અર્થ જ એ કે રત્નત્રય નથી. પથરા છે. આહા..હા..!

એય..! આહા..હા..! નિશ્ચયરત્નત્રય તો ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગની ભિન્નતા કરી અને પોતાના સ્વરૂપની અનુભવદષ્ટિ કરે અને ઠરે એ નિશ્ચય રત્નત્રય ચૈતન્ય રત્નત્રય છે એ. ઓલા અચેતન રત્નત્રય પથરા છે. આહા..હા..! ગજબ વાત કરે છે. બાહ્ય અભ્યંતર લે છેને ભાઈ! દ્રવ્યસંગ્રહમાં. વ્યવહારરત્નત્રયને બાહ્ય રત્નત્રય કહે છે, નિશ્ચયને અભ્યંતર રત્નત્રય કહે છે. નામ ફેર પણ છતાં એ બાહ્યરત્નત્રય એટલે અજીવ રત્નત્રય. અભ્યંતર રત્નત્રય એટલે જીવ રત્નત્રય. આહા..હા..! એવું લીધું છે. આત્માની તો સ્વભાવ સ્વચ્છતા છે એના સામર્થ્યને જ્યાં રાગથી ભિન્ન પાડીને જાણ્યું તો એ જ્ઞાન જ જણાય છે. એ રાગને જાણવું કહેવું એ પણ વ્યવહાર છે. રાગ એનો કહેવો એ તો મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! ચોર્યાસીના અટવીમાં જુઓને. પીલાય છે ચોર્યાસીમાં હોં. એક આંગળી આવી જાય ઓલામાં તો રાડ નાખી જાય. આ રેલમાં બારણું-બારણું બંધ બીજો કોઈ કરવા ગયું અને એનો હાથ રહી ગયો આમ. આહા..! એ .. કપાય જાય. બારણા નથી રેલમાં. મોટરમાં થઈ જાય મોટર. ત્યાં વળી રબ્બર હોય જરી. બહુ ન થાય. ઓલું તો લાકડાનો દરવાજો. આમ રાખીને મૂક્યો હોય તો દેવાય જાય. આહા..! એલા એક અવયવને જ્યાં દબાણ થયું ત્યાં રાડ નાખે છે. આખું શરીર છૂટે ત્યાં શું થાશે? પણ શરીર છૂટ્યું એ છૂટેલું છે એનું ભાન થતાં આનંદ થાશે. આહા..હા..! સમજાણું કાંઈ? છૂટેલું જ છે. એનામાં ક્યાં છે? એનામાં નથી એટલે દૂર જ રહેલું છે. થઈ રહ્યું. આહા..હા..! અજીવ અજીવમાં રહેલું છે. પુણ્ય-પાપના પરિણામ આસ્રવ એ પણ અજીવમાં છે. આસ્રવને અજીવ કહ્યા છે. જીવ છે એ?

આવું ચૈતન્ય ભગવાનનું અને રાગાદિ અજીવનું ભેદજ્ઞાન કરશે ત્યારે તે પ્રતિબુદ્ધને જ્ઞાની કહેવામાં આવશે. આહા..હા..! ત્યાં એમ નથી કે આટલા શાસ્ત્ર જાણે તો પ્રતિબુદ્ધ કહેવાશે. કથન ન જાણે.. .શાસ્ત્ર કાંઈ જાણતા નથી. એ તો અજીવ છે. ચૈતન્યના પ્રકાશનું પૂર એવો ભગવાન આત્મા એની જ્યારે એને કિંમત પુણ્ય-પાપના રાગથી ભિન્ન થઈને કરશે ત્યારે પ્રતિબુદ્ધ થશે. ત્યારે એ નવો થયો એમ કહ્યું. પ્રતિબુદ્ધપણું નવું થયું. અપ્રતિબુદ્ધપણું અનાદિનું છે. કહો, સમજાણું કાંઈ?

## શ્લોક-૨૧

(मालिनी)

कथमपि हि लभन्ते भेदविज्ञानमूला-
मचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा।
प्रतिफलननिमग्नानन्तभावस्वभावै-
र्मुकुरवदविकाराः सन्ततं स्युस्त एव।।२१।।

શ્લોકાર્થ :- [ये] જે પુરુષો [स्वतः वा अन्यतः वा] પોતાથી જ અથવા પરના ઉપદેશથી [कथम् अपि हि] કોઈ પણ પ્રકારે [भेदविज्ञानमूलाम्] ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે એવી [अचलितम्] અવિચળ (નિશ્ચળ) [अनुभूतिम्] પોતાના આત્માની અનુભૂતિને [लभन्ते] પામે છે, [ते एव] તે જ પુરુષો [मुकुरवत्] દર્પણની જેમ [प्रतिफलन-निमग्न-अनन्त-भाव-स्वभावैः] પોતામાં પ્રતિબિંબિત થયેલા અનંત ભાવોના સ્વભાવોથી [सन्ततं] નિરંતર [अविकाराः] વિકારરહિત [स्युः] હોય છે,- જ્ઞાનમાં જે જ્ઞેયોના આકાર પ્રતિભાસે છે તેમનાથી રાગાદિ વિકારને પ્રાપ્ત થતા નથી. ૨૧.

## શ્લોક-૨૧ ઉપર પ્રવચન

'હવે, આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—'

(मालिनी)

कथमपि हि लभन्ते भेदविज्ञानमूला-
मचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा।
प्रतिफलननिमग्नानन्तभावस्वभावै-
र्मुकुरवदविकाराः सन्ततं स्युस्त एव।।२१।।

'શ્લોકાર્થ :- જે પુરુષો પોતાથી જ...' પુરુષ શબ્દે આત્મા. જે કોઈ આત્મા. 'स्वतः वा अन्यतः वा' 'પોતાથી જ અથવા પરના ઉપદેશથી...' પોતાથી પણ આમ જાણે અને ઉપદેશથી પણ આમ જાણે. જાણવાનું તો બેય એક જ છે. આહા..હા..! 'કોઈ પણ પ્રકારે...' 'कथम् अपि हि' છેને. મહાપુરુષાર્થ વડે. આહા..હા..! પોતાના જાગૃતિના પ્રયત્ન

દ્વારા. **'भेदविज्ञानमूलाम्'** **'ભેદવિજ્ઞાન જેનું મૂળ** ઉત્પત્તિકારણ છે એવી...' ભેદજ્ઞાન એમ. કોનું? અનુભૂતિનું. રાગથી ભિન્ન પડીને પોતાનો અનુભવ એનું મૂળ ભેદવિજ્ઞાન છે. રાગ, વિકલ્પ, શરીર, વાણી, મન. એકકોર ગામ અને એકકોર રામ. એકકોર ગામ નામ રાગથી માંડીને આખી દુનિયા. એ બધું આ જ્ઞાનની અપેક્ષાએ તે અજ્ઞાન અને એકકોર જ્ઞાન ભગવાન. આહા..હા..! આ જ્ઞાનની અપેક્ષાએ સિદ્ધ ભગવાન અને કેવળી પણ અજ્ઞાન.

મુમુક્ષુ :- એની અપેક્ષાએ થયું. આના માટે તો

ઉત્તર :- હા, આ જ્ઞાનની અપેક્ષાએ અજ્ઞાન થયું. એની જ્ઞાનની અપેક્ષાએ કેવળજ્ઞાની છે. અજ્ઞાન એટલે આ જ્ઞાન છે ત્યાં? આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગી માર્ગ એવો છે અલૌકિક. અને એ માર્ગ સમજાય એને કાંઈ કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ ન થાય. સમજાય છે કાંઈ? વિરૂદ્ધ હો, પણ દ્વેષ ન થાય. અરે એ તો વસ્તુની દૃષ્ટિ ફેર હોય તો એ દુઃખી થશે. સમજાય છે કાંઈ? આહા..હા..! વસ્તુની ખબર ન મળે ત્યાં શું કરે? આવો જ જ્યાં માર્ગ ઉજળો, સ્વચ્છ, નિર્મળ અનાદિથી ચાલ્યો આવે છે. એની પરંપરામાં જે ભળી ગયા એ તરી ગયા. અને અનાદિના રાગની એકતામાં રહ્યા એ બીજા પડ્યા છે. એ તો .. પડ્યા જ છે.

**'ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિકારણ છે... '** દેખો! **'અવિચળ (નિશ્ચળ)...'** **'अनुभूतिम्'** આત્માના અનુભવનું મૂળ કારણ ભેદવિજ્ઞાન. એમ કહે છે. કષાયની મંદતા એનું મૂળ કારણ, દેવ, ગુરુ અને શાસ્ત્ર એનું મૂળ કારણ એમ ન કહ્યું. ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાનનો સ્વામી. એની અનુભૂતિ એટલે એને અનુસરીને થવું એનું મૂળ કારણ તો પરથી ભિન્ન પાડવું એ છે. આ મૂળ કારણ આ છે. મૂળકારણ કર્મનું ખસી જવું એ મૂળ કારણ છે? એમ છે? આવે છેને મૂળ કારણ તો એ છે. નથી આવતું? મોક્ષમાર્ગમાં એક ઠેકાણે? એય..! એક ઠેકાણે આવે છે આમ પાનામાં.

મુમુક્ષુ :- સંયોગ બતાવો.

ઉત્તર :- એ તો સંયોગ. આહા..હા..! એ તો ત્યાં ટૂંકું વાળવા એવું એને કહ્યું છે. મૂળ કારણ તો દર્શનમોહ છે એમ. નિમિત્ત કારણે.

અહીં તો કહે છે કે પરથી ભિન્ન પડવાનું કારણ તો આત્માની અનુભૂતિ ભેદવિજ્ઞાન છે. ભેદવિજ્ઞાન એ અનુભૂતિનું કારણ છે અને એની એકતાનું કારણ અભેદતા છે. બસ. કોઈ કર્મ ફર્મનું કારણ નથી. ભેદ વિજ્ઞાન સિદ્ધા આવે છેને. સિદ્ધા એવ કિલ કેચનં. યસ્યભાવતોબદ્ધા બદ્ધા. કર્મને કારણે, ..કારણે અહીં વાત છે જ નહિ. રાગની એકતા તોડવી એ અનુભૂતિનું કારણ. રાગની એકતા રાખવી એ મિથ્યાત્વનું કારણ છે. બીજું કોઈ કારણ છે એને? વિશેષ વાત કરશે લ્યો! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૮, સોમવાર, તા. ૦૭-૦૨-૧૯૭૨
## કળશ-૨૧, ગાથા-૨૦ થી ૨૨, પ્રવચન-૯૨

કળશ ચાલે છે. ૨૧. જે કોઈ પુરુષો જીવ અને અજીવની ભિન્નતાની વ્યાખ્યા છે આ. એટલે ભેદજ્ઞાનની વ્યાખ્યા છે. જે કોઈ આત્મા 'स्वतः वा अन्यतः वा' '**પોતાથી જ અથવા પરના ઉપદેશથી કોઈ પણ પ્રકારે...**' મહાપુરુષાર્થ કરીને '**भेदविज्ञानमूलाम् अचलितम् अनुभूतिम्**' જેનું ભેદવિજ્ઞાન મૂળ છે એવી ચળે નહિ એવી અનુભૂતિ પ્રાપ્ત કરે તેને આત્માના આનંદનો સ્વાદ આવે છે. એટલે કે એને આત્મા શું છે એ અનુભવમાં જણાય છે. કહો, સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એવો આત્મા એ આત્મા પરથી વિભક્ત છે અને સ્વથી એકત્વ છે. એથી કહે છે કે એ રાગાદિ, પુણ્યાદિના વિકલ્પો એ બધા અજીવ છે, અચેતન છે, જડ છે. આત્માની જાતમાં એ ચીજ નથી. આત્માના સ્વભાવને તિરસ્કાર કરનારા છે. એથી એ તિરસ્કાર કરનાર એવા વિકલ્પથી ભેદ કરવો. બહિર્દૃષ્ટિથી એની જે એકતાબુદ્ધિ છે એને અંતર દૃષ્ટિ ભેદજ્ઞાન દ્વારા એની અનુભૂતિ પ્રગટ કરવી. આવો માર્ગ છે.

'**ભેદવિજ્ઞાન જેનું મૂળ...**' જેની અનુભૂતિ નામ આત્મા શું ચીજ છે એના અનુભવમાં આવવામાં ભેદજ્ઞાન જેનું મૂળ છે. પરથી જુદું પાડવું એ એનું કારણ છે. બીજું કોઈ કારણ નથી. કહો, સમજાણું કાંઈ? '**भेदविज्ञानमूलाम्**' '**ભેદવિજ્ઞાન જેનું મૂળ...**' છે. કોનું? કે આત્મા પરમાનંદ અને શુદ્ધસ્વરૂપ એનો જે અનુભવ થવો એને અનુસરીને અનુભવ થવો એનું મૂળ પરથી જુદું પાડવું એવું ભેદજ્ઞાન એનું કારણ છે.

મુમુક્ષુ :- એનું કારણ તો ત્રિકાળી આત્મા કહેવાય છે.

ઉત્તર :- એ ત્રિકાળી આત્મા પણ એ દૃષ્ટિ ત્યાં જાય ત્રિકાળી આ છે એમ જાય ત્યારે ભેદજ્ઞાન કર્યુંને? વર્તમાનમાં પરથી ભિન્ન પડતાં દૃષ્ટિ ત્યાં જાય, જે રાગમાં એકત્વપણે હતી એને રાગથી ભિન્ન પડ્યું ત્યાં દૃષ્ટિ ગઈ દ્રવ્ય ઉપર અને બેની વહેંચણી કરીને ભેદજ્ઞાન થયું એ દૃષ્ટિ ગઈ ત્યાં. સમજાણું કાંઈ? ભેદ કારણ છે એ તો બરાબર પણ અહીં તો પરથી ભિન્ન પાડવું એ જ કારણ છે એમ કહે છે. પર્યાયમાંથી. આહા..હા..! આવો વીતરાગમાર્ગ છે.

'**અવિચળ (નિશ્ચળ) પોતાના આત્માની અનુભૂતિને...**' ભગવાન આત્મા અતીન્દ્રિય

આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનમય સ્વરૂપ છે એનું. એને રાગાદિ આ ઇન્દ્રિય જ્ઞાનથી પણ ભિન્ન પાડીને એમ. સમજાણું કાંઈ? એટલે પરથી લક્ષ ઉઠાવી અને અંતરમાં લક્ષ કરતાં, સ્વથી ભિન્ન પડી જાય છે. આવી ક્રિયા છે. લક્ષ હઠાવનો અર્થ કે અહીં કર એટલે લક્ષ હટી જશે. વાત તો એમ કહેવાયને. ચૈતન્ય રસ, આનંદનો પૂર છે એ આત્મા. એના ઉપર દૃષ્ટિ કરતાં રાગથી ભિન્ન પડી જાય છે, પણ અહીંયાં સમજાવ્યું છે કે રાગથી ભિન્ન પડવું એ ભેદવિજ્ઞાન અનુભૂતિનું કારણ છે. સમજાણું કાંઈ? એની પર્યાય પરથી ભિન્ન પડે. એકત્વ-વિભક્ત કહ્યું છેને.

'**અવિચળ...**' સત્તા આનંદસ્વરૂપ અને એકલો જ્ઞાનભાવ સ્વભાવરૂપ એવો જે આત્મા એને પ્રાપ્ત કરવા રાગથી ભિન્ન અને એક સમયની પર્યાયની રુચિથી પણ ભિન્ન. એટલે કે અંતર્મુખ વાળતા એ પર્યાયને રાગની રુચિ રહેતી નથી. સમજાણું કાંઈ? આ તો હજી પ્રથમ સમ્યગ્દર્શન પામવાની રીત છે આ. અને સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર બધા વૃથા-વૃથા જૂઠાં છે. સવારમાં આવ્યું હતું નહિ? છ ઢાળામાં આવ્યું હતું. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર વૃથા છે. પહેલો ધર્મ જ આ છે. અને ધર્મની ઉત્પત્તિનું કારણ પરથી ભિન્ન પાડવું એ છે. '**અવિચળ પોતાની આત્માની અનુભૂતિને પામે છે,...**' ભગવાન આત્મા પૂર્ણ આનંદનું ધામ, ધ્રુવ ધામ. ધ્રુવધામ એટલે ધ્રુવસ્થાન. એને રાગમય એકતાથી અનાદિથી પ્રવાહ ચાલ્યો આવે છે. એને એનાથી લક્ષ છોડી અને અંતરમાં લક્ષ કરવું એ ભેદજ્ઞાન જેને અનુભૂતિની ઉત્પત્તિનું કારણ છે. તો પૂર્વની પર્યાય કારણ છે એ નહિ, કર્મનો માર્ગ કર્મ આપે તો આ આત્માનું ભાન થાય એમ પણ નહિ. કહો, સમજાણું કાંઈ? અહીં તો કાળલબ્ધિ આવે તો થાય એ પણ નહિ. એ બધું આવી ગયું એક સમયમાં. સ્વભાવ ચૈતન્ય અંતર્મુખ વળતાં બહિર્થી એની બુદ્ધિ ભેદ પડી જાય છે. એટલે પરની અપેક્ષાએ ભેદજ્ઞાન કહ્યું અને સ્વની અપેક્ષાએ તેને અભેદજ્ઞાન કહ્યું. સમજાણું કાંઈ?

'**તે જ પુરુષો...**' એવા આત્માના જ્ઞાનસ્વભાવને પર્યાયમાં પરથી ભિન્ન પડતાં સ્વમાં એકત્વ થતાં જે શાંતિ અને આનંદ થાય એમાં જણાય કે આ આત્મા આવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહાર કારણ છે અને અનુભૂતિ એ કાર્ય છે એમ નથી લીધું. આહા..હા..! સમજાણું કાંઈ? તો એ વ્યવહાર કરવો, પહેલા રાગની મંદતા કરવી, કષાયને પાતળો પાડવો, શુભોપયોગ કરવો.

મુમુક્ષુ :- પણ પાતળો પડતો જ નથી.

ઉત્તર :- પાતળો પણ શેનો પડે? રાગની એકતાબુદ્ધિ ત્યાં પાતળો ક્યાં? તીવ્ર મિથ્યાત્વ અને તીવ્ર કષાય આહા..હા..!

મુમુક્ષુ :- કોઈ યુક્તિ છે?

ઉત્તર :- આ યુક્તિ કીધીને. પરથી લક્ષ હટાવીને સ્વમાં લક્ષ કરવું એ યુક્તિ અને એ યુક્તિ. કહો, એ ઉપાય. માણસને આ આકરું લાગે એથી કાંઈ બીજો રસ્તો હોય? પણ રસ્તો આ છે એમાં કરવું શું? સમજાણું? જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય એટલે કે આત્મા છે એવો પ્રાપ્ત કરવો હોય એટલે કે એને સત્ય સ્વભાવ જે આત્માનો છે એનો જેને અનુભવ કરવો હોય એને તો આ એક જ ઉપાય છે. કહો, ચંદુભાઈ! ત્યારે અનેકાંત માર્ગ છેને. એ આ હોય અને બીજો નથી એનું નામ અનેકાંત. આમે હોય અને આમે હોય એમ અનેકાંત નથી કાંઈ. આહા..હા..! સમજાણું કાંઈ? સુખી થવાનો આ એક જ રસ્તો છે. બાકી બધા દુઃખના રસ્તા પડ્યા છે એ બધા. સુખી થવાનો રસ્તો કહો, ધર્મી થવાનો રસ્તો કહો, સમ્યગ્દર્શન થવાનો રસ્તો બધો એક જ પ્રકાર છે. સમજાણું કાંઈ?

**'તે જ પુરુષો...'** અનુભૂતિ થતાં શું થાય છે? આત્મા તો જ્ઞાનસ્વભાવ છે. એ જ્ઞાનસ્વભાવનું વેદન ભાન થતાં. **'मुकुरवत्' 'દર્પણની જેમ...' 'प्रतिफलन-निमग्न-अनन्त-भाव-स्वभावैः' 'પોતામાં પ્રતિબિંબિત થયેલા અનંત ભાવોના સ્વભાવોથી...'** વિકલ્પથી માંડીને આખું જગત પરજ્ઞેય તરીકે જ્ઞાનમાં જણાય. સ્વજ્ઞેય તરીકે તો પૂર્ણ આનંદ અખંડ છે તે સ્વજ્ઞેય છે. ભાષા આકરી. કહો, સમજાણું કાંઈ? અનંત ભાવો જગતના પોતાના સિવાય, પોતે તો જ્ઞાનસ્વભાવ છે એમ જ્યાં ભાન થયું. સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું એથી જગતની અનંતી ચીજો એના સ્વભાવથી જાણવાનો સ્વભાવ એનો છે. જાણે... જાણે... જાણે... બીજું કાંઈ છે નહિ. આહા..હા..! કોઈનું કરે નહિ અને કોઈથી લે નહિ અને કોઈને કાંઈ દે નહિ. આહા..હા..! એ તો **'અનંત ભાવોના સ્વભાવોથી નિરંતર વિકારરહિત પ્રતિબિંબિત થયેલા...'** એમ કહે છેને? જ્ઞાનસ્વભાવ, જાણકસ્વભાવ. એનું જ્યાં ભાન થયું. સુખી થવાને પંથે પડ્યો ત્યાં એટલે એ જ્ઞાનમાં અનંત જ્ઞેયો પ્રતિબિંબિત છે એટલે છે એવું બિંબ એનું અહીંયાં જ્ઞાન પોતાના જ્ઞાનાકારમાં જણાય છે. છતાં અનંત જણાયા છતાં એ **'વિકારરહિત હોય છે,...'** સમજાણું કાંઈ? એ સર્વજ્ઞપદનું સ્વરૂપ જ આવું છે અને સર્વજ્ઞના પદની પર્યાયમાં પ્રાપ્તિ થવી એનો ઉપાય આ એક જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો ચૈતન્યબિંબ પ્રભુ છે એમ જ્યાં વિકલ્પના ભાવ વ્યવહારના જેટલા એનાથી ભિન્ન પડીને એટલે બહિર્મુખ દૃષ્ટિ હતી એ દૃષ્ટિ ત્યાંથી ફેરવીને અંતરમાં કરી એ પરથી ભિન્ન પડી ગયો, હવે ભિન્ન વસ્તુ છે એનું જ્ઞાન થાય. એ જ્ઞાન તો પોતા સંબંધીનું છે પણ એને પ્રતિબિંબિત પડે છે એમ કહેવામાં આવે છે. સામે ચીજ છે એવું જ અહીં જ્ઞાન થાય. છતાં એ નિર્વિકારી રહે છે. જ્ઞાનમાં સ્વ અને પર જણાય છતાં ત્યાં વિકાર થતો નથી. આહા..હા..! ભારે.

**'વિકારરહિત...' 'स्युः' 'હોય છે,...'** ચૈતન્યના સ્વભાવમાં વિકાર નહોતો. એ વિકાર

પર છે એમ જ્યાં ભિન્ન ભાન થયું ત્યારે પરનું પ્રતિબિંબિત એટલે જ્ઞાનમાં જણાયું, જણાવા છતાં એ વિકારરહિત જ છે. આહા..હા..! ચાહે તો નારકી જણાય, ચાહે તો શરીરની વેદના દુઃખરૂપદશા એ જણાય. એ તો જણાય જ્ઞાનમાં. એ જ્ઞાનમાં વેદના કે અશાતા કે રોગ એ આત્મામાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિકારરહિત હોય છે. '**જ્ઞાનમાં જે જ્ઞેયો આકાર પ્રતિભાસે છે...**' આકાર નામ સ્વરૂપ. જે જ્ઞાનસ્વભાવનું ભાન થતાં ધર્મીને જે જ્ઞેયના સ્વરૂપો ભાસે છે. પ્રતિભાસે એટલે જેવું છે તેવું ભાસે છે. '**તેમનાથી રાગાદિ વિકારને પ્રાપ્ત થતા નથી.**' એનાથી રાગ થતો નથી.

આંખમાં ઓલું આવે છેને સુરદાસનું. સુરદાસ ઓલું કર્યું તો આંખમાં સ્ત્રી દેખાણી અને ફોડી નાખી આંખો. કે ભાઈ આંખ તો જડ છે, એ તો પર છે. એ દોષકારક ક્યાં છે? દોષ તું કર તો એને નિમિત્ત કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? સુરદાસનું આવે છે એ. નાટક આવે છે. એનું નાટક આપણે જોયું નથી, પણ .. જોયું છે. વાત સાંભળી છે બધી. વેશ્યાને ત્યાં ગયો હતો. સર્પ આમ દોરડી જાણે સર્પ છે એમ સર્પને પકડીને અંદર ગયો પછી એને ભાન થતાં અરે! આ સ્ત્રીના શું છે આ? મને આ શું? આ સ્ત્રી દેખીને પછી જરી આંખ ઉઘાડી ત્યાં દેખાણું કે અરે આ શું? આ શું? એ તો જ્ઞાનનો સ્વભાવ છે કે જેવું એ સ્વરૂપ છે એવું અહીં જાણે. એ કાંઈ દોષનું કારણ નથી. જાણવું એ દોષનું કારણ છે? તો તો કેવળી ત્રણકાળ ત્રણલોકને જાણે છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાની તો ત્રણકાળ ત્રણલોકને જાણે છે. ગૂઢમાં ગૂઢ વિષયના લેનારા હો, એને પણ જ્ઞાનમાં કેવળી નથી જાણતા? જાણવું એટલે શું એ તો વસ્તુ છે. આહા..હા..!

એવું અનંત પ્રકારની વિવિધતા જ્ઞેયોની જ્ઞાનમાં ભિન્ન પડીને રાગથી જાણવામાં આવતા એ જ્ઞાનમાં વિકાર થતો નથી. સમજાણું કાંઈ? વિકારદષ્ટિ જે હતી તે વિકારનું કારણ હતું. રાગની એકતાબુદ્ધિ એ વિકારદષ્ટિ છે એ વિકારનું કારણ છે. વસ્તુ કાંઈ વિકારનું કારણ નથી. સમજાણું કાંઈ? '**જ્ઞાનમાં જે જ્ઞેયોના આકાર પ્રતિભાસે છે...**' આકાર શબ્દે સ્વરૂપ. '**તેમનાથી રાગાદિ વિકારને પ્રાપ્ત થતા નથી.**' લ્યો અહીંયાં પ્રતિબુદ્ધ થયો. આ ધર્મ સમજ્યો. આનું નામ ધર્મ સમજ્યો. ધર્મી એવો આત્મા એનો ધર્મ એવો જ્ઞાન એને રાગથી ભિન્ન પાડીને સમજ્યો અનુભવમાં ત્યારે એ ધર્મ સમજ્યો અને ધર્મ થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

## ગાથા-૨૦ થી ૨૨

ननु कथमयमप्रतिबुद्धो लक्ष्येत —

अहमेदं एदमहं अहमेदस्स म्हि अत्थि मम एदं।
अण्णं जं परदव्वं सच्चित्ताचित्तमिस्सं वा।।२०।।
आस मम पुव्वमेदं एदस्स अहं पि आसि पुव्वं हि।
होहिदि पुणो ममेदं एदस्स अहं पि होस्सामि।।२१।।
एयं तु असब्भूदं आदवियप्पं करेदि संमूढो।
भूदत्थं जाणंतो ण करेदि दु तं असंमूढो।।२२।।

अहमेतदेतदहं अहमेतस्यास्मि अस्ति ममैतत्।
अन्यद्यत्परद्रव्यं सचित्ताचित्तमिश्रं वा।।२०।।
आसीन्मम पूर्वमेतदेतस्याहमप्यासं पूर्वम्।
भविष्यति पुनममैतदेतस्याहमपि भविष्यामि।।२१।।
एतत्त्वसद्भूतमात्मविकल्पं करोति सम्मूढः।
भूतार्थं जानन्न करोति तु तमसम्मूढः।।२२।।

यथाग्निरिन्धनमस्तीन्धनमग्निरस्त्यग्नेरिन्धनमस्तीन्धनस्याग्निरस्ति, अग्नेरिन्धनं पूर्वमासीदिन्धनस्याग्निः पूर्वमासीत्, अग्नेरिन्धनं पुनर्भविष्यतीन्धनस्याग्निः पुनर्भविष्यतीतीन्धन एवासद्भताग्निविकल्पत्वेनाप्रतिबुद्धः कश्चिल्लक्ष्येत, तथाहमेतदस्म्येतदहमस्ति ममैतदस्त्येतस्याहमस्मि, ममैतत्पूर्वमासीदेतस्याहं पूर्वमासं, ममैतत्पुनर्भविष्यत्येतस्याहं पुनर्भविष्यामीति परद्रव्य एवासद्भूतात्मविकल्पत्वेनाप्रतिबुद्धो लक्ष्येतात्मा।

नाग्निरिंधनमस्ति नेन्धनमग्निरस्त्यग्निरग्निरस्तीन्धनमिन्धनमस्ति नाग्नेरिन्धनमस्ति नेन्धनस्याग्निरस्त्यग्नेरग्निरस्तीन्धनस्येन्धनमस्ति, नाग्नेरिन्धनं पूर्वमासीन्नेन्धनस्याग्निः पूर्वमासीदग्नेरग्निः पूर्वमासीदिन्धनस्येन्धनं पूर्वमासीत्, नाग्नेरिन्धनं पूनर्भविष्यति नेन्धनस्याग्निः पुनर्भविष्यत्यग्नेरग्निः पुनर्भविष्यतीन्धनस्येन्धनं पुनर्भविष्यतीति कस्यचिदग्नावेव सद्भूताग्निविकल्पवन्नाहमेतदस्मि नैतदहमस्त्यहमहम-स्म्येतदेतदस्ति, न ममैतदस्ति नैतस्याहमस्मि ममाहमस्म्येतस्यैतदस्ति, न ममैतत्पूर्वमासीन्नैतस्याहं पूर्वमासं ममाहं पूर्वमासमेतस्यैतत्पूर्वमासीत्, न ममैतत्पुनर्भविष्यति नैतस्याहं पुनर्भविष्यामि ममाहं पुनर्भविष्याम्येतस्यैतत्पुनर्भविष्यतीति स्वद्रव्य एव सद्भूतात्मविकल्पस्य प्रतिबुद्धलक्षणस्य भावात्।

હવે, શિષ્ય પ્રશ્ન કરે છે કે એ અપ્રતિબુદ્ધ કઈ રીતે ઓળખી શકાય એનું ચિહ્ન બતાવો; તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-

હું આ અને આ હું, હું છું આનો અને છે મારું આ,
જે અન્ય કો પરદ્રવ્ય મિશ્ર, સચિત્ત અગર અચિત્ત વા; ૨૦.
હતું મારું આ પૂર્વે, હું પણ આનો હતો ગતકાળમાં,
વળી આ થશે મારું અને આનો હું થઈશ ભવિષ્યમાં; ૨૧.
અયથાર્થ આત્મવિકલ્પ આવો, જીવ સંમૂઢ આચરે;
ભૂતાર્થને જાણેલ જ્ઞાની એ વિકલ્પ નહીં કરે. ૨૨.

શ્લોકાર્થ :- [अन्यत् यत् परद्रव्यं] જે પુરુષ પોતાથી અન્ય જે પરદ્રવ્ય- [सचित्ताचित्तमिश्रं वा] સચિત્ત સ્ત્રીપુત્રાદિક, અચિત્ત ધનધાન્યાદિક અથવા મિશ્ર ગ્રામનગરાદિક-તેને એમ સમજે કે [अहं एतत्] હું આ છું, [एतत् अहम्] આ દ્રવ્ય મુજ-સ્વરૂપ છે, [अहम् एतस्य अस्मि] હું આનો છું, [एतत् मम अस्ति] આ મારું છે, [एतत् मम पूर्वम् आसीत्] આ મારું પૂર્વે હતું, [एतस्य अहम् अपि पूर्वम् आसम्] આનો હું પણ પૂર્વે હતો, [एतत् मम पुनः भविष्यति] આ મારું ભવિષ્યમાં થશે, [अहम् अपि एतस्य भविष्यामि] હું પણ આનો ભવિષ્યમાં થઈશ,- [एतत् तु असद्भूतम्] આવો જૂઠો [आत्मविकल्पं] આત્મવિકલ્પ [करोति] કરે છે તે [सम्मूढः] મૂઢ છે, મોહી છે, અજ્ઞાની છે; [तु] અને જે પુરુષ [भूतार्थं] પરમાર્થ વસ્તુસ્વરૂપને [जानन्] જાણતો થકો [तम्] એવો જૂઠો વિકલ્પ [न करोति] નથી કરતો તે [असम्मूढः] મૂઢ નથી, જ્ઞાની છે.

ટીકા :- (દૃષ્ટાંતથી સમજાવે છેઃ) જેમ કોઈ પુરુષ ઇંધન અને અગ્નિને મળેલાં દેખી એવો જૂઠો વિકલ્પ કરે કે "અગ્નિ છે તે ઇંધન છે, ઇંધન છે તે અગ્નિ છે; અગ્નિનું ઇંધન છે, ઇંધનનો અગ્નિ છે; અગ્નિનું ઇંધન પહેલાં હતું, ઇંધનનો અગ્નિ પહેલાં હતો; અગ્નિનું ઇંધન ભવિષ્યમાં થશે, ઇંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે";- આવો ઇંધનમાં જ અગ્નિનો વિકલ્પ કરે તે જૂઠો છે, તેનાથી અપ્રતિબુદ્ધ કોઈ ઓળખાય છે, તેવી રીતે કોઈ આત્મા પરદ્રવ્યમાં જ અસત્યાર્થ આત્મવિકલ્પ (આત્માનો વિકલ્પ) કરે કે "હું આ પરદ્રવ્ય છું, આ પરદ્રવ્ય મુજસ્વરૂપ છે; મારું આ પરદ્રવ્ય છે, આ પરદ્રવ્યનો હું છું; મારું આ પહેલાં હતું, હું આનો પહેલાં હતો; મારું આ ભવિષ્યમાં થશે, હું આનો ભવિષ્યમાં થઈશ";-આવા જૂઠા વિકલ્પથી અપ્રતિબુદ્ધ ઓળખાય છે.

વળી અગ્નિ છે તે ઇંધન નથી, ઇંધન છે તે અગ્નિ નથી,-અગ્નિ છે તે અગ્નિ જ છે, ઇંધન છે તે ઇંધન જ છે; અગ્નિનું ઇંધન નથી, ઇંધનનો અગ્નિ નથી,-અગ્નિનો જ અગ્નિ છે, ઇંધનનું ઇંધન છે; અગ્નિનું ઇંધન પહેલાં હતું નહિ, ઇંધનનો અગ્નિ પહેલાં હતો નહિ,-અગ્નિનો અગ્નિ પહેલાં હતો, ઇંધનનું ઇંધન પહેલાં હતું; અગ્નિનું ઇંધન ભવિષ્યમાં થશે નહિ, ઇંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે નહિ,-અગ્નિનો અગ્નિ જ ભવિષ્યમાં થશે, ઇંધનનું ઇંધન જ ભવિષ્યમાં થશે;-આ પ્રમાણે જેમ કોઈને અગ્નિમાં જ સત્યાર્થ અગ્નિનો વિકલ્પ થાય તે પ્રતિબુદ્ધનું લક્ષણ છે, તેવી જ રીતે ''હું આ પરદ્રવ્ય નથી, આ પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી,-હું તો હું જ છું, પરદ્રવ્ય છે તે પરદ્રવ્ય જ છે; મારું આ પરદ્રવ્ય નથી, આ પરદ્રવ્યનો હું નથી,-મારો જ હું છું, પરદ્રવ્યનું પરદ્રવ્ય છે; આ પરદ્રવ્ય મારું પહેલાં હતું નહિ, આ પરદ્રવ્યનો હું પહેલાં હતો નહિ,-મારો હું જ પહેલાં હતો, પરદ્રવ્યનું પરદ્રવ્ય પહેલાં હતું; આ પરદ્રવ્ય મારું ભવિષ્યમાં થશે નહિ, એનો હું ભવિષ્યમાં થઈશ નહિ,-હું મારો જ ભવિષ્યમાં થઈશ, આ(પરદ્રવ્ય)નું આ (પરદ્રવ્ય) ભવિષ્યમાં થશે.''-આવો જે સ્વદ્રવ્યમાં જ સત્યાર્થ આત્મવિકલ્પ થાય છે તે જ પ્રતિબુદ્ધનું લક્ષણ છે, તેનાથી તે ઓળખાય છે.

ભાવાર્થ :- જે પરદ્રવ્યમાં આત્માનો વિકલ્પ કરે છે તે તો અજ્ઞાની છે અને જે પોતાના આત્માને જ પોતાનો માને છે તે જ્ઞાની છે- એમ અગ્નિ-ઇંધનના દૃષ્ટાંત દ્વારા દૃઢ કર્યું છે.

## ગાથા-૨૦ થી ૨૨ ઉપર પ્રવચન

'હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે એ અપ્રતિબુદ્ધ કઈ રીતે ઓળખી શકાય...' લોકો નથી કહેતા કે ભાઈ મૂર્ખને ઓળખવો શી રીતે? મૂર્ખ માથે શિંગડાની નિશાની હોય. એવું આવે છેને? શિંગડું ન હોય કાંઈ મૂર્ખને માથે કે આ મૂર્ખ છે. બાવળિયો ન ઉગ્યો હોય મૂર્ખને માથે. કાંટા ન ઉગ્યા હોય કે આ મૂર્ખ છે. સમજાણું કાંઈ? એના લક્ષણથી મૂર્ખ ઓળખાય. આવે છેને દાખલો પાણી પીનારનો. એક મૂર્ખો હતો તો ગામમાંથી કાઢ્યો. મૂર્ખનો જામ. બહાર કાઢ્યો તો પાણી જ્યાં ગયો હશે ત્યાં ઓલું પાણી નીકળતું હશે કૂવામાંથી. કૂવામાંથી પાણી કાઢેને અને અવેડામાં પડતું હોય ધોરિયામાં. પીતા પીતા આમ માથું કર્યું.

પણ તું હાથ લઈ લેને. કોને ના પાડે છે? ધોરિયા પાણી.. એટલે ઉપરથી કહે કે એલા મૂર્ખ છો? કે તમને કહેવા કોણ આવ્યું ત્યાં? ગામમાંથી કાઢ્યો અને અહીં મને મૂર્ખ? તારા લક્ષણે. આ નથી ખબર પડતી? આમ પીતો હતો અને પાણી પડતું હતું. અવેડામાં પડેને અવેડામાં? અમારે ત્યાં પાલેજમાં દુકાન સામે જ મોટો અવેડો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા એ. થઈ રહ્યું. પણ તું આમ લઈ લેને. ત્યાં કોને ના પાડે છે? સમજ્યાને? એમ આ મૂર્ખના લક્ષણ કહે છે કે તમને કોણ કહેવા આવ્યું છે અહીં? મને ગામમાં તો મૂર્ખ કહીને કાઢ્યો. તો કહે તારા લક્ષણ જોને. આ મૂર્ખ તું અહીં દેખાય છે પ્રત્યક્ષ. સમજાણું કાંઈ? એમ કહે છે કે અપ્રતિબુદ્ધના લક્ષણ શું? સમજાય છે કાંઈ? કે એને ઓળખવો. હોય ભલે ત્યાગી. સાધુ હોય, મુનિ થાય, પણ એને ઓળખવો શી રીતે? આમાં તો ત્યાગી થયો, મુનિ થયો અને કહે આ પ્રતિબુદ્ધ છે એને જાણવો શી રીતે? સમજાણું કાંઈ? '**તેનું ચિહ્ન** બતાવો;...' તેના લક્ષણ બતાવો એમ. '**તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :—**' લ્યો.

**अहमेदं एदमहं अहमेदस्स म्हि अत्थि मम एदं।**
**अण्णं जं परदव्वं सच्चित्ताचित्तमिस्सं वा।।२०।।**
**आस मम पुव्वमेदं एदस्स अहं पि आसि पुव्वं हि।**
**होहिदि पुणो ममेदं एदस्स अहं पि होस्सामि।।२१।।**
**एयं तु असब्भूदे आदवियप्पं करेदि संमूढो।**
**भूदत्थं जाणंतो ण करेदि दु तं असंमूढो।।२२।।**

નીચે હરિગીત.

**હું આ અને આ હું, હું છું આનો અને છે મારું આ,**
**જે અન્ય કો પરદ્રવ્ય મિશ્ર, સચિત્ત અગર અચિત્ત વા; ૨૦.**
**હતું મારું આ પૂર્વે, હું પણ આનો હતો ગતકાળમાં,**
**વળી આ થશે મારું અને આનો હું થઈશ ભવિષ્યમાં; ૨૧.**
**અયથાર્થ આત્મવિકલ્પ આવો, જીવ સંમૂઢ આચરે;**
**ભૂતાર્થને જાણેલ જ્ઞાની એ વિકલ્પ નહીં કરે. ૨૨.**

એના પહેલા શબ્દાર્થ લઈએ સીધા. '**ગાથાર્થ :- જે પુરુષ પોતાથી અન્ય જે પરદ્રવ્ય-**-' પોતે સચેતન મૂર્તિ ભગવાન એનાથી અન્ય પરદ્રવ્ય. ચાહે તો સચેત પરદ્રવ્ય હો, જીવાદિ હો, '**સચિત્ત સ્ત્રીપુત્રાદિક, અચિત્ત ધનધાન્યાદિક અથવા મિશ્ર ગ્રામનગરાદિક—**' ગામમાં

આત્મા પણ હોય અને જડ પણ હોય. મિશ્ર કહેવામાં આવ્યું છે. મિશ્ર એટલે એક થતું નથી. મિશ્રની વ્યાખ્યા સમજાણું? બે ભેગા હોય. '**સચેત્ત સ્ત્રીપુત્રાદિક,...**' સૂક્ષ્મમાં સચેત્ત લ્યો તો રાગાદિ પણ આવે છે. સમજાણું કાંઈ? '**અચિત્ત ધન્યધાન્યાદિક...**' એ રાગ પણ ખરેખર સચેતની અપેક્ષા શું? કે અંદર આત્માની પર્યાયમાં થાય એ અપેક્ષાએ. બાકી છે એ પણ અચેત્ત. '**મિશ્ર ગ્રામનગરાદિક—તેને એમ સમજે કે હું આ છું,...**' વર્તમાન આ હું છું. રાગ તે હું છું, શરીર તે હું છું. આ બાયડી, છોકરા એ બધા મારા છે. એ હું છું. મારા દીકરા-દીકરીયું પણ મારા જેવા થયા છેને જુઓ શરીરના આકારે. માટે એ હું છું. અમથું આમ કહેતા નથી કાંઈક એવો પ્રસંગ હોય તો બેટા જા તું જા. તું તે હું જ છુંને. સ્નાન કરવા મોકલવો હોય. પોતાને ન જવું હોય. સ્નાન સમજો છો? મર્યા પછી.. એ. કોક તાર આવ્યો હોય અને પછી કોક સંબંધી હોય અમુક થોડે છેડે. તો શેઠને જાવું ન હોય તો છોકરાને કહે હવે તું જા ભાઈ તું તે હું છુંને જાને. એમ કહે છેને? સાચી વાત હશે?

મુમુક્ષુ :- છોકરા ન હોય એ?

ઉત્તર :- છોકરા ન હોય એની ક્યાં વાત છે? અહીં તો હોય એની વાત છે. આહા..હા..! એ અમારા દીકરા. એમાં અમે છીએ, અમારો વારસો રાખનારા બધા એ છે. અમારી પાછળની પૂંજી આ છે. એક જણાને હમણા પૂછયું હતું છોકરાનો છોકરો સાથે હતો તે. કીધું કોણ છે? કહે વ્યાજ. શું કીધું? પૂછયું કે આ કોણ છે? તો કહે વ્યાજ છે. શું કીધું? વ્યાજ છે. દીકરો રૂપિયો અને આ છોકરો થયો એ વ્યાજ. કહો, સમજાણું કાંઈ? હા એમ કહેવાય છે. એ હમણા કીધું હતું. આવ્યું હતું. છોકરો નાનો હતો. એનો બાપનો બાપ સાથે હતો. પૌત્ર. એ વ્યાજ. કારણ કે દીકરો છે એ તો મૂડી છે અને આ પાછું વ્યાજ આવ્યું છોકરો થયો એ. આહા..હા..! ભારે કીધું. હમણા આવ્યા છેને ઓલા. કાંતિભાઈના છોકરા.. ભાવનગર. શામજીભાઈ નહિ? ગુજરી ગયા એનો છોકરો.. નહોતો આવ્યો. એની બાના બાપ આવ્યા હતા. આ અભેચંદનો દીકરો ચુનીલાલ. લાઠી. સાથે હતોને એ એની સાથે હતો. એ છોકરાનો છોકરો સાથે હતો. છોકરો પણ સાથે. છોકરો મોટો. આપણે ઓળખીએ નહિ. કોઈ દિ' અહીં આવે નહિ. પછી ઓલો નાનો હતો તો કોણ છે કીધું? કે વ્યાજ છે. ઠીક. પૈસાનું વ્યાજ. આહા..હા..! ભારે કીધું. એવું તો સાંભળેલું છે. એ કાંઈ નવું નહોતું. અમે તો ઘણીવાર સાંભળેલું છે. અહીં તો ઘણા મળેને એ વ્યાજ છે એમ કહે આ. આ છોકરાઓ એ અમારી મૂડી કહેવાય. એમ. આ મૂડીનું એ વ્યાજ છોકરો થયો એ. કેમ હશે આ? આહા..હા..! કહે છે કે એ ચીજ મારી છે અથવા આ હું છું, આ હું આ છું. એ મૂર્ખાઈના લક્ષણ છે કહે છે. અજ્ઞાનીનું લક્ષણ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'હું આ છું, આ દ્રવ્ય મુજ-સ્વરૂપ છે,...'** એ મારા છે. હું એનો છું, એ મારા છે. આહા..હા..! છોકરો ન હોય તો છોકરા માટે કેટલા વાંઝિયા મેણા માટે તો કેટલાને નમે અને કેટલાને સમજ્યાને કેવી દેવી કહેવાય છે? આ સીતાપુરમાં કેવી દેવી કહેવાય છે? નથી ધ્રાંગધ્રા પાસે સીતાપર. કાંઈક દેવી છે. ભૂલી ગયા નામ. અમારે હતાને શિવલાલભાઈ. એને છોકરો નહોતો તો એ ત્યાં બહુ માનવા જાતા. સીતાપર નહિ કાંઈક છે. કોક છે ખરી. આહા..હા..! અરેરે! દીકરા વિનાના ઘર એકલા વનમાં ઝાડે ન રાખ્યો એમ બાયુ નવરી હોયને એ વાતું કરે બધી ભેગી થઈને. એકલા વનમાં ઝાડે ન રાખ્યો, ભાઈ! અન્યમતિમાં તો એમ કહે 'અપુત્રસ્ય ગતિ નાસ્તિ નૈવ ચ .. ગતિ.' પુત્ર ન હોય એને ગતિ ન હોય. એટલે સારી ગતિ ન હોય એમ. કહ્યું હતુંને ત્યાં. ૬૪-૬૫ની વાત છે. અનસુયાનું નાટક જોવા ગયેલા ભાઈ! વડોદરા. વડોદરા છેને અમારે. પાલેજથી ૧૮ માઈલ. મોટું થિએટર. માલ લેવા ગયેલા પછી રાતે તો નવરા હોઈએ. કે ચાલો નાટક જોવા. એ વખતે તો નાટક સારા વૈરાગ્યના. અત્યારે બધું ફરી ગયું. આ તો સંવત્ ૧૯૬૪-૬૫ની વાત છે. દીક્ષા પહેલા પાંચ-છ વર્ષ. એમાં અનસુયા એક બાઈ હતી. આ નર્મદાની બહેન. નર્મદા છેને. ભરૂચને કાંઠે નથી નર્મદા? ભરૂચને કાંઠે નર્મદા છે. નર્મદા અને અનસુયા બે બહેનો હતા. એને નામે નદી છે. મૂળ તો બહેનો હતા. એમાં એ અનસુયાને દીકરો નહોતો અને પરણ્યા નહોતા. નાટક હતું. મોટું નાટક. પરણ્યા વિના ગઈ ઉપર. બતાવ્યું હતું હોં એમાં. ત્યાં ઉપરથી નકાર આવ્યો. અહીં આવશો નહિ. અપુત્રસ્ય ગતિ નાસ્તિ. પુત્ર ન હોય એને ગતિ ન હોય. કારણ કે પુત્ર હોય એને પાછળથી કરેને શું કહે આ? શ્રાદ્ધ-શ્રાદ્ધ. કાગડાને બોલાવે છેને. અર્ધક્રિયા. તો એના મા-બાપ કાગડા થઈને આવ્યા હોય તો નાખેને પૂરણપોળી ને ફલાણું ને ઢીંકણું. સારા મૂર્ખાઈને તે ગામ જુદા હશે? એનો બાપ કાગડો થઈને આવતો હશે. ઓલી કહે હવે મારે જાવું ક્યાં?

મુમુક્ષુ : ...

ઉત્તર : .. એમાં ઓલાને કહે ક્યાં જાવું. કહે નીચે જે હોય એને પરણ. નીચે હતો એક આંધળો બ્રાહ્મણ. પછી હુકમ થયો માટે સ્વર્ગમાંથી તો શું કરે? પરણ્યો, એને થયા છોકરા. પછી આ બધું નાટકમાં આમ કરતા હોં. વૈરાગ્યની વાતું બહુ. નાનો છોકરો પણ એની મા એને સૂવાડતી. બેટા 'શુદ્ધોસિ, બુદ્ધોસિ નિર્વિકલ્પોસિ ઉદાસિનોસી' ઘોડિયામાં નાખીને. અહીં તો હવે કહે મામાને ઘરે ગયો હતો અને ખારેક લાવ્યો હતો. ઢીંકણુંને. આવા બધા ગપેગપ. હવે એને તો આ નાની ઉંમરમાંથી. બેટા શુદ્ધ છો, બુદ્ધ છો, ઉદાસીન દુનિયાથી છો, ભિન્ન છો, નિર્વિકલ્પ છો. નાટકમાં જોયું છે હોં આ તે દિ'. આહા..હા..! કોના દીકરા અને કોની વાતું? મારો પણ મૂઢ. કહે છે કે કેમ ઓળખાય મૂર્ખ? એ ઓલો પાણીનો આમ

હાથ ન લીધો એ ઓળખાય મૂર્ખ? એમ આ કેમ ઓળખાય આ મૂઢ? કે જે ચીજ પર છે આત્માથી ભિન્ન એને મારી માને એમ ઓળખાય મૂર્ખ. આહા..હા..! સચેત્ત કીધુંને?

મુમુક્ષુ :- .. આખું જગત મૂર્ખ થઈ ગયું.

ઉત્તર :- મૂર્ખ જ છે, પાગલ છે. આહા..હા..!

સચેત્ત લક્ષ્મી મારી લ્યોને. પુત્ર મારા, લક્ષ્મી મારી, મકાન મારા, આબરૂ મારી. કેટલા મારા તારા? આહા..હા..! ભાઈ! તારી તે ભિન્ન ચીજ એ તારી ક્યાંથી થઈ? તારામાં આવી ક્યાંથી અને તું ત્યાં ગયો ક્યાંથી? આહા..હા..! સમજાણું કાંઈ? અરે! સાળાનો સાળો સારો થાય તો આપણને લાભ થાય એક જણો કહેતો હતો. ઠીક! આવા ને આવા. સાળાનો સાળો સારો થાયને તો આપણને લાભ થયો આમ કહેવાય તો ખરું કે મારા સાળા અને એનો સાળો કરોડપતિ થયો છે. એમાં તારે શું? અરે! હૂંફ આવે હૂંફ કહે. મૂર્ખના તે ગામ જુદા હશે?

કહે છે કે આ અચિત્ત લક્ષ્મી આદિ, મકાન આદિ, પૈસા આદિ અને ધન્યધાન્ય. અમારે આટલા ખેતર, આટલા અનાજ પાક્યા. લ્યો! પાંચ લાખનું અનાજ પાકે છે અમારા રાજમાં તો. અનાજ પાકે આટલું, પૈસા અમારી આટલી મૂડી, આટલી પૂંજી. ચીનમાં રાખીએ છીએ. ઘણા રાજા હોય છેને એ અહીં ન રાખે. બીજે રાખે. અમારા પૈસા, અમારી સેના, અમારું રાજ. આહા..હા..! અને **'આ દ્રવ્ય મુજ-સ્વરૂપ છે,...'** **'एतत् अहम्'** એમ. હું આ છું અને એ મારા છે. **'अहम् एतस्य अस्मि'** **'હું આનો છું,...'** પહેલું સામાન્ય કીધું. **'આ મારું છે, આ મારું...'** પહેલું સામાન્ય હતું, બીજું વર્તમાન કહ્યું, હવે આ પૂર્વે આવ્યું. વર્તમાનમાં પહેલી સામાન્ય વાત કીધી, પછી વર્તમાન કીધી કે આનો હું અને એ મારા. આહા..હા..! રાગનો કણ પણ મારો માને તો કહે છે કે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જુઓ. એ મારો, હું એનો સામાન્ય. પછી વર્તમાન—એ મારા, હું એનો એ વર્તમાન. પછી **'આ મારું પૂર્વે હતું,...'** એ અમારા સગાવ્હાલા પૂર્વે હતા ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! અમારા દીકરાને પહેલો ત્યાં જ વરાવ્યો હતો, પણ કન્યા ત્યાં મરી ગઈ પણ સગપણ એવું ને એવું જાળવી રાખે છે. કહે છેને એમ? દીકરીને વરાવી હતી પહેલી એ તો મરી ગઈ, એને ઠેકાણે બીજી દીકરી છે, પણ રાખે છે બધું સરખાયનું. એના .. એને. આહા..હા..! જેને શેઢે-સીમાડે જેની સાથે મેળ નથી. એને આ મારા પૂર્વે હતા હોં. આ મકાન અમારા પૂર્વે હતા. આ છોકરો અમારો પહેલો કહ્યાગરો હતો. હવે ફરી ગયો. પારકા આવે તો ફરી જાયને. પારકાની દીકરી આવે તો ફરી જાય. એ આપણે નહિ ચાલે આમાં. આહા..હા..! કારણ કે આ ઘરમાં સાત-આઠ માણસ. આપણે શેરો શેર-દસ શેર કરીએ તો માંડ હાથ આવતો નથી. જુદા પડીએ તો શેરો ખાશુ તો શેર-બે શેર

આવે. જુદા પડો જુદા. .. કરે. મા-બાપને પજવે.

કહ્યું હતુંને એકફેરી આ. રાજકોટની પાસે ક્યું ગામ? ન્યારા. ન્યારા. ન્યારા છેને નહિ? સડક ઉપર છે જામનગર જતા. ન્યારા. ત્યાં બે-ત્રણ-ત્રણ માઈલ જતાને ભાઈ ઓલા પણે નહિ વકીલ. કેવો વકીલ નહિ? ત્રણ-ત્રણ ચાલ માઈલ. બક્ષી. વેણીભાઈ બક્ષી જાય સામા મળે દરરોજ. .. એ ત્યાં એકફેરી અમે ગયેલા એમાં એ રબારી હતા. દરબાર હશે. તો એના દીકરાનો દીકરો થયો હતો. દીકરો મરી ગયો. ગામ આવડું તો ગરાસિયાને પૂછીને કામ કરે. પણ ઓલી બાયડી જરી એવું કે આ ઘરમાં પણ ડોસા-ડોસી છે, પહેલા એના પેટ ભરે પછી આપણને મળે. એ કરતા બે જુદા પડીએ. તે દિ' જ અમે ગયા તે દિ' એમ થાય. અને ઓલો એને ડોસો. આહા..હા..! અરે! બાવળને બાયડી હોય તો તારે હોય. માટે જડ જેવો તું. ગરાસિયા પૂછે. એલા મને ગરાસિયા પૂછે અને આ મારા ઘરમાં તકરાર. હવે મારે કોની કરવી? ... લ્યો! .. આટલા લઈ ગયા, ફલાણા લઈ ગયા. પોતાના ડોસી-ડોસી બે જણા. પણ એ બધું એમ જ છે. હતું કે દિ' તારું? આહા..હા..! મારા કરીને માન્યા એ જ્યારે જુદા પડે તો એને દુઃખ થાય, ખેદ થાય. મૂળચંદભાઈ! મોટા કરીને માન્યા હોય, પછી બાપુજી હવે અમે ભેગા નહિ રહીએ. ભાગ પાડો.

મુમુક્ષુ :- પણ મુંબઈમાં નાનકડું ઘર હોય ભેગા ક્યાંથી રહે?

ઉત્તર :- લ્યો ઠીક! આહા..હા..! કોના કોણ ભાઈ? આ અમારા પૂર્વે હતા. અમે પૂર્વે રાગ કર્યો હતો એના પુણ્ય બંધાણા. આ એને લઈને મનુષ્યપણું મળ્યું તો ધર્મનો લાભ તો થાય. આહા..હા..! બહુ સાથે એકતા થઈ એ તો ભાઈ. મિથ્યાત્વના લક્ષણ છે એ તો બધા. કહે છેને પણ એ? જુઓ, આ મનુષ્યપણું મળ્યું, પૂર્વના આપણે શુભભાવ હતા તો મનુષ્યપણું મળ્યું, તો સાંભળવાનો યોગ મળ્યો. એ પુણ્ય ન હોત તો સાંભળવાનું ક્યાંથી મળત? અને સાંભળ્યા વિના ધર્મ ક્યાંથી થાય? શું કહેવું છે પણ તારે? સમજાણું કાંઈ? અમે ભાવ શુભ કર્યા હતા એનું બંધાણું પુણ્ય એનું મળ્યું મનુષ્ય એને સાંભળવાનું.

શ્રીમદ્‌માં આવે છે કે નહિ? 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહનો માનવનો મળ્યો.' લ્યો! 'તોએ અરે ભવચક્રનો આંટો નહિ એકેય ટળ્યો!' આ તો ત્યાં નાખ્યું પાછું. એ ભવના અભાવનું કાંઈ કર્યું નહિ. હવે મનુષ્ય દેહ તો મળ્યો આવો પૂર્વના પુણ્યને કારણે. આહા..હા..! અહીં કહે છે કે જે ઇન્દ્રિયો મળી પુણ્યને લઈને તો ધર્મ થાય. એ વાત જ જૂઠી છે. એય..! ધર્મ કાંઈ ઇન્દ્રિયથી અને સાંભળવાથી થતો નથી. આહા..હા..! એનાથી થાય એમ માનનારા અજ્ઞાનીનું લક્ષણ છે. આહા..હા..! મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે કહે છે. ભારે ભાઈ! જ્ઞાની થઈને છ ખંડના રાજમાં દેખાય છેને. છન્નું હજાર સ્ત્રીઓ હોય એને તો. સમકિતી હોય. છન્નું હજાર સ્ત્રી હોય, બંગલા હોય. હોય એને શું? માને છે કે મારા નથી. હું તો એનો જાણનાર...

જાણનાર... જાણનાર... સમજાણું કાંઈ? માથે ન આવ્યું નોકર્મ? અરીસામાં જેમ બીજી ચીજો જણાય છે એ અરીસાની નહિ. એ જણાય છે એ તો પોતાની પર્યાય છે. સમજાણું? એમ આત્મામાં જ્ઞાતૃત્વ એ પોતાની ચીજ છે. એ પરચીજ એ પોતામાં આવતી નથી અને પરને લઈને જ્ઞાન થયું એમ પણ નથી. આહા..હા..!

**'આ મારું પૂર્વે હતું, આનો હું પણ પૂર્વે હતો,...'** મેં પણ એને પૂર્વમાં ઘણા કામ મેં કરી દીધા છે. આહા..હા..! **'एतत् मम पुनः भविष्यति'** એ ભવિષ્યની વાત છે. **'આ મારું ભવિષ્યમાં થશે,...'** એ આ કાંઈક પુણ્ય કરશું તો કાંઈક ધર્મ ભવિષ્યમાં સાધન મળે અને સાધન મળશે તો ધર્મ થાશે. એ બધા મૂઢના લક્ષણ છે કહે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું મૂઢ જ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો તો બધાય પાગલ છે. .. એમાંથી કોઈ નીકળવું. આહા..હા..! એવું જ છે. સોએ સો એવું ગાંડાપણું છે કહે છે. સાધુ થઈને, ત્યાગી થઈને પણ આમ માને તો કહે છે એ અપ્રતિબુદ્ધ અજ્ઞાનીના લક્ષણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? મિથ્યાત્વને સાધે છે. એ સ્વભાવને સાધતો નથી.

**'આ મારું ભવિષ્યમાં થશે,...'** લ્યો! હું પણ એનો હતો અને એ મને ભવિષ્યમાં થશે. ભાઈ સારા સાધન થશે. જુઓ, મોક્ષમાર્ગમાં પ્રકાશકમાં પણ આવે છે. ભાઈ! પુણ્ય કરશે તો સારા નિમિત્ત તો મળશે. આવે છે કે નહિ? એય..! આવે છે? આવે છેને આમાં. અહીંથી આમ. છેને. મા-બાપની યાદ આવે તો આવી ગયું મગજમાં. આહા..હા..! એ તો વાત કરે છે કે ઓલા પાપના પરિણામ હોય તો પ્રતિકૂળતાના નિમિત્ત.. એટલી વાત છે. એટલે એનાથી પામી જાય. (એમ નથી) એવું તો અનંતવાર થયું છે. આહા..હા..! પણ એમ માને કે આપણે અત્યારે પુણ્ય કરીશું તો ભગવાન પાસે જાશું સ્વર્ગમાં અને પછી ભગવાન પાસે જાશું સ્વર્ગમાંથી. એ માન્યતા તદ્દન ભ્રમ અને અજ્ઞાનની છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મ તો અંતરમાં જતાં થાય છે કે બહાર ભગવાન પાસે જતા થાય છે? આહા..હા..! ભારે કામ આકરું. પોતા સિવાય એટલે જ્ઞાનાનંદ સ્વભાવ સિવાય કોઈપણ ચીજ પૂર્વમાં મારી માની, વર્તમાનમાં કે ભવિષ્યમાં. એકસમયમાત્ર માને તો એ અજ્ઞાન છે લ્યો!

**'एतत् तु असद्भूतम्' 'આવો જૂઠો આત્મવિકલ્પ કરે છે...'** લ્યો! ભાઈ મન મળે સારું. મન હોય તો ધર્મ થાય. જુઓ, સંજ્ઞી-અસંજ્ઞીમાં શું થાય? એમ કહે છે ઘણા. મારા એ તો વાત સાંભળને. નિમિત્ત છે એટલે થાય છે? એ તો પોતાના સ્વભાવ તરફ ઝુકે

ત્યારે થાય છે. સંજ્ઞીપણું ક્ષયોપશમ છે તો અભવિને પણ હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! મારે પણ ક્યાંક ક્યાંક શલ્ય રાખવું છેને. મિથ્યાત્વનું શલ્ય છે કહે છે. **'આવો જૂઠો...'** **'असद्भूतम्'** એ એની ચીજ નથી અને મારી છે, મારી થશે, મારી રહી હતી એ બધા જૂઠા વિકલ્પો છે. સમજાણું કાંઈ? **'અને જે પુરુષ...'** **'આત્મવિકલ્પ કરે છે તે મૂઢ છે,...'** ઠીક! **'મૂઢ છે, મોહી છે, અજ્ઞાની છે;...'** ત્રણ અર્થ કર્યા. આહા..હા..! શબ્દ એક જ છે.

મુમુક્ષુ :- .. મૂઢ જીવ કહ્યો.

ઉત્તર :- હા મૂઢ છેને. મહામૂઢ છે. આહા..હા..! ચાહે તો પુણ્યના પરિણામ અત્યારે મારા માને કે પૂર્વના પુણ્ય મારા હતા એમ માને કાં પુણ્યના ફળ મળશે મને એમ માને એ બધા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહા..હા..! આ અજ્ઞાનીના લક્ષણ છે. ભારે વાત ભાઈ! એ માટે તો ઓળખાવે છે. શતપ્રતિશત હોય માટે. એમ કે સોમાં સો મળે આવા. એમ કહે છે. શિષ્યે પ્રશ્ન કર્યો એનો ઉત્તર છેને આ? **'એ મૂઢ છે, મોહી છે, અજ્ઞાની છે;...'** આહા..હા..! ત્યારે કહે આવું કહેવું આકરું? જેઓ **'મૂઢ છે, મોહી છે, અજ્ઞાની છે;...'** એ તો વસ્તુની સ્થિતિ બતાવે છે. એ કાંઈ એના ઉપર દ્વેષ છે એમ છે નહિ. આહા..હા..! એમ કે કોઈને મૂઢ ન કહેવો. એ અનેકાંત માર્ગ છે. અનેકાંતમાં બધા સમાય જાય છે. કોણ સમાય અનેકાંતમાં? વસ્તુ વસ્તુપણે છે અને રાગપણે નથી એમ અનેકાંતમાં સમાય છે. વસ્તુ વસ્તુપણે છે અને રાગપણે છે અને પરથી પણ લાભ થાય એમ વસ્તુમાં છે નહિ કાંઈ. આહા..હા..!

**'અને જે પુરુષ પરમાર્થ વસ્તુસ્વરૂપને જાણતો થકો...'** ભૂતાર્થ. છતો પદાર્થ ભગવાન આત્મા એવો જ્ઞાયકભાવ એ જ મારી ચીજ છે, મારી ચીજ એ હતી અને એ જ રહેશે. કોઈ બીજી મારી થઈ, રહેશે અને હશે એમ છે નહિ. માણસો નથી કહેતા કે નાગા ભૂખ્યા હોય તોપણ ઘરનું માણસ હોય તો ઢાંકે લ્યો! માટે મોટી ઉંમરે પરણે છે માણસ. છે કે નહિ? પારકું માણસને શરીરનો રોગ હોય કેમ હોય કેમ નહિ. ઘરનું માણસ હોય ભલે નાનું હોય. અહીંયાં ૫૦-૬૦ થયા હોય, બીજો હોય ૨૦ વર્ષની. ભાઈ નાગા-ભૂખ્યા ઢાંકે એમ તમને સંસારની શી ખબર પડે? વળી એમ કહે. આ બધું સાંભળેલું છે હોં! આહા..હા..! અરેરે! ભાઈ! કોણ ઢાંકે અને કોણ નભે? તે તને ઢાંકી દીધો છે પરને પોતાનો માનીને. આહા..હા..! નાની વાત લાગે છે પણ મોટી વાત શલ્ય મોટું છે. મોટું શલ્ય મિથ્યાત્વ છે. મિથ્યાત્વનું એ મહાપાપ છે. રાગાદિ મારા હતા, એનો થઈશ, એનાથી મને લાભ થશે, ભવિષ્યમાં એવું કાંઈ .. એ મહાશલ્ય છે કહે છે. ભવિષ્યમાં પણ તારાથી તને સ્વભાવથી લાભ થશે. પરથી લાભ નહિ થાય. એ વાત અંદરમાં બેસવી આકરી ભારે.

**'એવો જૂઠો વિકલ્પ નથી કરતો...'** પણ કઈ રીતે? પરમાર્થને જાણતો થકો. એમ. **'એવો જૂઠો વિકલ્પ નથી કરતો તે મૂઢ નથી,...' 'અસમ્મૂઢઃ' 'જ્ઞાની છે.'** બસ આ બરાબર ફેરવી નાખ્યું લ્યો! હું જીવાડી શકું છું એ મિથ્યાદૃષ્ટિ છે. હું કોઈને જીવાડી શકતો નથી એ સમકિતી છે. એ તો મિથ્યાત્વના એક અંશની વાત કરી ત્યાં. આ તો આખા મિથ્યાત્વની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? બીજાને હું જીવાડી શકું, દુઃખી કરી શકું, સુખી કરી શકું, પરથી હું જીવું, મને આધાર પરનો છે, ભાઈ! તો કહે છે એ તો મૂઢ, મિથ્યાદૃષ્ટિ છે. એવું નથી માનતો તે સમકિતી જ્ઞાની છે એમ છે ત્યાં. એટલો નથી માનતો માટે જ્ઞાની છે તો એ મિથ્યાત્વના એક અંશના પ્રકારની વાત કરી. આ તો આખા મિથ્યાત્વની વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! આખો ભગવાન પૂર્ણ જ્ઞાનાનંદ સ્વભાવ. એને કોઈપણ વિકલ્પની સાથે સંબંધ માનવો, સંબંધ માનવો. સંબંધ માનવો. સંબંધ માનવોનો અર્થ જ એ કે એ મારા છે. બંધ છે એ. કહો, ભગવાનજીભાઈ! ભારે કામ ભાઈ આવું. આહા..હા..! આટલી આટલી દુકાનું ચાલતી હોય, પૈસા પેદા થયા હોય પાંચ-પાંચ લાખ, દસ-દસ લાખ. હવે કહે છે કે એ કામ મારું નહિ, મારે લઈને નહિ. કેટલા વર્ષ સુધી મહેનત કરી? કહે શેની મહેનત કરી? મિથ્યાત્વની હતી. ત્યારે આ પૈસા ભેગા થાય. કાંઈ મફત થાતા હશે? ઉદ્યોગપતિને માટે વખાણ કરેને. આ ઉદ્યોગપતિ છે. ઉદ્યોગનો પતિ છેને? આત્માનો નહિને? મૂઢનો છે. ઉદ્યોગપતિ એણે પોતાના બાહુબલે પચ્ચીસ કરોડ ભેગા કર્યા. એનો બાપ કાંઈ મૂકીને નહોતા ગયા એય..! લક્ષ્મણભાઈ! એના બાપ કાંઈ નહોતા મૂકી ગયા, પણ એમણે વ્યવસ્થા કરતાં-કરતાં પહેલા ગામમાં ચલવ્યું, પછી મુંબઈમાં ચલવ્યું, પછી આફ્રિકામાં ગયા, પછી ફલાણે ગયા એમ કરીને આ બધા ભેગા થયા. આહા..હા..!

મુમુક્ષુ :- પછી ચાલતા ચાલતા...

ઉત્તર :- ચાલતા ચાલતા રખડશે. આહા..હા..! હું ક્યાંય ગયો નથી, મેં કોઈનું કર્યું નથી, મારું કોઈ છે નહિ, મારામાં કોઈ ચીજ પચતી જ નથી. આહા..હા..! રાગ પણ મને સ્પર્શ્યો નથી. તો બાયડી, છોકરા, કુટુંબ, દેશ અને પૈસા તો ક્યાંથી આવ્યા? પોતાનો પરમાર્થ સ્વભાવ એને જાણતો થકો. જાણતો થકો. એવો વિકલ્પ નથી કરતો તે જ્ઞાની છે. એ મૂઢ નથી. લ્યો! આ ઓળખાવ્યું. હવે એનો દાખલો આપે છે.

**'જેમ કોઈ પુરુષ ઇંધન...'** લાકડા **'અને અગ્નિ...'** અગ્નિની ઉપમા છે ચૈતન્યને અને રાગાદિ જડની ઉપમા બધાને છે અચેતન લાકડાની. આહા..હા..! **'જેમ કોઈ પુરુષ ઇંધન...'** એટલે લાકડા **'અને અગ્નિને મળેલા દેખી એવો જૂઠો વિકલ્પ કરે કે અગ્નિ છે તે ઇંધન છે,...'** અગ્નિ તે લાકડું, અગ્નિ તે લાકડું. મૂર્ખ કહેવાય કે નહિ? લૌકિક. લૌકિકમાં. આ લૌકિકની વાત છે. **'ઇંધન છે તે અગ્નિ છે, ઇંધન છે તે અગ્નિ છે;...'** લાકડું

તે અગ્નિ છે. એ સામાન્ય વાત. '**અગ્નિનું ઈંધન છે...**' વર્તમાન-વર્તમાન છે. '**અગ્નિનું ઈંધન છે...**' અગ્નિનું ઈંધન છે. ઓલું સામાન્ય પહેલી વાત કરી હતી. '**અગ્નિનું ઈંધન છે,...**' આ અગ્નિનું લાકડું છે, અગ્નિનું લાકડું છે. અને '**ઈંધનનો અગ્નિ છે;...**' હવે પહેલાં '**અગ્નિનું ઈંધન પહેલાં હતું, ઈંધનનો અગ્નિ પહેલાં હતો;...**' ઠીક! '**અગ્નિનું ઈંધન પહેલાં હતું, ઈંધનનો અગ્નિ પહેલાં હતો; અગ્નિનું ઈંધન ભવિષ્યમાં થશે,...**' દાખલો જુઓને કેવો? અગ્નિનું લાકડું ભવિષ્યમાં '**અને ઈંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે;—આવો ઈંધનમાં જ અગ્નિનો વિકલ્પ કરે...**' દેખો! તે લાકડામાં જ અગ્નિને માને. '**તે જૂઠો છે, તેનાથી...**' આ મૂર્ખ છે એમ ઓળખાય. સંસારનો મૂર્ખ છે એમ ઓળખાય. '**અપ્રતિબુદ્ધ કોઈ ઓળખાય છે,...**' લ્યોને. લોકની અપેક્ષાએ વાત છે.

'**તેવી રીતે કોઈ આત્મા પરદ્રવ્યમાં જ અસત્યાર્થ આત્મવિકલ્પ કરે કે...**' એ રાગાદિ બધા પરદ્રવ્ય. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ. શરીર, કર્મ, બાયડી, છોકરા, લક્ષ્મી, પૈસા, આબરૂ બધું પરદ્રવ્ય. '**આત્મા પરદ્રવ્યમાં જ...**' પરદ્રવ્યમાં જ. '**અસત્યાર્થ આત્મવિકલ્પ કરે કે હું આ પરદ્રવ્ય છું,...**' સામાન્ય. હું આ રાગ છું, હું આ શરીર છું, હું સ્ત્રી છું. આહા..હા..! એકની સ્ત્રી મરી ગયી પછી કામધેનુ ગાય થઈ છે એક અમારે ઘરે. કામધેનુ ગાય આવે છેને. છેને મૂળીમાં. એ છે કે નહિ? એ બાયડી મરી ગઈ પછી કામધેનુ ગાય થઈ હતી. કામધેનુ સમજ્યા? જ્યારે જોવે ત્યારે દૂધ આપે. પછી મરી ગઈ કામધેનુ ગાય. પછી અરેરે! આપણે આવે છેને જેમ. હે ભગવાન હું ભૂલી ગયો. નથી આવતું? શ્રીમદ્‌માં. એણે લખ્યું એના ધણીએ. હે માતા! હું ભૂલી ગયો. તમને ઓળખ્યા નહિ. એમ. લ્યો ઠીક. પત્થરનું મોટું મંદિર બનાવ્યું. ૧૮ હજારનું મંદિર. તે દિ' પહેલાની વાત છે હોં. અત્યારે તો. બાયડી મરીને કોને એમ માન્યું કે આ કામધેનુ ગાય થઈ હતી. કામધેનુ મરી પછી એને દાટી એના ઉપર મંદિર બનાવ્યું. આ મૂળી. વઢવાણ પાસે છેને. જોવા ગયા હતા અમે. કહે ચાલો જોવા, ચાલો જોવા. કહે હે માતા હું તને ભૂલી ગયો. આવા ને આવા. રૂપિયા ખર્ચ્યા ૧૮ હજાર એને દાટીને ગાયને. આ તો પહેલાની વાત છે. ૯૯ સાલની પહેલી જ વાત છે. ૯૯માં ત્યાં ગયા હતા. આહા..હા..!

કહે છે '**હું આ પરદ્રવ્ય છું, આ પરદ્રવ્ય મુજસ્વરૂપ છે; મારું આ પરદ્રવ્ય છે, આ પરદ્રવ્યનો હું છું;...**' એ વર્તમાન. પહેલું ઓલું સામાન્ય. હું આ પરદ્રવ્ય છું. રાગથી માંડીને શરીર, વાણી, મન, બાયડી, છોકરા, કુટુંબ, દેશ. એ મારો દેશ. દેશ માટે બલિદાન આપો. એક દેશનો સેવક હતો એ અમરેલીમાં હતાને. મરતા મરતા જુવાન બકતો હતો એ દેશનું. મરી ગયેલો. પ્રેમચંદભાઈના મામાનો દીકરો છે. ખારા. મારો દેશ છે એ માટે અમે મરીશું. અમે સહન કર્યું. કોના દેશ બાપા? કોની જમીન અને કોની જોરુ? એ

કજીયાના છોરું. એમ કહે છે આપણે નહિ? 'જર, જમીન ને જોરું, કજીયાના છોરું.' જર, જમીન અને જોરું. જર એટલે પૈસો, જમીન અને જોરુ સ્ત્રી આદિ એ કજીયાના છોરું છું. કજીયા મૂળ છે ત્યાં થાય. ધૂળેય નથી તારા મફતનો મારા. આહા..હા..!

હું આ પરદ્રવ્યનો હતો. લ્યો! એ મારું આ પહેલા હતું. પહેલાં એ મકાન મારા હતા, બાયડી મારી હતી, પછી છૂટાછેડા કર્યા તો હવે ગઈ પરમાં. કેમ અત્યારે થાય છેને એ? પરદેશમાં ઘણું થાય છે હવે બધું. દેશમાં પણ થાય છે. બધે થાય છે. આહા..હા..! '**હું આનો પહેલા હતો;...**' અમારે પ્રેમ તો પહેલેથી હતો. એ તો ઉઘાડું હવે પાડ્યું અમે. એમ વળી કહે. આહા..હા..! '**મારું આ ભવિષ્યમાં થશે,...**' અને ગમે તે પણ ભાઈ કાંઈ પાણી ડાંગ માર્યા કાંઈ જુદા પડે? એ અમારા વ્હાલા છે તો ભવિષ્યમાં પણ વ્હાલા રહેશે. આ મૂઢ છે કહે. બરાબર છે? આ તો શું કરવું છે ભગવાનને? ઓટલો વાળવો છે બધો? છે એવો એને બનાવવો છે. છે એવો બનાવવો. છે એવો. પરનો નથી અને પરનું પોતામાં નથી. આહા..હા..! મારું આ ભવિષ્યમાં થશે. '**હું આનો ભવિષ્યમાં થઈશ;--આવા જૂઠા વિકલ્પથી અપ્રતિબુદ્ધ ઓળખાય છે.**' લ્યો! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૯, મંગળવાર, તા. ૦૮-૦૨-૧૯૭૨
## ગાથા-૨૦ થી ૨૨, કળશ-૨૨, પ્રવચન-૯૩

દૃષ્ટાંત ચાલે છે ૨૦-૨૧-૨૨ ગાથાનું. પહેલો પેરેગ્રાફ થઈ ગયો. બીજો છે. શું દૃષ્ટાંત પહેલો, પછી સિદ્ધાંત એનો. '**વળી અગ્નિ છે તે ઈંધન નથી,...**' અગ્નિ છે તે લાકડું નથી.

મુમુક્ષુ :- લાકડા વિના અગ્નિ થાય?

ઉત્તર :- અગ્નિ અગ્નિમાં છે, લાકડું લાકડામાં છે.

મુમુક્ષુ :- લાકડામાં લાકડા...

ઉત્તર :- કોણ નાખે છે? કોઈ નાખતું નથી. અગ્નિ અગ્નિમાં છે અને લાકડું લાકડામાં છે. શેઠ! પછી આ ઉતરશે ક્યાં સમજાય છે? આ તો દૃષ્ટાંત છે. ભગવાનજીભાઈ! દૃષ્ટાંત તો . .થાય પછી એનો સિદ્ધાંત.

'**અગ્નિ છે તે ઈંધન નથી, ઈંધન છે તે અગ્નિ નથી,**—' બે અરસપરસ કર્યું. હવે નાસ્તિ કરી પછી અસ્તિ કરે છે. '**અગ્નિ છે તે અગ્નિ જ છે, ઈંધન છે તે ઈંધન જ છે;...**' એ સામાન્ય વાત કરી. સામાન્ય. લાકડું તે અગ્નિ નથી, અગ્નિ તે લાકડું નથી, અગ્નિ તે અગ્નિ છે અને લાકડું તે લાકડું છે. હવે વર્તમાન. '**અગ્નિનું ઈંધન નથી,...**' વર્તમાનમાં એ સામાન્ય વાત કરી. હવે વિશેષ સ્પષ્ટ ત્રણકાળને. વર્તમાનમાં '**અગ્નિનું ઈંધન નથી, ઈંધનનો અગ્નિ નથી,**—' ઈંધન એટલે લાકડું. લાકડાનો અગ્નિ નથી. એ નાસ્તિથી વાત કરી. '**અગ્નિનો જ અગ્નિ છે, ઈંધનનું ઈંધન છે;...**' કહો, વર્તમાન. અગ્નિનું અગ્નિ છે, લાકડાનું લાકડું છે. હવે ભૂતકાળ. '**અગ્નિનું ઈંધન પહેલાં હતું નહિ,...**' અગ્નિનું લાકડું પહેલા નહોતું, '**ઈંધનનો અગ્નિ પહેલાં હતો નહિ,**—' લાકડાનો અગ્નિ પહેલા નહોતો. નાસ્તિથી વાત કરી. '**અગ્નિનો અગ્નિ પહેલાં હતો,...**' પહેલા અનાદિથી અગ્નિ અગ્નિનો જ હતો, લાકડું લાકડાનું પહેલાં હતું. એ ભૂતકાળ કહ્યો. હવે ભવિષ્ય. '**અગ્નિનું ઈંધન ભવિષ્યમાં થશે નહિ,...**' થશે? અગ્નિનું લાકડું થશે નહિ. '**ઈંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે નહિ,...**'

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કે દિ' થશે? '**ઈંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે નહિ,...**' લાકડાનો અગ્નિ થશે? એ તો અગ્નિનો અગ્નિ છે. એમ. લાકડું સળગે છે એ તો અગ્નિ છે. એ કાંઈ લાકડું નથી. લાકડું અગ્નિ થતું નથી. અગ્નિ તો અગ્નિરૂપે થાય છે. કહો, સમજાણું? '**અગ્નિનો અગ્નિ જ ભવિષ્યમાં થશે, ઈંધનનું ઈંધન જ ભવિષ્યમાં થશે;—આ પ્રમાણે જેમ કોઈને અગ્નિમાં જ સત્યાર્થ અગ્નિનો વિકલ્પ થાય...**' અગ્નિ તે અગ્નિ જ છે, લાકડું નથી અને કોઈ દિ' નથી. વર્તમાનમાં નથી, ભૂતકાળમાં નથી અને ભવિષ્યકાળમાં નથી. '**તે પ્રતિબુદ્ધનું લક્ષણ છે,...**' એ જગતના ડાહ્યા કહેવાય. મૂર્ખા હોય એ અગ્નિને લાકડાનું માને અને લાકડું અગ્નિને માને. હવે અહીં ધર્મમાં ઉતારે છે. '**તેવી જ રીતે હું આ પરદ્રવ્ય નથી,...**' ધર્મી વાસ્તવિક તત્ત્વનો જાણનાર જૈન પરમેશ્વરે કહ્યું એ તત્ત્વને ઓળખનાર એમ કહે છે કે '**હું આ પરદ્રવ્ય નથી,...**' કહો, શેઠ! એ હું આ શરીર નથી, હું આ છોકરો નથી મારો. હું આ પૈસા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પૈસા છે. તમારા પૈસા છે? ભગવાનજીભાઈ! '**હું આ પરદ્રવ્ય નથી,...**' હું લક્ષ્મી નથી. એમ કહે છે. કહો, હું ચૈતન્ય છું, હું આત્મા છું. એ આત્મા છે તે પૈસો નથી. આત્મા છે તે શરીર નથી, આત્મા છે તે કર્મ નથી, આ આત્મા છે તે રાગ નથી. અંદર પુણ્ય-પાપના ભાવ થાય એ આત્મા તે રાગ નથી. આહા..હા..! ભારે વાત! આ તો મોટો બાપ .. છોકરા ને પૈસા એમાં પાચ-પચ્ચીસ લાખ, કરોડ, બે કરોડ જ્યાં કુકા ભેગા

થાય. એય..! ત્યાં જાણે મારા પૈસા. પણ મૂર્ખ છો. લાકડું અગ્નિનું કોઈ દિ' ન થાય. એમ પૈસા આત્માના કોઈ દિ' ન થાય એમ કહે છે.

મુમુક્ષુ :- પૈસાવાળાને કરવું શું?

ઉત્તર :- પૈસાવાળો મૂર્ખ નહિ, પૈસા મારા માનનારા મૂર્ખ છે. પૈસો તો પૈસામાં છે. અગ્નિ લાકડું છે? અને લાકડું અગ્નિ છે? એ તો પહેલો દૃષ્ટાંત દીધો. એમ આત્મા પૈસો નથી. એ તો જડ છે, માટી, ધૂળ છે. આ પણ ધૂળ છે શરીર. આત્મા શરીર નથી. કીધુંને. હું આત્મા જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા. આ બીજી ચીજ છે. કર્મ, શરીર, પુણ્ય-પાપના ભાવ, પૈસા, આબરૂ, કીર્તિ, ધૂળધાણી. અરે! ભારે!

'હું આ...' આ તો બે અસ્તિ કર્યા. હું પણ એક છું અને બીજી આ ચીજ છે. પુણ્ય-પાપના ભાવ, શરીર, કર્મ, પૈસા, આબરૂ, કીર્તિ, બાયડી, છોકરાનો આત્મા. કહે છે કે હું બાયડી-છોકરાનો આત્મા નથી. એમ કહે છે. 'હું આ...' આ તો સિદ્ધાંત છે તત્ત્વ. '**પરદ્રવ્ય નથી,...**' હું પરદ્રવ્ય નથી. '**આ પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી,—**' એ પુણ્ય-પાપના ભાવ, શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબનો આત્મા અને એના શરીરો, લક્ષ્મીના અને બંગલા પાંચ-પચ્ચીસ લાખના મોટા હજીરા બંગલા એ મુજસ્વરૂપ નથી.

મુમુક્ષુ :- હજીરા અને બંગલાના અર્થમાં મોટો ફર્ક છે.

ઉત્તર :- એ બધા હજીરા જ છે ત્યાં. ઓલા લોટિયા વોરાને મરે તો દાટે, હજીરામાં દાટે. જામનગરમાં જોયું છે? ભગવાનજીભાઈ! નદીને કાંઠે. હજીરા મોટા હોય એમાં દાટે એને. એમ આ મોટા પાંચ-દસ લાખના હજીરા મોટા હોય. એમાં પડ્યો રહે, ઇયળની જેમ પડ્યો છે. ભાન નથી કે હું કોણ છું? સમજાણું કાંઈ? આહા..હા..! ૪૦ લાખનો બંગલો.

મુમુક્ષુ :- ૪૦ લાખનો..

ઉત્તર :- જુઓને એ ખાલી પડ્યું મોટું રહે છે ત્યાં. આ ત્રણ કરોડનો બંગલો નથી ક્યાંક મૈસુરમાં. ત્રણ કરોડનો. જોવા ગયા હતા. ખાલીખમ. દરબાર કોક ખાલી ગયો હતો. ત્રણ કરોડનો. અત્યારે ખાલીખમ છે. ધૂળેય નથી સાંભળને. એ તો માટીના ઢગલા છે. એ તારા સ્વરૂપે છે? ભગવાનજીભાઈ! જેમ ઓલા દોઢ લાખ રૂપિયા જોતા હતા ભાડાના તો ઓછું કરીને દઈ દીધું. એ તમારું હતું? આ ભારે ભ્રમ ભાઈ! અનાદિથી અજ્ઞાનીને આવો મોહ.. હું પરનો છું અને પર મારા છે. એ મહામિથ્યાત્વ અજ્ઞાન છે. એને વીતરાગ માર્ગની ખબર નથી. આહા..હા..!

કહે છે '**હું આ પરદ્રવ્ય નથી,...**' આ પરદ્રવ્યમાં આ બધું લેવું. પુણ્ય-પાપના ભાવ, એનું કર્મ, એનું ફળ સંયોગ એ બધા પરદ્રવ્ય છે. '**અને આ પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી,-—**' રાગ અને પુણ્યના ભાવ એ આત્મસ્વરૂપ છે? શરીર એ આત્મસ્વરૂપે છે આ? આ

તો માટી છે, અજીવ છે. પૈસા એ આત્માસ્વરૂપે છે? પૈસા તો જડરૂપે રહ્યા છે. લક્ષ્મી તો અજીવ તરીકે રહી છે. એ આત્માના સ્વરૂપે અજીવ છે? આહા..હા..! ભારે ભાઈ આ. ભીખાભાઈ! હવે ૩૦ રૂપિયાના પગારમાંથી લાખો રૂપિયા થઈ જાય, બંગલા થાય અને હીરાભાઈ જેવો છોકરો પછી હશે એના નહિ. ધૂળનાય નથી કહે. એના નથી ધૂળના નથી એટલે? એના મારા માનવાથી મિથ્યાત્વનું ઝેર ચડે છે, મોહ ચડે છે. આહા..હા..!

કહો, '**પરદ્રવ્ય મુજસ્વરૂપ નથી,—**' છેને? એ પૈસો, લક્ષ્મી, સ્ત્રીનો આત્મા, છોકરાના આત્મા, એના શરીરો, એના હજીરા, બંગલા એ મારા સ્વરૂપે નથી. હું તો જ્ઞાનસ્વરૂપ છું. હું તો જાણનાર ચૈતન્યમૂર્તિ આત્મા છું અને આ તો જડસ્વરૂપે છે. અંદર પુણ્ય-પાપના ભાવ એ પણ મારા સ્વરૂપે નથી. આહા..હા..! મૂળચંદભાઈ! ભારે ભાઈ! '**હું તો હું જ છું,...**' આવી વાત. ઓલી નાસ્તિથી વાત કરી હતી. હું ચૈતન્ય જ્યોત છું. જ્ઞાનનો સૂર્ય છું. હું જગતને અને મને જાણનારા સ્વભાવવાળો છું. એમ જે માને તેને યથાર્થ જ્ઞાની અને વાસ્તવિક તત્ત્વનો જાણનાર કહેવામાં આવે છે. બાકી તો મૂર્ખ કહેવામાં આવે છે. આહા..હા..! 'મૂર્ખ માથે શિંગડા નહિ નિશાની હોય.' મૂર્ખને શિંગડા હશે માથે? એમ આ ભગવાન કહે છે કે એને અજ્ઞાનીને માથે કાંઈ શિંગડા ન હોય.

મુમુક્ષુ :- નિશાની હોય.

ઉત્તર :- નિશાની હોય આ અજ્ઞાનની. આ મારા અને હું એનો. આ એનું લક્ષણ છે અજ્ઞાનીનું. આહા..હા..! મૂઢ છે. ચાર ગતિમાં રખડવાની ઈયળ છે એ. આહા..હા..! એમાં કાંઈ થાય થોડું ઘણું અને એમાં શરીર ઠીક હોય, બાયડી-છોકરા કાંઈક ઠીક હોય, એમાં બે-પાંચ લાખની પેદાશ મહિને હોય, થઈ રહ્યું. 'હું પહોળો અને શેરી સાંકડી.' હું પહોળો થઈ ગયો. ક્યાંય નથી થયો સાંભળને. તું તારામાં છો. એ સ્વરૂપે તું નથી અને એ સ્વરૂપ તારું નથી. આહા..હા..! તારા સ્વરૂપે એ નથી. આહા..હા..!

'**હું તો હું જ છું,...**' ધર્મી જીવ સુખને પંથે જનાર એમ જાણે છે કે હું આત્મા ચૈતન્ય જ્યોત છું. આ રજકણ અને રાગથી ભિન્ન છું. સમજાણું કાંઈ? આહા..હા..! '**પરદ્રવ્ય છે તે પરદ્રવ્ય જ છે;...**' રાગ તે રાગરૂપ જ છે. શરીર તે શરીરરૂપે છે. મારારૂપે નથી, મારા સ્વરૂપે એ નથી, એના સ્વરૂપે હું નથી. આહા..હા..! જીવ-અજીવ અધિકાર છે. આહા..હા..! અહીં તો એક જરી છોકરા સારા ચાર-પાંચ થાય અને એક મરી જાય તો હાય-હાય રે. મારું બગડ્યું. આહા..હા..! મારું આ થયું. પણ તું ક્યાં છો તે બગડે સાંભળને. એ મારા માન્યા હતા એ જ તારો મોટો બગાડ મોહનો છે, મહાપાપ છે. આહા..હા..! એ સામાન્ય વાત કરી.

હવે વર્તમાન. સામાન્ય વાત કરી પહેલી. હવે વર્તમાન. '**મારું આ પરદ્રવ્ય નથી,...**'

મારું આ રાગ, પુણ્ય, શરીર, કર્મ એ મારું નહિ એમ ધર્મી જાણે અને માને છે. આહા..હા..! શેઠ! છે એમાં? એ બીડીયુંના ખોખા હલે અને ૪૦-૪૦ મોટરું ચાલે, દેવા જાય ફલાણું ઢીંકણું એ હું નથી એમ કહે છે. શરીર તો ઠીક પણ રાગ રહ્યો નહિ. એ નહિ. રાગ પણ નહિ આત્મા, આત્મા રાગ હોય? રાગ તો વિકાર છે, અચેતન જડ છે. આહા..હા..! ભારે કામ ભાઈ! અરે! એને વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઇન્દ્રોની હાજરીમાં અને ગણધરોની હાજરીમાં આમ કહેતા હતા. એ વાત અહીંયાં આવી છે. સમજાણું કાંઈ? ભાઈ! તું તારામાં છોને. તું તારા સ્વરૂપે છો, તું રાગ અને શરીર ને કર્મરૂપે નહિ હોં. અને એ કાંઈ તારા સ્વરૂપે નહિ. તું તે સ્વરૂપે નહિ અને તે તારા સ્વરૂપે નહિ. આહા..હા..! ભારે કામ ભાઈ!

**'મારો જ હું છું,...'** મારો જ હું છું. વળી મારો જ હું છું ભેદ પાડ્યો. એનો અર્થ કે હું મારો છું. હું જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય સૂર્ય એ મારો જ એ હું છું. **'પરદ્રવ્યનું પરદ્રવ્ય છે;...'** રાગનો રાગ છે, શરીરનું શરીર છે, વાણીનું વાણી છે, બાયડીની બાયડી છે, એની એની છે, તારી છે નહિ. આહા..હા..! મારી બાયડી અને હવે અર્ધાંગના. એમ કહે. અર્ધાંગના. અડધું અંગ મારું અને અડધું અંગ એનું. મૂર્ખના કાંઈ ગામ જુદા હોય? સમજાણું કાંઈ? એય..! શેઠ! અહીં તો એ છે. અર્ધાંગના. એ અમારી અર્ધાંગના છે. ક્યાંથી લાવ્યો અર્ધાંગના. એ મરી જાશે તો તું મરી જઈશ સાથે? અડધું કોણ મરે? અડધું મરે અને અડધું જીવે એમ થાતું હશે? આહા..હા..! મૂર્ખા તે પણ કાંઈ. આ બધા મૂર્ખા ભેગા થયા છે એમ કહે છે. એને રખડવાના રસ્તે પડ્યા છે કહે છે. ભગવાનજીભાઈ! ભારે ભાઈ! આવું સાંભળવું મુશ્કેલ પડે. એય..! આહા..હા..! ..ભાઈ ક્યાં સાંભળવા રોકાય છે વધારે જુઓ.

મુમુક્ષુ :- એ વતી એના પિતાજી છેને.

ઉત્તર :- એના વતી તો એને શું છે? એને હૂંફ બે-ત્રણ કરોડ રૂપિયા. હૂંફ થઈ જાય એને. અને વળી ત્યાં સુધી બોલે કે બાપા તમને એ લક્ષ્મી રસ ચડ્યો નથી. હા તમને ખબર નથી અમને પૈસા થયા. એની પાસે શું ૩૫-૪૦ હજાર હતા એના બાપ પાસે હોં! એના પછી આ બધા થયા. ૩૫-૪૦ હજાર માંડ હશે. ખબર છે અમને ૫૦-૬૦ વર્ષ પહેલાંની. ૩૫ હજાર કહેવાતા. ઓછા હોય પણ કહેવાતા એટલું. છોટાભાઈ પાસે. બીજા બધા ભાઈ છોકરાઓ થયા તો હળવે હળવે લાખ થયા અને એના છોકરા પાસે કરોડ કહેવાય લ્યો. પાંચ કરોડ આ મલૂપચંદભાઈના દીકરા. એક પાસે ત્રણ અને બીજા પાસે બે.

મુમુક્ષુ :- આપે બધાને ચોકડી મારી છે.

ઉત્તર :- ચોકડી છે. આ નહિ કામ આવે હમણા નહોતું થયું આમાં? સિમેન્ટમાં કોકે ચોકડી મારી હતીને. કોક વાત કરતું હતું. રામજીભાઈ પાસે ગયા બધા. કે .. કોણે મારી?

હું વયો જાવ છું. સિમેન્ટનું હોય છેને. કાંઈક પલળેલું હશે. હશે તો નાખી હશે. ચોકડી એ આ કામની નહિ એમ. કહે કોન્ટ્રાક્ટર આ કહે છે કે આ તારા કામના નહિ ધૂળબૂળ. મૂક ચોકડી. શેઠ! આહા..હા..! છે?

**'મારો જ હું છું, પરદ્રવ્યનું પરદ્રવ્ય છે;...'** વર્તમાનની વાત કરી આ. પહેલી સામાન્યની વાત કરી, પછી વર્તમાન કરી અને પછી આ ભૂતની વાત કરી ગયા કાળની. **'આ પરદ્રવ્ય મારું પહેલાં હતું નહિ,...'** છે? એ લક્ષ્મી, શરીર પહેલાં મારે નહોતું, મારું નહોતું. એનું હતું? શરીર ક્યાં એનું હતું? આ તો નવું આવ્યું છે. આહા..હા..! **'આ પરદ્રવ્ય મારું પહેલાં હતું નહિ,...'** એ લક્ષ્મી મારે પહેલી હતી નહિ, મારી હતી નહિ. એ જડની હતી. આહા..હા..! શરીર જડનું હતું, એ રાગ પહેલો અચેતન રાગનો અચેતન હતું. એ મારો રાગ હતો નહિ. આહા..હા..! હીરાભાઈ! અહીં સુધી પહોંચવું પડશે. નહિતર ત્યાં પોપાબાઈનું રાજ નથી ત્યાં મળી જાય ઝટ દઈને. આહા..હા..! બે-પાંચ-દસ લાખની પેદાશ હોય અને બે-પાંચ કરોડ રૂપિયા હોય જોઈ લ્યો તમારે. એક તો વાંદરો હોય એમાં એને ભૂત વળગે, એમાં એને દારૂ પીધો હોય અને એમાં વીંછી કરડ્યો હોય, જોઈ લ્યો પછી એને. આહા..હા..! એમ એક તો જાણે પૈસાના અભિમાનીઓ. એય..! શેઠ!

મુમુક્ષુ :- પૈસાના અભિમાની નથી, પૈસાના માલિક છે.

ઉત્તર :- માલિક એક તો જાણે પૈસાના માલિક માથે દારૂ પીધો. સમજાણું કાંઈ? એમાં વળી કાંઈક છોકરા સારા પાકે, એમાં વળી બાયડી ઠીક આબરૂદાર હોય અને એમાં વળી કન્યા મળે બે-પાંચ કરોડવાળાની એની છોકરાની. જોઈ લ્યો એ તો તમારે. ભૂત વળગ્યું, વીંછી કરડ્યો, દારૂ પીધો અને એક તો ચપળ વાંદરો જાતે હોય. કહ્યું છે પરમાત્મપ્રકાશમાં હોં! કે ભગવાન કહે છે પોતે મુનિ. કે જે પુણ્યને લઈને આ વૈભવ મળે. પુણ્ય બળી જાય ત્યારે આ દેખાય પાંચ-પચાસ લાખ. અને એ પૈસા વર્તમાન પંચમ આરાના વૈભવ. વૈભવથી મદ ચડે. અમે પૈસાવાળા છીએ, અમે આવા છીએ. ઘોડે ચડેલો માણસ દોડતો હોયને. દોડે ત્યારે એમ કહે આહા..હા..! નીચે ચાલતા હોય એને ગણે જ નહિ કાંઈ. આહા..હા..!

ઓલું એક સાંભળ્યું હતુંને નહિ એક ઓલા? જયંતિભાઈ છે? ત્યાં સંભળાય છે કે નહિ? ઓલામાં નહોતું એક ઓલું પેટ્રોલ, તેલવાળો રાજા નહિ? એક કલાકની દોઢ લાખની ઉપજ. એક કલાકની દોઢ લાખની ઉપજ. કોણ કોક રાજા હતોને. આરબના. છેને છાપામાં આવ્યું હતું. એક કલાકની દોઢ લાખની ઉપજ. પછી એના છોકરા નીકળે બજારમાં. લાખો રૂપિયાની મોટરું. લાખો. એક કલાકના દોઢ લાખ ચોવીસ કલાકના કેટલા થયા? એક મહિનાના કેટલા થયા પૈસા? છોકરા નીકળે છાપામાં આવ્યું હતું. લાખો રૂપિયાની મોટરું. એ ઉંહકારો ન કરે ઓલું શું કહેવાય? વગાડે નહિ, ભૂંગળું ન વગાડે. જે છોકરા બધા વચમાં આવે

એ કચરાઈ જાવ. રાજાના દીકરાઓ છે. આહા..હા..! ફાટી ગયેલા પ્યાલા. એ એના બાપને ઉતારી મૂક્યો એના કોકે. થઈ રહ્યું નીચે. હમણાં જ ઉતાર્યો. પહેલાં હતો એને ઉતાર્યો. એવું છાપામાં આવ્યું હતું હોં. મોટરું તો આવે છેને આ બબ્બે લાખ-લાખની મોટરું આવે છેને. શું કહેવાય તમારે? મોટી તમારી છેને એય..! ઈમ્ફાલ. બીજી મોટી મોટરું આવે. બબ્બે લાખ, પાંચ-પાંચ લાખ આ તો ધૂળમાં સમજવું આવે. એમાં બેઠો હોય આમ જાણે ઓલો. .. નીકળ્યો. એ પોતે હાંકતો હોય અને હાથમાં ઘડિયાળ મોટી આવડી સોનાની. હીરા ટાંગેલી હોય. આ મોટર આવી. આહા..હા..! આ જડ તારા માન્યા શું કર્યું તે આ? મૂર્ખાઈ સેવી છે. ભવને હારી જવાના રસ્તા છે. આહા..હા..! અરે! તને ખબર નથી કે હું તે હું છું. અનાદિનો એકલો છે. મારી સાથે બેકલાપણું રાગાદિ એ પણ મારું નથી અને મારા સ્વરૂપે એ રાગ નથી એમ કહે છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ રાગ છે, એ પણ મારા સ્વરૂપે નથી. આહા..હા..! અને રાગ મારા સ્વરૂપે નથી, હું એના સ્વરૂપે નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ધર્મીને તો એમ જ દેખાતું હોય છે.

ઉત્તર :- ધર્મીને એમ હોય, અજ્ઞાનીને મૂર્ખાઈ દેખાય ન કીધું પહેલું? આહા..હા..! કહો, હિંમતભાઈ! લાટીના વેપારી છે મોટા. જાણો છોને? આ .. ત્રણ ગામમાં લાટીનો મોટો ધંધો એનો એકલાનો. મોટો. મોટી પેદાશ.

મુમુક્ષુ :- મમતા.

ઉત્તર :- મમતા. આહા..હા..! ધૂળમાંય નથી કાંઈ. આહા..હા..! ભગવાન! જ્યાં તું છો ત્યાં તે નથી અને તે છે તે તારા સ્વરૂપે નથી. આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે! કહો. એને ભેદજ્ઞાનની વાત કરે છે પ્રભુ આ તને. એ પર મારા અને હું એનો એ અભેદ મિથ્યાદૃષ્ટિના લક્ષણ છે. એ મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં રઝળવાને માટે દોડે છે. આહા..હા..! દોડીને કૂવામાં પડે છે. ચોર્યાસીના કૂવામાં જે એની ચીજ નથી એને માની, જેને માની એનો સંયોગ એને કેમ છૂટે? ચોર્યાસીના અવતાર. અહીં મોટા પૈસાવાળા ગણાતા હોય કરોડ, બે કરોડ, પાંચ-દસ કરોડ, મરીને ઢોર થાય. વાંદરો થાય, કૂતરો થાય, કાગડો થાય. શું છે ત્યાં શું પણ? સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- વાંદરામાં પણ પટેલ થાયને પણ.

ઉત્તર :- વાંદરામાં પટેલ થાય તો શું થયું? અમારે શિવલાલભાઈ કહેતા ત્યાં. લગન થાયને એ બાજુ નહિ? લાતુર નહિ? લાતુર છેને દક્ષિણ બાજુ. તમારા ભાઈના દીકરા હતાને. શિવલાલભાઈ કહેતા. એ ત્યાં રહેતા લાતુર. આ હેમચંદના ભાઈ નહિ અમારે હેમચંદ નહિ મુંબઈ. અહીં બેસતા. ભૂપેન્દ્ર જૈન નથી ખેતવાડી અમારે? એના ભાઈ. દિવસની પાંચ હજારની

પેદાશ છે આ મુંબઈ. ભૂપેન્દ્ર જૈન અમારે નહિ છોકરાઓ છેને ભાઈના. દિવસની પાંચ હજારની પેદાશ. રખડવા મરવાની. આહા..હા..! એ શિવલાલભાઈ કહેતા કે લગન હોય ત્યારે વાંદરાનું ટોળું આવે. પછી આ ટૂકડી આવે ૨૫-૫૦ની. મંડપ કર્યો હોયને મંડપ? લગન. પછી જો એને કાંઈક આપે લાડવા. મોટાને પાઘડી બંધાવે. એક વાંદરો મોટો હોયને એ પાઘડી બંધાવે અને બીજાને થોડાને લાડવા આપે એક-એક બબ્બે બધા. વયા જાય. જો ન આપે તો માંડવો તોડી નાખે. એમ આ મોટા શેઠિયા હોયને વાંદરો મોટો એને સરખું માન ન આપે તો તોડી નાખે એની વાત. એય..! શેઠ! એ કહેતા હતા અમારે શિવલાલભાઈ હોં. વાંદરા આવે ૨૫-૫૦ એક સાથે. મંડપ નાખ્યો હોય. આવીને પછી એક મોટો વાંદરો હોય એને પાઘડી બંધાવી પડે થોડી. અને બીજા વાંદરાઓને થોડું લાડવા, ગાંઠીયા આપે તો વયા જાય. જો ન આપે તો માંડવે માંડવો પીંખી નાખે. પણ એ રિવાજ એ લોકોને. પાંચ શેર, દસ શેર લાડવા આપે. એમ અહીં શું? મોટપ પ્રમાણે જો આદર ન આપે. હું સભામાં ગયો પણ આદર ન આપ્યો. ખુરશી મારી પહેલી જોઈએ. હું બે-પાંચ કરોડનો આસામી છું. જાવ તમારું કામ નહિ થાય હવે. અમે ભાગ નહિ લઈએ, અમારું કુટુંબ ભાગ નહિ લે. લ્યો ઠીક! આ વાંદરા મોટા. આહા..હા..! અરેરે! તે શું કર્યું બાપા! તને ખબર નથી તારી હોં. હું શું કરું છું અને કેવા ભાવમાં રખડવાના ભાવને સેવું છું ખબર નથી એને. આહા..હા..! પટેલ થયા મોટા. આ પણ પટેલ છેને મોટા. ભગવાનદાસ નહિ? જ્યાં ત્યાં બોલાવે. પૈસાવાળા માણસ. ૪૦-૪૦ મોટર ઘરે છે એની. ત્યાં મોટા ગૃહસ્થ, મોટા પૈસા જ્યાં બોલાવે તો બે-પાંચ હજાર આપી દેશે. એ પણ જ્યાં ત્યાં જાય માથું ફોડવા. કહો, સમજાણું કાંઈ? વાત સાચી છે કે નહિ? અન્યમતિ બોલાવે તો જાવું પડે શેઠને શું કરે ત્યાં. બાવો હોય તો ત્યાં. આહા..હા..! મારી નાખે લાંબુ નાક. કહે છે કે તારું કોઈ નથી, બાપા! તને ખબર નથી ભાઈ! આહા..હા..! એ આબરૂ ને કીર્તિ જડના ભાષા છે. એ જડમાં મારું નહિ અને મારામાં એ નહિ. આહા..હા..! ધર્મી તો એને કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો!

'**આ પરદ્રવ્ય મારું પહેલાં હતું નહિ,...**' ઠીક. ભૂતકાળ આવ્યો. એ કર્મ, શરીર, રાગ મારું પહેલા નહિ હતું. આ પરદ્રવ્યનો હું પહેલા હતો નહિ. આહા..હા..! ગયા કાળમાં બાયડી, છોકરા, આબરૂ, કીર્તિ, પૈસા એ મારા નહોતા, હું એનો નહોતો, એ મારા સ્વરૂપે નથી. આહા..હા..! અજ્ઞાનીને ભાન નથી અને બહારની મૂર્ખાઈ સેવે અને મોટા હૂંફ કરે હૂંફ. સમજાણું કાંઈ? અને સોનાની લાકડી હાથમાં હોયને લાકડી. સોનાનો હાથો હોય ઓલો. આમ કરીને ચાલે. એય..! શેઠ!

મુમુક્ષુ :- આપણે..

ઉત્તર :- બીજા ઘણાય એવા છેને. બધા મોટા મોટા શેઠિયા તો ઘણા જોયા છેને.

આપણે આ લ્યોને ભાઈ તમારે ચંદ્રકાંત .. પિતાજી અહીંયાં આવતા લ્યો. પાંચની સાલમાં. જરીના કપડા, જરીની છત્રી. બહેન! તમારા પિતાજી આવ્યા હતાને? પાંચની સાલ. ૨૦ કરોડ રૂપિયા. કહેવાતા તે દિ' હોં! હોય ખરા, પણ લોકો બહાર કહે છે ચાર કરોડની ઉપજ. પાંચની સાલમાં આવ્યા હતા અહીંયાં. ઈંદોર-ઈંદોર. એમના પિતાજી. પછી જોડા પણ જરીના, કપડા જરીના, છત્રી જરીની, ટોપી જરીની. હાર. ૧૭ લાખનો હાર. ડોકમાં ૧૭ લાખનો હાર નાખ્યો હતો. છેને આમાં ફોટામાં છે. આમાં છે. એણે પૂછયું હતું અમારે હતાને ભાઈ, નાનાલાલભાઈ હતાને. નાનાલાલભાઈ કરોડપતિ હતા. એને પૂછયું કીધું આ હાર કેટલાનો? કે અત્યારે ૩૦ લાખ એના મળે. ૩૦ લાખનો હાર તો ગળામાં નાખ્યો હતો એટલો. એય..! બહેન! એમના પિતાજીની વાત કરીએ છીએ. ઓલા હારના ગચ્છા આવડા પથરા મોટા હતા. છે એમાં દેખાય છે. લીલા પથરા. બે હાર. પન્ના હશે. જે હોય એ. બે હાર હતા. આહા..હા..! મડદાને શણગારે છેને પણ. ચૈતન્ય અમૃતનો સાગર ભગવાન એને આવા પરની શોભાએ શોભા. ભાઈ! તું ભૂલી ગયો છો હોં. તને તું ભૂલી ગયો છો. તારામાં તો અમૃત સાગર ભર્યો છે, ભાઈ! આહા..હા..! અતીન્દ્રિય આનંદના છલોછલથી ભરેલો દરિયો હોય તો તું છો. આહા..હા..! એ તારું સ્વરૂપ છે. આ સ્વરૂપ મારું પહેલા હતું નહિ અને આનો હું પહેલા હતો નહિ. નથીમાં કર્યું પહેલું. હવે અસ્તિ.

'**મારો હું જ પહેલાં હતો,...**' એ અનાદિનો હું તો જ્ઞાનસ્વરૂપે હતો એમ ધર્મી માને છે. આહા..હા..! '**પરદ્રવ્યનું પરદ્રવ્ય પહેલાં...**' સમજ્યાને? '**પરદ્રવ્યનું પરદ્રવ્ય પહેલા હતું;...**' આહા..હા..! બાયડી, છોકરા, કુટુંબ, પૈસો, આબરૂ એ તો એના હતા ભૂતકાળમાં. એ કાંઈ મારા હતા નહિ. મારા હોય તો જુદાં રહે શી રીતે? જુદાં હોય એ મારા કેવા? આ મિથ્યાત્વ અને મિથ્યાત્વનું ઝેર ઉતારવાનો આ ઉપાય બતાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું ભગવાન કહેતા હશે? ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઈન્દ્રો મોટા લોકના સ્વામી, અર્ધલોકના સ્વામી, એ ૩૨ લાખ વિમાન અને ૨૮ લાખ. એક-એક વિમાનમાં અસંખ્ય દેવ આમ હાજર ઈન્દ્રો. એની સભામાં ભગવાન આમ કહેતા હતા. અરે આત્મા! તારા સ્વરૂપે એ નહિ અને એના સ્વરૂપે તું નહિ, તારા સ્વરૂપે તું અને એના સ્વરૂપે એ. પહેલી નાસ્તિ અને હવે અસ્તિ. આહા..હા..!

'**આ પરદ્રવ્ય મારું ભવિષ્યમાં થશે નહિ,...**' આહા..હા..! પણ છોકરા-બોકરા વૃદ્ધાવસ્થા આવે તો પાળે. એક હતો સાસરો. એ છોકરાને વહેંચી દીધું. છોકરાએ વહેંચી દીધું. સાસરા પાસે રહ્યું નહિ. હવે કરવું શું? કોઈ સેવા કરશે નહિ. પછી એક ટંકમાં પથરા ભર્યા સારા. તાળું દઈને કૂંચી રાખી. કોકને બોલાવે બાયને ઘરની છોકરાની વહુ કે એને. વહુ ઓલો ટંક આઘો મૂકજો ઓલીકોર જરી નીચે. ઓલી ઉપાડે કાંઈક માલ લાગે છે આમાં. એની સેવા

કરશું તો મરશે તો આપણને મળશે.

મુમુક્ષુ :- બાપા હુશિયાર લાગે છે.

ઉત્તર :- પાછું એમ બતાવે એમ નહિ એને. ઓલું જરી આઘું મૂકજો એમ એટલું કહે.

મુમુક્ષુ :- એ તો એમ જ કહે. બતાવે તો .. દેખાય.

ઉત્તર :- ના. ના. આઘું મૂકજો એટલે એમ ને એમ ઢાંક્યું પથરા ભર્યા હોય. ઓલીકોર આઘો ટંક મૂકજો. જરી ઓલી જગ્યા રોકે છેને. ઓલી કહે ઓહો..હો..! વહુ કહે બાપા પાસે મૂડી ઘણી લાગે છે કહે. ખાલીખમ હોં! આહા..હા..! સેવા કરી બે-પાંચ વર્ષ જ્યાં મરી ગયા અને ઉઘાડ્યું ત્યાં પથરા નીકળ્યા. આવા ને આવા જગતના સ્વાર્થી જીવો. મારી નાખે છે જગતને. ઠગાણો છે બધા આજીવિકા. ધૂતારાની ટોળીઓ ભેગી થઈ છે બધી. શું હશે આ? મૂળચંદભાઈ! નિયમસારમાં એમ લખ્યું છે. આ બાયડી, છોકરા, ભાયું, વહુઓ છોકરાઓની એ ધૂતારાની ટોળીઓ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા પણ .. વાત સાચી. પૈસા રળી રળીને ઓલાને ભણાવ્યો છોકરાને. હવે એ પરણીને ત્યાં રહ્યો. મહિનાનો આઠ હજારનો પગાર છે. લ્યો! આઠ હજારનો પગાર. રોટલા અહીં ઘડી ખાય, કોક બાયું કોકની. પૈસા ખર્ચ્યા, મકાન વેચ્યું. પછી કોકે ન લીધું પછી ઘરમાં ને ઘરમાં રાખ્યું. આહા..હા..! એવું સાંભળ્યું છે. આપણે ક્યાં જોવા ગયા છીએ. કોક વાતું કરે. આહા..હા..! અરે પ્રભુ! તું તો ચૈતન્ય મૂર્તિ છો, ભાઈ! એ અમૃતના સાગરે ભરેલો પ્રભુ તું છો. આહા..હા..! તારામાં રાગ ને પુણ્ય ને શરીરાદિ નથી. એવો અનુભવ નિર્ણય કર. એ વિના તારા સંસારમાંથી ઉગરવાના આરા નથી. એ બધા નીચે જવાના. ભગવાનજીભાઈ! અહીં તો માખણ-માખણ નથી કાંઈ. આહા..હા..!

ત્રણ છોકરા રળાવ જાગે, બે થાય સાધારણ. એમાં આંતરો તો પડે કે નહિ? આહા..હા..! કોના છોકરા બાપા ભાઈ! તને ખબર નથી હોં. તું એકલડો આવ્યો અને એકલડો જાય છે ભાઈ! આહા..હા..! તારા સ્વરૂપની તને નિર્ણયની ખબર નથી. તારા સ્વરૂપમાં શું છે અને શું નથી? અસ્તિ-નાસ્તિ કરી. ભગવાન! તારા સ્વરૂપમાં તો આનંદ અને જ્ઞાન છે, પ્રભુ! તારા સ્વરૂપમાં પુણ્ય-પાપના ભાવ અને શરીર અને બાયડી છોકરા નથી. ત્રણકાળે નથી. વર્તમાન નહિ, ભૂત નહિ, ભવિષ્ય પણ નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! એમાં જરી કાંઈક સરખાય થાય તો થઈ રહ્યું લ્યો! આહા..હા..! મરી ગયો આમ ને આમ તું. એય..! હિંમતભાઈ! આ સમ્યગ્જ્ઞાનીને આવું માન્યતા હોય કે મારું અને રાગમાં ક્યાંય મેળ છે નહિ. શરીરની ક્રિયા શરીરથી થાય, મારા સ્વરૂપે નહિ એ મારા સ્વરૂપથી કેમ થાય? અને જે મારા સ્વરૂપે નથી તેનાથી મને લાભ થાય એમ કેમ બને? પૈસાથી, શરીરથી અને આબરૂથી મને લાભ

થાય. મૂર્ખાઈ છે. એય..! ઝવેરચંદભાઈ! આવું કલકત્તામાં કોણ સંભળાવે ત્યાં? બધા માખણ ચોપડે પૈસાવાળાને. આમ ભગવાન એમ કહે છે. જીવ અને અજીવની ભિન્નતા. અધિકાર શું છે? જીવ-અજીવ અધિકાર. પુણ્ય-પાપના ભાવ પણ ખરેખર અજીવ છે એમ કહે છે અહીં. કે આ વ્રતના ભાવ, દયા, દાનના, પૂજા, ભક્તિના ભાવ એ ખરેખર અજીવ છે. એ અજીવસ્વરૂપે છે. પરદ્રવ્યરૂપે છે, તારારૂપે નહિ. આહા..હા..! 'ભેદજ્ઞાન ભેદજ્ઞાન સાબુભયો સમરસ નિર્મળ નીર, ધોબી અંતર આત્મા ધોવે નિજગુણ ચીર.' કહો, સમજાણું? આહા..હા..! મારા સ્વરૂપમાં જે સ્વરૂપે હું છું એ સ્વરૂપમાં તો જ્ઞાન અને આનંદ અને શાંતિ છે. અને જે સ્વરૂપે હું નથી એ રાગ અને શરીર એ તો બધી અશાંતિ અને જડ અને અજીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આ પરદ્રવ્ય મારું ભવિષ્યમાં થશે નહિ,...'** ભાઈ ઓટલો હોય તો રોટલો ન હોય તો પડ્યા રહેવાય. એમ માણસ વાતું કરે. નથી કરતા? શું કીધું? એમ કે ઓટલો હોય તો શું ઘરનું મકાન હોય તો નાગા ભૂખ્યા પણ પડ્યા રહેવાય. સમજ્યાને? ધૂળેય નથી ઓટલો હવે સાંભળને મારા. ઓટલા તો જડના છે. તારા ક્યાંથી આવી ગયા એ? એય..! ભીખાભાઈ! આ મકાન-બકાન કરાવી લીધા છેને? કોના કરાવે? કોણ કરે? આ ભ્રમણાનો પાર ન મળે. આ મિથ્યાત્વનું પાપ છે આ મોટું. આ એ બતાવે છે. સમજાણું કાંઈ? **'હું મારો જ ભવિષ્યમાં થઈશ,...'** લ્યો! એનો ભવિષ્યમાં થઈશ નહિ કોઈ દિ'. એ રાગનો કે શરીરનો કે કર્મનો કે બાયડી-છોકરા-દેશનો કોઈ દિ' ભવિષ્યમાં થઈશ નહિ. આહા..હા..! **'હું મારો જ ભવિષ્યમાં થઈશ,...'** આહા..હા..! **'આ (પરદ્રવ્ય)નું આ (પરદ્રવ્ય) ભવિષ્યમાં થશે.'** ભવિષ્યમાં રાગનો રાગ રહેશે, શરીરનું શરીર રહેશે. મારારૂપે નહિ થાય અને હું એરૂપે નહિ થાવ. આવા ધર્મીના અભિપ્રાયમાં ભિન્નતા વર્તતી હોય છે. ભગવાનજીભાઈ! આવું સ્વરૂપ છે, ભારે કામ આકરું. આહા..હા..!

**'આવો જે સ્વદ્રવ્યમાં જ સત્યાર્થ આત્મવિકલ્પ થાય છે...'** આવો જ જે સ્વવસ્તુ, સ્વદ્રવ્ય ચૈતન્યમૂર્તિ ભગવાન અસ્તિ સત્તા, શુદ્ધ આનંદકંદ ભગવાન. એમાં સત્યાર્થ સાચો વિકલ્પ થાય છે કે સાચું જ્ઞાન. **'તે જ પ્રતિબુદ્ધનું લક્ષણ છે,...'** તે ધર્મીનું અને જ્ઞાનીનું લક્ષણ છે. ધર્મીનું એ લક્ષણ નથી કે દયા, દાન અને વ્રત પાળતો હોય તે ધર્મી છે. સમજાણું કાંઈ? આહા..હા..! કે આ શાસ્ત્ર પાના ફેરવતો હોય અને વાંચતો હોય માટે ધર્મી છે. નહિ. આહા..હા..! ભગવાન! ભગવાનનો પોકાર છે. કે આવો સ્વદ્રવ્ય, સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી આત્મા એ સ્વદ્રવ્યમાં સાચો વિકલ્પ છે એ તે હું છું એવો નિર્ણય છે તે જ જ્ઞાનીનું લક્ષણ છે. **'તેનાથી તે ઓળખાય છે.'** લ્યો! સમજાણું કાંઈ? પહેલાં અપ્રતિબુદ્ધ ઓળખાય છે એમ હતું. અજ્ઞાની ઓળખાય છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! દૃષ્ટિ ફેરે અજ્ઞાની અને

દૃષ્ટિ ફેરે જ્ઞાની. સમજાણું કાંઈ? આમ બોલે જીવને અજીવ માને તો મિથ્યાત્વ. પડિક્કમણા. પચ્ચીસ પ્રકારના મિથ્યાત્વમાં. એય..! કપુરભાઈ! મિથ્યાત્વ આવે છે પડિક્કમણામાં. અજીવને જીવ માને તો મિથ્યાત્વ, કુગુરુને ગુરુ માને તો મિથ્યાત્વ. ગુરુને કુગુરુ માને બોલે ખરા ગડિયા. અર્થની ખબર ન મળે. એય..! ઝવેરચંદભાઈ! એ ગડિયા બોલે મોઢા આગળ શેઠિયા કહેવાય ત્યાંના. કલકત્તાના શેઠિયા મોટા. જાવ મોઢા આગળ. એમાં મોટા ભાઈ સૌથી. આહા..હા..! અરેરે! છેતરાણો છોને ભાઈ તું હોં. પરને પોતાનું માની અને પોતાનું પોતાને ભૂલી છેતરાણો છો અને માને છે કે હું ફાઈમાં છું. ફાઈ સમજો છો? જીત. ફાયદામાં છું. છે હારમાં અને માને ફાઈમાં. હવે કરવું શું? એય..! છે હારમાં. ફાઈમાં માને છે. અમારી ફાઈ ભાષા કાઠિયાવાડી છેને. ફાવી ગયા. ફાવ્યાને. આહા..હા..! શું છે પણ? તારા ચીજમાં શું ફાવ્યો? આહા..હા..! ભાઈ! એ પરને પોતાનું માનવું અને પોતાને પરસ્વરૂપી માનવું એ તો હારી જવાના રસ્તા છે ભાઈ! ભવભ્રમણના અને ભવને હારી જવાના રસ્તા છે. આહા..હા..!

જીવ-અજીવ અધિકારની વ્યાખ્યામાં આટલી વ્યાખ્યા કરી. સચેત્ત, અચિત્ત, મિશ્ર. એવો અર્થ કર્યો છેને પ્રવચનસારમાં. પરમાર્થવચનિકામાં કર્યો છે. સચેત્ત રાગ,.. અહીં સુધી આવ્યું. છેને વાત. ભેદબેદ એ બધું અચેત છે. આહા..હા..! ભગવાન આત્મા પરિપૂર્ણ શુદ્ધ જ્ઞાનાનંદથી ભરેલો એ જ હું છું. અને આ બીજા બધા છે તે મારા સ્વરૂપે નથી, માટે હું એનાથી ભિન્ન છું. એવું અંતરમાં જ્ઞાન થવું એનું નામ સમ્યગ્દર્શનનો પ્રથમ ધર્મ કહેવાય છે. આવી દૃષ્ટિના ધર્મ વિના એને ચારિત્ર અને વ્રત ફ્રત બધા એકડા વિના મીંડા હોય છે. સમજાણું કાંઈ? લ્યો! '**તેનાથી તે ઓળખાય છે.**'

'**ભાવાર્થ :- જે પરદ્રવ્યમાં આત્માનો વિકલ્પ કરે છે...**' જે કોઈ આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ સિવાય પુણ્ય-પાપના ભાવ અને એનું બંધન અને એનું ફળ પર. એમાં આત્મા વિકલ્પ કરે એ મારા છે '**તે તો અજ્ઞાની છે અને જે પોતાના આત્માને જ પોતાનો માને છે...**' પોતાના આત્માને, જ્ઞાનાનંદ સ્વભાવને એ આત્મા માને '**તે જ્ઞાની છે—**' બહુ ટૂંકું કર્યું જુઓ. સમજાણું કાંઈ? અરે! ચોર્યાસીના અવતારમાં રઝળતો, રખડતો, માંડ મનુષ્યનો દેહ મળ્યો. કીડે, કાગડે, કૂતરે રખડતો હતો. શરીરની ઉત્પત્તિ જુઓને કેવી. ભગવતી આરાધનામાં મૂક્યું છેને. શરીરની ઉત્પત્તિ. આહા..હા..! આ માટીની ઉત્પત્તિ કેમ થઈ? ભગવાને ભગવતી આરાધનામાં મુનિએ મૂક્યું છે. એક લોહીનો બિંદુ અને એક વીર્યનો બિંદુ બે ભેગા હતા. એણે બે ભેગા સાત દિ' હલન કર્યો દસ દિ' સુધી. બીજે દસે કાળા થયા અને ત્રીજે દસે જરી ઠર્યા મહિને. બીજે મહિને વળી જરી અંકુર ફાટ્યા પાંચ મહિના માતાના પેટમાં જરી. આ એનો બંગલો બની ગયો મોટો આવો. આહા..હા..! ભગવાન તો એનાથી ભિન્ન છે. આ તો શરીરની ઉત્પત્તિ આવી થઈ આ ..ની. અને એ શરીરમાં ૫૬૮૯૯૫૮૪

તો રોગ છે. એટલા તો પૈસા નહિ હોય એને ઘરે. એટલા રોગ છે આમાં. ભગવાન કહે છે કે ૫૬૮૯૯૫૮૪. કહો, કપુરભાઈ! આટલા રોગ છે. રૂપાળું લાગે એને. સારું લાગે. ધૂળેય નથી. આ તો હાડકા અને માંસનો પિંડલો છે. આહા..હા..! તારું નહિ, તું એ નહિ, તારામાં નહિ અને એનામાં તું નહિ. આહા..હા..! એમ બેને જુદાં પાડવા. જુદાં છે. છે તેને માનવા અને જાણવા એનું નામ અહીં જ્ઞાનીનું લક્ષણ કહેવાય છે. ભારે કામ ભાઈ! હવે અહીં પરદ્રવ્યને આમાં ભિન્ન કીધું છેને? તો એમાં પરદ્રવ્યનું પરદ્રવ્ય કરી શકે. ઓલું તો પરદ્રવ્ય મારું પોતાનું થયું. આત્મા દેશનું કરે, કુટુંબનું કરે, રળવાનું કરે, વેપારના ધંધા કરે. એ તો પરવસ્તુ પોતાની થઈ ગઈ એમ થયું. એમ તો થાતું નથી. મફતનો વચ્ચે મફતિયો માને છે. આહા..હા..!

સવારમાં દાખલો નહોતો આપ્યો ઓલી બાઈનો? એવું કર્યું છે. દેરાણી-જેઠાણી બે હતીને. પછી બે વઢે. વઢતા-વઢતા ઓલી જેઠાણી હતી એના બાપે દસ હજાર રૂપિયા લીધેલા. ગરીબ ઘર હતું એટલે દસ લીધેલા. અને જે દેરાણી હતી એને નહોતું કાંઈ.. એમાં થઈ તકરાર બેયને. કરતાં... કરતાં... કરતાં... કહે ઓલી દેરાણી કહે મારી મફતની તું આવી છો? જેઠાણીને કહે. જેઠાણી કહે હું મફતની નથી આવી દસ હજાર લીધા છે મારા બાપે. તું મફતમાં આવી છો. જુઓ આ હવે લખણ એના. મફતમાં નથી આવી. મારા બાપે દસ હજાર લીધા છે ત્યારે હું આવી છું. કહો, આ વખાણ કર્યા હશેને. એમ આવા ને આવા વખાણ બધા કર્યા છે. અમે પૈસાવાળા છીએ, અમે શરીરવાળી છીએ, મોટા કુટુંબવાળા છીએ. એ ઓલી મફત નથી આવી એવું છે આ. આહા..હા..! અમે એકલા નથી. એય..! અહીં તો કહે કે એકલો છો, ભગવાન! એકલો છે અને બગડે બે. બગાડવું હોય તો બે માન બીજાને. આહા..હા..!

## શ્લોક-૨૨

(मालिनी)

त्यजतु जगदिदानीं मोहमाजन्मलीढं
रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत्।
इह कथमपि नात्मानात्मना साकमेकः
किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम्।।२२।।

શ્લોકાર્થ :- [जगत्] જગત અર્થાત્ જગતના જીવો [आजन्मलीढं मोहम्] અનાદિ સંસારથી માંડીને આજ સુધી અનુભવ કરેલા મોહને [इदानीं त्यजतु] હવે તો છોડો

અને [रसिकानां रोचनं] રસિક જનોને રુચિકર, [उद्यत् ज्ञानम्] ઉદય થઈ રહેલું જે જ્ઞાન તેને [रसयतु] આસ્વાદો; કારણ કે [इह] આ લોકમાં [आत्मा] આત્મા છે તે [किल] ખરેખર [कथम् अपि] કોઈ પ્રકારે [अनात्मना साकम्] અનાત્મા (પરદ્રવ્ય) સાથે [क्क अपि काले] કોઈ કાળે પણ [तादात्म्यवृत्तिम् कलयति न] તાદાત્મ્યવૃત્તિ (એકપણું) પામતો નથી, કેમ કે [एकः] આત્મા એક છે તે અન્ય દ્રવ્ય સાથે એકતારૂપ થતો નથી.

ભાવાર્થ :- આત્મા પરદ્રવ્ય સાથે કોઈ પ્રકારે કોઈ કાળે એકતાના ભાવને પામતો નથી. એ રીતે આચાર્યે અનાદિથી પરદ્રવ્ય પ્રત્યે લાગેલો જે મોહ છે તેનું ભેદવિજ્ઞાન બતાવ્યું છે અને પ્રેરણા કરી છે કે એ એકપણારૂપ મોહને હવે છોડો અને જ્ઞાનને આસ્વાદો; મોહ છે તે વૃથા છે, જૂઠો છે, દુઃખનું કારણ છે. ૨૨.

## શ્લોક-૨૨ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—' 'એમ અગ્નિ-ઈંધનના દૃષ્ટાંત દ્વારા દૃઢ કર્યું છે.' બહુ સ્પષ્ટ કર્યું છે. થોડું થોડું બધું નાખ્યું છે હો આમાં નયચક્રમાં. આ બધું નાખ્યું છે થોડું થોડું. બધી ગાથાઓનો .. જરૂર પડેને ભાઈ નાખી દીધું. જેમ ઓલું જૈનતત્ત્વ મીમાંસામાં નાખ્યું એવી રીતે થોડું આમાં નાખી દીધું. શુભભાવ અને અશુભભાવ બંધનું કારણ પાઠમાં છે એટલે કહેવું પડે, પણ પાછું ત્યાં ઓલું ઓલાપણે શુભભાવ ધર્મ પરિણત કીધું. એ કાંઈક મેળવે ખરો આગળ-પાછળમાં. પંડિત મોટા કહેવાય લ્યો કાશીના.

૨૨ માથે કળશ છેને.

(मालिनी)

त्यजतु जगदिदानीं मोहमाजन्मलीढं<br>
रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत्।<br>
इह कथमपि नात्मानात्मना साकमेकः<br>
किल कलयति काले क्कापि तादात्म्यवृत्तिम्।।२२।।

નીચે એનો અર્થ છે. હે 'જગત અર્થાત્ જગતના જીવો...' ભગવાન મુનિઓ સંબોધે છે. હે જગતના જીવો! 'आजन्मलीढं मोहम्' 'आजन्म' 'અનાદિ સંસારથી માંડીને આજ સુધી...' 'लीढं' 'અનુભવ કરેલા મોહને હવે તો છોડો...' ભાઈ! મોહ એટલે મિથ્યાત્વભાવ અનાદિનો સેવ્યો છે તે. સમજાણું કાંઈ? 'आजन्मलीढं' 'लीढं'નો અર્થ એ કર્યો છે અનુભવ

કરેલો. એ રાગ અને શરીર મારા, હું એનો એવો મિથ્યાત્વ મોહ તો તે અનાદિનો સેવ્યો છે ભાઈ! એ કાંઈ નવી ચીજ નથી. આહા..હા..! 'इदानीं त्यजतु' આહા..હા..! 'હવે તો છોડો...' આહા..હા..! અરે! સર્પને ઝેરીલાને પકડ્યો છે તને ખબર નથી. છોડને હવે તો છોડ કહે છે. આહા..હા..! જુઓને દયા તો કેવી છે. ભૂતકાળ લીધો. ભગવાન! તે પરને પોતાનું માની અને અનાદિથી મોહમાં લીન થઈ ગયો. તારા સ્વરૂપની તને ખબર નથી. આહા..હા..! એક વાત.

કે અનાદિથી એ ભાવ તો તે સેવ્યો છે એ કાંઈ નવો નથી. આ પુણ્ય મારા, રાગ મારો, પૈસો મારા, લક્ષ્મી મારી, આબરૂ મારી, શરીર મારું, બાયડી મારી. એ તો અનાદિનો મોહ સેવ્યો છે સાંભળને. એમાં નવું શું તે કર્યું? આહા..હા..! હવે તો છોડ. હવે તો છોડ. આહા..હા..! હવે ઘણી થઈ હોં! એમ કહે છે. કહો, શેઠ! છેને? 'इदानीं' 'इदानीं' અત્યારે છોડ, ભાઈ! આવા ટાણા તને આવ્યા છે. આવા સાંભળવાના મળ્યા છે. સમજાણું કાંઈ? હવે તો છોડને. એ મોહને છોડને. એ મિથ્યાત્વભાવ એમાં આબરૂ મારી, પૈસા મારા, શરીર મારું, બાયડી, છોકરા મારા અને આ રાગ મારો. એ મિથ્યાત્વને તો અનાદિથી સેવ્યું છે, પ્રભુ! આહા..હા..! એ કાંઈ નવી ચીજ નથી. આહા..હા..! 'इदानीं' છોડ. આહા..હા..! હવે તો છોડ ભાઈ! આવા ટાણે આ ભવભ્રમણના કારણ મિથ્યાત્વ એને નહિ છોડ તો પાછો આરો નહિ આવે ભાઈ! એમ કહે છે. દુનિયા માને, ન માને, દુનિયામાં ગણતરીમાં આવે, ન આવે. એની અહીં કાંઈ કદર નથી. એનું કાંઈ કામ નથી. આવું કરવા જાય તો દુનિયાથી એકલા થઈ જશું. પણ એકલો છો, કે દિ' બેકલો હતો સાંભળને. આહા..હા..! એ શરીરમાં રોગ આવે આકરા. તરફડે-તરફડે. મા-બાપ જોયા કરે. ભાઈ! તે કર્મ કર્યા હશે અને અમે બકરીને માથે છરી મૂકતો હોઈશ અને અમે કાન ઝાલ્યા હશે. એમ કહે. ત્યારે અમને તારા આ દુઃખ જોવા મળ્યા. એમ કહે મારા. સમજાય છે? આ બકરી-બકરી .. એમ કે બકરીને તે કાપી હશે અને અમે કાન પકડ્યા હશે.

મુમુક્ષુ :- પકડ્યા પાછી ન થાય.

ઉત્તર :- આઘી-પાછી ન થાય. એ વાત કહે છે હોં બધા. સાંભળેલી છે બધી. આહા..હા..!

મુમુક્ષુ :- બેય મળતી વાત છે.

ઉત્તર :- મળતી વાત છે. એ કાન પકડ્યા હશે અમે. છરીથી બકરીને કાપ્યો હોઈશ બાપા તારા દુઃખને જોવા માટે.. ધૂળેય નથી, ભાઈ! આહા..હા..! તને પૂર્વના પાપ બાંધેલાને સંયોગ આવે એમાં કોણ તને મદદ કરે? આહા..હા..! એ મોહને છોડ એ તને આત્માની મદદ છે. સમજાણું કાંઈ?

ચૈતન્ય હીરો પરમાત્મસ્વરૂપ એની જો કિંમત ન કરી. કોક આવ્યું હતું હમણા નહિ તમારે

વાંકાનેરવાળો નહિ કોક? જૈન હતો? સ્થાનકવાસી. .. અમારે આમ થાય છે, અમારે આમ .. છે. એ વાતું કરે. અમારે આ કારખાના છે અને ફલાણું આ છે. હવે અમે સાંભળ્યા કારખાના. તમારી પાસે કારખાના છે તો શું અહીં કારખાનાની કિંમત છે કાંઈ? એમ બતાવે કે અમારી પાસે કારખાના છે, .. એટલી પેદાશ છે. અમે હમણા ઠીકમાં છીએ.

મુમુક્ષુ :- વાંકાનેરમાં ..

ઉત્તર :- હા એ તો બોલ્યા છે અમને ખબર છેને. હવે કીધું આ સંભળાવીને શું કરવું છે? તે શું કર્યું છે? તે ધૂળેય નથી કરી. અજ્ઞાન કર્યું છે. એય..! .. કોલેજ બનાવી છે, ઢીંકણું. હવે કોલેજ શું ધૂળ બની? કોણ બનાવે? અહીં તો જગતની ચીજ જગતથી થાય છે. પણ મારાને આંખ ઓડે રહી જાય જરી પૈસાબૈસા થાય ત્યાં. વૈભવ. પુણ્યના ફળે વૈભવ અને વૈભવથી મદ, મદથી મતિ ભ્રષ્ટ અને મતિભ્રષ્ટથી જાય નીચે. નરકમાં જાશે. એ પાઠ છે હોં પરમાત્માપ્રકાશમાં. પંચમકાળમાં લક્ષ્મીવાળા આવા હોય બધાય. ફાટેલા.

મુમુક્ષુ :- પાપાનુબંધી પુણ્ય

ઉત્તર :- પાપાનુંબંધી પુણ્ય સાધારણ. પુણ્ય ક્યાં હતા? બે-પાંચ-દસ કરોડ ક્યાં ધૂળ હતી? એય..! આહા..હા..! બાપુ! અનંત લક્ષ્મીનો ધણી તો તું છોને. તારામાં અનંત જ્ઞાન, અનંત આનંદની લક્ષ્મી પડી પ્રભુ તને ખબર નથી. એ લક્ષ્મીની મોટપ તને આવતી નથી. હવે મોટપ પરથી માની હવે તો છોડ. આહા..હા..!

અને '**रसिकानां रोचनं**' આહા..હા..! એ આત્માના આનંદના રસિયાને રુચે એવી વાત તો આત્મા છે કહે છે. '**रसिकानां रोचनं**' '**રસિક જનોને રુચિકર,...**' આનંદના રસિલાને આત્મા રુચિકર છે. રાગ અને પુણ્યને રસિલાને તો આત્મા .. નથી એમ છે એને. આહા..હા..! '**ઉદય થઈ રહેલું જે જ્ઞાન તેને આસ્વાદો;...**' ભગવાન! તું અનાદિથી રાગ અને દ્વેષને અનુભવો છો. હવે એકવાર આત્માના જ્ઞાનને આસ્વાદો એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તમે અનાદિના ઝેર પીવો છો. પર મારા માનીને બાપા મૂકી દે હવે હોં. એ આત્મા ઉદય પામેલો અંદર પ્રગટ છે. ચૈતન્યમૂર્તિ છે એનો આસ્વાદ કરે. આ આનો સ્વાદ લે તો તને જન્મ-મરણ મટી જાય અને પરિભ્રમણ મટીને પરમાત્મા થવાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૧૦, બુધવાર, તા. ૦૯-૦૨-૧૯૭૨
## ગાથા-૨૩ થી ૨૫, કળશ-૨૨, પ્રવચન-૯૪

કળશ છે ૨૨. ફરીને. થોડું લીધું. ફરીને વાંચીએ. '**જગત અર્થાત્ જગતના જીવો...**' હે જગતના જીવો! એમ કહે છે. '**आजन्मलीढं मोहम्**' '**आजन्म**' એટલે અનાદિથી. મોહ એટલે રાગ-દ્વેષના પરિણામ એ મારા છે એવો અનુભવ અનાદિથી તને છે. સમજાણું કાંઈ? પોતાનો આનંદસ્વભાવ, ચૈતન્યસ્વભાવ ધ્રુવ આનંદ એને ભૂલી અનાદિનો શુભ-અશુભ રાગ, પુણ્ય અને પાપના ભાવ એવો જે વિભાવ, દુઃખરૂપભાવ, એમાં અનાદિથી તું લીન છો. જે તારી ચીજ નથી, તારું સ્વરૂપ નથી એમાં તું લીન અનાદિનો છો. '**અનાદિ સંસારથી માંડીને આજ સુધી અનુભવ કરેલા મોહને...**' '**लीढं**' એમ. અનાદિથી રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના વિકલ્પો એના અનુભવમાં લીન છો અનાદિથી. '**इदानीं**' એવા મોહને હવે. '**इदानीं**' '**હવે તો છોડો...**' એમ કહે છે. આહા..હા..! '**इदानीं त्यजतु**' ભગવાન આત્મા અતીન્દ્રિય સચ્ચિદાનંદ પ્રભુ છે એ તો. એવા આત્માની સાથે એનાથી વિરૂદ્ધ પુણ્ય અને પાપના રાગ અને દ્વેષના શુભ અને અશુભ લાગણીના ભાવ, એવો મોહ એમાં લીન અનુભવો છો. એ તો ઝેરનો અનુભવ છે. આહા..હા..! કહો, શેઠ! આ પૈસા-બૈસામાં મજા પડે એ ઝેરનો અનુભવ છે એમ કહે છે.

હવે એ તો અનાદિકાળથી તું કરતો આવે છો. એ કાંઈ નવી ચીજ નથી. હવે કાંઈ કરવું છે કે નહિ કાંઈ? નવું આ ભવભ્રમણ મટે અને આત્માની પ્રાપ્તિ થાય એવું કરવું છે તને? તો એ રાગની એકતાબુદ્ધિ હવે છોડ. આહા..હા..! કહો, અહીં શરીર છોડ ને કર્મ છોડ ને બાયડી-છોકરા છોડ એમ નથી કહ્યું. એમાં છે જ નહિ. એમાં આ રાગની એકતાબુદ્ધિ છે એ છોડવાનું કહ્યું. તો એ ચીજ તો જુદી પડી છે. કહો, બીડીયું અને બીડીયુંના પૈસા કાંઈ અંદર ગરી ગયા છે આત્મામાં? પર્યાયમાં એમ માન્યું છે કે આ રાગ અને પુણ્યનો ભાવ અને પાપનો ભાવ એટલું અસ્તિત્વ મારું છે, એ અસ્તિત્વ મારું છે, એ સત્તામાં મારી સત્તામાં એ છે. એવું જે અજ્ઞાન અને મિથ્યામોહથી માન્યું છે એ છોડ હવે. સમજાણું કાંઈ?

બે વાત કરી અનાદિથી રાગ અને દ્વેષમાં લીન છો. એ નથી એમ નહિ. લીન ન હોય તો તને આનંદનો અનુભવ હોવો જોઈએ. પણ તારું સ્વરૂપ તો અતીન્દ્રિય આનંદ છે. ચૈતન્ય હીરો અનાદિ-અનંત આનંદની મૂર્તિ છે. જો એ આનંદનો અનુભવ હોય તો તો આ રાગનો

અનુભવ હોય નહિ. તો અત્યાર સુધી શું કર્યું છે તે? કોઈ શરીરને, પૈસાને, આબરૂને ભોગવી છે એમ નહિ. રાગ ને દ્વેષ, શુભ અને અશુભ વૃત્તિઓ લાગણી એમાં લીન માન્યું છે અને એનો તને અનુભવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો હવે ત્યજો. 'इदानीं त्यजतु' અરે! આ ઝેરના પીણા અનાદિથી પીધા ભાઈ તે.

મુમુક્ષુ :- મીઠાં કેમ લાગે છે?

ઉત્તર :- મીઠાં કાંઈ લાગતા નથી. માને છે મારો. ઝેર છેને, રાગ છેને, રાગ છેને, વિભાવ છેને. અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ એનું તો ત્રિકાળ છે. સત્ ચિદ્. સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન અને આનંદ. એવું તારું સ્વરૂપ અને એ તું અને એ તારો સ્વભાવ. એને ભૂલીને આ રળવાનો ભાવ, ભોગનો ભાવ, આબરૂનો ભાવ હોં ભાવ. આબરૂ બાબરૂ જડમાં ગઈ. એવો જે ભાવ એનું તને અનાદિનું વેદન છે. એ અસ્તિ છે એમ કહે છે. લીન છો એમાં. મિથ્યા ભ્રમણા ભિન્ન રહી ગઈ છે અને તારું સ્વરૂપ ભિન્ન છે એમ નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના આનંદના ત્રિકાળી સ્વભાવને શાશ્વત વસ્તુ છે એને ભૂલી અને કૃત્રિમ આ લાગણીઓ, આ રળવાની, ખાવાની, પીવાની, ભોગની, આબરૂની, તકીયા બેસવાની આમ સરખું આ ખુરશી, ઓફીસ મોટી કરીને બેસેને લાકડાની? ફર્નિચર. મોટા હડફા. હડફા શું કહેવાય એ? લાકડાના પૈસા રાખવાના તમારે. તિજોરી. તિજોરી તો મોટી લોઢાની હોય. આ તો લાકડાની. વેપાર હોયને પૈસા આવે તો નાખેને. ઘણા રાખે છે.

મુમુક્ષુ :- આપણે અહીં .. રાખે.

ઉત્તર :- .. એ તો બીજો. આ તો એને શું કહે છે. આપણે તો ઠીક અહીં ભાષા એ હોય. એને શું હિન્દુસ્તાનમાં કહે છે? ગોલક. આહા..હા..! એમાં નાખે પૈસા. ધંધો આવેને ૨૦૦, ૫૦૦, ૧૦૦૦ હજાર હંમેશા પેદા થાય. નાખે અંદર. ઝાઝું હોય તો ઉઘાડીને નાખે, થોડું હોય તો કાણા ઉપર રાખ્યા હોય એમાં નાખે. આહા..હા..! એમાં પાંચસો હજાર-હજારની પેદાશ હોય દીવસની અને પાંચ-પાંચ, દસ-દસ હજાર, વીસ-વીસ હજાર રૂપિયા આવતા હોય એમાં. આહા..હા..! જુઓ એ તો પાગલ તમારે. થડે બેઠો હોય. આહા..હા..! થડો સમજો છો? વેપારની ગાદી ઉપર. આહા..હા..! અરે ભગવાન! તું ક્યાં છો? તું તને મજા ક્યાં પડી છે ખબર છે તને? આહા..હા..! ભગવાન! તારો સ્વભાવ તો આનંદ અને જ્ઞાનની મૂર્તિ તું તો છો. ત્રિકાળી જ્ઞાનથી અને આનંદથી ભરચક ભરેલો પદાર્થ છે. આહા..હા..! એને મૂઢપણે ન જાણતા. એ પુણ્ય અને પાપના ભાવ શુભ-અશુભ રાગ ચાહે તો અશુભભાવ હો, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, ક્રોધ, માન, માયા, લોભ, રતિ, અરતિ, આદિ. કે ચાહે તો દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાના ભાવ હો. બેય ભાવ ઝેર જેવા આત્માના અમૃતથી વિરૂદ્ધભાવ છે. આહા..હા..! એનો તને અનુભવ છે. હવે તો છોડને પ્રભુ! હવે

તો છોડ. એ ઝેરના પીણા પીવા હવે છોડ. આચાર્ય કરુણા કરીને કહે છે જુઓ. આહા..હા..! 'હવે તો છોડો...'

'**रसिकानां रोचनं**' શું કહે છે? અહો..! એ આનંદના રસિયાને રોચક એવું તત્ત્વ તારું. આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ, એના રસિકોને એ રોચક છે, એના રસિકને એ રુચે છે. રાગના રસિકને આત્માનો રસ રુચતો નથી. આહા..હા..! એ ગાદી ઉપર બેઠો હોય થડે. હજાર-હજાર પંદરસો, બે હજારની પેદાશ એક-એક દિ'ની હોય. પેદાશ હોં! એને એમ થઈ જાય કે આહા..હા..! મોઢામાં પાણી આવે. આહા..હા..! ક્યાં ગયો મનહર ગયો? ઠીક. એ તો ઓલા દુકાન યાદ આવી પાલેજની. પાલેજમાં હમણા ગયા હતાને પોર. હડફોને બધું ઓફીસ કરી છે બધી. પહેલા દુકાન સાધારણ હતી. ઓફીસ મોટી લાગે. ઓહો..હો..! પાલેજ બધું આ પાલેજનું પાલેસ. લાકડાનો હડફો મોટો હોયને. પૈસા પેદા કરે .. ૫૦૦-૭૦૦ પેદાશ હોય. બધું ફેરવી નાખી દુકાન. છતને અછત ગોઠે? આહા..હા..! અરે! ક્યાં તું છો ભાઈ! તારો થડો અને તારો વેપાર તો આનંદસ્વભાવનો છે. સમજાણું કાંઈ?

જુઓ એ કહ્યુંને '**રસિક જનોને રુચિકર,...**' '**रसिकानां रोचनं**' જેને આત્માનો આનંદ રુચે છે એના રસિલાને એ રુચે છે. રાગના રસિલાને આત્માનો રસ રુચતો નથી. સમજાણું કાંઈ? '**રસિક જનોને રુચિકર,...**' એના રસિયાને. જેને રાગનો પુણ્ય-પાપના ભાવનો રસ છૂટી ગયો છે. છોડીને કીધુંને? પુણ્ય અને પાપના રસનો ભાવ જેને છૂટી ગયો છે. મિથ્યાત્વભાવ છે એ તો. અને રસિક ચૈતન્યના, આનંદના રસિલાને રસિક એવા જીવોને રુચિકર '**उद्यत् ज्ञानम्**' આ '**ઉદય થઈ રહેલું જે જ્ઞાન...**' પ્રગટ જ્ઞાન મૂર્તિ ભગવાન છેને ભાઈ! એને અનુભવને, એનો આસ્વાદ લેને, એનો અનુભવ કરને, એ આનંદનો સ્વાદ લેને. એ તારી જાત છે. આહા..હા..! .. આ તો બધી જાત જુદી છે અહીંની બધી. ઓલો ધૂળનો છે. આહા..હા..! ભગવાન! તારું સ્વરૂપ છે કે નહિ? સ્વરૂપ છે કે નહિ? તારું સ્વરૂપ તો આનંદ અને જ્ઞાનનો સાગર છો તું. આહા..હા..! અરે! ત્યાં એની રુચિ કર રસિકજન. એના રસિયાને કહે છે કે હે રસિક! એની રુચિ કર અને એ તો પ્રગટ જ્ઞાનમૂર્તિ છે. જ્ઞાનની પ્રધાનતાથી વાત કરી છેને. જ્ઞાનમૂર્તિ છે. કેમકે જ્ઞાનનો અંશ પ્રગટ છેને એ આખું જ્ઞાનમય છે એવી તો તને ખાતરી નથી થતી કહે છે? એમ. જ્ઞાનનો અંશ તો પ્રગટ અવસ્થામાં દેખાય છે તો એ જ્ઞાનનો અંશ છે એ કોનો? ત્રિકાળી જ્ઞાયકભાવ એનો. એ આત્માના સ્વભાવને રુચિકર. આ ભારે! કહો, ભીખાભાઈ! કઠણ પડે છે ભીખાભાઈ કહે. માર્ગ તો આ છે. કઠણ પડે, મોળો પડે, સોંઘો પડે, જેમ માનો એમ આ છે. આહા..હા..! આ વિના એના ચોર્યાસીના અવતાર એ ભૂંડના અવતાર. આહા..હા..! ભૂંડ થઈને વિષ્ટા ચાટે. આ ગાયુ થઈને વિષ્ટા ચાટે. કૂતરા વિષ્ટા ચાટે અરરર! ઓલી વિષ્ટા ખાઈ આવે તો એના દૂધમાં પણ ગંધાય.

દૂધ હોય એને વિષ્ટાની ગંધ આવે દૂધમાં. એને બિચારાને ખબર નથી. ગાય તો ઢોર છેને. વિષ્ટા હોય એ ખાય. આહા..હા..!

.. બોટાદમાં એક ઓલુ હતું ને .. લખુભાઈના મકાનમાં અને આ બાજુ પાછળ જીન હતું. તો નીચે વચ્ચે ગાયુ બહુ જાય. માણસો દિશાએ બહુ જાય. બહુ જાય. કારણ કે આમ પણ આડશ અને આમ પણ આડશ. નદીને કાંઠે બહાર. અત્યારે લખુભાઈ રહે છેને સમઢિયાવાળા. એ એક બાજુ આમ રહે છે અને આ બાજુ જિન વજુભાઈનું. એમાં બહુ માણસો જાય, પછી ગાયું જાય. એ ખાતી-ખાતી. પછી એનું થાય દૂધ. પછી એને સવારમાં ચામાં નાખીને પીવે. આહા..હા..! એમ કહે છે કે રાગનો અનુભવ એ ઝેરનો અનુભવ છે, ભાઈ! સ્વભાવ તારી ત્રિકાળી ચીજ અને વિભાવ એક ક્ષણિક. બેને એકતા માનીને એનો જે અનુભવ, ભગવાન હવે છોડને પ્રભુ! આહા..હા..! આદેશ કરે છે અહીં તો. આચાર્ય તો. ભાઈ! આ ભાવ રાગનો રસ છે એને છોડને હવે. અને આ આત્માનો આનંદરસ છે એને આસ્વાદને. એ આનંદનો અનુભવ કરવો એનું નામ સમકિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ, નવ તત્ત્વને માનીએ એ બધી વાતું. રાગનો અનુભવ તે મિથ્યાત્વ છે અને આત્માના આનંદનો અનુભવ થવો તેને સમકિત કહે છે. કહો, ભગવાનજીભાઈ! આહા..હા..! હવે આ પૈસાવાળા પણ દુઃખી છે એમ કહે છે અહીં તો.

મુમુક્ષુ :- એ પૈસાવાળો હતો જ કે દિ'?

ઉત્તર :- માન્યું છેને. હુકમ ચાલે ત્યાં. કરો, આ કરો, ફલાણું કરો. જોડા કાઢો, પ્લાસ્ટિકના જોડા. પ્લાસ્ટિકના છેને. બનાવે છેને ઘણું બધું છે થાનમાં. થાણા. થાન શું? થાણા. થાન તો અહીં આવ્યું. આ પ્રકાશદાસનું સ્થાન. આ તો થાણા-થાણા. ગયા હતાને અમે ઘરે ગયા છીએ. થાણામાં ગયા છીએ. આહા..હા..! અરે એમ કહે છે કે આત્માને છોડી. અહીં તો આત્મા સિવાયને બધાને અણાત્મા કહે છે. અણાત્મા એટલે પરદ્રવ્ય. રાગ, પુણ્ય, પાપ, શરીર, વાણી, મન, જડ એ બધા અણાત્મા. તું નહિ. અરે! દેવ-ગુરુ-શાસ્ત્રનો આત્મા પણ તારે માટે અણાત્મા લે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પહેલા કહેવાઈ ગયું છે.

કહે છે અરે! '**उद्यत् ज्ञानम्**' આહા..હા..! ચૈતન્ય સૂર્ય. જ્ઞાનના પ્રકાશનો પૂંજ પ્રભુ પ્રગટ છેને. '**रसयतु**' એને અનુભવ, એનો રસ લે. આહા..હા..! એવા જ્ઞાન ત્રિકાળી સ્વભાવમાં એકાગ્ર થા તને જ્ઞાનનો રસ આવશે. સ્વભાવનો રસ આવશે. એનું નામ ધર્મ અને એનું નામ મુક્તિનો માર્ગ કહેવાય છે. અરે! ભારે. ભારે મોંઘો માર્ગ ભાઈ આવો. ઓલા તો સામાયિક કરવી, પડિક્કમણું કરે, ચોવિહાર કરે તો થઈ રહ્યું. પછી જાત્રા બાત્રા કરે દસ લાખ રૂપિયા ખર્ચીને ધર્મ થઈ જાય. ધૂળેય ધર્મ નથી સાંભળને. આહા..હા..! એય..! એ તો રાગની મંદતા હોય તો પુણ્ય બાંધે. પરદ્રવ્ય અનુસારી કોઈપણ વૃત્તિ હોય એ આત્માનો સ્વભાવ નહિ.

આહા..હા..!

મુમુક્ષુ :- .. મિથ્યાત્વ

ઉત્તર :- એ પરદ્રવ્ય મિથ્યા ક્યારે? કે ઓલી એકતા કરે છે માટે. એમ. સમજાણું કાંઈ? રાગ છે એથી મિથ્યાત્વ નથી. પરદ્રવ્ય અનુસારી વૃત્તિ એ મિથ્યાત્વ નથી, પણ પરદ્રવ્ય અનુસારી વૃત્તિ એ મારી ચીજ છે એનું નામ એને મિથ્યાત્વ કહેવામાં આવે છે. આહા..હા..!

કહે છે અરે! **'આસ્વાદો;...'** અનુભવો. ભગવાન આત્મા તારી દૃષ્ટિ ફેરે તને આસ્વાદ આવશે. રાગની રુચિ છોડતા તને આત્માના આનંદનો રસ આવશે. આમ કહે છે. પરમાં પણ રુચિ રહે અને આત્માની રુચિ થાય બે નહિ રહે. એક મ્યાનમાં બે તલવાર નહિ રહી શકે. કાં અનાદિનો રાગનો રસ અનુભવ એ તો ઝેર છે. દિગંબર સાધુ થઈને પણ નગ્નપણું અનંતવાર લીધું. પંચમહાવ્રતના પરિણામ પણ રાગના અનંતવાર કર્યા. એ બધા રાગનો રસિયો એ તો અજ્ઞાની એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાનબિન લેશ સુખ ન પાયો.' આહા..હા..! ચામડા ઉતરડીને ખાર છાંટે. ખાર સમજ્યા? નમક. ક્રોધ ન કરે. એવી બાહ્ય ક્ષમા દેખાય. નગ્નપણું હોય, બાહ્ય વ્રત પણ પંચમહાવ્રત, અઠ્ઠાવીશ મૂળગુણ, એની ભૂમિકાના પ્રમાણે નિરતિચાર હો, પણ એ બધો રાગ છે. એ રાગનો રસિયો છે. આહા..હા..! ભારે કામ! એ રાગનો રસ પ્રભુ છોડ અને તારો રસ લે. એ ત્યાં આત્મા આનંદનો રસ લૂંટાય છે ત્યાં. આહા..હા..! એનો સ્વાદ લે.

**'रसयतु'** એનો રસિયો થા એટલે આસ્વાદ લે એમ. **'આ લોકમાં આત્મા છે તે ખરેખર...' 'कथम् अपि अनात्मना साकम्' 'અનાત્મા (પરદ્રવ્ય) સાથે...'** ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપે પ્રભુ આત્મા, એને અનાત્મા સાથે. અનાત્મા એટલે કે વ્રતના પરિણામ પણ અનાત્મા છે. વ્રત-અવ્રતના પરિણામ, શુભાશુભ પરિણામ એ બધા અનાત્મા છે. અરે! શરીર, કર્મ અને દેવ-ગુરુ-શાસ્ત્ર પણ આ આત્મા છે એની અપેક્ષાએ બીજા બધા અનાત્મા છે. આહા..હા..! બેજ વાત—એક આત્મા અને બીજો અનાત્મા. આખું જગત તારે માટે અનાત્મા છે. પરદ્રવ્ય. **'अनात्मना साकम्'** આનંદસ્વરૂપ આત્મા એની સન્મુખ થઈને એમાં આસ્વાદ લે. કેમકે આત્માને **'અનાત્મા સાથે કોઈ કાળે પણ...'** ચાહે તો નિગોદની અવસ્થા હો, મિથ્યાત્વની અવસ્થા હો, કોઈ કાળે એ અવસ્થામાં પણ **'तादात्म्यवृत्तिम् कलयति न' 'તાદાત્મ્યવૃત્તિ (એકપણું) પામતો નથી,...'** રાગની સાથે એકત્વ થતો નથી. માન્યું છે અને આસ્વાદ લે છે એટલું. કોઈ રીતે આત્મા અનાત્મા થાય એમ બનતું નથી. એકકોર પ્રભુ રામ અને બીજીકોર એકલું ગામ. એકકોર જ્ઞાનસ્વભાવી આત્મા અને રાગથી માંડીને બધું અજ્ઞાન. અજ્ઞાન એટલે આ જ્ઞાન નહિ. એની સાથે એકપણું જે અનાદિનું છે એ કોઈ

એક થયો નથી. સમજાણું કાંઈ? કહો, ફરીને આત્મા એક થયો હશે કે નહિ કોઈ દિ'? લ્યો એક ન હોય તો પછી આને વીંછી કરડે તો દુઃખ કેમ આત્માને થાય? વીંછી કરડે આને શરીરને. વીંછી-વીંછી. રાડે રાડ બોલાવે છે. એ કાંઈ શરીરને કારણે નથી. એ શરીર મારું છે એવી મમતાનું એને દુઃખ છે. શરીરનું નહિ. શરીરની ક્રિયા થઈ એ દુઃખ નથી એને. આહા..હા..! જે એનું નથી તે તેનું માન્યું અને એના અવસ્થા ફેરફાર થતાં મને થાય છે એવી મિથ્યાદષ્ટિ, મિથ્યાવૃત્તિ તે દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**तादात्म्यवृत्तिम् कलयति न**' અનુભવ નથી થતો કહે છે એકરૂપનો. એમ કહે છે. આ '**कलयति**' તાદાત્મ્ય પ્રવૃત્તિ નથી પામતો. આહા..હા..! એ તો રાગની સાથે અધ્યાસ કર્યો છે કે આ રાગ અને વિભાવ મારો. છતાં રાગને એક થતો નથી. આહા..હા..! ક્યાં વિભાવ અચેતન જડ અને ક્યાં ચૈતન્ય જાગૃતિ જ્યોત જ્ઞાન ઉદ્યત આવ્યુંને? બે એકપણાને કેમ પામે? ભારે ઝીણું ભાઈ! ધર્મ કરનારને એવું લાગે આ. બહારથી ધર્મ માન્યા હોય ને આ ભક્તિ ને પૂજા, દાન ને દયા ને વ્રત ને અવ્રત ને તપને એ બધી ક્રિયાઓ તો રાગ છે. આહા..હા..! એ ધર્મ નહિ.

મુમુક્ષુ :- એ કરતાં-કરતાં થાયને.

ઉત્તર :- કરતાં-કરતાં. ઝેર પીતા-પીતા અમૃત આવેને. લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવે.

મુમુક્ષુ :- શરૂઆતમાં તો હોયને.

ઉત્તર :- શરૂઆતમાં હોય અનાદિનું તો કીધું. અનાદિનું છે. શરૂઆત એટલે શું? અનાદિની રાગની એકતા છે. એ તો શરૂઆત કહો કે અનાદિની કહો એક જ છે. પહેલો રાગ મંદ આવે અને પછી આ થાય એમ એમાં સ્વભાવ છે નહિ એનો.

મુમુક્ષુ :- અશુભમાંથી શુભ થાય, શુભમાંથી શુદ્ધ.

ઉત્તર :- એ તો કહ્યું નહિ? મોક્ષમાર્ગમાં કહ્યું છે કે ભાઈ શુભથી શુદ્ધ થાય તો તો તો અશુભથી શુભ થાય. આવ્યું છે કે નહિ? તો તો અશુભ છૂટીને શુભ થાય, શુભ છૂટીને.. પણ અશુભ છૂટીને શુભ થાય, છૂટીને શુભ થાય છે. એમ શુભને છૂટીને શુદ્ધ થાય છે. શુભથી શુદ્ધ થાતું નથી. જો શુભથી શુદ્ધ થાય તો અશુભથી શુભ થાય એમ થયું. એમ લખ્યું છે. આહા..હા..! શું કહ્યું? લખ્યું છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં. કે જો તું એમ કહે કે શુભરાગ પુણ્ય પ્રશસ્ત.. એ છે તો અહીં શુદ્ધભાવ થાય, તો પછી અશુભરાગ છે તો અહીં શુભરાગ થાય એવું થયું. શુભરાગ છે તો શુદ્ધ થાય એવું થયું, પણ અશુભરાગ છોડીને જેમ શુભરાગ થાય છે એમ શુભરાગ છોડીને શુદ્ધ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ટોડરમલજીએ તો ઘણું નાખ્યું છે. ચાલતી ભાષા અને સાધારણ લાગે એટલે એમ કે વિદ્વતા અને સંસ્કૃત

આદિ હોય તો એ શાસ્ત્ર. પણ તત્ત્વ ભર્યું છે એ ગમે તે ભાષાએ હોય નહિ. શાસ્ત્ર જ છે. આહા..હા..! પણ છેલ્લો તો જ્યારે શુદ્ધ ઉપયોગ થાય ત્યારે આખરમાં તો શુભભાવ હોયને. એમ દલીલ કરે છે. પણ આખરમાં શુભભાવ હોય, પણ એનો અભાવ કરે તો શુદ્ધમાં આવે. પણ એ છે માટે શુદ્ધમાં આવે એમ ત્રણકાળમાં બને નહિ. સમજાણું કાંઈ? અરે! એણે પોતાના પંથને ન ચાલ્યો. કાંઈક-કાંઈક પાંગળો. અહીં તો કહે છે કે સ્વભાવ જ એવો પ્રત્યક્ષ પોતાથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એને કોઈની રાગની અને શુભની અપેક્ષા નથી. એવો એનો તો સ્વભાવ છે. આહા..હા..!

'**કોઈ પ્રકારે અનાત્મા સાથે કોઈ કાળે પણ તાદાત્મ્યવૃત્તિ...**' એમ એ '**कलयति न**' '**कलयति**' એકરૂપે અનુભવ થતો નથી. એમ. '**કેમ કે આત્મા એક છે તે અન્ય દ્રવ્ય સાથે એકતારૂપે થતો નથી.**' ભગવાન આત્મા ચૈતન્યજ્યોત, સૂર્ય ચૈતન્યનું એકરૂપ છે એ રાગાદિ અનેકસ્વરૂપ એની સાથે એકતા પામતો નથી. જીવ-અજીવ અધિકાર છેને આ. જીવ એને કહીએ. સમજાણું કાંઈ? રાગ અને જે વિકલ્પ છે એ જીવ નથી એ તો અજીવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા તથા સ્મરણ એ રાગ તો અચેતન છે, તો અચેતનથી ચેતન પમાય? અચેતનની રુચિ છોડે તો ચેતન પમાય. ભારે ગડબડ. આહા..હા..! ટાણા આવ્યા ત્યારે કાંઈક... કાંઈક... કાંઈક.. અંદર રાખ્યું .. આહા..હા..! પોતાના બચાવ માટે. પણ એમ બચાવ કાંઈ થાય? સમજાણું કાંઈ?

ઓલું વાણિયાનું આવે છેને. વાણિયો માલ લઈને જતો હતો. આવ્યા ચોર જંગલમાં. વાણિયો માલ લઈને જાતો હતો, ગાડુ ભરીને કાપડ બાપડ. એમાં આવ્યા ડાકુ. તો વાણિયો સમજ્યો ડાહ્યો હતો કે ભાઈ હવે લઈ તો જાશે ગાડુ. ડાકુ છેલ્લેથી આવે છે અને ગાડુ નીચે ઉતાર્યું. પાથર્યા કપડા બરાબર નીચે પાથરીને બેઠા. લ્યો આ કાપડ. લેવું છેકે? એ જાણે કે આ શું? કારણ કે આપણે લઈ જવા માટે.. પણ આપ્યું પછી. સહી કોની? કે સહી જો આ ઓલો મીંદડો જાય. જંગલનું મીંદડું હોય ને મીંદડું? મીંદડું નથી સમજતા? બિલાડી. બિલ્લી. જંગલની બિલાડી હતીને તો એની સહી. બિલ્લીની સહી સાક્ષી. માલ લીધો પચ્ચીસ હજારનો બધો આપી દીધો. પછી કહે સહી કરો. એ જાણે કે સહી કરતા આ ક્યાં આપણે ડાકુ છીએ આ ક્યાં લેવા આવ્યો છે. થઈ કોર્ટમાં ફરિયાદ એના ઉપર. ન્યાયે કોર્ટમાં ઉભા રાખ્યા. પછી? કે જુઓ આ એક મીંદડો લાવ્યો વાણિયો. ઘરની બિલ્લી હોયને એ લાવ્યો. જુઓ આ માલ લઈ ગયા છે એમાં આ મીંદડાની સહી. તો ઓલા કહે આ નહોતું. .. ભલે નહોતું. પકડમાં આવ્યું? બીજું હતું. એમ કે મારે એ વખતે શુભરાગ હતો, અશુભ નહોતો, પણ રાગ હતોને સાંભળને. રાગ પકડાઈ ગયો ત્યાં. મીંદડું હતું. ઓલો મીંદડું ઘરનું લાવ્યો. મૂક્યુ જુઓ સાહેબ મીંદડાની સહી છે આ. બિલ્લીની. જુઓ આ બિલ્લી. તો ડાકુ

કહે આ બિલ્લી નહોતી. ભલે નહોતી પણ સહી હતુંને. કરો સહી જાવ. એમ કે શુભરાગ હતો એ વખતે, પણ હતો તે પકડાણો હતો એ તો. સાંભળને. એ તો વિકારની સહી હતી એમાં ક્યાં આત્મા હતો? આહા..હા..! રાગ તો ગુનો હતો. સમજાણું કાંઈ? ઘણું નાખ્યું છે હોં નયચક્રમાં. બહુ બહુ નવા છે. આ પ્રતિમા નથી એમાં નાખ્યું. દેવ-ગુરુ-શાસ્ત્ર, પૂજા, ભક્તિ બધું શુભભાવ. એ તો પાઠ છે. શુભભાવ બંધનું કારણ છે. ચોખ્ખું ત્યાં અર્થમાં છે એ ચોખ્ખા કર્યા છે ત્યાં. પાછું ઓલાપણે ધર્મ પરિણત. શુભભાવ આ શું હશે? પંડિતજી! શુભભાવ એ ધર્મ પરિણત. પણ આમાં એક ઠેકાણે આવું અને બીજા આવા ઠેકાણા શબ્દોમાં ચોખ્ખું આ નયચક્રમાં છે પરસ્પર. કૈલાસચંદજીનું. છે તો બીજાનું. ..

શુભ-અશુભભાવ બેય પક્કડ અજ્ઞાનની છે કહે છે. સમજાણું કાંઈ? છેલ્લે પણ શુભભાવ હતોને પણ, હતો એટલે શું? રાગ હતો કે નહિ? એની દૃષ્ટિ છોડીને સ્વભાવની દૃષ્ટિ કરી ત્યારે શુભ થાય. એને રાખીને, હાથમાં રાખીને, જેનાથી ભેદજ્ઞાન કરવું છે એને રાખીને ભેદજ્ઞાન થાતું હશે? શુભરાગથી પણ ભેદજ્ઞાન. અહીં તો એ બતાવ્યું છેને જુઓને. વિકલ્પમાત્રથી ભિન્ન છે, ભગવાન! આહા..હા..! એ અનાત્મા છે. એ અનાત્મા સાથે તું એક થયો નથી, હોં! એક થાય નહિ હોં, એક થાય તો પોતાનું દ્રવ્યપણું નાશ થઈ જાય. સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત છે. વૈદરાજ! બહુ આ બધું વૈદું કર્યું માટે થોથેથોથા છે એમ કહે ભાઈ.

મુમુક્ષુ :- એ તો ઓલો સાજો થવાનો હોય તો થાય.

ઉત્તર :- એ તો સાજો થવાનો હોય તો થાય. વૈદને પોતે .. થાય તો મરે છેને ખાટલામાં નથી કહેતા? વૈદના ખાટલે. એમ કહે છેને. લોકો વાતું કરે છે એવી નહિ? આ તો વૈદના ખાટલે એમ કહે છે. વૈદ હોયને એને અંતે ખાટલે પડીને મરે. એમ કહે. એને કોણ કરે? જુઓને અહીં આપણે છેને ભાઈને તો હરિભાઈનો બાપ. શું નામ? કૃપાશંકર. એ માંદા પડે ત્યારે રવિભાઈની દવા લે. પોતે નહિ. પોતે વૈદ હતા. એ કહેતા અહીં હોં. અહીં આવતાને. કે મારે જ્યારે રોગ થાય એટલે હું તો રવિભાઈને પૂછું કે શું તારે દેવું છે આમાં. આ રોગ છે. પોતે વૈદ. પોતાને થાય તો. આહા..હા..! ભાન ન મળે. એ રોગ મટવો, ન મટવો એ કાંઈ તારે આધિન છે? રોગ એ તો જડની દશા છે. જડની દશા છોડવી કે ગ્રહવી એ તારા અધિકારમાં છે? તારા અધિકારમાં રાગની એકતા કરવી અને છોડવી એ તારા અધિકારમાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! આત્મા તો એક છેને. '**તે અન્ય દ્રવ્ય સાથે એકતારૂપ થતો નથી.**' એ માને પણ રાગ અને સ્વભાવ એકરૂપ થતા નથી. એમ કહે છે. આહા..હા..!

'**ભાવાર્થ :- આત્મા પરદ્રવ્ય સાથે કોઈ પ્રકારે...**' જોયું! પરદ્રવ્ય શબ્દે રાગ, પુણ્ય, પાપ, શરીર, વાણી, મન, દેવ, ગુરુ, શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર. એમાં એ નાખ્યું છે ભાઈ

હોં આમા વિષયમાં. કે જેમ સ્ત્રી છે એ અશુભરાગનો વિષય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર શુભરાગનો વિષય છે. એ નાખ્યું છે એણે. કારણ કે પાઠમાં એવું આવ્યું ખરુંને. પરદ્રવ્ય અનુસારી વૃત્તિ બંધનું કારણ છે. એવો પાઠ છે. એટલે એને નાખવું પડ્યું. ..વિષય છે અને અહીં જ્યાં નામ આવે નિહાલભાઈના ઓલામાં કે સ્ત્રીનો વિષય અને દેવ-ગુરુનો વિષય બે સરખા છે ત્યાં ભડકે.

મુમુક્ષુ :- એ તો પદ્મનંદિમાં નથી આવતું?

ઉત્તર :- આવે એ તો વ્યભિચાર લખ્યું છેને ત્યાં.

મુમુક્ષુ :- સોનગઢને પણ .. બતાવેલું છે.

ઉત્તર :- હા એ પણ ક્યાં આને માને છે. ઠીક! એમાં છે એમ. વિષય લીધો છે હોં ચોખ્ખો. આહા..હા..! કારણ કે આ બહારની વાત આવી હશેને બહાર? એમ કે જેવો સ્ત્રીનો વિષય છે એ અશુભરાગ છે અને દેવ-ગુરુનો વિષય છે એ શુભરાગ છે. છે તો પરવિષય બધોય. વિષયની અપેક્ષાએ બેય પર છે એમ બંધના જ કારણ બેય છે એમ ચોખ્ખું લખ્યું છે. એટલા માટે જરી વાંચીને કીધું. આ .. શું નાખે આ? સાંભળ્યું છેને હવે તો અહીંનું. અહીં તો છેકથી કહેતા આવીએ છીએ. હવે તમે વળી જાગ્યા. સમજાણું કાંઈ? આહા..હા..! સ્વવિષય સિવાય. પાઠ એવો છે ત્યાં કે આત્મસ્વભાવ સિવાય બીજા બધા પરદ્રવ્ય પરવસ્તુ છે. પરદ્રવ્ય અનુસારી વૃત્તિ તે બધું બંધનું કારણ છે. સ્વદ્રવ્યને અનુસારે થતો ભાવ તે મોક્ષનું કારણ છે. એટલી વાત છે ચોખ્ખી. મૂળ શ્લોક છે. એ નવો છે આલાપ પદ્ધતિ છેને. માઈલ્લ ધવલનું.

**'આત્મા પરદ્રવ્ય સાથે...'** પરદ્રવ્યની આ તો વ્યાખ્યા થઈ. રાગથી માંડીને બધું પરદ્રવ્ય. દેવ, ગુરુ અને શાસ્ત્ર પરદ્રવ્ય. આહા..હા..! **'કોઈ પ્રકારે કોઈ કાળે એકતાના ભાવને પામતો નથી.'** રાગ સાથે, દેવ-ગુરુ સાથે કે સ્ત્રી, કુટુંબ, પરિવાર સાથે કે લક્ષ્મી સાથે **'કોઈ પ્રકારે કોઈ કાળે...'** તો વ્યવહારે તો એકતા પામે છે કે નહિ? પણ એ વ્યવહારે એકતાનો અર્થ કે નથી એકતા એમ એનો અર્થ છે. સમજાણું કાંઈ? શરીર અને આત્મા એક છે. આવે છેને. એનો અર્થ શું પણ? નથી. નથી એને કહેવું એનું નામ વ્યવહારનયનું કથન છે. આહા..હા..! **'કોઈ પ્રકારે કોઈ કાળે એકતાના ભાવને પામતો નથી.'** આમ છે. ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ એવું જે ત્રિકાળી સ્વભાવ એ રાગ અને શરીર સાથે એકતાપણે કોઈ દિ' કોઈ કાળે પામતો નથી. કોઈ પ્રકારે અને કોઈ કાળે. બે વાત ઉપર જોર આપ્યું છે.

**'એ રીતે આચાર્યે, અનાદિથી પરદ્રવ્ય પ્રત્યે લાગેલો જે મોહ છે...'** **'आजन्मलीढं'** **'પરદ્રવ્ય પ્રત્યે લાગેલો જે મોહ છે...'** બસ. **'તેનું ભેદવિજ્ઞાન બતાવ્યું છે...'** જુદો

પડ પ્રભુ, જુદો પડ. જુદો છો અને જુદો રહે. જુદો છો એમ જુદો રહે. આહા..હા..! એ તો અહીં જરી પાંચ ઇન્દ્રિયના વિષયમાં અનુકૂળ લાગે ત્યાં તો એને મજા પડી જાય. તૃષા લાગી હોય સરખી ટાઢા મોસંબીના પાણી અને એમાં આઈસ્ક્રીમ નાખેલું. મોસંબીનું પાણી અને એમાં આઈસ્ક્રીમ નાખેલું અને તૃષા લાગી હોય. ૧૧૮ ડિગ્રીનો તડકો હોય. ચૈત્ર-વૈશાખ મહિનાનો. એ પીવે ત્યારે જાણે આહા..હા..! ગટક-ગટક જાણે અમૃત પીતો હોય એમ લાગે એને.

મુમુક્ષુ :- મુંબઈવાળા

ઉત્તર :- મુંબઈવાળાને.. મુંબઈવાળો કે દિ' હતો? આહા..હા..!

**'અનાદિથી પરદ્રવ્ય પ્રત્યે લાગેલો જે મોહ છે તેનું ભેદવિજ્ઞાન બતાવ્યું છે...'** ભાઈ! તું એકલો ચિદાનંદ સ્વરૂપ છો અને વિકલ્પથી, શુભરાગથી માંડીને આખી ચીજો બધી પરદ્રવ્ય છે. જે સ્વદ્રવ્ય નહિ તે પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યની તારામાં નાસ્તિ છે. અસ્તિ તો તારા સ્વભાવને લઈને તારી અસ્તિ છે. રાગાદિ પરદ્રવ્યથી તો તારી નાસ્તિ છે. જો એનાથી પણ તું હો એ બધા એક જ થઈ જાય. બધું એકરૂપ થઈ જાય. સમજાણું કાંઈ? અસ્તિ છું તો એ રીતે બધાને લઈને અસ્તિ હોય તો તો એક જ રૂપ થઈ ગયું બધાનું. ભિન્ન તો રહ્યું નહિ. સમજાણું કાંઈ? તારું અસ્તિત્વ જે જ્ઞાનાનંદ સ્વભાવે છે એ રાગાદિ સ્વભાવે એ વસ્તુ નથી. ત્યારે તો એની અસ્તિની સાબિતી થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્યારે આવું તો આ બધું બાયડી, છોકરા છોડીને બાવો થાય તો સમજાય. .. એમ કહેતા. પણ બાયડી, છોકરા ક્યાં ગરી ગયા હતા તારામાં સાંભળને. .. મફતનો. દીકરા જ્યાં એને કારણે આમ આવ્યા અને ઉભા રહ્યા ત્યાં કહે મારા છે. એ તે એમ માન્યું છે. સમજાણું કાંઈ? એ એને કારણે રખડતાં-રખડતાં એના ઘરમાં આવ્યા. ત્યાં કહે આ મારા બાયડી, મારા છોકરા. મૂર્ખો છોને મોટો.

મુમુક્ષુ :- તો શું ગામના છોકરા હતા?

ઉત્તર :- કોઈના નથી. એના છે એ તો. એની સત્તામાં એ છે. તારી સત્તામાં એ નાસ્તિ છે. આહા..હા..! એની સત્તામાં તારી સત્તાની નાસ્તિ છે. નહિતર એ સત્તા સિદ્ધ નહિ થાય આહા..હા..! એનું હોવાપણું એને લઈને, તારું હોવાપણું તારે લઈને. .. મોહ છૂટી જાય છે. એ મોહને છોડ. મોહને છોડ એટલે સ્વભાવમાં એકતા કર એમ કહે છે. આહા..હા..! કારણ કે રાગમાં પણ એકતા તે કરી છે. માની છે તેંને? કોઈએ મનાવી નથી.

**'એકપણારૂપ મોહને હવે છોડો અને જ્ઞાનને આસ્વાદો; મોહ છે તે વૃથા છે,...'** મોહની વ્યાખ્યા જ વૃથા છે. મોહ એટલે ફોગટ, જૂઠો છે. એ **'દુઃખનું કારણ છે.'** આહા..હા..! શુભરાગનો ભાવ પણ પોતાનો એ જૂઠો છે, મોહ છે, મિથ્યાત્વ છે અને દુઃખનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

## ગાથા-૨૩ થી ૨૫

अथाप्रतिबुद्धबोधनाय व्यवसायः क्रियते --

अण्णाणमोहिदमदि मज्झमिणं भवदि पोग्गलं दव्वं।
बद्धमबद्धं च तहा जीवो बहुभावसंजुत्तो।।२३।।
सव्वण्हुणाणदिट्ठो जीवो उवोगलक्खणो णिच्चं।
कह सो पोग्गलदव्वीभूदो जं भणसि मज्झमिणं।।२४।।
जदि सो पोग्गलदव्वीभूदो जीवत्तमागदं इदरं।
तो सक्को वत्तुं जे मज्झमिणं पोग्गलं दव्वं।।२५।।

अज्ञानमोहितमतिर्ममेदं भणति पुद्गलं द्रव्यम्।
बद्धमबद्धं च तथा जीवो बहुभावसंयुक्तः।।२३।।
सर्वज्ञज्ञानदृष्टो जीव उपयोगलक्षणो नित्यम्।
कथं स पुद्गलद्रव्यीभूतो यद्भणसि ममेदम्।।२४।।
यदि स पुद्गलद्रव्यीभूतो जीवत्वमागतमितरत्।
तच्छक्तो वक्तुं यन्ममेदं पुद्गलं द्रव्यम्।।२५।।

युगपदनेकविधस्य बन्धनोपाधेः सन्निधानेन प्रधावितानामस्वभावभावानां संयोगवशाद्विचित्रोपाश्रयोपक्तः स्फटिकोपल इवात्यन्ततिरोहितस्वभावभावतया अस्तमितसमस्तविवेकज्योतिर्महता स्वयमज्ञानेन विमोहितहृदयो भेदमकृत्वा तानेवास्वभावभावान् स्वीकुर्वाणः पुद्गलद्रव्यं ममेदमित्यनुभवति किलाप्रतिबुद्धो जीवः। अथायमेव प्रतिबोध्यते-- रे दुरात्मन्, आत्मपंसन्, जहीहि जहीहि परमाविवेकघस्मरसतृणाभ्यवहारित्वम्। दूरनिरस्तसमस्तसन्देहविपर्यासानध्यवसायेन विश्वैकज्योतिषा सर्वज्ञज्ञानेन स्फुटीकृतं किल नित्योपयोगलक्षणं जीवद्रव्यं तत्कथं पुद्गलद्रव्यीभूतं येन पुद्गलद्रव्यं ममेदमित्यनुभवसि, यतो यदि कथंचनापि जीवद्रव्यं पुद्गलद्रव्यीभूतं स्यात् पुद्गलद्रव्यं च जीवद्रव्यीभूतं स्यात् तदैव लवणस्योदकमिव ममेदं पुद्गलद्रव्यमित्यनुभूतिः किल घटेत, तत्तु न कथंचनापि स्यात्। तथा हि — यथा क्षारत्वलक्षणं लवणमुदकीभवत् द्रवत्वलक्षणमुदकं च लवणीभवत् क्षारत्वद्रवत्वसहवृत्त्यविरोधादनुभूयते, न तथा नित्योपयोगलक्षणं जीवद्रव्यं पुद्गलद्रव्यीभवत् नित्यानुपयोगलक्षणं पुद्गलद्रव्यं च जीवद्रव्यीभवत् उपयोगानुपयोगयोः प्रकाशतमसोरिव सहवृत्तिविरोधादनुभूयते। तत्सर्वथा प्रसीद, विबुध्यस्व,

स्वद्रव्यं ममेदमित्यनुभव।

હવે અપ્રતિબુદ્ધને સમજાવવા માટે પ્રયત્ન કરે છેઃ-

અજ્ઞાનથી મોહિતમતિ બહુભાવસંયુત જીવ જે,
'આ બદ્ધ તેમ અબદ્ધ પુદ્‌ગલદ્રવ્ય મારું' તે કહે. ૨૩.
સર્વજ્ઞજ્ઞાન વિષે સદા ઉપયોગલક્ષણ જીવ જે,
તે કેમ પુદ્‌ગલ થઈ શકે કે 'મારું આ' તું કહે અરે! ૨૪.
જો જીવ પુદ્ગલ થાય, પામે પુદ્ગલો જીવત્વને,
તું તો જ એમ કહે શકે 'આ મારું પુદ્ગલદ્રવ્ય છે'. ૨૫.

ગાથાર્થઃ- [अज्ञानमोहितमतिः] જેની મતિ અજ્ઞાનથી મોહિત છે [बहुभावसंयुक्तः] અને જે મોહ, રાગ, દ્વેષ આદિ ઘણા ભાવોથી સહિત છે એવો [जीवः] જીવ [भणति] એમ કહે છે કે [इदं] આ [बद्धम् तथा च अबद्धं] શરીરાદિ બુદ્ધ તેમજ ધનધાન્યાદિ અબદ્ધ [पुद्‌गलं द्रव्यम्] પુદ્ગલદ્રવ્ય [मम] મારું છે. આચાર્ય કહે છેઃ [सर्वज्ञज्ञानदृष्टः] સર્વજ્ઞના જ્ઞાન વડે દેખવામાં આવેલો જે [नित्यम्] સદા [उपयोगलक्षणः] ઉપયોગલક્ષવાળો [जीवः] જીવ છે [सः] તે [पुद्‌गलद्रव्यीभूतः] પુદ્ગલદ્રવ્યરૂપ [कथं] કેમ થઈ શકે [यत्] કે [भणसि] તું કહે છે કે [इदं मम] આ પુદ્રગલદ્રવ્યરૂપ મારું છે? [यदि] જો [सः] જીવદ્રવ્ય [पुद्‌गलद्रव्यीभूतः] પુદ્‌ગલદ્રવ્યરૂપ થઈ જાય અને [इतरत्] પુદ્‌ગલદ્રવ્ય [जीवत्वम्] જીવપણાને [आगतम्] પામે [तत्] તો [वक्तुं शक्तः] તું કહી શકે [यत्] કે [इदं पुद्‌गलं द्रव्यम्] આ પુદ્‌ગલદ્રવ્ય [मम] મારું છે. [પણ એવું તો થતું નથી.]

ટીકાઃ એકીસાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિના અતિ નિકટપણાથી વેગપૂર્વક વહેતા અસ્વભાવભાવોના સયોગવશે જે (અપ્રતિબુદ્ધ જીવ) અનેક પ્રકારના વર્ણવાળા *આશ્રયની નિકટતાથી રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે, અત્યંત તિરોભૂત (ઢંકાયેલા) પોતાના સ્વભાવભાવપણાથી જે જેની સમસ્ત ભેદજ્ઞાનરૂપ જ્યોતિ અસ્ત થઈ ગઈ છે એવો છે, અને મહા અજ્ઞાનથી જેનું હૃદય પોતે પોતાથી જ વિમોહિત છે– એવો અપ્રતિબુદ્ધ જીવ સ્વપરનો ભેદ નહિ કરીને, પેલા અસ્વભાવભાવોને જ (પોતાના સ્વભાવ નથી એવા વિભાવોને જ) પોતાના કરતો, પુદ્‌ગલદ્રવ્યને 'આ મારું છે' એમ અનુભવે છે. (જેમ સ્ફટિકપાષાણમાં અનેક પ્રકારના વર્ણની નિકટતાથી અનેકવર્ણરૂપપણું દેખાય છે. સ્ફટિકનો નિજ શ્વેત-નિર્મળભાવ દેખાતો નથી તેવી રીતે અપ્રતિબુદ્ધને કર્મની ઉપાધિથી આત્માનો શુદ્ધ સ્વભાવ આચ્છાદિત થઈ રહ્યો

છે -દેખાતો નથી તેથી પુદ્‌ગલદ્રવ્યને પોતાનું માને છે.) એવા અપ્રતિબુદ્ધને હવે સમજાવવામાં આવે છે કેઃ- એ દુરાત્મન્! આત્માનો ઘાત કરનાર! જેમ પરમ અવિવેકથી ખાનારા હસ્તી આદિ પશુઓ સુંદર આહારને તૃણ સહિત ખાઈ જાય છે એવી રીતે ખાવાના સ્વભાવને તું છોડ, છોડ. જેણે સમસ્ત સંદેહ, વિપર્યય, અનધ્યવસાય દૂર કરી દીધા છે અને જે વિશ્વને (સમસ્ત વસ્તુઓને) પ્રકાશવાને એક અદ્વિતીય જયોતિ છે એવા સર્વજ્ઞ- જ્ઞાનથી સ્ફુટ (પ્રગટ) કરવામાં આવેલ જે નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય તે કેવી રીતે પુદ્‌ગલદ્રવ્યરૂપ થઈ ગયું કે જેથી તું 'આ પુદ્‌ગલદ્રવ્ય મારું છે' એમ અનુભવે છે ? કારણ કે જો કોઈ પણ પ્રકારે જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્યરૂપ થાય અને પુદ્‌ગલદ્રવ્ય જીવદ્રવ્યરૂપ થાય તો જ 'મીઠાનું પાણી' એવા અનુભવની જેમ 'મારું આ પુદ્‌ગલદ્રવ્ય' એવી અનુભૂતિ ખરેખર વ્યાજબી છે; પણ એમ તો કોઈ રીતે બનતું નથી. એ, દષ્ટાંતથી સ્પષ્ટ કરવામાં આવે છેઃ જેમ ખારાપણું જેનું લક્ષણ છે એવું લવણ પાણીરૂપ થતું દેખાય છે અને દ્રવત્વ (પ્રવાહીપણું) જેનું લક્ષણ છે એવું પાણી લવણરૂપ થતું દેખાય છે કારણ કે ખારાપણું અને દ્રવ્યપણાને સાથે રહેવામાં અવિરોધ છે અર્થાત્ તેમાં કોઈ બાધા નથી, તેવી રીતે નિત્ય ઉપયોગલક્ષણવાળું જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્ય થતું જોવામાં આવતું નથી અને નિત્ય અનુપયોગ (જડ) લક્ષણવાળું પુદ્‌ગલદ્રવ્ય જીવદ્રવ્ય થતું જોવામાં આવતું નથી કારણ કે પ્રકાશ ને અંધકારની માફક ઉપયોગ અને અનુપયોગને સાથે રહેવામાં વિરોધ છે; જડ-ચેતન કદી પણ એક થઈ શકે નહિ. તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા, તારું ચિત્ત ઉજજવળ કરી સાવધાન થા અને સ્વદ્રવ્યને જ 'આ મારું છે' એમ અનુભવ. (એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.)

ભાવાર્થઃ- આ અજ્ઞાની જીવ પુદ્‌ગલદ્રવ્યને પોતાનું માને છે તેને ઉપદેશ કરી સાવધાન કર્યો છે કે જડ અને ચેતનદ્રવ્ય-એ બન્ને સર્વથા જુદાં જુદાં છે, કદાચિત્ કોઈપણ રીતે એકરૂપ નથી થતાં એમ સર્વજ્ઞે દીઠું છે; માટે હે અજ્ઞાની! તું પરદ્રવ્યને એકપણે માનવું છોડી દે; વૃથા માન્યતાથી બસ થાઓ.

## ગાથા-૨૩ થી ૨૫ ઉપર પ્રવચન

'હવે અપ્રતિબુદ્ધને સમજાવવા માટે પ્રયત્ન કરે છે :—' વ્યવસાય-વ્યવસાય. અજ્ઞાનીને સમજાવવા વ્યવસાય કરે છે. પ્રયત્ન કરે છે.

अण्णाणमोहिदमदि मज्झमिणं भवदि पोग्गलं दव्वं।
बद्धमबद्धं च तहा जीवो बहुभावसंजुत्तो।।२३।।
सव्वण्हुणाणदिट्ठो जीवो उवोगलक्खणो णिच्चं।
कह सो पोग्गलदव्वीभूदो जं भणसि मज्झमिणं।।२४।।
जदि सो पोग्गलदव्वीभूदो जीवत्तमागदं इदरं।
तो सक्को वत्तुं जे मज्झमिणं पोग्गलं दव्वं।।२५।।

**અજ્ઞાનથી મોહિતમતિ બહુભાવસંયુત જીવ જે,**
**'આ બદ્ધ તેમ અબદ્ધ પુદ્‌ગલદ્રવ્ય મારું' તે કહે. ૨૩.**
**સર્વજ્ઞજ્ઞાન વિષે સદા ઉપયોગલક્ષણ જીવ જે,**
**તે કેમ પુદ્‌ગલ થઈ શકે કે 'મારું આ' તું કહે અરે! ૨૪.**
**જો જીવ પુદ્ગલ થાય, પામે પુદ્ગલો જીવત્વને,**
**તું તો જ એમ કહે શકે 'આ મારું પુદ્ગલદ્રવ્ય છે'. ૨૫.**

આહા..હા..! કેટલાક આવો અર્થ કરે છે કે આમાં ઓલા જે આવી ગયુંને આપણે? મોહના અંતરંગ પરિણામ? અંતર, મોહાદિના અંતરંગ પરિણામ. એમ કે જડના છે એ.

મુમુક્ષુ :- એવું માને છે.

ઉત્તર :- એવું માને છે. જડના જડ છે એમ કહે એ. ઓલા પરિણામ વિકારી એ ન લેવા. એક જણો એમ કહેતો હતો નહિ ઓલો સનાવદનો આવ્યો હતો એ. પ્રેમચંદજી. ઘરના અર્થ કરતો હતો. જુવાન છોકરો હતો એક. એમ કે આ બધા જે પુદ્‌ગલના પરિણામ કહ્યા છે એ તો જડના કહ્યા છે. રાગાદિ પુદ્‌ગલના પરિણામ નહિ. એમ કહેતો હતો. આવ્યો હતો ત્યાં ખંડવા. અરેરે! કીધું ભાઈ એમ નથી. આચાર્યો આમ કહેવા માગે છે. એમ કરીને કહ્યું. ભાઈ! એમ નથી. અહીં તો રાગાદિનો વિકલ્પ પણ એ પુદ્‌ગલ જ છે અને પરદ્રવ્ય છે. એ તો અશુદ્ધ નિશ્ચયથી જ્યારે એને સિદ્ધ કરવું હોય તો એના પરિણામ અશુદ્ધ નિશ્ચયથી છે. પણ અશુદ્ધ નિશ્ચય કહો કે વ્યવહાર કહો, વ્યવહાર કહો કે પર કહો, ભિન્ન કહો. સમજાણું કાંઈ? આવ્યો હતોને એ? ખંડવામાં આવ્યો હતો. આ બધા અર્થના એ. પુદ્‌ગલના જ્યાં જ્યાં પરિણામ રાગ અર્થ કરે છે આ લોકો. પુણ્ય-પાપના ભાવ પુદ્‌ગલના પુદ્‌ગલના નહિ. જડના પરિણામ એ પુદ્‌ગલના પરિણામ. પણ અહીં તો પાઠ આવ્યોને.

ઓલામાં આવ્યુંને? ક્યાં? ઓલામાં. ૧૯માં. 'તેવી રીતે **કર્મ-મોહ આદિ અંતરંગ પરિણામો તથા નોકર્મ-શરીર આદિ બાહ્ય વસ્તુઓ—કે જેઓ (બધા) પુદ્‌ગલના પરિણામ છે...**' એ તો ૭૫ ગાથામાં નથી કહ્યું? બધું પુદ્‌ગલ પરિણામ છે. કર્તા-કર્મમાં.

પુદ્‌ગલ જ છે. અજ્ઞાન જ છે. બધું દેહાદિ પરદ્રવ્ય છે. રાગ એકકોર જ્ઞાયકસ્વભાવ અને એકકોર જ્ઞાયક જેમાં આ જ્ઞાયકપણું નથી એ બધાને પુદ્‌ગલ અને અજીવ કહેવામાં આવે છે. વાત તો આમ છે. આહા..હા..! એ કહે નહિ. આવો અર્થ કર્યો છે એવો ન હોય. હવે જડના પરિણામ કરવા, પુદ્‌ગલના. અંતરંગના પરિણામ કીધાને એ કર્મના પરિણામ લેવા. જડનો ભાવ. જીવનો નહિ. કહો. બીજે ઠેકાણે જીવના પરિણામ કહ્યા છે કે નહિ? પણ એ કહ્યા છે એ બીજી રીતે કહ્યા છે. એ તો એની દશામાં અજ્ઞાનભાવે ઉત્પન્ન કરે છે. એથી ઓલા આવે છેને મિથ્યાત્વના બે ભાવ? એક ભાવ મિથ્યાત્વ અને દ્રવ્ય મિથ્યાત્વને. આવે. ન આવે? એ પર્યાય એની છેને. એની પર્યાય વર્ણવી છે આસ્રવની ત્યારે એના કહ્યા. ત્રિકાળી સ્વભાવ જાણે કે એ બધો પુદ્‌ગલ... પુદ્‌ગલ... પુદ્‌ગલ... આહા..હા..! એમ ભેદજ્ઞાન કરાવ્યું છે અહીંયાં. અને સમ્યગ્જ્ઞાન દિપીકામાં તો આમ જ લીધું કે એકકોર ભગવાન જ્ઞાનસ્વરૂપ છે અને બાકી બધું અજ્ઞાન. એમ જ કહ્યું ત્યાં તો. એ આવે છે કર્તાકર્મમાં? એ શુભાશુભભાવ અજ્ઞાન છે. કર્તાકર્મમાં આવે છે. શુભાશુભભાવ અજ્ઞાન છે. થઈ રહ્યું ત્યારે. અજ્ઞાન છે એનો અર્થ શું થયો? ચૈતન્ય સ્વભાવ નહિ. આહા..હા..! માણસને પોતાની રાખવા માટે કંઈક શાસ્ત્રના અર્થને ફેરવી-ફેરવી. પણ પર્યાય એની છે તો એ વખતે એમ બતાવે નહિ? એ તો અજ્ઞાનભાવ બતાવવો છે એનો. અજ્ઞાનભાવ કાંઈ જડમાં નથી. એની પર્યાયમાં છે એમ બતાવવું છે. પછી તો અજ્ઞાનભાવ પોતાનો ચૈતન્ય સ્વભાવ નથી એટલે એને પુદ્‌ગલ કહી દીધો. સમજાણું? આહા..હા..! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તે.' એમ જાણવું જોઈએને. પરમાણું છે એ? રાગાદિ પર્યાય તે પરમાણું છે? રજકણ છે? છતાં એ ચેતન નથી. એનો અર્થ કે એ અચેતન છે. રજકણ છે એનું કાંઈ નહિ. આહા..હા..! તકરાર... તકરાર.. અરેરે! આવા ટાણા માંડ. ૨૫-૫૦ વર્ષ, ૬૦ વર્ષ, ૭૦ વર્ષ થઈ રહ્યું ચાલ્યું ગયું. કોઈ ધણી ધોરી ક્યાંય નથી. છે કોઈ? કોઈ નહિ? આ શ્રાદ્ધ નાખે છે પાછળતો. શ્રાદ્ધ સમજો છો? કાગડાને નાખે છેને પૂરણપોળી. પણ એને પોગે કે નહિ કાંઈ કાગડો થઈને આવ્યો છે એને ખાવા મળે કે નહિ? તો એના સૌના બાપ કાગડા થતા હશે? આવી ભ્રમણા. બ્રાહ્મણોને ઓલા લોટ મળેને એને લઈને આવું ખોસી કાઢ્યું લાકડું. એના બાપનું ઓલું હોયને ત્યારે પીરસણું આપેને બ્રાહ્મણને? પા શેર ઘી, ઊંચું ઘી. લ્યો મારા બાપનું આજે શ્રાદ્ધ હતું. મહારાજને બોલાવો. બ્રાહ્મણ મહારાજને બોલાવે. પીરસણા લઈ જાવ. પીરસણા ન કહેવાય. શું કહેવાય? સીધુ-સીધુ. સીધુ. ગામડામાં તો બહુ થાય. આહા..હા..!

એની '**ટીકા :- એકીસાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિના અતિ નિકટપણાથી વેગપૂર્વક વહેતા અસ્વભાવભાવોના સંયોગવશે જે (અપ્રતિબુદ્ધ જીવ) અનેક પ્રકારના વર્ણવાળા આશ્રયની નિકટતાથી રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે,...**' આખું વાક્ય

છે. લાંબુ છે. શું કહે છે? જેમ સ્ફટિકમણિ જેમાં મૂકેલો હોય એ વસ્તુ. પીપળનું પાંદડું હોય, ઓલા પીળું પાંદડું હોય, લીલું પાંદડું હોય કે એની સામે સ્ફટિક મૂક્યો હોય તો સ્ફટિક પણ એવો દેખાય છે. લાલ અને પીળો દેખાય. એમ **'એકીસાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિની...'** આત્માને કર્મના નિમિત્તની ઉપાધિ એની અતિ નિકટતા-નજીકતા. એને લઈને **'વેગપૂર્વક વહેતા...'** એકદમ થતો એમ. રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ, કામ અને ક્રોધ. એવા **'અસ્વભાવભાવોના સંયોગવશે...'** દેખો! આહા..હા..! કર્મના બંધનની અનેક પ્રકારની ઉપાધિના નિકટપણાને લઈને. અતિનિકટ. નજીક છેને આમ બધું?

**'વેગપૂર્વક વહેતા...'** એટલે? એકદમ વિકાર થાય અને અસ્વભાવભાવો છે એ. એ વિકારીભાવ, જેમ એ સ્ફટિકરત્ન જેમાં મૂક્યો હોય એમાં જે લાલ આદિ દેખાય એ તો બધી ઉપાધિ છે. એ કાંઈ સ્ફટિકનો સ્વભાવ નથી. સ્ફટિકમણિ ધોળું, સફેદ જેમાં મૂક્યું હોય તો એવું બધું દેખાય. એ કાંઈ સ્ફટિકમણિનો સ્વભાવ નથી. એમ ભગવાન આત્મા ચૈતન્ય સ્વચ્છ પ્રભુ કર્મના નિમિત્તની ઉપાધિના અતિવેગે થયેલો અંદર. એટલે તરત થયેલો એમ. જ્યાં ઉદય આવ્યો અને વિકાર થયો એની સાથે. કાંઈ સમય બીજો નથી. જે કર્મનો ઉદય આવ્યો એ જ સમયે વિકાર થાય. એવું ક્ષેત્રથી નિકટપણું અને ભાવથી વેગપણું. એકદમ વહે છે. પુણ્ય અને પાપ ફડાક-ફડાક થતું અંદરથી. એવા **'અસ્વભાવભાવોના સંયોગવશે...'** લ્યો! **'અસ્વભાવભાવોના સંયોગવશે...'** દેખો! એ વિકારીભાવના સંયોગવશે. એ સ્વભાવ નથી. આહા..હા..!

**'જે (અપ્રતિબુદ્ધ જીવ) અનેક પ્રકારના વર્ણવાળા આશ્રયની નિટકતાથી રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે,...'** એ જાણે આ વિકારો મારા, નિકટતાથી ઉત્પન્ન થયેલા અને વેગપૂર્વક વહે વિકાર. એ બધા મારા છે એમ સંયોગવશ થઈને અજ્ઞાની માને છે. આહા..હા..! જ્ઞાનમાં તો દેખાવ આપે છે. જ્ઞાન એનું થાય એ તો જ્ઞાન થાય છે, છતાં એને જ્ઞાનમાં ભિન્નતાનું ભાન નથી એટલે જાણે આ રાગ અને દ્વેષનો સ્વભાવીભાવ એ મારામાં થાય છે. એને વશ પડી ગયો છે એ અનાદિથી. આમ ત્રિકાળ સ્વભાવને વશ નથી. ત્રિકાળી જે ચૈતન્ય સ્વભાવ એનો આનંદ છે એની ખબર નથી. એના વશ હોય તો આને વશ ન હોય અને આને વશ હોય તો એને વશ ન હોય. કહો, સમજાણું કાંઈ? **'અનેક પ્રકારના વર્ણવાળા આશ્રયની નિકટતાથી...'** આશ્રય એટલે જેમાં સ્ફટિક મૂક્યું હોય તે. એવા **'રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે,...'** જાણે સ્ફટિકપાષાણ રંગાઈ ગયેલો હોય, રંગાવાના નિમિત્તમાં નજીક પડેલું છે એથી એનાથી રંગાયેલું હોય એવું અજ્ઞાનીને ભાસે છે. એમ ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશનું નૂર-પૂર સ્ફટિક જેવો છે. એને કર્મના નિકટપણાના વેગે પ્રવર્તેલા સ્વભાવભાવ, પુણ્ય-પાપના ભાવ એને વશ થયેલો, જાણે હું આ રાગ અને દ્વેષવાળો છું એમ અજ્ઞાનીને

ભાસે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'અત્યંત તિરોભૂત પોતાના સ્વભાવભાવપણાથી જે જેની સમસ્ત ભેદવિજ્ઞાન જ્યોતિ અસ્ત પામી ગઈ છે એવો છે,...'** આહા..હા..! એ શુભ અને અશુભ રાગથી જાણે રંગાઈ ગયેલો હું છું. ઓલા સ્ફટિકમણિની જેમ. અત્યંત તિરોભૂત. વસ્તુનો સ્વભાવ તો ઢંકાઈ ગયો એને. એ રાગ જ ભાસે છે. હું રાગ છું, પુણ્ય છું, પાપ છું બસ. વસ્તુ ઢંકાઈ ગઈ. કહો, સમજાણું? કાચા લાકડા હોયને ચૂલામાં બળતા હોય કાચા લાકડા અને અંદર લાપસી રંધાતી હોય. લાપસી સમજ્યા? કંસાર બને છેને. તપેલામાં હોય કંસાર અને હજી તો ઉનું થતું હોય ત્યાં સુધી હલાવે નહિ, પછી હલાવે વળી. નીચે ઓલો ધુમાડો કાચા લાકડાનો. આખા ચૂલાની આસપાસ ધૂમાડો દેખાય. ઓલું લાપસીનું તપેલું એકકોર પડ્યું રહ્યું. દેખાય નહિ. એમ અજ્ઞાનપણે પુણ્ય-પાપના ધુમાડા જ એકલા દેખાય છે કહે છે. ધુમાડાની પાછળ આખો ચૈતન્ય રત્ન પડ્યો છે એ ઢંકાઈ ગયો એને તો. એની એને ખબર નથી. અસ્ત થઈ ગયો એમ કહે છે. અને ભેદવિજ્ઞાન જ્યોતિ અસ્ત થઈ ગઈ. રાગથી જુદો પાડવાની શક્તિ અસ્ત-આંધળી થઈ ગઈ. આહા..હા..! એવો અનાદિનો છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૧૧, ગુરુવાર, તા. ૧૦-૦૨-૧૯૭૨
## ગાથા-૨૩ થી ૨૫, પ્રવચન-૯૫

૨૩ થી ૨૫ ગાથા. એની ટીકા. **'અપ્રતિબુદ્ધને સમજાવવાનો પ્રયત્ન કરે છે :--'** એ વાત છે. અનાદિથી અજ્ઞાની પોતાના સ્વરૂપનો અજાણ, પરના સ્વરૂપને પોતાનું માને છે. એ મિથ્યાત્વભાવ સંસારના પરિભ્રમણનું કારણ છે. કઈ રીતે કહે છે માને છે. ટીકા. જેમ સ્ફટિકરત્ન છે સ્ફટિક. જે કોઈ ચીજમાં મૂક્યું હોય એની છાંય જાણે એમાં હોય, લાલ, પીળી દેખાય. એથી સ્ફટિકને અજ્ઞાની એવા રંગવાળો જાણે છે. એમ ચૈતન્ય સ્ફટિક ભગવાન આત્મા **'એકીસાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિના...'** જેમ સ્ફટિકને મૂકેલી ચીજની ઉપાધિ. આને કર્મના નિમિત્તની ઉપાધિ. **'એકીસાથે અનેક પ્રકારની બંધનની ઉપાધિના**

**અતિ નિકટપણાથી વેગપૂર્વક વહેતા...**' એ વેગમાં ચડ્યો છે એ વિકારના વેગે. જેવું કર્મનું નિમિત્ત આવે તે તરફના લક્ષે વિકારના વેગે ચડ્યો છે. સમજાણું કાંઈ? જેમ સ્ફટિક રત્ન છે. જે ચીજમાં એ મૂકે એવી એમાં છાયા એવી એમાં દેખાય. એથી સ્ફટિકને નહિ જોનાર એને એવા રંગવાળો સ્ફટિક દેખાય છે, પણ સ્ફટિક નિર્મળ છે એમ દેખતો નથી. એમ આ ચૈતન્ય પ્રકાશમય પ્રભુ હીરો, ચૈતન્ય હીરો છે પ્રકાશમય ભગવાન. એને કર્મના નિમિત્તની નિકટતાના સંબંધમાં ક્ષણે ક્ષણે પુણ્ય ને પાપ આદિ, રાગાદિ વિકાર એક પછી એક વેગે ચડેલો ભાવ ઉત્પન્ન થયા કરે છે.

એ '**અસ્વભાવભાવોના સંયોગવશે...**' એ શુભ અને અશુભ વિકલ્પો રાગ, વિભાવ એ અસ્વભાવભાવ છે. પોતાનો સ્વભાવ નથી. એવા '**અસ્વભાવભાવોના સંયોગવશે...**' એ સંયોગી વિકારને વશે થયેલો અનાદિનો છે. સમજાણું કાંઈ? '**જે (અપ્રતિબુદ્ધ જીવ) અનેક પ્રકારના વર્ણવાળા આશ્રયની નિકટતાથી રંગાયેલા સ્ફટિકપાષાણ જેવો છે,...**' સ્ફટિકમણિ રંગાયેલો છે એવું જેમ દેખે એમ અજ્ઞાની પોતાનો સ્વભાવ ભૂલી ગયો છે અનાદિથી. એને પુણ્ય અને પાપના વિચિત્ર રંગવાળા વિકાર એવો એને ભાસે છે. સમજાણું કાંઈ? એ મિથ્યાદૃષ્ટિ છે. ચૈતન્યના શુદ્ધસ્વભાવ સ્ફટિક જેવું સ્વરૂપ એનું. 'જેમ નિર્મળતા સ્ફટિકતણી તેમ જ જીવસ્વભાવ.' આવે છેને? યશોવિજય. સ્ફટિકરત્ન જેમ નિર્મળ છે એમ ચૈતન્ય ભગવાન જ્ઞાન અને આનંદથી નિર્મળ છે. ચૈતન્યના સ્વભાવને જોવે તો એ તો નિર્મળ આનંદમય છે. પણ એ સ્વભાવને અનાદિથી ન જોતાં જે અંદરમાં શુભ અને અશુભના વિકારી ભાવો અસંખ્ય પ્રકારના એ રંગાયેલા સ્ફટિકની પેઠે એ વિકારીભાવને જ એ અજ્ઞાની ભાળે છે. વિકારની પાછળ ત્રિકાળી ચિદાનંદ સ્વભાવને એ જોતો નથી. સમજણું કાંઈ?

'**અત્યંત તિરોભૂત પોતાના સ્વભાવભાવપણાથી...**' આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશનો નૂર એ પુણ્ય-પાપના ભાવના વશે થયેલાને સ્વભાવભાવ દેખાતો નથી. પૈસાબૈસાનું તો ક્યાંય રહી ગયું એ તો.

મુમુક્ષુ :- એ તો દેખાય છે. આ દેખાતું નથી.

ઉત્તર :- એ પણ દેખાતું નથી. પૈસા વખતે જાણે છે એ તો જ્ઞાનની પર્યાય છે. અહીંયાં તો કહે છે કે ભગવાન આત્માને કેમ નથી જાણતો અનાદિથી? મૂઢ થયેલો ચૈતન્યના સ્વભાવને ઢાંકી દીધો. પુણ્ય-પાપના ભાવના .. આગળ આનંદમૂર્તિ જ્ઞાનના પ્રકાશનો પૂંજ પ્રભુ તિરોભૂત થઈ ગયો. ઢંકાઈ ગયો છે. કહો, સમજાણું કાંઈ? જૈનનો સાધુ થાય, નગ્ન દિગંબર થાય, તોપણ એ પુણ્ય-પાપના વિકલ્પની લાગણીને વશ થયેલો છે. સમજાણું કાંઈ? એવા સ્વભાવભાવના '**પોતાના સ્વભાવભાવપણાથી જે જેની સમસ્ત ભેદજ્ઞાનરૂપ જ્યોતિ...**' આહા..હા..! એ પુણ્ય-પાપના રાગ એનાથી ભિન્ન ચૈતન્ય જ્યોતિ છે. એને જુદા પાડવાની

શક્તિ આમ અસ્ત થઈ ગઈ છે. કહો, સમજાણું કાંઈ? ઘઉં અને કાંકરા જેમ જુદાં છે એમ એ પુણ્ય અને પાપના ભાવ કાંકરા અને ચૈતન્ય ભગવાન એકલો ઘઉં રત્ન સમાન. બેને જુદા પાડવાની શક્તિ જેને આથમી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'સમસ્ત ભેદજ્ઞાનરૂપ જ્યોતિ...'** એમ કીધું છે. પુણ્ય-પાપનો રાગ એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ એ વિકલ્પને જ ભાળે છે. એ આત્મા અજ્ઞાની અનાદિથી વિકલ્પવાળો ભાળે છે. એ એનું મિથ્યાત્વપણું, અજ્ઞાનપણું છે. કહો, સમજાય છે કાંઈ?

**'અને મહા અજ્ઞાનથી જેનું હૃદય...'** એવો ભગવાન ચૈતન્ય નિર્મળાનંદ પ્રભુ રાગની આડમાં ઢંકાઈ ગયો એને. આહા..હા..! એને રાગ જ ભાળે છે. રાગ વિનાનો સ્વભાવ જેને આત્મા કહીએ એને એ જોતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'મહા અજ્ઞાનથી જેનું હૃદય...'** એટલે જ્ઞાન **'પોતે પોતાથી જ વિમોહિત છે—'** જુઓ. કર્મને લઈને એ મિથ્યાત્વભાવ છે, રાગને પોતાનો માને છે એ કર્મને લઈને છે એમ નથી. **'પોતે પોતાથી જ...'** કથંચિત્ કર્મથી અને કથંચિત્ પોતાથી એમ રાખે તો? કારણ કે એવું કહ્યું છેને ઓલામાં નહિ? દીકરો એ માતા-પિતાનો એકનો એક દીકરો હોય. બે ભેગા થઈને. એવું આવે છે. માટે વિકાર એકલા જીવનો નહિ, વિકાર એકલા કર્મનો પણ નહિ. એવું આવે છે. એ મૂકે છે મોઢા આગળ. એ તો નિમિત્તપણાનું જ્ઞાન સાથે કરાવાની વાત છે. આહા..હા..! બાકી તો પોતાનો સ્વભાવ ભૂલેલો એ પોતાને કારણે છે. સમજાણું કાંઈ? 'અપને કો આપ ભૂલ કે હેરાન હો ગયા.' પોતાની જાત અંદર ચૈતન્ય આનંદ એને આત્મા કહીએ. એવા અસ્વભાવભાવને અસ્વભાવભાવને વશ થયેલો, તાબે થઈ ગયો એ પુણ્ય-પાપના રાગને આધિન. એને આ સ્વભાવભાવ તિરોભાવ ઢંકાઈ ગયો છે. એને ઢંકાઈ ગયો છેને. છે તો છે. સમજાણું કાંઈ? જુઓ આ મૂળમાં ભૂલ. બીડીયુંવાળા, મોટરવાળા એમ નથી લીધું આમાં. એ જ મોટર હાથી હતા લ્યોને. હાથી અને ઘોડા તો હતાને પહેલાં? હાથી-ઘોડામાં .. એમ અહીં તો વાત જ નથી. અહીંયાં તો અંદર પુણ્ય-પાપના વિકાર, કર્મના નિમિત્તની નિકટતાના સંબંધમાં જોડાવાથી વેગપૂર્વક પ્રવાહ વહે છે વિકારનો કહે છે. એને પોતાનું માનતો અસ્વભાવભાવને વશે થયેલો સ્વભાવભાવ જેને ઢંકાઈ ગયો છે. આહા..હા..! ભગવાન એકકોર પડ્યો રહ્યો. ઓલો જે પામર વિકારીદશા એને પોતાની એકતાપણે માની. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? બાયડ્યું, છોકરા, શરીર, એ તો ક્યાંય પર રહ્યા એ ક્યાં અંદર ગરી જાય છે એની પાસે? એ એના છે ક્યાં? નહિ? આ તો એના કરીને માન્યા એ વિકારને એના કરીને માન્યા છે. આહા..હા..! એ માન્યતામાં એ કરી શકે છે એમ કહે છે. છેને? **'પોતે પોતાથી જ વિમોહિત છે—'** મૂઢ થઈ ગયો છે. આહા..હા..!

કાલે દાખલો આપ્યો હતોને. શેનો આપ્યો હતો દાખલો? લાપસીનો નહિ આપ્યો? ધુમાડો.

લાપસી રાંધતા હોયને આ બૈરા લાપસી. એમાં લાકડા હોય કાચા. કાચા લાકડા. ધુમાડો બહુ થાય છે. આખો ચૂલો જે છે, ચૂલા ઉપર તપેલી હોય અને એમાં લાપસી રંધાતી હોય. ઓલા કાચા લાકડાના ધુમાડાને લઈને આમ ચારેકોરથી જોવે તો તપેલી અને લાપસી તો છે જ નહિ. આ જ છે ધુમાડો. એમ અનાદિ અજ્ઞાનીને ચારે બાજુથી કર્મના નિકટના સંબંધમાં ધુમાડા ઊભા થાય છે, પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ વિકારીભાવ. ભારે વાતભાઈ! એમાં ઢંકાઈ ગયો, એમાં થંભાઈ ગયો અને શોભા રોકાઈ ગઈ. આહા..હા..! કહો, વસંતીલાલજી! આવી ભૂલ. આહા..હા..! મહામિથ્યાત્વની મોટી ભૂલ. કષાયખાના કરતા મિથ્યાત્વનું મહાપાપ છે. એ લોકોને આવા પાપની નીચતા અથવા એની કેટલી હલકાઈ છે એની ખબર નથી. આમાં કોને માર્યો? પોતાને માર્યો. પોતે શુદ્ધ ચૈતન્યઘન અનાદિ અનંત વસ્તુ છે એને ન માનતા એનાથી અસ્વભાવ વિરૂદ્ધભાવ એને પોતાના માન્યા એ આત્માની હિંસા કરી. ધીરૂભાઈ! આનું નામ હિંસા છે હોં! બહારની વાતું કોણ જાણે... કહો, મૂળચંદભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- અહિંસો પરમો ધર્મ.

ઉત્તર :- આ અહિંસા પરમો ધર્મ. રાગની ઉત્પત્તિ ન થાય સ્વભાવની દૃષ્ટિ કરે તો, જેમાંથી વીતરાગી આનંદની ઉત્પત્તિ થાય એનું નામ અહિંસા પરમો ધર્મ એને કહે છે. આહા..હા..! રાગનો ભાવ ઉત્પન્ન થાય ચાહે તો દયા, દાન, વ્રતાદિનો. પણ એમાં પોતાપણું માની અને સ્વભાવને ભૂલી ગયો એ. આ જ મહામિથ્યાત્વ અને વિમોહિત મૂઢદશા છે. આહા..હા..! કહો, પ્રકાશદાસજી! આ પ્રકાશ જ ઢાંકી દીધો એમ કહે છે. ચૈતન્ય પ્રકાશનું પૂર છે. ચૈતન્યનો પ્રકાશનું નૂર છે ભગવાન. એકલો ચૈતન્ય પ્રકાશથી ભરેલો ભગવાન, એને કર્મના નિકટના સંબંધમાં પુણ્ય-પાપનો અંધકાર એને વશ થયો, પર્યાયબુદ્ધિથી એમ કહે છે. જુઓ એની બુદ્ધિ પર્યાયબુદ્ધિ એટલે વિકારબુદ્ધિ થઈ. વિકારબુદ્ધિમાં સ્વભાવભાવને એણે ઢાંકી દીધો. એ જ હિંસા. પોતાનું જીવન શુદ્ધ નિર્મળ વસ્તુ અસ્તિ છે એને ન માનતા રાગને પોતાનો માન્યો એ પોતાના અસ્તિત્વના શુદ્ધભાવનો નકાર છે એ જ હિંસા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પોતે પોતાથી જ...'** એમ શબ્દ છે. **'स्वयमज्ञानेन'** એમ છેને એ? **'स्वयमज्ञानेन'** એમ. **'विमोहितहृदयो भेदमकृत्वा'** આહા..હા..! ઘઉં અને દાણા બે ભેગા. ઘઉં અને કાંકરા. માણસો તો એમ કહેને કે શું વીણો છો? ઘઉં વીણીએ છીએ એમ બોલેને? ઘઉં વીણે છે? ઘઉં વીણે તો લાખો ઘઉં હોય, તો વીણે તો પાર ન આવે. કાંકરા વીણે, અંદર ઓલા કાંકરા હોયને. પૂછે તો એમ બોલે મારા. શું કરો છો? ઘઉં વીણીએ છીએ. કાંકરા વીણે છે એમ કહેને.

મુમુક્ષુ :- કયા અનાજમાંથી વીણે છે એ ખબર ન પડે. એટલે ઘઉંનું નામ આપ્યું.

ઉત્તર :- એમ. બરાબર છે પણ એ ઘઉંનો ક્યાં ઘઉં વીણતો હતો? કાંકરા વીણે છે. એમ આત્મા આત્માને ક્યાં જાણે છે એ? પુણ્ય-પાપના કાંકરાને આત્મા જાણે છે. આહા..હા..! ભાઈ! એ પુદ્‌ગલ છે ખરેખર તો એમ કહે છે. કર્મના નિમિત્તથી થયેલી પોતામાં પોતાને કારણે પુણ્ય-પાપની ઉપાધિનો ભાવ ખરેખર ચૈતન્યથી વિરૂદ્ધ અસ્વભાવભાવ પુદ્‌ગલ છે. એ જેનું '**મહા અજ્ઞાનથી...**' પાછો શબ્દ આમ વાપર્યો છેને? આહા..હા..! મહત્તા. આહા..હા..! મહત્તા શબ્દ પડ્યો છે ત્રીજી લીટી. '**ज्योतिर्महता स्वयमज्ञानेन**' એ. .. આહા..હા..! રાખવો જોઈએ આત્મા એને ઠેકાણે રાખ્યો પુણ્ય-પાપનો અંધકાર રાગ. મહાજ્ઞાન એને ચૈતન્યમાં સ્વરૂપ શું છે? હું ક્યા સ્વરૂપે, સ્વભાવે છું? એની એને ખબર નથી. આહા..હા..! અહીં તો હજી જરી દુકાન સરખી ચાલે, પૈસા આ થાય કે આ મારા, આ મારા, આ મારા. એ તો મૂઢ મોટો છે કહે.

મુમુક્ષુ :- પાછો મોટો શું કરવા કીધો એને?

ઉત્તર :- આ મોટો આને મોટો કીધો, એથી તો ઓલો મોટો મહા મૂઢ છે. મહા એટલે મોટો. આહા..હા..! ભારે ભાઈ! દુનિયામાં જેની કિંમત ટંકાઈ. પાંચ-પચ્ચીસ લાખ પેદા કરતો હોવો જોઈએ. અહીં કહે છે કે મૂર્ખ છું હું તો.

મુમુક્ષુ :- ત્યાગી પુરુષો તો એમ જ કહેને.

ઉત્તર :- ત્યાગી નહિ વસ્તુની સ્થિતિ એવી છે. આહા..હા..! ભગવાન જ્ઞાનનો સ્વભાવથી ભરેલો, ચૈતન્યના પ્રકાશનું પૂર એને પોતાના સન્મુખ થઈને ન જાણતાં, એનાથી વિરૂદ્ધ પુણ્ય અને પાપના ભાવમાં પોતાપણે માની, પોતાના અજ્ઞાનથી, પોતે પોતાથી મૂઢ થઈ ગયો છે. લ્યો! જુઓ આમાં કર્મને લઈને છે અને દર્શનમોહને લઈને અજ્ઞાન છે એમ નહિ. તમારે ત્યાં આમ છેને. કર્મને લઈને છે એમ માનો. એમ કહેતા નથી? એ શર્ત પહેલી હતી. કર્મને લઈને આત્મા રખડે છે એ પહેલું માનો તો આપણે ચર્ચા કરીએ કહે. આહા..હા..! લ્યો આ મોટા એમના ગુરુ હતા. એમની સાથે ચર્ચા એને કરવી હતી. તો એ કહે કે ભાઈ જુઓ પહેલો બોલ એ કરો શર્ત. કે કર્મને લઈને આ થાય રખડે છે એ કબુલ છે તમારે? પછી આપણે ચર્ચા કરીએ. આ કહે અમને કબુલ નથી. ભાઈ! ગજબ કર્યા છેને પણ? શેઠ! પોતે પોતાને ભૂલ્યો તો કહે કર્મે મને ભૂલાવ્યો. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' આવે છેને. સ્તુતિમાં આવે છે. આહા..હા..! 'અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતી પાયી' કર્મે અમને રાજા કર્મે રંક. કર્મે હેરાન કર્યા અમને. લ્યો! સમજાણું કાંઈ? જૂના માણસે હેરાન કર્યા, નવા માણસે હેરાન કર્યા, બધા હેરાન કર્યા મને કહે. રામજીભાઈ કહે ભાઈ બધાને હેરાન કર્યા હવે તું તો કર આક્ષેપ નાખે છે. એય..! વજુભાઈ! આહા..હા..! ભારે ભાઈ!

એકકોર ચૈતન્ય જ્ઞાન આનંદનો ઢગલો પોતે છે અને એક બાજુ કર્મના નિમિત્તથી થયેલી

ઉપાધિનો વિકારીભાવ. હવે એ વિકારીભાવ અજ્ઞાનપણે પોતાના ભાન વિના એને પોતાના માનીને રઝળે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! **'એવો અપ્રતિબુદ્ધ જીવ...'** એવો અજ્ઞાની અપ્રતિબુદ્ધ જીવ **'સ્વપરનો ભેદ નહિ કરીને...'** આહા..હા..! એ રાગના પરિણામ અને આત્માના જ્ઞાનાનંદ સ્વભાવ બેની જુદાઈ નહિ કરીને. સમજાણું કાંઈ? **'પેલા અસ્વભાવભાવોને જ...'** જુઓ, પહેલા એટલે ઓલા એમ. **'અસ્વભાવભાવોને જ...'** એ શુભ અને અશુભ રાગ, પુણ્ય અને પાપનો વિકાર એને જ. **'(પોતાના સ્વભાવ નથી એવા વિભાવોને જ)...'** પોતાના કરતો. છે તો અસ્તિત્વ. છે જીવ-અજીવનું અસ્તિત્વ. પણ એ જીવમાં રાગને પોતાના કરતો. એટલે પોતાના અસ્તિત્વમાં નથી તેને અસ્તિત્વમાં માનતો. એમ. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ઝીણું આ.

ભગવાન આત્મા ચૈતન્યપૂંજ પ્રભુ એમાં એ રાગનો વિકલ્પ છે નહિ. છતાં એના અસ્તિત્વમાં રાગ જ છે એમ પોતે રાગને કરતો એટલે રાગપણે હું છું એમ માનતો. **'પુદ્‌ગલદ્રવ્યને 'આ મારું છે' એમ અનુભવે છે.'** આહા..હા..! બહુ સરસ અધિકાર છે. કેમકે ચૈતન્ય આનંદ અને જ્ઞાનનો સ્વભાવ એનો જ્યાં અનુભવ નથી. એનું જ્યાં અંદરમાં તીક્ષ્ણબુદ્ધિથી ભેદજ્ઞાન કરીને એનો પત્તો લીધો નથી. ભેદજ્ઞાનજ્યોતિ અસ્ત થઈ ગઈ છેને? એને એ રાગ તે પુદ્‌ગલ છે ખરેખર. જે ભાવે સર્વાર્થસિદ્ધનો ભવ મળે, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પુદ્‌ગલ છે. નવનીતભાઈ! આહા..હા..! પરદ્રવ્ય છે એ. અરે ભગવાન! શાંતિથી જોતો ખરો. એકતા. એ રાગ છે એ પુદ્‌ગલ છે. એમ કહ્યુંને જુઓને. **'પુદ્‌ગલદ્રવ્યને 'આ મારું છે' એમ અનુભવે છે.'** એ રાગ મારો છે એમ અનુભવે એ પુદ્‌ગલને અનુભવે છે. સમજાણું કાંઈ? આત્માને અનુભવતો નથી. આહા..હા..! ભારે ભાઈ ભૂલ આવી. આ રાગને પોતાનો માનીને વેદવું, અનુભવવું એ જ મોટી મૂઢતા, હવે એની પાપની તો એને કિંમત નથી. બહારનો આ પરિગ્રહ છોડો, બાયડી છોડો, છોકરા છોડો, છૂટી ગયા. ધૂળેય છોડ્યું નથી સાંભળને. એય..! મૂળચંદભાઈ! પણ પોતે કરી શકે નહિ શેઠિયા ત્યાગ એટલે ત્યાગ બીજાનો દેખે એટલે જય મહારાજ. આહા..હા..! બહુ ત્યાગ કર્યો છે. એય..!

મુમુક્ષુ :- ત્યાગ દેખાય છેને.

ઉત્તર :- શું દેખાય છે? કાંઈ દેખાતું નથી. એ તો એનો આત્મા આત્મામાં છે અને રાગને પોતાનો માને એ માન્યતામાં છે. બહારનો ત્યાગ છે એ તો વસ્તુ તો એમાં નહોતી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પુદ્‌ગલદ્રવ્યને 'આ મારું છે'...'** જુઓ, આ. એમ કીધુંને આ. એ રાગ આ એ મારું છે. એ રાગ વિનાની ચીજ એને તો ઢંકાઈ ગઈ છે અંદર. ભાન છે નહિ. એ દાખલાનો ખુલાસો કરે છે હવે. દાખલો આવ્યો હતોને અંદર. **'(જેમ સ્ફટિકપાષાણમાં અનેક પ્રકારના**

વર્ણની...' એટલે રંગ એની '**નિકટતાથી અનેકવર્ણરૂપપણું દેખાય છે, સ્ફટિકનો નિજ શ્વેત-નિર્મળભાવ દેખાતો નથી તેવી રીતે અપ્રતિબુદ્ધને...**' નહિ તત્ત્વને સમજેલા એને '**કર્મની ઉપાધિથી આત્માનો શુદ્ધસ્વભાવ...**' રાગાદિની ઉપાધિથી શુદ્ધસ્વભાવ આચ્છાદિત થયેલો છે. એને દેખાતો નથી. રાગના સ્વભાવને આધિન થયેલાને શુદ્ધસ્વભાવ આચ્છાદિત થઈ રહ્યો છે એથી એને દેખાતો નથી. આ કારણે દેખાતો નથી એમ કહે છે. જ્ઞાનના વિકલ્પમાં હજી અંધકાર અજ્ઞાન છે. એને તાબે થયેલાને આત્મસ્વભાવ જણાતો નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? પંચમહાવ્રતના પાળતો હોય, નગ્નપણું હોય.

મુમુક્ષુ :- નગ્ન તો શરીર છે.

ઉત્તર :- શરીર પણ એમ કે આ બધું છોડ્યુંને. વસ્ત્ર છોડ્યા આ ટાઢમાં. છોડે ગ્રહણ-ત્યાગ છે જ ક્યાં એની ચીજમાં? ફક્ત રાગને પોતાનું માને એવી ઉંધી માન્યતાની યોગ્યતા છે. પણ પરને પોતાનું રાખે અને પાળે એવું કાંઈ એનામાં છે નહિ. આહા..હા..!

'**તેવી રીતે અપ્રતિબુદ્ધને કર્મની ઉપાધિથી આત્માનો શુદ્ધ સ્વભાવ આચ્છાદિત થઈ રહ્યો છે—**' રાગના ભાવમાં પરવસ્તુ અહીં લીધી નથી. અહીં તો ફક્ત કર્મના નિમિત્તની નિકટતાથી થતાં વિકારીભાવ એના સ્વભાવથી, એનો સ્વભાવ એમાં ઢંકાઈ ગયો. એથી વિકારને દેખનારા સ્વભાવને દેખતા નથી. લ્યો આ તો પણ સમજણ અને દેખવા ઉપર આખી વાત છે. '**તેથી પુદ્ગલદ્રવ્યને પોતાનું માને છે.**' જે વસ્તુ જે રીતે છે ચૈતન્ય પ્રકાશની મૂર્તિ એ રીતે ખ્યાલમાં, અનુભવમાં જ્ઞાનમાં આવ્યો નહિ. તો ક્યાંક પોતાપણે માનવું તો પડશેને. તો રાગમાં પોતે છું એમ માને છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? '**એવા અપ્રતિબુદ્ધને હવે સમજાવવામાં આવે છે...**' હવે સમજાવામાં આવે એ નક્કી કર્યું કે આ રીતે અપ્રતિબુદ્ધ થયો. આહા..હા..! બહારથી મુંડાવીને બેસે, બાયડી, છોકરા છોડીને બેસે, એ તો છૂટેલા જ હતા. મુંડાવીને જડને આમાં વાળબાળ તોડે એમાં જડનું એમાં આત્માને શું? અંદર આલોચન કર્યું નહિ. રાગથી ભિન્ન પાડવાનું આલોચન કર્યું નહિ. એ લોચ કરતા તો આવડ્યો નહિ.

મુમુક્ષુ :- બહારમાં..

ઉત્તર :- બસ એ જ કીધુંને. તમે કરી શકો નહિ એટલે દેખાય કે ઓહો..હો..! .. ખેંચે ત્યારે ઓલા ભાવ ભેગા થાય. આઠ-દસ હજાર માણસો. આહા..હા..! શું સહન કરે છે કસોટી? બુદ્ધિ વિનાના બાવા થયા, ભવસાગરમાં બૂડી મુઆ એમ છે એમાં. સમજાણું કાંઈ? આહા..હા..! જેને રાગમાં પોતાપણે માન્યતા એને રાગથી ભિન્ન પાડવાની શક્તિ તો અસ્ત થઈ ગઈ છે. આહા..હા..! એટલે કે ભેદજ્ઞાન નથી. રાગથી એકપણાનું અભેદજ્ઞાન છે. આ ભેદજ્ઞાન અને આ ભેદનું જ્ઞાન. ત્રિકાળ અભેદ ચૈતન્યમૂર્તિ એકરૂપ. .. સમ્યગ્દર્શન-

જ્ઞાન-ચારિત્રના ભેદ નહિ. એવું અભેદ એની જે દૃષ્ટિ એનું નામ સમ્યક્. સમજાણું કાંઈ? અને આની સાથે અભેદતા. રાગની સાથે અભેદતા. ચૈતન્યના પ્રકાશને રાગના અંધકાર સાથે અભેદતા. એ મિથ્યાત્વ છે. આહા..હા..! આ તો બધા ઘણા કહેવાય મારા. બાયડી મારા, છોકરા મારા, પૈસા મારા, આબરૂ મારી, હજીરા મારા. હજીરા મકાન મોટા. કેટલા મારા એને.

મુમુક્ષુ :- ધંધાની આબરૂ હોય એને અંગ્રેજીમાં ગુડવીલ કહે, એના પૈસા મુંબઈમાં ઢગલાબંધ આવે.

ઉત્તર :- આવે. ધૂળમાં આવે એમાં શું? મૂર્ખ છે મોટા. શેઠ અહીં તો એવું છે. હુતાસણી સળગે છે લ્યો. આહા..હા..! હુતાસણી સમજો છો? આ હોળી નથી હોતી? હુતાસણી- અગ્નિ. હોળી ઉતાસણી. હોળી કહે છે. આ આવી થોડા દિ' રહ્યાને. આહા..હા..! કહે છે એવો જે અપ્રતિબુદ્ધિ પહેલા નક્કી કર્યો કે અપ્રતિબુદ્ધિનું સ્વરૂપ શું? અને અપ્રતિબુદ્ધ કેમ થયો છે?

મુમુક્ષુ :- કેમકે .. એના સમજાવ્યા, બીજા..

ઉત્તર :- કોને? એ તો કર્મને સમજાવું? કર્મને લઈને ભૂલ્યો છે માટે કર્મને સમજાવ. ભાઈસાહેબ ખસી જા તું. આ તે એને સમજાવે અપ્રતિબુદ્ધ. અને બીજી રીતે કોઈ કહે આ સમયસાર પણ મોટા છઠ્ઠા ગુણસ્થાનવાળા અને ઓલા માટે છે. પણ એ તો અપ્રતિબુદ્ધને સમજાવે છે. આવો માન્યતાવાળો એને સમજાવે છે અહીં તો. પોતે સમયસાર તો મુનિને માટે હોય, એ ત્યાગી હોય .. હોય. ઓલામાં આવ્યું નહોતું તમારે? સમ્યગ્જ્ઞાન અનુભવમાં. પાંચમા ગુણસ્થાન. રાતે વાંચતા હતાને. સ્વાત્માનુભવન મનન. એમાં આવ્યું હતું. ઓલું છે કે નહિ? એમ કે આવી તપસ્યા હોય ફલાણું હોય, ફલાણું હોય પછી એનું..

મુમુક્ષુ :- શરૂઆતમાં પેરેગ્રાફ હતો.

ઉત્તર :- પહેલામાં હતો. એમ નથી. સમયસારની પહેલા શરૂઆતમાં જ મૂક્યું. કોઈ કહે કે ભાઈ આને માટે આમ છે-આમ છે. એમ નથી. આ તો અપ્રતિબુદ્ધ અજ્ઞાની રાગને અનાદિથી પોતાનો માને છે એવા અપ્રતિબુદ્ધને આ સમયસાર સમજાવવામાં આવે છે. આહા..હા..! . સમયસારમાં એનું માથુ ન કરેને. હાય. હાય. પહેલેથી.. આ અમે ત્યાગ કરીએ એ ત્યાગમાં પણ કાંઈ ફળ નહિ? બરાબર છે, ફળ નથી. મિથ્યાત્વ છે એના ફળ છે મિથ્યાત્વનું. એ રાગની એકતાથી પરિણમી ગયો એ એને ઠેકાણે પરને છૂટા કર્યા એ મેં છોડ્યા. છૂટા છે એને છોડ્યા. એ તો મિથ્યાત્વની પુષ્ટિ કરે છે. આહા..હા..! શું કરું ભાઈ!

'**એવા અપ્રતિબુદ્ધને હવે સમજાવવામાં આવે છે કે :—એ દુરાત્મન્!**' લ્યો! એક ઠેકાણે ભગવાન આત્મા એમ કહે છે. ૭૨ ગાથામાં એમ કહે છે. '**એ દુરાત્મન્!**' અરે! તારી જાતને ભૂલેલો. આહા..હા..! ભગવાન અમૃતનો સાગર ભગવાન પોતે છે. એને ભૂલીને

રાગને ઝેરને પોતાના તે માન્યા છે. આહા..હા..! **'એ દુરાત્મન્!'** ઉંધે પડખે ચડી ગયો એવો અહીંયાં દુરાત્મા કહેવામાં આવે છે. **'આત્માનો ઘાત કરનાર!'** લ્યો! આત્માનો ઘાત થાતો હશે? છેને? **'आत्मपंसन्'** **'पंसन्'** ઘાત. હલકો. **'पंसन्'** બે શબ્દ છેને? **'રે दुरात्मन्, आत्मपंसन्'** હલકો આત્મા. આણે તો આમ અર્થ કર્યો છે. ઘાત કરનારા. ..નો અર્થ ઘાત કરનારા થાય છે. દુરાત્મન તો એક આનો અર્થ થયો. **'आत्मपंसन्'** શું છે સંસ્કૃત? નષ્ટ કરનારા. નષ્ટ કરનારા. **'आत्मपंसन्, जहीहि जहीहि'** એમ કહે છે. આહા..હા..! આત્માને રાગવાળો માનનારા હે અજ્ઞાની! એમ કહે છે. હવે તારો સ્વભાવ છે એનો તો ઘાત કરનાર છો તું. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

પરનો ઘાત કરી શકે એમ નથી. પરજીવની હિંસા કરે, પરની દયા પાળે એ આત્મામાં તાકાત નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! તું તારી દયા પાળી શકે અને તું તારો ઘાત કરી શકે એ તારો છે. આહા..હા..! ભારે .. જ્ઞાન ભાઈ આ. ઓલા તો અહિંસા પરમો ધર્મ, અહિંસાં સંયમો.. સમયં.. અમારે હિરાજીમહારાજ કહેતા ભગવાન અહિંસા સમયંતે. કોઈ જીવને ન મારવો એ અહિંસા સારા સિદ્ધાંતનો સાર છે. અહીં કહે છે કે એ સાર નહિ. તારા સિદ્ધાંતનો સાર રાગને સ્વભાવને ભિન્ન કરીને આત્માના સ્વભાવને જાણવો, માનવો એ અહિંસા સમયનો સિદ્ધાંતનો સાર છે. એ ધર્મ છે. આત્માનું કરવું એ કાર્ય અને એ ધર્મ. આહા..હા..! ભારે એક તો બેસવું કઠણ માંડ માંડ. ઓલા સંસારના કામમાં ઘૂસાઈ ગયો ૨૪ કલાક. એમાં એક કલાક માંડ મળે એમાં મળે આવું પાછું બીજું. ઓલા તો કહે પરોપકાર કરો, આપણે મંડળ બાંધો. એકબીજાને સહાય થાવ. કાર્યકર્તા મોટો લ્યો આવ્યું છે ઓલામાં. પાંચ હજાર કરો સભ્યો થઈ જાવ. પછી એમાંથી .. આહા..હા..! ઓલામાં એવું આવ્યું છે. મોટા દસ.. બંગલામાં. દસ જણા પત્રકાર હતા. પત્રકાર લખવા ગયા તો એને મારી નાખ્યા કહે. એવું આવ્યું. દસ જણા બિચારા પત્રકાર હોં! જુઓ શું છે? બંગલાદેશ. આહા..હા..! અરેરે! ક્યાં જાવું છે તારે બાપા! આહા..હા..! કોના દેશ અને કોના પરદેશ? ભગવાન આત્મા કહે છે કે પોતાની જાતને ભૂલેલો સ્વભાવભાવથી ખસી ગયેલો. સંસાર સંસરણં એવા પુણ્ય-પાપના ભાવમાં આવી ગયેલો એને કહે છે કે **'એ દુરાત્મન્! આત્માનો ઘાત કરનાર!'** છો. છતી ચીજને તે અછતી કરી છે અને અછતી વિકાર એમાં નથી તેને છતો કરીને માન્યો છે. આહા..હા..! ઝીણું પડે બહુ ભારે માણસને. ઓલો તો બસ સેવા કરો, દેશની સેવા કરો, કેટલા દેશને માટે તૈયાર થયા છે બલિદાન દેવા. સંયુક્ત થવા શું કહેવાય એ? શહીદ થવા. એ તમારો કીર્તિસ્તંભ થશે. લ્યો! છેને જયપુરમાં. જયપુર જોયું છે? આવ્યા હતા તમે? એક છે. આ ફેરી નથી આવ્યા નહિ? આ ફેરી આવ્યા હતા? પોર. તે દિ' ચાર વર્ષ. છેને એક મોટો સ્તંભ નહિ? વચમાં. એનો .. પછી .. કરીને. પોલીસ

.. મોટા જોયા છેને? આપણે રસ્તામાં જાતા. મોટો જે માણસ છે એનો છોકરો ઓલા પોલીસને વાગ્યુ છેને બહુ. આમ પડ્યો છે એક પોલીસ. સ્તંભ. જયપુર. જયપુર. જયપુરમાં. આમ .. આ થયું. એવા સ્તંભ ઉપર ફોટા મૂક્યા. પૂતળા મૂક્યા. આમ જુઓ કીર્તિસ્તંભ એને માટે થયા લ્યો! હવે ક્યાં સુધી હજારો વર્ષ રહેશે.

મુમુક્ષુ :- પછી તો ભૂલાઈ જશેને?

ઉત્તર :- એ તો ભૂલીને ક્યાંય વયો ગયો બિચારો. નરકમાં ગયો હશે. આહા..હા..! એના થાંભલા રોપ્યા કે કાળા બધા. કાળા પત્થરના કર્યા. અમારે રસ્તો જ એ એના ઘરે જવાનો, વ્યાખ્યાનમાં જવાનો. સવારમાં જતા આવતા, બપોરે જતા આવતા એજ આવે. રાતે પણ એ આવે. બરાબર રસ્તામાં એ. આહા..હા..! હજારો વર્ષ પણ યાદગીરી તો રહે. કોની પણ? પથરાની. બીજું શું છે? આહા..હા..! અને દેશ માટે લડે એને તો ત્યાં ઇન્દ્રાણીઓ વરે એમ કહે પાછા. દેવીયું વરે.

મુમુક્ષુ :- .. હાર નાખે.

ઉત્તર :- હાર નાખે. ગાંડા તે પણ કાંઈ.

'**એ દુરાત્મન્!**' રાગને પોતાનો માનનાર દેશ તો ક્યાંય રહી ગયો. આહા..હા..! ભારે આ તો ભાઈ! કુટુંબને પોષે, ઝાઝા પૈસા થાય લ્યો. એક જણાને પૈસા ઠીક થયા તો એટલે પછી બધા કુટુંબને આપ્યા થોડા-થોડા. એક એક કુટુંબને. દીકરીયું, ભાણેજ એના જમાય બધાને કોઈને પાંચ હજાર, કોઈને દસ હજાર. વઢવાણ. શું કહેવાય એ? દેરાવાસી. જીવણ. જીવણ.. બધા કુટુંબને, ભાઈઓને, દીકરીયુંને, એના જમાઈને. બધાને કોઈને પાંચ હજાર, કોઈને દસ હજાર, ઘરના માણસો સગાવ્હાલાને બધા. કેવા પુણ્યશાળી છે બધા! અહીં એક આવ્યો હતો ને એનો. દૂધનું નહોતું કરતો? છાશનું કરતો હતો. આ મકાન છેને. વાડીભાઈના. વાડીલાલ ચત્રભુજના. ત્યાં કરતો હતો એ. મને પણ દસ હજાર રૂપિયા આપ્યા હતા. મારે ઘરે .. છે. બધા બેઠા હતા. કેવું કહેવાય પણ? આહા..હા..! કર્મી જાગ્યો છે આપણા ઘરકુટુંબમાં.

મુમુક્ષુ :- રતન-રતન જાગ્યું છે.

ઉત્તર :- રતન જાગ્યું છે. પથરો જાગ્યો છે. આહા..હા..! અરેરે! ભગવાન! એમ કહે છે '**એ દુરાત્મન્!**' તારી જાતને ન જાણતા, જાત ઉપર કલંક લાગેલા વિકારને પોતાનો માનનારો હે દુરાત્મન્! આહા..હા..! ભગવાન આત્માની હયાતી સત્તા ચૈતન્યની, એનો નકાર કરનાર અને વિકારનો હકાર કરનાર આત્માનો ઘાતી છો. આહા..હા..! એ એને સૂઝ પડતી નથી. આહા..હા..! ક્યાંક પણ સુખબુદ્ધિ આવી, રાગના ભાગમાં વિષયમાં, આબરૂમાં, કીર્તિમાં, પૈસામાં ક્યાંક પણ ઠીક બુદ્ધિ આવી આત્મઘાતિ છે. સુખસ્વરૂપી ભગવાન આત્માને એણે હણી નાખ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો

સ્વભાવવાળો. એને ક્યાંય આનંદની લહેર વીર્યની ઉલ્લસિત વીર્યમાં. આહા..હા..! એ વિષયમાં, આબરૂમાં, કીર્તિમાં, મકાનમાં ક્યાંય પણ પોતાનું નામ વાંચે. એ ભાઈ તો બહુ આવા છે. ત્યાં ખુશી થઈ જાય અંદર. આહા..હા..! કહે છે કે એ ખુશીપણું પરમાં તે માન્યું એ પુદ્ગલનો અનુભવ કરનાર છે હોં! આત્માના આનંદનો ઘાત કરનાર છે હોં! આહા..હા..! ભારે કામ ભાઈ! મવાણી! ભારે આવો વીતરાગનો ધર્મ. આહા..હા..!

**'અપ્રતિબુદ્ધને હવે સમજાવવામાં આવે છે કે :—એ દુરાત્મન્! આત્માનો ઘાત કરનારા! જેમ પરમ અવિવેકથી ખાનારા હસ્તી આદિ પશુઓ સુંદર આહારને તૃણ સહિત ખાઈ જાય છે...'** દાખલો આપે છે. હાથીને ઘાસ નાખ્યું હોય અને એની સાથે ચુરમુ નાખ્યુ હોય ચુરમુ. એ ચુરમાને તરણાસહિત ખાઈ જાય છે. પડછા આવેને મોટા મોટા? એ પડછામાં ઓલા ચુરમાના લાડવાનું ચુરમું હોય ને વાળી.. એને પાછો લાડવો જરી ભૂક્કો થઈ જાય. ઓલા પડછા હોયને આવડા મોટા પડછા. ઘાસના આવડા પડછા પડછા છૂટા નાખીને. એમાં ભેગું કરે. જેમ આપણે હાથથી આમ .. એમ .. પડછામાં નાખીને. .. લેવું છેને. આહા..હા..! અરેરે!

**'પરમ અવિવેકથી ખાનારા હસ્તી આદિ પશુઓ...'** હાથીને બધા ગણ્યાને? આહા..હા..! **'સુંદર આહારને તૃણ સહિત ખાઈ જાય છે...'** તરણાસહિત અનુભવે છે. **'એવી રીતે ખાવાના સ્વભાવને તું છોડ, છોડ.'** એ આવ્યુને? **'जहीहि'** **'जहीहि जहीहि'** બે વાર આવ્યું. એવા વિષ્ટાના ખોરાકને ખાતા છોડને પ્રભુ હવે. આહા..હા..! ચૈતન્ય સ્વભાવ તારો આનંદથી ભરેલો. ભર્યા ભાણે ન ચાટતા આ એંઠા ચાટવા જા છો? હવે તો છોડ, હવે તો છોડ, એમ કહે છે. કહો, આ ધર્મ કરવાની રીત કહે છે. આહા..હા..! એ રાગ અને પુણ્ય-પાપના ભાવને પોતાના માનવા છોડ એનું નામ ધર્મ છે. કહો, પ્રકાશદાસજી! આવો ધર્મ ભારે! ઓલા કહે વ્રત પાળો, વ્રત લ્યો, મુંડાવાની તૈયારી હતી. હવે રહી ગયા વળી.

મુમુક્ષુ :- લૂંટાઈ જાત.

ઉત્તર :- લૂંટાઈ જાત. આહા..હા..! આ વિકલ્પ છે એ વ્રતનો વિકલ્પ એ રાગ છે અને રાગ મારો છે, મને કલ્યાણનું કારણ એ આત્માનો ઘાત છે એમ કહે. આહા..હા..! ભારે આકરું કામ ભાઈ હો! દુનિયાથી જુદું પડવું. બે. દુનિયા થઈને. બે થયું ને એક અને ઓલો રાગ બે. એનાથી જુદું પડવું એનું નામ ધર્મ છે. આહા..હા..!

**'એવી રીતે ખાવાના સ્વભાવને તું છોડ, છોડ.'** આહા..હા..! હાથી, ગાય, કૂતરું, મકરસંક્રાતમાં આપે છેને. બાજરાના .. ઘુઘરી. બાજરાની એ આપે થોડી. ઓલું ઘાસ ભેગું હોય તો એ પણ ખાય ભેગું. ગાય પણ ખાય. આહા..હા..! ગાય ખડ ખાય, દૂધ બીજાને

પાય. એ બોલનારા બોલવામાં રહે, સમજણ .. આપણું માને પણ ગાયને કાંઈ મીઠાશ નથી. આહા..હા..! એમ કહે છે. 'ગાય રે ગાય ગાય ખડ ખાય, દૂધ બીજાને પાય.' એ બોલનારા સમજાવાનારા, રાગથી એકતા માનનારા ગાય ખરા. આત્માને ગાય કે આત્મા આવો છે, પણ ખાય છે એ રાગને. આહા..હા..! કહો, શેઠ! ગાય છેને તો ગાય ખડ ખાય. ઘાસ અને દૂધ બીજાને પાય. પોતે પીવે? ગાય ખડ ખાય, દૂધ બીજાને પાય, પોતે રહી જાય કોરો કરાટ. એમ કહે છે કે બીજાને વાતું કરે આત્મા આવો... આત્મા આવો... પોતે રાગનો અનુભવ કરે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ચૈતન્યના પ્રકાશનો સ્વભાવ જે તુંપણે કહેવાય આત્માને, એના સિવાયના રાગભાવને એકપણે અનુભવે છે.

**'जहीहि जहीहि'** આહા..હા..! 'છોડ, છોડ.' આ છોડ એમ કહ્યું લ્યો! બાયડી, છોકરાને છોડવું એવું આમાં ન કહ્યું. એ ક્યાં ગરી ગયા હતા? હવે એ તો બિચારા એનામાં છે. એના થઈને રહ્યા છે. એની સત્તામાં એના થઈને રહ્યા છે. કાંઈ તારા થઈને રહ્યા નથી. એના થઈને રહ્યા છે? કહો, શેઠ! ઘરે બૈરા વયા ગયા. જુઓ આ તમે પડ્યા રહ્યા અને એ વયા ગયા. ... આહા..હા..! કહે છે એવા આહારના તૃણસહિત ખાનારની જેમ એ એવા ખાવાના સ્વભાવને છોડ. આહા..હા..! એ રાગનો અનુભવ, પુદ્ગલનો અનુભવ એને છોડ એમ કહે છે. આહા..હા..! આ એને છોડવાનું, આનંદનો સ્વભાવ લેવાનો કરવાનો. આ છે ધર્મની ક્રિયા. આહા..હા..! ભગવાન ત્રણલોકનો નાથ, એના ગાણા કેવળી પણ પૂરા ગાઈ શકે નહિ. એમા આત્માને ક્ષણિક વિભાવની સાથે એકતા અનુભવ. ઢોરની જેમ. આહા..હા..! સમજાણું કાંઈ? એકવાર કહ્યું હતું નહિ? વર્ણીજીનો દાખલો. આ એકલો આત્મા હોય આ શરીર તો એને બે પગ હોય માણસને. બાયડી થાય તો ચાર પગ થાય. ઢોર થયો.

મુમુક્ષુ :- બેય ઢોર થયા.

ઉત્તર :- આને ઢોર થયો એ તો ખરો .. વળી. બે પગવાળો માણસ અને બીજી બે પગવાળી બાયડી આવી એ ચાર પગવાળો ઢોર પશુ થયો. એણે વળી છોકરો થાય તો છ પગવાળો ભમરો થયો. ભમરો નહિ ભૂ.. ભૂ.. કર્યા કરે પછી ઓલો છ પગવાળો. ભમરાને છ પગ હોય. અને એમાં છોકરાનું સગપણ કર્યું. લગન. બીજી બાઈ આવી. આઠ પગવાળો થયો. મકડી થઈ એટલે કરોળિયો. મકડી થઈ કરોળિયો. કરોળિયાને આઠ પગ હોય. પછી એ કરોળિયો આઠ લાળ કાઢી. મારે આ છોડીનું કરવું છે, મારે આ બાયડીનું કરવું છે, મારે છોકરાનું કરવું છે, મારે છોકરાનું કરવું છે, મારે છોકરાની વહુનું ઘરેણું .. આટલું મારા ..માં ઘરેણું હોય. મરી ગયો લાળ કાઢીને. આહા..હા..! એના પ્રમાણમાં હોય, જુઓ એક માણસ કહેતો હતો મેં કીધું આ અબજપતિ માણસ કહેવાય છેને. એક બે અબજ કહેવાય છેને. કીધું બે અબજ તો લાગતું નથી. પણ એટલું લાગે છે કે અમારે ત્યાં પરણવા આવ્યો હતો

એનો છોકરો, તો દોઢ કરોડનું સોનું, દાગીનો લઈને આવ્યા. દોઢ કરોડનો દાગીનો. કન્યાને આવે છેને. પૈસા હશે ખરા. મેં કીધું એવું એવું સાંભળ્યું છે કે બે અબજ. બે અબજ તો નહિ હોય, પણ એક કરોડ કહે અમારે દીકરીની દીકરીના લગન હતા અને એનો દીકરો. તો દોઢ કરોડનો તો દાગીનો હીરા અને માણેક આમ મોઢા આગળ મૂક્યા હતા. કરિયાવર. શું કહેવાય? કરિયાવર કહેવાય? .. કરિયાવર તો આહા..હા..! મા-બાપ તરફથી. આ તો સમુરતુ શું કહેવાય એ? સમુરતુ કહેને? લઈને આવેને લગનમાં. એનો બાપ લઈને આવે. દોઢ કરોડ રૂપિયાનો દાગીનો લઈને આવ્યા હતા લગનમાં. એના પ્રમાણમાં પૈસા કેટલા હશે? આ હમણા થયું છે હોં આ હમણા વાત છે. નામ નથી આપતા. .. છે. આ હેરાન થઈ ગયા મારા. આહા..હા..!

મુમુક્ષુ :- પણ પાણી આવ્યુંને.

ઉત્તર :- પાણી આવ્યુંને એમાં અમૃત આવ્યું? આહા..હા..! ધૂળેધૂળ દુઃખી બિચારા હોય છે. એ રાગમાં રેલાઈ ગયા છે. આહા..હા..! ચૈતન્યને રાગમાં ખોઈ બેઠો છે. રાગના રમકડે રમતા એ ચૈતન્યની રમતું એ ભૂલી ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ ઢીંગલા ઢીંગલી રાગના હોં! આહા..હા..! એકલી વીતરાગ મૂર્તિ પ્રભુ, વીતરાગ સ્વરૂપે ભગવાન આત્મા તો છે. એને રાગમાં એકત્વ કરી ખોઈ બેઠો છો. હવે તો છોડ, પ્રભુ! આવો મનુષ્ય દેહ મળ્યો. એમ કહે છે. આવું તને સાંભળવાનું મળે છે. તારી ભૂલની ચોખવટ થાય છે એ ભૂલ ટાળી શકે છો એને કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? કર્મને સમજાવે? આઠ કર્મે, ત્રિલોકના નાથે કીધું કે આઠ કર્મને લઈને રખડે છે અને આ કાનજીસ્વામી વળી આવ્યા એ કહે કે પોતાની ભૂલને લઈને રખડે છે ઊંધું છે બધું. છઠ્ઠી સાલમાં.

મુમુક્ષુ :- એમ જ ચાલે છે દુનિયામાં.

ઉત્તર :- એમ જ ચાલે છે દુનિયામાં. મોટા આચાર્ય નામ ધરાવે હોં. આહા..હા..! ગજબ કર્યો છે. કાળા કેર કરી નાખે છે. આહા..હા..!

મુમુક્ષુ :- એ પાછા ભગવાનને નામે.

ઉત્તર :- હા, ભગવાનને નામે. તમારા પંડિતજી હતા ત્યાં. .. ઓલો આવ્યો હતો એ. જીવાપ્રતાપ. ઓલા કહે ભાઈ અમે તો બધું માનીએ. શું કાંઈ ઘણું કહ્યું હતું. આહા..હા..! ત્રણલોકના નાથ કહે છે કે કર્મને લઈને રખડે છે અને તમે કહો છો કે પોતાની ભૂલને લઈને રખડે છે. આ ત્રણલોકના નાથ કહે છે કે તારી ભૂલને લઈને તું રખડ્યો. આ શું કહે છે? આહા..હા..! ભગવાનની વાણી છે આ. સાક્ષાત્ ત્રિલોકનાથ સીમંધર ભગવાનની વાણી સાંભળેલી મૂકે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- એમના શાસ્ત્રોમાં એમ લખ્યું હોય

ઉત્તર :- એમના શાસ્ત્ર એ શાસ્ત્ર ક્યાં છે? એ પાછા સમજ્યા વિના.

કહે છે. **'એવી રીતે ખાવાના સ્વભાવને તું છોડ, છોડ.'** બેવાર કહ્યું છે. દર્શનશુદ્ધિ કર અને સમ્યગ્જ્ઞાન કર. સમજાણું કાંઈ? એનો વિશેષ દાખલો આપશે. ''

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મહા વદ-૧૨, શુક્રવાર, તા. ૧૧-૦૨-૧૯૭૨
## ગાથા-૨૩ થી ૨૫, પ્રવચન-૯૬

૨૩ થી ૨૫ ટીકા છેને ટીકા? કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય છે એની સાથે આ રાગનો ભાવ પુણ્ય-પાપનો અનાદિ સંબંધ છે. પણ એ તો પુદ્ગલ સ્વભાવ છે. એનો જે અનુભવ એ પુદ્ગલનો અનુભવ છે, દુઃખનો અનુભવ છે. એથી એને કહે છે હવે તો છોડ. આવો મનુષ્યભવ મળ્યો, સત્સમાગમ મળ્યો. .. એમ કહે. આ રાગનો અનુભવ છોડ. પુણ્ય-પાપના વિકલ્પો જે દુઃખરૂપ અને ઝેર સમાન છે એને જે અનુભવે છે. એ જડનો અનુભવ છે. સમજાણું કાંઈ? હવે તો છોડ, છોડ. કેમ? કે **'જેણે સમસ્ત સંદેહ, વિપર્યય, અનધ્યવસાય દૂર કરી દીધા છે...'** છે વચમાં? **'જેણે સમસ્ત સંદેહ,...'** આમ હશે કે તેમ હશે? આ દૂર થયા. સર્વજ્ઞ ભગવાનને. વિપરીત ભાવ દૂર થયો છે. અચોક્કસ કાંઈક હશે, કાંઈક હશે એવું પણ જેને છે નહિ. એવા ભાવને દૂર કરી દીધા છે. **'અને જે વિશ્વને પ્રકાશવાને એક અદ્વિતીય જ્યોતિ છે...'** સર્વજ્ઞ ભગવાન. લ્યો અહીં તો સર્વજ્ઞ ભગવાનને નાખ્યા. એ **'એક અદ્વિતીય જ્યોતિ છે એવા સર્વજ્ઞ-જ્ઞાનથી સ્ફૂટ કરવામાં આવેલ...'** સર્વજ્ઞ જ્ઞાનથી પ્રગટ, આત્મા ઉપયોગ જ્ઞાનાનંદ ત્રિકાળ એ રાગ તે ત્રિકાળ ભિન્ન છે એમ ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે. સમજાણું કાંઈ?

**'જે નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય તે કેવી રીતે પુદ્ગલદ્રવ્યરૂપ થઈ ગયું...'** ભગવાન તો જીવ એટલે આત્મા, એને જાણવા-દેખવાના ત્રિકાળી ઉપયોગ સ્વરૂપ જોયો છે. એ ઉપયોગસ્વરૂપ છે. સમજાણું કાંઈ? આત્મા એટલે જાણવા-દેખવાના ઉપયોગના વ્યાપાર સ્વભાવવાળો. ત્રિકાળ હોં. નિર્ણય કરે પર્યાયે પણ વસ્તુ તો ત્રિકાળ ઉપયોગ જ્ઞાન અને દર્શન ઉપયોગમય ભગવાન ચૈતન્ય દ્રવ્ય છે. સમજાણું કાંઈ? એવો **'નિત્ય ઉપયોગસ્વભાવરૂપ**

જીવદ્રવ્ય...' નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય 'તે કેવી રીતે પુદ્ગલદ્રવ્ય થઈ ગયું...' જાણન-દેખન સ્વભાવ ત્રિકાળ એવો જે એનો સ્વભાવભાવ એવું જે જીવદ્રવ્ય એ કઈ રીતે રાગરૂપે થાય? પુણ્ય-પાપના રાગરૂપે ઉપયોગ નિત્ય એ કેમ થાય? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિકાળ નિત્ય વસ્તુ એને એને જાણવા-દેખવાનો ઉપયોગ પણ ત્રિકાળ. જાણવા-દેખવાના ઉપયોગમય વસ્તુ. એ રાગરૂપે કેમ થાય? એમ કહે છે. એ રાગ કહો કે પુદ્ગલ કહો અહીંયાં. એ પુદ્ગલદ્રવ્ય થઈ ગયું કેવી રીતે? ઉપયોગ સ્વરૂપ જાણન-દેખન એવો સ્વભાવ એવું એનું આખું સત્ત્વ એ તે રાગરૂપે, અચેતન રાગ, અચેતન રાગ અને ઉપયોગમય ચૈતન્ય. ઉપયોગમય ચૈતન્ય અને રાગ અચેતન એવા પુદ્ગલરૂપ કેમ થઈ ગયું? કહો, શરીરરૂપે તો થયું નથી, પર્યાયમાં. કર્મરૂપે થયું નથી, પણ રાગરૂપે થયું પર્યાયમાં એ તારો નિત્ય ઉપયોગ સ્વભાવ એવો જીવદ્રવ્ય જેમાં ઉપયોગ નથી એવા રાગ દયા, દાન, પુણ્ય-પાપના રાગરૂપે કેમ પુદ્ગલરૂપે થયું? કહો, અહીં તો શુભ-અશુભભાવને પુદ્ગલ કહ્યા છે, અજીવ કહ્યા છે. આહા..હા..!

ચૈતન્ય જાગૃતસ્વભાવનો પિંડ પ્રભુ સર્વજ્ઞે સ્પષ્ટ એના જ્ઞાનમાં પ્રગટ જોયો. જાણવા-દેખવાના ઉપયોગવાળું તત્ત્વ જોયું છે. પણ જાણવા-દેખવાના સ્વભાવ સ્વરૂપ જીવદ્રવ્ય જોયો છે. એ જાણવા-દેખવાના સ્વભાવરૂપ આત્મા એ અજાણરૂપ જે રાગ પુણ્ય-પાપના ભાવ અચેતનરૂપે કેમ થાય? આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવું સમજવું કઠણ પડે પછી માણસ બિચારા દોરાઈ જાય બહારમાં. માર્ગ બીજો છે કીધું ભાઈ! અમારે બે વ્યક્તિ આવ્યા. નાની ઉંમરના હતા. બેઠા હતા બિચારા. ભાઈ! માર્ગ બીજો છે કીધું. અંદર ચૈતન્યસ્વરૂપ ભિન્ન છે એનું ભાન ન હોય ત્યાં સુધી બધા ભેખ-ભેખ. ચાર ગતિમાં રખડવાના છે. પણ કોઈ દિ' સાંભળ્યું ન હોય તો શું કરે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ..આપણે પૂછીએ શું કરવાને? બે આવ્યા હતા નાની ઉંમરના. બેઠા હતા. પગે લાગ્યા જરી. બે હતા. વૃદ્ધ છે ત્યાં હતા. .. બે આવ્યા હતા. માર્ગ બીજો છે કીધું ભાઈ! સમ્યગ્દર્શનનું સ્વરૂપ જ બીજું જૈન વીતરાગનું. સમ્યગ્દર્શનમાં ચૈતન્ય ઉપયોગમય એવો આનંદનો અનુભવ થાય. કારણ કે એ ઉપયોગ સ્વરૂપ છે. એ ઉપયોગની દશાનું પરિણમન થાય એમાં પ્રતીતિ થાય એને સમ્યગ્દર્શન કહે. અને આવા સમ્યગ્દર્શન વિના આ બધા તપ ને વ્રતને થોથા પુદ્ગલ છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? શું કરે બિચારા નાની ઉંમરના. આ વસ્તુ સાંભળી નહિ. એવા ભેખ દિગંબર નગ્નમુનિના અનંતવાર લીધા. તો આ તો ક્યાં ગણતરી હશે? ઓલા ભેખ પણ લઈ લીધા. આહા..હા..!

આત્મા જાણન-દેખનરૂપી ઉપયોગ એ નિત્ય દ્રવ્ય એવું સ્વભાવવાળું છે એ તો. એમાં

એવો આત્મા ભગવાન સર્વજ્ઞે દીઠો છે કહે છે. હવે એ ભગવાનને શું કરવા નાખો છો ત્યાં? ભગવાને પ્રત્યક્ષ જોયો છે એમ કહે. વસ્તુ આત્મદ્રવ્ય એટલે પદાર્થ. એને જાણન-દેખન ઉપયોગમય ભગવાને જોયો છે. એવા ઉપયોગનો દ્રવ્ય સ્વભાવ છે. એવો ઉપયોગ દ્રવ્યનો સ્વભાવ છે. પુણ્ય-પાપના રાગ એ કાંઈ એનો દ્રવ્યસ્વભાવ નથી. એ તો વિભાવ છે. જ્યારે ઉપયોગ સ્વભાવ આત્મા છે, અચેતન સ્વભાવ વિભાવ છે. ઉપયોગ સ્વભાવ જીવ છે, તો રાગસ્વભાવ પુદ્ગલ છે. ભારે કામ ભાઈ! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! 'રાગ દાહ...' પંડિત ગયા? અમરેલી ગયા હશે. અમરેલી. આહા..હા..! ઠીક.

કહે છે જેના સંદેહ ટળી ગયા, વિપરીતતા ગઈ અને અચોક્કસતા નાશ થઈ ગઈ. નિઃસંદેહ અવળું અને ચોક્કસભાવ જેને પ્રગટ થયો છે. આહા..હા..! એવા સર્વજ્ઞ ભગવાને નિત્ય ઉપયોગ દ્રવ્યસ્વભાવ જોયો. નિત્ય સ્વભાવ એનો ઉપયોગ એ એણે જોયો. એવો આત્મા જેમાં ઉપયોગ નથી, જેમાં જ્ઞાનનો અંશ નથી, જેમાં દર્શન અને શાંતિનો અંશ નથી, એવા પુણ્ય-પાપના ભાવ પુદ્ગલ છે એ ચૈતન્ય ભગવાન આવું છોડીને પુદ્ગલ કેમ થાય? આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જીવદ્રવ્ય...'** એમ કહ્યું છેને? આહા..હા..! **'તે કેવી રીતે પુદ્ગલદ્રવ્ય થઈ ગયું કે જેથી તું આ પુદ્ગલદ્રવ્ય મારું છે એમ અનુભવે છે?'** આહા..હા..! એ પુણ્ય-પાપના ભાવ એ પુદ્ગલદ્રવ્યના નિમિત્તે થયેલા પુદ્ગલદ્રવ્યરૂપ જ છે. આહા..હા..! એ પુદ્ગલ આત્મા ચૈતન્યની જાત, જાગૃત સ્વભાવનું તત્ત્વ, એ અજાગૃતના ભાવરૂપે કઈ રીતે થાય? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જાગૃત જ્ઞાન, દર્શન જાગૃત સ્વભાવરૂપ તત્ત્વ એ પુણ્ય-પાપના વિકલ્પ અજાગૃત, અચેતન જડ છે. આહા..હા..! શરીરરૂપે તો કેમ થાય? એ તો અહીં પ્રશ્ન જ નથી.

મુમુક્ષુ :- એ તો જુદું રહ્યું.

ઉત્તર :- જુદું રહ્યું. એ તો નિકટ છે. બહુ નિકટ. અતિનિકટ છે. આહા..હા..! એવા અતિનિકટ વિભાવભાવ, જે ભાવે વ્રત કહેવાય, જે ભાવે અવ્રત કહેવાય એ ભાવ બધા અચેતન પુદ્ગલ છે. એ ચૈતન્ય ઉપયોગમય વસ્તુ દ્રવ્યસ્વભાવ એ આ ચેતન પુદ્ગલમય કેમ થઈ ગયું? આ તો અંતરની વાત છે. આ કાંઈ બહારથી કાંઈ પકડાય એવું નથી. આહા..હા..! જેનો સ્વભાવ જાણવું-દેખવું જેનો ત્રિકાળી સ્વભાવ. એવો જે જીવ દ્રવ્ય એટલે આત્મપદાર્થ. જેમાં જાણવા-દેખવાની ગંધ નથી. આહા..હા..! શુભ-અશુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ, કામ-ક્રોધના ભાવ જેમાં જાણવાની ગંધ નથી. જે અંધારું છે. અરે! પ્રકાશમય ભગવાન અંધારારૂપે કેમ થાય એમ કહે છે. એ નીચે છે. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ સાદી અને સરળ ભાષામાં તત્ત્વ જાહેર કર્યું છે. સમજાણું કાંઈ?

એમ આ મારું છે એમ અનુભવે છે. '**થઈ ગયું કે જેથી તું 'આ પુદ્ગલદ્રવ્ય મારું છે' એમ અનુભવે છે?**' એમ કહે છે. તું પ્રભુ આત્મા જાણકસ્વભાવવાળું તત્ત્વ એ અજાણ રાગ અને પુદ્ગલમય થઈ ગયું? કે જેથી એ પુદ્ગલ મારા છે એમ તું અનુભવે છો? એમ કહે છે. પ્રકાશ અને અંધકાર બે ચીજ જ જુદી છે. ચૈતન્યના પ્રકાશનું નૂર પ્રભુ, એ પુણ્ય-પાપના રાગના અંધકારરૂપે, પુદ્ગલરૂપે કેમ થાય? આહા..હા..! શેઠ! આવી વાત છે. ભારે કઠણ પડે માણસને. પૂજા, ભક્તિ, દાન ને દયાને કહે છે કે એ વિકલ્પ અચેતન છે એમ કહે છે. શેઠ!

મુમુક્ષુ :- ઉપયોગ લાગી જાય

ઉત્તર :- શું ઉપયોગ લાગે? રાગ છે એ તો. ભગવાન આત્મા તો ચૈતન્ય ઉપયોગ સ્વભાવવાળું તત્ત્વ છે. એ દૃષ્ટાંત આપશે.

'**કારણ કે જો કોઈ પણ પ્રકારે જીવદ્રવ્ય પુદ્ગલદ્રવ્યરૂપ થાય...**' ભગવાન આત્મા જ્ઞાન અને દર્શનના સ્વભાવ .. એ પુદ્ગલદ્રવ્યરૂપ થાય '**અને પુદ્ગલદ્રવ્યરૂપ જીવદ્રવ્યરૂપ થાય તો જ 'મીઠાનું પાણી' એવા અનુભવની જેમ 'મારું આ પુદ્ગલદ્રવ્ય' એવી અનુભૂતિ ખરેખર વ્યાજબી છે;...**' જેમ મીઠું ઓગળે અને પાણી થાય. સમજાણું કાંઈ? એ તો મીઠાનું રૂપ જ છે પાણી. સમજાણું કાંઈ? એમ આત્મા ઉપયોગમય છે એ રાગમય થઈ જાય? મીઠાનું પાણી થાય અને એ પાણીનું પાછું મીઠું થાય. દરિયામાં ખારા પાણી છે. મીઠું થાય. બાંધે છેને. અને એના પાછા પાણી થાય. એમ જીવ ઉપયોગમય ભગવાન આત્મા એ ઓગળીને, ગળીને રાગ-દ્વેષરૂપે થાય? અને રાગ-દ્વેષના ભાવ એ આત્મારૂપે થાય? આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો હજી બાયડી, છોકરા, બંગલા અને મકાન, પૈસા તો હજી ગળે વળગ્યા હોય. સમજાણું કાંઈ? આહા..હા..! એક માણસ પાસે આઠ હજાર રૂપિયા હતા. ૭૫-૭૬ની વાત છે. રોકડા નકદ. માંદા પડ્યા. બાયડી મરી ગઈ. એક પોતે વૃદ્ધ. બહુ બંગલાને એવું હતું. પણ માંડ ખાટલામાં ઓલું દોરડું બાંધેને દોરડુ? એ જાલીને બેસે. જાલીને બેસે. એટલી.. હવે ઓલા આઠ હજાર રોકડા ઓલામાં પડેલા પટારામાં. એને તાળુ દઈ કૂચી અહીં રાખી આમ. સૂતો હતો ત્યાં નીચે. વારંવાર આમ હાથ નાખે નીચે. મરવાની તૈયારી. આઠ હજાર રોકડા. તે દિ' ૭૬-૭૫માં આઠ હજાર રૂપિયા તો ઘણા કહેવાયને તે દિ' તો ક્યાં હતું? બે જણા. આઠ હજાર. અત્યારે ૨૦ ગણા ગણો. .. આહા..હા..! લોકોને શંકા પડી કે આ છે શું વાત? હાથ વારંવાર નાખે છે. ઓલી કોઈ કૂંચી ઉઘાડીને લઈને નથી ગયુંને જીવતા? અરેરે! મારી નાખ્યા. આમ જુએ ત્યાં નીચે કૂચી. મરી ગયા એમ ને એમ. કૂચી રહી ગઈ નીચે. તાબુતનું હોયને શું કહેવાય આ? ગાદી. તળાઈ-તળાઈ. એને હેઠે રહી ગઈ આહા..હા..! મારી નાખ્યા છેને. લક્ષ્મીએ એને હેરાન કર્યા હશે? આહા..હા..!

કહે છે કે ભાઈ! તારું તત્ત્વ છે અસ્તિ, સત્તાવાળું, હોવાવાળું. એ તો હોવાવાળો પદાર્થ તો જાણવા-દેખવાના સ્વભાવસંપન્ન છે. એવો ભગવાન આત્મા પુણ્ય અને પાપ અંધકાર અને અજીવ ને પુદ્‌ગલ એ કેમ થયું તને? જેમ મીઠાનું પાણી થયું એમ ઉપયોગ મટીને રાગ-દ્વેષ થઈ ગયો? એમ કહે છે. સમજાણું કાંઈ? મીઠાનું પાણી તો થાય. એમ આત્મા જ્ઞાનસ્વરૂપ, દર્શનસ્વરૂપ, ચૈતન્યતત્ત્વની સત્તાવાળો પદાર્થ એ તે પુણ્ય-પાપના ભાવરૂપે મીઠાનું પાણી થયું. એમ આ સ્વભાવરૂપ એ અંધકારરૂપ, અજીવરૂપ થઈ ગયું? કે જે તું પુદ્‌ગલને મારું કરીને અનુભવે છો. સમજાણું કાંઈ? કહો, દેવજીભાઈ! આવી તો ચોખ્ખી વાત છેને આમાં? આહા..હા..!

‘‘**આ પુદ્‌ગલદ્રવ્ય મારું છે’ એમ અનુભવે છે? કારણ કે જો કોઈ પણ પ્રકારે જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્યરૂપ થાય અને પુદ્‌ગલદ્રવ્ય જીવદ્રવ્યરૂપ થાય તો જ ‘મીઠાનું પાણી’ એવા અનુભવની જેમ...**’ મીઠાનું પાણી એ તો અનુભવ સાચો છે. એમ ભગવાન જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... પ્રકાશનો પૂંજ ચૈતન્ય એ આ પુણ્ય-પાપના જેમ મીઠાનું પાણી થઈ ગયું અને મીઠાની જાત રહી ગઈ, એમ આત્મા રાગ-દ્વેષ થાય અને આત્માની જાત રહી ગઈ એમ છે? આહા..હા..! સાદો દાખલો આપ્યો. ‘**જેમ ‘મારું આ પુદ્‌ગલદ્રવ્ય’ એવી અનુભૂતિ ખરેખર વ્યાજબી છે;...**’ મીઠાનું જેમ પાણી છે એ મીઠું જ છે. એમ આત્મામાં જ્ઞાનસ્વરૂપ ભગવાન જાણકસ્વભાવની સત્તા અસ્તિત્વ એ પુણ્ય-પાપના રાગરૂપે થાય તો તો તું મારું માન એ બરાબર છે. મીઠાનું પાણી મીઠું જ છે. એમ આત્મા મીઠાની પાણીની પેઠે રાગ-દ્વેષમય જો થાય તો તો મારું માન એ બરાબર છે, પણ એ તો કોઈ દિ’ થતું નથી. આહા..હા..! ‘**પણ એમ તો કોઈ રીતે બનતું નથી.**’ આહા..હા..! ‘**એ, દૃષ્ટાંતથી સ્પષ્ટ કરવામાં આવે છે : જેમ ખારાપણું જેનું લક્ષણ છે...**’ મીઠાનું. નમક-નમક. ‘**ખારાપણું જેનું લક્ષણ છે એવું લવણ પાણીરૂપ થતું દેખાય છે...**’ એ મીઠું છે, નમક છે એ ઓગળીને પ્રવાહી થઈને ખારાપણું છે એ પ્રવાહી થઈને પાણી થાય. ‘**પાણીરૂપ થતું દેખાય છે...**’ અને પ્રવાહીપણું એ પાણી જે છે મીઠાનું પ્રવાહીપણું, દ્રવ્યત્વપણું ‘**અને દ્રવત્વ (પ્રવાહીરૂપ) જેનું લક્ષણ છે એવું પાણી લવણરૂપ થતું દેખાય છે...**’ એ પાણીનું પાછું મીઠું થાય, મીઠાનું પાણી થાય એ તો બરાબર છે.

એમ આત્મા જ્ઞાનસ્વરૂપે ભગવાન રાગરૂપે થાય અને રાગ આત્મારૂપે થાય એમ ત્રણકાળમાં બને નહિ. આહા..હા..! એમ કે આ રાગ ઉત્પન્ન થયોને, એમાં જે મીઠાનું પાણી થયુંને એ પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થયાને એમાં એ આત્મા આવ્યો. આહા..હા..! એ આત્મા નહિ. આત્મા તો જાણક-દેખન સત્તા અને હોવાવાળો પદાર્થ છે. વિજ્ઞાનઘન અનાદિ-અનંત એવો વિજ્ઞાનઘન ઓગળીને ક્યાં પુણ્ય-પાપરૂપે થાય અને પુણ્ય-પાપ પોતે પાછા દળ થઈને

ઘન થઈને વિજ્ઞાનઘન થાય? આહા..હા..! કહો, બરાબર છે? આહા..હા..! શું ત્યારે આ બધી ભ્રમણા આવી છે? અપ્રતિબુદ્ધને સમજાવે છે. ભાઈ! તું સમજ્યો નથી. એને માટે તો સમજાવે છે આ. સમયસાર તો આમ ફલાણાને... ઢીંકણાને... હોયને.

મુમુક્ષુ :- અત્યંત ..

ઉત્તર :- અત્યંત ભાન વિનાનો. હે દુરાત્મન્! આત્માનો ઘાત કરનાર. અસ્તિ-સત્તા સ્વભાવે છતો હોવા છતાં તે નથી અને હું રાગ છું એ આત્માનો ઘાત કરનાર તું છો. આહા..હા..!

એ રાગમાં ખુશીપણું તને જણાય છે, તો ખુશીપણું તો સુખરૂપ તો આત્મા છે. એ સુખરૂપ આત્મા રાગમાં આવી ગયો છે? રાગ તો દુઃખરૂપ છે. પુદ્‌ગલ છે, દુઃખરૂપ છે, અજીવ છે, અચેતન છે. આહા..હા..! મીઠાનું પાણી થાય અને પાણીનું મીઠું થાય એમ આત્મા રાગરૂપે થાય અને રાગ આત્મારૂપે થાય (એમ ન બને). આહા..હા..! આ તો ધીરાના કામ છે.

'**ખારાપણું અને દ્રવપણાને સાથે રહેવામાં અવિરોધ છે...**' ખારાપણું હોય અને દ્રવત્વ-ઢીલાપણું પણ થાય. એમાં કાંઈ વિરોધ નથી. એ તો બરાબર છે. એમાં કોઈ બાધા નથી. '**તેવી રીતે નિત્ય ઉપયોગલક્ષણવાળું જીવદ્રવ્ય...**' જાણવા-દેખવાના લક્ષણવાળું ત્રિકાળી દ્રવ્ય. ત્રિકાળી દ્રવ્ય આત્મા એ લક્ષ અને જાણવા-દેખવાનું એનું લક્ષણ એ સ્વભાવ. '**નિત્ય ઉપયોગલક્ષણવાળું જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્ય થતું જોવામાં આવતું નથી...**' મીઠાનું પાણી થાય અને પાણીનું મીઠું થાય એમ નિત્ય જાણકસ્વભાવ તત્ત્વ, વિજ્ઞાનઘન તત્ત્વ એ રાગરૂપે થતું જોવામાં આવતું નથી. આહા..હા..! '**અને નિત્ય અનુપયોગ લક્ષણવાળું પુદ્‌ગલદ્રવ્ય...**' નિત્ય કાયમ અનુપયોગ જડ એ પુણ્ય ને પાપના ને રાગાદિ જડ અચેતન છે. આહા..હા..! '**નિત્ય અનુપયોગ...**' જેમ આત્મામાં નિત્ય જાગૃતસ્વભાવ, ..સ્વભાવ છે એનો ત્યારે રાગ, પુણ્ય, પાપના ભાવ નિત્ય અનુપયોગ, ઉપયોગ વિનાનો એનો સ્વભાવ છે. બે ચીજ જ તદ્દન ભિન્ન છે. આહા..હા..! વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય, ફલાણું થાય રાડુ પાડે છેને. અચેતન કરતાં-કરતાં ચેતન થાય. એમ થાય? પાણીનું મીઠું થાય એમ આ થાય? ન થાય. ધૂળમાંય ન થાય. આહા..હા..!

'**નિત્ય અનુપયોગ...**' પુણ્ય અને પાપના ભાવમાં તો કાયમી નિત્ય અચેતનપણું છે. સમજાણું કાંઈ? આવું ભેદજ્ઞાન થવું, રાગના વેપારથી ભગવાનનો વેપાર જ્ઞાનનો ભિન્ન છે એવું ભેદજ્ઞાન થવું એનું નામ આત્માનું જ્ઞાન કહેવામાં આવે છે. એ આત્મજ્ઞાન, આ આત્મજ્ઞાન વિના એનો એકેય એકડો સાચો ન હોય. આહા..હા..! વ્રત ને તપ ને અપવાસ ને વર્ષીતપ કરે છેને. શ્વેતાંબરમાં ઘણા વર્ષીતપ. એમ '**પુદ્‌ગલદ્રવ્ય જીવદ્રવ્ય થતું જોવામાં આવતું નથી કારણ...**' કેટલું સ્પષ્ટ કરે છે! '**પ્રકાશ અને અંધકારની માફક...**' દેખો! જેમ '**પ્રકાશ**

**અને અંધકારની માફક ઉપયોગ અને અનુપયોગને સાથે રહેવામાં વિરોધ છે;...'** સાથે રહેવામાં નામ એકરૂપ થવાનો વિરોધ છે. સાથે એટલે એકરૂપ. સાથે એટલે જ્યાં ઉપયોગ છે ત્યાં રાગ ભલે હો, પણ એકરૂપ થઈને રહેવાનો વિરોધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા જાગૃતસ્વભાવ, ત્રિકાળી જાગૃતસ્વભાવભાવરૂપ જીવદ્રવ્ય, પ્રકાશસ્વરૂપ અને પુણ્ય-પાપનો જાગૃતસ્વભાવ નિત્ય ઉપયોગસ્વરૂપ, બેને એકપણે રહેવામાં વિરોધ છે. સાથેનો અર્થ એટલો. સમજાણું કાંઈ? સાથે એકપણું એમાં રહેવાનો વિરોધ છે. આહા..હા..! લ્યો પ્રકાશ અને અંધકારનો દાખલો આપ્યો, મીઠાનો દાખલો આપ્યો.

'**જડચેતન કદી પણ એક થઈ શકે નહિ.**' લ્યો! '**જડચેતન કદી પણ એક થઈ શકે નહિ.**' આહા..હા..! પુણ્ય-પાપના ભાવ એ જડ, અંધકાર, અચેતન, અજીવ, પુદ્‌ગલ. એ કદી ચૈતન્ય થઈ શકે નહિ. ચેતન કદી પણ એક થઈ શકે નહિ. બે. નિત્ય અનુપયોગરૂપ અચેતન, વ્યવહારરત્નત્રય એ નિત્ય અનુપયોગરૂપ અચેતન છે લ્યો. આહા..હા..! ભગવાન આત્મા નિત્ય ચૈતન્ય ઉપયોગ છે. બે કદી એક સમયમાં એકઠાં થઈને રહે એમ બની શકે નહિ. એમ કહીને હવે કહે છે. અહો! અમે આ રીતે તારી સ્વરૂપની ભિન્નતા તને પ્રસિદ્ધ કરી. '**તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા,...**' આનંદમાં આવી જા હવે કે મારી ચીજ રાગરૂપે કોઈ દિ' થઈ નથી. એમ આનંદમાં આવી જા. આહા..હા..! મારું સ્વરૂપ અનાદિથી કોઈ દિ' રાગરૂપે થયું નથી. કેમકે ચેતન રાગ જડરૂપે કદી થાય નહિ અને જડ ચૈતન્યરૂપે કદી થાય નહિ. એવો ભગવાન આત્મા રાગરૂપે થયો નથી એ સ્વરૂપરૂપે રહ્યો છે એમ કહે છે. નિગોદાદિથી માંડીને ભલે રાગાદિ હો, પણ ચૈતન્ય જાગૃત પ્રભુ એ કોઈ દિ' રાગરૂપે થયો નથી. થયો નથી માટે પ્રસન્ન થા કે હું તો છું એવો છું. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! તારી પૂંજી કોઈ દિ' બગડી નથી હોં! એમ કહે છે. આહા..હા..! જાણકસ્વભાવ, દેખવાનો સ્વભાવ એવું જે ચૈતન્યદ્રવ્ય કદી રાગરૂપે થયું નથી. એથી હવે તને સંદેહ અને શંકાને શું સંબંધ છે? કે હું તે શું ક્યાં ગયો? ક્યાંય ગયો નથી. તું તારામાં છો. સમજાણું કાંઈ?

જાણકદેખન સ્વભાવ અસ્તિ સત્તા છેને હોવાવાળો? જાણન-દેખન હોવાવાળું તત્ત્વ એ અજાણક અનુપયોગ જડ પુદ્‌ગલ રાગાદિ થયું નથી. એટલે એ તો જેમ છે એમ રહ્યું છે. પ્રસન્ન થા કે ઓહો..! હું તો આ જ છું એમ. ધીરૂભાઈ! આવી ઝીણી વાત છે. ત્યાં કોઈ દિ' સાંભળી ન હોય .. માથાકૂટ બધી. આહા..હા..! કહો, શેઠ! તમારા સાગરમાં, બીડીમાં રહ્યો છતાં કોઈ દિ' બીડીરૂપે થયો નથી એમ કહે છે. બીડી તો થયો નથી. પણ રાગરૂપે થયો નથી એમ કહે છે. માટે ખુશી થા. અહો! મારી ચીજ કાંઈ પરમાં ગઈ નથી, ખોવાણી નથી. આહા..હા..! જાણન-દેખન ચૈતન્ય પ્રકાશનો પૂર પ્રભુ એ રાગરૂપી અંધકાર પુદ્‌ગલ અજીવપણે કદી થયો નથી. ખુશી થા, અંતરમાં જો અને આનંદને લાવ એમ કહે છે. એ

સમજાણું કાંઈ? આહા..હા..! **'સર્વ પ્રકારે પ્રસન્ન થા,... '** કોઈ રીતે પણ ચૈતન્ય દ્રવ્ય રાગરૂપે થયું નથી. સર્વ પ્રકારે પ્રસન્ન થા. આહા..હા..! ચારે બાજુથી જો તો તું છૂટો પડ્યો છે. હવે છૂટો છે તેને છૂટો તરીકે એને જો તને આનંદ આવશે. પ્રસન્ન થા. આહા..હા..! આ ચીજ તો આવી ને આવી અનાદિથી છે. એમાં ક્યાંય રાગનો ભેળસેળ નથી. આહા..હા..! આનું નામ ભેદજ્ઞાન અને એનું નામ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? કહો, પ્રકાશદાસજી! ભારે વાતું ભાઈ આવી. પ્રકાશ આવ્યું આમાં. પ્રકાશ કોઈ દિ' અંધકારૂપ થયો નથી એમ કહે છે. આહા..હા..!

ભગવાન! તારું તો જ્ઞાન અને આનંદસ્વરૂપ એ કોઈ દિ' અચેતન એટલે રાગ અને દુઃખ, રાગ કહો કે દુઃખ કહો, એ રૂપે થાય નહિ. આહા..હા..! તારું તો જ્ઞાન અને આનંદરૂપ ત્રિકાળ રહ્યું છે. તારા નજરને આળસે એ વસ્તુ દૃષ્ટિમાં રહી નથી. એટલી વાત છે કહે છે. આહા..હા..! **'તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા,...'** અરેરે! અમે દુઃખી, અમે સંસાર રખડનારા. રખડવાનો ભાવ જ તારો નથી. રખડવાનો ભાવરૂપે કોઈ દિ' ચૈતન્ય થયું નથી. આહા..હા..! શું કહ્યું આમાં? જેઠાભાઈ! રાગના, દ્વેષના, વ્યવહારના વિકલ્પ ઉઠે તે થયો જ નથી. પ્રસન્ન થા, ખુશી બતાવ. એકવાર રાજી થઈને જો અંદર. એવું ને એવું તત્ત્વ પડ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અમૃતના સ્વાદ આવ્યા છે.

ઉત્તર :- હા, તું અમૃત સ્વરૂપ જ છો. એ અમૃત કોઈ દિ' દુઃખ પામ્યું જ નથી. રાગમાં ગયું જ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન અમૃતસ્વરૂપ આનંદ એ કોઈ દિ' દુઃખરૂપ બની જાય એવા નાશવાન રાગરૂપે થયું જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જીવ-અજીવની વ્યાખ્યા છેને આ? આહા..હા..! એ તો .. આવે છે. .. માટે આવે છે. ભગવાન! .. ત્યાં જન્મે અને આથી .. થાય. . મારી મુક્તિમાં ફેર પડે. સમકિતી, જ્ઞાની. પછી ભગવાન આશ્વાસન આપે છે. છે એવું કહે છે હોં. ભાઈ! તું તીર્થંકર થવાનો છો. મારી પદ્વી જેવી તારી પદ્વી છે. પછી ખુશી થાય છે. આહા..હા..! અંતે એક-બે ભવે હું પણ ભગવાન થવાનો છું. અત્યારે મારે ભગવાનનો વિરહ પડે છે. પણ ભગવાન હું થવાનો છું ખુશી. તું એકવાર ખુશી થઈ જા. પોકાર કરીને કહીએ છીએ તું ભગવાન ભગવાનપણે રહ્યો છો, તારો ભગવાન આત્મા રાગરૂપે કોઈ દિ' થયો નથી. આહા..હા..! બાયડી, છોકરાપણે અને શરીરપણે તો ક્યાંય રહી ગયો, આ તો મોટો ધૂળ ઓહો..હો..! સૂરજ કોઈ દિ' અંધકારરૂપે થાય? એનું કિરણ કોઈ દિ' કાળું હોય? સૂરજનું કિરણ કાળું હોય? પણ ભગવાન ચૈતન્ય સૂર્ય છે એ તો, પણ અરૂપી છે અને તારી નજર ગઈ નથી એટલે તને આચ્છાદન લાગે છે. ચૈતન્ય સૂર્ય ભગવાન આત્મા. આહા..હા..! એમાંથી કિરણ નીકળે તો તો આનંદના અને

જ્ઞાનના નીકળે. કે આ પુણ્ય-પાપના, રાગના કિરણ નીકળે એમાંથી? અંધકાર નીકળે? આહા..હા..!

**'તેથી તું સર્વ પ્રકારે પ્રસન્ન થા,...'** દૃષ્ટાંત સિદ્ધ કરીને એને બતાવ્યો જો આ આત્મા. જ્ઞાનસ્વરૂપી ભગવાન જાગૃત ઉપયોગમય આત્મા એ કોઈ દિ' અજાગૃત રાગરૂપે થયો નથી. મીઠાનું પાણી થાય અને એ પાણીનું મીઠું થાય એમ આત્મા રાગરૂપ થાય અને રાગ આત્મારૂપ થાય એ કોઈ દિ' બનતું નથી. બનતું નથી, બન્યું નથી, બનશે નહિ એ ખુશી થઈ જા એકવાર. આહા..હા..! મારો ભગવાન તો એવો ને એવો રાગ અને વિકલ્પથી નિરાળો એમ ને એમ રહ્યો છે. છે તેની પ્રાપ્તિની પ્રાપ્તિ છે. સમજાણું કાંઈ? એવો પ્રભુ આત્મા, જેમાં જે સ્વરૂપે છે એ સ્વરૂપ ઉપર દૃષ્ટિ તો તને લાગશે કે હું એવો ને એવું છું. જ્ઞાયકપણે તો ત્રિકાળ જ્ઞાયકપણે જ રહ્યો છું. ભાન થતાં તને ખબર પડશે.

**'તારું ચિત્ત ઉજ્જ્વળ કરી...'** જુઓ, ભાષા! એ જ્ઞાનમાં નિર્મળતા પ્રગટ કરી. આહા..હા..! જે આત્માના નિત્ય ઉપયોગવાળું દ્રવ્ય જે છે એમાં જે જ્ઞાનની પર્યાય વળે એવો ચિત્ત એટલે જ્ઞાનને ઉજ્જ્વળ કરી **'સાવધાન થા...'** આહા..હા..! **'અને સ્વદ્રવ્યને જ 'આ મારું છે' એમ અનુભવ.'** લ્યો! આ સાર એનો. હજી તો જ્ઞાન-દર્શન આનંદમય છું. મારો સ્વભાવ તો આનંદ અને જ્ઞાનમય છે. એ મારું સ્વદ્રવ્ય. એવા સ્વદ્રવ્યને જ આ મારું છે. આહા..હા..! લ્યો સવારમાં આવ્યું હતું. સ્વદ્રવ્ય નહોતું આવ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ પણ આવ્યું હતું, આ પણ આવ્યું. એ ૫૦ ગાથા હતી, આ ૨૫. સમયસારની ૨૫ પૂરી થાય છે. ઓલી ૫૦મી થઈ. આ તો .. ક્યું છે આ? નિયમસાર... આહા..હા..! શરૂ કર્યું એને પૂરું થાશે. રાંધવા મૂક્યું નથી ક્યારે રંધાશે? ચૂલો સળગાવ્યો નથી ક્યારે ચોખા થાશે? પણ હજી ચૂલો સળગાવ્યો નથી, ચોખા મૂક્યા નથી, ક્યારે ચોખા ચડશે? પણ ચોખા પાણીમાં નાખ્યા હોય અને અગ્નિ કરી હોય તો હવે ક્યારે ચડશે એમ આવે. એમ આત્મા રાગથી ભિન્ન પાડીને હવે કેવળજ્ઞાન ક્યારે થશે? એ તો થશે જ. ક્યારે થશે? પણ શરૂઆત તો કરી નથી અને ક્યારે થશે ક્યાંથી લાવ્યો તું? રાગથી ભિન્ન ભગવાન આત્મા. આહા..હા..! દાખલો આપ્યો હતોને સર્વજ્ઞે નિત્ય ઉપયોગ જોયો છેને તને. એની સાથે જ્ઞાન અને દર્શન જડેલા છે, એવો આત્મા છે. આહા..હા..! એની સાથે રાગનું એકત્વ કેમ થાય ત્યાં? આહા..હા..! સમજાણું કાંઈ?

સવારમાં એક જરી વાત બીજી નવી આવી હતી. ઓલી આધારની. એ પહેલા કોઈ દિ' નહોતી આવી. .. આવી ગયું છે. ગુણ અને ગુણીને. બેને આમ એક કહે છે. છે તો ભિન્ન. છતાં અહીં ત્રિકાળી ગુણનો આધાર ત્રિકાળી ખરો, એક સમયની પર્યાયનો. સમજાણું કાંઈ? આહા..હા..! એમાં વળી રાગને આધાર આત્માનો અને આત્માને આધાર રાગનો.

આહા..હા..! આવે છેને ઉપયોગમાં? સંવર અધિકારમાં. આધાર-આધેય સંબંધ નથી. રાગ અને આત્માને આધાર-આધેય સંબંધ નથી. આહા..હા..! આકાશનો દાખલો પહેલો મૂક્યો છેને. આધાર-આધેય સંબંધ નથી. આહા..હા..! કે વિકાર છે તે આધેય છે, રહેનાર છે અને આત્મા આધાર છે. આહા..હા..! સંવરમાં તો પર્યાય છે તે આધેય છે અને દ્રવ્ય તે આધાર છે. એક અંશવાળાને ત્રિકાળી આધાર, ત્રિકાળી ગુણનો આધાર આત્મા ભગવાન છે. આહા..હા..! ત્રિકાળીને ત્રિકાળીમાં રાખ. વર્તમાન પર્યાય. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! એની ચીજમાં શું છે એણે કોઈ દિ' પ્રમોદથી સાંભળ્યું નહિ. આહા..હા..! એણે મારી ચીજમાં શું છે અને શું નથી? કોઈ દિ' ખુશી પ્રમોદ થઈને સાંભળ્યું નથી એણે. આહા..હા..! અરેરે! આહા..હા..! આવો આત્મા! આવો આત્મા! આ ક્યારે પહોંચાય? લે ક્યારે પહોંચાય? છે એને પહોચવું શું? છે એને પ્રાપ્ત કરવું છે. છે એવો ને એવો આત્મા. નિત્ય ઉપયોગના સ્વભાવવાળું જીવદ્રવ્ય. મીઠું ઓગળીને પાણી થાય એમ જીવ ઓગળીને રાગ થાય? હા એ જ્ઞાન, દર્શનમય આત્મા ઓગળે, પરિણમે તો જ્ઞાન, દર્શન અને આનંદ થાય. અંશરૂપે થાય. આખો અંશી આવા અંશરૂપે થાય. આહા..હા..! પણ એ અંશી ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું છે. ગજબ વાત છે. કુંદકુંદાચાર્યની શૈલી કેવળીઓના પેટ ખોલીને વાત કરનાર છે. અને એને બેસે એવી વાત છે. પાછી એમ નહિ કે. આહા..હા..! સમજાણું કાંઈ? અભ્યાસ ન હોય એટલે મોંઘુ લાગે. પણ વસ્તુ છે એ તો વસ્તુ રહી છે. વસ્તુ કોઈ દિ' અવસ્તુ થાય? પદાર્થ પોતે અપદાર્થરૂપે થઈ જાય? રાગાદિ તો નિશ્ચયથી સ્વભાવની અપેક્ષાએ તો અપદાર્થ છે. આહા..હા..! એ પરદ્રવ્ય છે. સ્વની અપેક્ષાએ તો અદ્રવ્ય છે. તો દ્રવ્ય અદ્રવ્યરૂપે થાય? સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

**'તારું ચિત્ત ઉજ્જ્વળ કરી...'** એટલે કે જ્ઞાનમાં નિર્મળતા લાવી સ્વભાવ તરફ **'સાવધાન થા...'** એમ કહે છે. આહા..હા..! જુઓ, આમ કર, આમ કર એમ કહે છે. તારે જો ધર્મ કરવો હોય અને આત્માને .. તો આમ કર. બીજી કોઈ રીત છે નહિ. આહા..હા..! પહેલો કષાય મંદ કર અને પહેલા આમ કર અને પછી આમ સાવધાન થા. (એમ નથી). આહા..હા..! **'તારું ચિત્ત ઉજ્જ્વળ કરી સાવધાન થા...'** સાવધાન થા જોયું! સ્વરૂપ તરફની દૃષ્ટિ કર. રાગમાં સાવધાન છો એ સ્વભાવમાં સાવધાન થા. બસ આટલું કરવાનું છે કહે. આ ક્રિયાનું માહાત્મ્ય આવે નહિ, બહારના માહાત્મ્યમાં ચડી ગયા એટલે. આહા..હા..! એને આ ગાંઠ બેસવી મુશ્કેલ. લ્યો! એક પંડિત કહેતો હતો કીધું નહિ આગ્રામાં. ચૈત્ર સુદ તેરશ. ઘણું માણસ થાતું હતું ચૈત્ર સુદ તેરશ. ભાઈ હતાને પાટણીના જોડે હતી શેરી મોટી બહાર મોટી. ઘણું માણસ. એમાં એક પંડિત ઉભો થઈ ગયો હતો. શું નામ હતું? કાંઈક હતું. એક પંડિત હતો લાંબો. બહુત આનંદ કહે. 'કરના ધરના કુછ નહિ.' બહુત આનંદ છે હોં. 'કરના ધરના'

એમ કે આ કરવું, પૂજા ને ભક્તિ ને ફલાણી એ તો વાત જ આમાં ન આવી. એક પંડિત હતો. આહા..હા..! બાપુ! શું કરવું છે? શું કરવું છે અને શું ધારવું છે તારે કહે? આહા..હા..! રાગથી ભિન્ન કરવાનું છે તો એ તારે ધારવાનું છે. એ કરવાનું છે. રાગાદિ કરવાનું તો એ વચ્ચે આવી જાય છે. વચ્ચે રાગ .. હોય તો આવે છે, અને એ કર્તૃત્વ છે અને એ કરું છું. મારું કાર્ય છે એમ નથી. ત્યાં તો મિથ્યાદષ્ટિ, આત્માનો અનાદર થઈ જાય છે. સ્વભાવનો વિભાવ કાર્ય. સમજાય છે કાંઈ? આહા..હા..! ત્રિકાળી આનંદનો નાથ. એને દુઃખનું કાર્ય ન હોઈ શકે. સમજાણું કાંઈ? હવે એ લોકોને વાંધા આ ઉઠ્યા છે. સોનગઢ નિશ્ચયની વાત કરે છે. શેઠિયાઓને કેટલાકને ગોઠતું નથી. એ તો વાત તમારા ભક્તિ ને પૂજા ને દાનમાં લાભ થાય એ તો વાત કરતા જ નથી. કહો, શેઠ! આહા..હા..! ભાઈ! એ હોય છે એમ કરીને ખુશી થાવું એ પણ શું? એને એમ કે ભાઈ હોય છે હોં, એમાં હોય છે. એ અત્યારે ખુશી થાય. ઓલા રાગ હોય છે ત્યાં ખુશી થા તો એનો અર્થ તું રાગરૂપ છે એમ આવ્યું. એને .. વચમાં આવ્યા વિના રહે નહિ કે હા. 'લખણ ન બદલે લાખા.' એવું આવે છે. આપણે આવે છેને આ. 'લખણ ન બદલે લાખા.'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લાખા એ. 'બાર કોષે બોલી બદલે' બાર ગાઉએ બોલી બદલે. 'બાહ કોષે બોલી બદલે, તરુવર બદલે શાખા.' તરુવરની શાખા હોય. .. ધોળા થાય. 'પણ લખણ ન બદલે લાખા.' લાખા તારું લક્ષણ બદલતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન! તારું લક્ષણ તો જ્ઞાન અને દર્શન કહ્યુંને. એ લક્ષણ તો લક્ષને બતાવે. એ લક્ષણ રાગને બતાવે? આહા..હા..! રાગ લક્ષણે જ્ઞાન લક્ષણ એમ છે? જ્ઞાન-દર્શન કીધું ને.. લક્ષણ એ તો લક્ષ દ્રવ્યનું બતાવ્યું. નિત્ય ઉપયોગ બતાવ્યો છે. .. જ્ઞાન દર્શન તો ત્રિકાળી. સમજાણું કાંઈ? સમયસારની એક એક ગાથા. ઓહો..હો..!

એ **'સ્વદ્રવ્યને જ 'આ મારું છે' એમ અનુભવ. (એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.)'** આવો ઉપદેશ ગુરુઓનો છે કહે છે. આહા..હા..! આવો ઉપદેશ ગુરુઓનો છે. તું રાગ કર અને ફલાણું કર એ ઉપદેશ નહિ એમ કહે છે. મૂળચંદભાઈ! ત્યારે અત્યાર સુધી શું કર્યું બધું આ? ફુલચંદભાઈ કહે આ બધું સાંભળવા મળતું નથી. વાત સાચી. આ તો ઘર પલટો કરી નાખે એવી વાત છે. એમાં પારની તો આ ઉદયની પાર, ઉદય એમાં નથી. ભવમૂર્તિ આવશે આમાં હોં. ભવમૂર્તિ. આહા..હા..!

**'ભાવાર્થ :- આ અજ્ઞાની જીવ પુદ્‌ગલદ્રવ્યને પોતાનું માને છે તેને ઉપદેશ કરી સાવધાન કર્યો છે...'** ઠીક! આહા..હા..! એને ઉપદેશ કરીને સાવધાન કર્યો છે. સમકિતીને સાવધાન કર્યો? સમકિત સાવધાન જ છે. એમ કે સામે ઉપદેશ આવો. સમયસારનો આવો

ઉપદેશ તો એલ.એલ.બી. અને એમ.એ.ને ભણનારને માટે હોય એમ કહે. આહા..હા..! અમારે કાળ પાક્યો નથી, અમે એને લાયક નથી. ..માટે લખ્યું છે કૈલાસચંદજીએ. એ કાંઈક લખ્યું હશે જૈન પંડિત ઓલા ..વાળા નહિ? આવ્યું હતુંને વિદ્યાનંદજીનું કાંઈક આવ્યું હતું. વિરૂદ્ધનું. એટલે આમાં આવ્યું છે લખાણ. એમ કે કૈલાસચંદજી આવું કેમ લખે? ભાઈ અમે તો .. અમે તો પ્રશંસક રહ્યા છીએ વિદ્યાનંદજીના. અમને વાત પણ કરી છે એક ફેરી. તમે તો સમયસારને યોગ્ય, જો સમયસાર આવી જાયને .. શું કીધું હતું? સુગંધ ભળી જાય. એક તો આવી એમ કે આ કથનશૈલીની વિદ્વતા, એમાં જો સમયસાર આવી જાય તો સોનામાં સુગંધ ભળે. પણ સોનું કે દિ' હતું? એ આમાં ટીકા કરી છે. .. ત્યારે એણે કહ્યું ભાઈ મેં તો આમ કહ્યું. તમે તો સમયસારને યોગ્ય છો, તમે સમયસાર ભણો. એમ લખ્યું છે. સમજાણું? સમયસાર આવ્યું તો ખરું સમયસાર. જુઓ, 'હમ તો વર્ષો સે ચાહતે હૈ કિ મુનિશ્રી સમયસાર કે પ્રવક્તા બને.' એટલું તો આવ્યું હવે સમયસારનું.

મુમુક્ષુ :- બધા મુનિએ સમયસારનું પ્રવક્તા થવું જોઈએ એમ

ઉત્તર :- આ કૈલાસચંદજીએ લખ્યું છે. જૈનસંદેશ. 'હમ તો વર્ષો સે ચાહતે હૈં કિ મુનિશ્રી સમયસાર કે પ્રવક્તા બને, હમને સ્વયં ઉનસે યહ પ્રેરણા કી થી. ઐસા હોને સે એક બહુત બડે અભાવકી પૂર્તિ હોગી.' આહા..હા..! આ બધી પ્રરૂપણા તમારી રાગથી અને બહારની છે. નવનીતભાઈ! આહા..હા..! 'યહ દીન જૈન ઈતિહાસમેં ઉલ્લેખનીય હોગા કિ એક દિગંબર જૈન મુનિ સમયસાર કે અધ્યાત્મકી આત્મસાત કરકે, અધ્યાત્મ કા પ્રવચન કરે.' આહા..હા..! 'મુનિ વિદ્યાનંદજી મેં વૈસા બનનેકી યોગ્યતા હૈ.' એમ કરીને પાછું સારું લગાડવું છેને. 'હમ ઉનકે પુરાને પ્રશંસક હૈ. કિન્તુ આંખ બંધ કરકે નહીં.' એટલું તો આવ્યું આપણા સમયસારનું.

મુમુક્ષુ :- સમયસારના પ્રવર્તક બનો.

ઉત્તર :- બનો. મુનિઓને એમ કહે છે.

મુમુક્ષુ :- અભાવ હતો એટલે કબુલ કર્યું.

ઉત્તર :- વસ્તુ તો એ છે. આહા..હા..!

કર્યો છે. '**અજ્ઞાની જીવ પુદ્‌ગલદ્રવ્યને પોતાનો માને છે તેને ઉપદેશ કરી સાવધાન કર્યો છે કે જડ અને ચેતન દ્રવ્ય—એ બન્ને સર્વથા જુદાં જુદાં છે,...**' સર્વથા જુદાં જુદાં. કથંચિત્ જુદા અને કથંચિત્ એક એમ નહિ. ત્યાં અનેકાંત કરવું છે? સર્વથા જુદા છે અને એકરૂપ છે નહિ. આહા..હા..! પુણ્ય-પાપના વિકલ્પો અને ભગવાન નિત્ય ઉપયોગી આત્મા એ સર્વથા જુદા છે. '**કદાચિત્ કોઈ પણ રીતે એકરૂપ નથી થતાં એમ સર્વજ્ઞે દીઠું છે;...**' લ્યો! એમ સર્વજ્ઞ ભગવાને દીઠું છે કે નિત્ય ઉપયોગ સ્વરૂપ દ્રવ્યસ્વભાવ એ અણુપયોગ રાગરૂપે કોઈ દિ' થતો નથી, થયો નહિ અને થશે નહિ. એમ ત્રિલોકનાથ

તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માએ દીઠું છે એમ તું જો ત્યારે તું સાધર્મી અને સમકિતી થશે.

**'માટે હે અજ્ઞાની! તું પરદ્રવ્યને એકપણે માનવું છોડી દે;...'** રાગને પોતાનો માની. રાગથી મને લાભ થાશે, પુદ્ગલ અંધકારથી પ્રકાશને લાભ થશે. એ છોડી દે. આહા..હા..! **'વૃથા માન્યતાથી બસ થાઓ.'** એવી જૂઠી માન્યતાથી અલં. એમ કહે છે. આહા..હા..! ભારે કામ પણ. ભગવાન આખો બિરાજે છે ચૈતન્ય સત્તા ધ્રુવધામ. એવા ધ્રુવમાં રાગનો પ્રવેશ નહિ અને ધ્રુવ રાગમાં આવતો નથી. ભિન્ન બેય સર્વથા છે. એમ કહીને વૃથા માન્યતા, રાગ મારો અને એનાથી લાભ થાય એ જૂઠી માન્યતા. બસ થાઓ, પૂરો પડો તારી માન્યતામાં હવે. સમજાણું કાંઈ? **'હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—'** લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૨૩

(मालिनी)

अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्
अनुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।
पृथगथ विलसन्तं स्वं समालोक्य येन
त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम्।।२३।।

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [अयि] 'अयि' એ કોમળ સંબોધનના અર્થવાળું અવ્યય છે. આચાર્ય કોમળ સંબોધનથી કહે છે કે હે ભાઈ! તું [कथम् अपि] કોઈપણ રીતે મહા કષ્ટે અથવા [मृत्वा] મરીને પણ [तत्त्वकौतूहली सन्] તત્ત્વોનો કૌતૂહલી થઈ [मूर्तेः मुहूर्तम् पार्श्ववर्ती भव] આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત [બે ઘડી] પાડોશી થઈ [अनुभव] આત્માનો અનુભવ કર [अथ येन] કે જેથી [स्वं विलसन्तं] પોતાના આત્માને વિલાસરૂપ, [पृथक] સર્વ પરદ્રવ્યોથી જુદો [समालोक्य] દેખી [मूर्त्या साकम्] આ શરીરાદિક મૂર્તિક પુદ્ગલદ્રવ્ય સાથે [एकत्वमोहम्] એકપણાના મોહને [झगिति त्यजसि] તું તરત જ છોડશે.

ભાવાર્થ :- જો આ આત્મા બે ઘડી પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે (તેમાં લીન થાય), પરિષહ આવ્યે પણ ડગે નહિ, તો ઘાતીકર્મનો નાશ કરી, કેવળજ્ઞાન ઉત્પન્ન કરી, મોક્ષને પ્રાપ્ત થાય. આત્માનુભવનું એવું માહાત્મ્ય છે તો મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તો સુગમ છે; માટે શ્રી ગુરુઓએ એ જ ઉપદેશ પ્રધાનતાથી કર્યો છે. ૨૩.

## જેઠ સુદ -૩, બુધવાર, તા. ૧૪-૦૬-૧૯૭૨
## કળશ-૨૩, પ્રવચન-૯૭

કળશ છે. ૨૫ ગાથાનો. ૨૩મો બાકી છેને? ખબર છે? ૨૩ કળશ. જીવ-અજીવ અધિકાર.

(मालिनी)

अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्
अनुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।
पृथगथ विलसन्तं स्वं समालोक्य येन
त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम्।।२३।।

શું કહે છે? '**એ કોમળ સંબોધનના...**' '**अयि**' છેને? '**अयि**' સંબોધન કરૂણાથી, કોમળતાથી કર્યું છે કે હે જીવ! '**તું કોઈ પણ રીતે મહા કષ્ટે...**' એટલે પુરુષાર્થથી. આ અજીવથી જીવને જુદો અનુભવ એમ કહેવું છે. લ્યો આ શરૂઆત થાય છે આ. '**कथम् अपि**' 'કોઈપણ રીતે...' પુરુષાર્થ દ્વારા અંદર ચૈતન્ય ભગવાન અજીવથી તદ્દન જુદો છે. જીવ-અજીવ અધિકાર છેને. અને કરવાનું પણ એ છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ કેમ થાય એ અજીવથી જીવને જુદો જાણતા મરીને પણ. મરીને તો કાંઈ થાય નહિ, પણ એમ કે ગમે તેટલો પુરુષાર્થ થાય, પણ પુરુષાર્થ અનંત-અનંત કરીને પણ. '**मृत्वा**' એવો પણ એક શબ્દાર્થ છે. માયા, મોહથી ભ્રષ્ટ થઈ પરની સાવધાન તરફથી છૂટવા મરીને એટલે મહાપુરુષાર્થ દ્વારા '**तत्त्वकौतूहली सन्**' એ ચૈતન્ય તત્ત્વ શું છે આ તે? એનો એકવાર કુતૂહલ તો થા. એમ કહે છે. જગતની નવી ચીજ જોવામાં જેમ કુતૂહલતા કરે છેને? રાણી ઓજલમાં હોયને બહાર નીકળે, કોઈવાર પચાસ વર્ષે. જોવા નીકળે લોકો ઓહો..! શું છે? એમ એકવાર આ ચૈતન્ય ભગવાન પુણ્ય-પાપની આડમાં અને વર્તમાન પર્યાયની રુચિની આડમાં ઓજલમાં છે પ્રભુ. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના ભાવમાં, કાં વર્તમાન અનંત ગુણની પ્રગટ અવસ્થા જે વ્યક્ત છે એની રુચિની આડમાં ચૈતન્ય ભગવાન અંદર ગુપ્ત છે, ઓજલમાં છે.

તેને 'તત્ત્વોનો કૌતૂહલી થઈ...' આ ચૈતન્ય તત્ત્વ પરમાત્મા છે, પૂર્ણાનંદ છે એમ જે કહે છે કે આટલા શરીરમાં હોવા છતાં અનંત બેહદ જ્ઞાન અને અનંત આનંદ છે, આ શું છે આ તે? કહો, ભગવાનજીભાઈ! આહા..હા..! 'तत्त्वकौतूहली सन्' એક તો તત્ત્વનો કોતૂહલી થઈને. પરને તો જોવાનો અભ્યાસ અનાદિનો છે કહે છે. પણ એ ચૈતન્ય તત્ત્વ એના બેહદ આનંદ અને બેહદ જ્ઞાન એની એક એક શક્તિ બેહદવાળી. એવી અનંતી શક્તિવાળું આ શું છે? સમજાણું કાંઈ? લ્યો આ પહેલું મંગળિક ચાલે છે. ભાઈ! તું કેવડો છો? તને સંભળાવીને કહીએ છીએ પ્રભુ છો. ચૈતન્ય છો. ચૈતન્ય છો એટલે પૂર્ણ છો. પૂર્ણ છો એટલે? એમાં અપૂર્ણતા અને વિપરીતતા એમાં નથી. એવી ચીજ છે એ. તો એ ચીજને એકવાર કુતૂહલ તો કર શું છે આ તે? અંતર જોવાનો કૌતૂહલી થા એમ કહે છે. કહો, સમજ્યા? આહા..હા..!

કોઈ ચીજ વ્હાલી લાગે તો એને ઝીણી નજરે કરીને જોવે. ટગ ટગ કરીને જોવે. કરે કે નહિ? શું છે આ? ચિતરામણ હો, કે ચિત્ર હો કે એવા ચિત્ર ઘણી જાતના આવે. શું છે આ? એમ આ ભગવાન અનંત વિચિત્ર ચિત્ર બિંબનો ભંડાર. ચિત્ર એટલે અનેક. એ શું છે? જીવ-અજીવ અધિકાર છેને. એને કુતૂહલ થઈને 'मूर्तेः मुहूर्तम् पार्श्ववर्ती भव' 'આ શરીરાદિ...' 'भव' એટલે શરીરાદિ. 'મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત...' આ મૂર્ત દ્રવ્ય જે જડ. રાગાદિ મૂર્ત છે, અચેતન છે. શરીરાદિ અચેતન છે અને એનું લક્ષ કરતાં રાગનું લક્ષ પણ છૂટી જાય. એ બધા મૂર્ત દ્રવ્ય છે ખરેખર. આહા..હા..! એ 'આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો...' 'भव मूर्तेः'નો અર્થ કર્યો એ. 'मुहूर्तम्' 'એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ...' એમ. 'पार्श्ववर्ती' છેને? પાડોશી થઈને ઘડી કહે છે. આહા..હા..! વસ્તુ તો છે. અનંત આનંદ અને અનંત શાંતિ... શાંતિ... શાંતિ... અનંત સુખસ્વરૂપ, અનંત શાંતસ્વરૂપ. શું છે આ તે? આટલા આટલા વખાણ શાસ્ત્ર કરે છે. સંતો વખાણે છે. પોકાર કરીને આ રીતે જગાડે છે, છે શું પણ આ? એય..! શાંતિભાઈ! આવી વાત છે આ. બીજું બધું પડતું મૂક કહે છે. કીધુંને? 'पार्श्ववर्ती' થા એનો અર્થ થયોને. છોડી દે બધું ઈન્દ્રિયમાંથી લક્ષ. શરીર, વાણી, મન, પુણ્ય-પાપના ભાવ બધાય મૂર્ત પદાર્થ છે. એનો કૌતુહલી થઈને બે ઘડી પાડોશી થા. એનો અર્થ કે ભિન્ન થા. કહો, ગીરધરભાઈ! લ્યો જીવને ધર્મ કરવાની આ રીત.

કહે છે એ 'પાડોશી થઈ...' એટલે 'पार्श्ववर्ती' એટલે? કરવટ બદલી દે. આમ જે છે પડખું આમ હોયને પછી ખાટલા આડે શરીર .. એમ તારી દૃષ્ટિ અનાદિની શરીર ઉપર અને રાગ ઉપર અને એક સમયની અવસ્થા ઉપર છે. એ .. આ શું છે ત્રિકાળી ચીજ? પણ એ બધાનો બે ઘડી અંતરમાં ભિન્ન થઈને એને પડખેથી ખસી જા એમ કહે છે. સમજાણું કાંઈ? એને પડખેથી ખસી જા અને સ્વરૂપ ભગવાન શું છે આ? એને પડખે જા અંદર.

કહો, ..ચંદજી! આવો ધર્મ કરવાનો ભારે .. ઓલા રાડેરાડ પાડે છે. જૈનગેજેટમાં ખૂબ આવ્યું છે આ. સોનગઢીયા શરીરની ક્રિયાથી પણ માનતા નથી, વ્યભિચાર થાય એને માનતા નથી. એનો અર્થ શરીરથી અસંગ આત્મા ભિન્ન માને છે. .. તમારે જૈનગેજેટ આવ્યું છે. આહા..હા..! પણ શરીર જડ છે ભાઈ! એની સમય સમયની પર્યાય પણ જડ છે. એને લઈને આત્માને, પુણ્ય, પાપ અને ધર્મ ત્રણે ન થાય. .. ગાથામાં નથી આવ્યું? .. શરીરાદિ પરદ્રવ્ય છે એની ક્રિયાથી પુણ્ય માને, ધર્મ માને, પાપ માને એ તદ્દન ખોટી વાત છે. ૨૦૦ ગાથા પછી ૧૩૭ કળશ છે. ... અર્થ. શરીરાદિ પરદ્રવ્યની ક્રિયાથી અને શુભભાવથી મોક્ષ માને મૂઢ છે. એમ શરીરાદિની પરક્રિયાથી અને અશુભભાવથી જ બંધ માને અને સાથે શુભભાવથી બંધ ન માને એ મૂર્ખ છે કહે. આહા..હા..! સમજાણું? ૨૦૦ ગાથા. આ કહે નહિ. પરદ્રવ્યની ક્રિયાને તમે વ્યભિચાર ઠરાવીને બ્રહ્મચર્ય પાળે એનું કાંઈ નહિ? પણ શરીરની ક્રિયા છે. એ તો જડ છે. એમાં તારો ભાવ ભળે શુભ-અશુભ એનાથી શુભથી મોક્ષ માને અને અશુભથી બંધ માને. એમ બેયથી બંધ છે એ વાતનો ખ્યાલ નથી. આહા..હા..! બહુ સરસ અર્થ કર્યો છે જયચંદ પંડિતે. આહા..હા..! ... હોય નહિ. તોડી નાખે .. કરી નાખે. ... અરે ભગવાન! ... જૈન ગેજેટ. આગ્રામાં તો .. ભાઈ! .. કરે .. અરે પ્રભુ! શું કરે છે આ? ભાઈ! તને તારી ખબર નથી. શરીરની ક્રિયા હોય એ ક્રિયા જડની છે. એનાથી જીવને પુણ્ય થાય? એનાથી પાપ થાય? એનાથી ધર્મ થાય? ... આ તો જડ પરમાણુની પર્યાય જે સમયે જે પ્રકારે થાય તે થશે, એનાથી તો પુણ્ય પણ નથી, પાપ પણ નથી અને ધર્મ પણ નથી. એમાં ભળતો ભાવ શુભ દયા, દાન, વ્રતનો .. ભાવ તે શુભ છે અને હિંસા, જૂઠું, ચોરી આદિ અશુભ છે બેય બંધ છે. અહીં તો બંનેથી પડખે ચડી જા એમ કહે છે. સમજાણું કાંઈ?

જુઓ, શું કહે છે? '(બે ઘડી) **પાડોશી થઈ આત્માનો અનુભવ કર...**' એમ કહ્યું. હવે એનો અર્થ શું થયો? ખરેખર તો છઠ્ઠી ગાથામાં એમ કહ્યુંને કે પરદ્રવ્યના લક્ષને છોડી, સ્વદ્રવ્યની ઉપાસના કરતા. ...માં પરદ્રવ્યનું લક્ષ છૂટતાં, રાગનું લક્ષ છૂટ્યું એક સમયની પર્યાય તરફનો ઝુકાવ છૂટ્યો. એમ એનો અર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? છઠ્ઠી ગાથા છે નહિ કાંઈ? અગિયારમી છઠ્ઠી જરી ઝીણું પડે. શેઠિયા આવે .. આવેને પુણ્ય-પાપ અશુચિ છે. મેલ છે, જડ છે, દુઃખ છે. લોકો કહે .. ભગવાન આત્મા અતિનિર્મળ છે, ચૈતન્ય સ્વભાવી છે, સુખરૂપ છે. બેનું ભેદજ્ઞાન કર. .. એ જ કહેવું છે. '**ભવ મૂર્તેઃ**' શરીર સંબંધીથી છૂટનો અર્થ જ એ થયો. શરીરના લક્ષથી છોડ તો એનો અર્થ થયો કે સ્વના લક્ષમાં આવ, એનો અર્થ કે રાગ અને પર્યાયનું લક્ષ પણ છૂટી જાય છે. ભારે ગાથા! કહો, શશીભાઈ! આ કરવાનું છે હોં. નવા .. ખબર નહિ. ... એ .. બધામાં જઈ .. લ્યો! આ .. આપણા

આશીર્વાદ લ્યો .. થઈ જશે. .. આ લોકો એમ કહે હા-ના એના મોઢે પડાવવી એ કરતા અમારા ભાવ છે એવું શરૂ થયું છે. .. આવે છે. ... ૫૦-૫૦ લાખ, ૬૦-૬૦ લાખના.. એકને ૬૦ લાખ રૂપિયા અને એકને ૫૦ લાખ રૂપિયા. બે છે. એ તો એના પ્રમાણમાં ભાવ હોય. પોતાના ઘરનું મકાન બનાવે તો કેવું સારું બનાવે? આહા..હા..!

અહીં તો કહે છે કે એ ક્રિયાઓ થવાની તે કાળે થાશે અને તારામાં શરીર અને શરીરનું લક્ષ છૂટતા તને આમ શરીર તરફના વલણવાળો શુભ-અશુભભાવનું લક્ષ પણ છૂટી જશે તને. અરે! એનો અર્થ એ થયો કે વસ્તુ જે છે અખંડ અભેદ એના ઉપર તારી દૃષ્ટિ જશે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! .. તો લાખો માણસને ... આવી ગયા છેને. લાખો માણસ વ્યાખ્યાનમાં. ઘણી જાતની વિચિત્રતા. બાકી માર્ગ આ છે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' આવે છેને છ ઢાળામાં. ..ની વાત કર, લાખ કરોડની વાત કર પણ વસ્તુ એક-બે ઘડી હોં કહે છે. અંતરની દૃષ્ટિ કેળવ. અને અંતર ભગવાન અંતર્મુખ પરમાત્મા પોતે છે એને પરનો પાડોશી થઈને અંતરમાં જો. જો એટલે અનુભવ. સમજાણું કાંઈ? મારે ભારે! એમાં કરવું શું એમ આવતું નથી. પણ આ કરવાનું નથી આવતું? બહારનું કાંઈ કરવાનું હોય કે આ કરો.. આ કરો.. આ કરો.. મંદિર બનાવો. પૂજા, ભક્તિ. બહારની ક્રિયા છે. શુભભાવ હોય ત્યારે એ હોય અને ન પણ હોય. સમજાણું કાંઈ?

અહીં તો જેને પડખે ઉભો છો એ ચીજ જ નથી તારી. તેમ એક અંશ જે વર્તમાનદશાનો છે એમાં આખો તું આવતો નથી અને એ અંશને જ માનવો એ તો મિથ્યાદૃષ્ટિ છે. મારા હવે એ પ્રશ્ન ઉઠે કે આ લોકો કહે છે કે દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે. વસ્તુની દૃષ્ટિનો દ્રવ્ય જ છે. તો કહે નહિ તત્ત્વાર્થ શ્રદ્ધાન. સંવર-નિર્જરા પણ સમ્યગ્દર્શનનો વિષય પર્યાય છે. એય..! નહિ. ખૂબ આવ્યું છે આ ગેજેટમાં. અહીંને માટે છેને ગેજેટ પણ ભાઈ સાંભળને. એ ધ્રુવની દૃષ્ટિ થતાં એમાં એ પર્યાયો નથી એવું અંદર જ્ઞાન આવી જાય છે. આહા..હા..! અસ્તિ આ છે અને આ એમાં નથી. એવું અંદર જ્ઞાન શ્રદ્ધામાં આવી જાય, ભાઈ! તને ખબર નથી. તત્ત્વાર્થ શ્રદ્ધાનની જ્ઞાન પ્રધાનથી વાત કરી છે. દર્શન પ્રધાનથી આવે તો એકલો દ્રવ્ય શુદ્ધ ચૈતન્ય. વિષય કરનાર તો પર્યાય છે. હવે પર્યાય પણ વિષયના વિષયમાં આવી જાય તો વિષય કરે કોણ? ત્યારે કહે સાત તત્ત્વમાં છેને. તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. સાંભળને. એમાં જીવ વસ્તુ છે નિત્ય એનું અંતર ભાન થતાં અજીવ અને આ પર્યાયો નથી એવું જ્ઞાન થાય છે ત્યારે એને તત્ત્વાર્થ શ્રદ્ધાન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અરે! કહે છે, ભાઈ! જુઓને આ શરીર. જુવાન જુવાન .. રોગ ને હાર્ટ ફેઈલ ને કંપવા. આ ઊંઘીને ઉભા થાય ત્યાં કહે ક્ષય. આવા શરીર હવે એમાં શું છે? આહા..હા..! આ ઓલો છોકરો .. .. હતું. મારે આ તે ગજબ વાત છે. રજકણ જગતની ચીજ છે એને

.. એની પર્યાયને કારણે છે ભાઈ! યુવાન અવસ્થામાં આ રોગ. આવી દશા બાપુ જડની છે ભાઈ! એમાં ક્યાંય મલકાવા જેવું નથી અને એમાંથી શોક કરવા જેવું નથી. આહા..હા..! ઠીક હોય તો મલકાવું અને અઠીક હોય તો શોક એ બેય નથી. એ તો પરચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? મલકાવું સમજાણું? ખુશી થવું. અને શોક એ તો રાગ-દ્વેષ થયો. આહા..હા..! એ એમ કહે છે શરીરની ગમે તે સ્થિતિ હો, તેનાથી પ્રભુ એકવાર લક્ષ તો છોડ અને તારી ચીજમાં લક્ષને કર. પાડોશી થઈ જઈશ તું. ભારે ધર્મ ભાઈ! ધર્મની રીત આ છે. ધર્મદાસજી! આહા..હા..!

અરે! એક મુહૂર્ત ખસીજાને થોડીવાર. તને અંદર ભગવાન ભાળશે એમ કહે છે. શરીર અને પુણ્ય-પાપના રાગને પડખેથી છૂટી જા. શાંતિભાઈ! આ કરવાનું છે આ. બધું ઘડિયાળ, બડિયાળ અને ડહાપણ બધું નકામું છે. આહા..હા..! એમ કે એટલેથી હા પાડી .. આહા..હા..! અરે! ડાહ્યા તારું ડહાપણ ત્યારે કહીએ. એ નહોતું કહ્યું ઓલા નાટક. ડાહ્યાલાલ ભાવસારનું નાટક હતુંને. ત્યાં હતું ભરૂચમાં. જ્યારે .. દુકાને હતાને પહેલા. ભરૂચમાં થાતું. આઠ દિ'માં ત્રણવાર થાય. એક એક રાતના ૧૫૦૦-૧૫૦૦ રૂપિયા તે દિ' હોં! ૬૩-૬૪ની સાલ. નાટક એવું થાતું ડાહ્યાભાઈ. મેં જોયેલા છે. નાટક ગયા જોવા ત્યારે ટિકિટ લીધી ત્યારે ડાહ્યાભાઈ ઉભા હતા. લાંબા હતા. વૈષ્ણવ હતા. ડાહ્યાભાઈ ધોળશા ભાવસાર નાટક બનાવે. આઠ દિ'માં સાડા ચાર હજાર તે દિ'. પછી મરવા પડ્યા ત્યારે એવી સ્થિતિ. ત્યારે કહે છે પોતે એ ડાહ્યા તારું ડહાપણ ક્યારે કહીએ? અત્યારે શાંતિથી દેહ છોડ તો. તે બધા નાટક બાટક કર્યા. અંદરમાં આવ તો શાંતિ થશે. બાકી શાંતિ છે નહિ. આહા..હા..!

કહે છે અરે પ્રભુ! તું કોણ છો એનું કુતૂહલ તો કર. એમ કહે છે. તારું દ્રવ્ય જે છે વસ્તુ એ પ્રગટ નથી પર્યાયમાં. પર્યાય એક અવસ્થા છે એ પ્રગટ છે અને આખી ચીજ તે પર્યાયની અપેક્ષાએ પ્રગટ નથી, વસ્તુ અપેક્ષાએ પ્રગટ છે. શું કીધું? છેને. વસ્તુ અસ્તિ છેને સત્તા. પૂર્ણાનંદનો નાથ જ્ઞાનપિંડ અસંખ્ય ગુણનો રસકંદ અરૂપી છતાં મહાપદાર્થ છે. ૯૨મી ગાથામાં આવે છેને પ્રવચનસારની. અણિન્દ્રિય મહાપદાર્થ ધ્રુવ-ધ્રુવ એક જ શરણ છે. એક તો એમ ધ્રુવ છે. એક વસ્તુનું શરણ છે. અધ્રુવને શરણે .. પછી ગાથામાં દેહ દવિણ શબ્દ છે ત્યાં. ૧૯૩. દેહ અને દવિણા. દેહ અને દવિણા એટલે આ દ્રવ્ય. બધું અધ્રુવ છે. એમ કહ્યું. એ જ્ઞેય અધિકાર. એ જ્ઞેયો બધા અધ્રુવ છે. તારો જ્ઞેય અંદર ત્રિકાળી ધ્રુવ છે.

કહે છે '**(બે ઘડી) પાડોશી થઈ...**' પડખેથી ખસી રાગ અને શરીરના લક્ષથી ખસી. એમ કહે છે. અનુભવ. ભગવાન આત્મા જે અનાદિથી રાગનું અને દ્વેષનું વેદન છે એને. અનાદિથી એને રાગ અને દ્વેષનું વેદન છે. પરનું નહિ, તેમ સ્વનું નહિ. રાગ અને દ્વેષ...

રાગ અને દ્વેષનો ભોગ છે એને અનુભવ. શરીરનો અનુભવ નથી. શરીર તો જડ છે એનો અનુભવ એને શું હોય? એમાં થતો પ્રેમ અને શરીરમાં થતો દ્વેષ પ્રતિકૂળ રોગ આદિ વખતે. એને એ દ્વેષ અને રાગનું વેદન છે. તો હવે એકવાર એનાથી ખસી જા. તો તને આત્માનું વેદન આવશે એમ કહે છે. સમજાણું કાંઈ? આ શું તમારા ધંધામાં કાંઈ ઘડિયાળ બડિયાળનું વેદન નથી તમને. ..માં .. વેદન નથી. અંદર વિકલ્પ ઉઠે છે એનું વેદન છે. વિકલ્પ વૃત્તિ રાગ-દ્વેષ એનું વેદન છે. તો હવે એકવાર એમાંથી ખસીને આત્માનું વેદન કરને. એમ અનુભવ એટલે એમ કહે છે. કુતૂહલતા શું આ તે. અંદર. મહાપદાર્થ જેની વાણીમાં. સર્વજ્ઞની વાણીમાં પૂરું રૂપ ન આવે. એવો આ પદાર્થ અને તે એવડું હું એવું કેમ બેસે? એક સમયની પર્યાયની દૃષ્ટિવાળાને રાગના પ્રેમવાળાને આવો એક આત્મા અંતરમાં પ્રગટ છે. (એ કેમ બેસે)

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પર્યાય એમ કહે છે. એ તો કહ્યું હતું કાલે નહિ? પર્યાય કહે છે કે આ નવ પ્રકારની પર્યાય તે અત્યંત ભિન્ન હું શુદ્ધ છું. પર્યાય એમ કહે છેને. ધ્રુવને શું છે? કાલે આવ્યું હતુંને એ. એમ દરેકમાં છે. પર્યાય એમ કહે છે. વેદન પર્યાયમાં છેને. તો પર્યાય એમ કહે છે કે નવ તત્ત્વનો વ્યવહારિકભાવ એનાથી હું અત્યંત ભિન્ન છું, અત્યંત જુદો છું. એ જુદો છું અત્યંત એ કાંઈ ધ્રુવ નથી જાણતું. પર્યાય પોતે એમ જાણે છે કે હું આ બધી પર્યાયને હુંથી એ જુદો એમ એ જાણે છે. અરે! મૂળચંદજી! આહા..હા..!

મુમુક્ષુ :- એમ જ હોયને.

ઉત્તર :- એમ જ હોયને. કાર્ય તો વેદનની પર્યાયમાં છે કે જડ એ તો ધૂળ છે. સંસાર છે એ વિકારી વેદન. મોક્ષમાર્ગમાં અવિકારીને થોડો વિકાર ગૌણપણે વેદન, સિદ્ધમાં પૂર્ણ અવિકારી વેદન છે. કહે છે આવું માણસને એવું લાગે. પણ એમાં કાંઈક આવું કરીએ શરીરની ક્રિયા, કાંઈક આવું કરીએ તો કદી જુદા પડાયને. એ તો માણસનો અર્થ જ એ છેને અજ્ઞાની. આહા..હા..!

**'અનુભવ કર...'** આહા..હા..! અનુભવ. ભગવાન વસ્તુ અંદર ધ્રુવ ચૈતન્ય આનંદકંદ છે, અમૃતનો સાગર તું છો ભાઈ! એમાંથી એ ટીપું કાઢીને વેદન કર. બધું તો બહાર નહિ આવે પર્યાયમાં એમ કહે. સમજાણું કાંઈ? પણ અનુભવ થોડો. આખી ચીજ આ છે. અનુભવમાં આનંદનો અંશ એ તો ત્રિકાળી અનંત આનંદની આગળ અંશ છે. પણ એ અંશને અંશ દ્વારા આખી ચીજને અનુભવ એમ કહેવું છે. શાંતિભાઈ! શું કરવું આમાં? અરે ભારે આકરો ધર્મ છે! લોકો એક જણો એમ કહેતો હતો. ભારે આકરો ગોત્યો છે. ગોત્યો છે કોણે? આવું સ્વરૂપ જ છે. ઓલું બહારથી માન્યું હતુંને દયા પાળવી, વ્રત કરવા. એ ઇંદોરમાં દીક્ષા આપી સ્થાનકવાસીમાં બે મોટી દીક્ષા. ધામધુમ. આ વૈરાગી. અરે ભાઈ! ભાઈએ નહોતું

કહ્યું. વીંછીયા વ્યાખ્યાનમાં આવ્યા હતા. લીલાધરનો દીકરો આવ્યો હતો. લીલાધર પ્રેમચંદ, પ્રેમચંદ હેમચંદ હતા મોટા મોટા. .. ગૃહસ્થ અમે ગયા હતા. .. ગૃહસ્થ છે મોટા. બહુ આબરૂદાર. હેમચંદ. .. લીલાધર એનો દીકરો આવ્યો હતો. સાંભળ્યો .. પગે લાગ્યો. .. મારી ભત્રીજી દીક્ષા લે છે તો આવ્યો છું. આહા..હા..! આ વાત સાંભળતા પ્રેમ થયો. દીક્ષા. કોની દીક્ષા પણ? ભાન વિના મૂઢ. અભિમાન છે દીક્ષા.

કહે છે **'એક મુહૂર્ત આત્માનો અનુભવ કર...'** **'अथ येन'** **'કે જેથી...'** એમ. **'अथ'** કે **'येन'** **'જેથી...'** એમ. આ કારણે. **'स्वं विलसन्तं'** **'પોતાના આત્માને વિલાસરૂપ,...'** આનંદરૂપ તને અનુભવાશે. આહા..હા..! **'स्वं विलसन्तं'** **'પોતાના આત્માને વિલાસરૂપ,...'** આનંદનો વિલાસ ત્યાં છે. આહા..હા..! આ રાગ અને પુણ્યનો વિલાસ એ હરામની. આ આત્મરામની રમણતાની વાત છે. આહા..હા..! કહે છે **'स्वं विलसन्तं'** જોયું! **'પોતાના આત્માને વિલાસરૂપ,...'** અનુભવ. એમ. ઓલો રાગનો અને પુણ્યનો વિલાસ તો અનુભવ્યો તે અનાદિથી હવે. એ તો અનુભવ તો એણે કર્યો જ નથી કાંઈ હોં. નથી કરી શકતો. એની સત્તામાં, એના હોવાપણામાં ફેરફાર રાગ-દ્વેષ કરે .. કરે. પણ જ્યાં હોવાપણું એનું નથી એમાં શું કરે? જેમાં આત્માનું હોવાપણું નથી, એમાં એ શું કરે? આહા..હા..!

મુમુક્ષુ :- અનઅધિકાર થયો.

ઉત્તર :- માન્યતા છે. કળશમાં. ત્યાં પણ જીવ શરીરથી ધર્મ થાય કે નહિ? એ વાત આમાં મૂકી છે. આહા..હા..! શરીર જીવતું છે એને જડ કહે છે કહે. આહા..હા..! એ તો નિમિત્તથી એને કહ્યું છે સચેતન શરીર. આ વનસ્પતિને કહે છેને સચેતન. એ તો ઓલો નિમિત્ત ચેતન છે એટલે સચેતન કહો. શરીર ચેતન છે? શરીર તો અચેતન છે. આહા..હા..! સચેત જીવ નથી આવતું? સચેત જીવ, અચેતજીવ આવેને? શરીર સચેત જીવ કહેવાય. પણ કઈ અપેક્ષા? ઓલો જીવ અંદર છે એથી શરીરને સચેતનો આરોપ કરીને કથન છે. પણ એ જીવ સચેત છે એ શરીર સચેત થઈ જાય? દયા પાળો, દયા પાળો આવે છેને એય..! પ્રકાશચંદજી! દયા પાળો.. દયા પાળો. અરે ભગવાન! કોની પાળે બાપા! સચેત શરીરને હણાય નહિ, આમ ન થાય, અચેત આહાર લો ધર્મ થાય. આહા..હા..!

અહીં તો કહે છે કે પ્રાસુક આહારનો ગ્રહણ-ત્યાગ જ સ્વરૂપમાં નથી. સદોષને છોડું અને નિર્દોષને લઉં એવું સ્વરૂપમાં જ નથી. પરના ત્યાગ-ગ્રહણથી પ્રભુ શૂન્ય છે. આહા..હા..! શું થાય? અરે! પરમસત્ય પણ કેમ બેસે? એટલે વિરોધ આવે, બાપા! એ વિરોધ તું સત્યનો નથી કરતો, તને નથી બેસતું એનો કરે છે. આ સત્ય તો સત્ય જ છે. એ સત્ ઉંધું માને એથી કાંઈ અસત્ થઈ જાય? એનો વિરોધ અત્યારે કરે કોણ? આહા..હા..! કહે છે અરે! બે ઘડી **'स्वं विलसन्तं'** એમ કહે છે. **'स्वं'** છેને? **'अथ येन'** **'કે જેથી...'** આ રીતે

જો અનુભવ કર કે જેથી **'स्वं विलसन्तं'** તને આત્માનો વિલાસ દેખાશે એમ કહે છે. આહા..હા..! કેવો? **'पृथक समालोक्य' 'સર્વ પરદ્રવ્યોથી જુદો...'** રાગાદિ પણ પરદ્રવ્ય છે એનાથી જુદો. સર્વ છેને? પૃથક્. **'पृथक'** શબ્દ સર્વ લીધું જુદો. **'समालोक्य' 'દેખી...'** એટલે અનુભવીને. **'समालोक्य'** સમ્યક્ પ્રકારે આલોચન. આનંદનું વેદન. સમસમાલોક્ય. **'स्वं विलसन्तं समालोक्य'** એમ ભાષા છેને? **'स्वं विलसन्तं'** પૃથક્ **'समालोक्य'** આહા..હા..! ભાઈ! **'स्वं विलसन्तं'** તારો આત્મા વિલસતો અંદર ભિન્ન છે. રાગથી અને શરીરથી વિલસતી રમતો એ સાહેબો તારો અંદર ભિન્ન છે. **'स्वं विलसन्तं'** આહા..હા..! પોતાનો વિલાસ જોને. અને વિલાસ છો. પોતાનો વિલાસવાળો આત્મા તને અનુભવાય છે. જેમાં રાગ અને પુણ્યનો વિલાસ છે નહિ. એવો છે એ પોતામાં વિલસતો, રમતો. આનંદમાં રમતો એવો આત્મા તને ભાસશે. સમજાણું કાંઈ? રમતા આનંદ હોરા. આવે છેને. 'ખગ પદ ગગન જો ખોજે સો ભોરા.' આકાશમાં પગલા ગોતવા જાય પંખીના. લીસોટા પડ્યા હશે ક્યાંક. ધૂળમાં પણ એમ આમ. આમાં હોય તો પડે જરી ધૂળ હોય તો. જરી પડે છે. ઓલો છોકરો લે છેને ચોરને પકડવાના. એ હાથ જ્યાં પડ્યા હોય એનો ફોટો લઈ લે. એ હાથ દેખાય એને. ત્યાં હશે ઉપર. માછલું ચાલે પાણીમાં. બેય થઈ ગયું ઊર્ધ્વ અને નીચે. પાણીમાં .. ચાલે પગલા ન હોય. પંખીના પગલા આકાશમાં ગોતે મૂર્ખ છે. એમ પાણીમાં મચ્છના પગલા ગોતે મૂર્ખ છે. એમ આત્માને પુણ્ય-પાપમાં અને શરીરમાં ગોતે એ મૂર્ખ છે. 'ચિત્ પંકજ ખોજે સો ચિહ્ન હૈ.' જ્ઞાનરૂપી કમળ અંદર ભગવાન ખીલેલું પડ્યું છે એને ખોજે તો 'રમતા આનંદ ભોરા.' આનંદરૂપી ભમરો ત્યાં રમે છે. એ એક ...

**'स्वं विलसन्तं પોતાના આત્માને વિલાસરૂપ, સર્વ પરદ્રવ્યોથી જુદો...' 'समालोक्य'** અનુભવીને. **'मूर्त्या साकम्' 'આ શરીરાદિક મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય સાથે...'** એમ. **'मूर्त्या'** એટલે મૂર્તિક. પુદ્‌ગલ એટલે સાથે. આમ જો કરીશ તો **'एकत्वमोहम् झगिति त्यजसि'** રાગ અને શરીરની એકતાબુદ્ધિ જે છે એ અંતરના અવલોકનમાં જો જા. સ્વ વિલસતો આત્મા તને અનુભવમાં આવશે ત્યારે **'પુદ્‌ગલદ્રવ્ય સાથે એકપણાનો મોહ...' 'झगिति' 'તરત જ...'** તરત જ **'त्यजसि' 'છોડશે.'** એ પણ એક વ્યવહારનું કથન છે. એ છૂટી જાય છે એને છોડશે એમ કહે છે. કથન .. સમજાણું કાંઈ? આવો ધર્મ એટલે ઝીણો પડે માણસને. એય..! જેઠાભાઈ! એટલે માણસને આ સોનગઢીયા કહે. એમ કહે છે. એ સોનાને કાટ ન હોય. એને કાટ ચડે નહિ. આહા..હા..!

ભગવાન આત્મા **'स्वं'** આનંદથી વિલસતો. પરથી લક્ષ છોડી પાડોશી જો થઈ જા. તને પોતાથી વિલસતો એવો આત્મા અનુભવમાં આવશે. અને એવા અનુભવથી તને રાગ અને શરીરનો મોહ નામ મિથ્યાત્વભાવ જે છે તરત જ છૂટશે, નાશ થઈ જશે. અનુભવની ઉત્પત્તિ

થશે અને મોહનો વ્યય થશે. એમ કહે છે. વસ્તુ તો ધ્રુવ છે ત્રિકાળ. સમજાણું કાંઈ? આહા..હા..! કરવાનું આ છે. લાખ શાસ્ત્ર ભણે અને વાંચે ને સમજાવે. કરવાનું તો આ છે. એય..!

મુમુક્ષુ :- ત્યારે શાસ્ત્ર ન વાંચવાને?

ઉત્તર :- વાંચે કોણ?

મુમુક્ષુ :- આમન્યાય કરવા વાંચવાની શું જરૂર છે?

ઉત્તર :- આવે. વિકલ્પ હોય. એ પણ કર્યું છે કે અનુભવીને શાસ્ત્ર વાંચવાની અટક નથી. એ આવ્યું છેને. એય..! કળશટીકામાં આવ્યું છે. બાર અંગનું જ્ઞાન એ વિકલ્પ છે. એમાં પણ આત્માનો અનુભવ કરવો એ કથન છે. અને અનુભવીને શાસ્ત્રને ભણવાની અટક નથી. આવે ખરી, હોય. સમજાણું કાંઈ? આહા..હા..! ભણ્યાના ભાવ આવી ગયા. ભણવાનો સાર જે હતો જ્ઞાનાનંદ સ્વરૂપ અનુભવમાં આવી ગયો. .. ગયું બધું. .. પરલક્ષી જ્ઞાન .. શાસ્ત્ર સ્વાધ્યાય હોય. એવી વાતું છે.

**'આ શરીરાદિક મૂર્તિક પુદ્ગલદ્રવ્ય સાથે... '** **'एकत्वमोहम्'** એકપણાનો જે મિથ્યાત્વભાવ. પૃથક્ ભાસતા એકપણાનો મિથ્યાત્વભાવ **'झगिति'** 'તું...' શબ્દ ઉપરથી લીધોને. એકદમ છોડશે. પણ કોણ? કે તું. એમ. **'તુરત જ છોડશે.'** એ ભ્રમણા મિથ્યાત્વની તરત જ નાશ થઈ જશે. ભગવાન અંતર ચૈતન્યમૂર્તિ ભગવાન એમાં જઈને અનુભવ. મિથ્યાત્વની ઉત્પત્તિ નહિ થાય એનો વ્યય થાશે,.. એમ કહેવામાં આવ્યું છે. લ્યો આ કળશ આવ્યો મુહૂર્તમાં. આહા..હા..!

**'ભાવાર્થ :- જો આ આત્મા બે ઘડી પુદ્ગલદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે...'** ત્યારે એમ નથી કહ્યું કે બે ઘડી કર્મ માર્ગ આપે તો તું આમ કરજે. એમ. એમ કહ્યું કે બે ઘડી પુદ્ગલદ્રવ્યથી તું જુદો પડ. ઓલા જુદા પડે તો તને કામ થાય એમ તો છે નહિ કાંઈ. આહા..હા..! તે એકત્વ માન્યું છે. માન્યું છે એણેને? પુદ્ગલે ક્યાં મનાવ્યું છે? આહા..હા..! એ આવ્યું મોટું લખાણ. જ્ઞાનાવરણીયને લઈને કર્મ રોકાય છે, આ લોકો પરદ્રવ્યથી કાંઈ ન થાય એમ કહે છે. ભગવાન કહે છે ઘાતિકર્મથી ગુણનો ઘાત થાય છે. ઘાત ન થાય તો લાવો કેવળજ્ઞાન. આહા..હા..! અરે ભગવાન! ભાવઘાતિકર્મ છે એનાથી જીવની શક્તિ હણાય છે. ત્યારે દ્રવ્ય ઘાતિકર્મને નિમિત્ત કહેવામાં આવે છે. આમ વાત છે, ભાઈ! વાંક તારો અને નાખ બીજા ઉપર 'ઐસી અનીતિ સંભવે નહિ જિનાજ્ઞા માન તો.' આવે છેને મોક્ષમાર્ગપ્રકાશક. દોષ કર તું અને નાખ કર્મને માથે. એવી અનીતિ જિનાજ્ઞા માન તો સંભવે નાહિ. આવો અન્યાય! અપરાધ તું કર અને અપરાધ કર્મ કરાવે એમ માન.

મુમુક્ષુ :- પોતે મહંત રહેવા ઈચ્છે છે.

ઉત્તર :- મહંત રહેવા ઈચ્છે છે એમ છે. પોતે તો મહંત રહેવા ઈચ્છે છે. જાણે અમારે

કાંઈ લેવા દેવા નથી. દોષ થાય એ કર્મને લઈને થાય છે. રહેવા દે એ અનીતિ કરવી રહેવા દે ભાઈ! આહા..હા..! જુઓ આ આવી અનીતિ.

કહે છે '**જો આત્મા બે ઘડી પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે...**' એટલે કે ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એ તરફની દૃષ્ટિ કરીને એમાં લીન થાય, પૂર્ણ સ્વરૂપ ભગવાન અસ્તિ-સત્તાપણે છે. અસ્તિપણે છે. એ કાંઈ અસ્તિ નથી અને અસ્તિ માને છે એમ નથી. છે. એ પૂર્ણ સ્વરૂપ ભગવાન છે. આહા..હા..! પોતાનું શુદ્ધસ્વરૂપ છે. ત્રિકાળ શુદ્ધ છે. એનો '**અનુભવ કરે, પરિષહ આવ્યે પણ ડગે નહિ,...**' જુઓ, ઓલા કહે કે લ્યો કર્મસહિત અને રાગસહિત ન માને તે મૂઢજીવ છે. એમ કહે છે. ત્યારે પુરુષાર્થસિદ્ધિ કહે છે કે કર્મ શરીર અને રાગસહિત નથી આત્મા એને છે એમ માને એ મૂઢ છે. આહા..હા..! ભગવાન ચૈતન્ય પ્રભુ જ્ઞાયકભાવથી ભરેલું તત્ત્વ એ તો રાગ અને શરીરના સહિત નથી. સહિત બે તત્ત્વથી સહિત હોય તો બે તત્ત્વ એક થઈ જાય છે. આહા..હા..! તો હવે એને વ્યવહારથી સહિત ન માને, વ્યવહારથી નિશ્ચય ન માને એનો અર્થ કે વ્યવહારથી સહિત ન માને એ મિથ્યાદૃષ્ટિ. અહીં કહે કે વ્યવહારથી સહિત માને એ મિથ્યાદૃષ્ટિ. ગજબ વાત છે. ભારે ઉગમણો-આથમણો ફેર.

મુમુક્ષુ :- વ્યવહારે રાગ.

ઉત્તર :- વ્યવહાર રાગ, શુભરાગ. એ શુભરાગથી અસમાહિતો. શુભરાગથી અસમાહિત એટલે સહિત નથી. છે? એમાં છે જુઓ. છેલ્લી ગાથા છે. છે. '**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि**' બસ. વચમાં નહિ. આ બાજુ આ બાજુ. એમ નહિ એ બાજુ નહિ, આ બાજુ. એ પાનું કાઢ્યુંને. છેલ્લું પૂરું થાય ત્યારે. પૂરું ક્યાં થયું? એ બે પાના ભેગા થયા. ચોંટી ગયું. એ બે પાના તમારે ચોંટી ગયા છે. એ છૂટું પાડી દ્યો. જુઓ એ. '**एवमयं कर्मकृतैर्भावैरसमाहितो ऽपि युक्त इव। प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भीवबीजम्।।१४।।**' અહીં તો એમ કહે છે કે એ રીતે આત્મા કર્મકૃત રાગાદિ વ્યવહાર, શુભ રાગાદિ થયો કે નહિ? શુભરાગાદિસહિત નથી એમ કહે છે. એને ઠેકાણે શુભરાગ થાય તો એને નિશ્ચય ધર્મ થાય. ક્યાં ગોટા મોટા? રાગાદિ અને શરીરાદિ બેય લીધું. આસ્રવ અને અજીવ. એવા ભાવોથી અસંયુક્ત છે. સહિત નથી. અસંયુક્ત હોવા છતાં પણ. આ બધી વાંચતા ત્યારે ભાઈને હમણા એ પૂછ્યું હતું. રાજકુમાર છે. ત્યારે દાખલો આપે તો ક્યાં છે? એટલે કહું એટલે પાનું ફેરવે ત્યાં પાનું કાઢવા માંડે. રાજકુમાર. આધાર જોતા હતા. પછી માણસો, છોકરાવ રળે અને રાતે નવરા થાય તો ગંજીપો રમે.

અહીં કહે છે, ભગવાન આત્મા અસ્તિતત્ત્વ જ્ઞાયક આનંદસ્વભાવનું હોવાપણે તત્ત્વ એ રાગાદિ આસ્રવ અને શરીરાદિ અજીવ. તો આ નવ તત્ત્વ છે કે નહિ? તો નવમાં ભિન્નતા

ક્યારે રહે? કે અજીવ અને આસ્રવથી જુદો હોય તો. તો આસ્રવ અને અજીવથી સહિત આત્મા નથી. છતાં સહિત છે. પણ અજ્ઞાનીઓને સંયુક્ત જેવો પ્રતિભાસે છે. જેવો પ્રતિભાસે છે એમ નહિ, પણ એને સહિત જેવો પ્રતિભાસ થાય છે. લાગે છે. એટલે જેવો કીધોને પાછો. અજ્ઞાનીને રાગથી સહિત છે એવો ભાસે છે અંદરમાં. એ પ્રતિભાસ ખરેખર સંસારનું બીજ છે. એ ભાસ એ સંસારમાં રખડવાનું બીજડું છે. આહા..હા..! કેટલી સ્પષ્ટ વાત! આ તો ચરણાનુયોગનો ગ્રંથ છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય તો. વ્રત ને નિયમની બધી વાતું છે એમાં. આમાં આ નાખ્યું છે. એ વ્રત, નિયમના જે વિકલ્પની વાતું કરી અને હોય છે ત્યાં, પણ વસ્તુ એનાથી સહિત નથી. જ્ઞાનીને એનાથી ભિન્ન ભાસે છે એટલે રાગ હોવા છતાં, રાગનો જ્ઞાની જાણનાર છે. ભિન્ન દ્રવ્ય તરીકે. એમ. ચરણાનુયોગમાં જેટલા લખાણ વ્યવહારના આવ્યા એને જ્ઞાની એ રાગની ક્રિયાસહિત જીવ ભાસતો નથી, પણ રાગની ક્રિયારહિત ભાસે છે એમાં રાગ જે જણાય છે એ પરદ્રવ્ય તરીકે, પરજ્ઞેય તરીકે રાગને જાણે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**પરિષહ આવ્યે પણ ડગે નહિ, તો ઘાતીકર્મનો નાશ કરી, કેવળજ્ઞાન ઉત્પન્ન કરી,...**' લ્યો! ઘાતિકર્મનો નાશ કરી. ઘાતિકર્મનો નાશ થાય અને કેવળ થાય એમ ન લીધું. અહીં ઘાતિકર્મનો નાશ કરી. નિમિત્તથી કથન છેને. ભાવઘાતિનો નાશ થાય એટલે ઝટ દ્રવ્ય ઘાતિનો નાશ થઈ જાય. '**કેવળજ્ઞાન ઉત્પન્ન કરી, મોક્ષને પ્રાપ્ત થાય.**' લ્યો! આહા..હા..! સ્વરૂપમાં એકાગ્ર થતાં પરિષહ નામ પ્રતિકૂળતા આવે છતાં જો અંતરથી ખસે નહિ અને સ્થિર રહે અંદર. અંતર્મુખમાં ઘાતિકર્મનો નાશ થાય, કેવળજ્ઞાન પામે. '**આત્માનુભવનું એવું માહાત્મ્ય છે...**' જુઓ, આત્માના અનુભવનું એવું માહાત્મ્ય છે '**તો મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તો સુગમ છે;...**' આહા..હા..! મૂળ વસ્તુનું માહાત્મ્ય જ આવતું નથી લોકોને. એટલે વ્યવહાર ને નિમિત્ત ને આ તે લાકડા ખોસે વચમાં. મહાપ્રભુ અંદર અનંત આનંદ અને અનતં જ્ઞાન અને અનંત શક્તિથી બિરાજમાન પ્રભુ પોતે છે, ઈશ્વર પોતે છે. પૂર્ણ ઈશ્વર પોતે છે. એનો ઈશ્વર બીજો હોય નહિ. સમજાણું કાંઈ?

'**આત્માનુભવનું એવું માહાત્મ્ય છે...**' એમ કહે છે. '**તો મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તો સુગમ છે; માટે શ્રી ગુરુઓએ એ જ ઉપદેશ પ્રધાનતાથી કર્યો છે.**' જોયું! આવો ઉપદેશ ગુરુએ મુખ્યપણે કહ્યો છે. ગૌણપણે વ્યવહાર હોય એને સમજાવ્યો છે. પણ એ સહિત નથી એને સમજાવ્યો છે. આહા..હા..! તારામાં નથી, પણ આ એક બીજો ત્યાં વર્તે છે એમ સમજાવ્યું છે. ઉપદેશ પ્રધાનતાથી કર્યો છે. લ્યો એ કળશ થયો પૂરો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૨૭

अथाहाप्रतिबुद्धः ---

जदि जीवो ण सरीरं तित्थयरायरियसंथुदी चेव।
सव्वा वि हवदि मिच्छा तेण दु आदा हवदि देहो।।२६।।
यदि जीवो न शरीरं तीर्थकराचार्यसंस्तुतिश्चैव।
सर्वापि भवति मिथ्या तेन तु आत्मा भवति देहः।।२६।।

હવે અપ્રતિબુદ્ધ જીવ કહે છે તેની ગાથા કહે છે :-

જો જીવ હોય ન દેહ તો આચાર્ય-તીર્થંકર તણી
સ્તુતિ સૌ ઠરે મિથ્યા જ, તેથી એકતા જીવ-દેહની! ૨૬.

ગાથાર્થ :- અપ્રતિબુદ્ધ કહે છે કે : [यदि] જો [जीवः] જીવ છે તે [शरीरं न] શરીર નથી તો [तीर्थकराचार्यसंस्तुतिः] તીર્થંકર અને આચાર્યોની સ્તુતિ કરી છે તે [सर्वा अपि] બધીયે [मिथ्या भवति] મિથ્યા [જૂઠી] થાય છે; [तेन तु] તેથી અમે સમજીએ છીએ કે [आत्मा] આત્મા તે [देहः च एव] દેહ જ [भवति] છે.

ટીકા:- જે આત્મા છે તે જ પુદ્‌ગલદ્રવ્યરૂપ આ શરીર છે. જો એમ ન હોય તો તીર્થંકર-આચાર્યોની જે સ્તુતિ કરવામાં આવી છે તે બધી મિથ્યા થાય. તે સ્તુતિ આ પ્રમાણે છેઃ-

**જેઠ સુદ -૪, ગુરુવાર, તા. ૧૫-૦૬-૧૯૭૨**
**કળશ-૨૪, ગાથા-૨૬-૨૭, પ્રવચન-૯૮**

૨૫મી ગાથા. 'હવે અપ્રતિબુદ્ધ જીવ કહે છે...' પહેલું આવી ગયું છે. પ્રતિબુદ્ધને સમજાવે છે. સમજાવ્યું કે ભાઈ આ તો પર છે બધું. શરીર આ બધું. આચાર્યે .. અહીં તો અપ્રતિબુદ્ધને કહે છે. પહેલાં આવી ગયું છે એનો ઉત્તર છેને જુઓને. ૨૩મું ઉપર છેને. 'હવે અપ્રતિબુદ્ધને સમજાવવા માટે પ્રયત્ન કરે છે :—' એ ૨૩-૨૪-૨૫. એને અત્યારે

સામો જવાબ આપે છે હવે. આહા..હા..! ૨૩-૨૪ ઉપર છેને. **'અપ્રતિબુદ્ધને સમજાવવા માટે પ્રયત્ન કરે છે :—'** સર્વજ્ઞે દીઠો આત્મા તો ભિન્ન છે. ઉપયોગલક્ષણ. આ તો બધા અનુપયોગ જડ છે. બે એક કેમ થાય? ત્યારે એ સામો ઉત્તર આપે છે. શાસ્ત્ર ભણેલો છેને, વાંચેલો છેને.

**जदि जीवो ण सरीरं तित्थयरायरियसंथुदी चेव।**
**सव्वा वि हवदि मिच्छा तेण दु आदा हवदि देहो।।२६।।**

**જો જીવ હોય ન દેહ તો આચાર્ય-તીર્થંકર તણી**
**સ્તુતિ સૌ ઠરે મિથ્યા જ, તેથી એકતા જીવ-દેહની! ૨૬.**

પરદ્રવ્યની સ્તુતિ તો તમે કરો છો. તીર્થંકર, આચાર્ય આવા હોય ને આવા હોય, આવા હોય. એની સ્તુતિ, એની વાણી, એના પુણ્યની સ્તુતિ. આહા..હા..! પુણ્ય ફલા અર્હંતા. હવે ઓલા બીજું કહે. પુણ્યફળ તે અરિહંત, પુણ્ય ફળ તે ક્રિયા ઉદયની. એનો એ લેખ લખ્યા કરે જૈન ગેજેટમાં. ૨૬. એની ટીકા. **'જે આત્મા છે તે જ પુદ્‌ગલદ્રવ્યસ્વરૂપ આ શરીર છે.'** એમ અજ્ઞાનીનો પ્રશ્ન છે. નિમિત્ત શરીરથી ક્રિયા ધર્મની થાય. આ પ્રશ્ન . ખાણિયા ચર્ચામાં. પંડિતજી! પ્રશ્ન આવ્યો હતો. આહા..હા..! પંડિત હતો. **'જે આત્મા છે તે જ પુદ્‌ગલદ્રવ્યસ્વરૂપ આ શરીર છે. જો એમ ન હોય તો તીર્થંકર-આચાર્યોની જે સ્તુતિ કરવામાં આવી છે તે બધી મિથ્યા થાય.'** ત્યાં કાંઈ કેવળજ્ઞાની તમે છો અને ફલાણું છે એવું નથી ત્યાં. ત્યાં તો એના શરીર ને વાણી ને પુણ્યના ફળની સ્તુતિ છે ત્યાં તો. એ બધું પર થઈ ગયું એ તો જડ છે. એમ કહે છે.

---

## શ્લોક-૨૪

यदि य एवात्मा तदेव शरीरं पुद्गलद्रव्यं न भवेत्तदा —

(शार्दूलविक्रीडित)

कान्त्यैव स्नपयन्ति ये दशदिशो धाम्ना निरुन्धन्ति ये
धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये।
दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरन्तोऽमृतं
वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः।।२४।।

--इत्यादिका तीर्थकराचार्यस्तुतिः समस्तापि मिथ्या स्यात्। ततो य एवात्मा तदेव शरीरं पुद्गलद्रव्यमिति ममैकान्तिकी प्रतिपत्तिः।

શ્લોકાર્થ :- [ते तीर्थेश्वराः सूरयः वन्द्याः] તે તીર્થંકર-આચાર્યો વાંદવાયોગ્ય છે. કેવા છે તે? [ये कान्त्या एव दशदिशः स्नपयन्ति] પોતાના દેહની કાન્તિથી દશે દિશાઓને ધુએ છે—નિર્મળ કરે છે, [ये धाम्ना उद्याम-महस्विनां धाम निरुन्धन्ति] પોતાના તેજ વડે ઉત્કૃષ્ટ તેજવાળા સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે, [ये रुपेण जनमनः मुष्णन्ति] પોતાના રૂપથી લોકોનાં મન હરી લે છે, [दिव्येन ध्वनिना श्रवणयोः साक्षात् सुखं अमृतं क्षरन्तः] દિવ્યધ્વનિ-વાણીથી (ભવ્યોના) કાનોમાં સાક્ષાત્ સુખ-અમૃત વરસાવે છે અને [अष्टसहस्रलक्षणधराः] એક હજાર ને આઠ લક્ષણોને ધારણ કરે છે,-એવા છે. ૨૪.

## શ્લોક-૨૪ ઉપર પ્રવચન

'તે બધી મિથ્યા થાય. તે સ્તુતિ આ પ્રમાણે છે :—' 'ते तीर्थेश्वराः सूरयः वन्द्याः' છેને પાઠમાં? 'તે તીર્થંકર-આચાર્યો વાંદવાયોગ્ય છે.' એ તો ઠીક પણ 'કેવા છે તે?' એના ઉપર વજન છે. કેવા છે એ? આત્માવાળા, કેવળજ્ઞાનવાળા એમ નથી અહીં કહ્યું. એ એનો અર્થ છે. કે 'ये कान्त्या एव दशदिशः स्नपयन्ति' **'પોતાના દેહની કાન્તિથી દશે દિશાઓને ધુએ છે—નિર્મળ કરે છે,...'** લ્યો! એમ તમે તો આચાર્યની અને તીર્થંકરની સ્તુતિ કરો છો એ તો શરીરની થઈ. એ આચાર્ય અને તીર્થંકરો(નું) શરીર છે એની તમે સ્તુતિ કરો છો. એમ કહે છે. વળી 'ये धाम्ना उद्याम-महस्विनां धाम निरुन्धन्ति' **'પોતાના તેજ વડે ઉત્કૃષ્ટ તેજવાળા સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે,...'** એ તો બધી શરીરની વ્યાખ્યા કરો છો તમે. તીર્થંકર આવા, આચાર્ય આવા. એમ નથી તમે કહ્યું કે તીર્થંકર કેવળી. થઈ રહ્યું એ. પુણ્યનું ફળ આત્મા એમ કહે છે. એ જ આત્મા. શરીર અને આત્મા બે એક થયા એમાં તો. તમે સ્તુતિ આમ કરો છો. એમ કહે છે.

એકકોર શરીરની વાત કરી પહેલી, બીજી કરી શરીરના તેજની. **'સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે,...'** એવું તેનું તેજ છે. વળી 'ये रुपेण जनमनः मुष्णन्ति' **'પોતાના રૂપથી લોકોનાં મન હરી લે છે,...'** એવું એનું રૂપ સુંદર ભગવાનનું. ભગવાનનું સુંદર રૂપ એમ તમે કહો છો. તમે એમ નથી કહેતા ભગવાન કેવળજ્ઞાનીનું રૂપ છે. અપ્રતિબુદ્ધ છે. જુઓને

દાખલો.. ઈચ્છાથી કહેને? '**ये रुपेण जनमनः मुष्णन्ति**' '**પોતાના રૂપથી લોકોનાં મન હરી લે છે,...**' એ આવી ગયું છે. શરીરના ત્રણ પ્રકાર આવ્યા. હવે '**दिव्येन ध्वनिना श्रवणयोः साक्षात् सुखं अमृतं क्षरन्तः**' '**દિવ્યધ્વનિ-વાણીથી (ભવ્યોના) કાનોમાં સાક્ષાત્ સુખ-અમૃત વરસાવે છે...**' 'વચનામૃત વીતરાગના' નથી આવતું? વચનામૃત-વચનરૂપી અમૃત. તમે તો વાણીના વખાણ કરો છો, દેહ અને જડના અને તમે વળી કહો કે જડ અને આત્મા એક નહિ. એમ શિષ્યનો પ્રશ્ન છેને. એમાં કાંઈક ઓલું વ્યાખ્યા હોયને.

કહે છે એ '**दिव्येन ध्वनिना**' દિવ્યધ્વનિ તો જડ છે. એનાથી '**श्रवणयोः**' સાક્ષાત્ કાનોમાં. સાક્ષાત્ ઉપજાવે, અમૃત વરસાવે છે. લ્યો! છેને? '**सुखं अमृतं**' બે વચનો. સુખ અમૃત ઝરે છે. ભગવાનની વાણી જાણે અમૃત ઝરતી હોય. વાણી ભગવાનની કીધી તમે. વળી કહો શરીર અને આત્મા જુદા. એય..! પ્રકાશદાસજી! તમે જ પોતે વખાણ કરો. શરીર આવું અને શરીર કાંતિવાળું. મનને હરે એવું. દશે દિશાને ઉજળી કરી નાખે ઉજળી આમ. તેજને લઈને ઉજળી કરી નાખે. વાણીથી જાણે અમૃત ઝરતા હોય શ્રવણમાં. તમે તો વાણીના વખાણ કરો છો. વાણી એની છે એમ કહીને એ તો જડ છે એમ થયું. '**અને..**' '**अष्टसहस्त्रलक्षणधराः**' લ્યો ઠીક! અનંત કેવળ જ્ઞાનધારા એમ નથી કહ્યું તમે ત્યાં. '**એક હજાર ને આઠ લક્ષણોને ધારણ કરે છે,—**' હવે એ તો જડમાં છે, આ જડમાં, દેહમાં. એક હજાર આઠ લક્ષણ. ... લીધું.

મુમુક્ષુ :- આધાર આપે છે.

ઉત્તર :- આધાર આપે છે. ભગવાન! તમે આમ કહ્યું છે કે નહિ? તીર્થંકરનું શરીર આવું, મનને હરે એવું. દશ દિશાને ધોવે એવું. એને ઓપે. ઘણું સુંદર. એની વાણી અમૃત ઝરે છે. ઓલા કીધુંને. વાણી દિવ્યધ્વનિ પોતાથી પ્રમાણ છે. એમ પ્રશ્ન કર્યો હતોને. આહા..હા..! ઝઘડા બધા એના એ છે. આની અસર.. એમ કે વાણી છે ભગવાનની, પોતાથી પ્રમાણ છે કે પરથી પ્રમાણ છે? જડ તે જડથી પ્રમાણ હોય? ભગવાનને લઈને પ્રમાણ હોય એનું. એમ એનો જવાબ. અરે! જડ જડથી પ્રમાણ છે હવે સાંભળને એને એ બધા પ્રશ્ન એવા કરે છે મારા. આ જે પ્રશ્ન કરે છે એ પ્રશ્ન એવા બધા છે. શરીરના, વાણીના.

મુમુક્ષુ :- અનાદિથી ચાલતું આવે છે.

ઉત્તર :- અનાદિથી ચાલે છે. આ શૈલી જ છે એ. પંડિતજી! એ થયું કે નહિ? શરીરની સ્થિતિ તમે કરો છો, વાણીની કરો છો. એ વાણી પાછી ભગવાનની વાણી. એનાથી અમૃત ઝરે છે એમ કહો છો. એ બધું શું છે? શરીર જડ અને આત્મા બે એક થયા. તો એમાં જુદા તમે ભગવાનને સ્થાપ્યા નથી. ભગવાન આવા છે એમ સ્થાપ્યા છે. અમૃત ઝરે. ઓલાને અમૃત... આહા..હા..! ... નિમિત્તથી શરીરથી ધર્મ થાય? વાણી પોતાથી પ્રમાણ છે કે નહિ?

એ બધા ખુલાસા આમાં આવી જાય છે.

કહે છે **'એક હજાર ને આઠ લક્ષણોને...'** લ્યો! ભગવાનના એક હજાર ને આઠ લક્ષણ. એક હજાર આઠ લક્ષણ શરીરને છે. તમે કહો કે ભગવાનને આ એક હજાર ને આઠ લક્ષણ છે. એમ તમે કહો છો. ભગવાનજીભાઈ! અપ્રતિબુદ્ધ અજ્ઞાની આવી દલીલ પોતાના પક્ષની કરે છે. ધીરૂભાઈ! સમજાય છે આમાં? **'એવા છે.'** **'ઈત્યાદિ તીર્થંકર-આચાર્યોની સ્તુતિ છે...'** જોયું! **'ઈત્યાદિ તીર્થંકર-આચાર્યોની સ્તુતિ છે તે બધીયે મિથ્યા ઠરે છે.'** તમારી હિસાબે તો જૂઠી ઠરે છે. શરીર અને આત્મા જુદા હોય તો. શરીર અને આત્મા એક હોય તો આ સ્તુતિ સાચી ઠરે. કહો, શાંતિભાઈ! .. તો સાંભળવું જોઈએને. **'તેથી અમારો તો એકાંત એ જ નિશ્ચય છે કે આત્મા છે તે જ શરીર છે,...'** તમારા આગમમાં આમ કહ્યું છે એથી અમને એમ જ લાગે છે કે શરીર અને આત્મા એક છે. તમે પરાણે આમ પરથી જુદા મનાવો છો. શાસ્ત્રમાં લખ્યું છે.

**'પુદ્‌ગલદ્રવ્ય છે.'** અમે તો કહીએ છીએ કે આત્મા છે તે શરીર છે અને આત્મા છે તે પુદ્‌ગલદ્રવ્ય છે. લ્યો! તમે વાણી પુદ્‌ગલ, શરીર પુદ્‌ગલ, એનાથી તો ભગવાનની વાણી, ભગવાનનું શરીર, ભગવાનની વાણીથી આમ થાય તમે તો આજ કહો છો. આ સ્તુતિ છે જુઓ, શોભાલાલભાઈ! સામાની દલીલ છે આ. જેમ દલીલ હતીને તમારા બાપની દેવ-ગુરુ-શાસ્ત્ર શુદ્ધ છેને. શુદ્ધ-શુદ્ધ. શુદ્ધ છેને. એ શુદ્ધ પર કેમ હોય એમ? શુદ્ધ પર છે એમ પ્રશ્ન નહિ. એ શુદ્ધ છેને? શુદ્ધ પર કેમ હોય? એમ. એ પ્રશ્ન છે. આ કહે છે ભગવાન અને આચાર્યની સ્તુતિ તો તમે આવી રીતે કરો છો. એ બધી શરીરની છે. કાંઈ આત્મા અને શરીર એક તમે માનો છો વ્યવહારે. વ્યવહારે તો એ કહેતો નથી. એ તમે માનો છો એમ. તમે જ કહો છો અને તમે માનો છો વળી પાછા અમને કહો શરીર અને આત્મા જુદા. શરીર ને આત્મા જુદા. એવી વાતું છે. દલીલ છે. આહા..હા..! વ્યવહારના લક્ષે વાત કરે એ પકડે છે.

**'આ પ્રમાણે અપ્રતિબુદ્ધે કહ્યું.'** લ્યો! અજ્ઞાનીને આમ કહ્યું. સામી દલીલ આપી. જો શરીર અને આત્મા તદ્દન જુદા હોય તો આ બધી સ્તુતિ શાસ્ત્રમાં ચાલી એ બધી ખોટી ઠરે છે લ્યો. કહો, જેઠાલાલભાઈ! સાચુ હશે આ? એનું સાચું નથી? અપ્રતિબુદ્ધનું અપ્રતિબુદ્ધપણે સાચું છે કે નહિ? આહા..હા..!

## ગાથા-૨૭

नैवं, नयविभागानभिज्ञोऽसि --

ववहारणओ भासदि जीवो देहो य हवदि खलु एक्को।
ण दु णिच्छयस्स जीवो देहो य कदा वि एक्कट्ठो।।२७।।
व्यवहारनयो भाषते जीवो देहश्च भवति खल्वेकः।
न तु निश्चयस्य जीवो देहश्च कदाप्येकार्थः।।२७।।

इह खलु परस्परावगाढावस्थायामात्मशरीरयोः समावर्तितावस्थायां कनककलधौतयोरेकस्कन्धव्यवहारवद्व्यवहारमात्रेणैवैकत्वं, न पुनर्निश्चयतः, निश्चयतो ह्यात्मशरीरयोरुपयोगानुपयोगस्वभावयोः कनककलधौतयोः पीतपाण्डुरत्वादिस्वभावयोरिवात्यन्तव्यतिरिक्तत्वेनैकार्थत्वानुपपत्तेः नानात्वमेवेति। एवं हि किल नयविभागः।

-ઈત્યાદિ તીર્થંકર-આચાર્યોની સ્તુતિ છે તે બધીયે મિથ્યા ઠરે છે. તેથી અમારો તો એકાંત એ જ નિશ્ચય છે કે આત્મા છે તે જ શરીર છે, પુદ્‌ગલદ્રવ્ય છે. આ પ્રમાણે અપ્રતિબુદ્ધે કહ્યું.

ત્યાં આચાર્ય કહે છે કે એમ નથી; તું નયવિભાગને જાણતો નથી. તે નયવિભાગ આ પ્રમાણે છે એમ ગાથામાં કહે છે :—

જીવ દેહ બન્ને એક છે-વ્યવહારનયનું વચન આ;
પણ નિશ્ચયે તો જીવ-દેહ કદાપિ એક પદાર્થ ના. ૨૭.

ગાથાર્થ :- [व्यवहारनयः] વ્યવહારનય તો [भाषते] એમ કહે છે કે [जीवः देहः च] જીવ અને દેહ [एकः खलु] એકજ [भवति] છે; [तु] પણ [निश्चयस्य] નિશ્ચયનયનું કહેવું છે કે [जीवः देहः च] જીવ અને દેહ [कदा अपि] કદી પણ [एकार्थः] એક પદાર્થ [न] નથી.

ટીકા :- જેમ આ લોકમાં સુવર્ણ અને ચાંદીને ગાળી એક કરવાથી એકપિંડનો વ્યવહાર થાય છે તેમ આત્માને અને શરીરને એક ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી એકપણાનો વ્યવહાર છે. આમ વ્યવહારમાત્રથી જ આત્મા અને શરીરનું એકપણું છે, પરંતુ નિશ્ચયથી એકપણું નથી; કારણ કે નિશ્ચયથી વિચારવામાં આવે તો, જેમ પીળાપણું આદિ અને સફેદપણું આદિ જેમનો સ્વભાવ છે એવાં સુવર્ણ અને ચાંદીને અત્યંત

**ભિન્નપણું હોવાથી એકપદાર્થપણાની અસિદ્ધિ છે તેથી અનેકપણું જ છે, તેવી રીતે ઉપયોગ અને અનુપયોગ જેમનો સ્વભાવ છે એવા આત્મા અને શરીરને અત્યંત ભિન્નપણું હોવાથી એકપદાર્થપણાની પ્રાપ્તિ નથી તેથી અનેકપણું જ છે. આવો આ પ્રગટ નયવિભાગ છે.**

**માટે વ્યવહારનયે જ શરીરના સ્તવનથી આત્માનું સ્તવન બને છે.**

**ભાવાર્થ :- વ્યવહારનય તો આત્મા અને શરીરને એક કહે છે અને નિશ્ચયનય ભિન્ન કહે છે. તેથી વ્યવહારનયે શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન માનવામાં આવે છે.**

## ગાથા-૨૭ ઉપર પ્રવચન

'**ત્યાં આચાર્ય કહે છે કે એમ નથી;...**' હવે એમ નથી. ઓલો વ્યવહાર આવ્યોને. એમ નથી. વ્યવહારનયનું આવે છેને. મોક્ષમાર્ગપ્રકાશકમાં. વ્યવહાર અન્યથા કહે છે. જે કહે છે તેમ નથી. અન્યથા કહે છે. આહા..હા..! '**તું નયવિભાગને જાણતો નથી.**' કઈ નયની અપેક્ષાનું કથન છે એની જુદાઈને તું જાણતો નથી. એટલે વ્યવહારનયનું વચનનું કથન અને નિશ્ચય જુદી ચીજ છે એ નયને તું જાણતો નથી. '**તે નયવિભાગ આ પ્રમાણે છે એમ ગાથામાં કહે છે :—**' લ્યો! શાસ્ત્રમાં પણ આવા લખાણ આવે અને આ પણ કહેશે. વ્યવહારથી શાંતિ થાય. વ્યવહાર સર્વથા જૂઠો નથી. કઈ અપેક્ષાએ વાત છે? અત્યારે.

**ववहारणओ भासदि जीवो देहो य हवदि खलु एक्को।**
**ण दु णिच्छयस्स जीवो देहो य कदा वि एक्कट्ठो।।२७।।**

ત્યારે એ એમ કહે છે કે પણ અત્યારે તો વ્યવહાર છેને. નિશ્ચય ક્યાં છે અત્યારે? પંડિતજી! વ્યવહાર અત્યારે વ્યવહારી જીવ છેને. વ્યવહાર એ નિશ્ચય થઈ ગયો? '**अपरमेठिदा**' અપરમમાં સ્થિત છે એને તો વ્યવહારનો જ ઉપદેશ દેવો. આવે છેને ૧૨મી? એ બધે નાખે છે. વ્યવહારમાં સ્થિત છે એને આવો જ ઉપદેશ હોય. વ્યવહારમાં સ્થિત છે. એ નહિ. એ વાત પણ ક્યાં છે? સાંભળને. ભાષા એવી છે ખરીને. .. વ્યવહારના ઉપદેશની વ્યાખ્યા જ એવી છે. નિશ્ચય સ્વરૂપ આત્માનું અભેદ. સવારે વાત કરી એનાથી આ તદ્દન ઉલટી લ્યો! આહા..હા..! જેને પર્યાય અને દ્રવ્ય એક નથી. આહા..હા..! આ કહે છે કે જીવ અને

શરીર એક છે. હવે આટલી વાતું છે. આહા..હા..! પર્યાય છે એ પરદ્રવ્ય છે અને સ્વદ્રવ્ય પોતે ત્રિકાળી ભાવ, સ્વભાવ. છે એ અપેક્ષાએ આ સ્વભાવભાવ (અને પર્યાય) પરદ્રવ્ય છે. એથી ત્રિકાળી સ્વદ્રવ્ય ભાવવાળું જે તત્ત્વ આત્મા એ જ ઉપાદેય છે. એને પહોંચવું. હજી તો અહીં પર્યાય એ પરદ્રવ્ય ત્યારે આ કહે છે કે શરીર તે સ્વદ્રવ્ય. .. શાસ્ત્રમાંથી કાઢ્યું છેને. આ બધા ઝઘડા નિશ્ચય-વ્યવહારના. સમજે નહિને. જ્ઞાન એક સમયની પર્યાય વ્યવહાર છે, વસ્તુ ત્રિકાળી તે નિશ્ચય છે. નિશ્ચય છે તે સ્વદ્રવ્ય છે અને વ્યવહાર છે તે પરદ્રવ્ય. એમ સિદ્ધ કર્યું ત્યાં.

અહીં ઓલો કહે છે કે શરીરની સ્તુતિ તમે ભગવાન આચાર્યની કરો છો. લ્યો. વાણીની સ્તુતિ કરો છો. તમે ભગવાન આવા-આવા એમ કહો છે. આથી અમે તો એમ માનીએ છીએ કે શરીર અને આત્મા એક છે. બાકી તમે પણ આ રીતે સ્તુતિ કરો છો. છેતરવા માટે અમને જુદું કહો છો. સ્તુતિ કરો છો આવી. આમાં તમારી વાત આવી. વખાણ કરવા શરીર, વાણીના. અને વળી કહેવું કે શરીર અને વાણીથી આત્મા જુદો. એના વખાણ કરવા છે શરીરના અને વાણીના, વળી કહે શરીર અને વાણી બેય જુદું. આ શું છે? કહે, સાંભળ ભાઈ!

**જીવ દેહ બન્ને એક છે-વ્યવહારનયનું વચન આ;**
**પણ નિશ્ચયે તો જીવ-દેહ કદાપિ એક પદાર્થ ના. ૨૭.**

એમ વ્યવહારનયનું વચન વ્યવહાર છે કે નહિ? એમ કહે છે. છે એટલે શું પણ? છે એક જાણવાલાયક. આહા..હા..! સત્ય તો આ છે.

‘**ટીકા :- જેમ આ લોકમાં...**’ અમૃતચંદ્રાચાર્ય દાખલો આપીને જે સિદ્ધાંત સિદ્ધ કરવો છે સહેલો પડે એટલે દાખલો આપે છે. ‘**આ લોકમાં...**’ આ લોક છે. આ લોક છે એમ સિદ્ધ કરે છે. એમાં ‘**સુવર્ણ અને ચાંદીને ગાળી એક કરવાથી એકપિંડનો વ્યવહાર થાય છે...**’ સોનુ અને રૂપુ ગાળીને એક પિંડ કરે. ત્યારે કહે છેને આ ધોળું સોનું એમ કહે છેને? છાસીયું સોનું, ધોળું સોનું. છે તમારે? સોના અને ચાંદી ભેગી કરે એને ધોળું સોનું કહે છે. સોનું ધોળું છે? સોનું તો પીળું છે. ભેગું પિંડ છેને એટલે કહેવાય છે. એથી કાંઈ ચાંદી અને સોનું એક નથી થઈ ગયું. એક પિંડ ચાંદીને ગાળી એમ. આમ તો કટકા ભેગા ક્યાંથી થાય? સોનું અને ચાંદીને ગાળી એમ. આખા-આખા ભેગા કેમ થાય? આ તો હવે ૧૭મી વાર ચાલે છેને. એક-એક શબ્દનો આવો શ્લોક...

‘**સુવર્ણ અને ચાંદીને ગાળી...**’ એમ સોનાને અને ચાંદીને ગાળીને. ગાળી સમજાય છે? રસ કરીને. ગાળીને પછી એક. અહીં એક કરવું એ પછી, પણ અહીં તો ગાળીને. બેને પ્રવાહી કરી નાખે. ‘**એક કરવાથી...**’ એકલા કટકા ભેગા શી રીતે થાય આમ? આ

સોનું.. તો ગાળે, પાતળો પ્રવાહ કરે અને પછી ભેગા કરે. '**એક કરવાથી એકપિંડનો વ્યવહાર થાય છે...**' ભાષા આમ છે. '**ગાળી એક કરવાથી એકપિંડનો વ્યવહાર થાય છે...**' ખરેખર તે પિંડ થયો નથી, પણ વ્યવહાર થાય છે. '**તેમ આત્માને અને શરીરને પરસ્પર એક ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી...**' ટીકામાં કર્યું છે. નિશ્ચય અને વ્યવહાર પરસ્પર સાધ્યસાધન એમ કર્યું. જયસેનાચાર્યે. ઘણે ઠેકાણે, બીજે ઠેકાણે લખે છે. સાબિત કરે છે બસ વાત એટલી. એ સાબિત કરે છે. પરસ્પરનો અર્થ એટલે એ વ્યવહાર છે એ નિશ્ચયને સિદ્ધ કરે છેને. નિશ્ચય છે અને વ્યવહાર છે એ સાબિત કરે છે. છે બેય. .. બીજે ઠેકાણે ઘણે ઠેકાણે આવે છે. નિશ્ચય.. અહીં તો આ ઠેકાણે માને. ... નિશ્ચય સાધ્ય, વ્યવહાર સાધન, વ્યવહાર સાધ્ય, નિશ્ચય સાધન. ટીકામાં છે. સંસ્કૃત જયસેનાચાર્યની ટીકામાં. ઓલાનો અર્થ આ છે. એક .. સિદ્ધ કરે છે સિદ્ધિ. વસ્તુ એકબીજાથી હયાતી ન થાય એમ અહીંયાં નથી.

'**તેમ આત્માને અને શરીરને પરસ્પર...**' 'પરસ્પર' શબ્દ છેને. પરસ્પર છે એટલે પછી એમાં .. અમૃતચંદ્રાચાર્યે.. બેયને પરસ્પર. આત્મા અને શરીર, શરીર અને આત્મા એમ બેય. '**એક ક્ષેત્રે રહેવાની અવસ્થા...**' એક જગ્યાએ રહેવાની અવસ્થા તે પણ આકાશને ક્ષેત્રે. પોતાનું ક્ષેત્ર તો ભિન્ન છે. ઓલા આકાશને ક્ષેત્રે '**એક ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી...**' સોનું અને રૂપું ગાળીને ભેગું કરે તો એક ક્ષેત્રે રહ્યું આકાશના. '**એકપણાનો વ્યવહાર છે.**' ભારે પણ સ્પષ્ટ. એકપણાનો વ્યવહાર છે. સોનું અને રૂપું ગાળીને એક કરે એ એકપણાનો વ્યવહાર છે. '**એમાં એક ક્ષેત્રે રહેવાની...**' એક ક્ષેત્રે રહેવાથી '**એક ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી...**' એટલું. શરીરની અવસ્થા અને આત્માની અવસ્થા એક ક્ષેત્રે રહેવાની અવસ્થા '**એકપણાનો વ્યવહાર છે. આમ વ્યવહારમાત્રથી જ આત્મા અને શરીરનું એકપણું છે,...**' લ્યો ઠીક! '**આમ વ્યવહારમાત્રથી...**' એમ. '**આમ વ્યવહારમાત્રથી...**' એક જગ્યાએ અન્ય(અનેક) અવસ્થા રહે છે એટલા વ્યવહારમાત્રથી જ આત્મા અને શરીરનું એકપણું કહેવામાં આવે છે.

'**પરંતુ નિશ્ચયથી એકપણું નથી;...**' ખરેખર એક છે નહિ. એ આકાશના ક્ષેત્રે કહેવું એક અવસ્થા એ પણ વ્યવહાર થઈ ગયો. એ તો પોતાના ક્ષેત્રમાં છે. આત્મા આત્મા ક્ષેત્રમાં, શરીર શરરીના ક્ષેત્રમાં, સોનું સોનાના ક્ષેત્રમાં, ચાંદી ચાંદીના ક્ષેત્રમાં. આહા..હા..! પોતાના ક્ષેત્રમાં રહે છે. પરક્ષેત્રમાં છે જ ક્યાં? આકાશના છે એ પણ વ્યવહાર કહ્યું નહિ? આ વ્યવહારથી પરમાં.. આકાશમાં છે આ પરદ્રવ્ય એ તો વ્યવહારથી છે. નિશ્ચયથી તો પોતે પોતાના ક્ષેત્રમાં જ છે. આકાશના ક્ષેત્રમાં નિશ્ચયથી હોય તો તન્મય થઈ જાય, એકમેક થઈ જાય. આહા..હા..! આ તો પર્યાયનું ક્ષેત્ર અને દ્રવ્યનું ક્ષેત્ર જુદું. તો આ તો કહે શરીર અને આત્માનું ક્ષેત્ર એક છે માટે એને એક કહેવામાં આવે છે. આહા..હા..!

અહીં તો નિશ્ચયમાં તો વસ્તુ પોતે ધ્રુવ, સત્ એનું સત્ત્વ આખું. ત્રિકાળી અને એક સમયની અવસ્થા, બેયનું ક્ષેત્ર જુદું. છે અસંખ્ય પ્રદેશ, પણ અસંખ્ય પ્રદેશના જેટલા અંશમાંથી પર્યાય અસ્તિપણે છે એ ક્ષેત્ર જુદું અને ધ્રુવનું જે અસ્તિ છે એ આ પર્યાયના ક્ષેત્રથી જુદું. કહો, પંડિતજી! અહીં કહેવું કે '**આત્માને અને શરીરને પરસ્પર એક ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી એકપણાનો વ્યવહાર છે.**' આહા..હા..! '**આમ વ્યવહારમાત્રથી જ...**' આમ. આ કહ્યું એ રીતે. '**વ્યવહારમાત્રથી જ આત્મા અને શરીરનું એકપણું છે,...**'

મુમુક્ષુ :- ભગવાન કાંઈ ખોટું કહે? વ્યવહાર તો સાચો છે.

ઉત્તર :- ખોટું છે એને કહ્યું છે આ રીતે આ કારણે એમ કહે છે. એક ક્ષેત્રમાં રહ્યું છે અવસ્થા એટલે એમ કહ્યું છે. પણ એમ છે નહિ. આહા..હા..! વ્યવહાર અને નિશ્ચયના ઝઘડા. સ્કંધ છે એ વ્યવહાર છે એ શું છે ભગવાન સ્કંધ તરીકે એને જાણે છે કે નહિ? કેવળી એને આને સ્કંધ તરીકે જાણે છે કે નહિ? સ્કંધ તરીકે જાણે તો વ્યવહાર થઈ ગયો. વ્યવહાર તરીકે જાણે છે કે નહિ ભગવાન આને? લ્યો એ પ્રશ્ન છે એમાં? ખાણિયા ચર્ચામાં. એ બધી શૈલી એવી જ હોય. એક પરમાણુને પરમાણુ તરીકે દેખે તો નિશ્ચય. આહા..હા..! સ્કંધ તરીકે દેખે છે કે નહિ? સ્કંધ તરીકે દેખે છે તો છે. વ્યવહાર તરીકે તો એ છે. આહા..હા..! એય..! એ પ્રશ્ન છે એમાં. ખાણિયા ચર્ચામાં. એ હોય પણ આ શૈલી બધા પ્રસંગ એવા જ હોય. વ્યવહારના જેટલા પ્રસંગ છે પુદ્‌ગલ છે એ અનંત પ્રદેશી છે તો સ્કંધરૂપે થયો છે કે નહિ? તો એક એક રહ્યો છે. એક-એક રહ્યો છે. પણ એને જથ્થો કહીને કહેવું એ વ્યવહાર છે. એ વ્યવહાર છે. પરમાણુ નિશ્ચયથી પુદ્‌ગલ છે અને આ ઝાઝા ભેગા એ નિશ્ચયથી પુદ્‌ગલ નથી, ઉપચારથી છે એ. નિયમસારમાં આવે છે નહિ? વાત તો ગજબ વાત છે. આહા..હા..! કેટલી સ્પષ્ટતા!

કે આ સ્કંધ છે આ શરીર છે. આ શરીરને શરીર તરીકે ભગવાન જાણે કે નહિ? વ્યવહાર થઈ ગયો. આ જુઓ. એ તો વ્યવહાર છે. સ્કંધ છે એ વ્યવહાર છે. ઓલો પરમાણુ છૂટો એ નિશ્ચય છે. આ વ્યવહાર છે. પણ નાકને નાક તરીકે જાણે કે નહિ ભગવાન? વ્યવહારથી એમ છે એવું જાણે છે. સ્કંધ તરીકે વ્યવહાર છે એવું જાણે છે. નિશ્ચયથી સ્કંધ છે નહિ એક-એક પરમાણુ એમ જાણે છે. એય..! આવે છેને પંચાસ્તિકાયમાં ૮૧ ગાથામાં. સ્કંધમાં પણ પરમાણુ છૂટો કામ કરે છે નહિ? એમ જ હોયને પણ દ્રવ્ય કે દિ'? સ્કંધમાં રહેલો પરમાણુ એમ પોતે પોતાના સ્વચતુષ્ટયમાં કામ કરે છે. પરની સાથે કાંઈ છે નહિ. આહા..હા..! આ વ્યવહાર અને નિશ્ચય. સ્કંધ એ બધા દાખલા આવે છે. આ શરીરવાળા છે, આ ત્રણ શરીરવાળા છે, આ ફલાણા કીધા, એને સ્કંધ કીધો છે, એને પુદ્‌ગલ કીધો છે. ભગવાને એને એ રીતે જોવેને. ભાઈ ભગવાન એ રીતે જોવે છે વ્યવહારને વ્યવહાર તરીકે જોવે છે.

એથી કરીને પરમાણુ એક થઈ ગયા? અને એક જાણે છે એ? આહા..હા..!

એ કહે છે કે જેવું છે એવું ન જાણે તો જ્ઞાન ખોટું થાય. માટે પુદ્ગલ વ્યવહારે બરાબર છે એને એમ જાણવું જોઈએ. એમ કહે. આહા..હા..! આવી દલીલ તો .. નાટકમાં આવી હતી. જ્ઞાન અનુસારે જ્ઞેય જૂઠી વાત છે. શાસ્ત્રમાં એમ નથી આવ્યું. જ્ઞેય અનુસારે જ્ઞાન એમ આવ્યું છે. એની એ દલીલ મૂક્યા કરે. જેમ જ્ઞેય છે એ અનુસારે જ્ઞાન થાય. પણ તમે કહો કેવળજ્ઞાની જ્ઞાન થયું એમ જાણે, એ પ્રમાણ અનુસાર આને પર્યાય થાય. અરે બે એક જ જાત છે સાંભળને. આહા..હા..! લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે અને કેવળજ્ઞાનને લોકાલોક નિમિત્ત છે એનો અર્થ થયો. આહા..હા..! એ પ્રશ્ન છે. જ્ઞેય છે તમે એમ કહો છો ક્રમબદ્ધ થાય નિયમથી. એમ નથી. તો તમે એમ કે કેવળજ્ઞાનમાં લોકાલોક જણાય એવું જાણ્યું એ પ્રમાણે ત્યાં થાય એમ નથી. વળી એકબાજુ તો કબુલ કર્યું છે. ખાણિયામાં ભાઈ આવ્યું હતું. કેવળીનું હા પણ સ્વકાળે જ કાર્ય થાય. ઉપર નક્કી કર્યું, વળી પાછું શ્રુતજ્ઞાની શ્રદ્ધા અનુસાર એનું જ્ઞાન હોય? કે શ્રુતજ્ઞાનીનું વળી કોઈ કલ્પના અનુસાર જ્ઞાન હોય? આહા..હા..! ભારે વાતું બાપા! ઝઘડા... ઝઘડા... ઝઘડા...

મુમુક્ષુ :- મટાડી દ્યો બીજું શું.

ઉત્તર :- મટાડી દીધા છે. ઝઘડા ક્યાં છે? આ તો ઝઘડાની વાતું ચાલે છે.

મુમુક્ષુ :- ઝઘડા ખુલ્લા પડી ગયા.

ઉત્તર :- ઝઘડા ખુલ્લા પડી ગયા. આહા..હા..! પર્યાયને દ્રવ્યની કહેવી એ વ્યવહાર છે. ત્યારે હવે શરીરને આત્મા કહેવો એ તો ક્યાંય અસદ્ભૂત ક્યાંયનો ક્યાંય વ્યવહાર થઈ ગયો. એને કહે અસદ્ભૂત વ્યવહાર છે કે નહિ? વળી એમ કહે. પણ એ રીતે છે. એથી સત્ થઈ ગયું? આહા..હા..!

**'આમ વ્યવહારમાત્રથી જ આત્મા અને શરીરને...'** બહુ હળવું કરી નાખ્યું. આમ વ્યવહારમાત્રથી. હળવું છે. બે એક જગ્યાએ અવસ્થા હોવાથી શરીર અને આત્માની પરસ્પર એક ક્ષેત્રે રહેવાની. એ ક્ષેત્રે શબ્દે આકાશ એમ. પોતાનું ક્ષેત્ર તો ભિન્ન છે પોતાનું. આત્માના ક્ષેત્રમાં શરીરનું ક્ષેત્ર છે, શરીરના ક્ષેત્રમાં આત્માનું ક્ષેત્ર છે એમ તો છે જ નહિ. આત્માનું ક્ષેત્ર છે એમાં શરીરનું ક્ષેત્ર છે એમ તો છે નહિ. ફક્ત શરીર અને આત્માનું ક્ષેત્ર આકાશની અપેક્ષાએ એક અવસ્થામાં રહ્યું છે. ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી. આહા..હા..! એકપણું કહેવાનું, પણ ખરેખર તો **'એકપણું નથી;...'** ખલાસ થઈ ગયું. આહા..હા..! **'કારણ કે નિશ્ચયથી વિચારવામાં આવે તો,...'** સત્યની સત્યતાની સત્પણાની અપેક્ષાએ વિચારીએ તો સત્પણું જે રીતે છે એ રીતે વિચારવામાં આવે તો **'જેમ પીળાપણું આદિ અને સફેદપણું આદિ જેમનો સ્વભાવ છે...'** પીળાપણું આદિ સોનાનું, સફેદપણું આદિ ચાંદીનું.

'**એવાં સુવર્ણ અને ચાંદીને અત્યંત ભિન્નપણું હોવાથી...**' લ્યો ઠીક! સત્યનું સત્પણું જે છે એમ જોઈએ તો. સોનું પીળાશ આદિથી, ચાંદી સફેદ આદિથી તદ્દન ભિન્ન છે. આહા..હા..! નિશ્ચય અને વ્યવહારે જગત ભરમાયો છે. આવે છેને બનારસીદાસમાં. બનારસીદાસમાં. નિશ્ચય અને વ્યવહારે જગત ભરમાયો છે. ભ્રમણા .. ભિન્નતા છે એની પૃથક્તા કઈ અપેક્ષાએ છે?

કહે છે '**પીળાપણું આદિ...**' એટલે ચિકાશ વગેરે. '**સફેદપણું આદિ...**' ઓછી ચિકાશ વગેરે '**જેમનો સ્વભાવ છે એવાં સુવર્ણ અને ચાંદીને અત્યંત ભિન્નપણું હોવાથી...**' તદ્દન સોનું અને ચાંદી જુદા. છાશીયું સોનું કે ધોળું સોનું એ તો એક જગ્યાએ રહે છે એ અપેક્ષાએ પિંડને ગાળીને પિંડ કર્યો છે એ અપેક્ષાએ. વસ્તુ તદ્દન ભિન્ન છે. રજકણે રજકણ ભિન્ન છે. અત્યંત ભિન્ન છે પાછું એમ. એકલું ભિન્નપણું નહિ. સોનાને અને ચાંદીને ગાળીને પિંડ કર્યો તોપણ અત્યંત ભિન્ન છે. વસ્તુ તો વસ્તુ તરીકે છે ભિન્ન. શરીર શરીરપણે રહ્યું છે અજીવ થઈને. જીવ જીવ થઈને રહ્યો છે જીવ થઈને. જીવ અરૂપી થઈને રહ્યો છે અરૂપીપણે, શરીર રૂપીપણે થઈને રહ્યું છે રૂપીપણે. બેનો મેળ ક્યાં છે આમાં? અહીં ભગવાનનો માર્ગ સ્યાદ્વાદ છે. એય..! એકાંત નિશ્ચય છે એમ નહિ, પણ એનો અર્થ શું? સમ્યક્ નિશ્ચય તે સમ્યક્ સત્ય છે. વ્યવહાર તો ઉપચારથી કથન જાણવા માટેની વાત છે એ તો. આહા..હા..!

'**સુવર્ણ અને ચાંદીને અત્યંત ભિન્નપણું હોવાથી એકપદાર્થપણાની અસિદ્ધિ છે...**' બે થઈને એક પદાર્થની સાબિતી છે નહિ. સોનું અને ચાંદી બેપણાની, બેમાં એકપણાની અસિદ્ધિ છે. બેમાં એકપણાની અસિદ્ધિ છે. સોનું અને ચાંદી છે. એમાં એકપણે અસિદ્ધિ છે, બે એક થયા જૂઠી વાત છે. '**તેથી અનેકપણું જ છે,...**' સોનું અને ચાંદી અનેક તે અનેક જ છે. તે અનેક તે અનેક જ છે. આહા..હા..! શરીરાદિ, કર્મ આદિ, કાર્મણશરીર, ઔદારિક શરીર ત્યાં. વૈક્રયિક શરીર પણ એમ કે છે કે નહિ? વૈક્રયિક શરીર અને ઔદારિક શરીર તો વ્યવહાર થયો. આહા..હા..! .. શાસ્ત્રમાં વ્યવહારના ઘણાં. ૧૧મામાં આવે છેને? વ્યવહારનું કથન શાસ્ત્રમાં હસ્તાવલંબ જાણીને કર્યું છે. પણ એનું ફળ સંસાર. આવે છે પંડિતજી! ૧૧મી ગાથા. એક તો ભેદનો પક્ષ અનાદિનો છે અને એનો ઉપદેશ પણ પરસ્પર એવો જ કરી રહ્યા છે. લ્યો આવી વાત તો કહી છે. અને તીર્થંકરની વાણીમાં પણ વ્યવહારને હસ્તાવલંબ કૌંસમાં સહાયક સાથે સહકારપણે છે એ અપેક્ષાએ એનો ઉપદેશ શાસ્ત્રમાં ઘણો કહ્યો છે, પણ એ વીતરાગે કહ્યો જે વ્યવહાર એનું ફળ સંસાર. ભગવાને તો વ્યવહાર શું કરવા રાખ્યો? પણ સાંભળને. જણાવે નહિ એને?

એકકોર ભગવાન કહે કે ભાઈ શરીર અને રાગ સહિત આત્મા નથી. એને એમ માનવો એ મિથ્યાત્વ છે. પછી એને જણાવે કે એનામાં દસમા ગુણસ્થાન સુધી રાગ થાય છે. સમ્યગ્દર્શન જીવને જ રાગ હોય નહિ કોઈને. જીવસ્વભાવમાં રાગ જ ક્યાં છે? રાગસહિત જીવને માનવો

એ તો મિથ્યાત્વ છે. એનો અર્થ કે વ્યવહારસહિત જીવને માનવો, રાગ શુભરાગ છે એના સહિત જીવને માનવો એ તો મિથ્યાત્વ છે. કહો, બાબુભાઈ! આહા..હા..! વળી ભગવાને ચરણાનુયોગમાં કહ્યું કે એણે મહાવ્રત પાળવા, સમિતિ-ગુપ્તિ રાખવી, ફલાણું કરવું લ્યો ઠીક! દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરવો. આવે તો ઊભા થાવું. આમ થાય તો .. જાવું. આમ જાત્રાએ. એય..! આવું છેને શાસ્ત્રમાં. બધું છે સાંભળને હવે. એનો જે વિકલ્પ એ કાળે એવો હોય એથી એમ જણાવ્યું છે, પણ એ વિકલ્પનું ફળ તો બંધન અને સંસાર છે. જ્ઞાનીને પણ. આહા..હા..!

'**તેવી રીતે...**' જેમ સોનું અને ચાંદી સફેદ અને પીળાશની અનેકતાથી અનેકપણું છે. બે એક નથી. એમ થયુંને? સફેદ અને પીળાશને કારણે અનેકપણાથી, બેની અનેકતા થઈ. '**તેવી રીતે...**' સોનાને પીળાશના, સફેદ અને પીળાશની ભિન્નતાને, અનેકતાને કારણે અનેક જ છે એ. એક કહેવામાં આવે છે એ તો એક ક્ષેત્રે અવસ્થા રહે છે માટે. '**તેવી રીતે ઉપયોગ અને અનુપયોગ જેમનો સ્વભાવ છે...**' લ્યો ઠીક! ભગવાન આત્માનો ઉપયોગ જાણન-દેખન સ્વભાવ છે. શરીરનો અનુપયોગ સ્વભાવ છે. અહીં તો રાગનો અનુપયોગ સ્વભાવ. આહા..હા..! જડ છેને. રાગ છે એ જડ છેને. ત્યાં આવ્યું હતુંને ૭૨ ગાથામાં જડસ્વભાવ...બીજા દ્વારા જાણવામાં આવે છે. કેમકે એ જડ છે. રાગ-રાગ. દયા, દાન, વ્રત, દેવ, ગુરુ, શાસ્ત્ર વ્યવહારરત્નત્રય. એ રાગ છે એ જડ છે. ગજબ વાત છે. એ પોતે પોતાને જાણતા નથી. બીજા દ્વારા જણાય માટે જડ છે. ભગવાન આત્મા ચેતનસ્વભાવ છે. એ પોતે પોતાથી ચેતક છે. છેને એમાં એમ? પોતે પોતાથી ચેતક છે. એને ચેતવા માટે બીજી ચીજની જરૂર કે બીજી ચીજ વડે એ જણાય એમ નથી.

તો અહીં કહે છે કે ઉપયોગ એવો જે ભગવાન. જુઓ, અહીં ઉપયોગ આત્માને કહ્યો. અહીં રાગવાળો, ફલાણાવાળો એમ નથી કહ્યો. કહેવું છે શરીરથી જુદું પણ આમાં આમ નાખ્યું કે ઉપયોગ તે આત્મા. જાણન-દેખન ઉપયોગ સ્વભાવ તે આત્મા. એ ત્રિકાળી ઉપયોગ તે આત્મા. આહા..હા..! '**અને અનુપયોગ...**' ઉપયોગ એવો આત્મા, અનુપયોગ એવું શરીર એમ બે જુદાં. એ શરીર અને વાણી તો અનુપયોગ છે. વખાણ કર્યા હતાને શરીર આવું છે ને આવું છે. વાણી આવી છે. એ બધા અનુપયોગ સ્વરૂપ છે એ તો. શેઠ! ના. વાણીમાં પણ આવે. વળી આ લોકો એમ નાખે. તારણસ્વામીવાળા છેને પંડિતો કેટલાક. વાણીમાં મૂર્તિમાં ફેર છે. મૂર્તિમાં કાંઈ નથી અને વાણીમાં તો ચૈતન્યને બતાવવાની શક્તિ એમાં વાણીમાં છે. એમાં જ્ઞાન ભર્યું છે એક જાતનું. બેય જડ છે સાંભળને. મૂર્તિમાં ભાવ ભર્યા છે મૂર્તિના અને વાણીમાં ભર્યા છે ભાવ વાણીના. જ્ઞાનના ભાવ એમાં ભર્યા છે? પણ જ્ઞાન આવે છેને એમાં? વાણીમાં જ્ઞાન ન આવે તો ઓલું જ્ઞાન, ઓલા સાંભળનારને જ્ઞાન થાય શી

રીતે? તારા વાણી નીકળે એમાં જ્ઞાનનો ભાગ એને ન અડતો હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ અડે અને કોણ નીકળે? આહા..હા..! વાણીમાં જ પોતાની શક્તિથી સ્વપર કથા કહેવાની શક્તિ છે. એની પોતાની. આત્માને લઈને નહિ. સમજાણું કાંઈ? આ તો નિરાંતે સ્વાધ્યાયનો કાળ છેને આ હવે. બહારમાં તો માણસ કહેવા માટે ફલાણું ને ઢીંકણું એમ વિચાર આવે. આ તો વસ્તુની સ્થિતિનો સ્વાધ્યાય થાય છે. આવું સ્વરૂપ છે. ઉપયોગસ્વરૂપ તે ભગવાન આત્મા અને શરીર તે ઉપયોગરહિત અનુપયોગ સ્વરૂપ. જેમ સોનું પીળાશ આદિને અને ચાંદી સફેદ આદિથી અનેકતાપણે અનેક છે, અનેકપણે તે ભિન્ન છે એમ આ ઉપયોગસ્વરૂપ ભગવાન, એ અનુપયોગસ્વરૂપ શરીર એ બે અનેક છે માટે ભિન્ન છે. બે એક નથી. ઉપયોગસ્વરૂપે ભગવાન અને અનુપયોગ સ્વરૂપે શરીર. આહા..હા..! સમજાય છે કાંઈ? છેલ્લે ગયાને છેલ્લે? બેય વ્યાખ્યાનમાં ત્રીજીવાર ઘરે. આ મારે તો છેલ્લા દર્શન છે કહે છે. શરીર બરાબર નહોતું તોપણ બેય વ્યાખ્યાનમાં. બેય વ્યાખ્યાનમાં. તે દિ' જ્યાં ઉતર્યા ત્યાં આવ્યા હતા. છેલ્લીવાર. આવ્યા બિચારા પ્રેમ ઘણોને. છેલ્લી સ્થિતિ હોય છે. આહા..હા..! હમણા તો બધા એવા જ સાંભળીએ છીએ જુઓને. વસંતભાઈ. વસંતભાઈને? વસંતીલાલ. આ બહેનના સોગાનીની દિકરી ૩૨ વર્ષની જુવાન મોટરમાં ટ્રક સાથે ભટકાણી તો મરી ગઈ. મોટર વાગી. ટ્રક. મરી ગઈ એમ ને એમ. ખટારા સાથે. ટ્રામ આવ્યો. એ સ્થિતિ એમ જ થવાની. લોકોને અકસ્માત લાગે છે. અકસ્માત કાંઈ છે નહિ. એ રીતે જ તે સ્થિતિનો કાળ હતો. સ્વકાળે જ એનું કાર્ય થાય. આહા..હા..!

કહે છે, પાછી ભાષા શું છે? ત્યાં એમ કહ્યું. પીળાપણું અને સફેદપણું આદિ જેમનો સ્વભાવ છે એમ કહ્યું હતું. અહીં પણ '**ઉપયોગ અને અનુપયોગ જેમનો સ્વભાવ છે...**' ભગવાન આત્માનો ઉપયોગ સ્વભાવ કહ્યો. ત્યાં રાગ અને પુણ્ય તે સ્વભાવ એમ નથી કહ્યું. આહા..હા..! શરીરથી જુદો કહેવામાં પણ ઉપયોગસ્વરૂપ તે આત્મા. જાણનાર-દેખનાર. અને એ ઉપયોગસ્વરૂપ તે આત્મા. અનુપયોગ જેમનો સ્વભાવ એમ. ઉપયોગ જેમનો સ્વભાવ એ આત્મા. અનુપયોગ જેમનો સ્વભાવ એ શરીર. સમજાણું કાંઈ? શરીરનો સ્વભાવ અનુપયોગ છે. ભગવાન આત્માનો સ્વભાવ ઉપયોગ છે. જાણવું-દેખવું એ સ્વભાવ છે. આનો અનુપયોગ છે. બેના સ્વભાવની...

મુમુક્ષુ :- શરીરને કાંઈ આત્મા...

ઉત્તર :- આહા..હા..! શરીર વિના રહી શકે? શરીર વિના કામ કરી શકે? એમ વળી કહે છે. ઘણાં લોકો રાડું પાડતા હતા. શરીર વિના કોઈ ચાલી શકે? શરીર વિના શું કામ થાય? અરે! શરીર વિના જ કામ થાય છે સાંભળને તને ખબર નથી. એ તો ઉપયોગ

સ્વરૂપ છે. ઉપયોગસ્વરૂપનું કાર્ય ઉપયોગસ્વરૂપે થાય. જડનું સ્વરૂપ અનુપયોગે થાય. એ તો એને કારણે છે. આ તો જડ છે, આ તો માટી છે. આહા..હા..! આવી ભિન્નતા પણ જ્યાં હજી બેસે નહિ. બાહ્ય શાસ્ત્ર જ્ઞાનથી હોં. એને અંતરમાં ભિન્નતાનો પ્રયોગ તો ક્યાંથી હોય? આહા..હા..!

મુમુક્ષુ :- શાસ્ત્ર જ્ઞાન થયું?

ઉત્તર :- આ એના માટે તો વાત કરે છે. હોય છે. દોષ છે એ લક્ષ છે એટલું. પણ એ લક્ષમાં એ આવે છે.

મુમુક્ષુ :- એનાથી લાભ થાય?

ઉત્તર :- એનાથી લાભ થાય એમ કોણે કહ્યું? લક્ષ હોય છે ત્યારે એ લક્ષનું લક્ષ છોડી દઈ અને એ લક્ષ કરવાયોગ્ય દ્રવ્ય છે. આહા..હા..! લક્ષનું લક્ષ છોડી દઈ, લક્ષ કરવાયોગ્ય દ્રવ્ય છે. એનું જ્ઞાન લક્ષણ છે. તો લક્ષણ ત્યાં ઢળે ત્યારે જાણવામાં આવે છે. એવી વાત છે. આહા..હા..!

'**તેવી રીતે ઉપયોગ અને અનુપયોગ...**' એમ. ઓલામાં દૃષ્ટાંત.. '**જેમનો સ્વભાવ છે એવાં આત્મા અને શરીરને અત્યંત ભિન્નપણું હોવાથી...**' દેખો! ઓલામાં પણ અત્યંત ભિન્નપણું કહ્યું હતું ચાંદી અને સોનામાં. અત્યંત ભિન્નપણું. આહા..હા..! અત્યંત ભિન્ન છે. ૩૮ ગાથામાં એમ આવ્યું. નવ તત્ત્વના પર્યાયોથી તેમનાથી એમ શબ્દ છે. તેમનાથી જ્ઞાયકસ્વભાવભાવ વડે ભગવાન અત્યંત ભિન્ન છે. ૩૮માં આવ્યું હતું. સંવર, નિર્જરા, મોક્ષ, આસ્રવ, પુણ્ય, પાપ આદિ એ નવ તત્ત્વના વ્યવહારિકભાવો, પર્યાય બધો વ્યવહાર છેને. પર્યાય વ્યવહાર અને નિશ્ચય દ્રવ્ય એ તો એમ બે જ છે. પંચાધ્યાયનો અર્થ એ કાઢવો છે. પોતાનો .. વ્યવહાર પર છે એ પ્રશ્ન અહીં ક્યાં છે? સદ્‌ગુણ સમ્યગ્જ્ઞાન.. પોતામાં હોય એનું જ્ઞાન કરાવે છે. પરની સાથે શું સંબંધ છે. પોતે જ વસ્તુ જે છે. અહીં કહે છે કે ઉપયોગ અને અનુપયોગ બે સ્વભાવ જુદા છે માટે અત્યંત ભિન્ન છે. ત્યાં એમ કહ્યું. એ જ જીવનો અધિકાર પૂર્ણ ત્યાં થાય છે. ૩૮માં. પૂર્ણ અધિકાર થાય છે. એ તો પર્યાય જે જીવની વિશેષતાઓ નારકી આદિ અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. એવા વ્યવહારિક તત્ત્વો, તેમનાથી, તે પર્યાયના ભેદથી એક જ્ઞાયકસ્વભાવભાવ વડે, પોતે એક જ્ઞાયકસ્વભાવભાવ વડે એનાથી જુદો, અત્યંત જુદો છે. કહો, સમજાય છે કાંઈ? મારે ભારે વાત! આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાયથી, એમનાથી, એક જ્ઞાયકસ્વભાવ વડે. એક જ્ઞાયકભાવ સ્વભાવ વડે એનાથી અત્યંત જુદો છે.

અહીં કહે છે કે ઉપયોગ અનુપયોગના સ્વભાવથી અત્યંત ભિન્નપણું હોવાથી. લ્યો! '**એકપદાર્થપણાની પ્રાપ્તિ નથી...**' એક પદાર્થપણાની. બે થઈને એકપણાની પ્રાપ્તિ ત્રણકાળમાં

નથી. બે બે જ રહ્યા છે. અનેક તે અનેકપણે જ રહ્યા છે. આહા..હા..! એકપણે જે કહેવું એ તો વ્યવહાર થઈ ગયો. વસ્તુ નહિ. અનેક અનેકપણે રહે એ જ એની સ્થિતિ છે. **'અત્યંત ભિન્નપણું હોવાથી એકપદાર્થપણાની...'** કે જે આત્મા અને શરીર એક પદાર્થપણાની. **'પ્રાપ્તિ નથી...'** એકપણાની પ્રાપ્તિ નથી. **'તેથી અનેકપણું જ છે.'** ભગવાન આત્મા ઉપયોગપણે, શરીર અનુપયોગપણે એ અનેક છે. એક પદાર્થની નથી તેથી અનેકપણું છે. લ્યો અસ્તિ-નાસ્તિ કરી. બે થઈને એક નથી, માટે બે તે બેરૂપે છે. એમ કીધું છે. આહા..હા..! એવી સાદી ભાષાએ... **'આવો આ પ્રગટ નયવિભાગ છે.'** જુઓ, ઓલા અપ્રતિબુદ્ધને કહે છે. ઠીક! ઓલો સમજતો નથી એને કહે છે અહીં. અજ્ઞાનીને કહે છે. **'આવો આ પ્રગટ નયવિભાગ...'** નયની વિવેકતા ને વહેંચણી છે. વ્યવહારે કહ્યું એ તો આ અપેક્ષાએ. નિશ્ચયથી તો અનેક તે અનેક જ છે. એ એકપણું બેને થઈને ત્રણકાળમાં પામતું નથી. આહા..હા..! આવો ભગવાન આત્માનો સ્વભાવ, શરીરનો અનુપયોગ સ્વભાવ એ બે બેપણે જ રહ્યા છે. ક્યાંય કોઈ દિ' એક થયા નથી. આવો નય વિભાગ છે. લ્યો!

**'માટે વ્યવહારનયે જ શરીરના સ્તવનથી આત્માનું સ્તવન બને છે.'**

**'ભાવાર્થ :- વ્યવહારનય તો આત્મા અને શરીરને એક કહે છે અને નિશ્ચયનય ભિન્ન કહે છે. તેથી વ્યવહારનયે શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન માનવામાં આવે છે.'** નિશ્ચયથી નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે